શ્રી વીતરાગાય નમઃ



ઉપ્પનેઈવા
વિગમેઈવા
ધુવેઈવા

# શ્રી પન્નવણા સૂત્ર - ૧

## ગુરુપ્રાણ આગમ બત્રીસી

આશીર્વાદ દાતા : તપસ્વી ગુરુદેવ પૂજ્ય શ્રી રતિલાલજી મહારાજ સાહેબ
પ્રધાન સંપાદિકા : અપૂર્વ શ્રુત આરાધક પૂ. શ્રી લીલમબાઈ મહાસતીજી

# સ્વ. પૂ. ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ. સા. ના હસ્તાક્ષરો

जे पावकम्मेहि धणं मणुसा समाययन्ती अमयं गहाय
पहाय ते पासपयट्टिए नरे वेराणुबद्धा नरयं उवेंति ॥
उत्त. अ. ४ गा. २

જે મનુષ્યો ધનને અમૃત માની અનેક પાપકર્મો દ્વારા તેને કમાય છે તે (ધન) અંતમાં કર્મોના દૃઢ પાશમાં બંધાયેલા અનેક જીવોથી વૈર વિરોધ બાંધી અને સારી ધન સંપત્તિ અહીં છોડી નરકવાસને પ્રાપ્ત કરે છે -

वित्तेण ताणं न लभे पमत्ते इमम्मि लोए अदुवा परत्था
दीवप्पणट्ठे व अणंतमोहे नेयाउयं दट्ठुमदट्ठुमेव ॥
उत्त. अ. ४ गा. ५

પ્રમત્ત મનુષ્ય ધન દ્વારા પોતાની રક્ષા આ લોકમાં કે પરલોકમાં પણ કરી શકતો નથી હાથમાં દીપક હોવા છતાં તેનો નાશ થવાથી સામેનો માર્ગ દેખાતો નથી તેજ રીતે અનંતમોહથી મૂઢ મનુષ્ય ન્યાયમાર્ગને દેખતા છતાં પણ દેખી શકતા નથી.



આગમ શાસ્ત્ર

આગમ શાસ્ત્ર



શ્રી વીતરાગાય નમઃ

ગોંડલ ગચ્છ જયવંત હો

પૂ. શ્રી ડુંગર - દેવ - જય - માણેક - પ્રાણ - રતિ ગુરુભ્યો નમઃ

**શ્રી ગુરુ પ્રાણ આગમ બત્રીસી**

**સૌરાષ્ટ્ર કેસરી ગુરુદેવ પૂ. શ્રી પ્રાણલાલજી મ. સા. ની ચીર સ્મૃતિ તથા**
**તપસમ્રાટ ગુરુદેવ પૂ. શ્રી રતિલાલજી મ. સા. મહાપ્રયાણ દશાબ્દીવર્ષ ઉપલક્ષ**

સ્થવિર રચિત ઉપાંગ સંજ્ઞક

# શ્રી પન્નવણા સૂત્ર - ૧

**પદ : ૧ થી ૫**

*(મૂળપાઠ, ભાવાર્થ, વિવેચન, પરિશિષ્ટ)*

**: પાવન નિશ્રા :**
ગોંડલ ગચ્છ શિરોમણી પરમદાર્શનિક **પૂ. શ્રી જયંતમુનિ મ. સા.**

**: સંપ્રેરક :**
વાણીભૂષણ **પૂ. શ્રી ગિરીશમુનિ મ. સા.** અને આગમ દિવાકર **પૂ. જનકમુનિ મ. સા.**

**: પ્રકાશન પ્રેરક :**
ધ્યાનસાધક **પૂ. શ્રી હસમુખમુનિ મ. સા.** અને શાસનઅરુણોદય **પૂ. શ્રી નમ્રમુનિ મ.સા.**

**: શુભાશિષ :**
મંગલમૂર્તિ પૂજ્યવરા
પૂ. શ્રી મુક્તાબાઈ મ.

**: અનુવાદિકા :**
પૂ. શ્રી સુધાબાઈ મ.

**: પ્રધાન સંપાદિકા :**
અપૂર્વ શ્રુત આરાધક
પૂ. શ્રી લીલમબાઈ મ.

**: પરામર્શ પ્રયોજિકા :**
ઉત્સાહધરા
પૂ. શ્રી ઉષાબાઈ મ.

**: સહ સંપાદિકા :**
ડૉ. સાધ્વી શ્રી આરતીબાઈ મ.
તથા સાધ્વી શ્રી સુબોધિકાબાઈ મ.

: પ્રકાશક :
શ્રી ગુરુ પ્રાણ પ્રકાશન

PARASDHAM

પારસધામ, વલ્લભબાગ લેન, ઘાટકોપર(ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૭૭

: આગમ પ્રકાશન પ્રારંભ :
ઈ. સ. ૧૯૯૭ – ૧૯૯૮ **પૂ. શ્રી પ્રાણગુરુ જન્મશતાબ્દી વર્ષ• ગુરુપ્રાણ ફાઉન્ડેશન, રાજકોટ.**

પુનઃ પ્રકાશન – ઈ. સ. ૨૦૦૯
**પ્રકાશક : શ્રી ગુરુ પ્રાણ પ્રકાશન, પારસધામ, ઘાટકોપર**

પ્રથમ આવૃત્તિ પ્રત : ૧૦૫૦ ★ દ્વિતીય આવૃત્તિ પ્રત : ૧૦૦૮
પ્રકાશન તારીખ : આસોવદ અમાસ – વીર નિર્વાણ કલ્યાણક તથા
તપસમ્રાટ ગુરુદેવ પૂજ્ય શ્રી રતિલાલજી મ. સા. જન્મદિન

ગુરુ પ્રાણ પ્રકાશન

શ્રી પરાગભાઈ શાહ • શ્રી શૈલેષભાઈ દેસાઈ • શ્રી બર્જીશભાઈ દેસાઈ
શ્રી સુમતિભાઈ શાહ • શ્રી ગિરીશભાઈ શાહ • શ્રી જિતેનભાઈ શાહ

**પ્રાપ્તિ સ્થાન :**

www.parasdham.org ★ www.jainaagam.org

૧. મુંબઈ –

**પારસધામ**
વલ્લભબાગ લેન,
ઘાટકોપર(ઈસ્ટ), મુંબઈ – ૪૦૦૦૭૭
ફોન – ૩૨૦૪ ૩૨૩૨.

2. U. S. A. -

**Girish P. Shah**
4048, Twyla Lane, Campbell
CA - 95008-3721. U.S.A.
Ph. : (India) 09867054439
(U.S.A) 001- 408-373-3564

૩. રાજકોટ –

**શેઠ ઉપાશ્રય**
પ્રસંગ હોલ પાછળ,
૧૫૦ ફુટ રીંગ રોડ,
કાલાવડ રોડ,રાજકોટ – ૩૬૦૦૦૫
ફોન – ૯૮૨૪૦૪૩૭૬૯

૪. વડોદરા –

**શ્રી હરેશભાઈ લાઠીયા**
ગૌતમ, ૧૨, પંકજ સોસાઈટી,
નર્મદા ગેસ્ટ હાઉસની સામે,
ઈલોરા પાર્ક, વડોદરા – ૩૯૦૦૨૩
ફોન – ૯૮૨૪૦૫૮૪૮૯

મુદ્રક : શિવકૃપા ઑફસેટ પ્રિન્ટર્સ, અમદાવાદ – ફોન : ૦૭૯–૨૫૬૨૩૮૨૮

સમર્પણ

સૌરાષ્ટ્ર કેસરી
બા. બ્ર. પૂ. ગુરુદેવ
શ્રી પ્રાણલાલજી મ. સા. ને અનન્ય શ્રદ્ધાભાવે..

# સમર્પણ

પ્રેમજીભાઈને કુંવરબાઈના, હતા હેમવર્ણી ભાણ,

ડુંગર દરબારે ઉદિત થયા,બન્યા તેજસ્વી ગુરુ ત્રાણ,

આગમ ભાવને કથામાં ઝબોળી, પીરસી ગયા નવરસની લ્હાણ,

અમર્ત્યલોકને મર્ત્યલોકમાં, ગુંજી રહ્યું નામ ગુરુ પ્રાણ.

મારામાં તો કશું નથી જે, અર્પુ તને હું તાત,

પ્રજ્ઞાપના સૂત્રના અનુવાદ કાર્યની,

મારી છે શું વિસાત ?

તારું દીધેલું તને આપવા, હરસી રહી છું ગુરુતાત,

સ્વીકારશો મારી પ્રેમ ભરેલી, કાલી ઘેલી વાત.

- પૂ. મુક્ત - લીલમ - ભારતી સુશિષ્યા
સાધ્વી સુધા

તપ સમ્રાટ તપસ્વી ગુરુદેવ પૂ. રતિલાલજી મ. સા. ના

# આશીર્વચન

ગુરુ મહારાજની
જન્મ શતાબ્દી નિમિત્તે
આગમોનું પ્રકાશન થઈ રહ્યું છે,
તેનો મને આનંદ છે,
તમે સહુ સાધ્વીવૃંદ આગમનો અભ્યાસ કરી,
તેનાં મૂળભૂત તત્ત્વોને સમજો,
જીવનને પંચાચારમય બનાવો,
સમાજમાં જૈન ધર્મનો પ્રચાર કરો.
ગુરુ મહારાજના નામને અમર બનાવો અને
સંયમી જીવનને સફળ બનાવો.
એ જ મારા અંતરના આશીર્વાદ છે.

*મારી સાથે ચાતુર્માસ અર્થે રોયલ પાર્ક સંઘમાં બિરાજમાન સાધ્વીવૃંદ
ભગવાન મહાવીરની વાણીને સમગ્ર વિશ્વમાં
ગૂંજતી કરે તેવા શુભાશિષ.*

**– મુનિ રતિલાલ**
**તા. ૧૪/૯/૯૭**
**રોયલ પાર્ક ઉપાશ્રય,**
**રાજકોટ.**

ગોંડલ ગચ્છ શિરોમણિ પૂ. શ્રી જયંતમુનિ મ. સા. ના સ્વહસ્તાક્ષરે

# આશીર્વચન

ૐ

ૐ નમો ણાણસ્સ

અત્ર અનુજ્ઞાયતે સ્વીક્રિયતે અનુમન્યતે ચ
યદ્ "ગુરુપ્રાણ આગમ બત્રીશી" પુનર્પ્રકાશનં
અવશ્યં કાર્યં । ઇદં મહા કાર્યં પૂજ્ય -
ગોંડલ ગચ્છ કીર્તિધર અરુણોદય
નમ્રમુનિના પ્રારભ્યતે ઇતિ મમ ભાવઃ
અત્ર કાર્યે દોષો ન સ્યાત્ ઇતિ સહ -
વિશ્વાસેન અનુમોદનં ક્રિયતે -
શુભં સ્યાત્
ઇતિ આશીર્વચનં અપિ સુન્દરં સ્યાત્
અર્પ્યતે -
આનંદ મંગલમ્ 27-4-2009
અક્ષયતૃતીયા
સોમવાર

હું આજ્ઞા આપું છું તથા આ કાર્યને સ્વીકૃતિ આપું છું કે ગુરુપ્રાણ આગમ બત્રીસીનું પુનઃ પ્રકાશન અવશ્ય કરવું જોઇએ. આ મહાકાર્ય પૂજ્ય ગોંડલ ગચ્છ કીર્તિધર અરુણોદય શ્રી નમ્રમુનિ પ્રારંભ કરે, આ મારા ભાવ છે. આ કાર્યની અનુમોદના કરું છું.

આનંદ મંગલમ્.

શુભ થાઓ... સુંદર થાઓ...
આ આશીર્વચન અર્પિત કરું છું.

તા. ૨૭-૦૪-૨૦૦૯
અક્ષયતૃતીયા - સોમવાર.

# ગુરુપ્રાણ આગમ બત્રીસી
# અનુવાદિકા
# મહાસતીજીઓ

**પ્રધાન સંપાદિકા ભાવયોગિની**
બા. બ્ર. પૂ. શ્રી લીલમબાઈ મ.
**સહસંપાદિકા**
ડૉ. સાધ્વી શ્રી આરતીબાઈ મ. તથા
સાધ્વી શ્રી સુબોધિકાબાઈ મ.

**સાંનિધ્ય**
પૂ. શ્રી જયંતમુનિ મ. સા.
પૂ. શ્રી ગિરીશચન્દ્રજી મ. સા.
**જ્ઞાનદાનના સંપૂર્ણ સહયોગી**
પૂ. શ્રી ત્રિલોકમુનિ મ. સા.

| સૂત્રનું નામ | અનુવાદિકા |
|---|---|
| શ્રી આચારાંગ સૂત્ર (ભાગ ૧–૨) | પૂ. હસુમતીબાઈ મ., પૂ. પુષ્પાબાઈ મ. |
| શ્રી સૂયગડાંગ સૂત્ર (ભાગ ૧–૨) | પૂ. ઉર્મીલાબાઈ મ. |
| શ્રી ઠાણાંગ સૂત્ર (ભાગ ૧–૨) | પૂ. વીરમતીબાઈ મ. |
| શ્રી સમવાયાંગ સૂત્ર | પૂ. વનીતાબાઈ મ. |
| શ્રી ભગવતી સૂત્ર (૧ થી ૫ ભાગ) | પૂ. ડૉ. આરતીબાઈ મ. |
| શ્રી જ્ઞાતા સૂત્ર | પૂ. સુમનબાઈ મ. |
| શ્રી ઉપાસકદશાંગ સૂત્ર | પૂ. ઉર્વશીબાઈ મ. |
| શ્રી અંતગડદશાંગ સૂત્ર | પૂ. ભારતીબાઈ મ. |
| શ્રી અનુત્તરોવવાઈ સૂત્ર | પૂ. સન્મતિબાઈ મ. |
| શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર | પૂ. સુનિતાબાઈ મ. |
| શ્રી વિપાક સૂત્ર | પૂ. ઉષાબાઈ મ. |
| શ્રી ઉવવાઈ સૂત્ર | પૂ. કલ્પનાબાઈ મ. |
| શ્રી રાજપ્રશ્નીય સૂત્ર | પૂ. બિંદુ–રૂપલ દ્વય મ. |
| શ્રી જીવાભિગમ સૂત્ર | પૂ. પુનિતાબાઈ મ. |
| શ્રી પ્રજ્ઞાપના સૂત્ર (ભાગ–૧ થી ૩) | પૂ. સુધાબાઈ મ. |
| શ્રી જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ સૂત્ર | પૂ. મુક્તાબાઈ મ. |
| શ્રી જ્યોતિષગણરાજ પ્રજ્ઞપ્તિ સૂત્ર (ચંદ્રપ્રજ્ઞપ્તિ, સૂર્યપ્રજ્ઞપ્તિ) | પૂ. રાજેમતીબાઈ મ. |
| શ્રી ઉપાંગસૂત્ર (શ્રી નિરયાવલિકાદિ) | પૂ. કિરણબાઈ મ. |
| શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર (ભાગ–૧, ૨) | પૂ. ડૉ. અમિતાબાઈ મ. પૂ. સુમતિબાઈ મ. |
| શ્રી દશવૈકાલિક સૂત્ર | પૂ. ગુલાબબાઈ મ. |
| શ્રી નંદી સૂત્ર | પૂ. પ્રાણકુંવરબાઈ મ. |
| શ્રી અનુયોગદ્વાર સૂત્ર | પૂ. સુબોધિકાબાઈ મ. |
| શ્રી નિશીથ સૂત્ર | પૂ. લીલમબાઈ મ. |
| શ્રી ત્રણ છેદ સૂત્ર | પૂ. ડૉ. ડોલરબાઈ મ. |
| શ્રી આવશ્યક સૂત્ર | પૂ. રૂપાબાઈ મ. |

## સિંહ સમા પરાક્રમી, હંસ સમા ઉજ્જવલ યશોમૂર્તિ, સૌરાષ્ટ્ર કેસરી પૂજ્ય ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ. સા. નાં શ્રી ચરણોમાં શતગુણ

# પ્રણામાંજલિ

શ્રી ગુરુપ્રાણ જન્મ શતાબ્દી

જાગૃતતા
આર્જવતા
સજ્જનતા
પ્રસન્નતા
ભવ્યતા
તજજ્ઞતા
માર્દવતા
અપ્રમત્તતા
દક્ષતા

સહિષ્ણુતા
લઘુતા
પ્રતિરૂપતા
ઉત્સાહિતા
નમ્રતા
વિભુતા
કૃતજ્ઞતા
પ્રભુતા
પ્રૌઢતા

કરુણતા
સૌમ્યતા
સામ્યતા
શૂરવીરતા
ધીરતા
સ્થિરતા
દયાળુતા
સમયજ્ઞતા
પ્રમોદતા

ગિરાગુરુત્વતા
વ્યવહાર કુશળતા
ઈન્દ્રિય દમનતા
ગરિષ્ઠતા
વિશાળતા
પ્રેમાળતા
નિર્ભયતા
સ્વરમાધુર્ય

આત્મરમણતા
તલ્લીનતા
સત્યવક્તૃત્વતા
પ્રતિભાસંપન્નતા
પવિત્રતા
દાક્ષિણ્યતા
પ્રશમતા
અર્હતા

ક્રાંતિકારકતા
સમન્વયતા
જ્ઞાનોત્સુકતા
લોકપ્રિયતા
આસ્તિક્યતા
જ્ઞાનદાતા
જ્ઞાનવૃદ્ધતા
ક્ષમાશીલતા
શિક્ષાદાતા
વૈરાગ્યવાર્ધક્ય
કૃતાર્થતા
ઉદાસીનતા
તત્ત્વલોકતા
નૈતિકતા

ઓજસ્વિતા
તેજસ્વિતા
વર્ચસ્વિતા
પ્રવચન પટુતા
ગુણગ્રાહકતા
જ્ઞાનપ્રસારકતા
શ્રદ્ધાળુતા
ઉદારતા

સ્નેહયુક્તતા
ધર્મકલાધરતા
સંગઠનકારકતા
પથપ્રદર્શિતતા
સમ્યક્પરાક્રમતા
સૌષ્ઠવતા
વરિષ્ઠતા
ગંભીરતા

સેવાશીલતા
અકુતૂહલતા
એકાંતપ્રિયતા
અનેકાંતદર્શિતા
વિચક્ષણતા
આરાધકતા
લાવણ્યતા
પરમાર્થતા
કુશલતા

કર્મનિષ્ઠતા
નિર્લેપતા
દિવ્યતા
રોચકતા
વાત્સલ્યતા
ઉપશમતા

સુવિનીતતા
નિર્વેદતા
પ્રવિણતા
સમતા
ઉપશાંતતા
વીરતા

પરિપક્વતા
શ્રુતસંપન્નતા
શ્રેષ્ઠતા
ખમીરતા

અમીરતા
ચારિત્ર પરાયણતા

## શતાદિ સદ્ગુણાલંકૃત તવ વપુઃ ભૂયાદ્ ભવાલંબનમ્

પૂ. શ્રી ડુંગર-દેવ-જય-માણેક-પ્રાણ-રતિ-જગ-ગુરુભ્યો નમઃ
પૂ. હીર-વેલ-માન-દેવ-ઉજમ-ફૂલ-મોતી-આમ્ર-અમૃત-ગુરુણીભ્યો નમઃ

# ગોંડલ સંપ્રદાય-ગુરુપ્રાણ રતિ પરિવાર

## મંગલ મનીષી મુનિવરો
## શાસ્ત્ર શુશ્રૂષિકા શ્રમણીવૃંદ

૦૧. પૂ. શ્રી જયંતમુનિ મ. સા.
૦૨. પૂ. શ્રી ગિરીશચંદ્રજી મ.સા.
૦૩. પૂ. શ્રી જનકમુનિ મ.સા.
૦૪. પૂ. શ્રી જગદીશમુનિ મ.સા.
૦૫. પૂ. શ્રી હસમુખમુનિ મ.સા.
૦૬. પૂ. શ્રી મનહરમુનિ મ. સા.
૦૭. પૂ. શ્રી ગજેન્દ્રમુનિ મ. સા.
૦૮. પૂ. શ્રી સુશાંતમુનિ મ. સા.
૦૯. પૂ. શ્રી નમ્રમુનિ મ. સા.
૧૦. પૂ. શ્રી પીયુષમુનિ મ. સા.

૦૧. પૂ. ગુલાબબાઈ મ.
૦૨. પૂ. પ્રાણકુંવરબાઈ મ.
૦૩. પૂ. લલિતાબાઈ મ.
૦૪. પૂ. લીલમબાઈ મ.
૦૫. પૂ. વિમળાબાઈ મ.
૦૬. પૂ. હંસાબાઈ મ.
૦૭. પૂ. પુષ્પાબાઈ મ.
૦૮. પૂ. વિજયાબાઈ મ.
૦૯. પૂ. તરૂલતાબાઈ મ.
૧૦. પૂ. જસવંતીબાઈ મ.
૧૧. પૂ. વસુબાઈ મ.
૧૨. પૂ. પ્રભાબાઈ મ.
૧૩. પૂ. લતાબાઈ મ.
૧૪. પૂ. ભદ્રાબાઈ મ.
૧૫. પૂ. સુમિત્રાબાઈ મ.
૧૬. પૂ. સાધનાબાઈ મ.
૧૭. પૂ. અરુણાબાઈ મ.
૧૮. પૂ. સરલાબાઈ મ.
૧૯. પૂ. વનિતાબાઈ મ.
૨૦. પૂ. દીક્ષિતાબાઈ મ.
૨૧. પૂ. ધીરમતીબાઈ મ.
૨૨. પૂ. રાજેમતીબાઈ મ.
૨૩. પૂ. હસુમતીબાઈ મ.
૨૪. પૂ. સુમતિબાઈ મ.
૨૫. પૂ. અનુમતિબાઈ મ.
૨૬. પૂ. વીરમતીબાઈ મ.
૨૭. પૂ. યશોમતીબાઈ મ.
૨૮. પૂ. જ્ઞાનશીલાબાઈ મ.
૨૯. પૂ. દર્શનશીલાબાઈ મ.
૩૦. પૂ. વિનોદીનીબાઈ મ.
૩૧. પૂ. પ્રજ્ઞાબાઈ મ.
૩૨. પૂ. પ્રિયદર્શનાબાઈ મ.
૩૩. પૂ. કૃપાબાઈ મ.
૩૪. પૂ. મીરાબાઈ મ.
૩૫. પૂ. કુંદનબાઈ મ.
૩૬. પૂ. જ્યોતિબાઈ મ.
૩૭. પૂ. પ્રીતિસુધાબાઈ મ.
૩૮. પૂ. મીનળબાઈ મ.
૩૯. પૂ. મનીષાબાઈ મ.
૪૦. પૂ. કિરણબાઈ મ.
૪૧. પૂ. હસ્મિતાબાઈ મ.
૪૨. પૂ. શૈલાબાઈ મ.
૪૩. પૂ. ઉર્મિબાઈ મ.
૪૪. પૂ. સુધાબાઈ મ.
૪૫. પૂ. ઉર્વશીબાઈ મ.
૪૬. પૂ. સ્મિતાબાઈ મ.
૪૭. પૂ. ઉર્મિલાબાઈ મ.
૪૮. પૂ. ડોલરબાઈ મ.
૪૯. પૂ. કલ્પનાબાઈ મ.
૫૦. પૂ. સંગીતાબાઈ મ.
૫૧. પૂ. નંદાબાઈ મ.
૫૨. પૂ. સુનંદાબાઈ મ.
૫૩. પૂ. જયેશાબાઈ મ.
૫૪. પૂ. અર્ચિતાબાઈ મ.
૫૫. પૂ. અજિતાબાઈ મ.
૫૬. પૂ. અમિતાબાઈ મ.
૫૭. પૂ. પુનિતાબાઈ મ.
૫૮. પૂ. સુનિતાબાઈ મ.
૫૯. પૂ. ગીતાબાઈ મ.
૬૦. પૂ. વિદુબાઈ મ.
૬૧. પૂ. તરુબાઈ મ.
૬૨. પૂ. મીનાબાઈ મ.
૬૩. પૂ. પૂર્ણાબાઈ મ.
૬૪. પૂ. રશ્મિતાબાઈ મ.
૬૫. પૂ. બિંદુબાઈ મ.
૬૬. પૂ. વિરલબાઈ મ.
૬૭. પૂ. રૂપલબાઈ મ.
૬૮. પૂ. તેજલબાઈ મ.
૬૯. પૂ. સુજીતાબાઈ મ.
૭૦. પૂ. સ્વાતિબાઈ મ.
૭૧. પૂ. શ્વેતાબાઈ મ.
૭૨. પૂ. રેણુકાબાઈ મ.
૭૩. પૂ. નલિનીબાઈ મ.
૭૪. પૂ. રક્ષિતાબાઈ મ.
૭૫. પૂ. રોશનીબાઈ મ.
૭૬. પૂ. અંજીતાબાઈ મ.
૭૭. પૂ. સંજીતાબાઈ મ.
૭૮. પૂ. સંઘમિત્રાબાઈ મ.
૭૯. પૂ. આરતીબાઈ મ.
૮૦. પૂ. રૂપાબાઈ મ.
૮૧. પૂ. મિતલબાઈ મ.
૮૨. પૂ. શ્રેયાબાઈ મ.
૮૩. પૂ. શ્રીદત્તાબાઈ મ.
૮૪. પૂ. શ્રુતિબાઈ મ.
૮૫. પૂ. ભાવનાબાઈ મ.
૮૬. પૂ. ભવિતાબાઈ મ.
૮૭. પૂ. જીજ્ઞેષાબાઈ મ.
૮૮. પૂ. શ્રેયાંસીબાઈ મ.
૮૯. પૂ. પરિજ્ઞાબાઈ મ.
૯૦. પૂ. શ્વેતાંસીબાઈ મ.
૯૧. પૂ. સુબોધિકાબાઈ મ.
૯૨. પૂ. શીલાબાઈ મ.
૯૩. પૂ. હેમાંશીબાઈ મ.
૯૪. પૂ. નમ્રતાબાઈ મ.
૯૫. પૂ. પત્રાબાઈ મ.
૯૬. પૂ. પૂર્વીબાઈ મ.
૯૭. પૂ. જાગૃતિબાઈ મ.
૯૮. પૂ. પ્રબોધિકાબાઈ મ.
૯૯. પૂ. પ્રિયલબાઈ મ.
૧૦૦. પૂ. સ્વરૂપાબાઈ મ.
૧૦૧. પૂ. સુહાનીબાઈ મ.
૧૦૨. પૂ. હૃદયાબાઈ મ.
૧૦૩. પૂ. વૈદેહીબાઈ મ.
૧૦૪. પૂ. ભવ્યાંશીબાઈ મ.
૧૦૫. પૂ. જયણાબાઈ મ.
૧૦૬. પૂ. સંબોહીબાઈ મ.
૧૦૭. પૂ. ભવ્યાનીબાઈ મ.

# શ્રુત સેવાનો સત્કાર

## શ્રુતાધાર (મુખ્યદાતા)

## માતુશ્રી ડો. લીલાબેન ચીમનલાલ મહેતા
## શ્રીમતી ભારતીબેન ડો. ભરતભાઈ મહેતા

પુણ્ય બે પ્રકારના હોય છે – પુણ્યાનુબંધી પુણ્ય અને પાપનુબંધી પુણ્ય. પુણ્યયોગે ધનસંપતિ પ્રાપ્ત કરી તેનો ઉપયોગ ભોગવિલાસ, સ્વાર્થમય પ્રવૃત્તિમાં કરનાર વ્યક્તિ પુણ્યના ઉદયમાં પાપનો અનુબંધ કરી પુણ્ય પરંપરાનો નાશ કરે છે.

પુણ્યાનુબંધી પુણ્યના ઉદયવાળા જીવો પુણ્યયોગે શારીરિક, આર્થિક અનુકૂળતા પ્રાપ્ત કરી, પ્રાપ્ત ધનસંપત્તિનો ઉપયોગ પરમાર્થ માર્ગે કરી પુણ્યનો સંચય કરતા રહે છે અને પુણ્યપરંપરાની વૃદ્ધિ એક દિવસ મોક્ષ પ્રાપ્તિમાં સહાયભૂત બની રહે છે.

પુણ્યાનુબંધી પુણ્યના સ્વામી પિતાશ્રી ડો. ચીમનભાઈ અને માતુશ્રી ડો. લીલાબેન સ્વસંપત્તિનો ઉપયોગ સન્માર્ગે વાપરવા સાથે સાધુ – સાધ્વીજીઓની વૈયાવચ્ચ માટે હંમેશાં તત્પર રહેતા. વૈયાવચ્ચ – શાસનસેવાના તે જ સંસ્કાર સુપુત્ર ડો. ભરતભાઈ અને પુત્રવધુ ભારતીબેનમાં અવતરિત થયા. મેડીકલ, શૈક્ષણિક, સામાજિક ક્ષેત્રે અનેક કુટુંબોને મદદ રૂપ બન્યા. સુપુત્રી વિરલ આશીષ મહેતા અને ચિ. મલય માતા–પિતાના સંસ્કારોને ઉજ્જ્વળ કરી રહ્યા છે.

ભારતીબેનની ૬ વરસની જીવલેણ બિમારીમાં કુટુંબના દરેક સભ્ય શાતા ઉપજાવવા ખડે પગે તૈયાર રહેતા. પૂ. વીરમતીબાઈ મ. આદિના સાંનિધ્યમાં ધર્મશ્રવણ કરતાં–કરતાં ભારતીબેનના દેહ છોડ્યો અને ભરતભાઈની જીવન દિશા બદલાઈ ગઈ. સંપૂર્ણ જીવન અને સંપત્તિ ધર્મક્ષેત્રે સમર્પિત કરી દીધા. રાજકોટમાં વિશાળ સંકુલમાં નાગેશ્વર પાર્શ્વનાથ તીર્થ ઊભું કરી પોતાની શ્રદ્ધા–ભક્તિના દર્શન કરાવ્યા છે.

આજે આગમના પુનઃ પ્રકાશનમાં શ્રુતાધાર બની ભદ્રકર્મને ઉપાર્જન કર્યું છે. તમારી પરમાત્મભક્તિ, શ્રુતભક્તિ સદૈવ વૃદ્ધિગંત રહે, ભવોભવ જિનશાસન પામી શીઘ્રતિશીઘ્ર મુક્તિને પામો તેવી શુભેચ્છા સહ ધન્યવાદ.

**ગુરુપ્રાણ પ્રકાશન**

PARASDHAM

# શાસ્ત્ર સ્વાધ્યાય સદ્‌વિવેક

- તીર્થંકર પ્રભુના પવિત્ર ઉપદેશરૂપ આગમગ્રંથો દરેક ધર્મનિષ્ઠ સ્વાધ્યાયપ્રેમી શ્રમણોપાસકે પોતાના ઘરમાં વસાવવા જોઈએ.
- તીર્થંકરોની અનુપસ્થિતિમાં તીર્થંકરોના ઉપદેશરૂપ ગ્રંથો સાક્ષાત્‌ તીર્થંકર તુલ્ય માનીને આગમગ્રંથોને ઘરમાં કબાટ કે શોકેશમાં સુવ્યવસ્થિત રૂપે રાખવા.
- પ્રતિદિન તીર્થંકરોને સ્મૃતિપટ પર લાવી અહોભાવપૂર્વક ત્રણ ભાવ વંદન કરવા .
- ઘરના સદસ્યોએ સાથે મળી શ્રધ્ધાપૂર્વક આગમવાંચન કરવું.
- વિનય ધર્મનું મૂળ છે તેથી શાસ્ત્ર સ્વાધ્યાય માટે ગુરુની આજ્ઞા લેવી.
- ૩૨ આગમગ્રંથોમાંથી કાલિક સૂત્રના મૂળપાઠનો સ્વાધ્યાય દિવસના પ્રથમ અને ચોથા પ્રહરમાં અને ઉત્કાલિક સૂત્રના મૂળપાઠનો સ્વાધ્યાય અસ્વાધ્યાય કાલને છોડીને એટલે કે બે સંધ્યા અને બે મધ્યાહ્ન કાલીન ૪૮ મિનિટને છોડીને ગમે ત્યારે કરી શકાય છે.
- પ્રાતઃ ઉષાકાલ, સંધ્યાકાલ, મધ્યાહ્ન અને અર્ધરાત્રિએ બે – બે ઘડી શાસ્ત્રનો મૂળપાઠ વાંચવો નહીં.
- ૩૨ અસ્વાધ્યાયમાં શાસ્ત્ર સ્વાધ્યાય થાય નહીં.
- ઘરમાં સંડાસ – બાથરૂમ હોય, સ્ત્રીઓને માસિકધર્મ હોય, વગેરે કારણોથી ઘરમાં આગમ રાખવાથી અશાતના થાય, તેવી માન્યતા યોગ્ય નથી કારણકે સાધ્વીજી પોતાની પાસે આગમ ગ્રંથો રાખે છે.
- માસિક ધર્મવાળા બહેનોએ શાસ્ત્રના મૂળપાઠનો સ્વાધ્યાય કરવો નહીં. તે વ્યક્તિની સામે પણ સ્વાધ્યાય કરવો નહીં. તેનાથી દૂર અલગ સ્થાનમાં બેસીને સ્વાધ્યાય કરી શકાય છે. ગુજરાતી અનુવાદ, ભાવાર્થ, વિવેચન, માસિક ધર્મમાં પણ બહેનો વાંચી શકે છે. તેમાં કોઈ જાતની અશાતના નથી.
- **આ સમસ્ત નિયમો મૂળપાઠ વાંચવા કે સ્વાધ્યાય કરવા માટેના છે.** કેવળ શાસ્ત્રોના ગુજરાતી ભાવાર્થ વાંચવા હોય, તો ઉપરોક્ત નિયમો લાગુ પડતા નથી.
- આગમગ્રંથોના આધારે જ ભૂતકાલમાં અનંત જીવોએ આત્મકલ્યાણ કર્યું છે. આગમગ્રંથોના આધારે જ પાંચમા આરાના અંત સુધી જિનશાસન જયવંતું રહેશે. તેથી આગમગ્રંથોનું સંપૂર્ણતઃ બહુમાન જાળવવું.

# વિષયાનુક્રમણિકા


| વિષય | પૃષ્ટ | વિષય | પૃષ્ટ |
|---|---|---|---|
| પૂ. શ્રી ડુંગરસિંહજી મ.સા.નું જીવન દર્શન | 13 | સિદ્ધોનું સ્થાન | ૧૮૬ |
| પૂ. શ્રી પ્રાણલાલજી મ.સા.નું જીવન દર્શન | 15 | **પદ–૩ : અલ્પબહુત્વ પદ** | |
| પૂ. શ્રી રતિલાલજી મ.સા.નું જીવન દર્શન | 17 | પરિચય | ૧૯૮ |
| પૂર્વ પ્રકાશનના બે બોલ | 19 | દિશાદિ ૨૭ દ્વારોનાં નામ | ૨૦૦ |
| પુનઃ પ્રકાશનના બે બોલ | 21 | દિશાની અપેક્ષાએ જીવોનું અલ્પબહુત્વ | ૨૦૦ |
| અભિગમ | 23 | ગતિની અપેક્ષાએ જીવોનું અલ્પબહુત્વ | ૨૧૫ |
| સંપાદકીય | 28 | ઇન્દ્રિયની અપેક્ષાએ જીવોનું અલ્પબહુત્વ | ૨૧૭ |
| સંપાદન અનુભવો | 46 | કાયની અપેક્ષાએ જીવોનું અલ્પબહુત્વ | ૨૨૨ |
| અનુવાદિકાની કલમે | 49 | યોગની અપેક્ષાએ જીવોનું અલ્પબહુત્વ | ૨૪૭ |
| સૂત્રોના શ્લોક પ્રમાણે અને ઉપધાન તપ | 57 | વેદની અપેક્ષાએ જીવોનું અલ્પબહુત્વ | ૨૪૮ |
| ૩૨ અસ્વાધ્યાય | 58 | કષાયની અપેક્ષાએ જીવોનું અલ્પબહુત્વ | ૨૪૯ |
| **શાસ્ત્ર પ્રારંભ** | | લેશ્યાની અપેક્ષાએ જીવોનું અલ્પબહુત્વ | ૨૫૦ |
| **પદ–૧ : પ્રજ્ઞાપના પદ** | | દષ્ટિની અપેક્ષાએ જીવોનું અલ્પબહુત્વ | ૨૫૧ |
| પરિચય | ૧ | જ્ઞાનાદિની અપેક્ષાએ જીવોનું અલ્પબહુત્વ | ૨૫૨ |
| છત્રીસ પદોનાં નામ | ૫ | દર્શનની અપેક્ષાએ જીવોનું અલ્પબહુત્વ | ૨૫૪ |
| અજીવ પ્રજ્ઞાપના | ૭ | સંયતાદિ જીવોનું અલ્પબહુત્વ | ૨૫૫ |
| અસંસાર સમાપન્ન જીવ પ્રજ્ઞાપના | ૨૮ | ઉપયોગની અપેક્ષાએ જીવોનું અલ્પબહુત્વ | ૨૫૬ |
| પૃથ્વ્યાદિ સંસાર સમાપન્ન જીવ પ્રજ્ઞાપના | ૩૩ | આહારકાદિ જીવોનું અલ્પબહુત્વ | ૨૫૬ |
| વનસ્પતિકાય સંસાર સમાપન્ન જીવ પ્રજ્ઞાપના | ૪૩ | ભાષકાદિ જીવોનું અલ્પબહુત્વ | ૨૫૭ |
| વિકલેન્દ્રિય સંસાર સમાપન્ન જીવ પ્રજ્ઞાપના | ૬૨ | પરિત્તાદિ જીવોનું અલ્પબહુત્વ | ૨૫૮ |
| પંચેન્દ્રિય સંસાર સમાપન્ન જીવ પ્રજ્ઞાપના | ૬૯ | પર્યાપ્તાદિ જીવોનું અલ્પબહુત્વ | ૨૫૯ |
| નૈરયિકોના ભેદ-પ્રભેદ | ૬૯ | સૂક્ષ્મ–બાદર જીવોનું અલ્પબહુત્વ | ૨૬૦ |
| તિર્યંચ પંચેન્દ્રિયોના ભેદ-પ્રભેદ | ૭૧ | સંજ્ઞી–અસંજ્ઞી જીવોનું અલ્પબહુત્વ | ૨૬૦ |
| મનુષ્યોના ભેદ-પ્રભેદ | ૮૧ | ભવી–અભવી જીવોનું અલ્પબહુત્વ | ૨૬૧ |
| દેવોના ભેદ-પ્રભેદ | ૧૦૫ | છ દ્રવ્યોનું દ્રવ્યાદિની અપેક્ષાએ અલ્પબહુત્વ | ૨૬૨ |
| **પદ–૨ : સ્થાન પદ** | | ચરમ–અચરમ જીવોનું અલ્પબહુત્વ | ૨૬૭ |
| પરિચય | ૧૧૧ | જીવાદિ દ્રવ્યોની પર્યાયોનું અલ્પબહુત્વ | ૨૬૮ |
| એકેન્દ્રિય જીવોનાં સ્થાન | ૧૧૩ | ક્ષેત્રની અપેક્ષાએ જીવોનું અલ્પબહુત્વ | ૨૬૯ |
| વિકલેન્દ્રિય, અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયનાં સ્થાન | ૧૨૪ | આયુષ્યના બંધકાદિ ૧૪ બોલનું અલ્પબહુત્વ | ૨૯૭ |
| નૈરયિકોનાં સ્થાન | ૧૨૬ | પુદ્ગલોનું ક્ષેત્ર, દિશા, દ્રવ્યાપેક્ષયા અલ્પબહુત્વ | ૩૦૨ |
| તિર્યંચ પંચેન્દ્રિયોનાં સ્થાન | ૧૩૮ | સર્વ જીવોના ૯૮ બોલનું અલ્પબહુત્વ | ૩૧૨ |
| મનુષ્યોનાં સ્થાન | ૧૩૮ | **પદ–૪ : સ્થિતિ પદ** | |
| દેવોનાં સ્થાન | ૧૩૯ | પરિચય | ૩૨૩ |

| વિષય | પૃષ્ટ | વિષય | પૃષ્ટ |
|---|---|---|---|
| નૈરયિકોની સ્થિતિ | ૩૨૪ | વ્યંતરાદિ ત્રણે પ્રકારના દેવોના પર્યાયો | ૩૯૦ |
| સમુચ્ચય દેવ અને ભવનપતિ દેવ-દેવીની સ્થિતિ | ૩૨૯ | અવગાહનાદિની અપેક્ષાએ નૈરયિકના પર્યાયો | ૩૯૩ |
| સ્થાવર જીવોની સ્થિતિ | ૩૩૩ | અવગાહનાદિની અપેક્ષાએ ભવનપતિના પર્યાયો | ૪૦૦ |
| વિકલેન્દ્રિયોની સ્થિતિ | ૩૩૮ | અવગાહનાદિની અપેક્ષાએ સ્થાવર જીવોના પર્યાયો | ૪૦૨ |
| તિર્યંચ પંચેન્દ્રિયોની સ્થિતિ | ૩૩૯ | અવગાહનાદિની અપેક્ષાએ વિકલેન્દ્રિયોના પર્યાયો | ૪૦૬ |
| મનુષ્યોની સ્થિતિ | ૩૪૭ | અવગાહનાદિની અપેક્ષાએ તિર્યંચ પંચે૦ ના પર્યાયો | ૪૧૧ |
| વ્યંતર દેવ–દેવીની સ્થિતિ | ૩૪૯ | અવગાહનાદિની અપેક્ષાએ મનુષ્યો પર્યાયો | ૪૧૭ |
| જ્યોતિષી દેવ–દેવીની સ્થિતિ | ૩૫૦ | અવગાહનાદિની અપેક્ષાએ વ્યંતરાદિ દેવોના પર્યાયો | ૪૨૫ |
| વૈમાનિક દેવ–દેવીની સ્થિતિ | ૩૫૫ | અજીવ પર્યાયો | ૪૨૬ |
| **પદ–૫ : પર્યાય પદ** | | દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવની અપેક્ષાએ પુદ્‌ગલ પર્યાયો | ૪૨૮ |
| પરિચય | ૩૭૩ | જઘન્યાદિ અવગાહનામાં દ્વિપ્રદેશી આદિના પર્યાયો | ૪૩૮ |
| નૈરયિકના પર્યાયો | ૩૭૬ | જઘન્યાદિ સ્થિતિમાં પરમાણુ આદિના પર્યાયો | ૪૪૬ |
| ભવનવાસી દેવના પર્યાયો | ૩૮૩ | જઘન્યાદિ વર્ણાદિમાં પરમાણુ આદિના પર્યાયો | ૪૪૯ |
| સ્થાવર જીવોના પર્યાયો | ૩૮૪ | જઘન્યાદિ સમુચ્ચય સ્કંધોના પર્યાયો | ૪૫૮ |
| વિકલેન્દ્રિય જીવોના પર્યાયો | ૩૮૭ | **પરિશિષ્ટ–૧** | |
| તિર્યંચ પંચેન્દ્રિય જીવોના પર્યાયો | ૩૮૯ | વિવેચિત વિષયોની અકારાદિ અનુક્રમણિકા | ૪૬૪ |
| મનુષ્યોના પર્યાયો | ૩૮૯ | | |

| વિષય | પૃષ્ટ | વિષય | પૃષ્ટ |
|---|---|---|---|
| **ચાર્ટ સૂચિ** | | **કોષ્ટક સૂચિ** | |
| **પદ–૧ :** | | **પદ–૧ : પ્રજ્ઞાપના** | |
| અરૂપી અજીવના ૩૦ ભેદ | ૯ | છ દ્રવ્યોનું દ્રવ્ય–ક્ષેત્રાદિની દષ્ટિએ સ્વરૂપ | ૯ |
| રૂપી અજીવના ૨૫ ગુણ | ૧૪ | વર્ણાદિના પારસ્પરિક સંયોગે ૫૩૦ ભેદ | ૨૫ |
| અજીવ દ્રવ્યના ૫૬૦ ભેદ | ૨૭ | સ્વયંબુદ્ધ–પ્રત્યેક બુદ્ધનો તફાવત | ૩૦ |
| અસંસાર સમાપન્ન(સિદ્ધ) જીવો | ૩૨ | છ પ્રકારના સિદ્ધ સમૂહ | ૩૧ |
| એકેન્દ્રિય સંસાર સમાપન્ન જીવોનારર ભેદ | ૬૫ | લબ્ધિ પર્યાપ્તાદિ ચારેયની પારસ્પરિક સંભાવના | ૩૮ |
| વિકલેન્દ્રિય સંસાર સમાપન્ન જીવોના ૬ ભેદ | ૬૯ | અનંત શરીરી-પ્રત્યેક શરીરી વનસ્પતિના લક્ષણો | ૬૦ |
| નૈરયિક સંસાર સમાપન્ન જીવોના ૧૪ ભેદ | ૭૧ | અઢીદ્વીપ-સમુદ્રમાં ૧૦૧ મનુષ્ય ક્ષેત્ર | ૮૪ |
| તિર્યંચ પંચેન્દ્રિય સંસારસમાપન્ન જીવોના ૨૦ ભેદ | ૮૧ | ૫૬ અંતરદ્વીપો | ૮૫ |
| મનુષ્ય સંસાર સમાપન્ન જીવોના ૩૦૩ ભેદ | ૮૬ | **પદ–૨ : સ્થાન** | |
| કર્મભૂમિના મનુષ્યો | ૧૦૪ | સાત નરક અને તેના નરકાવાસો આદિ | ૧૩૭ |
| દેવ સંસાર સમાપન્ન જીવોના ૪૯ ભેદ | ૧૦૯ | ભવનપતિ દેવોના ભવન, ઋદ્ધિ આદિ | ૧૫૩ |
| સંસાર સમાપન્ન સર્વ જીવોના ૫૬૩ ભેદ | ૧૧૦ | | |

| વિષય | પૃષ્ટ | વિષય | પૃષ્ટ |
|---|---|---|---|
| વ્યંતર દેવોના નગરાવાસ, ઋદ્ધિ આદિ | ૧૬૧ | બાદર પર્યાપ્ત-અપર્યાપ્ત જીવોનું અલ્પબહુત્વ | ૨૩૮ |
| જ્યોતિષી દેવોના વિમાનવાસ, ઋદ્ધિ આદિ | ૧૬૬ | સમુચ્ચય અને અપર્યાપ્ત સૂક્ષ્મ-બાદર | ૨૪૫ |
| વૈમાનિક દેવોના વિમાન, ઈન્દ્ર, ઋદ્ધિ આદિ | ૧૮૫ | પર્યાપ્ત-અપર્યાપ્ત સૂક્ષ્મ-બાદર | ૨૪૬ |
| સર્વ જીવોના સ્વસ્થાન, ઉપપાત, સમુદ્દ્ઘાત ક્ષેત્ર | ૧૯૬ | યોગની અપેક્ષાએ જીવોનું અલ્પબહુત્વ | ૨૪૮ |
| **પદ–૩ : અલ્પબહુત્વ** | | વેદની અપેક્ષાએ જીવોનું અલ્પબહુત્વ | ૨૪૯ |
| | | કષાયની અપેક્ષાએ જીવોનું અલ્પબહુત્વ | ૨૫૦ |
| દિશાની અપેક્ષાએ સમુચ્ચય જીવ | ૨૦૧ | લેશ્યાની અપેક્ષાએ જીવોનું અલ્પબહુત્વ | ૨૫૧ |
| દિશાની અપેક્ષાએ બાદર પૃથ્વીકાય | ૨૦૩ | દષ્ટિની અપેક્ષાએ જીવોનું અલ્પબહુત્વ | ૨૫૨ |
| દિશાની અપેક્ષાએ બાદર અપ્કાય | ૨૦૪ | જ્ઞાનની અપેક્ષાએ જીવોનું અલ્પબહુત્વ | ૨૫૩ |
| દિશાની અપેક્ષાએ બાદર તેઉકાય | ૨૦૪ | અજ્ઞાનની અપેક્ષાએ જીવોનું અલ્પબહુત્વ | ૨૫૪ |
| દિશાની અપેક્ષાએ બાદર વાયુકાય | ૨૦૫ | જ્ઞાન-અજ્ઞાનની અપેક્ષાએ જીવોનું અલ્પબહુત્વ | ૨૫૪ |
| દિશાની અપેક્ષાએ સાતે નરકના નારકી | ૨૦૮ | દર્શનની અપેક્ષાએ જીવોનું અલ્પબહુત્વ | ૨૫૫ |
| દિશાની અપેક્ષાએ મનુષ્ય | ૨૦૯ | સંયતની અપેક્ષાએ જીવોનું અલ્પબહુત્વ | ૨૫૬ |
| દિશાની અપેક્ષાએ ભવનપતિ દેવ | ૨૧૦ | ઉપયોગની અપેક્ષાએ જીવોનું અલ્પબહુત્વ | ૨૫૬ |
| દિશાની અપેક્ષાએ વાણવ્યંતર દેવ | ૨૧૧ | આહારક-અનાહારક જીવોનું અલ્પબહુત્વ | ૨૫૭ |
| દિશાની અપેક્ષાએ જ્યોતિષી દેવ | ૨૧૧ | ભાષક-અભાષક જીવોનું અલ્પબહુત્વ | ૨૫૮ |
| દિશાની અપેક્ષાએ ૧ થી ૪ દેવલોક | ૨૧૩ | પરિત્ત-અપરિત્ત જીવોનું અલ્પબહુત્વ | ૨૫૯ |
| દિશાની અપેક્ષાએ ૫ થી ૮ દેવલોક | ૨૧૩ | પર્યાપ્ત-અપર્યાપ્ત જીવોનું અલ્પબહુત્વ | ૨૫૯ |
| દિશાની અપેક્ષાએ સિદ્ધ | ૨૧૪ | સૂક્ષ્મ-બાદર જીવોનું અલ્પબહુત્વ | ૨૬૦ |
| દિશાની અપેક્ષાએ સર્વ જીવ | ૨૧૫ | સંજ્ઞી-અસંજ્ઞી જીવોનું અલ્પબહુત્વ | ૨૬૧ |
| પાંચ ગતિની અપેક્ષાએ | ૨૧૬ | ભવી-અભવી જીવોનું અલ્પબહુત્વ | ૨૬૧ |
| આઠ ગતિની અપેક્ષાએ | ૨૧૬ | દ્રવ્યની અપેક્ષાએ ષટ્દ્રવ્યનું અલ્પબહુત્વ | ૨૬૫ |
| એકેન્દ્રિય આદિ સમુચ્ચય અપર્યાપ્ત | ૨૨૦ | પ્રદેશની અપેક્ષાએ ષટ્દ્રવ્યનું અલ્પબહુત્વ | ૨૬૫ |
| એકેન્દ્રિય આદિ સમુચ્ચય પર્યાપ્ત | ૨૨૧ | પ્રત્યેક દ્રવ્યના દ્રવ્યાર્થ–પ્રદેશાર્થ | ૨૬૬ |
| એકેન્દ્રિયાદિ : સમુચ્ચય, પર્યાપ્ત-અપર્યાપ્ત | ૨૨૧ | છ એ દ્રવ્યના દ્રવ્યાર્થ પ્રદેશાર્થ | ૨૬૭ |
| સમુચ્ચય છકાય જીવ | ૨૨૬ | ચરમ-અચરમ જીવોનું અલ્પબહુત્વ | ૨૬૮ |
| છકાય જીવ પર્યાપ્ત અપર્યાપ્ત | ૨૨૬ | સર્વ દ્રવ્ય, પ્રદેશ અને પર્યાયોનું અલ્પબહુત્વ | ૨૬૯ |
| પૃથ્વી આદિ પાંચ સૂક્ષ્મ | ૨૩૧ | ક્ષેત્રની અપેક્ષાએ સમુચ્ચય જીવ અને તિર્યંચ | ૨૭૧ |
| પૃથ્વી આદિ સૂક્ષ્મ પર્યાપ્ત-અપર્યાપ્ત | ૨૩૧ | ક્ષેત્રની અપેક્ષાએ નૈરયિક | ૨૭૨ |
| પૃથ્વી આદિ બાદર અપર્યાપ્ત | ૨૩૭ | ક્ષેત્રની અપેક્ષાએ તિર્યંચાણી | ૨૭૪ |
| પૃથ્વી આદિ બાદર પર્યાપ્ત | ૨૩૮ | ક્ષેત્રની અપેક્ષાએ મનુષ્ય | ૨૭૭ |
| | | ક્ષેત્રની અપેક્ષાએ મનુષ્યાણી | ૨૭૭ |

| વિષય | પૃષ્ટ | વિષય | પૃષ્ટ |
|---|---|---|---|
| ક્ષેત્રની અપેક્ષાએ દેવ-દેવી | ૨૭૯ | અવગાહનાદિ અપેક્ષાએ નારકીના પર્યાયો | ૪૦૦ |
| ક્ષેત્રની અપેક્ષાએ ભવનપતિ દેવ-દેવી | ૨૮૦ | અવગાહનાદિ અપેક્ષા ભવન૦, વ્યંતરના પર્યાયો | ૪૦૨ |
| ક્ષેત્રની અપેક્ષાએ વ્યંતર દેવ-દેવી | ૨૮૨ | અવગાહનાદિ અપેક્ષાએ એકેન્દ્રિય પર્યાયો | ૪૦૬ |
| ક્ષેત્રની અપેક્ષાએ જ્યોતિષી દેવ-દેવી | ૨૮૩ | અવગાહનાદિ અપેક્ષાએ વિકલેન્દ્રિય પર્યાયો | ૪૧૦ |
| ક્ષેત્રની અપેક્ષાએ વૈમાનિક દેવ-દેવી | ૨૮૪ | અવગાહનાદિ અપેક્ષાએ તિર્યંચ પંચેન્દ્રિય પર્યાયો | ૪૧૬ |
| ક્ષેત્રની અપેક્ષાએ એકેન્દ્રિય | ૨૮૯ | અવગાહનાદિ અપેક્ષાએ મનુષ્ય પર્યાયો | ૪૨૪ |
| ક્ષેત્રની અપેક્ષાએ વિકલેન્દ્રિય | ૨૮૯ | અવગાહનાદિ અપેક્ષા જ્યો૦, વૈમાનિકના પર્યાયો | ૪૨૫ |
| ક્ષેત્રાપેક્ષાએ અપર્યાપ્ત પંચેન્દ્રિય અને ત્રસ | ૨૯૦ | દ્રવ્યની અપેક્ષાએ પુદ્ગલ પર્યાયો | ૪૩૩ |
| ક્ષેત્રાપેક્ષાએ પર્યાપ્ત પંચેન્દ્રિય અને ત્રસ | ૨૯૨ | ક્ષેત્રની અપેક્ષાએ પુદ્ગલ પર્યાયો | ૪૩૫ |
| ક્ષેત્રની અપેક્ષાએ સર્વ જીવો | ૨૯૬ | કાલની અપેક્ષાએ પુદ્ગલ પર્યાયો | ૪૩૭ |
| આયુષ્યબંધક આદિ ૧૪ બોલ | ૩૦૧ | ભાવની અપેક્ષાએ પુદ્ગલ પર્યાયો | ૪૩૮ |
| ક્ષેત્રની અપેક્ષાએ સર્વ પુદ્ગલ | ૩૦૩ | અવગાહનાની અપેક્ષા દ્વિપ્રદેશી આદિના પર્યાયો | ૪૪૫ |
| દિશાની અપેક્ષાએ સર્વ પુદ્ગલ | ૩૦૪ | સ્થિતિની અપેક્ષાએ પરમાણુ આદિના પર્યાયો | ૪૪૯ |
| ક્ષેત્રની અપેક્ષાએ છ દ્રવ્ય | ૩૦૫ | વર્ણાદિની અપેક્ષાએ પરમાણુ આદિના પર્યાયો | ૪૫૭ |
| દિશાની અપેક્ષાએ છ દ્રવ્ય | ૩૦૬ | પ્રદેશ, અવગાહનાદિથી સ્કંધ પર્યાયો | ૪૬૩ |
| દ્રવ્ય-ભાવની અપેક્ષાએ પુદ્ગલ | ૩૧૧ | **આકૃતિઓની સૂચિ** | |
| ક્ષેત્ર, કાલ, ભાવની અપેક્ષાએ પુદ્ગલ | ૩૧૧ | અજીવ સંસ્થાન અને પ્રદેશ સંખ્યા **(પદ–૧)** | ૧૩ |
| વિવિધ અપેક્ષાએ ૯૮ બોલની ગણના | ૩૧૯ | બે ઊર્ધ્વ કપાટ **(પદ–૨)** | ૧૧૯ |
| **પદ–૪ : સ્થિતિ** | | તિરછાલોક તટ્ટમાં બે ઊર્ધ્વ કપાટ " | ૧૨૦ |
| સમસ્ત સંસારી જીવોની સ્થિતિ | ૩૬૯ | સાત નરક પૃથ્વી " | ૧૩૫ |
| છ આરાની અપેક્ષાએ મનુષ્યોની સ્થિતિ | ૩૭૨ | વ્યંતર અને ભવનપતિ દેવોનાં સ્થાનો " | ૧૩૬ |
| **પદ–૫ : પર્યાય** | | જ્યોતિષ મંડલ " | ૧૬૪ |
| નારકીના પર્યાયોમાં ન્યૂનાધિકતા | ૩૭૯ | જ્યોતિષી દેવોની સૂચિ શ્રેણી–વલય શ્રેણી " | ૧૬૫ |
| અસત્કલ્પના દ્વારા ષટ્સ્થાનપતિત | ૩૮૧ | જ્યોતિષી વિમાનોનું સંસ્થાન " | ૧૬૫ |
| અવગાહનાપેક્ષયા નારકીમાં ન્યૂનાધિકતા | ૩૮૨ | વૈમાનિક દેવોનાં સ્થાન " | ૧૮૧ |
| ભવનપતિ દેવોમાં ન્યૂનાધિકતા | ૩૮૪ | સૌધર્મ દેવલોકના ૧૩ પ્રસ્તટ " | ૧૮૨ |
| તિટ્ઠાણવડિયા ન્યૂનાધિકતા | ૩૮૭ | દેવલોકનું એક પ્રતર (ઉત્તર દક્ષિણ વિભાગ)" | ૧૮૨ |
| પાંચ સ્થાવરના પર્યાયો | ૩૮૭ | સિદ્ધશિલા–સિદ્ધ ક્ષેત્ર " | ૧૮૮ |
| વિકલેન્દ્રિયના પર્યાયો | ૩૮૯ | ક્ષેત્ર દિશા **(પદ–૩)** | ૨૦૦ |
| તિર્યંચ પંચેન્દ્રિયના પર્યાયો | ૩૮૯ | ક્ષેત્રની અપેક્ષાએ લોક વિભાગ(પ્રતર દ્વય) " | ૨૭૦ |
| મનુષ્યના પર્યાયો | ૩૯૦ | ત્રણે લોક સ્પર્શતા નારકી જીવ " | ૨૭૨ |
| વ્યંતર, જ્યોતિષી, વૈમાનિક દેવોના પર્યાયો | ૩૯૧ | ત્રણે લોકને સ્પર્શતા તિર્યંચ પંચેન્દ્રિય " | ૨૭૨ |
| ૨૪ દંડકના જીવોના પર્યાયો | ૩૯૨ | ❖❖❖❖❖ | |

# ગોંડલ ગચ્છાધિપતિ, એકાવતારી આચાર્ય પ્રવર
# પૂ. ગુરુદેવ શ્રી ડુંગરસિંહજી મ.સા.
# જીવન દર્શન

| | | |
|---|---|---|
| **નામ** | : | શ્રી ડુંગરસિંહભાઈ. |
| **જન્મ** | : | વિ. સં. ૧૭૯૨. |
| **જન્મભૂમિ** | : | માંગરોળ. |
| **પિતાશ્રી** | : | ધર્મનિષ્ઠ શ્રી કમળસિંહભાઈ બદાણી. |
| **માતુશ્રી** | : | સંસ્કાર સંપન્ના શ્રીમતી હીરબાઈ. |
| **જન્મ સંકેત** | : | માતાએ સ્વપ્નમાં લીલોછમ પર્વત અને કેસરી સિંહને પોતાની સમીપે આવતો જોયો. |
| **ભ્રાતૃ ભગિની** | : | ચાર બેન – બે ભાઈ. |
| **વૈરાગ્ય નિમિત્ત** | : | પૂ. શ્રી રત્નચંદ્રજી મ.સા.નો ઉપદેશ. |
| **સંયમ સ્વીકાર** | : | વિ. સં. ૧૮૧૫ કારતક વદ – ૧૦ દિવબંદર. |
| **સદ્‌ગુરુદેવ** | : | પૂ. શ્રી રત્નચંદ્રજી મ.સા. |
| **સહ દીક્ષિત પરિવાર** | : | સ્વયં, માતુશ્રી હીરબાઈ, બહેન વેલબાઈ, ભાણેજી – માનકુંવરબેન અને ભાણેજ – હીરાચંદભાઈ. |
| **સંયમ સાધના** | : | અપ્રમત્તદશાની પ્રાપ્તિ માટે સાડા પાંચ વર્ષ નિદ્રાત્યાગ, જ્ઞાનારાધના, ધર્મશાસ્ત્રો, દર્શનશાસ્ત્રો અને તત્ત્વજ્ઞાનનો અભ્યાસ. |
| **તપ આરાધના** | : | રસેન્દ્રિય વિજયના વિવિધ પ્રયોગો, મિતાહાર. સ્વાધ્યાય, સાડાપાંચ વરસ નિદ્રાત્યાગ, ધ્યાનરૂપ આભ્યંતર તપ. |
| **ગોંડલ ગચ્છ સ્થાપના તથા આચાર્ય પદ પ્રદાન** | : | વિ. સં. ૧૮૪૫ મહાસુદ – ૫ ગોંડલ. |
| **જ્વલંત ગુણો** | : | વિનય, વિવેક, વિચક્ષણતા, વિરક્તિ, કરૂણા, સમયસૂચકતા વગેરે... |

| | | |
|---|---|---|
| **પ્રમુખ શિષ્ય** | : | આચાર્ય પૂ. શ્રી ભીમજી સ્વામી. |
| **પ્રમુખ શિષ્યા** | : | પૂ. શ્રી હીરબાઈ મ., પૂ. શ્રી વેલબાઈ મ., પૂ. શ્રી માનકુંવરબાઈ મ. |
| **સાધુ સંમેલન** | : | વિ. સં. ૧૮૬૧માં આજ્ઞાનુવર્તી ૪૫ જેટલા સાધુ-સાધ્વીજીઓનું સંમેલન કરી સંતોની આચાર વિશુધ્ધિ માટે ૧૩ નિયમો બનાવ્યાં. |
| **વિહાર ક્ષેત્ર** | : | કાઠિયાવાડ, ઝાલાવાડ, કચ્છ, માંગરોળ, વેરાવળ, પોરબંદર, દીવબંદર આદિ કંઠાળ પ્રદેશમાં ગ્રામાનુગ્રામ. |
| **પ્રતિબોધિત શ્રાવકવર્ય** | : | શ્રી શોભેચંદ્ર કરસનજી શાહ – વેરાવળ. |
| **સ્થિરવાસ** | : | વિ. સં. ૧૮૭૧ ચૈત્ર સુદ – ૧૫ થી ગોંડલમાં. |
| **અનશન આરાધના** | : | વિ. સં. ૧૮૭૭ ફાગણ સુદ – ૧૩ થી અનશન પ્રારંભ, વૈશાખ સુદ – ૧૫ સમાધિમરણ. |
| **આયુષ્ય** | : | ૮૪ વર્ષ, સંયમ પર્યાય – ૬૨ વર્ષ, આચાર્ય પદ – ૩૨ વર્ષ. |
| **ઉત્તરાધિકારી** | : | આચાર્ય પૂ. શ્રી ભીમજી સ્વામી. |
| **ઉપનામ** | : | ગચ્છાધિપતિ, નિદ્રાવિજેતા, યુગપ્રધાન, એકાવતારી. |
| **પાટ પરંપરા** | : | ગોંડલ ગચ્છાધિપતિ આચાર્ય પ્રવર ગુરુદેવ પૂ. શ્રી ડુંગરસિંહજી મ.સા.<br>દ્વિતીય પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી ભીમજી સ્વામી.<br>તૃતીય પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી નેણસી સ્વામી.<br>ચતુર્થ પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી જેસંગજી સ્વામી.<br>પંચમ પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી દેવજી સ્વામી.<br>મહાતપસ્વી પૂ. શ્રી જયચંદ્રજી સ્વામી<br>યુગદ્રષ્ટા તપસ્વી પૂ. શ્રી માણેકચંદ્રજી મ.સા.<br>સૌરાષ્ટ્ર કેસરી ગુરુદેવ પૂ. શ્રી પ્રાણલાલજી મ.સા.<br>તપસમ્રાટ ગુરુદેવ પૂ. શ્રી રતિલાલજી મ.સા. |
| **વિદ્યમાન વિચરતો પરિવાર** | : | ૧૧ સંતો, ૩૦૦ જેટલા સતિજીઓ. |

# સૌરાષ્ટ્ર કેસરી, મુનિપુંગવ
# પૂ. ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ.સા.
# જીવન દર્શન

| | |
|---|---|
| **શુભ નામ** | પ્રાણલાલભાઈ. |
| **જન્મભૂમિ** | વેરાવળ. |
| **પિતા** | શ્રીમાન શ્રી કેશવજીભાઈ મીઠાશા. |
| **માતા** | સંસ્કાર સંપન્ના કુંવરબાઈ. |
| **જ્ઞાતિ** | વીસા ઓસવાળ. |
| **જન્મદિન** | વિ. સં. ૧૯૫૪, શ્રાવણ વદ પાંચમ, સોમવાર. |
| **ભ્રાતૃ–ભગિની** | ચાર ભાઈ, ત્રણ બહેનો. |
| **વૈરાગ્ય બીજારોપણ** | બે વર્ષની બાલ્યવયે. |
| **વૈરાગ્ય ભાવ–પ્રગટીકરણ** | ૧૩ વર્ષની કુમાર અવસ્થામાં. |
| **સંયમ સ્વીકાર** | ૨૧ માં વર્ષે વિ. સં. ૧૯૭૬ ફાગણ વદ છઠ્ઠ, ગુરુવાર. તા. ૧૩–૩–૧૯૨૦ |
| **દીક્ષા ભૂમિ** | બગસરા–દરબાર વાજસુરવાળાના ઉદ્યાનમાં વટવૃક્ષ નીચે. |
| **ગચ્છ પરંપરા** | ગોંડલ ગચ્છ. |
| **સંયમદાતા** | મહાતપસ્વી પૂ. જયચંદ્રજી મ.સા. |
| **શિક્ષા દાતા** | પરમ શ્રદ્ધેય તપસ્વી માણેકચંદ્રજી મ. સા. |
| **ધાર્મિક અભ્યાસ** | આગમજ્ઞાન, તત્ત્વજ્ઞાન, કથા સાહિત્ય, રાસ સાહિત્ય, વ્યાકરણ, મહાકાવ્યો, કર્મસાહિત્ય, જૈનેતર ગ્રંથોનું વિશાળ અવલોકન, દર્શન શાસ્ત્રના તજજ્ઞ. |
| **સંઘ નેતૃત્વ** | ત્રણ વર્ષની દીક્ષા પર્યાયે તપસ્વી પૂ. માણેકચંદ્રજી મ. સા. ના સંથારાના સમયથી. |
| **સેવા શુશ્રૂષા** | વડીલ સાત ગુરુભ્રાતા અને અનેક સંતોની સેવા કરી. |

| | |
|---|---|
| **સમાજોત્કર્ષ** | ચતુર્વિધ સંઘ સમાધિ માટે તારવેલા ત્રણ સિદ્ધાંત (૧) લોકોના પરોપકાર માટે દાનધર્મની પ્રધાનતા (૨) અ ખંડન વાદ (૩)નીતિ અને પ્રામાણિકતાનું આંદોલન, જૈન–જૈનેતરો (કાઠી, દરબાર, આહિર)ને સપ્ત વ્યસનથી મુક્તિ, અનેક સ્થાને સાધર્મિક રાહત યોજના. |
| **જ્ઞાન પ્રસાર** | રાજકોટ, ગોંડલ, જેતપુર, ધોરાજી, વડિયા, વેરાવળ, પોરબંદર, માંગરોળ, જામનગર, ભાવનગર વગેરે અનેક સ્થાને જ્ઞાન ભંડાર, વિદ્યાલયની સ્થાપના અને જીર્ણોધ્ધાર. |
| **દેહ વૈભવ** | લાવણ્યમયી મુદ્રા, સૂર્ય સમ તેજસ્વી મુખ, ચંદ્રસમી શાંત આભા, વિશાળ ભાલ, નૂરભર્યા નયનો, ઘૂઘરાળા કેશ, વીણા જેવો સુમધુર કંઠ અને સિંહ જેવી ગર્જના. |
| **આભ્યંતર વૈભવ** | વિનય સંપન્નતા, વિવેક, સાદાઈ, પ્રેમ, વૈરાગ્ય, સેવા, પ્રવચન–પટુતા, ગુરુચરણ સેવા, દીર્ઘ દષ્ટિ, ત્યાગમસ્તી. |
| **વિહાર ક્ષેત્ર** | સૌરાષ્ટ્ર, ગુજરાત. |
| **ગોંડલ ગચ્છ સંમેલન** | વિ. સં. ૨૦૦૭માં ગચ્છ ઐક્યતા માટે મહત્ત્વનું યોગદાન. |
| **ઉપનામ** | પંજાબ કેસરી કાશીરામજી મ. સા. દ્વારા પ્રદત્ત **'સૌરાષ્ટ્ર કેસરી'** |
| **સ્વહસ્તે દીક્ષિત પરિવાર** | ચાર સંત– તપોધની પૂ. રતિલાલજી મ. સા., અનશન આરાધક તપસ્વી પૂ. જગજીવનજી મ. સા., પૂ. નાના રતિલાલજી મ. સા., પરમ દાર્શનિક પૂ. જયંતમુનિજી મ. સા., પૂ. મોટા પ્રભાબાઈ મ. આદિ ૧૫ સતીજી. |
| **અંતિમ ચાતુર્માસ** | બગસરા. |
| **દેહ વિલય** | વિ. સં. ૨૦૧૩ માગસર વદ તેરસ, શનિવાર પ્રાતઃ ૭–૩૦ કલાકે ઈ. સ. ૨૯–૧૨–૧૯૫૬. |
| **અંતિમ વિધિ** | સાતલડી નદીના કિનારે (બગસરા) |
| **શિષ્ય પરિવાર** | વર્તમાને ૧૧૮ સંત–સતિજીઓ 'પ્રાણ પરિવાર' ના નામે સમગ્ર ભારતમાં પ્રસિદ્ધ છે. |

# તપસમ્રાટ પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા. નું
# જીવન દર્શન

| | |
|---|---|
| **શુભ નામ** | રતિલાલભાઈ |
| **જન્મસ્થાન** | પરબવાવડી (સૌરાષ્ટ્ર) |
| **જન્મદિન** | આસોવદ અમાસ વિ. સં. ૧૯૬૯ |
| **પિતા** | શ્રીમાન માધવજીભાઈ રૈયાણી |
| **માતા** | સદાચાર સંપન્ના જમકુબાઈ |
| **વૈરાગ્ય ભાવ** | ૧૭ મા વર્ષે |
| **દીક્ષા** | ફાગણ વદ પાંચમ, ગુરુવાર વિ. સં. ૧૯૮૯–જૂનાગઢ |
| **ગુરુદેવ** | સૌરાષ્ટ્ર કેસરી પૂ. પ્રાણલાલજી મ.સા. |
| **ગચ્છ પરંપરા** | ગોંડલ ગચ્છ. |
| **અભ્યાસ યોગ** | વ્યાવહારિક– પાંચ ધોરણ, ધાર્મિક– ૧૯ આગમ કંઠસ્થ, શ્વેતામ્બર–દિગંબર સાહિત્ય, કાર્મગ્રંથિક સાહિત્ય, દાર્શનિક સાહિત્ય, વ્યાકરણ સાહિત્ય |
| **સાધના યોગ** | રાત્રિ–દિવસ નિરંતર જાગૃતદશાએ આત્મસાધના અલ્પનિદ્રા. |
| **સેવાયોગ** | વડીલ વૃદ્ધ ૯ સંતોની સેવા કરી. |
| **તપયોગ** | ૧૯ વર્ષ એકાંતર ઉપવાસ, ૯૯૯ આયંબિલ તપ(સાગાર), ૧૯ વર્ષ પાણીનો ત્યાગ, ૯ વર્ષ મકાઈ સિવાય શેષ અનાજ ત્યાગ. |

| | |
|---|---|
| **મૌનયોગ** | દીક્ષા પછી ૯ વર્ષ એકાંત મૌન સાધના. ઈ. સ. ૧૯૯૨ નવેમ્બરથી આજીવન મૌન આરાધના. |
| **પુણ્ય પ્રભાવ** | ગુરુદેવના પુણ્ય પ્રભાવે અનેક આત્માઓએ માસખમણ આદિ નાની મોટી તપશ્ચર્યાઓ તથા હજારોની સંખ્યામાં વર્ષીતપની આરાધના કરી છે. તેમજ દાન, શીલ અને ભાવની વૃદ્ધિ થઈ છે. |
| **વિહાર ક્ષેત્ર** | ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ઓરિસ્સા, બિહાર, બંગાળ |
| **જ્ઞાન અનુમોદન** | શ્રમણી વિદ્યાપીઠના પ્રેરક બની ૩૦ શિષ્યાઓ અને ૩૦ વૈરાગી બહેનોને અભ્યાસાર્થે રહેવાની આજ્ઞા આપી. ત્રણ સામૂહિક ચાતુર્માસ કરાવી શાસ્ત્રવાચના કરાવી. |
| **દીક્ષા પ્રદાનસંખ્યા** | ૧૪૫ મુમુક્ષુઓને અણગાર બનાવ્યા. |
| **આચરિત સૂત્રો** | જતું કરવું, ગમ ખાવો, વાદ–વિવાદ કે દલીલ ન કરવા, જે થાય તે સારા માટે, કોઈ પણ જીવની ટીકા કે નિંદા ન કરવી. |
| **જીવંત ગુણો** | વિશાળતા, ઉદારતા, માધ્યસ્થતા, સહિષ્ણુતા, ભદ્રિકતા, સમાધાન વૃત્તિ, જ્ઞાનરુચિ. |
| **અનશન પ્રત્યાખ્યાન** | ઈ. સ. ૧૯૯૨ રાજકોટમાં પૂ. ભાગ્યવંતાબાઈ મ. ને ૫૯ દિવસની અનશન આરાધના કરાવી. |
| **અંતિમ ચાતુર્માસ** | રાજકોટ, શ્રી રોયલપાર્ક સ્થાનકવાસી જૈન મોટા સંઘ સંચાલિત ઓમાનવાળા ઉપાશ્રય.(૧૯૯૭) |
| **મહાપ્રયાણ** | રાજકોટ, તા. ૮–૨–૧૯૯૮ મહા સુદ ૧૧ા રવિવાર મધ્યાહ્ન કાળે ૧.૩૫ કલાકે. |
| **અંતિમ દર્શન તથા પાલખી** | શ્રી રોયલ પાર્ક સ્થાનકવાસી જૈન મોટા સંઘ, રાજકોટ. |
| **અંતિમક્રિયા સ્થાન** | 'તપસમ્રાટ તીર્થધામ', રાજકોટ–અમદાવાદ હાઈ–વે, સાત હનુમાન સામે, રાજકોટ. |

# પુનઃ પ્રકાશનના બે બોલ

(બીજી આવૃત્તિ)

તીર્થંકર ભગવાનના અમૃતસમા વચનોને 'આગમ' રૂપે ગણધર ભગવંતોએ ઝીલીને શિષ્ય પરંપરાને અર્પણ કર્યાઅને આપણને અમૃત વચનો પ્રાપ્ત થયા.

**તીર્થંકર ભગવાને અનંતજ્ઞાનને શ્રીમુખેથી પ્રગટકરી મહા ઉપકાર કર્યો...**

**ગણધર ભગવંતોએ આગમજ્ઞાનને હૃદયસ્થ કરી મહા ઉપકાર કર્યો...**

**શિષ્ય પરંપરાએ આગમ જ્ઞાનને કંઠસ્થ કરી મહા ઉપકાર કર્યો...**

**દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણે આગમજ્ઞાનને ગ્રંથસ્થ કરી મહા ઉપકાર કર્યો...**

ગ્રંથસ્થ આગમોને અનેક આચાર્યોએ સમયાનુસાર લોકભોગ્ય ભાષાશૈલીમાં અનુવાદ કરીને સર્વજન સહજ બનાવ્યા. આ જ પરંપરામાં **સૌરાષ્ટ્રકેસરી પૂ. ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ. સા.** ની જન્મશતાબ્દી અવસરે તેમના જ પરિવારના મહાસતીજીઓએ ગુજરાતીમાં અનુવાદ કરીને જૈન સમાજની જ્ઞાન સાધનાને આગમિક બનાવવામાં બહુમૂલો ફાળો આપ્યો છે. આ મહા કાર્યમાં અપૂર્વ શ્રુત આરાધિકા પ્રધાન સંપાદિકા **ભાવયોગિની શ્રી લીલમબાઈ મ.** અને સહ સંપાદિકા **શ્રી આરતીબાઈ મ., શ્રી સુબોધિકાબાઈ મ.** ના સહયોગ મળ્યો છે.

આ આગમ બત્રીસીની પ્રથમ આવૃત્તિને ગુજરાતના દરેક સંપ્રદાયના સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓનો બહોળો પ્રતિસાદ મળતા ટૂંક સમયમાં ૧૦૦૦ આગમ ગ્રંથો અનુપલબ્ધ થઈ ગયા અને પુનઃ પ્રકાશનની આવશ્યકતા ઉભી થઈ.

અહીં એક ખાસ ઉલ્લેખ કરવાનો કે જ્યારે પ્રથમવાર આગમ પ્રકાશનની તૈયારી ચાલતી હતી ત્યારે જ તપસમ્રાટ **પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ. સા.** એ શાસન પ્રભાવક પૂ. શ્રી નમ્રમુનિ મ. સા. પર કૃપાદૃષ્ટિ વરસાવી. તેમણે પાટીમાં લખી આપ્યું કે **નમ્રમુનિ આગમ પ્રકાશનનું કાર્ય સંભાળશે.**

પૂ. ગુરુદેવની દીર્ઘદૃષ્ટિ અને કૃપાદૃષ્ટિને અનુભવતા પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા. એ અમોને આજ્ઞા આપી કે આપણે આગમ ગ્રંથો પ્રકાશનની બીજી આવૃતિ 'પારસધામ' ના ઉપક્રમે પ્રગટ કરવી છે.

પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા. ની આજ્ઞાને શિરોધાર્ય કરીને પારસધામ - ઘાટકોપરના ઉપક્રમે ગુરુપ્રાણ આગમ બત્રીસીને પુનઃ પ્રગટ કરતા આનંદ અનુભવીએ છીએ.

અમારા આ અણમોલ કાર્યમાં અમને શ્રી ગિરીશભાઈ શાહ (હેમાણી)-U.S.A. તથા શ્રી જિતેનભાઈ શાહ (કલકત્તા) નો અનન્ય સહકાર મળ્યો, જેના કારણે અમારું કાર્ય સરળ બન્યું છે. અમારા આ કોમપ્યુટર કાર્યમાં શ્રી અમીનભાઈ આઝાદ તથા સ્નેહા અમીત દર્જીનો પણ સહકાર પ્રાપ્ત થયો છે. તેવી જ રીતે ઉદારદિલા દાતાશ્રીઓ એ પણ અમને સહયોગ આપીને અમારું કાર્ય વેગવાન બનાવેલ છે.

અમે તે સર્વના આભારી છીએ.

અંતમાં આગમ પ્રકાશન આપણા સહુના આત્માને અનંતજ્ઞાન પ્રાગટ્યમાં સહયોગી બને એ જ ભાવના.

• શ્રી ગુરુપ્રાણ પ્રકાશન •

PARASDHAM

વલ્લભબાગ લેન, તિલક રોડ, ઘાટકોપર(ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૭૭

ફોન - ૩૨૦૪ ૩૨૩૨.

# પૂર્વ પ્રકાશકના બે બોલ

(પહેલી આવૃત્તિ)

અનંત તીર્થંકર સહ પ્રભુ મહાવીરના અનંત જ્ઞાનની અમૂલ્ય નિધિ છે આપણા આગમગ્રંથો. જેના માધ્યમથી જ જિનશાસન જયવંતું રહ્યું છે, રહે છે અને રહેશે. તેને જીવંત રાખવા અને જન જનનાં મન સુધી પહોંચાડવા તે પ્રત્યેક જૈન નામ ધરાવતી વ્યક્તિની પવિત્ર ફરજ છે. આ પવિત્ર ફરજને જ ધર્મ સમજીને જે તેનું આચરણ કરે છે અને પોતાનાં તન–મન અને ધનને તે કાર્યમાં સમર્પિત કરે છે, તેનું મનુષ્ય જીવન સફળ થાય છે. એટલું જ નહીં પરંતુ તે સાધક જિનશાસનની પ્રભાવનાનો અમૂલ્ય લાભ પ્રાપ્ત કરે છે.

આવો જ અપૂર્વ લાભ પ્રાપ્ત કરવા આપણા ગુજરાતી સમાજને માટે આગમોના મૂળ પાઠ તથા સરળ ગુજરાતી અનુવાદ વિવેચન સહિત પ્રકાશન કરવા માટે પૂ. મુક્ત લીલમ પરિવારને એક ચિંતનધારા જૂનાગઢની પુણ્યભૂમિ પર સ્પર્શી અને જેને રાજાણા નગરી રાજકોટમાં રોયલપાર્ક ઉપાશ્રયમાં સાકાર સ્વરૂપ મળ્યું.

આપણા સૌના પરમ ઉપકારી ગોંડલ ગચ્છાધિપતિ, નિદ્રા વિજેતા, એકાવતારી, યુગપુરુષ પૂ. શ્રી ડુંગરસિંહજી મ. સા.ની પાટ પરંપરાએ પૂ. શ્રી જય–માણેકના લાડીલા શિષ્યરત્ન સૌરાષ્ટ્ર કેસરી પૂ. શ્રી પ્રાણલાલજી મ. સા.ની જન્મ શતાબ્દી નિમિત્તે આ વિરાટ આયોજન કર્યું. પૂ. મહાસતીજીઓએ પોતાની ચિંતનધારાને પૂજ્ય ગુરુવર્યોની સમક્ષ પ્રગટ કરી. સહુના હર્ષોલ્લાસ અને આશીર્વાદ સાથે સ્વીકૃતિના સમાચાર પ્રાપ્ત થયા. રોયલપાર્ક સ્થા. જૈન મોટા સંઘની નિશ્રામાં અમે તુરંત સમિતિ રચવાની જાહેરાત કરી.

રાજકોટ પ્રાણ પરિવારના સામૂહિક ચાતુર્માસ દરમ્યાન જન્મ શતાબ્દી વર્ષ નિમિત્તે વિ. સં. ૨૦૫૩ સન્ ૧૯૯૭ માં "પૂ. પ્રાણગુરુ શતાબ્દી પ્રકાશન સમિતિ રાજકોટ"ની સ્થાપના થઈ. ત્યાર પછી તપસમ્રાટ શ્રી રતિલાલજી મ. સા., ગુજરાત કેસરી પૂ. શ્રી ગિરીશચંદ્રજી મ. સા. ઠા. પાંચ તથા પ્રાણ પરિવારના ૭૩ સાધ્વીજીઓના પાવન સાંનિધ્યમાં જન્મ શતાબ્દીના પ્રથમ ચરણની તપ–જપ, સાધના સાથે ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી.

શ્રી ગુરુ પ્રાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા ૩૨ આગમો અને પ્રાણગુરુ સ્મૃતિ ગ્રંથનું પ્રકાશન કરવાનું નિશ્ચિત થયું. આગમોનું લેખન કાર્ય પ્રાણ પરિવારના સતીવૃંદે સહર્ષ સ્વીકારી લીધું. આ રીતે સર્વ સમવાયનો સુયોગ થતાં કાર્યનો પ્રારંભ વેગવંત થયો અને બત્રીસ આગમો ક્રમશઃ ગુજરાતી ભાષામાં અનુવાદિત થયા.

આ પ્રકાશનના અણમોલ અવસરે આશીર્વાદ વરસાવી સહર્ષ સ્વીકૃતિ આપનાર તપ સમ્રાટ ગુરુદેવ **પૂ. શ્રી રતિલાલજી મ. સા.** તથા દરેક આગમના રહસ્યોને પ્રગટ કરતો, તત્ત્વોનું વાસ્તવિક દર્શન કરાવતો, આશીષ વરસાવતો અમારા ઉત્સાહને વધારતો અભિગમ પ્રેષિત કરનારા ગોંડલ ગચ્છના સંત શિરોમણિ પરમ દાર્શનિક **પૂ. શ્રી જયંતીલાલજી મ. સા.**, અમ માર્ગદર્શક ગુજરાત કેસરી **પૂ. શ્રી ગિરીશચંદ્રજી મ. સા.**, તથા આગમ દિવાકર **પૂ. શ્રી જનક મુનિજી મ. સા.** નીડર વક્તા **પૂ. શ્રી જગદીશમુનિજી મ. સા.** આદિ મુનિ ભગવંતો તથા આગમને સુવ્યવસ્થિત સ્વરૂપ આપનાર, અથાગ પરિશ્રમ સહિત નિઃસ્વાર્થ ભાવે સંપૂર્ણ સહયોગ આપનાર આગમ મનીષી **પૂ. શ્રી ત્રિલોકમુનિજી મ. સા.** ના પણ અમો ઋણી છીએ.

વાત્સલ્ય વરિષ્ઠા પૂજયવરા **પૂ. મુક્તાબાઈ મ.**, પ્રધાન સંપાદિકા અપૂર્વશ્રુત આરાધક **પૂ. લીલમબાઈ મ.**, અમ પ્રકાશન કાર્યના ઉદ્‌ભાવિકા, ઉત્સાહધરા **પૂ. ઉષાબાઈ મ.**, સહ સંપદિકા **ડો. પૂ. શ્રી આરતીબાઈ મ.** તથા **પૂ. સુબોધિકાબાઈ મ.** અને પ્રાણ પરિવારના અનુવાદિકા સર્વ મહાસતીજીઓના અમે ઋણી છીએ.

શ્રુતાધાર સહયોગીઓ, અમ આગમ પ્રકાશનમાં નિષ્ઠાથી સેવા આપનાર શ્રી મુકુંદભાઈ પારેખ, શ્રી મણિભાઈ શાહ, શ્રી નવનીતભાઈ – તરૂબેન, કુમારી ભાનુબેન, શ્રી જયવંતભાઈ શાહ તથા આગમને કોમ્પ્યુટરાઈઝડ્ કરી મુદ્રણ કરી આપનાર ભાઈ શ્રી નેહલ હસમુખભાઈ મહેતાના અમો આભારી છીએ.

આગમ પ્રકાશન કાર્યમાં શુદ્ધિકરણનું ખૂબ જ ધ્યાન રાખવામાં આવ્યું છે. છતાં ક્યાં ય અશુદ્ધિ રહી ગઈ હોય તો શુદ્ધ વાંચી તે તરફ અમારું ધ્યાન દોરવા નમ્ર વિનંતી છે.

અંતમાં સૌના સહિયારા પુરુષાર્થ બદલ શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન સદાને માટે સૌના કૃતજ્ઞ બની રહેશે.

જય જિનેન્દ્ર

શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન – ટ્રસ્ટી મંડળ

શ્રી ચંદ્રકાંત માણેકચંદ શેઠ (પ્રમુખ)
શ્રી રમણીકલાલ નાગરદાસ શાહ (ચેરમેન)
શ્રી અશ્વિનભાઈ કુંભાણી (ટ્રેઝરર)
શ્રી ટી. આર. દોશી (ઉપપ્રમુખ)
શ્રી કે. પી. શાહ (ટ્રસ્ટી)
શ્રી કીરીટભાઈ શાહ (ટ્રસ્ટી)

# અભિગમ

ગોંડલ ગચ્છ શિરોમણી પરમ દાર્શનિક
પૂ. શ્રી જયંતમુનિ મ.સા.

**અતિ વિજ્ઞાનની આધારશીલા પ્રજ્ઞાપના :-**

અહીં આપણે **पण्णवणा** ના 'પ્રજ્ઞાપના' એ પ્રચલિત અર્થ સિવાય કંઈક નવીન મેળવવા માટે બીજા પ્રકારે અર્થ કલ્પના તથા વિચારણા કરીશું.

**पण्ण + वणा** એટલે પ્રજ્ઞ + વર્ણા = પ્રજ્ઞવર્ણા. **પ્રજ્ઞ** એટલે પ્રજ્ઞ પુરુષ-અરિહંત ભગવંતો, તીર્થંકરો, દેવાધિદેવો, કેવળી ભગવંતો કે શ્રુતકેવળી, આચાર્ય ભગવંતો અથવા ઉપાધ્યાય પદ નિષ્ઠ મહાપુરુષો અને તેમના દ્વારા જે **વર્ણ** અર્થાત્ અક્ષરશ્રુત ઉદ્દ્ભવ્યું અને તેની વર્ણા કહેતા એક સરિતા બની ગઈ, જેમાં પ્રવાહ અને ઊંડાઈ, સ્વચ્છતા અને સુશબ્દતા સમાયેલી છે, તેવા ગહન ભાવોને ધારણ કરે, તેને **પ્રજ્ઞવર્ણા** કહેતાં વાતાવરણમાં અને આત્મામાં નંદીઘોષનો ઉદ્દ્ભવ થાય છે.

પ્રજ્ઞવર્ણા શબ્દમાં પ્રજ્ઞાપના કરતાં ઘણું જ વધારે સૌષ્ઠવ છે. તેમાં કર્તા અને કૃતિ, બંને ભાવોની અભિવ્યંજના સ્પષ્ટ પ્રગટ થાય છે; જ્યારે પ્રજ્ઞાપના શબ્દ ફક્ત ક્રિયાત્મક છે. આ રીતે ભાવોના મૂલ્યાંકનમાં પ્રજ્ઞાપના કરતાં પ્રજ્ઞવર્ણાનું મૂલ્યાંકન ઘણું જ અધિક મહત્તા ભરેલું છે.

વારંવાર પ્રજ્ઞાપના શબ્દનું ચરવણ કર્યું, આ શબ્દને ખૂબ જ વાગોળ્યો પરંતુ પન્નવણા જેવા અણમોલ શબ્દ સાથે હૃદયની અભિવ્યંજના પ્રસ્ફુટિત થતી ન હતી અને આવી અવસ્થામાં નિદ્રાધીન થતા દિવ્યવાણીનો ઉદ્દ્ઘોષ થયો અને જાગૃત થતાં પન્નવણા શબ્દને અનુરૂપ પ્રજ્ઞવર્ણા જેવો મહત્વપૂર્ણ શબ્દ પ્રગટ થયો. ધન્ય છે આ અનંતજ્ઞાનીઓની અનુપમ કૃપાને.....

જૈન સમાજને અને આગમ અભ્યાસી પૂજ્યવરોને **પ્રજ્ઞવર્ણા** એ નવો શબ્દ અર્પણ કરતાં અસીમ આનંદનો અનુભવ થાય છે,

અહીં 'વર્ણા'નો અર્થ વર્ણ અને વર્ણનો અર્થ અક્ષર થાય છે. અક્ષર તે શાશ્વત તત્ત્વ છે, કારણ કે **न क्षरन्ति इति अक्षरा:** । જેમાં ખરવાપણું નથી, ક્ષય થવાપણું નથી, તે **અક્ષર.** અક્ષર(અક્ષય)નો ભંડાર આત્મા છે. આત્મા અક્ષર છે અને અક્ષરની જે કાંઈ ચેતના છે તે વર્ણની વર્ણા છે. આમ પ્રજ્ઞપુરુષોએ પ્રરૂપેલી વર્ણા-તત્ત્વસમૂહ તે '**पण्णवणा** – પ્રજ્ઞવર્ણા' નામનું શાસ્ત્ર છે.

કોઈપણ વસ્તુનું શ્રુતજ્ઞાન વર્ણાત્મક છે. વર્ણમાં વર શબ્દ સમાયેલો છે. વર શબ્દ તે વરિયતાનો વાચક છે. વરિયતા એટલે શ્રેષ્ઠતા; પ્રજ્ઞ પુરુષોએ જે ભાવોનું વરણ કર્યું છે; જે ભાવોની યોગ્યતાને નિહાળી છે; તે યોગ્યતા ભરેલા વર્ણનો, તે **પ્રજ્ઞવર્ણા** છે.

અભિધાન રાજેન્દ્ર કોષમાં **पण्णवणा** શબ્દની વ્યાખ્યા કરી છે કે પ્રજ્ઞ પુરુષ એટલે તીર્થંકર દેવાધિદેવ અને આચાર્ય ભગવંતો દ્વારા, **वण्ण** એટલે પ્રરૂપિત હોય, તે પ્રજ્ઞાપના છે, વસ્તુતઃ અહીં આપ્તજનોને અધ્યાર્થ ભાવે ગ્રહણ કર્યા છે. પ્રજ્ઞવર્ણા શબ્દમાં કોષમાં કહેલા ભાવો સ્પષ્ટ રૂપે ઉલ્લસિત છે, પરંતુ જે વ્યાખ્યા કોષમાં કરવામાં આવી છે તે વ્યાખ્યા **પ્રજ્ઞાપના** શબ્દમાં અનુક્ત રહી જાય છે. અસ્તુ.....

આ શાસ્ત્રના નામ માટે પરંપરાથી **પ્રજ્ઞાપના સૂત્ર** શબ્દ સ્થાપિત થઈ ગયો છે. જે અવિભક્ત અખંડ અને ક્રિયાત્મક શબ્દ છે. અહીં આપણે **पण्णवणा** શબ્દને વિભક્ત કરીને **प्रज्ञ–वर्णा**, તેવું સ્વરૂપ પ્રદર્શિત કર્યું છે. તેમાં કર્તા અને ક્રિયા બંનેનો સ્પષ્ટ રીતે સમાવેશ થઈ જાય છે.

ખરેખર ! આ સમગ્ર શાસ્ત્ર ઘણા જ ગૂઢ, કલ્પનાતીત તથા સૂક્ષ્મ ભાવોને પ્રરૂપિત કરનાર બેજોડ શાસ્ત્ર છે. તે જૈનદર્શનના આધ્યાત્મિક ભાવો સિવાયના પદાર્થગત સૂક્ષ્મ ભાવોનું દ્રવ્યાર્થિકનય કે પારમાર્થિક નય દ્વારા ઉદ્‌ઘાટન કરે છે. એક રીતે આત્માનું જેમ અધ્યાત્મ છે, તેમ પદાર્થનું પણ 'અધિ દ્રવ્ય' હોય, તેમ ફલિત થાય છે. અધ્યાત્મમાં **अधि + आत्मा** આ બે શબ્દોની સંધિ થયેલી છે. **अधि** નો અર્થ અંતર્ગત થાય છે. પદાર્થની અંતર્ગત કે બીજા દ્રવ્યોની અંતર્ગત ક્રિયા હોય છે, તે ક્રિયાઓને સમજવી, તેટલી જ મહત્વપૂર્ણ છે. જેટલી આધ્યાત્મિક ક્રિયા જીવ દ્રવ્યમાં થાય છે, તેટલી અંતર્ગત ક્રિયા પુદ્‌ગલાદિ અજીવ દ્રવ્યમાં પણ થાય છે. પ્રજ્ઞાપના સૂત્ર આવી અંતર્ગત ક્રિયાઓનું ઉદ્‌ઘાટન કરે છે, તેટલું જ નહીં પણ સાપેક્ષ ભાવોને ભિન્ન-ભિન્ન નયોથી નિહાળી તેના અસ્તિત્વને જ્ઞેયથી પ્રમેય સુધી અને પ્રમેયથી મહાપ્રમેય સુધી સમજવા બુદ્ધિને દોરી જાય છે. જેમ ભગવતી સૂત્ર પોતાનું નિરાળું સ્થાન ધરાવે છે, તેમ પ્રજ્ઞવર્ણા–પ્રજ્ઞાપના શાસ્ત્ર પણ ભગવતીજીનું સમકક્ષ હોવા છતાં પોતાનું એક નિરાળું સ્થાન ધરાવે છે અને નિરાળી શૈલીથી ભાવોની અભિવ્યક્તિ કરે છે.

શાસ્ત્રનો ઘણો વિષય ભગવાન મહાવીર તથા ગૌતમ સ્વામીના સંવાદરૂપે પ્રરૂપિત છે. જોકે આ સંવાદની શૈલી અન્ય શાસ્ત્રોમાં પણ છે પરંતુ અહીં પન્નવણા–પ્રજ્ઞવર્ણા સૂત્રમાં ગૌતમ સ્વામી એક-એક વિચિત્ર પ્રશ્નોનો ઊંડાઈથી સ્પર્શ કરે છે; તેના ઉદાહરણો પાઠકોને ઠેર-ઠેર મળવાના છે, છતાં આપણે અહીં એક પ્રસંગનો ઉલ્લેખ કરીશું.

પાંચમા પદમાં જીવ અને અજીવની પર્યાયોનું વિસ્તારથી વિવેચન છે. તેમાં અજીવ પર્યાયના પ્રકરણમાં મટીરિયાલીસ્ટિક અર્થાત્ ભૌતિક ગુણધર્મયુક્ત પદાર્થનું વિવેચન છે. તેમાં વર્ણ, ગંધ, રસ અને સ્પર્શાદિ ગુણધર્મનું અધિષ્ઠાન પરમાણુ પુદ્ગલ માનવામાં આવ્યું છે અને પરમાણુની પર્યાયોના ષટ્ગુણ હાનિ વૃદ્ધિનું વિવેચન કરીને પુદ્ગલના પર્યાય અર્થાત્ પરિવર્તન ઉપર ઊંડો પ્રકાશ પાડ્યો છે.

ખરેખર ! વિશ્વમાં આ એક મૌલિક પ્રશ્ન છે કે પદાર્થમાં ગુણધર્મની નિષ્પત્તિ કેવી રીતે થઈ ? પદાર્થ આધાર છે અને ગુણધર્મો તેનું આધેય છે. આજનું ભૌતિક વિજ્ઞાન પોતાની રીતે ગુણધર્મની નિષ્પત્તિનું વર્ણન કરે છે એટલે કે જે છે અને જે થઈ રહ્યું છે, તેનું વર્ણન કરે છે, પરંતુ તેના કારણભૂત તત્ત્વનું વર્ણન અસ્પષ્ટ રહી જાય છે. યથા– એક અલૌકિક એનર્જીમાંથી આ વિશ્વ જન્મ પામ્યું છે અને ત્યાર બાદ વિકાસક્રમમાં પુદ્ગલ અને જીવોના ગુણધર્મ સંગઠિત થતા ગયા. ત્યારે જૈનદર્શન આ બાબતમાં અર્થાત્ ભૌતિક જગતના પરિવર્તનમાં નિશ્ચિત સિદ્ધાંત અપનાવીને નિદર્શન કરે છે. પ્રસ્તુત સૂત્રમાં તેનો વિસ્તારથી ઉલ્લેખ કર્યો છે. પાંચમા પદમાં અજીવ પર્યાય તરીકે તેનું વિવેચન કરી, બધા ગુણધર્મો ક્રમશઃ હાનિ વૃદ્ધિ પામે છે; તે સિદ્ધાંતની સ્થાપના કરી છે.

અહીં અમે એટલું જ કહેવા માંગીએ છીએ કે આજની આશ્ચર્યજનક વૈજ્ઞાનિક શોધનું જે કાંઈ રહસ્ય છે, તેનું સમાધાન પુદ્ગલ પરિવર્તનમાં, તેની ગતિશીલતામાં અને તેની વિશિષ્ટ ગ્રાહ્યતામાં સમાયેલું છે. પુદ્ગલની સમગ્ર ક્રિયા, પરમાણુની બે પ્રકારની ગતિરૂપે છે– એક પરિવર્તન ગતિ અર્થાત્ પર્યાય અને બીજી સ્થાનાન્તર ગતિશીલતા. જે આંખના પલકારાના અસંખ્ય ભાગમાંથી એક ભાગમાં પૂરા બ્રહ્માંડની યાત્રા કરી શકે, તેવી પુદ્ગલ પરમાણુની અમોઘ શક્તિ છે.

જૈનદર્શનનો પર્યાયવાદ અને પરમાણુની ગતિશીલતા, બંને ભૌતિક જગતના મૂળભૂત સ્તંભ છે. આ પુદ્ગલ પર્યાયોની સાથે-સાથે જીવધારી કે દેહધારી વ્યક્તિ, પછી તે સૂક્ષ્મ જીવ હોય, મનુષ્ય હોય, કોઈ પ્રાણી હોય, ચાહે દેવકોટિનો જીવ હોય, આ બધા જીવરાશિની પણ એક-એક પર્યાય છે અને તેનું પરિવર્તન થતું રહે છે. તેને આ પાંચમા પદમાં **जीवपज्जवा** જીવની પર્યાયરૂપે પ્રદર્શિત કરવામાં આવ્યું છે. આમ જીવ પર્યાય કે અજીવ પર્યાય બંને પર્યાયોનું સ્વતંત્ર વર્ણન હોવા છતાં એ ભૂલવાનું નથી કે આ બધું પુદ્ગલ પરિવર્તન જ છે. પુદ્ગલો નિર્જીવ અવસ્થામાં હોય કે સ્વતંત્ર સ્કંધરૂપે હોય અથવા તે પુદ્ગલો જીવના શરીર રૂપે પરિણત થયા હોય અને દેહધારી બની તેનો જીવ પર્યાયરૂપે ઉલ્લેખ થયો હોય, પરંતુ આ સમગ્ર પર્યાયતંત્ર વિશેષ રૂપે પુદ્ગલ આશ્રિત છે અને બંને પર્યાયો જીવ કે અજીવ, પુદ્ગલ પરિવર્તનની સરિતામાં જ વહે છે.

જીવના પર્યાય તો અધ્યવસાય પુરતા જ સીમિત છે, તોપણ તેમાં કર્મવર્ગણાના પુદ્ગલો પણ સાથે જોડાયેલા છે. આ રીતે પુદ્ગલ પર્યાય જીવના અંતરંગ જગતથી લઈને દેહાદિ ક્ષેત્રમાં અને ત્યારબાદ જડ જગતમાં પુદ્ગલરૂપે વ્યાપક પરિવર્તન ધરાવે છે. પાંચમા પદનું 'જીવ-અજીવ પર્યાય વર્ણન' તે એક વિલક્ષણ ભાવોને પ્રદર્શિત કરે છે અને અધ્યાત્મક્ષેત્રમાં રહેલા આત્મ તત્ત્વની અનુક્ત રીતે ઝાંખી કરાવે છે. આ છે પ્રજ્ઞવર્ણા–પ્રજ્ઞાપના સૂત્રની વિલક્ષણશૈલી. અસ્તુ.....

પ્રસ્તુત શાસ્ત્રના બધા ભાવો અને વ્યવસ્થિત અનુવાદ સ્વયં લેખક-સંપાદક દ્વારા થવાનો છે એટલે અહીં તે બાબતનો વધારે ઉલ્લેખ કર્યો નથી. પ્રજ્ઞવર્ણા–'પ્રજ્ઞાપના'ના પાંચ પદને આવરી લેતું આ પ્રકાશન પણ ઘણું જ વિશાળ છે અને તેમાં જે 'જ્ઞાનશ્રમ' કરવામાં આવ્યો છે, તે પણ અતુલ્ય છે. એટલે અહીં લેખક-સંપાદક વૃંદ માટે કશું ન કહેતાં, ફક્ત નત-મસ્તક થઈ જવાય છે. તેઓ મનોમન લાખ-લાખ અભિનંદનના પાત્ર બની રહે છે.

જૈન આગમોનો આ જ્ઞાનભંડાર સમુચિત રીતે આધુનિક શૈલીમાં ગોઠવીને સાધાર અર્થાત્ શાસ્ત્રોનો આધાર લઈ પ્રકાશિત કરવામાં આવી રહ્યો છે; તે કેવળ ભારતના નહીં, સમગ્ર વિશ્વના જનસમુદાયને પ્રભાવિત કરી શકે તેમ છે. એટલું જ નહીં પરંતુ એક નવી પ્રેરણા આપી શકે છે અને ભૂતકાળના આધ્યાત્મિક, દાર્શનિક, વિચારાત્મક સૂક્ષ્મ ઐતિહાસિક ભાવોને પ્રગટ કરે છે.

વર્તમાન વિજ્ઞાન વિશ્વના ઉદય સંબંધી જે ધારણા ધરાવે છે, તે કોઈ એક કલ્પિત બિંદુથી શરૂ કરે છે પરંતુ તે બિંદુ દ્વારા વિશ્વનો વિકાસ કયા કારણથી સાકાર થયો છે, તેનો કોઈ પ્રત્યુત્તર નથી. જ્યારે જૈનાગમોમાં વિશ્વસંપત્તિ રૂપી મૂળ દ્રવ્યોના પરિણમનરૂપ સ્વાભાવિક પર્યાય ક્રમનો ઉલ્લેખ કરીને કાર્ય કારણની એક એવી સાંકળ પ્રદર્શિત કરી છે કે જેમાં અનંતકાળનો ઈતિહાસ પ્રતિભાસિત થાય છે. અમારા આ કથનનું પ્રજ્ઞવર્ણા–પ્રજ્ઞાપના સૂત્રના એક એક પદ અનુમોદન કરી રહ્યા છે અર્થાત્ કહેવાનું તાત્પર્ય એ છે કે જૈન વાઙ્મય વિજ્ઞાનથી ઉપર, અતિ વિજ્ઞાનનો સ્પર્શ કરી, વિશ્વની મૌલિક ક્રિયાઓને પ્રસ્ફુટિત કરે છે.

અહીં આપણે પ્રજ્ઞવર્ણા–પ્રજ્ઞાપના સૂત્રની અતિવિજ્ઞાન આધારશિલાને પ્રસ્તુત કરી વિરમશું; તે પહેલાં એટલું જ કહેશું કે આ સમગ્ર શાસ્ત્ર સ્યાદ્વાદશૈલીથી આલેખાયેલું છે અને ઠેકઠેકાણે **सिय** શબ્દ આવે છે. જેમ કે ભગવાન કહે છે. **सिय चरमे, सिय अचरमे** આ રીતે અપેક્ષાવાદનો પણ આમાં પૂર્ણ ઉપયોગ કરવામાં આવ્યો છે. ટૂંકમાં કહેવાનું એ છે કે સમગ્ર જૈન તત્ત્વજ્ઞાન સાપેક્ષ ભાવોથી ભરેલું છે.

વિજ્ઞાન જગતનો મહાન વૈજ્ઞાનિક આઈનસ્ટાઈન પણ આ જ વાત કહે છે કે વિશ્વના બધા ભાવો એકાંત રૂપે કહી શકાય તેમ નથી. આ સિદ્ધાંતનું નામ 'રિયાલિટી ઓફ ટ્રુથ' છે.

સમસ્ત આગમો પણ ભારોભાર સાપેક્ષવાદથી ભરેલા છે. છતાં આશ્ચર્ય એ છે કે જૈન જગતમાં વ્યવહારિક ક્ષેત્રમાં આગ્રહવાદ અને એકાંતવાદ ચૌદ આના પ્રવેશી ગયો છે. આ શાસ્ત્રોના પ્રકાશનથી વ્યવહારિકક્ષેત્રમાં આગ્રહવાદ લય પામે તો સમાજને ઘણું જ સુફળ પ્રાપ્ત થશે. સ્યાદ્વાદ, અનેકાંતવાદ, અપેક્ષાવાદ, નયવાદ અને ભિન્ન દષ્ટિકોણવાદ, એ જૈન ધર્મના સુદર્શન ચક્રના એક-એક 'આરા' છે. અસ્તુ.....

વિદ્વાન લેખક, સંપાદકવૃંદ સ્થાને-સ્થાને અનેકાંતવાદનો પ્રકાશ પણ પાથરી રહ્યા છે, તે શુભ લક્ષણ છે. આગમ સંપાદનનું કાર્ય જેમ-જેમ આગળ વધતું જાય છે તેમ-તેમ ગંભીર મહાશાસ્ત્રોના સ્પર્શથી વધારે શ્રમસાધ્ય બનતું જાય છે. અહીં અમે એ જ પ્રાર્થના કરીએ છીએ કે– પ્રજ્ઞવર્ણા–પ્રજ્ઞાપના જેવા મહાગંભીર શાસ્ત્રનું સંપાદન સોળે કળાએ સંપન્ન થાય અને ત્રિલોકઋષિ જેવા મનીષી મુનિ અને લીલમબાઈ જેવા કર્ણધાર મહાસતીજીનું પૂરું માર્ગદર્શન મળતું રહે અને બધા સાનુકૂળ સંયોગ સહાયક બની રહે, એવી ભાવના સાથે...

**જયંતિમુનિ**
**પેટરબાર**

# સંપાદકીય

અપૂર્વ શ્રુતઆરાધક ભાવયોગિની
બા. બ્ર. પૂ. લીલમબાઈ મ. સ.

**પ્રજ્ઞા પ્રદીપ પ્રગટાવનારા પ્રભુને પ્રણામ છે મારા,**
**અજ્ઞાન વિનાશકારી, વહાવી જેમણે પ્રવચન ધારા,**
**સ્વરૂપાનુસંધાન કરાવવા, સિંચ્યા તપ સંયમ ક્યારા,**
**ત્રિવિધ તાપનાશક ત્રિલોકીનાથ જગથી શોભે ન્યારા.**

પ્રિયપાઠક સાધકગણ, આગમ જિજ્ઞાસુ વર્ગ !

આપ સહુની સમક્ષ પ્રજ્ઞાપના સૂત્રનો પ્રથમ ભાગ પ્રગટ કરતાં અત્યંત આનંદ અનુભવીએ છીએ. કારણ કે અમારા પ્રગટ થયેલા આગમ અનુવાદના પચ્ચીસ આગમરત્નોને આપ સહુએ આવકાર્યા છે.

પ્રભુની વાસ્તવિક દેશનાને સમજણના સથવારે આત્માના ઊંડાણમાં લઈ જઈને, કૃત્રિમતાનું ભાન કરી, કાલ્પનિક સુખભાસની લાગણી છોડી, દેખાતી દુનિયાથી દૂર ખસી, ચેતનાની અનંતગુણથી યુક્ત સુખ સાગરની છલછલતી સહાબી ભોગવવા સ્વ સન્મુખ થવાની કોશીશ કરી રહ્યા છો, તેનો અમને ભારોભાર આનંદ છે.

આજે અમે પ્રાણ આગમ બત્રીસીનું ૨૬મું આગમ રત્ન **શ્રી પ્રજ્ઞાપના સૂત્ર** આપના કરકમળમાં અર્પણ કરીએ છીએ. અસ્તુ...પ્રજ્ઞાને પ્રવીણ બનાવવા સાવધાન બની એકાગ્રચિત્તે વાંચનરૂપી જ્ઞાનામૃતનું ભોજન કરો.

પ્રસ્તુત સૂત્રના રચયિતા શ્રી શ્યામાચાર્ય છે. પૂ. શ્રી શ્યામાચાર્યે કલિયુગમાં પણ સતયુગ સર્જ્યો છે. તેઓશ્રીની મેધા અત્યંત તીક્ષ્ણ હતી. તેઓશ્રીનું નામ ત્રિલોકીનાથ શ્રી સીમંધરસ્વામીના શ્રીમુખે વિદેહ ક્ષેત્રમાં ગવાયું છે. તેની વાર્તા ગ્રંથોમાં આ પ્રમાણે જોવા મળે છે કે સીમંધરસ્વામી પરિષદમાં દેશના આપી રહ્યા હતા. તેમાં સૂક્ષ્મ-સૂક્ષ્મતમ જીવોનું વર્ણન કરી લોકોને તે જીવોની દયા પાળવાનો ઉપદેશ હતો, તે સાંભળ્યા પછી શક્રેન્દ્ર મહારાજે વિનયપૂર્વક ઊભા થઈ પ્રભુ પાસે જઈને, વંદન કરી પ્રશ્ન કર્યો– હે પ્રભો ! આપે જે સૂક્ષ્મ જીવોનું વર્ણન કર્યું છે, તેવું જ વર્ણન કરી શકે એવા જ્ઞાની મહાત્મા ભરતક્ષેત્રમાં કોઈ છે ખરા ?

ભગવાને જવાબ આપતા કહ્યું, હે દેવેન્દ્ર દેવરાજ ! આજે ભરતક્ષેત્રમાં શ્યામાચાર્ય

વિચરી રહ્યા છે. તેઓ આવું જ વર્ણન શ્રુતજ્ઞાનના આધારે કરી રહ્યા છે. તે સાંભળી સંતુષ્ટ થયેલા શક્રેન્દ્ર મહારાજ વૃદ્ધ બ્રાહ્મણનું રૂપ લઈને ઉપાશ્રયમાં આવ્યા, વંદન કરી જમણો હાથ લાંબો કર્યો, આચાર્ય દેવે તેમના હાથની લાંબી રેખા પલ્યોપમના આયુષ્યને ઓળંગી રહી હતી, તે જોઈ તેમણે લોચન ઊંચા કર્યા. વૃદ્ધ બ્રાહ્મણની મુખાકૃતિ જોઈ અને બોલી ઊઠ્યા. હે દેવાનુપ્રિય ! આપશ્રી કોઈ માનવ નથી પણ માનવરૂપ ધારી શક્રેન્દ્ર છો. તે સાંભળીને દેવેન્દ્ર પ્રસન્ન બની ગયા, પોતાનું રૂપ પ્રગટ કર્યું. પોતે આવ્યા હતા તેના સંકેત ચિહ્નરૂપે ઉપાશ્રયમાં પૂર્વનો દરવાજો હતો તે પશ્ચિમનો કરીને અદશ્ય થઈ ગયા.

તેઓશ્રીએ પરમ આપ્ત પુરુષ પરમાત્મા પ્રરૂપિત, ગણધર રચિત દ્વાદશાંગીની વાઙ્મય દુનિયામાંથી **છત્રીસ અજાયબી શોધીને એક** અજાયબ ઘર બનાવી દીધું ન હોય ! તેવો ભાસ થાય છે. તે **૩૬** અજાયબી નીચે પ્રમાણે છે–

(૧) પ્રજ્ઞાપના (૨) સ્થાન (૩) બહુવક્તવ્યતા (૪) સ્થિતિ (૫) વિશેષ (૬) વ્યુત્ક્રાન્તિ (૭) ઉચ્છ્વાસ (૮) સંજ્ઞા (૯) યોનિ (૧૦) ચરમ (૧૧) ભાષા (૧૨) શરીર (૧૩) પરિણામ (૧૪) કષાય (૧૫) ઈન્દ્રિય (૧૬) પ્રયોગ (૧૭) લેશ્યા (૧૮) કાયસ્થિતિ (૧૯) સમ્યક્ત્વ (૨૦) અંતક્રિયા (૨૧) અવગાહના (૨૨) ક્રિયા (૨૩) કર્મ (૨૪) કર્મબંધક (૨૫) કર્મવેદક (૨૬) વેદબંધક (૨૭) વેદવેદક (૨૮) આહાર (૨૯) ઉપયોગ (૩૦) પશ્યતા (૩૧) સંજ્ઞી (૩૨) સંયમ (૩૩) અવધિ (૩૪) પ્રવિચારણા (૩૫) વેદના (૩૬) સમુદ્ઘાત.

આ અજાયબ ઘરની અજાયબીના પરમાર્થ રહસ્યનું રસાયણ કરી શ્રી મલયગિરિજીએ ૩૬ મુક્તાફળમાં ભરી દીધું છે. તેઓશ્રીએ અજાયબ ઘરને ૩૬ મુક્તા-ફળથી શણગારી મહાવ્રત મઢૂલી બનાવી, સ્યાદ્વાદરૂપી સરોવરના કિનારે સુવ્યવસ્થિત રૂપે ગોઠવી દીધી ન હોય ! તેવો અહેસાસ થઈ રહ્યો છે. ધન્ય હો કરુણાનિધાન બંને મુનિપુંગવોને !

તેથી જ તો આ મુક્તાફળની મઢૂલીમાં પ્રવેશ કરવા મારો ઉપયોગ રૂપી રાજહંસ જ્ઞાન ગગનમાં ઉડ્ડયન કરતાં કરતાં મુક્તાફળ સંપાદન કરવા ત્યાં પહોંચી ગયો. હવે તેમને મન માન્યું ભોજન મળી ગયું તેથી આનંદનો કોઈ પાર ન રહ્યો. તેણે સ્યાદ્વાદ સરોવરરૂપી શ્રુતગંગામાં સહેલગાહ આરંભી દીધી. એકબાજુ ક્ષુધાનું શમન થાય તેવા મુક્તાફળ અને બીજી બાજુ તૃષા શાંત થાય તેવા કરુણામય કમળો જોયા. ઉપયોગરૂપી રાજહંસ તેમાં જામી ગયો. મન થાય ત્યારે કરુણાના કમળ નાલિકાનું દૂધ પી લેતો અને મન થાય ત્યારે મઢૂલીમાંથી મુક્તાફળ લઈ લેતો. તે મુક્તાફળને લઈને

ચંચુપાત કરી તેને ખોલતો. તેમાં તેને રસાયણ કેવું મળે છે તે જીવનની પુષ્ટિ કેમ કરે છે, તે આપણે ચાલો જોઈએ. ઉપયોગ રૂપી રાજહંસ સાથે બહેન ચેતના પણ નિસર્યા.

(૧) પ્રથમ મુક્તાફળ રાજહંસે ખોલ્યું અને ખૂબ પ્રસન્ન બની ગયો. તેમાં લખ્યું હતું પ્રથમ પદ પ્રજ્ઞાપના. તેના અક્ષરનું રસાયણ આ પ્રમાણે છે. તેમ ચેતના બહેને તેમને સમજાવ્યું.

**પ્ર** પ્રગટ થાય છે જેમાં જીવ-અજીવના ભેદો. તેને જાણવા પ્રબળ પુરુષાર્થ કરી પ્રવીણતા કેળવો.

**જ્ઞા** જ્ઞાતા તમે જ છો, જ્ઞાન કરો જ્ઞેયનું, જીવાજીવ પૂર્ણજ્ઞેય રૂપ છે. જ્ઞાનગુણ તમારો છે, તેના વડે જાણો જગતને પણ માણો નહીં.

**પ** પરથી ખસો, સ્વમાં વસો, તો પરમાનંદનું ધામ પરમાત્મા તમે જ છો.

**ના** નાજુક કાયામાં નાજુક બનીને રહ્યા છો અને તેમાંથી નીકળી તમે માનવ બન્યા છો, નિરાકાર બનવા પ્રયત્ન કરો.

આ રીતે પૂર્ણ શબ્દનો અર્થ થાય છે, પ્રજ્ઞાવાન પુરુષ તું જ છો, એમ જાણ અને તારાપણું પ્રગટ કર.

અક્ષર ઉપરનો બોધ કરી આનંદ પામ્યો. મારો ઉપયોગરૂપી રાજહંસ પૂરા શબ્દમાંથી બોધ લેવા તત્પર બન્યો ત્યારે તેમાં તેને અજાયબીના બે વિભાગ દષ્ટિગોચર બન્યા. (૧) જીવ પ્રજ્ઞાપના (૨) અજીવ પ્રજ્ઞાપના. તમે જીવ છો તેના અંદરનો બોધ કરો તો તમારું સ્વરૂપ સદાય નિરંજન નિરાકાર છે. તેમાં જ સાચું અવ્યાબાધ સુખ ભર્યું છે. બીજું તેની સામે અજીવ પ્રજ્ઞાપના છે, તે જડ છે. તેમાં સુખનો છાંટો ય નથી, તેવો બોધ કરો. રાજહંસને શબ્દનો અર્થ સમજાતાં શાંતિનો અનુભવ થયો. તે પૂર્ણપદને સમજવા પ્રમાદ છોડી એકાગ્ર બન્યો. તેને સમજાવા લાગ્યું કે આ જીવ અનાદિકાળથી અજીવની સંગાથે રહી સાચું સુખ ભૂલી ગયો છે; ક્ષણિક સુખને સાચું સુખ માની બેઠો છે, મોહરાજાના સામ્રાજ્યમાં જીવી રહ્યો છે.

આ(અજીવ) રાજ્યમાં કેમ આવી પડ્યો તેનું કારણ શોધતા ખ્યાલ આવ્યો કે આ અજીવ પ્રજ્ઞાપનાનાં પાંચ ભેદ છે. તેમાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને કાળ. આ ચાર અરૂપી દ્રવ્યો છે. તેઓ અરૂપી જીવ દ્રવ્ય ઉપર પ્રભાવ પાડી શકે નહીં, અરૂપીને અરૂપી શું કરી શકે ? અને પાછા જડ છે તેથી તેઓ તો પોતાના સ્વભાવમાં જ રહે છે, ઉદાસીન દ્રવ્ય છે. તેમાં ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાય બે દ્રવ્ય તો લોકવ્યાપી છે અને અસંખ્યાત પ્રદેશી છે, એક આકાશાસ્તિકાય દ્રવ્ય લોકાલોક

વ્યાપી છે, તે અપેક્ષાએ તેના અનંતપ્રદેશો છે; આ ત્રણેના પ્રદેશો પણ સળંગ અને અખંડ છે. તેઓના વિભાગ પણ પડી શકે નહીં, તો પછી જેમાં વિભાગ પડે તે તો રૂપી દ્રવ્ય પુદ્‌ગલાસ્તિકાય છે. તેમાં ગતિ ક્રિયા થતી હોવાથી; સ્વભાવ-વિભાવવાળા બનતા હોવાથી; મળવું-ગળવું, વિખેરાવું તેવો અર્થ ધારણ કરતા હોવાથી; શબ્દ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, સંસ્થાનરૂપવાળા થતા હોવાથી; તેઓ જ્યાં જાય ત્યાં વ્યાપક બને છે તેટલા વિભાગને સ્કંધ–દેશ–પ્રદેશ નામથી સંબોધન કરાય છે. તેથી પેલા ધર્માસ્તિકાયાદિ ત્રણ દ્રવ્યના સ્કંધ, દેશ, પ્રદેશ એમ ત્રણ-ત્રણ ભેદ બને છે અને કાળનો એક જ ભેદ છે. તે દિવસ-રાત્રિ આદિ રૂપે પ્રવર્તન થતો વર્તના સ્વભાવવાળો અદ્ધાકાળ ફક્ત અઢીદ્વીપમાં છે. આ દસ ભેદની ગણતરી પુદ્‌ગલ સિવાયના અજીવ અરૂપી દ્રવ્યની છે.

પુદ્‌ગલ દ્રવ્યમાં રહેલા વર્ણાદિ ગુણોમાંથી પ્રગટ થતી વૈભાવિક પર્યાયોના સમૂહ ભેગા થતાં અને વિખેરાતા ૫૩૦ ભેદો વ્યાપક બનીને લોકમાં ઠસોઠસ રહે છે. તે અજીવની દુનિયામાં પ્રવેશ કરતો મારો રાજહંસ અજાયબીની અદ્‌ભૂતતાનો અનુભવ કરી રહ્યો અને માનસ તંત્રમાં ફીટ બેસાડીને શ્રદ્ધાના ખાનામાં ગોઠવતો રહ્યો.

ત્યાંથી આગળ પાણીદાર મુક્તાફળના રસાયણનો અભ્યાસ કરવા લાગ્યો. નિષ્કર્ષ એમણે એ કાઢ્યો કે મુસીબત ઉત્પન્ન કરનાર પુદ્‌ગલ દ્રવ્ય જ છે. તેમાં વર્ણાદિરૂપે પરિણત થતી અવસ્થાઓ આકર્ષક બને છે અને જીવ દ્રવ્ય તેના ઉપર આક્રમણ કરે છે ત્યારે તે આકર્ષક બનેલી કાર્મણ વર્ગણાઓ આકર્ષાઈને જીવ દ્રવ્ય પાસે આવી જાય છે. જીવ દ્રવ્ય અસંખ્યાતપ્રદેશી, અનંતગુણવાળું, અનંત સુખનું ધામ, અનંત શક્તિવાળું હોવા છતાં સ્વભાવ ભૂલીને વિભાવમાં આવી જતાં, પોતાના સુખનું વેદન કરવાના સ્વભાવવાળો હોવા છતાં વિભાવનું દુઃખ વેદવા આમંત્રણ આપી પાસે આવેલી વર્ગણાને આત્મપ્રદેશો ઉપર શયન કરાવે છે અર્થાત્ અનંતાનંત પરમાણુની વર્ગણાને પોતાના સ્વરૂપ ઉપર વિરૂપ બનાવીને વળગાડે છે, તેથી જીવ ઢંકાતો જાય છે અને કર્મધારી બની સંસારી તરીકે ઓળખાય છે. માટે અનાદિકાળથી આત્મા મોહરાજાના રાજ્યમાં વસવાટ કરે છે.

આ ઘટનાનો ઘટક જીવ છે અને અજીવ પુદ્‌ગલ ગ્રાહ્ય બને છે. તેમણે મુક્તાફળમાં રહેલા રસાયણના સ્પર્ધકોને જાણવા માટે અજીવ પ્રજ્ઞાપનાનું પ્રકરણ પૂરું વાંચી લઈશ તેમ વિચારી લીધું અને આગળ અજાયબીમાં શું છે, તે જાણવાની તેની તેમને ઈંતેજારી જાગી ઊઠી.

મોહરાજાના રાજ્યમાં પ્રવેશ કરતાં સમજાઈ ગયું પરંતુ તેમાંથી છૂટવું કેમ ? તેના માટે તેમણે બીજા વિભાગની તપાસ ચાલુ કરી. જીવ પ્રજ્ઞાપના વિભાગને તેમણે

ચાંચમાં ઉપાડ્યો. જેવો ઉપાડ્યો તેવા તેમાંથી બે વિભાગ થઈ ગયા– સિદ્ધ અને સંસારી.

ઓ હો હો... સિદ્ધ એટલે ? રાજહંસને પ્રશ્ન થયો કે ચેતના બહેને જવાબ આપ્યો, સહજ સ્વભાવી, અનંત સુખી, જે જીવ શુદ્ધ દશા પામી સિદ્ધાલયમાં ચાલ્યો જાય અને મોહરાજાના રાજ્યમાંથી નીકળી શિવપુરીનું રાજ્ય પ્રાપ્ત કરે તે સિદ્ધ. જીવનો અર્થ જ છે કે સદા જીવે, કદીયે મરે નહીં તે જીવ. સંસારી ભવ્ય જીવ સમતાદિ ગુણોમાં જ જ્યારે સ્થિર થઈ જાય; પ્રતિક્રિયા કરે જ નહીં ત્યારે પેલી કાર્મણ વર્ગણા કોઈ જાતનું પોષણ ન મળતાં ખરી પડે છે અર્થાત્ આપણા આત્મપ્રદેશના દેશમાંથી રવાના થઈ જાય છે, તેને કહેવાય છે કે રાગદ્વેષના બંધન તૂટી ગયા. જેવા કર્મોનાં બંધન તૂટે છે તેવા જીવો અસંસાર સમાપન્નક બની જાય છે. તેના પંદર ભેદ છે.

હે જિજ્ઞાસુ ! તું તેને સ્યાદ્વાદના સરોવરમાં ડૂબકી મારતાં વાંચી લેજે. આવો જવાબ પોતાનામાંથી મળ્યો તે જાણી પોતે પોતાને જ પૂછવા લાગ્યો અને જ્ઞાન સંપાદન કરવા લાગ્યો. તેમણે સિદ્ધ થવાની પદ્ધતિ જાણી લીધી. હવે તે સંસાર સમાપન્નક જીવની દુર્દશા જાણવા માટે ઝૂક્યો. તેણે વાંચ્યું મોહમાં લપટાયેલો આત્મા સંસારસમાપન્નક કહેવાય છે.

તે સંસાર સમાપન્નકના પાંચ પ્રકાર દર્શાવે છે– એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય, પંચેન્દ્રિય. તેમાં એકેન્દ્રિયના પાંચ પ્રકાર છે– પૃથ્વીકાયિકો, અપ્કાયિકો, તેજસ્કાયિકો, વાયુકાયિકો અને વનસ્પતિકાયિકો, તે બધા જીવો છે તેની વાત કાન દઈને તું સાંભળ. તે એમ કહે છે...પેલી વર્ગણાઓ સૂક્ષ્મમાં સૂક્ષ્મ રૂપમાં ગોઠવાઈને જગતમાં હતી તેને અમે બોલાવી ત્યારે તે આવી ! કાર્મણ, તૈજસ અને ઔદારિક શરીરરૂપ બની અમારી અનંત શક્તિ ઉપર પ્રભાવ પાથરી અમોને ઢાંકી દીધા, અમે અસંખ્યાત-અસંખ્યાત કે અનંત અનંતના સમૂહમાં ઉત્પન્ન થઈએ છીએ. અજાયબી અમારી એવી છે કે અમે એટલા બધા સૂક્ષ્મ શરીરધારી છીએ કે છદ્મસ્થની નજરમાં આવી શકતા નથી. કોઈ હથિયાર કે શસ્ત્ર અમારામાં પ્રવેશી શકતું નથી. તેથી અમો કોઈના માર્યા-મરતા નથી અને બાળ્યા-બળતા નથી. અમારા આયુષ્ય પૂર્ણ થતાં જ અમે મૃત્યુ પામી અને પાછા જન્મ ધારણ કરીએ છીએ. અસંખ્યકાળ કે અનંતકાળ આમ જ વ્યતીત કરીએ છીએ. અમે સૂક્ષ્મ નામકર્મવાળા કહેવાઈએ છીએ. અમારા બધાની પાસે એક જ ઈન્દ્રિય છે. અમારા બે ભેદ છે પર્યાપ્તા અને અપર્યાપ્તા.

બીજી પણ વાત એમ છે કે અમે તો પૃથ્વીરૂપે, જળરૂપે, અગ્નિરૂપે, હવારૂપે ઔદારિક શરીર ધારણ કરીએ છીએ. એક શરીરે અમે એક જ જીવ વસીએ છીએ પરંતુ વનસ્પતિના સૂક્ષ્મ અને સાધારણ નામ ધરીને તો અમે અનંત જીવો એક શરીરમાં

રહીએ છીએ, ત્યાં અમારે એક સાથે અવતરવું પડે છે તેમજ શ્વાસ, આહાર અને ઈન્દ્રિયની ક્રિયા પણ એક સાથે જ કરવી પડે છે. તેથી અમે સૂક્ષ્મ અને નિગોદ કહેવડાવીએ છીએ. આ છે અમારી દુર્દશા. હે માનવ રાજહંસ ! આટલી સૂક્ષ્મ વાતો બીજા દર્શનકારો સમજતા નથી. આ તો અનંતજ્ઞાની પરમાત્મા જ અમને જાણે છે, ઓળખે છે. અમારું દુઃખ કેવું છે ? તે વર્ણવીને તેઓ દયા પાળવાનો ઉપદેશ આપે છે.

અમારાથી થોડા સ્થૂલ અમારા જાતિ ભાઈઓ છે. તે અમારાથી પુણ્યશાળી છે તેથી તે થોડી મોટી કાયા પામે છે, તેને બાદર નામકર્મવાળા જીવો કહેવાય છે. તેના પણ બે-બે ભેદ છે– પર્યાપ્તા અને અપર્યાપ્તા. તેઓ એક પર્યાપ્તાની નેશ્રાએ અસંખ્યાત અપર્યાપ્તના રૂપમાં જન્મ ધારણ કરે છે.

આ રીતે પૃથ્વીકાય, અપ્કાય, તેજસ્કાય, વાયુકાય બાદર નામકર્મવાળા છે, તેના અનેક ભેદ, પ્રભેદ છે. સુંવાળી માટી અને કઠોર પત્થર-રત્નના રૂપે, તેઓ પૃથ્વીના નામે ઓળખ પામે છે. ખાણમાં એમનો જન્મ થાય છે. પ્રવાહી–પાણીરૂપે અપ્કાયના નામે ઓળખ પામે છે, તળાવ-સરોવરાદિ અનેક ભેદ-પ્રભેદરૂપે એમના ભેદ પડે છે. તેજસ્કાય એ દાહક અગ્નિના રૂપે ઉત્પન્ન થાય છે. એમના ભેદ-પ્રભેદ અનેક પ્રકારે અંગારાદિરૂપે થાય છે. એમની ઉત્પત્તિ પ્રાયઃ ઘર્ષણથી વધારે થાય છે. જેઓ હવા રૂપે શરીર ધારણ કરે છે, તે વાયુકાય છે. તેમનામાં એક વૈક્રિય શરીર વધારે હોય છે. પર્યાપ્તામાં જ પ્રકોપ કરી વંટોળના રૂપે વહે છે, એ રીતે એમના ભેદ-પ્રભેદ ઘણા જ છે અને વનસ્પતિકાય મૂળ, સ્કંધ, થડ, શાખા, પ્રશાખા, પાન, ફૂલ, ફળના રૂપમાં તેઓના સંખ્યાત-અસંખ્યાત અને અનંત ભેદ પડે છે. સૂક્ષ્મ એકેન્દ્રિય ચારના અપર્યાપ્તા અને પર્યાપ્તા, એમ આઠ અને બાદર એકેન્દ્રિય ચારના પર્યાપ્તા અને અપર્યાપ્તા એમ આઠ, કુલ સોળ અને વનસ્પતિના ત્રણ ભેદ (૧) સૂક્ષ્મ, બાદરના બે ભેદ (૨) પ્રત્યેક (૩) સાધારણ. તે ત્રણેયના અપર્યાપ્તા અને પર્યાપ્તા, તે છ ભેદ થાય છે. પૂર્વના સોળમાં છ મેળવતાં (૧૬+૬) બાવીસ ભેદ અમારા થાય છે.

હે માનવ રાજહંસ ! અમારી દયા પાળવાનું જે વ્રત લે છે, તે તરી જાય છે. અમારી અનંત શક્તિ આવા ક્ષણભંગુર નાજુક શરીરમાં ગોંધાઈ રહી છે. તમારી સમાન અમે કંઈ જ કરી શકતા નથી. આ વાત સાંભળી તેનું પૂરું પ્રકરણ વાંચી રાજહંસ કોમળ કાળજાવાળો બનવા લાગ્યો અને તે બધાના નામ કંઠસ્થ કરવા લાગ્યો.

રાજહંસ આગળનું જ્ઞાન સંપાદન કરવા મુક્તાફળના અનેક વિભાગમાંથી એક પછી એક વિભાગને જોવા લાગ્યો ત્યાં તેમને જાણવા મળ્યું કે આ જીવોમાં સ્પંદન–ધડકન દેખાઈ આવે છે. તે હાલતા-ચાલતા પ્રાણી છે, એવો વિચાર કરે ત્યાં ચેતનાએ જવાબ

આપ્યો. હે હંસરાજ ! તેને ત્રસકાય કહે છે. તેવા પ્રાણીઓ બે, ત્રણ, ચાર, પાંચ ઈન્દ્રિયો ધારણ કરી શકે છે. તેઓ વાતાવરણમાંથી ઉત્પન્ન થાય છે. તેથી તે સંમૂર્ચ્છિમ કહેવાય છે. તે વિકલેન્દ્રિય તરીકે ઓળખાય છે. બેઈન્દ્રિય– કાયા, મુખવાળા; તેઈન્દ્રિય– કાયા, મુખ અને નાકવાળા; ચૌરેન્દ્રિય– કાયા, મુખ, નાસિકા અને આંખવાળા, આ ચૌરેન્દ્રિય જીવોને પાંખ પણ મળે છે. તેના ઘણા નામ છે. તેના પર્યાપ્ત-અપર્યાપ્ત મળી ૬ ભેદ થાય છે. તું તેનું અધ્યયન કરજે તેથી પાઠ કંઠસ્થ થઈ જાય. પછી આવે પંચેન્દ્રિય, તેના બે ભેદ થાય છે– સંજ્ઞી અને અસંજ્ઞી. માત્ર કાયા, મુખ, નાસિકા, આંખ અને કાન મળે તે અસંજ્ઞી. તે ઉપરાંત મન જેને મળે તેને સંજ્ઞી પંચેન્દ્રિય કહેવાય છે. તેઓ ગર્ભજ તિર્યંચ અને ગર્ભજ મનુષ્ય તરીકે ઉત્પન્ન થાય છે તથા મનવાળા નારકી અને દેવ. દેવો દેવશય્યામાં અને નારકી કુંભીમાં ઉપપાત જન્મથી જન્મ ધારણ કરે છે. આ રીતે ત્રસકાયના ભેદ પડે છે. ત્રણ વિકલેન્દ્રિયના અપર્યાપ્તા અને પર્યાપ્તા એમ છ ભેદ થયા. અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયના જળચર, સ્થળચર, ઉરપર, ભુજપર, ખેચર, એમ પાંચ ભેદ છે અને સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચના પણ પાંચ ભેદ છે. તે દરેકના પર્યાપ્તા અને અપર્યાપ્તા એમ ૨૦ ભેદ થાય છે.

આ રીતે એકેન્દ્રિયના બાવીસ ભેદથી લઈને પંચેન્દ્રિય સુધીના તિર્યંચના ભેદની ગણતરી અડતાલીસની થાય છે. તેઓને ઉત્પન્ન થવાના જાતિ-કુળો-જોની(યોનિ) ઘણી જ હોય છે. તેનો વિસ્તાર રાજહંસે જાણ્યો.

પંચેન્દ્રિયના ચાર ભેદમાંથી તિર્યંચ પંચેન્દ્રિયના ભેદ જોઈ લીધા, હવે આવે છે– નારકી, મનુષ્ય અને દેવ..

મારો રાજહંસ નારકીના ભેદ તરફ ઝૂકીને જોવા લાગ્યો ત્યાં તેને ખ્યાલ આવ્યો કે આ બિચારા આત્માઓ જોરદાર પાપની ક્રિયા, આરંભ-સમારંભ કરી, માંસ ખાઈ, દારૂ પીને, પરસ્ત્રી ગમનાદિ પાપ કરી, અશુભકર્મ પુદ્ગલ પરમાણુઓના જથ્થાઓની વર્ગણાઓને ગ્રહણ કરી, અશાતા વેદનીયકર્મ ભોગવનારા, લાંબા સમય સુધી નપુંસક વેદ ગ્રહણ કરીને, દુઃખી થઈને જીવી રહ્યા છે. રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમઃપ્રભા, તમઃતમાપ્રભા, આ ૭ નરકના પર્યાપ્તા અને અપર્યાપ્તા એમ ૧૪ ભેદે નરકના નારકી બનીને જીવી રહ્યા છે. અરે ! ભગવાન ! આવા દુર્ગતિના દુઃખો મારાથી સહન થશે નહીં માટે તેમણે મનોમન દૃઢ નિશ્ચય કર્યો કે હવે પછી દુર્ગુણોને વશ થવું નથી અને દુર્ગતિમાં હવે જવું નથી.

આગળ વધતા મુક્તાફળના રસાયણના એક-એક કણને નિરીક્ષણપૂર્વક જોતાં મનુષ્યનાં ૩૦૩ ભેદ દૃષ્ટિગોચર થયા, કોઈ સુખી કે કોઈ દુઃખી છે. તેમણે ૧૦૧ ભેદ

સંમૂર્ચ્છિમ મનુષ્યના એક સાથે અસંખ્યાત જીવો નાનકડા શરીરવાળા જાણ્યા અને હૃદય દ્રવી ઊઠ્યું.. અરે ! આ બધાય જીવો મારા જેવા માનવના મળમાં, પેશાબમાં, કફમાં, વમનાદિ ચૌદ પ્રકારની અશુચિમાં ઉત્પન્ન થાય છે. કર્મની કેવી વિચિત્રતા કે મારા જેવો આકાર હોવા છતાં અપર્યાપ્તાપણે અંતર્મુહૂર્તમાં આયુષ્ય પૂર્ણ કરી ચાલ્યા જવાનું રહે છે. તે જીવોનો મનુષ્યનો ભવ પરતંત્રતાવાળો છે કારણ કે તે જીવો પર્યાપ્તપણું ક્યારેય પામતા નથી. બિચારા કચડાતા, પીસાતા મૃત્યુ પામે છે.

મારા જેવા ગર્ભજ મનુષ્યો ત્રણ પ્રકારના હોય છે. તે ૧૫ કર્મભૂમિજ, ૩૦ અકર્મભૂમિજ અને ૫૬ અંતરદ્વીપજ મનુષ્ય, આ ૧૦૧ ક્ષેત્રના ગર્ભજ મનુષ્યના પર્યાપ્તા અને અપર્યાપ્તા, એ બે ભેદ અને ઉપરોક્ત ૧૦૧ ક્ષેત્રના સંમૂર્ચ્છિમ મનુષ્ય, સર્વે મળીને ૩૦૩ ભેદ થાય છે. અઢીદ્વીપમાં જ મનુષ્યો ઉત્પન્ન થાય છે. અકર્મભૂમિના મનુષ્યો મોક્ષ પામવા યોગ્ય નથી. કર્મભૂમિના મનુષ્યો જ મોક્ષ પામવા યોગ્ય છે. તેમાં ય પણ કર્મભૂમિના મનુષ્યોના અનેક પ્રકાર છે. તે બે ભેદે વહેંચાયેલા છે, આર્ય અને અનાર્ય. અનાર્ય તે મ્લેચ્છો, તેના અનેક પ્રકાર છે; શક, યવનથી લઈને ચિલાત વગેરે. તેઓના હૃદયમાં દયાનું નામ જ હોતું નથી. તેથી તેઓ ધર્મ પામી શકતા નથી. હું કેવો ભાગ્યશાળી કે આર્ય મનુષ્ય બની સર્વ વિરતિના માર્ગમાં વિચરું છું અને મારા કરતાંય ઘણા ઋદ્ધિપ્રાપ્ત મહાન આર્ય પુરુષો છે, જેમ કે– અરિહંત, ચક્રવર્તી, વાસુદેવ, બળદેવ, ચારણ મુનિઓ, વિદ્યાધરો વગેરે.

અનઋદ્ધિ પ્રાપ્ત આર્યો નવ પ્રકારે વર્ણવ્યા છે, તે નીચે પ્રમાણે છે–

(૧) ક્ષેત્રાર્ય– ૨૫½ દેશ આર્ય છે, તેમાં જન્મ લેનારા મનુષ્યો ક્ષેત્રાર્ય છે (૨) જાતિ આર્ય– બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય જાતિઓવાળા જાતિ આર્ય છે (૩) કુલાર્ય– ઉગ્રકુલ ભોગ, ઈક્ષ્વાકુ, જ્ઞાતિકુલ આદિ કુલ આર્ય છે (૪) કર્માર્ય– સુથાર, કુંભાર આદિ કર્મ આર્ય છે (૫) શિલ્પ આર્ય– દરજી, શિલ્પી આદિ શિલ્પ આર્ય છે (૬) ભાષાર્ય– હિન્દી, સંસ્કૃત, પ્રાકૃત, અર્ધમાગધી આદિ ભાષા અને જેની બ્રાહ્મી લિપિ હોય તે ભાષાર્ય (૭-૮-૯) વીતરાગ માર્ગમાં જ્ઞાન અને શ્રદ્ધાયુક્ત પ્રવૃત્તિ કરનારા ક્રમશઃ જ્ઞાન, દર્શન અને ચારિત્ર આર્ય છે અર્થાત્ પાંચ જ્ઞાનમાંથી કોઈપણ જ્ઞાનવાળા જ્ઞાનાર્ય અને સમ્યગ્દર્શનવાળા દર્શનાર્ય છે. શ્રાવક-સાધુ એ ચારિત્રાર્ય છે અથવા પાંચે સંયત ચારિત્રાર્ય છે. તે યથાખ્યાત ચારિત્ર પ્રાપ્ત કરી મોક્ષ પ્રાપ્ત કરે છે.

આ મર્મને વાગોળી રહેલા રાજહંસ પ્રત્યે ચેતના દેવી બોલ્યા, હે રાજહંસ ! આ રીતે પંચેન્દ્રિય મનુષ્યોનું રસાયણ પૂરું થયું.

હવે સાંભળ દિવ્યતાનું રસાયણ ! આ દિવ્યતાના રસાયણના ચાર પ્રકાર છે.

(૧) ભવનપતિમાં અસુરકુમાર આદિ (૨) વાણવ્યંતરમાં કિન્નર, કિંપુરુષ આદિ (૩) જ્યોતિષીમાં ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર આદિ (૪) વૈમાનિક બે પ્રકારના કહ્યા છે– ૧. કલ્પોપન્નક ૨. કલ્પાતીત બાર દેવલોક, નવ લોકાંતિક, ત્રણ કિલ્વિષી તે કલ્પોપન્નક છે. નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તર તે કલ્પાતીત છે. ૯૯ પ્રકારના દેવોના અપર્યાપ્તા+ પર્યાપ્તા = કુલ ૧૯૮ ભેદનું દિવ્યતાનું રસાયણ છે. આ બધાય આત્માઓ વ્રત, નિયમ, તપ, જપ કરીને દેવલોકમાં ઉત્પન્ન થાય છે અને ક્યારેક જીવ શુભ પરિણામ માત્રથી દિવ્યતાને પામે છે. ૧૪ ભેદ નારકીના+૪૮ ભેદ તિર્યંચના+૩૦૩ ભેદ મનુષ્યના+૧૯૮ ભેદ દેવના = કુલ ૫૬૩ ભેદ જીવ પ્રજ્ઞાપનાના થાય છે.

આ રીતે વૈક્રિય શરીરધારી દેવો વૈક્રિયવર્ગણા ગ્રહણ કરી, દિવ્યતાનું રસાયણ ભરી કાર્મણ-તૈજસ શરીરમાં રહે છે અને માનવો માનવતાના રસાયણરૂપ વ્રત, નિયમ, તપ, જપ કરી, ઔદારિક વર્ગણાના પુદ્ગલ ગ્રહણ કરીને કાર્મણ-તૈજસ શરીરમાં રહે છે અને તિર્યંચના જીવો, તે પણ નાનકડા ઔદારિક શરીરથી માંડીને મોટા ઔદારિક શરીર તથા તૈજસ-કાર્મણ શરીરમાં રહે છે અને નારકીના જીવો વૈક્રિય વર્ગણના અશુભ પુદ્ગલ ગ્રહણ કરી, વૈક્રિય શરીરધારી બની, તૈજસ-કાર્મણમાં રહે છે. આ રીતે ૫૬૩ ભેદ જીવ પ્રજ્ઞાપનાના જાણી મારો આત્મહંસ આનંદ મંગલ કરવા લાગ્યો. વિકલ્પરૂપ બગલાની યાદી તેને હવે સતાવતી નથી. તે બાહ્યાચાર છોડી અંતઃકરણ તરફ ઢળવા લાગ્યો અને સ્યાદ્વાદના ઊંડાણમાં સ્નાન કરતો આનંદ પામવા લાગ્યો. આ રીતે પ્રથમ મુક્તા- ફળની અજાયબી પૂર્ણ થઈ.

બીજા દિવસનો સૂર્યોદય થતાં પાછો મુક્તાફળનો ચારો ચરવા મહાવ્રતની મઢૂલીમાં પહોંચી ગયો.

એમણે અજાયબીનું બીજું મુક્તાફળ ચાંચમાં ઉપાડી લીધું. ત્યાં તેને કોઈ રોકટોક કરનાર નહતું, જાણે કે માલિકીનું ઘર હોય તેમ માનીને સ્વતંત્રપણે તે મુક્તાફળને ખોલતો હતો. તેમાં લખ્યું હતું કે સ્થાનપદ. તેના અક્ષર તરફ તે ઝૂક્યો અને અક્ષરે અક્ષરનો ઉકેલ કરવા લાગ્યો.

**સ્** સ્થળ. તારું ચેતન છે, તું સ્વતંત્ર છો, સ્વભાવમાં સ્થિત થઈ જા.

**થા** થાળ. અસંખ્યાતપ્રદેશનો તું છે, તે થાળ અનંતગુણથી ભર્યો છે. તેનો ભોક્તા તું છે, તારું સ્થાન મોક્ષ છે, તેને મેળવી લે.

**ન** નમ્ર બની જા, કામ કરી જા, બધા ય સ્થાનોને જોઈને તારા શાશ્વત વસવાટને પ્રાપ્ત કર.

હવે સંપૂર્ણ શબ્દનો અર્થ કરવા ઝૂક્યો. પ્રથમ પદમાં કહેલા ૫૬૩ પ્રકારના જીવો ક્યાં-ક્યાં રહે છે તે વાતને જાણવા ઉત્સુક બન્યો. ચેતનાએ તેની ઉત્સુકતા જોઈ જવાબ આપ્યો. સંસારી શરીરધારી જીવોને રહેવાના નિવાસસ્થાન બે જાતના હોય છે– એક વસવાટ કરવારૂપ અને બીજું ગમનાગમન રૂપ.

નિશ્ચયનયથી તો આત્મા પોતે પોતાનામાં જ રહે છે પરંતુ અનાદિકાળથી સંસારી કર્મધારી સઘળાએ જીવોનું અલાયદું સ્વતંત્ર નિવાસ સ્થાન હોય છે– તૈજસ અને કાર્મણ શરીર. તે બંને શરીર જીવને સાચવે છે પરંતુ આ બંને શરીર અવયવ રહિત, અપંગ હોવાથી તુરંત જ વસવાટ કરવા યોગ્ય સ્થળે પહોંચી સાવયવી બનવા, ઔદારિક અથવા વૈક્રિય શરીરની વર્ગણાનો નવો માલ ગ્રહણ કરી, ઔદારિક શરીરધારી અથવા વૈક્રિય શરીરધારી બને છે, તે જગ્યાને નિવાસ સ્થાન કહે છે. આ સ્થાનને પ્રાપ્ત કરવા જીવ તૈજસ-કાર્મણ શરીર લઈને ગમનાગમન કરે છે, તે માર્ગના બે રૂપ છે– (૧) જન્મ સમયનો માર્ગ અને (૨) મૃત્યુ સમયનો માર્ગ. તે બંને ક્ષણિક અને અસ્થાયી હોય છે. તેના નામ-ઉપપાત ક્ષેત્ર અને સમુદ્‌ઘાત ક્ષેત્ર છે. હે રાજહંસ ! તને સમજમાં આવી ગયું હશે કે ઉત્પન્ન થયા પછી મૃત્યુ પર્યંત જીવ જ્યાં રહે છે, તે તેનું સ્વસ્થાન કહેવાય છે.

આ રીતે ત્રણ પ્રકારે અસ્થાયી સ્થાનનું વર્ણન સામૂહિકરૂપે કરવામાં આવ્યું છે. સૂક્ષ્મ પાંચે ય એકેન્દ્રિય જીવોનું નિવાસસ્થાન અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ, અસંખ્યાત આકાશપ્રદેશનું છે. છતાંએ તે જીવો અસંખ્યાત અને અનંતાનંત હોવાથી સમસ્ત લોકમાં અંગુલના અસંખ્યાતમાં ભાગના ઝૂંપડા બાંધી પથરાઈને ઠસોઠસ સમાયા છે. આવી ભીડભાડવાળા નાનકડા નિવાસસ્થાનમાં તેઓ રહ્યા છે. તેથી તેનું નિવાસ સ્થાન આખો લોક કહેવાયો છે.

બાદર એકેન્દ્રિય જીવોનું નિવાસ સ્થાન લોકનો અસંખ્યાતમો ભાગ છે.

**બાદર પૃથ્વીકાય :–** નરકના પૃથ્વીપિંડ, સિદ્ધશિલા, દેવોના ભવન, નગર, છત, ભૂમિ, ભીંત, વિમાન, તિરછાલોકની ભૂમિ, નગર, મકાન, દ્વીપ, સમુદ્રનું તળિયું, પર્વત, કૂટ, વેદિકા, જગતી, બધી જાતની ખાણ, તમામે તમામ શાશ્વત ક્ષેત્રો, અશાશ્વત પૃથ્વીમય સ્થળોમાં પૃથ્વીકાયના જીવોના સ્વસ્થાન છે.

**બાદર અપ્કાય :–** ઘનોદધિ, ઘનોદધિવલય, પાતાળ કળશ, સમુદ્ર, નદી, દ્રહ, કુંડ, ઝરણા, સરોવર, તળાવ, નાળા, વાવડી, પુષ્કરણી, કૂવા, હોજ, ખાડા, ખાઈ વગેરે શાશ્વત-અશાશ્વત પાણીના જેટલા સ્થાન છે, તે બધા જ અપ્કાય જીવોના નિવાસ સ્થાન છે.

**બાદર તેજસ્કાય :–** અઢીદ્વીપમાં પંદર કર્મભૂમિના ક્ષેત્રમાં બાદર અગ્નિનું સ્વસ્થાન છે. છઠ્ઠા આરામાં અને પહેલા, બીજા આરા આદિ યુગલિકકાળમાં અગ્નિનું સ્થાન રહેતું નથી. લવણસમુદ્રમાં વડવાનલ ઉત્પન્ન થતો હોવાથી ત્યાં અગ્નિનું સ્વસ્થાન છે.

**બાદર વાયુકાય :–** ઘનવાત, તનુવાત, ઘનવાતવલય, તનુવાતવલય અને પાતાળ કળશ, ભવન, નરકાવાસ, વિમાન, લોકના સમસ્ત આકાશીય પોલાણવાળા નાના-મોટા સ્થાનોમાં વાયુકાયનું નિવાસ સ્થાન હોય છે.

**બાદર વનસ્પતિકાય :–** ત્રણે લોકના સર્વ જળમય સ્થાનોમાં અને તિરછાલોકના જળ મય- સ્થળમય સર્વ સ્થાનોમાં બાદર વનસ્પતિકાયના નિવાસસ્થાન(સ્વસ્થાન) હોય છે.

**બેઈન્દ્રિયાદિ :–** ઊર્ધ્વલોકમાં રહેલા તિરછાલોકના પર્વતો પર, નીચા લોકમાં રહેલા સમુદ્રીય જળમાં અને તિરછાલોકના સર્વ જલીય, સ્થલીય સ્થાનોમાં બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય, પંચેન્દ્રિય તિર્યંચ જીવોના નિવાસસ્થાન(સ્વસ્થાન) છે.

**પંચેન્દ્રિય નારકી :–** સાતે ય નરકોમાં ત્રણ-ત્રણ હજાર યોજનના જેટલા પાથડા છે તેમાં એક હજાર યોજન ઉપર નીચે છોડીને વચમાં એક હજાર યોજનના પોલાણવાળા ક્ષેત્રમાં નારકીઓના ૮૪ લાખ નરકાવાસારૂપ, નિવાસ સ્થાન છે.

**પંચેન્દ્રિય મનુષ્ય :–** પાંચ ભરત, પાંચ ઐરવત, પાંચ મહાવિદેહ આદિ પંદર કર્મભૂમિ; હેમવય-હિરણ્યવયાદિ ત્રીસ અકર્મભૂમિ અને છપ્પન અંતરદ્વીપ, એમ એકસો એક ક્ષેત્ર અઢીદ્વીપમાં શાશ્વતા રહેલા છે, તે સંમૂર્ચ્છિમ મનુષ્યોનાં તથા ગર્ભજ મનુષ્યોનાં નિવાસ સ્થાન છે.

**પંચેન્દ્રિય દેવોના ચાર પ્રકાર :– (૧) ભવનપતિ દેવ–** પ્રથમ નરકમાં ત્રીજા આંતરાથી લઈને બારમા આંતરા સુધી દસે ય આંતરામાં ભવનાવાસ છે. ત્રીજા આંતરામાં અસુરકુમાર, ચોથામાં નાગકુમાર, પાંચમામાં સુવર્ણકુમારાદિથી ક્રમશઃ બારમા આંતરામાં સ્તનિતકુમાર જાતિના ભવનપતિદેવોના નિવાસસ્થાન છે. **(૨) વાણવ્યંતર દેવ–** પ્રથમ નરક પૃથ્વીની ઉપરની છત એક હજાર યોજનની છે તેમાંથી સો યોજન ઉપર અને સો યોજન નીચે છોડીને, આઠસો યોજનની પોલાણ છે, તે ભોમેય ક્ષેત્ર છે, તેમાં નગરાવાસ છે ત્યાં તે દેવોના નિવાસ સ્થાન છે. તેમાં સોળ જાતિના વ્યંતરદેવોના સ્વસ્થાન છે. જૃંભક દેવોના સ્વસ્થાન તિરછાલોકમાં વૈતાઢ્ય પર્વતાદિ પર છે. **(૩) જ્યોતિષી–** તિરછાલોકની સમભૂમિથી ઉપર ૭૯૦ યોજનથી શરૂ કરીને ૯૦૦ યોજન સુધીનું ક્ષેત્ર અને અસંખ્ય દ્વીપ સમુદ્ર પર્યંત વિસ્તૃત ક્ષેત્ર, જ્યોતિષી દેવોનું સ્વસ્થાન છે.

અઢીદ્વીપમાં ચર જ્યોતિષીઓનું અને અઢીદ્વીપ બહાર અચર(સ્થિર) જ્યોતિષીઓનું નિવાસસ્થાન છે. **(૪) વૈમાનિક–** બાર દેવલોક, નવ લોકાંતિક, ત્રણ કિલ્વિષી, નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તર વિમાન, આ ઊર્ધ્વલોકના ક્ષેત્રો વૈમાનિક દેવોના સ્વસ્થાન છે.

પુણ્યયોગે આ બધા દેવોના રહેવાના નિવાસ સ્થાનમાં દેવોના આભૂષણો હોય છે. તેઓ વક્ષઃસ્થળ પર હાર, હાથમાં કડા, બાજુબંધ, અંગદ, કુંડળ, વિવિધ હસ્તાભરણ પુષ્પમાળા, મસ્તક પર મુગુટ, ઉત્તમ વસ્ત્ર, શ્રેષ્ઠ અનુલેપ, લાંબી વનમાળાદિથી સુસજ્જિત થઈને સ્વયં દિવ્ય તેજથી શોભતા દશે દિશાઓને પ્રકાશમાન કરે છે. આ થઈ સંસારી જીવોના રહેવાના સ્થાનની વાર્તા.

**સિદ્ધ :–** ઊર્ધ્વ દિશાના લોકાંતમાં સિદ્ધશિલા ઉપર એક યોજનના છેલ્લા એક ગાઉના છટ્ઠા ભાગની ઊંચાઈના ક્ષેત્રમાં અઢીદ્વીપ પ્રમાણ વિસ્તારવાળા ક્ષેત્રમાં સિદ્ધોના સ્વસ્થાન છે. સિદ્ધોની અફુસમાન ગતિ હોવાથી તેમનું ઉપપાત ક્ષેત્ર નથી અને શરીર નહીં હોવાથી કોઈ સમુદ્ઘાત નથી. સંસારી સર્વ જીવોને ત્રણે પ્રકારના નિવાસસ્થાન હોય છે.

આ રીતે વિવિધ પ્રકારના નિવાસ સ્થાન દર્શાવ્યા, તેમાંથી બોલો, મારા પ્યારા રાજહંસ ! તમને કયું સ્થાન ગમી ગયું ? મારો રાજહંસ નાચી ઉઠીને બોલ્યો– બહેન ચેતના ! આપણને તો અફુસમાન ગતિવાળું જ સ્થાન ગમેને ? પણ આપણો પુરુષાર્થ એટલો ક્યાં છે ? કે જે પામી શકીએ. પરંતુ આતમ ભાવના રોજ ભાવ્યા કરીશ. આ રીતે બીજા મુક્તાફળના રસાયણને જાણી લીધું.

તેમણે ત્રીજું મુક્તાફળ લાવીને ખોલવાની ઉત્સુકતા દર્શાવી, તે ગયો મઢૂલીમાં, લાવ્યો ત્રીજું મુક્તાફળ, તેના ભાવ નિહાળવા રાજહંસે અજાયબીના રસાયણના રસનું એક બિન્દુ પણ નીચે ન ઢોળાય જાય, તેમ હળવેકથી ખોલ્યું અને જોયું તો તે પદનું નામ હતું– **બહુ વક્તવ્યતા.** તેના અક્ષરનું જ્ઞાન કરવા તેમણે એક-એક અક્ષરનો અર્થ નીચે પ્રમાણે વિચાર્યો.

**બ** = બળ, પરાક્રમ, વીર્ય ફોરવતો જા.

**હુ** = હૂબહૂ તું શુદ્ધ, બુદ્ધ, આત્મા જ છો.

**વ** = વર્ણ, ગંધ, રસ આદિમાં રાચતો નહીં.

**ક્** = ક્યારેક ઉદ્ધાર તારો થઈ જશે.

**ત** = તરવું કે ડૂબવું તે તારા હાથમાં છે.

**વ્** = વ્યથા છોડ જગતની, ધર્મકથામાં મન જોડ.

**ય** = યમ નિયમ જ ઉપરના ગુણસ્થાન સર કરાવે છે.

**તા** = તારક તીર્થંકર મળ્યા છે, તેની આજ્ઞાનો વિચારપૂર્વક સ્વીકાર કર.

આ અર્થ ઉકેલીને તેણે ચેતના સામું જોયું. ચેતનાએ કહ્યું શાબાશ, અક્ષરાર્થ બરાબર કર્યો. આખા શબ્દનો અર્થ હવે હું તને કહું છું, તે તું સાંભળ. બહુ = ઘણું, વક્તવ્યતા = પ્રગટ કરવું, ઘણી સંખ્યાનું પ્રગટ કરવું, ઘણી સંખ્યાને પ્રગટ કરીએ ત્યારે અલ્પ સંખ્યાનું પ્રગટ થઈ જવું, તે સહજ બને છે. તેથી તેનું બીજું નામ છે અલ્પબહુત્વ. આપણે જીવોનાં જે ભેદ-પ્રભેદ જોયા, તે જીવો ક્યાં કોનાથી વધુ છે અથવા અલ્પ છે તેનું ખાસ ગણિત આ ત્રીજા પદમાં છે.

બહુધા લોકોની મિથ્યા માન્યતા હોય છે કે આ જગત એક જ તત્ત્વનું પરિણામ છે અથવા જીવ અનેક છે અને અજીવ એક છે. તે બધી માન્યતાનું નિરસન કરી, ભ્રમ ભાંગી ભગવાને યથાર્થ સ્વરૂપ દર્શાવ્યું છે.

પ્રથમ કઈ દિશામાં જીવો અલ્પ છે અને કઈ દિશામાં વધારે છે, વધારે હોવાનું કારણ શું ? તે વ્યવસ્થિત પદ્ધતિથી સમજાવી તેના ભેદ-પ્રભેદની ન્યૂનાધિકતા દર્શાવીને ચિત્ત ચમત્કૃત કર્યા છે. ઊંડાણપૂર્વકનું તત્ત્વ પીરસી દીધું છે. ગતિ, ઈન્દ્રિય, કાય, યોગ આદિથી જીવોના જેટલા પ્રકાર છે, તેની સંખ્યા જેટલા પ્રમાણમાં થાય છે, તે ભાવ દિશાને અવલંબી પ્રારંભ કર્યો છે. ત્યારબાદ ત્રણે ય લોકને અવલંબી લોકની દષ્ટિથી સમગ્ર જીવોના ભેદોનો સંખ્યાગત વિચાર કરતાં કરતાં સ્વના પર્યાપ્તા-અપર્યાપ્તા કોણ કોનાથી અલ્પાધિક છે, તેનું નિરૂપણ કર્યું છે. આ રીતે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી ન્યૂનાધિકતા દર્શાવતા છેવટે અઠ્ઠાણું બોલ મહાદંડકના રૂપમાં લઈ જઈને બહુવ્યક્તવ્યતા પૂર્ણ કરી છે.

હે રાજહંસ વીરા ! તેમાં અલ્પમાં અલ્પ આપણા ગર્ભજ મનુષ્યને દર્શાવ્યા છે અને વધારેમાં વધારે સર્વ સંસારી જીવો દર્શાવ્યા છે. કેટલુ પુણ્ય કર્યું હોય ત્યારે આવો ભવ મળે છે. એક જીવનું જ દર્શન કરાવી આચાર્ય દેવેશ સ્થિર થયા નથી પરંતુ અજીવની વ્યાખ્યામાં પણ ધર્માસ્તિકાય આદિ દ્રવ્યોની પરસ્પર તારતમ્યતા દર્શાવી છે. તે તારતમ્યતા દ્રવ્ય દષ્ટિથી અને પ્રદેશ દષ્ટિથી દર્શાવી છે અને પુદ્ગલોની સંખ્યાનું અલ્પબહુત્વ જીવોની જેમ જ દર્શાવ્યું છે. તે સિવાય દ્રવ્ય, પ્રદેશ અને દ્રવ્યપ્રદેશની દષ્ટિઓથી પરમાણુઓની સંખ્યાનો વિચાર કર્યો છે. ત્યારબાદ પુદ્ગલોની અવગાહના, કાળ, સ્થિતિ અને તેના પર્યાયોની અપેક્ષાએ પણ સંખ્યાનું નિરૂપણ કર્યું છે. રાજહંસે આ વાત સાંભળી વધારે સાવધાન બનીને કહ્યું– વાહ બહેન ! વાહ, આ વાત એકાંતમાં

બેસી તેના શબ્દે શબ્દ વિચારવા પડે તેમ છે. અલ્પબહુત્વ કંઠસ્થ કરીને મારા આસક્તિના આવરણ ભેદવા હું જરૂર પ્રયત્ન કરીશ. આ મુક્તાફળ એમજ રાખું છું.

નવું ચોથું મુક્તાફળ લાવીને તેના પરમાર્થનું પાણી માપું છું, તેમ કહીને ઝટપટ દોડી ગયો, મહાવ્રતની મઢૂલીમાં અને ચોથું મુક્તાફળ લઈ આવ્યો. તેણે ચેતનાની સાક્ષીએ ખોલ્યું. ચોથું મુક્તાફળ ખોલતાં પદનું નામ પ્રગટ થયું– **સ્થિતિ.**

**સ્** = સ્વસ્થ થા, તે તારું સ્વાસ્થ્ય છે.

**થિ** = થિજાવી ન દે જીવન તારું, ક્ષણિક પૌદ્ગલિક સુખના થિયેટરમાં.

**તિ** = તિમિર ટાળ અને અનંત જ્ઞાનનો પ્રકાશ પામ.

પૂર્ણ શબ્દનો અર્થ થયો આયુષ્ય કર્મની સ્થિતિનું માપ. જે જીવ જ્યાં ગયો ત્યાં આયુષ્યની સ્થિતિ પ્રમાણે સ્વસ્થાનમાં રહેવાનું અને પછી ત્યાંથી વિદાય લઈને રવાના થવાનું. આ રીતે સ્થિતિનો અર્થ જાણ્યા પછી ચિંતન કરવા લાગ્યો.

જીવ દ્રવ્ય નિત્ય છે પરંતુ તેના પર્યાય પરિવર્તનશીલ હોવાથી તથા પુદ્ગલ સંગાથે સંગી-રંગી હોવાથી વિવિધ સ્થાને જન્મ ધારણ કરે છે. અર્થપર્યાય ગુણોના તથા વ્યંજનપર્યાય દ્રવ્યના. ગુણોના અર્થ પર્યાય પ્રમાણે વ્યંજનપર્યાય પ્રગટ થતા હોય છે. તેથી જીવ અને પુદ્ગલદ્રવ્યના વ્યંજનપર્યાય નારકાદિ ગતિમાં જવા માટે આયુષ્ય કર્મ સાથે જોડાયેલ છે. તે આયુષ્ય કર્મના દલિકો જે ગતિના જેટલા પ્રમાણે બંધાયેલા હોય તેટલા પ્રમાણે તે સ્થાનમાં રહેવાના કાળને સ્થિતિ કહેવાય છે. નાનામાં નાનો સ્થિતિકાળ ૨૫૬ આવલિકાથી લઈને, મોટામાં મોટો સ્થિતિકાળ તેત્રીસ સાગરોપમ સુધીનો બંધાય છે. જીવના ૫૬૩ ભેદમાં કોણ કેટલી સ્થિતિ બાંધે ? તે આ પદમાં દર્શાવ્યું છે. પહેલાં જીવના ભેદ, પછી તેના સ્થાન, પછી સંખ્યા અને પછી આ પદમાં સ્થિતિ દર્શાવી. જીવના પરિભ્રમણનું ગણિત વિચારાયું છે. સૂક્ષ્મ નિગોદના જીવોનો રહેવાનો અલ્પ-કાળ, બાદરનો તેનાથી મોટો, પછી ઇન્દ્રિયની અધિકતા આયુકર્મની અધિકતા હોવાથી સ્થિતિ લાંબી ચાલે, પછી નારકી હોય તો તે પ્રમાણે, તિર્યંચ હોય તો તે પ્રમાણે, મનુષ્ય હોય તો તે પ્રમાણે અને દેવ હોય તો જઘન્ય દસ હજાર વર્ષથી લઈને તેત્રીસ સાગરોપમ સુધીનો સમય નક્કી થાય છે. આખર તે સ્થાન તો છોડવાનું જ છે. જીવોનો જે ક્રમ પ્રથમપદમાં દર્શાવ્યો તે ક્રમ પ્રમાણે સ્થિતિ દર્શાવી છે સ્થિતિ પદ મારે કંઠસ્થ કરવું જરૂરી છે. કેટલી ગંભીર અને અજાયબી ભરેલી વાત દર્શાવી છે. કેવડી મોટી સ્થિતિ-વાળો જીવ પણ નાના કાળની સ્થિતિમાં જોડાય છે. મારાપણાના ભાવ સ્વસ્થાનમાં

રાખ્યા હોય, તે છોડવાની ઈચ્છા ન હોય તો પણ તે સ્થાન છોડી દેવાનું. અરેરે ! આ ભવભ્રમણનો અંત તો મુક્ત થયા વિના આવે જ નહીં. હા હા, આચાર્ય દેવો તેમજ જ્ઞાની પરમાત્માએ આશ્વાસન તો આપ્યું જ છે કે આયુષ્ય કર્મનો ક્ષય કરી દ્યો તો સિદ્ધ **सादि-अपज्जवसिया** ના ભાંગે સ્થિત થવાય છે. સાદિ અનંતભાવે સિદ્ધ થયા પછી ક્યારેય ભવભ્રમણ કરવું પડતું નથી. આ વાક્યથી મુક્તાફળના રસાયણમાં રાજહંસને ખૂબ સ્વાદ આવ્યો અને સ્વાદ લીધા પછી પેલા કરુણાના કમલ નાલિકાનું દૂધ પીધું અને આચમન કર્યું.

આ રીતે ચોથા મુક્તાફળને તેની ચારિત્ર પાંખમાં ગોઠવી દીધું અને તે પાંચમું મુક્તાફળ લઈને ખોલવા તત્પર થયો. રાજહંસની ધગશ જાગી ઊઠી. તે મઢૂલીનું પાંચમું મુક્તાફળ ચાંચમાં ઉપાડી લાવ્યો. ચંચૂપાત કરી તેને ખોલી નાંખ્યું. તેમાંથી પદનું નામ પ્રગટ થયું– **વિશેષ પદ.** તેનું અક્ષરશઃ મનન આ પ્રમાણે કર્યું.

**વિ** = વિરતિ ગ્રહણ કર્યા પછી તે મારગમાં અપ્રમત્તપણે વિચરવું

**શે** = શેઠ થવું હોય, વેઠ ઉતારવી ન હોય, તો શેષ ગુણોને પ્રગટ કર.

**ષ** = ષટ્ રિપુ તારા દુશ્મન છે– ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ; તેનાથી વેગળો રહે.

આ અક્ષરશઃ અર્થ જાણીને ભાવ નીતાર્યો અને શબ્દનો અર્થ જાણ્યો કે સર્વ પદાર્થોમાં બે સ્વાભાવિક ગુણ છે. સામાન્ય અને વિશેષ. વિશેષ પદ બોલતા સામાન્ય આવી જાય છે. સામાન્ય હંમેશાં દ્રવ્ય હોય છે, વિશેષ પર્યાય હોય છે. સામાન્ય–વિશેષ બંને તાદાત્મ્ય સંબંધથી જોડાયેલા રહે છે. ચોથા પદમાં વ્યંજનપર્યાયની સ્થિતિ વિષે વાત કરી હવે આ પદમાં અર્થપર્યાય જીવ-અજીવની કેમ પ્રગટ થાય છે ? તેનો વિચાર રાજહંસ ખૂબ જ પ્રજ્ઞાપ્રવીણ બનીને કરવા લાગ્યો. દ્રવ્યના અનંતાગુણોમાંથી ઊઠતા પર્યાયોને અર્થ પર્યાય કહેવાય છે. જીવ દ્રવ્યના જ્ઞાનાદિ ગુણોમાંથી ઊઠતા અર્થ પર્યાયોના અને અજીવ પુદ્ગલોમાંથી ઊઠતા વર્ણાદિ ગુણોની અર્થપર્યાયોમાં એકસ્થાનીય, બેસ્થાનીય, ત્રણ, ચાર, છ સ્થાનીય તરતમતા હોય છે, પરંતુ પાંચસ્થાનીય તરતમતા હોતી નથી, તે તેનો સ્વભાવ છે. આવા અધ્યવસાયના ભાવોનું માપ કાઢતાં આચાર્ય દેવેશે જીવોના ૫૬૩ ભેદને ૨૪ દંડકમાં અને સિદ્ધમાં કેવી રીતે ઘટક ઘડાય છે ? તે ઘટત્વને દ્રવ્યાર્થતારૂપે, પ્રદેશાર્થતારૂપે, અવગાહનાર્થતારૂપે, સ્થિતિરૂપે, કૃષ્ણાદિ વર્ણ, ગંધ, રસ, સ્પર્શરૂપે, જ્ઞાન, દર્શનરૂપે, આ વિવિધ દૃષ્ટિથી દર્શાવ્યા છે. તેનો ક્રમ આ પ્રમાણે છે– નારક જીવોના પર્યાય અનંત છે. છતાં એ તેમાં ઘટત્વ સંખ્યાત, અસંખ્યાત,

અનંતના ભેદ કરી ભિન્ન ભિન્ન દષ્ટિકોણથી પ્રરૂપ્યા છે. જેમ કે દ્રવ્ય દષ્ટિથી નારક અસંખ્યાત છે. પ્રદેશ દષ્ટિથી પ્રત્યેક નારકીના અસંખ્યાત પ્રદેશ હોવાથી અસંખ્યાત છે અને વર્ણાદિ ગુણોથી યુક્ત તથા જ્ઞાન, દર્શનાદિ ગુણોની દષ્ટિથી તેના પર્યાય અનંત છે. આ પ્રમાણે સર્વ દંડકોમાં અને સિદ્ધોના પર્યાયોમાં પરસ્પરના ગણિતનું સાફ સુથરું નિરૂપણ કર્યું છે.

જીવ દ્રવ્ય પોતાના સ્વભાવમાં રહી પર્યાયની અપેક્ષાએ વિભાવવાળો બની નારકાદિ ચોવીસ દંડકના રૂપે ઓળખાય છે.

વાસ્તવિકતાએ દરેક દ્રવ્યના અનંત પર્યાય છે. સમગ્ર જીવોના પર્યાય પણ અનંત થાય છે. માટે નિર્ણય થયો કે જીવ દ્રવ્ય કૂટસ્થ નિત્ય નથી પરંતુ પરિણામી નિત્ય છે. એમ દર્શાવી વિશેષ પદનું નામ સાર્થક કર્યું. આ રીતે રાજહંસે પોતાના મનનું સમાધાન કરી વિશેષ મનન કરી વિચાર્યું કે હવે આ મુક્તાફળનું સંપૂર્ણ રહસ્ય આચાર્ય મલયગિરિજીએ સંક્ષેપમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, એ ચાર દષ્ટિમાં સમાવેશ કર્યો છે. દ્રવ્યાર્થતા, પ્રદેશાર્થતાનો દ્રવ્યમાં સમાવેશ કર્યો, અવગાહનાનો સમાવેશ ક્ષેત્રમાં કર્યો, સ્થિતિનો સમાવેશ કાળમાં અને વર્ણાદિ તથા જ્ઞાન દર્શનાદિનો સમાવેશ ભાવમાં કર્યો છે. વીતરાગ વાણીના તે પરમાર્થ રહસ્યને હું અનુવાદમાં વાંચી લઈશ.

આ પાંચે ય મુક્તાફળને મારી ચારિત્ર પાંખમાં લઈને હવે હું પાછો ફરું મારા દ્રવ્ય સમાચારી રૂપ સરોવરમાં. મને જ્યારે જરૂર પડશે ત્યારે અહીં આવીને મુક્તા-ફળને લઈ જઈશ. એમ વિચારી મારા ઉપયોગરૂપ રાજહંસ ચેતના બહેન સહિત જ્ઞાન ગગનમાં ઉડ્ડયન કરતો મારી પાસે આવીને મારા યોગમાં જોડાઈ ગયો. એમણે સંપાદન તો ચારસો સિત્તેર પાનાનું કરેલ છે. તેને અહીં અલ્પતમ પાનામાં ઉલ્લેખિત કર્યું છે. શેષ ઉલ્લેખ વાચક વર્ગે ગ્રંથમાં સાદ્યંત વાંચવાનો તીવ્ર પ્રયાસ કરવો.

રાજહંસ અને મુક્તાફળનું રૂપક એટલા માટે દેવામાં આવ્યું છે કે દરેક જીવોની પ્રજ્ઞા અનંત છે પણ તે કર્મના આવરણથી આવૃત્ત હોવાથી તેના ખોલવાનો પ્રયત્ન હંસની જેમ કરે, જડ-ચેતનને જુદા પાડવાનો ક્ષયોપશમ ભાવ ઉપાડે તો કર્મક્ષય કરી બંધનથી મુક્ત થવાનું ફળ પ્રાપ્ત કરે, તેવી ઉત્કૃષ્ટ ભાવનાએ ગુરુ કૃપાએ આ રૂપક આલેખાયું છે.

એક એક પદ જટિલ છે. ખોલી ખોલીને વાંચીએ તો જેમ નાળીયેરમાંથી ટોપરું પ્રાપ્ત થાય છે તેમ આ પદમાં પણ આત્માનો સહજ આનંદ પ્રાપ્ત થાય છે. અસ્તુ મારું, તમારું સર્વેનું શ્રેય થાઓ.

**આભાર–ધન્યવાદ–સાધુવાદ :–**

પ્રસ્તુત આગમના રહસ્યોને ખુલ્લા કરતા અણમોલ દિવ્ય અભિગમ પ્રેષિત કરનાર, મહાઉપકારી ગોંડલ ગચ્છ શિરોમણિ, પરમ દાર્શનિક, અમારા આગમ કાર્યને પ્રોત્સાહિત કરી આશીર્વાદની વર્ષા વરસાવનારા ગુરુદેવ પૂ. **શ્રી જયંતીલાલજી મ.સા.**નો અનન્ય ભાવે આભાર માનું છું અને શતકોટી સાદર ભાવે પ્રણિપાત નમસ્કાર કરું છું. શ્રદ્ધેય, પ્રેરક, માર્ગદર્શક જેમના પસાયે પૂ. ત્રિલોક મુનિ મ.સા.નો યોગ પ્રાપ્ત થયો છે, તેવા વાણીભૂષણ પૂ. **ગિરીશ ગુરુદેવ**નો સહૃદયતાપૂર્વક આભાર માની વંદન કરું છું.

આ આગમને સુશોભિત બનાવનાર, સુંદર હાર્દના ભાવ ભરી અલંકૃત કરનાર, મૂળ પાઠનું સંશોધન કરી વ્યવસ્થિત કરનાર, આગમ મનીષી પૂ. **ત્રિલોકમુનિવર્ય**ને મારી શતકોટી વંદના પાઠવું છું.

મુનિ પુંગવોના ચરણાનુગામી, પ્રારંભેલા કાર્યને પૂર્ણતાના પગથારે પહોંચાડનારા, આગમ ગુજરાતી અનુવાદ સંસ્કરણના ઉદ્ભવિકા, ઉત્સાહધરા, નિપુણા, કાર્ય નિષ્ઠા, કૃતજ્ઞા, ઉગ્રતપસ્વિની મમ ભગિની તેમજ સુશિષ્યા સ્વ. સાધ્વી શ્રી **ઉષાને** સ્મરણ સાથે ધન્યવાદ અર્પું છું.

આગમ અવગાહન કાર્યમાં સહયોગી સાધ્વીરત્ના પુષ્પાબાઈ મ., પ્રભાબાઈ મ. એવં ધીરમતી બાઈ મ., હસુમતી બાઈ મ., વીરમતી બાઈ મ. સહિત સેવારત રેણુકાબાઈ મ. આદિ દરેક ગુરુકુલવાસી સાધ્વીવૃંદને અનેકશઃ ધન્યવાદ આપું છું.

પ્રસ્તુત આગમના અનુવાદિકા છે અમારા પ્રશિષ્યા અને વિદુષી ભારતીબાઈ મ.ના શિષ્યા વ્યવહારધર્મ કલા પરાયણા, સુજ્ઞા સાધ્વીજી બા. બ્ર. સુધાબાઈ મહાસતીજી. જેમણે મોહમયી નગરીમાં રહી પ્રવચન સંભળાવતા તેમાંથી સમય ફાળવી અનુવાદ કરવાનો સ્વાધ્યાય કર્યો છે. તેમના પુરુષાર્થને અનેકશઃ સાધુવાદ આપું છું અને મહેચ્છા કરું છું કે તેઓ પ્રજ્ઞાપના સૂત્રને ઘટમાં ઉતારી નિશ્ચય ધર્મકલાને આચરણમય બનાવી, અખંડ પ્રજ્ઞાનું અનુસંધાન કરે.

સતત પ્રયત્નશીલ, અનેક આગમોનું અવગાહન કરીને અનુવાદની કાયાપલટ કરી, આગમને સરલ, સુમધુર, સંમાર્જિત કરનાર, શબ્દાર્થ-ભાવાર્થ અને વિવેચનનું સંતુલન જાળવી રાખનાર, ભગીરથ કાર્યના યશસ્વી સહસંપાદિકા મમ શિષ્યા-પ્રશિષ્યા સાધ્વી રત્ના ડૉ. સાધ્વીશ્રી **આરતી** એવં સાધ્વીશ્રી **સુબોધિકાને** અભિનંદન સહિત સાદર ધન્યવાદ આપું છું.

આગમ નિષ્ઠાથી સેવા આપનાર શ્રમણોપાસક મુકુંદભાઈ પારેખ, મણિભાઈ શાહ એવં જયવંતભાઈ શાહ, કુમારી ભાનુબહેન પારેખને ધન્યવાદ.

પરમાગમ પ્રત્યે અવિહડ ભક્તિભાવ રાખનાર ગુરુપ્રાણ ફાઉન્ડેશનના માનદ્ સભ્ય ભામાશા શ્રીયુત રમણિકભાઈ તથા આગમ પ્રકાશન કરવાના અડગ ભેખધારી, દઢ સંકલ્પી, તપસ્વિની માતા વિજ્યાબહેન તથા ભક્તિસભરહૃદયી પિતા માણેકચંદભાઈ શેઠના સુપુત્ર, નરબંકા, રોયલપાર્ક સ્થા. જૈન મોટા સંઘના પ્રમુખ શ્રુતસેવાસંનિષ્ઠ શ્રી ચંદ્રકાંતભાઈ શેઠ તથા કાર્યાન્વિત શ્રી મહેન્દ્રભાઈ આદિ સર્વ સભ્યગણ; ધીરુભાઈ, વિનુભાઈ આદિ કાર્યકર્તાઓ; મુદ્રણ કરનાર નેહલભાઈ, તેમના પિતાશ્રી હસમુખભાઈ તથા સહયોગી કાર્યકરો, આગમના શ્રુતાધાર એવં ચંદનબાઈ મ. ની સંયમ રજત જયંતિના શ્રુતાધાર બનનાર શ્રાવકશ્રીને અને અન્ય દાનદાતા મહાનુભાવો વગેરેને અભિનંદન સાથે સાધુવાદ આપું છું.

આગમના અનુવાદ, સંશોધન, સંપાદનમાં ઉપયોગી થયેલા પૂર્વ પ્રકાશિત આગમોના પ્રકાશકોને સાધુવાદ. આગમ અવગાહન કરવામાં ઉપયોગની શૂન્યતાથી કંઈક શબ્દો, અક્ષરો, પાઠમાં અશુદ્ધિ રહી જવા પામી હોય, વીતરાગ વાણી વિરુદ્ધ લખાયું, વંચાયું હોય તો ત્રિવિધે-ત્રિવિધે મિચ્છામિ દુક્કડં.

પ્રિય પાઠકો ! તમો આગમ વાંચો ત્યારે કંઈક અશુદ્ધિ રહી જવા પામી હોય તે ખ્યાલ આવે તો તેની નોંધ કરી અમને મોકલવા પ્રયત્ન કરશો. **नमामि सव्व जिणाणं–खमामि सव्वजीवाणं ।**

**વીતરાગ વચન વિરુદ્ધ લખાયું હોય, તો માગુ પુનઃ પુનઃ ક્ષમાપના,**
**મંગલમૈત્રી પ્રમોદ ભાવમાં વહો સહુ, એવી કરું છું વિજ્ઞાપના**

પરમ પૂ. સૌમ્યમૂર્તિ અંબાબાઈ મ.સ.ના

**સુશિષ્યા – આર્યા લીલમ.**

# સંપાદન અનુભવ

ડો. સાધ્વી આરતી તથા સાધ્વી સુબોધિકા

બાર ઉપાંગ સૂત્રોમાં અગ્રસ્થાન ધરાવતું શ્રી પ્રજ્ઞાપના સૂત્ર જૈનતત્ત્વજ્ઞાનની અમૂલ્ય નિધિ છે. તેમાં જૈન દર્શનની દષ્ટિએ છ દ્રવ્યોનું વિસ્તૃત અને સૂક્ષ્મતમ વર્ણન છે. શ્રી પ્રજ્ઞાપના સૂત્રમાં ૩૬ પદ છે. તેમાંથી પ્રથમ ભાગમાં એકથી પાંચ પદનો સમાવેશ કર્યો છે. તેમાં અજીવ અને જીવ દ્રવ્યના ભેદ-પ્રભેદ, ઇન્દ્રિયોની અપેક્ષાએ જીવોનું વર્ગીકરણ, તેના નિવાસ સ્થાનો, વિવિધ અપેક્ષાએ જીવોમાં અલ્પાધિકતા, જીવોની સ્થિતિ તથા જીવ-અજીવ દ્રવ્યના વિવિધ પર્યાયોનું, અવસ્થાઓનું સાંગોપાંગ વર્ણન છે.

આ આગમમાં દ્રવ્યાનુયોગની પ્રધાનતા છે. દ્રવ્યાનુયોગ સભર આગમો શેરડીના સાંઠા સમાન છે. શેરડીમાં મધુરતા જરૂર છે પરંતુ તે મધુરતા માણવા માટે શેરડીને ચાવવાનો સખત પુરુષાર્થ નિવારી શકાતો નથી. તે જ રીતે પ્રસ્તુત આગમના ભાવોને પચાવવા માટે, તેની મધુરતા માણવા માટે સ્વાધ્યાયનો તીવ્રતમ પુરુષાર્થ અનિવાર્ય છે. જે સાધક આત્મલક્ષી સ્વાધ્યાય કરે, તે સંસારના અનંત જીવોની વિચિત્રતા, જીવની પલટાતી સ્થિતિરૂપ અનંત પર્યાયોને, અવસ્થાઓને જાણીને, વૈભાવિક અવસ્થાઓથી વિરત થઈને સ્વાભાવિક અવસ્થાઓમાં સ્થિત થવા પુરુષાર્થશીલ બને છે અને અંતે આત્માના અતલ ઊંડાણમાં પહોંચીને આત્મગુણોની મધુરતાને અવિરતપણે માણી શકે છે.

પ્રસ્તુત આગમના સંપાદનમાં વિષયની કઠિનતાને લક્ષમાં રાખીને તેને યથાશક્ય સરળ રીતે સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. પ્રત્યેક કઠિન વિષયોનું વિસ્તૃત વિવેચન આપ્યા પછી વાંચક વર્ગ તેના સારતત્ત્વને શીઘ્રતમ પામી શકે તે હેતુથી તે જ વિષયોને કોષ્ટકો રૂપે સમજાવ્યા છે. દેવલોકના પ્રતરો, નરકના પાથડા–આંતરા, બે ઊર્ધ્વકપાટ જેવા અમુક ચોક્કસ વિષયોનું આંશિક રૂપે પ્રત્યક્ષીકરણ કરાવવા માટે તે તે વિષયોના રેખા ચિત્રો આપ્યા છે.

સૂત્રકારની પદ્ધતિ દરેક સૂત્રમાં કંઈક સ્વતંત્ર અને સાપેક્ષ જોવા મળે છે. પ્રસ્તુત સંપાદનમાં અમે મૂળપાઠને અનુસરીને તે વિષયોની સમજૂતી આપ્યા પછી પ્રચલિત પરંપરાને અનુસરી તે વિષયોનું સ્પષ્ટીકરણ અન્ય આગમોના સંદર્ભથી કર્યું છે. જેમ કે પ્રચલિત પરંપરા પ્રમાણે સંસારી જીવોના ૫૬૩ ભેદ છે. પ્રથમ પદમાં જીવ પ્રજ્ઞાપનામાં જીવના ૫૬૩ ભેદનું કથન નથી. વિવેચનમાં અમે અન્ય સૂત્રોના આધારે મનુષ્યોના

૩૦૩ ભેદ અને દેવોના નામ સહિત ૧૯૮ ભેદ દર્શાવીને જીવના સંપૂર્ણ ૫૬૩ ભેદોનું નિરૂપણ સ્પષ્ટીકરણ કર્યું છે.

બીજા સ્થાન પદમાં સૂત્ર–૧૯માં સૂત્રકારે પંચેન્દ્રિય જીવોના કોઈપણ ભેદની વિવક્ષા કર્યા વિના તેના સ્થાનનું કથન કર્યું છે. ત્યારપછી નારકી, તિર્યંચ પંચેન્દ્રિય, મનુષ્ય અને દેવોના સ્થાનોનું પૃથક્ પૃથક્ કથન છે.

આ સૂત્રોનો ઊંડાણથી વિચાર કરતાં સ્પષ્ટ થાય છે કે ત્રણ વિકલેન્દ્રિયના સ્થાનના કથન પછી સૂત્રકારનો આશય ક્રમ પ્રાપ્ત અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયના સ્થાનોનું કથન કરવાનું છે તેમ જણાય છે. તે વિષયને વિવેચનમાં સ્પષ્ટ કર્યો છે.

ત્રીજા અલ્પબહુત્વ પદમાં પ્રત્યેક અલ્પબહુત્વના કારણોને વ્યાખ્યા–પરંપરાના આધારે તેમજ અન્ય આગમોના આધારે સમજાવ્યા છે. તેમાં ક્ષેત્રની અપેક્ષાએ જ્યોતિષી અને વૈમાનિક દેવોનું અલ્પબહુત્વ બહુ  જ વિચારણીય છે. સૂ. ૧૪૧ ના વિવેચન પછી તદ્વિષયક સ્પષ્ટીકરણ અમે ઇટાલી અક્ષરોમાં આપ્યું છે.

ચોથા સ્થિતિપદમાં ૨૪ દંડકના જીવોની સ્થિતિનું કથન છે. ત્યાં ભવનપતિ દેવોમાં સમાવિષ્ટ પરમાધામી દેવોની અને વ્યંતરોમાં સમાવિષ્ટ જૃંભક દેવોની તથા વૈમાનિક દેવોમાં સમાવિષ્ટ કિલ્વીષી અને લોકાંતિક દેવોની સ્થિતિનું સ્વતંત્ર કથન નથી તોપણ વિવેચનમાં અમોએ શ્રી ભગવતી સૂત્રના આધારે તે તે દેવોની સ્થિતિનું કથન કર્યું છે. મનુષ્યોની સ્થિતિના કથનમાં ભરત-ઐરવત ક્ષેત્રમાં વર્તતા મનુષ્યોની સ્થિતિનું સ્પષ્ટીકરણ છ આરા પ્રમાણે કોષ્ટક દ્વારા ચોથા પદના અંતે આપ્યું છે. આ રીતે વિવેચનમાં આવશ્યકતા અનુસાર અન્ય આગમોના સંદર્ભો આપીને વિષયને સુગમ અને સ્પષ્ટ બનાવવાનો યત્કિંચિત પ્રયત્ન કર્યો છે.

સંપાદનના આ મહત્તમ કાર્યમાં આગમ મનીષી પૂ. ત્રિલોકમુનિ મ.સા.નું વિશાળ આગમજ્ઞાન તથા તીવ્ર ક્ષયોપશમ અમારા માટે માઈલસ્ટોન સમાન છે. તેઓશ્રીના સંપૂર્ણ સહયોગે અમારી ગતિ વધી રહી છે.

તપસમ્રાટ ગુરુદેવ પૂ. શ્રી રતિલાલજી મ.સા.ની અનન્ય કૃપા અને પરોક્ષ પ્રેરણા અમારા સંપાદન કાર્યનું કવચ છે. પ્રધાન સંપાદિકા અનંત ઉપકારી ગુરુણીમૈયા પૂ. લીલમબાઈ મ.નું પાવન સાંનિધ્ય તથા તેમનો અપ્રમત્તભાવે થતો સતત પુરુષાર્થ અમારી સુષુપ્ત ચેતનાને ઝંકૃત કરી કાર્યશીલ બનાવે છે.

સ્વયં વડિલ હોવા છતાં પોતાની સર્વ ઇચ્છાઓનો ત્યાગ કરી, સહચારી સતિવૃંદની સર્વ પ્રકારની અનુકૂળતા માટે હરહંમેશ તત્પર રહેવું તે જ જેની જીવન

સાધના છે, તેવા ગુરુણીમૈયા પૂ. વીરમતિબાઈ મ. માટે શું લખવું ? એક ખીલેલું પુષ્પ પોતાના સર્વાંગી વિકાસમાં કારણભૂત માળી માટે શું કહી શકે ? બસ ! કૃતજ્ઞભાવે, નતમસ્તકે તેઓશ્રીના ચરણોમાં અમે વંદન કરીએ છીએ. ગુરુકુલવાસી પૂ. બિંદુબાઈ મ. આદિ સર્વ રત્નાધિકો તેમજ અનુજ સતીજીઓની સદ્‌ભાવના અમારો સથવારો બની રહી છે.

અંતે સંસ્કાર દાતા તથા સંયમ માર્ગના પ્રેરણાદાતા ઉપકારી માતા-પિતાને પણ સફળતાના સુવર્ણ અવસરે સ્મૃતિ–પટ પર લાવીએ છીએ.

સહુના સહિયારા પુરુષાર્થે થયેલો આગમ સ્વાધ્યાય શાસન પ્રભાવના સાથે અમોને અંતર્મુખી બનાવે અને સ્વ–પરને લાભદાયી બને એ જ મનોકામના સાથે વિરામ પામીએ છીએ.

| | |
|---|---|
| સદા ઋણી માત-તાત **ચંપાબેન-શામળજીભાઈ !** | સદા ઋણી માત-તાત **લલિતાબેન-પોપટભાઈ !** |
| કર્યું તમે સંસ્કારોનું સિંચન, | કર્યું તમે સંસ્કારોનું સિંચન, |
| અનંત ઉપકારી ઓ તપસમ્રાટ **ગુરુદેવ શ્રી !** | અનંત ઉપકારી ઓ તપસમ્રાટ **ગુરુદેવ શ્રી !** |
| આપ્યું અણમોલું સંયમ જીવન | આપ્યું અણમોલું સંયમ જીવન |
| શરણુ ગ્રહ્યું પૂ. **મુક્ત-લીલમ** ગુરુણીશ્રી ! | શરણુ ગ્રહ્યું **પૂ. મુક્ત-લીલમ-વીર** ગુરુણીશ્રી ! |
| ખોલ્યા આપે દિવ્ય જ્ઞાનરૂપ નયન | ખોલ્યા આપે દિવ્ય જ્ઞાનરૂપ નયન |
| દેવગુરુ-ધર્મની મળે એવી કૃપા | દેવગુરુ-ધર્મની મળે એવી કૃપા |
| શ્રુત **આરતી**એ પામું આત્મદર્શન. | શ્રુત **સુબોધે** કરું કષાયોનું શમન. |

# અનુવાદિકાની કલમે

**– સાધ્વી શ્રી સુધાબાઈ મ.**

આગમ એ આત્મવિદ્યા કે મોક્ષ વિદ્યાનો મૂળ સ્રોત છે. વિશ્વને અહિંસા, અપરિગ્રહ અને અનેકાંત દ્વારા સર્વધર્મ સમન્વયનો તથા સર્વજન હિતાય, સર્વજન સુખાયનો પવિત્ર બોધ કરાવનાર શ્રેષ્ઠ શ્રુતને આગમ કહે છે. આગમના પર્યાયવાચી અને પારિભાષિક નામોમાં સૂત્ર, સિદ્ધાંત, શ્રુતજ્ઞાન, નિર્ગ્રંથ પ્રવચન, આપ્તવચન, જિનવચન, ગણિપિટ્ટક, ઉપદેશ, શાસ્ત્ર, આદિ અનેક અર્થ સભર નામો છે. આ બધા શબ્દોના અર્થ આ પ્રમાણે છે–

**(૧) સૂત્ર :– अत्थं भासइ अरहा, सुत्तं गुंथंति गणहरा निउणा** તીર્થંકરોના શ્રીમુખેથી અર્થભૂત દેશના પ્રવાહિત થાય છે અને તેના પ્રધાન શિષ્ય ગણધરો **સૂત્ર**ની રચના કરે છે.

**(૨) સિદ્ધાંત :–** ત્રૈકાલિક સિદ્ધ વચનોને **સિદ્ધાંત** કહે છે.

**(૩) શ્રુતજ્ઞાન :–** ગુરુ પાસેથી શિષ્ય કર્ણોપકર્ણ(કંઠોપકંઠ) સાંભળીને સ્મૃતિમાં સાચવે તે શ્રુતજ્ઞાન છે.

**(૪) નિર્ગ્રંથ પ્રવચન :–** નિર્ + ગ્રંથ = માન્યતા....ધારણાઓની ગાંઠથી રહિત એવા વીતરાગી પુરુષ દ્વારા કહેવાતા 'પ્રકૃષ્ટ' = મોક્ષ માર્ગનું નિરૂપણ કરનાર વચનોને **નિર્ગ્રંથ પ્રવચન** કહે છે.

**(૫) આપ્ત પ્રવચન :–** આપ્ત = નિર્દોષ વિમલ સ્વરૂપવાળા સર્વજ્ઞ પુરુષ દ્વારા પ્રરૂપિત તત્ત્વોને, સિદ્ધાંતોને **આપ્ત પ્રવચન** કહે છે.

**(૬) જિનવચન :–** જિનભાષિત અર્થાત્ જિનેશ્વરો–તીર્થંકરોના ઉપશમ, નિર્વેદ, અનુકંપાપૂર્ણ ઉપદેશ અને આદેશોને **જિનવચન** કહે છે.

**(૭) ગણિપિટ્ટક :–** ગણિ = આચાર્ય, પિટ્ટક = પેટી અર્થાત્ આચાર્યની વિધિ નિષેધરૂપ આચાર પાળવા-પળાવવાની પેટી. આચાર્યો દ્વારા સુરક્ષિત આચારના વિધિ–નિષેધ નિયમોનો પેટીપેક ખજાનો–પટારો, તેને **ગણિપિટ્ટક** કહે છે. બાર અંગ સૂત્રો ગણિપિટ્ટકના નામે પ્રસિદ્ધ છે.

**(૮) ઉપદેશ :–** ઉપ = નજીક, દેશ = આત્મા, આત્માની નજીક, આત્મામાં સ્થિત

કરનાર વિધેયાત્મક લોકભોગ્ય કથનશૈલીને **ઉપદેશ** કહે છે.

**(૯) શાસ્ત્ર :–** શાસ્ત્ર શબ્દ **'શાસ્'** ધાતુ પરથી બને છે. જેનાથી ભાવ–પરિણામ શિક્ષિત થાય છે, તેમજ નીતિ–પ્રામાણિકતામૂલક આત્માનુશાસનનું શિક્ષણ મળે તેને **શાસ્ત્ર** કહે છે.

**(૧૦) આગમ :–** (૧) આ = આત્મા તરફ, ગમ = ગમન કરાવે એટલે કે દષ્ટિને જે અંતર્મુખી બનાવે, આત્મદષ્ટિને ખોલે તે આગમ. (૨) આ = આત્માનું, ગમ = જ્ઞાન ભાન કરાવે આગમ. (૩) આ = ચારે બાજુથી, સર્વ દિશા અને સર્વક્ષેત્રમાં, ગમ = ગમન પ્રવેશ થઈ શકે અર્થાત્ જેના દ્વારા સર્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવગ્રાહી જ્ઞાન થાય તેને આગમ કહે છે.

આચાર્યશ્રી હરિભદ્રસૂરિજીએ લખ્યું છે કે– પાણી જેમ વસ્ત્રના મેલને ધોઈને તેને સ્વચ્છ–ધવલ કરે છે તેમ આગમ માનવીના અંતઃકરણમાં રહેલા ક્ષમા-નમ્રતા-સરળતા-સંતોષરૂપ આત્મગુણો ઉપર લાગેલી ક્રોધ-માન-માયા-લોભરૂપ કાલિમાને ધોઈને આત્માને પવિત્ર અને નિર્મળ બનાવે છે.

જિનાગમોની સૌથી મહત્વની વિશેષતા છે– તેની વિચારધારા અને કથનશૈલી. વસ્તુ, વ્યક્તિ કે પરિસ્થિતિ બહુઆયામી અનંત ગુણાત્મક કે અનંત ધર્માત્મક છે. બધાને આવરીને કહેવા માટે બહુઆયામી વિચારધારા જોઈએ અને બહુઆયામી કથનશૈલીની જરૂર પડે. બહુઆયામી વિચારધારાને અનેકાંત કહે છે અને બહુઆયામી કથનધારાને સ્યાદ્વાદ કહે છે. જિનાગમોનો અક્ષર દેહ સપ્તભંગી સ્યાદ્વાદમય છે અને ભાવદેહ અનેકાંતમય છે. જિનાગમોની ભાષા અર્ધમાગધી ભાષા છે. તે દેવોની ભાષા છે.

**પ્રજ્ઞાપના નામકરણ :–** પ્રજ્ઞાપના સૂત્રના નામ વિષયક વિચારણા વિવિધ રીતે થાય છે– (૧) આ આગમના પ્રથમ પદનું નામ પ્રજ્ઞાપના પદ હોવાથી તેનું નામ પ્રજ્ઞાપના સૂત્ર છે (૨) પ્રશ્નોત્તરના માધ્યમથી તત્ત્વનું પ્રતિપાદન કરવું, તેને પ્રજ્ઞાપના કહે છે. પ્રસ્તુત આગમ પ્રશ્નોત્તર શૈલીમાં હોવાથી તેનું નામ પ્રજ્ઞાપના સૂત્ર છે. (૩) જે રીતે ભગવાન મહાવીર સ્વામીએ તત્ત્વો–ભાવોની પ્રજ્ઞાપના–પ્રરૂપણા કરી છે, તે જ રીતે સર્વ ભાવોની પ્રજ્ઞાપના–પ્રરૂપણા કરી હોવાથી તેનું નામ પ્રજ્ઞાપના છે. આ સર્વ અપેક્ષાએ પ્રસ્તુત સૂત્રનું નામ 'પ્રજ્ઞાપના સૂત્ર' એ સર્વ સમ્મત નામ છે. તેમાં કોઈ વિકલ્પ કે વિવાદ નથી.

**પ્રજ્ઞાપનાની મહત્તા અને વિશેષતા :–** જૈન આગમ સાહિત્યમાં જે સ્થાન પંચમ અંગ સૂત્ર શ્રી ભગવતી–વ્યાખ્યા પ્રજ્ઞપ્તિનું છે, તે જ સ્થાન ઉપાંગ શાસ્ત્રોમાં પ્રજ્ઞાપનાનું છે. તેને 'લઘુ ભગવતી' પણ કહેવામાં આવે છે. હસ્તપ્રતોમાં પ્રત્યેક પદના અંતે **पण्णवणाए भगवईए** પાઠ આવે છે. આ વિશેષણ પ્રજ્ઞાપના સૂત્રની મહત્તાનો સૂચક

છે.

શ્રી ભગવતી સૂત્રના અનેક સ્થળોમાં પ્રજ્ઞાપના સૂત્રનો સંદર્ભ આપ્યો છે– **जहा पण्णवणाए** ભગવતીજી અંગશાસ્ત્ર હોવા છતાં તેમાં વિષય પૂર્તિ માટે ઉપાંગ સૂત્ર– પ્રજ્ઞાપના સૂત્રની શાખ આપી છે. તેનું મુખ્ય કારણ છે કે પ્રજ્ઞાપના સૂત્રમાં જે જે વિષયને સ્પર્શવામાં આવ્યા છે તેનું સાંગોપાંગ વર્ણન કરવામાં આવ્યું છે.

આ શાસ્ત્રમાં '૩૬ પદ' અર્થાત્ ૩૬ અધ્યયન છે. જેમાં કર્મ સિદ્ધાંત, પરમાણુવાદ, ભાષા, શરીર, સંયમ, સમુદ્ઘાત, યોગ-ઉપયોગ વગેરે ગહનતમ તત્ત્વોનો અનુપમ, અક્ષય, અજોડ સંગ્રહ છે અને તેથી જ તે તાત્ત્વિક પદાર્થોનો 'સંક્ષિપ્ત વિશ્વકોષ' કહેવાય છે.

**પ્રજ્ઞાપના સૂત્રના રચયિતા અને રચનાકાલ :–** શ્રી પ્રજ્ઞાપના સૂત્રના મૂળપાઠમાં ક્યાંય તેના રચયિતાના નામનો સ્પષ્ટ ઉલ્લેખ નથી. પરંતુ ઐતિહાસિક તથ્યોના ઉલ્લેખ અનુસાર શ્રી શ્યામાચાર્ય અપરનામ કાલકાચાર્ય આ પ્રજ્ઞાપના સૂત્રના રચયિતારૂપે પ્રસિદ્ધ છે.

શ્રી નંદી સૂત્રની રચના વીર નિર્વાણ ૯૯૩ પૂર્વે (વિ. સં. ૫૨૩)માં થઈ છે અને નંદીસૂત્રમાં ઉત્કાલિક સૂત્રોની ગણનામાં શ્રી પ્રજ્ઞાપના સૂત્રનો ઉલ્લેખ છે. તેથી શ્રી પ્રજ્ઞાપના સૂત્રની રચના નંદી સૂત્રની પૂર્વે કે તેની સાથે થઈ હોય તેમ કહી શકાય છે.

શ્રી દેવર્દ્ધિગણિના લેખન સમયના પૂર્વે ઉપાંગ સૂત્રોની રચના થવાના કારણનો ઉલ્લેખ ઈતિહાસમાં ક્યાંય જોવા મળતો નથી. કારણ વગર ૧૦ પૂર્વધરોના યુગમાં સૂત્ર રચનાની કલ્પના કરવી, એ પણ યોગ્ય નથી. પૂર્વ જ્ઞાનના વિચ્છેદ સમયે સૂત્ર રચવાનું કથન કે કલ્પના સુસંગત થાય છે. તેવા સમયે ઈતિહાસ વર્ણન પ્રમાણે કાલકાચાર્ય નામના મહાશ્રમણ ભૂતદિન્ન આચાર્યના પાટ પર વિદ્યમાન હતા. તે દેવર્દ્ધિગણિ શ્રમાશ્રમણના સમકાલીન હતા.

**પ્રજ્ઞાપનાનો અર્થ :–** પણ્ણવણા શબ્દનું સંસ્કૃતરૂપ 'પ્રજ્ઞાપના' છે. પ્ર+જ્ઞાપના = પ્રકર્ષરૂપે – અંતર્બાહ્ય સર્વ પ્રકારે, જ્ઞાપના–જાણવું, જીવાદિ જ્ઞેય પદાર્થોને અંતર્બાહ્ય સર્વપ્રકારે, ભેદ-પ્રભેદોથી જાણવા, તેને પ્રજ્ઞાપના કહે છે. આ જ્ઞેય પદાર્થો કેટલા છે ? આ પ્રશ્નથી જ આ આગમનો પ્રારંભ થાય છે. યથા– **से किं तं पण्णवणा ? पण्णवणा दुविहा पण्णता तं जहा– जीव पण्णवणा य अजीव पण्णवणा य ॥ અર્થ–** પ્રજ્ઞાપના કેટલા પ્રકારે છે ? પ્રજ્ઞાપના બે પ્રકારે છે– જીવ પ્રજ્ઞાપના અને અજીવ પ્રજ્ઞાપના.

**પ્રથમ પદમાં** જીવ–અજીવ આ બંને તત્ત્વોના ભેદ–પ્રભેદોની વિસ્તૃત પ્રરૂપણા છે. જીવ પોતાના જ્ઞાતા–દૃષ્ટારૂપ સ્વસ્થાનમાં સ્થિર થતો નથી એટલે તેને શરીરને ધારણ કરી વિધ–વિધ સ્થાનોની યાત્રા કરવી પડે છે. જીવની લોકયાત્રાના વિવિધ વિશ્રામ સ્થાનની વાત **બીજા પદમાં** છે. સ્થાનવાસી જીવોમાં ગતિ, જાતિ, દષ્ટિ, લેશ્યા, ઉપયોગ, દિશાદિને લઈને વૈવિધ્ય છે. આ બધામાં કોણ કોનાથી ન્યૂનાધિક છે, આ પ્રશ્નોનું સમાધાન **ત્રીજા અલ્પબહુત્વ પદમાં** આવે છે. પ્રત્યેક જીવના ભવની કાળમર્યાદા નિશ્ચિત હોય છે. જઘન્ય ઉત્કૃષ્ટ કાળ મર્યાદાની વાત **ચોથા સ્થિતિ પદમાં** છે. દ્રવ્યાદિ ચારમાં ભાવનું ક્ષેત્ર સૌથી વધુ વ્યાપક છે. શરીરાદિ અજીવ ભાવો છે અને જ્ઞાન–દર્શનાદિ જીવના ભાવો છે. ષડ્દ્રવ્યના ષડ્ સાધારણ ગુણોમાં એક વિશિષ્ટ ગુણ છે અગુરુલઘુગુણ. આ ગુણને લઈને અજીવ અને જીવ બંને દ્રવ્યોમાં તથા તેની અનંત પર્યાયોમાં ષડ્ગુણ હાનિવૃદ્ધિ નિરંતર થયા જ કરે છે. ષટ્ગુણ હાનિ વૃદ્ધિની ભરતી ઓટને પર્યાયપદ અથવા વિશેષ પદ કહે છે. આ સુંદર વિશ્લેષણ **પાંચમા પદમાં** આલેખાયું છે.

શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશનથી પ્રકાશિત શ્રી પ્રજ્ઞાપના સૂત્રના પ્રથમ ભાગમાં પાંચ પદ અવગાહિત કરેલા છે. શ્રી પ્રજ્ઞાપનાના છત્રીસ પદોમાંથી કેટલાક પદ અતિ વિસ્તૃત છે અને કેટલાક પદ અત્યંત સંક્ષિપ્ત છે.

**રચના શૈલી :–** પ્રસ્તુત ઉપાંગની રચના સંપૂર્ણ પ્રશ્નોત્તર શૈલીમાં થઈ છે. પ્રારંભના સૂત્રોમાં પ્રશ્નકર્તા અને ઉત્તરદાતાનો નામોલ્લેખ મળતો નથી પરંતુ પાછળથી ગણધર ગૌતમ અને ભગવાન મહાવીરના પ્રશ્નોત્તરરૂપે વર્ણન થયું છે. ક્યાંક ક્યાંક વચ્ચે વચ્ચે સામાન્ય પ્રશ્નોત્તર છે.

જેવી રીતે પ્રારંભમાં સમગ્ર શાસ્ત્રની અધિકાર ગાથાઓ આપવામાં આવી છે, તેવી જ રીતે કેટલાક પદોના પ્રારંભમાં વિષય સંગ્રાહક ગાથાઓ પ્રસ્તુત કરવામાં આવી છે. જેમ કે– ૩, ૧૮, ૨૦ અને ૨૩મા પદના પ્રારંભમાં તથા ઉપસંહારમાં ગાથાઓ આપી છે. એ જ પ્રમાણે ૧૦મા પદના અંતમાં અને ગ્રંથના મધ્યમાં યથાવશ્યક ગાથાઓ આપવામાં આવી છે.

પ્રસ્તુત સંપૂર્ણ આગમના મૂલપાઠનું ગ્રંથ પ્રમાણ ૭૮૮૭ શ્લોક પ્રમાણ સ્વીકારવામાં આવેલ છે.

પ્રજ્ઞાપનાના સમગ્ર પદોનો વિષય જૈન સિદ્ધાંતથી સમ્મત છે. શ્રી ભગવતી સૂત્રમાં અમુક સ્થળે અન્યતીર્થિકોનો મત દઈને પછી સ્વસિદ્ધાંતનું પ્રતિપાદન છે. જ્યારે આ સૂત્રમાં અન્યમતની ચર્ચા નથી. સર્વત્ર પ્રાયઃ પ્રશ્નોત્તર શૈલીમાં સ્વસિદ્ધાંત વિષયક પ્રશ્નો અને ઉત્તરો સંકલિત છે.

આચાર્ય શ્રી મલયગિરિજીએ પ્રજ્ઞાપના સૂત્રના વિષયોનો સંબંધ જીવ-અજીવ આદિ સાત તત્ત્વો સાથે આ પ્રમાણે સંયોજિત કર્યો છે.

| | | |
|---|---|---|
| જીવ તત્ત્વ–અજીવ તત્ત્વ | – | પદ – ૧, ૩, ૫, ૧૦ |
| આશ્રવ તત્ત્વ | – | પદ – ૧૬ અને ૨૨ |
| બંધ તત્ત્વ | – | પદ – ૨૩ |
| સંવર–નિર્જરા–મોક્ષ તત્ત્વ | – | પદ – ૩૬ |

આ સિવાયના શેષ પદોમાં જીવ-અજીવ આદિ સર્વ તત્ત્વ સંબંધિત વિષયોનું નિરૂપણ છે.

**પ્રસ્તુત સંસ્કરણ :–** ભગવાન મહાવીરના નિર્વાણ પછી આગમ લિપિબદ્ધ થયા ત્યારથી લઈને અત્યાર સુધીમાં સમયે-સમયે તત્કાલીન શ્રુતધર આચાર્યોએ વૃત્તિ, ચૂર્ણિ, ભાષ્ય, ટીકા, ટબ્બા, અનુવાદ, વિવેચન આદિ કરી આગમોના ગૂઢતમ રહસ્યોને સુગમ બનાવ્યા છે. તેમાં શ્રી મલયગિરિજી કૃત વિસ્તૃત ટીકા ગ્રંથો મુખ્ય છે.

જિનશાસનના પ્રાયઃ બધા ફિરકાઓમાં આ દિશામાં પ્રયાસ થયો છે. સ્થાનકવાસી પરંપરામાં જ્યારે ટબ્બા યુગ આવ્યો ત્યારે આચાર્ય શ્રી ધર્મસિંહજી મહારાજ સાહેબે સત્તાવીસ આગમો પર બાલાવબોધ ટબ્બા લખ્યા; જે મૂળપાઠ સ્પર્શી શબ્દાર્થને સ્પષ્ટ કરે છે.

અનુવાદ યુગમાં શાસ્ત્રોદ્ધારક આચાર્ય શ્રી અમોલક ઋષિજી મહારાજે બત્રીસ આગમોનો હિન્દી અનુવાદ કર્યો. શ્રમણ સંઘીય પ્રથમ આચાર્ય શ્રી આત્મારામજી મહારાજે અનેક આગમોનો હિન્દી અનુવાદ અને વિસ્તૃત વ્યાખ્યા વિવેચન લખ્યું. તત્પશ્ચાત્ પૂજ્ય શ્રી ઘાસીલાલજી મહારાજે સંસ્કૃત હિન્દી-ગુજરાતી અનુવાદ સહિત ત્રણ ભાષામાં ટીકા લખી. આમ અનેક સ્થળોથી આગમ સાહિત્યનું પ્રકાશન થતું રહ્યું છે.

જન સાધારણને તથા વર્તમાન તર્ક પ્રધાન ગુજરાતની જનતાને સંતુષ્ટ કરવા માટે, જિજ્ઞાસુ સાધકગણની પઠન સુવિધા હેતુ ન અતિ વિસ્તૃત કે ન અતિ સંક્ષિપ્ત એવા ગુજરાતી સંસ્કરણની નિરંતર માંગ હતી.

આમ, ગરવા ગુજરાતના ગુજ્જુઓના જિજ્ઞાસાને સાકાર કરવા માટે સૌરાષ્ટ્ર કેસરી દાદા ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ.સા. ના જન્મ શતાબ્દી વર્ષની સુદઢ ડાળ મળી. જિજ્ઞાસા સંતોષવા માટે ગુરુપ્રાણ ફાઉન્ડેશનની સ્થાપના થઈ.

શ્રી પ્રજ્ઞાપના સૂત્રના આ નવીન સંસ્કરણમાં પૂર્વોક્ત સર્વ સંસ્કરણોને નજર સમક્ષ

રાખીને તથા આચાર્ય મલયગિરિજી રચિત સંસ્કૃત ટીકાના આધારે અનુવાદ-વિવેચન કરવામાં આવ્યું છે.

પ્રત્યેક પદના પ્રારંભમાં પદ પરિચય આપી પ્રતિપાદ્ય સમસ્ત વિષયોની સમીક્ષા આપવામાં આવી છે, જેથી પાઠકને અભ્યાસ પૂર્વે સમગ્ર પદનું હાર્દ ખ્યાલમાં રહે. પ્રત્યેક પદમાં સમસ્ત વિષયને સંક્ષેપમાં આવરી લેતા તેના કોષ્ટકો, રેખા ચાર્ટો અને આકૃતિઓ આપવામાં આવ્યા છે. આ સર્વની સૂચિ પણ વિષય સૂચિ સાથે પ્રારંભમાં આપી છે.

**કૃતજ્ઞતા : વંદન :–** વિ. સં. ૨૦૫૪ એટલે સૌરાષ્ટ્ર કેસરી મહામહિમ પૂજ્યપાદ દાદા ગુરુદેવ શ્રી પ્રાણગુરુદેવનું જન્મ શતાબ્દી વર્ષ. આ પાવન વર્ષને ચિર સ્મરણીય બનાવવા પ્રાણ પરિવારના સંત-સતીજીઓનો ઉત્સાહભર્યો સહિયારો પુરુષાર્થે આગમમનીષી પૂ. શ્રી ત્રિલોકમુનિ મ.સા, પ્રધાન સંપાદિકા મમ માતામહ ગુરુણીમૈયા ભાવયોગિની પૂ. બા. બ્ર. લીલમબાઈ મ.સ., સહયોગી સંપાદક, પ્રકાશક તથા દાતાઓના તત્ત્વાવધાનમાં એક પછી એક આગમોના અભિનવ સંપાદિત સંસ્કરણો પ્રકાશિત થઈ રહ્યા છે તે આગમોની શૃંખલામાં કડી રૂપે જોડાવા શ્રી પ્રજ્ઞાપના સૂત્ર ભાગ–૧ જ્યારે સાકાર થઈ રહ્યો છે ત્યારે એક-એક કૃપાળુઓની કૃતજ્ઞતા સ્મૃતિ મારા હૃદયને ભીંજવતી જાય છે, આ અનુસંધાને શાસનપતિથી લઈને શ્રુતશાસન સેવકોના આશિષ, સહકાર, સંસ્કારોને તો હું કેમ વિસરી શકું !!

જિનાગમો આત્મ સુધારણા અને આત્મપ્રાપ્તિના અમૂલ્ય દસ્તાવેજો છે. એમાં પણ શ્રી પ્રજ્ઞાપના સૂત્ર દષ્ટિવાદ સૂત્રની 'લઘુત્તમ આવૃત્તિ' કહેવાય છે. આવા ગૂઢતમ આગમ અનુવાદનું મહત્તમ કાર્ય મારા સંવિભાગે આવ્યું અને એ કાર્ય સંપન્ન થયું, એમાં સૌ પ્રથમ ઉપકારી છે શાસનપતિ શ્રમણ ભગવાન મહાવીર સ્વામી અને શ્રી ગણધર ભગવંતો. એમની કૃપા થકી જ મને ગળથૂથીમાં શ્રુત–ચારિત્રરૂપ દ્વિધારમય જયવંતુ જિનશાસન મળ્યું.

પૂર્વજ્ઞાની શ્રી શ્યામાચાર્યનું આ સંકલન વારસામાં મળ્યું. પૂજ્યપાદ શ્રી ડુંગર–જય–માણેક–પ્રાણ ગુરુ સમા ગુણનિધાન ચારિત્ર સંપન્ન મહાપુરુષોનું ઉજ્જવળ ગુરુકુળ સાંપડ્યું. તપ સમ્રાટ–તપોધની પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા. ના શ્રીમુખેથી ચારિત્ર રત્ન અને વાત્સલ્ય ભરપૂર શિષ્યત્વ લાધ્યું. આવા દેવાધિદેવ, દેવ–સ્વરૂપ મહાપુરુષોના શ્રી ચરણે આસ્થાભર્યા અંતરના વંદન !!!

ગચ્છશિરોમણી...પરમદાર્શનિક અમારી અણમોલી અમાનત પૂ.બા.બ્ર. શ્રી જયંતિમુનિજી મ. સાહેબે સોનામાં સુગંધ મેળવી આ આગમને એક નૂતન 'અભિગમે'

મંડિત કરી આપ્યું...ગુજરાત કેસરી ગચ્છ નાયક શ્રી બા.બ્ર.પૂ. ગિરીશમુનિ મ.સા, આગમ દિવાકર પૂ. બા. બ્ર. જનકમુનિ મ.સા. તથા નિડરવક્તા પૂ. જગદીશમુનિ મ.સા. કે જેઓએ મને હંમેશા અમી નજરે નિહાળી છે, તે સર્વ પૂજ્યશ્રીઓએ સમયે-સમયે હિત શિક્ષાઓનું દાન કર્યું છે.

આ ભાવાનુવાદના કાર્યનો શુભારંભ જેઓના વાત્સલ્ય વિવેક ભર્યા સાંનિધ્યમાં થયો, મારા મહદ્ ભાગ્યે જેમનું આજ્ઞા સાંનિધ્ય મળ્યું, જેઓના અંતરના આશીર્વાદ નિરંતર અનુભવું છું એવા અધ્યાત્મ યોગીરાજ ધ્યાન સાધક પૂ. બા. બ્ર. શ્રી હસમુખમુનિ મ.સા. તપસ્વીરત્ન સરળમના બા. બ્ર. પૂ. ગજેન્દ્રમુનિ મ.સા. અને શાસન પ્રભાવક પૂ. બા. બ્ર. નમ્રમુનિ મ.સા. આદિ સર્વ ગુરુ બંધુઓને તો હું શેં વીસરું ? એમની પણ સદા સદ્ભાવના રહી છે.

સંસ્કારદાત્રી ગુરુમાતામહ મંગલમૂર્તિ પૂજ્યવરા શ્રી મુક્તાબાઈ મ.સ. અને અપ્રમત્તભાવ સેવી મારા ખાસ ઉપકારી ભાવયોગિની પૂ. બા. બ્ર. લીલમબાઈ મ.સ. એ મારામાં અપૂર્વ સંસ્કારોનું સિંચન કર્યું છે. આ આગમ અનુવાદ ભાવનાના ઉદ્ભાવિકા પૂ. બા. બ્ર. ઉષાબાઈ મ.સ.નું ઋણ મારા અંતરમાં અંકિત છે.

મારા પરમ ઉપકારી ગુરુણીમૈયા જેઓના હૃદયે મારા માટે સ્નેહની અજસ્ર સરવાણી વહી રહી છે, જેઓએ મને હંમેશાં ઉત્તમ કાર્યો પ્રતિ પ્રેરી છે, પ્રશંસી છે, મારી હર ભાવનાના સાક્ષી પૂ. બા. બ્ર. શ્રી ભારતીબાઈ મ. સ. (બાપજી)ની મમતાએ મને સંયમની વાટ દેખાડી છે, પ્રત્યક્ષ પરોક્ષ પ્રેરણાદાત્રી એવા મમ સહોદરી અને ગુરુભગિની સ્વ. પૂ. બા. બ્ર. હર્ષિદાબાઈ મ.સ. આદિ સર્વ ગુરુતત્ત્વના શ્રી ચરણે શ્રદ્ધા ભર્યા વંદન !!!

આગમ સંપાદનના અપદક છતાં સર્વે સર્વા આગમ મનીષી પૂ. બા. બ્ર. શ્રી ત્રિલોકમુનિ મ.સા. કે જેઓના પિતૃહૃદયે મારા પ્રતિ હંમેશ પુત્રીવત્ ભાવના રહી છે. પ્રધાન સંપાદિકા ગુરુણીમૈયા પૂ. બા. બ્ર. લીલમબાઈ મ.સ. તથા સહસંપાદિકા શ્રુતજ્ઞાનના મારા ભૂતપૂર્વ સહાધ્યાયી સાધ્વી શ્રી ડૉ. આરતી અને શ્રી સુબોધિકાજી આદિ સંપાદક મંડળે આ આગમને પારસ સ્પર્શ આપી સો ટચનું સુવર્ણ બનાવ્યું છે. તેઓશ્રીને મારા અહોભાવપૂર્વકના વંદન.

આ ભગીરથ કાર્યમાં મારા ક્ષણેક્ષણના મૂક સાથી, સહયોગી પીઠબળસમા પૂ. બા. બ્ર. પ્રિયદર્શનાબાઈ સ્વામી, શ્રી વિદુબાઈ મ. અને શ્રી રૂપલબાઈ મ. ને પણ મારા ભાવભર્યા વંદન. આ તકે મારા પરમ હિતસ્વી પૂ. બા. બ્ર. શ્રી ઉર્મિબાઈ સ્વામીના ઉપકારને પણ હૃદયથી વંદુ છું.

ઘાટકોપર હિંગવાલા સ્થા. જૈન સંઘ સંચાલિત શ્રમણી વિદ્યાપીઠના પિતૃવત્સલ મોટા પંડિતજી શ્રીમાન શોભાચંદજી ભારિલ્લ તેમજ નાના પંડિતજી શ્રી રોશનલાલજી જૈન, આ બંને પંડિતોનો જ્ઞાનના ક્ષેત્રે મારી શ્રુતદષ્ટિ ખોલવામાં મહત્વનો ફાળો છે, મારા માટે તેઓશ્રીનો ઉપકાર અવિસ્મરણીય છે.

જેઓએ અપાર વાત્સલ્ય સહ ઉત્તમ સંસ્કાર તેમજ ધર્મભાવનાના બીજનું મારામાં વાવેતર કર્યું છે એવા માત–તાત સ્વ. શ્રી લીલાવંતીબેન અને સ્વ. શાંતિલાલ મૂળચંદ ટીંબડીયાની યાવત્ જીવન ઋણી છું.

શરૂઆતથી લઈને અંત સુધી મારા કાર્યને વેગ આપવામાં તથા ભાષા દોષને શુદ્ધ કરી સજાવી કડીબદ્ધ કરવામાં સહયોગી સાક્ષર ડૉ. શ્રી રસિકભાઈ મહેતા (જગડુશા–ઘાટકોપર) તથા શ્રી અશોકભાઈ જયંતિલાલ અજમેરા (રાજાવાડી–ઘાટકોપર) પ્રતિ અહોભાવની લાગણી અનુભવું છું.

આ તબક્કે ગુરુપ્રાણ ફાઉન્ડેશન દ્વારા આગમનું પ્રકાશન કરી રહેલા ભામાશા શ્રી રમણિકભાઈ શાહ, પ્રમુખ શ્રી ચંદ્રકાંતભાઈ શેઠ તથા મુદ્રક શ્રી નેહલભાઈને મારા હાર્દિક સાધુવાદ સહ ધન્યવાદ છે.

વૃત્તિકાર આચાર્ય શ્રી મલયગિરિ, યુવાચાર્ય મધુકર મિશ્રીમલજી મ.સા. તથા પૂજ્યવર શ્રી જ્ઞાનમુનિ મ.સા. આદિ પ્રતિ પણ અનુગ્રહીત છું.

આ આગમને ગ્રંથારૂઢ કરવાના યશભાગી શ્રુતાધાર શ્રી સ્થા. જૈન સંઘ સાંતાક્રુઝ શ્રી સંઘના ઉદાર દિલ દાતાઓ શ્રી ચંદુભાઈ શાહ(મુખ્ય દાતા), માતુશ્રી લક્ષ્મીબેન દેઢીયા, શ્રીમતિ હીરાલક્ષ્મીબેન કંપાણી, શ્રીમતિ ચંદ્રિકાબેન કંપાણી, માતુશ્રી મંજુલાબેન ટોળીયા તથા એક સદ્ગૃહસ્થ અને વી. એસ. ગડા(અંધેરી) આદિની શ્રુતભક્તિ... ગુરુભક્તિને અનેકશઃ અભિનંદન સહ સાધુવાદ.

સર્વ નામી અનામી કૃતજ્ઞજનોની સ્નેહ સિક્ત સહાયે આવા ગહન આગમના ભાવોનું યત્કિંચિત્ અવગાહન કરી-કરાવી શકી છું; તે સર્વને કૃતજ્ઞભાવે વંદના... અભિવંદના !!!

મારી છદ્મસ્થતા તથા અલ્પમતિને કારણે જિનાજ્ઞા વિરુદ્ધ કંઈપણ લખાણું કે આલેખાણું હોય તો ત્રિવિધે ત્રિયોગે મિચ્છામિ દુક્કડમ્....

**–ગુરુપાદ પદ્મરેણુ ભારતશિશુ**

**સાધ્વી સુધા**

## 卐 સૂત્રોના શ્લોક પ્રમાણ અને ઉપધાન-તપ 卐

| | શ્લોક | તપ | વિશેષ |
|---|---|---|---|
| (૧) શ્રી આચારાંગ સૂત્ર | ૨૫૦૦ | ૫૦ | **જ્ઞાતવ્ય :–** અહીં બત્રીસ સૂત્રોના મૂળપાઠનાં શ્લોક-પરિમાણ સંગ્રહિત કર્યા છે. જેમાં ૩૨ અક્ષરનો એક શ્લોક ગણતાં આચારાંગ સૂત્રનો મૂળ પાઠ ૨૫૦૦ શ્લોક પ્રમાણ થાય છે. આ જ રીતે બીજા સૂત્રોનાં શ્લોક પરિમાણ સમજી લેવા જોઈએ. ઉપરોક્ત સર્વ શાસ્ત્રોની શ્લોક સંખ્યા ૬૮૩૭૬ થાય છે. પ્રત્યેક આગમની વાચણી લેવાના સમયે અથવા ત્યારપછી ગુરુ આજ્ઞાનુસાર આયંબિલ તપ કરવું જરૂરી છે. આગમ વાંચન સંબંધી આ તપને શાસ્ત્રમાં **ઉપધાન(તપ)** કહેવામાં આવ્યું છે. આ ઉપધાન તપમાં આયંબિલના સ્થાને ઉપવાસ, એકાસણા પણ કરી શકાય છે. તેમાં, ૨ આયંબિલ = ૧ ઉપવાસ, ૧ આયંબિલ = ૨ એકાસણા ગણવામાં આવે છે. |
| (૨) શ્રી સૂયગડાંગ સૂત્ર | ૨૧૦૦ | ૩૦ | |
| (૩) શ્રી ઠાણાંગ સૂત્ર | ૩૭૭૦ | ૧૮ | |
| (૪) શ્રી સમવાયાંગ સૂત્ર | ૧૬૬૭ | ૩ | |
| (૫) શ્રી ભગવતી સૂત્ર | ૧૫૭૫૨ | ૧૮૬ | |
| (૬) શ્રી જ્ઞાતાધર્મકથા સૂત્ર | ૫૫૦૦ | ૩૩ | |
| (૭) શ્રી ઉપાસકદશા સૂત્ર | ૮૧૨ | ૧૪ | |
| (૮) શ્રી અંતગડદશા સૂત્ર | ૯૦૦ | ૧૨ | |
| (૯) શ્રી અનુત્તરોપપાતિક સૂત્ર | ૨૯૨ | ૭ | |
| (૧૦) શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર | ૧૨૫૦ | ૧૪ | |
| (૧૧) શ્રી વિપાક સૂત્ર | ૧૨૧૬ | ૨૪ | |
| (૧૨) શ્રી ઉવવાઈ સૂત્ર | ૧૨૦૦ | ૩ | |
| (૧૩) શ્રી રાજપ્રશ્નીય સૂત્ર | ૨૦૭૮ | ૩ | |
| (૧૪) શ્રી જીવાભિગમ સૂત્ર | ૪૭૦૦ | ૩ | |
| (૧૫) શ્રી પ્રજ્ઞાપના સૂત્ર | ૭૭૮૭ | ૩૮ | |
| (૧૬) શ્રી જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર | ૪૧૪૬ | ૧૦ | |
| (૧૭) શ્રી ચંદ્ર–સૂર્ય પ્રજ્ઞપ્તિ સૂત્ર [૨] | ૨૨૦૦ | ૩ | |
| (૧૮) શ્રી ઉપાંગ સૂત્ર(નિરયા૦) [૫] | ૧૧૦૯ | ૭ | |
| (૧૯) શ્રી નિશીથ સૂત્ર | ૧૮૧૫ | ૧૦ | |
| (૨૦) શ્રી દશાશ્રુતસ્કંધ સૂત્ર | ૭૫૦ | | |
| (૨૧) શ્રી બૃહત્કલ્પ સૂત્ર | ૪૭૩ | ૨૦ | |
| (૨૨) શ્રી વ્યવહાર સૂત્ર | ૮૩૫ | | |
| (૨૩) શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર | ૨૧૦૦ | ૨૯ | |
| (૨૪) શ્રી દશવૈકાલિક સૂત્ર | ૭૦૦ | ૧૫ | |
| (૨૫) શ્રી નંદી સૂત્ર | ૭૦૦ | ૩ | |
| (૨૬) શ્રી અનુયોગ દ્વાર સૂત્ર | ૧૮૯૯ | ૧૦ | |
| (૨૭) શ્રી આવશ્યક સૂત્ર | ૧૨૫ | ૮ | |

# ૩૨ અસ્વાધ્યાય

## શાસ્ત્રના મૂળપાઠ સંબંધી

| ક્રમ | વિષય | અસ્વાધ્યાય કાલ |
|---|---|---|
| | **આકાશસંબંધી દસ અસ્વાધ્યાય** | |
| ૧ | આકાશમાંથી મોટો તારો ખરતો દેખાય | એક પ્રહર |
| ૨ | દિગ્દાહ–કોઈ દિશામાં આગ જેવું દેખાય | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૩ | અકાલમાં મેઘગર્જના થાય [વર્ષાઋતુ સિવાય] | બે પ્રહર |
| ૪ | અકાલમાં વીજળી ચમકે [વર્ષાઋતુ સિવાય] | એક પ્રહર |
| ૫ | આકાશમાં ઘોરગર્જના અને કડાકા થાય | આઠ પ્રહર |
| ૬ | શુક્લપક્ષની ૧, ૨, ૩ની રાત્રિ | એક પ્રહર |
| ૭ | આકાશમાં વીજળી વગેરેથી યક્ષનું ચિહ્ન દેખાય | જ્યાં સુધી દેખાય ત્યાં સુધી |
| ૮ | કરા પડે | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૯ | ધુમ્મસ | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૧૦ | આકાશ ધૂળ–રજથી આચ્છાદિત થાય | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| | **ઔદારિક શરીર સંબંધી દસ અસ્વાધ્યાય** | |
| ૧૧ | તિર્યંચ, મનુષ્યના હાડકાં બળ્યા, ધોવાયા વિના હોય, | ૧૨ વર્ષ |
| ૧૨–૧૩ | તિર્યંચના લોહી, માંસ ૬૦ હાથ, મનુષ્યના ૧૦૦ હાથ [ફૂટેલા ઈંડા હોય તો ત્રણ પ્રહર] | દેખાય ત્યાં સુધી |
| ૧૪ | મળ–મૂત્રની દુર્ગંધ આવે અથવા દેખાય | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૧૫ | સ્મશાન ભૂમિ [૧૦૦ હાથની નજીક હોય] | – |
| ૧૬ | ચંદ્રગ્રહણ–ખંડ/પૂર્ણ | ૮/૧૨ પ્રહર |
| ૧૭ | સૂર્યગ્રહણ–ખંડ/પૂર્ણ | ૧૨/૧૬ પ્રહર |
| ૧૮ | રાજાનું અવસાન થાય તે નગરીમાં | નવા રાજા થાય ત્યાં સુધી |
| ૧૯ | યુદ્ધસ્થાનની નિકટ | યુદ્ધ ચાલે ત્યાં સુધી |
| ૨૦ | ઉપાશ્રયમાં પંચેન્દ્રિયનું કલેવર | જ્યાં સુધી હોય ત્યાં સુધી |
| | **ચાર મહોત્સવ–ચાર પ્રતિપદા** | |
| ૨૧–૨૮ | અષાઢ, આસો, કારતક અને ચૈત્રની પૂર્ણિમા અને ત્યાર પછીની એકમ | સંપૂર્ણ દિવસ–રાત્રિ |
| ૨૯–૩૨ | સવાર, સાંજ, મધ્યાહ્ન અને અર્ધરાત્રિ. | એક મુહૂર્ત |

[**નોંધ :–** પરંપરા અનુસાર ભાદરવા સુદ પૂનમ અને વદ એકમના દિવસે પણ અસ્વાધ્યાય મનાય છે. તેની ગણના કરતાં ૩૪ અસ્વાધ્યાય થાય છે.]

# શ્રી પન્નવણા સૂત્ર

સ્થવિર રચિત ઉપાંગ સંજ્ઞક

## ભાગ - ૧

**પદ : ૧ થી ૫**

**મૂળપાઠ, ભાવાર્થ, વિવેચન, પરિશિષ્ટ**

: અનુવાદિકા :

પૂ. શ્રી સુધાબાઈ મ.

આ ઉત્કાલિક સૂત્ર છે. તેના મૂળ પાઠનો સ્વાધ્યાય અસ્વાધ્યાયકાલને છોડીને ગમે ત્યારે થઈ શકે છે.

# પ્રથમ પદ

## પરિચય

આ પ્રથમ પદનું નામ પ્રજ્ઞાપનાપદ છે. તેમાં વિશ્વના મુખ્ય બે દ્રવ્ય–જીવ દ્રવ્ય અને અજીવ દ્રવ્યની પ્રજ્ઞાપનાનું પ્રતિપાદન છે.

**પ્રજ્ઞાપના– प्रकर्षरूपेण ज्ञापना-प्ररूपणा इति प्रज्ञापना ।** પ્રકર્ષ રૂપથી અર્થાત્ વિવિધ ભેદ-પ્રભેદ દ્વારા જીવ દ્રવ્ય અને અજીવ દ્રવ્યનું કથન કરવું, તેને પ્રજ્ઞાપના કહે છે. આ પદમાં જીવપ્રજ્ઞાપના કરતાં અજીવ પ્રજ્ઞાપનાનું વક્તવ્ય અલ્પ હોવાથી તેનું કથન પ્રથમ કરવામાં આવ્યું છે અને અજીવ પ્રજ્ઞાપનામાં રૂપી અજીવ પ્રજ્ઞાપના કરતાં અરૂપી અજીવ પ્રજ્ઞાપનાનું કથન અલ્પ હોવાથી તેનું વર્ણન પ્રથમ કરવામાં આવ્યું છે.

**અજીવ દ્રવ્ય–** જે જીવ નથી, જેમાં ચૈતન્ય લક્ષણ નથી, તેવા જડ દ્રવ્યને અજીવ કહે છે. તેના બે ભેદ છે– અરૂપી અજીવ અને રૂપી અજીવ.

**અરૂપી અજીવ દ્રવ્ય–** વર્ણ, ગંધ, રસ અને સ્પર્શથી રહિત હોય, તે અરૂપી છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને અદ્ધાસમય એટલે કાલ, તે ચાર અરૂપી અજીવ છે. તેમાંથી ધર્માસ્તિકાય દ્રવ્ય, જીવ અને પુદ્ગલ દ્રવ્યની ગતિમાં સહાયક બને છે. અધર્માસ્તિકાય દ્રવ્ય, જીવ અને પુદ્ગલ દ્રવ્યની સ્થિતિમાં સહાયક બને છે. આકાશાસ્તિકાય દ્રવ્ય, પ્રત્યેક દ્રવ્યોને અવગાહના પ્રદાન કરે છે, તે સર્વ દ્રવ્યના આધારરૂપ છે. અદ્ધાસમય-કાલ, પ્રત્યેક દ્રવ્ય પર વર્તી રહ્યો છે, તે પર્યાય પરિણમનમાં સહાયક બને છે.

આ ચારે દ્રવ્ય અરૂપી અજીવ છે. તે પોતાના વિશિષ્ટ સ્વભાવથી સ્વરૂપમાં જ સ્થિર રહે છે, તેમ છતાં જીવાદિની ગતિ આદિ ક્રિયામાં સહાયક બને છે, તેથી તેનું જ્ઞાન આવશ્યક છે.

**રૂપી અજીવ દ્રવ્ય–** જેમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાન હોય તે રૂપી કહેવાય છે. એક પુદ્ગલાસ્તિકાય જ રૂપી અજીવ દ્રવ્ય છે; સંઘટન અને વિઘટન એટલે કે ભેગા થવું અને વિખેરાઈ જવું, તે તેનો સ્વભાવ છે. જીવોના શરીર, કર્મ, મન, વચન આદિ પૌદ્ગલિક છે. જીવને સંસારમાં પરિભ્રમણ કરાવનાર કર્મ પણ પુદ્ગલ દ્રવ્ય જ છે. આ લોકમાં જે કાંઈ દષ્ટિગોચર થાય છે, તે સર્વ પુદ્ગલ દ્રવ્ય જ છે કારણ કે એક પુદ્ગલ દ્રવ્ય જ રૂપી છે. વર્ણાદિની અપેક્ષાએ તેના અનેક ભેદ-પ્રભેદ થાય છે.

**જીવ દ્રવ્ય–** ચૈતન્ય લક્ષણ; જ્ઞાન, દર્શન ગુણથી યુક્ત; સુખ-દુઃખનો અનુભવ કરનાર દ્રવ્યને જીવ દ્રવ્ય કહે છે. જીવ દ્રવ્યનો કર્મરૂપ અજીવ દ્રવ્ય સાથે અનાદિકાલીન સંબંધ છે. તેનાથી જ તેનું ચાર ગતિરૂપ સંસાર ભ્રમણ થઈ રહ્યું છે. જીવ કર્મરૂપી પરપુદ્ગલ દ્રવ્યના સંગથી જ્યારે મુક્ત થાય છે ત્યારે તેનું પરિભ્રમણ પણ અટકી જાય છે. આ રીતે જીવોના મુખ્ય બે પ્રકાર છે– (૧) કર્મરહિત જીવો– સિદ્ધ જીવો (૨) કર્મ સહિત જીવો– સંસારી જીવો.

**સિદ્ધજીવો–** સંસારભ્રમણથી મુક્ત થયેલા, કર્મ રહિત જીવોને સિદ્ધ કહે છે, સૂત્રકારે તેના માટે

'અસંસાર સમાપન્નક જીવો', શબ્દનો પ્રયોગ કર્યો છે. તે બધા જીવો એક સમાન છે. તેમ છતાં તેના સિદ્ધ થવાના સમયની અપેક્ષાએ બે ભેદ થાય છે. અનંતર સિદ્ધ અને પરંપર સિદ્ધ. સિદ્ધિ પ્રાપ્તિના પ્રથમ સમયવર્તી જીવોને અનંતર સિદ્ધ અને બીજા, ત્રીજા આદિ સમયવર્તી જીવોને પરંપર સિદ્ધ કહે છે. અનંતર સિદ્ધના પણ પૂર્વ પ્રજ્ઞાપન નયની અપેક્ષાએ પંદર ભેદ થાય છે.

**સંસારી જીવો–** ચાર ગતિરૂપી સંસારમાં પરિભ્રમણ કરતાં કર્મયુક્ત જીવો, સંસારી જીવ કહેવાય છે. તેના ભેદ-પ્રભેદ વિવિધ પ્રકારે થઈ શકે છે. પ્રસ્તુત પદમાં સૂત્રકારે પાંચ ઇન્દ્રિયની અપેક્ષાએ સંસારી જીવોના પાંચ ભેદ કર્યા છે.

જે જીવોને એક સ્પર્શેન્દ્રિય અર્થાત્ કાયા જ હોય છે, તે **એકેન્દ્રિય જીવ** કહેવાય છે. તે જીવો સ્થાવર છે, તે સ્વયં ગતિ કરી શકતા નથી. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિના જીવો એકેન્દ્રિય છે.

જે જીવોને સ્પર્શેન્દ્રિય અને જિહ્વેન્દ્રિય, આ બે ઇન્દ્રિય હોય છે, તે **બેઇન્દ્રિય** જીવ કહેવાય છે. યથા– કૃમિ, ઇયળ, અળસિયા, પોરા આદિ જીવો.

જે જીવોને સ્પર્શેન્દ્રિય, જિહ્વેન્દ્રિય અને ઘ્રાણેન્દ્રિય, આ ત્રણ ઇન્દ્રિય હોય છે, તે **તેઇન્દ્રિય** જીવ કહેવાય છે. યથા– કીડી, મંકોડા, કંથવા, જૂ, લીખ આદિ જીવો.

જે જીવોને સ્પર્શેન્દ્રિય, જિહ્વેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય અને ચક્ષુરિન્દ્રિય, આ ચાર ઇન્દ્રિય હોય તે **ચૌરેન્દ્રિય** જીવ કહેવાય છે. યથા– માખી, મચ્છર, ભ્રમર આદિ.

જે જીવોને સ્પર્શેન્દ્રિય, જિહ્વેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય અને શ્રોતેન્દ્રિય, આ પાંચ ઇન્દ્રિય હોય તે **પંચેન્દ્રિય** જીવ કહેવાય છે. યથા– નારકી, તિર્યંચ પંચેન્દ્રિય, મનુષ્ય અને દેવતા.

એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચૌરેન્દ્રિય જીવોની એક તિર્યંચગતિ હોય છે. પંચેન્દ્રિય જીવો ચારે ય ગતિમાં હોય છે. બેઇન્દ્રિયથી પંચેન્દ્રિય પર્યંતના જીવો સ્વયં ગતિ કરી શકે છે તેથી તે જીવો ત્રસ કહેવાય છે. આ રીતે જીવોના કર્માનુસાર તેમાં અનેક પ્રકારની વિવિધતા જોઈ શકાય છે. સૂત્રકારે તેનું વિસ્તૃત વર્ણન કર્યું છે.

જીવની આ પ્રકારની વિવિધતાનું સ્પષ્ટ દર્શન, તેના ચોક્કસ કારણો અને તેનાથી મુક્ત થઈને સિદ્ધદશાની પ્રાપ્તિ પર્યંતનું વર્ણન તે જૈન દર્શનની મૌલિકતા છે. જીવ સ્વયં પોતાના પુરુષાર્થથી જ વિકાસ પામીને મુકત થઈ શકે છે અને જીવનો જ અવળો પુરુષાર્થ તેને ભવભ્રમણ કરાવે છે. જીવને સુખી કે દુઃખી કરનાર અન્ય કોઈ નથી.

સૂક્ષ્મ કે સ્થૂલ પ્રત્યેક જીવનું સ્વતંત્ર અસ્તિત્વ છે અને તે જીવ પોતાની સ્વતંત્ર શક્તિથી પોતાનું ભાવિ નિર્માણ કરે છે. આ રીતે વિશ્વના જીવ અને અજીવ, આ બે દ્રવ્યોની વાસ્તવિકતાનું દર્શન કરાવીને પ્રથમ પદ પૂર્ણ થાય છે.

❖❖❖❖❖

# પ્રથમ પદ : પ્રજ્ઞાપના

**પ્રારંભિક :**

**૧**

**ववगयजर-मरणभए, सिद्धे अभिवंदिऊण तिविहेणं ।**
**वंदामि जिणवरिंदं, तेलोक्कगुरुं महावीरं ॥१॥**

**सुयरयणणिहाणं, जिणवरेण भवियजणणिव्वुइकरेणं ।**
**उवदंसिया भगवया, पण्णवणा सव्वभावाणं ॥२॥**

**अज्झयणमिणं चित्तं, सुयरयणं दिट्ठिवायणीसंदं ।**
**जह वण्णियं भगवया, अहमवि तह वण्णइस्सामि ॥३॥**

**ભાવાર્થ :–** (ગાથાર્થ) જરા, મૃત્યુ અને ભયથી રહિત સિદ્ધોને ત્રિવિધે વંદન કરીને ત્રૈલોક્ય ગુરુ જિનેશ્વર શ્રી મહાવીર સ્વામીને વંદન કરું છું. ॥ **૧** ॥

ભવી જીવોને નિર્વાણનો ઉપદેશ આપનારા જિનેશ્વર ભગવાને શ્રુતરત્નનિધિરૂપ સર્વભાવોની પ્રજ્ઞાપનાનો ઉપદેશ આપ્યો છે. ॥ **૨** ॥

દૃષ્ટિવાદના સારભૂત, વિવિધતાઓથી યુક્ત, શ્રુતરત્નસમ આ અધ્યયનનું–પ્રજ્ઞાપનાસૂત્રનું શ્રી તીર્થંકર ભગવાને જેવું વર્ણન કર્યું છે, તેવું જ વર્ણન હું પણ(શ્યામાચાર્ય) કરીશ. ॥ **૩** ॥

**વિવેચન :–**

પ્રસ્તુત ત્રણ ગાથામાંથી પ્રથમ ગાથામાં સૂત્રકારે મંગલાચરણરૂપે સિદ્ધ ભગવંતોને અને શાસનપતિ ભગવાન મહાવીર સ્વામીને વંદન કર્યા છે. ત્યાર પછી બે ગાથામાં પ્રસ્તુત સૂત્ર રચનાની અને દૃષ્ટિવાદથી નિર્યુહણ(ઉદ્ધરણ) કરવાની પ્રતિજ્ઞા કરી છે.

**મંગલાચરણ :–** વ્યાખ્યાકારોએ મંગલના ત્રણ પ્રકાર બતાવ્યા છે. આદિ, મધ્ય અને અંતિમ મંગલ. શાસ્ત્રના પ્રારંભમાં જે મંગલાચરણ કરવામાં આવે, તે **આદિ મંગલ** કહેવાય છે. તેના ત્રણ કારણ છે– (૧) વિઘ્નોના ઉપશમ માટે (૨) અશુભ કર્મોના ક્ષય માટે અને (૩) શિષ્ટજનોની પરંપરાના પાલન માટે, આદિ મંગલ કરાય છે. વ્યાખ્યાકારના કથન પ્રમાણે શાસ્ત્રીય જ્ઞાનને સ્થિર કરવા માટે **મધ્ય મંગલ** હોય છે.

શિષ્ય પરંપરાએ શાસ્ત્રની વિચારધારાને અક્ષુણ્ણ બનાત્રવવી તે **અંતિમ મંગલ**નું પ્રયોજન છે. પ્રસ્તુત સૂત્રમાં **ववगय जरमरणभए** આ વાક્ય આદિ મંગલ, ઓગણત્રીસમાં ઉપયોગપદમાં **कइविहेणं उवओगे पण्णत्ते** તે વાક્ય મધ્ય મંગલ અને છત્રીસમા પદના અંતે **सुही सुहं पत्ता** આ વાક્ય અંતિમ મંગલરૂપે છે, તેમ પ્રજ્ઞાપના સૂત્રના ટીકાકાર આચાર્યશ્રી મલયાગિરીજી એ સૂચિત કર્યું છે.

અનેક શાસ્ત્રોના પ્રારંભ વગેરેમાં મંગલાચરણ જોવા મળતું નથી, જેમ કે– આચારાંગ, સૂત્રકૃતાંગ, સ્થાનાંગ, સમવાયાંગ વગેરે, સૂત્રોમાં મંગલાચરણ વિના જ વિષયનો પ્રારંભ છે. ત્યાં એમ સમજવું કે શ્રુતજ્ઞાન અને જિનવાણી સ્વયં મંગલરૂપ જ છે.

**અનુબંધ ચતુષ્ટય :–** વ્યાખ્યાકારોના કથાનુસાર પ્રસ્તુત બીજી અને ત્રીજી ગાથામાં અનુબંધ ચતુષ્ટયનું કથન છે. જેમ કે– **प्रवृत्तिप्रयोजकज्ञानविषयत्वमनुबंधत्वम्, विषयश्चाधिकारी च संबंधश्च प्रयोजनमिति अनुबंध चतुष्टयम्** (૧) વિષય, (૨) અધિકારી, (૩) સંબંધ અને (૪) પ્રયોજનના કથનને અનુબંધ ચતુષ્ટય કહે છે.

**(૧) વિષય–** શાસ્ત્રનો અભિધેય(કહેવા યોગ્ય) વિષય શ્રુતનિધિરૂપ જીવ-અજીવ દ્રવ્યના સર્વ ભાવોની પ્રરૂપણા છે. દ્વિતીય ગાથાગત **पण्णवणा**(પ્રજ્ઞાપના) શબ્દ જ આ આગમના વિષયને સ્પષ્ટ કરે છે. **पण्णवणा- प्रकर्षेण निःशेषकुतीर्थीतीर्थंकरासाध्येन यथावस्थित स्वरूप निरूपणलक्षणेन ज्ञाप्यन्ते शिष्यबुद्धावारोप्यन्ते जीवाजीवादयः पदार्था अनयेति प्रज्ञापना ।** સમસ્ત કુતીર્થિકોના પ્રવર્તકો જેની પ્રરૂપણા કરવામાં અસમર્થ છે, તેવું વસ્તુ-સ્વરૂપનું પ્રકર્ષપણે યથાર્થ નિરૂપણ કરવું, જીવાજીવાદિ પદાર્થોના સ્વરૂપને શિષ્યની બુદ્ધિમાં આરોપિત કરવા, તેને સ્પષ્ટ રીતે સમજાઈ જાય તે રીતે કથન કરવું, તેને પ્રજ્ઞાપના કહે છે.

**(૨) અધિકારી–** જેને સર્વજ્ઞના વચનો પ્રતિ શ્રદ્ધા હોય, શાસ્ત્રજ્ઞાનમાં રુચિ હોય, શાસ્ત્રજ્ઞાન દ્વારા અપૂર્વ આનંદાનુભૂતિ થતી હોય; તેવા મહાવ્રતી કે અણુવ્રતી, સમ્યગ્દૃષ્ટિ સંપન્ન સાધકો આ આગમ જ્ઞાનના અધિકારી છે. તેમજ **मध्यस्थो बुद्धिमानर्थी श्रोता पात्रमिति स्मृतः ।** મધ્યસ્થ, બુદ્ધિમાન અને તત્ત્વજ્ઞાનાર્થી સાધક તેના પાત્ર છે.

**(૩) સંબંધ–** આગમવચન અને આગમ વચ્ચે કાર્ય-કારણ સંબંધ છે. શાસ્ત્રના વચનો જ્ઞાન પ્રાપ્તિનું કારણ છે અને તેનાથી પ્રાપ્ત થતું જ્ઞાન કાર્ય છે.

**(૪) પ્રયોજન–** પ્રસ્તુત શાસ્ત્રના બે પ્રયોજન છે. અનંતર પ્રયોજન અને પરમ્પર પ્રયોજન. આ બંને પ્રયોજન પણ બે-બે પ્રકારના છે– (૧) શાસ્ત્રકર્તાનું પ્રયોજન અને (૨) શ્રોતાનું પ્રયોજન.

(૧) પ્રાણીઓ પર અનુગ્રહ કરવો તે **શાસ્ત્રકર્તા**નું અનંતર પ્રયોજન છે. શાસ્ત્રના મૂળભૂત કર્તા, અર્થરૂપ આગમના ઉપદેષ્ટા તીર્થંકર ભગવાન છે, તેઓને કોઈપણ પ્રયોજન શેષ નથી, તેમ છતાં તીર્થંકર નામ કર્મની પ્રકૃતિના વેદન માટે તેઓ ઉપદેશ આપે છે. શ્રી આવશ્યક સૂત્રમાં પ્રશ્ન છે કે **तं च कहं वेइज्जइ ?** જિનનામકર્મનું વેદન કેવી રીતે થાય છે ? તેના ઉત્તરમાં કહ્યું છે કે **अगिलाए धम्मदेसणाए ।** અગ્લાનભાવે ધર્મોપદેશ આપવાથી જિનનામકર્મનું વેદન થાય છે. શાસ્ત્રકર્તાનું પરંપર પ્રયોજન મોક્ષપ્રાપ્તિ છે. (૨) શાસ્ત્રના અર્થનું જ્ઞાન પ્રાપ્ત કરવું, તે **શ્રોતાઓનું** અનંતર(સાક્ષાત્) પ્રયોજન છે અને મોક્ષ પ્રાપ્તિ, તે પરંપર પ્રયોજન છે.

**ववगय-जरामरणभए :–** જરા-મૃત્યુ અને ભયથી સદાને માટે મુક્ત. આ વિશેષણ સિદ્ધ ભગવાનનું છે. જરા એટલે વૃદ્ધાવસ્થા, મરણ = પ્રાણત્યાગ, ભય = ઈહલોકભય, પરલોકભય આદિ સાત પ્રકારના ભય. સિદ્ધ ભગવાન આ ત્રણેયથી સર્વથા રહિત થઈ ગયા છે.

**सिद्धे :–** **ध्मातं सितं येन पुराणकर्म, यो वा गतो निर्वृत्तिसौधमूर्ध्नि ।**
**ख्यातोऽनुशास्ता परिनिष्ठितार्थो, यः सोऽस्तु सिद्धः कृतमंगलो मे ॥१॥**

આ ગાથામાં વૃત્તિકારે સિદ્ધનું સ્વરૂપ છ પ્રકારની વ્યુત્પત્તિથી સમજાવ્યું છે– (૧) **सितं**- જેઓએ કર્મરૂપી ઈંધનને શુક્લધ્યાનરૂપી અગ્નિ વડે બાળી નાંખ્યા છે, (૨) જેઓ મુક્તિરૂપી પ્રાસાદના અગ્રભાગે બિરાજમાન છે, (૩) જેઓ પોતાના નિર્મળ અનંત આત્મગુણોથી પ્રસિદ્ધ છે, (૪) જેઓએ ધર્મશાસન

પ્રવર્તાવ્યું છે, (૫) જેઓ કૃતકૃત્ય થઈ ગયા છે, (૬) જેઓ મંગળરૂપ બની ગયા છે; તેવા ગુણ સંપન્ન શુદ્ધાત્માને સિદ્ધ કહે છે. તેવા સિદ્ધ ભગવાન મારું મંગલ કરે.

**जिणवरिंदं :–** જિનવરેન્દ્ર. **रागादिशत्रूनभिभवन्तीति जिनाः** = જે રાગાદિ શત્રુઓને જીતે છે તે જિન છે. જિનના ચાર પ્રકાર છે– (૧) શ્રુતજિન, (૨) અવધિજિન, (૩) મનઃપર્યવજિન અને (૪) કેવલીજિન. અહીં કેવળી-જિનને સૂચિત કરવા માટે 'વર' શબ્દનો પ્રયોગ છે. જિનોમાં જે વર–શ્રેષ્ઠ હોય, અતીત અનાગત અને વર્તમાનકાળના સમસ્ત પદાર્થોના સ્વરૂપને જાણનારા કેવળજ્ઞાનથી યુક્ત હોય, તે જિનવર કહેવાય છે. આ અર્થ પ્રમાણે તો સામાન્યકેવળી પણ જિનવર કહેવાય, તેથી સૂત્રકારે જિનવર શબ્દ સાથે 'ઇન્દ્ર' વિશેષણનો પ્રયોગ કર્યો છે. તેથી જિનવરોના ઇન્દ્ર એટલે તીર્થંકર, તેવો અર્થ સૂચિત થાય છે.

**महावीरं :– वीरयति स्म कषायादिशत्रून प्रति विक्रामति स्मेति वीरः, महांश्चासौ वीरश्च महावीरः ।** જે કષાયાદિ શત્રુઓ સામે વીરત્વ(પરાક્રમ) દેખાડે છે, તે વીર છે અને વીરોમાં જે મહાન છે, તે મહાવીર છે. વર્તમાનમાં ભગવાન મહાવીરનું શાસન પ્રવર્તે છે. તેઓ આપણા આસન્ન ઉપકારી છે તેથી જ સૂત્રકારે ઋષભદેવાદિ તીર્થંકરોને છોડીને ચરમ તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીને નમસ્કાર કર્યા છે.

**तेलोक्कगुरुं :–** ત્રણે લોકના ગુરુ. અધોલોક નિવાસી અસુરકુમારાદિ ભવનપતિદેવોને, મધ્યલોકવાસી– મનુષ્યો, પશુઓ, વિદ્યાધરો, વાણવ્યંતરો અને જયોતિષી દેવોને તથા ઊર્ધ્વલોકવાસી સૌધર્મ આદિ વૈમાનિક દેવો, ઇન્દ્રો આદિને ધર્મોપદેશ આપતા હોવાથી પ્રભુને 'ત્રૈલોક્યગુરુ' કહ્યા છે.

ભગવાન મહાવીરને માટે પ્રયુક્ત જિનવરેંદ્ર, મહાવીર અને ત્રૈલોક્યગુરુ આ ત્રણ વિશેષણ ક્રમશઃ તેઓશ્રીના ચાર મૂળ અતિશયને પ્રગટ કરે છે. તેમાં જિનવરેન્દ્ર શબ્દથી જ્ઞાનાતિશય અને પૂજાતિશય, મહાવીર શબ્દથી અપાયાપગમાતિશય અને ત્રૈલોક્યગુરુ શબ્દથી વચનાતિશય પ્રગટ થાય છે.

**भगवया :– भग्** શબ્દના છ અર્થ થાય છે.

> **ऐश्वर्यस्य समग्रस्य, धर्मस्य यशसः श्रियः ।**
> **वैराग्यस्याय प्रयत्नस्य, षण्णां भग इतीङ्गना ॥**

સમગ્ર ઐશ્વર્ય(અષ્ટ મહાપ્રાતિહાર્ય, ત્રૈલોક્યાધિપતિત્વ), ધર્મ, યશ, શ્રી, વૈરાગ્ય અને પ્રયત્ન, આ છ ગુણોના ધારક તીર્થંકરોને ભગવાન કહે છે.

**भवियजणणिव्वुइकरेणं :–** ભવી જીવોની નિવૃત્તિના કરનારા. ભવી = તથાવિધ અનાદિ પારિણામિક ભાવના કારણે જેઓ સિદ્ધિગમનને યોગ્ય હોય, તે ભવી કહેવાય છે. **णिव्वुइ**ના બે અર્થ થાય છે– (૧) નિવૃત્તિ = નિર્વાણ, શાંતિ કે નિર્વાણના કારણભૂત સમ્યગ્દર્શન આદિ રત્નત્રયના પ્રદાન કરનારા (૨) નિર્વૃત્તિ = નિર્માણ-સમસ્ત કર્મમલ દૂર થવાથી સ્વરૂપનું કે પરમ સ્વાસ્થ્યનું નિર્માણ કરનારા; તીર્થંકર પ્રભુ, ભવી જીવો માટે રત્નત્રય પ્રદાન કરનારા અથવા પરમ સ્વાસ્થ્યનું નિર્માણ કરનારા છે.

તીર્થંકર ભગવંતો નિષ્પક્ષપણે સર્વ જીવોને ઉપદેશ આપે છે. ભવી જીવો તે ઉપદેશ શ્રવણ કરીને પોતાની પાત્રતા અનુસાર ભાવ આરોગ્યને પ્રાપ્ત કરે છે.

**છત્રીસ પદોનાં(અધ્યયનોનાં) નામ :–**

**૨** **पण्णवणा ठाणाइं, बहुवत्तव्वं ठिई विसेसा य ।**
**वक्कंती उस्सासो, सण्णा जोणी य चरिमाइं ॥४॥**

भासा सरीर परिणाम, कसाए इंदिए पओगे य ।
लेसा कायठिई य, सम्मत्ते अंतकिरिया य ॥५॥
ओगाहणसंठाणे, किरिया कम्मे त्ति यावरे ।
कम्मस्स बंधए कम्मवेदए, वेदस्स बंधए वेयवेयए ॥६॥
आहारे उवओगे, पासणया सण्णि संजमे चेव ।
ओही पवियारण वेयणा य, तत्तो समुग्घाए ॥७॥

**ભાવાર્થ :–** (ગાથાર્થ) શ્રી પ્રજ્ઞાપના સૂત્રમાં 'છત્રીસ' પદ છે. તેના નામ આ પ્રમાણે છે– (૧) પ્રજ્ઞાપના, (૨) સ્થાન, (૩) બહુવક્તવ્ય, (૪) સ્થિતિ, (૫) વિશેષ, (૬) વ્યુત્ક્રાંતિ, (૭) ઉચ્છ્‌વાસ, (૮) સંજ્ઞા, (૯) યોનિ, (૧૦) ચરમ. ॥ ૪ ॥

(૧૧) ભાષા, (૧૨) શરીર, (૧૩) પરિણામ, (૧૪) કષાય, (૧૫) ઇન્દ્રિય, (૧૬) પ્રયોગ, (૧૭) લેશ્યા, (૧૮) કાયસ્થિતિ, (૧૯) સમ્યક્ત્વ અને (૨૦) અંતક્રિયા. ॥ **૫** ॥ (૨૧) અવગાહના-સંસ્થાન, (૨૨) ક્રિયા, (૨૩) કર્મ, (૨૪) કર્મ બંધક(બાંધતા બાંધે), (૨૫) કર્મ વેદક(બાંધતા વેદે), (૨૬) કર્મવેદ બંધક (વેદતા બાંધે) અને (૨૭) કર્મવેદ વેદક(વેદતા વેદે). ॥ **૬** ॥ (૨૮) આહાર, (૨૯) ઉપયોગ, (૩૦) પશ્યત્તા, (૩૧) સંજ્ઞી, (૩૨) સંયમ, (૩૩) અવધિ, (૩૪) પ્રવિચારણા, (૩૫) વેદના અને (૩૬) સમુદ્‌ઘાત. ॥ **૭** ॥

**પ્રજ્ઞાપનાના પ્રકાર :–**

**૩** से किं तं पण्णवणा ? पण्णवणा दुविहा पण्णत्ता, तं जहा- जीवपण्णवणा य अजीवपण्णवणा य।

**ભાવાર્થ :– પ્રશ્ન–** પ્રજ્ઞાપનાના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** પ્રજ્ઞાપનાના બે પ્રકાર છે. તે આ પ્રમાણે છે– જીવ પ્રજ્ઞાપના અને અજીવપ્રજ્ઞાપના.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં પ્રજ્ઞાપનાના બે પ્રકારનું કથન છે.

**જીવ પ્રજ્ઞાપના :– जीवन्ति, प्राणान् धारयन्तीति जीवाः ।** જે જીવે છે, પ્રાણોને ધારણ કરે છે, ચૈતન્ય લક્ષણ સહિત અને ઉપયોગવાન હોય, તે જીવ છે. પ્રાણના બે ભેદ છે. દ્રવ્યપ્રાણ અને ભાવપ્રાણ. પાંચ ઇન્દ્રિય, મન, વચન, કાયા, શ્વાસોચ્છ્‌વાસ અને આયુષ્ય, તે દશ દ્રવ્ય પ્રાણ છે અને જ્ઞાન, દર્શન, સુખ અને વીર્ય, તે ચાર ભાવ પ્રાણ છે. સમસ્ત સંસારી જીવો યથાયોગ્ય દ્રવ્યપ્રાણથી જીવે છે. તે ઉપરાંત પ્રત્યેક સંસારી જીવમાં વધતે ઓછે અંશે ભાવપ્રાણ પણ અવશ્ય હોય છે. સિદ્ધના જીવોમાં દ્રવ્યપ્રાણ નથી. તે ભાવ પ્રાણથી જીવે છે.

સંસારી અને સિદ્ધ જીવોના સ્વરૂપનું કથન કરવું તે જીવપ્રજ્ઞાપના છે. જીવ સંબંધિત પ્રત્યેક વિષયો, ગતિ, જાતિ, ઇન્દ્રિય, યોનિ, જીવને રહેવાના સ્થાન, આત્મગુણરૂપ ઉપયોગ આદિ વિવિધ વિષયોનો સમાવેશ જીવ પ્રજ્ઞાપનામાં થાય છે.

**અજીવ પ્રજ્ઞાપના :– न जीवाअजीवा-जीवविपरीतस्वरूपाः ।** જે જીવ નથી તે અજીવ છે. જડલક્ષણ અને ઉપયોગ રહિત હોય તે અજીવ છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય,

પુદ્‌ગલાસ્તિકાય અને કાલ, તે પાંચ અજીવ દ્રવ્ય છે. તત્સંબંધિત વર્ણનને અજીવ પ્રજ્ઞાપના કહે છે.

**અજીવ પ્રજ્ઞાપના :–**

**૪ से किं तं अजीवपण्णवणा ? अजीवपण्णवणा दुविहा पण्णत्ता, तं जहा- रूविअजीव- पण्णवणा य अरूविअजीवपण्णवणा य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** અજીવ પ્રજ્ઞાપનાના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** અજીવ પ્રજ્ઞાપનાના બે પ્રકાર છે. તે આ પ્રમાણે છે– રૂપી અજીવ પ્રજ્ઞાપના અને અરૂપી અજીવ પ્રજ્ઞાપના.

**અરૂપી અજીવ પ્રજ્ઞાપના :–**

**૫ से किं तं अरूविअजीवपण्णवणा ? अरूविअजीवपण्णवणा दसविहा पण्णत्ता, तं जहा- धम्मत्थिकाए, धम्मत्थिकायस्स देसे, धम्मत्थिकायस्स पएसा, अधम्मत्थिकाए, अधम्मत्थि-कायस्सदेसे, अधम्मत्थिकायस्स पएसा, आगासत्थिकाए, आगासत्थिकायस्स देसे, आगासत्थि- कायस्स पएसा, अद्धासमए। से तं अरूविअजीवपण्णवणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** અરૂપી અજીવ પ્રજ્ઞાપનાના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** અરૂપી અજીવ પ્રજ્ઞાપનાના દશ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) ધર્માસ્તિકાય, (ર) ધર્માસ્તિકાયનો દેશ, (૩) ધર્માસ્તિકાયના પ્રદેશ, (૪) અધર્માસ્તિકાય, (૫) અધર્માસ્તિકાયનો દેશ, (૬) અધર્માસ્તિકાયના પ્રદેશ, (૭) આકાશાસ્તિકાય, (૮) આકાશાસ્તિકાયનો દેશ, (૯) આકાશાસ્તિકાયના પ્રદેશ અને (૧૦) અદ્ધાકાળ. આ અરૂપી અજીવ પ્રજ્ઞાપના છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં અરૂપી અજીવ પ્રજ્ઞાપનાના ભેદ-પ્રભેદનું પ્રતિપાદન છે.

**અરૂપી અજીવ :–** જેમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ આદિ ન હોય તેવા અચેતન પદાર્થોને અરૂપી અજીવ કહે છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને કાલ, આ ચાર દ્રવ્યો અરૂપી અજીવ છે અને તેમાં પ્રથમના ત્રણ દ્રવ્ય અસ્તિકાયરૂપ છે.

**અસ્તિકાય :–** પ્રદેશોના સમૂહને અસ્તિકાય કહે છે. ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય, આ બંને દ્રવ્ય અસંખ્યાત પ્રદેશના સમૂહરૂપ છે અને આકાશ દ્રવ્ય અનંતપ્રદેશના સમૂહ રૂપ છે, તેથી તે ત્રણે દ્રવ્ય અસ્તિકાય કહેવાય છે. કાળને પ્રદેશ ન હોવાથી તે અસ્તિકાય રૂપ નથી.

**ધર્માસ્તિકાય :– जीवानां पुद्गलानां च स्वभावत एव गतिपरिणामपरिणतानां तत्स्वभाव धरणात्-तत् स्वभावपोषणाद्धर्मः** । સ્વભાવથી જ ગતિ પરિણામથી પરિણત થયેલા જીવ અને પુદ્‌ગલના ગતિ સ્વભાવને ધારણ કરે, પોષણ કરે અર્થાત્ ગતિક્રિયામાં સહાયક બને, તે દ્રવ્યને ધર્માસ્તિકાય કહે છે. જેમ કે માછલીની ગતિમાં જલ સહાયક બને છે, પાણી ન હોય તો માછલી તરી ન શકે; તેમ જીવ અને પુદ્‌ગલ પોતાની શક્તિથી ગતિ કરે છે, તેમાં ધર્માસ્તિકાય દ્રવ્ય સહાયક બને છે. સહાયક દ્રવ્ય વિના તેની ગતિ થતી નથી. અલોકમાં ધર્માસ્તિકાય ન હોવાથી સિદ્ધના જીવો અનંત શક્તિમાન હોવા છતાં લોકાગ્રે સ્થિત થઈ જાય છે. ધર્માસ્તિકાય વિના જીવ કે પુદ્‌ગલની ગતિ થતી નથી. ધર્માસ્તિકાય એક, અખંડ,

નિત્ય અને લોકવ્યાપક દ્રવ્ય છે.

**ધર્માસ્તિકાય દ્રવ્યના ત્રણ ભેદ છે– (૧) ધર્માસ્તિકાય–** ચલન સહાયવાળા અસંખ્યાત પ્રદેશાત્મક અખંડ, લોકવ્યાપી એક દ્રવ્યને ધર્માસ્તિકાય કહે છે. થોકડાઓમાં આ પ્રથમ ભેદને ધર્માસ્તિકાયનો સ્કંધ કહેવાની પરંપરા છે. પરંતુ પ્રસ્તુત પાઠમાં ઉત્તરાધ્યયન સૂત્ર અધ્યયન–૩૬, ગાથા–૫ માં આ પ્રથમ ભેદ માટે 'ધર્માસ્તિકાય' શબ્દ પ્રયોગ છે, સ્કંધ શબ્દનો પ્રયોગ ત્યાં નથી, પુદ્ગલ દ્રવ્યમાં સ્કંધનો પ્રયોગ છે. પ્રદેશોના સમુદાયને સ્કંધ કહે છે. ધર્માસ્તિકાયના અસંખ્યાત પ્રદેશો હંમેશાં સમુદાય રૂપે જ રહે છે. આ જ રીતે અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાયના પ્રથમ ભેદ માટે પણ સમજવું. **(૨) ધર્માસ્તિકાયનો દેશ – धर्मास्तिकायस्य बुद्धिकल्पितो द्वयादिप्रदेशात्मको विभागः ।** ધર્માસ્તિકાય દ્રવ્યના બુદ્ધિકલ્પિત કોઈ પણ એક વિભાગને તેનો દેશ કહે છે. ઊર્ધ્વલોક, અધોલોક આદિ લોકના કોઈપણ એક અપેક્ષિત વિભાગમાં રહેલો ધર્માસ્તિકાય, ધર્માસ્તિકાયનો દેશ કહેવાય છે. **(૩) ધર્માસ્તિકાયના પ્રદેશ–** તે અખંડ દ્રવ્યના, દ્રવ્ય સાથે જોડાયેલા નિર્વિભાગી અંશને પ્રદેશ કહે છે.

**અધર્માસ્તિકાય :– जीव पुदगलानां स्थितिपरिणामपरिणतानां तत्परिणामोपष्टम्भकोऽ-मूर्तोऽसंख्यातप्रदेश- संघातात्मकोऽधर्मास्तिकायः ।** સ્થિતિ(સ્થિરતા) પરિણામમાં પરિણત જીવ તથા પુદ્ગલની સ્થિતિમાં એટલે સ્થિરતામાં સહાયક બને, તે અધર્માસ્તિકાય કહેવાય છે. તે પણ એક, અખંડ, નિત્ય અને લોકવ્યાપી દ્રવ્ય છે. તેના પણ ધર્માસ્તિકાયની જેમ ત્રણ ભેદ છે.

**આકાશાસ્તિકાય :–** 'આકાશ' શબ્દમાં પ્રયુક્ત **'आ'** ઉપસર્ગના બે અર્થ થાય છે, તેથી 'આકાશ' શબ્દના પણ બે અર્થ થાય છે– (૧) **'आङि' ति मर्यादया स्वस्वभावापरित्यागरूपया काशन्तेस्वरूपेण प्रतिभासन्ते अस्मिन् व्यवस्थिताः पदार्था इत्याकाशः ।** જેમાં સ્થિત થયેલા પદાર્થ આ = મર્યાદાથી એટલે કે પોતાનો સ્વભાવ છોડ્યા વિના, કાશ અર્થાત્ પ્રતિભાસિત થાય તે આકાશ. (૨) **यदा त्वभिविधावाङ तदा 'आङि' ति सर्वभावाभिव्याप्तया काशते इत्याकाशम् ।** જે બધા પદાર્થોમાં વ્યાપીને પ્રકાશિત રહે છે અર્થાત્ જે બધા જ દ્રવ્યોના આધારરૂપ છે, તેને આકાશ દ્રવ્ય કહે છે. તે એક, અખંડ નિત્ય અને લોકાલોકવ્યાપક દ્રવ્ય છે. તેના પણ પૂર્વવત્ ત્રણ ભેદ છે. આકાશાસ્તિકાયના અનંત પ્રદેશ છે. તેમાં લોકાકાશના અસંખ્યાત પ્રદેશ અને અલોકાકાશના અનંત પ્રદેશ છે.

**અદ્ધાસમય– अद्धाचासौ समयश्चाद्धासमयः अथवाऽद्धायाः समयो निर्विभागो भागः ।** (૧) અદ્ધા = કાલ અથવા સમય. (૨) અદ્ધારૂપકાલનો નિર્વિભાગી અંશ તે સમય. તે એક વર્તમાન સમયરૂપ જ છે. ભૂતકાલ નષ્ટ થઈ ગયો છે અને ભવિષ્યકાલ ઉત્પન્ન થયો નથી, તેથી વાસ્તવિક રીતે વર્તમાનનો એક જ સમય સત્ છે. તે એક સમય રૂપ હોવાથી અસ્તિકાયરૂપ નથી. અસંખ્યાત સમયના સમૂહની એક આવલિકા બને છે. આ રીતે પ્રાણ, સ્તોક, લવ, મુહૂર્ત આદિ કાલના એકમો સમયના સમૂહરૂપે મનાય છે. તે માત્ર વ્યવહારકાલ છે, નિશ્ચયકાલ તો વર્તમાનના એક સમયરૂપ જ છે. આ રીતે (૧) ધર્માસ્તિકાય (૨) તેનો દેશ (૩) તેનો પ્રદેશ (૪) અધર્માસ્તિકાય (૫) તેનો દેશ (૬) તેનો પ્રદેશ (૭) આકાશાસ્તિકાય (૮) તેનો દેશ (૯) તેનો પ્રદેશ અને (૧૦) અદ્ધાકાળ. આ અરૂપી અજીવના દશ ભેદ થાય છે.

શ્રી ભગવતી સૂત્ર શતક–૨, ઉદ્દેશક–૧૦ અને શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર અધ્યયન–૩૬માં ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોનું સ્વરૂપ, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ગુણની અપેક્ષાએ સ્પષ્ટ કરવામાં આવ્યું છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ અને ગુણની અપેક્ષાએ ચાર અરૂપી અજીવ દ્રવ્યના ૨૦ ભેદ થાય છે. આ રીતે

અરૂપી અજીવના ૧૦ + ૨૦ = ૩૦ ભેદ થાય છે.

**અરૂપી અજીવના ૩૦ ભેદ**




૩ + ૩ + ૩ + ૧ = ૧૦, ૪×૫ = ૨૦, ૧૦+૨૦ = ૩૦

**છ દ્રવ્યોનું દ્રવ્ય–ક્ષેત્ર આદિની દષ્ટિએ સ્વરૂપ :–**

| ક્રમ | દ્રવ્યનું નામ | જીવ/અજીવ | દ્રવ્યથી | ક્ષેત્રથી | કાળથી | ભાવથી | ગુણથી |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ધર્માસ્તિકાય | અજીવ | એક | લોક પ્રમાણ | અનાદિ–અનંત | અરૂપી | ગતિ સહાયક |
| ૨ | અધર્માસ્તિકાય | અજીવ | એક | લોક પ્રમાણ | અનાદિ–અનંત | અરૂપી | સ્થિતિ સહાયક |
| ૩ | આકાશાસ્તિકાય | અજીવ | એક | લોકાલોક પ્રમાણ | અનાદિ–અનંત | અરૂપી | અવગાહન ગુણ |
| ૪ | કાળ | અજીવ | અનંત | અઢીદ્વીપ પ્રમાણ | અનાદિ–અનંત | અરૂપી | વર્તના |
| ૫ | પુદ્‌ગલાસ્તિકાય | અજીવ | અનંત | લોકપ્રમાણ / લોકના દેશભાગમાં | અનાદિ–અનંત | રૂપી | ગ્રહણ ગુણ |
| ૬ | જીવાસ્તિકાય | જીવ | અનંત | લોક પ્રમાણ / લોકના દેશભાગમાં | અનાદિ–અનંત | અરૂપી | ઉપયોગવાન |
| ★ | જીવ અને પુદ્‌ગલ એક દ્રવ્યની અપેક્ષાએ લોકના એક દેશભાગમાં અને સર્વ દ્રવ્યની અપેક્ષાએ લોક–પ્રમાણ છે. | | | | | | |

**રૂપી-અજીવ-પ્રજ્ઞાપના :–**

**૬** **से किं तं रूविअजीवपण्णवणा ? रूविअजीवपण्णवणा चउव्विहा पण्णत्ता, तं जहा- खंधा खंधदेसा खंधप्पएसा परमाणुपोग्गला ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** રૂપી અજીવ પ્રજ્ઞાપનાના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** રૂપી અજીવ પ્રજ્ઞાપનાના ચાર પ્રકાર છે. તે આ પ્રમાણે છે– (૧) સ્કન્ધ, (૨) સ્કન્ધ દેશ, (૩) સ્કન્ધ પ્રદેશ, (૪) પરમાણુ પુદ્‌ગલ.

**૭** **ते समासओ पंचविहा पण्णत्ता, तं जहा- वण्णपरिणया गंधपरिणया रसपरिणया फासपरिणया संठाणपरिणया ।**

**ભાવાર્થ :–** તે સ્કંધાદિ ચારના સંક્ષેપથી પાંચ-પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) વર્ણ પરિણત (૨) ગંધ પરિણત (૩) રસ પરિણત (૪) સ્પર્શ પરિણત અને (૫) સંસ્થાન પરિણત.

**૮** **जे वण्णपरिणया ते पंचविहा पण्णत्ता, तं जहा- काल-वण्णपरिणया णील-वण्ण-परिणया लोहिय-वण्णपरिणया हालिद्द-वण्णपरिणया सुक्किल-वण्णपरिणया । जे गंधपरिणया ते दुविहा पण्णत्ता, तं जहा- सुब्भि-गंधपरिणया य दुब्भि-गंधपरिणया य । जे रसपरिणया से पंचविहा पण्णत्ता, तं जहा- तित्त-रसपरिणया कडुय-रसपरिणया कसाय-रसपरिणया अंबिल-रसपरिणया महुर-रसपरिणया ।**

**जे फासपरिणया ते अट्ठविहा पण्णत्ता, तं जहा- कक्खड-फासपरिणया मउयफास-परिणया गरुय-फासपरिणया लहुय-फासपरिणया सीय-फासपरिणया उसिण-फासपरिणया णिद्ध-फासपरिणया लुक्ख-फासपरिणया। जे संठाणपरिणया ते पंचविहा पण्णत्ता, तं जहा- परिमंडल-संठाणपरिणया वट्ट-संठाणपरिणया तंस-संठाणपरिणया चउरंस-संठाणपरिणया आयत-संठाणपरिणया ।**

**ભાવાર્થ :–** જે સ્કંધાદિ **વર્ણ પરિણત** છે, તેના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) કાળા વર્ણરૂપે પરિણત (૨) નીલવર્ણરૂપે પરિણત (૩) લાલ વર્ણરૂપે પરિણત (૪) પીળા વર્ણરૂપે પરિણત અને (૫) શુક્લ વર્ણરૂપે પરિણત. જે સ્કંધાદિ **ગંધ પરિણત** છે તેના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) સુરભિગંધ રૂપે પરિણત અને (૨) દુરભિગંધરૂપે પરિણત. જે સ્કંધાદિ **રસ પરિણત** છે તેના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) તિક્ત(તીખા) રસરૂપે પરિણત (૨) કડવા રસરૂપે પરિણત (૩) કસાયેલા રસરૂપે પરિણત (૪) ખાટા રસરૂપે પરિણત અને (૫) મધુર રસરૂપે પરિણત.

જે સ્કંધાદિ **સ્પર્શ પરિણત** છે તેના આઠ પ્રકાર છે. તે આ પ્રમાણે છે– (૧) કર્કશ સ્પર્શરૂપે પરિણત (૨) કોમળ સ્પર્શરૂપે પરિણત (૩) ગુરુ(ભારે) સ્પર્શરૂપે પરિણત (૪) લઘુ(હળવા) સ્પર્શરૂપે પરિણત (૫) શીત સ્પર્શરૂપે પરિણત (૬) ઉષ્ણ સ્પર્શરૂપે પરિણત (૭) સ્નિગ્ધ(ચીકણા) સ્પર્શરૂપે પરિણત અને (૮) રૂક્ષ સ્પર્શરૂપે પરિણત.

જે સ્કંધાદિ **સંસ્થાન(આકાર) પરિણત** છે તેના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) પરિમંડલ– ગોળ, ચુડીના સંસ્થાનરૂપે પરિણત (૨) વૃત્ત– ગોળ, લાડવાના સંસ્થાનરૂપે પરિણત (૩) ત્ર્યસ્ર–

ત્રિકોણ-સીંઘોડાના સંસ્થાન રૂપે પરિણત (૪) ચતુરસ્ર– ચોરસ સંસ્થાનરૂપે પરિણત અને (૫) આયત– લાંબા-લાકડીના સંસ્થાન રૂપે પરિણત.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં રૂપી અજીવના ભેદ-પ્રભેદોનું કથન છે.

**રૂપી અજીવ :–** જેમાં રૂપ હોય તેને રૂપી કહે છે. રૂપ એટલે વર્ણ. પુદ્‌ગલ દ્રવ્યમાં વર્ણ, ગંધ, રસ અને સ્પર્શગુણનું સાહચર્ય છે; તેથી રૂપના કથનથી શેષ ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાનનું પણ ગ્રહણ થાય છે. સંક્ષેપમાં જેમાં વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ હોય તેને રૂપી કહે છે. અજીવ દ્રવ્યોમાં એક પુદ્‌ગલાસ્તિકાય જ રૂપી છે. પુદ્‌ગલાસ્તિકાયના મુખ્ય ચાર ભેદ છે. સ્કંધ, દેશ, પ્રદેશ અને પરમાણુ. **खंधा–** જે પુદ્‌ગલ અન્ય પુદ્‌ગલોના મળવાથી પુષ્ટ થાય, પુદ્‌ગલો છૂટા પડવાથી ઘટી જાય તેને સ્કંધ કહે છે. તેના અનંત પ્રકાર છે. બે પરમાણુ ભેગા થવાથી દ્વિપ્રદેશી સ્કંધ બને છે. તે જ રીતે અનંત પરમાણુ ભેગા થવાથી અનંત પ્રદેશી સ્કંધ બને છે. તે અનંત પ્રદેશી સ્કંધમાંથી કેટલાક પરમાણુઓ છૂટા પડી જાય તો તે નાનો સ્કંધ બની જાય છે અને અન્ય પરમાણુઓ ભેગા થાય તો તે મોટો સ્કંધ બની જાય છે. આ રીતે તેમાં વધઘટ થયા કરે છે. **खंधदेसा–** સ્કંધ સાથે જોડાયેલા સ્કંધના જ બુદ્ધિ કલ્પિત એક વિભાગને સ્કંધદેશ કહે છે. સ્કંધના અનંત પ્રકાર હોવાથી સ્કંધદેશના પણ અનંત પ્રકાર છે. **खंधपएसा–** સ્કંધ સાથે જોડાયેલા સ્કંધના જ અવિભાજ્ય અંશને સ્કંધ પ્રદેશ કહે છે. તેના પણ અનંત પ્રકાર છે. **परमाणु पोग्गला–** સ્કંધથી છૂટા પડેલા અવિભાજ્ય અંશને પરમાણુ પુદ્‌ગલ કહે છે. ધર્માસ્તિકાય આદિ ત્રણે અરૂપી અજીવ દ્રવ્યો અખંડ હોવાથી તેના ખંડ છૂટા પડતા નથી તેથી તેમાં પરમાણુ પુદ્‌ગલ રૂપ ચોથો ભેદ નથી. પુદ્‌ગલ દ્રવ્યમાં સંઘટન અને વિઘટન થતું હોવાથી તેમાં પરમાણુ રૂપ ભેદ થાય છે.

સ્કંધાદિને લાડવાના માધ્યમે સમજાવવામાં આવે છે–

(૧) અનેક બુંદીઓના દાણા જોડાય ત્યારે તે લાડવો કહેવાય છે. તેમ સંખ્યાત-અસંખ્યાત કે અનંત પરમાણુઓ ભેગા મળે ત્યારે તે સ્કંધ કહેવાય છે.

(૨) લાડવામાં પા, અર્ધો, પોણો વગેરે વિભાગ બુદ્ધિથી કલ્પવામાં આવે તેમ સ્કંધના બુદ્ધિ કલ્પિત વિભાગો દેશ કહેવાય છે.

(૩) લાડવામાં જોડાયેલા બુંદીના એક-એક દાણાની જેમ સ્કંધ સાથે જોડાયેલા તેના પ્રત્યેક નિર્વિભાગ અંશ(જેનો હવે વિભાગ થઈ જ ન શકે તેવા અંશ)ને પ્રદેશ કહે છે.

(૪) લાડવાથી છૂટા પડી ગયેલા બુંદીના દાણાની જેમ સ્કંધનો પ્રદેશ(નિર્વિભાગ અંશ) સ્કંધથી છૂટો પડી જાય ત્યારે તે પરમાણુ કહેવાય છે.

સ્કંધ, દેશ અને પ્રદેશ; તે ત્રણે ભેદ સ્કંધ અવસ્થામાં જ છે, તેથી પુદ્‌ગલાસ્તિકાયના મુખ્ય બે ભેદ થાય છે, સ્કંધ અને પરમાણુ.

**પુદ્‌ગલના ગુણો–** પુદ્‌ગલ દ્રવ્યમાં વર્ણાદિ પાંચ ગુણો છે. યથા– (૧) વર્ણપરિણત, (૨) ગંધપરિણત, (૩) રસપરિણત, (૪) સ્પર્શપરિણત અને (૫) સંસ્થાન પરિણત.

**परिणया :–** પરિણત શબ્દ પ્રયોગ ભૂતકાલનો સૂચક હોવા છતાં ઉપલક્ષણથી ત્રિકાલને સૂચિત કરે છે.

ભવિષ્યકાલ જ ક્રમશઃ વર્તમાન બને છે અને વર્તમાનકાલ જ સમયે-સમયે ભૂતકાલ બની જાય છે. આ રીતે ત્રણે કાલ પરસ્પર સંબંધિત છે. જે પુદ્ગલો ભૂતકાલમાં વર્ણરૂપે પરિણત થઈ ગયા છે, વર્તમાનમાં વર્ણરૂપે પરિણત થાય છે અને ભવિષ્યમાં વર્ણરૂપે પરિણત થશે, તેવા પુદ્ગલો વર્ણપરિણત કહેવાય છે. તે જ રીતે ગંધાદિ પરિણત પુદ્ગલનું સ્વરૂપ સમજવું.

**વર્ણ :–** વર્ણ(રંગ)ના પાંચ પ્રકાર છે– કાળો, નીલો, લાલ, પીળો અને શ્વેત. તેમાં (૧) કાજળ આદિ સમાન કાળા રંગના પુદ્ગલો, કૃષ્ણવર્ણ પરિણત કહેવાય છે. (૨) મોરની ગર્દન આદિની સમાન નીલરંગી પુદ્ગલો, નીલવર્ણ પરિણત કહેવાય છે. (૩) હિંગળોક આદિ સમાન લાલ રંગના પુદ્ગલો લોહિત(રક્ત) વર્ણ પરિણત કહેવાય છે. (૪) હળદર આદિ સમાન પીળા રંગના પુદ્ગલો હારિદ્ર(પીત) વર્ણ પરિણત છે અને (૫) શંખ આદિ સમાન શ્વેત રંગના પુદ્ગલો શુક્લ વર્ણ પરિણત કહેવાય છે. પ્રત્યેક પુદ્ગલ દ્રવ્યમાં પાંચ વર્ણમાંથી કોઈ પણ એક વર્ણ અવશ્ય હોય છે. વર્ણરૂપે તે નિત્ય છે પરંતુ પાંચવર્ણરૂપે અનિત્ય છે અર્થાત્ કાળા રંગનું પુદ્ગલ સમયાંતરે લાલ-પીળાદિ વર્ણરૂપે પરિણત થઈ શકે છે.

**ગંધ :–** ગંધના બે પ્રકાર છે– સુરભિગંધ અને દુરભિગંધ. તેમાં (૧) ચંદનાદિની જેમ સુગંધિત પુદ્ગલો સુગંધ પરિણત અને (૨) લસણાદિની જેમ દુર્ગંધિત પુદ્ગલો દુર્ગંધ પરિણત કહેવાય છે.

**રસ :–** રસના પાંચ પ્રકાર છે– તીખો, કડવો, કષાયેલો (તૂરો), ખાટો અને મીઠો. તેમાં (૧) મરચાં આદિની જેમ તિક્ત(તીખા) રસવાળા પુદ્ગલો તિક્તરસ પરિણત કહેવાય છે. (૨) લીમડા આદિની જેમ કટુ(કડવા) રસવાળા પુદ્ગલો કટુરસ પરિણત કહેવાય છે. (૩) હરડે આદિની જેમ કસાયેલા(તુરા) રસવાળા પુદ્ગલો કષાયરસ પરિણત કહેવાય છે. (૪) આમલી આદિની જેમ ખાટા રસવાળા પુદ્ગલો આમ્લરસ પરિણત અને (૫) સાકર આદિની સમાન મધુર રસવાળા પુદ્ગલો મધુરરસ પરિણત કહેવાય છે.

**સ્પર્શ :–** સ્પર્શના આઠ પ્રકાર છે– કર્કશ-સુંવાળો, ભારે-લઘુ, શીત-ઉષ્ણ, સ્નિગ્ધ-રૂક્ષ. તેમાં (૧) પાષાણ-પથ્થર આદિની જેમ કઠોર(ખરબચડા) સ્પર્શવાળા પુદ્ગલો કર્કશસ્પર્શ પરિણત કહેવાય છે. (૨) રૂ, રેશમ આદિની જેમ કોમળ(સુંવાળા) સ્પર્શવાળા પુદ્ગલો મૃદુસ્પર્શ પરિણત કહેવાય છે. (૩) વજ્ર, લોખંડ આદિની જેમ ભારે સ્પર્શવાળા પુદ્ગલો ગુરુસ્પર્શ પરિણત કહેવાય છે. (૪) સેમલના રૂ આદિ સમાન હળવા સ્પર્શ વાળા પુદ્ગલો લઘુસ્પર્શ પરિણત કહેવાય છે. (૫) બરફ આદિની જેમ ઠંડા સ્પર્શવાળા પુદ્ગલો શીત સ્પર્શ પરિણત કહેવાય છે. (૬) અગ્નિ આદિની જેમ ગરમ(ઉષ્ણ) સ્પર્શવાળા પુદ્ગલો ઉષ્ણ સ્પર્શ પરિણત કહેવાય છે. (૭) ઘી-તેલ આદિની જેમ સ્નિગ્ધ-ચીકણા(ચોપડેલ) સ્પર્શવાળા પુદ્ગલો સ્નિગ્ધસ્પર્શ પરિણત અને (૮) રાખ આદિની જેમ લુખા સ્પર્શવાળા પુદ્ગલો રૂક્ષ સ્પર્શ પરિણત પુદ્ગલ કહેવાય છે.

**સંસ્થાનના પાંચ પ્રકાર :–** સંસ્થાન(આકાર)ના પાંચ પ્રકાર છે– પરિમંડલ, વૃત્ત, ત્ર્યસ્ર, ચતુરસ્ર અને આયત. તેમાં જે પુદ્ગલો– (૧) વલય–ચૂડીની સમાન વર્તુળાકાર ગોળ અને વચ્ચે પોલાણ વાળા પુદ્ગલો પરિમંડલ સંસ્થાન પરિણત કહેવાય છે. (૨) થાળી, લાડવા આદિ સમાન વચ્ચે પોલા ન હોય તેવા ગોળ આકારના પુદ્ગલો વૃત્ત સંસ્થાન પરિણત કહેવાય છે. (૩) સિંઘોડા આદિ સમાન ત્રિકોણ આકારના પુદ્ગલો ત્ર્યસ્ર સંસ્થાન પરિણત કહેવાય છે. (૪) બાજોઠ આદિ સમાન ચોરસ આકારના પુદ્ગલો ચતુરસ્ર સંસ્થાન પરિણત કહેવાય છે અને (૫) દંડ આદિ સમાન લાંબા આકારના પુદ્ગલો આયત સંસ્થાન પરિણત કહેવાય છે. ***શ્રી ભગવતી સૂત્ર ભાગ–૫ શતક–૨૫, ઉદ્દેશક–૩*** માં અજીવ સંસ્થાનોના પ્રતર, ઘનાદિ અનેક પ્રકારોનું વિસ્તૃત વર્ણન છે.

## અજીવ સંસ્થાનના ભેદ-પ્રભેદ અને પ્રદેશ સંખ્યા :–

| | | | |
|---|---|---|---|
| ઓજપ્રદેશી પ્રતર વૃત્ત ૫ પ્રદેશો  એક સપાટીએ પાંચ પ્રદેશો ગોળાકારે | યુગ્મ પ્રદેશી પ્રતર વૃત્ત ૧૨ પ્રદેશો  એક સપાટીએ બાર પ્રદેશો ગોળાકારે | ઓજપ્રદેશી ઘનવૃત્ત ૭ પ્રદેશો  ઉપર ૧, તેની નીચે ૫, તેની નીચે ૧ પ્રદેશ ગોળકારે | યુગ્મ પ્રદેશ ઘનવૃત્ત ૩૨ પ્રદેશો  ઉપર ૪, તેની નીચે ૧૨, તેની નીચે ૧૨, તેની નીચે ૪ પ્રદેશ ગોળાકારે |
| ઓજ પ્રદેશી પ્રતર ત્ર્યસ્ર ૩ પ્રદેશો  એક સપાટીએ ત્રણ પ્રદેશો ત્રિકોણાકારે | યુગ્મ પ્રદેશી પ્રતર ત્ર્યસ્ર ૬ પ્રદેશો  એક સપાટીએ છ પ્રદેશો ત્રિકોણાકારે | ઓજ પ્રદેશી ઘન ત્ર્યસ્ર ૩૫ પ્રદેશો  ઉપર ૧, તેની નીચે ક્રમશઃ ૩,૬,૧૦, ૧૫ પ્રદેશો ત્રિકોણાકારે | યુગ્મ પ્રદેશી ઘન ત્ર્યસ્ર ૪ પ્રદેશો  ઉપર ૧, તેની નીચે ૩ પ્રદેશ ત્રિકોણાકારે |
| ઓજ પ્રદેશી પ્રતર ચતુરસ્ર ૯ પ્રદેશો  એક સપાટીએ ૯ પ્રદેશો ચતુષ્કોણાકારે | યુગ્મ પ્રદેશી પ્રતર ચતુરસ્ર ૪ પ્રદેશો  એક સપાટીએ ચાર પ્રદેશો ચતુષ્કોણાકારે | ઓજ પ્રદેશી ઘન ચતુરસ્ર ૨૭ પ્રદેશો  ઉપર ૯, તેની નીચે ક્રમશઃ ૯,૯ પ્રદેશો ચતુષ્કોણાકારે | યુગ્મ પ્રદેશી ઘન ચતુરસ્ર ૮ પ્રદેશો  ઉપર ૪, તેની નીચે ૪ પ્રદેશો ચતુષ્કોણાકારે |
| ઓજ પ્રદેશી શ્રેણી આયત ૩ પ્રદેશો  એક સપાટીએ ત્રણ પ્રદેશો લંબચોરસાકારે | યુગ્મ પ્રદેશી શ્રેણી આયત ૨ પ્રદેશો  એક સપાટીએ બે પ્રદેશો લંબચોરસાકારે | ઓજ પ્રદેશી ઘન આયત ૪૫ પ્રદેશો  ઉપર ૧૫, તેની નીચે ક્રમશઃ ૧૫, ૧૫ પ્રદેશો લંબચોરસાકારે | યુગ્મપ્રદેશી ઘન આયત ૧૨ પ્રદેશો  ઉપર ૬, તેની નીચે ૬ પ્રદેશો લંબચોરસાકારે |
| ઓજ પ્રદેશી પ્રતર આયત ૧૫ પ્રદેશો  એક સપાટીએ ૧૫ પ્રદેશો લંબચોરસ આકારે | યુગ્મ પ્રદેશી પ્રતર આયત ૬ પ્રદેશો  એક સપાટીએ ૬ પ્રદેશો લંબચોરસ આકારે | પ્રતર પરિમંડલ યુગ્મ પ્રદેશી ૨૦ પ્રદેશો  એક સપાટીએ ૨૦ પ્રદેશો ચૂડી આકારે | ઘન પરિમંડલ યુગ્મ પ્રદેશી ૪૦ પ્રદેશો  ઉપર ૨૦ પ્રદેશો ગોળાકારે તેની નીચે ૨૦ પ્રદેશો ગોળાકારે |

આ રીતે પુદ્‌ગલાસ્તિકાયના પાંચ વર્ણ + બે ગંધ + પાંચ રસ + આઠ સ્પર્શ + પાંચ સંસ્થાન = ૨૫ પ્રભેદ થાય છે. તેમાં વર્ણ, ગંધ, રસ, અને સ્પર્શ તે મૂળગુણ નિત્ય છે અને કૃષ્ણ, નીલ આદિ પર્યાયો અનિત્ય છે તેથી તેમાં પરિવર્તન થયા જ કરે છે.

**પરમાણુ પુદ્‌ગલમાં વર્ણાદિ :–** પરમાણુ નિરંશ અપ્રદેશી હોવાથી તેમાં કોઈ પણ એક વર્ણ, એક ગંધ, એક રસ અને બે સ્પર્શ હોય છે. આઠ સ્પર્શમાંથી શીત, ઉષ્ણ, સ્નિગ્ધ અને રૂક્ષ આ ચાર મૂળ સ્પર્શ છે. તે ચાર સ્પર્શમાંથી પરમાણુમાં શીત-ઉષ્ણમાંથી કોઈ પણ એક અને સ્નિગ્ધ-રૂક્ષમાંથી કોઈ પણ એક સ્પર્શ હોય છે. આ રીતે પરમાણુમાં કોઈ પણ બે સ્પર્શ હોય છે. શેષ ચાર સ્પર્શ કર્કશ, સુંવાળો, ભારે અને હલકો તે સાંયોગિક સ્પર્શ છે. જ્યારે અનેક સ્નિગ્ધ પરમાણુ ભેગા થાય ત્યારે તેનો સ્પર્શ સુંવાળો લાગે છે તે જ રીતે રૂક્ષ પરમાણુ ભેગા થાય ત્યારે તેનો સ્પર્શ કર્કશ લાગે છે. આ સાંયોગિક સ્પર્શો અનેક પરમાણુઓથી બનેલા અનંતપ્રદેશી સ્થૂલ સ્કંધોમાં જ હોય છે. એક પરમાણુમાં હોતા નથી.

સ્કંધ અનેક પરમાણુના સમૂહરૂપ હોવાથી તેમાં પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ, આઠ સ્પર્શ અને પાંચ સંસ્થાન હોય શકે છે.

**રૂપી અજીવ(પુદ્‌ગલાસ્તિકાય)ના ચાર ભેદ અને તેના ૨૫ ગુણ**




**રૂપી અજીવના ૫૩૦ ભંગો :–**

**૧** जे वण्णओ कालवण्णपरिणया– से गंधओ सुब्भिगंधपरिणया वि दुब्भिगंधपरिणया वि, रसओ तित्तरसपरिणया वि कडुयरसपरिणया वि कसायरसपरिणया वि अंबिलरसपरिणया वि महुररसपरिणया वि, फासओ कक्खडफासपरिणया वि मउयफासपरिणया वि गरुयफास परिणया

वि लहुयफास परिणया वि सीयफासपरिणया वि उसिणफासपरिणया वि णिद्धफास परिणया वि लुक्खफासपरिणया वि, संठाणओ परिमंडलसंठाणपरिणया वि वट्टसंठाण परिणया वि तंससंठाणपरिणया वि चउरंससंठाणपरिणया वि आयतसंठाणपरिणया वि ।

**ભાવાર્થ :–** જે પુદ્ગલ વર્ણથી કાળા વર્ણરૂપે પરિણત છે– તે પુદ્ગલ ગંધની અપેક્ષાએ સુરભિગંધ પરિણત પણ હોય છે અને દુરભિગંધ પરિણત પણ હોય છે; રસની અપેક્ષાએ તિક્તરસ પરિણત, કટુરસ પરિણત, કષાયેલરસ પરિણત, અમ્લરસ પરિણત અને મધુરરસ પરિણત પણ હોય છે; સ્પર્શની અપેક્ષાએ કર્કશ સ્પર્શ પરિણત, મૃદુસ્પર્શ પરિણત, ગુરુસ્પર્શ પરિણત, લઘુસ્પર્શ પરિણત, શીતસ્પર્શ પરિણત, ઉષ્ણસ્પર્શ પરિણત, સ્નિગ્ધ સ્પર્શ પરિણત અને રૂક્ષસ્પર્શ પરિણત પણ હોય છે. સંસ્થાન(આકાર)ની અપેક્ષાએ પરિમંડળ સંસ્થાન પરિણત, વૃત્ત સંસ્થાન પરિણત, ત્ર્યસ્ર(ત્રિકોણ) સંસ્થાન પરિણત, ચતુરંસ્ત્ર(ચોરસ) સંસ્થાન પરિણત અને આયતસંસ્થાન પરિણત પણ હોય છે. આ રીતે કાળા વર્ણમાં બે ગંધ + પાંચ રસ + આઠ સ્પર્શ + પાંચ સંસ્થાન = ૨૦ ભંગ થાય છે.

**१०** जे वण्णओ णीलवण्णपरिणया– ते गंधओ सुब्भिगंधपरिणया वि दुब्भिगंधपरिणया वि, रसओ तित्तरसपरिणया वि कडुयरसपरिणया वि कसायरसपरिणया वि अंबिलरसपरिणया वि महुररसपरिणया वि, फासओ कक्खडफासपरिणया वि मउयफासपरिणया वि गरुयफास परिणया वि लहुयफासपरिणया वि सीयफासपरिणया वि उसिणफासपरिणया वि णिद्धफास परिणया वि लुक्खफासपरिणया वि, संठाणओ परिमंडलसंठाणपरिणया वि वट्टसंठाण परिणया वि तंससंठाणपरिणया वि चउरंससंठाणपरिणया वि आयतसंठाणपरिणया वि ।

**ભાવાર્થ :–** જે પુદ્ગલ વર્ણથી નીલા વર્ણરૂપે પરિણત છે– તે ગંધની અપેક્ષાએ સુગંધ પરિણત પણ હોય છે અને દુર્ગંધ પરિણત પણ હોય છે; રસની અપેક્ષાએ તિક્ત(તીખા) રસ, કટુરસ, કષાયેલરસ, અમ્લરસ અને મધુરરસ પરિણત પણ હોય છે; સ્પર્શની અપેક્ષાએ કર્કશ સ્પર્શ, મૃદુ સ્પર્શ, ગુરુ સ્પર્શ, લઘુ સ્પર્શ, શીત સ્પર્શ, ઉષ્ણ સ્પર્શ, સ્નિગ્ધ સ્પર્શ અને રૂક્ષ સ્પર્શ પરિણત પણ હોય છે; સંસ્થાનની અપેક્ષાએ પરિમંડલ સંસ્થાન, વૃત્ત સંસ્થાન, ત્ર્યસ્ર સંસ્થાન, ચતુરસ્ર સંસ્થાન અને આયત સંસ્થાન પરિણત પણ હોય છે. આ રીતે નીલાવર્ણમાં પણ ૨૦ ભંગ થાય છે.

**११** जे वण्णओ लोहियवण्णपरिणया– ते गंधओ सुब्भिगंधपरिणया वि दुब्भिगंधपरिणया वि, रसओ तित्तरसपरिणया वि कडुयरसपरिणया वि कसायरसपरिणया वि अंबिलरसपरिणया वि महुररसपरिणया वि, फासओ कक्खडफासपरिणया वि मउयफासपरिणया वि गरुयफास परिणया वि लहुयफासपरिणया वि सीयफासपरिणया वि उसिणफासपरिणया वि णिद्धफास परिणया वि लुक्खफासपरिणया वि, संठाणओ परिमंडलसंठाणपरिणया वि वट्टसंठाण परिणया वि तंससंठाणपरिणया वि चउरंससंठाणपरिणया वि आयतसंठाणपरिणया वि ।

**ભાવાર્થ :–** જે પુદ્ગલો વર્ણથીરક્તવર્ણ(લાલરંગ)રૂપે પરિણત છે– તે ગંધની અપેક્ષાએ સુગંધ પરિણત પણ હોય છે અને દુર્ગંધ પરિણત પણ હોય છે; રસની અપેક્ષાએ તિક્ત રસ, કટુરસ, કષાયેલરસ, અમ્લરસ અને મધુરરસ પરિણત પણ હોય છે; સ્પર્શની અપેક્ષાએ કર્કશસ્પર્શ, મૃદુસ્પર્શ, ગુરુસ્પર્શ, લઘુસ્પર્શ,

શીત સ્પર્શ, ઉષ્ણ સ્પર્શ, સ્નિગ્ધ સ્પર્શ અને રૂક્ષ સ્પર્શ પરિણત પણ હોય છે; સંસ્થાનની અપેક્ષાએ પરિમંડળસંસ્થાન, વૃત્ત સંસ્થાન, ત્ર્યસ્ર સંસ્થાન, ચતુરસ્ર સંસ્થાન અને આયત સંસ્થાન પરિણત પણ હોય છે. આ રીતે રક્તવર્ણના પણ પૂર્વવત્ ૨૦ ભંગ થાય છે.

**१२ जे वण्णओ हालिद्दवण्णपरिणया– ते गंधओ सुब्भिगंधपरिणया वि दुब्भिगंधपरिणया वि, रसओ तित्तरसपरिणया वि कडुयरसपरिणया वि कसायरसपरिणया वि अंबिलरसपरिणया वि महुररसपरिणया वि, फासओ कक्खडफासपरिणया वि मउयफासपरिणया वि गरुयफास परिणया वि लहुयफासपरिणया वि सीयफासपरिणया वि उसिणफासपरिणया वि णिद्धफास परिणया वि लुक्खफासपरिणया वि, संठाणओ परिमंडलसंठाणपरिणया वि वट्टसंठाण परिणया वि तंससंठाणपरिणया वि चउरंससंठाणपरिणया वि आयतसंठाणपरिणया वि ।**

**ભાવાર્થ :–** જે પુદ્‌ગલ વર્ણથી પીળા વર્ણરૂપે પરિણત છે– તે ગંધની અપેક્ષાએ સુગંધ પરિણત પણ હોય છે અને દુર્ગંધ પરિણત પણ હોય છે; રસની અપેક્ષાએ તિક્તરસ, કટુરસ, કષાયેલરસ, અમ્લરસ અને મધુરરસ પરિણત પણ હોય છે; સ્પર્શની અપેક્ષાએ કર્કશસ્પર્શ, મૃદુસ્પર્શ, ગુરુસ્પર્શ, લઘુસ્પર્શ, શીતસ્પર્શ, ઉષ્ણસ્પર્શ, સ્નિગ્ધસ્પર્શ અને રૂક્ષ સ્પર્શ પરિણત પણ હોય છે; સંસ્થાનની અપેક્ષાએ પરિમંડળ સંસ્થાન, વૃત્ત સંસ્થાન, ત્ર્યસ્ર સંસ્થાન, ચતુરસ્ર સંસ્થાન અને આયત સંસ્થાન પરિણત પણ હોય છે. આ રીતે પીળા વર્ણના ૨૦ ભંગ થાય છે.

**१३ जे वण्णओ सुक्किलवण्णपरिणया– ते गंधओ सुब्भिगंधपरिणया वि दुब्भिगंध परिणया वि, रसओ तित्तरसपरिणया वि कडुयरसपरिणया वि कसायरसपरिणया वि अंबिल रसपरिणया वि महुररसपरिणया वि, फासओ कक्खडफासपरिणया वि मउयफासपरिणया वि गरुयफासपरिणया वि लहुयफासपरिणया वि सीयफासपरिणया वि उसिणफासपरिणया वि णिद्धफासपरिणया वि लुक्खफासपरिणया वि, संठाणओ परिमंडलसंठाणपरिणया वि वट्ट संठाणपरिणया वि तंससंठाणपरिणया वि चउरंससंठाणपरिणया वि आयतसंठाणपरिणया वि ।**

**ભાવાર્થ :–** જે પુદ્‌ગલો વર્ણથી શ્વેત વર્ણરૂપે પરિણત છે– તે ગંધની અપેક્ષાએ સુગંધ પરિણત પણ હોય છે અને દુર્ગંધ પરિણત પણ હોય છે; રસની અપેક્ષાએ તિક્તરસ, કટુરસ, કષાયેલરસ, અમ્લરસ અને મધુરરસ પરિણત પણ હોય છે; સ્પર્શની અપેક્ષાએ કર્કશ સ્પર્શ, મૃદુસ્પર્શ, ગુરુસ્પર્શ, લઘુસ્પર્શ, શીત સ્પર્શ, ઉષ્ણસ્પર્શ, સ્નિગ્ધ સ્પર્શ અને રૂક્ષસ્પર્શ પરિણત પણ હોય છે; સંસ્થાનની અપેક્ષાએ પરિમંડળ સંસ્થાન, વૃત્ત સંસ્થાન, ત્ર્યસ્ર સંસ્થાન, ચતુરસ્ર સંસ્થાન અને આયત સંસ્થાન પરિણત પણ હોય છે. આ રીતે શ્વેત વર્ણના ૨૦ ભંગ પૂર્વવત્ થાય છે. પાંચ વર્ણના કુલ ૨૦×૫ = ૧૦૦ ભંગ થાય છે.

**१४ जे गंधओ सुब्भिगंधपरिणया– ते वण्णओ कालवण्णपरिणया वि णीलवण्णपरिणया वि लोहियवण्णपरिणया वि हालिद्दवण्णपरिणया वि सुक्किलवण्णपरिणया वि, रसओ तित्तरसपरिणया वि कडुयरसपरिणया वि कसायरसपरिणया वि अंबिलरसपरिणया वि महुररसपरिणया वि, फासओ कक्खडफासपरिणया वि मउयफासपरिणया वि गरुयफास परिणया वि लहुयफासपरिणया वि सीयफासपरिणया वि उसिणफासपरिणया वि णिद्धफास**

**परिणया वि लुक्खफासपरिणया वि, संठाणओ परिमंडलसंठाणपरिणया वि वट्टसंठाण-परिणया वि तंससंठाणपरिणया वि चउरंससंठाणपरिणया वि आयतसंठाणपरिणया वि ।**

**ભાવાર્થ :–** જે પુદ્‌ગલો ગંધથી સુગંધરૂપે પરિણત છે– તે વર્ણની અપેક્ષાએ કૃષ્ણ(કાળા) વર્ણ, નીલવર્ણ, રક્તવર્ણ, પીળાવર્ણ અને શુક્લવર્ણ પરિણત પણ હોય છે; રસની અપેક્ષાએ તિક્તરસ, કટુરસ, કષાયેલરસ, અમ્લરસ અને મધુરરસ પરિણત પણ હોય છે; સ્પર્શની અપેક્ષાએ કર્કશ સ્પર્શ, મૃદુસ્પર્શ, ગુરુસ્પર્શ, લઘુસ્પર્શ, શીતસ્પર્શ, ઉષ્ણ સ્પર્શ, સ્નિગ્ધ સ્પર્શ અને રૂક્ષ સ્પર્શ પરિણત પણ હોય છે; સંસ્થાનની અપેક્ષાએ પરિમંડળ સંસ્થાન, વૃત્ત સંસ્થાન, ત્ર્યસ્ર સંસ્થાન, ચતુરસ્ર સંસ્થાન અને આયતસંસ્થાન પરિણત પણ હોય છે. આ રીતે સુગંધ પરિણત પુદ્‌ગલમાં ૫ વર્ણ + ૫ રસ + ૮ સ્પર્શ + ૫ સંસ્થાન = ૨૩ ભંગ થાય છે.

**१५ जे गंधओ दुब्भिगंधपरिणया– ते वण्णओ कालवण्णपरिणया वि णीलवण्णपरिणया वि लोहियवण्णपरिणया वि हालिद्दवण्णपरिणया वि सुक्किलवण्णपरिणया वि, रसओ तित्तरस-परिणया वि कडुयरसपरिणया वि कसायरसपरिणया वि अंबिलरसपरिणया वि महुररस-परिणया वि, फासओ कक्खडफासपरिणया वि मउयफासपरिणया वि गरुयफासपरिणया वि लहुयफासपरिणया वि सीयफासपरिणया वि उसिणफासपरिणया वि णिद्धफासपरिणया वि लुक्खफासपरिणया वि, संठाणओ परिमंडलसंठाणपरिणया वि वट्टसंठाणपरिणया वि तंससंठाणपरिणया वि चउरंससंठाणपरिणया वि आयतसंठाणपरिणया वि ।**

**ભાવાર્થ :–** જે પુદ્‌ગલો ગંધથી દુર્ગંધરૂપે પરિણત છે– તે વર્ણની અપેક્ષાએ કૃષ્ણવર્ણ, નીલવર્ણ, રક્તવર્ણ, પીતવર્ણ અને શુક્લવર્ણ પરિણત પણ હોય છે; રસની અપેક્ષાએ તિક્તરસ, કટુરસ, કષાયેલરસ, અમ્લરસ અને મધુરરસપરિણત પણ હોય છે; સ્પર્શની અપેક્ષાએ કર્કશ સ્પર્શ, મૃદુસ્પર્શ, ગુરુસ્પર્શ, લઘુસ્પર્શ, શીતસ્પર્શ, ઉષ્ણસ્પર્શ, સ્નિગ્ધસ્પર્શ અને રૂક્ષ સ્પર્શ પરિણત પણ હોય છે; સંસ્થાનની અપેક્ષાએ પરિમંડળ સંસ્થાન, વૃત્તસંસ્થાન, ત્ર્યસ્ર સંસ્થાન, ચતુરસ્ર સંસ્થાન અને આયત સંસ્થાન પરિણત પણ હોય છે. આ રીતે દુર્ગંધના ૨૩ ભંગ પૂર્વવત્ થાય છે. બે ગંધના ૨૩×૨ = ૪૬ ભંગ થાય છે.

**१६ जे रसओ तित्तरसपरिणया– ते वण्णओ कालवण्णपरिणया वि णीलवण्णपरिणया वि लोहियवण्णपरिणया वि हालिद्दवण्णपरिणया वि सुक्किलवण्णपरिणया वि, गंधओ सुब्भिगंधपरिणया वि दुब्भिगंधपरिणया वि, फासओ कक्खडफासपरिणया वि मउयफास-परिणया वि गरुयफासपरिणया वि लहुयफासपरिणया वि सीयफासपरिणया वि उसिणफास-परिणया वि णिद्धफासपरिणया वि लुक्खफासपरिणया वि, संठाणओ परिमंडलसंठाण-परिणया वि वट्टसंठाणपरिणया वि तंससंठाणपरिणया वि चउरंससंठाणपरिणया वि आयत-संठाणपरिणया वि ।**

**ભાવાર્થ :–** જે પુદ્‌ગલો રસથી તિક્તરસરૂપે પરિણત છે– તે વર્ણની અપેક્ષાએ કૃષ્ણવર્ણ, નીલવર્ણ, રક્તવર્ણ, પીતવર્ણ અને શુક્લવર્ણપરિણત પણ હોય છે; ગંધની અપેક્ષાએ સુગંધ અને દુર્ગંધ પરિણત પણ હોય છે; સ્પર્શની અપેક્ષાએ કર્કશસ્પર્શ, મૃદુસ્પર્શ, ગુરુસ્પર્શ, લઘુસ્પર્શ, શીતસ્પર્શ, ઉષ્ણસ્પર્શ, સ્નિગ્ધસ્પર્શ

અને રૂક્ષસ્પર્શ પરિણત પણ હોય છે; સંસ્થાનની અપેક્ષાએ પરિમંડળ સંસ્થાન, વૃત્ત સંસ્થાન, ત્ર્યસ્રસંસ્થાન, ચતુરસ્રસંસ્થાન અને આયત સંસ્થાન પરિણત પણ હોય છે. આ રીતે તિક્તરસમાં ૫ વર્ણ + ૨ ગંધ + ૮ સ્પર્શ + ૫ સંસ્થાન = ૨૦ ભંગ થાય છે.

**१७ जे रसओ कडुयरसपरिणया– ते वण्णओ कालवण्णपरिणया वि णीलवण्णपरिणया वि लोहियवण्णपरिणया वि हालिद्दवण्णपरिणया वि सुक्किलवण्णपरिणया वि, गंधओ सुब्भिगंधपरिणया वि दुब्भिगंधपरिणया वि, फासओ कक्खडफासपरिणया वि मउयफासपरिणया वि गरुयफासपरिणया वि लहुयफासपरिणया वि सीयफासपरिणया वि उसिणफासपरिणया वि णिद्धफासपरिणया वि लुक्खफासपरिणया वि, संठाणओ परिमंडलसंठाणपरिणया वि वट्टसंठाणपरिणया वि तंससंठाणपरिणया वि चउरंससंठाणपरिणया वि आयतसंठाण- परिणया वि ।**

**ભાવાર્થ :–** જે પુદ્‌ગલો રસથી કટુરસરૂપે પરિણત છે– તે વર્ણની અપેક્ષાએ કૃષ્ણવર્ણ, નીલવર્ણ, રક્તવર્ણ, પીતવર્ણ અને શુક્લવર્ણ પરિણત પણ હોય છે; ગંધની અપેક્ષાએ સુગંધ અને દુર્ગંધ પરિણત પણ હોય છે; સ્પર્શની અપેક્ષાએ કર્કશસ્પર્શ, મૃદુસ્પર્શ, ગુરુસ્પર્શ, લઘુસ્પર્શ, શીતસ્પર્શ, ઉષ્ણસ્પર્શ, સ્નિગ્ધસ્પર્શ અને રૂક્ષસ્પર્શ પરિણત પણ હોય છે; સંસ્થાનની અપેક્ષાએ પરિમંડળ સંસ્થાન, વૃત્ત સંસ્થાન, ત્ર્યસ્ર સંસ્થાન, ચતુરસ્ર સંસ્થાન અને આયત સંસ્થાન પરિણત પણ હોય છે. કટુરસના ૨૦ ભંગ થાય છે.

**१८ जे रसओ कसायरसपरिणया– ते वण्णओ कालवण्णपरिणया वि णीलवण्णपरिणया वि लोहियवण्णपरिणया वि हालिद्दवण्णपरिणया वि सुक्किलवण्णपरिणया वि, गंधओ सुब्भिगंधपरिणया वि दुब्भिगंधपरिणया वि, फासओ कक्खडफासपरिणया वि मउयफासपरिणया वि गरुयफासपरिणया वि लहुयफासपरिणया वि सीयफासपरिणया वि उसिणफासपरिणया वि णिद्धफासपरिणया वि लुक्खफासपरिणया वि, संठाणओ परिमंडलसंठाणपरिणया वि वट्टसंठाणपरिणया वि तंससंठाणपरिणया वि चउरंससंठाणपरिणया वि आयतसंठाणपरिणया वि ।**

**ભાવાર્થ :–** જે પુદ્‌ગલો રસથી કષાયેલરસરૂપે પરિણત છે– તે વર્ણની અપેક્ષાએ કૃષ્ણવર્ણ, નીલવર્ણ, રક્તવર્ણ, પીતવર્ણ અને શુક્લવર્ણ પરિણત પણ હોય છે; ગંધની અપેક્ષાએ સુગંધ અને દુર્ગંધ પરિણત પણ હોય છે; સ્પર્શની અપેક્ષાએ કર્કશસ્પર્શ, મૃદુસ્પર્શ, ગુરુસ્પર્શ, લઘુસ્પર્શ, શીતસ્પર્શ, ઉષ્ણસ્પર્શ, સ્નિગ્ધ સ્પર્શ અને રૂક્ષસ્પર્શ પરિણત પણ હોય છે; સંસ્થાનની અપેક્ષાએ પરિમંડળ સંસ્થાન, વૃત્તસંસ્થાન, ત્ર્યસ્ર સંસ્થાન, ચતુરસ્ર સંસ્થાન અને આયત સંસ્થાન પરિણત પણ હોય છે. આ રીતે કષાયેલરસના ૨૦ ભંગ થાય છે.

**१९ जे रसओ अंबिलरसपरिणया– ते वण्णओ कालवण्णपरिणया वि णीलवण्णपरिणया वि लोहियवण्णपरिणया वि हालिद्दवण्णपरिणया वि सुक्किलवण्णपरिणया वि, गंधओ सुब्भिगंधपरिणया वि दुब्भिगंधपरिणया वि, फासओ कक्खडफासपरिणया वि मउयफासपरिणया वि गरुयफासपरिणया वि लहुयफासपरिणया वि सीयफासपरिणया वि उसिणफासपरिणया वि णिद्धफासपरिणया वि लुक्खफासपरिणया वि, संठाणओ परिमंडलसंठाण-**

**परिणया वि वट्टसंठाणपरिणया वि तंससंठाणपरिणया वि, चउरंससंठाणपरिणया वि आयत-संठाणपरिणया वि ।**

**ભાવાર્થ :–** જે પુદ્‌ગલો રસથી ખાટા રસરૂપે પરિણત છે– તે વર્ણની અપેક્ષાએ કૃષ્ણવર્ણ, નીલવર્ણ, રક્તવર્ણ, પીતવર્ણ અને શુક્લવર્ણ પરિણત પણ હોય છે; ગંધની અપેક્ષાએ સુગંધ અને દુર્ગંધ પરિણત પણ હોય છે; સ્પર્શની અપેક્ષાએ કર્કશસ્પર્શ, મૃદુસ્પર્શ, ગુરુસ્પર્શ, લઘુસ્પર્શ, શીતસ્પર્શ, ઉષ્ણસ્પર્શ, સ્નિગ્ધ સ્પર્શ અને રૂક્ષસ્પર્શ પરિણત પણ હોય છે; સંસ્થાનની અપેક્ષાએ પરિમંડળસંસ્થાન, વૃત્તસંસ્થાન, ત્ર્યસ્રસંસ્થાન, ચતુરસ્રસંસ્થાન અને આયત સંસ્થાન પરિણત પણ હોય છે. આ રીતે ખાટારસના ૨૦ ભંગ થાય છે.

**૨૦ जे रसओ महुररसपरिणया- ते वण्णओ कालवण्णपरिणया वि णीलवण्णपरिणया वि लोहियवण्णपरिणया वि हालिद्दवण्णपरिणया वि सुक्किलवण्णपरिणया वि, गंधओ सुब्भिगंधपरिणया वि दुब्भिगंधपरिणया वि, फासओ कक्खडफासपरिणया वि मउयफास- परिणया वि गरुयफासपरिणया वि लहुयफासपरिणया वि सीयफासपरिणया वि उसिणफास- परिणया वि णिद्धफासपरिणया वि लुक्खफासपरिणया वि, संठाणओ परिमंडलसंठाण- परिणया वि वट्टसंठाणपरिणया वि तंससंठाणपरिणया वि चउरंससंठाणपरिणया वि आयतसंठाण- परिणया वि ।**

**ભાવાર્થ :–** જે પુદ્‌ગલો રસથી મધુરરસરૂપે પરિણત છે– તે વર્ણની અપેક્ષાએ કૃષ્ણવર્ણ, નીલવર્ણ, રક્તવર્ણ, પીતવર્ણ અને શુક્લવર્ણ રૂપે પણ પરિણત હોય છે; ગંધની અપેક્ષાએ સુગંધ અને દુર્ગંધ પરિણત પણ હોય છે; સ્પર્શની અપેક્ષાએ કર્કશસ્પર્શ, મૃદુસ્પર્શ, ગુરુસ્પર્શ, લઘુસ્પર્શ, શીતસ્પર્શ, ઉષ્ણસ્પર્શ, સ્નિગ્ધસ્પર્શ અને રૂક્ષસ્પર્શ પરિણત પણ હોય છે; સંસ્થાનની અપેક્ષાએ પરિમંડળ સંસ્થાન, વૃત્તસંસ્થાન, ત્ર્યસ્રસંસ્થાન, ચતુરસ્રસંસ્થાન અને આયત સંસ્થાન પરિણત પણ હોય છે. આ રીતે મધુરરસના ૨૦ ભંગ થાય છે. પાંચ રસના ૨૦ × ૫ = ૧૦૦ ભંગ થાય.

**૨૧ जे फासओ कक्खडफासपरिणया- ते वण्णओ कालवण्णपरिणया वि णीलवण्ण- परिणया वि लोहियवण्णपरिणया वि हालिद्दवण्णपरिणया वि सुक्किलवण्णपरिणया वि, गंधओ सुब्भिगंधपरिणया वि दुब्भिगंधपरिणया वि, रसओ तित्तरसपरिणया वि कडुयरस परिणया वि कसायरसपरिणया वि अंबिलरसपरिणया वि महुररसपरिणया वि, फासओ गरुयफास-परिणया वि लहुयफासपरिणया वि सीयफासपरिणया वि उसिणफासपरिणया वि णिद्धफास-परिणया वि लुक्खफासपरिणया वि, संठाणओ परिमंडलसंठाणपरिणया वि वट्टसंठाण- परिणया वि तंससंठाणपरिणया वि चउरंससंठाणपरिणया वि आयतसंठाणपरिणया वि ।**

**ભાવાર્થ :–** જે પુદ્‌ગલો સ્પર્શથી કર્કશસ્પર્શરૂપે પરિણત હોય છે– તે વર્ણની અપેક્ષાએ કૃષ્ણવર્ણ, નીલવર્ણ, રક્તવર્ણ, પીતવર્ણ અને શુક્લવર્ણ પરિણત પણ હોય છે; ગંધની અપેક્ષાએ સુગંધ અને દુર્ગંધ પરિણત પણ હોય છે; રસની અપેક્ષાએ તિક્તરસ, કટુરસ, કષાયેલરસ, અમ્લરસ અને મધુરરસ પરિણત પણ હોય છે; સ્પર્શની અપેક્ષાએ ગુરુસ્પર્શ, લઘુસ્પર્શ, શીતસ્પર્શ, ઉષ્ણસ્પર્શ, સ્નિગ્ધસ્પર્શ અને રૂક્ષસ્પર્શ

પરિણત પણ હોય છે, સંસ્થાનની અપેક્ષાએ પરિમંડળસંસ્થાન, વૃત્ત સંસ્થાન, ત્ર્યસ્ર સંસ્થાન, ચતુરસ્ર સંસ્થાન અને આયત સંસ્થાન પરિણત પણ હોય છે. (આ રીતે કર્કશ સ્પર્શમાં ૫ વર્ણ + ૨ ગંધ + ૫ રસ + ૬ સ્પર્શ + ૫ સંસ્થાન = ૨૩ ભંગ થાય છે.)

**૨૨** **जे फासओ मउयफासपरिणया– ते वण्णओ कालवण्णपरिणया वि णीलवण्णपरिणया वि लोहियवण्णपरिणया वि हालिद्दवण्णपरिणया वि सुक्किलवण्णपरिणया वि, गंधओ सुब्भिगंधपरिणया वि दुब्भिगंधपरिणया वि, रसओ तित्तरसपरिणया वि कडुयरसपरिणया वि कसायरसपरिणया वि अंबिलरसपरिणया वि महुररसपरिणया वि, फासओ गरुयफासपरिणया वि लहुयफासपरिणया वि सीयफासपरिणया वि उसिणफासपरिणया वि णिद्धफासपरिणया वि लुक्खफासपरिणया वि, संठाणओ परिमंडलसंठाणपरिणया वि वट्टसंठाणपरिणया वि तंससंठाणपरिणया वि चउरंससंठाणपरिणया वि आयतसंठाणपरिणया वि ।**

**भावार्थ :–** જે પુદ્‌ગલો સ્પર્શથી મૃદુસ્પર્શરૂપે પરિણત છે– તે વર્ણની અપેક્ષાએ કૃષ્ણવર્ણ, નીલવર્ણ, રક્તવર્ણ, પીતવર્ણ અને શુક્લવર્ણ પરિણત પણ હોય છે; ગંધની અપેક્ષાએ સુગંધ અને દુર્ગંધ પરિણત પણ હોય છે; રસની અપેક્ષાએ તિક્તરસ, કટુરસ, કષાયેલરસ, અમ્લરસ અને મધુરરસ પરિણત પણ હોય છે; સ્પર્શની અપેક્ષાએ ગુરુસ્પર્શ, લઘુસ્પર્શ, શીતસ્પર્શ, ઉષ્ણસ્પર્શ, સ્નિગ્ધ સ્પર્શ અને રૂક્ષસ્પર્શ પરિણત પણ હોય છે; સંસ્થાનની અપેક્ષાએ પરિમંડળ સંસ્થાન, વૃત્ત સંસ્થાન, ત્ર્યસ્ર સંસ્થાન, ચતુરસ્ર સંસ્થાન અને આયત સંસ્થાન પરિણત હોય છે. (આ રીતે મૃદુસ્પર્શના ૨૩ ભંગ થાય છે.)

**૨૩** **जे फासओ गरुयफासपरिणया– ते वण्णओ कालवण्णपरिणया वि णीलवण्णपरिणया वि लोहियवण्णपरिणया वि हालिद्दवण्णपरिणया वि सुक्किलवण्णपरिणया वि, गंधओ सुब्भिगंधपरिणया वि दुब्भिगंधपरिणया वि, रसओ तित्तरसपरिणया वि कडुयरसपरिणया वि कसायरसपरिणया वि अंबिलरसपरिणया वि महुररसपरिणया वि, फासओ कक्खडफासपरिणया वि मउयफासपरिणया वि सीयफासपरिणया वि उसिणफासपरिणया वि णिद्धफासपरिणया वि लुक्खफासपरिणया वि, संठणाओ परिमंडलसंठाणपरिणया वि वट्टसंठाणपरिणया वि तंससंठाणपरिणया वि चउरंससंठाणपरिणया वि आयतसंठाणपरिणया वि ।**

**भावार्थ :–** જે પુદ્‌ગલો સ્પર્શથી ગુરુસ્પર્શરૂપે પરિણત છે– તે વર્ણની અપેક્ષાએ કૃષ્ણવર્ણ, નીલવર્ણ, રકતવર્ણ, પીતવર્ણ અને શુક્લવર્ણ પરિણત પણ હોય છે, ગંધની અપેક્ષાએ સુગંધ અને દુર્ગંધ પરિણત પણ હોય છે; રસની અપેક્ષાએ તિક્તરસ, કટુરસ, કષાયેલરસ, અમ્લરસ અને મધુરરસ પરિણત પણ હોય છે; સ્પર્શની અપેક્ષાએ કર્કશસ્પર્શ, મૃદુસ્પર્શ, શીતસ્પર્શ, ઉષ્ણસ્પર્શ, સ્નિગ્ધસ્પર્શ અને રૂક્ષસ્પર્શ પરિણત પણ હોય છે; સંસ્થાનની અપેક્ષાએ પરિમંડળ સંસ્થાન, વૃત્ત સંસ્થાન, ત્ર્યસ્ર સંસ્થાન, ચતુરસ્ર સંસ્થાન અને આયત સંસ્થાન પરિણત પણ હોય છે. (આ રીતે ગુરુસ્પર્શના ૨૩ ભંગ પૂર્વવત્ થાય છે.)

**૨૪** **जे फासओ लहुयफासपरिणया– ते वण्णओ कालवण्णपरिणया वि णीलवण्णपरिणया वि लोहियवण्णपरिणया वि हालिद्दवण्णपरिणया वि सुक्किलवण्णपरिणया वि, गंधओ**

**सुब्भिगंधपरिणया वि दुब्भिगंधपरिणया वि, रसओ तित्तरसपरिणया वि कडुयरसपरिणया वि कसायरसपरिणया वि अंबिलरसपरिणया वि महुररसपरिणया वि, फासओ कक्खडफास-परिणया वि मउयफासपरिणया वि सीयफासपरिणया वि उसिणफासपरिणया वि णिद्धफास-परिणया वि लुक्खफासपरिणया वि, संठाणओ परिमंडलसंठाणपरिणया वि वट्टसंठाण-परिणया वि तंससंठाणपरिणया वि चउरंससंठाणपरिणया वि आयतसंठाणपरिणया वि ।**

**ભાવાર્થ :–** જે પુદ્‌ગલો સ્પર્શથી લઘુસ્પર્શરૂપે પરિણત છે– તે વર્ણની અપેક્ષાએ કૃષ્ણવર્ણ, નીલવર્ણ, રક્તવર્ણ, પીતવર્ણ અને શુક્લવર્ણ પરિણત પણ હોય છે; ગંધની અપેક્ષાએ સુગંધ અને દુર્ગંધ પરિણત પણ હોય છે; રસની અપેક્ષાએ તિક્તરસ, કટુરસ, કષાયેલરસ, અમ્લરસ અને મધુરરસ પરિણત પણ હોય છે; સ્પર્શની અપેક્ષાએ કર્કશસ્પર્શ, મૃદુસ્પર્શ, શીતસ્પર્શ, ઉષ્ણસ્પર્શ, સ્નિગ્ધસ્પર્શ અને રૂક્ષસ્પર્શ પરિણત પણ હોય છે; સંસ્થાનની અપેક્ષાએ કોઈ પરિમંડળ સંસ્થાન, વૃત્ત સંસ્થાન, ત્ર્યસ્ર સંસ્થાન, ચતુરસ્ર સંસ્થાન અને આયતસંસ્થાન પરિણત પણ હોય છે.(આ રીતે લઘુસ્પર્શના ૨૩ ભંગ થાય છે.)

**૨૫ जे फासओ सीयफासपरिणया– ते वण्णओ कालवण्णपरिणया वि णीलवण्णपरिणया वि लोहियवण्णपरिणया वि हालिद्दवण्णपरिणया वि सुक्किलवण्णपरिणया वि, गंधओ सुब्भिगंधपरिणया वि दुब्भिगंधपरिणया वि, रसओ तित्तरसपरिणया वि कडुयरसपरिणया वि कसायरसपरिणया वि अंबिलरसपरिणया वि महुररसपरिणया वि, फासओ कक्खडफास-परिणया वि मउयफासपरिणया वि गरुयफासपरिणया वि लहुयफासपरिणया वि णिद्धफास-परिणया वि लुक्खफासपरिणया वि, संठाणओ परिमंडलसंठाणपरिणया वि वट्टसंठाण-परिणया वि तंससंठाणपरिणया वि चउरंससंठाणपरिणया वि आयतसंठाणपरिणया वि ।**

**ભાવાર્થ :–** જે પુદ્‌ગલો સ્પર્શથી શીતસ્પર્શરૂપે પરિણત છે– તે વર્ણની અપેક્ષાએ કૃષ્ણવર્ણ, નીલવર્ણ, રક્તવર્ણ, પીતવર્ણ અને શુક્લવર્ણ પરિણત પણ હોય છે; ગંધની અપેક્ષાએ સુગંધ અને દુર્ગંધ પરિણત પણ હોય છે; રસની અપેક્ષાએ તિક્તરસ, કટુરસ, કષાયેલરસ, અમ્લરસ અને મધુરરસ પરિણત પણ હોય છે; સ્પર્શની અપેક્ષાએ કર્કશસ્પર્શ, મૃદુસ્પર્શ, ગુરુસ્પર્શ, લઘુસ્પર્શ, સ્નિગ્ધસ્પર્શ અને રૂક્ષસ્પર્શ પરિણત પણ હોય છે; સંસ્થાનની અપેક્ષાએ પરિમંડળ સંસ્થાન, વૃત્ત સંસ્થાન, ત્ર્યસ્ર સંસ્થાન, ચતુરસ્ર સંસ્થાન અને આયત સંસ્થાન પરિણત પણ હોય છે.(આ રીતે શીત સ્પર્શના ૨૩ ભંગ થાય છે.)

**૨૬ जे फासओ उसिणफासपरिणया– ते वण्णओ कालवण्णपरिणया वि णीलवण्ण-परिणया वि लोहियवण्णपरिणया वि हालिद्दवण्णपरिणया वि सुक्किलवण्णपरिणया वि, गंधओ सुब्भिगंधपरिणया वि दुब्भिगंधपरिणया वि, रसओ तित्तरसपरिणया वि कडुयरस-परिणया वि कसायरसपरिणया वि अंबिलरसपरिणया वि महुररसपरिणया वि, फासओ कक्खड-फासपरिणया वि मउयफासपरिणया वि गरुयफासपरिणया वि लहुयफासपरिणया वि णिद्धफास-परिणया वि लुक्खफासपरिणया वि, संठाणओ परिमंडलसंठाणपरिणया वि वट्टसंठाण-परिणया वि तंससंठाणपरिणया वि चउरंससंठाणपरिणया वि आयतसंठाणपरिणया वि ।**

**ભાવાર્થ :–** જે પુદ્‌ગલો સ્પર્શથી ઉષ્ણ સ્પર્શરૂપે પરિણત છે– તે વર્ણની અપેક્ષાએ કૃષ્ણવર્ણ, નીલવર્ણ,

રક્તવર્ણ,પીતવર્ણ અને શુક્લવર્ણ પરિણત પણ હોય છે; ગંધની અપેક્ષાએ સુગંધ અને દુર્ગંધ પરિણત પણ હોય છે; રસની અપેક્ષાએ તિક્તરસ, કટુરસ, કષાયેલરસ, અમ્લરસ અને મધુરરસ પરિણત પણ હોય છે; સ્પર્શની અપેક્ષાએ કર્કશસ્પર્શ, મૃદુસ્પર્શ, ગુરુસ્પર્શ, લઘુસ્પર્શ, સ્નિગ્ધસ્પર્શ અને રૂક્ષ સ્પર્શ પરિણત પણ હોય છે; સંસ્થાનની અપેક્ષાએ પરિમંડળ સંસ્થાન, વૃત્ત સંસ્થાન, ત્ર્યસ્ર સંસ્થાન, ચતુરસ્ર સંસ્થાન અને આયત સંસ્થાન પરિણત પણ હોય છે.(આ રીતે ઉષ્ણ સ્પર્શના ૨૩ ભંગ થાય છે.

**૨૭ जे फासओ णिद्धफासपरिणया – ते वण्णओ कालवण्णपरिणया वि णीलवण्णपरिणया वि लोहियवण्णपरिणया वि हालिद्दवण्णपरिणया वि सुक्किलवण्णपरिणया वि, गंधओ सुब्भिगंधपरिणया वि दुब्भिगंधपरिणया वि, रसओ तित्तरसपरिणया वि कडुयरसपरिणया वि कसायरसपरिणया वि अंबिलरसपरिणया वि महुररसपरिणया वि, फासओ कक्खडफास-परिणया वि मउयफासपरिणया वि गरुयफासपरिणया वि लहुयफासपरिणया वि सीयफास-परिणया वि उसिणफासपरिणया वि, संठाणओ परिमंडलसंठाणपरिणया वि वट्टसंठाणपरिणया वि तंससंठाणपरिणया वि चउरंससंठाणपरिणया वि आयतसंठाणपरिणया वि ।**

**ભાવાર્થ :–** જે પુદ્ગલો સ્પર્શથી સ્નિગ્ધ સ્પર્શરૂપે પરિણત છે– તે વર્ણની અપેક્ષાએ કૃષ્ણવર્ણ, નીલવર્ણ, રક્તવર્ણ, પીતવર્ણ અને શુક્લવર્ણ પરિણત પણ હોય છે; ગંધની અપેક્ષાએ સુગંધ અને દુર્ગંધ પરિણત પણ હોય છે; રસની અપેક્ષાએ તિક્તરસ, કટુરસ, કષાયેલરસ, અમ્લરસ અને મધુરરસ પરિણત પણ હોય છે; સ્પર્શની અપેક્ષાએ કર્કશસ્પર્શ, મૃદુસ્પર્શ, ગુરુસ્પર્શ, લઘુસ્પર્શ, શીત સ્પર્શ અને ઉષ્ણસ્પર્શ પરિણત પણ હોય છે; સંસ્થાનની અપેક્ષાએ પરિમંડળ સંસ્થાન, વૃત્તસંસ્થાન, ત્ર્યસ્રસંસ્થાન, ચતુરસ્રસંસ્થાન અને આયતસંસ્થાન પરિણત પણ હોય છે.(આ રીતે સ્નિગ્ધ સ્પર્શના ૨૩ ભંગ થાય છે.)

**૨૮ जे फासओ लुक्खफासपरिणया – ते वण्णओ कालवण्णपरिणया वि णीलवण्ण-परिणया वि लोहियवण्णपरिणया वि हालिद्दवण्णपरिणया वि सुक्किलवण्णपरिणया वि, गंधओ सुब्भिगंधपरिणया वि दुब्भिगंधपरिणया वि, रसओ तित्तरसपरिणया वि कडुयरस-परिणया वि कसायरसपरिणया वि अंबिलरसपरिणया वि महुररसपरिणया वि, फासओ कक्खड-फासपरिणया वि मउयफासपरिणया वि गरुयफासपरिणया वि लहुयफासपरिणया वि सीयफास-परिणया वि उसिणफासपरिणया वि, संठाणओ परिमंडलसंठाणपरिणया वि वट्टसंठाणपरिणया वि तंससंठाणपरिणया वि चउरंससंठाणपरिणया वि आयतसंठाणपरिणया वि ।**

**ભાવાર્થ :–** જે પુદ્ગલો સ્પર્શથી રૂક્ષ સ્પર્શરૂપે પરિણત છે– તે વર્ણની અપેક્ષાએ કૃષ્ણવર્ણ, નીલવર્ણ, રક્તવર્ણ, પીતવર્ણ અને શુક્લવર્ણ પરિણત પણ હોય છે; ગંધની અપેક્ષાએ સુગંધ અને દુર્ગંધ પરિણત પણ હોય છે; રસની અપેક્ષાએ તિક્તરસ, કટુરસ, કષાયેલરસ, અમ્લરસ અને મધુરરસ પરિણત પણ હોય છે; સ્પર્શની અપેક્ષાએ કર્કશસ્પર્શ, મૃદુસ્પર્શ, ગુરુસ્પર્શ, લઘુસ્પર્શ, શીતસ્પર્શ અને ઉષ્ણસ્પર્શ પરિણત પણ હોય છે; સંસ્થાનની અપેક્ષાએ પરિમંડળ સંસ્થાન, વૃત્ત સંસ્થાન, ત્ર્યસ્ર સંસ્થાન, ચતુરસ્ર સંસ્થાન અને આયત સંસ્થાન પરિણત પણ હોય છે.(આ રીતે રૂક્ષ સ્પર્શના ૨૩ ભંગ થાય અને આઠ સ્પર્શના ૨૩×૮ સ્પર્શ = ૧૮૪ ભંગ થાય છે.)

**૨૯ जे संठाणओ परिमंडलसंठाणपरिणया – ते वण्णओ कालवण्णपरिणया वि णीलवण्ण-**

**परिणया वि लोहियवण्णपरिणया वि हालिद्दवण्णपरिणया वि सुक्किलवण्णपरिणया वि, गंधओ सुब्भिगंधपरिणया वि दुब्भिगंधपरिणया वि, रसओ तित्तरसपरिणया वि कडुयरस परिणया वि कसायरसपरिणया वि अंबिलरसपरिणया वि महुररसपरिणया वि, फासओ कक्खड फासपरिणया वि मउयफासपरिणया वि गरुयफासपरिणया वि लहुयफासपरिणया वि सीयफास परिणया वि उसिणफासपरिणया वि णिद्धफासपरिणया वि लुक्खफासपरिणया वि ।**

**ભાવાર્થ :–** જે પુદ્‌ગલો સંસ્થાનની અપેક્ષાએ પરિમંડળ સંસ્થાનરૂપે પરિણત છે– તે વર્ણની અપેક્ષાએ કૃષ્ણવર્ણ, નીલવર્ણ, રક્તવર્ણ, પીતવર્ણ અને શુક્લવર્ણ પરિણત પણ હોય છે; ગંધની અપેક્ષાએ સુગંધ અને દુર્ગંધ પરિણત પણ હોય છે; રસની અપેક્ષાએ તિક્તરસ, કટુરસ, કષાયેલરસ, અમ્લરસ અને મધુરરસ પરિણત પણ હોય છે; સ્પર્શની અપેક્ષાએ કર્કશસ્પર્શ, મૃદુસ્પર્શ, ગુરુસ્પર્શ, લઘુસ્પર્શ, શીતસ્પર્શ, ઉષ્ણસ્પર્શ, સ્નિગ્ધસ્પર્શ અને રૂક્ષસ્પર્શ પરિણત પણ હોય છે.(આ રીતે પરિમંડળ સંસ્થાનમાં ૫ વર્ણ + ૨ ગંધ + ૫ રસ + ૮ સ્પર્શ = ૨૦ ભંગ થાય છે.)

**३० जे संठाणओ वट्टसंठाणपरिणया– ते वण्णओ कालवण्णपरिणया वि णीलवण्णपरिणया वि लोहियवण्णपरिणया वि हालिद्दवण्णपरिणया वि सुक्किलवण्णपरिणया वि, गंधओ सुब्भिगंधपरिणया वि दुब्भिगंधपरिणया वि, रसओ तित्तरसपरिणया वि कडुयरसपरिणया वि कसायरसपरिणया वि अंबिलरसपरिणया वि महुररसपरिणया वि, फासओ कक्खड फासपरिणया वि मउयफासपरिणया वि गरुयफासपरिणया वि लहुयफासपरिणया वि सीयफास परिणया वि उसिणफासपरिणया वि णिद्धफासपरिणया वि लुक्खफासपरिणया वि ।**

**ભાવાર્થ :–** જે પુદ્‌ગલો સંસ્થાનની અપેક્ષાએ વૃત્ત સંસ્થાનરૂપે પરિણત છે– તે વર્ણની અપેક્ષાએ કૃષ્ણવર્ણ, નીલવર્ણ, રક્તવર્ણ, પીતવર્ણ અને શુક્લવર્ણ પરિણત પણ હોય છે; ગંધની અપેક્ષાએ સુગંધ અને દુર્ગંધ પરિણત પણ હોય છે; રસની અપેક્ષાએ તિક્તરસ, કટુરસ, કષાયેલરસ, અમ્લરસ અને મધુરરસ પરિણત પણ હોય છે; સ્પર્શની અપેક્ષાએ કર્કશસ્પર્શ, મૃદુસ્પર્શ, ગુરુસ્પર્શ, લઘુસ્પર્શ, શીતસ્પર્શ, ઉષ્ણ સ્પર્શ, સ્નિગ્ધસ્પર્શ અને રૂક્ષસ્પર્શ પરિણત પણ હોય છે.(આ રીતે વૃત્ત સંસ્થાનના ૨૦ ભંગ થાય છે.)

**३१ जे संठाणओ तंससंठाणपरिणया– ते वण्णओ कालवण्णपरिणया वि णीलवण्ण परिणया वि लोहियवण्णपरिणया वि हालिद्दवण्णपरिणया वि सुक्किलवण्णपरिणया वि, गंधओ सुब्भिगंधपरिणया वि दुब्भिगंधपरिणया वि, रसओ तित्तरसपरिणया वि कडुयरस परिणया वि कसायरसपरिणया वि अंबिलरसपरिणया वि महुररसपरिणया वि, फासओ कक्कड फासपरिणया वि मउयफासपरिणया वि गरुयफासपरिणया वि लहुयफासपरिणया वि सीयफास परिणया वि उसिणफासपरिणया वि णिद्धफासपरिणया वि लुक्खफासपरिणया वि ।**

**ભાવાર્થ :–** જે પુદ્‌ગલ સંસ્થાનની અપેક્ષાએ ત્ર્યસ્ર સંસ્થાનરૂપે પરિણત છે– તે વર્ણની અપેક્ષાએ કૃષ્ણવર્ણ, નીલવર્ણ, રક્તવર્ણ, પીતવર્ણ અને શુક્લવર્ણ પરિણત પણ હોય છે; ગંધની અપેક્ષાએ સુગંધ અને દુર્ગંધ પરિણત પણ હોય છે; રસની અપેક્ષાએ તિક્તરસ, કટુરસ, કષાયેલરસ, અમ્લરસ અને મધુરરસ પરિણત પણ હોય છે; સ્પર્શની અપેક્ષાએ કર્કશસ્પર્શ, મૃદુસ્પર્શ, ગુરુસ્પર્શ, લઘુસ્પર્શ, શીતસ્પર્શ,

ઉષ્ણસ્પર્શ, સ્નિગ્ધસ્પર્શ અને રૂક્ષસ્પર્શ પરિણત પણ હોય છે.(આ રીતે ત્ર્યસ્રસંસ્થાનના ૨૦ ભંગ થાય છે.)

**३२ जे संठाणओ चउरंससंठाणपरिणया- ते वण्णओ कालवण्णपरिणया वि णीलवण्णपरिणया वि लोहियवण्णपरिणया वि हालिद्दवण्णपरिणया वि सुक्किलवण्णपरिणया वि, गंधओ सुब्भिगंधपरिणया वि दुब्भिगंधपरिणया वि, रसओ तित्तरसपरिणया वि कडुयरसपरिणया वि कसायरसपरिणया वि अंबिलरसपरिणया वि महुररसपरिणया वि, फासओ कक्खडफासपरिणया वि मउयफासपरिणया वि गरुयफासपरिणया वि लहुयफासपरिणया वि सीयफासपरिणया वि उसिणफासपरिणया वि णिद्धफासपरिणया वि लुक्खफासपरिणया वि ।**

**ભાવાર્થ :–** જે પુદ્ગલો સંસ્થાનની અપેક્ષાએ ચતુરસ્રસંસ્થાનરૂપે પરિણત છે– તે વર્ણની અપેક્ષાએ કૃષ્ણવર્ણ, નીલવર્ણ, રક્તવર્ણ, પીતવર્ણ અને શુક્લવર્ણ પરિણત પણ હોય છે; ગંધની અપેક્ષાએ સુગંધ અને દુર્ગંધ પરિણત પણ હોય છે; રસની અપેક્ષાએ તિક્તરસ, કટુરસ, કષાયેલરસ, અમ્લરસ અને મધુરરસ પરિણત પણ હોય છે; સ્પર્શની અપેક્ષાએ કર્કશ સ્પર્શ, મૃદુસ્પર્શ, ગુરુસ્પર્શ, લઘુસ્પર્શ, શીત સ્પર્શ, ઉષ્ણસ્પર્શ, સ્નિગ્ધસ્પર્શ અને રૂક્ષસ્પર્શ પરિણત પણ હોય છે.(આ રીતે ચતુરસ્ર સંસ્થાનના ૨૦ ભંગ થાય છે.)

**३३ जे संठाणओ आयतसंठाणपरिणया- ते वण्णओ कालवण्णपरिणया वि णीलवण्णपरिणया वि लोहियवण्णपरिणया वि हालिद्दवण्णपरिणया वि सुक्किलवण्णपरिणया वि, गंधओ सुब्भिगंधपरिणया वि दुब्भिगंधपरिणया वि, रसओ तित्तरसपरिणया वि कडुयरसपरिणया वि कसायरसपरिणया वि अंबिलरसपरिणया वि महुररसपरिणया वि, फासओ कक्खडफासपरिणया वि मउयफासपरिणया वि गरुयफासपरिणया वि लहुयफासपरिणया वि सीयफासपरिणया वि उसिणफासपरिणया वि णिद्धफासपरिणया वि लुक्खफासपरिणया वि । से तं रूविअजीवपण्णवण्णा । से तं अजीवपण्णवणा ।**

**ભાવાર્થ :–** જે પુદ્ગલો સંસ્થાનની અપેક્ષાએ આયત સંસ્થાન પરિણત છે– તે વર્ણની અપેક્ષાએ કૃષ્ણવર્ણ, નીલવર્ણ, રક્તવર્ણ, પીતવર્ણ અને શુક્લવર્ણ પરિણત પણ હોય છે; ગંધની અપેક્ષાએ સુગંધ અને દુર્ગંધ પરિણત પણ હોય છે; રસની અપેક્ષાએ તિક્તરસ, કટુરસ, કષાયેલરસ, અમ્લરસ અને મધુરરસ પરિણત પણ હોય છે; સ્પર્શની અપેક્ષાએ કર્કશસ્પર્શ, મૃદુસ્પર્શ, ગુરુસ્પર્શ, લઘુસ્પર્શ, શીતસ્પર્શ, ઉષ્ણસ્પર્શ, સ્નિગ્ધસ્પર્શ અને રૂક્ષસ્પર્શ પરિણત પણ હોય છે.(આ રીતે આયત સંસ્થાનના ૨૦ ભંગ થાય છે અને પાંચ સંસ્થાનના ૨૦×૫ = ૧૦૦ ભંગ થાય છે.) આ રીતે રૂપી અજીવ પ્રજ્ઞાપના અને અજીવ પ્રજ્ઞાપનાનું વર્ણન પૂર્ણ થાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં પુદ્ગલાસ્તિકાયના વર્ણાદિ ગુણોના પરસ્પર સંયોગથી થતાં ભંગોનું વિસ્તૃત વર્ણન છે.

બાદર અનંતપ્રદેશી સ્કંધોમાં એક સાથે સર્વ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાન હોય છે. તેમ છતાં પ્રસ્તુત સૂત્રોમાં સ્થૂલ દષ્ટિએ કાળા વગેરે એક-એક વર્ણની પૃચ્છા છે. તેથી તેમાં પ્રતિપક્ષી વર્ણ, ગંધ આદિની ગણના કરી નથી.

## વર્ણાદિ ૨૫ બોલના પારસ્પરિક સંયોગે ૫૩૦ ભેદ :–

| ક્રમ | વર્ણાદિ ૨૫ બોલ | ૧ કૃ. | ૨ ની. | ૩ ર. | ૪ પી. | ૫ શ્વે. | ૧ સુ. | ૨ દુ. | ૧ તિ. | ૨ ક. | ૩ ક. | ૪ આ. | ૫ મ. | ૧ ક. | ૨ સું. | ૩ ગુ. | ૪ લ. | ૫ શી. | ૬ ઉ. | ૭ સ્નિ. | ૮ રૂ. | ૧ પ. | ૨ વૃ. | ૩ ત્ર્ય. | ૪ ચ. | ૫ આ. | કુલ ૫૩૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | કૃષ્ણ વર્ણ | ✓ | × | × | × | × | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૨૦ |
| ૨ | નીલ વર્ણ | × | ✓ | × | × | × | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૨૦ |
| ૩ | રક્ત વર્ણ | × | × | ✓ | × | × | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૨૦ |
| ૪ | પીત વર્ણ | × | × | × | ✓ | × | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૨૦ |
| ૫ | શ્વેત વર્ણ | × | × | × | × | ✓ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૨૦ |
| ૬ | સુરભિગંધ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ✓ | × | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૨૩ |
| ૭ | દુરભિગંધ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | × | ✓ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૨૩ |
| ૮ | તિક્ત રસ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ✓ | × | × | × | × | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૨૦ |
| ૯ | કડવો રસ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | × | ✓ | × | × | × | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૨૦ |
| ૧૦ | કષાય (તુરો) | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | × | × | ✓ | × | × | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૨૦ |
| ૧૧ | આમ્લ ખાટો | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | × | × | × | ✓ | × | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૨૦ |
| ૧૨ | મધુર રસ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | × | × | × | × | ✓ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૨૦ |
| ૧૩ | કર્કશ સ્પર્શ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ✓ | × | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૨૩ |
| ૧૪ | સુંવાળો સ્પર્શ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | × | ✓ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૨૩ |
| ૧૫ | ગુરુ સ્પર્શ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ✓ | × | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૨૩ |
| ૧૬ | લઘુ સ્પર્શ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | × | ✓ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૨૩ |
| ૧૭ | શીત સ્પર્શ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ✓ | × | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૨૩ |
| ૧૮ | ઉષ્ણ સ્પર્શ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | × | ✓ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૨૩ |
| ૧૯ | સ્નિગ્ધ સ્પર્શ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ✓ | × | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૨૩ |
| ૨૦ | રૂક્ષ સ્પર્શ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | × | ✓ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૨૩ |
| ૨૧ | પરિમંડલ સંસ્થાન | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ✓ | × | × | × | × | ૨૦ |
| ૨૨ | વૃત્ત સંસ્થાન | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | × | ✓ | × | × | × | ૨૦ |
| ૨૩ | ત્ર્યસ્ર સંસ્થાન | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | × | × | ✓ | × | × | ૨૦ |
| ૨૪ | ચતુરસ્ર સંસ્થાન | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | × | × | × | ✓ | × | ૨૦ |
| ૨૫ | આયત સંસ્થાન | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | × | × | × | × | ✓ | ૨૦ |

**નોંધ :** ✓ = જે બોલની પૃચ્છા હોય તે સ્વયં. × = જે બોલ ન હોય તે. ૧ = જે બોલ હોય તે.

**વર્ણ પરિણત પુદ્ગલના ૧૦૦ ભાંગા :–** પાંચ વર્ણ પરિણત જે જે પુદ્ગલો છે તેમાં પ્રત્યેક વર્ણના ૨૦-૨૦ ભાંગા થાય છે. યથા– કાળા વર્ણના પુદ્ગલોમાં અન્ય ચાર વર્ણની પૃચ્છા નથી, માટે તેની ગણના કરી નથી. કાળા વર્ણના પુદ્ગલમાં અન્ય ગંધ, રસ, સ્પર્શ કે સંસ્થાનાદિ સર્વની સંભાવના છે. તેમાં કોઈ સુગંધી પણ હોય અને કોઈ દુર્ગંધી પણ હોય છે. કાળા વર્ણના પુદ્ગલોમાં કોઈ તીખા રસવાળા પણ હોય, તો કોઈ કડવા, કષાયેલા, ખાટા કે મધુર રસવાળા પણ હોય છે. તે જ રીતે કર્કશાદિ આઠ સ્પર્શમાંથી કોઈ પણ સ્પર્શ અને પરિમંડળ આદિ પાંચ સંસ્થાનમાંથી કોઈ પણ સંસ્થાન હોય શકે છે.

આ રીતે કાળા વર્ણમાં અન્ય ગંધ, રસ, સ્પર્શ અને સંસ્થાનોની અપેક્ષાએ પરસ્પર સંબંધિત ૨૦ ભંગ થાય છે. આ રીતે કાળા વર્ણના પુદ્ગલોમાં ૨ ગંધ + ૫ રસ + ૮ સ્પર્શ + ૫ સંસ્થાન = કુલ ૨૦ ભંગ થાય, તે જ રીતે પ્રત્યેક વર્ણના ૨૦-૨૦ ભંગ થાય છે, તેથી પાંચ વર્ણના (૨૦ × ૫ = ) ૧૦૦ ભંગ થાય છે.

**ગંધ પરિણત પુદ્ગલના ૪૬ ભંગ–** સુગંધી પુદ્ગલોમાં દુર્ગંધની ગણના નથી, કારણ કે સુગંધી પુદ્ગલની જ પૃચ્છા છે. તેમાં વર્ણાદિ અન્ય ગુણો હોય છે. તેથી ૫ વર્ણ + ૫ રસ + ૮ સ્પર્શ + ૫ સંસ્થાનના સંયોગે ૨૩ ભંગ થાય, તે જ રીતે દુર્ગંધના પણ વર્ણાદિના સંયોગે ૨૩ ભંગ થાય. તેથી ગંધ પરિણત પુદ્ગલોના ૨૩ × ૨ = ૪૬ ભંગ થાય છે.

**રસ પરિણત પુદ્ગલોના ૧૦૦ ભંગ–** પ્રત્યેક રસમાં પાંચ વર્ણ + બે ગંધ + આઠ સ્પર્શ + પાંચ સંસ્થાન = ૨૦ ભંગ થાય. તેથી પાંચ રસના ૨૦ × ૫ = ૧૦૦ ભંગ થાય છે.

**સ્પર્શ પરિણત પુદ્ગલોના ૧૮૪ ભંગ–** એક સ્પર્શમાં પાંચ વર્ણ + બે ગંધ + પાંચ રસ + છ સ્પર્શ + પાંચ સંસ્થાન = ૨૩ ભંગ થાય છે.

સ્પર્શની પૃચ્છામાં જે સ્પર્શની પૃચ્છા હોય, તે સ્પર્શ અને તેનો પ્રતિપક્ષી સ્પર્શ, આ બંનેને છોડીને શેષ છ સ્પર્શની ગણના થાય છે. વર્ણ, ગંધ, રસ આદિમાં શેષ બધા વર્ણ, ગંધ, રસ પ્રતિપક્ષી છે પરંતુ સ્પર્શની પૃચ્છામાં શીતનો પ્રતિપક્ષી ઉષ્ણ, સ્નિગ્ધનો પ્રતિપક્ષી રૂક્ષ, કર્કશનો પ્રતિપક્ષી મૃદુ અને ગુરુનો પ્રતિપક્ષી લઘુ સ્પર્શ છે. તેમાંથી જે બોલની પૃચ્છા હોય તેનો પ્રતિપક્ષી સ્પર્શ તેમાં હોતો નથી. શેષ છ સ્પર્શ હોય શકે છે.

આ રીતે કોઈ પણ એક સ્પર્શમાં ૫ વર્ણ + ૨ ગંધ + ૫ રસ + ૬ સ્પર્શ + ૫ સંસ્થાન = ૨૩ ભંગ થાય, તેથી આઠ સ્પર્શના ૨૩ × ૮ = ૧૮૪ ભંગ થાય છે.

**સંસ્થાન પરિણત પુદ્ગલના ૧૦૦ ભંગ–** પરિમંડલાદિ એક-એક સંસ્થાનમાં પાંચ વર્ણ + બે ગંધ + પાંચ રસ + આઠ સ્પર્શ = ૨૦ બોલ હોય છે, તેથી પાંચ સંસ્થાનમાં ૨૦ × ૫ = ૧૦૦ ભંગ થાય છે.

સર્વ મળીને વર્ણ પરિણત પુદ્ગલના ૧૦૦ + ગંધ પરિણત પુદ્ગલના ૪૬ + રસ પરિણત પુદ્ગલના ૧૦૦ + સ્પર્શ પરિણત પુદ્ગલના ૧૮૪ + સંસ્થાન પરિણત પુદ્ગલના ૧૦૦ = ૫૩૦ ભંગ પુદ્ગલ દ્રવ્યના એટલે રૂપી અજીવના થાય છે.




૩ + ૩ + ૩ + ૧ = ૧૦ અને ૪×૫ = ૨૦
૧૦ + ૨૦ = ૩૦ ભેદ અરૂપી અજીવના + રૂપી અજીવના ૫૩૦ ભેદ = કુલ ૫૬૦ ભેદ અજીવદ્રવ્યના થાય છે.

**જીવ પ્રજ્ઞાપના :–**

**૩૪ से किं तं जीवपण्णवणा ? जीवपण्णवण्णा दुविहा पण्णत्ता, तं जहा– संसारसमावण्ण-जीवपण्णवणा य असंसारसमावण्ण-जीवपण्णवणा य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** જીવ પ્રજ્ઞાપનાના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** જીવ પ્રજ્ઞાપનાના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) સંસારસમાપન્ન(સંસારી) જીવોની પ્રજ્ઞાપના અને (૨) અસંસારસમાપન્ન(મુક્ત) જીવોની પ્રજ્ઞાપના.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં જીવપ્રજ્ઞાપનાના મુખ્ય બે ભેદનું કથન છે.

**સંસારસમાપન્ન જીવ :– तत्र संसरणं संसारो–नारकतिर्यगनरामर भवानुभवलक्षणस्तं सम्यग्-एकी-भावेनापन्ना संसारसमापन्नाः ।** સંસાર = સંસરણ, પરિભ્રમણ અને સમાપન્ન = પ્રાપ્ત થયેલા. નારક,

તિર્યંચ, મનુષ્ય અને દેવ ભવરૂપ સંસારને પ્રાપ્ત થયેલા જીવોને સંસાર સમાપન્ન– સંસારી જીવ કહે છે.

**અસંસાર સમાપન્નક જીવ :–** જે ભવભ્રમણરૂપ સંસારથી મુક્ત થઈ ગયા છે, તે જીવોને અસંસારસમાપન્ન સિદ્ધ જીવ કહે છે.

**અસંસાર સમાપન્ન જીવ પ્રજ્ઞાપના :–**

**૩૫** से किं तं असंसार-समावण्ण-जीवपण्णवणा ?

**असंसार-समावण्ण-जीवपण्णवणा दुविहा पण्णत्ता, तं जहा- अणंतरसिद्ध- असंसार-समावण्ण-जीवपण्णवणा य परंपरसिद्ध-असंसारसमावण्ण-जीवपण्णवणा य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** અસંસાર સમાપન્ન જીવપ્રજ્ઞાપનાના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** અસંસારસમાપન્ન જીવ પ્રજ્ઞાપનાના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) અનંતરસિદ્ધ અસંસારસમાપન્ન જીવ પ્રજ્ઞાપના અને (૨) પરંપરસિદ્ધ અસંસારસમાપન્ન જીવ પ્રજ્ઞાપના.

**૩૬** से किं तं अणंतरसिद्ध-असंसारसमावण्ण-जीवपण्णवणा ?

**अणंतरसिद्ध-असंसारमावण्ण-जीवपण्णवणा पण्णरसविहा पण्णत्ता, तं जहा- तित्थसिद्धा अतित्थसिद्धा, तित्थयरसिद्धा, अतित्थयरसिद्धा, सयंबुद्धसिद्धा पत्तेयबुद्धसिद्धा, बुद्धबोहियसिद्धा, इत्थीलिंगसिद्धा, पुरिसलिंगसिद्धा, णपुंसगलिंगसिद्धा, सलिंगसिद्धा, अण्णलिंगसिद्धा, गिहिलिंगसिद्धा, एगसिद्धा, अणेगसिद्धा । से तं अणंतरसिद्ध-असंसारसमावण्ण- जीवपण्णवणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** અનંતરસિદ્ધ અસંસારસમાપન્ન જીવ પ્રજ્ઞાપનાના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** અનંતરસિદ્ધ અસંસારસમાપન્ન જીવ પ્રજ્ઞાપનાના પંદર પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) તીર્થસિદ્ધ, (૨) અતીર્થસિદ્ધ, (૩) તીર્થંકરસિદ્ધ, (૪) અતીર્થંકરસિદ્ધ, (૫) સ્વયંબુદ્ધસિદ્ધ, (૬) પ્રત્યેકબુદ્ધ સિદ્ધ, (૭) બુદ્ધબોધિત સિદ્ધ, (૮) સ્ત્રીલિંગ સિદ્ધ, (૯) પુરુષલિંગ સિદ્ધ, (૧૦) નપુંસકલિંગ સિદ્ધ, (૧૧) સ્વલિંગ સિદ્ધ, (૧૨) અન્યલિંગ સિદ્ધ, (૧૩) ગૃહસ્થલિંગ સિદ્ધ, (૧૪) એક સિદ્ધ અને (૧૫) અનેક સિદ્ધ.

**૩૭** से किं तं परंपरसिद्ध-असंसारसमावण्ण-जीवपण्णवणा ?

**परंपरसिद्ध-असंसारसमावण्ण-जीवपण्णवणा अणेगविहा पण्णत्ता, तं जहा- अपढमसमयसिद्धा दुसमयसिद्धा तिसमयसिद्धा चउसमयसिद्धा** *जाव* **संखेज्जसमयसिद्धा असंखेज्ज समयसिद्धा अणंतसमयसिद्धा । से तं परंपरसिद्ध- असंसारसमावण्ण-जीवपण्णवणा। से तं असंसारसमावण्ण-जीवपण्णवणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** પરંપર સિદ્ધ અસંસાર સમાપન્ન જીવ પ્રજ્ઞાપનાના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** પરંપરસિદ્ધ અસંસાર સમાપન્ન જીવ પ્રજ્ઞાપનાના અનેક પ્રકાર છે, તે આ પ્રમાણે છે– અપ્રથમ સમય સિદ્ધ, બેસમયના સિદ્ધ, ત્રણસમયના સિદ્ધ, ચારસમયના સિદ્ધ ***યાવત્*** સંખ્યાતસમયના

સિદ્ધ, અસંખ્યાત સમયના સિદ્ધ અને અનંત સમયના સિદ્ધ. આ પરંપરસિદ્ધ અસંસાર સમાપન્ન જીવ પ્રજ્ઞાપના છે. આ અસંસાર સમાપન્ન જીવોની પ્રરૂપણા પૂર્ણ થઈ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં અસંસાર સમાપન્ન એટલે સિદ્ધ જીવોના ભેદ-પ્રભેદનું નિરૂપણ છે. સિદ્ધ થવાના સમયની અપેક્ષાએ તેના મુખ્ય બે ભેદ છે– (૧) અનંતર સિદ્ધ અને (૨) પરંપર સિદ્ધ.

**અનંતર અસંસાર સમાપન્ન જીવ :–** જે સિદ્ધ જીવોને સિદ્ધ અવસ્થાની પ્રાપ્તિ પછી સમયમાત્રનું અંતર(વ્યવધાન) થયું નથી અર્થાત્ જે સિદ્ધ અવસ્થાના પ્રથમ સમયમાં વર્તી રહ્યા છે, તે સિદ્ધ જીવો અનંતર સિદ્ધ કહેવાય છે. સિદ્ધના જીવો પૂર્ણ શુદ્ધ છે, અનંત સિદ્ધો એક સમાન છે, તેમાં કોઈપણ ભેદ સંભવિત નથી. તેમ છતાં અનંતર સિદ્ધોની પૂર્વાવસ્થા(મનુષ્યભવ)ની બાહ્ય-આભ્યંતર વિવિધ વિશિષ્ટતાઓના આધારે તેના પંદર પ્રકાર કહ્યા છે.

**(૧) તીર્થસિદ્ધ :–** જેના આધારે સંસાર સાગરને તરી શકાય તેને તીર્થ કહે છે. નિર્ગ્રંથ પ્રવચન તીર્થ છે. તીર્થંકરોને કેવળજ્ઞાન, કેવળદર્શનની પ્રાપ્તિ થાય ત્યાર પછી ઉપદેશ આપે છે અને પ્રથમ દેશનામાં સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ ચાર તીર્થની સ્થાપના કરે છે. તીર્થની સ્થાપના પછી તીર્થ પ્રવર્તનકાળ દરમ્યાન જે સિદ્ધ થાય, તેને તીર્થ સિદ્ધ કહે છે. યથા– ગૌતમાદિ ગણધર.

**(૨) અતીર્થસિદ્ધ :–** તીર્થના અભાવને અતીર્થ કહે છે. તીર્થનો અભાવ બે પ્રકારે થાય છે– (૧) તીર્થની સ્થાપના જ ન થઈ હોય તે કાળ અને (૨) તીર્થ વિચ્છેદનો કાળ. આવા અતીર્થકાળમાં જે જીવ સિદ્ધ થાય તે અતીર્થસિદ્ધ છે. યથા–

(૧) ૠષભદેવ ભગવાને કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી પ્રથમ દેશનામાં તીર્થની સ્થાપના કરી. આ તીર્થસ્થાપના પૂર્વે જ મરુદેવામાતા મોક્ષે પધાર્યા હતા તેથી મરુદેવામાતા અતીર્થ સિદ્ધ કહેવાય છે.

(૨) તીર્થની સ્થાપના થયા પછી કાલાન્તરમાં તીર્થનો વિચ્છેદ થાય છે. નવમા સુવિધિનાથ ભગવાનથી પંદરમા ધર્મનાથ ભગવાન સુધીના સાત તીર્થંકરોનું શાસન સમયાંતરે વિચ્છેદ ગયું હતું. શ્રુતજ્ઞાનનો વિચ્છેદ થાય ત્યારે જ શાસન વિચ્છેદ ગયું ગણાય. આ કાળ પણ અતીર્થ કહેવાય છે. અતીર્થમાં સ્વયંબુદ્ધ અને પ્રત્યેકબુદ્ધ સિદ્ધ થઈ શકે છે. (શ્રી ભગવતી સૂત્ર, શતક–૨૫, ઉદ્દેશક–૬, દ્વાર–૮)

**(૩) તીર્થંકર સિદ્ધ :–** તીર્થંકરની પદવીને પ્રાપ્ત કરીને જે સિદ્ધ થાય છે, તે તીર્થંકર સિદ્ધ કહેવાય છે. જેમ કે ચોવીશ તીર્થંકરો.

**(૪) અતીર્થંકર સિદ્ધ :–** સામાન્ય કેવળી રૂપે જે સિદ્ધ થાય તે અતીર્થંકર સિદ્ધ કહેવાય છે. તીર્થંકર સિવાયના સિદ્ધ થયેલા ગૌતમાદિ સર્વ જીવો અતીર્થંકર સિદ્ધ છે.

**(૫) સ્વયંબુદ્ધ સિદ્ધ :–** જાતિસ્મરણજ્ઞાન અથવા અવધિજ્ઞાન આદિના નિમિત્તથી બીજાના ઉપદેશ વિના સ્વતઃ ધર્મબોધ પામીને જે સિદ્ધ થાય છે, તેને સ્વયંબુદ્ધ સિદ્ધ કહે છે, જેમ કે તીર્થંકર. તીર્થંકરો નિયમા સ્વયંબુદ્ધ જ હોય છે. તે સિવાયના જીવો પણ સ્વયંબુદ્ધ થઈ શકે છે.

**(૬) પ્રત્યેકબુદ્ધ સિદ્ધ :–** કોઈ પદાર્થ, પ્રાણી, તેની અવસ્થા અથવા કોઈ પણ બાહ્ય પ્રસંગોના નિમિત્તે બોધ પામીને સિદ્ધ થાય, તેને પ્રત્યેક બુદ્ધ કહે છે. જેમકે કરકંડૂ વગેરે ચારે ય પ્રત્યેકબુદ્ધ સિદ્ધ થયા.

**સ્વંયબુદ્ધ અને પ્રત્યેક બુદ્ધનો તફાવત :–**

| સ્વયંબુદ્ધ | | પ્રત્યેક બુદ્ધ |
|---|---|---|
| (૧) બાહ્ય નિમિત્ત વિના અંતરંગ નિમિત્ત (જાતિસ્મરણ આદિ)થી બોધિની પ્રાપ્તિ. | | (૧) બાહ્ય પદાર્થોના નિમિત્તથી બોધિની પ્રાપ્તિ. |
| (૨) એકાકી કે ગચ્છમાં, એમ બંને રૂપે વિચરે. | | (૨) એકાકી રૂપે જ વિચરે |
| (૩) તીર્થંકરો અને તીર્થંકર સિવાયના, એમ બંને પ્રકારના જીવો હોય. | | (૩) તીર્થંકર સિવાયના જીવો જ હોય છે. |
| (૪) પૂર્વજન્મનું ભણેલું શ્રુતજ્ઞાન ન હોય તો ગુરુ પાસે મુનિલિંગ સ્વીકારે અને ગચ્છમાં જ રહે. | પૂર્વજન્મનું ભણેલું શ્રુત જ્ઞાન હોય તો દેવતા મુનિલિંગ આપે અને એકાકી વિચરે અથવા ગુરુ પાસે મુનિલિંગ સ્વીકારે અને ગચ્છમાં રહે. | (૪) જઘન્ય ૧૧ અંગ અને ઉત્કૃષ્ટ કાંઈક ન્યૂન ૧૦ પૂર્વનું શ્રુતજ્ઞાન પૂર્વજન્મનું ભણેલું હોય. દેવતા મુનિલિંગ આપે અથવા સ્વયં આવશ્યક ઉપકરણોની યાચના કરે. |
| (૫) પાત્રાદિ ૧૨ પ્રકારની ઉપધિ હોય. જઘન્યમાં યથેચ્છ ન્યૂનાધિક ઉપધિ હોય છે. | | (૫) જઘન્ય બે પ્રકારની અને ઉત્કૃષ્ટ નવ પ્રકારની ઉપધિ હોય. |
| (૬) ત્રણે વેદવાળા હોય. | | (૬) પુરુષ અને પુરુષ નપુંસક બે લિંગવાળા હોય. |

**(૭) બુદ્ધબોધિત સિદ્ધ :–** બુદ્ધ અર્થાત્ બોધને પ્રાપ્ત થયેલા. તીર્થંકર કે આચાર્યાદિ દ્વારા પ્રબુદ્ધ થઈને જે જીવો સિદ્ધ થાય, તેને બુદ્ધબોધિત સિદ્ધ કહે છે. જેમ કે ગણધરો.

**(૮) સ્ત્રીલિંગ સિદ્ધ :–** લિંગ = ચિહ્ન. સ્ત્રીના ચિહ્ન હોય, તેને સ્ત્રીલિંગ કહેવાય છે. સ્ત્રીલિંગ ત્રણ પ્રકારે પ્રગટ થાય છે– (૧) સ્ત્રી વેદ, (૨) સ્ત્રી શરીરની રચના અને (૩) સ્ત્રીની વેશભૂષા. આ ત્રણેય પ્રકારના લિંગમાં અહીં સ્ત્રી શરીરરચનાથી પ્રયોજન છે. વેદ અને વેશભૂષાથી નહીં, કારણ કે સ્ત્રીવેદ મોહનીયકર્મના ઉદયજન્ય છે. તેની વિદ્યમાનતામાં સિદ્ધિ પ્રાપ્ત થતી નથી. વેશભૂષા અને સિદ્ધિને કોઈ સંબંધ નથી. સ્ત્રી શરીરે સિદ્ધ થાય તેને જ અહીં સ્ત્રીલિંગ સિદ્ધ સમજવા, જેમ કે ચંદનબાળા આદિ.

સ્ત્રીલિંગ સિદ્ધ નામના ભેદ સહિત પંદર પ્રકારે સિદ્ધ થાય છે, તે વાત દિગંબર ગ્રંથોમાં પણ વર્ણિત છે. **છતાં દિગંબર જૈનો સ્ત્રીઓને મુક્તિ–નિર્વાણની પ્રાપ્તિનો નિષેધ કરે છે.** વાસ્તવમાં મોક્ષમાર્ગ સમ્યગ્ જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ છે. આ રત્નત્રયની સાધના પુરુષોની જેમ સ્ત્રીઓ અને નપુંસકો પણ કરી શકે છે. રત્નત્રયની રુચિ, શ્રદ્ધા કે સાધનામાં લિંગ(સ્ત્રી કે નપુંસક) બાધક બનતું નથી. દિગંબર જૈનોની તે પ્રકારની વિચારધારાનું ખંડન પ્રસ્તુત પાઠથી અને અનેક આગમ વર્ણનોથી થઈ જાય છે. પરંતુ તેઓ આ દ્વાદશાંગીરૂપ શાસ્ત્રોને જ માનતા નથી, ગ્રંથોને માને છે.

**(૯) પુરુષલિંગ સિદ્ધ :–** પુરુષ શરીરે સિદ્ધ થાય તે પુરુષલિંગસિદ્ધ કહેવાય છે યથા– જંબૂસ્વામી આદિ.

**(૧૦) નપુંસકલિંગ સિદ્ધ :–** નપુંસક શરીરે જે સિદ્ધ થાય તે નપુંસકલિંગ સિદ્ધ કહેવાય છે. યથા– ગાંગેય અણગાર. કોઈ જન્મથી નપુંસક હોય છે અને કોઈ કૃત્રિમ નપુંસક હોય છે. આ સર્વ નપુંસકોનો બે ભેદમાં સમાવેશ થાય છે, યથા– (૧) સ્ત્રી નપુંસક અને (૨) પુરુષ નપુંસક. સ્ત્રીના અવયવોની

પ્રધાનતાવાળા નપુંસકને 'સ્ત્રી નપુંસક' અને પુરુષના અવયવોની પ્રધાનતાવાળા નપુંસકને 'પુરુષ નપુંસક' કહે છે. આ બંને પ્રકારના નપુંસકોમાંથી પુરુષ નપુંસક સિદ્ધ થઈ શકે છે, સ્ત્રી નપુંસક સિદ્ધ થઈ શકતા નથી. સ્ત્રી નપુંસકને સ્વભાવથી જ છઠ્ઠું ગુણસ્થાન આવતું જ નથી. ***[ભગવતીસૂત્ર, શતક–૨૫, ઉદ્દે.–૬]*** નપુંસકોને દીક્ષા આપવાનો આગમમાં નિષેધ છે પરંતુ તેઓ સ્વતઃ દીક્ષિત થઈને એકાકી વિચરી મોક્ષે જઈ શકે છે અથવા આગમવિહારી અધિકારી શ્રમણો, પુરુષ નપુંસકને દીક્ષા આપી સ્વતંત્ર વિચરણ કરાવી શકે છે.

**(૧૧) સ્વલિંગસિદ્ધ :–** સ્વ = જિનેશ્વર પ્રરૂપિત, લિંગ = રજોહરણ આદિ, તે દ્રવ્યલિંગ છે. સાધુવેશમાં રહીને જૈન શ્રમણ સમાચારીનું પાલન કરવું તે ભાવલિંગ છે. આ બંને પ્રકારના સ્વલિંગથી જે સિદ્ધ થાય, તે સ્વલિંગસિદ્ધ કહેવાય છે. યથા– ગૌતમસ્વામી. આગમગ્રંથોમાં તીર્થંકરોની ગણના પણ સ્વલિંગ સિદ્ધમાં થઈ છે. તેમ છતાં સર્વ જૈન પરંપરાઓ તીર્થંકરોને સર્વ પ્રકારના ઉપકરણોથી રહિત માને છે. માટે તીર્થંકરો દ્રવ્યલિંગથી નહીં પણ ભાવલિંગથી સ્વલિંગમાં સિદ્ધ થાય છે તેમ સમજવું.

**(૧૨) અન્યલિંગસિદ્ધ :–** અન્ય = જિનપ્રરૂપિત સાધુવેશ સિવાય અન્ય તાપસ, પરિવ્રાજક, સંન્યાસી આદિના વેશે સિદ્ધ થાય તેને અન્યલિંગ સિદ્ધ કહે છે, યથા– વલ્કલચીરિ સંન્યાસી. દ્રવ્યથી ગમે તે લિંગ હોય પરંતુ ભાવથી સ્વલિંગ–સાધુપણું આવ્યા વિના મોક્ષ થતો નથી.

**(૧૩) ગૃહસ્થલિંગસિદ્ધ :–** ગૃહસ્થપણે સિદ્ધ થાય તેને ગૃહસ્થલિંગ સિદ્ધ કહે છે, જેમ કે મરુદેવા માતા. અન્ય લિંગ કે ગૃહસ્થલિંગે ભાવ સાધુપણું આવી ગયા પછી અલ્પાયુ હોય તો તે જ વેશે સિદ્ધ થાય છે. આયુષ્ય દીર્ઘ હોય તો સ્વલિંગ ધારણ કરી વિચરે છે. આ રીતે સ્વલિંગ ધારણ કર્યા પછી તે સ્વલિંગ સિદ્ધ જ કહેવાય, જેમ કે ભરત ચક્રવર્તી. તેમને કેવળજ્ઞાન ગૃહસ્થલિંગમાં થયું અને તેમની મુક્તિ સ્વલિંગમાં થઈ.

**(૧૪) એકસિદ્ધ :–** એક સમયે એક જ સિદ્ધ થાય, એક જીવની સિદ્ધ અવસ્થાની પ્રાપ્તિ સમયે બીજા કોઈ જીવો સાથે સિદ્ધ ન થાય, તો તેને એકસિદ્ધ કહે છે, જેમ કે ભગવાન મહાવીર સ્વામી.

**(૧૫) અનેક સિદ્ધ :–** એક સમયે, એક સાથે અનેક જીવો સિદ્ધ થાય તેને અનેક સિદ્ધ કહે છે, જેમ કે– ઋષભદેવ ભગવાન. તેઓ એક સાથે ૧૦૮ સિદ્ધ થયા. સિદ્ધાંતાનુસાર એક સમયમાં વધુમાં વધુ ૧૦૮ જ સિદ્ધ થઈ શકે છે. (૧) તીર્થસિદ્ધ-અતીર્થસિદ્ધ. (૨) તીર્થંકરસિદ્ધ-અતીર્થંકરસિદ્ધ. (૩) સ્વયંબુદ્ધ સિદ્ધ-પ્રત્યેક બુદ્ધસિદ્ધ-બુદ્ધબોધિતસિદ્ધ. (૪) સ્ત્રીલિંગસિદ્ધ-પુરુષલિંગસિદ્ધ-નપુંસકલિંગ સિદ્ધ. (૫) સ્વલિંગસિદ્ધ-અન્યલિંગસિદ્ધ-ગૃહસ્થલિંગ સિદ્ધ. (૬) એકસિદ્ધ-અનેકસિદ્ધ, સિદ્ધ થનારા કોઈ પણ જીવોમાં આ છ પ્રકારના સમૂહમાંથી એક-એક ભેદ અવશ્ય હોય છે તેથી પ્રત્યેક સિદ્ધમાં છ બોલ અવશ્ય પ્રાપ્ત થાય છે.

| મરુદેવા માતા | ઋષભદેવ ભગવાન | મહાવીર સ્વામી | ગૌતમ સ્વામી |
|---|---|---|---|
| (૧) અતીર્થ સિદ્ધ | તીર્થસિદ્ધ | તીર્થસિદ્ધ | તીર્થસિદ્ધ |
| (૨) અતીર્થંકર સિદ્ધ | તીર્થંકર સિદ્ધ | તીર્થંકરસિદ્ધ | અતીર્થંકરસિદ્ધ |
| (૩) સ્વયંબુદ્ધસિદ્ધ | સ્વયંબુદ્ધ સિદ્ધ | સ્વયંબુદ્ધસિદ્ધ | બુદ્ધબોધિતસિદ્ધ |
| (૪) સ્ત્રીલિંગ સિદ્ધ | પુરુષલિંગ સિદ્ધ | પુરુષલિંગસિદ્ધ | પુરુષલિંગસિદ્ધ |
| (૫) ગૃહસ્થલિંગ સિદ્ધ | સ્વલિંગ સિદ્ધ | સ્વલિંગસિદ્ધ | સ્વલિંગસિદ્ધ |
| (૬) એકસિદ્ધ | અનેકસિદ્ધ | એકસિદ્ધ | એકસિદ્ધ |

**પરંપર અસંસાર સમાપન્ન જીવ :–** જેને સિદ્ધ અવસ્થાની પ્રાપ્તિ એકથી વધુ સમય વ્યતીત થઈ ગયા હોય તે પરંપર સિદ્ધ છે. અતીતકાળના અનંત મુક્તાત્માઓ પરંપર અસંસાર સમાપન્ન જીવો છે. પરંપરસિદ્ધના અનેક પ્રકાર છે.

જેઓને સિદ્ધ થયાને બે સમય થયા હોય અર્થાત્ પ્રથમ સમય ન હોય તેને પરંપર અપ્રથમ સમય સિદ્ધ કહે છે. જેઓને સિદ્ધ થયાને ત્રણ સમય થયા હોય તે પરંપર દ્વિસમય સિદ્ધ. જેઓને ચાર સમય થયા હોય તે પરંપર ત્રિસમયસિદ્ધ અને પાંચ સમય થયા હોય તે પરંપર ચતુ:સમય સિદ્ધ છે ***યાવત્*** જેઓને સિદ્ધ થયાને સંખ્યાતા સમયો થયા હોય તે પરંપર સંખ્યાત સમયસિદ્ધ; અસંખ્યાતા સમયો થયા હોય તે પરંપર અસંખ્યાત સમયસિદ્ધ અને અનંત સમયો થયા હોય તે પરંપર અનંત સમયસિદ્ધ કહેવાય છે.

**અસંસારસમાપન્ન (સિદ્ધ) જીવો**

| અનંતર સિદ્ધ (૧૫ પ્રકાર) | પરંપર સિદ્ધ (અનેક પ્રકાર) |
|---|---|
| ૧. તીર્થ સિદ્ધ – ગૌતમ સ્વામી | ૧. અપ્રથમ સમય સિદ્ધ |
| ૨. અતીર્થ સિદ્ધ – મરુદેવા માતા | ૨. દ્વિ સમય સિદ્ધ |
| ૩. તીર્થંકર સિદ્ધ – ઋષભદેવ સ્વામી | ૩. ત્રિ સમય સિદ્ધ |
| ૪. અતીર્થંકર સિદ્ધ – ગૌતમ સ્વામી | ૪. ચતુ: સમય સિદ્ધ |
| ૫. સ્વયંબુદ્ધ સિદ્ધ – તીર્થંકર પ્રભુ | યાવત્ |
| ૬. પ્રત્યેક બુદ્ધ સિદ્ધ – કરકંડુ | ૫. સંખ્યાત સમય સિદ્ધ |
| ૭. બુદ્ધ બોધિત સિદ્ધ – જંબૂસ્વામી | ૬. અસંખ્યાત સમય સિદ્ધ |
| ૮. સ્ત્રીલિંગ સિદ્ધ – ચંદનબાળા | ૭. અનંત સમય સિદ્ધ |
| ૯. પુરુષલિંગ સિદ્ધ – જંબૂસ્વામી | |
| ૧૦. નપુંસકલિંગ સિદ્ધ – ગાંગેય અણગાર | |
| ૧૧. સ્વલિંગ સિદ્ધ – જંબૂસ્વામી | |
| ૧૨. અન્યલિંગ સિદ્ધ – વલ્કલચીરી | |
| ૧૩. ગૃહસ્થલિંગ સિદ્ધ – મરુદેવા માતા | |
| ૧૪. એક સિદ્ધ – ભગવાન મહાવીર સ્વામી | |
| ૧૫. અનેક સિદ્ધ – ઋષભદેવ સ્વામી | |

**સંસારસમાપન્ન જીવપ્રજ્ઞાપના :–**

**३८** से किं तं संसारसमावण्ण-जीवपण्णवणा ?

**संसारसमावण्ण-जीवपण्णवणा पंचविहा पण्णत्ता, तं जहा– एगिंदिय-संसारसमावण्ण-जीवपण्णवणा, बेइंदिय-संसारसमावण्ण-जीवपण्णवणा, तेइंदियसंसारसमावण्ण-जीवपण्ण-**

**वणा, चउरिंदियसंसारसमावण्णजीवपण्णवणा, पंचिंदियसंसारसमावण्ण-जीवपण्णवणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** સંસાર સમાપન્ન જીવ પ્રજ્ઞાપનાના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** સંસાર સમાપન્ન જીવ પ્રજ્ઞાપનાના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) એકેન્દ્રિય સંસાર સમાપન્ન જીવ પ્રજ્ઞાપના, (૨) બેઇન્દ્રિય સંસાર સમાપન્ન જીવ પ્રજ્ઞાપના, (૩) તેઇન્દ્રિય સંસાર સમાપન્ન જીવ પ્રજ્ઞાપના, (૪) ચૌરેન્દ્રિય સંસાર સમાપન્ન જીવ પ્રજ્ઞાપના અને (૫) પંચેન્દ્રિય સંસાર સમાપન્ન જીવ પ્રજ્ઞાપના.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સંસાર સમાપન્ન જીવોના પ્રકારોનું વર્ણન છે. સંસારી જીવોનું વર્ગીકરણ ગતિ, જાતિ, કાય, યોનિઆદિ અનેક પ્રકારે થઈ શકે છે. પ્રસ્તુત પ્રસંગમાં જાતિ વિશેષની અપેક્ષાએ સમસ્તસંસાર સમાપન્ન જીવોના પાંચ પ્રકાર કહ્યા છે.

**(૧) એકેન્દ્રિય :–** જે જીવોને માત્ર એક સ્પર્શેન્દ્રિય જ હોય, તેવા જીવોની જાતિ વિશેષને એકેન્દ્રિય કહે છે. જેમ કે– પૃથ્વી, પાણી, અગ્નિ આદિ પાંચ સ્થાવર જીવો.

**(૨) બેઇન્દ્રિય :–** જે જીવોને સ્પર્શેન્દ્રિય અને જીહ્વેન્દ્રિય, આ બે ઇન્દ્રિય હોય, તે બેઇન્દ્રિય જાતિના જીવો કહેવાય છે. જેમ કે– શંખ, છીપ, કોડી, ઈયળ, લાળિયા(રસજ) જીવો.

**(૩) તેઇન્દ્રિય :–** જે જીવોને સ્પર્શેન્દ્રિય, જીહ્વેન્દ્રિય અને ઘ્રાણેન્દ્રિય, આ ત્રણ ઇન્દ્રિય હોય, તે તેઇન્દ્રિય જાતિના જીવો કહેવાય છે. જેમ કે– જૂ, લીખ, કીડી, મકોડા, માંકડ વગેરે.

**(૪) ચૌરેન્દ્રિય જીવ :–** જે જીવોને સ્પર્શેન્દ્રિય, જીહ્વેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય, આ ચાર ઇન્દ્રિય હોય, તે ચૌરેન્દ્રિય જાતિના જીવો કહેવાય છે. જેમ કે– માખી, મચ્છર, ડાંસ, પતંગિયાં, વીંછી વગેરે.

**(૫) પંચેન્દ્રિય જીવ :–** જે જીવોને સ્પર્શેન્દ્રિય, જીહ્વેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય અને શ્રોતેન્દ્રિય(કાન) આ પાંચ ઇન્દ્રિય હોય, તે પંચેન્દ્રિય જાતિના જીવો કહેવાય છે. જેમ કે– નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવ.

**એકેન્દ્રિય સંસારસમાપન્ન જીવપ્રજ્ઞાપના :–**

**૩૧ से किं तं एगिंदिय-संसारसमावण्ण-जीवपण्णवणा ?**

**एगिंदिय-संसारसमावण्ण-जीवपण्णवणा पंचविहा पण्णत्ता, तं जहा- पुढविकाइया आउकाइया तेउकाइया वाउकाइया वणस्सइकाइया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** એકેન્દ્રિય સંસાર સમાપન્ન જીવ પ્રજ્ઞાપનાના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** એકેન્દ્રિય સંસાર સમાપન્ન જીવ પ્રજ્ઞાપનાના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) પૃથ્વીકાયિક (૨) અપ્કાયિક (૩) તેઉકાયિક (૪) વાયુકાયિક અને (૫) વનસ્પતિકાયિક.

**વિવેચન :–**

આ સૂત્રમાં એકેન્દ્રિય જીવોના પાંચ પ્રકારનું નિરૂપણ છે.

**(૧) પૃથ્વીકાયિક :–** કાય એટલે શરીર. પૃથ્વી જ જે જીવોનું શરીર છે, તે પૃથ્વીકાયિક કહેવાય છે.

યથા– દરેક પ્રકારની માટી, પથ્થર, રત્નાદિ.

**(ર) અપ્કાયિક :–** અપ્–પાણી જ જે જીવોનું શરીર છે, તે અપ્કાયિક કહેવાય છે. યથા– કૂવાનું, નદીનું, તળાવનું આદિ સર્વ પ્રકારના પાણી.

**(૩) તેઉકાયિક :–** તેઉ–અગ્નિ જ જે જીવોનું શરીર છે, તે તેઉકાયિક(તેજસ્કાયિક) કહેવાય છે. યથા– ચૂલાનો, ભટ્ટીનો, નિંભાડાનો આદિ સર્વ પ્રકારના અગ્નિ.

**(૪) વાયુકાયિક :–** વાયુ જ જે જીવોનું શરીર છે, તે વાયુકાયિક કહેવાય છે. યથા– સામાન્ય વાયુ, વંટોળિયો આદિ સર્વ પ્રકારના વાયુ.

**(૫) વનસ્પતિકાયિક :–** વનસ્પતિ જ જે જીવોનું શરીર છે, તે વનસ્પતિકાયિક કહેવાય છે. યથા– વૃક્ષ, શાકભાજી, ફળ, ધાન્ય આદિ.

આ સૂત્રની વ્યાખ્યામાં વ્યાખ્યાકારે પાંચેય સ્થાવર જીવોના ક્રમની સાર્થકતાનું દર્શન કરાવ્યું છે. પૃથ્વી સમસ્ત જીવોની આધારભૂત હોવાથી સહુ પ્રથમ પૃથ્વીકાયિકોને ગ્રહણ કરવામાં આવ્યા છે. અપ્કાયિક પૃથ્વીના આશ્રયે રહે છે તેથી પૃથ્વીકાય પછી અપ્કાયિકોને ગ્રહણ કર્યા છે. તેઉકાયિક અપ્કાયનો પ્રતિપક્ષી છે તેથી અપ્કાય પછી તેજસ્કાયિકને ગ્રહણ કર્યા છે. વાયુ અગ્નિનો મિત્ર ગણાય છે, વાયુથી અગ્નિ વધે છે તેથી તેજસ્કાય પછી વાયુકાયિકનું ગ્રહણ કર્યું છે અને વૃક્ષાદિના કમ્પનથી વાયુનું અસ્તિત્વ પ્રગટ થાય છે તેથી વાયુકાયિક પછી વનસ્પતિકાયિકનું કથન છે. સમસ્ત જીવોમાં વનસ્પતિકાયિકની બહુલતા છે.

આ પાંચે ય એકેન્દ્રિય જીવો સ્થાવર છે. તે જીવો સ્થાવર નામકર્મના ઉદયે પોતાની ઈચ્છાનુસાર સ્વતઃ એક સ્થાનેથી બીજા સ્થાને જઈ શકતા નથી, ગતિ કરી શકતા નથી.

**પૃથ્વીકાયિક જીવો :-**

**૪૦ से किं तं पुढविकाइया ? पुढविकाइया दुविहा पण्णत्ता, तं जहा- सुहुमपुढवि काइया य बादर-पुढविकाइया य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** પૃથ્વીકાયિક જીવોના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** પૃથ્વીકાયિક જીવોના બે પ્રકાર છે– ૧. સૂક્ષ્મ પૃથ્વીકાયિક અને ૨. બાદર પૃથ્વીકાયિક.

**૪૧ से किं तं सुहुमपुढविकाइया ? सुहुमपुढविकाइया दुविहा पण्णत्ता, तं जहा- पज्जत्त सुहुमपुढविकाइया य अपज्जत्त सुहुमपुढविकाइया य । से तं सुहुमपुढविकाइया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** સૂક્ષ્મ પૃથ્વીકાયિક જીવોના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** સૂક્ષ્મ પૃથ્વીકાયિક જીવોના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) પર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિક અને (૨) અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિક. આ સૂક્ષ્મ પૃથ્વીકાયિકનું વર્ણન થયું.

**૪૨ से किं तं बादरपुढविकाइया ? बादरपुढविकाइया दुविहा पण्णत्ता, तं जहा- सण्हबादर-पुढविकाइया य खरबादरपुढविकाइया य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** બાદર પૃથ્વીકાયિક જીવોના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** બાદર પૃથ્વીકાયિક જીવોના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) શ્લક્ષ્ણ(સુંવાળી) બાદર પૃથ્વીકાયિક અને (૨) ખરબાદર પૃથ્વીકાયિક.

**૪૩** से किं तं सण्ह-बादरपुढविकाइया ? सण्ह-बादरपुढविकाइया सत्तविहा पण्णत्ता, तं जहा- किण्हमट्टिया णीलमट्टिया लोहियमट्टिया हालिद्दमट्टिया सुक्किल्लमट्टिया पंडुमट्टिया पणगमट्टिया । से तं सण्हबादर-पुढविकाइया ।

**ભાવાર્થ :– પ્રશ્ન–** શ્લક્ષ્ણ(સુંવાળી) બાદર પૃથ્વીકાયિક જીવોના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** શ્લક્ષ્ણ–(સુંવાળી) બાદર પૃથ્વીકાયિક જીવોના સાત પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) કાળી માટી (૨) નીલી માટી (૩) લાલ માટી (૪) પીળી માટી (૫) સફેદ માટી (૬) પાંડુ(રાખોડી રંગની ગોપીચંદનની) માટી અને (૭) પનકમૃત્તિકા(લીલા રંગની–પરપડી) માટી.

**૪૪** से किं तं खरबादर-पुढविकाइया ?

खरबादर-पुढविकाइया अणेगविहा पण्णत्ता । तं जहा-

पुढवी य सक्करा वालुया, उवले सिला य लोणूसे ।
अय तंब तउय सीसय, रूप्प सुवण्णे य वइरे य ॥ ८ ॥

हरियाले हिंगुलुए, मणोसिला सासगंजण पवाले
अब्भपडलब्भवालुय, बायरकाए मणिविहाणा ॥ ९ ॥

गोमेज्जए य रुयए, अंके फलिहे य लोहियक्खे य
मरगय मसारगल्ले, भुयमोयग इंदणीले य ॥ १० ॥

चंदण गेरुय हंसगब्भे, पुलए सोगंधिए य बोद्धव्वे ।
चंदप्पह वेरुलिए, जलकंते सूरकंते य ॥ ११ ॥

जे यावण्णे तहप्पगारा । ते समासओ दुविहा पण्णत्ता, तं जहा- पज्जत्तगा य अपज्जत्तगा य । तत्थ णं जे ते अपज्जत्तगा ते णं असंपत्ता ।

तत्थ णं जे ते पज्जत्तगा एतेसि णं वण्णादेसेणं गंधादेसेणं रसादेसेणं फासादेसेणं सहस्सग्गसो विहाणाइं, संखेज्जाइं जोणिप्पमुह-सयसहस्साइं पज्जत्तग-णिस्साए अपज्जत्तगा वक्कंमति-जत्थ एगो तत्थ णियमा असंखेज्जा । से तं खरबादरपुढविकाइया । से तं बादरपुढविकाइया । से तं पुढविकाइया ।

**ભાવાર્થ :– પ્રશ્ન–** ખર બાદર પૃથ્વીકાયિકના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** ખર બાદર પૃથ્વીકાયિકના અનેક પ્રકાર છે. તે આ પ્રમાણે છે–

**ગાથાર્થ–** (૧) શુદ્ધ પૃથ્વી–નદી કિનારાદિની માટી (૨) શર્કરા (કાંકરા) (૩) વાળુ–રેતી (૪) ઉપલ–પથ્થર (૫) શિલા (૬) લવણ (સંચળ આદિ મીઠું) (૭) ઉષ–ક્ષારવાળી જમીન, (૮) લોઢું (૯) ત્રાંબુ (૧૦) ત્રપુષ–કથીર (રાંગા) (૧૧) સીસું (૧૨) ચાંદી (૧૩) સુવર્ણ (૧૪) વજ્ર (હીરા) ॥ ૮ ॥

(૧૫) હરતાલ (૧૬) હિંગળોક (૧૭) મનઃશિલ (૧૮) જસત (૧૯) અંજન (સૌવીર) (૨૦)

પ્રવાલ (મૂંગા) (૨૧) અભ્રપટલ (અબરખ) (૨૨) અભ્રવાલુકા (અબરખ મિશ્રિત રેતી), ॥ ૯ ॥ તે ઉપરાંત બાદરકાયમાં રત્નોના પ્રકાર આ પ્રમાણે છે– (૨૩) ગોમેજ્જક રત્ન (ગોમેજ રત્ન) (૨૪) રૂચક રત્ન (૨૫) અંક રત્ન (૨૬) સ્ફટિક રત્ન (૨૭) લોહિતાક્ષ રત્ન (૨૮) મરકત રત્ન (૨૯) મસારગલ્લ રત્ન (૩૦) ભૂજમોચક રત્ન (૩૧) ઈન્દ્રનીલમણિ રત્ન ॥ **૧૦** ॥

(૩૨) ચન્દન રત્ન (૩૩) ગેરુ રત્ન (૩૪) હંસ રત્ન (હંસગર્ભ રત્ન) (૩૫) પુલક રત્ન (૩૬) સોગન્ધિક રત્ન (૩૭) ચંદ્રપ્રભ રત્ન (૩૮) વૈડૂર્ય રત્ન (૩૯) જલકાંત મણિ રત્ન અને (૪૦) સૂર્યકાંત મણિ રત્ન ॥ **૧૧** ॥ આ સિવાય બીજા અન્ય પણ તથાપ્રકારના પદ્મરાગ આદિ રત્નોના ભેદ છે.

તે પૂર્વોક્ત શ્લક્ષ્ણ અને ખર, આ બંને પ્રકારના બાદર પૃથ્વીકાયિકોના સંક્ષેપથી બે પ્રકાર છે. તે આ પ્રમાણે છે– પર્યાપ્ત અને અપર્યાપ્ત. તેમાંથી જે અપર્યાપ્ત છે, તે વિશિષ્ટ વર્ણાદિને પ્રાપ્ત નથી.

તેમાંથી જે પર્યાપ્તા છે, તેના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શની અપેક્ષાએ હજારો ભેદ છે. તેઓની સંખ્યાત લાખ યોનિપ્રમુખ છે. પર્યાપ્તના આશ્રયે જ અપર્યાપ્ત જીવો ઉત્પન્ન થાય છે. જ્યાં એક અપર્યાપ્ત જીવ ઉત્પન્ન થાય ત્યાં નિયમથી અસંખ્યાત અપર્યાપ્ત જીવો ઉત્પન્ન થાય છે અર્થાત્ એક, બે, ત્રણ કે સંખ્યાતા અપર્યાપ્તા જીવો ક્યારેય અને ક્યાંય પણ ઉત્પન્ન થતા નથી. આ ખર બાદર પૃથ્વીકાયિક અને બાદર પૃથ્વીકાયિક તથા પૃથ્વીકાયિકની પ્રરૂપણા સંપૂર્ણ થઈ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં પૃથ્વીકાયિક જીવોના ભેદ-પ્રભેદોનું વર્ણન છે. પૃથ્વી આદિ પાંચે ય સ્થાવર જીવોના બે-બે ભેદ છે– (૧) સૂક્ષ્મ અને (૨) બાદર.

**સૂક્ષ્મ :–** સૂક્ષ્મ નામકર્મના ઉદયથી જે જીવોનું શરીર અત્યંત સૂક્ષ્મ હોય કે જે ચર્મચક્ષુથી દેખાય નહીં, જગતના સ્થૂળ કે સૂક્ષ્મ શસ્ત્રો તેને હણી શકે નહીં, પકડી શકે નહીં, વાળી શકે નહીં, મારી શકે નહીં, ડૂબાડી શકે નહીં કે બે ભાગ કરી શકે નહીં, તે જીવોને સૂક્ષ્મ કહે છે. સૂક્ષ્મ જીવો કાજલની ડબ્બીમાં કાજલ ભર્યું હોય તેમ આખા લોકમાં ઠસોઠસ ભર્યા છે. સૂક્ષ્મ જીવો નિરૂપક્રમી આયુષ્યવાળા હોય છે. અંતર્મુહૂર્તનું આયુષ્ય પૂર્ણ થતાં તે મૃત્યુ પામે છે.

અહીં સૂક્ષ્મ અને બાદર શબ્દ પ્રયોગ સરસવ અને આંબળાની જેમ સૂક્ષ્મ કે સ્થૂલ અર્થમાં પ્રયુક્ત થયા નથી. આ બંને નામ કર્મની પ્રકૃતિ છે અને પારિભાષિક રૂઢ શબ્દરૂપે પ્રયુક્ત છે.

**બાદર :–** બાદર નામકર્મના ઉદયથી જે જીવોનું શરીર ચક્ષુગ્રાહ્ય હોય અથવા ન પણ હોય પરંતુ જગતના શસ્ત્રોથી જેને હણી શકાય, મારી શકાય, ડૂબાડી શકાય, બાળી શકાય, બે ભાગ કરી શકાય, તે સોપક્રમી અથવા નિરૂપક્રમી બંને પ્રકારના આયુષ્યના ધારક હોય, તેવા જીવોને બાદર કહે છે. બાદર જીવો લોકના દેશભાગમાં હોય છે. તે જીવો લોકાકાશના નિશ્ચિત સ્થાનોમાં જ હોય છે. પાંચ સ્થાવરમાં સૂક્ષ્મ અને બાદર, એવા બે ભેદ છે પરંતુ બેઈન્દ્રિયાદિ શેષ ચારે ય જાતિના જીવો બાદર જ હોય છે.

**સૂક્ષ્મજીવોના ભેદ :–** સૂક્ષ્મ જીવોના બે ભેદ છે– (૧) પર્યાપ્ત અને (૨) અપર્યાપ્ત. જે જીવોની સ્વયોગ્ય પર્યાપ્તિઓ પૂર્ણ થઈ ગઈ હોય તેને **પર્યાપ્ત** કહે છે અને સ્વયોગ્ય પર્યાપ્તિઓ જેને અપૂર્ણ હોય તેને **અપર્યાપ્ત** કહે છે.

**પર્યાપ્તિ :–** પર્યાપ્તિ એટલે યોગ્યતા, શક્તિ વિશેષ. ઉત્પત્તિ સ્થાનમાં આવીને પ્રથમ સમયે ગ્રહણ

કરેલા પુદ્‌ગલો અને ત્યાર પછી પ્રતિ સમયે ગ્રહણ થતાં પુદ્‌ગલોને શરીરાદિરૂપે પરિણમાવવાની જીવની શક્તિ વિશેષને પર્યાપ્તિ કહે છે. પર્યાપ્તિના છ પ્રકાર છે– (૧) આહાર પર્યાપ્તિ (૨) શરીર પર્યાપ્તિ (૩) ઇન્દ્રિય પર્યાપ્તિ (૪) શ્વાસોચ્છ્‌વાસ પર્યાપ્તિ (૫) ભાષા પર્યાપ્તિ અને (૬) મન પર્યાપ્તિ.

**(૧) આહાર પર્યાપ્તિ :–** આહાર યોગ્ય પુદ્‌ગલોને ગ્રહણ કરી, રસ અને ખલરૂપે પરિણત કરવાની શક્તિ વિશેષને આહાર પર્યાપ્તિ કહે છે.

**(૨) શરીર પર્યાપ્તિ :–** આહારરૂપે પરિણત પુદ્‌ગલોને રસ, રૂધિર, માંસ, મેદ, હાડકાં, મજ્જા અને શુક્ર, આ સાત ધાતુરૂપે પરિણમાવવાની શક્તિવિશેષને શરીર પર્યાપ્તિ કહે છે.(સપ્તધાતુમાં) મેદની જગ્યાએ કયાંક ચામડીની ગણના થાય છે.

**(૩) ઇન્દ્રિય પર્યાપ્તિ :–** સપ્તધાતુરૂપે પરિણત પુદ્‌ગલોને ઇન્દ્રિયરૂપે પરિણત કરવાની શક્તિ વિશેષને ઇન્દ્રિય પર્યાપ્તિ કહે છે અથવા પાંચ ઇન્દ્રિયોને યોગ્ય પુદ્‌ગલો ગ્રહણ કરી ઇન્દ્રિયરૂપે પરિણત કરવાની શક્તિ વિશેષને ઇન્દ્રિય પર્યાપ્તિ કહે છે.

**(૪) શ્વાસોચ્છ્‌વાસ પર્યાપ્તિ :–** શ્વાસોચ્છ્‌વાસ વર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરી, શ્વાસોચ્છ્‌વાસરૂપે પરિણમાવી, કાયયોગનું અવલંબન લઈ શ્વાસોચ્છ્‌વાસરૂપે છોડવાની યોગ્યતાને શ્વાસોચ્છ્‌વાસ પર્યાપ્તિ કહે છે.

**(૫) ભાષા પર્યાપ્તિ :–** ભાષા વર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરી, ભાષારૂપે પરિણમાવી, વચનયોગનું અવલંબન લઈ ભાષારૂપે છોડવાની યોગ્યતાને ભાષા પર્યાપ્તિ કહે છે.

**(૬) મનપર્યાપ્તિ :–** મનોવર્ગણાના પુદ્‌ગલોને ગ્રહણ કરી, મનરૂપે પરિણત કરી, મનયોગનું અવલંબન લઈને વિચારોરૂપે છોડવાની યોગ્યતાને મનઃપર્યાપ્તિ કહે છે.

જીવ ઉત્પત્તિના પ્રથમ સમયે એક સાથે સ્વયોગ્ય બધી જ પર્યાપ્તિ બાંધવાની શરૂઆત કરે છે અને તે પર્યાપ્તિઓની પૂર્ણતા ક્રમશઃ થાય છે. આહાર પર્યાપ્તિ પ્રથમ સમયમાં જ પૂર્ણ થઈ જાય છે. શેષ પાંચ પર્યાપ્તિઓ ક્રમશઃ એક-એક અંતર્મુહૂર્તમાં પૂર્ણ થાય છે. સર્વ પર્યાપ્તિઓને પૂર્ણ થવાનો કાળ પણ અંતર્મુહૂર્ત પ્રમાણ છે. એક પર્યાપ્તિને પૂર્ણ થવાનું અંતર્મુહૂર્ત નાનું છે જ્યારે સર્વ પર્યાપ્તિઓને પૂર્ણ થવાનું અંતર્મુહૂર્ત મોટું છે, તેમ સમજવું.

પર્યાપ્ત અને અપર્યાપ્ત, આ બંનેના બે-બે ભેદ છે. પર્યાપ્તના બે ભેદ– (૧) લબ્ધિ પર્યાપ્તા અને (૨) કરણ પર્યાપ્તા અને અપર્યાપ્તના પણ બે ભેદ (૧) લબ્ધિ અપર્યાપ્ત અને (૨) કરણ અપર્યાપ્ત.

**(૧) લબ્ધિ પર્યાપ્ત :–** જે જીવો પર્યાપ્ત નામ કર્મના ઉદયે સ્વયોગ્ય પર્યાપ્તિઓ પૂર્ણ કરવાની ક્ષમતા ધરાવે છે, તે જીવો લબ્ધિ પર્યાપ્ત કહેવાય છે.

**(૨) કરણ પર્યાપ્ત :–** જે જીવોએ પર્યાપ્ત નામ કર્મના ઉદયે સ્વયોગ્ય પર્યાપ્તિઓ પ્રાપ્ત કરી લીધી હોય તે જીવો કરણ પર્યાપ્ત કહેવાય છે. કરણપર્યાપ્તા જીવો અવશ્ય લબ્ધિ પર્યાપ્તા જ હોય છે.

**(૩) લબ્ધિ અપર્યાપ્ત :–** જે જીવો અપર્યાપ્ત નામ કર્મના ઉદયે, સ્વયોગ્ય પર્યાપ્તિઓ પૂર્ણ કર્યા પહેલાં અપર્યાપ્ત અવસ્થામાં જ મૃત્યુ પામે છે, તે જીવો લબ્ધિ અપર્યાપ્ત છે.

**(૪) કરણ અપર્યાપ્ત :–** અપર્યાપ્ત નામ કર્મના ઉદયવાળા જીવો કરણ અપર્યાપ્ત જ રહે છે અને પર્યાપ્ત નામ કર્મના ઉદયવાળા જીવ જ્યાં સુધી પર્યાપ્ત ન થાય, સ્વ યોગ્ય પર્યાપ્તિઓ પૂર્ણ ન કરે, ત્યાં સુધી તે પણ કરણ અપર્યાપ્ત કહેવાય છે.

**લબ્ધિ પર્યાપ્તા આદિ ચારેયની પારસ્પરિક સંભાવના :–**

| ક્રમ | લબ્ધિ પર્યાપ્તા | લબ્ધિ અપર્યાપ્તા | કરણ પર્યાપ્તા | કરણ અપર્યાપ્તા |
|---|---|---|---|---|
| લબ્ધિ પર્યાપ્તા | – | × | ✓ | ✓ |
| લબ્ધિ અપર્યાપ્તા | × | – | × | ✓ |
| કરણ પર્યાપ્તા | ✓ | × | – | × |
| કરણ અપર્યાપ્તા | ✓ | ✓ | × | – |
| **નોંધ :** ✓ = સંભવે, × = ન સંભવે, – = સ્વયં | | | | |

સૂક્ષ્મ અને બાદર આ બંને પ્રકારના એકેન્દ્રિય જીવોમાં પ્રથમ ચાર પર્યાપ્તિ હોય છે; બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય અને અસંજ્ઞી(મન રહિત) પંચેન્દ્રિય જીવોમાં પાંચ પર્યાપ્તિ હોય છે અને સંજ્ઞી(મન સહિત) પંચેન્દ્રિય જીવોમાં છ પર્યાપ્તિ હોય છે.

**બાદર પૃથ્વીકાયના ભેદ :–** બાદર પૃથ્વીકાયના મુખ્ય બે ભેદ છે– (૧) શ્લક્ષ્ણ બાદર પૃથ્વીકાયિક અને ખર બાદર પૃથ્વીકાયિક.

**શ્લક્ષ્ણ બાદર પૃથ્વીકાય :–** શ્લક્ષ્ણ– સુંવાળી. જે બાદર પૃથ્વીના જીવોનું શરીર મેંદાના લોટ સમાન મૃદુ(મુલાયમ) હોય, તે શ્લક્ષ્ણ બાદર પૃથ્વીકાયિક છે. તેના સાત પ્રકાર છે. (૧ થી ૫) પાંચ વર્ણવાળી પાંચ પ્રકારની માટી, (૬) પાંડુ માટી, (૭) પનક માટી.

**पंडुमट्टिया :– पांडुमृत्तिका नाम देशविशेषे या धूलीरूपा सती पाण्डू इति प्रसिद्धा ।** કોઈ દેશ વિશેષમાં ધૂળ-માટી પાંડૂ નામે પ્રસિદ્ધ છે, તે માટી.

**पणगमट्टिया :– नद्यादिपूरप्लाविते देशे नद्यादिपूरेऽपगते यो भूमौ श्लक्ष्ण मृदुरूपो जलमलापरपर्यायः पङ्कः स पनकमृत्तिकाः ।** નદી આદિના પૂરમાં ડૂબેલા પ્રદેશમાં જ્યારે નદીનું પૂર ઊતરી જાય ત્યારે કાંપ જામી જાય છે, તે કાંપની માટીને પનકમૃતિકા કહે છે. તેને 'જલમલ' પણ કહે છે.

**ખર બાદર પૃથ્વીકાય :–** પથ્થર સમાન કઠોર શરીરવાળી પૃથ્વીને ખર બાદર પૃથ્વીકાય કહે છે. પ્રસ્તુતમાં ખરબાદર પૃથ્વીકાયના ૪૦ ભેદ કહ્યા છે. શ્રી આચારાંગ સૂત્રની વૃત્તિ અને નિર્યુક્તિમાં ખર પૃથ્વીના ૩૬ પ્રકારનું કથન છે. શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર અધ્ય.–૩૬ની ગાથાઓ અને શ્રી પ્રજ્ઞાપનાસૂત્રની આ ગાથાઓ એક સમાન છે, તેમાં ખર પૃથ્વીના ૪૦ ભેદોનું કથન છે. તે ઉપરાંત સૂત્રકારે **जे यावण्णे तहप्पगारा.....** શબ્દ પ્રયોગ દ્વારા સૂચિત કર્યું છે કે આ ૪૦ ભેદ સિવાયની આવા પ્રકારની અન્ય પૃથ્વીઓ પણ ખર પૃથ્વી કહેવાય છે.

**अपज्जत्तगा ते णं असंपत्ता :–** જે અપર્યાપ્ત છે તે અસંપ્રાપ્ત છે અર્થાત્ બાદર પૃથ્વીકાયિક આદિ અપર્યાપ્ત જીવો વિશિષ્ટ વર્ણાદિને પ્રાપ્ત હોતા નથી. શરીર આદિ પર્યાપ્તિઓ પૂર્ણ થાય ત્યારે જ બાદર જીવોમાં વર્ણાદિ ભાવ પ્રગટ થાય છે. અપર્યાપ્ત જીવો શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ બાંધતાં બાંધતાં જ અધૂરી પર્યાપ્તિએ મૃત્યુ પામે છે, તેમાં સ્પષ્ટ વર્ણાદિ સંભવિત થતા નથી. તાત્પર્ય એ છે કે તે જીવો ચક્ષુગ્રાહ્ય નથી, તેમજ કોઈ પણ ઇન્દ્રિય વિષયને પ્રાપ્ત થતા નથી; માટે અપર્યાપ્ત જીવો **અસંપ્રાપ્ત** કહેવાય છે.

**બાદર પર્યાપ્ત જીવોના વર્ણાદિના ભેદથી હજારો ભેદ :–** પર્યાપ્ત બાદર પૃથ્વીકાયિકોના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શના ભેદથી હજારો ભેદ થાય છે. જેવી રીતે વર્ણના પાંચ, ગંધના બે, રસના પાંચ અને સ્પર્શના આઠ ભેદ છે. વળી પ્રત્યેક વર્ણના તરતમતાની અપેક્ષાએ અનેક ભેદ થાય છે. જેવી રીતે ભમરો, કોલસા અને કાજળ(આંજણ) આદિ કાળા તો છે પરંતુ તેની કાળાશમાં ન્યૂનાધિકતા છે. આ ત્રણેય ક્રમશઃ કૃષ્ણ, કૃષ્ણતર અને કૃષ્ણતમ હોય છે. તે ઉપરાંત અન્ય વર્ણના મિશ્રણથી અનેક પ્રકારના વર્ણ ઉત્પન્ન થાય છે. કાળો + સફેદ = રાખોડી રંગ, ભૂખરો રંગ બને છે. આમ એક કૃષ્ણ વર્ણની ન્યૂનાધિકતા અને મિશ્રણની અપેક્ષાએ અનેક પ્રકારો થાય છે; તે જ રીતે પ્રત્યેક વર્ણ, ગંધ, રસ, સ્પર્શના અનેક ભેદોની ગણના કરતા પૃથ્વીકાયિકોના હજારો ભેદ બને છે.

**संखेज्जाइं जोणिप्पमुहसयसहस्साइं :–** પૃથ્વીકાયિકોની સંખ્યાતા લાખો યોનિઓ છે– પૃથ્વીકાયિક જીવની સંવૃત્ત યોનિ છે. તેના ત્રણ પ્રકાર છે– સચિત્ત, અચિત્ત અને મિશ્ર. તે પ્રત્યેકના શીત, ઉષ્ણ અને શીતોષ્ણ તે ત્રણ પ્રકાર છે. આ સર્વ પ્રકારની યોનિઓમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શની તરતમતાએ સંખ્યાતીત યોનિઓ થઈ જાય છે. તેમાંથી સમાન જાતિની એક યોનિ ગણતાં પૃથ્વીકાયિક જીવોની સંખ્યાત લાખ યોનિ ઓ થાય છે. પરંપરામાં તે સાત લાખરૂપે પ્રસિદ્ધ છે.

**पज्जत्तग णिस्साए..जत्थ एगो तत्थ नियमा असंखेज्जा :–** આ સૂત્રાંશમાંથી ફલિત થાય છે કે– (૧)અપર્યાપ્તા જીવો ક્યાંય પણ સ્વતંત્ર રીતે ઉત્પન્ન થતાં નથી પરંતુ જ્યાં પર્યાપ્ત જીવો ઉત્પન્ન થયેલા હોય ત્યાં જ અપર્યાપ્ત જીવો ઉત્પન્ન થાય છે. (૨) જ્યાં પણ અપર્યાપ્ત જીવો ઉત્પન્ન થાય ત્યાં તે એકસાથે અસંખ્યાતા જ ઉત્પન્ન થાય છે પરંતુ એક, બે, ત્રણ કે સેંકડો અથવા હજારો ***યાવત્*** સંખ્યાતા અપર્યાપ્તા જીવો ક્યારેય ઉત્પન્ન થતાં નથી.

**અપ્કાયિક જીવો :-**

**૪૫ से किं तं आउक्काइया ? आउक्काइया दुविहा पण्णत्ता, तं जहा- सुहुमआउक्काइया य बायरआउक्काइया य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** અપ્કાયિક જીવોના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** અપ્કાયિક જીવોના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– સૂક્ષ્મ અપ્કાયિક અને બાદર અપ્કાયિક.

**૪૬ से किं तं सुहुमआउक्काइया ? सुहुमआउक्काइया दुविहा पण्णत्ता, तं जहा- पज्जत्तग-सुहुमआउक्काइया य अपज्जत्तग-सुहुमआउक्काइया य । से तं सुहुमआउक्काइया।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** સૂક્ષ્મ અપ્કાયિક જીવોના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** સૂક્ષ્મ અપ્કાયિક જીવોના બે પ્રકાર છે. (૧) પર્યાપ્ત સૂક્ષ્મ અપ્કાયિક અને (૨) અપર્યાપ્ત સૂક્ષ્મ અપ્કાયિક. આ પ્રમાણે સૂક્ષ્મ અપ્કાયિકનું વર્ણન થયું.

**૪૭ से किं तं बायरआउक्काइया ?**

**बायरआउक्काइया अणेगविहा पण्णत्ता, तं जहा- उस्सा हिमए महिया करए हरतणुए सुद्धोदए सीओदए उसिणोदए खारोदए खट्टोदए अंबिलोदए लवणोदए वारुणोदए खीरोदए घओदए खोओदए रसोदए, जेयावण्णे तहप्पगारा ।**

**ते समासओ दुविहा पण्णत्ता, तं जहा- पज्जत्तगा य अपज्जत्तगा य । तत्थ णं जे ते अपज्जत्तगा ते णं असंपत्ता । तत्थ णं जे ते पज्जत्तगा, एएसिं णं वण्णादेसेणं गंधादेसेणं रसादेसेणं फासादेसेणं सहस्सग्गसो विहाणाइं, संखेज्जाइं जोणिप्पमुहसयसहस्साइं । पज्जत्तग-णिस्साए अपज्जत्तगा वक्कमंति, जत्थ एगो तत्थ णियमा असंखेज्जा । से तं बायर- आउक्काइया । से तं आउक्काइया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** બાદર અપ્કાયિક જીવોના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** બાદર અપ્કાયિક જીવોના અનેક પ્રકાર છે, તે આ પ્રમાણે છે– ઓસ, હિમ, મહિકા-ધુમ્મસ, કરા, હરતનુ– વનસ્પતિ ઉપરના જલબિંદુ, શુદ્ધોદક– વરસાદનું તથા નદી આદિનું પાણી, શીતોદક, ઉષ્ણોદક– સ્વાભાવિક રીતે નીકળતું દ્રહ વગેરેનું ગરમ પાણી, ખારું પાણી, ખાટું પાણી, અમ્લોદક–કાંજી જેવું ખાટું પાણી, લવણોદક– લવણસમુદ્રના પાણી જેવું ખારું પાણી, વરુણોદક– વરુણસમુદ્રના પાણી જેવું મદિરાના સ્વાદવાળું પાણી, ક્ષીરોદક– ક્ષીર સમુદ્રના પાણી જેવું દૂધના સ્વાદવાળું પાણી, ઘૃતવર સમુદ્રના પાણી જેવું ઘીના સ્વાદવાળું પાણી, ક્ષોદોદક– ક્ષોદોદ સમુદ્રના પાણી જેવું ઈક્ષુરસના સ્વાદવાળું પાણી, પુષ્કરવર સમુદ્રનું પાણી વગેરે તથા આ પ્રકારના અન્ય જે પાણી હોય તે બાદર અપ્કાયિક છે.

તે ઓસ આદિ બાદર અપ્કાયિક જીવોના સંક્ષેપથી બે પ્રકાર છે– (૧) પર્યાપ્ત અને (૨) અપર્યાપ્ત. તેમાંથી જે અપર્યાપ્ત છે તે અસંપ્રાપ્ત–વર્ણાદિને અપ્રાપ્ત છે(એટલે ચક્ષુગ્રાહ્ય નથી.) અને જે પર્યાપ્ત છે, તેના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શની અપેક્ષાએ હજારો ભેદો થાય છે. તેની સંખ્યાત લાખ(સાત લાખ) યોનિ છે. પર્યાપ્ત જીવોના આશ્રયે અપર્યાપ્ત જીવો આવીને ઉત્પન્ન થાય છે. જ્યાં એક અપર્યાપ્ત જીવ ઉત્પન્ન થાય ત્યાં નિયમથી અસંખ્યાત અપર્યાપ્ત જીવો ઉત્પન્ન થાય છે. આ બાદર અપ્કાયિકોની અને અપ્કાયિક જીવોની પ્રજ્ઞાપના પૂર્ણ થાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં અપ્કાયિક જીવોના મુખ્ય બે પ્રકાર અને તેના ભેદ-પ્રભેદોનું વર્ણન છે. આચારાંગસૂત્ર નિર્યુક્તિ તથા ઉત્તરાધ્યયન સૂત્રમાં બાદર અપ્કાયના પાંચ ભેદોનો નિર્દેશ છે. પ્રસ્તુત સૂત્રમાં રસ અને સ્પર્શની અપેક્ષાએ તેના અનેક પ્રકાર કહ્યા છે. જેમાં વિવિધ સમુદ્રોના વિવિધ રસ-સ્પર્શવાળા પાણીની અપેક્ષાએ તેના અલગ-અલગ નામ આપ્યા છે. અપ્કાયિક જીવોની પણ સંખ્યાત લાખ(પ્રસિદ્ધમાં સાત લાખ) યોનિ છે. શેષ કથન ભાવાર્થથી સ્પષ્ટ છે.

**તેજસ્કાયિક જીવો :–**

**૪૮ से किं तं तेउक्काइया ? तेउक्काइया दुविहा पण्णत्ता, तं जहा- सुहुमतेउक्काइया य बादरतेउक्काइया य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** તેજસ્કાયિક જીવોના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** તેજસ્કાયિક જીવોના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– સૂક્ષ્મ તેજસ્કાયિક અને બાદર તેજસ્કાયિક.

**૪૯ से किं तं सुहुमतेउक्काइया ? सुहुमतेउक्काइया दुविहा पण्णत्ता, तं जहा- पज्जत्तगा य अपज्जत्तगा य । से तं सुहुमतेउक्काइया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** સૂક્ષ્મ તેજસ્કાયિક જીવોના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** સૂક્ષ્મ તેજસ્કાયિક જીવોના બે પ્રકાર છે– પર્યાપ્તા અને અપર્યાપ્તા. આ સૂક્ષ્મ તેજસ્કાયિકનું વર્ણન પૂર્ણ થાય છે.

**૫૦ से किं तं बायरतेउक्काइया ? बायरतेउक्काइया अणेगविहा पण्णत्ता, तं जहा- इंगाले जाला मुम्मुरे अच्ची अलाए सुद्धागणी उक्का विज्जू असणी णिग्घाए संघरिससमुट्ठिए सूरकंतमणिणिस्सिए, जेयावण्णे तहप्पगारा ।**

**ते समासओ दुविहा पण्णत्ता, तं जहा- पज्जत्तगा य अपज्जत्तगा य । तत्थ णं जे ते अपज्जत्तगा ते णं असंपत्ता । तत्थ णं जे ते पज्जत्तगा एएसिं णं वण्णादेसेणं गंधादेसेणं रसादेसेणं फासादेसेणं सहस्सग्गसो विहाणाइं, संखेज्जाइं जोणिप्पमुहसयसहस्साइं । पज्जत्तग-णिस्साए अपज्जत्तगा वक्कमंति । जत्थ एगो तत्थ णियमा असंखिज्जा । से तं बायरतेउक्काइया । से तं तेउक्काइया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** બાદર તેજસ્કાયિક જીવોના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** બાદર તેજસ્કાયિક જીવોના અનેક પ્રકાર છે, તે આ પ્રમાણે છે– અંગારા, જ્વાળા (જાજવલ્યમાન ખેર આદિની જ્વાળા અથવા દીપકની જાળ), મુર્મુર– રાખમાં રહેલા અગ્નિકણ, અર્ચિ– અગ્નિથી પૃથક્ થયેલી જ્વાળા, અલાત– સળગતી મશાલ, સળગતું લાકડું, શુદ્ધ અગ્નિ–લોઢાના ગોળ ાની અગ્નિ, ઉલ્કા–આગના તણખા, વિદ્યુત– આકાશકીય વિજળી, અશનિ– આકાશથી ખરતા અગ્નિકણ, નિર્ઘાત– વૈક્રિય સંબંધી અશનિપાત(વિજળી પડવી, કાટકાની અગ્નિ), સંઘર્ષ સમુત્થિત– અરણિ આદિના લાકડાના ઘર્ષણથી ઉત્પન્ન થતી અગ્નિ અને સૂર્યના પ્રખર કિરણોના સંપર્કથી સૂર્યકાન્તમણિથી ઉત્પન્ન થતી અગ્નિ(કાચને સૂર્ય સામે ધરવાથી જે અગ્નિ ઉત્પન્ન થાય તે.) તે ઉપરાંત અન્ય પણ જેટલી અગ્નિ છે તે બધી બાદર તેજસ્કાયિક જાણવી જોઈએ.

તે બાદર તેજસ્કાયિકના સંક્ષેપથી બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– પર્યાપ્તા અને અપર્યાપ્તા. તેમાંથી જે અપર્યાપ્તા છે તે અસંપ્રાપ્ત છે એટલે કે ઈન્દ્રિય-વિષયભૂત નથી અને જે પર્યાપ્તા છે તેના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શની અપેક્ષાએ હજારો ભેદ થાય છે. તેની સંખ્યાત લાખયોનિ છે. પર્યાપ્તા તેજસ્કાયિકોના આશ્રયે અપર્યાપ્ત જીવો ઉત્પન્ન થાય છે. જ્યાં એક અપર્યાપ્ત ઉત્પન્ન થાય ત્યાં નિયમથી અસંખ્યાત અપર્યાપ્ત જીવો ઉત્પન્ન થાય છે. આ રીતે બાદર તેજસ્કાયિક અને તેજસ્કાયિક જીવોની પ્રરૂપણા પૂર્ણ થાય છે.

**વિવેચન :-**

પ્રસ્તુત ત્રણ સૂત્રોમાં તેજસ્કાયિક જીવોનું વર્ણન છે, તેની પણ સાત લાખ યોનિઓ છે.

**વાયુકાયિક જીવો :-**

**૫૧ से किं तं वाउक्काइया ? वाउक्काइया दुविहा पण्णत्ता, तं जहा- सुहुमवाउक्काइया य बायरवाउक्काइया य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** વાયુકાયિક જીવોના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** વાયુકાયિક જીવોના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– સૂક્ષ્મ વાયુકાયિક અને બાદર વાયુકાયિક.

**૫૨ से किं तं सुहुमवाउक्काइया ? सुहुमवाउक्काइया दुविहा पण्णत्ता, तं जहा- पज्जत्तग-सुहुमवाउक्काइया य अपज्जत्तग-सुहुमवाउक्काइया य । से तं सुहुमवाउक्काइया।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** સૂક્ષ્મવાયુકાયિક જીવોના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** સૂક્ષ્મવાયુકાયિક જીવોના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– પર્યાપ્ત સૂક્ષ્મ વાયુકાયિક અને અપર્યાપ્ત સૂક્ષ્મ વાયુકાયિક. આ રીતે સૂક્ષ્મ વાયુકાયિકોનું કથન પૂર્ણ થાય છે.

**૫૩ से किं तं बादरवाउक्काइया ? बादरवाउक्काइया अणेगविहा पण्णत्ता, तं जहा- पाईणवाए पडीणवाए दाहिणवाए उदीणवाए उड्ढवाए अहोवाए तिरियवाए विदिसीवाए वाउब्भामे वाउक्कलिया वायमंडलिया उक्कलियावाए मंडलियावाए गुंजावाए झंझावाए संवट्टगवाए घणवाए तणुवाए सुद्धवाए, जेयावण्णे तहप्पगारे ।**

**ते समासओ दुविहा पण्णत्ता, तं जहा- पज्जत्तगा य अपज्जत्तगा य । तत्थ णं जे ते अपज्जत्तगा ते णं असंपत्ता । तत्थ णं जे ते पज्जत्तगा, एतेसि णं वण्णादेसेणं गंधादेसेणं रसादेसेणं फासादेसेणं सहस्सग्गसो विहाणाइं, संखेज्जाइं जोणिप्पमुहसयसहस्साइं । पज्जत्तगणिस्साए अपज्जत्तगा वक्कमंति । जत्थ एगो तत्थ णियमा असंखेज्जा । से तं बादरवाउक्काइया । से तं वाउक्काइया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** બાદર વાયુકાયિક જીવોના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** બાદર વાયુકાયિક જીવોના અનેક પ્રકાર છે. તે આ પ્રમાણે છે– પૂર્વીવાયુ(પૂર્વદિશાનોવાયુ), પશ્ચિમીવાયુ, દક્ષિણીવાયુ, ઉત્તરીવાયુ, ઊર્ધ્વવાયુ, અધોવાયુ, તિર્યગ્વાયુ, વિદિશાનો વાયુ, વાતોદ્ભ્રામ– અનિયત વાયુ, વાતોત્કલિકા–સમુદ્રની સમાન પ્રચંડ ગતિથી વહેતો તોફાની વાયુ, વાતમંડલિકા–ગોળ ઘૂમરી લેતો વાયુ, ઉત્કલિકાવાત–તરંગોથી યુક્ત તરંગિત વાયુ, મંડલિકાવાત–ચક્રવાત, ગુંજાવાત–ગુંજારવ કરતો વાયુ, ઝંઝાવાત–વરસાદની સાથે આંધી સહિતનો વાયુ, સંવર્તકવાત–પ્રલયકાળમાં વહેતો વાયુ, ઘનવાત–રત્નપ્રભાદિ પૃથ્વીઓની નીચે રહેલો સઘન વાયુ, તનુવાત–ઘનવાતની નીચે રહેલો પાતળો વાયુ અને શુદ્ધ વાત–મશક આદિમાં ભરેલો અથવા મંદ-મંદ વહેતો વાયુ. તે ઉપરાંત અન્ય પણ જેટલા આ પ્રકારના વાયુ છે, તે પણ બાદર વાયુકાયિક જીવો છે.

બાદર વાયુકાયિકના સંક્ષેપથી બે પ્રકાર છે, યથા– પર્યાપ્ત અને અપર્યાપ્ત.તેમાંથી જે અપર્યાપ્ત છે, તેઓ અસંપ્રાપ્ત છે અર્થાત્ ઇન્દ્રિયના વિષયભૂત નથી અને જે પર્યાપ્ત છે તેના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શની અપેક્ષાએ હજારો પ્રકાર થાય છે. તેની સંખ્યાત લાખ યોનિ છે. પર્યાપ્ત વાયુકાયિકની નેશ્રાએ અપર્યાપ્ત જીવો ઉત્પન્ન થાય છે. જ્યાં એક અપર્યાપ્ત વાયુકાયિક ઉત્પન્ન હોય છે, ત્યાં નિયમથી અસંખ્યાત અપર્યાપ્ત વાયુકાયિક જીવો ઉત્પન્ન થાય છે. આ રીતે બાદર વાયુકાયિક જીવોની અને વાયુકાયિક જીવોની પ્રરૂપણા પૂર્ણ થાય છે.

**વિવેચન :–**

બાદર વાયુકાયિક જીવોની સંખ્યાત લાખ જીવાયોનિ(પ્રસિદ્ધમાં સાત લાખ જીવાયોનિ) છે. શેષ કથન સૂત્રાર્થથી સ્પષ્ટ છે.

**વનસ્પતિકાયિક જીવો :–**

**૫૪ से किं तं वणस्सइकाइया ? वणस्सइकाइया दुविहा पण्णत्ता, तं जहा- सुहुम-वणस्सइकाइया य बादर-वणस्सइकाइया य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** વનસ્પતિકાયિક જીવોના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** વનસ્પતિકાયિક જીવોના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– સૂક્ષ્મ વનસ્પતિકાયિક અને બાદર વનસ્પતિકાયિક.

**૫૫ से किं तं सुहुम-वणस्सइकाइया ? सुहुम-वणस्सइकाइया दुविहा पण्णत्ता, तं जहा- पज्जत्त-सुहुम-वणस्सइकाइया य अपज्जत्त-सुहुम-वणस्सइकाइया य । से तं सुहुमवणस्सइ-काइया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** સૂક્ષ્મ વનસ્પતિકાયિક જીવોના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** સૂક્ષ્મ વનસ્પતિકાયિક જીવોના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– પર્યાપ્ત સૂક્ષ્મ વનસ્પતિકાયિક અને અપર્યાપ્ત સૂક્ષ્મ વનસ્પતિકાયિક. આ સૂક્ષ્મ વનસ્પતિકાયિકનું નિરૂપણ પૂર્ણ થાય છે.

**૫૬ से किं तं बादरवणस्सइकाइया ? बादरवणस्सइकाइया दुविहा पण्णत्ता, तं जहा- पत्तेयसरीर-बादर-वणस्सइकाइया य साहारण-सरीर-बादर-वणस्सइकाइया य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** બાદર વનસ્પતિકાયિકના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** બાદર વનસ્પતિકાયિકના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– પ્રત્યેકશરીરી બાદર વનસ્પતિકાયિક અને સાધારણ શરીરી બાદર વનસ્પતિકાયિક.

**પ્રત્યેક શરીરી બાદર વનસ્પતિકાય :–**

**૫૭ से किं तं पत्तेयसरीर-बादरवणस्सइकाइया ? पत्तेयसरीर-बादरवणस्सइकाइया दुवालस-विहा पण्णत्ता, तं जहा-**

**रुक्खा गुच्छा गुम्मा, लया वल्ली य पव्वगा चेव ।**
**तण वलय हरिय ओसहिं, जलरुह कुहणा य बोद्धव्वा ॥१२॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** પ્રત્યેક શરીરી બાદર વનસ્પતિકાયિક જીવોના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** પ્રત્યેક શરીર બાદર વનસ્પતિકાયિક જીવોના બાર પ્રકાર છે, તે આ પ્રમાણે છે–

**ગાથાર્થ–** (૧) વૃક્ષ– આંબો, લીમડો (૨) ગુચ્છ– રીંગણી આદિ છોડ, (૩) ગુલ્મ– નવમલ્લિકા આદિ ફૂલના છોડ, (૪) લતા– ચંપકલતા આદિ, (૫) વલ્લી– વેલો, (૬) પર્વગ– શેરડી આદિ પર્વ ગાંઠવાળી (કાતળીવાળી) વનસ્પતિ, (૭) તૃણ– કુશ, ડાભ આદિ ઘાસ, (૮) વલય– જેની છાલ વલયના આકારની ગોળ હોય છે, તેવા કેતકી, કેળ આદિ, (૯) હરિત– મેથી, તાંદળજો વગેરે ભાજી, (૧૦) ઔષધિ– ઘઉં આદિ ધાન્ય, (૧૧) જલરુહ– પાણીમાં ઉગતી–કમળ કાકડી, સિંગોડા આદિ વનસ્પતિ અને (૧૨) કુહણ– ભૂમિ ફોડીને ઉગનારી વનસ્પતિ, બિલાડીના ટોપ આદિ. **॥ ૧૨ ॥**

**૫૮ से किं तं रुक्खा ? रुक्खा दुविहा पण्णत्ता, तं जहा- एगट्ठिया य बहुबीयगा य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** તે વૃક્ષના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** વૃક્ષના બે પ્રકાર છે– એકાસ્થિક અને બહુબીજક.

**૫૯** से किं तं एगट्ठिया ? एगट्ठिया अणेगविहा पण्णत्ता, तं जहा-

णिंबंब जंबु कोसंब, साल अंकोल्ल पीलु सेलू य ।
सल्लइ मोयइ मालुय, बउल पलासे करंजे य ॥१३॥

पुत्तंजीवयरिट्ठे, बिभेलए हरडए य भल्लाए ।
उंबेभरिया खीरिणी, बोधव्वे धायइ पियाले ॥१४॥

पूई करंज सेण्हा(सण्हा), तह सीसवा य असणे य ।
पुण्णाग णागरुक्खे, सोवण्णि तहा असोगे य ॥१५॥

जेयावण्णे तहप्पगारा । एतेसि णं मूला असंखेज्जजीविया, एवं कंदा वि खंधा वि तया वि साला वि पवाला वि। पत्ता पत्तेयजीविया । पुप्फा अणेगजीविया । फला एगट्ठिया । से तं एगट्ठिया ।

**ભાવાર્થ :– પ્રશ્ન–** એકાસ્થિક વૃક્ષોના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** એકાસ્થિક વૃક્ષોના અનેક પ્રકાર છે, તે આ પ્રમાણે છે–

**ગાથાર્થ–** લીમડો, આંબો, જાંબુ, કોશામ્ર– જંગલના આમ્રવૃક્ષ, શાલ, અંકોલ્લ–અખરોટ, પીલૂ, શેલુ (ગુંદા), સલ્લકી, મોચકી, માલુક (કૃષ્ણ તુલસી), બકુલ(બોરસલી), પલાશ–ખાખરાનું વૃક્ષ, કરંજ ॥ **૧૩** ॥ પુત્રજીવક, અરિષ્ટ–અરીઠા, બહેડા, હરડે, ભિલામા, ઉમ્બેભરિયા, ક્ષીરણિ, ધાતકી અને પ્રિયાલ ॥ **૧૪** ॥

પૂતિક– લીંબોળી, કરંજ, શ્લક્ષ્ણ તથા સીસમ, અશન, પુન્નાગ– નાગકેસર, નાગવૃક્ષ, શ્રીપર્ણી (સોપારી) અને અશોક. આ બધાં એકાસ્થિક વૃક્ષ છે.॥ **૧૫** ॥ આ પ્રકારના અન્ય પણ જેટલા વૃક્ષો છે જેનાં ફળમાં એક ગોઠલી હોય તેવા વૃક્ષોને એકાસ્થિક વૃક્ષ જાણવા.

આ એકાસ્થિક વૃક્ષોના મૂળમાં અસંખ્યાત જીવો; કંદ, સ્કંધ(થડ), છાલ, શાખા અને પ્રવાલ (કુંપળ)માં અસંખ્યાત જીવો, પાંદડામાં પ્રત્યેક જીવ, પુષ્પોમાં અનેક જીવો અને તેનાં ફળો એકાસ્થિક– એક બીજવાળા(એક જીવવાળા) હોય છે. આ એકાસ્થિક વૃક્ષોનું વર્ણન છે.

**૬૦** से किं तं बहुबीयगा ? बहुबीयगा अणेगविहा पण्णत्ता, तं जहा-

अत्थिय तिंदु कविट्ठे, अंबाडग माउलिंग बिल्ले य ।
आमलग फणस दाडिम, आसोत्थे उंबर वडे य ॥१६॥

णग्गोह णंदिरुक्खे, पिप्परि सयरी पिलुक्खरुक्खे य ।
काउंबरि कुत्थुंभरि, बोधव्वा देवदाली य ॥१७॥

तिलए लउए छत्तोह, सिरीसे सत्तिवण्ण दहिवण्णे ।
लोद्ध धव चंदणज्जुण, णीमे कुडए कयंबे य ॥१८॥

**जेयावण्णे तहप्पगारा । एएसि णं मूला वि असंखेज्जजीविया, कंदा वि खंधा वि तया वि साला वि पवाला वि । पत्ता पत्तेयजीविया । पुप्फा अणेगजीविया । फला बहुबीया । से तं बहुबीयगा । से तं रुक्खा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** બહુબીજક વૃક્ષોના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** બહુબીજક વૃક્ષોના અનેક પ્રકાર છે, તે આ પ્રમાણે છે–

**ગાથાર્થ–** અસ્થિક, તિન્દુક(ટીંબરું), કપિત્થ–કોઠા, અંબાડગ, માતૃલિંગ–બિજોરું, બીલા, આમળા, ફણસ, દાડમ, પીપળો, ઉદુંબર, વટવૃક્ષ ॥ ૧૬ ॥ ન્યગ્રોધ– વડવાઈવાળું મોટું વટવૃક્ષ, નન્દિવૃક્ષ, પીંપરી, શતાવરી, પીપળો, કાદુંબરી, કસ્તુંભરી અને દેવદાલી ॥ ૧૭ ॥

તિલક, લીચી, છત્રૌઘ, શિરીષ, સપ્તપર્ણ, દધિપર્ણ, લોધ્ર, ધવ, ચંદન, અર્જુન, નીમ, કુટજ અને કદંબ, આ બધા વૃક્ષો બહુબીજક જાણવા જોઈએ. ॥ ૧૮ ॥ આ પ્રકારના અન્ય પણ બહુબીજયુક્ત ફળ-વાળા વૃક્ષોને બહુબીજક વૃક્ષ જાણવા.

આ બહુબીજક વૃક્ષોના મૂળમાં અસંખ્ય જીવો; કંદ, સ્કંધ, ત્વચા (છાલ), શાખા અને પ્રવાલમાં અસંખ્યાત જીવો; પાંદડામાં પ્રત્યેક જીવ, પુષ્પોમાં અનેક જીવો અને ફળો બહુબીજક(બહુ જીવો) હોય છે. આ બહુબીજક વૃક્ષોની પ્રરૂપણા છે.

**६१ से किं तं गुच्छा ? गुच्छा अणेगविहा पण्णत्ता, तं जहा-**

**वाइंगण सल्लई बोंडई य, तह कच्छुरी य जासुमणा ।**
**रुवी अढइ नीली, तुलसी तह माउलिंगी य ॥१९॥**

**कत्थुंभरि पिप्पलिया, अतसी बिल्ली य कायमाई य ।**
**चुच्चु पडोला कंदलि, बाउच्चा वत्थुले बदरे ॥२०॥**

**पत्तउर सीयउरए, हवइ तहा जवसए य बोधव्वे ।**
**णिग्गुंडि अक्क तूवरी, अट्टइ चेव तलऊडा ॥२१॥**

**सण वाण कास मद्दग, अग्घाडग साम सिंदुवारे य ।**
**करमद्द अद्दरुसग, करीर एरावण महित्थे ॥२२॥**

**जाउलग माल परिली, गयमारिणि कुच्चकारिया भंडी ।**
**जावइ केयइ तह, गंज पाडला दासी अंकोल्ले ॥२३॥**

**जेयावण्णे तहप्पगारा । से तं गुच्छा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** ગુચ્છ(નીચા અને ગોળ છોડ)ના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** ગુચ્છના અનેક પ્રકાર છે, તે આ પ્રમાણે છે–

**ગાથાર્થ–** રીંગણી, સલ્લકી, થુંડકી, કસ્તૂરી, જાસુમના, રૂપી, આઢકી, નીલી, તુલસી તથા

માતુલિંગી ॥ ૧૯ ॥ કસ્તુંભરી– કોથમીર, પિપ્પલિકા, અલસી, બિલ્વી, કાટયાદિકા, ચુચ્ચૂ, પટોલા, કંદલી, બાઉચ્ચા, બસ્તુલ તથા બદરી–બોરડી. ॥ ૨૦ ॥

પત્રપૂર, શીતપૂરક, જવસક અને નિર્ગુંડી, અર્ક, તૂવરી, આટ્ટકી અને તલપુટા. ॥ ૨૧ ॥ તથા શણ, વાણ, કાશ, મુદ્રક, આઘ્રાતક, શ્યામ, સિન્દુવાર અને કરમદા, અરડૂસા, કેર, એરાવણ તથા મહિત્થ ॥ ૨૨ ॥

જાતુલક, મોલ, પરિલી, ગજમારિણી, કુર્ચકારિકા, ભંડી, જાવકી, કેતકી તથા ગંજ, પાટલ, દાસી અને અંકોલ્લ ॥ ૨૩ ॥ આ પ્રકારના અન્ય પણ જે અલ્પ ઊંચાઈવાળા અને ગોળ છોડ હોય, તેને ગુચ્છ સમજવા. આ ગુચ્છનું વર્ણન પૂર્ણ થયું.

**६२** **से किं तं गुम्मा ? गुम्मा अणेगविहा पण्णत्ता, तं जहा-**

**सेरियए णोमालिय, कोरंटय बंधुजीवग मणोज्जे ।**
**पीईय पाण कणइर, कुज्जय तह सिंदुवारे य ॥२४॥**

**जाई मोग्गर तह जूहिया य, तह मल्लिया य वासंती ।**
**वत्थुल कच्छुल सेवाल, गंठि मगदंतिया चेव ॥२५॥**

**चंपगजाई णवणीइया य, कुंदो तहा महाजाई ।**
**एवमणेगागरा, हवंति गुम्मा मुणेयव्वा ॥२६॥**

**जेयावण्णे तहप्पगारा । से तं गुम्मा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** ગુલ્મ(ફૂલ)ના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** ગુલ્મના અનેક પ્રકાર છે, તે આ પ્રમાણે છે– **ગાથાર્થ–** સૈરિક, નવમાલતી, કોરંટક, બંધુજીવક, મનોદ્ય, પીતિક, પાન, કણેર, કુંજક તથા સિન્દુવાર ॥ ૨૪ ॥ જાઈ, મોગરો, જૂઈ, મલ્લિકા અને વાસંતી, વસ્તુલ, કસ્તુલ, શેવાળ, ગ્રંથિ અને મૃગદંતિકા ॥૨૫॥

ચંપક, જાતી, નવનીતિકા, કુંદ તથા મહાજાતિ. આ પ્રમાણે ગુલ્મના અનેક આકાર-પ્રકાર હોય છે. આ ગુલ્મોનું કથન પૂર્ણ થાય છે. ॥ ૨૬ ॥ આ પ્રકારના અન્ય પણ ફૂલવાળા વૃક્ષોને ગુલ્મ સમજવા. આ ગુલ્મનું વર્ણન પૂર્ણ થાય છે.

**६३** **से किं तं लयाओ ? लयाओ अणेगविहाओ पण्णत्ताओ, तं जहा-**

**पउमलया णागलया, असोग-चंपगलया य चूयलया ।**
**वणलया वासंतिलया, अइमुत्तय-कुंद-सामलया ॥२७॥**

**जेयावण्णे तहप्पगारा । से तं लयाओ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** લતાઓના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** લતાઓના અનેક પ્રકાર છે, તે આ પ્રમાણે છે– પદ્મલતા, નાગલતા, અશોકલતા, ચંપકલતા, આમ્રલતા, વનલતા, વાસંતીલતા, અતિમુક્તલતા, કુંદલતા અને શ્યામલતા. ॥ ૨૭ ॥ આ પ્રકારની અન્ય વનસ્પતિઓ છે, તે પણ લતા છે. આ લતાનું વર્ણન થાય છે.

**६४** **से किं तं वल्लीओ ? वल्लीओ अणेगविहाओ पण्णत्ताओ, तं जहा-**

पूसफली कालिंगो, तूंबी तउसी य एलवालुंकी ।
घोसाडई पडोला, पंचंगुलिया य णालीया ॥२८॥
कंगूया कद्दुइया, कक्कोडइ कारियल्लई सुभगा ।
कुवधा य वागली य, पाववल्लि तह देवदारु य ॥२९॥
अप्फोया अइमुत्तय, णागलया कण्ह-सूरवल्ली य ।
संघट्ट सुमणसा वि य, जासुवण कुविंदवल्ली य ॥३०॥
मुद्दिय अंबावल्ली छीरविराली जयंति गोवाली ।
पाणी मासावल्ली, गुंजावल्ली य वच्छाणी ॥३१॥
ससबिंदु गोत्तफुसिया, गिरिकण्णइ मालुया य अंजणई ।
दहीफुल्लइ कागणि, मोगली य तह अक्कबोंदी य ॥३२॥

**जे यावण्णे तहप्पगारा । से तं वल्लीओ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** વલ્લીઓ-વેલાઓના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** વેલાઓના અનેક પ્રકાર છે, તે આ પ્રમાણે છે– **ગાથાર્થ–** પુષ્પફલી, કાલિંગી–જંગલી તરબૂચ, દૂધી, કાકડી, એલવાલુકી–એક પ્રકારની કાકડી, ઘોષાતકી(ઘીસોડા), પંડોલા, પંચાંગુલિકા અને નીલી ॥ **૨૮** ॥

કંગૂકા, કટ્ઠુઈયા, કંકોડા, કારેલા, સુભગા, કુવધા, વાગલી, પાપવલ્લી તથા દેવદારુ(દેવદાલી) ॥ **૨૯** ॥ અપ્ફોયા, અતિમુક્તલતા, નાગલતા, કૃષ્ણા(જટામાંસી) લતા, સૂરવલ્લી(લતા), સંઘટ્ટા, સુમનસા, જાસુવન અને કુવિન્દવલ્લી ॥ **૩૦** ॥

મૃદ્વીકા–દ્રાક્ષ, અંબાવલી, ક્ષીરવિદારિકા, જયંતી, ગોપાલી, પાણી, માસાવલ્લી, ગુંજાવલ્લી(ચણોઠી) અને વચ્છાણી(ગજપીપર) ॥ **૩૧** ॥ શશબિંદુ ગોત્રસ્પૃષ્ટા, ગિરિકર્ણિકા, માલુકા, અંજનકી, દધિસ્ફોટકી, કાકણી, મોગલી તથા અર્કબોન્દી ॥ **૩૨** ॥ આ પ્રકારની અન્ય વનસ્પતિઓ છે, તે પણ વલ્લીઓ(વેલાઓ) સમજવી જોઈએ. આ રીતે વલ્લીઓની પ્રરૂપણા પૂર્ણ થાય છે.

**૬૫ से किं तं पव्वगा ? पव्वगा अणेगविहा पण्णत्ता, तं जहा-**

इक्खू य इक्खुवाडी, वीरण तह एक्कडे भमासे य ।
सुंठे(सुंबे) सरे य वेत्ते, तिमिरे सतपोरग णले य ॥३३॥
वंसे वेलू कणए, कंकावंसे य चाववंसे य ।
उदए कुडए विसए, कंडावेलू य कल्लाणे ॥३४॥

**जेयावण्णे तहप्पगारा । से तं पव्वगा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** પર્વક(પર્વવાળા ઝાડ)ના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** પર્વકના અનેક પ્રકાર છે, તે આ પ્રમાણે છે– **ગાથાર્થ–** શેરડી, ઈક્ષુવાટિકા, વીરણ, એક્કડ, માસ, સૂંઠ, શર અને વેત્ર-નેતર, તિમિર, શતપર્વક અને નળ ॥ **૩૩** ॥

વાંસ, વેણુ–વાંસની જાતિ, કનક, કંકાવંશ, ચાપવંશ–ધનુષ યોગ્ય વાંસ ઉદક, કુટજ, વિસક, કંડા, વેલૂ, કલ્યાણ ॥ **૩૪** ॥ આ પ્રકારની અન્ય વનસ્પતિ પણ પર્વક છે. આ પર્વકોની પ્રરૂપણા પૂર્ણ થાય છે.

**६६** से किं तं तणा ? तणा अणेगविहा पण्णत्ता, तं जहा-

सेडिय मत्तिय होत्तिय, डब्भ कुसे पव्वए य पोडइला ।
अज्जुण असाढए रोहियंसे, सुयवेय खीरतुसे ॥३५॥

एरंडे कुरुविंदे, कक्खड सुंठे तहा विभंगू य ।
महुरतण लुणय सिप्पिय, बोधव्वे संकुलितणा य ॥३६॥

जेयावण्णे तहप्पगारा । से तं तणा ।

**ભાવાર્થ :– પ્રશ્ન–** તૃણના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** તૃણના અનેક પ્રકાર છે, તે આ પ્રમાણે છે– **ગાથાર્થ–** સેંડિક, માંત્રિક, હોત્રિક, દર્ભ, કુશ, પર્વક, પોડલિકા, અર્જુનક, આષાઢક, રોહિતાંશ, શુકવેદ, ક્ષીરતુષ ॥ **૩૫** ॥ એરંડ, કુરુવિન્દ, કરકર, મુટ્ઠ, વિભંગૂ, મધુર તૃણ, ક્ષુરક, શિલ્પિક, અને સંકુલીતૃણ વગેરે તૃણ જાણવા જોઈએ. ॥ **૩૬** ॥ આ પ્રકારની અન્ય વનસ્પતિને પણ તૃણ વનસ્પતિ સમજવી.

**६७** से किं तं वलया ? वलया अणेगविहा पण्णत्ता, तं जहा-

ताल तमाले तक्कलि, तेयलि सारे य सारकल्लाणे ।
सरले जावइ केयइ, कदली तह धम्मरुक्खे य ॥३७॥

भुयरुक्ख हिंगुरुक्खे, लवंगरुक्खे य होइ बोधव्वे ।
पूयफली खज्जूरी य, बोधव्वा णालिएरी य ॥३८॥

जेयावण्णे तहप्पगारा । से तं वलया ।

**ભાવાર્થ :– પ્રશ્ન–** વલય(ઊંચા અને ગોળ ઝાડ)ના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** વલય વનસ્પતિના અનેક પ્રકાર છે, તે આ પ્રમાણે છે–

**ગાથાર્થ–** તાડ, તમાલ, તર્કલી, તેતલી, શાલ્મલી, સારકત્રાણ, સરલ, જાવતી–જાવંત્રી, કેતકી, કદલી– કેળા અને ધર્મ વૃક્ષ ॥ **૩૭** ॥ ભુજવૃક્ષ, હિંગુવૃક્ષ અને લવિંગ વૃક્ષ, સોપારી, ખજૂર અને નાળિયેર વગેરે વલય સમજવા જોઈએ. ॥ **૩૮** ॥ આ પ્રકારના અન્ય ઊંચા અને ગોળ વૃક્ષોને પણ વલય વનસ્પતિ સમજવી. આ વલયની પ્રરૂપણા પૂર્ણ થાય છે.

**६८** से किं तं हरिया ? हरिया अणेगविहा पण्णत्ता, तं जहा-

अज्जोरुह वोडाणे, हरितग तह तंदुलेज्जग तणे य ।
वत्थुल पारग मज्जार, पाइ बिल्ली य पालक्का ॥३९॥

दगपिप्पली य दव्वी, सोत्थियसाए तहेव मंडुक्की ।
मूलग सरिसव अंबिल, साए य जियंतए चेव ॥४०॥

**तुलसी कण्ह उराले, फणिज्जए अज्जए य भूयणए ।**
**चोरग दमणग मरुयग, सयपुप्फींदीवरे तहा ॥४१॥**

**जेयावण्णे तहप्पगारा । से तं हरिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હરિત વનસ્પતિના(લીલી ભાજીના) કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હરિત વનસ્પતિના અનેક પ્રકાર છે, તે આ પ્રમાણે છે–

**ગાથાર્થ–** અદ્યાવરોહ(રોપ્યા પછી, કલમ કર્યા પછી શીઘ્ર વિકસિત થતી વનસ્પતિ વિશેષ), વ્યુદાન, હરિતક તથા તાંદળજો, તૃણ, વથવો, પારક, માર્જાર, પાતી, બિલ્વી અને પાલ્યંકા(પાલક) **॥ ૩૯ ॥** દકપિપ્પલી, દર્વી, સોત્રિક, શાક, માંડુકી, મૂલક, સરસવની ભાજી, અમ્લ શાક અને જીવાન્તક **॥ ૪૦ ॥** તુલસી, કૃષ્ણ, ઉદાર, ફણસ, આર્યક, ભુતનક, ચોરક, દમનક, મરુચક, શતપુષ્પી તથા ઈન્દીવર **॥ ૪૧ ॥** આ પ્રકારની અન્ય વનસ્પતિઓને પણ હરિત–લીલોતરી સમજવી. આ હરિતની પ્રરૂપણા છે.

**૬૯ से किं तं ओसहीओ ? ओसहीओ अणेगविहाओ पण्णत्ताओ, तं जहा-**

**साली वीही गोधूम, जवजवा कलाय मसूर तिल मुग्गा ।**
**मास णिप्फाव कुलत्थ, अलिसंद सतीण पलिमंथा ॥४२॥**
**अयसी कुसुंभ कोद्दव, कंगू रालग वरसामग कोद्दूसा ।**
**सण सरिसव मूलग बीय, जायावण्णा तहप्पगारा ॥४३॥**

**से तं ओसहीओ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** ઔષધિઓના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** ઔષધિઓના અનેક પ્રકાર છે, તે આ પ્રમાણે છે–

**ગાથાર્થ–** (૧) શાળ (૨) વ્રીહિ– ચોખા (૩) ગોધૂમ– ઘઉં (૪) જવ (૫) કલાય– વટાણા (૬) મસૂર, (૭) તલ (૮) મગ (૯) અડદ (૧૦) વાલ (૧૧) કળથી (૧૨) અલિસંદ (૧૩) સતીણ (ચણાની એક જાત) (૧૪) પલિમંથ–ચણા **॥ ૪૨ ॥**

(૧૫) અળસી (૧૬) કુસુંભ (૧૭) કોદરો (૧૮) કાંગ (૧૯) રાગી-નાગલી (૨૦) કાળું ધાન્ય (૨૧) કોદ્રંશ (૨૨) શણ (૨૩) સરસવ અને (૨૪) મૂલક બીજ. આ પ્રકારની અન્ય વનસ્પતિઓને પણ ઔષધિ સમજવી. **॥ ૪૩ ॥** આ રીતે ઔષધિ(ધાન્ય)નું વર્ણન પૂર્ણ થાય છે.

**૭૦ से किं तं जलरुहा ?**

**जलरुहा अणेगविहा पण्णत्ता, तं जहा- उदए अवए पणए सेवाले कलंबुया हढे कसेरुया कच्छा भाणी उप्पले पउमे कुमुदे णलिणे सुभए सोगंधिए पोंडरीए महापोंडरीए सयपत्ते सहस्सपत्ते कल्हारे कोकणदे अरविंदे तामरसे भिसे भिसमुणाले पोक्खले पोक्खलत्थिभए, जेयावण्णे तहप्पगारा । से तं जलरुहा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** જલરુહ(પાણીમાં ઉગતી) વનસ્પતિના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** જલરુહ વનસ્પતિના અનેક પ્રકાર છે, તે આ પ્રમાણે છે– ઉદક, અવક, પનક, શેવાળ, કલંબુકા, હડ, કસેરુકા, કચ્છા, ભાણી, ઉત્પલ, પદ્મ, કુમુદ, નલિન, સુભગ, સોગંધિક, પુંડરીક, મહાપુંડરીક, શતપત્ર, સહસ્રપત્ર, કલ્હાર, કોકનદ, અરવિંદ, તામરસ, કમળ, ભિસ, ભિસમૃણાલ, પુષ્કર અને પુષ્કરાસ્તિભુક્. આ પ્રકારની અન્ય વનસ્પતિને પણ જલરુહ સમજવી. આ જલરુહનું વર્ણન પૂર્ણ થાય છે.

**૭૧ से किं तं कुहणा ? कुहणा अणेगविहा पण्णत्ता, तं जहा– आए काए कुहणे कुणक्के दव्वहलिया सप्फाए सज्जाए छत्ताए वंसी णहिया कुरए, जेयावण्णे तहप्पगारा। से तं कुहणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** કુહણ વનસ્પતિના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** કુહણ વનસ્પતિના અનેક પ્રકાર છે, તે આ પ્રમાણે છે– આય, કાય, કુહણ, કુનક્ક, દ્રવ્યહલિકા, શફાય, સજ્જાત, છત્રાક– બિલાડીના ટોપ, વંશી, નહિતા, કુરક. આ પ્રકારની અન્ય વનસ્પતિ પણ કુહણા છે. આ કુહણા વનસ્પતિઓનું વર્ણન પૂર્ણ થાય છે.

**૭૨**

**णाणाविहसंठाणा, रुक्खाणं एगजीविया पत्ता ।**
**खंधो वि एगजीवो, ताल-सरल-णालिएरीणं ॥४४॥**

**जह सगलसरिसवाणं, सिलेसमिस्साण वट्टिया वट्टी ।**
**पत्तेयसरीराणं तह, होंति सरीरसंघाया ॥४५॥**

**जह वा तिलपप्पडिया, बहुएहि तिलेहि संहता संती ।**
**पत्तेयसरीराणं तह, होंति सरीरसंघाया ॥४६॥**

**से तं पत्तेयसरीर-बादर-वणप्फइकाइया ।**

**ભાવાર્થ :–** (ગાથાર્થ) વિવિધ આકારવાળા વૃક્ષોના પાંદડાઓમાં અર્થાત્ ગુચ્છ, ગુલ્મ આદિ બારે પ્રકારની વનસ્પતિઓના પાંદડાંમાં એક જીવ હોય છે, તાડ, સરળ, નાળિયેર આદિ વૃક્ષોનાં સ્કંધ પણ એક-એક જીવવાળા હોય છે અર્થાત્ તાડ આદિ સિવાય સર્વ વૃક્ષોના સ્કંધ સૂત્ર–૫૭, ૫૮ અનુસાર અસંખ્યજીવી હોય છે. ॥ **૪૪** ॥

જેવી રીતે સ્નિગ્ધ દ્રવ્યથી(ગુંદ વગેરે ચીકણા પદાર્થથી) પરસ્પર એકરૂપ થયેલા સરસવના લાડવામાં સરસવના પ્રત્યેક દાણા પૃથક્-પૃથક્ હોવા છતાં પણ એકરૂપ પ્રતીત થાય છે; તેવી જ રીતે કર્મરૂપી સ્નિગ્ધતાથી એકત્ર થયેલા પ્રત્યેક શરીરી જીવોના શરીર ભિન્ન-ભિન્ન હોવા છતાં પણ શરીર સંઘાતરૂપ– એકરૂપે પ્રતીત થાય છે. ॥ **૪૫** ॥

જેવી રીતે તલપાપડી(તલ સાંકળી)માં સર્વ તલ અલગ-અલગ દેખાવા છતાં પણ ઘણા તલો ભેગા થાય ત્યારે તલપાપડી બને છે; તે જ રીતે પ્રત્યેકશરીરી જીવોના અનેક શરીર સંઘાતરૂપ હોય છે. ॥ **૪૬** ॥

આ પ્રમાણે તે(પૂર્વોક્ત) પ્રત્યેક શરીરી બાદર વનસ્પતિકાયિક જીવોની પ્રજ્ઞાપના પૂર્ણ થાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં પ્રત્યેક શરીરી બાદર વનસ્પતિકાયના ભેદ-પ્રભેદનું વિસ્તૃત વર્ણન છે.

**पत्तेयसरीर :– तत्रैकमेकं जीवं प्रति गतं प्रत्येकं शरीरं येषां ते प्रत्येकशरीरः** । જે વનસ્પતિકાયિક જીવોના શરીર પ્રત્યેકના અલગ-અલગ હોય અર્થાત્ એક શરીરમાં એક જીવ હોય તેને પ્રત્યેકશરીરી વનસ્પતિકાય કહે છે.

પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુ પ્રત્યેક શરીરી છે. વનસ્પતિમાં કેટલીક વનસ્પતિ પ્રત્યેક શરીરી છે અને કેટલીક સાધારણ શરીરી હોય છે. ઘણા પ્રત્યેક શરીરી જીવોના શરીર સમૂહરૂપે જ પ્રતીત થાય છે. તેમ છતાં તે પ્રત્યેક જીવોના શરીર સ્વતંત્ર હોય છે અને તે જીવોની શરીરજન્ય ક્રિયાઓ પણ સ્વતંત્ર રીતે જ થાય છે. સૂત્રકારે બે દૃષ્ટાંતથી વિષયને સ્પષ્ટ કર્યો છે.

(૧) સરસવના લાડવામાં અનેક સરસવ (૨) તલસાંકળીમાં અનેક તલ; તે એક સાથે દેખાવા છતાં પણ પ્રત્યેક સરસવ કે તલ સ્વતંત્ર છે. તેમ પ્રત્યેક શરીરી જીવો પણ સ્વતંત્ર રીતે પોત-પોતાના શરીરમાં જ રહે છે પરંતુ તથાપ્રકારના કર્મના કારણે તે એકરૂપ પ્રતીત થાય છે.

**પ્રત્યેક વનસ્પતિના બાર પ્રકાર :–**

**(૧) વૃક્ષ :–** જેમાં મૂળ, કંદ, સ્કંધ, શાખા, પ્રશાખા, પ્રવાલ, પત્ર, પુષ્પ, ફળ, બીજ આદિ વનસ્પતિની દશ અવસ્થાઓ હોય છે, તેને વૃક્ષ કહે છે. વૃક્ષની ઓળખાણ તેના બીજ પરથી થાય છે. વૃક્ષના બે પ્રકાર છે. એકાસ્થિક અને બહુબીજક.

**એકાસ્થિક–** જે વૃક્ષના ફળમાં એક જ બીજ અર્થાત્ એક ઠળીયો હોય તે વૃક્ષને એકાસ્થિક કહે છે. યથા– આંબો, લીમડો, જાંબુ વગેરે.

**બહુબીજક–** જે વૃક્ષના ફળમાં બહુ બીજ હોય તે વૃક્ષને બહુબીજક કહે છે. યથા– વટવૃક્ષ, દાડમ, વગેરે.

આ બંને પ્રકારના વૃક્ષોના મૂળ, કંદ, સ્કંધ, ત્વચા, શાખા અને પ્રવાલ(કુંપળ) અસંખ્ય જીવાત્મક (મુખ્ય જીવો) હોય છે. પાંદડાંમાં(મુખ્ય) એક જીવ અને પુષ્પમાં મુખ્ય અનેક જીવો હોય છે.

વૃક્ષોના નામ ભાવાર્થથી સ્પષ્ટ છે. તેમાં કેટલાક નામો પ્રસિદ્ધ છે અને કેટલાક નામો અપ્રસિદ્ધ છે.

**(૨) ગુચ્છ :–** ગુચ્છને પ્રચલિત ભાષામાં છોડ કહે છે. નાના અને ગોળ છોડને ગુચ્છ કહે છે. યથા– રીંગણી, ભોરીંગણી, જવાસા, તુલસી, આવચી, બાવચી, આદિ.

**(૩) ગુલ્મ :–** ફૂલોના છોડને ગુલ્મ કહે છે. જેમકે– ચંપો, જાઈ, જૂઈ, કુંદ, મોગરો આદિ.

**(૪) લતા :–** જે વનસ્પતિ કોઈ ઝાડ અથવા અન્ય થાંભલા-લાકડી-ભીંત આદિના આધારે ઉપર ચડે-વધે તેને લતા કહે છે. જેમકે– ચંપકલતા, નાગલતા, અશોકલતા આદિ.

**(૫) વલ્લી–વેલા :–** જે વેલાઓ વિશેષતઃ જમીન પર ફેલાય છે– તેને વલ્લીઓ કહે છે. જેમ કે આરિયા, તુરિયા, તરબૂચ, ચીભડી, કારેલા, તુંબડી, કોળા, કંકોડા આદિ.

**(૬) પર્વક :–** જે વનસ્પતિમાં વચ્ચે-વચ્ચે પર્વ– ગાંઠ હોય તેવી ગાંઠવાળી-કાતળીવાળી વનસ્પતિને પર્વક કહે છે. જેમકે– શેરડી, એરડી, સરકડ, સૂંઠ, નેતર, વાંસ આદિ.

**(૭) તૃણ :–** લીલા ઘાસ આદિને તૃણ કહે છે. યથા– દર્ભ કુશ, આરાતારા, કડવાણી, ધરો, કાલિયા આદિ.

**(૮) વલય :–** વલયાકાર એટલે કે ગોળઅને ઊંચાં ઝાડને વલય કહે છે. જેમ કે– તાડ, કેળ, નાળિયેરી,

તજ, લવિંગ, ખારેક, ખજૂરી, સોપારીનાં ઝાડ આદિ.

**(૯) હરિત :–** વિશેષતઃ લીલી ભાજીને હરિત કહે છે. જેમકે તાંદળજો, મેથી, મૂળાની ભાજી, લૂણીની ભાજી, વથવાની ભાજી આદિ.

**(૧૦) ઔષધિ :–** ઔષધિના અર્થ આ પ્રમાણે છે– (૧) ૨૪ પ્રકારના ધાન્ય(અનાજ-કઠોળ)ની જાતને ઔષધિ કહે છે. (૨) ઔષધિ એટલે દવા, જે વનસ્પતિના ઉપયોગથી ક્ષુધાવેદનીયનો ઉદય શાંત થઈ જાય, ક્ષુધાવેદનીયનો ઉદય દૂર થઈ જાય, તેને ઔષધિ કહે છે.

આ ૨૪ પ્રકારના ધાન્યના બે પ્રકાર છે– (૧) લાસા અને (૨) કઠોળ. તેમાં લાસાના બાર નામો અને કઠોળના બાર નામો અહીં દર્શાવ્યા છે. તે સિવાયની પણ વનસ્પતિ ઔષધિ રૂપ છે.

**લાસા ધાન્ય :–** (૧) ઘઉં, (૨) જવ, (૩) જુવાર, (૪) બાજરી, (૫) ડાંગર, (૬) વરી, (૭) બંટી (૮) બાવટો, (૯) કાંગ, (૧૦) ચિણ્યો ઝીણો, (૧૧) કોદરા અને (૧૨) મકાઈ વગેરે લાસા ધાન્યના ઘણા ભેદ છે.

**કઠોળ ધાન્ય :–** (૧) મગ, (૨) મઠ, (૩) અડદ, (૪) તુવેર, (૫) ઝાલર, (૬) વટાણા, (૭) ચોળા, (૮) ચણા, (૯) રાગી–નાગલી, (૧૦) કળથી, (૧૧) મસૂર અને (૧૨) અળસી વગેરે કઠોળ ધાન્યના પણ ઘણા ભેદ છે. આ ૨૪ પ્રકારની ઔષધિઓ છે.

**(૧૧) જલરુહ :–** પાણીમાં ઉગનારી વનસ્પતિને જલરુહ વનસ્પતિ કહે છે. જેમકે – પોયણાં, કમળ પોયણાં, કુમુદ, સિંઘોડા, શેવાળ, પનક, કમળકાકડી આદિ જલવૃક્ષો છે.

**(૧૨) કુહણ :–** કુહણાને કોસંડા પણ કહે છે. જમીન ફોડીને બહાર નીકળતી વનસ્પતિને કુહણ કહે છે. જેમકે– બિલાડીની બલી, બિલાડીના ટોપ (મસરૂમ) આદિ.

સૂત્રકારે બારે પ્રકારની પ્રત્યેક વનસ્પતિના અનેક નામોનું કથન કર્યું છે. તેમાંથી કેટલાક પ્રસિદ્ધ અને કેટલાક અપ્રસિદ્ધ છે. કેટલાક નામોનો બે વાર ઉલ્લેખ છે. એક જ વસ્તુના અનેક ગુણધર્મો હોવાથી ભિન્ન-ભિન્ન સ્થાને ભિન્ન-ભિન્ન અપેક્ષાએ તેનું કથન હોય છે. જેમકે– નાળિયેરનું ઝાડ એકાસ્થિક છે. તેથી તેમાં તેનો ઉલ્લેખ છે. તે ઉપરાંત તેના પાંદડાં વલયાકાર હોવાથી વલય જાતિની વનસ્પતિમાં પણ તેનો નામોલ્લેખ છે. આ રીતે પ્રત્યેક સ્થાને યથાયોગ્ય અર્થઘટન કરવું જોઈએ.

**સાધારણશરીરી બાદરવનસ્પતિ :–**

**૭૩ से किं तं साहारण-सरीर-बादर-वणस्सइकाइया ? साहारण-सरीर-बादर-वणस्सइकाइया अणेगविहा पण्णत्ता, तं जहा–**

**अवए पणए सेवाले, लोही णीहू थीहू थिभगा य ।**
**असकण्णी सीहकण्णी, सिउंढी तत्तो मुसुंढी य ॥४७॥**

**रुरु कंडुरिया जारु, छीरविराली तहेव किट्टीया ।**
**हलिद्दा सिंगबेरे य, आलूगा मूलए इ य ॥४८॥**

**कंबू य कण्णूक्कड महुओ, वलई तहेव महुसिंगी ।**
**णिरुहा सप्पसुयंधा, छिण्णरुहा चेव बीयरुहा ॥४९॥**

पाढा मियवालुंकी, महुररसा चेव रायवल्ली य ।
पउमा य माढरी दंती, चंडी किट्टि त्ति यावरा ॥५०॥

मासपण्णी मुग्गपण्णी, जीवियरसभेय रेणुया चेव ।
काओली खीरकाओली, तहा भंगी णही इ य ॥५१॥

किमिरासि भद्दमुत्था, णंगलई पलुगा इय ।
किण्हे पउले य हढे, हरतणुया चेव लोयाणी ॥५२॥

कण्हे कंदे वज्जे य, सूरणकंदे तहेव खल्लूडे ।
एए अणंतजीवा, जेयावण्णे तहाविहा ॥५३॥

**ભાવાર્થ :– પ્રશ્ન–** સાધારણશરીરી બાદર વનસ્પતિકાયિક જીવોના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** સાધારણશરીરી બાદર વનસ્પતિકાયિક જીવોના અનેક પ્રકાર છે, તે આ પ્રમાણે છે–

**ગાથાર્થ–** અવક, પનક, શેવાળ, લોહિ, સ્નિહૂ, થીહૂ–થોર , હસ્તિભાગા અને અશ્વકર્ણી, સિંહકર્ણી, સિઉંઢી, મુસુંઢી ॥૪૭॥ રુરુ, કંડુરિકા જારૂ, ક્ષીરવિરાલી, કિટ્ટિકા, હળદર, આદૂ, બટેટા અને મૂળા ॥ ૪૮ ॥ કંબૂ, કર્ણોત્કટ, મધુક, વલકી તથા મધુશ્રૃંગી, નીરૂહ, સર્પસુગંધા, છિન્નરુહ અને બીજરુહ ॥ ૪૯ ॥ પાઢા, મૃગવાલુંકી, મધુરરસા, રાજપત્રી, પદ્મા, માઢરી, દંતી, ચંડી અને કિટ્ટી ॥ **૫૦** ॥

માષપર્ણી, મુદ્‌ગપર્ણી, જીવિત, રસભેદ (જીવિતરસહ), રેણુકા, કાકોલી, ક્ષીરકાકોલી, ભૃંગી તથા નખી ॥ **૫૧** ॥ કૃમિરાશિ, ભદ્રમુસ્તા નાંગલકી, પલુકા, કૃષ્ણપ્રકુલ, હડ, હરતનુકા તથા લોયાણી ॥**૫૨**॥ કૃષ્ણકંદ, વજ્રકંદ, સૂરણકંદ, ખલ્લૂર, વગેરે અનંતજીવાત્મક છે. આ પ્રકારની અન્ય વનસ્પતિ પણ અનંત જીવાત્મક છે. ॥ **૫૩** ॥

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં સાધારણ વનસ્પતિમાં અનેક નામોનું પ્રતિપાદન છે.

**साहारण सरीर :– समानं- तुल्यं प्राणापानाद्युपभोगं यथा भवति एवमासमन्तादेकीभावनानन्तानां जन्तूनां धारणं संग्रहणं येन तत्साधारणं** । – વૃત્તિ જે અનંત જીવોનું શરીર એક જ હોય અને આ એક જ શરીરથી સર્વ જીવોની શ્વાસોચ્છ્‌વાસ આદિ શરીરજન્ય ક્રિયાઓ એક સાથે, સમાન રીતે થતી હોય, તેને સાધારણ શરીરી વનસ્પતિ કહે છે. તેના વિવિધ નામો ભાવાર્થથી સ્પષ્ટ છે.

**પ્રત્યેક વનસ્પતિમાં અનંતકાયિક જીવો :–**

**૭૪** तणमूल कंदमूले, वंसमूले त्ति यावरे ।
संखेज्जमसंखेज्जा, बोधव्वाणंतजीवा य ॥५४॥

सिंघाडगस्स गुच्छो, अणेगजीवो उ होइ णायव्वो ।
पत्ता पत्तेयजिया, दोण्णि य जीवा फले भणिया ॥५५॥

**ભાવાર્થ :–** (ગાથાર્થ) તૃણમૂળ, કંદમૂળ, વંશીમૂળ વગેરે તથા અન્ય પણ તેવી વનસ્પતિઓને સંખ્યાત,

અસંખ્યાત કે અનંત જીવવાળી જાણવી જોઈએ. ॥ **૫૪** ॥ શિંગોડાના ગુચ્છમાં અનેક જીવો હોય છે અને તેના પાંદડાંમાં એક(મુખ્ય) જીવ હોય છે, તેના ફળમાં બે(મુખ્ય) જીવ હોય છે. ॥ **૫૫** ॥

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથામાં પ્રત્યેક શરીરી વનસ્પતિની ઉત્પત્તિની અવસ્થામાં તેના આશ્રયે સાધારણ શરીરી જીવોની ઉત્પત્તિનું કથન છે.

**संखिज्जमसंखिज्जा, अणंत जीवा बोधव्वा :–** શિંગોડા, તૃણમૂળ વગેરે પ્રત્યેક શરીરી વનસ્પતિમાં ઉત્પત્તિ સમયની અત્યંત કોમળ અવસ્થામાં અનંત જીવો હોય છે, ત્યાર પછી તે પ્રત્યેક શરીરી થઈ જાય છે. તે વનસ્પતિ લીલી હોય ત્યારે તેમાં અસંખ્યાત જીવ હોય છે, સુકાવા લાગે ત્યારે તેમાં સંખ્યાત જીવો હોય છે.

**પ્રત્યેક-સાધારણ શરીરી વનસ્પતિના લક્ષણો :–**

**૭૫** **जस्स मूलस्स भग्गस्स, समो भंगो पदीसइ ।**
**अणंतजीवे उ से मूले, जेयावण्णे तहाविहा ॥५६॥**

**जस्स कंदस्स भग्गस्स, समो भंगो पदीसइ ।**
**अणंतजीवे उ से कंदे, जेयावण्णे तहाविहा ॥५७॥**

**जस्स खंधस्स भग्गस्स, समो भंगो पदीसइ ।**
**अणंतजीवे उ से खंधे, जेयावण्णे तहाविहा ॥५८॥**

**जीसे तयाए भग्गाए, समो भंगो पदीसइ ।**
**अणंतजीवा तया सा उ, जायावण्णा तहाविहा ॥५९॥**

**जस्स सालस्स भग्गस्स, समो भंगो पदीसइ ।**
**अणंतजीवे उ से साले, जेयावण्णे तहाविहा ॥६०॥**

**जस्स पवालस्स भग्गस्स, समो भंगो पदीसइ ।**
**अणंतजीवे पवाले से, जेयावण्णे तहाविहा ॥६१॥**

**जस्स पत्तस्स भग्गस्स, समो भंगो पदीसइ ।**
**अणंतजीवे उ से पत्ते, जेयावण्णे तहाविहा ॥६२॥**

**जस्स पुप्फस्स भग्गस्स, समो भंगो पदीसइ ।**
**अणंतजीवे उ से पुप्फे, जेयावण्णे तहाविहा ॥६३॥**

**जस्स फलस्स भग्गस्स, समो भंगो पदीसइ ।**
**अणंतजीवे फले से उ, जेयावण्णे तहाविहा ॥६४॥**

**जस्स बीयस्स भग्गस्स, समो भंगो पदीसइ ।**
**अणंतजीवे उ से बीए, जेयावण्णे तहाविहा ॥६५॥**

**ભાવાર્થ :–** (ગાથાર્થ) જે મૂળને તોડતાં તે જ્યાંથી તૂટે તે ભંગ સ્થાન સમતલ દેખાય, તો તે મૂળને અને તેના જેવા અન્ય મૂળને અનંતજીવાત્મક જાણવા. II **૫૬** II જે કંદને તોડતાં, તે જ્યાંથી તૂટે તે ભંગ સ્થાન સમતલ દેખાય, તો તે કંદને અને તેના જેવા અન્ય કંદને અનંત જીવાત્મક જાણવા. II **૫૭** II

જે સ્કંધને તોડતાં, તે જ્યાંથી તૂટે તે ભંગ સ્થાન સમતલ દેખાય, તો તે સ્કંધને અને તેના જેવા અન્ય સ્કંધોને અનંત જીવાત્મક જાણવા. II **૫૮** II જે છાલને તોડતાં, તે જ્યાંથી તૂટે તે ભંગ સ્થાન સમતલ દેખાય, તો તે છાલને અને તેના જેવી અન્ય છાલને અનંત જીવાત્મક જાણવી. II **૫૯** II

જે શાખાને તોડતાં, તે જ્યાંથી તૂટે તે ભંગ સ્થાન સમતલ દેખાય, તો તે શાખાને અને તેના જેવી અન્ય શાખાને અનંત જીવાત્મક જાણવી. II **૬૦** II જે પ્રવાલ(કૂંપળ)ને તોડતાં, તે જ્યાંથી તૂટે તે ભંગ સ્થાન સમતલ દેખાય, તો તે પ્રવાલને અને તેના જેવી અન્ય કૂંપળોને અનંતજીવાત્મક જાણવી. II **૬૧** II

જે પાંદડાને તોડતાં, તે જ્યાંથી તૂટે, તે ભંગ સ્થાન સમતલ દેખાય, તો તે પાંદડાને અને તેના જેવા અન્ય પાંદડાને અનંત જીવાત્મક જાણવા. II **૬૨** II જે ફૂલને તોડતાં તે જ્યાંથી તૂટે, તે ભંગ સ્થાન સમતલ દેખાય, તો તે ફૂલોને અને તેના જેવા અન્ય ફૂલોને અનંત જીવાત્મક જાણવા. II **૬૩** II

જે ફળને તોડતાં, તે જ્યાંથી તૂટે, તે ભંગ સ્થાન સમતલ દેખાય, તો તે ફળોને અને તેના જેવા અન્ય ફળોને અનંત જીવાત્મક જાણવા. II **૬૪** II જે બીજને તોડતાં, તે જ્યાંથી તૂટે, તે ભંગ સ્થાન સમતલ દેખાય, તો તે બીજને અને તેના જેવા અન્ય બીજોને અનંત જીવાત્મક જાણવા. II **૬૫** II

**૭૬**

**जस्स मूलस्स भग्गस्स, हीरो भंगो पदीसइ ।**
**परित्तजीवे उ से मूले, जेयावण्णे तहाविहा ॥६६॥**
**जस्स कंदस्स भग्गस्स, हीरो भंगो पदीसइ ।**
**परित्तजीवे उ से कंदे, जेयावण्णे तहाविहा ॥६७॥**
**जस्स खंधस्स भग्गस्स, हीरो भंगो पदीसइ ।**
**परित्तजीवे उ से खंधे, जेयावण्णे तहाविहा ॥६८॥**
**जीसे तयाए भग्गाए, हीरो भंगो पदीसइ ।**
**परित्तजीवा तया सा उ, जा यावण्णा तहाविहा ॥६९॥**
**जस्स सालस्स भग्गस्स, हीरो भंगो पदीसइ ।**
**परित्तजीवे उ से साले, जेयावण्णे तहाविहा ॥७०॥**
**जस्स पवालस्स भग्गस्स, हीरो भंगो पदीसइ ।**
**परित्तजीवे पवाले उ, जेयावण्णे तहाविहा ॥७१॥**
**जस्स पत्तस्स भग्गस्स, हीरो भंगो पदीसइ ।**
**परित्तजीवे उ से पत्ते, जेयावण्णे तहाविहा ॥७२॥**

जस्स पुप्फस्स भग्गस्स, हीरो भंगो पदीसइ ।
परित्तजीवे उ से पुप्फे, जेयावण्णे तहाविहा ॥७३॥

जस्स फलस्स भग्गस्स, हीरो भंगो पदीसइ ।
परित्तजीवे फले से उ, जेयावण्णे तहाविहा ॥७४॥

जस्स बीयस्स भग्गस्स, हीरो भंगो पदीसइ ।
परित्तजीवे उ से बीए, जेयावण्णे तहाविहा ॥७५॥

**ભાવાર્થ :–** (ગાથાર્થ) જે મૂળને તોડતાં, તે જ્યાંથી તૂટે, તે ભંગ સ્થાન વિષમ દેખાય(સમતલ ન દેખાય), તો તે મૂળ અને તેના જેવા અન્ય મૂળને પ્રત્યેક(પરિત્ત) જીવાત્મક જાણવા. ॥ **૬૬** ॥ જે કંદને તોડતાં, તે જ્યાંથી તૂટે, તે ભંગ સ્થાન વિષમ દેખાય, તો તે કંદ અને તેના જેવા અન્ય કંદને પ્રત્યેક જીવાત્મક જાણવા. ॥ **૬૭** ॥ જે સ્કંધને તોડતાં, તે જ્યાંથી તૂટે, તે ભંગ સ્થાન વિષમ દેખાય, તો તે સ્કંધ અને તેના જેવા અન્ય સ્કંધને પ્રત્યેક જીવાત્મક જાણવા. ॥ **૬૮** ॥

જે છાલને તોડતાં, તે જ્યાંથી તૂટે, તે ભંગ સ્થાન વિષમ દેખાય, તો તે છાલને અને તેના જેવી અન્ય છાલ પ્રત્યેક જીવાત્મક જાણવી. ॥ **૬૯** ॥ જે શાખાને તોડતાં, તે જ્યાંથી તૂટે, તે ભંગ સ્થાન વિષમ દેખાય, તો તે શાખા અને તેના જેવી અન્ય શાખાને પ્રત્યેક જીવાત્મક જાણવી. ॥ **૭૦** ॥

જે પ્રવાલને તોડતાં, તે જ્યાંથી તૂટે, તે ભંગ સ્થાન વિષમ દેખાય, તો તે પ્રવાલ અને તેના જેવા અન્ય પ્રવાલને પ્રત્યેક જીવાત્મક જાણવા. ॥ **૭૧** ॥ જે પાંદડાંને તોડતાં, તે જ્યાંથી તૂટે, તે ભંગ સ્થાન વિષમ દેખાય, તો તે પાંદડાં અને તેના જેવા અન્ય પાંદડાંને પ્રત્યેક જીવાત્મક જાણવા. ॥ **૭૨** ॥

જે ફૂલને તોડતાં, તે જ્યાંથી તૂટે, તે ભંગ સ્થાન વિષમ દેખાય, તો તે ફૂલ અને તેના જેવા અન્ય ફૂલને પ્રત્યેક જીવાત્મક જાણવા. ॥ **૭૩** ॥ જે ફળને તોડતાં, તે જ્યાંથી તૂટે, તે ભંગ સ્થાન વિષમ દેખાય, તો તે ફળ અને તેના જેવા અન્ય ફળોને પ્રત્યેક જીવાત્મક જાણવા. ॥ **૭૪** ॥ જે બીજને તોડતાં, તે જ્યાંથી તૂટે, તે ભંગ સ્થાન વિષમ દેખાય, તો તે બીજ અને તેના જેવા અન્ય બીજને પ્રત્યેક જીવાત્મક જાણવા. ॥ **૭૫** ॥

**૭૭** जस्स मूलस्स कट्ठाओ, छल्ली बहलयरी भवे ।
अणंतजीवा उ सा छल्ली, जायावण्णा तहाविहा ॥७६॥

जस्स कंदस्स कट्ठाओ, छल्ली बहलयरी भवे ।
अणंतजीवा तु सा छल्ली, जायावण्णा तहाविहा ॥७७॥

जस्स खंधस्स कट्ठाओ, छल्ली बहलयरी भवे ।
अणंतजीवा उ सा छल्ली, जायावण्णा तहाविहा ॥७८॥

जीसे सालाए कट्ठाओ, छल्ली बहलयरी भवे ।
अणंतजीवा उ सा छल्ली, जायावण्णा तहाविहा ॥७९॥

**ભાવાર્થ :–** (ગાથાર્થ) જે મૂળના કાષ્ઠભાગ–મધ્યવર્તી ભાગ કરતાં છાલ જાડી હોય, તે છાલ અને તેના જેવી અન્ય છાલને અનંતજીવાત્મક જાણવી. ‖ **૭૬** ‖ જે કંદના મધ્યવર્તી ભાગ કરતાં છાલ જાડી હોય, તે છાલ અને તેના જેવી અન્ય છાલને અનંત જીવાત્મક જાણવી. ‖ **૭૭** ‖

જે સ્કંધના મધ્યવર્તી ભાગ કરતાં છાલ જાડી હોય, તે છાલ અને તેના જેવી અન્ય છાલને અનંતજીવાત્મક જાણવી. ‖ **૭૮** ‖ જે શાખાના મધ્યવર્તી ભાગ કરતાં છાલ જાડી હોય, તે છાલ અને તેના જેવી અન્ય છાલને અનંત જીવાત્મક જાણવી. ‖ **૭૯** ‖

**૭૮** **जस्स मूलस्स कट्ठाओ, छल्ली तणुयतरी भवे ।**
**परित्तजीवा उ सा छल्ली, जायावण्णा तहाविहा ॥८०॥**

**जस्स कंदस्स कट्ठाओ, छल्ली तणुयतरी भवे ।**
**परित्तजीवा उ सा छल्ली, जायावण्णा तहाविहा ॥८१॥**

**जस्स खंधस्स कट्ठाओ, छल्ली तणुयतरी भवे ।**
**परित्तजीवा उ सा छल्ली, जायावण्णा तहाविहा ॥८२॥**

**जीसे सालाए कट्ठाओ, छल्ली तणुयतरी भवे ।**
**परित्तजीवा उ सा छल्ली, जायावण्णा तहाविहा ॥८३॥**

**ભાવાર્થ :–** (ગાથાર્થ) જે મૂળના મધ્યવર્તી ભાગ કરતાં છાલ પાતળી હોય, તે છાલ અને તેના જેવી અન્ય છાલને પ્રત્યેક જીવાત્મક જાણવી. ‖ **૮૦** ‖ જે કંદના મધ્યવર્તી ભાગ કરતાં છાલ પાતળી હોય, તે છાલ અને તેના જેવી અન્ય છાલને પ્રત્યેક જીવાત્મક જાણવી. ‖ **૮૧** ‖

જે સ્કંધના મધ્યવર્તી ભાગ કરતાં છાલ પાતળી હોય, તે છાલ અને તેના જેવી અન્ય છાલને પ્રત્યેક જીવાત્મક જાણવી. ‖ **૮૨** ‖ જે શાખાના મધ્યવર્તી ભાગ કરતાં છાલ પાતળી હોય, તે છાલ અને તેના જેવી અન્ય છાલને પ્રત્યેક જીવાત્મક જાણવી. ‖ **૮૩** ‖

**૭૯** **चक्कागं भज्जमाणस्स, गंठी चुण्णघणो भवे ।**
**पुढविसरिसेण भेएण, अणंतजीवं वियाणाहि ॥८४॥**

**गूढछिरागं पत्तं, सच्छीरं जं च होंति णिच्छीरं ।**
**जं पि य पणट्ठसंधिं, अणंतजीवं वियाणाहि ॥८५॥**

**ભાવાર્થ :–** (ગાથાર્થ) વનસ્પતિના જે મૂળ આદિ ભાગને ચક્રાકાર કાપતાં તે સ્થાન ચૂર્ણ–રજથી વ્યાપ્ત થાય અથવા જે મૂળ-કંદાદિને તોડતાં, તેનું ભંગ સ્થાન પૃથ્વી સમાન ભેદવાળું થઈ જાય, તો તે મૂળ-કંદ આદિને અનંત જીવાત્મક જાણવા. ‖ **૮૪** ‖ જે પત્રની શિરાઓ ગુપ્ત હોય(દેખાતી ન હોય), તેવા તે પત્ર દૂધ યુક્ત કે દૂધ રહિત પણ હોય અને જેની સંધિ પણ ન દેખાતી હોય તો તેને અનંત જીવાત્મક જાણવા. ‖**૮૫**‖

૮૦ पुप्फा जलया थलया य, वेंटबद्धा य णालबद्धा य ।
संखेज्जमसंखेज्जा, बोधव्वाणंतजीवा य ॥८६॥

जे केई नालियाबद्धा, पुप्फा संखेज्जजीविया भणिया ।
णिहुया अणंतजीवा, जेयावण्णे तहाविहा ॥८७॥

पउमुप्पलणलिणीकंदे, अंतरकंदे तहेव झिल्ली य ।
एते अणंतजीवा, एगो जीवो भिस-मुणाले ॥८८॥

पलंडू-ल्हसुणकंदे य, कंदली य कुसुंबए ।
एए परित्तजीवा, जेयावण्णे तहाविहा ॥८९॥

पउमुप्पल-णलिणाणं, सुभग-सोगंधियाण य ।
अरविंद-कोकणाणं, सतपत्त सहस्सपत्ताणं ॥९०॥

वेंटं बाहिरपत्ता य, कण्णिया चेव एगजीवस्स ।
अब्भिंतरगा पत्ता, पत्तेयं केसरा मिंजा ॥९१॥

वेणु णल इक्खुवाडिय समासइखू य इक्कडेरंडे ।
करकर सुंठि विहंगू, तणाण तह पव्वगाणं च ॥९२॥

अच्छि पव्वं बलिमोडओ य, एगस्स होंति जीवस्स ।
पत्तेयं पत्ताइं, पुप्फाइं अणेगजीवाइं ॥९३॥

पुस्सफलं कलिंगं, तुंबं तउसेलवालु वालुंकं ।
घोसाडयं पडोलं, तिंदूयं चेव तेंदूसं ॥९४॥

विंटं गिरं कडाहं, एयाहं होंति एगजीवस्स ।
पत्तेयं पत्ताइं, सकेसरमकेसरं मिंजा ॥९५॥

सप्फाए सज्जाए, उव्वेहलिया य कुहण कंदुक्के ।
एए अणंतजीवा, कंडुक्के होइ भयणा उ ॥९६॥

**ભાવાર્થ :–** (ગાથાર્થ) જળમાં ઉત્પન્ન થનારા જલજ પુષ્પો, જમીન પર ઉત્પન્ન થનારા સ્થલજ પુષ્પો, વૃંતબદ્ધ(ડીંટિયાવાળા) હોય કે નાલબદ્ધ હોય તે સંખ્યાત જીવાત્મક કે અસંખ્યાત જીવાત્મક હોય છે અને કોઈ અનંત જીવાત્મક પણ હોય શકે છે. ॥ ૮૬ ॥ જે પુષ્પો નાલિકાબદ્ધ છે તે સંખ્યાત જીવાત્મક છે. સ્નુહી– થોરનાં ફૂલ અનંતજીવાત્મક છે અને તેના જેવા અન્ય ફૂલોને અનંત જીવાત્મક જાણવા. ॥ ૮૭ ॥

પદ્મકંદ, ઉત્પલકંદ, અંતરકંદ–પાણીમાં ઉત્પન્ન થતી વનસ્પતિ અને ઝિલ્લિકા(વનસ્પતિ વિશેષ) આ બધાંના પુષ્પો અનંતજીવી છે. પરંતુ(તેના) બિસતંતુ અને મૃણાલમાં મુખ્ય એક-એક જીવ હોય છે.

॥ ૮૮ ॥ પલાંડુ– કાંદા(ડુંગળી), લસણ કંદ, કંદલી નામક કંદ અને કુસુંબક; આ બધાના પુષ્પો પ્રત્યેક જીવી છે. અન્ય પણ આ પ્રકારના પુષ્પો પ્રત્યેક જીવી છે, તેમ જાણવું. ॥ ૮૯ ॥

પદ્મ, ઉત્પલ, નલિન, સુભગ, સૌગંધિક, અરવિંદ, કોકનદ, શતપત્ર અને સહસ્રપત્ર નામના પુષ્પોના વૃત્ત–ડીંટિયામાં, બહારનાં પાંદડાંમાં, નીચેની કર્ણિકામાં(મુખ્ય) એક જીવ છે. તેની અંદરના પાંદડાં, કેસર અને મિંજ(બીજ) પ્રત્યેક જીવાત્મક છે. ॥ ૯૦–૯૧ ॥

વાંસ, નળ, ઈક્ષુવાટિકા, સમાસેક્ષુ, ઈક્કડ નામનું ઘાસ, એરંડ, કરકર, સૂંઠ અને વિહંગુ આદિ તૃણો તથા પર્વ(ગાંઠ)વાળી વનસ્પતિઓની જે અક્ષિ(આંખ), પર્વ તથા બલિમોટક–ગાંઠને પરિવેષ્ટન કરનારો ચક્રાકાર ભાગ હોય, તે બધા પ્રત્યેક(એક-એક) જીવાત્મક છે. તેના પાંદડાં પ્રત્યેક જીવાત્મક છે અને તેનાં ફૂલો અનેક જીવાત્મક છે. ॥ ૯૨–૯૩ ॥

પુષ્યફળ, કાલિંગ (કલિંજર-તરબૂજ), તુંબ, ત્રપુષ–કાકડી, એલવાલુગ–ચીભડા, વાલુંક, ઘોષાતક–તુરીયા, પટોલ, તિન્દૂક–ટીંબરૂ, તિન્દૂસ–ટીંડસી, તે સર્વ વનસ્પતિના પાંદડાં પ્રત્યેક જીવી હોય છે તથા તેના વૃત્ત(ડીંટલ), ગિર–ગર, કેસર સહિત કે કેસર–રહિત, મિંજ(બીજ) આ બધા એક-એક જીવથી અધિષ્ઠિત હોય છે. ॥ ૯૪–૯૫ ॥ સપ્ફાય, સજ્ઝાય, ઉવ્વેહલિયા અને કુહણ તથા કુંદક્ય, આ બધી વનસ્પતિઓ અનંત જીવાત્મક છે; પરંતુ કંદુક્ય વનસ્પતિમાં ભજના છે અર્થાત્ કોઈ કંદુક્ય અનંતજીવાત્મક અને કોઈ અસંખ્યાત જીવાત્મક હોય છે. ॥ ૯૬ ॥

**વિવેચન :-**

પ્રસ્તુત ગાથાઓમાં પ્રત્યેક અને સાધારણ શરીરી વનસ્પતિના લક્ષણોનું નિરૂપણ છે.

**સાધારણ વનસ્પતિના લક્ષણો :–** (૧) મૂળ, કંદ, સ્કંદ, ત્વચા, શાખા, પ્રવાલ, પુષ્પ, ફળ અને બીજનું ભેદન કરતાં– તોડતાં, તે તૂટેલો ભાગ સમ-ચક્રાકાર દેખાય. (૨) તે સ્કંધાદિ વિભાગોના મધ્યવર્તી સારભાગની અપેક્ષાએ તેની છાલ જાડી હોય. (૩) તેના પર્વ–ગાંઠને તોડતાં તેનું ભંગસ્થાન રજથી(જલકણોથી) વ્યાપ્ત થઈ જાય. (૪) તેના ભંગ સ્થાનનો પૃથ્વી સદશ ભેદ થાય અર્થાત્ સૂર્યના કિરણોથી અત્યંત તપેલી ખેતરની ક્યારીઓના પ્રતરખંડની સમાન ભંગ થાય. (૫) દૂધ સહિત કે દૂધ રહિત પણ પાંદડાઓની નસો દેખાતી ન હોય અથવા પાંદડાંના બંને ભાગોને જોડનારી સંધિ પણ સર્વથા દેખાતી ન હોય. આ એક કે અનેક લક્ષણો જે વનસ્પતિમાં જણાતાં હોય તે સાધારણ વનસ્પતિ છે, તેમ જાણવું. બધી જ કુંપળો ઉગતા સમયે અનંતકાયિક હોય છે. ત્યાર પછી તે કૂંપળો વિકસિત થતી જાય, પાંદડાંનું રૂપ ધારણ કરે ત્યારે તે વનસ્પતિના નામકર્મ અનુસાર તે પ્રત્યેક અથવા સાધારણપણું પામે છે.

**પ્રત્યેક વનસ્પતિના લક્ષણો :–** (૧) મૂળ, કંદ આદિનું ભંગ સ્થાન વિષમ-અચક્રાકારે હોય. (૨) તે વિભાગોના મધ્યવર્તી દળની અપેક્ષાએ તેની છાલ પાતળી હોય. (૩) તેના પર્વ-ગાંઠને તોડતાં તેનું ભંગસ્થાન રજથી વ્યાપ્ત થતું ન હોય, ચૂર્ણરૂપ થતું ન હોય. (૪) તેના ભંગસ્થાનોમાં પૃથ્વી સદશ ભેદ થતો ન હોય. (૫) પાંદડાંઓની નસો અને સંધિસ્થાન દેખાતા હોય; આ લક્ષણોમાંથી એક કે અનેક લક્ષણો જે વનસ્પતિમાં હોય તે પ્રત્યેક વનસ્પતિ છે.

**અનંત શરીરી અને પ્રત્યેક શરીરી વનસ્પતિના લક્ષણો :–**

| અનંત જીવાત્મક–સાધારણ શરીરી | સંખ્યાત–અસંખ્યાત્મક જીવાત્મક પ્રત્યેક શરીરી |
|---|---|
| (૧) ભંગસ્થાન(જ્યાંથી તૂટે તે ભાગ) સમતલ ચક્રાકાર હોય. | (૧) ભંગસ્થાન વિષમ–અચક્રાકાર હોય. |
| (૨) મધ્યભાગ કરતાં જાડી છાલ. | (૨) મધ્યભાગ કરતાં પાતળી છાલ. |
| (૩) ભંગ સ્થાન ચૂર્ણરૂપ થાય અર્થાત્ રજથી વ્યાપ્ત હોય. | (૩) ભંગસ્થાન રજથી વ્યાપ્ત ન બને. |
| (૪) ભંગસ્થાન પૃથ્વીની જેમ પોપડીવાળું બની જાય અર્થાત્ તરડાય જાય. | (૪) ભંગ સ્થાન તરડાય નહીં. |
| (૫) નસો, સંધિભાગ દેખાય નહિં. | (૫) નસો, સંધિસ્થાનો દેખાતા હોય. |

ઉપરોક્ત લક્ષણોની વિવક્ષા કર્યા વિના સૂત્રકારે કેટલીક વનસ્પતિમાં જીવ સંખ્યાનું પ્રતિપાદન કર્યું છે.

**વૃંત્તબદ્ધ :–** ડીંટિયાવાળા પુષ્પોમાં કેટલાક સંખ્યાત જીવાત્મક, કેટલાક અસંખ્ય જીવાત્મક અને કેટલાક અનંત જીવાત્મક હોય છે. નાલિકાબદ્ધ પુષ્પો સંખ્યાત જીવાત્મક હોય છે.

થોરના ફૂલ અનંતકાયિક છે, તે ઉપરાંત પદ્મિનીકંદ, ઉત્પલિનીકંદ અનંતકાયિક છે પરંતુ તેના બિસતંતુ અને મૃણાલમાં એક મુખ્ય જીવ હોય છે.

પ્રસ્તુત પાઠમાં પુષ્પોનું વર્ણન કરતાં ડુંગળી, લસણ વગેરેના પુષ્પોને પ્રત્યેક જીવી કહ્યા છે. ઉત્તરાધ્યયન સૂત્ર અધ્યયન–૩૬ ગાથા–૯૮માં ડુંગળી, લસણની ગણના સાધારણ વનસ્પતિમાં કરી છે. આ રીતે ડુંગળી, લસણ અનંતકાયિક છે અને તેના પુષ્પો પ્રત્યેક શરીરી છે, તેમ સમજવું.

**બીજના જીવનું મૂળાદિરૂપે પરિણત થવું :–**

**૮૧**

**जोणिब्भूए बीए, जीवो वक्कमइ सो व अण्णो वा ।**
**जो वि य मूले जीवो, सो वि य पत्ते पढमताए ॥९७॥**
**सव्वो वि किसलओ खलु, उग्गममाणो अणंतओ भणिओ ।**
**सो चेव विवड्ढंतो, होइ परित्तो अणंतो वा ॥९८॥**

**ભાવાર્થ :–** (ગાથાર્થ) યોનિભૂત બીજમાં જીવ ઉત્પન્ન થાય છે, તે બીજનો જીવ પણ હોઈ શકે અથવા અન્ય કોઈ પણ જીવ ત્યાં આવીને ઉત્પન્ન થઈ શકે છે. જે જીવ મૂળ રૂપે પરિણત થાય છે, તે જીવ પ્રથમ પાંદડાંના રૂપમાં પણ પરિણત થાય છે. ॥ ૯૭ ॥

બધી કૂંપળો ઉગતા સમયે અનંતકાયિક જ હોય છે. પછી તે જ કૂંપળ વૃદ્ધિ પામતાં પ્રત્યેક વનસ્પતિ થાય છે તો પ્રત્યેકશરીરી થઈ જાય છે અને સાધારણ વનસ્પતિ હોય તો અનંતકાયિક જ રહે છે. ॥૯૮॥

**વિવેચન :-**

વનસ્પતિની દશ અવસ્થાઓ છે. મૂળ, કંદ, સ્કંધ, શાખા, પ્રશાખા, પ્રવાલ, પત્ર, પુષ્પ, ફળ અને બીજ. આ દશે અવસ્થામાં તે સચેત હોય છે. તેમાં સર્વ પ્રથમ એક મુખ્ય જીવ ઉત્પન્ન થાય છે, જે સર્વ વિભાગોમાં વ્યાપ્ત રહે છે.

**બીજના જીવની મૂળરૂપે પરિણતિ :–** બીજની બે અવસ્થા હોય છે–યોનિભૂત અવસ્થા અને અયોનિભૂત અવસ્થા.

**(૧) યોનિઅવસ્થા :–** જે બીજમાં ઉગવાની યોગ્યતા હોય તે યોનિભૂત કહેવાય છે. તેમાં કોઈ બીજ સચેત-જીવ સહિત હોય અને કોઈ બીજ અચેત-જીવ રહિત હોય છે. બીજ સ્વયં જીવ રહિત કે જીવ સહિત હોય પરંતુ તેમાં અન્ય જીવને ઉત્પન્ન કરવાની યોગ્યતા હોય તેને યોનિભૂત અવસ્થા કહે છે.

**(૨) અયોનિ અવસ્થા :–** જે બીજમાં અન્ય જીવને ઉત્પન્ન કરવાની યોગ્યતા ન હોય, તેને વિધ્વસ્તયોનિ અથવા અયોનિભૂત અવસ્થા કહે છે.

આ બંને પ્રકારના બીજમાં અયોનિભૂત બીજમાં તો તે જ જીવ કે અન્ય કોઈ પણ જીવની ઉત્પત્તિ શક્ય નથી. યોનિભૂત બીજને ઊગાડવાથી તેમાં તે જ જીવ અથવા અન્ય કોઈ જીવ ઉત્પન્ન થઈ શકે છે અર્થાત્ બીજમાં જે જીવ હોય, તેનું આયુષ્ય પૂર્ણ થતાં તે જીવ ત્યાંથી નીકળી જાય અને તે બીજ નિર્જીવ થઈ જાય છે. ત્યારપછી તે જ બીજનો જીવ પુનઃ તે અચિત્ત બીજ રૂપ શરીરમાં મુખ્ય જીવરૂપે અર્થાત્ મૂળ રૂપે ઉત્પન્ન થાય છે. આ રીતે બીજનો જીવ મૂળરૂપે ઉત્પન્ન થાય છે, મૂળ આદિ રૂપે પરિણત થાય છે અને ક્યારેક બીજનો જીવ મૃત્યુ પામી અન્યત્ર ચાલ્યો જાય તો પૃથ્વીકાયિક આદિ કોઈ પણ અન્ય જીવ આવીને ત્યાં મૂળરૂપે(મુખ્ય જીવ રૂપે) ઉત્પન્ન થાય છે.

પ્રત્યેક બીજ જ્યારે અંકુરિત થાય છે ત્યારે તેની કૂંપળ અવસ્થામાં અનંત જીવો હોય છે ત્યાર પછી જેમ જેમ તેનો વિકાસ થાય, તેમ તેમ તે જીવો પોતાના કર્માનુસાર અન્ય અવસ્થાને પ્રાપ્ત કરે છે અને ત્યાર પછી તે વનસ્પતિમાં જે પ્રકારની યોગ્યતા હોય તે પ્રમાણે તે જ જીવો અથવા અન્ય જીવો ત્યાં પ્રત્યેક અથવા સાધારણ વનસ્પતિરૂપે જન્મ ધારણ કરે છે.

**સાધારણ શરીરી જીવોનો જીવન વ્યવહાર :-**

**૮૨** **समगं वक्कंताणं, समगं तेसिं सरीरणिव्वत्ती ।**
**समगं आणुग्गहणं, समगं ऊसास णीसासे ॥९९॥**

**एक्कस्स उ जं गहणं, बहूण साहारणाण तं चेव ।**
**जं बहुयाणं गहणं, समासओ तं पि एगस्स ॥१००॥**

**साहारणमाहारो, साहारणमाणुपाणगहणं च ।**
**साहारणजीवाणं, साहारणलक्खणं एयं ॥१०१॥**

**जह अयगोलो धंतो, जाओ तत्ततवणिज्जसंकासो ।
सव्वो अगणिपरिणओ, णिगोयजीवे तहा जाण ॥१०२॥
एगस्स दोण्ह तिण्ह व, संखेज्जाण व ण पासिउं सक्का ।
दीसंति सरीराइं णिगोयजीवाण अणंताणं ॥१०३॥**

**ભાવાર્થ :–** (ગાથાર્થ) એક સાથે ઉત્પન્ન થયેલા તે સાધારણ વનસ્પતિકાયિક જીવોની શરીર રચના એક જ સમયે થાય છે. તે જીવો એક સાથે શ્વાસોચ્છ્વાસને યોગ્ય પુદ્ગલોનું ગ્રહણ કરે છે, એક સાથે તેનો ઉચ્છ્વાસ અને નિઃશ્વાસ હોય છે અર્થાત્ સમકાલે ઉત્પન્ન થયેલા સાધારણ શરીરી જીવોની શરીર રચના તથા શ્વાસોચ્છ્વાસ સમકાળે જ થાય છે. ॥ **૯૯** ॥ એક જીવ જે આહારાદિ પુદ્ગલો ગ્રહણ કરે છે, તે જ ઘણા(અનંત) જીવો ગ્રહણ કરે છે અને જે આહારાદિ પુદ્ગલોને ઘણા(અનંત) જીવો ગ્રહણ કરે છે, તે જ આહારાદિ પુદ્ગલોને એક જીવ ગ્રહણ કરે છે. ॥ **૧૦૦** ॥

એક શરીરને આશ્રિત રહેલા સાધારણ જીવોનો આહાર પણ સાધારણ(એક જ) હોય છે, શ્વાસોચ્છ્વાસને યોગ્ય પુદ્ગલોનું ગ્રહણ અને શ્વાસોચ્છ્વાસ પણ સાધારણ હોય છે. આ સાધારણ જીવોનું સાધારણ લક્ષણ સમજવું જોઈએ. ॥ **૧૦૧** ॥ જેમ અત્યંત તપાવેલો લોઢાનો ગોળો પૂર્ણપણે અગ્નિમય થઈ જાય છે, તેમ નિગોદરૂપ એક શરીરમાં અનંત નિગોદજીવોનું પરિણમન થાય છે, તે પ્રમાણે જાણવું. ॥ **૧૦૨** ॥ એક, બે, ત્રણ, સંખ્યાત અથવા અસંખ્યાત નિગોદ જીવોના પૃથક્ પૃથક્ શરીરોને જોવા શક્ય નથી; અનંત નિગોદ જીવોના અસંખ્યાત શરીર ભેગા થાય ત્યારે જ દૃષ્ટિગોચર થઈ શકે છે. ॥ **૧૦૩** ॥

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં સાધારણ વનસ્પતિકાયિક જીવોના જીવન વ્યવહારને સમજાવ્યો છે. એક શરીરે અનંતા જીવો હોય તેને જ સાધારણ વનસ્પતિ કહે છે. તે અનંત જીવોનું શરીર એક જ હોવાથી શરીરજન્ય પ્રત્યેક ક્રિયા સાધારણ–સામૂહિકરૂપેજ થાય છે.

(૧) તે અનંત જીવોનું ઔદારિક શરીર એક જ હોય છે. તે જીવો એક સાથે ઉત્પન્ન થઈને પોતાનું શરીર એક સાથે બનાવે છે. તે અનંત જીવોનો આત્મા તેમજ તૈજસ-કાર્મણરૂપ સૂક્ષ્મ શરીર સ્વતંત્ર હોય છે. (૨) તે અનંત જીવો એકજ શરીરથી શ્વાસોચ્છ્વાસ યોગ્ય પુદ્ગલોને ગ્રહણ કરે છે. (૩) તે જીવો એક સાથે જ એક શરીરથી જ શ્વાસ લે છે અને મૂકે છે. (૪) તે જીવો એક શરીરથી જ આહાર ગ્રહણ કરે છે.

તે જીવો સ્થાવર હોવાથી હલનચલન આદિ અન્ય શરીરજન્ય ક્રિયાઓ તેઓને હોતી નથી.

અગ્નિમાં અત્યંત તપ્ત લોખંડનો ગોળો જેવી રીતે આખે આખો અગ્નિમય બની જાય છે, તેવી જ રીતે નિગોદરૂપ એક શરીરમાં અનંત જીવોનું પરિણમન થાય છે. એક, બે, ત્રણ સંખ્યાત કે અસંખ્યાત નિગોદ જીવોનું શરીર ચર્મ ચક્ષુથી દેખાતું નથી, કારણ કે તેઓને પૃથક્-પૃથક્ શરીર જ હોતા નથી, અનંત જીવોનું એક જ શરીર હોય છે. બાદર નિગોદના અનંતજીવોનું એક શરીર, તેવા અસંખ્ય શરીર ભેગા થાય ત્યારે તે ચર્મચક્ષુથી દેખાઈ શકે છે. નિગોદ જીવોને સ્થૂલ દૃષ્ટિએ આ પ્રમાણે સમજાવવામાં આવે છે–

સોયની અણી જેટલા નિગોદમાં અસંખ્યાત ગોળા હોય છે, એક એક ગોળામાં અસંખ્યાત-અસંખ્યાત પ્રતર હોય છે, એક-એક પ્રતરમાં અસંખ્ય-અસંખ્ય શ્રેણીઓ હોય છે. એક-એક શ્રેણીમાં અસંખ્ય નિગોદ(શરીર) હોય છે, એક-એક નિગોદ(શરીર)માં અનંત-અનંત જીવો હોય છે.

**વનસ્પતિકાયિક જીવોનું પરિમાણ :–**

**૮૩** लोगागासपएसे, णिगोयजीवं ठवेहि एक्केक्कं ।
एवं मविज्जमाणा, हवंति लोया अणंता उ ॥१०४॥
लोगागासपएसे, परित्तजीवं ठवेहि एक्केक्कं ।
एवं मविज्जमाणा हवंति लोया असंखेज्जा ॥१०५॥
पत्तेया पज्जत्ता, पयरस्स असंखभागमेत्ता उ ।
लोगा असंखा अपज्जत्तगाण, साहारणमणंता ॥१०६॥
एएहिं सरीरेहिं, पच्चक्खं ते परूविया जीवा ।
सुहुमा आणागेज्झा, चक्खुप्फासं ण ते एंति ॥१०७॥
जेयावण्णे तहप्पगारा ।

**ભાવાર્થ :–** (ગાથાર્થ) લોકાકાશના એક-એક પ્રદેશ ઉપર જો એક-એક નિગોદજીવને સ્થાપિત કરવામાં આવે અને આ રીતે તેને માપવામાં(ગણવામાં) આવે તો, તે અનંત લોકાકાશ પ્રમાણ થાય છે અર્થાત્ નિગોદના જીવો અનંત લોકાકાશના પ્રદેશ પ્રમાણ છે. ॥ **૧૦૪** ॥

લોકાકાશના એક-એક પ્રદેશ ઉપર જો પ્રત્યેક વનસ્પતિકાયના એક-એક જીવને સ્થાપિત કરવામાં આવે અને આ રીતે તેને માપવામાં આવે તો તે અસંખ્યાત લોકાકાશ પ્રમાણ થાય અર્થાત્ પ્રત્યેક વનસ્પતિ કાયિક જીવો અસંખ્યાત લોકાકાશના પ્રદેશ પ્રમાણ છે. ॥ **૧૦૫** ॥

પ્રત્યેક વનસ્પતિકાયના પર્યાપ્ત જીવો ઘનીકૃત લોક-પ્રતરના અસંખ્યાતમા ભાગ પ્રમાણ છે અર્થાત્ તે લોકના અસંખ્યાતમા ભાગના આકાશ પ્રદેશ પ્રમાણ છે. પ્રત્યેક વનસ્પતિકાયના અપર્યાપ્ત જીવોનું પ્રમાણ અસંખ્યાત લોક પ્રમાણ છે અને સાધારણ જીવોનું પરિમાણ અનંતલોક પ્રમાણ છે. ॥ **૧૦૬** ॥

આ(પૂર્વોક્ત) શરીરો દ્વારા સ્પષ્ટરૂપે **બાદર નિગોદ** જીવોની પ્રરૂપણા કરવામાં આવી છે. **સૂક્ષ્મ નિગોદ જીવો** તો માત્ર આજ્ઞા ગ્રાહ્ય(તીર્થંકરોનાં વચનો દ્વારા જ જ્ઞેય) છે. કારણ કે તે જીવો ચર્મ ચક્ષુથી જોઈ શકાતા નથી. ॥ **૧૦૭** ॥ આ પ્રકારની અન્ય પણ વનસ્પતિઓ છે, તે સર્વને તેના લક્ષણાનુસાર સાધારણ કે પ્રત્યેક વનસ્પતિકાય સમજી લેવી જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં વનસ્પતિકાયિક જીવોનું પરિમાણ પ્રદર્શિત કર્યું છે. તે ગાથાર્થથી સ્પષ્ટ છે.

પ્રત્યેક વનસ્પતિકાયિક પર્યાપ્ત જીવો ઘનીકૃત લોકના પ્રતરના અસંખ્યાતમા ભાગના આકાશપ્રદેશ પ્રમાણ છે, પ્રત્યેક વનસ્પતિકાયિક અપર્યાપ્ત જીવો અસંખ્યાત લોકાકાશના પ્રદેશ પ્રમાણ અને સાધારણ વનસ્પતિકાયિક જીવો અનંત લોકાકાશના પ્રદેશ પ્રમાણ છે.

**एएहिं सरीरेहिं...:**– આ ગાથા કેટલીક પ્રતોમાં મળે છે અને કેટલી પ્રતોમાં મળતી નથી. પ્રસ્તુતમાં તેની ઉપયોગિતા સમજાતાં મૂળપાઠમાં સ્વીકારવામાં આવી છે.

**વનસ્પતિકાય : ઉપસંહાર :–**

**८४ ते समासओ दुविहा पण्णता, तं जहा- पज्जत्तगा य अपज्जत्तगा य । तत्थ णं जे ते अपज्जत्तगा ते णं असंपत्ता । तत्थ णं जे ते पज्जत्तगा तेसिं वण्णादेसेणं गंधादेसेणं रसादेसेणं फासादेसेणं सहस्सग्गसो विहाणाइं, संखेज्जाइं जोणिप्पमुहसयसहस्साइं । पज्जत्तगणिस्साए अपज्जत्तगा वक्कमंति- जत्थ एगो तत्थ सिय संखेज्जा सिय असंखेज्जा सिय अणंता(वक्कमंति) । एएसि णं इमाओ गाहाओ अणुगंतव्वाओ । तं जहा-**

**कंदा य कंदमूला य, रुक्खमूला ति यावरे ।**
**गुच्छा य गुम्म वल्ली य, वेणुयाणि तणाणि य ॥१०८॥**

**पउमुप्पल संघाडे, हढे य सेवाल किण्हए पणए ।**
**अवए य कच्छभाणी, कंडुक्केक्कुणवीसइमे ॥१०९॥**

**तय-छल्लि-पवालेसु य, पत्त-पुप्फ-फलेसु य ।**
**मूलअग्ग-मज्झ-बीएसु, जोणी कस्स य कित्तिया ॥११०॥**

**से तं साहारण-सरीर-बादर-वणस्सइकाइया । से तं बादरवणस्सइकाइया । से तं वणस्सइकाइया । से तं एगिंदिया ।**

**ભાવાર્થ :–** સર્વ વનસ્પતિકાયિક જીવોના સંક્ષેપથી બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– પર્યાપ્ત અને અપર્યાપ્ત. તેમાંથી જે અપર્યાપ્ત છે, તે અસંપ્રાત એટલે ચક્ષુ ગ્રાહ્ય કે ઇન્દ્રિય ગ્રાહ્ય નથી અને જે પર્યાપ્ત વનસ્પતિ છે, તેના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શની અપેક્ષાએ હજારો પ્રકાર થાય છે. તેની સંખ્યાત લાખ યોનિ છે. પર્યાપ્ત જીવોના આશ્રયે અપર્યાપ્ત જીવો ઉત્પન્ન થાય છે. જ્યાં એક અપર્યાપ્તક જીવ ઉત્પન્ન થાય છે ત્યાં નિયમથી કદાચિત્ સંખ્યાત, કદાચિત્ અસંખ્યાત અને કદાચિત્ અનંત અપર્યાપ્ત જીવો ઉત્પન્ન થાય છે. અહીં શેષ- વિશેષ કથન ગાથાઓથી સમજવું જોઈએ. તે આ પ્રમાણે છે–

**ગાથાર્થ**– (૧) કંદ(સૂરણ આદિ કંદ) (૨) કંદમૂળ (૩) વૃક્ષમૂળ(આ સાધારણ વનસ્પતિ વિશેષ છે.) (૪) ગુચ્છ (૫) ગુલ્મ (૬) વલ્લી (૭) વેણુ(વાંસ) (૮) તૃણ(અર્જુન આદિ લીલું ઘાસ.) **॥૧૦૮॥** (૯) પદ્મ, (૧૦) ઉત્પલ, (૧૧) શ્રૃંગાટક(સિંઘોડા), (૧૨) હડ(જલજ વનસ્પતિ) (૧૩) શેવાળ (૧૪) કૃષ્ણક (૧૫) પનક (૧૬) અવક (૧૭) કચ્છ (૧૮) ભાણી અને (૧૯) કંદુક્ય(નામક સાધારણ વનસ્પતિ.) **॥ ૧૦૯ ॥**

આ ઉપર્યુક્ત ઓગણીસ પ્રકારની વનસ્પતિઓની ત્વચા, છાલ, પ્રવાલ, પત્ર, પુષ્પ, ફળ, મૂળ અગ્ર, મધ્ય અને બીજ વગેરેની યોનિઓ પૃથક્-પૃથક્ છે. કોઈકમાં સંખ્યાતા, કોઈકમાં અસંખ્યાતા અને કોઈકમાં અનંતજીવો રહે છે. **॥ ૧૧૦ ॥**

આ રીતે સાધારણ વનસ્પતિકાય અને બાદર વનસ્પતિકાયિકનું વર્ણન પણ સમાપ્ત થાય છે. તે જ રીતે વનસ્પતિ અને એકેન્દ્રિય સંસારસમાપન્ન જીવોની પ્રરૂપણા પૂર્ણ થાય છે.

### એકેન્દ્રિય સંસાર સમાપન્ન (સ્થાવર) જીવોના ૨૨ ભેદ



**બેઇન્દ્રિય સંસારસમાપન્નક જીવ પ્રજ્ઞાપના :–**

**૮૫ से किं तं बेइंदिय-संसार-समावण्ण-जीवपण्णवणा ?**

**बेइंदिय-संसारसमावण्ण-जीवपण्णवणा अणेगविहा पण्णत्ता, तं जहा- पुलाकिमिया कुच्छिकिमिया गंडूयलगा गोलोमो णेउरा सोमंगलगा वंसीमुहा सूईमुहा गोजलोया जलोया जलोउया संख संखणगा घुल्ला-खुल्ला, गुलया खंधा वराडा सोत्तिया मोत्तिया कलुयावासा एगओवत्ता दुहओवत्ता णंदियावत्ता संवुक्का माईवाहा सिप्पिसंपुडा चंदणा समुद्दलिक्खा, जेयावण्णे तहप्पगारा। सव्वेते सम्मुच्छिमा, णपुंसगा ।**

**ते समासओ दुविहा पण्णत्ता, तं जहा- पज्जत्तगा य अपज्जत्तगा य । एएसि णं एवमादियाणं बेइंदियाणं पज्जत्ताअपज्जत्ताणं सत्त जाइकुलकोडिजोणी पमुहसयसहस्सा भवंतीति मक्खायं । से तं बेइंदिय-संसारसमावण्ण-जीवपण्णवणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** બેઇન્દ્રિય સંસાર સમાપન્ન જીવ પ્રજ્ઞાપનાના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** બેઇન્દ્રિય સંસારસમાપન્ન જીવ પ્રજ્ઞાપનાના અનેક પ્રકાર છે, તે આ પ્રમાણે છે– પુલાકૃમિક, કુક્ષિકૃમિક, ગંડુયલગ, ગોલોમ, નેપૂર, સૌમંગલક, વંશીમુખ, સૂચીમુખ, ગૌજલોકા, જલોકા, જલાયુષ્ક, શંખ, શંખનક, ઘુલ્લા, ખુલ્લા, ગુડજા, સ્કન્ધ, વરાટા–કોડી, સૌકિતક, મૌક્તિક, કલુકાવાસા, એકતોવૃત્ત, દ્વિધાવૃત્ત, નન્દિકાવર્ત્ત, શમ્બૂકા, માતૃવાહા, શુક્તિસંપુટ(છીપલા), ચંદનક, સમુદ્રલિક્ષા વગેરે તથા આ પ્રકારના અન્ય જીવોને બેઇન્દ્રિય જીવો સમજવા જોઈએ. ઉપર્યુક્ત બેઇન્દ્રિય જીવો સંમૂચ્છિમ અને નપુંસક છે.

આ બેઇન્દ્રિય જીવોના સંક્ષેપથી બે પ્રકાર છે. તે આ પ્રમાણે– પર્યાપ્ત અને અપર્યાપ્ત. પર્યાપ્ત અને અપર્યાપ્ત બેઇન્દ્રિય જીવોની સાત લાખ જાતિ-કુલકોટિ-યોનિ હોય છે. આ પ્રમાણે ભગવાને કહ્યું છે. આ રીતે બેઇંદ્રિય સંસારસમાપન્ન જીવોની પ્રજ્ઞાપના પૂર્ણ થાય છે.

**વિવેચન :–**

આ સૂત્રમાં બેઇન્દ્રિય જીવોની વિવિધ જાતિઓ, તેના બે પ્રકાર અને તેની જીવયોનિઓની સંખ્યાનું નિરૂપણ છે.

સ્પર્શેન્દ્રિય અને જીહ્વેન્દ્રિય, આ બે ઇન્દ્રિય જે જીવોને હોય છે, તે બેઇંદ્રિય જીવ કહેવાય છે. જેમ કે– શંખ, છીપ, કોડી, કરમિયા, પોરા, વાળો, અળસિયા, જળો, લાળીયા, રસજ– રસવંતી વસ્તુઓ બગડી જાય, ત્યારે તેમાં ઉત્પન્ન થતા કીડા, વાંતરી, ઇયળ આદિ.

**सव्वे ते सम्मुच्छिमा णपुंसगा :–** કૃમિ, કીડા આદિ ઉપરોક્ત બેઇંદ્રિય જીવો માતા-પિતાના સંયોગ વિના, અશુચિસ્થાનો જેવા કોઈપણ યોગ્ય સ્થાનોમાં સહજ રીતે ઉત્પન્ન થઈ જાય છે, તેથી તે સંમૂચ્છિમ છે અને તે સર્વે નપુંસક હોય છે.

**जाइकुलकोडि जोणी :–** જાતિ-કુલકોટિ યોનિ– **जातिरिति किल तिर्यग्गति तस्याः कुलानि कृमिकीटवृश्चिकादीनि इमानि कुलानि योनि प्रमुखाणि ।** પ્રસ્તુત પ્રસંગમાં 'જાતિ' શબ્દ તિર્યંચગતિનો બોધક છે. તેમાં કૃમિ, કીડા વગેરે કુળ છે અને તે જેમાં ઉત્પન્ન થાય તે યોનિ. યોનિ એટલે

જીવોનું ઉત્પત્તિ સ્થાન. ઉત્પત્તિસ્થાનમાં ઉત્પન્ન થનારા જીવોની વિવિધ જાતિને કુલ કહે છે. જેમ કે છાણ યોનિરૂપ છે. તેમાં કૃમિ, કીડા, વૃશ્ચિક આદિ વિવિધ જાતિવાળા જીવો ઉત્પન્ન થાય છે, તે તેના કુલ છે. યોનિ એક હોય અને તેમાં અનેક કુલ હોય શકે છે. અથવા **जातिकुलमित्येकं पदम्** । જાતિકુલને એક પદ રૂપે સ્વીકારીએ તો એક યોનિના અનેક જાતિકુલ હોય છે. તે પ્રમાણે અર્થ થાય છે. જેમ કે– છાણરૂપ યોનિમાં કૃમિકુલ, વૃશ્ચિકકુલ વગેરે અનેક જાતિ કુલ હોય છે.

**તેઇન્દ્રિય સંસારસમાપન્ન જીવ પ્રજ્ઞાપના :–**

**८६** से किं तं तेइंदियसंसारसमावण्णजीवपण्णवणा ?

**तेइंदियसंसारसमावण्णजीवपण्णवणा अणेगविहा पण्णत्ता । तं जहा- ओवइया रोहिणीया कुंथू पिपीलिया उद्दंसगा उद्देहिया उक्कलिया उप्पाया उक्कडा उप्पडा तणाहारा कट्ठाहारा मालुया पत्ताहारा तणविंटिया पत्तविंटिया पुप्फविंटिया फलविंटिया बीयविंटिया तेदुरणमज्जिया तउसमिंजिया कप्पासट्ठिमिंजिया हिल्लिया झिल्लिया झिंगिरा किंगिरिडा पाहुया सुभगा सोवच्छिया सुयविंटा इंदिकाइया इंदगोवया ऊरुलुंचगा कोत्थलवाहगा जूया हालाहला पिसुया ततवाइया गोम्ही हत्थिसोंडा, जेयावण्णे तहप्पगारा । सव्वे ते सम्मुच्छिम-णपुंसगा।**

**ते समासओ दुविहा पण्णत्ता, तं जहा- पज्जत्तगा य अपज्जत्तगा य । एएसि णं एवमाइयाणं तेइंदियाणं पज्जत्ताअपज्जत्ताणं अट्ठ जाईकुलकोडि-जोणिप्पमुहसयसहस्सा भवंतीति मक्खायं । से तं तेइंदियसंसारसमावण्णजीवपण्णवणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** તેઇંદ્રિય સંસારસમાપન્ન જીવ પ્રજ્ઞાપનાના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** તેઇન્દ્રિય સંસારસમાપન્ન જીવ પ્રજ્ઞાપનાના અનેક પ્રકાર છે, તે આ પ્રમાણે છે– ઔપયિક, રોહિણીક, કંથવા, કીડી, ઉદ્દેશક, ઉધઈ, ઉત્કલિક, ઉત્પાદ, ઉત્કટ, ઉત્પડ, તૃણહાર– તૃણનો આહાર કરનાર કીડો, કાષ્ઠાહાર(ઘુણ), માલુક, પત્રાહાર, તૃણવૃન્તિક, પત્રવૃન્તિક, પુષ્પવૃન્તિક, ફલવૃન્તિક, બીજવૃન્તિક, તેદુરણ, મજ્જિક, ત્રપુષમિંજિક, કાર્પાસાસ્થિમિંજિક, હિલ્લિક, ઝિલ્લિક, ઝીંગિરા–વાંદો, કિંગિરિટ, બાહુક, સુભગ, સૌવસ્તિક, શુકવૃન્ત, ઇન્દ્રિકાયિક, ઇન્દ્રગોપ, ઉરુલુંચક(તુરુતુમ્બક), કુસ્થલવાહક, યૂકા–જૂ, હાલાહલ, માંકડ, શતપાદિક(ગજાઈ), ગોમ્હી(ગોમ્મચી) અને હસ્તિશૌંડ. આ પ્રકારના ત્રણ ઇન્દ્રિયવાળા જેટલા અન્ય જીવો છે, તે બધાને તેઇંદ્રિય સંસારસમાપન્ન જીવ જાણવા જોઈએ. તે સર્વ સંમૂર્ચ્છિમ અને નપુંસક છે.

તેઇન્દ્રિય જીવોના સંક્ષેપથી બે પ્રકાર છે, જેમકે– પર્યાપ્ત અને અપર્યાપ્ત. પર્યાપ્ત અને અપર્યાપ્તક તેઇન્દ્રિય જીવોની આઠ લાખ જાતિ કુલકોટિ યોનિ છે, એ પ્રમાણે શ્રી ભગવંતે કહ્યું છે. આ તેઇન્દ્રિય સંસારસમાપન્ન જીવોની પ્રજ્ઞાપના પૂર્ણ થાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં તેઇન્દ્રિય જીવોના ભેદ-પ્રભેદ અને તેની યોનિ સંખ્યાનું વર્ણન છે. તે જીવોને સ્પર્શેન્દ્રિય, જીહ્વેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય આ ત્રણ ઇન્દ્રિય હોય છે. જેમકે કીડી, લીખ, જૂ, કાનખજૂરો, વાંદા, ઉધઈ, ઘુણ, કંથવા આદિ. સૂત્રોક્ત ઘણાં નામો અપ્રસિદ્ધ છે.

**गोम्ही :–** તેનો અર્થ વૃત્તિકારે **कर्णसियालिया** કર્યો છે. ગુજરાતીમાં તેને કણસલા કે કાનખજૂરો કહે છે.

**ચૌરેન્દ્રિય સંસારસમાપન્ન જીવપ્રજ્ઞાપના :–**

**૮૭ से किं तं चउरिंदिय-संसारसमावण्ण-जीवपण्णवणा ? चउरिंदिय-संसारसमावण्ण-जीवपण्णवणा अणेगविहा पण्णत्ता, तं जहा–**

**अंधिय णेत्तिय मच्छिय, मगमिगकीडे तहा पयंगे य ।**
**ढिंकुण कुक्कुड कुक्कुह, णंदावत्ते य सिंगिरिडे ॥१११॥**

**किण्हपत्ता णीलपत्ता लोहियपत्ता हलिद्दपत्ता सुक्किलपत्ता चित्तपक्खा विचित्तपक्खा ओभंजलिया जलचारिया गंभीरा णीणिया तंतवा अच्छिरोडा अच्छिवेहा सारंगा णेउला दोला भमरा भरिली जरुला तोट्ठा विच्छुया पत्तविच्छुया छाणविच्छुया जलविच्छुया पियंगाला कणगा गोमयकीडगा, जेयावण्णे तहप्पगारा । सव्वेते सम्मुच्छिमा णपुंसगा ।**

**ते समासओ दुविहा पण्णत्ता, तं जहा– पज्जत्तगा य अपज्जत्तगा य । एतेसि णं एवमाइयाणं चउरिंदियाणं पज्जत्ताअपज्जत्ताणं णव जाइकुल-कोडिजोणिप्पमुहसयसहस्सा भवंतीति मक्खायं । से तं चउरिंदियसंसारसमावण्ण-जीवपण्णवणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** ચૌરેન્દ્રિય સંસારસમાપન્ન જીવ પ્રજ્ઞાપનાના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** ચૌરેન્દ્રિય સંસારસમાપન્ન જીવ પ્રજ્ઞાપનાના અનેક પ્રકાર છે, તે આ પ્રમાણે છે–

**ગાથાર્થ–** અંધિક, નેત્રિક, માખી, મૃગમૃગકીડા(મચ્છર, કીડા અથવા ટીડ) પતંગિયા, ઢિંકુણ કુર્કુટ, કુક્કુહ, નન્ધાવર્ત અને શ્રૃંગિરિટ **॥ ૧૧૧ ॥**

કૃષ્ણપક્ષ, નીલપક્ષ, લોહિતપક્ષ, હારિદ્રપક્ષ, શુક્લપક્ષ, ચિત્રપક્ષ, વિચિત્રપક્ષ, અવભાંજલિક જલચારિક, ગંભીર, નીતિક, તન્તવ, અક્ષિરોટ, અક્ષિવેધ, સારંગ, નુપૂર, દોલા, ભ્રમર, ભરિલી, જરુલા તોટ્ટ, વીંછી, પત્રવૃશ્ચિક, ગોબરવૃશ્ચિક, જળવૃશ્ચિક, પ્રિયંગાલ, કનક અને ગોમયકીટ (છાણના કીડા) વગેરે, તથા આ પ્રકારના અન્ય જીવોને ચૌરેન્દ્રિય સંસારસમાપન્ન જીવો જાણવા જોઈએ. આ બધા ચૌરેન્દ્રિય જીવો સંમૂર્ચ્છિમ અને નપુંસક છે.

તેના બે પ્રકાર છે. યથા– પર્યાપ્ત અને અપર્યાપ્ત. તે પર્યાપ્ત અને અપર્યાપ્ત જીવોની નવ લાખ જાતિ-કુલકોટિ-યોનિપ્રમુખ હોય છે, એમ શ્રી તીર્થંકર ભગવંતે કહ્યું છે. આ ચૌરેન્દ્રિય સંસાર સમાપન્ન જીવ પ્રજ્ઞાપના પૂર્ણ થાય છે.

**વિવેચન :–**

આ સૂત્રમાં ચૌરેન્દ્રિય જીવોની જાતિ-યોનિ વગેરેનું નિરૂપણ છે. જે જીવોને સ્પર્શનેન્દ્રિય, જીહ્વેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય અને ચક્ષુરિન્દ્રિય; આ ચાર ઇન્દ્રિય હોય તેને ચૌરેન્દ્રિય કહે છે. યથા– માખી, મચ્છર, પતંગિયાં, આંખની મસિ, ચાર પ્રકારના વીંછી, ભમરો આદિ. જ્યાં પાંખ ત્યાં આંખ અવશ્ય હોય છે. શેષ કથન ભાવાર્થથી સ્પષ્ટ છે. બેઇંદ્રિય, તેઇંદ્રિય અને ચૌરેન્દ્રિય તે ત્રણે પ્રકારના જીવો વિકલેન્દ્રિયના નામે પ્રખ્યાત છે.




**પંચેન્દ્રિય સંસારસમાપન્ન જીવપ્રજ્ઞાપના :–**

**૮૮ से किं तं पंचिंदिय-संसारसमावण्ण-जीवपण्णवणा ? पंचिंदियसंसारसमावण्ण-जीवपण्णवणा चउव्विहा पण्णत्ता, तं जहा– णेरइयपंचिंदिय- संसारसमावण्ण-जीवपण्णवणा, तिरिक्खजोणिपंचिंदिय-संसारसमावण्ण-जीवपण्णवण्णा, मणुस्सपंचिंदिय-संसारसमावण्ण-जीवपण्णवण्णा देवपंचिंदिय-संसारसामावण्ण-जीवपण्णवण्णा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** પંચેન્દ્રિય સંસારસમાપન્ન જીવોની પ્રજ્ઞાપનાના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** પંચેન્દ્રિય સંસારસમાપન્ન જીવ પ્રજ્ઞાપનાના ચાર પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) નૈરિયક પંચેન્દ્રિય સંસાર સમાપન્ન જીવપ્રજ્ઞાપના, (૨) તિર્યંચ પંચેન્દ્રિય સંસાર સમાપન્ન જીવ પ્રજ્ઞાપના, (૩) મનુષ્ય પંચેન્દ્રિય સંસાર સમાપન્ન જીવપ્રજ્ઞાપના અને (૪) દેવ પંચેન્દ્રિય સંસાર સમાપન્ન-જીવ પ્રજ્ઞાપના.

**વિવેચન :–**

જે જીવોને સ્પર્શેન્દ્રિય, જીહ્વેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય અને શ્રોતેન્દ્રિય, આ પાંચ ઇન્દ્રિય હોય, તેને પંચેન્દ્રિય કહે છે.

પંચેન્દ્રિય સંસાર સમાપન્ન જીવોમાં ચારે ગતિના જીવોનો સમાવેશ થાય છે. ગતિની અપેક્ષાએ તેના ચાર ભેદ છે. તે ભાવાર્થથી સ્પષ્ટ છે.

**નૈરયિકોના ભેદ-પ્રભેદ :–**

**૮૯ से किं तं णेरइया ? णेरइया सत्तविहा पण्णत्ता, तं जहा– रयणप्पभापुढवि-णेरइया सक्करप्पभापुढवि- णेरइया वालुयप्पभापुढविणेरइया पंकप्पभापुढविणेरइया धूमप्पभापुढविणेरइया तमप्पभापुढवि- णेरइया तमतमप्पभापुढविणेरइया । ते समासओ दुविहा पण्णत्ता, तं जहा– पज्जत्तगा य अपज्जत्तगा य । से तं णेरइया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** નૈરયિકોના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** નૈરયિકોના સાત પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) રત્નપ્રભા પૃથ્વી નૈરયિક, (૨) શર્કરાપ્રભા પૃથ્વી નૈરયિક, (૩) વાલુકાપ્રભા પૃથ્વી નૈરયિક, (૪) પંકપ્રભા પૃથ્વી નૈરયિક, (૫) ધૂમપ્રભા પૃથ્વી નૈરયિક, (૬) તમઃપ્રભા પૃથ્વી નૈરયિક અને (૭) તમસ્તમઃપ્રભા પૃથ્વી નૈરયિક. તે સાતે પ્રકારના નૈરયિકના સંક્ષેપથી બે પ્રકાર છે. યથા– પર્યાપ્ત અને અપર્યાપ્ત. આ નૈરયિકોની પ્રરૂપણા પૂર્ણ થાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સાત નરકની અપેક્ષાએ નૈરયિક પંચેન્દ્રિય સંસાર સમાપન્ન જીવોના સાત પ્રકારોનું નિરૂપણ છે.

નૈરયિક શબ્દના બે પ્રકારે અર્થ થાય છે– **(૧) વ્યુત્પત્તિલભ્ય અર્થ– यत्र अयम् इष्टफलं कर्म निर्गतमयं येभ्यस्ते निरया-नरकावासास्तेषु भवा नैरयिकाः** । નિર્ + અય– અય એટલે ઈષ્ટફળ દેનારું શુભકર્મ જ્યાંથી નિર્ગત થઈ ગયું છે, ચાલ્યું ગયું છે તેને નિરય કહે છે. જ્યાં ઈષ્ટફળ ની પ્રાપ્તિ થતી ન હોય તે નિરય એટલે કે નરકાવાસ છે. તેમાં ઉત્પન્ન થનાર જીવને નૈરયિક કહે છે. **(૨)** ન+અર્ક = નરક; જ્યાં અર્ક = સૂર્ય કે સૂર્ય જેવા અન્ય પ્રકાશમાન પદાર્થોનો પ્રકાશ ન હોય, માત્ર અંધકાર જ હોય તે સ્થાનને નરક કહે છે અથવા જ્યાં પુણ્યનો પ્રકાશ ન હોય, પાપ અને પાપના ભોગવટારૂપ અંધકારનો ઉદય હોય, તેવા અશુભકર્મનો દંડ ભોગવવાના સ્થાનને નરક કહે છે. નરકમાં ઉત્પન્ન થનારા જીવોને નારકી કહે છે. જેમ ગુજરાતમાં રહે તે ગુજરાતી, મદ્રાસમાં રહે તે મદ્રાસી, તેમ નરકમાં રહે તે નારકી.

**નારકીના ભેદ :– सप्तविधत्वं नैरयिकाणां पृथिवीभेदेन, अन्यथा प्रभूतभेदत्वमपि घटते** । અસંખ્યાત નારકીના અસંખ્યાત ભેદ-પ્રભેદ થઈ શકે છે, તેમ છતાં પ્રસ્તુત પ્રસંગમાં નારકીના આવાસરૂપ નરકપૃથ્વીના સાત ભેદની અપેક્ષાએ નારકોના સાત ભેદ કર્યા છે.

**(૧) રત્નપ્રભા પૃથ્વી :– रत्नानि प्रभा-स्वरूपं यस्या रत्नप्रभा** । વજ્રરત્ન, વૈડુર્યરત્ન આદિ રત્નમયી પૃથ્વીને અથવા રત્નોની પ્રચુરતા હોય તેને રત્નપ્રભા કહે છે. પ્રથમ નરક પૃથ્વીનું નામ રત્નપ્રભા પૃથ્વી છે. તે જ રીતે (૨) શર્કરા–પથ્થરમયી પૃથ્વીને શર્કરાપ્રભા, (૩) રેતીમયી પૃથ્વીને વાલુકાપ્રભા, (૪) પંક–કીચડમયી પૃથ્વીને પંકપ્રભા, (૫) ધૂમાડામયી પૃથ્વીને ધૂમપ્રભા, (૬) અંધકારમયી પૃથ્વીને તમઃપ્રભા અને (૭) અત્યંત ગાઢ અંધકારમયી પૃથ્વીને તમસ્તમા પૃથ્વી કહે છે. તેના વિસ્તૃત વર્ણન માટે જુઓ શ્રી જીવાભિગમસૂત્ર.

ક્રમશઃ સાતે નરક પૃથ્વીમાં ઉત્પન્ન થનારા જીવો તે તે નરકના નૈરયિકો કહેવાય છે.

તે સાતે નારકીના નૈરયિકોના પર્યાપ્ત અને અપર્યાપ્ત રૂપ બે-બે ભેદ થાય છે. આ રીતે નૈરયિકોના ૭×૨ = ૧૪ ભેદ થાય છે. સંજ્ઞી પંચેન્દ્રિય હોવાથી તે જીવોને છ પર્યાપ્તિ હોય છે. ઉત્પત્તિના અંતર્મુહૂર્ત પર્યંત સ્વયોગ્ય પર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી તે જીવોને અપર્યાપ્ત કહે છે અને સ્વયોગ્ય પર્યાપ્તિ પૂર્ણ થઈ જાય ત્યારે તે જીવોને પર્યાપ્ત નારક કહે છે. કોઈ પણ નારકી અપર્યાપ્તાવસ્થામાં મરતા નથી. નૈરયિકોમાં એક નંપુસક વેદ હોય છે.

નૈરયિક પંચેન્દ્રિય સંસાર સમાપન્ન જીવોના ૧૪ ભેદ




**તિર્યંચ પંચેન્દ્રિયોના ભેદ-પ્રભેદ :–**

**૧૦ से किं तं पंचिंदियतिरिक्खजोणिया ? पंचिंदियतिरिक्खजोणिया तिविहा पण्णत्ता, तं जहा- जलयरपंचिंदिय-तिरिक्खजोणिया थलयरपंचिंदिय-तिरिक्खजोणिया खहयर-पंचिंदियतिरिक्खजोणिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** પંચેન્દ્રિય-તિર્યંચયોનિકના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** પંચેન્દ્રિય તિર્યંચયોનિકના ત્રણ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) જલચરપંચેન્દ્રિય- તિર્યંચ યોનિક, (૨) સ્થલચર પંચેન્દ્રિય-તિર્યંચયોનિક અને (૩) ખેચર પંચેન્દ્રિય તિર્યંચ યોનિક.

**૧૧ से किं तं जलयरपंचिंदिय-तिरिक्खजोणिया ? जलयरपंचिंदिय-तिरिक्खजोणिया पंचविहा पण्णता, तं जहा- मच्छा कच्छभा गाहा मगरा सुंसुमारा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** જળચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** જળચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) મત્સ્ય, (૨) કચ્છપ (કાચબા), (૩) ગ્રાહ, (૪) મગર અને (૫) સુંસુમાર.

**૧૨ से किं तं मच्छा ? मच्छा अणेगविहा पण्णत्ता, तं जहा- सण्हमच्छा खवल्लमच्छा जुंगमच्छा विज्झिडियमच्छा हलिमच्छा मग्गरिमच्छा रोहियमच्छा हलीसागरा गागरा वडा वडगरा तिमी तिमिंगिला णक्का तंदुलमच्छा कणिक्कामच्छा सालिसमच्छिया-मच्छा लंभणमच्छा पडागा पडागातिपडागा, जेयावण्णे तहप्पगारा । से तं मच्छा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** મત્સ્યના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** મત્સ્યના અનેક પ્રકાર છે, તે આ પ્રમાણે છે– શ્લક્ષ્ણ મત્સ્ય, ખવલ્લમત્સ્ય, જુંગમત્સ્ય, વિજ્ઝટિતમત્સ્ય, હલિમત્સ્ય, મકરીમત્સ્ય, રોહિતમત્સ્ય–લાલ માછલી, હલીસાગર, ગાગર, વટ, વટકર, તિમિ, તિમિંગલ, નક્ર, તંદુલમત્સ્ય, કણિક્કામત્સ્ય, શાલિશાસ્ત્રિકમત્સ્ય, લંભનમત્સ્ય, પતાકા અને પતાકાતિપતાકા તથા આ પ્રકારના અન્ય પ્રાણીઓ મત્સ્યો છે, તેમ સમજવું જોઈએ. આ મત્સ્યોની પ્રરૂપણા છે.

**૧૩ से किं कच्छभा ? कच्छभा दुविहा पण्णत्ता, तं जहा- अट्ठिकच्छभा य मंसकच्छभा य । से तं कच्छभा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** કચ્છપના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** કચ્છપના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– જેના શરીરમાં હાડકાંની બહુલતા હોય તે અસ્થિકચ્છપ અને જેના શરીરમાં માંસની બહુલતા હોય તે માંસકચ્છપ. આ કાચબાની પ્રરૂપણા છે.

**૧૪ से किं तं गाहा ? गाहा पंचविहा पण्णत्ता, तं जहा- दिली वेढला मुद्धया पुलगा सीमागारा। से तं गाहा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** ગ્રાહના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** ગ્રાહના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) દિલી ગ્રાહ, (૨) વેઢક, (૩) મૂર્ધજ, (૪) પુલક અને (૫) સીમાકાર. આ ગ્રાહની પ્રરૂપણા છે.

**૧૫ से किं तं मगरा ? मगरा दुविहा पण्णत्ता, तं जहा- सोंडमगरा य मट्ठमगरा य । से तं मगरा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** મગરના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** મગરમચ્છના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– શૌંડમકર અને મૃષ્ટમકર. આ મગરમચ્છની પ્રરૂપણા છે.

**૧૬ से किं तं सुंसुमारा ? सुंसुमारा एगागारा पण्णत्ता, से तं सुंसुमारा । जेयावण्णे तहप्पगारा।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** સુંસુમારના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** સુંસુમારનો એક જ આકાર-પ્રકાર છે. આ સુંસુમાર(શિશુમાર)ની પ્રરૂપણા છે. આ પ્રકારના અન્ય જીવોને પણ જલચર જાણવા જોઈએ.

**૧૭ ते समासओ दुविहा पण्णत्ता, तं जहा- सम्मुच्छिमा य गब्भवक्कंतिया य। तत्थ णं जे ते सम्मुच्छिमा ते सव्वे णपुंसगा । तत्थ णं जे ते गब्भवक्कंतिया ते तिविहा पण्णत्ता, तं जहा- इत्थी पुरिसा णपुंसगा । एतेसिं णं एवमाइयाणं जलयरपंचेंदियतिरिक्खजोणियाणं पज्जत्तापज्जत्ताणं अद्धतेरस जाइकुलकोडिजोणिप्पमुहसयसहस्सा भवंतीति मक्खायं । से तं जलयरपंचेंदियतिरिक्खजोणिया ।**

**ભાવાર્થ :–** સર્વ પ્રકારના જળચર તિર્યંચ પંચેન્દ્રિય જીવોના સંક્ષેપથી બે પ્રકાર છે– સંમૂર્ચ્છિમ અને ગર્ભજ. તેમાંથી જે સંમૂર્ચ્છિમ છે, તે બધા નપુંસક જ છે અને ગર્ભજના ત્રણ પ્રકાર છે– સ્ત્રી, પુરુષ અને નપુંસક. આ પર્યાપ્ત અને અપર્યાપ્ત મત્સ્ય આદિ પાંચે ય પ્રકારના જળચર પંચેંદ્રિય તિર્યંચ યોનિક જીવોની સાડા બાર લાખ જાતિ-કુલકોટિ-યોનિપ્રમુખ છે, તેમ શ્રી તીર્થંકરોએ કહ્યું છે. આ જળચર પંચેંદ્રિય તિર્યંચ યોનિકોની પ્રરૂપણા પૂર્ણ થાય છે.

**૧૮ से किं तं थलयरपंचेंदिय-तिरिक्खजोणिया ? थलयरपंचेंदिय-तिरिक्खजोणिया दुविहा पण्णत्ता, तं जहा- चउप्पय-थलयर- पंचेंदिय- तिरिक्खजोणिया य परिसप्प-थलयरपंचेंदिय- तिरिक्खजोणिया य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** સ્થળચર-પંચેન્દ્રિય-તિર્યંચયોનિકના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** સ્થળચર-પંચેંદ્રિય-તિર્યંચયોનિકના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– ચતુષ્પદસ્થળચર પંચેન્દ્રિયતિર્યંચયોનિક અને પરિસર્પ-સ્થળચર પંચેન્દ્રિય તિર્યંચ યોનિક.

**९९** **से किं तं चउप्पय-थलयरपंचेंदिय-तिरिक्खजोणिया ? चउप्पय-थलयरपंचेंदिय-तिरिक्खजोणिया चउव्विहा पण्णत्ता, तं जहा- एगखुरा दुखुरा गंडीपदा सणप्फदा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** ચતુષ્પદ-સ્થળચર-પંચેન્દ્રિય-તિર્યંચયોનિકના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** ચતુષ્પદ-સ્થળચર-પંચેન્દ્રિય-તિર્યંચયોનિકના ચાર પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) એક ખરીવાળા-એકખુરા, (૨) બે ખરીવાળા-દ્વિખુરા, (૩) સોનીની એરણ જેવા પગવાળા-ગણ્ડીપદ અને (૪) નોર-નખ સહિત પગવાળા-સનખપદ .

**१००** **से किं तं एगखुरा ? एगखुरा अणेगविहा पण्णत्ता, तं जहा- अस्सा अस्सतरा घोडगा गद्दभा गोरक्खरा कंदलगा सिरिकंदलगा आवत्ता, जेयावण्णे तहप्पगारा । से तं एगखुरा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** એક ખરીવાળા જીવોના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** એક ખરીવાળા જીવોના અનેક પ્રકાર છે, તે આ પ્રમાણે છે– અશ્વ, અશ્વતર-ખચ્ચર, ઘોડા, ગધેડા, ગોરક્ષર, કંદલક, શ્રી કંદલક અને આવર્ત તથા આ પ્રકારના અન્ય એક ખરીવાળા પ્રાણીઓને એકખુર-સ્થળચર-પંચેન્દ્રિય તિર્યંચ જાણવા જોઈએ. આ એક ખરીવાળા જીવોની પ્રરૂપણા છે.

**१०१** **से किं तं दुखुरा ? दुखुरा अणेगविहा पण्णत्ता, तं जहा- उट्टा गोणा गवया रोज्झा पसुया महिसा मिया संवरा वराहा अय-एलग-रुरु-सरभ-चमर-कुरंग-गोकण्णमादी । जेयावण्णे तहप्पगारा। से तं दुखुरा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** બે ખરીવાળા જીવોના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** બે ખરીવાળા જીવોના અનેક પ્રકાર છે, તે આ પ્રમાણે છે– ઊંટ, ગાય, ગવય-નીલગાય, રોજ, પશુક, ભેંસ-પાડો, મૃગ, સાંભર, વરાહ-ડુક્કર, બકરી, બોકડો, રુરુ, સરભ, ચમરી ગાય, કુરંગ અને ગોકર્ણ તથા આ પ્રકારના અન્ય બે ખરીવાળા પ્રાણીઓને દ્વિખુરસ્થળચર પંચેન્દ્રિયતિર્યંચ જાણવા જોઈએ. આ બે ખુરવાળાની પ્રરૂપણા છે.

**१०२** **से किं तं गंडीपया ? गंडीपया अणेगविहा पण्णत्ता, तं जहा- हत्थी हत्थी-पूयणया मंकुणहत्थी खग्गा गंडा, जेयावण्णे तहप्पगारा । से तं गंडीपया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** ગંડીપદના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** ગંડીપદના અનેક પ્રકાર છે, તે આ પ્રમાણે છે– હાથી, હસ્તિપૂતનક, મત્કુણહસ્તિ–દાંત વગરનો નાના કદનો હાથી, ખડ્ગી અને ગેંડો. આ પ્રકારના અન્ય જે પ્રાણીઓ હોય તેઓને ગંડીપદની અંતર્ગત સમજવા જોઈએ. આ ગંડીપદની પ્રરૂપણા છે.

**१०३** **से किं तं सणप्फदा ? सणप्फदा अणेगविहा पण्णत्ता, तं जहा- सीहा वग्घा दीविया अच्छा तरच्छा परस्सरा सियाला बिडाला सुणगा कोलसुणगा कोकंतिया ससगा चित्तगा चित्तलगा, जे यावण्णे तहप्पगारा से तं सणप्फदा ।**

**ते समासओ दुविहा पण्णत्ता, तं जहा- सम्मुच्छिमा य गब्भवक्कंतिया य। तत्थ णं जे ते सम्मुच्छिमा ते सव्वे णपुंसगा । तत्थ णं जे ते गब्भवक्कंतिया ते तिविहा पण्णत्ता, तं जहा- इत्थी पुरिसा णपुंसगा । एएसि णं एवमाइयाणं(चउप्पय) थलयरपंचिंदियतिरिक्ख-जोणियाणं**

**पज्जत्तापज्जत्ताणं दस जाईकुलकोडिजोणिप्पमुहसयसहस्सा हवंतीति मक्खायं। से तं चउप्पयथलयरपंचेंदियतिरिक्खजोणिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** સનખપદ-શ્વાનપદના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** સનખપદ-શ્વાનપદના અનેક પ્રકાર છે, તે આ પ્રમાણે છે– સિંહ, વાઘ, દીપડો, રીંછ, તરક્ષ, પરાશર, શિયાળ, બિલાડી, કૂતરો, કોલશ્વાન, લોમડી, સસલું, ચિત્તો અને ચિત્તલગ(ચિલ્લક) તથા આ પ્રકારના અન્ય પ્રાણીઓને સનખપદ(શ્વાનપદ) સ્થળચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક જાણવા જોઈએ. આ સનખપદોની પ્રરૂપણા છે.

ઉપર્યુક્ત બધા પ્રકારના ચતુષ્પદ-સ્થળચર પંચેન્દ્રિય-તિર્યંચયોનિકના સંક્ષેપથી બે પ્રકાર છે– સંમૂર્ચ્છિમ અને ગર્ભજ. તેમાં સંમૂર્ચ્છિમ બધા નપુંસક છે અને ગર્ભજના ત્રણ પ્રકાર છે– (૧) સ્ત્રી, (૨) પુરુષ અને (૩) નપુંસક. આ પ્રમાણે પર્યાપ્ત અને અપર્યાપ્ત ચતુષ્પદ સ્થળચર-પંચેન્દ્રિય-તિર્યંચયોનિક જીવોની દશ લાખ જાતિ-કુલકોટિયોનિ છે, તેમ શ્રી તીર્થંકર ભગવંતોએ કહ્યું છે. આ રીતે ચતુષ્પદ સ્થળચર પંચેંદ્રિય તિર્યંચયોનિકોનું નિરૂપણ પૂર્ણ થાય છે.

**१०४ से किं तं परिसप्पथलयरपंचेंदिय-तिरिक्खजोणिया ? परिसप्पथलयरपंचेंदिय-तिरिक्खजोणिया दुविहा पण्णत्ता, तं जहा- उरपरिसप्पथलरपंचेंदिय-तिरिक्खजोणिया य भुयपरिसप्पथलयरपंचेंदिय-तिरिक्खजोणिया य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** પરિસર્પ-સ્થળચર-પંચેન્દ્રિય-તિર્યંચયોનિકના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** પરિસર્પ સ્થળચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– ઉરપરિસર્પ સ્થળચરપંચેન્દ્રિય તિર્યંચ યોનિક અને ભુજપરિસર્પસ્થળચર પંચેન્દ્રિય-તિર્યંચયોનિક.

**१०५ से किं तं उरपरिसप्पथलयरपंचेंदियतिरिक्खजोणिया ? उरपरिसप्पथलयरपंचेंदिय-तिरिक्खजोणिया चउव्विहा पण्णत्ता, तं जहा- अही, अयगरा, आसालिया, महोरगा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** ઉરપરિસર્પ સ્થળચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** ઉરપરિસર્પ સ્થળચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકના ચાર પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) અહિ(સર્પ), (૨) અજગર, (૩) આસાલિક અને (૪) મહોરગ.

**१०६ से किं तं अही ? अही दुविहा पण्णत्ता, तं जहा- दव्वीकरा य मउलिणो य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** તે અહિના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** અહિના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– દર્વીકર–ફેણસહિત(ફણીધર) અને મુકુલી ફેણરહિત.

**१०७ से किं तं दव्वीकरा ? दव्वीकरा अणेगविहा पण्णत्ता, तं जहा- आसीविसा दिट्ठीविसा उग्गविसा भोगविसा तयाविसा लालाविसा उस्सासविसा णिस्सासविसा कण्हसप्पा सेयसप्पा काओदरा दज्झपुप्फा कोलाहा मेलिमिंदा, सेसिंदा, जे यावण्णे तहप्पगारा । से तं दव्वीकरा।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** ફણીધર સર્પના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** ફણીધર સર્પના અનેક પ્રકાર છે, તે આ પ્રમાણે છે– દાઢોમાં વિષવાળા આશીવિષ, દષ્ટિમાં વિષવાળા દષ્ટિવિષ, તીવ્ર વિષવાળા ઉગ્રવિષ, ફેણ અથવા શરીરમાં વિષવાળા ભોગવિષ, ચામડીમાં વિષવાળા ત્વચાવિષ, લાળમાં વિષવાળા લાલાવિષ, શ્વાસમાં વિષવાળા ઉચ્છ્વાસવિષ, શ્વાસ છોડવામાં વિષવાળા નિઃશ્વાસ વિષ, કૃષ્ણસર્પ, શ્વેતસર્પ, કાકોદર,

દહ્યપુષ્પ (દર્ભપુષ્પ), કોલાહ, મેલિમિન્દ અને શેષેન્દ્ર. આ પ્રકારના અન્ય સર્પોને દર્વીકર સમજવા જોઈએ. આ દર્વીકર સર્પની પ્રરૂપણા છે.

**१०८ से किं तं मउलिणो ? मउलिणो अणेगविहा पण्णत्ता, तं जहा- दिव्वागा गोणसा कसाहिया वइउला चित्तलिणो मंडलिणो मालिणो अही अहिसलागा वायपडागा, जेयावण्णे तहप्पगारा । से तं मउलिणो । से तं अही ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** મુકુલી– ફેણ રહિત સર્પના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** મુકુલી સર્પના અનેક પ્રકાર છે, તે આ પ્રમાણે છે– દિવ્યાક, ગોનસ, કષાધિક, વ્યતિકુળ, ચિત્રલી, મંડલી, માલી, અહિ, અહિશલાકા અને વાતપતાકા. આ પ્રકારના અન્ય સર્પોને મુકુલી જાતિના સર્પ સમજવા જોઈએ. આ મુકુલી સર્પો અને સર્પોની પ્રરૂપણા છે.

**१०९ से किं तं अयगरा ? अयगरा एगागारा पण्णत्ता । से तं अयगरा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** અજગરના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** અજગર એક જ આકાર-પ્રકારના હોય છે. આ અજગરની પ્રરૂપણા છે.

**११० से किं तं आसालिया ? कहि णं भंते ! आसालिया सम्मुच्छइ ?**

**गोयमा ! अंतोमणुस्सखित्ते अड्ढाइज्जेसु दीवेसु, णिव्वाघाएणं पण्णरससु कम्मभूमीसु, वाघायं पडुच्च पंचसु महाविदेहेसु, चक्कवट्टिखंधावारेसु वा वासुदेवखंधावारेसु बलदेव-खंधावारेसु मंडलियखंधावारेसु महामंडलिय-खंधावारेसु वा गामणिवेसेसु णगरणिवेसेसु णिगमणिवेसेसु खेडणिवेसेसु कब्बडणिवेसेसु मडंबणिवेसेसु वा दोणमुहणिवेसेसु पट्टण-णिवेसेसु आगरणिवेसेसु आसमणिवेसेसु संवाहणिवेसेसु रायहाणीणिवेसेसु एतेसि णं चेव विणासेसु एत्थ णं आसालिया सम्मुच्छइ, जहण्णेणं अंगुलस्स असंखेज्जइभागमेत्तीए ओगाहणाए उक्कोसेणं बारसजोयणाइं, तयाणुरूवं च णं विक्खंभ-बाहल्लेणं भूमिं दालित्ताणं समुट्ठेइ; असण्णी मिच्छद्दिट्ठी अण्णाणी अंतोमुहुत्तद्धाउया चेव कालं करेइ । से तं आसालिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** આસાલિકના કેટલા પ્રકાર છે ? હે ભગવન્ ! આસાલિક ક્યાં ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર–** આસાલિકનો એક જ આકાર-પ્રકાર છે. હે ગૌતમ ! આસાલિક-ઉરપરિસર્પ મનુષ્યક્ષેત્રની અંદર, અઢી દ્વીપોમાં નિર્વ્યાઘાત અપેક્ષાએ પંદર કર્મભૂમિઓમાં, વ્યાઘાત અપેક્ષાએ પાંચ મહાવિદેહ ક્ષેત્રોમાં ચક્રવર્તીના સ્કંધાવારો–સૈનિકની-છાવણીઓમાં, વાસુદેવોના સ્કંધાવારોમાં, બળદેવોના સ્કંધાવારોમાં, માંડલિકો–અલ્પ સમૃદ્ધિવાળા નાના રાજાઓના સ્કંધાવારોમાં, મહામાંડલિકો–અન્ય દેશોના અધિપતિ નરેશોના સ્કંધાવારોમાં, ગ્રામ, નગર, નિગમ, ખેટ, કર્બટ, મડંબ, દ્રોણમુખ, પટ્ટણ, આકર, આશ્રમ, સંબાધ અને રાજધાનીની નીચે ઉત્પન્ન થાય છે. આ ચક્રવર્તીના સ્કંધાવાર આદિ સ્થાનોનો વિનાશ થવાનો હોય ત્યારે આ સ્થાનોની નીચેના ભૂમિ ભાગમાં આસાલિક ઉત્પન્ન થાય છે. તે આસાલિકની અવગાહના જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ બાર યોજન હોય છે. તેની(અવગાહનાને) અનુરૂપ જ તેની પહોળાઈ અને

જાડાઈ હોય છે. તે ચક્રવર્તીના સ્કંધાવાર આદિની નીચે ભૂમિ ફોડીને પ્રાદુર્ભૂત થાય છે. તે અસંજ્ઞી, મિથ્યાદષ્ટિ અને અજ્ઞાની હોય છે તથા અંતર્મુહૂર્તનું આયુષ્ય પૂર્ણ કરીને મરી જાય છે. આ આસાલિકની પ્રરૂપણા છે.

**१११ से किं तं महोरगा ? महोरगा अणेगविहा पण्णत्ता, तं जहा- अत्थेगइया अंगुलं पि अंगुल- पुहत्तिया वि वियत्थिं पि वियत्थिपुहत्तिया वि रयणिं पि रयणिपुहत्तिया वि कुच्छिं पि कुच्छिपुहत्तिया वि धणुं पि धणुपुहत्तिया वि गाउयं पि गाउयपुहत्तिया वि जोयणं पि जोयणपुहत्तिया वि जोयणसयं पि जोयणसयपुहत्तिया वि जोयणसहस्सं पि । ते णं थले जाया जले वि चरंति थले वि चरंति । ते णत्थि इहं, बाहिरएसु दीवसमुद्दएसु हवंति, जेयावण्णे तहप्पगारा । से तं महोरगा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** મહોરગના કેટલા પ્રકાર હોય છે ? **ઉત્તર–** મહોરગના અનેક પ્રકાર છે, તે આ પ્રમાણે છે– એક અંગુલની અવગાહનાવાળા મહોરગ, અને કેટલાક અનેક અંગુલની અવગાહનાવાળા, આ રીતે એક વેંત, અનેક વેંત, એક હાથ, અનેક હાથ, એક કુક્ષિ, અનેક કુક્ષિ, એક ધનુષ, અનેક ધનુષ, એક ગાઉ, અનેક ગાઉ, એક યોજન, અનેક યોજન, સો યોજન, અનેક સો યોજન અને એક હજાર યોજનની અવગાહનાવાળા મહોરગ. તે સ્થળમાં ઉત્પન્ન થાય છે અને જળમાં અને સ્થળમાં પણ વિચરણ કરે છે. તે અઢીદ્વીપમાં હોતા નથી. મનુષ્યક્ષેત્રની બહારના દ્વીપ સમુદ્રોમાં હોય છે. આ પ્રકારના અન્ય ઉરપરિસર્પને પણ મહોરગ જાતિના સમજવા જોઈએ. આ મહોરગની પ્રરૂપણા છે.

**११२ ते समासओ दुविहा पण्णत्ता, तं जहा- सम्मुच्छिमा य गब्भवक्कंतिया य। तत्थ णं जे ते समुच्छिमा ते सव्वे णपुंसगा । तत्थ णं जे ते गब्भवक्कंतिया ते णं तिविहा पण्णत्ता, जं जहा- इत्थी पुरिसा णपुंसगा । एएसि णं एवमाइयाणं पज्जत्तापज्जत्ताणं उरपरिसप्पाणं दस जाइकुलकोडी-जोणिप्पमुहसयसहस्सा हवंतीति मक्खायं । से तं उरपरिसप्पा ।**

**ભાવાર્થ :–** પૂર્વોક્ત બધાજ ઉરપરિસર્પ-સ્થળચર સંક્ષેપથી બે પ્રકારના છે. તે આ પ્રમાણે છે– સંમૂર્ચ્છિમ અને ગર્ભજ. તેમાં જે સંમૂર્ચ્છિમ છે, તે બધા નપુંસક છે અને જે ગર્ભજ છે, તેના ત્રણ પ્રકાર છે. જેમ કે– (૧) સ્ત્રી, (૨) પુરુષ અને (૩) નપુંસક. આ પ્રમાણે પર્યાપ્ત અને અપર્યાપ્ત ઉરપરિસર્પોના દશ લાખ જાતિ-કુલકોટિ-યોનિ છે, એ પ્રમાણે શ્રી તીર્થંકર ભગવંતોએ કહ્યું છે. આ ઉરપરિસર્પની પ્રરૂપણા છે.

**११३ से किं तं भुयपरिसप्पा ? भुयपरिसप्पा अणेगविहा पण्णत्ता, तं जहा- णउला गोहा सरडा सल्ला सरंठा सारा खारा घरोइला विस्संभरा मूसा मंगूसा पयलाइया छीरविरालिया; जाहा चउप्पाइया, जेयावण्णे तहप्पगारा।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** ભુજપરિસર્પના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** ભુજપરિસર્પના અનેક પ્રકાર છે, તે આ પ્રમાણે છે–નકુલ–નોળિયો, ગોહ, સરટ-કાકીડો, શલ્ય, સરઠ, સાર, ખાર, ગૃહકોકિલા-ઢેઢ ગરોળી, વિષંભરા, મૂષક-ઉંદર, મંગુસા-ખીસકોલી, પયોલાતિક, ક્ષીરવિડાલિકા; જાહક–જેના શરીરમાં કોશ હોય તેવું પ્રાણી, ચતુષ્પાદિકા ભુજપરિસપિણી; આ પ્રકારના અન્ય જેટલા ભુજાથી ચાલનારા પ્રાણી હોય તે બધાને ભુજપરિસર્પ જાણવા જોઈએ.

**११४ ते समासओ दुविहा पण्णत्ता, तंजहा- सम्मुच्छिमा य गब्भवक्कंतिया य। तत्थ णं**

**जे ते सम्मुच्छिमा ते सव्वे णपुंसगा। तत्थ णं जे ते गब्भवक्कंतिया ते णं तिविहा पण्णत्ता, तं जहा- इत्थी पुरिसा णपुंसगा । एतेसि णं एवमाइयाणं पज्जत्तापज्जत्ताणं भुयपरिसप्पाणं णव जाइकुल-कोडिजोणीपमुहसयसहस्सा हवंतीति मक्खायं । से तं भुयपरिसप्प-थलयरपंचेंदिय-तिरिक्खजोणिया । से तं परिसप्पथलयरपंचेंदियतिरिक्खजोणिया ।**

**ભાવાર્થ :–** પૂર્વોક્ત ભુજપરિસર્પના સંક્ષેપથી બે પ્રકાર છે, જેમ કે– સંમૂર્ચ્છિમ અને ગર્ભજ. તેમાં જે સંમૂર્ચ્છિમ છે, તે બધા નપુંસક છે અને જે ગર્ભજ છે, તેના ત્રણ પ્રકાર છે– (૧) સ્ત્રી, (૨) પુરુષ અને (૩) નપુંસક.

પર્યાપ્ત અને અપર્યાપ્ત ભુજપરિસર્પોની નવ લાખ જાતિ-કુલકોટિ-યોનિ પ્રમુખ છે, આ પ્રમાણે શ્રી તીર્થંકર ભગવંતોએ કહ્યું છે. આ ભુજપરિસર્પ-સ્થળચર-પંચેન્દ્રિય-તિર્યંચયોનિક અને પરિસર્પ-સ્થળ ચર-પંચેંદ્રિય તિર્યંચયોનિકોની પ્રરૂપણા છે.

**११५ से किं तं खहयर-पंचेंदियतिरिक्खजोणिया ? खहयरपंचेंदियतिरिक्खजोणिया चउव्विहा पण्णत्ता, तं जहा- चम्मपक्खी लोमपक्खी समुग्गपक्खी विततपक्खी ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** ખેચર-પંચેન્દ્રિય-તિર્યંચયોનિકના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** ખેચર-પંચેન્દ્રિય-તિર્યંચયોનિકના ચાર પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) ચર્મપક્ષી, (૨) લોમપક્ષી, (૩) સમુદ્ગપક્ષી અને (૪) વિતતપક્ષી.

**११६ से किं तं चम्मपक्खी ? चम्मपक्खी अणेगविहा पण्णत्ता, तं जहा- वग्गुली जलोया अडिला भारंडपक्खी जीवंजीवा समुद्दवायसा कण्णत्तिया पक्खिबिराली, जे यावण्णे तहप्पगारा । से तं चम्मपक्खी ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** ચર્મપક્ષી ખેચરના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** ચર્મ(ચામડાની પાંખવાળા) પક્ષીના અનેક પ્રકાર છે, તે આ પ્રમાણે– વલ્ગુલી (ચામાચીડિયા), જલૌકા, અડિલ્લ, ભારંડપક્ષી, જીવંજીવ– ચકવાક(ચકલી) સમુદ્રવાયસ-સમુદ્રી કાગડો, કર્ણત્રિક અને પક્ષિવિડાલી. આ પ્રકારના અન્ય પક્ષી હોય, તેને પણ ચર્મપક્ષી સમજવા જોઈએ. આ ચર્મપક્ષીઓની પ્રરૂપણા છે.

**११७ से किं तं लोमपक्खी ?**

**लोमपक्खी अणेगविहा पण्णत्ता, तं जहा- ढंका कंका कुरला वायसा चक्कागा हंसा कलहंसा पायहंसा रायहंसा आडा सेडी बगा बलागा पारिप्पवा कोंचा सारसा मेसरा मसूरा मयूरा सतवच्छा गहरा पोंडरीया कागा कामंजुगा वंजुलगा तित्तिरा वट्टगा लावगा कवोया कविंजला पारेवया चिडगा चासा कुक्कुडा सुगा बरहिणा मदणसलागा कोइला सेहा वरेल्लगमादी । जेयावण्णे तहप्पगारा । से तं लोमपक्खी ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** રોમપક્ષીના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** રોમ(પીંછાની પાંખવાળા) પક્ષીના અનેક પ્રકાર છે, તે આ પ્રમાણે છે–ઢંક, કંક, કુરલ, વાયસ– કાગડો, ચકવાલ, હંસ, કલહંસ, પાદહંસ, રાજહંસ– લાલ ચાંચ અને પાંખવાળા હંસ, આડ(અડ),

સેડી, બગલા, બકપંક્તિ, પારિપ્લવ, કૌંચ, સારસ, મેસર, મસૂર, મયૂર, શતવત્સ, ગહર, પૌંડરિક, કાક, કામંજુક, વંજુલક, તીતર, વર્ત્તક–બતક, લાવક, કાપોત, કપિંજલ, કબૂતર, ચિટક, ચાસ, કૂકડો, શુક–પોપટ, બર્હી–મોર વિશેષ, મદનશલાકા– મેના, કોયલ, સેહ અને વરિલ્લક આદિ તથા આ પ્રકારના અન્ય પક્ષીઓ હોય, તેને પણ રોમપક્ષી જાણવા. આ રોમપક્ષીઓની પ્રરૂપણા છે.

**૧૧૮ से किं तं समुग्गपक्खी ? समुग्गपक्खी एगागारा पण्णत्ता । ते णं णत्थि इहं, बाहिरएसु दीव-समुद्देसु भवंति। से तं समुग्गपक्खी ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** સમુદ્ગ(બંધ પાંખવાળા) પક્ષીના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** સમુદ્ગપક્ષી એક જ આકાર-પ્રકારના છે. તે અહીં મનુષ્યક્ષેત્રમાં હોતા નથી. મનુષ્ય ક્ષેત્રથી બહારના દ્વીપ-સમુદ્રોમાં હોય છે. આ સમુદ્ગપક્ષીઓની પ્રરૂપણા છે.

**૧૧૯ से किं तं विततपक्खी ? विततपक्खी एगागारा पण्णत्ता । ते णं णत्थि इहं, बाहिरएसु दीव-समुद्देसु भवंति। से तं विततपक्खी ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** વિતત પક્ષીના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** વિતત(ફેલાયેલી પાંખવાળા) પક્ષી એક જ આકાર-પ્રકારના હોય છે. તે અહીં– મનુષ્યક્ષેત્રમાં હોતા નથી. મનુષ્યક્ષેત્રથી બહારના દ્વીપ-સમુદ્રોમાં હોય છે. આ વિતતપક્ષીઓની પ્રરૂપણા છે.

**૧૨૦ ते समासओ दुविहा पण्णत्ता, तं जहा- समुच्छिमा य गब्भवक्कंतिया य । तत्थ णं जे ते सम्मुच्छिमा ते सव्वे णपुंसगा । तत्थ णं जे ते गब्भवक्कंतिया ते णं तिविहा पण्णत्ता, तं जहा- इत्थी पुरिसा णपुंसगा । एएसि णं एवमाइयाणं खहयरपंचेंदियतिरिक्ख- जोणियाणं पज्जत्तापज्जत्ताणं बारस जाइकुलकोडीजोणिप्पमुहसयसहस्सा भवंतीति मक्खायं।**

**सत्तट्ठ जाइकुलकोडि, लक्ख नव अद्धतेरसाइं च ।**
**दस दस य होंति णवगा, तह बारस चेव बोद्धव्वा ॥११२॥**

**से तं खहयरपंचेंदियतिरिक्खजोणिया । से तं पंचेंदियतिरिक्खजोणिया । से तं तिरिक्खजोणिया ।**

**ભાવાર્થ :–** પૂર્વોક્ત ચારે ય પ્રકારના ખેચર પંચેન્દ્રિય-તિર્યંચના સંક્ષેપથી બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– સંમૂર્ચ્છિમ અને ગર્ભજ. તેમાં જે સંમૂર્ચ્છિમ છે, તે બધા નપુંસક છે અને જે ગર્ભજ છે, તેના ત્રણ પ્રકાર છે, જેમ કે– (૧) સ્ત્રી, (૨) પુરુષ અને (૩) નપુંસક. આ પ્રમાણે પર્યાપ્ત અને અપર્યાપ્ત ખેચર પંચેંદ્રિય-તિર્યંચયોનિકોની બાર લાખ જાતિ–કુલકોટિ– યોનિ હોય છે, એમ શ્રી તીર્થંકરોએ કહ્યું છે–

**ગાથાર્થ–** બેઇન્દ્રિય જીવોની સાત લાખ જાતિ કુલકોટિ, તેઇન્દ્રિયોની આઠ લાખ જાતિકુલકોટિ, ચૌરેન્દ્રિયોની નવ લાખ, જળચરની સાડા બાર લાખ, ચતુષ્પદ સ્થળચરની દશ લાખ, ઉરપરિસર્પ સ્થળચરની દશ લાખ, ભુજપરિસર્પ સ્થળચરની નવ લાખ તથા ખેચરની બાર લાખ જાતિ કુલકોટિ જાણવી. **॥ ૧૧૨ ॥**

આ ખેચર પંચેંદ્રિય-તિર્યંચયોનિકો અને પંચેંદ્રિય તિર્યંકયોનિક જીવો છે. અહીં સમસ્ત તિર્યંચયોનિકોની પ્રરૂપણા પૂર્ણ થાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં તિર્યંચ પંચેન્દ્રિય જીવોનું ભેદ-પ્રભેદ સહિત વિસ્તૃત વર્ણન છે.

**તિર્યંચ :–** જે 'તિર' અર્થાત્ કુટિલ, વક્રગમન કરે છે, જેના શરીરનો વિકાસ પણ વક્ર-વાંકોચૂકો થાય છે તેને તિર્યંચ કહે છે; તેની યોનિ એટલે કે ઉત્પત્તિસ્થાનને 'તિર્યંચયોનિ' કહે છે. તિર્યંચયોનિમાં જન્મ લેનારને તિર્યંચયોનિક-પંચેન્દ્રિય કહે છે.

પંચેન્દ્રિય તિર્યંચયોનિકના ત્રણ પ્રકાર છે– જલચર, સ્થળચર અને ખેચર.

**जलयरा :–** જળચર = જળ-પાણીમાં જન્મે, પાણીમાં રહે, પાણીમાં વિચરે તેવા પંચેન્દ્રિય તિર્યંચોને જળચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક કહે છે. તેના ભેદ-પ્રભેદનું કથન ભાવાર્થથી સ્પષ્ટ છે.

**ગર્ભજ અને સંમૂર્ચ્છિમ :–** માતા-પિતાના સંયોગથી ગર્ભમાં ઉત્પન્ન થનારા જીવોને ગર્ભજ કહે છે. માતા-પિતાના સંયોગ વિના ગર્ભ કે ઉપપાત વિના, અનુકૂળ પુદ્ગલોના સંયોગથી ઉત્પન્ન થઈ જાય, તે જીવો સંમૂર્ચ્છિમ કહેવાય છે. સંમૂર્ચ્છિમ જીવોમાં એક નપુંસકવેદ જ હોય છે અને તે જીવો અસંજ્ઞી જ હોય છે. ગર્ભજ જીવો સંજ્ઞી હોય છે અને તેમાં ત્રણે વેદ હોય છે.

**थलयरा :–** સ્થળમાં જન્મે, સ્થળ(ભૂમિ)માં પ્રાયઃ વિચરે અને રહે તેવા પંચેન્દ્રિય તિર્યંચયોનિકોને, સ્થળચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક કહે છે. તેના બે પ્રકાર છે– ચતુષ્પદ–ચારપગા અને પરિસર્પ–પેટ કે હાથથી સરકનારા.

**ચતુષ્પદ સ્થળચર :–** ચતુષ્પદ– ચારપગા સ્થળચર તિર્યંચોના ચાર પ્રકાર છે.

**(૧) એકખુર :–** જેનાં પગનાં તળિયામાં એક ખરી હોય. જેમ કે– ઘોડાં, ગધેડાં, ખચ્ચર આદિ.

**(૨) દ્વિખુર :–** જેનાં પગનાં તળિયામાં બે ખરી હોય. જેમ કે– ગાય, બળદ, ભેંસ, બકરી આદિ.

**(૩) ગંડીપદ :–** જેનાં પગનાં તળિયા ગોળ અને ગાદીવાળા હોય. જેમ કે– હાથી, ગેંડા આદિ.

**(૪) સનખપદ(શ્વાનપદ) :–** જેના પગ નોરવાળા, નખસહિતના હોય. જેમ કે– સિંહ, વાઘ, દિપડો, ચિત્તો, બિલાડી, વાંદરા, શિયાળ આદિ.

**પરિસર્પ સ્થળચર :–** પરિસર્પના બે પ્રકાર છે. ઉરપરિસર્પ અને ભુજપરિસર્પ.

**ઉરપરિસર્પ :– उरसा परिसर्पन्तीति उरःपरिसर्पाः** । છાતીથી ચાલનારા જીવો. તેના મુખ્ય ચાર ભેદ છે.

**(૧) अहि :–** સર્પના બે પ્રકાર છે– દર્વીકર અને મુકુલી. દર્વી = કડછી, કડછી કે ચમચીની જેમ ફેણ કરનારને દર્વીકર– ફણીધર સર્પ કહે છે. મુકુલી– ફેણ વગરના સર્પને મુકુલી સર્પ કહે છે. ફણીધર સર્પોની ઘણી વિશેષતાઓ છે. તેના શરીરમાં અલગ-અલગ સ્થાનમાં વિષ હોય છે તે અપેક્ષાએ તેના અનેક ભેદ થાય છે.

**(૨) अयगरा :– અજગર** આખે આખા માણસને ગળી જાય છે. તે એક જ પ્રકારના છે.

**(૩) आसालिया :–** આસાલિક. ચક્રવર્તી આદિની છાવણીની નીચે ઉત્પન્ન થઈ સંપૂર્ણ સેનાનો નાશ કરનાર આસાલિક ઉરપરિસર્પ સંમૂર્ચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિય છે.

તેની ઉત્પત્તિ મનુષ્યક્ષેત્રની અંદર અઢીદ્વીપના પંદર કર્મભૂમિના ક્ષેત્રોમાં જ થાય છે, લવણ

સમુદ્રમાં, કાલોદધિસમુદ્રમાં કે ૩૦ અકર્મભૂમિમાં તેની ઉત્પત્તિ તથાપ્રકારના સ્વભાવે થતી નથી.

ચક્રવર્તી, વાસુદેવ, બળદેવ, માંડલિક કે મહામાંડલિકના સ્કંધાવારોમાં(સૈનિકની છાવણીઓમાં), તે સિવાય ગ્રામથી લઈને રાજધાનીની નીચેની ભૂમિમાં તેની ઉત્પત્તિ થાય છે.

સૂત્રકારે આસાલિકના ઉત્પત્તિકાલને બે પ્રકારે સમજાવ્યો છે– **(૧)** આસાલિકની ઉત્પત્તિના અયોગ્યકાલને વ્યાઘાતકાલ કહે છે અને **(૨)** આસાલિકની ઉત્પત્તિના યોગ્યકાલને નિર્વ્યાઘાતકાલ કહે છે.

આસાલિકની ઉત્પત્તિ યુગલિકક્ષેત્રમાં અને યુગલિક કાલમાં થતી નથી. ભરત અને ઐરવતક્ષેત્રમાં પહેલો, બીજો આરો અને ત્રીજા આરાના પ્રારંભના બે ભાગમાં તેની ઉત્પત્તિ થતી નથી. યુગલિક કાલપૂર્ણ થયા પછી ત્રીજા આરાના અંતિમ ત્રીજા ભાગમાં, ચોથા અને પાંચમાં આરામાં તેની ઉત્પત્તિ થાય છે. છટ્ઠા આરામાં પણ તેની ઉત્પત્તિ થતી નથી. આ રીતે ભરત અને ઐરવતક્ષેત્રમાં વ્યાઘાતકાલ હોય ત્યારે પંચ મહાવિદેહક્ષેત્રમાં તેની ઉત્પત્તિ થાય છે.

વ્યાઘાતકાલ ન હોય ત્યારે તેની ઉત્પત્તિ નિર્વ્યાઘાતપણે પંદર કર્મભૂમિના ક્ષેત્રોમાં થાય છે.

જ્યારે ચક્રવર્તી, વાસુદેવ, બળદેવ આદિના સ્કંધાવારોનો કે ગ્રામાદિનો નાશ થવાનો હોય; ત્યારે તે ક્ષેત્રની નીચે તે ઉત્પન્ન થાય છે. તે ૪૮ ગાઉની માટી ગળી જાય છે. તેટલા ભાગમાં ખાડો પડી જાય છે અને તેમાં આખી નગરીનો નાશ થાય છે.

આસાલિકની અવગાહના જઘન્ય આંગુલના અસંખ્યાતમા ભાગની, ઉત્કૃષ્ટ બાર યોજનની હોય છે. તેનું આયુષ્ય માત્ર અંતર્મુહૂર્તનું જ હોય છે. તે અસંજ્ઞી, મિથ્યાદષ્ટિ, અજ્ઞાની અને સંમૂર્ચ્છિમ હોય છે.

**(૪) महोरग-મહોરગ :–** તે એક અંગુલની અવગાહનાથી લઈ એક હજાર યોજન સુધીની અવગાહના-વાળા હોય છે. તે સ્થળમાં ઉત્પન્ન થાય છે અને જળમાં અને સ્થળમાં વિચરણ કરી શકે છે. તે અઢીદ્વીપની બહારના દ્વીપો અને સમુદ્રોમાં ઉત્પન્ન થાય છે.

**भुयपरिसप्पा**– ભુજપરિસર્પ– **भुजाभ्यां परिसर्पन्तीति भुजपरिसर्पाः** ભુજપરિસર્પ, ભુજાઓથી સરકનારા, ચાલનારા પંચેન્દ્રિય તિર્યંચોને ભુજપરિસર્પ પંચેન્દ્રિય-સ્થળચર તિર્યંચયોનિક કહે છે. જેમ કે– ઉંદર, નોળીયો, ચંદનઘો, કાકીડો, ઢેઢ ગરોળી, ખિસકોલી આદિ.

**खहयर :– ખેચર** ખે = આકાશમાં વિચરનારા, પક્ષીઓની જાતને ખેચર પંચેંદ્રિય તિર્યંચયોનિક કહે છે. તેના ચાર ભેદ છે– **(૧) ચર્મપક્ષી–** જેની પાંખ ચામડાની હોય તેને ચર્મપક્ષી કહે છે, જેમ કે– ચામાચીડિયા, ભારંડપક્ષી, સમુદ્રી વાયસ આદિ. **(૨) રોમપક્ષી–** સુંવાળા પીંછાની પાંખવાળા પક્ષી. જેમકે– ચક્રવાલ, હંસ, રાજહંસ, મોર, કોયલ, મેના, પોપટ, કબૂતર આદિ. **(૩) સમુદ્ગપક્ષી–** ઊડતી વખતે જેની પાંખ ડબ્બા-પેટીની જેમ બંધ રહે તેવા પક્ષી. તે અઢીદ્વીપની બહાર હોય છે. **(૪) વિતતપક્ષી–** જેની પાંખ પહોળી અને ખુલ્લી જ રહે તેવા પક્ષી. આ પક્ષી પણ અઢીદ્વીપની બહાર જ હોય છે.

ઉપરોક્ત પાંચે પ્રકારના તિર્યંચ પંચેન્દ્રિયના સંમૂર્ચ્છિમ અને ગર્ભજ, એવા બે-બે ભેદ થાય છે. ઉરપરિસર્પમાં આસાલિક જાતિના જીવ સંમૂર્ચ્છિમ જ હોય છે, તે જીવો ગર્ભજ હોતા નથી. તે પ્રત્યેકના પર્યાપ્ત અને અપર્યાપ્ત, તેમ બે-બે ભેદ છે.

**તિર્યંચ પંચેન્દ્રિય સંસાર સમાપન્ન જીવોના ૨૦ ભેદ**




**મનુષ્યોના ભેદ–પ્રભેદ :–**

**१२१ से किं तं मणुस्सा ? मणुस्सा दुविहा पण्णत्ता, तं जहा- सम्मुच्छिममणुस्सा य गब्भवक्कंतिय-मणुस्सा य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** મનુષ્યોના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** મનુષ્યોના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– સંમૂર્ચ્છિમ મનુષ્ય અને ગર્ભજ મનુષ્ય.

**१२२ से किं तं सम्मुच्छिममणुस्सा ? कहि णं भंते ! सम्मुच्छिममणुस्सा सम्मुच्छंति ?**

**गोयमा ! अंतोमणुस्सखेत्ते पणुयालीसाए जोयणसयसहस्सेसु अड्ढाइज्जेसु दीव-समुद्देसु पण्णरससु कम्मभूमीसु तीसाए अकम्मभूमीसु छप्पण्णाए अंतरदीवएसु गब्भवक्कंतिय- मणुस्साणं चेव उच्चारेसु वा पासवणेसु वा खेलेसु वा सिंघाणेसु वा वंतेसु वा पित्तेसु वा पूएसु वा सोणिएसु वा सुक्केसु वा सुक्कपोग्गलपरिसाडेसु वा**

**विगयजीवकलेवरेसु वा थी-पुरिससंजोएसु वा णगरणिद्धमणेसु वा सव्वेसु चेव असुइएसु ठाणेसु, एत्थ णं सम्मुच्छिम- मणुस्सा सम्मुच्छंति । अंगुलस्स असंखेज्जइभागमेत्तीए ओगाहणाए असण्णी मिच्छद्दिट्ठी सव्वाहिं पज्जत्तीहिं अपज्जत्तगा अंतोमुहुत्ताउया चेव कालं करेंति । से तं सम्मुच्छिम मणुस्सा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** સંમૂર્ચ્છિમ મનુષ્યોના કેટલા પ્રકાર છે ? હે ભગવાન ! સંમૂર્ચ્છિમ મનુષ્યો ક્યાં ઉત્પન્ન થાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સંમૂર્ચ્છિમ મનુષ્યો મનુષ્ય ક્ષેત્રની અંદર, પિસ્તાલીશ લાખ યોજન વિસ્તૃત દ્વીપ-સમુદ્રમાં, પંદર કર્મભૂમિઓ, ત્રીસ અકર્મ ભૂમિઓ અને છપ્પન અંતદ્વીપોના ગર્ભજ મનુષ્યોના (૧) મળમાં, (૨) મૂત્રમાં, (૩) કફમાં, (૪) નાકની લીંટમાં, (૫) વમનમાં, (૬) લીલા પીળા પીત્તમાં, (૭) રસી, પરૂમાં, (૮) લોહીમાં (૯) વીર્યમાં, (૧૦) સુકાઈ ગયેલા શુક્રના પુદ્ગલો ભીના થાય તેમાં, (૧૧) મૃત શરીરમાં, (૧૨) સ્ત્રી પુરુષના સંયોગમાં, (૧૩) નગરની ગટરોમાં અને (૧૪) સર્વ પ્રકારના અશુચિ (ગંદકીના) સ્થાનોમાં સંમૂર્ચ્છિમ મનુષ્યો ઉત્પન્ન થાય છે. તેની અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગ માત્રની જ હોય છે. તે જીવો અસંજ્ઞી, મિથ્યાદષ્ટિ અને સર્વ પર્યાપ્તિઓથી અપર્યાપ્ત હોય છે, તે અંતર્મુહૂર્તનું આયુષ્ય ભોગવીને મરી જાય છે. આ સંમૂર્ચ્છિમ મનુષ્યની પ્રરૂપણા છે.

**१२३ से किं तं गब्भवक्कंतियमणुस्सा ? गब्भवक्कंतियमणुस्सा तिविहा पण्णत्ता, तं जहा- कम्मभूमगा अकम्मभूमगा अंतरदीवगा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** ગર્ભજ મનુષ્યોના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** ગર્ભજ મનુષ્યોના ત્રણ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) કર્મભૂમિજ મનુષ્યો (૨) અકર્મભૂમિજ મનુષ્યો અને (૩) અંતરદ્વીપજ મનુષ્યો.

**१२४ से किं तं अंतरदीवगा ?**

**अंतरदीवया अट्ठावीसइविहा पण्णत्ता, तं जहा- एगोरुया आभासिया वेसाणिया णंगोलिया हयकण्णा गयकण्णा गोकण्णा सक्कुलिकण्णा आयंसमुहा मेंढमुहा अयोमुहा गोमुहा आसमुहा हत्थिमुहा सीहमुहा वग्घमुहा आसकण्णा सीहकण्णा अकण्णा कण्णपाउरणा उक्कामुहा मेहमुहा विज्जुमुहा विज्जुदंता घणदंता लट्ठदंता गूढदंता सुद्धदंता। से तं अंतरदीवगा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** અંતરદ્વીપજ મનુષ્યોના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** અંતરદ્વીપજ મનુષ્યોના અટ્ઠાવીસ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) એકોરુક, (૨) આભાસિક, (૩) વૈષાણિક, (૪) નાંગોલિક, (૫) હયકર્ણ, (૬) ગજકર્ણ, (૭) ગોકર્ણ, (૮) શષ્કુલિકર્ણ, (૯) આદર્શમુખ, (૧૦) મેણ્ઢમુખ, (૧૧) અયોમુખ, (૧૨) ગોમુખ, (૧૩) અશ્વમુખ, (૧૪) હસ્તિમુખ, (૧૫) સિંહમુખ, (૧૬) વ્યાઘ્રમુખ, (૧૭) અશ્વકર્ણ, (૧૮) સિંહ (હરિ) કર્ણ, (૧૯) અકર્ણ, (૨૦)

કર્ણપ્રાવરણ, (૨૧) ઉલ્કામુખ, (૨૨) મેઘમુખ, (૨૩) વિદ્યુન્મુખ, (૨૪) વિદ્યુદન્ત, (૨૫) ઘનદન્ત, (૨૬) લષ્ટદંત, (૨૭) ગૂઢદંત અને (૨૮) શુદ્ધદંત. આ અઠ્ઠાવીસ દ્વીપમાં જન્મેલા મનુષ્યો અંતરદ્વીપજ મનુષ્યો છે. આ અંતરદ્વીપજ મનુષ્યોની પ્રરૂપણા છે.

**१२५ से किं तं अकम्मभूमगा ? अकम्मभूमगा तीसइविहा पण्णत्ता, तं जहा- पंचहिं हेमवएहिं, पंचहिं हिरण्णवएहिं, पंचहिं हरिवासेहिं, पंचहिं रम्मगवासेहिं, पंचहिं देवकुरूहिं, पंचहिं उत्तरकुरूहिं। से तं अकम्मभूमगा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** અકર્મભૂમિજ મનુષ્યોના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** અકર્મભૂમિજ મનુષ્યોના ત્રીસ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– પાંચ હેમવય, પાંચ હેરણ્યવય, પાંચ હરિવર્ષ, પાંચ રમ્યક્વર્ષ, પાંચ દેવકુરુ અને પાંચ ઉત્તરકુરુ. આ ત્રીસ ક્ષેત્રોમાં જન્મેલા મનુષ્યો ત્રીસ અકર્મભૂમિજ મનુષ્યો છે. આ અકર્મભૂમિજ મનુષ્યોની પ્રરૂપણા છે.

**१२६ से किं तं कम्मभूमगा ? कम्मभूमगा पण्णरसविहा पण्णत्ता, तं जहा- पंचहिं भरहेहिं, पंचहिं एरवएहिं, पंचहिं महाविदेहेहिं । ते समासओ दुविहा पण्णत्ता, तं जहा- आरिया य मिलक्खू य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** કર્મભૂમિજ મનુષ્યોના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** કર્મભૂમિજ મનુષ્યોના પંદર પ્રકાર છે, તે આ પ્રમાણે છે– પાંચ ભરતક્ષેત્ર, પાંચ ઐરવતક્ષેત્ર અને પાંચ મહાવિદેહ ક્ષેત્ર, તે પંદર ક્ષેત્રોમાં જન્મેલા મનુષ્યો પંદર કર્મભૂમિના મનુષ્યો કહેવાય છે. તે પંદર કર્મભૂમિજ મનુષ્યોના સંક્ષેપથી બે પ્રકાર છે– આર્ય અને મ્લેચ્છ.

**વિવેચન :-**

પ્રસ્તુત સૂત્રોમાં મનુષ્ય સંસાર સમાપન્ન જીવોના ભેદ-પ્રભેદનું નિરૂપણ છે.

મનુષ્ય ભવાનુભવરૂપ સંસાર પરિભ્રમણને પ્રાપ્ત થયેલા જીવોને મનુષ્ય સંસાર સમાપન્ન કહે છે. તેના મુખ્ય બે ભેદ છે– (૧) સંમૂર્ચ્છિમ મનુષ્ય અને (૨) ગર્ભજ મનુષ્ય.

**(૧) સંમૂર્ચ્છિમ મનુષ્ય :–** માતા-પિતાના સંયોગ વિના ગર્ભજ મનુષ્યોની અશુચિમાં ઉત્પન્ન થનારા મનુષ્યોને સંમૂર્ચ્છિમ મનુષ્ય કહે છે. તે અસંજ્ઞી, મિથ્યાદષ્ટિ, અજ્ઞાની અને અપર્યાપ્ત જ હોય છે. તે જીવો અંગુલના અસંખ્યાતમા ભાગની અવગાહના અને અંતર્મુહૂર્તનું જ આયુષ્ય ભોગવીને અપર્યાપ્તાવસ્થામાં મૃત્યુ પામે છે.

સંમૂર્ચ્છિમ મનુષ્યો, સંજ્ઞી મનુષ્યોના ચૌદ પ્રકારના અશુચિ સ્થાનોમાં ઉત્પન્ન થાય છે. તે ભાવાર્થથી સ્પષ્ટ છે.

મનુષ્યને રહેવાના ૧૦૧ ક્ષેત્રો છે. (૧૫ કર્મભૂમિ + ૩૦ અકર્મભૂમિ + ૫૬ અંતર્દ્વીપ = ૧૦૧ ક્ષેત્રો) તે સર્વ ક્ષેત્રોના ગર્ભજ મનુષ્યોના અશુચિસ્થાનોમાં સંમૂર્ચ્છિમ મનુષ્યો ઉત્પન્ન થાય છે. ક્ષેત્રની અપેક્ષાએ સંમૂર્ચ્છિમ મનુષ્યોના ૧૦૧ ભેદ છે.

**અઢીદ્વીપ–સમુદ્રમાં ૧૦૧ મનુષ્ય ક્ષેત્રો :–**

| દ્વીપ–સમુદ્ર | કર્મભૂમિ | | | અકર્મભૂમિ | | | | | | અંતરદ્વીપ | કુલક્ષેત્રો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | ભરત | ઐરવત | મહા–વિદેહ | હેમવય | હેરણ્યવય | હરિ વર્ષ | રમ્યક વર્ષ | દેવકુરુ | ઉત્તરકુરુ | | |
| જંબૂદ્વીપ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | – | ૯ |
| લવણ સમુદ્ર | × | × | × | × | × | × | × | × | × | ૫૬ | ૫૬ |
| ધાતકીખંડ દ્વીપ | ૨ | ૨ | ૨ | ૨ | ૨ | ૨ | ૨ | ૨ | ૨ | × | ૧૮ |
| કાલોદધિ સમુદ્ર | × | × | × | × | × | × | × | × | × | × | × |
| પુષ્કરાર્ધ દ્વીપ | ૨ | ૨ | ૨ | ૨ | ૨ | ૨ | ૨ | ૨ | ૨ | × | ૧૮ |
| | | | | | | | | | | | ૧૦૧ |

**ગર્ભજ મનુષ્યો :–** માતા-પિતાના સંયોગથી ગર્ભમાં ઉત્પન્ન થતાં મનુષ્યો ગર્ભજ કહેવાય છે. તેના ત્રણ ભેદ છે– (૧) કર્મભૂમિજ–૧૫ કર્મભૂમિમાં ઉત્પન્ન થતાં મનુષ્યો, (૨) અકર્મભૂમિજ–૩૦ અકર્મભૂમિમાં ઉત્પન્ન થતાં મનુષ્યો અને (૩) અંતરદ્વીપજ–૫૬ અંતરદ્વીપમાં ઉત્પન્ન થતાં મનુષ્યો.

**કર્મભૂમિજ મનુષ્યો–** કર્મભૂમિમાં જન્મ ધારણ કરનારા મનુષ્યોને કર્મભૂમિજ મનુષ્યો કહેવાય છે. **तत्र कर्म-कृषिवाणिज्यादि मोक्षादि अनुष्ठानं वा कर्मप्रधाना भूमिर्येषां ते कर्मभूमाः** । કૃષિ-ખેતી અને વાણિજ્યાદિ ઉપલક્ષણથી અસિ-શસ્ત્રવિદ્યા અને મસિ-લેખન કળા, આ ત્રણ પ્રકારના વ્યાપાર તેમજ મોક્ષના અનુષ્ઠાન રૂપ ધર્મ-ક્રિયા જે ભૂમિમાં થાય તેને કર્મભૂમિ કહે છે. જ્યાં સામાજિક, રાજકીય અને ધાર્મિક વ્યવસ્થાઓ હોય તેને કર્મભૂમિ કહે છે. તેના પંદરક્ષેત્રો છે. પાંચ ભરતક્ષેત્ર, પાંચ ઐરવતક્ષેત્ર અને પાંચ મહાવિદેહક્ષેત્ર.

એક ભરતક્ષેત્ર, એક ઐરવતક્ષેત્ર અને એક મહાવિદેહક્ષેત્ર, આ ત્રણ કર્મભૂમિના ક્ષેત્રો જંબૂદ્વીપમાં છે. બે ભરતક્ષેત્ર, બે ઐરવતક્ષેત્ર અને બે મહાવિદેહક્ષેત્ર, આ છ કર્મભૂમિના ક્ષેત્રો ધાતકીખંડમાં છે. બે ભરતક્ષેત્ર, બે ઐરવતક્ષેત્ર અને બે મહાવિદેહક્ષેત્ર, આ છ કર્મભૂમિના ક્ષેત્રો પુષ્કરાર્દ્ધ દ્વીપમાં છે. આ રીતે ૩ + ૬ + ૬ = ૧૫ કર્મભૂમિના ક્ષેત્રો થાય છે.

**અકર્મભૂમિજ મનુષ્યો–** અકર્મભૂમિમાં ઉત્પન્ન થનારા મનુષ્યોને અકર્મભૂમિજ મનુષ્યો કહે છે. **यथोक्तकर्मविफला भूमिर्येषां तेअकर्मभूमाः** । અસિ, મસિ અને કૃષિરૂપ વ્યાપાર તથા મોક્ષાનુષ્ઠાનરૂપ ધર્મ જ્યાં ન હોય તેને અકર્મભૂમિ કહે છે. તેના ૩૦ ક્ષેત્રો છે. પાંચ હેમવય ક્ષેત્ર, પાંચ હેરણ્યવય ક્ષેત્ર, પાંચ હરિવાસ ક્ષેત્ર, પાંચ રમ્યક્વાસ ક્ષેત્ર, પાંચ દેવકુરુ ક્ષેત્ર અને પાંચ ઉત્તરકુરુ ક્ષેત્ર. તેમાં એક હેમવતક્ષેત્ર, એક હેરણ્યવયક્ષેત્ર, એક હરિવાસક્ષેત્ર, એક રમ્યક્વાસક્ષેત્ર, એક દેવકુરુક્ષેત્ર, એક ઉત્તરકુરુક્ષેત્ર તે છ અકર્મભૂમિના ક્ષેત્રો જંબૂદ્વીપમાં છે. બાર ક્ષેત્રો ધાતકીખંડમાં અને બારક્ષેત્રો પુષ્કરાર્દ્ધ દ્વીપમાં છે. આ રીતે ૬ + ૧૨ + ૧૨ = ૩૦ અકર્મભૂમિના ક્ષેત્રો થાય છે. ત્યાંના મનુષ્યો યુગલિક છે, દશ પ્રકારના કલ્પવૃક્ષથી જીવન વ્યવહાર કરે છે. (તેના વિસ્તૃત વિવેચન માટે જુઓ શ્રી જીવાભિગમ સૂત્ર).

**અંતરદ્વીપજ મનુષ્યો–** લવણ સમુદ્રની અંદર દ્વીપરૂપે હોવાથી તે દ્વીપોને અંતર્દ્વીપ કહે છે. તેમાં રહેનારા મનુષ્યોને 'અન્તર્દ્વીપજ' કહે છે.

**અંતર્દ્વીપોનું લવણ સમુદ્રમાં સ્થાન :–** જંબૂદ્વીપના ભરત ક્ષેત્ર અને હૈમવત ક્ષેત્રની મર્યાદા કરનાર

'ચુલ્લહિમવાન' પર્વત છે. તે પર્વત પૂર્વ અને પશ્ચિમ દિશામાં લવણ સમુદ્રને સ્પર્શે છે. તે પર્વતના પૂર્વ અને પશ્ચિમ ચરમાન્તથી ચારે વિદિશાઓ(ઈશાન, અગ્નિ, નૈઋત્ય અને વાયવ્ય)માં લવણ સમુદ્રમાં ૩૦૦-૩૦૦ યોજન જઈએ ત્યારે પ્રત્યેક વિદિશામાં એક એક દ્વીપ આવે છે. જેમ કે– ઈશાન કોણમાં એકોરુક, અગ્નિ કોણમાં આભાસિક, નૈઋત્ય કોણમાં વૈષણિક અને વાયવ્યકોણમાં, નાંગોલિક દ્વીપ છે. તે દ્વીપ ગોળ છે, તેની લંબાઈ, પહોળાઈ ૩૦૦ યોજનની છે, તેની પરિધિ ૯૪૯ યોજનથી કંઈક ન્યૂન છે. તે દ્વીપોથી ૪૦૦-૪૦૦ યોજન સમુદ્રમાં જઈએ ત્યારે ક્રમશઃ પ્રત્યેક વિદિશામાં પાંચમો, છઠ્ઠો, સાતમો અને આઠમો દ્વીપ છે. તેની લંબાઈ પહોળાઈ ૪૦૦-૪૦૦ યોજનની છે, તે પણ ગોળ છે. તે પ્રત્યેકની પરિધિ ૧,૨૬૫ યોજનથી કંઈક ન્યૂન છે. આ જ રીતે તે તે દ્વીપોથી ક્રમશઃ ૫૦૦, ૬૦૦, ૭૦૦, ૮૦૦, ૯૦૦ યોજનના અંતરે ક્રમશઃ એક-એક દ્વીપ આવે છે. તેની લંબાઈ-પહોળાઈ ક્રમશઃ ૫૦૦ થી ૯૦૦ યોજન સુધીની જાણવી જોઈએ. તે સર્વ ગોળ છે. પ્રત્યેક દ્વીપની ત્રિગુણીથી કંઈક અધિક પરિધિ છે. આ રીતે ચુલ્લહિમવંત પર્વતની ચારે વિદિશાઓમાં ૨૮ અંતર્દ્વીપ છે. તેના નામ ભાવાર્થથી સ્પષ્ટ છે.

સૂત્રકારે શિખરી પર્વતની ચારે વિદિશામાં આવેલા ૨૮ અંતરદ્વીપનું કથન કર્યું નથી પરંતુ વૃત્તિકારે તેનું સ્પષ્ટીકરણ કર્યું છે. **यन्नामानो हिमवत्पर्वतपूर्वापरदिग्व्यवस्थिताः अष्टाविंशति विधा अन्तरद्वीपास्तादृशा एव तावत्प्रमाणा तावदवान्तरालास्तन्नामान एव शिखरि पर्वतपूर्वापरदिग् व्यवस्थिता अपि, ततोऽत्यन्त सदृशतया व्यक्तिभेदमनपेक्ष्यान्तरद्वीपा अष्टाविंशति विधा एव विवक्षिता ।**

જે રીતે ચુલ્લહિમવંત પર્વતની ચારે વિદિશાઓમાં ૨૮ અંતર્દ્વીપ છે, તે જ રીતે શિખરી પર્વતની ચારે વિદિશાઓમાં પણ ૨૮ અંતર્દ્વીપ છે. તેનું વર્ણન શ્રી ભગવતી સૂત્ર શતક-૧૦, ઉદ્દેશક-૭ થી ૩૪ સુધીના ૨૮ ઉદ્દેશકોમાં છે. આ રીતે કુલ ૫૬ અંતરદ્વીપ છે.

**૫૬ અંતરદ્વીપો :–**

| પર્વતના ચરમાંતથી અંતર્દ્વીપ ક્રમ | ઈશાન દિશાના દ્વીપનું નામ | આગ્નેય દિશાના દ્વીપનું નામ | નૈઋત્ય દિશાના દ્વીપનું નામ | વાયવ્ય દિશાના દ્વીપનું નામ | દ્વીપની લંબાઈ પહોળાઈ | દ્વીપની પરિધિ | પર્વતના ચરમાંતથી અંતર્દ્વીપનું અંતર | પૂર્વના દ્વીપથી અને જંબૂદ્વીપની જગતીથી અંતર |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | એકોરુક | આભાસિક | વૈષણિક | નાંગોલિક | ૩૦૦ યો૦ | ૯૪૯ યો૦ | ૩૦૦ યો૦ | ૩૦૦ યો૦ |
| ૨ | હયકર્ણ | ગજકર્ણ | ગોકર્ણ | શષ્કુલિકર્ણ | ૪૦૦ યો૦ | ૧૨૬૫ યો૦ | ૧૦૦૦ યો૦ | ૪૦૦ યો૦ |
| ૩ | આદર્શમુખ | મેણ્ઢમુખ | અયોમુખ | ગોમુખ | ૫૦૦ યો૦ | ૧૫૮૧ યો૦ | ૧૯૦૦ યો૦ | ૫૦૦ યો૦ |
| ૪ | અશ્વમુખ | હસ્તિમુખ | સિંહમુખ | વ્યાઘ્રમુખ | ૬૦૦ યો૦ | ૧૮૯૭ યો૦ | ૩૦૦૦ યો૦ | ૬૦૦ યો૦ |
| ૫ | અશ્વકર્ણ | સિંહકર્ણ | અકર્ણ | કર્ણપ્રાવરણ | ૭૦૦ યો૦ | ૨૨૧૩ યો૦ | ૪૩૦૦ યો૦ | ૭૦૦ યો૦ |
| ૬ | ઉલ્કામુખ | મેઘમુખ | વિદ્યુન્મુખ | વિદ્યુત્દંત | ૮૦૦ યો૦ | ૨૫૨૯ યો૦ | ૫૮૦૦ યો૦ | ૮૦૦ યો૦ |
| ૭ | ઘનદંત | લષ્ટદંત | ગૂઢદંત | શુદ્ધદંત | ૯૦૦ યો૦ | ૨૮૪૫ યો૦ | ૭૫૦૦ યો૦ | ૯૦૦ યો૦ |
| સાતમા દ્વીપની લંબાઈ-પહોળાઈ– | | | | | | | + ૯૦૦ યો૦ | |
| પર્વત ચરમાંતથી સાતમા અઢીદ્વીપનો ચરમાંત– | | | | | | | ૮૪૦૦ યો૦ | |

**છપ્પન અંતર્દ્વીપ દાઢાઓ ઉપર કે દાઢાઓના આકારે ? :–** વ્યાખ્યા ગ્રંથોના વર્ણન પ્રમાણે ચુલ્લહિમવંત અને શિખરી બંને પર્વતોની ચારે વિદિશાઓમાં દાઢાઓ છે અને તે દાઢાઓ ૫૨ અંતર્દ્વીપ છે. શાસ્ત્ર શ્રી

જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્રમાં આ બંને પર્વતોની લંબાઈ વગેરેનું પરિપૂર્ણ વર્ણન છે, તેમાં દાઢાઓ કહી નથી. શ્રી જીવાભિગમ સૂત્રમાં કહ્યું છે કે તે બંને પર્વતોના ચરમાંતથી ચારે ય વિદિશાઓમાં ત્રણસો-ત્રણસો યોજન લવણ સમુદ્રમાં જઈએ ત્યારે એક-એક અંતર્દ્વીપ આવે છે. આ કથનથી તેમ સમજાય છે કે લવણસમુદ્રમાં ચારે વિદિશાઓમાં સાત-સાત દ્વીપો ક્રમશઃ દાઢના આકારે ગોઠવાયેલા છે.

આ રીતે ૧૫ કર્મભૂમિના ક્ષેત્રો અને ૩૦ અકર્મભૂમિ + ૫૬ અંતરદ્વીપ તે ૮૬ યુગલિક ક્ષેત્રો = ૧૦૧ મનુષ્યક્ષેત્ર છે. ગર્ભજ મનુષ્યોના ક્ષેત્રની અપેક્ષાએ ૧૦૧ ભેદ થાય છે. તે પ્રત્યેકના પર્યાપ્તા અને અપર્યાપ્તા રૂપ બે-બે ભેદ થાય છે. તેથી ૧૦૧ × ૨ = ૨૦૨ ભેદ ગર્ભજ મનુષ્યોના થાય છે. ૨૦૨ ગર્ભજ મનુષ્યો + ૧૦૧ સંમૂર્ચ્છિમ મનુષ્યો = ૩૦૩ ભેદ મનુષ્યોના છે.

**મનુષ્ય સંસાર સમાપન્ન જીવોના ૩૦૩ ભેદ**




શિષ્ટાચાર, જીવન વ્યવહારની અપેક્ષાએ ગર્ભજ મનુષ્યોના મુખ્ય બે ભેદ છે. મ્લેચ્છ અને આર્ય. હવે પછીના સૂત્રોમાં સૂત્રકાર સ્વયં તેનું વિસ્તૃત વર્ણન કરે છે.

**મ્લેચ્છ મનુષ્યો :–**

**१२७ से किं तं मिलक्खू ?**

**मिलक्खू अणेगविहा पण्णत्ता, तं जहा– सगा-जवण-चिलाय-सबर-बब्बर-काय-**

मुरुंडोड्डभडग

बउसकेक्कया अरवागा हूण-रोसग-मरुग-रुय-विलाय-विसयवासी य एवमादी । से तं मिलक्खू।

**ભાવાર્થ** **પ્રશ્ન–** મ્લેચ્છ મનુષ્યોના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** મ્લેચ્છ મનુષ્યોના અનેક પ્રકાર છે, તે આ પ્રમાણે છે–શક, યવન, કિરાત, શબર, બર્બર, મુરુણ્ડ, ઉડ્ઢભંડક, નિણક, પક્કણિક, કુલાક્ષ, ગોંડ, સિંહલ, પારસક, આંધ્ર કૌંચ, અમ્બડક, તમિલ દ્રવિડ, ચિલ્લલ, પુલિન્દ, હરોસ, ડોબ, પોક્કાણ, ગંધાહારક, બહલિક(બાલ્હીક), અજ્જલ, રોમ, પાસ, પ્રકુષ, મલય–મલિયાલી કેરલાવાસી, ચંચૂક(બંધૂક), સૂયલ દેશના નિવાસી સૂયલિ, કોંકણક, મેદ, પલ્હવ, માલવ, ગગ્ગર(મગ્ગર), આભાષિક, ણક્ક, ચીના, લ્હાસિક, ખસ, ખાસિક, નેડૂર, મંઢ, ડોમ્બિલક, લઓસ, બકુશ, કૈકય, અરબાક, હૂણ, રોસક, મરુક, રુત અને ચિલાત દેશવાસી ઇત્યાદિ. આ મ્લેચ્છોની પ્રરૂપણા છે.

**વિવેચન :-**

પ્રસ્તુત સૂત્રોમાં ગર્ભજ મનુષ્યોના ભેદરૂપ મ્લેચ્છ મનુષ્યોની અનેક જાતિઓનું કથન છે.

**મ્લેચ્છ મનુષ્ય :–** જેની ભાષા અને આચાર અવ્યક્ત-અસ્પષ્ટ (લક્ષ્યરહિત) હોય, જેના સમસ્ત વાણી-વર્તન-વ્યવહાર શિષ્ટજન સંમત ન હોય, તેને મ્લેચ્છ મનુષ્ય કહે છે. મ્લેચ્છ મનુષ્યોના અનેક પ્રકારોનો મૂળપાઠમાં નામોલ્લેખ છે. તેમાંથી અધિકાંશ મ્લેચ્છોની જાતિનાં નામ અમુક દેશ વિશેષની અપેક્ષાએ છે. જેમ કે– શક દેશના નિવાસી શક, યવન દેશના નિવાસી યવન ઇત્યાદિ.

**આર્ય મનુષ્યો :-**

**૧૨૮**

**પ્રશ્ન–** આર્ય મનુષ્યોના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** આર્ય મનુષ્યોના બે પ્રકાર છે. તે આ પ્રમાણે છે– (૧) ઋદ્ધિપ્રાપ્ત આર્ય મનુષ્યો અને (૨) ઋદ્ધિઅપ્રાપ્ત આર્ય મનુષ્યો.

**૧૨૯**

**પ્રશ્ન–** ઋદ્ધિ પ્રાપ્ત આર્ય મનુષ્યોના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** ઋદ્ધિ પ્રાપ્ત આર્ય મનુષ્યોના છ પ્રકાર છે, તે આ પ્રમાણે છે–(૧) અરિહંત (તીર્થંકર) (૨) ચક્રવર્તી, (૩) બળદેવ, (૪) વાસુદેવ, (૫) ચારણ અને (૬) વિદ્યાધર. આ ઋદ્ધિપ્રાપ્ત આર્ય મનુષ્યોની પ્રરૂપણા છે.

**૧૩૦**

**પ્રશ્ન–** ઋદ્ધિ અપ્રાપ્ત આર્ય મનુષ્યોના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** ઋદ્ધિ અપ્રાપ્ત આર્ય

મનુષ્યોના નવ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) ક્ષેત્રાર્ય, (૨) જાત્યાર્ય, (૩) કુળાર્ય, (૪) કર્માર્ય, (૫) શિલ્પાર્ય, (૬) ભાષાર્ય, (૭) જ્ઞાનાર્ય, (૮) દર્શનાર્ય અને (૯) ચારિત્રાર્ય મનુષ્યો.

**१३१** से किं तं खेत्तारिया ? खेत्तारिया अद्धछव्वीसइविहा पण्णत्ता, तं जहा-

रायगिह मगह चंपा, अंगा तह तामलित्ति वंगा य ।
कंचणपुरं कलिंगा, वाणारसिं चेव कासी य ॥११३॥

साकेय कोसला, गयपुरं च कुरु, सोरियं कुसट्टा य ।
कंपिल्लं पंचाला, अहिछत्ता जंगला चेव ॥११४॥

बारवई य सुरट्ठा, मिहिल विदेहा य, कच्छ कोसंबी ।
णंदिपुरं संडिल्ला, भद्दिलपुरमेव मलया य ॥११५॥

वइराड वच्छ, वरणा अच्छा, तह मत्तियावइ दसण्णा ।
सुत्तीमई य चेदी, वीइभयं सिंधुसोवीरा ॥११६॥

महुरा य सूरसेणा, पावा भंगी य, मास पुरिवट्टा ।
सावत्थी य कुणाला, कोडीवरिसं च लाढा य ॥११७॥

सेयविया वि य णयरी केयइअद्धं च आरियं भणियं ।
एत्थुप्पत्ति जिणाणं चक्कीणं राम-कण्हाणं ॥११८॥

से तं खेत्तारिया ।

**પ્રશ્ન**– ક્ષેત્રાર્ય મનુષ્યોના કેટલા પ્રકાર છે ? **ઉત્તર**– આર્ય ક્ષેત્રના સાડા પચ્ચીસ પ્રકાર છે, તે આ પ્રમાણે છે–

**ગાથાર્થ**– (૧) મગધ દેશમાં રાજગૃહ નગરી, (૨) અંગ દેશમાં ચંપા નગરી, (૩) બંગ દેશમાં તામ્રલિપ્ત નગરી, (૪) કલિંગ દેશમાં કંચનપુર નગરી, (૫) કાશી દેશમાં વારાણસી નગરી ॥ **૧૧૩** ॥ (૬) કૌશલ દેશમાં સાકેત નગર, (૭) કુરુ દેશમાં ગજપુર– હસ્તિનાપુર નગરી, (૮) કુશાર્ત્ત(કુશાવર્ત્ત) દેશમાં સૌરિયપુર નગરી(સૌરીપુર), (૯) પંચાલ દેશમાં કાંપિલ્ય નગરી, (૧૦) જાંગલ દેશમાં અહિછત્રા નગરી ॥ **૧૧૪** ॥

(૧૧) સૌરાષ્ટ્રમાં બારાવતી નગરી(દ્વારિકા), (૧૨) વિદેહ જનપદમાં મિથિલા નગરી, (૧૩) વત્સ દેશમાં કૌશામ્બી નગરી, (૧૪) શાણ્ડિલ્ય દેશમાં નંદિપુર નગરી, (૧૫) મલય દેશમાં ભદ્દિલપુર નગરી ॥ **૧૧૫** ॥ (૧૬) વત્સ દેશમાં વૈરાટ નગરી (૧૭) અચ્છા દેશમાં વરણ નગરી, (૧૮) દશાર્ણ દેશમાં મૃત્તિકાવતી નગરી, (૧૯) ચેદિ દેશમાં શુક્તિમતિ નગરી, (૨૦) સિંધુસૌવીર દેશમાં વીતભય નગરી ॥ **૧૧૬** ॥(૨૧) શૂરસેન દેશમાં મથુરા નગરી, (૨૨) ભંગ દેશમાં પાવાપુરી નગરી(અપાપા નગરી), (૨૩) પુરિવર્ત્ત દેશમાં માસાપુરી નગરી, (૨૪) કુણાલ દેશમાં શ્રાવસ્તી નગરી, (૨૫) લાઢ દેશમાં કોટિવર્ષ નગરી ॥ **૧૧૭** ॥ અને (૨૫ $\frac{1}{2}$) કેકાર્ધ દેશમાં શ્વેતામ્બિકા નગરી. આ ૨૫ $\frac{1}{2}$

રૂ આર્ય ક્ષેત્ર છે. તેમાં જન્મેલા મનુષ્યોને ક્ષેત્રાર્ય કહે છે. આ ક્ષેત્રોમાં તીર્થંકરો, ચક્રવર્તીઓ, રામ અને કૃષ્ણ અર્થાત્ બળદેવો અને વાસુદેવોનો જન્મ થાય છે. ॥ **૧૧૮** ॥ આ ક્ષેત્રાર્ય મનુષ્યોનું વર્ણન છે.

**१३२** **से किं तं जातिआरिया ? जातिआरिया छव्विहा पण्णत्ता, तं जहा-**

**अंबट्ठा य कलिंदा, विदेहा वेदगा इ य ।**
**हरिया चुंचुणा चेव, छ एया इब्भजाइओ ॥११९॥**

**से तं जातिआरिया ।**

**પ્રશ્ન–** જાત્યાર્ય મનુષ્યના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** જાત્યાર્ય મનુષ્યના છ પ્રકાર છે, તે આ પ્રમાણે છે–

**ગાથાર્થ–** (૧) અમ્બષ્ઠ, (૨) કલિંદ, (૩) વૈદેહ, (૪) વેદગ આદિ, (૫) હરિત અને (૬) ચુંચુણ, આ છ ઈભ્ય (અર્ચનીય-માનનીય) જાતિઓ છે. આ છ જાતિના મનુષ્યો જાત્યાર્ય છે. ॥ **૧૧૯** ॥

**१३३** **से किं तं कुलारिया ? कुलारिया छव्विहा पण्णत्ता, तं जहा- उग्गा भोगा राइण्णा इक्खागा णाया कोरव्वा । से तं कुलारिया ।**

**પ્રશ્ન–** કુલાર્યના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** કુલાર્યના છ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) ઉગ્રકુળ, (૨) ભોગકુળ, (૩) રાજન્યકુળ, (૪) ઈક્ષ્વાકુ કુળ (૫) જ્ઞાતકુળ અને (૬) કૌરવ્ય કુળ. આ છ કુળના મનુષ્યો કુલાર્ય છે.

**१३४** **से किं तं कम्मारिया ? कम्मारिया अणेगविहा पण्णत्ता, तं जहा- दोस्सिया सोत्तिया कप्पासिया सुत्तवेयालिया भंडवेयालिया कोलालिया णरदावणिया, जेयावण्णे तहप्पगारा। से तं कम्मारिया ।**

**પ્રશ્ન–** કર્માર્ય મનુષ્યોના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** કર્માર્ય મનુષ્યોના અનેક પ્રકાર છે, તે આ પ્રમાણે છે– દોષિક– કપડાના વેપારી, સૌત્રિક– સુતરના વેપારી, કાર્પાસિક– રૂના વેપારી, સૂત્ર વૈતાલિક, ભાંડવૈતાલિક– માટીના આદિ વાસણના વેપારી અને નરવાહનિક પાલખી, ડોલી વગેરે દ્વારા મનુષ્યોનું વહન કરવાનો વ્યાપાર કરનારા તથા આ પ્રકારના અન્ય વ્યાપાર કરનારા મનુષ્યોને કર્માર્ય કહે છે. આ કર્માર્યોનું વર્ણન છે.

**१३५** **से किं तं सिप्पारिया ?**

**सिप्पारिया अणेगविहा पण्णत्ता, तं जहा- तुण्णागा तंतुवाया पट्टगारा देयडा वरणा छव्विया कट्ठपाउयारा मुंजपाउयारा छत्तारा वज्झारा पोत्थारा लेप्पारा चित्तारा संखारा दंतारा भंडारा जिज्झगारा सेल्लगारा कोडिगारा, जेयावण्णे तहप्पगारा । से तं सिप्पारिया।**

**પ્રશ્ન–** શિલ્પાર્ય મનુષ્યોના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** શિલ્પાર્ય મુનષ્યોના અનેક પ્રકાર છે, તે આ પ્રમાણે છે–તુન્નાક– દરજી, તંતુવાય– વણકર, પટ્ટકાર, દૃતિકાર– ચામડાની મશક બનાવનાર, વરણ– પિંછી બનાવનાર,છર્વિક– ચટાઈ આદિ

બનાવનાર, કાષ્ઠપાદુકાકાર– લાકડાની ચાખડી બનાવનાર, મુંજ પાદુકાકાર–મુંજની ચાખડી બનાવનાર, છત્રકાર– છત્રી બનાવનાર, વાહ્યકાર– વાહન બનાવનાર અથવા બહકાર-મોરપિચ્છી બનાવનાર, પુચ્છકાર– પૂંછડાના વાળમાંથી ઝાડૂ આદિ બનાવનાર અથવા પુસ્તકાર–માટીના પૂતળાં-પ્રતિમા(સ્ટેચ્યુ) બનાવનાર, લેપ્યકાર– માટીનાં રમકડાં બનાવનાર, ચિત્રકાર, શંખકાર, દંતકાર– દાંત બનાવનાર દાંતી, ભાંડકાર– વિવિધ વાસણ બનાવનાર, જિજ્ઝકાર(જિહ્વાકાર) નકલી જીભ બનાવનાર, સેલ્લકાર–શિલા તથા પાષાણ આદિ ઘડીને વસ્તુ બનાવનાર અથવા સૈલકાર–ભાલા બનાવનાર અને કોડિકાર– કોડીઓની માળા આદિ બનાવનાર. તથા આ પ્રકારના અન્ય પણ શિલ્પકારને શિલ્પાર્ય સમજવા જોઈએ. આ શિલ્પાર્યનું વર્ણન છે.

**१३६ से किं तं भासारिया ? भासारिया जे णं अद्धमागहाए भासाए भासिंति, जत्थ वि य णं बंभी लिवी पवत्तइ। बंभीए णं लिवीए अट्ठारसविहे लेक्खविहाणे पण्णत्ते, तं जहा- बंभी जवणाणिया दोसापुरिया खरोट्ठी पुक्खरसारिया भोगवईया पहराईयाओ य अंतक्खरिया अक्खरपुट्ठिया वेणइया णिण्हइया अंकलिवी गणितलिवी गंधव्वलिवी आयंसलिवी माहेसरी दामिली पोलिंदी । से तं भासारिया ।**

**પ્રશ્ન**– ભાષાર્યના કેટલા પ્રકાર છે ? **ઉત્તર**– જેઓ અર્ધમાગધી ભાષામાં બોલે છે અને વ્યવહારમાં પણ બ્રાહ્મી લિપિનો પ્રયોગ કરે છે, તે ભાષાર્ય છે. બ્રાહ્મી લિપિમાં અઢાર પ્રકારના લેખન વિધાન છે અર્થાત્ લેખન વિધિ– લિપિ અઢાર પ્રકારની છે. જેમ કે– (૧) બ્રાહ્મી (૨) યવનાની (૩) દોષાપુરિકા (૪) ખરોષ્ટ્રી (૫) પુષ્કર શારિકા (૬) ભોગવતિકા (૭) પ્રહરાદિકા (૮) અંતાક્ષરિકા (૯) અક્ષર પુષ્ટિકા (૧૦) વૈનયિકા (૧૧) નિહ્નવિકા (૧૨) અંકલિપિ (૧૩) ગણિતલિપિ (૧૪) ગંધર્વ લિપિ (૧૫) આદર્શલિપિ (૧૬) માહેશ્વરી (૧૭) દ્રાવિડી-તામિલી (૧૮) પૌલિન્દી લિપિ. આ સર્વ લિપિઓનો પ્રયોગ કરનાર મનુષ્યોને ભાષાર્ય કહે છે.

**१३७ से किं तं णाणारिया ? णाणारिया पंचविहा पण्णत्ता, तं जहा- आभिणिबोहिय-णाणारिया, सुयणाणारिया, ओहिणाणारिया, मणपज्जवणाणारिया, केवलणाणारिया । से तं णाणारिया ।**

**પ્રશ્ન**– જ્ઞાનાર્યના કેટલા પ્રકાર છે ? **ઉત્તર**– જ્ઞાનાર્યના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) આભિનિબોધિક જ્ઞાનાર્ય, (૨) શ્રુતજ્ઞાનાર્ય, (૩) અવધિજ્ઞાનાર્ય, (૪) મનઃપર્યવજ્ઞાનાર્ય અને (૫) કેવળજ્ઞાનાર્ય. આ જ્ઞાનાર્ય છે.

**१३८ से किं तं दंसणारिया ? दंसणारिया दुविहा पण्णत्ता, तं जहा- सरागदंसणारिया य वीयरागदंसणारिया य ।**

**પ્રશ્ન**– દર્શનાર્યના કેટલા પ્રકાર છે ? **ઉત્તર**– દર્શનાર્યના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– સરાગ દર્શનાર્ય અને વીતરાગ દર્શનાર્ય.

**१३९ से किं तं सरागदंसणारिया ? सरागदंसणारिया दसविहा पण्णत्ता, तं जहा-**

**णिस्सग्गुवएसरुई, आणारुइ सुत्त बीयरुइमेव ।**
**अहिगम-वित्थाररुई, किरियासंखेवधम्मरुई ॥१२०॥**

भूयत्थेणाहिगया जीवाजीवं च पुण्णपावं च ।
सहसम्मुइयासवसंवरे य, रोएइ उ णिसग्गो ॥१२१॥

जो जिणदिट्ठे भावे, चउव्विहे सद्दहाइ सयमेव ।
एमेव णण्णह त्ति य, णिस्सग्गरुइ त्ति णायव्वो ॥१२२॥

एए चेव उ भावे, उवदिट्ठे जो परेण सद्दहइ ।
छउमत्थेण जिणेण व, उवएसरुइ त्ति णायव्वो ॥१२३॥

जो हेउमयाणंतो, आणाए रोयए पवयणं तु ।
एमेव णण्णह त्ति य, एसो आणारुई णाम ॥१२४॥

जो सुत्तमहिज्जंतो, सुएण ओगाहइ उ सम्मत्तं ।
अंगेण बाहिरेण व, सो सुत्तरुइ त्ति णायव्वो ॥१२५॥

एगपएणेगाइं पयाइं, जो पसरइ उ सम्मत्तं ।
उदए व्व तेल्लबिंदू सो बीयरुइ त्ति णायव्वो ॥१२६॥

सो होइ अहिगमरुई, सुयणाणं जस्स अत्थओ दिट्ठं ।
एक्कारस अंगाइं, पइण्णगं दिट्ठिवाओ य ॥१२७॥

दव्वाण सव्वभावा, सव्वपमाणेहिं जस्स उवलद्धा ।
सव्वाहिं णयविहीहिं, वित्थाररुइ त्ति णायव्वो ॥१२८॥

दंसण-णाण-चरित्ते, तव-विणए सव्वसमिइ-गुत्तीसु ।
जो किरियाभावरुई, सो खलु किरियारुई णाम ॥१२९॥

अणभिग्गहियकुदिट्ठी, संखेवरुइ त्ति होइ णायव्वो ।
अविसारओ पवयणे, अणभिग्गहिओ य सेसेसु ॥१३०॥

जो अत्थिकायधम्मं, सुयधम्मं खलु चरित्तधम्मं च ।
सद्दहइ जिणाभिहियं, सो धम्मरुइ त्ति णायव्वो ॥१३१॥

परमत्थसंथवो वा, सुदिट्ठपरमत्थसेवणा वा वि ।
वावण्ण-कुदंसणवज्जणा, इय सम्मत्तसद्दहणा ॥१३२॥

णिस्संकिय णिक्कंखिय, णिव्वितिगिच्छा अमूढदिट्ठी य ।
उववूह थिरीकरणे, वच्छल्ल पभावणे अट्ठ ॥१३३॥

से तं सरागदंसणारिया ।

**પ્રશ્ન–** તે સરાગદર્શનાર્યના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** સરાગદર્શનાર્યના દશ પ્રકાર છે, તે

આ પ્રમાણે છે– **ગાથાર્થ–** (૧) નિસર્ગરુચિ (૨) ઉપદેશરુચિ (૩) આજ્ઞારુચિ (૪) સૂત્રરુચિ (૫) બીજરુચિ (૬) અભિગમરુચિ (૭) વિસ્તારરુચિ (૮) ક્રિયારુચિ (૯) સંક્ષેપરુચિ અને (૧૦) ધર્મરુચિ. II **૧૨૦** II

**(૧)** જે અન્યના ઉપદેશ વિના સ્વમતિ– જાતિસ્મરણાદિથી જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ અને સંવર આદિ તત્ત્વોને યથાર્થરૂપે જાણીને તેના પર રુચિ-શ્રદ્ધા કરે છે, તે નિસર્ગ રુચિ-સરાગ દર્શનાર્ય છે. II **૧૨૧** II જે તીર્થંકર ભગવાન દ્વારા ઉપદિષ્ટ ભાવો (પદાર્થો) પર સ્વયમેવ જ ચાર પ્રકારે– દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી શ્રદ્ધા કરે છે; તીર્થંકર ભગવંતે જીવાદિ તત્ત્વોનું સ્વરૂપ જેવું કહ્યું છે, તેમ જ છે, અન્યથા નથી; આ પ્રકારની શ્રદ્ધાને નિસર્ગરુચિ કહે છે. II **૧૨૨** II

**(૨)** જે છદ્મસ્થ(ગુરુભગવંત) અથવા કેવળી ભગવાન આદિના ઉપદેશ દ્વારા જિનેશ્વર કથિત જીવાદિ પદાર્થો પર શ્રદ્ધા કરે છે, તેને ઉપદેશરુચિ કહે છે. II **૧૨૩** II **(૩)** જે વિવક્ષિત પદાર્થના હેતુને જાણ્યા વિના માત્ર જિનાજ્ઞાથી પ્રવચન પર રુચિ-શ્રદ્ધા કરે તેને આજ્ઞારુચિ કહે છે. II **૧૨૪** II

**(૪)** જે અંગપ્રવિષ્ટ કે અંગબાહ્ય સૂત્રનું અધ્યયન કરતાં શ્રુતજ્ઞાનના માધ્યમથી શ્રદ્ધાને પામે છે, તેને સૂત્રરુચિ કહે છે. II **૧૨૫** II **(૫)** પાણીમાં તેલનું ટીપું પડે અને તે પાણીમાં ફેલાય જાય છે, તેમ જીવાદિ એક તત્ત્વમાં ઉત્પન્ન થયેલી રુચિ– શ્રદ્ધા બધાં તત્ત્વોમાં વ્યાપ્ત થઈ જાય, એક પદથી અનેક પદમાં ફેલાઈ જાય તેને બીજરુચિ કહે છે. II **૧૨૬** II

**(૬)** જેણે શ્રુતજ્ઞાન-અગિયાર અંગો, પઈન્ના, બારમા દષ્ટિવાદ અંગસૂત્રનું જ્ઞાન અર્થરૂપે ઉપલબ્ધ કરી લીધું હોય, તેની શ્રુતજ્ઞાનયુક્ત જે શ્રદ્ધા હોય, અધિગમરુચિ કહે છે. II **૧૨૭** II **(૭)** જેણે ધર્માસ્તિકાયાદિ સર્વ દ્રવ્યોના પર્યાયોને પ્રત્યક્ષાદિ સર્વ પ્રમાણો વડે અને નૈગમાદિ નયો વડે જાણ્યા હોય, તેને વિસ્તાર રુચિ કહે છે. II **૧૨૮** II

**(૮)** દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ, વિનય, ઈર્યા વગેરે સર્વ સમિતિઓમાં અને મનગુપ્તિ વગેરે ગુપ્તિની ક્રિયામાં રુચિ–શ્રદ્ધા હોય તેને ક્રિયારુચિ કહે છે. II **૧૨૯** II **(૯)** જેણે કોઈપણ કુદર્શનનો સ્વીકાર કર્યો નથી, અન્ય દર્શનને ઉપાદેયરૂપે સ્વીકાર્યું નથી અને અર્હત પ્રણિત જિન પ્રવચનમાં વિશારદ પણ નથી છતાં જિનપ્રવચનમાં શ્રદ્ધા છે, તેને સંક્ષેપરુચિ કહે છે. II **૧૩૦** II

**(૧૦)** જે જિનેશ્વર કથિત ધર્માસ્તિકાય આદિ અસ્તિકાય દ્રવ્ય ધર્મની તથા શ્રુતધર્મ કે ચારિત્રધર્મની શ્રદ્ધા કરે છે, તેને ધર્મરુચિ જાણવી. II **૧૩૧** II જીવાદિ તત્ત્વો અને જિનપ્રવચન રૂપ પરમાર્થનો પરિચય કે આદર કરવો, પરમાર્થને જેણે યથાર્થપણે જાણ્યો છે, તેવા પુરુષોની પર્યુપાસના કરવી, સમ્યગ્દર્શનથી ભ્રષ્ટ થયેલા અને કુદર્શનીઓનો ત્યાગ કરવો, તે જ સમ્યગ્દર્શન – શ્રદ્ધા છે. II **૧૩૨** II

સમ્યગ્દર્શનના આઠ આચાર છે. (૧) નિઃશંકિત– શંકા રહિત રહેવું, (૨) નિઃકાંક્ષિત– પરદર્શનની ઈચ્છા ન કરવી, (૩) નિર્વિચિકિત્સા– ધર્મના ફળમાં સંશય ન રાખવો, (૪) અમૂઢદષ્ટિ– દષ્ટિની મૂઢ તાથી રહિત રહેવું, (૫) ઉપબૃંહણ– સાધર્મિકોના ગુણોની પ્રશંસા કરવી, (૬) સ્થિરીકરણ– અન્યને ધર્મમાં સ્થિર કરવા, (૭) વાત્સલ્ય– સાધર્મિક પ્રત્યે પ્રીતિ રાખવી અને (૮) પ્રભાવના– શાસનની પ્રસિદ્ધિ કરવી. (આ આઠ દર્શનાચાર) જેનામાં હોય તે સરાગદર્શનાર્ય કહેવાય છે. II **૧૩૩** II

આ સરાગદર્શનાર્યોની પ્રરૂપણા છે.

**१४०** **से किं तं वीयरागदंसणारिया ? वीयरागदंसणारिया दुविहा पण्णत्ता, तं जहा-**

**उवसंतकसायवीयराग-दंसणारिया खीणकसायवीयराग-दंसणारिया ।**

**પ્રશ્ન–** વીતરાગ દર્શનાર્યના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** વીતરાગ દર્શનાર્યના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– ઉપશાંતકષાય વીતરાગ દર્શનાર્ય અને ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્ય.

**१४१ से किं तं उवसंतकसायवीयरागदंसणारिया ? उवसंतकसायवीयरागदंसणारिया दुविहा पण्णत्ता, तं जहा- पढमसमयउवसंतकसायवीयरागदंसणारिया अपढमसमयउवसंतकसाय-वीयराग-दंसणारिया, अहवा चरिमसमयउवसंतकसायवीयरागदंसणारिया य अचरिमसमय-उवसंतकसाय-वीयरागदंसणारिया य ।**

**પ્રશ્ન–** ઉપશાંતકષાય વીતરાગ દર્શનાર્યના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** ઉપશાંત કષાય વીતરાગ દર્શનાર્યના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– પ્રથમ સમય ઉપશાંત કષાય વીતરાગ દર્શનાર્ય અને અપ્રથમ સમય ઉપશાંત કષાય વીતરાગ સરાગ દર્શનાર્ય અથવા ચરમ સમયવર્તી ઉપશાંત કષાય વીતરાગ દર્શનાર્ય અને અચરમસમય ઉપશાંત કષાય વીતરાગ દર્શનાર્ય છે.

**१४२ से किं तं खीणकसायवीयरागदंसणारिया ? खीणकसायवीयरागदंसणारिया दुविहा पण्णत्ता, तं जहा- छउमत्थखीण-कसायवीयरागदंसणारिया य केवलिखीणकसायवीयराग- दंसणारिया य ।**

**પ્રશ્ન–** ક્ષીણ કષાય વીતરાગ દર્શનાર્યના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** ક્ષીણ કષાય વીતરાગ દર્શનાર્યના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– છદ્મસ્થ ક્ષીણ કષાય વીતરાગ દર્શનાર્ય અને કેવળી ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્ય.

**१४३ से किं तं छउमत्थखीणकसायवीयरागदंसणारिया ? छउमत्थखीणकसायवीयराग-दंसणारिया दुविहा पण्णत्ता, तं जहा- सयंबुद्ध-छउमत्थखीणकसायवीयरागदंसणारिया य बुद्धबोहियछउमत्थखीणकसायवीयराग दंसणारिया य ।**

**પ્રશ્ન–** છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્યના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્યના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– સ્વયંબુદ્ધ છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્ય અને બુદ્ધબોધિત છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્ય.

**१४४ से किं तं सयंबुद्धछउमत्थ-खीणकसाय-वीयराग-दंसणारिया ?**

**सयंबुद्ध-छउमत्थ-खीणकसाय-वीयराग-दंसणारिया दुविहा पण्णत्ता, तं जहा- पढम समयसयंबुद्धछउमत्थखीणकसायवीयरागदंसणारिया य अपढमसमय-सयंबुद्ध-छउमत्थ खीणकसायवीयरागदंसणारिया य, अहवा चरिमसमयसयंबुद्ध-छउमत्थखीणकसायवीयराग-दंसणारिया य अचरिमसमयसयंबुद्धछउमत्थ-खीणकसायवीयरागदंसणारिया य । से तं सयंबुद्धछउमत्थखीणकसायवीयराग-दंसणारिया ।**

**પ્રશ્ન–** સ્વયંબુદ્ધ છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્યના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** સ્વયંબુદ્ધ છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્યના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– પ્રથમ સમય સ્વયંબુદ્ધ છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્ય અને અપ્રથમ સમય સ્વયંબુદ્ધ છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્ય અથવા ચરમ સમય સ્વયંબુદ્ધ છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્ય અને અચરમ સમય સ્વયંબુદ્ધ છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્ય. આ સ્વયંબુદ્ધ છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્યોનું કથન છે.

**१४५ से किं तं बुद्धबोहिय-छउमत्थखीणकसायवीयरागदंसणारिया ?**

**बुद्धबोहिय-छउमत्थखीणकसायवीयरागदंसणारिया दुविहा पण्णत्ता, तं जहा- पढम समयबुद्धबोहियछउमत्थखीणकसायवीयराग दंसणारिया य अपढमसमय-बुद्धबोहिय-छउमत्थखीणकसायवीयरागदंसणारिया य, अहवा चरिमसमयबुद्धबोहिय-छउमत्थ-खीणकसायवीयरागदंसणारिया य अचरिमसमयबुद्धबोहियछउमत्थ-खीणकसायवीयराग-दंसणारिया य । से तं बुद्धबोहियछउमत्थखीण कसाय-वीयरागदंसणारिया। से तं छउमत्थ-खीणकसायवीयरागदंसणारिया ।**

**પ્રશ્ન–** બુદ્ધબોધિત છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્યના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** બુદ્ધબોધિત છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્યના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– પ્રથમ સમય બુદ્ધબોધિત છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્ય અને અપ્રથમ સમય બુદ્ધબોધિત છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્ય અથવા ચરમ સમય બુદ્ધબોધિત છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્ય અને અચરમ સમય બુદ્ધ બોધિત છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્ય. આ બુદ્ધબોધિત છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્યોનું કથન છે.

**१४६ से किं तं केवलि-खीणकसाय-वीयराग-दंसणारिया ? केवलिखीणकसाय-वीयरागदंसणारिया दुविहा पण्णत्ता, तं जहा- सजोगि-केवलिखीणकसायवीयरागदंसणारियाय अजोगिकेवलिखीणकसायवीयराग-दंसणारिया य।**

**પ્રશ્ન–** કેવળી ક્ષીણ કષાય વીતરાગ દર્શનાર્યના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** કેવળી ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્યના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– સયોગીકેવળી ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્ય અને અયોગી કેવળી ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્ય.

**१४७ से किं तं सजोगि-केवलि-खीणकसाय-वीयराग-दंसणारिया ?**

**सजोगिकेवलिखीणकसायवीयरागदंसणारिया दुविहा पण्णत्ता, तं जहा- पढमसमय सजोगिकेवलिखीणकसायवीयरागदंसणारिया य अपढमसमयसजोगि-केवलिखीणकसाय-वीयरागदंसणारिया य, अहवा चरिमसमय-सजोगिकेवलिखीणकसाय-वीयरागदंसणारिया य अचरिमसमय-सजोगिकेवलिखीणकसायवीयराग-दंसणारिया य । से तं सजोगिकेवलि-खीणकसायवीयरागदंसणारिया ।**

**પ્રશ્ન–** સયોગી કેવળી ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્યના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** સયોગી કેવળી ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્યના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– પ્રથમસમય સયોગીકેવળી ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્ય અને અપ્રથમ સમય સયોગી કેવળી ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્ય અથવા ચરમ સમય સયોગી કેવળી ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્ય અને અચરમ સમય સયોગી કેવળી ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્ય. આ સયોગી કેવળી ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્યનું કથન છે.

**१४८ से किं तं अजोगिकेवलिखीणकसायवीयरागदंसणारिया ?**

**अजोगिकेवलिखीणकसायवीयरागदंसणारिया दुविहा पण्णत्ता, तं जहा-पढमसमयअजोगिकेवलिखीणकसायवीयरागदंसणारिया य अपढमसमयअजोगि-केवलिखीणकसायवीयरागदंसणारिया य अहवा चरिमसमयअजोगिकेवलिखीण-कसायवीयरागदंसणारिया य अचरिमसमयअजोगिकेवलिखीणकसायवीयराग दंसणारिया। से तं अजोगिकेवलिखीणकसायवीयरागदंसणारिया । से तं केवलिखीणकसाय वीयरागदंसणारिया । से तं खीणकसायवीयरागदंसणारिया । से तं वीयरागदंसणारिया। से तं दंसणारिया ।**

**પ્રશ્ન–** અયોગી કેવળી ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્યના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** અયોગી કેવળી ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્યના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– પ્રથમ સમય અયોગી કેવળી ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્ય અને અપ્રથમ સમય અયોગી કેવળી ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્ય અથવા ચરમ સમય અયોગી કેવળી ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્ય અને અચરમ સમય અયોગી કેવળી ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્ય. આ અયોગી કેવળી ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્ય, કેવળી ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્ય, ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્ય, વીતરાગ દર્શનાર્ય અને દર્શનાર્ય મનુષ્યોનું કથન છે.

**१४९ से किं तं चरित्तारिया ? चरित्तारिया दुविहा पण्णत्ता, तं जहा- सरागचरित्तारिया य वीयराग चरित्तारिया य ।**

**પ્રશ્ન–** ચારિત્રાર્યના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** ચારિત્રાર્યના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– સરાગ ચારિત્રાર્ય અને વીતરાગ ચારિત્રાર્ય.

**१५० से किं तं सरागचरित्तारिया ? सरागचरित्तारिया दुविहा पण्णत्ता, तं जहा- सुहुमसंपरायसरागचरित्तारिया य बायरसंपरायसरागचरित्तारिया य ।**

**પ્રશ્ન–** સરાગ ચારિત્રાર્યના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** સરાગ ચારિત્રાર્યના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– સૂક્ષ્મ સંપરાય-સરાગ ચારિત્રાર્ય (૧૦મા ગુણસ્થાવર્તી જીવો) અને બાદર સંપરાય-સરાગ ચારિત્રાર્ય. (૬ થી ૯ ગુણસ્થાનવર્તી જીવો)

**१५१ से किं तं सुहुमसंपरायसरागचरित्तारिया ?**

**सुहुमसंपरायसरागचरित्तारिया दुविहा पण्णत्ता, तं जहा- पढमसमयसुहुम-संपराय-सरागचरित्तारिया य अपढमसमयसुहुमसंपरायसरागचरित्तारिया य अहवा चरिमसमय-सुहुमसंपरायसरागचरित्तारिया य अचरिमसमयसुहुमसंपरायसरागचरित्तारिया य अहवा सुहुमसंपरायसरागचरित्तारिया दुविहा पण्णत्ता, तं जहा- संकिलिस्समाणा य विसुज्झमाणा य । से तं सुहुमसंपरायचरित्तारिया ।**

**પ્રશ્ન–** સૂક્ષ્મ સંપરાય સરાગ ચારિત્રાર્યના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** સૂક્ષ્મ સંપરાય સરાગ ચારિત્રાર્યના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– પ્રથમ સમય સૂક્ષ્મ સંપરાય-સરાગ ચારિત્રાર્ય અને અપ્રથમ સમય સૂક્ષ્મ સંપરાય સરાગ ચારિત્રાર્ય અથવા ચરમ સમય સૂક્ષ્મ સંપરાય સરાગ ચારિત્રાર્ય અને અચરમ સમય સૂક્ષ્મ સંપરાય સરાગ ચારિત્રાર્ય અથવા સૂક્ષ્મ સંપરાય સરાગ ચારિત્રાર્યના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે–સંકિલશ્યમાન અને વિશુદ્ધયમાન. આ સૂક્ષ્મ સંપરાય સરાગ ચારિત્રાર્યનું કથન છે.

**૧૫૨ से किं तं बादरसंपरायसरागचरित्तारिया ?**

**बादरसंपरायसरागचरित्तारिया दुविहा पण्णत्ता, तं जहा- पढमसमयबादर-संपरायसरागचरित्तारिया य अपढमसमयबादरसंपरायसरागचरित्तारिया य अहवा चरिमसमय- बादरसंपरायसरागचरित्तारिया य अचरिमसमयबादरसंपरायसरागचरित्तारिया य अहवा बादरसंपरायसरागचरित्तारिया दुविहा पण्णत्ता, तं जहा- पडिवाई य अपडिवाई य । से तं बादरसंपरायसरागचरित्तारिया । से तं सरागचरित्तारिया ।**

**પ્રશ્ન–** બાદર સંપરાય સરાગ ચારિત્રાર્યના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** બાદર સંપરાય સરાગ ચારિત્રાર્યના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– પ્રથમ સમય બાદર સંપરાય સરાગ ચારિત્રાર્ય અને અપ્રથમ સમય બાદર સંપરાય સરાગ ચારિત્રાર્ય અથવા ચરમ સમય બાદર સંપરાય સરાગ ચારિત્રાર્ય અને અચરમ સમય બાદર સંપરાય સરાગ ચારિત્રાર્ય અથવા બાદર સંપરાય સરાગ ચારિત્રાર્યના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– પ્રતિપાતિ(ઉપશમ શ્રેણીના જીવો) અને અપ્રતિપાતિ. (ક્ષપક શ્રેણીના જીવો). આ બાદર સંપરાય-સરાગ ચારિત્રાર્ય તેમજ સરાગ ચારિત્રાર્યનું કથન પૂર્ણ થાય છે.

**૧૫૩ से किं तं वीयरागचरित्तारिया ? वीयरागचरित्तारिया दुविहा पण्णत्ता, तं जहा- उवसंतकसायवीयरागचरित्तारिया य खीणकसायवीयरागचरित्तारिया य ।**

**પ્રશ્ન–** વીતરાગ ચારિત્રાર્યના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** વીતરાગ ચારિત્રાર્યના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– ઉપશાંત કષાય વીતરાગ ચારિત્રાર્ય(૧૧મા ગુણસ્થાનના જીવો) અને ક્ષીણ કષાય વીતરાગ ચારિત્રાર્ય. (૧૨, ૧૩, ૧૪મા ગુણસ્થાનના જીવો)

**૧૫૪ से किं तं उवसंतकसायवीयरागचरित्तारिया ?**

**उवसंतकसायवीयरागचरित्तारिया दुविहा पण्णत्ता, तं जहा- पढमसमय-उवसंतकसाय-वीयरागचरित्तारिया य अपढमसमयउवसंतकसाय-वीयरागचरित्तारिया य, अहवा चरिमसमय-उवसंतकसाय-वीयरागचरित्तारिया य अचरिमसमयउवसंतकसायवीयराग-चरित्तारिया य । से तं उवसंतकसायवीयरागचरित्तारिया ।**

**પ્રશ્ન–** ઉપશાંતકષાય વીતરાગ ચારિત્રાર્યના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** ઉપશાંતકષાય વીતરાગ ચારિત્રાર્યના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– પ્રથમ સમય ઉપશાંત કષાય વીતરાગ ચારિત્રાર્ય અને અપ્રથમ સમય ઉપશાંત કષાય વીતરાગ ચારિત્રાર્ય અથવા

ચરમસમય ઉપશાંત કષાય વીતરાગ ચારિત્રાર્ય અને અચરમ સમય ઉપશાંત કષાય વીતરાગ ચારિત્રાર્ય. આ ઉપશાંત કષાય વીતરાગ ચારિત્રાર્યનું કથન છે.

**१५५ से किं तं खीणकसाय-वीयराग-चरित्तारिया ? खीणकसाय-वीयराग-चरित्तारिया दुविहा पण्णत्ता, तं जहा- छउमत्थखीणकसाय-वीयरागचरित्तारिया य केवलिखीणकसायवीयराग-चरित्तारिया य ।**

**પ્રશ્ન**– ક્ષીણ કષાય વીતરાગ ચારિત્રાર્યના કેટલા પ્રકાર છે ? **ઉત્તર**– ક્ષીણ કષાય-વીતરાગ ચારિત્રાર્યના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– છદ્મસ્થ-ક્ષીણકષાય-વીતરાગ ચારિત્રાર્ય(૧૨મા ગુણસ્થાનના જીવો) અને કેવળી ક્ષીણ કષાય વીતરાગ ચારિત્રાર્ય. (૧૩, ૧૪મા ગુણસ્થાનના જીવો)

**१५६ से किं तं छउमत्थ-खीणकसाय-वीयराग-चरित्तारिया ? छउमत्थखीणकसायवीयराग-चरित्तारिया दुविहा पण्णत्ता, तं जहा- सयंबुद्धछउमत्थखीणकसायवीयरागचरित्तारिया य बुद्धबोहियछउमत्थखीणकसाय-वीयरागचरित्तारिया य ।**

**પ્રશ્ન**– છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ ચારિત્રાર્યના કેટલા પ્રકાર છે ? **ઉત્તર**– છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ ચારિત્રાર્યના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– સ્વયંબુદ્ધ છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ ચારિત્રાર્ય અને બુદ્ધબોધિત છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ ચારિત્રાર્ય.

**१५७ से किं तं सयंबुद्ध-छउमत्थ-खीणकसायवीयरागचरित्तारिया ?**

**सयंबुद्धछउमत्थ-खीणकसायवीयरागचरित्तारिया दुविहा पण्णत्ता, तं जहा-पढम समय-सयंबुद्ध-छउमत्थ-खीणकसायवीयराग-चरित्तारिया य अपढमसमय-सयंबुद्ध-छउमत्थ-खीणकसायवीयरागचरित्तारिया य, अहवा चरिमसमय-सयंबुद्ध-छउमत्थ-खीणकसाय-वीयराग-चरित्तारिया य अचरिमसमय-सयंबुद्धछउमत्थ-खीणकसाय-वीयराग-चरित्तारिया य । से तं सयंबुद्धछउमत्थ-खीणकसाय-वीयराग-चरित्तारिया। से तं छउमत्थखीणकसाय-वीयराग-चरित्तारिया ।**

**પ્રશ્ન**– સ્વયંબુદ્ધ છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ ચારિત્રાર્યના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર**– સ્વયંબુદ્ધ છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ ચારિત્રાર્યના બે પ્રકાર છે, તે આ પ્રમાણે– પ્રથમ સમય સ્વયંબુદ્ધ છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ ચારિત્રાર્ય અને અપ્રથમ સમય સ્વયંબુદ્ધ છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ ચારિત્રાર્ય; અથવા ચરમ સમય સ્વયંબુદ્ધ છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ ચારિત્રાર્ય અને અચરમ સમય સ્વયંબુદ્ધ છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ ચારિત્રાર્ય.

**१५८ से किं तं बुद्धबोहियछउमत्थ-खीणकसायवीयरागचरित्तारिया ?**

**बुद्धबोहियछउमत्थखीणकसायवीयरागचरित्तारिया दुविहा पण्णत्ता, तं जहा- पढम समय-बुद्धबोहियछउमत्थ-खीणकसायवीयरागचरित्तारिया य अपढमसमय-बुद्धबोहियछउमत्थ-खीणकसायवीयरागचरित्तारिया य, अहवा चरिमसमय-बुद्धबोहियछउमत्थखीणकसाय-वीयरागचरित्तारिया य अचरिमसमयबुद्धबोहिय-छउमत्थखीणकसायवीयरागचरित्तारिया य। से**

**तं बुद्धबोहियछउमत्थखीणकसाय-वीयरागचरित्तारिया । से तं छउमत्थखीणकसायवीयराग चरित्तारिया ।**

**પ્રશ્ન–** બુદ્ધબોધિત છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ ચારિત્રાર્યના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** બુદ્ધબોધિત છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ ચારિત્રાર્યના બે પ્રકાર છે, તે આ પ્રમાણે– પ્રથમ સમય બુદ્ધબોધિત છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ ચારિત્રાર્ય અને અપ્રથમ સમય બુદ્ધબોધિત છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ ચારિત્રાર્ય અથવા ચરમસમય–બુદ્ધબોધિત છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ ચારિત્રાર્ય અને અચરમ સમય બુદ્ધબોધિત છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ ચારિત્રાર્ય. આ રીતે બુદ્ધબોધિત છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ ચારિત્રાર્ય અને છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ ચારિત્રાર્યોનું વર્ણન સંપૂર્ણ થાય છે.

**१५९ से किं तं केवलिखीणकसायवीयरागचरित्तारिया ? केवलिखीणकसायवीयराग-चरित्तारिया दुविहा पण्णत्ता, तं जहा- सजोगि-केवलिखीणकसायवीयरागचरित्तारिया य अजोगिकेवलीखीणकसायवीयरागचरित्तारिया य ।**

**પ્રશ્ન–** કેવળી ક્ષીણકષાય વીતરાગ ચારિત્રાર્યના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** કેવળી ક્ષીણકષાય વીતરાગ ચારિત્રાર્યના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– સયોગી કેવળી ક્ષીણકષાય વીતરાગ ચારિત્રાર્ય(૧૩મા ગુણસ્થાનના જીવો) અને અયોગી કેવળી ક્ષીણકષાય વીતરાગ ચારિત્રાર્ય. (૧૪મા ગુણસ્થાનના જીવો)

**१६० से किं तं सजोगिकेवलिखीणकसायवीयरागचरित्तारिया ?**

**सजोगिकेवलिखीणकसायवीयरागचरित्तारिया दुविहा पण्णत्ता, तं जहा- पढम समयसजोगिकेवलिखीणकसायवीयरागचरित्तारिया य अपढमसमयसजोगिकेवलिखीणकसाय-वीयरागचरित्तारिया य अहवा चरिमसमयसजोगिकेवलिखीणकसाय-वीयरागचरित्तारिया य अचरिमसमयसजोगिकेवलिखीणकसायवीयराग-चरित्तारिया य । से तं सजोगिकेवलि-खीणकसायवीयरागचरित्तारिया ।**

**પ્રશ્ન–** સયોગી કેવળી ક્ષીણકષાય વીતરાગ ચારિત્રાર્યના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** સયોગી કેવળી ક્ષીણકષાય વીતરાગ ચારિત્રાર્યના બે પ્રકાર છે, તે આ પ્રમાણે– પ્રથમ સમય સયોગીકેવળી ક્ષીણકષાય વીતરાગ ચારિત્રાર્ય અને અપ્રથમ સમય સયોગી કેવળી ક્ષીણકષાય વીતરાગ ચારિત્રાર્ય અથવા ચરમ સમય સયોગી કેવળી ક્ષીણકષાય વીતરાગ ચારિત્રાર્ય અને અચરમ સમય સયોગી કેવળી ક્ષીણકષાય વીતરાગ ચારિત્રાર્ય. આ સયોગી કેવળી ક્ષીણ કષાય વીતરાગ ચારિત્રાર્યોનું નિરૂપણ છે.

**१६१ से किं तं अजोगिकेवलिखीणकसायवीयरागचरित्तारिया ?**

**अजोगिकेवलिखीणकसायवीयरागचरित्तारिया दुविहा पण्णत्ता, तं जहा- पढमसमय-अजोगीकेवलिखीणकसायवीयरागचरित्तारिया य अपढमसमयअजोगि-केवलिखीणकसाय-वीयरागचरित्तारिया य अहवा चरिमसमयअजोगिकेवलि-खीणकसायवीयरागचरित्तारिया य अचरिमसमयअजोगिकेवलिखीणकसायवीयरागचरित्तारिया य । से तं अजोगिकेवलि-**

**खीणकसायवीयरागचरित्तारिया । से तं केवलिखीणकसायवीयरागचरित्तारिया। से तं खीणकसायवीयरागचरित्तारिया। से तं वीयरागचरित्तारिया ।**

**પ્રશ્ન–** અયોગી કેવળી ક્ષીણકષાય વીતરાગ ચારિત્રાર્યના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** અયોગી કેવળી ક્ષીણકષાય વીતરાગ ચારિત્રાર્યના બે પ્રકાર છે– પ્રથમ સમય અયોગી-કેવળી ક્ષીણકષાય વીતરાગ ચારિત્રાર્ય અને અપ્રથમ સમય અયોગી કેવળી ક્ષીણકષાય વીતરાગ ચારિત્રાર્ય અથવા ચરમ સમય અયોગી કેવળી ક્ષીણકષાય વીતરાગ ચારિત્રાર્ય અને અચરમ સમય અયોગી કેવળી ક્ષીણ કષાય વીતરાગ ચારિત્રાર્ય. આ રીતે અયોગી કેવળી ક્ષીણકષાય વીતરાગ ચારિત્રાર્ય, કેવળી ક્ષીણકષાય વીતરાગ ચારિત્રાર્ય અને વીતરાગ ચારિત્રાર્યનું નિરૂપણ પૂર્ણ થાય છે.

**१६२ अहवा चरित्तारिया पंचविहा पण्णत्ता, तं जहा– सामाइयचरित्तारिया छेदोवट्ठावणिय-चरित्तारिया परिहारविसुद्धियचरित्तारिया सुहुमसंपरायचरित्तारिया अहक्खायचरित्तारिया ।**

અથવા પ્રકારાન્તરથી ચારિત્રાર્યના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) સામાયિક ચારિત્રાર્ય, (૨) છેદોપસ્થાપનીય ચારિત્રાર્ય, (૩) પરિહાર વિશુદ્ધ ચારિત્રાર્ય, (૪) સૂક્ષ્મસંપરાય ચારિત્રાર્ય અને (૫) યથાખ્યાત ચારિત્રાર્ય.

**१६३ से किं तं सामाइयचरित्तारिया ? सामाइयचरित्तारिया दुविहा पण्णत्ता, तं जहा– इत्तरियसामाइयचरित्तारिया य आवकहियसामाइयचरित्तारिया य । से तं सामाइयचरित्तारिया।**

**પ્રશ્ન–** સામાયિક ચારિત્રાર્યના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** સામાયિક ચારિત્રાર્યના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– ઈત્વરિક સામાયિક ચારિત્રાર્ય અને યાવત્કથિત સામાયિક ચારિત્રાર્ય. આ સામાયિક ચારિત્રાર્યનું નિરૂપણ છે.

**१६४ से किं तं छेदोवट्ठावणियचरित्तारिया । छेदोवट्ठावणियचरित्तारिया दुविहा पण्णत्ता, तं जहा– साइयारछेदोवट्ठावणिय-चरित्तारिया य णिरइयारछेदोवट्ठावणियचरित्तारिया य । से तं छेदोवट्ठावणिय-चरित्तारिया ।**

**પ્રશ્ન–** છેદોપસ્થાપનીય ચારિત્રાર્યના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** છેદોપસ્થાપનીય ચારિત્રાર્યના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– સાતિચાર છેદોપસ્થાપનીય ચારિત્રાર્ય અને નિરતિચાર છેદોપસ્થાપનીય ચારિત્રાર્ય. આ રીતે છેદોપસ્થાપનીય ચારિત્રાર્યનું વર્ણન પૂર્ણ થાય છે.

**१६५ से किं तं परिहारविसुद्धिय-चरित्तारिया ? परिहारविसुद्धियचरित्तारिया दुविहा पण्णत्ता, तं जहा– णिव्विसमाण-परिहारविसुद्धियचरित्तारिया य निव्विट्ठकाइयपरिहारविसुद्धिय- चरित्तारिया य । से तं परिहारविसुद्धियचरित्तारिया ।**

**પ્રશ્ન–** પરિહાર વિશુદ્ધ ચારિત્રાર્યના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** પરિહાર વિશુદ્ધ ચારિત્રાર્યના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– નિર્વિશ્યમાનક પરિહાર વિશુદ્ધ ચારિત્રાર્ય અને નિર્વિષ્ટકાયિક પરિહાર વિશુદ્ધ ચારિત્રાર્ય. આ પરિહાર વિશુદ્ધ ચારિત્રાર્યનું નિરૂપણ છે.

**१६६ से किं तं सुहुमसंपराय-चरित्तारिया ? सुहुमसंपरायचरित्तारिया दुविहा पण्णत्ता,**

**तं जहा- संकिलिस्समाणसुहुम-संपरायचरित्तारिया य विसुज्झमाणसुहुमसंपरायचरित्तारिया य । से तं सुहुम-संपरायचरित्तारिया ।**

**પ્રશ્ન**– સૂક્ષ્મ સંપરાય ચારિત્રાર્યના કેટલા પ્રકાર છે ? **ઉત્તર**– સૂક્ષ્મ સંપરાયચારિત્રાર્યના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– સંકિલશ્યમાન સૂક્ષ્મસંપરાય ચારિત્રાર્ય અને વિશુદ્ધયમાન સૂક્ષ્મ સંપરાય ચારિત્રાર્ય. આ સૂક્ષ્મ સંપરાય ચારિત્રાર્યનું નિરૂપણ છે.

**१६७ से किं तं अहक्खायचरित्तारिया ? अहक्खायचरित्तारिया दुविहा पण्णत्ता, तं जहा- छउमत्थअहक्खाय चरित्तारिया य केवलिअहक्खायचरित्तारिया य । से तं अहक्खाय-चरित्तारिया । से तं चरित्तारिया । से तं अणिड्ढिपत्तारिया । से तं आरिया । से तं कम्मभूमगा । से तं गब्भवक्कंतिया । से तं मणुस्सा ।**

**પ્રશ્ન**– યથાખ્યાત ચારિત્રાર્યના કેટલા પ્રકાર છે ? **ઉત્તર**– યથાખ્યાત ચારિત્રાર્યના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– છદ્મસ્થ યથાખ્યાત ચારિત્રાર્ય અને કેવળી યથાખ્યાત-ચારિત્રાર્ય. આ યથાખ્યાત ચારિત્રાર્યનું નિરૂપણ છે. આ રીતે ચારિત્રાર્યમાં ઋદ્ધિ અપ્રાપ્ત આર્યનું, આર્ય મનુષ્યોનું, આર્ય કર્મભૂમિજ મનુષ્યોનું, ગર્ભજ મનુષ્યોનું અને મનુષ્ય પંચેન્દ્રિય સંસાર સમાપન્ન જીવોનું નિરૂપણ પૂર્ણ થાય છે.

**વિવેચન :-**

પ્રસ્તુત સૂત્રોમાં આર્ય મનુષ્યોનું વિસ્તૃત નિરૂપણ છે.

**આર્ય :– आरात्याताः** । આરાત્ અવ્યય, દૂર અને સમીપ વાચી છે. પ્રસ્તુત પ્રસંગમાં આરાત્ શબ્દનો અર્થ આ પ્રમાણે થાય છે– હેય ધર્મોથી દૂર અને ઉપાદેય ધર્મની સમીપ **याताः** = ગયેલા (પ્રાપ્ત થયેલા) અર્થાત્ છોડવા યોગ્ય ધર્મોથી દૂર ગયેલા અને આદરવા યોગ્ય ધર્મોની સમીપ આવેલા મનુષ્યોને આર્ય કહે છે. તેના મુખ્ય બે ભેદ છે.

**(૧) ઋદ્ધિ પ્રાપ્ત આર્ય :–** વૈક્રિય આદિ લબ્ધિ અને ઋદ્ધિથી યુક્ત તેવા અરિહંત આદિ છ પ્રકારના જીવોને ઋદ્ધિ પ્રાપ્ત આર્યો કહે છે.

**(૨) ઋદ્ધિ અપ્રાપ્ત આર્ય :–** વૈક્રિયાદિ લબ્ધિ કે ઋદ્ધિથી રહિત હોય તેવા આર્યોને ઋદ્ધિ અપ્રાપ્ત આર્ય કહે છે– તેના નવ પ્રકાર છે. (૧) ક્ષેત્રાર્ય (૨) જાતિ-આર્ય (૩) કુલાર્ય (૪) કર્માર્ય (૫) શિલ્પાર્ય (૬) ભાષાર્ય (૭) જ્ઞાનાર્ય (૮) દર્શનાર્ય (૯) ચારિત્રાર્ય.

**(૧) ક્ષેત્રાર્ય :–** જે ક્ષેત્રમાં અરિહંત આદિ ઉત્તમ પુરુષો ઉત્પન્ન થાય છે, તે સૂત્રોક્ત સાડા પચ્ચીસ ક્ષેત્રોના મનુષ્યો ક્ષેત્રાર્ય છે.

**(૨) જાતિઆર્ય :–** જેનો માતૃવંશ શ્રેષ્ઠ અને શિષ્ટજન સંમત હોય, તે જાતિ આર્ય છે. સૂત્રકારે છ પ્રકારની સન્માનનીય જાતિનું કથન કર્યું છે. તે ભાવાર્થથી સ્પષ્ટ છે.

**(૩) કુળાર્ય :–** જેનો પિતૃવંશ શ્રેષ્ઠ અને સન્માનનીય હોય તે કુલાર્ય છે. સૂત્રોક્ત ઉગ્ર આદિ છ કુળ શ્રેષ્ઠ મનાય છે.

**(૪) કર્માર્ય :–** શિષ્ટ સંમત અહિંસાપ્રધાન આજીવિકા ચલાવતા હોય તેને કર્માર્ય કહે છે.

**(૫) શિલ્પાર્ય :–** જે શિલ્પ અહિંસા આદિ ધર્માંગોથીયુક્ત તથા સજ્જન પુરુષોના આચારને અનુકૂળ હોય તે આર્ય શિલ્પ છે. આર્ય શિલ્પથી પોતાનો જીવનનિર્વાહ કરનાર શિલ્પાર્ય કહેવાય છે.

**(૬) ભાષાર્ય :–** શિષ્ટજનોને માન્ય ભાષા અને લિપિનો પ્રયોગ કરનારને ભાષા આર્ય કહે છે. તે સમયે અર્ધમાગધી ભાષા અને બ્રાહ્મી લિપિ પ્રચલિત હોવાથી સૂત્રકારે તેનું કથન કર્યું છે. ઉપલક્ષણથી શિષ્ટજન સંમત, આદરસૂચક, કોમળ અને કાંતપદોથી યુક્ત ભાષાનો પ્રયોગ કરનાર ભાષા આર્ય છે.

**(૭) જ્ઞાનાર્ય :–** મતિ આદિ પાંચ જ્ઞાનને ધારણ કરનારા તે તે પ્રકારના જ્ઞાનાર્ય કહેવાય છે. યથા– મતિજ્ઞાનાર્ય, શ્રુતજ્ઞાનાર્ય આદિ.

**(૮) દર્શનાર્ય :–** સમ્યગ્દર્શન યુક્ત હોય તે દર્શનાર્ય છે. દર્શનાર્યના બે ભેદ છે. સરાગ દર્શનાર્ય અને વીતરાગ દર્શનાર્ય.

**સરાગ દર્શનાર્ય :–** ૪ થી ૧૦ ગુણસ્થાન સુધીના રાગ સહિતના જીવોના સમ્યગ્દર્શનને સરાગ સમ્યગ્ દર્શન કહે છે. તેના નિસર્ગરુચિ આદિ દશ પ્રકાર છે.

**નિસર્ગાદિ દશ રુચિ :–** સમ્યગ્દર્શન આત્માનો ગુણ છે, તે અનુભૂતિરૂપ છે. અનુભૂતિની પ્રાપ્તિ પૂર્વે સાધકોને તત્ત્વોની શ્રદ્ધા, પ્રતીતિ અને રુચિ થવી અનિવાર્ય છે. તત્ત્વોની રુચિ અનુભૂતિનું નિમિત્ત બની શકે છે, તેથી સૂત્રકારે સમ્યગ્દર્શનના કારણરૂપ દશ પ્રકારની રુચિની ગણના સમ્યગ્દર્શનના દશ પ્રકારરૂપે કરી છે. તત્ત્વોની રુચિ થવાના પણ અનેક કારણો હોય શકે છે. વ્યક્તિની યોગ્યતા ભેદે તેના દશ કારણોનું સૂત્રકારે કથન કર્યું છે. જે સૂત્રાર્થથી સ્પષ્ટ છે. વિશેષ વિવેચન માટે જુઓ ***શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર અધ્ય.–૨૮.***

પ્રસ્તુત પ્રસંગમાં સૂત્રકારે દશ પ્રકારની રુચિના સ્વરૂપને પ્રદર્શિત કરતી દશ ગાથાઓ આપી છે. તે શ્રી ઉત્તરાધ્યયન સૂત્રાનુસાર છે પરંતુ તેમાં આજ્ઞારુચિના સ્વરૂપને પ્રદર્શિત કરતી ૧૨૩મી ગાથામા કંઈક ભિન્નતા છે. ઉત્તરાધ્યયન સૂત્રની તદ્વિષયક ગાથા આ પ્રમાણે છે–

**रागो दोसो मोहो, अण्णाणं जस्स अवगयं होइ ।**
**आणाए रोयंतो, सो खलु आणारुई णाम ॥** *– અધ્યયન–૨૮, ગાથા–૨૦.*

**અર્થ–** જેના રાગ, દ્વેષ, મોહ, અજ્ઞાન નષ્ટ થયા છે તેવા વીતરાગીના વચન સત્ય હોય છે, અન્યથા નથી; તે પ્રમાણે જાણીને જે વીતરાગના વચન પર શ્રદ્ધા કરે છે, તે આજ્ઞા રુચિ છે.

**સમ્યગ્દર્શનના લક્ષણ :–** સમ્યગ્દર્શનની અભિવ્યક્તિ પાત્રભેદે ભિન્ન ભિન્ન રીતે થાય છે. સરાગી જીવોના સમ્યગ્દર્શનની અભિવ્યક્તિરૂપ ત્રણ લક્ષણનું અહીં કથન છે.

**परमत्थ संथवो** **परमाश्च-तात्त्विकाश्च तेऽर्थाश्च जीवादयस्ते परमार्थः तेषु संस्तवः परिचय।** વાસ્તવિક રીતે એક આત્મભાવ જ પરમાર્થ છે, તેનો પરિચય કરવો. તેના માટે જીવાદિ નવ તત્ત્વો અને છ દ્રવ્યના સૂક્ષ્મ અર્થને જાણવા માટે તીવ્ર ઈચ્છા સહિત પુરુષાર્થ કરવો તે પરમાર્થનો પરિચય છે.

**सुदिठिसेवणा** **सुष्ठु-सम्यग्रीत्या दृष्टाः परमार्थाः जीवादयो यैस्ते सुदृष्टपरमार्थाः तेषां सेवना - पर्युपास्तिः सुदृष्टपरमार्थ सेवनं ।** જેણે પરમાર્થને સમ્યક પ્રકારે જાણ્યો છે તેવા પરમપુરુષોની પર્યુપાસના–સેવા કરવી.

**वावण्ण कुदंसण वज्जणा** **व्यापन्नं-विनष्टं दर्शनं येषां ते व्यापन्नदर्शनाः-निह्नवादयः तथा कुत्सितदर्शनं येषां ते कुदर्शनाः-शाक्यादयस्तेषां वर्जनं व्यापन्नकुदर्शनवर्जनम् ।** સમ્યગ્દર્શનથી પતિત થયેલા જીવો, નિહ્નવાદિ અને શાક્યાદિ કુદર્શનીઓના સંગનો ત્યાગ કરવો.

તત્ત્વોમાં શંકાનો અભાવ તેમજ સાત પ્રકારના ભયનો અભાવ. કોઈ પણ પ્રકારનો ભય કે શંકા ન કરવી, તે નિશંકિત ગુણ છે.

પર મત કે પર દ્રવ્યની સ્પૃહાનો અભાવ. પુણ્ય અને પાપના ફળની ઈચ્છા ન કરવી, કોઈ પણ વિભાવની ઈચ્છા ન કરવી, તે નિષ્કાંક્ષિત ગુણ છે.

ગ્લાનિનો અભાવ. અનુકૂળ કે પ્રતિકૂળ પરિસ્થિતિમાં ગ્લાનિ-ખિન્નતાનો અનુભવ ન કરવો, ધર્માનુષ્ઠાનના ફળમાં સંશય ન કરવો, તે નિર્વિચિકિત્સા ગુણ છે.

મૂઢતાનો અભાવ અર્થાત્ વિવેક દષ્ટિ. આગમોના સૂક્ષ્મ રહસ્યો સાંભળીને મુંઝાવું નહીં કે અનેક મતમતાંતરો અને વિવાદાસ્પદ વિચારોને જોઈને દિઙ્મૂઢ થવું નહીં. સુલસા શ્રાવિકાની જેમ શ્રદ્ધાને દઢ રાખવી, તે અમૂઢદષ્ટિ ગુણ છે.

ઉપબૃંહ–વૃદ્ધિ કરવી. આત્મગુણોની વૃદ્ધિ કરવી. ક્યાંક ઉપગૂહન શબ્દ જોવા મળે છે. ઉપગૂહન એટલે છુપાવવું. આત્મગુણોને છુપાવવા નહીં અર્થાત્ તેને પ્રગટ કરવા માટે પ્રયત્ન કરવો, તે ઉપબૃંહણ ગુણ છે.

પોતાના આત્માને અથવા અન્ય જીવોને આત્મસ્વભાવમાં, જિન પ્રવચનમાં, શ્રદ્ધામાં સ્થિર કરવા, તે સ્થિરિકરણ ગુણ છે.

સ્વસ્વરૂપમાં, જિનમાર્ગમાં અને સર્વ જીવ માત્રમાં અત્યંત પ્રીતિભાવ રાખવો, તે વાત્સલ્યતા ગુણ છે.

**धर्मकथादिभिस्तीर्थप्रख्यापना** । ધર્મકથા આદિ દ્વારા તીર્થની પ્રખ્યાતિ કરવી, સ્વના શુદ્ધ સ્વરૂપને અને શુદ્ધ માર્ગને પ્રગટ કરવા, તે પ્રભાવનાગુણ છે.

આ આઠ આચારમાં પ્રથમ ચાર આચાર સાધકના આંતરગુણો છે અને શેષ ચાર આચાર બાહ્યગુણો છે. તેનું પ્રગટીકરણ અન્ય નિહાળી શકે છે અન્ય જીવોને તેનો લાભ મળી શકે છે.

તેના બે પ્રકાર છે–(૧) ઉપશાંતકષાય વીતરાગ દર્શનાર્ય– જેના કષાયો સર્વથા ઉપશાંત થઈ ગયા છે તેવા અગિયારમા ગુણસ્થાનવર્તી જીવો અને (૨) ક્ષીણકષાયવીતરાગદર્શનાર્ય– જેના કષાયો સર્વથા ક્ષીણ થઈ ગયા છે તેવા બારમા, તેરમા, ચૌદમા ગુણસ્થાનવર્તી જીવો.

બે પ્રકાર છે– (૧) છદ્મસ્થક્ષીણકષાય વીતરાગ દર્શનાર્ય–૧૨મા ગુણસ્થાનવર્તી જીવો. (૨) કેવળીક્ષીણ કષાયવીતરાગ દર્શનાર્ય– ૧૩, ૧૪મા ગુણસ્થાનવર્તી જીવો.

બે પ્રકાર છે– (૧) સ્વયંબુદ્ધ ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્ય– સ્વયં પોતાની મેળે બોધ પામીને વીતરાગ દશાને પ્રાપ્ત થયેલા. (૨) બુદ્ધબોધિત ક્ષીણકષાય વીતરાગ દર્શનાર્ય– કેવળી ભગવાન આદિ અન્ય દ્વારા બોધને પામીને વીતરાગ દશાને પામેલા.

બે પ્રકાર છે– (૧) સયોગીકેવળી વીતરાગ દર્શનાર્ય– તેરમા ગુણસ્થાનવર્તી જીવો. (૨) અયોગીકેવળી વીતરાગ દર્શનાર્ય– ચૌદમા ગુણસ્થાનવર્તી જીવો.

ઉપરોક્ત પ્રત્યેક ભેદના પ્રથમસમયવર્તી, અપ્રથમસમયવર્તી દર્શનાર્ય અને ચરમસમયવર્તી, અચરમસમયવર્તી દર્શનાર્ય, આ પ્રમાણે બે-બે ભેદ થાય છે.

તે-તે અવસ્થાની પ્રાપ્તિનો પ્રથમ સમય. જેમ કે અગિયારમા ગુણસ્થાનની પ્રાપ્તિના પ્રથમ સમયવર્તી જીવ પ્રથમ સમય ઉપશાંતકષાય વીતરાગ દર્શનાર્ય કહેવાય. તે રીતે દરેક સ્થાને પ્રથમ સમયનો અર્થ સમજવો.

તે-તે અવસ્થાની પ્રાપ્તિના પ્રથમ સમયને છોડીને શેષ સર્વ સમય અપ્રથમ સમય કહેવાય છે. જેમ– ઉપશાંત કે ક્ષીણકષાય વીતરાગ થયાને બે સમય કે તેથી અધિક સમય થયા હોય, તો તે અપ્રથમ સમય કષાય વીતરાગ દર્શનાર્ય કહેવાય છે.

તે-તે અવસ્થાનો ચરમ-અંતિમ સમય. જેમ કે ૧૧મા ગુણસ્થાનના અંતિમ સમયવર્તી જીવો ચરમ સમય ઉપશાંત કષાય વીતરાગ દર્શનાર્ય કહેવાય છે.

તે-તે અવસ્થાના અંતિમ સમયને છોડીને શેષ સર્વ સમય અર્થાત્ પ્રથમ સમયથી લઈ દ્વિચરમ સુધીના સમયને અચરમ સમય કહે છે. જેમ કે અગિયારમા ગુણસ્થાનવર્તી જીવો પ્રથમ સમયથી દ્વિચરમ સમય પર્યંત અચરમ સમય ઉપશાંત કષાય વીતરાગ દર્શનાર્ય કહેવાય છે.

સમ્યક્ ચારિત્રયુક્ત હોય તેને ચારિત્રઆર્ય કહે છે. તેના પણ બે ભેદ છે. સરાગ ચારિત્રાર્ય અને વીતરાગ ચારિત્રાર્ય.

રાગસહિત પુરુષનું ચારિત્ર સરાગ ચારિત્ર છે અથવા જે ચારિત્રમાં રાગાદિ કષાયોનો સદ્ભાવ હોય તેવા, ૬ થી ૧૦મા ગુણસ્થાન સુધીના ચારિત્રવાન સાધકને સરાગ ચારિત્રાર્ય કહે છે. તેના બે પ્રકાર છે–(૧) સૂક્ષ્મ કષાય(સંજ્વલન લોભ)યુક્ત દશમા ગુણસ્થાનવર્તી જીવોનું ચારિત્ર સૂક્ષ્મ સંપરાય ચારિત્ર છે. (૨) સ્થૂળ કષાયયુક્ત ચારિત્રને અર્થાત્ છટ્ઠાથી નવમા ગુણસ્થાનવર્તી જીવોનું ચારિત્ર બાદર સંપરાય ચારિત્ર છે. તેના ભેદ પ્રભેદ ભાવાર્થથી સ્પષ્ટ છે.

આ બંને ચારિત્રના ત્રણ-ત્રણ પ્રકારે બે ભેદ છે. સૂક્ષ્મ સંપરાય ચારિત્રના ત્રણ પ્રકારે બે ભેદ આ પ્રમાણે છે– (૧) પ્રથમ સમય-અપ્રથમ સમય, (૨) ચરમ-અચરમ સમય અને (૩) સંકિલશ્યમાન અર્થાત્ શ્રેણીથી ઉતરતા જીવોનું ચારિત્ર અને વિશુદ્ધયમાન અર્થાત્ શ્રેણી ચઢતા જીવોનું ચારિત્ર. બાદર સંપરાય ચારિત્રના ત્રણ પ્રકારે બે ભેદ આ પ્રમાણે છે– (૧) પ્રથમ-અપ્રથમ સમય, (૨) ચરમ-અચરમ સમય અને (૩) પ્રતિપાતિ (ઉપશમશ્રેણિગત ચારિત્ર) અને અપ્રતિપાતિ(ક્ષપકશ્રેણિગત ચારિત્ર).

તેના બે પ્રકાર છે– (૧) ઉપશાંત કષાય વીતરાગ ચારિત્ર (૧૧મા ગુણસ્થાનવર્તીનું ચારિત્ર) અને (૨) ક્ષીણ કષાય વીતરાગ ચારિત્ર(૧૨, ૧૩, ૧૪ ગુણસ્થાનવર્તી જીવોનું ચારિત્ર). ક્ષીણ કષાય વીતરાગ ચારિત્રના પુનઃ બે ભેદ છે– (૧) બારમા ગુણસ્થાનવર્તી જીવોનું છદ્મસ્થ ક્ષીણકષાય વીતરાગ ચારિત્ર અને (૨) ૧૩, ૧૪ ગુણસ્થાનવર્તી જીવોનું કેવળી ક્ષીણકષાય વીતરાગ ચારિત્ર છે.

કેવળી ક્ષીણકષાય વીતરાગ ચારિત્રના બે પ્રકાર છે– (૧) સયોગીકેવળી વીતરાગ ચારિત્ર– તેરમા ગુણસ્થાનવર્તી કેવળી ભગવાનનું ચારિત્ર (૨) અયોગી કેવળી વીતરાગ ચારિત્ર– ચૌદમા ગુણસ્થાનવર્તી કેવળી ભગવાનનું ચારિત્ર. તેના પણ પ્રથમ-અપ્રથમ સમય, ચરમ-અચરમ સમયરૂપ બે-બે ભેદ થાય છે.

સામાયિકાદિ પાંચ પ્રકારના ચારિત્રની અપેક્ષાએ ચારિત્રાર્યના પાંચ પ્રકાર છે– (૧) સામાયિક ચારિત્રને ધારણ કરનાર સામાયિક ચારિત્રાર્ય છે. (૨) છેદોપસ્થાપનીય ચારિત્રને ધારણ કરનારા છેદોપસ્થાપનીય ચારિત્રાર્ય છે. (૩, ૪,૫) આ જ રીતે પરિહાર વિશુદ્ધ, સૂક્ષ્મ સંપરાય અને યથાખ્યાત ચારિત્રને ધારણ કરનાર તે તે ચારિત્રાર્ય કહેવાય છે. પાંચ ચારિત્રના વિશેષ વર્ણન માટે જુઓ– ***શ્રી ભગવતી સૂત્ર : શતક–૨૫, ઉદ્દેશક–૭.***



કર્મભૂમિના મનુષ્યો
મ્લેચ્છ (અનાર્ય) શક, યવનાદિ અનેક પ્રકાર
આર્ય
ઋદ્ધિપ્રાપ્ત
નોઋદ્ધિપ્રાપ્ત
અરિહંત
ચક્રવર્તી
બળદેવ
વાસુદેવ
ચારણ
વિદ્યાધર
ક્ષેત્રાર્ય ૨૫½ આર્યક્ષેત્રના મનુષ્યો
જાતિઆર્ય અંબષ્ઠાદિ ૬ જાતિના મનુષ્યો
કુલાર્ય ઉગ્રાદિ ૬ કુલના મનુષ્યો
કર્માર્ય કાપડ, વાસણાદિના વેપારી મનુષ્યો
શિલ્પાર્ય સુથાર લુહારાદિ કારીગર મનુષ્યો
ભાષાર્ય અર્ધમાગધી ભાષા બોલનારા તથા ૧૮ લિપિ લખનારા મનુષ્યો
જ્ઞાનાર્ય મતિજ્ઞાન આદિ પાંચ જ્ઞાનના ધારક મનુષ્યો
દર્શનાર્ય
ચારિત્રાર્ય (૨)
સરાગ દર્શનાર્ય– નિસર્ગાદિ ૧૦ રુચિ તથા સમ્યગ્દર્શનના આઠ આચારના ધારક મનુષ્યો
૪ સૂક્ષ્મ સંપરાય ચા.
૩ પરિહાર વિશુદ્ધ ચા.
૨ છેદોપસ્થાપનીય ચા.
સંક્લિશ્યમાન
વિશુદ્ધ્યમાન
નિર્વિશ્યમાન
નિર્વિષ્ટકાય
સાતિચાર
નિરતિચાર
વીતરાગ દર્શનાર્ય
૫ યથાખ્યાત ચારિત્રાર્ય
વીતરાગ ચરિત્રાર્ય
૧ સામાયિક ચારિત્ર
સરાગ ચારિત્રાર્ય
ઉપશાંતકષાય (૧૧મું ગુણ.)
ક્ષીણકષાય (૧૨ થી ૧૪ ગુણ.)
ઈત્વરિક
યાવત્કથિત
સૂક્ષ્મ સંપરાય સરાગ ચારિત્રાર્ય
બાદર સંપરાય સરાગ ચારિત્રાર્ય
સંક્લિશ્યમાન
વિશુદ્ધ્યમાન
પ્રથમ સમય
અપ્રથમ સમય
ચરમ સમય
અચરમ સમય
છદ્મસ્થ (૧૨મું ગુણ.)
કેવળી (૧૩–૧૪ ગુણ.)
સ્વયંબુદ્ધ
બુદ્ધબોધિત
સયોગી
અયોગી
પ્રતિપાતી
અપ્રતિપાતી
પ્રથમ, અપ્રથમ સમય અથવા ચરમ, અચરમ સમય

**દેવોના ભેદ-પ્રભેદ :-**

**१६८ से किं तं देवा ? देवा चउव्विहा पण्णत्ता, तं जहा- भवणवासी वाणमंतरा जोइसिया वेमाणिया ।**

દેવોના કેટલા પ્રકાર છે ? દેવોના ચાર પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) ભવનવાસી, (૨) વાણવ્યંતર, (૩) જ્યોતિષ્ક અને (૪) વૈમાનિક.

**१६९ से किं तं भवणवासी ? भवणवासी दसविहा पण्णत्ता, तं जहा- असुरकुमारा णागकुमारा सुवण्णकुमारा विज्जुकुमारा अग्गिकुमारा दीवकुमारा उदहिकुमारा दिसाकुमारा वाउकुमारा थणियकुमारा । ते समासओ दुविहा पण्णत्ता, तं जहा- पज्जत्तगा य अपज्जत्तगा य। से तं भवणवासी ।**

ભવનવાસી દેવોના કેટલા પ્રકાર છે ? ભવનવાસી દેવોના દશ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) અસુરકુમાર, (૨) નાગકુમાર, (૩) સુવર્ણકુમાર, (૪) વિદ્યુતકુમાર, (૫) અગ્નિકુમાર, (૬) દ્વીપકુમાર, (૭) ઉદધિકુમાર (૮) દિશાકુમાર (૯) પવન(વાયુ) કુમાર અને (૧૦) સ્તનિતકુમાર. આ દશ પ્રકારના ભવનવાસી દેવોના સંક્ષેપથી બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– પર્યાપ્ત અને અપર્યાપ્ત. આ ભવનવાસી દેવોની પ્રરૂપણા છે.

**१७० से किं तं वाणमंतरा ? वाणमंतरा अट्ठविहा पण्णत्ता, तं जहा- किण्णरा किंपुरिसा महोरगा गंधव्वा जक्खा रक्खसा भूया पिसाया । ते समासओ दुविहा पण्णत्ता, तं जहा- पज्जत्तगा य अपज्जत्तगा य । से तं वाणमंतरा ।**

વાણવ્યંતર દેવોના કેટલા પ્રકાર છે ? વાણવ્યંતર દેવો આઠ પ્રકારના છે, તે આ પ્રમાણે છે– (૧) કિન્નર (૨) કિંપુરુષ (૩) મહોરગ (૪) ગંધર્વ (૫) યક્ષ (૬) રાક્ષસ (૭) ભૂત અને (૮) પિશાચ. ઉપર્યુક્ત આઠે પ્રકારના વ્યંતર દેવોના સંક્ષેપથી બે પ્રકાર છે. પર્યાપ્ત અને અપર્યાપ્ત. આ વ્યંતર દેવોનું નિરૂપણ છે.

**१७१ से किं तं जोइसिया ? जोइसिया पंचविहा पण्णता, तं जहा- चंदा सूरा गहा णक्खत्ता तारा । ते समासओ दुविहा पण्णत्ता, तं जहा- पज्जत्तगा य अपज्जत्तगा य । से तं जोइसिया ।**

જ્યોતિષી દેવોના કેટલા પ્રકાર છે ? જ્યોતિષી દેવોના પાંચ પ્રકાર છે, યથા– (૧) ચંદ્ર (૨) સૂર્ય (૩) ગ્રહ (૪) નક્ષત્ર અને (૫) તારા. તે ઉપર્યુક્ત પાંચ પ્રકારના જ્યોતિષી દેવોના સંક્ષેપથી બે પ્રકાર છે– પર્યાપ્ત અને અપર્યાપ્ત. આ જ્યોતિષી દેવોનું નિરૂપણ છે.

**१७२ से किं तं वेमाणिया ? वेमाणिया दुविहा पण्णत्ता, तं जहा- कप्पोवगा य कप्पाईया य ।**

વૈમાનિક દેવોના કેટલા પ્રકાર છે ? વૈમાનિક દેવોના બે પ્રકાર છે– કલ્પોપપન્ન અને કલ્પાતીત.

**१७३ से किं तं कप्पोवगा ? कप्पोवगा बारसविहा पण्णत्ता, तं जहा- सोहम्मा ईसाणा**

**सणंकुमारा माहिंदा बंभलोगा लंतया महासुक्का सहस्सारा आणया पाणया आरणा अच्चुया। ते समासओ दुविहा पण्णत्ता, तं जहा- पज्जत्तगा य अपज्जत्तगा य । से तं कप्पोवगा ।**

કલ્પોપપન્ન વૈમાનિક દેવોના કેટલા પ્રકાર છે ? કલ્પોપપન્ન વૈમાનિક દેવોના બાર પ્રકાર છે– તે આ પ્રમાણે છે– (૧) સૌધર્મ (૨) ઈશાન (૩) સનત્કુમાર (૪) માહેન્દ્ર (૫) બ્રહ્મલોક (૬) લાંતક (૭) મહાશુક્ર (૮) સહસ્રાર (૯) આનત (૧૦) પ્રાણત (૧૧) આરણ અને (૧૨) અચ્યુત. તે (બાર પ્રકારના કલ્પોપપન્ન દેવો)ના સંક્ષેપથી બે પ્રકાર છે– પર્યાપ્ત અને અપર્યાપ્ત. આ કલ્પોપપન્ન વૈમાનિક દેવોની પ્રરૂપણા છે.

**१७४ से किं तं कप्पाईया ? कप्पाईया दुविहा पण्णत्ता, तं जहा- गेवेज्जगा य अणुत्तरोववाइया य ।**

કલ્પાતીત વૈમાનિક દેવોના કેટલા પ્રકાર છે ? કલ્પાતીત વૈમાનિક દેવોના બે પ્રકાર છે, તે આ પ્રમાણે–ગ્રૈવેયકવાસી દેવો અને અનુત્તરોપપાતિક દેવો.

**१७५ से किं तं गेवेज्जगा ? गेवेज्जगा णवविहा पण्णत्ता, तं जहा- हेट्ठिमहेट्ठिमगेवेज्जगा, हेट्ठिम-मज्झिम- गेवेज्जगा, हेट्ठिम-उवरिम-गेवेज्जगा, मज्झिमहेट्ठिमगेवेज्जगा, मज्झिममज्झिम- गेवेज्जगा, मज्झिमउवरिमगेवेज्जगा, उवरिमहेट्ठिमगेवेज्जगा, उवरिम-मज्झिमगेवेज्जगा, उवरिमउवरिमगेवेज्जगा । ते समासओ दुविहा पण्णत्ता, तं जहा- पज्जत्तगा य अपज्जत्तगा य । से तं गेवेज्जगा ।**

ગ્રૈવેયક વૈમાનિક દેવોના કેટલા પ્રકાર છે ? ગ્રૈવેયક વૈમાનિક દેવોના નવ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) અધસ્તન-અધસ્તન ગ્રૈવેયક (૨) અધસ્તન-મધ્યમ ગ્રૈવેયક, (૩) અધસ્તન ઉપરિમ ગ્રૈવેયક, (૪) મધ્યમ-અધસ્તન ગ્રૈવેયક (૫) મધ્યમ-મધ્યમ ગ્રૈવેયક (૬) મધ્યમ-ઉપરિમ ગ્રૈવેયક (૭) ઉપરિમ-અધસ્તન ગ્રૈવેયક (૮) ઉપરિમ-મધ્યમ ગ્રૈવેયક અને (૯) ઉપરિમ-ઉપરિમ ગ્રૈવેયક.

તે નવ પ્રકારના ગ્રૈવેયક વૈમાનિક દેવોના સંક્ષેપથી બે પ્રકાર છે– પર્યાપ્ત અને અપર્યાપ્ત. આ ગ્રૈવેયકવાસી વૈમાનિક દેવોની પ્રરૂપણા છે.

**१७६ से किं तं अणुत्तरोववाइया ? अणुत्तरोववाइया पंचविहा पण्णत्ता, तं जहा- विजया वेजयंता जयंता अपराजिया सव्वट्ठसिद्धा ।**

**ते समासओ दुविहा पण्णत्ता, तं जहा- पज्जत्तगा य अपज्जत्तगा य । से तं अणुत्तरोववाइया। से तं कप्पाईया । से तं वेमाणिया । से तं देवा । से तं पंचिंदिया। से तं संसारसमावण्ण जीवपण्णवणा । से तं जीवपण्णवणा । से तं पण्णवणा ।**

અનુત્તરોપપાતિક વૈમાનિક દેવોના કેટલા પ્રકાર છે ? અનુત્તરોપપાતિક વૈમાનિક દેવોના પાંચ પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) વિજય, (૨) વૈજયંત, (૩) જયંત, (૪) અપરાજિત અને (૫) સર્વાર્થસિદ્ધ.

તે(પાંચેય પ્રકારના કલ્પાતીત વૈમાનિક દેવો)ના સંક્ષેપથી બે પ્રકાર છે– પર્યાપ્ત અને અપર્યાપ્ત. આ અનુત્તરોપપાતિક વૈમાનિક દેવો, કલ્પાતીત દેવો અને વૈમાનિક દેવોનું વર્ણન પૂર્ણ થાય છે. આ રીતે

પંચેન્દ્રિય જીવોની અને સંસારસમાપન્ન જીવોની પ્રજ્ઞાપના અને જીવપ્રજ્ઞાપના પણ પૂર્ણ થાય છે. આ પ્રમાણે પ્રથમ પ્રજ્ઞાપન પદ પણ સંપૂર્ણ થયું.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં દેવ પંચેન્દ્રિય સંસારસમાપન્નક જીવોના ભેદ પ્રભેદનું વિસ્તૃત વર્ણન છે.

દિવ્ય રૂપ, કાન્તિ, સૌંદર્ય, લાવણ્ય, વસ્ત્રાલંકાર, સ્થાન, પરિવારવાળા જીવો તથા એકમાંથી અનેક વિવિધરૂપ વિકુર્વી શકે તેવી વૈક્રિય લબ્ધિસંપન્ન, દિવ્ય ગતિને પામેલા જીવોને દેવ કહે છે. તેવા દેવ ભવાનુભવરૂપ સંસારને પામેલા જીવોને દેવ પંચેન્દ્રિય સંસારસમાપન્ન જીવ કહે છે. તેના મુખ્ય ચાર પ્રકાર છે–

**तत्र भवनेषु वसन्तीत्येवंशीला भवनवासिनः** । જે દેવો પ્રાયઃ ભવનોમાં વસે છે તેને ભવનવાસી દેવ કહે છે.

**कुमारा** પ્રત્યેક ભવનવાસી દેવોના નામ સાથે 'કુમાર' શબ્દનો પ્રયોગ થાય છે, તે દેવોની પ્રકૃતિ-સ્વભાવાદિની વિશેષતાનો દ્યોતક છે. આ દશે પ્રકારના દેવો કુમારોની જેમ સુકુમાર હોય છે, તેઓની ચાલ મૃદુ, મધુર અને લલિત હોય છે. શ્રૃંગાર પ્રસાધન માટે વિવિધ પ્રકારની વિશિષ્ટ-વિશિષ્ટતર ઉત્તર વિક્રિયા કરે છે. કુમારોની જેમ તેના રૂપ, વેશભૂષા, આભૂષણ, શસ્ત્ર, યાન, વાહન ભવ્ય હોય છે. કુમારોની જેમ તીવ્ર અનુરાગ પરાયણ અને ક્રીડાતત્પર હોય છે, તેથી તે કુમાર કહેવાય છે. તેના દશ નામ સૂત્રાર્થથી સ્પષ્ટ છે. તે દેવો અધોલોકમાં પ્રથમ રત્નપ્રભા પૃથ્વીમાં રહે છે.

(૧) વિ = વિવિધ પ્રકારના, અંતર = આશ્રયસ્થાન જેના હોય તેને વ્યંતર કહે છે. તે દેવો ભવન, નગર આદિ વિવિધ સ્થાનોમાં રહે છે તેથી તે વ્યંતર કહેવાય છે. તે દેવોના ભવનો મધ્યલોકમાં રત્નપ્રભા પૃથ્વીના પ્રથમ એક હજાર યોજનના રત્નકાંડમાં ઉપર અને નીચે ૧૦૦-૧૦૦ યોજન છોડીને મધ્યના ૮૦૦ યોજનમાં છે. તે ઉપરાંત તેના નગરો તિર્યગ્લોકમાં વૈતાઢ્યાદિ પર્વતો ઉપર પણ હોય છે. (૨) **विगतमंतरं मनुष्येभ्यो येषां ते व्यंतराः** મનુષ્યોથી જેનું અંતર વિગત + ચાલ્યું ગયું છે, તે વ્યંતર છે. કેટલાક વ્યંતરો ચક્રવર્તી, વાસુદેવ વગેરે મનુષ્યોની ચાકરની જેમ સેવા કરે છે. (૩) **विविधमंतरमाश्रयरूपं येषां ते व्यंतराः** પર્વતની અંદર, ગુફાની અંદર, વનની અંદર વિવિધ પ્રકારના આશ્રયરૂપ અંતર–આવાસ જેઓના છે, તેને વ્યંતર કહે છે. વાણમંતરનો વ્યુત્પત્તિલભ્ય અર્થ આ પ્રમાણે છે–**वनानामंतराणि वनान्तराणि, तेषु भवा वानमंतराः** । વનના અંતરોમાં રહેતા દેવોને વાણમંતર દેવો કહે છે. તેઓના કિન્નર આદિ આઠ મુખ્ય ભેદો છે.

મૂળપાઠમાં આપેલા વ્યંતર દેવોના મુખ્ય આઠ પ્રકારનું સ્વરૂપ બતાવતા વ્યાખ્યાકારે તેના ભેદાનુભેદોનું કથન કર્યું છે.

તે સ્વાભાવિક રીતે અત્યંત સ્વરૂપવાન અને સૌમ્ય હોય છે. તે હસ્ત–કંઠાદિમાં રત્નમય આભૂષણો ધારણ કરે છે. તેના સોળ પ્રકાર છે. (૧) કુષ્માંડ (૨) પટક (૩) સુજોષ (૪) આહ્નિક (૫) કાલ (૬) મહાકાલ (૭) ચોક્ષ (૮) અચોક્ષ (૯) તાલ–પિશાચ (૧૦) મુખરપિશાચ (૧૧) અધસ્તારક (૧૨) દેહ (૧૩) વિદેહ (૧૪) મહાવિદેહ (૧૫) તૃષ્ણીક અને (૧૬) પિશાચ.

તે સુંદર રૂપવંત, સૌમ્ય મુખાકૃતિવાળા અને વિવિધ પ્રકારની રચના અને વિલેપન કરનારા હોય છે. તેના નવ પ્રકાર છે. (૧) સુરૂપ (૨) પ્રતિરૂપ (૩) અતિરૂપ (૪) ભૂતોત્તમ (૫) સ્કંદ (૬) મહાસ્કંદ (૭) મહાવેગ (૮) પ્રતિચ્છિન્ન (૯) આકાશગ.

તે દેવો સ્વભાવે ગંભીર, પ્રિયદર્શનવાળા, સપ્રમાણ શરીરવાળા, મસ્તક ઉપર દેદીપ્યમાન

મુકુટ તથા ચિત્ર–વિચિત્ર રત્નના આભૂષણોને ધારણ કરનારા હોય છે. તેના તેર પ્રકાર છે. (૧) પૂર્ણભદ્ર (૨) મણિભદ્ર (૩) શ્વેતભદ્ર (૪) હરિતભદ્ર (૫) સુમનોભદ્ર (૬) વ્યતિપાતકભદ્ર (૭) સુભદ્ર (૮) સર્વતોભદ્ર (૯) મનુષ્યયક્ષ (૧૦) વનાધિપતિ (૧૧) વનાહાર (૧૨) રૂપયક્ષ (૧૩) યક્ષોત્તમ.

તે ભયંકર, ભયંકર રૂપને ધારણ કરનાર, વિકરાળ રૂપોની વિકુવર્ણા કરનાર, તેજસ્વી આભૂષણો પહેરનાર હોય છે. તેના સાત ભેદ છે– (૧) ભીમ (૨) મહાભીમ (૩) વિઘ્ન (૪) વિનાયક (૫) જલરાક્ષસ (૬) યક્ષરાક્ષસ (૭) બ્રહ્મરાક્ષસ.

તે શાંત આકૃતિ અને પ્રકૃતિવાળા અને મસ્તક ઉપર ઝળહળતા મુગટને ધારણ કરે છે. તેના દશ પ્રકાર છે. (૧) કિન્નર (૨) કિંપુરુષ (૩) કિંપુરુષોત્તમ (૪) કિન્નરોત્તમ (૫) હૃદયંગમ (૬) રૂપશાલી (૭) અનિન્દિત (૮) મનોરમ (૯) રતિપ્રિય (૧૦) રતિશ્રેષ્ઠ.

તે દેવો અત્યંત સુંદર અને મનોહર મુખાકૃતિવાળા હોય છે. વિવિધ પ્રકારની માળા અને આભૂષણો ધારણ કરે છે. તેના દશ પ્રકાર છે– (૧) પુરુષ (૨) સત્પુરુષ (૩) મહાપુરુષ (૪) પુરુષ વૃષભ (૫) પુરુષોત્તમ (૬) અતિપુરુષ (૭) મહાદેવ (૮) મરૂત (૯) મેરૂપ્રજા (૧૦) યશવન્ત.

તે દેવો મહાવેગવાળા, મહાશરીરવાળા, વિસ્તૃત અને મજબૂત ડોકવાળા, ચિત્ર-વિચિત્ર આભૂષણોથી વિભૂષિત હોય છે. તેના દશ પ્રકાર છે. (૧) ભુજગ (૨) ભોગશાલી (૩) મહાકાય (૪) અતિકાય (૫) સ્કંધશાલી (૬) મનોરમ (૭) મહાવેગ (૮) મહાયક્ષ (૯) મેરૂકાંત (૧૦) ભારવન્ત.

તે દેવો પ્રિયદર્શનવાળા, સુંદર રૂપવાળા, ઉત્તમ લક્ષણયુક્ત, મસ્તક પર મુકુટ ધારણ કરનારા અને કંઠમાં હાર પહેરે છે. તેના બાર પ્રકાર છે. (૧) હાહા (૨) હૂહૂ (૩) તુમ્બ (૪) નારદ (૫) રૂષિવાદ (૬) ભૂતવાદિક (૭) કદંબ (૮) મહાકદંબ (૯) રૈવત (૧૦) વિશ્વાસવ (૧૧) ગીતરતિ (૧૨) ગીતયશ.

**द्योतयन्ति-प्रकाशयन्ति जगदिति ज्योतिषी विमानानि, तेषु भवा ज्योतिष्काः** । જે લોકને પ્રકાશિત કરે છે. તે જ્યોતિષ્ક વિમાનો છે અને તે જ્યોતિર્મય વિમાનોમાં ઉત્પન્ન થાય તે દેવોને જ્યોતિષી દેવો કહે છે, તેના પાંચ પ્રકાર છે– સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર અને તારા. તે દરેક દેવોના મુકુટના અગ્રભાગમાં ક્રમશઃ સૂર્યાકાર, ચંદ્રાકાર, ગ્રહાકાર, નક્ષત્રાકાર અને તારાના આકારનું ચિહ્ન હોય છે અને તેના વડે તેઓ પ્રકાશિત દેખાય છે.

જે દેવો ઊર્ધ્વલોકના વિમાનમાં રહે છે તેને વૈમાનિક દેવો કહે છે. તેના મુખ્ય બે ભેદ છે– કલ્પોપન્નક અને કલ્પાતીત.

જ્યાં કલ્પ–આચાર મર્યાદા અથવા સ્વામી-સેવકનો ભેદ હોય, ઈન્દ્ર, સામાનિક, ત્રાયસ્ત્રિંશક આદિ દશ પ્રકારના દેવોની જાતિનો વ્યવહાર હોય તેને કલ્પોપન્નક દેવ કહે છે. તેના સૌધર્મ આદિ બાર દેવલોકના બાર પ્રકાર છે તે ભાવાર્થથી સ્પષ્ટ છે.

જ્યાં સ્વામી-સેવકનો ભેદ ન હોય, ઈન્દ્ર આદિ દશ પ્રકારના દેવોની જાતિનો વ્યવહાર ન હોય તેને કલ્પાતીત કહે છે. તેના બે ભેદ છે– નવગ્રૈવેયક વિમાનવાસી દેવ અને પાંચ અનુત્તરોપપાતિક દેવ. લોક પુરુષની ગ્રીવાના સ્થાને સ્થિત થયેલા વિમાનોને ગ્રૈવેયક વિમાન કહે છે. તે નવ વિમાન ત્રણ-ત્રણની ત્રણ ત્રિકમાં ગોઠવાયેલા છે. તેમાં જન્મ ધારણ કરનારા દેવો ગ્રૈવેયક વિમાનવાસી દેવો કહેવાય છે. અનુત્તરનો અર્થ છે– સર્વોચ્ચ અને સર્વશ્રેષ્ઠ વિમાન. તે અનુત્તર વિમાનોમાં ઉપપાત એટલે કે જન્મ ધારણ કરનાર દેવ અનુત્તરોપપાતિક કહેવાય છે. તે પ્રત્યેકના પર્યાપ્ત અને અપર્યાપ્ત રૂપ બે-બે ભેદ થાય છે.

### દેવ સંસાર સમાપન્ન જીવોના ૪૯ ભેદ

**ભવનપતિ – ૧૦**
૧. અસુરકુમાર
૨. નાગકુમાર
૩. સુવર્ણકુમાર
૪. વિદ્યુતકુમાર
૫. અગ્નિકુમાર
૬. દ્વીપકુમાર
૭. ઉદધિકુમાર
૮. દિશાકુમાર
૯. વાયુકુમાર
૧૦. સ્તનિતકુમાર

**વ્યંતર – ૮**
૧. પિશાચ
૨. ભૂત
૩. યક્ષ
૪. રાક્ષસ
૫. કિન્નર
૬. કિંપુરુષ
૭. મહોરગ
૮. ગંધર્વ

**જ્યોતિષી – ૫**
૧. ચંદ્ર
૨. સૂર્ય
૩. ગ્રહ
૪. નક્ષત્ર
૫. તારા

**વૈમાનિક – ૨૬**

કલ્પોપપન્નક (૧૨ દેવલોક)
૧. સૌધર્મ
૨. ઈશાન
૩. સનત્કુમાર
૪. માહેન્દ્ર
૫. બ્રહ્મલોક
૬. લાન્તક
૭. મહાશુક્ર
૮. સહસ્રાર
૯. આનત
૧૦. પ્રાણત
૧૧. આરણ
૧૨. અચ્યુત

કલ્પાતીત
- ગ્રૈવેયક (૯) ત્રણ ત્રિકમાં
- અનુત્તર વિમાન (૫): વિજય, વિજયંત, જયંત, અપરાજિત, સર્વાર્થસિદ્ધ

[૧૦ + ૮ + ૫ + ૨૬ = ૪૯]

*પ્રસ્તુત મૂલ પાઠમાં દેવોની ચાર જાતિ અને તેના ૪૯ મુખ્ય ભેદોનું કથન છે. તેના પર્યાપ્તા અને અપર્યાપ્તા બે ભેદ કરતાં ૪૯ × ૨ = ૯૮ ભેદ થાય છે. જીવાભિગમસૂત્ર આદિ અન્ય આગમોના આધારે દેવોના ૧૯૮ ભેદ આ પ્રમાણે છે–*

***ભવનપતિના ૨૫ ભેદ :***– *૧૦ ભવનપતિ દેવ. તેના નામ ઉપર પ્રમાણે જાણવા અને ૧૫ પરમાધામી દેવો આ પ્રમાણે છે– (૧) અંબ (૨) અંબરિષ (૩) શ્યામ (૪) શબલ (૫) રુદ્ર (૬) ઉપરુદ્ર (૭) કાલ (૮) મહાકાલ (૯) અસિપત્ર (૧૦) ધનુષ (૧૧) કુંભ (૧૨) વાલુક (૧૩) વૈતરણી (૧૪) ખરસ્વર (૧૫) મહાઘોષ.*

***વ્યંતર દેવોના ૨૬ ભેદ :***– *૧૬ જાતિના વ્યંતર દેવો– પિશાચ આદિ આઠના નામ ઉપર પ્રમાણે જાણવા (૯) અણપન્નિક (૧૦) પણપન્નિક (૧૧) ઋષિવાદિત (૧૨) ભૂતવાદિત (૧૩) ક્રન્દિત (૧૪) મહાક્રન્દિત (૧૫) કૂષ્માંડ (૧૬) પતંગ દેવ.* ***૧૦ જૃંભક દેવો***– *(૧) અન્ન જૃંભક (૨) પાન જૃંભક (૩) વસ્ત્ર જૃંભક (૪) લયન જૃંભક (૫) શયન જૃંભક (૬) પુષ્પ જૃંભક (૭) ફલ જૃંભક (૮) પુષ્પ-ફલ જૃંભક (૯) વિદ્યા જૃંભક (૧૦) અવ્યક્ત જૃંભક.*

***જ્યોતિષીના ૧૦ ભેદ :***– *ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારા. તે પાંચ ચર અને પાંચ સ્થિર.*

***વૈમાનિક દેવના ૩૮ ભેદ :***– *૧૨ દેવલોકના દેવ+૯ લોકાંતિક દેવ+૩ કિલ્વીષી દેવ + ૯ ગ્રૈવેયક + ૫ અનુત્તર વિમાન = ૩૮ ભેદ. આ રીતે ચાર જાતિના દેવો ૨૫ + ૨૬ + ૧૦ + ૩૮ = ૯૯. તેના પર્યાપ્તા અને અપર્યાપ્તા ૯૯ × ૨ = ૧૯૮ ભેદ થાય છે.*

## ॥ પ્રથમ પદ સંપૂર્ણ ॥

## સંસાર સમાપન્ન જીવોના ૫૬૩ ભેદ



# દ્વિતીય પદ

## પરિચય

આ પદનું નામ સ્થાનપદ છે, તેમાં સર્વ જીવોના ઉત્પત્તિ સ્થાનોનું અને નિવાસ સ્થાનોનું વર્ણન છે.

**સ્થાન–** જીવ જ્યાં સ્થિત થાય, જીવ જ્યાં રહે, તેને સ્થાન કહે છે. જૈન દર્શનાનુસાર આત્મા સર્વવ્યાપી નથી. સંસારી આત્મા શરીર પ્રમાણ છે. જીવમાં સંકોચ અને વિસ્તારનો ગુણ હોવાથી તેને કર્માનુસાર જેવડું શરીર મળે તે પ્રમાણે આત્મપ્રદેશોનો સંકોચ-વિસ્તાર થાય છે. તે ઉપરાંત જૈનદર્શનાનુસાર આત્મા એકાંત નિત્ય પણ નથી. તે નિત્ય હોવા છતાં પરિણામી(પરિણમનશીલ) છે. કર્માનુસાર ચારગતિ રૂપ સંસારમાં તેનું પરિભ્રમણ થયા કરે છે. જીવ પોતાના કર્મ પ્રમાણે ભિન્ન-ભિન્ન સ્થાનમાં નિવાસ કરે છે. કયા જીવો ક્યારે, ક્યાં અને કેટલા સ્થાનમાં રહે છે, તેનું સ્પષ્ટીકરણ કરવું તે જ આ પદનો મુખ્ય વિષય છે.

(૧) જીવ જન્મથી-મરણ પર્યંત એક સ્થાનમાં રહે છે (૨) એક જન્મનું આયુષ્ય પૂર્ણ થાય ત્યારે તે સ્થાન છોડીને જીવ નવા સ્થાનને પ્રાપ્ત કરવા ગતિ કરે છે અને નવા ઉત્પત્તિ સ્થાને ન પહોંચે ત્યાં સુધી તે નવા ઉત્પત્તિ સ્થાનના માર્ગમાં હોય છે. (૩) નવા સ્થાનમાં ઉત્પન્ન થયા પછી પોતાના જીવન દરમ્યાન ક્યારેક જીવ સમુદ્દ્ઘાત કરીને પોતાના સ્થાનથી બહાર આત્મપ્રદેશોનો વિસ્તાર કરે છે. આ રીતે જીવની ભિન્ન ભિન્ન સ્થિતિ અને અવસ્થાના આધારે શાસ્ત્રકારે ત્રણ વિભાગથી જીવોના સ્થાનોનું કથન કર્યું છે. યથા– (૧) સ્વસ્થાન (૨) ઉપપાત (૩) સમુદ્દ્ઘાત.

**(૧)** જન્મથી મૃત્યુ પર્યંત જીવ જે સ્થાનમાં રહે તેને શાસ્ત્રકાર **સ્વસ્થાન** કહે છે. **(૨)** એક ભવનું આયુષ્ય પૂર્ણ કરી, નવો જન્મ ધારણ કરવા, નવા ઉત્પત્તિસ્થાન સુધી પહોંચવા માટે જીવની ગતિ થાય છે, તે ગતિ દરમ્યાન જીવ જે આકાશ પ્રદેશોની સ્પર્શના કરે છે, તેને **ઉપપાત**(સ્થાન) કહે છે. **(૩)** વેદનાદિ સમુદ્દ્ઘાત સમયે આત્મપ્રદેશો શરીરમાંથી વિસ્તૃત બની જેટલા પ્રદેશોની(સ્થાનની) સ્પર્શના કરે છે, તેને **સમુદ્દ્ઘાત**(સ્થાન) કહે છે.

સૂત્રકારે પ્રથમપદમાં નિર્દિષ્ટ જીવના ભેદ-પ્રભેદ અનુસાર નહીં પણ સમાન જીવભેદોનો સંગ્રહ કરીને ૨૧ વિભાગ કરી, તેનાં સ્થાનોનું નિરૂપણ કર્યું છે. યથા– (૧) પૃથ્વીકાયિક (૨) અપ્કાયિક (૩) તેજસ્કાયિક (૪) વાયુકાયિક (૫) વનસ્પતિકાયિક, આ પાંચ સ્થાવરના સૂક્ષ્મ અને બાદર અને તે બંનેના પર્યાપ્ત-અપર્યાપ્ત (૬) બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિયના પર્યાપ્ત-અપર્યાપ્ત, (૭) સમુચ્ચય પંચેન્દ્રિય (૮) સમુચ્ચય નારક (૯) એકથી સાત નરકના નારકીના પર્યાપ્ત-અપર્યાપ્ત, (૧૦) પંચેન્દ્રિય તિર્યંચના પર્યાપ્ત-અપર્યાપ્ત (૧૧) મનુષ્યના પર્યાપ્ત-અપર્યાપ્ત (૧૨) ભવનવાસી દેવોના પર્યાપ્ત-અપર્યાપ્ત, (૧૩) દક્ષિણ દિશાના-ઉત્તર દિશાના અસુરકુમાર આદિ દશ ભવનવાસી દેવોના પર્યાપ્ત-અપર્યાપ્ત, (૧૪) વ્યંતર દેવોના પર્યાપ્ત-અપર્યાપ્ત (૧૫) દક્ષિણ-ઉત્તર દિશાના પિશાચાદિ આઠ વ્યંતર દેવોના પર્યાપ્ત-અપર્યાપ્ત, (૧૬) જ્યોતિષી દેવોના પર્યાપ્ત-અપર્યાપ્ત, (૧૭) વૈમાનિક દેવોના પર્યાપ્ત–અપર્યાપ્ત, (૧૮) સૌધર્મથી અચ્યુત સુધીના બાર દેવલોકના દેવોના પર્યાપ્ત-અપર્યાપ્ત (૧૯) ગ્રૈવેયક દેવોના પર્યાપ્ત-અપર્યાપ્ત (૨૦)

અનુત્તરોપપાતિક દેવોના પર્યાપ્ત-અપર્યાપ્ત અને (૨૧) સિદ્ધ.

પાંચે પ્રકારના સૂક્ષ્મ સ્થાવર જીવો આખા લોકમાં ઠાંસી ઠાંસીને ભરેલા છે. તેનો એક જીવ લોકવ્યાપી નથી પરંતુ સૂક્ષ્મ જીવોની સમગ્ર જીવરાશિથી સંપૂર્ણ લોક વ્યાપ્ત થઈ જાય છે. તેથી તે જીવોના સ્વસ્થાન, ઉપપાતસ્થાન અને સમુદ્દ્ઘાતસ્થાન સંપૂર્ણ લોક છે.

પર્યાપ્ત–બાદર પૃથ્વીકાયિક જીવોના સ્વસ્થાન આઠ પૃથ્વી, નરકાવાસ, દેવલોક, પાતાળકળશ, પર્વત આદિ સ્થાનોમાં હોય છે. તેના સ્વસ્થાન લોકના અસંખ્યાતમા ભાગમાં છે.

ઉત્પન્ન થતાં પર્યાપ્ત–બાદર પૃથ્વીકાયિક જીવો પણ લોકના અસંખ્યાતમા ભાગમાં જ હોય છે અને પર્યાપ્ત પૃથ્વીકાયિક જીવો મૃત્યુ સમયે મારણાંતિક સમુદ્દ્ઘાત કરે ત્યારે પણ તેનું સ્થાન લોકનો અસંખ્યાતમો ભાગ જ થાય છે. અપર્યાપ્ત પૃથ્વીકાયિક જીવોના સ્વસ્થાન લોકનો અસંખ્યાતમો ભાગ છે. તે જીવોની સંખ્યા અધિક હોવાથી ઉપપાત અને સમુદ્દ્ઘાતની અપેક્ષાએ તે જીવોનું ક્ષેત્ર સર્વલોક થઈ જાય છે. આ રીતે સૂત્રકારે પ્રત્યેક જીવોના સ્વસ્થાન આદિ ત્રણે સ્થાન અને સંપૂર્ણ લોકમાં તેનું પ્રમાણ સ્પષ્ટ કર્યું છે.

સિદ્ધ જીવો જ્યાં સ્થિત થાય તે સિદ્ધક્ષેત્ર, સિદ્ધોનું સ્વસ્થાન છે. તે જીવો એક પણ આકાશ પ્રદેશનો સ્પર્શ કર્યા વિના અસ્પૃશદ્ગતિથી એક સમય માત્રમાં સ્વસ્થાનને પ્રાપ્ત કરી લે છે. માર્ગમાં અન્ય પ્રદેશોની સ્પર્શના ન થવાથી તેનું ઉપપાત નથી. તેમજ કર્મ અને શરીર રહિત હોવાથી તેઓને કોઈપણ સમુદ્દ્ઘાત નથી.

❖❖❖❖❖

# દ્વિતીય પદ : સ્થાન

**પૃથ્વીકાયિક જીવોનાં સ્થાન :–**

**१ कहि णं भंते ! बादरपुढविकाइयाणं पज्जत्तगाणं ठाणा पण्णत्ता ? गोयमा ! सट्ठाणेणं अट्ठसु पुढवीसु, तं जहा– रयणप्पभाए सक्करप्पभाए वालुयप्पभाए पंकप्पभाए धूमप्पभाए तमप्पभाए तमतमप्पभाए इसीपब्भाराए ।**

**अहोलोए– पायालेसु भवणेसु, भवणपत्थडेसु, णिरएसु, णिरयावलियासु, णिरय-पत्थडेसु । उड्ढलोए– कप्पेसु, विमाणेसु, विमाणावलियासु, विमाणपत्थडेसु । तिरियलोए – टंकेसु कूडेसु सेलेसु सिहरीसु पब्भारेसु विजएसु वक्खारेसु वासेसु वासहरपव्वएसु वेलासु वेइयासु दारेसु तोरणेसु दीवेसु समुद्देसु, एत्थ णं बादरपुढविकाइयाणं पज्जत्तगाणं ठाणा पण्णत्ता । उववाएणं लोयस्स असंखेज्जइभागे, समुग्घाएणं लोयस्स असंखेज्जइभागे, सट्ठाणेणं लोयस्स असंखेज्जइभागे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્ત બાદરપૃથ્વીકાયિક જીવોના સ્થાન ક્યાં છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સ્વસ્થાનની અપેક્ષાએ આઠ પૃથ્વીઓમાં છે, તે આ પ્રમાણે છે– (૧) રત્નપ્રભા પૃથ્વીમાં, (૨) શર્કરાપ્રભા પૃથ્વીમાં, (૩) વાલુકાપ્રભા પૃથ્વીમાં, (૪) પંકપ્રભા પૃથ્વીમાં, (૫) ધૂમપ્રભા પૃથ્વીમાં, (૬) તમ:પ્રભા પૃથ્વીમાં, (૭) તમસ્તમ:પ્રભા પૃથ્વીમાં અને (૮) ઈષત્પ્રાગ્ભારા પૃથ્વીમાં છે.

**અધોલોકમાં–** પાતાળકળશોમાં, ભવનપતિ દેવોના ભવનોમાં, તે ભવનોના વચ્ચેની ભૂમિમાં, નરકોમાં, આવલિકાબદ્ધ નરકાવાસોમાં, નરકના પ્રસ્તટો–વચ્ચેની ખાલી ભૂમિમાં હોય છે.

**ઊર્ધ્વલોકમાં–** સૌધર્માદિ બાર કલ્પોમાં, ગ્રૈવેયક આદિ વિમાનોમાં, વિમાનાવલિકાઓમાં અને વિમાનના પ્રસ્તટો–પાથડાઓમાં હોય છે.

**તિરછાલોકમાં–** ટંકો–એક ભાગ તૂટી ગયો હોય તેવા પર્વતોમાં, પર્વતના કૂટ–શિખરોમાં, શિખર રહિતના પર્વતોમાં, શિખરવાળા પર્વતોમાં, પ્રાગ્ભારો– કાંઈક નમી ગયેલા પર્વતોમાં, મહાવિદેહ ક્ષેત્રની વિજયોમાં, વક્ષસ્કાર પર્વતોમાં, ભરત આદિ ક્ષેત્રોમાં, હિમવાન આદિ વર્ષધર પર્વતોમાં, વેલાઓ– સમુદ્રતટવર્તી કાંપવાળી ભૂમિઓમાં, વેદિકાઓમાં, દ્વારોમાં, તોરણોમાં, દ્વીપોમાં અને સમુદ્રોમાં હોય છે. આ ભૂમિઓમાં પર્યાપ્ત બાદર પૃથ્વીકાયિક જીવોના સ્વસ્થાન છે.

ઉપપાતની અપેક્ષાએ લોકના અસંખ્યાતમા ભાગમાં, સમુદ્ઘાતની અપેક્ષાએ લોકના અસંખ્યાતમા ભાગમાં અને સ્વસ્થાનની અપેક્ષાએ(પણ) લોકના અસંખ્યાતમા ભાગમાં હોય છે.

**२ कहि णं भंते! बादरपुढविकाइयाणं अपज्जत्तगाणं ठाणा पण्णत्ता ? गोयमा ! जत्थेव बादरपुढविकाइयाणं पज्जत्तगाणं ठाणा तत्थेव बादरपुढविकाइयाणं अपज्जत्तगाणं ठाणा पण्णत्ता । उववाएणं सव्वलोए, समुग्घाएणं सव्वलोए, सट्ठाणेणं लोयस्स असंखेज्जइभागे।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અપર્યાપ્ત બાદર પૃથ્વીકાયિકોના સ્થાન ક્યાં છે ? **ઉત્તર–** હે ગૌતમ !

જ્યાં પર્યાપ્ત બાદર પૃથ્વીકાયિકના સ્થાન છે, ત્યાં જ અપર્યાપ્ત બાદર પૃથ્વીકાયિકોના સ્થાન છે. તે ઉપપાતની અપેક્ષાએ સર્વલોકમાં, સમુદ્‌ઘાતની અપેક્ષાએ સર્વલોકમાં તથા સ્વસ્થાનની અપેક્ષાએ લોકના અસંખ્યાતમા ભાગમાં છે.

**३ कहि णं भंते ! सुहुमपुढविकाइयाणं पज्जत्तगाणं अपज्जत्तगाणं च ठाणा पण्णत्ता ? गोयमा! सुहुमपुढविकाइया जे पज्जत्तगा जे य अपज्जत्तगा ते सव्वे एगविहा अविसेसा अणाणत्ता सव्वलोगपरियावण्णगा पण्णत्ता समणाउसो !**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવાન ! પર્યાપ્ત અને અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિકોના સ્થાન ક્યાં છે ? **ઉત્તર–** હે ગૌતમ ! પર્યાપ્ત અને અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિકો બધા એક સમાન, વિશેષતા રહિત અને ભિન્નતા રહિત છે. હે આયુષ્યમાન્ શ્રમણ ! તે જીવો સર્વલોકમાં પરિવ્યાપ્ત છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં પૃથ્વીકાયિકોનાં સ્થાનોનું નિરૂપણ છે.

**ठाणा :–** સ્થાન. જીવ જે સ્થાનમાં સ્થિત થાય છે તેને સ્થાન કહે છે. તે ઉપરાંત જીવ વિગ્રહગતિમાં તથા સમુદ્‌ઘાત સમયે જે આકાશ પ્રદેશોની સ્પર્શના કરે છે, જેટલા આકાશપ્રદેશોને અવગાહીને રહે છે તેનું પણ કથન કરવામાં આવ્યું છે. આ રીતે અહીં ત્રણ પ્રકારે જીવના સ્થાનોનું કથન છે.

**(૧) સ્વસ્થાન :–** જીવ જે સ્થાનોમાં જન્મ ધારણ કરીને મૃત્યુપર્યંત રહે છે, તેને સ્વસ્થાન કહે છે.

**(૨) ઉપપાત :–** એક ભવનું આયુષ્ય પૂર્ણ કરીને અન્ય ભવમાં ઉત્પન્ન થવા માટે જીવ વિગ્રહ ગતિ કરે છે. તે વિગ્રહગતિમાં જીવ જેટલા આકાશ પ્રદેશોનો સ્પર્શ કરે છે, તે ક્ષેત્ર ઉપપાત રૂપે વર્ણિત છે.

**(૩) સમુદ્‌ઘાત :–** વેદના, કષાય કે મૃત્યુ આદિ સમયે જીવ સમુદ્‌ઘાત કરે ત્યારે પોતાના આત્મપ્રદેશોને ફેલાવે છે. મારણાંતિક સમુદ્‌ઘાત સમયે જીવ ઉત્પત્તિ સ્થાન સુધી પોતાના આત્મપ્રદેશોને ફેલાવે છે. તે મારણાંતિક સમુદ્‌ઘાતના સમયે જીવ જેટલા આકાશ પ્રદેશોનો સ્પર્શ કરે છે, તેને સમુદ્‌ઘાત(ક્ષેત્ર) કહે છે.

**પર્યાપ્ત બાદર પૃથ્વીકાયિક જીવોના સ્વસ્થાન :–** તે ભાવાર્થથી સ્પષ્ટ છે. પૃથ્વીકાયિક જીવો પોલાણના સ્થાનોમાં હોતા નથી તેમજ જલસ્થાનોમાં પૃથ્વી હોતી નથી, તેથી તેના સ્વસ્થાનો લોકના અસંખ્યાતમા ભાગમાં જ હોય છે. નરકપૃથ્વીઓની લંબાઈ-પહોળાઈ અસંખ્યાતા યોજનની છે. અધોલોકમાં રહેલા પાતાળ કળશો એક લાખ યોજનના છે, નરકાવાસો ત્રણ હજાર યોજનની ઊંચાઈના છે, ઊર્ધ્વલોકમાં રહેલા વિમાનો સંખ્યાત-અસંખ્યાત યોજનના છે અને તિરછાલોકમાં રહેલા પર્વતો, કૂટો વગેરે પ્રત્યેક સ્થાનો સંખ્યાત યોજનના જ છે. તે સર્વ મળીને લોકનો અસંખ્યાતમો ભાગ થાય છે.

**उववाएणं लोयस्स असंखेज्जइ भागे :–** ઉપપાતની અપેક્ષાએ તે લોકના અસંખ્યાતમા ભાગમાં હોય છે. નૈરયિકોને છોડીને શેષ ૨૩ દંડકના જીવો પર્યાપ્ત બાદર પૃથ્વીકાયરૂપે ઉત્પન્ન થઈ શકે છે. તે સર્વ જીવો પૃથ્વીકાયમાં ઉત્પન્ન થવા માટે વિગ્રહગતિમાં વર્તતા હોય ત્યારે પર્યાપ્ત બાદર પૃથ્વીકાય જ કહેવાય છે, તેમ છતાં **पर्याप्ता हि बादरपृथ्वीकायिका सर्वस्तोका:, ततस्तेऽपान्तरालगतावपि परिगृह्यमाणा लोकस्यासंख्येयभागेएवेति न कश्चिद्दोष:** । પર્યાપ્ત બાદર પૃથ્વીકાયિક જીવો અલ્પસંખ્યક છે તેથી વિગ્રહગતિમાં વર્તતા જીવોના ક્ષેત્રની ગણના કરીએ, તોપણ તે લોકનો અસંખ્યાતમો ભાગ જ થાય છે.

**समुग्घाएणं लोयस्स असंखेज्जइ भागे...:–** મારણાંતિક સમુદ્‌ઘાતની અપેક્ષાએ પણ તે લોકના

અસંખ્યાતમા ભાગમાં હોય છે. પર્યાપ્ત બાદર પૃથ્વીકાયિક જીવો મરીને ઔદારિકના દશ દંડકમાં ઉત્પન્ન થાય છે. તે જીવો મારણાંતિક સમુદ્ઘાત કરી આત્મપ્રદેશોને ઉત્પત્તિસ્થાન સુધી ફેલાવે છે. તે જીવો અલ્પસંખ્યક હોવાથી તેનું સમુદ્ઘાતનું ક્ષેત્ર પણ લોકનો અસંખ્યાતમો ભાગ જ થાય છે.

**અપર્યાપ્ત બાદર પૃથ્વીકાયિકના સ્થાન :– उववाएणं सव्वलोए समुग्घाएणं सव्वलोए** ઉપપાત અને સમુદ્ઘાત વડે સર્વલોકમાં હોય છે. **स्वभावत एवामी बहव इति उपपातेन समुद्घातेन च सर्वलोकव्यापिनः।** સ્વાભાવિક રૂપે જ અપર્યાપ્ત જીવો ઘણા છે તેથી તે જીવો ઉપપાત અને સમુદ્ઘાત વડે સર્વલોકવ્યાપી છે. તેમાં કેટલાક જીવોનો ઉપપાત ઋજુગતિથી અને કેટલાક જીવોનો ઉપપાત વક્રગતિથી થાય છે. વક્રગતિમાં જ્યારે કેટલાક જીવો પ્રથમ વળાંક લઈને આગળ વધે છે ત્યારે બીજા જીવો તે વક્રસ્થાને પહોંચી જાય છે. તે જ રીતે તે જીવો બીજા વળાંકથી આગળ વધે ત્યાં અન્ય જીવો ત્યાં આવી ગયા હોય છે. આ રીતે વક્રગતિમાં પણ પ્રવાહની અપેક્ષાએ નિરંતર લોકવ્યાપ્ત થઈ જાય છે. તે જીવોની બહુલતાના કારણે સમુદ્ઘાતથી પણ સર્વ લોકવ્યાપી છે.

સ્વસ્થાન આશ્રયી લોકના અસંખ્યાતમા ભાગમાં હોય છે કારણ કે અપર્યાપ્ત જીવો પર્યાપ્ત જીવોને આશ્રયે ઉત્પન્ન થાય છે અને રહે છે. પર્યાપ્ત જીવોના સ્વસ્થાન લોકના અસંખ્યાતમા ભાગમાં હોવાથી બાદર અપર્યાપ્ત પૃથ્વીકાયિકોના સ્વસ્થાન પણ લોકના અસંખ્યાતમા ભાગ પ્રમાણ છે.

**પર્યાપ્ત-અપર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિકોનાં સ્થાન :– ते सव्वे एगविहा ।** સૂક્ષ્મ પૃથ્વીકાય જીવોના પર્યાપ્ત-અપર્યાપ્ત બધા એક જ પ્રકારના છે અર્થાત્ તે સર્વ જીવોના સ્વસ્થાન, ઉપપાત સ્થાન કે સમુદ્ઘાતસ્થાનમાં કોઈ ભેદ નથી. તે જીવો સંપૂર્ણ લોકમાં ઠાંસી ઠાંસીને ભરેલા છે, તે જીવોનું સ્વસ્થાન સંપૂર્ણ લોક છે. તેથી જ તેના ઉપપાત અને સમુદ્ઘાત ક્ષેત્ર પણ સંપૂર્ણ લોકરૂપ જ છે.

**अविसेसा :–** સૂક્ષ્મ જીવો વિશેષતા રહિત છે. તેમાં જે સૂક્ષ્મ પર્યાપ્તા જીવોના સ્થાન છે તે જ સૂક્ષ્મ અપર્યાપ્તા જીવોના સ્થાન છે, તેમાં કોઈ વિશેષતા નથી.

**अणाणत्ता :–** ભિન્નતા રહિત છે અર્થાત્ જે આકાશપ્રદેશો પર પર્યાપ્ત સૂક્ષ્મ પૃથ્વીકાયિકો છે, તે જ આકાશપ્રદેશો પર અપર્યાપ્તા સૂક્ષ્મ પૃથ્વીકાયિકો પણ છે. તેમાં કોઈ ભેદ નથી. સૂક્ષ્મ જીવો સર્વલોકમાં છે, આ કથન સર્વ જીવોની અપેક્ષાએ છે. એક જીવનું સ્થાન તો લોકનો અસંખ્યાતમો ભાગ જ છે, એમ સર્વ તીર્થંકરોએ કહ્યું છે.

**અપ્કાયિક જીવોનાં સ્થાન :–**

**૪ कहि णं भंते ! बादरआउकाइयाणं पज्जत्ताणं ठाणा पण्णत्ता ? गोयमा ! सट्ठाणेणं सत्तसु घणोदधिसु सत्तसु घणोदधिवलएसु । अहोलोए- पायालेसु भवणेसु भवणपत्थडेसु। उड्ढलोए- कप्पेसु विमाणेसु विमाणावलियासु विमाणपत्थडेसु ।**

**तिरियलोए- अगडेसु तलाएसु णदीसु दहेसु वावीसु पुक्खरिणीसु दीहियासु गुंजालियासु सरेसु सरपंतियासु सरसरपंतियासु बिलेसु बिलपंतियासु उज्झरेसु णिज्झरेसु चिल्ललेसु पल्ललेसु वप्पिणेसु दीवेसु समुद्देसु सव्वेसु चेव जलासएसु जलट्ठाणेसु । एत्थ णं बादरआउक्काइयाणं पज्जत्ताणं ठाणा पण्णत्ता ।उववाएणं लोयस्स असंखेज्जइभागे, समुग्घाएणं लोयस्स असंखेज्जइभागे, सट्ठाणेणं लोयस्स असंखेज्जइभागे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવાન ! પર્યાપ્ત બાદર અપ્કાયિકોના સ્થાનો ક્યાં છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પર્યાપ્ત બાદર અપ્યકાયિકોના સ્વસ્થાન સાત ઘનોદધિમાં, સાત ઘનોદધિ વલયોમાં છે. **અધોલોકમાં–** પાતાળો(પાતાળ કળશો)માં, ભવનોમાં તથા ભવન પ્રસ્તટોમાં, **ઊર્ધ્વલોકમાં–** કલ્પોમાં, વિમાનોમાં, વિમાનાવલિકાઓમાં, વિમાન પ્રસ્તટોમાં, **તિરછાલોકમાં–** કૂવા, તળાવો, નદીઓ, દ્રહો, ચાર ખૂણાવાળી વાવો, કમળયુક્ત ગોળાકાર પુષ્કરિણી, લાંબી વાવો, કમાડ સંયુક્ત પુષ્કરિણીઓ, સરોવરો, પંક્તિબદ્ધ સરોવરો, એક બીજા સાથે જોડાયેલા પંક્તિબદ્ધ સરોવરો, બિલો– પાણીની નીક વહેવાથી સ્વાભાવિક રીતે થઈ ગયેલી નાની કૂઈઓ છે. બિલપંક્તિ, પહાડી જળના ઉત્પત્તિ સ્થાનો, ઝરણાઓ, છિલ્લરો– થોડા પાણીવાળા કુદરતી ખાડા, પલ્લવો– કુદરતી સરોવરો, વપ્રો– ખેતરના ક્યારાઓ, દ્વીપો, સમુદ્રો, સર્વ જલાશયો અને જલ સ્થાનોમાં છે.

ઉપપાતની અપેક્ષાએ લોકના અસંખ્યાતમા ભાગમાં, સમુદ્ઘાતની અપેક્ષાએ લોકના અસંખ્યાતમા ભાગમાં અને સ્વસ્થાનની અપેક્ષાએ પણ લોકના અસંખ્યાતમા ભાગમાં હોય છે.

**૫ कहि णं भंते ! बादरआउक्काइयाणं अपज्जत्ताणं ठाणा पण्णत्ता ? गोयमा ! जत्थेव बादरआउक्काइयाणं पज्जत्तगाणं ठाणा तत्थेव बादर आउक्काइयाणं अपज्जत्तगाणं ठाणा पण्णत्ता । उववाएणं सव्वलोए, समुग्घाएणं सव्वलोए, सट्ठाणेणं लोयस्स असंखेज्जइभागे।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવાન ! અપર્યાપ્ત બાદર અપ્કાયિકોના સ્થાનો ક્યાં છે ? **ઉત્તર–** હે ગૌતમ ! પર્યાપ્ત બાદર અપ્કાયિકોના જે સ્થાનો છે, તે જ અપર્યાપ્ત બાદર અપ્કાયિકોના સ્થાનો છે. ઉપપાતની અપેક્ષાએ તે સર્વલોકમાં, સમુદ્ઘાતની અપેક્ષાએ સર્વલોકમાં અને સ્વસ્થાનની અપેક્ષાએ લોકના અસંખ્યાતમા ભાગમાં હોય છે.

**૬ कहि णं भंते ! सुहुमआउक्काइयाणं पज्जत्ता-अपज्जत्ताणं ठाणा पण्णत्ता ? गोयमा ! सुहुमआउक्काइया जे पज्जत्तगा जे य अपज्जत्तगा ते सव्वे एगविहा अविसेसा अणाणत्ता सव्वलोगपरियावण्णगा पण्णत्ता समणाउसो !**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવાન ! પર્યાપ્ત અને અપર્યાપ્ત સૂક્ષ્મ અપ્કાયિકોના સ્થાન ક્યાં છે ? **ઉત્તર–** હે ગૌતમ ! પર્યાપ્ત અને અપર્યાપ્ત સૂક્ષ્મ અપ્કાયિકો બધા એક સમાન, વિશેષતારહિત, ભેદરહિત છે. હે આયુષ્યમાન શ્રમણ ! તેઓ સર્વલોક વ્યાપી છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં અપ્કાયિક જીવોના સ્થાનોનું નિરૂપણ છે. તેનું કથન પૃથ્વીકાયિક જીવોની સમાન છે.

**घणोदधिसु :–** ઘનોદધિઓમાં. આઠ પ્રકારની પૃથ્વીમાંથી રત્નપ્રભા આદિ સાત નરકપૃથ્વીની નીચે ક્રમશઃ ઘનોદધિ, ઘનવાત અને તનુવાત છે. યથા– ૧,૮૦,૦૦૦ યોજનની રત્નપ્રભાપૃથ્વીની નીચે ૨૦,૦૦૦ યોજનના વિસ્તારમાં ઘનોદધિ, ત્યાર પછી ક્રમશઃ અસંખ્યાત યોજન વિસ્તૃત ઘનવાત અને તનુવાત છે. ત્યાર પછી અસંખ્યાત યોજનના વિસ્તારમાં આકાશ છે. ત્યાર પછી બીજી નરકપૃથ્વી આવે છે. આ રીતે સાતે નરકપૃથ્વીના ઘનોદધિ પૃથક્-પૃથક્ હોવાથી સૂત્રકારે સાત ઘનોદધિનું કથન કર્યું છે.

**घणोदधिवलएसु :–** ઘનોદધિવલયોમાં. આઠ પ્રકારની પૃથ્વીમાંથી રત્નપ્રભા આદિ સાત નરકપૃથ્વીની

ચારે બાજુ ગોળાકારે ક્રમશઃ ઘનોદધિ, ઘનવાત અને તનુવાતના એક-એક વલય છે, તેમાં ઘનીભૂત થયેલા પાણીના વલયને ઘનોદધિવલય કહે છે. સાતે નરકપૃથ્વીના ઘનોદધિવલયો પૃથક્ હોવાથી ઘનોદધિ વલયો સાત થાય છે. આઠમી ઈષત્ પ્રાગ્ભારા પૃથ્વીની ચારે બાજુ આ પ્રકારના વલય નથી.

**पायालेसु :–** પાતાળકળશ. લવણ સમુદ્રમાં ચારે દિશામાં એક લાખ યોજન વિસ્તારવાળા એક-એક પાતાળ કળશ છે અને ચારે વિદિશામાં ૧૯૭૧–૧૯૭૧ કુલ મળીને ૭,૮૮૪ લઘુ પાતાળ કળશો છે. તે એક હજાર યોજન ઊંડા છે. તે પ્રત્યેક લઘુ પાતાળ કળશોના નીચેના ત્રિભાગમાં વાયુ, મધ્યના ત્રિભાગમાં વાયુ તથા જલ અને ઉપરના ત્રિભાગમાં જલ છે.

**भवणेसु, कप्पेसु, विमाणेसु :–** ભવનોમાં, દેવલોકોમાં અને દેવલોકના છૂટા છવાયા વિમાનોમાં. આ સ્થાનોમાં સચેત પાણીની વાવડીઓ છે. તેથી ત્યાં અપ્કાયિક જીવોના સ્વસ્થાન કહ્યા છે. આ વાવડીઓ બાર દેવલોક સુધી જ હોય છે. નવગ્રૈવેયક અને પાંચ અનુત્તર વિમાનમાં વાવડીઓ નથી, તેથી ત્યાં અપ્કાયિક જીવોના સ્વસ્થાન નથી.

**बिलेसु :–** પાણીની નીક વહેવાથી સ્વાભાવિક રીતે થઈ ગયેલી નાની કૂઈઓ છે.

### તેજસ્કાયિક જીવોનાં સ્થાન :-

**૭ कहि णं भंते ! बादरतेउकाइयाणं पज्जत्तगाणं ठाणा पण्णत्ता ? गोयमा ! सट्ठाणेणं अंतोमणुस्सखेत्ते अड्ढाइज्जेसु दीवसमुद्देसु णिव्वाघाएणं पण्णरससु कम्मभूमीसु, वाघायं पडुच्च पंचसु महाविदेहेसु, एत्थ णं बादरतेउक्काइयाणं पज्जत्तगाणं ठाणा पण्णत्ता ।**

**उववाएणं लोयस्स असंखेज्जइभागे, समुग्घाएणं लोयस्स असंखेज्जइभागे, सट्ठाणेणं लोयस्स असंखेज्जइभागे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્ત બાદર તેજસ્કાયિકોનાં સ્થાનો ક્યાં છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સ્વસ્થાનની અપેક્ષાએ-મનુષ્ય ક્ષેત્રની અંદર અઢીદ્વીપ સમુદ્રમાં, નિર્વ્યાઘાતની અપેક્ષાએ અર્થાત્ ભરત–ઐરવત ક્ષેત્રમાં અગ્નિનો વિચ્છેદ થયો ન હોય ત્યારે પંદર કર્મભૂમિઓમાં, વ્યાઘાતની અપેક્ષાએ અર્થાત્ ભરત–ઐરવત ક્ષેત્રમાં બાદર અગ્નિનો વિચ્છેદ થયો હોય ત્યારે પાંચ મહાવિદેહ ક્ષેત્રોમાં, પર્યાપ્ત બાદર તેજસ્કાયિકોના સ્થાન હોય છે.

ઉપપાતની અપેક્ષાએ લોકના અસંખ્યાતમા ભાગમાં, સમુદ્ઘાતની અપેક્ષાએ લોકના અસંખ્યાતમા ભાગમાં અને સ્વસ્થાનની અપેક્ષાએ પણ લોકના અસંખ્યાતમા ભાગમાં હોય છે.

**૮ कहि णं भंते ! बादरतेउकाइयाणं अपज्जत्तगाणं ठाणा पण्णत्ता ? गोयमा ! जत्थेव बादरतेउकाइयाणं पज्जत्तगाणं ठाणा तत्थेव बादरतेउकाइयाणं अपज्जत्तगाणं ठाणा पण्णत्ता।**

**उववाएणं लोयस्स दोसु उड्ढकवाडेसु तिरियलोयतट्टे य, समुग्घाएणं सव्वलोए, सट्ठाणेणं लोयस्स असंखेज्जइभागे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવાન ! અપર્યાપ્ત બાદર તેજસ્કાયિકોના સ્થાન ક્યાં છે ? **ઉત્તર–** હે ગૌતમ ! પર્યાપ્ત બાદર-તેજસ્કાયિકોના જે સ્થાન છે, તે જ અપર્યાપ્ત બાદર તેજસ્કાયિકોના સ્થાન છે. ઉપપાતની અપેક્ષાએ લોકના બે ઊર્ધ્વકપાટોમાં તથા તિર્યગ્લોકરૂપ તટ્ટ થાળમાં અને સમુદ્ઘાતની અપેક્ષાએ સર્વલોકમાં તથા સ્વસ્થાનની અપેક્ષાએ લોકના અસંખ્યાતમા ભાગમાં હોય છે.

**९ कहि णं भंते ! सुहुमतेउकाइयाणं पज्जत्तगाणं अपज्जत्तगाणं च ठाणा पण्णत्ता ? गोयमा ! सुहुमतेउकाइया जे पज्जत्तगा जे य अपज्जत्तगा ते सव्वे एगविहा अविसेसा अणाणत्ता सव्वलोगपरियावण्णगा पण्णत्ता समणाउसो !**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવાન ! પર્યાપ્ત અને અપર્યાપ્ત સૂક્ષ્મ તેજસ્કાયિકોના સ્થાન ક્યાં છે ? **ઉત્તર–** હે ગૌતમ ! પર્યાપ્ત અને અપર્યાપ્ત સૂક્ષ્મ તેજસ્કાયિકો બધા એક સમાન, વિશેષતા રહિત, ભેદરહિત છે, હે આયુષ્યમાન શ્રમણો ! તેઓ સર્વલોકમાં હોય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં તેજસ્કાયિકોના સ્થાનોની પ્રરૂપણા છે.

**પર્યાપ્ત બાદર અગ્નિકાયિક જીવોના સ્વસ્થાન :–** બાદર અગ્નિનું સ્વસ્થાન મનુષ્યક્ષેત્ર જ છે. બાદર અગ્નિની ઉત્પત્તિ મનુષ્યક્ષેત્રમાં જ થાય છે. સૂત્રકારે તેના સ્વસ્થાનનું કથન બે અપેક્ષાએ કર્યું છે.

**(૧) વ્યાઘાતની અપેક્ષાએ–** અત્યંત સ્નિગ્ધકાલ કે અત્યંત રૂક્ષકાલમાં બાદર અગ્નિની ઉત્પત્તિ થતી નથી. આ કાલ બાદર અગ્નિને માટે વ્યાઘાતકાલ-પ્રતિબંધરૂપ કાલ છે. ભરત અને ઐરવતક્ષેત્રમાં સુષમ સુષમા, સુષમા અને સુષમ-દુષમા નામના યુગલિક કાળ વિભાગમાં અત્યંત સ્નિગ્ધ કાલ હોય છે અને દુઃષમ-દુઃષમનામના કાળમાં અત્યંત રૂક્ષકાલ હોય છે. તે સમયે ભરત અને ઐરવતક્ષેત્રમાં બાદર અગ્નિ હોતો નથી. આ રીતે વ્યાઘાતકાલ પ્રવર્તતો હોય ત્યારે પંચમહાવિદેહક્ષેત્રમાં જ બાદર અગ્નિ હોય છે.

**(૨) નિર્વ્યાઘાતકાલની અપેક્ષાએ–** જ્યારે ભરત અને ઐરવતક્ષેત્રમાં બાદર અગ્નિનો વ્યાઘાતકાલ– પ્રતિબંધ કાલ ન હોય અર્થાત્ અવસર્પિણી કાળના ત્રીજા આરામાં યુગલિક કાલ પૂર્ણ થયા પછી અંતિમ ત્રીજો ભાગ અને ચોથો-પાંચમો આરો તેમજ ઉત્સર્પિણી કાળનો બીજો, ત્રીજો તથા ચોથા આરાનો પ્રથમ ભાગ પ્રવર્તતો હોય ત્યારે પાંચ ભરત, પાંચ ઐરવત અને પાંચ મહાવિદેહક્ષેત્ર, આ પંદર કર્મભૂમિમાં બાદર અગ્નિ હોય છે.

આ રીતે જોતાં સ્પષ્ટ થાય છેકે બાદર અગ્નિના સ્વસ્થાન મનુષ્યક્ષેત્રમાં પણ પંદર કર્મભૂમિમાં જ હોય છે. અકર્મભૂમિના ક્ષેત્રોમાં અતિ સ્નિગ્ધકાલ હોવાથી બાદર અગ્નિ હોતો નથી. પંદર કર્મભૂમિનું ક્ષેત્ર લોકનો અસંખ્યાતમો ભાગ છે, તેથી તેના સ્વસ્થાન લોકના અસંખ્યાતમા ભાગમાં છે.

**પર્યાપ્ત બાદર અગ્નિના ઉપપાત-સમુદ્ઘાતસ્થાન–** પૃથ્વીકાયિક જીવોની જેમ ઉપપાત અને સમુદ્ઘાતની અપેક્ષાએ તે લોકના અસંખ્યાતમા ભાગમાં છે.

**અપર્યાપ્ત બાદર અગ્નિના સ્વસ્થાન–** પર્યાપ્ત જીવોની જેમ અપર્યાપ્ત બાદર અગ્નિકાયિક જીવોના સ્વસ્થાન લોકના અસંખ્યાતમા ભાગમાં હોય છે.

**અપર્યાપ્ત બાદર અગ્નિના ઉપપાત સ્થાન–** ઉપપાતની અપેક્ષાએ લોકના બે ઊર્ધ્વ કપાટોમાં તથા તિર્યગ્લોકના તટ્ટમાં અપર્યાપ્ત બાદર અગ્નિકાયિક જીવો હોય છે.

**दोसु उड्ढकवाडेसु तिरियलोयतट्टे य :–** બાદર અપર્યાપ્ત તેજસ્કાયિક જીવોના ઉપપાત સ્થાન બે ઊર્ધ્વકપાટ અને તિર્યગ્લોક તટ(થાળ) છે.

**બે ઊર્ધ્વકપાટ–** અઢીદ્વીપ–સમુદ્ર પ્રમાણ ૪૫ લાખ યોજન પહોળા, પૂર્વ-પશ્ચિમ તથા ઉત્તર-દક્ષિણ લોકાંતે સ્વયંભૂરમણ સમુદ્રની વેદિકાને સ્પર્શતા બે કપાટ છે. અહીં કમાડ-બારણાના આકારવાળા છએ દિશામાં લોકાન્તને સ્પર્શતા ક્ષેત્રને કપાટ કહ્યા છે. તે બે કપાટ કેવળી સમુદ્ઘાતના કપાટની જેમ ઊર્ધ્વ

અને અધો દિશામાં લોકાન્તને સ્પર્શે છે. **તિરછાલોક તટ–** થાળના આકારવાળા, સ્વયંભૂરમણ સમુદ્રની વેદિકા પર્યંતના ૧૮૦૦ યોજન જાડાઈવાળા સંપૂર્ણ તિર્યગ્લોકને અહીં તિર્યગ્લોક તટ કહે છે.

**બે ઊર્ધ્વ કપાટ :–**



પૃથ્વ્યાદિ સ્થાવર જીવો તે-તે આયુષ્ય પૂર્ણ કરી અગ્નિકાયનું આયુષ્ય ઉદયમાન થતાં બાદર અગ્નિકાયરૂપે ઉત્પન્ન થવા આવી રહ્યા હોય ત્યારે અર્થાત્ વિગ્રહગતિને પ્રાપ્ત અપર્યાપ્ત અવસ્થાવાળા તે જીવો જે ક્ષેત્રને સ્પર્શે છે, તે તેઉકાયના ઉપપાત ક્ષેત્ર કહેવાય છે. સૂત્રકારે બાદર અગ્નિકાયના અપર્યાપ્ત જીવોના ઉપપાત ક્ષેત્ર માટે બે ઊર્ધ્વકપાટ અને તિર્યગ્લોક તટ શબ્દનો પ્રયોગ કર્યો છે.

પૃથ્વ્યાદિ અન્ય ચાર સ્થાવર જીવોમાં બાદર અપર્યાપ્ત જીવોના ઉપપાત સ્થાનમાં સર્વલોક કહ્યો છે. સૂક્ષ્મ-બાદર આદિ ઘણા જીવો પૃથ્વ્યાદિમાં ઉત્પન્ન થવા માટે વિગ્રહ ગતિને પ્રાપ્ત હોય છે, તેથી તેઓના ઉપપાત સ્થાન 'સર્વલોક' થાય છે. તે જ રીતે બાદર અગ્નિમાં ઉત્પન્ન થવા માટે વિગ્રહગતિને પ્રાપ્ત ઘણા જીવો હોવા છતાં સૂત્રકારે તેના ઉપપાત સ્થાનમાં સર્વલોક ન કહેતા બે ઊર્ધ્વકપાટ કહ્યા છે, તેથી સ્પષ્ટ થાય છે કે પ્રસ્તુત પ્રસંગમાં વળાંક લઈને ઉત્પત્તિ સ્થાનની સમશ્રેણી(છએ દિશાની કોઈ એક સીધી લાઈન)માં આવી ગયેલા જીવોની અપેક્ષાએ જ અપર્યાપ્ત બાદર અગ્નિના ઉપપાત સ્થાનનું કથન છે.

પૃથ્વ્યાદિ ચાર સ્થાવરમાં ઉપપાત સ્થાનમાં સમશ્રેણી પ્રાપ્ત જીવોની ગણના કરવામાં આવે તો પણ તેના ઉપપાત સ્થાનમાં સંપૂર્ણ લોક જ થાય, કારણ કે તેના સ્વસ્થાનો ત્રણે લોકમાં છે.

બાદર અગ્નિકાયના સ્વસ્થાનો તિરછાલોકમાં પણ માત્ર અઢીદ્વીપ ક્ષેત્રમાં છે અને તેમાં પણ વ્યાઘાત સમયમાં ફક્ત મહાવિદેહક્ષેત્રમાં અને નિર્વ્યાઘાત સમયમાં ભરત-ઐરવતક્ષેત્ર અને મહાવિદેહ ક્ષેત્રમાં હોય છે. આ ક્ષેત્રમાં બાદર તેજસ્કાયરૂપે ઉત્પન્ન થવા માટે અભિમુખ બનેલા જીવોને પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ, ઊર્ધ્વ, અધો છએ દિશામાં અઢીદ્વીપ પ્રમાણ પહોળા અને લોકાન્ત પર્યંતના લાંબા ક્ષેત્રમાંથી જ સમશ્રેણી પ્રાપ્ત થાય છે. તેના માટે જ સૂત્રકારે **दोसु उड्ढकवाडेसु तिरियलोग तट्टे** શબ્દનો પ્રયોગ કર્યો છે. તેના વિવેચનમાં વ્યાખ્યાકારે આ પ્રમાણે સ્પષ્ટીકરણ કર્યું છે–

**पणयाललक्खपिहुला, दुण्णिकवाडा य छद्दिसिं पुट्ठा ।**
**लोगंते तेसिंतो जे, तेऊ ते उ घिप्पंति ॥१॥**

**અર્થ**– ૪૫ લાખ યોજન પહોળા બે કપાટ છએ દિશામાં લોકાંતને સ્પર્શે છે, તેની અંદર રહેલા તેઉકાયના (વિગ્રહગતિ પ્રાપ્ત) જીવોને જ અહીં ગ્રહણ કરવાના છે. આ રીતે ઊર્ધ્વલોક અધોલોકને સ્પર્શતા ૪૫ લાખ યોજન પહોળા, ૧ રાજુ પ્રમાણ લાંબા બે કપાટ અને સંપૂર્ણ તિર્યગ્લોક બાદર તેઉકાય અપર્યાપ્તાનું ઉપપાત ક્ષેત્ર છે.

**તિરછાલોક તટ્ટમાં બે ઊર્ધ્વકપાટ (એક પરિમાણ દષ્ટિએ આકૃતિ) :–**



**અપર્યાપ્ત બાદર તેજસ્કાયિકોનું સમુદ્દ્ઘાત સ્થાન :–** સમુદ્દ્ઘાતની દષ્ટિએ તે જીવો સર્વલોકમાં હોય છે. પર્યાપ્ત જીવો કરતાં અપર્યાપ્ત જીવો અસંખ્યાતગુણા અધિક છે. અપર્યાપ્ત બાદર તેજસ્કાયિકો પાંચે સ્થાવરના સૂક્ષ્મમાં ઉત્પન્ન થઈ શકે છે. સૂક્ષ્મ જીવો આખા લોકમાં ભરેલા છે, તેથી અપર્યાપ્ત બાદર તેજસ્કાયિકોનું ઉપપાત સ્થાન બે ઊર્ધ્વકપાટ અને તિર્યગ્લોક તટ્ટ હોવા છતાં તે જીવોનું સમુદ્દ્ઘાત સ્થાન સંપૂર્ણલોક થઈ શકે છે. સૂક્ષ્મ પર્યાપ્તા અને અપર્યાપ્તા તેજસ્કાયિક જીવોના સ્થાન પૃથ્વીકાયિક જીવોની જેમ સંપૂર્ણ લોકમાં છે.

**વાયુકાયિક જીવોનાં સ્થાન :–**

**૧૦ कहि णं भंते ! बादरवाउकाइयाणं पज्जत्तगाणं ठाणा पण्णत्ता ? गोयमा ! सट्ठाणेणं सत्तसु घणवाएसु सत्तसु घणवायवलएसु सत्तसु तणुवाएसु सत्तसु तणुवायवलएसु ।**

**अहोलोए- पायालेसु भवणेसु भवणपत्थडेसु भवणछिद्देसु भवणणिक्खुडेसु णिरएसु णिरयावलियासु णिरयपत्थडेसु णिरयछिद्देसु णिरयणिक्खुडेसु । उड्ढलोए- कप्पेसु विमाणेसु विमाणावलियासु विमाणपत्थडेसु विमाणछिद्देसु विमाणणिक्खुडेसु । तिरियलोए- पाईण-पडीण-दाहिण-उदीण सव्वेसु चेव लोगागासछिद्देसु लोगणिक्खुडेसु य, एत्थ णं बायर-वाउकाइयाणं पज्जत्तगाणं ठाणा पण्णत्ता ।**

**उववाएणं लोयस्स असंखेज्जेसु भागेसु, समुग्घाएणं लोयस्स असंखेज्जेसु भागेसु, सट्ठाणेणं लोयस्स असंखेज्जेसु भागेसु ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવાન ! પર્યાપ્ત બાદર વાયુકાયિકોના સ્થાન ક્યાં છે ? **ઉત્તર–** હે ગૌતમ ! **સ્વસ્થાનની–** અપેક્ષાએ સાત ઘનવાતોમાં, સાત ઘનવાત-વલયોમાં, સાત તનુવાતોમાં અને સાત તનુવાત વલયોમાં સ્વસ્થાન છે. **અધોલોકમાં–** પાતાળ કળશોમાં, ભવનોમાં, ભવન પ્રસ્તટોમાં, ભવનોના છિદ્રોમાં, ભવનોના નિકુષ્ટ પ્રદેશોમાં, નરકોમાં, નરકાવલિકાઓમાં, નરકોના પ્રસ્તટોમાં, નરકના છિદ્રોવાળા સ્થાનોમાં અને નરકોના નિષ્કુટ પ્રદેશોમાં સ્વસ્થાન હોય છે.

**ઊર્ધ્વલોકમાં–** કલ્પોમાં, વિમાનોમાં, વિમાનપંક્તિઓમાં, વિમાનોના પ્રસ્તટોમાં, વિમાનોના છિદ્રોવાળા સ્થાનોમાં, વિમાનોના નિષ્કુટ પ્રદેશોમાં સ્વસ્થાન હોય છે.

**તિરછાલોકમાં–** પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ અને ઉત્તર દિશાના સમસ્ત લોકાકાશના છિદ્રોવાળા સ્થાનોમાં તથા લોકના નિષ્કુટ પ્રદેશોમાં, આ સર્વ સ્થાનોમાં પર્યાપ્ત બાદર વાયુકાયિકોના સ્વસ્થાન હોય છે.

ઉપપાતની અપેક્ષાએ લોકના અસંખ્યાત ભાગોમાં, સમુદ્દ્ઘાતની અપેક્ષાએ લોકના અસંખ્યાત ભાગોમાં તથા સ્વસ્થાનની અપેક્ષાએ લોકના અસંખ્યાત ભાગોમાં પર્યાપ્ત બાદર વાયુકાયિક જીવો હોય છે.

**૧૧ कहि णं भंते! अपज्जत्तबादरवाउकाइयाणं ठाणा पण्णत्ता ? गोयमा ! जत्थेव बादर-वाउक्काइयाणं पज्जत्तगाणं ठाणा तत्थेव बादर वाउकाइयाणं अपज्जत्तगाणं ठाणा पण्णत्ता। उववाएणं सव्वलोए, समुग्घाएणं सव्वलोए, सट्ठाणेणं लोयस्स असंखेज्जेसु भागेसु।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવાન ! અપર્યાપ્ત બાદર વાયુકાયિકોના સ્થાનો ક્યાં છે ? **ઉત્તર–** હે ગૌતમ ! પર્યાપ્તા બાદર વાયુકાયિકોના જે સ્થાનો છે, તે જ અપર્યાપ્તા બાદર વાયુકાયિકોનાં સ્થાનો છે. ઉપપાતની

અપેક્ષાએ સર્વલોકમાં, સમુદ્‌ઘાતની અપેક્ષાએ સર્વલોકમાં અને સ્વસ્થાનની અપેક્ષાએ લોકના અસંખ્યાત ભાગોમાં છે.

**१२ कहि णं भंते ! सुहुमवाउकाइयाणं पज्जत्तगाणं अपज्जत्तगाणं च ठाणा पण्णत्ता ? गोयमा ! सुहुमवाउकाइया जे य पज्जत्तगा जे य अपज्जत्तगा ते सव्वे एगविहा अविसेसा अणाणत्ता सव्वलोगपरियावण्णगा पण्णत्ता समणाउसो !**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવાન ! પર્યાપ્તા અને અપર્યાપ્તા સૂક્ષ્મ વાયુકાયિકોના સ્થાન ક્યાં છે ? **ઉત્તર–** હે ગૌતમ ! પર્યાપ્તા અને અપર્યાપ્તા સૂક્ષ્મ વાયુકાયિકો બધા એક સમાન, વિશેષતા રહિત, ભેદરહિત છે અને હે આયુષ્યમાન શ્રમણો ! તે સર્વલોકમાં પરિવ્યાપ્ત છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં વાયુકાયિક જીવોના સ્થાનોનું નિરૂપણ છે.

**પર્યાપ્તા બાદર વાયુકાયિકના સ્થાન :–** ઉપપાત આદિ ત્રણે ય અપેક્ષાએ પર્યાપ્ત બાદર વાયુકાયિક જીવો લોકના અસંખ્યાત ભાગોમાં છે. લોકના ઘનભાગમાં વાયુ નથી પરંતુ લોકમાં પોલાણનો ભાગ વધુ છે. જ્યાં જ્યાં પોલાણ હોય ત્યાં બાદર વાયુ હોય જ છે. તેથી તે ત્રણેય અપેક્ષાએ લોકના ઘણા અસંખ્યાત ભાગો પ્રમાણ છે. (વાયુકાયના જીવો આઠમા અસંખ્યાત એટલે મધ્યમ અસંખ્યાત-અસંખ્યાતાના ભાગે છે, તેવી ધારણા છે.)

**અપર્યાપ્ત બાદર વાયુકાયિકોનાં સ્થાન :–** ઉપપાત અને સમુદ્‌ઘાતની અપેક્ષાએ અપર્યાપ્તા બાદર વાયુકાયિક જીવો સર્વલોકમાં વ્યાપ્ત છે કારણ કે દેવ-નારક સિવાયના પાંચ સ્થાવર, ત્રણ વિકલેન્દ્રિય, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્ય, તે ઔદારિકના દશ દંડકના જીવો અપર્યાપ્ત બાદર વાયુકાયમાં ઉત્પન્ન થાય છે. બાદર પર્યાપ્ત અને અપર્યાપ્ત વાયુકાયિકોનાં સ્વસ્થાનો લોકના ઘણાં અસંખ્યાત ભાગોમાં છે, તેથી ઉપપાત અને સમુદ્‌ઘાતની અપેક્ષાએ સર્વલોક વ્યાપ્તપણું ઘટી શકે છે. સૂક્ષ્મ વાયુકાયિકોના સ્વસ્થાનાદિ પૂર્વવત્ સમગ્ર લોકમાં છે.

**વનસ્પતિકાયિક જીવોનાં સ્થાન :–**

**१३ कहि णं भंते ! बायरवणस्सइकाइयाणं पज्जत्तगाणं ठाणा पण्णत्ता ? गोयमा ! सट्ठाणेणं सत्तसु घणोदहीसु सत्तसु घणोदहिवलएसु । अहोलोए- पायालेसु भवणेसु भवणपत्थडेसु । उड्ढलोए- कप्पेसु विमाणेसु विमाणावलियासु विमाणपत्थडेसु ।**

**तिरियलोए- अगडेसु तडागेसु णदीसु दहेसु वावीसु पुक्खरिणीसु दीहियासु गुंजालियासु सरेसु सरपंतियासु सरसरपंतियासु बिलेसु बिलपंतियासु उज्झरेसु णिज्झरेसु चिल्ललेसु पल्ललेसु वप्पिणेसु दीवेसु समुद्देसु सव्वेसु चेव जलासएसु जलट्ठाणेसु, एत्थ णं बादरवणस्सइकाइयाणं पज्जत्तगाणं ठाणा पण्णत्ता । उववाएणं सव्वलोए, समुग्घाए णं सव्वलोए, सट्ठाणेणं लोगस्स असंखेज्जइभागे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવાન ! પર્યાપ્ત બાદર વનસ્પતિકાયિકોના સ્થાન ક્યાં છે ?

**ઉત્તર**– હે ગૌતમ ! **સ્વસ્થાનની અપેક્ષાએ**–સાત ઘનોદધિઓમાં અને સાત ઘનોદધિ વલયોમાં છે. **અધોલોકમાં**–પાતાળોમાં, ભવનોમાં અને ભવનોના પ્રસ્તટો(પાથડાઓ)માં છે. **ઊર્ધ્વલોકમાં**– કલ્પોમાં, વિમાનોમાં, આવલિકાબદ્ધ વિમાનોમાં અને વિમાનોના પ્રસ્તટોમાં છે. **તિર્યગ્લોકમાં**– કૂવા, તળાવો, નદીઓ, દ્રહો, ચાર ખૂણાવાળી વાવો, ગોળાકાર પુષ્કરિણી, લાંબી વાવો, સંયુક્ત પુષ્કરિણીઓ, સરોવરો, પંક્તિબદ્ધ સરોવરો, એક બીજા સાથે જોડાયેલા પંક્તિબદ્ધ સરોવરો, બિલો, બિલપંક્તિઓ, પહાડી જળના ઉત્પત્તિ સ્થાનો, ઝરણાઓ, છિલ્લરો– થોડા પાણીવાળા કુદરતી ખાડા, પલ્લવો– કુદરતી સરોવરો, વપ્રો– ખેતરના ક્યારાઓ, દ્વીપો, સમુદ્રો, સર્વ જલાશયો અને જલ સ્થાનોમાં છે. આ સર્વ સ્થાનોમાં પર્યાપ્ત બાદર વનસ્પતિકાયિક જીવોના સ્વસ્થાન છે.

ઉપપાતની અપેક્ષાએ સર્વલોકમાં, સમુદ્ઘાતની અપેક્ષાએ સર્વલોકમાં અને સ્વસ્થાનની અપેક્ષાએ લોકના અસંખ્યાતમા ભાગમાં છે.

**૧૪ कहि णं भंते ! बादरवणस्सइकाइयाणं अपज्जत्तगाणं ठाणा पण्णत्ता ? गोयमा ! जत्थेव बादरवणस्सइकाइयाणं पज्जत्तगाणं ठाणा तत्थेव बादरवणस्सइकाइयाणं अपज्जत्तगाणं ठाणा पण्णत्ता । उववाएणं सव्वलोए, समुग्घाएणं सव्वलोए, सट्ठाणेणं लोगस्स असंखेज्जइभागे।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! અપર્યાપ્ત બાદર વનસ્પતિકાયિકોના સ્થાન ક્યાં છે ? **ઉત્તર**– હે ગૌતમ ! પર્યાપ્ત બાદર વનસ્પતિકાયિકોના જે સ્થાનો છે, તે જ અપર્યાપ્ત બાદર વનસ્પતિકાયિકોનાં સ્થાન છે.

તે ઉપપાતની અપેક્ષાએ સર્વલોકમાં, સમુદ્ઘાતની અપેક્ષાએ સર્વલોકમાં અને સ્વસ્થાનની અપેક્ષાએ લોકના અસંખ્યાતમા ભાગમાં છે.

**૧૫ कहिं णं भंते ! सुहुमवणस्सइकाइयाणं पज्जत्तगाणं अपज्जत्तगाणं ठाणा पण्णत्ता? गोयमा! सुहुमवणस्सइकाइया जे य पज्जत्तगा जे य अपज्जत्तगा ते सव्वे एगविहा अविसेसा अणाणत्ता सव्वलोगपरियावण्णगा पण्णत्ता समणाउसो !**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! પર્યાપ્ત-અપર્યાપ્ત સૂક્ષ્મ વનસ્પતિકાયિકોના સ્થાન ક્યાં છે ? **ઉત્તર**– હે ગૌતમ ! પર્યાપ્ત અને અપર્યાપ્ત સૂક્ષ્મ વનસ્પતિકાયિકો બધાં એક સમાન, વિશેષતા રહિત અને ભિન્નતા રહિત છે અને હે આયુષ્યમાન શ્રમણો ! તે સર્વલોકમાં પરિવ્યાપ્ત છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં વનસ્પતિકાયિકોના સ્થાનોની પ્રરૂપણા છે.

**પર્યાપ્ત-બાદર વનસ્પતિકાયિકોનાં સ્થાન :–** સમસ્ત જળસ્થાનોમાં પર્યાપ્ત બાદર વનસ્પતિકાયિક જીવો હોય છે. બાર દેવલોકની વાવડીઓમાં સેવાળ કમળ વગેરે જળજ વનસ્પતિકાયિક જીવો હોય છે. તેના સ્વસ્થાન લોકના અસંખ્યાતમા ભાગમાં છે પરંતુ ઉપપાત અને સમુદ્ઘાતની અપેક્ષાએ તે સર્વલોક વ્યાપી હોય છે કારણ કે વનસ્પતિમાં શેવાળ આદિ બાદર નિગોદ અનંતકાયિક વનસ્પતિ છે. સૂક્ષ્મ નિગોદના અનંત જીવો અંતર્મુહૂર્તની સ્થિતિ પૂર્ણ કરી પર્યાપ્ત બાદર નિગોદમાં ઉત્પન્ન થાય છે. તે અનંતાનંત જીવો પોતાની વિગ્રહગતિમાં પર્યાપ્ત બાદર વનસ્પતિના જીવો જ કહેવાય છે. તે અનંત જીવો ઉપપાતની અપેક્ષાએ સમગ્ર લોકને વ્યાપ્ત કરે છે.

સમુદ્ઘાતની અપેક્ષાએ સર્વલોકમાં હોય છે. બાદર નિગોદના જીવો સૂક્ષ્મ નિગોદના આયુષ્યનો બંધ કરીને મરણ સમયે મારણાંતિક સમુદ્ઘાત કરી આત્મપ્રદેશોને ઉત્પત્તિસ્થાન સુધી ફેલાવે છે. સૂક્ષ્મ નિગોદના જીવો સમગ્ર લોકમાં ભર્યા હોવાથી સમુદ્ઘાતને પ્રાપ્ત થયેલા તે બાદર જીવો સર્વલોકવ્યાપી થાય છે, તેથી સમુદ્ઘાતની અપેક્ષાએ બાદર પર્યાપ્ત વનસ્પતિકાયિક સર્વલોકમાં હોય છે.

અપર્યાપ્ત બાદર વનસ્પતિકાયિક જીવોના સ્વસ્થાન પર્યાપ્ત જીવોની જેમ લોકના અસંખ્યાતમા ભાગ પ્રમાણ છે અને ઉપપાત તથા સમુદ્ઘાતની અપેક્ષાએ સંપૂર્ણ લોકમાં છે. પર્યાપ્ત-અપર્યાપ્ત સૂક્ષ્મ વનસ્પતિકાયિક જીવોના સ્વસ્થાનાદિ સંપૂર્ણલોકમાં છે.

**વિકલેન્દ્રિય અને પંચેન્દ્રિયોના સ્થાન :–**

**૧૬** कहि णं भंते ! बेइंदियाणं पज्जत्तगाअपज्जत्तगाणं ठाणा पण्णत्ता ?

**गोयमा ! उड्ढलोए तदेक्कदेसभागे, अहोलोए तदेक्कदेसभागे, तिरियलोए अगडेसु तलाएसु णईसु दहेसु वावीसु पुक्खरिणीसु दीहियासु गुंजालियासु सरेसु सरपंतियासु सरसरपंतियासु बिलेसु बिलपंतियासु उज्झरेसु णिज्झरेसु चिल्ललेसु पल्ललेसु वप्पिणेसु दीवेसु समुद्देसु सव्वेसु चेव जलासएसु जलट्ठाणेसु, एत्थ णं बेइंदियाणं पज्जत्तापज्जत्ताणं ठाणा पण्णत्ता । उववाएणं लोगस्स असंखेज्जइभागे, समुग्घाएणं लोगस्स असंखेज्जइभागे, सट्ठाणेणं लोगस्स असंखेज्जइभागे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવાન ! પર્યાપ્ત અને અપર્યાપ્ત બેઇન્દ્રિય જીવોના સ્થાન ક્યાં છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! **ઊર્ધ્વલોકમાં** ઊર્ધ્વલોકના એક દેશ ભાગમાં(મેરુ પર્વત પરની વાવડીઓમાં) છે, **અધોલોકમાં** અધોલોકના એક દેશ ભાગમાં – અધોલૌકિક ગ્રામોમાં અને **તિરછાલોકમાં** કૂવા, તળાવો, નદીઓ, દ્રહો, વાવડીઓ, પુષ્કરિણીઓ, દીર્ઘિકાઓ, ગુંજાલિકાઓ, સરોવરો, પંક્તિબદ્ધ સરોવરો, સર-સર પંક્તિઓ, બિલો, પંક્તિ બદ્ધ બિલો, પર્વતીય જળપ્રવાહો, ઝરણાઓ, ખાડાઓ, કુદરતી સરોવરો, ખેતરના ક્યારાઓ, દ્વીપો, સમુદ્રો અને બધાં જળાશયોમાં તથા સમસ્ત જળસ્થાનોમાં પર્યાપ્ત અને અપર્યાપ્ત બેઇન્દ્રિય જીવોનાં સ્વસ્થાન છે.

ઉપપાતની અપેક્ષાએ લોકના અસંખ્યાતમા ભાગમાં, સમુદ્ઘાતની અપેક્ષાએ લોકના અસંખ્યાતમા ભાગમાં અને સ્વસ્થાનની અપેક્ષાએ પણ લોકના અસંખ્યાતમા ભાગમાં હોય છે.

**૧૭** कहि णं भंते ! तेइंदियाणं पज्जत्ताअपज्जत्ताणं ठाणा पण्णत्ता ?

**गोयमा ! उड्ढलोए तदेक्कसभाए, अहोलोए तदेक्कदेसभाए, तिरियलोए अगडेसु तलाएसु णईसु दहेसु वावीसु पुक्खरिणीसु दीहियासु गुंजालियासु सरेसु सरपंतियासु सरसरपंतियासु बिलेसु बिलपंतियासु उज्झरेसु णिज्झरेसु चिल्ललेसु पल्ललेसु वप्पिणेसु दीवेसु समुद्देसु सव्वेसु चेव जलासएसु जलट्ठाणेसु, एत्थ णं तेइंदियाणं पज्जत्ताअपज्जत्ताणं ठाणा पण्णत्ता । उववाएणं लोगस्स असंखेज्जइभागे, समुग्घाएणं लोगस्स असंखेज्जइभागे, सट्ठाणेणं लोगस्स असंखेज्जइभागे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવાન ! પર્યાપ્તા અને અપર્યાપ્તા તેઈન્દ્રિય જીવોનાં સ્થાન ક્યાં છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! **ઊર્ધ્વલોકના** એક દેશ ભાગમાં, **અધોલોકના** એકદેશ-ભાગમાં, **તિરછાલોકમાં–** કૂવા, તળાવો, નદીઓ, દ્રહો, વાવડીઓ, પુષ્કરિણીઓ, દીર્ઘિકાઓ, ગુંજાલિકાઓ, સરોવરો, પંક્તિબદ્ધ સરોવરો, સર-સર પંક્તિઓ, બિલો, બિલપંક્તિઓ, પર્વતીય જળપ્રવાહો, ઝરણાઓ, ખાડાઓ, કુદરતી સરોવરો, ખેતરના ક્યારાઓ, દ્વીપો અને સમુદ્રો, જળાશયો તથા સમસ્ત જળસ્થાનોમાં, પર્યાપ્ત-અપર્યાપ્ત તેઈન્દ્રિય જીવોના સ્થાન છે. ઉપપાતની અપેક્ષાએ લોકના અસંખ્યાતમા ભાગમાં, સમુદ્‌ઘાતની અપેક્ષાએ લોકના અસંખ્યાતમા ભાગમાં અને સ્વસ્થાનની અપેક્ષાએ પણ લોકના અસંખ્યાતમા ભાગમાં હોય છે.

**१८ कहि णं भंते ! चउरिंदियाणं पज्जत्ताअपज्जत्ताणं ठाणा पण्णत्ता ?**

**गोयमा ! उड्ढलोए तदेक्कदेसभाए, अहोलोए तदेक्कदेसभाए, तिरियलोए अगडेसु तलाएसु णईसु दहेसु वावीसु पुक्खरिणीसु दीहियासु गुंजालियासु सरेसु सरपंतियासु सरसरपंतियासु बिलेसु बिलपंतियासु उज्झरेसु णिज्झरेसु चिल्ललेसु पल्ललेसु वप्पिणेसु दीवेसु समुद्देसु सव्वेसु चेव जलासएसु जलट्ठाणेसु । एत्थ णं चउरिंदियाणं पज्जत्ताअपज्जत्ताणं ठाणा पण्णत्ता । उववाएणं लोगस्स असंखेज्जइभागे, समुग्घाएणं लोगस्स असंखेज्जइभागे, सट्ठाणेणं लोगस्स असंखेज्जइभागे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવાન ! પર્યાપ્ત અને અપર્યાપ્ત ચૌરેન્દ્રિય જીવોનાં સ્થાન ક્યાં છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! **ઊર્ધ્વલોકમાં–** ઊર્ધ્વલોકના એક દેશભાગમાં, **અધોલોકમાં–** અધોલોકના એક દેશ ભાગમાં અને **તિરછાલોકમાં–** કૂવા, તળાવો, નદીઓ, દ્રહો, વાવડીઓ, પુષ્કરિણીઓ, દીર્ઘિકાઓ, ગુંજાલિકાઓ, સરોવરો, પંક્તિબદ્ધ સરોવરો, સર-સર પંક્તિઓ, બિલો, બિલપંક્તિઓ, પર્વતીય જલપ્રવાહો, ઝરણાંઓ, ખાડાઓ, કુદરતી સરોવરો, ખેતરના ક્યારાઓ, દ્વીપો, સમુદ્રો તેમજ બધા જળાશયોમાં તથા સમસ્ત જળસ્થાનોમાં પર્યાપ્ત અને અપર્યાપ્ત ચૌરેન્દ્રિય જીવોનાં સ્થાનો છે. ઉપપાતની અપેક્ષાએ લોકના અસંખ્યાતમા ભાગમાં, સમુદ્‌ઘાતની અપેક્ષાએ લોકના અસંખ્યાતમા ભાગમાં અને સ્વસ્થાનની અપેક્ષાએ પણ લોકના અસંખ્યાતમા ભાગમાં હોય છે.

**१९ कहि णं भंते ! पंचिंदियाणं पज्जत्तापज्जत्ताणं ठाणा पण्णत्ता ?**

**गोयमा ! उड्ढलोए तदेक्कदेसभाए, अहोलोए तदेक्कदेसभाए, तिरियलोए अगडेसु तलाएसु णईसु दहेसु वावीसु पुक्खरिणीसु दीहियासु गुंजालियासु सरेसु सरपंतियासु सरसरपंतियासु बिलेसु बिलपंतियासु उज्झरेसु णिज्झरेसु चिल्ललेसु पल्ललेसु वप्पिणेसु दीवेसु समुद्देसु सव्वेसु चेव जलासएसु जलट्ठाणेसु, एत्थ णं पंचेंदियाणं पज्जत्ताअपज्जत्ताणं ठाणा पण्णत्ता । उववाएणं लोगस्स असंखेज्जइभागे समुग्घाएणं लोगस्स असंखेज्जइभागे, सट्ठाणेणं लोगस्स असंखेज्जइभागे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવાન ! પર્યાપ્તા અને અપર્યાપ્તા પંચેન્દ્રિય જીવોનાં સ્થાન ક્યાં છે ?

**ઉત્તર**– હે ગૌતમ ! **ઊર્ધ્વલોકમાં**– ઊર્ધ્વલોકના એકદેશ ભાગમાં **અધોલોકમાં**– અધોલોકના એક દેશ ભાગમાં અને **તિરછાલોકમાં**– કૂવાઓ, તળાવો, નદીઓ, દ્રહો, વાવડીઓ, પુષ્કરિણીઓ, દીર્ઘિકાઓ, ગુંજાલિકાઓ, સરોવરો, સરોવર પંક્તિઓ, સર-સર પંક્તિઓ, બિલો, બિલ પંક્તિઓ, પર્વતીય જલપ્રવાહો, ઝરણાઓ, ખાડાઓ, કુદરતી સરોવરો, ખેતરના ક્યારાઓ, દ્વીપો, સમુદ્રો,બધા જળાશયો તેમજ સમસ્ત જળસ્થાનોમાં પર્યાપ્તા અને અપર્યાપ્ત પંચેંદ્રિય જીવોનાં સ્થાન છે. ઉપપાતની અપેક્ષાએ લોકના અસંખ્યાતમા ભાગમાં, સમુદ્‌ઘાતની અપેક્ષાએ લોકના અસંખ્યાતમા ભાગમાં અને સ્વસ્થાનની અપેક્ષાએ(પણ) લોકના અસંખ્યાતમા ભાગમાં હોય છે.

**વિવેચન :-**

પ્રસ્તુત સૂત્રોમાં પર્યાપ્તા અને અપર્યાપ્તા ત્રણ વિકલેન્દ્રિય અને પંચેન્દ્રિય જીવોના સ્થાનનું કથન છે. વિકલેન્દ્રિય અને પંચેન્દ્રિય જીવો ત્રસ હોવાથી ત્રસનાલમાં જ હોય છે. તે જીવો ત્રણે લોકના એક ભાગમાં હોય છે.

**उड्ढलोए तद्देक्कदेसभागे :**–વિકલેન્દ્રિય અને પંચેન્દ્રિય જીવો ઊર્ધ્વલોકના એક દેશ ભાગમાં હોય છે.

સામાન્ય રીતે જ્યાં અપ્કાયના જીવો હોય ત્યાં સાત બોલની નિયમા હોય છે, (૧) સમુચ્ચય જીવ (૨) અપ્કાય (૩) વનસ્પતિકાય (૪) બેઇન્દ્રિય (૫) તેઇન્દ્રિય (૬) ચૌરેન્દ્રિય (૭) તિર્યંચ પંચેન્દ્રિય. તેથી જે અપ્કાયના સ્વસ્થાન છે, તે જ વિકલેન્દ્રિય અને તિર્યંચ પંચેન્દ્રિયના સ્વસ્થાન છે. સૂત્રકારે વિકલેન્દ્રિયોના સ્વસ્થાનના વર્ણનમાં અપ્કાયના ઘણા સ્થાનોનું કથન કર્યું છે. પરંતુ તેમાં ભવનપતિના ભવનો કે વૈમાનિકોના વિમાનોનો ઉલ્લેખ નથી. તેથી સ્પષ્ટ થાય છે કે ભવનપતિ દેવોના ભવનોમાં અને વૈમાનિકના વિમાનોમાં અપ્કાયિક અને વનસ્પતિકાયિક જીવો છે પરંતુ તેમાં વિકલેન્દ્રિય કે તિર્યંચ પંચેન્દ્રિય જીવો નથી.

પરંતુ ઊર્ધ્વલોકમાં આવેલી મેરુ પર્વતની વાવડીઓમાં વિકલેન્દ્રિય અને પંચેન્દ્રિય જીવો હોય છે. તેથી વિકલેન્દ્રિય જીવો ઊર્ધ્વલોકના એકદેશભાગમાં હોય છે.

તે જ રીતે અધોલોકના એક દેશભાગમાં વિકલેન્દ્રિય જીવો હોય છે. **અધોલોકમાં ભવનપતિના ભવનો કે નરકાવાસોમાં વિકલેન્દ્રિય જીવો નથી** પરંતુ અધોલોકને સ્પર્શતી પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્રની બે વિજયોમાં અને સમુદ્રોમાં વિકલેન્દ્રિય અને તિર્યંચ પંચેન્દ્રિય જીવો હોય છે.

આ રીતે જોતાં સ્પષ્ટ થાય છે કે ઊર્ધ્વલોક કે અધોલોકને સ્પર્શતા તિરછાલોકના પર્વતો, સમુદ્રો કે વિજયોની અપેક્ષાએ જ વિકલેન્દ્રિય કે તિર્યંચ પંચેન્દ્રિય જીવો ઊર્ધ્વલોક કે અધોલોકમાં હોય છે, તે સિવાય ઊર્ધ્વલોક કે અધોલોકના કોઈપણ સ્થાનમાં વિકલેન્દ્રિય કે તિર્યંચ પંચેન્દ્રિય જીવો નથી.

**पंचिंदियाणं :**– પ્રસ્તુત સૂત્ર–૧૯માં સૂત્રકારે પંચેન્દ્રિય જીવોના કોઈપણ ભેદની વિવક્ષા કર્યા વિના પંચેન્દ્રિય જીવોનું કથન કર્યું છે. પરંતુ સૂત્રપાઠને જોતાં સ્પષ્ટ થાય છે કે વિકલેન્દ્રિયોના સ્થાનના કથન પછી સૂત્રકારે ક્રમ પ્રાપ્ત અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયના સ્થાનોનું કથન કર્યું છે. ત્યારપછી ક્રમશઃ નારકી, સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય, મનુષ્યો અને દેવોના સ્થાનનું કથન છે.

**નૈરયિકોનાં સ્થાન :-**

**૨૦ कहि णं भंते ! णेरइयाणं पज्जत्ताअपज्जत्ताणं ठाणा पण्णत्ता ? कहि णं भंते ! णेरइया परिवसंति ? गोयमा ! सट्ठाणेणं सत्तसु पुढवीसु । तं जहा- रयणप्पभाए सक्करप्पभाए वालुयप्पभाए पंकप्पभाए धूमप्पभाए तमप्पभाए तमतमप्पभाए, एत्थ णं**

णेरइयाणं चउरासीइ णिरयावास-सयसहस्सा भवंतीति मक्खायं ।

ते णं णरगा अंतो वट्टा बाहिं चउरंसा अहे खुरप्पसंठाणसंठिया णिच्चंधयार-तमसा ववगयगहचंद-सूर-णक्खत्त-जोइसपहा मेद-वसा-पूय-पडल-रुहिर-मंस-चिक्खिल्ललित्ताणु-लेवणतला असुई वीसा परम दुब्भिगंधा; काऊअगणिवण्णाभा कक्खडफासा दुरहियासा असुभा णरगा असुभा णरगेसु वेयणाओ, एत्थ णं णेरइयाणं पज्जत्ताअपज्जत्ताणं ठाणा पण्णत्ता । उववाएणं लोगस्स असंखेज्जइभागे, समुग्घाएणं लोगस्स असंखेज्जइभागे, सट्ठाणेणं लोगस्स असंखेज्जइभागे ।

एत्थ णं बहवे णेरइया परिवसंति काला कालोभासा गंभीरलोमहरिसा भीमा उत्तासणगा परमकण्हा वण्णेणं पण्णत्ता समणाउसो ! ते णं तत्थ णिच्चं भीया णिच्चं तत्था णिच्चं तसिया णिच्चं उव्विग्गा णिच्चं परममसुहं संबद्धं णरगभयं पच्चणुभवमाणा विहरंति ।

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવાન ! પર્યાપ્ત અને અપર્યાપ્ત નૈરયિકોનાં સ્થાન ક્યાં છે ? હે ભગવન્ ! નૈરયિકો ક્યાં રહે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સ્વસ્થાનની અપેક્ષાએ સાત નરક પૃથ્વીઓમાં રહે છે, તે આ પ્રમાણે છે– (૧) રત્નપ્રભામાં, (૨) શર્કરાપ્રભામાં, (૩) વાલુકાપ્રભામાં, (૪) પંકપ્રભામાં, (૫) ધૂમપ્રભામાં, (૬) તમઃ પ્રભામાં અને (૭) તમસ્તમઃ પ્રભામાં, આ સાત નરકપૃથ્વીઓમાં ચોર્યાશી લાખ (૮૪,૦૦,૦૦૦) નરકાવાસો છે. તે **નરકાવાસો** અંદરથી ગોળ અને બહારથી સમચોરસ, નીચેથી ક્ષુરપ્ર-અસ્ત્રાના આકાર-વાળા છે. ત્યાં સતત અંધકાર હોવાથી તે ગાઢ અંધકારવાળા છે. તે નરકાવાસો ગ્રહ, ચંદ્ર, સૂર્ય, નક્ષત્ર આદિ જ્યોતિષી વિમાનોની પ્રભાથી રહિત છે. તેનો ભૂમિભાગ મેદ, ચરબી, પરુ, રુધિર અને માંસના કીચડના લેપથી ખરડાયેલો હોય છે. તે નરકાવાસો અશુચિમય, ઘૃણાજનક, અત્યંત દુર્ગંધી, કાપોત– અત્યંત કાળા અગ્નિ જેવા વર્ણવાળા, કર્કશસ્પર્શયુક્ત, દુઃસહ્ય અને અશુભ છે. તે નરકાવાસોમાં અશુભ-અત્યંત દુઃખરૂપ વેદના છે. તેમાં પર્યાપ્તા અને અપર્યાપ્તા નૈરયિકોનાં સ્થાનો છે.

તે ઉપપાતની અપેક્ષાએ–લોકના અસંખ્યાતમા ભાગમાં, સમુદ્ઘાતની અપેક્ષાએ–લોકના અસંખ્યાતમા ભાગમાં અને સ્વસ્થાનની અપેક્ષાએ પણ લોકના અસંખ્યાતમા ભાગમાં છે.

હે આયુષ્યમાન્ શ્રમણો ! તે નરકાવાસોમાં ઘણા નૈરયિકો નિવાસ કરે છે. તેઓ અત્યંત કાળા, કાળી આભાયુક્ત, ગંભીર રોમાંચયુક્ત, ભયાનક, ઉત્કૃષ્ટ ત્રાસજનક તથા અત્યંત કાળા વર્ણવાળા છે. તે નૈરયિકો ત્યાં હંમેશાં ભયભીત, ત્રસ્ત, પરમાધામી દેવોના અને પરસ્પરના ત્રાસથી ત્રાસિત, ઉદ્વિગ્ન અને એકાંત અશુભ સંબંધવાળા, નરક સંબંધિત ભયનો પ્રત્યક્ષ અનુભવ કરતા રહે છે.

**૨૧** कहि णं भंते ! रयणप्पभापुढविणेरइयाणं पज्जत्ताऽपज्जत्ताणं ठाणा पण्णत्ता ? कहि णं भंते! रयणप्पभापुढविणेरइया परिवसंति ? गोयमा ! इमीसे रयणप्पभाए पुढवीए असीउत्तर-जोयणसयसहस्सबाहल्लाए उवरिं एगं जोयणसहस्सं ओगाहित्ता, हेट्ठा वेगं जोयणसहस्सं वज्जेत्ता, मज्झे अट्ठहत्तरे जोयणसयसहस्से, एत्थ णं रयणप्पभापुढविणेरइयाणं तीसं णिरयावास-सयसहस्सा भवंतीति मक्खायं ।

ते णं णरगा अंतो वट्टा बाहिं चउरंसा अहे खुरप्पसंठाणसंठिया णिच्चंधयारतमसा

**ववगय-गह-चंद-सूर-णक्खत्तजोइसप्पभा मेद-वसा-पूयपडल-रुहिर-मंसचिक्खिल्ललित्ताणु-लेवणतला असुई वीसा परमदुब्भिगंधा काऊअगणि-वण्णाभा कक्खडफासा दुरहियासा असुभा णरगा असुभा णरगेसु वेयणाओ, एत्थ णं रयणप्पभापुढविणेरइयाणं पज्जत्ताअपज्जत्ताणं ठाणा पण्णत्ता । उववाएणं लोगस्स असंखेज्जइभागे, समुग्घाएणं लोगस्स असंखेज्जइभागे, सट्ठाणेणं लोगस्स असंखेज्जइभागे ।**

**तत्थ णं बहवे रयणप्पभापुढविणेरइया परिवसंति– काला कालोभासा गंभीरलोम-हरिसा भीमा उत्तासणगा परमकिण्हा वण्णेणं पण्णत्ता समणाउसो ! ते णं णिच्चं भीया णिच्चं तत्था णिच्चं तसिया णिच्चं उव्विग्गा णिच्चं परममसुहं संबद्धं णरगभयं पच्चणुभवमाणा विहरंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવાન ! રત્નપ્રભા પૃથ્વીના પર્યાપ્તા અને અપર્યાપ્તા નૈરયિકોનાં સ્થાન ક્યાં છે? હે ભગવન્ ! રત્નપ્રભા પૃથ્વીનાં નૈરયિકો ક્યાં રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! એક લાખ, એંશી હજાર(૧,૮૦,૦૦૦) યોજન પ્રમાણ જાડાઈવાળી રત્નપ્રભાપૃથ્વીમાં ઉપર એક હજાર યોજન અને નીચે એક હજાર યોજન છોડીને મધ્યના એક લાખ, અઠ્યોતેર હજાર(૧,૭૮,૦૦૦) યોજનમાં રત્નપ્રભા પૃથ્વીના નૈરયિકોના ત્રીસ લાખ(૩૦,૦૦,૦૦૦) નરકાવાસો છે.

તે નરકાવાસો અંદરથી ગોળ અને બહારથી સમચોરસ, નીચે અસ્ત્રાના આકારના, સતત અંધકારમય હોવાથી ગાઢ અંધકારવાળા, ગ્રહ, ચંદ્ર, સૂર્ય અને નક્ષત્રરૂપ જ્યોતિષી વિમાનોની પ્રભાથી રહિત છે. તેનો ભૂમિ ભાગ મેદ, ચરબી, પરુ, રુધિર અને માંસના કીચડથી ખરડાયેલો છે. તે અપવિત્ર, બીભત્સ, અશુચિમય, અત્યંત દુર્ગંધમય, કાપોત રંગની જાજ્વલ્યમાન અગ્નિ જેવા વર્ણવાળો, કર્કશ સ્પર્શવાળો, દુઃસહ્ય, અશુભ અને અશુભ વેદનાવાળો છે. તે નરકાવાસોમાં પર્યાપ્તા અને અપર્યાપ્તા રત્નપ્રભાપૃથ્વીના નારકીઓનાં સ્થાનો છે. તે ઉપપાત અપેક્ષાએ લોકના અસંખ્યાતમા ભાગમાં, સમુદ્ઘાતની અપેક્ષાએ લોકના અસંખ્યાતમા ભાગમાં અને સ્વસ્થાનની અપેક્ષાએ પણ લોકના અસંખ્યાતમા ભાગમાં હોય છે.

હે આયુષ્યમાન્ શ્રમણો ! તે નરકાવાસોમાં રત્નપ્રભા પૃથ્વીના ઘણા નારકીઓ નિવાસ કરે છે. તે કાળા, કાળી આભાવાળા, ગંભીર-રોમાંચ ઉત્પન્ન થાય તેવા ભયંકર, ત્રાસજનક, વર્ણથી અત્યંત કાળા હોય છે. ત્યાં તે નારકો નિત્ય ભયભીત, ત્રસ્ત, પરમાધામી દેવો દ્વારા અને પરસ્પરના ત્રાસથી ત્રાસિત, ઉદ્વિગ્ન તથા સદૈવ અત્યંત અશુભ સંબંધવાળા અને નરક સંબંધિત ભયનો પ્રત્યક્ષ અનુભવ કરતા રહે છે.

**२२ कहि णं भंते ! सक्करप्पभापुढविणेरइयाणं पज्जत्ताअपज्जत्ताणं ठाणा पण्णत्ता ? कहि णं भंते ! सक्करप्पभापुढविणेरइया परिवसंति ?**

**गोयमा ! सक्करप्पभाए पुढवीए बत्तीसुत्तरजोयणसयसहस्सबाहल्लाए उवरिं एगं जोयणसहस्सं ओगाहित्ता हेट्ठा वेगं जोयणसहस्सं वज्जित्त मज्झे तीसुत्तरे जोयणसयसहस्से एत्थ णं सक्करप्पभापुढविणेरइयाणं पणवीसं णिरयावाससय-सहस्सा हवंतीति मक्खायं ।**

**ते णं णरगा अंतो वट्टा बाहिं चउरंसा अहे खुरप्पसंठाणसंठिया णिच्चंधयारतमसा ववगयगह-चंद-सूर-णक्खत्तजोइसप्पहा मेद-वसा-पूयपडल-रुहिर-मंसचिक्खिल्ललित्ताणु-**

**लेवणतला असुई वीसा परमदुब्भिगंधा काऊअगणिवण्णाभा कक्खडफासा दुरहियासा असुभा णरगा असुभा णरगेसु वेयणाओ, एत्थ णं सक्करप्पभापुढविणेरइयाणं पज्जत्ता-अपज्जत्ताणं ठाणा पण्णत्ता । उववाएणं लोगस्स असंखेज्जइभागे, समुग्घाएणं लोगस्स असंखेज्जइभागे, सट्ठाणेणं लोगस्स असंखेज्जइभागे ।**

**तत्थ णं बहवे सक्करपभापुढविणेरइया परिवसंति । काला कालोभासा गंभीरलोम-हरिसा भीमा उत्तासणगा परमकिण्हा वण्णेणं पण्णत्ता समणाउसो ! ते णं णिच्चं भीया णिच्चं तत्था णिच्चं तसिया णिच्चं उव्विग्गा णिच्चं परममसुहं संबद्धं णरगभयं पच्चणुभवमाणा विहरंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! શર્કરાપ્રભાપૃથ્વીના પર્યાપ્તા અને અપર્યાપ્તા નારકીઓનાં સ્થાનો ક્યાં છે ? શર્કરાપ્રભા પૃથ્વીના નૈરયિકો ક્યાં રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! એક લાખ બત્રીસ હજાર(૧,૩૨,૦૦૦) યોજન પ્રમાણ જાડાઈવાળી શર્કરાપ્રભાપૃથ્વીમાં ઉપર એક હજાર યોજન અને નીચે એક હજાર યોજન છોડીને મધ્યના એક લાખ ત્રીસ હજાર(૧,૩૦,૦૦૦) યોજનમાં, શર્કરાપ્રભાપૃથ્વીના નારકીઓના પચ્ચીસ લાખ(૨૫,૦૦,૦૦૦) નરકાવાસો છે.

તે નરકાવાસો અંદરથી ગોળ, બહારથી સમચોરસ અને નીચે અસ્ત્રાના આકારના, નિત્ય અંધકારમય હોવાથી ગાઢ અંધકારવાળા, ગ્રહ, ચંદ્ર, સૂર્ય, નક્ષત્ર આદિ જ્યોતિષી વિમાનોની પ્રભાથી રહિત છે. તેનો ભૂમિભાગ, મેદ, ચરબી, પરુ, રુધિર, માંસના કીચડથી ખરડાયેલો છે. તે અપવિત્ર, બીભત્સ, અશુચિમય, અત્યંત દુર્ગંધમય, કાપોત રંગની અત્યંત જાજ્વલ્યમાન અગ્નિ સમાન વર્ણવાળો છે; તેનો સ્પર્શ અત્યંત કઠોર છે. તે દુઃસહ્ય, અશુભ અને અશુભ વેદનાવાળો છે. તે નરકાવાસોમાં શર્કરાપ્રભાપૃથ્વીના પર્યાપ્તા અને અપર્યાપ્તા નારકીઓનાં સ્થાનો છે.

તે ઉપપાતની અપેક્ષાએ લોકના અસંખ્યાતમા ભાગમાં, સમુદ્ઘાતની અપેક્ષાએ લોકના અસંખ્યાતમા ભાગમાં અને સ્વસ્થાનની અપેક્ષાએ પણ લોકના અસંખ્યાતમા ભાગમાં હોય છે.

તે નરકમાં ઘણા શર્કરાપ્રભા પૃથ્વીના નારકીઓ નિવાસ કરે છે. તેઓ કાળા, કાળી આભાવાળા, અત્યંત ગંભીર રોમાંચયુક્ત, ભયંકર, ઉત્કૃષ્ટ ત્રાસજનક તથા વર્ણથી અત્યંત કાળા છે. હે આયુષ્યમાન શ્રમણો ! તે નારકીઓ નિત્ય ભયભીત, નિત્ય ત્રસ્ત તથા પરમાધામી દેવો દ્વારા અને પરસ્પરના ત્રાસથી સદૈવ ત્રાસિત, સદા ઉદ્વિગ્ન, નિત્ય અત્યંત અશુભ સંબંધવાળા અને નરક સંબંધિત ભયનો(દુઃખોનો) પ્રત્યક્ષ અનુભવ કરતા રહે છે.

**२३ कहि णं भंते ! वालुयप्पभापुढविणेरइयाणं पज्जत्ताअपज्जत्ताणं ठाणा पण्णत्ता? गोयमा ! वालुयप्पभाए पुढवीए अट्ठावीसुत्तरजोयणसयसहस्सबाहल्लाए उवरिं एगं जोयणसहस्सं ओगाहेत्ता हेट्ठा वेगं जोयणसहस्सं वज्जेत्ता मज्झे छव्वीसुत्तरे जोयणसयसहस्से, एत्थ णं वालुयप्पभापुढविणेरइयाणं पण्णरस्स णिरयावाससयसहस्सा भवंतीति मक्खायं ।**

**ते णं णरगा अंतो वट्टा बाहिं चउरंसा अहे खुरप्पसंठाणसंठिया णिच्चंधयार-तमसा ववगयगहचंद-सूर-णक्खत्तजोइसप्पहा मेद-वसा-पूयपडल-रुहिर-मंस-चिक्खिल्ल-लित्ताणु-लेवणतला असुई वीसा परमदुब्भिगंधा काऊअगणिवण्णाभा कक्खडफासा दुरहियासा**

**असुभा णरगा असुभा णरएसु वेयणाओ एत्थ णं वालुयप्पभापुढविणेरइयाणं पज्जत्तापज्जत्ताणं ठाणा पण्णत्ता । उववाएणं लोगस्स असंखेज्जइभागे, समुग्घाएणं लोगस्स असंखेज्जइभागे, सट्ठाणेणं लोगस्स असंखेज्जइभागे ।**

**तत्थ णं बहवे वालुयप्पभापुढविणेरइया परिवसंति- काला कालोभासा गंभीरलोम-हरिसा भीमा उत्तासणगा परमकिण्हा वण्णेणं पण्णत्ता समणाउसो ! ते णं णिच्चं भीया णिच्चं तत्था णिच्चं तसिता णिच्चं उव्विग्गा णिच्चं परममसुहं संबद्धं णरगभयं पच्चणुभवमाणा विहरंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વાલુકાપ્રભાપૃથ્વીના પર્યાપ્તા અને અપર્યાપ્તા નારકીઓનાં સ્થાન ક્યાં છે ? હે ભગવન્ ! વાલુકાપ્રભાના નૈરયિકો ક્યાં રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! એક લાખ અઠ્યાવીસ હજાર(૧,૨૮,૦૦૦) યોજન જાડાઈવાળી વાલુકાપ્રભા પૃથ્વીમાં ઉપર એક હજાર યોજન અને નીચે એક હજાર યોજન ક્ષેત્રને છોડીને મધ્યના એક લાખ છવ્વીસ હજાર (૧,૨૬,૦૦૦) યોજનમાં, વાલુકાપ્રભા પૃથ્વીના નારકીઓના પંદર લાખ(૧૫,૦૦,૦૦૦) નરકાવાસો છે.

તે નરકાવાસો અંદરથી ગોળ, બહારથી સમચોરસ, નીચે અસ્ત્રાના આકારના, નિત્ય ગાઢ અંધકારયુક્ત, ગ્રહ, ચંદ્ર, સૂર્ય, નક્ષત્રાદિ જ્યોતિષી વિમાનોની પ્રભાથી રહિત છે. તેનો ભૂમિભાગ મેદ, ચરબી, પરુ, રુધિર અને માંસના કીચડથી ખરડાયેલો અશુચિમય, બીભત્સ, અતીવ દુર્ગંધમય, કાપોત રંગની જાજ્વલ્યમાન અગ્નિના વર્ણ સમાન વર્ણવાળો, કઠોર સ્પર્શવાળો દુઃસહ્ય, અશુભ અને અશુભ વેદનાવાળો છે. તે નરકાવાસોમાં વાલુકાપ્રભા પૃથ્વીના પર્યાપ્ત અને અપર્યાપ્ત નારકીઓના સ્થાન છે.

તે ઉપપાતની અપેક્ષાએ લોકના અસંખ્યાતમા ભાગમાં; સમુદ્ઘાતની અપેક્ષાએ લોકના અસંખ્યાતમા ભાગમાં અને સ્વસ્થાનની અપેક્ષાએ પણ લોકના અસંખ્યાતમા ભાગમાં હોય છે.

તેમાં ઘણા વાલુકાપ્રભા પૃથ્વીના નારકીઓ નિવાસ કરે છે. હે આયુષ્યમાન શ્રમણો ! તેઓ કાળા, કાળી આભાવાળા, ગંભીર રોમાંચયુક્ત, ભયાનક, ઉત્કૃષ્ટ ત્રાસજનક અને વર્ણથી અત્યંત કાળા છે. તે નારકીઓ નિત્ય ભયભીત, હંમેશાં ત્રસ્ત, પરમાધામી દેવો દ્વારા અને પરસ્પરના ત્રાસથી ત્રાસિત, ઉદ્વિગ્ન, અત્યંત અશુભ સંબંધવાળા અને નરક સંબંધિત ભયનો પ્રત્યક્ષ અનુભવ કરતા રહે છે.

**૨૪ कहि णं भंते ! पंकप्पभापुढविणेरइयाणं पज्जत्ताअपज्जत्ताणं ठाणा पण्णत्ता ? गोयमा ! पंकप्पभाए पुढवीए वीसुत्तरजोयणसयसहस्सबाहल्लाए उवरिं एगं जोयणसहस्सं ओगाहित्ता हेट्ठा वेगं जोयणसहस्सं वज्जेत्ता मज्झे अट्ठारसुत्तरे जोयणसयसहस्से, एत्थ णं पंकप्पभा पुढवि णेरइयाणं दस णिरयावाससयसहस्सा भवंतीति मक्खायं ।**

**ते णं णरगा अंतो वट्टा बाहिं चउरंसा अहे खुरप्पसंठाणसंठिया णिच्चंधयारतमसा ववगयगह-चंद-सूर-णक्खत्तजोइसपहा मेद-वसा-पूयपडल-रुहिर-मंस-चिक्खिल्ललित्ताणुलेवणतला असुई वीसा परमदुब्भिगंधा काऊअगणिवण्णाभा कक्खडफासा दुरहियासा असुभा णरगा असुभा णरगेसु वेयणाओ, एत्थ णं पंकप्पभापुढवि णेरइयाणं पज्जत्ताअपज्जत्ताणं ठाणा पण्णत्ता ।**

**उववाएणं लोगस्स असंखेज्जइभागे, समुग्घाएणं लोगस्स असंखेज्जइभागे, सट्ठाणेणं**

लोगस्स असंखेज्जइभागे । तत्थ णं बहवे पंकप्पभापुढविणेरइया परिवसंति काला कालोभासा गंभीरलोमहरिसा भीमा उत्तासणगा परमकिण्हा वण्णेणं पण्णत्ता समणाउसो !

ते णं णिच्चं भीया णिच्चं तत्था णिच्चं तसिया णिच्चं उव्विग्गा णिच्चं परममसुहं संबद्धं णरगभयं पच्चणुभवमाणा विहरंति ।

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પંકપ્રભાપૃથ્વીના પર્યાપ્તા અને અપર્યાપ્તા નારકીઓનાં સ્થાન કયાં છે ? **ઉત્તર–** હે ગૌતમ ! એક લાખ વીસ હજાર (૧,૨૦,૦૦૦) યોજન પ્રમાણ જાડાઈવાળી પંકપ્રભા પૃથ્વીમાં ઉપર એક હજાર યોજન અને નીચે એક હજાર યોજન ક્ષેત્રને છોડીને, મધ્યના એક લાખ અઢાર હજાર (૧,૧૮,૦૦૦) યોજનમાં પંકપ્રભા પૃથ્વીના નારકીઓના દશ લાખ નરકાવાસો છે.

તે નરકાવાસો અંદરથી ગોળ, બહારથી સમચોરસ અને નીચેથી અસ્ત્રાના આકારવાળા, સદા અંધકારથી વ્યાપ્ત; ગ્રહ, ચંદ્ર, સૂર્ય, નક્ષત્ર આદિ જ્યોતિષી વિમાનોની પ્રભાથી રહિત; તેનો ભૂમિભાગ મેદ, ચરબી, પરુનો સમૂહ, રુધિર, માંસના કીચડથી ખરડાયેલો હોય છે, અપવિત્ર, બીભત્સ, અત્યંત દુર્ગંધયુક્ત, કાપોત રંગની જાજ્વલ્યમાન અગ્નિ સમાન વર્ણવાળો, કઠોર સ્પર્શયુક્ત અત્યંત દુઃસહ, અશુભ અને અશુભ વેદનાવાળો છે; ત્યાં પંકપ્રભાપૃથ્વીના પર્યાપ્ત અને અપર્યાપ્ત નારકીઓનાં સ્થાનો છે.

તે ઉપપાતની અપેક્ષાએ લોકના અસંખ્યાતમા ભાગમાં; સમુદ્‌ઘાતની અપેક્ષાએ લોકના અસંખ્યાતમા ભાગમાં; અને સ્વસ્થાનની અપેક્ષાએ પણ લોકના અસંખ્યાતમા ભાગમાં હોય છે. પંકપ્રભાપૃથ્વીમાં ઘણા નારકીઓ નિવાસ કરે છે; તે કાળા, કાળી આભાયુક્ત, ગંભીર રોમાંચયુક્ત, ભયંકર, ત્રાસજનક અને વર્ણથી અત્યંત કાળા હોય છે. હે આયુષ્યમાન શ્રમણો ! તે નારકીઓ ત્યાં હંમેશાં ભયભીત, સદા ત્રસ્ત, હંમેશાં પરસ્પરના ત્રાસથી ત્રાસિત, નિત્ય ઉદ્વિગ્ન અત્યંત અશુભ સંબંધવાળા અને નરક સંબંધિત ભયનો પ્રત્યક્ષ અનુભવ કરતા રહે છે.

**૨૫** कहि णं भंते! धूमप्पभापुढविणेरइयाणं पज्जत्ताअपज्जत्ताणं ठाणा पण्णत्ता ? गोयमा ! धूमप्पभाए पुढवीए अट्ठारसुत्तरजोयणसयसहस्सबाहल्लाए उवरिं एगं जोयणसहस्सं ओगाहित्ता हेट्ठा वेगं जोयणसहस्सं वज्जेत्ता मज्झे सोलसुत्तरे जोयणसयसहस्से, एत्थ णं धूमप्पभा पुढविणेरइयाणं तिण्णि णिरयावाससयसहस्सा भवंतीति मक्खायं ।

ते णं णरगा अंतो वट्टा बाहिं चउरंसा अहे खुरप्पसंठाणसंठिया णिच्चंधयार-तमसा ववगयगहचंद-सूर-णक्खत्तजोइसपहा मेद-वसा-पूयपडल-रुहिर-मंस-चिक्खिल्ललित्ताणु-लेवणतला असुई वीसा परमदुब्भिगंधा काऊअगणिवण्णाभा कक्कडफासा दुरहियासा असुभा णरगा असुभा णरगेसु वेयणाओ, एत्थ णं धूमप्पभापुढविणेरइयाणं पज्जत्ताअपज्जत्ताणं ठाणा पण्णत्ता ।

उववाएणं लोगस्स असंखेज्जइभागे, समुग्घाएणं लोगस्स असंखेज्जइभागे, सट्ठाणेणं लोगस्स असंखेज्जइभागे । तत्थ णं बहवे धूमप्पभापुढविणेरइया परिवसंति । काला कालोभासा गंभीरलोमहरिसा भीमा उत्तासणगा परमकिण्हा वण्णेणं पण्णत्ता समणाउसो !

**ते णं णिच्चं भीया णिच्चं तत्था णिच्चं तसिया णिच्चं उव्विग्गा णिच्चं परममसुहं संबद्धं णरगभयं पच्चणुभवमाणा विहरंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ધૂમપ્રભા પૃથ્વીના પર્યાપ્તા અને અપર્યાપ્તા નારકીઓનાં સ્થાન ક્યાં છે ? **ઉત્તર–** હે ગૌતમ ! એક લાખ અઢાર હજાર(૧,૧૮,૦૦૦) યોજન પ્રમાણ જાડાઈવાળી ધૂમપ્રભા પૃથ્વીમાં ઉપર એક હજાર યોજન અને નીચે એક હજાર યોજન ક્ષેત્રને છોડીને, મધ્યના એકલાખ સોળ હજાર (૧,૧૬,૦૦૦) યોજનમાં, ધૂમપ્રભાપૃથ્વીના નારકીઓના ત્રણ લાખ(૩,૦૦,૦૦૦) નરકાવાસા છે.

તે નરકાવાસો અંદરથી ગોળ, બહારથી સમચોરસ, નીચેથી અસ્ત્રાના આકારના, હંમેશાં ગાઢ અંધકારથી વ્યાપ્ત, ગ્રહ, ચંદ્ર, સૂર્ય, નક્ષત્રાદિ જ્યોતિષી વિમાનોની પ્રભાથી રહિત છે. તેનો ભૂમિ ભાગ મેદ, ચરબી, પરુનો સમૂહ, રુધિર અને માંસના કીચડથી ખરડાયેલો હોય છે. તે નરકો અત્યંત અપવિત્ર, બીભત્સ, અત્યંત દુર્ગંધયુક્ત, કાપોત રંગની જાજ્વલ્યમાન અગ્નિના વર્ણ સમાન વર્ણવાળો, કઠોર સ્પર્શયુક્ત, દુઃસહ્ય અશુભ અને અશુભ વેદનાવાળો છે. ત્યાં ધૂમપ્રભા પૃથ્વીના પર્યાપ્ત અને અપર્યાપ્ત નારકોના સ્થાનો છે.

તે ઉપપાતની અપેક્ષાએ લોકના અસંખ્યાતમા ભાગમાં, સમુદ્‌ઘાતની અપેક્ષાએ લોકના અસંખ્યાતમા ભાગમાં અને સ્વસ્થાનની અપેક્ષાએ પણ લોકના અસંખ્યાતમા ભાગમાં હોય છે. ત્યાં ઘણા ધૂમપ્રભાપૃથ્વીના નૈરયિકો રહે છે. તે નારકીઓ કાળા, કાળી આભાવાળા, ગંભીર રોમાંચયુક્ત, ભયાનક, અત્યંત ત્રાસજનક અને વર્ણથી અત્યંત કાળા હોય છે. હે આયુષ્યમાન શ્રમણો ! તે નારકો ત્યાં નિત્ય ભયભીત, સદાત્રસ્ત, સદા પરસ્પરના ત્રાસથી ત્રાસિત, નિત્ય ઉદ્વિગ્ન અને હંમેશાં પરમ અશુભ સંબંધ-વાળા, નરકના ભયનો પ્રત્યક્ષ અનુભવ કરતા રહે છે.

**२६ कहि णं भंते! तमप्पभापुढविणेरइयाणं पज्जत्ताअपज्जत्ताणं ठाणा पण्णत्ता ? गोयमा ! तमप्पभाए पुढवीए सोलसुत्तरजोयणसयसहस्सबाहल्लाए उवरिं एगं जोयणसहस्सं ओगाहित्ता हेट्ठा वि एगं जोयणसहस्सं वज्जेत्ता मज्झे चोद्दसुत्तरे जोयणसयसहस्से, एत्थ णं तमप्पभा- पुढविणेरइयाणं एगे पंचूणे णरगावाससयसहस्से हवंतीति मक्खायं ।**

**ते णं णरगा अंतो वट्टा बाहिं चउरंसा अहे खुरप्पसंठाणसंठिया णिच्चंधयार-तमसा ववगयगहचंद-सूर-णक्खत्तजोइसप्पहा मेद-वसा-पूयपडल-रुहिर-मंस-चिक्खिल्ललित्ताणु-लेवणतला असुई वीसा परमदुब्भिगंधा कक्खडफासा दुरहियासा असुभा णरगा असुभा णरगेसु वेयणाओ, एत्थ णं तमप्पभा-पुढविणेरइयाणं पज्जत्ताअपज्जत्ताणं ठाणा पण्णत्ता । उववाएणं लोगस्स असंखेज्जइभागे समुग्घाएणं लोगस्स असंखेज्जइभागे, सट्ठाणेणं लोगस्स असंखेज्जइभागे ।**

**तत्थ णं बहवे तमप्पभापुढविणेरइया परिवसंति– काला कालोभासा गंभीरलोमहरिसा भीमा उत्तासणगा परमकिण्हा वण्णेणं पण्णत्ता समणाउसो । ते णं णिच्चं भीया णिच्चं तत्था णिच्चं तसिया णिच्चं उव्विग्गा णिच्चं परममसुहं संबद्धं णरगभयं पच्चणुभवमाणा विहरंति।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તમઃપ્રભા પૃથ્વીના પર્યાપ્તા અને અપર્યાપ્તા નારકીઓનાં સ્થાન ક્યાં

છે ? **ઉત્તર–** હે ગૌતમ ! એક લાખ સોળ હજાર યોજન પ્રમાણ જાડાઈવાળી તમઃપ્રભાપૃથ્વીમાં ઉપર એક હજાર યોજન અને નીચે એક હજાર યોજન ક્ષેત્રને છોડીને, વચ્ચેના એક લાખ ચૌદ હજાર યોજનમાં તમઃપ્રભાપૃથ્વીના નારકીઓના પાંચ ન્યૂન એક લાખ (૯૯,૯૯૫) નરકાવાસો છે.

તે નરકાવાસો અંદરથી ગોળ, બહારથી સમચોરસ, નીચેથી અસ્ત્રાના આકારના, હંમેશાં ગાઢ અંધકારથી વ્યાપ્ત ગ્રહ, ચંદ્ર, સૂર્ય, નક્ષત્રાદિ જ્યોતિષી વિમાનોની પ્રભાથી રહિત છે. તેનો ભૂમિભાગ મેદ, ચરબી, પરુનો સમૂહ, રુધિર, માંસના કીચડના લેપથી ખરડાયેલો છે, તે અપવિત્ર, બીભત્સ, અતિદુર્ગંધિત, કર્કશસ્પર્શયુક્ત, દુઃસહ્ય, અશુભ અને અશુભ વેદનાવાળા હોય છે. તેમાં તમઃપ્રભા પૃથ્વીના પર્યાપ્તા અને અપર્યાપ્તા નારકોનાં સ્થાન છે.

તે ઉપપાતની અપેક્ષાએ લોકના અસંખ્યાતમા ભાગમાં, સમુદ્‌ઘાતની અપેક્ષાએ લોકના અસંખ્યાતમા ભાગમાં અને સ્વસ્થાનની અપેક્ષાએ પણ લોકના અસંખ્યાતમા ભાગમાં છે. ત્યાં ઘણા તમઃપ્રભા પૃથ્વીના નૈરયિકો નિવાસ કરે છે. તે નૈરયિકો કાળા, કાળી આભાયુક્ત, ગંભીર રોમાંચયુક્ત, ભયાનક, અત્યંત ત્રાસજનક, વર્ણથી અત્યંત કાળા હોય છે. હે આયુષ્યમાન શ્રમણો ! તેઓ સદૈવ ભયભીત, ત્રસ્ત, નિત્ય પરસ્પરના ત્રાસથી ત્રાસિત, સદૈવ ઉદ્વિગ્ન, નિત્ય પરમ અશુભ સંબંધવાળા અને નરક સંબંધિત ભયનો પ્રત્યક્ષ અનુભવ કરતાં રહે છે.

**૨૭** **कहि णं भंते ! तमतमापुढविणेरइयाणं पज्जत्ताअपज्जत्ताणं ठाणा पण्णत्ता ?**

**गोयमा ! तमतमाए पुढवीए अट्ठोत्तरजोयणसयसहस्सबाहल्लाए उवरिं अद्धतेवण्णं जोयणसहस्साइं ओगाहित्ता हेट्ठा वि अद्धतेवण्णं जोयणसहस्साइं वज्जेत्ता मज्झे तिसु जोयणसहस्सेसु, एत्थ णं तमतमापुढविणेरइयाणं पज्जत्ता-पज्जत्ताणं पंचदिसिं पंच अणुत्तरा महइमहालया महाणिरया पण्णत्ता, तं जहा– काले, महाकाले, रोरुए, महारोरुए, अपइट्ठाणे।**

**ते णं णरगा अंतो वट्टा बाहिं चउरंसा अहे खुरप्पसंठाणसंठिया णिच्चंधयार-तमसा ववगयगह-चंद-सूर-णक्खत्तजोइसपहा मेद-वसा-पूयपडल-रुहिर- मंसचिक्खल्ललित्ताणु-लेवणतला असुई वीसा परमदुब्भिगंधा कक्खडफासा दुरहियासा असुभा णरगा असुभा णरगेसु वेयणाओ, एत्थ णं तमतमापुढविणेरइयाणं पज्जत्ताअपज्जत्ताणं ठाणा पण्णत्ता ।**

**उववाएणं लोगस्स असंखेज्जइभागे, समुग्घाएणं लोगस्स असंखेज्जइभागे, सट्ठाणेणं लोगस्स असंखेज्जइभागे । तत्थ णं बहवे तमतमापुढविणेरइया परिवसंति– काला कालोभासा गंभीरलोमहरिसा भीमा उत्तासणया परमकिण्हा वण्णेणं पण्णत्ता समणाउसो !**

**ते णं णिच्चं भीया णिच्चं तत्था णिच्चं तसिया णिच्चं उव्विग्गा णिच्चं परममसुहं संबद्धं णरगभयं पच्चणुभवमाणा विहरंति ।**

**असीयं बत्तीसं, अट्ठावीसं च होइ वीसं च ।**
**अट्ठारस सोलसगं, अट्ठुत्तरमेव हिट्ठिमिया ॥ १ ॥**

**अट्ठुत्तरं च तीसं, छव्वीसं चेव सयसहस्सं तु ।**
**अट्ठारस सोलसगं, चोद्दसमहियं तु छट्ठीए ॥ २ ॥**

**अद्धतिवण्णसहस्सा, उवरिमहे वज्जिऊण तो भणियं ।**
**मज्झे तिसु सहस्सेसु, होंति णरगा तमतमाए ॥ ३ ॥**

**तीसा य पण्णवीसा, पण्णरस दसेव सयसहस्साइं ।**
**तिण्णि य पंचूणेगं, पंचेव अणुत्तरा णरगा ॥ ४ ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તમસ્તમા પૃથ્વીના પર્યાપ્તા અને અપર્યાપ્તા નૈરયિકોનાં સ્થાન ક્યાં છે?

**ઉત્તર–** હે ગૌતમ ! એક લાખ આઠ હજાર (૧,૦૮,૦૦૦) યોજન પ્રમાણ જાડાઈવાળી તમસ્તમપૃથ્વીમાં ઉપરના સાડા બાવન હજાર યોજન અને નીચે પણ સાડા બાવન હજાર યોજન પ્રમાણ ક્ષેત્રને છોડીને, વચ્ચેના ત્રણ હજાર યોજનમાં તમસ્તમપ્રભા પૃથ્વીના પર્યાપ્તા અને અપર્યાપ્તા નારકીઓના પાંચ દિશાઓમાં પાંચ અનુત્તર, અત્યંત વિસ્તૃત, મહાન મોટા-મોટા નરકાવાસો છે. તે આ પ્રમાણે છે– (૧) કાળ, (૨) મહાકાળ, (૩) રૌરવ, (૪) મહારૌરવ અને (૫) અપ્રતિષ્ઠાન.

તે નરકાવાસો અંદરથી ગોળ, બહારથી સમચોરસ, નીચે અસ્ત્રાના આકારવાળા, નિત્ય ગાઢ અંધકારથી વ્યાપ્ત છે; ગ્રહ, ચંદ્ર, સૂર્ય, નક્ષત્રાદિ જ્યોતિષી વિમાનોની પ્રભાથી રહિત હોય છે. તેનો ભૂમિભાગ મેદ, ચરબી, પરુનો સમૂહ, રુધિર અને માંસના કીચડના લેપથી ખરડાયેલો રહે છે. તે અપવિત્ર, બીભત્સ, અત્યંત દુર્ગંધયુક્ત, કઠોર સ્પર્શયુક્ત, દુઃસહ, અશુભ અને અશુભ વેદનાવાળા છે. ત્યાં તમસ્તમઃ પ્રભા પૃથ્વીના પર્યાપ્ત અને અપર્યાપ્ત નારકોનાં સ્થાન છે. તે ઉપપાતની અપેક્ષાએ લોકના અસંખ્યાતમા ભાગમાં; સમુદ્‌ઘાતની અપેક્ષાએ લોકના અસંખ્યાતમા ભાગમાં તથા સ્વસ્થાનની અપેક્ષાએ પણ લોકના અસંખ્યાતમા ભાગમાં છે. હે આયુષ્યમાન શ્રમણો ! ત્યાં તમસ્તમઃપૃથ્વીના ઘણા નૈરયિકો નિવાસ કરે છે; તે કાળા, કાળી પ્રભાવાળા, ગંભીર રોમાંચયુક્ત, ભયાનક, ઉત્કૃષ્ટ ત્રાસજનક, વર્ણથી અત્યંત કાળા છે. તે નારકો ત્યાં નિત્ય ભયભીત, સદૈવ ત્રસ્ત, પરસ્પરના ત્રાસથી ત્રાસિત, નિત્ય ઉદ્વિગ્ન તથા હંમેશાં અત્યંત અનિષ્ટ સંબંધવાળા અને નરક સંબંધિત ભયનો સાક્ષાત્ અનુભવ કરતા રહે છે.

**ગાથાર્થ–** નરક પૃથ્વીઓની જાડાઈ ક્રમશઃ (૧) એક લાખ અને એંશી હજાર, (૨) એક લાખ બત્રીસ હજાર, (૩) એક લાખ અઠયાવીશ હજાર, (૪) એક લાખ વીશ હજાર, (૫) એક લાખ અઢાર હજાર, (૬) એક લાખ સોળ હજાર અને (૭) એક લાખ આઠ હજાર યોજન છે. **॥ ૧ ॥**

નરકાવાસોનો ભૂમિભાગ– ઉપર અને નીચે એક-એક હજાર યોજન ક્ષેત્ર છોડીને ક્રમશઃ (૧) એક લાખ અને અઠ્યોતેર હજાર (૨) એક લાખ ત્રીસ હજાર, (૩) એક લાખ છવ્વીસ હજાર, (૪) એક લાખ અઢાર હજાર, (૫) એક લાખ સોળ હજાર, (૬) છઠ્ઠી નરક પૃથ્વીમાં એક લાખ ચૌદ હજાર છે અને (૭) સાતમી તમસ્તમા નરકપૃથ્વીમાં ઉપર અને નીચે સાડા બાવન-સાડા બાવન હજાર યોજનક્ષેત્ર છોડીને મધ્યના ત્રણ હજાર યોજન ક્ષેત્રમાં નરકાવાસો હોય છે, એમ શ્રી તીર્થંકરોએ કહ્યું છે. **॥ ૨–૩ ॥**

નરકાવાસોની સંખ્યા (૧) ત્રીસ લાખ, (૨) પચ્ચીશ લાખ, (૩) પંદર લાખ, (૪) દશ લાખ, (૫) ત્રણ લાખ તથા (૬) છઠ્ઠી પૃથ્વીમાં પાંચ ન્યૂન એક લાખ અને (૭) સાતમી પૃથ્વીમાં કેવળ પાંચ જ અનુત્તર નરકાવાસો છે **॥ ૪ ॥**

**વિવેચન :-**

**સાત નરક :-**




પ્રસ્તુત સૂત્રોમાં નારકીઓના સ્થાનોનું નિરૂપણ છે.

નારકીઓના સ્વસ્થાન સાત નરકમાં છે. એક થી છ નરક પૃથ્વીમાં ઉપર અને નીચે એક-એક હજાર યોજન ક્ષેત્ર છોડીને વચ્ચે આંતરા અને પાથડા છે અને સાતમી નરક પૃથ્વીમાં ઉપર અને નીચે સાડા બાવન-સાડા બાવન હજાર યોજન ક્ષેત્ર છોડીને વચ્ચે ત્રણ હજાર યોજનનો એક જ પાથડો છે. રત્નપ્રભા પૃથ્વીમાં તેર પાથડા(પ્રસ્તટ) અને તેની વચ્ચે બાર આંતરા છે. પ્રત્યેક પ્રસ્તટોમાં નારકીઓના આવાસ સ્થાનરૂપ નરકાવાસો હોય છે. પ્રત્યેક નરક પૃથ્વીની જાડાઈ, તેના શૂન્યપિંડ, મધ્યનો પોલાણ ભાગ અને નરકાવાસોની સંખ્યા વગેરે સૂત્રાર્થથી સ્પષ્ટ છે. તેનું વિસ્તૃત વર્ણન શ્રી જીવાભિગમ સૂત્રથી જાણવું.

## ભવનપતિ–વ્યંતર દેવોના સ્થાન :– (રત્નપ્રભા પૃથ્વીના પાથડા–આંતરા)




★ ૮૦ યોજનમાં વ્યંતર દેવોના સ્થાનોનું ચિત્ર પરંપરાનુસાર છે. આગમમાં ૮૦૦ યોજનમાં જ વ્યંતર દેવોનું કથન છે.

## સાત નરક પૃથ્વી અને તેના નરકાવાસો આદિ :–

| નામ | ગોત્ર | લંબાઈ-પહોળાઈ | જાડાઈ | પાથડા સંખ્યા | આંતરા | | કુલ નરકાવાસ |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | સંખ્યા | જાડાઈ | |
| ધમ્મા | રત્નપ્રભા | ૧ રાજુ | ૧, ૮૦, ૦૦૦ યો૦ | ૧૩ | ૧૨ | ૧૧૫૮૩ $\frac{1}{3}$ યો૦ | ૩૦,૦૦,૦૦૦ |
| વંસા | શર્કરાપ્રભા | ૨ રાજુ | ૧, ૩૨, ૦૦૦ યો૦ | ૧૧ | ૧૦ | ૯૭૦૦ યો૦ | ૨૫,૦૦,૦૦૦ |
| શિલા | વાલુકાપ્રભા | ૩ રાજુ | ૧, ૨૮, ૦૦૦ યો૦ | ૯ | ૮ | ૧૨૩૭૫ યો૦ | ૧૫,૦૦,૦૦૦ |
| અંજણા | પંકપ્રભા | ૪ રાજુ | ૧, ૨૦, ૦૦૦ યો૦ | ૭ | ૬ | ૧૬૧૬૬ $\frac{2}{3}$ યો૦ | ૧૦,૦૦,૦૦૦ |
| રિટ્ઠા | ધૂમપ્રભા | ૫ રાજુ | ૧, ૧૮, ૦૦૦ યો૦ | ૫ | ૪ | ૨૫૨૫૦ યો૦ | ૩,૦૦,૦૦૦ |
| મઘા | તમઃપ્રભા | ૬ રાજુ | ૧, ૧૬, ૦૦૦ યો૦ | ૩ | ૨ | ૫૨૫૦૦ યો૦ | ૯૯,૯૯૫ |
| માઘવઈ | તમસ્તમપ્રભા | ૭ રાજુ | ૧, ૦૮, ૦૦૦ યો૦ | ૧ | – | – | ૫ |
| | | | | | | | **૮૪,૦૦,૦૦૦** |

*★ દરેક પાથડા ૩૦૦૦ યોજનના છે. દરેક નરકમાં ૧૦૦૦ યોજનની છત અને ૧૦૦૦ યોજનનું તળિયું હોય છે. સાતમી નરકમાં ૫૨૫૦૦ યોજનની છત અને ૫૨,૫૦૦ યોજનનું તળિયું છે. તેમાં એક જ પાથડો હોવાથી ત્યાં આંતરા નથી.*

નારકીઓના સ્વસ્થાનરૂપ સાત નરકના ૮૪ લાખ નરકાવાસોનું ક્ષેત્ર લોકનો અસંખ્યાતમો ભાગ જ થાય છે. તેમજ પંચેન્દ્રિય તિર્યંચો અને ગર્ભજ મનુષ્યો જ નરકમાં ઉત્પન્ન થાય છે અને નારકો પણ મરીને આ બે સ્થાનમાં જ ઉત્પન્ન થાય છે, તેથી સાતે નરકના નારકીઓના સંયુક્ત કથનમાં પણ ઉપપાત અને સમુદ્ઘાત લોકનો અસંખ્યાતમો ભાગ જ થાય છે અને પ્રત્યેક નરકના નારકીઓના પણ સ્વસ્થાન, ઉપપાત અને સમુદ્ઘાત ક્ષેત્ર લોકનો અસંખ્યાતમો ભાગ જ થાય છે.

**નરકભૂમિ :–** તે ભૂમિ અત્યંત અશુભકર્મો ભોગવવાના સ્થાનરૂપ છે, તેથી અત્યંત અશુભ અને ત્રાસજનક છે. શર્કરાપ્રભા આદિ પૃથ્વીમાં કાંકરાની, રેતી આદિની પ્રચુરતા છે અને તે કાંકરા પણ તીક્ષ્ણ હોય છે. પગ મૂકતાં તીક્ષ્ણશસ્ત્રના સ્પર્શની અનુભૂતિ થાય છે. ત્યાં ઘોર અંધકાર, અશુભ વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ હોય છે. ચારે બાજુથી સડેલા મૃત કલેવર જેવી દુર્ગંધ આવે છે. તે ભૂમિ લોહી, માંસ, પરુ આદિ અશુચિમય પદાર્થોથી હંમેશાં ખરડાયેલી હોય છે. તેનો સ્પર્શ તલવારની ધાર સમાન અત્યંત અસહ્ય હોય છે.

**काउयअगणिवण्णाभा :– लोहे धम्यमाने यादृक् कपोत बहुकृष्णारूपोऽग्नेर्वर्णः ।** લુહારની ધમણથી લોખંડને ખૂબ તપાવતા તે અગ્નિમાંથી ગાઢ રાખોડી(કાળા) રંગની જ્વાળા નીકળે છે તેને કાપોત વર્ણની અગ્નિ કહે છે. તે નરકાવાસો હંમેશાં કાપોતવર્ણની આભાયુક્ત હોય છે.

પ્રથમ પાંચ નરકોમાં નારકીઓના ઉત્પત્તિ સ્થાનને છોડીને સર્વત્ર તીવ્ર ઉષ્ણતા જ હોય છે. તેથી ચારે બાજુ કાપોત અગ્નિના વર્ણ જેવી ગાઢ રાખોડી રંગની આભા જ દેખાય છે. ત્યાંનું વાતાવરણ ધૂંધળું હોય છે. છઠ્ઠી અને સાતમી નરકમાં શીત વેદના છે. તેથી ત્યાં ચારે બાજુ કાપોત અગ્નિ જેવી આભા કે ઉષ્ણતા નથી.

**નારકીઓનું સ્વરૂપ :–** તેઓ રંગથી કાળા અને ભયંકર હોય છે. તેના શરીરમાંથી કાળી આભા નીકળે છે. તેઓને જોવા માત્રથી રૂંવાડા ઊભા થઈ જાય અથવા તેઓ બીજા નારકીઓમાં અત્યંત ભય ઉત્પન્ન કરીને રૂંવાડા ઊભા કરી દે છે. તેથી તેઓ પરસ્પર અત્યંત આતંકજનક, દુઃખદાયક, પીડાકારી પરિસ્થિતિ

ઉત્પન્ન કરતા જ રહે છે. તેઓ સ્વયં પણ સદૈવ ભયભીત, ત્રસ્ત હોય છે. નારકીઓને ત્રણ પ્રકારની વેદનાનો અનુભવ કરવો પડે છે– ક્ષેત્રવેદના, દેવકૃત વેદના અને પરસ્પરકૃત વેદના.

**પંચેન્દ્રિય તિર્યંચયોનિકોનાં સ્થાન :–**

**૨૮ कहि णं भंते ! पंचिंदियतिरिक्खजोणियाणं पज्जत्ताअपज्जत्ताणं ठाणा पण्णत्ता ?**

**गोयमा ! उड्ढलोए तदेक्कदेसभाए, अहोलोए तदेक्कदेसभाए, तिरियलोए अगडेसु तलाएसु णदीसु दहेसु वावीसु पुक्खरिणीसु दीहियासु गुंजालियासु सरेसु सरपंतियासु सरसरपंतियासु बिलेसु बिलपंतियासु उज्झरेसु णिज्झरेसु चिल्ललेसु पल्ललेसु वप्पिणेसु दीवेसु समुद्देसु सव्वेसु चेव जलासएसु जलट्ठाणेसु, एत्थ णं पंचेदियतिरिक्खजोणियाणं पज्जत्ताअपज्जत्ताणं ठाणा पण्णत्ता ।**

**उववाएणं लोगस्स असंखेज्जइभागे, समुग्घाएणं लोगस्स असंखेज्जइभागे, सट्ठाणेणं लोगस्स असंखेज्जइभागे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્તા અને અપર્યાપ્તા પંચેન્દ્રિય તિર્યંચોના સ્થાન કયાં છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! **(૧) ઊર્ધ્વલોક**ના એક દેશ ભાગમાં, **(૨) અધોલોક**ના એક દેશ ભાગમાં, **(૩) તિરછાલોકમાં** કૂવા, તળાવો, નદીઓ, વાવડીઓ, દ્રહો, પુષ્કરિણીઓ, દીર્ઘિકાઓ, ગુંજાલિકાઓ, સરોવરો, પંક્તિબદ્ધ સરોવરો, સર-સર પંક્તિઓ, બિલો, પંક્તિબદ્ધ બિલો, પર્વતીય જલસ્રોતો, ઝરણાઓ, નાના ખાડાઓ, કુદરતી સરોવરો, ખેતરના ક્યારાઓ, દ્વીપો, સમુદ્રો, આ સર્વ સ્થાનોમાં, સર્વ જળાશયોમાં તથા સર્વ જળ સ્થાનોમાં પર્યાપ્ત-અપર્યાપ્ત પંચેન્દ્રિય તિર્યંચોના સ્થાન છે. તે ઉપપાતની અપેક્ષાએ લોકના અસંખ્યાતમા ભાગમાં છે, સમુદ્ઘાતની અપેક્ષાએ લોકના અસંખ્યાતમા ભાગમાં અને સ્વસ્થાનની અપેક્ષાએ પણ લોકના અસંખ્યાતમા ભાગમાં છે.

**મનુષ્યોનાં સ્થાન :–**

**૨૯ कहि णं भंते ! मणुस्साणं पज्जत्ताअपज्जत्ताणं ठाणा पण्णत्ता ? गोयमा ! अंतोमणुस्सखेत्ते पणयालीसाए जोयणसयसहस्सेसु अड्ढाइज्जेसु दीव समुद्देसु पण्णरससु कम्मभूमीसु तीसाए अकम्मभूमीसु छप्पण्णाए अंतरदीवेसु, एत्थ णं मणुस्साणं पज्जत्ताअपज्जत्ताणं ठाणा पण्णत्ता। उववाएणं लोगस्स असंखेज्जइभागे, समुग्घाएणं सव्वलोए, सट्ठाणेणं लोगस्स असंखेज्जइभागे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્ત અને અપર્યાપ્ત મનુષ્યોનાં સ્થાન ક્યાં છે ? **ઉત્તર–** હે ગૌતમ ! મનુષ્ય ક્ષેત્રની અંદર પીસ્તાલીશ(૪૫,૦૦,૦૦૦) લાખ યોજનમાં, અઢીદ્વીપ સમુદ્રોમાં, પંદર કર્મભૂમિ, ત્રીસ અકર્મભૂમિ અને છપ્પન અંતરદ્વીપોમાં પર્યાપ્તા અને અપર્યાપ્તા મનુષ્યોનાં સ્થાન છે. તે ઉપપાતની અપેક્ષાએ લોકના અસંખ્યાતમા ભાગમાં, સમુદ્ઘાતની અપેક્ષાએ સર્વલોકમાં અને સ્વસ્થાનની અપેક્ષાએ લોકના અસંખ્યાતમા ભાગમાં છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં પર્યાપ્ત અને અપર્યાપ્ત મનુષ્યોનાં સ્થાનોની પ્રરૂપણા છે. ગર્ભજ અને સંમૂર્ચ્છિમ

બંને પ્રકારના મનુષ્યો ૪૫ લાખ યોજન વિસ્તૃત અઢીદ્વીપ સમુદ્રોમાં જ ઉત્પન્ન થાય છે, તેથી તેના સ્વસ્થાન અને ઉપપાતસ્થાન લોકનો અસંખ્યાતમો ભાગ છે.

**समुग्घाएणं सव्वलोए:–** કેવળી સમુદ્દ્ઘાત સમયે કેવળી ભગવાનના આત્મપ્રદેશો સમસ્ત લોકવ્યાપી બને છે, તેથી સમુદ્દ્ઘાતની અપેક્ષાએ મનુષ્યોનું સ્થાન સર્વલોક કહ્યું છે.

**ભવનવાસી દેવોનાં સ્થાન :–**

**૩૦** **कहि णं भंते ! भवणवासीणं देवाणं पज्जत्ताअपज्जत्ताणं ठाणा पण्णत्ता ? कहि णं भंते ! भवणवासी देवा परिवसंति ? गोयमा ! इमीसे रयणप्पभाए पुढवीए असीउत्तरजोयण-सयसहस्सबाहल्लाए उवरिं एगं जोयण सहस्सं ओगाहित्ता हेट्ठा वेगं जोयणसहस्सं वज्जेत्ता मज्झिम-अट्ठहत्तरे जोयणसयसहस्से, एत्थ णं भवणवासीणं देवाणं सत्त भवणकोडीओ बावत्तरिं च भवणावाससयसहस्सा भवंतीति मक्खायं ।**

**ते णं भवणा बाहिं वट्टा अंतो समचउरंसा अहे पुक्खरकण्णियासंठाणसंठिया उक्किण्णंतरविउलगंभीरखाय-फरिहा पागारट्टालय-कवाड-तोरण-पडिदुवार-देसभागा जंत-सयग्घि-मुसल-मुसंढिपरियारिया अउज्झा सयाजया सयागुत्ता अडयालकोट्ठगरइया अडयाल-कयवणमाला खेमा सिवा किंकरामरदंडोवरक्खिया लाउल्लोइयमहिया गोसीस-सरसरत्तचंदण-दद्दरदिण्णपंचंगुलितला उवचिय-चंदण-कलसा चंदणघडसुकयतोरणपडिदुवारदेसभागा आसत्तोसत्तविउलवट्टवग्घारिय-मल्लदामकलावा पंचवण्णसरससुरहिमुक्कपुप्फपुंजोवयार-कलिया कालागरु-पवरकुंदुरुक्क-तुरुक्कधूवमघमघंतगंधुद्धुयाभिरामा सुगंधवरगंधगंधिया गंधवट्टिभूया अच्छरगणसंघसंविगिण्णा दिव्वतुडियसद्दसंपणइया सव्वरयणामया अच्छा सण्हा लण्हा घट्ठा मट्ठा णीरया णिम्मला णिप्पंका णिक्कंकडच्छाया सप्पहा सस्सिरिया समरीइया सउज्जोया पासादीया दरिसणिज्जा अभिरूवा पडिरुवा, एत्थ णं भवणवासीणं देवाणं पज्जत्ता-अपज्जत्ताणं ठाणा पण्णत्ता ।**

**उववाएणं लोगस्स असंखेज्जइभागे, समुग्घाएणं लोगस्स असंखेज्जइभागे, सट्ठाणेणं लोगस्स असंखेज्जइभागे । तत्थं णं बहवे भवणवासी देवा परिवसंति । तं जहा–**

**असुरा णाग सुवण्णा, विज्जू अग्गी य दीव उदही य ।**
**दिसि पवण थणिय णामा, दसहा एए भवणवासी ॥५॥**

**चूडामणिमउडरयण भूसणणिउत्तणागफड, गरुल, वइर, पुण्णकलसविउप्फेस, सीह मगर गयंक हयवर वद्धमाण णिज्जुत्तचित्तचिंधगया सुरूवा महिड्डिया महज्जुइया महायसा महब्बला महाणुभागा महासोक्खा हारविराइयवच्छा कडग-तुडियथंभियभुया अंगद-कुंडल-मट्ठगंडतल कण्णपीढधारी विचित्तहत्थाभरणा विचित्तमाला-मउलिमउडा कल्लाणगपवरवत्थ परिहिया कल्लाणगपवरमल्लाणुलेवणधरा भासुरबोंदी पलंबवणमालधरा दिव्वेणं वण्णेणं दिव्वेणं गंधेणं**

**दिव्वेणं फासेणं दिव्वेणं संघयणेणं दिव्वेणं संठाणेणं दिव्वाए इड्ढीए दिव्वाए जुत्तीए दिव्वाए पभाए दिव्वाए छायाए दिव्वाए अच्चीए दिव्वेणं तेएणं दिव्वाए लेसाए दस दिसाओ उज्जोवेमाणा पभासेमाणा ।**

**ते णं तत्थ साणं साणं भवणावाससयसहस्साणं साणं साणं सामाणिय साहस्सीणं साणं साणं तायत्तीसगाणं साणं साणं लोगपालाणं साणं साणं अग्गमहिसीणं साणं साणं परिसाणं साणं साणं अणियाणं साणं साणं अणियाहिवईणं साणं साणं आयरक्खदेवसाहस्सीणं अण्णेसिं च बहूणं भवणवासीणं देवाण य देवीण य आहेवच्चं पोरेवच्चं सामित्तं भट्टित्तं महत्तरगत्तं आणाईसरसेणावच्चं कारेमाणा पालेमाणा महयाहयणट्ट-गीय-वाइयतंती-तल-ताल-तुडिय-घणमुयंग-पडुप्पवाइयरवेण दिव्वाइं भोगभोगाइं भुंजमाणा विहरंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્તા અને અપર્યાપ્તા ભવનવાસી દેવોનાં સ્થાન ક્યાં છે ? ભવનવાસી દેવો ક્યાં નિવાસ કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! એક લાખ એંશી હજાર(૧,૮૦,૦૦૦) યોજન જાડાઈવાળી આ રત્નપ્રભાપૃથ્વીની ઉપર એક હજાર યોજનનું અને નીચે એક હજાર યોજનનું ક્ષેત્ર છોડીને, વચ્ચેના એક લાખ અઠ્યોત્તર હજાર(૧,૭૮,૦૦૦) યોજનના મધ્યભાગમાં ભવનવાસી દેવોના સાત કરોડ, બોત્તેર લાખ (૭,૭૨,૦૦,૦૦૦) ભવનાવાસ છે. એમ શ્રી ભગવંતોએ કહ્યું છે.

તે ભવનો બહારથી ગોળ અંદરથી સમચોરસ તથા નીચે પુષ્કર–કમળ કર્ણિકાના આકારે છે. તે ભવનોની ચારે બાજુ જાણે કોતરેલ હોય તેવી સ્પષ્ટ અંતરવાળી ઊંડી અને વિશાળ ખાઈઓ અને પરિખાઓ છે, તેમાં ચારે તરફ કિલ્લા, અટ્ટાલક–ઝરુખા, કમાડો, તોરણો અને નાની બારીઓ છે, યંત્રો, શતઘ્નીઓ, મૂશળ, મુસુણ્ઢી નામક શસ્ત્રો છે. તે ભવનો શત્રુઓ દ્વારા અયોધ્ય– યુદ્ધ ન કરી શકાય તેવા, હંમેશાં વિજય પ્રાપ્ત, સદા સુરક્ષિત તથા અડતાલીશ કોઠા-ઓરડાથી યુક્ત, અડતાલીશ વનમાળાઓથી સુસજ્જિત, પરકૃત ઉપદ્રવરહિત, કલ્યાણમય, કિંકર દેવોના દંડોથી ઉપરક્ષિત છે. તે ભવનો અત્યધિક ચમકતા અને સુશોભિત દેખાય છે, તેના પર ગોશીર્ષચંદન તથા રક્તચંદનથી પાંચ આંગળીઓ યુક્ત હાથના થાપાઓ છે, યથાસ્થાને ચંદન કળશો સ્થાપેલા છે, તેના લઘુદ્વાર– બારીઓનો દેશભાગ ચંદન કળ શોના તોરણોથી સુશોભિત છે, ઉપરથી નીચે સુધી લટકતી લાંબી વિપુલ અને ગોળાકાર ઝુમખાવાળી પુષ્પમાળા તથા પંચવર્ણી તાજા સરસ સુગંધી પુષ્પોના ઢગલાઓથી સુવાસિત છે, કાલાગુરુ, શ્રેષ્ઠ ચંદન, લોબાન તથા ધૂપની મહેંકથી મઘમઘાયમાન, રમણીય, ઉત્તમ અને સુગંધિત હોવાથી સુગંધની ગુટિકા સમાન લાગે છે. તે ભવનો અપ્સરાગણના સમુદાયથી વ્યાપ્ત, દિવ્ય વાંજિત્રોના શબ્દોથી ગુંજાયમાન, સર્વ રત્નમય, સ્વચ્છ, સુંવાળા-સ્નિગ્ધ, કોમળ, ઘસેલા, પોંછેલા, સ્વભાવિક રજરહિત, નિર્મળ(આગંતુક મલરહિત), નિષ્પંક, નિરાવરણ કાંતિ(છાયા) યુક્ત, પ્રભાયુક્ત, શ્રીસંપન્ન, કિરણોથી યુક્ત, શીતળ પ્રકાશ યુક્ત, મનને પ્રસન્ન કરનારા, દર્શનીય-જોવા યોગ્ય, અત્યંત રમણીય અને મનોહર હોય છે. આ પ્રકારની વિશેષતાઓથી યુક્ત ભવનોમાં પર્યાપ્ત અને અપર્યાપ્ત ભવનવાસી દેવોના સ્થાન છે.

તે ઉપપાતની અપેક્ષાએ લોકના અસંખ્યાતમા ભાગમાં; સમુદ્ઘાતની અપેક્ષાએ લોકના અસંખ્યાતમા ભાગમાં અને સ્વસ્થાનની અપેક્ષાએ પણ લોકના અસંખ્યાતમા ભાગમાં છે. ત્યાં ઘણા ભવનવાસી દેવો નિવાસ કરે છે. તે આ પ્રમાણે–

**ગાથાર્થ–** (૧) અસુરકુમાર (૨) નાગકુમાર (૩) સુવર્ણકુમાર (૪) વિદ્યુત્કુમાર (૫) અગ્નિકુમાર (૬) દ્વીપકુમાર (૭) ઉદધિકુમાર (૮) દિશાકુમાર (૯) પવનકુમાર અને (૧૦) સ્તનિત કુમાર. આ નામ- વાળા દશ પ્રકારના ભવનવાસી દેવો છે. ॥ **૫** ॥

તેઓના મુકુટ અથવા આભૂષણોમાં અંકિત ચિહ્નો ક્રમશઃ આ પ્રમાણે છે– (૧) ચૂડામણિ, (૨) નાગની ફેણ, (૩) ગરૂડ, (૪) વજ્ર, (૫) પૂર્ણકળશ, (૬) સિંહ, (૭) મકર, (૮) હસ્તિ, (૯) શ્રેષ્ઠ અશ્વ અને (૧૦) વર્ધમાનક (શરાવસમ્પુટ) વગેરે વિવિધ ચિહ્નોથી યુક્ત, સુંદર, મહર્ધિક, મહાદ્યુતિયુક્ત, મહાન બળશાળી, મહાયશસ્વી, મહાન પ્રભાવયુક્ત, મહાન સુખસંપન્ન, હારથી સુશોભિત વક્ષસ્થળવાળા, કડા અને બાજુબંધથી સ્તંભિત ભુજાવાળા, ગાલ(કપોલ)ને સુશોભિત કરતા અંગદ, કુંડળ અને કર્ણપીઠના ધારક, હાથમાં ધારણ કરેલ વિવિધ આભૂષણવાળા, રંગબેરંગી પુષ્પમાળા તથા મસ્તક પર મુકુટ ધારણ કરનારા, કલ્યાણકારી ઉત્તમ વસ્ત્રોને ધારણ કરનારા, મંગલકારી શ્રેષ્ઠમાળા અને વિલેપનના ધારક, દેદીપ્યમાન શરીરયુક્ત, લાંબી વનમાળાને ધારણ કરનારા, દિવ્યવર્ણથી, દિવ્ય ગંધથી, દિવ્ય સ્પર્શથી, દિવ્ય સંહનનથી, દિવ્યસંસ્થાનથી, દિવ્ય ઋદ્ધિથી, દિવ્યદ્યુતિથી, દિવ્ય ભવન સંબંધી પ્રભાથી, દિવ્યછાયાથી, દિવ્ય આભરણોની જ્યોતિથી, દિવ્યતેજથી અને શરીરના વર્ણ સંબંધી દિવ્ય લેશ્યાથી દશે દિશાઓને પ્રકાશિત કરતા, સુશોભિત કરતા, તે ભવનવાસી દેવો ત્યાં પોતપોતાના લાખો ભવનાવાસોનું, હજારો સામાનિક દેવોનું, ત્રાયસ્ત્રિંશક દેવોનું, લોકપાલ દેવોનું, અગ્રમહિષીઓનું, પરિષદાઓનું, સૈન્યોનું, સેનાધિપતિઓનું, આત્મરક્ષક દેવોનું તથા અન્ય ઘણા ભવનવાસી દેવો અને દેવીઓનું આધિપત્ય, સ્વામીત્વ, ભર્તૃત્વ–પોષકત્વ, મહત્તરત્વ, આજ્ઞૈશ્વરત્વ– આજ્ઞાનું પાલન કરાવવાનું પ્રભુત્વ તથા સેનાપતિત્વ કરતાં, કરાવતાં, પાલન કરતાં-કરાવતાં, કુશલ પુરુષો દ્વારા વ્યાઘાત રહિત અર્થાત્ નિરંતર નૃત્ય, ગીત, વાદિત અને તંત્રી, તલ, કાંસ્ય, ત્રુટિત અને ઘનમૃદંગ આદિ વાજિંત્રોના દિવ્યધ્વનિ સાથે દિવ્ય ભોગોપભોગોને ભોગવતા ભવનવાસી દેવો વિચરે છે.

**૩૧ कहि णं भंते ! असुरकुमाराणं देवाणं पज्जत्ताअपज्जत्ताणं ठाणा पण्णत्ता ? कहि णं भंते ! असुरकुमारा देवा परिवसंति ? गोयमा ! इमीसे रयणप्पभाए पुढवीए असीउत्तरजोयण- सयसहस्सबाहल्लाए उवरिं एगं जोयणसहस्सं ओगाहित्ता-हेट्ठा वेगं जोयणसहस्सं वज्जेत्ता मज्झे अट्ठहत्तरे जोयणसय-सहस्से, एत्थ णं असुरकुमाराणं देवाणं चोवट्ठिं भवणावास- सयसहस्सा हवंतीति मक्खायं।**

**ते णं भवणा बाहिं वट्टा अंतो चउरंसा अहे पुक्खरकण्णियासंठाणसंठिया उक्किण्णंतर-विउलगंभीरखायपरिहा पागारट्टालयकवाडतोरणपडिदुवार-देसभागा जंत- सयग्घिमुसल-मुसुंढिपरिवारिया अओज्झा सयाजया सयागुत्ता अडयालकोट्ठगरइया अडयाल- कयवणमाला खेमा सिवा किंकरामरदंडोवरक्खिया लाउल्लोइयमहिया गोसीस-सरसरत्तचंदणदद्दर-दिण्णपंचंगुलितला उवचिय-चंदणकलसा चंदणघडसुकयतोरण-पडिदुवारदेसभागा आसत्तो-सत्तविउलवट्टवग्घारिय-मल्लदामकलावा पंचवण्णसरससुरभिमुक्कपुप्फपुंजोवयारकलिया कालागरु-पवरकुंदुरुक्क- तुरुक्कधूवमघमघंतगंधुद्धुयाभिरामा सुगंधवरगंधगंधिया गंधवट्टि-भूया अच्छरगणसंघसंविगिण्णा दिव्वतुडियसद्दसंपणइया सव्वरयणामया । अच्छा सण्हा लण्हा**

घट्ठा मट्ठा णीरया णिम्मला णिप्पंका णिक्कंकडच्छाया सप्पभा समरीइया सउज्जोया पासाईया दरिसणिज्जा अभिरूवा पडिरूवा, एत्थ णं असुरकुमाराणं देवाणं पज्जत्ता- अपज्जत्ताणं ठाणा पण्णत्ता ।

उववाएणं लोयस्स असंखेज्जइभागे, समुग्घाएणं लोगस्स असंखेज्जइभागे, सट्ठाणेणं लोगस्स असंखेज्जइभागे ।

तत्थ णं बहवे असुरकुमारा देवा परिवसंति- काला लोहियक्ख-बिंबोट्ठा धवल-पुप्फदंता असियकेसा वामेगकुंडलधरा अद्दचंदणाणुलित्तगत्ता, ईसीसिलिंध- पुप्फपगासाइं असंकिलिट्ठाइं सुहुमाइं वत्थाइं पवरपरिहिया, वयं च पढमं समइक्कंता, बिइयं च असंपत्ता, भद्दे जोव्वणे वट्टमाणा, तलभंगय-तुडितपवर-भूसण-णिम्मलमणि-रयणमंडियभुया दसमुद्दा-मंडियग्गहत्था चूडामणिचित्त-चिंधगया सुरूवा महिड्ढिया महज्जुइया महायसा महब्बला महाणुभागा महासोक्खा हारविराइयवच्छा कडय-तुडियथंभियभुया-अंगय-कुंडल-मट्ठगंडतल-कण्णपीढधारी विचित्तहत्थाभरणा विचित्तमाला-मउलि मउडा, कल्लाणग-पवरवत्थ परिहिया कल्लाणगपवरमल्लाणुलेवणधरा भासुरबोंदी पलंबवणमालधरा । दिव्वेणं वण्णेणं दिव्वेणं गंधेणं दिव्वेणं फासेणं दिव्वेणं संघयणेणं दिव्वेणं संठाणेणं दिव्वाए इड्ढीए दिव्वाए जुईए दिव्वाए पभाए दिव्वाए छायाए दिव्वाए अच्चीए दिव्वेणं तेएणं दिव्वाए लेसाए दस दिसाओ उज्जोवेमाणा पभासेमाणा । ते णं तत्थ साणं साणं भवणावाससयसहस्साणं साणं साणं सामाणियसाहस्सीणं साणं साणं तायत्तीसाणं साणं साणं लोगपालाणं साणं साणं अग्गमहिसीणं साणं साणं परिसाणं साणं साणं अणियाणं साणं साणं अणियाहिवईणं साणं साणं आयरक्ख-देवसाहस्सीणं अण्णेसिं च बहूणं भवणवासीणं देवाण य देवीण य आहेवच्चं पोरेवच्चं सामित्तं भट्टित्तं महत्तरगत्तं आणाईसरसेणावच्चं कारेमाणा पालेमाणा महयाहयणट्ट-गीय-वाइयतंती-तल-ताल-तुडिय-घणमुइंगपडुप्पवाइयरवेणं दिव्वाइं भोगभोगाइं भुंजमाणा विहरंति ।

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્ત-અપર્યાપ્ત અસુરકુમાર દેવોના સ્થાન ક્યાં છે ? અસુરકુમાર દેવો ક્યાં નિવાસ કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! એક લાખ એંસી હજાર યોજન પ્રમાણ જાડાઈવાળી આ રત્નપ્રભા પૃથ્વીની ઉપરનું એક હજાર યોજનનું અને નીચેનું એક હજાર યોજનનું ક્ષેત્ર છોડીને, વચ્ચે એક લાખ અઠયોત્તેર હજાર યોજન ક્ષેત્રમાં અસુરકુમાર દેવોના ચોંસઠ લાખ ભવન-આવાસ હોય છે, એમ શ્રી તીર્થંકરોએ કહ્યું છે.

તે ભવનો બહારથી ગોળ અંદરથી સમચોરસ તથા નીચે પુષ્કર–કમળ કર્ણિકાના આકારે છે. તે ભવનોની ચારે બાજુ જાણે કોતરેલ હોય તેવી સ્પષ્ટ અંતરવાળી, ઊંડી અને વિશાળ ખાઈઓ અને પરિખાઓ છે, તેમાં ચારે તરફ કિલ્લા, અટ્ટાલક–ઝરુખા, કમાડો, તોરણો અને નાની બારીઓ છે; યંત્રો, શતઘ્નીઓ, મૂશળ, મુસુંઢી નામક શસ્ત્રો છે. તે ભવનો શત્રુઓ દ્વારા અયોધ્ય– યુદ્ધ ન કરી શકાય તેવા, હંમેશાં વિજય પ્રાપ્ત, સદા સુરક્ષિત તથા અડતાલીશ કોઠા-ઓરડાથી યુક્ત, અડતાલીશ વનમાળાઓથી સુસજ્જિત,

પરકૃત ઉપદ્રવરહિત, કલ્યાણમય, કિંકર દેવોના દંડોથી ઉપરક્ષિત છે. તે ભવનો અત્યધિક ચમકતા અને સુશોભિત દેખાય છે, તેના પર ગોશીર્ષચંદન તથા રક્તચંદનથી પાંચ આંગળીઓ યુક્ત હાથના થાપાઓ છે, યથાસ્થાને ચંદન કળશો સ્થાપેલા છે, તેના લઘુદ્વાર-બારીઓનો દેશભાગ ચંદન કળશોના તોરણોથી સુશોભિત છે, ઉપરથી નીચે સુધી લટકતી લાંબી વિપુલ અને ગોળાકાર ઝુમખાવાળી પુષ્પમાળા તથા પંચવર્ણી તાજા સરસ સુગંધી પુષ્પોના ઢગલાઓથી સુવાસિત છે, કાલાગુરુ, શ્રેષ્ઠ ચંદન, લોબાન તથા ધૂપની મહેકથી મઘમઘાયમાન, રમણીય, ઉત્તમ અને સુગંધિત હોવાથી સુગંધની ગુટિકા સમાન લાગે છે. અપ્સરાગણના સમુદાયથી વ્યાપ્ત, દિવ્ય વાંજિત્રોના શબ્દોથી ગુંજાયમાન, સર્વ રત્નમય, સ્વચ્છ, સુંવાળા-સ્નિગ્ધ, કોમળ, ઘસેલા, પોંછેલા, રજરહિત, નિર્મળ, નિષ્પંક, નિરાવરણ કાંતિયુક્ત, પ્રભાયુક્ત, શ્રીસંપન્ન, કિરણોથી યુક્ત, શીતળ પ્રકાશયુક્ત, મનને પ્રસન્ન કરનારા, દર્શનીય-જોવા યોગ્ય, અત્યંત રમણીય અને મનોહર હોય છે. આ પ્રકારની વિશેષતાઓથી યુક્ત ભવનાવાસોમાં પર્યાપ્ત અને અપર્યાપ્ત અસુરકુમાર દેવોના સ્થાન છે.

તે દેવો ઉપપાતની અપેક્ષાએ લોકના અસંખ્યાતમા ભાગમાં; સમુદ્ઘાતની અપેક્ષાએ લોકના અસંખ્યાતમા ભાગમાં અને સ્વસ્થાનની અપેક્ષાએ પણ લોકના અસંખ્યાતમા ભાગમાં હોય છે.

તે ભવનાવાસોમાં ઘણા અસુરકુમાર દેવો નિવાસ કરે છે. તે દેવો કાળા, લોહિતાક્ષરત્ન તથા ચણોઠી સમાન લાલ ઓષ્ઠવાળા, શ્વેત મોગરાના પુષ્પ સમાન દાંતવાળા, કાળા કેશવાળા, ડાબા કાનમાં એક કુંડલના ધારક, ભીના ચંદનથી લિપ્ત શરીરવાળા, શિલિન્દ્ર પુષ્પ જેવી કંઈક રક્ત આભાવાળા અને સંકલેશ ઉત્પન્ન ન કરે તેવા સૂક્ષ્મ અને શ્રેષ્ઠ વસ્ત્રો ધારણ કરેલા, પ્રથમ કુમારાવસ્થાને ઓળંગી ગયેલા, બીજી પ્રૌઢાવસ્થાને પ્રાપ્ત નહીં થયેલા અર્થાત્ અતિ પ્રશસ્ત યૌવનમાં પ્રવર્તમાન હોય છે. હસ્તાભરણ અને બીજા શ્રેષ્ઠ આભૂષણોમાં જડિત નિર્મળ મણિ અને રત્નોથી સુશોભિત ભુજાવાળા, દશ મુદ્રિકા વડે સુશોભિત આંગળીઓ- વાળા, ચુડામણિરૂપ અદ્ભૂત ચિહ્નયુક્ત, સુરૂપ, મહર્દ્ધિક, મહાદ્યુતિમાન, મહાયશસ્વી, મહાબલી, સામર્થ્યયુક્ત, મહાસુખસંપન્ન, હારથી સુશોભિત વક્ષઃસ્થળવાળા, કડા અને બાજુબંધથી સ્થંભિત ભુજા- વાળા, અંગદ, કુંડળ અને કપોલભાગને સ્પર્શ કરતાં કર્ણપીઠના ધારક, હાથોમાં વિવિધ આભરણો ધારણ કરેલા, મસ્તક પર રંગબેરંગી પુષ્પમાળા ધારણ કરેલા, કલ્યાણકારી ઉત્તમ વસ્ત્રો પહેરેલા, કલ્યાણકારી શ્રેષ્ઠ માળા અને વિલેપનના ધારક, દેદીપ્યમાન શરીરયુક્ત, લાંબી વનમાળાના ધારક, દિવ્યવર્ણથી, દિવ્યગંધથી, દિવ્યસ્પર્શથી, દિવ્યસંહનનથી, દિવ્યસંસ્થાનથી, દિવ્યઋદ્ધિથી, દિવ્યદ્યુતિથી, દિવ્યપ્રભાથી, દિવ્યછાયા(કાંતિ)થી, દિવ્યઅર્ચિ(જ્યોતિ)થી, દિવ્યતેજથી અને દિવ્યલેશ્યાથી દશે દિશાને પ્રકાશિત કરતા, સુશોભિત કરતા વિચરે છે. તે અસુરકુમાર દેવો પોત-પોતાના લાખો ભવનાવાસોનું, પોત-પોતાના હજારો સામાનિક દેવોનું, ત્રાયસ્ત્રિંશક દેવોનું, લોકપાલ દેવોનું, અગ્રમહિષીઓનું, પરિષદોનું, સેનાઓનું, સેનાધિપતિ દેવોનું, આત્મરક્ષક દેવોનું તથા બીજા ઘણા ભવનવાસી દેવ-દેવીઓનું આધિપત્ય, અગ્રેસરત્વ, પ્રભુત્વ, સ્વામિત્વ, મહત્તરત્વ, આજ્ઞેશ્વરત્વ તથા સેનાપતિત્વ કરતા-કરાવતા, પાલન કરતા-કરાવતા, કુશલ પુરુષો દ્વારા થતાં નિરંતર નૃત્ય, ગીત, વાદિત, તલ, તાલ, ત્રુટિત અને ઘનમૃદંગ આદિ વાજિંત્રોના દિવ્ય ધ્વનિ સાથે દિવ્ય ભોગોપભોગનો ઉપભોગ કરતા વિચરે છે.

**૩૨ चमर-बलिणो य इत्थ दुवे असुरकुमारिंदा असुरकुमाररायाणो परिवसंति । काला, महाणीलसरिसा णीलगुलिय-गवल-अयसिकुसुमप्पगासा वियसियसयवत्त-णिम्मल-ईसीसित-रत्त-तंबणयणा गरुलाययउज्जुतुंगणासा ओयवियसिलप्पवाल बिंबफलसण्णिभाहरोट्ठा**

पंडुरससिगलविमल-णिम्मलदहि-घण-संख-गोखीर-कुंद-दगरय-मुणालियाधवलदंतसेढी हुयवह-णिद्धंत-धोय-तत्त-तवणिज्ज-रत्ततल-तालुजीहा अंजण-घणकसिण-रुयग-रमणिज्ज-णिद्धकेसा वामेगकुंडलधरा, अद्दचंदणाणुलित्तगत्ता, ईसिसिलिंधपुप्फपगासाइं असंकिलिट्ठाइं सुहुमाइं वत्थाइं पवर परिहिया, वयं च पढमं समइक्कंता, बिइयं तु असंपत्ता, भद्दे जोव्वण्णे वट्टमाणा, तलभंगय-तुडिय-पवरभूसण णिम्मलमणि-रयणमंडियभुया दसमुद्दामंडियग्गहत्था चुडामणिचित्तचिंधगया सुरूवा महिड्ढिया महज्जुईया महायसा महाबला महाणुभागा महासोक्खा हारविराइयवच्छा कडय-तुडियथंभियभुया अंगद-कुंडलमट्ठगंडतलकण्ण-पीढधारी विचित्त-हत्थाभरणा विचित्तमाला-मउलि मउडा कल्लाणगपवरवत्थपरिहिया कल्लाणगपवरमल्लाणु-लेवणा भासुरबोंदी पलंबवणमालधरा दिव्वेणं वण्णेणं दिव्वेणं गंधेणं दिव्वेणं फासेणं दिव्वेणं संघयणेणं दिव्वेणं संठाणेणं दिव्वाए इड्ढीए दिव्वाए जुइए दिव्वाए पभाए दिव्वाए छायाए दिव्वाए अच्चीए दिव्वेणं तेएणं दिव्वाए लेसाए दस दिसाओ उज्जोवेमाणा पभासेमाणा ।

ते णं तत्थ साणं साणं भवणावाससयसहस्साणं, साणं साणं सामाणियसाहस्सीणं, साणं साणं तायत्तीसाणं, साणं साणं लोगपालाणं, साणं साणं अग्गमहिसीणं, साणं साणं परिसाणं, साणं साणं अणियाणं, साणं साणं अणियाहिवईणं, साणं साणं आयरक्खदेव- साहस्सीणं, अण्णेसिं च बहूणं भवणवासीणं देवाण य देवीण य आहेवच्चं पोरेवच्चं सामित्तं भट्टित्तं महत्तरगत्तं आणाईसरसेणावच्चं कारेमाणा पालेमाणा महताहतणट्ट- गीय-वाइयतंती-तल-ताल-तुडिय-घणमुइंग-पडुप्पवाइय-रवेणं दिव्वाइं भोगभोगाइं भुंजमाणा विहरंति ।

**ભાવાર્થ :–** આ સ્થાનમાં અસુરકુમારોના રાજા ચમરેન્દ્ર અને બલીન્દ્ર, બે ઇન્દ્રો નિવાસ કરે છે, તેઓ કાળા, મહાનીલ સમાન– અત્યંત કાળી વસ્તુઓ જેવા, ગળીની ગુટિકા, પાડાના શીંગડા, અળસીના પુષ્પ જેવા; વિકસિત કમળ જેવા નિર્મળ, કંઈક સફેદ અને લાલ તથા તામ્રવર્ણના નેત્રોવાળા; ગરૂડ જેવા લાંબા, સીધા, ઊંચા નાકવાળા; ચમકતા પ્રવાલ(મૂંગા)– લાલરત્ન અને બિમ્બફળ– ચણોઠી સમાન અધરોષ્ઠ- વાળા, શ્વેત, વિમળ (નિર્મળ), ચંદ્રખંડ, જામેલા દહીં, શંખ, ગાયના દૂધ, મોગરાનાં ફૂલ, જલકણ, મૃણાલિકા-કમળની દાંડી જેવી ધવલ દંતપંક્તિવાળા; અગ્નિમાં તપાવેલા અને નિર્મળ થયેલા તપ્ત સુવર્ણ સમાન રાતા હાથ-પગના તળિયાં, તાળવું અને જીભવાળા, અંજન અને મેઘની સમાન કાળા, રૂચક રત્ન જેવા રમણીય, સુંવાળા કેશયુક્ત, ડાબા ભાગમાં એક કુંડળના ધારક; ભીના(સરસ) ચંદનથી લિપ્ત શરીર-વાળા; શિલીન્દ્ર-પુષ્પ સમાન કંઈક લાલ રંગના, ક્લેશ ઉત્પન્ન ન કરનારા એટલે અત્યંત સુખકર, સૂક્ષ્મ અને અત્યંત શ્રેષ્ઠ વસ્ત્ર પહેરેલા; પ્રથમાવસ્થાને પાર કરેલા, બીજી પ્રૌઢાવસ્થાને અપ્રાપ્ત, યૌવનમાં વર્તતા, તલભંગક, ત્રુટિત તથા અન્ય શ્રેષ્ઠ આભરણો અને નિર્મળ મણિઓ અને રત્નોથી મંડિત ભુજાવાળા; દશમુદ્રિકાઓથી સુશોભિત આંગળીઓવાળા; વિચિત્ર ચૂડામણિના ચિહ્નથી યુક્ત; સુરૂપ, મહર્દ્ધિક, મહાદ્યુતિમાન, મહાયશસ્વી, મહાબલવાન, મહાસામર્થ્યવાન(પ્રભાવશાળી), મહાસુખી, હારથી સુશોભિત વક્ષઃસ્થળવાળા, કડા તથા બાજુબંધોથી સ્થંભિત ભુજાવાળા, કપોલ(ગાલ)ના ભાગને સ્પર્શ કરતાં અંગદ, કુંડળને કર્ણપીઠમાં ધારણ કરેલા; હાથોમાં વિવિધ આભૂષણોવાળા, અદ્‌ભુત માળાઓથી યુક્ત મુકુટવાળા,

કલ્યાણકારી શ્રેષ્ઠ વસ્ત્ર પહેરેલા, કલ્યાણકારી શ્રેષ્ઠમાળા અને વિલેપનના ધારક, દેદીપ્યમાન શરીરયુક્ત, લાંબી વનમાળાના ધારક, દિવ્યવર્ણથી, દિવ્યગંધથી, દિવ્યસ્પર્શથી, દિવ્યસંહનનથી, દિવ્યસંસ્થાનથી, દિવ્યઋદ્ધિથી, દિવ્યદ્યુતિથી, દિવ્યપ્રભાથી, દિવ્યછાયાથી, દિવ્યઅર્ચિથી, દિવ્યતેજથી અને દિવ્યલેશ્યાથી દશે દિશાઓને પ્રકાશિત અને સુશોભિત કરતા ચમરેન્દ્ર તથા બલીન્દ્ર પોત પોતાના લાખો ભવનાવાસોનું, હજારો સામાનિક દેવોનું, ત્રાયસ્ત્રિંક દેવોનું, લોકપાલદેવોનું, અગ્રમહિષીઓનું, પરિષદોનું, સેનાઓનું, સેનાધિપતિઓનું, આત્મરક્ષક દેવોનું તથા અન્ય ઘણા ભવનવાસી દેવ-દેવીઓનું આધિપત્ય, અગ્રેસરત્વ, સ્વામિત્વ, ભર્તૃત્વ, મહત્તરકત્વ, આજ્ઞૈશ્વરત્વ તથા સેનાપતિત્વ કરતાં, કરાવતાં, પાલન કરતાં-કરાવતાં, કુશલ પુરુષો દ્વારા નિરંતર થતાં નાટ્ય, ગીત, વાદિત, તંત્રી, તલ, તાલ, ત્રુટિત અને ઘનમૃદંગ આદિ વાજિંત્રો વગાડવાથી ઉત્પન્ન થતા દિવ્ય મહાધ્વનિ સાથે દિવ્ય ભોગોપભોગોને અનુભવતા રહે છે.

**૩૩ कहि णं भंते ! दाहिणिल्लाणं असुरकुमाराणं देवाणं पज्जत्ताअपज्जत्ताणं ठाणा पण्णत्ता ? कहि णं भंते ! दाहिणिल्ला असुरकुमारा देवा परिवसंति ?**

**गोयमा ! जंबुद्दीवे मंदरस्स पव्वयस्स दाहिणेणं इमीसे रयणप्पभाए पुढवीए असीउत्तरजोयणसयसहस्सबाहल्लाए उवरिं एगं जोयणसहस्सं ओगाहित्ता हेट्ठा वेगं जोयण- सहस्सं वज्जित्ता मज्झे अट्ठहत्तरे जोयणसयसहस्से, एत्थ णं दाहिणिल्लाणं असुरकुमाराणं देवाणं चोत्तीसं भवणावाससयसहस्सा भवंतीति मक्खायं ।**

**ते णं भवणा बाहिं वट्टा, अंतो चउरंसा, सो चेव वण्णओ** *जाव* **पडिरूवा एत्थ णं दाहिणिल्लाणं असुरकुमाराणं देवाणं पज्जत्ताअपज्जत्ताणं ठाणा पण्णत्ता। तिसु वि लोगस्स असंखेज्जइभागे । तत्थ णं बहवे दाहिणिल्ला असुरकुमारा देवा य देवीओ य परिवसंति– काला लोहियक्खा बिंबोट्ठा तहेव** *जाव* **भुंजमाणा विहरंति । एतेसि णं तहेव तायत्तीसग- लोगपाला भवंति । एवं सव्वं भाणियव्वं भवणवासीणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્ત અને અપર્યાપ્ત દક્ષિણ દિશાના અસુરકુમાર દેવોનાં સ્થાન કયાં છે ? દક્ષિણ દિશાના અસુરકુમાર દેવો ક્યાં નિવાસ કરે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જંબૂદ્વીપ નામના દ્વીપમાં, સુમેરુપર્વતની દક્ષિણમાં, એક લાખ એંશી હજાર યોજન પ્રમાણ જાડાઈવાળી આ રત્નપ્રભાપૃથ્વીની ઉપર એક હજાર યોજન અને નીચે એક હજાર યોજનનો ક્ષેત્ર છોડીને વચ્ચેના એક લાખ અઠ્યોતેર હજાર યોજન ક્ષેત્રમાં દક્ષિણ દિશાના અસુરકુમાર દેવોના એક લાખ ચોત્રીસ હજાર ભવનાવાસો કહ્યા છે.

તે ભવનો બહારથી ગોળ અને અંદરથી સમચોરસ છે ***યાવત્*** તે પ્રતિરૂપ છે, ત્યાં સુધીનું સમસ્ત વર્ણન પૂર્વવત્ જાણવું. ત્યાં પર્યાપ્ત અને અપર્યાપ્ત દક્ષિણ દિશાના અસુરકુમાર દેવોનાં સ્વસ્થાનો છે. તે ઉપપાત, સમુદ્દ્ઘાત અને સ્વસ્થાનની અપેક્ષાએ લોકના અસંખ્યાતમા ભાગમાં છે. ત્યાં દક્ષિણ દિશાના અસુરકુમાર દેવો અને દેવીઓ નિવાસ કરે છે. તે દેવો કાળા, લોહિતાક્ષ રત્નની સમાન લાલ હોઠવાળા છે. ઈત્યાદિ સંપૂર્ણ વર્ણન પૂર્વવત્ જાણવું ***યાવત્*** દિવ્યભોગ ભોગવતા રહે છે. તે દેવોમાં ત્રાયસ્ત્રિંશક અને લોકપાલ આદિ દેવો હોય છે. આ રીતે સર્વ ભવનપતિ દેવોનું પૂર્વે કરેલું વર્ણન અહીં કરવું જોઈએ.

**३४ चमरे य इत्थ असुरकुमारिंदे असुरकुमाराया परिवसइ- काले महाणील-सरिसे *जाव* पभासेमाणे । से णं तत्थ चोत्तीसाए भवणावाससयसहस्साणं चउसट्ठीए सामाणियसाहस्सीणं तेत्तीसाए तायत्तीसाणं चउण्हं लोगपालाणं पंचण्हं अग्गमहिसीणं सपरिवाराणं तिण्हं परिसाणं सत्तण्हं अणियाणं सत्तण्हं अणियाहिवईणं चउण्हं य चउसट्ठीणं आयरक्खदेवसाहस्सीणं अण्णेसिं च बहूणं दाहिणिल्लाणं देवाणं देवीण य आहेवच्चं पोरेवच्चं *जाव* विहरइ ।**

**ભાવાર્થ :–** આ જ(પૂર્વોક્ત) સ્થાનમાં દક્ષિણાદિશાના અસરુકુમારોના ઈન્દ્ર અસુરરાજ ચમરેન્દ્ર નિવાસ કરે છે, તેનો વર્ણ કૃષ્ણ, મહાનીલ સદશ છે ઈત્યાદિ સર્વ વર્ણન પૂર્વવત્ જાણવું ***યાવત્*** દશે દિશાઓને પ્રકાશિત, સુશોભિત કરતા વિચરે છે.

ત્યાં તે ચમરેન્દ્ર ચોત્રીસ લાખ ભવનાવાસોનું, ચોસઠ હજાર સામાનિક દેવોનું, તેત્રીસ ત્રાયસ્ત્રિંશક દેવોનું, ચાર લોકપાલદેવોનું, પાંચ સપરિવાર અગ્રમહિષીઓનું, ત્રણ પરિષદોનું, સાત સેનાઓનું, સાત સેનાધિપતિદેવોનું, ચાર ચોસઠ હજાર અર્થાત્ બે લાખ છપ્પન હજાર (૨,૫૬,૦૦૦) આત્મરક્ષક દેવોનું તથા અન્ય ઘણા દક્ષિણદિશાના અસુરકુમાર દેવો અને દેવીઓનું આધિપત્ય, અગ્રેસરત્વ કરતાં ***યાવત્*** વિચરણ કરે છે.

**३५ कहि णं भंते ! उत्तरिल्लाणं असुरकुमाराणं देवाणं पज्जत्ताअपज्जत्ताणं ठाणा पण्णत्ता ? कहि णं भंते ! उत्तरिल्ला असुरकुमारा देवा परिवसंति ?**

**गोयमा ! जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स उत्तरेणं इमीसे रयणप्पभाए पुढवीए असीउत्तरजोयणसयसहस्सबाहल्लाए उवरिं एगं जोयणसहस्सं ओगाहेत्ता हेट्ठा वेगं जोयण-सहस्सं वज्जेत्ता मज्झे अट्ठहत्तरे जोयणसयसहस्से, एत्थ णं उत्तरिल्लाणं असुरकुमाराणं देवाणं तीसं भवणावाससयसहस्सा भवंतीति मक्खायं । ते णं भवणा बाहिं वट्टा अंतो चउरंसा, सेसं जहा दाहिणिल्लाणं *जाव* विहरंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઉત્તરદિશાના પર્યાપ્ત અને અપર્યાપ્ત અસુરકુમાર દેવોનાં સ્થાન ક્યાં છે ? ઉત્તરદિશાના અસુરકુમાર દેવો ક્યાં રહે છે.

**ઉત્તર–** હે ગૌતમ ! જંબૂદ્વીપ નામના દ્વીપમાં, સુમેરુપર્વતની ઉત્તરમાં એક લાખ એંશી હજાર યોજન પ્રમાણ જાડાઈવાળી આ રત્નપ્રભા પૃથ્વીની ઉપર એક હજાર યોજન ઉપર અને નીચે એક હજાર યોજન પ્રમાણ ક્ષેત્રને છોડીને, મધ્યના એક લાખ અઠયોતેર હજાર યોજન ક્ષેત્રમાં ઉત્તરદિશાના અસુરકુમાર દેવોના ત્રીસ લાખ ભવનાવાસો છે. આ ભવનો(ભવનાવાસ) બહારથી ગોળ અને અંદરથી સમચોરસ છે. શેષ વર્ણન દક્ષિણદિશાના અસુરકુમાર દેવોની સમાન જાણવું જોઈએ.

**३६ बली य इत्थ वइरोयणिंदे वइरोयणराया परिवसइ- काले महाणीलसरिसे *जाव* पभासेमाणे। से णं तत्थ तीसाए भवणावाससयसहस्साणं सट्ठीए सामाणियसाहस्सीणं तेत्तीसाए तायत्तीसगाणं चउण्हं लोगपालाणं पंचण्हं अग्गमहिसीणं सपरिवाराणं तिण्हं परिसाणं सत्तण्हं अणियाणं सत्तण्हं अणियाहिवईणं चउण्ह य सट्ठीणं आयरक्खदेवसाहस्सीणं अण्णेसिं च बहूणं उत्तरिल्लाणं**

**असुरकुमाराणं देवाण य देवीण य आहेवच्चं पोरेवच्चं कुव्वमाणे विहरइ ।**

**ભાવાર્થ :–** અહીં ઉત્તરદિશાના અસુરકુમાર દેવોના ઈન્દ્ર વૈરોચનેન્દ્ર બલીન્દ્ર નિવાસ કરે છે, તેનો વર્ણ કૃષ્ણ મહાનીલ સદશ છે, ઈત્યાદિ સમગ્ર વર્ણન પૂર્વવત્ જાણવું ***યાવત્*** તે દશે દિશાઓને પ્રકાશિત, સુશોભિત કરતાં વિચરે છે. તે ત્યાં ત્રીસ લાખ ભવનાવાસોનું, સાઠ હજાર સામાનિક દેવોનું, તેત્રીશ ત્રાયસ્ત્રિંશક દેવોનું, ચાર લોકપાલોનું, સપરિવાર પાંચ અગ્રમહિષીઓનું, ત્રણ પરિષદોનું, સાત સેનાઓનું, સાત સેનાધિપતિ દેવોનું, ચાર સાઠ હજાર અર્થાત્ બે લાખ ચાલીશ હજાર આત્મરક્ષક દેવોનું તથા અન્ય ઘણાં ઉત્તર દિશાના અસુરકુમાર દેવો અને દેવીઓનું આધિપત્ય અગ્રેસરત્વ આદિ કરતાં વિચરણ કરે છે.

**૩૭ कहि णं भंते ! णागकुमाराणं देवाणं पज्जत्ताअपज्जत्ताणं ठाणा पण्णत्ता ? कहि णं भंते ! णागकुमारा देवा परिवसंति ? गोयमा ! इमीसे रयणप्पभाए पुढवीए असीउत्तरजोयण- सयसहस्सबाहल्लाए उवरिं एगं जोयणसहस्सं ओगाहित्ता हेट्ठा वेगं जोयणसहस्सं वज्जिऊण मज्झे अट्ठहत्तरे जोयणसयसहस्से, एत्थ णं णागकुमाराणं देवाणं पज्जत्ताअपज्जत्ताणं चुलसीइ भवणावाससयसहस्सा हवंतीति मक्खायं ।**

**ते णं भवणा बाहिं वट्टा अंतो चउरंसा** *जाव* **पडिरूवा । तत्थ णं णागकुमाराणं देवाणं पज्जत्ताअपज्जत्ताणं ठाणा पण्णत्ता । तिसु वि लोगस्स असंखेज्जइभागे। तत्थ णं बहवे णागकुमारा देवा परिवसंति– महिड्ढिया महाजुइया, सेसं जहा ओहियाणं** *जाव* **विहरंति ।**

**धरण-भूयाणंदा य इत्थ दुवे णागकुमारिंदा णागकुमाररायाणो परिवसंति महिड्ढिया, सेसं जहा ओहियाणं** *जाव* **विहरंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્ત અને અપર્યાપ્ત નાગકુમાર દેવોનાં સ્થાન ક્યાં છે ? નાગકુમાર દેવો ક્યાં નિવાસ કરે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! એક લાખ એંશી હજાર યોજન પ્રમાણ જાડાઈવાળી આ રત્નપ્રભા પૃથ્વીની ઉપરના એક હજાર યોજન અને નીચેના એક હજાર યોજન ક્ષેત્રને છોડીને, મધ્યના એક લાખ અઠયોતેર હજાર યોજનના ક્ષેત્રમાં, પર્યાપ્ત અને અપર્યાપ્ત નાગકુમાર દેવોના ચોર્યાશી લાખ ભવનાવાસ કહેલ છે, તે ભવન બહારથી ગોળ અને અંદરથી સમચોરસ છે ***યાવત્*** પ્રતિરૂપ છે.

ત્યાં પર્યાપ્ત અને અપર્યાપ્ત નાગકુમાર દેવોના સ્થાન છે. તેના ઉપપાત, સમુદ્ઘાત અને સ્વસ્થાન તે ત્રણે ય લોકના અસંખ્યાતમા ભાગમાં છે. ત્યાં ઘણા નાગકુમારદેવો નિવાસ કરે છે. તેઓ મહર્દ્ધિક, મહાદ્યુતિવાન છે, શેષ વર્ણન પૂર્વવત્ સમુચ્ચય ભવનપતિ દેવોની સમાન જાણવું.

ત્યાં બે નાગકુમારેન્દ્ર નાગકુમારરાજ– ધરણેન્દ્ર અને ભૂતાનંદેન્દ્ર નિવાસ કરે છે. તેઓ મહર્દ્ધિક છે; શેષ વર્ણન સમુચ્ચય ભવનવાસીદેવોની સમાન જાણવું ***યાવત્*** ત્યાં તે દેવો રહે છે.

**૩૮ कहि णं भंते ! दाहिणिल्लाणं णागकुमाराणं देवाणं पज्जत्ताअपज्जत्ताणं ठाणा पण्णत्ता ? कहि णं भंते ! दाहिणिल्ला णागकुमारा देवा परिवसंति ?**

**गोयमा ! जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स दाहिणेणं इमीसे रयणप्पभाए पुढवीए**

**असीउत्तर-जोयणसयसहस्सबाहल्लाए उवरिं एगं जोयणसहस्सं ओगाहेत्ता हेट्ठा वेगं जोयणसहस्सं वज्जेत्ता मज्झे अट्ठहत्तरे जोयणसयसहस्से, एत्थ णं दाहिणिल्लाणं णागकुमाराणं देवाणं चोयालीसं भवणावाससय-सहस्सा भवंतीति मक्खायं ।**

**ते णं भवणा बाहिं वट्टा अंतो चउरंसा** *जाव* **पडिरूवा । एत्थ णं दाहिणिल्लाणं णागकुमाराणं देवाणं पज्जत्ताअपज्जत्ताणं ठाणा पण्णत्ता । तिसु वि लोगस्स असंखेज्जइभागे। एत्थ णं बहवे दाहिणिल्ला णागकुमारा देवा परिवसंति महिड्ढिया** *जाव* **विहरंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્તા અને અપર્યાપ્તા દક્ષિણદિશાના નાગકુમાર દેવોના સ્થાન ક્યાં છે ? નાગકુમાર દેવો ક્યાં રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જંબૂનામના દ્વીપમાં સુમેરુ પર્વતની દક્ષિણમાં, એક લાખ એંશી હજાર યોજન પ્રમાણ જાડાઈવાળી આ રત્નપ્રભાપૃથ્વીની ઉપરના એક હજાર યોજન અને નીચેના એક હજાર યોજન ક્ષેત્રને છોડીને, મધ્યના એક લાખ અઠયોતેર હજાર યોજનના ક્ષેત્રમાં, નાગકુમાર દેવોના ચુમ્માલીશ લાખ ભવનો છે.

તે ભવનો બહારથી ગોળ અને અંદરથી સમચોરસ છે ***યાવત્*** પ્રતિરૂપ છે. તેમાં પર્યાપ્ત અને અપર્યાપ્ત દક્ષિણદિશાના નાગકુમાર દેવોનાં સ્થાન છે. તેના ઉપપાતાદિ ત્રણે ય લોકના અસંખ્યાત ભાગમાં છે. ત્યાં ઘણા દક્ષિણદિશાના નાગકુમાર દેવો નિવાસ કરે છે, તે મહર્દ્ધિક છે ***યાવત્*** વિચરણ કરે છે ઇત્યાદિ વર્ણન પૂર્વવત્ જાણવું

**૩૯ धरणे य इत्थ णागकुमारिंदे णागकुमारराया परिवसइ महिड्ढिए** *जाव* **पभासेमाणे । से णं तत्थ चोयालीसाए भवणावाससयसहस्साणं छण्हं सामाणियसाहस्सीणं तेत्तीसाए तायत्तीसगाणं चउण्हं लोगपालाणं पंचण्हं अग्गमहिसीणं सपरिवाराणं तिण्हं परिसाणं सत्तण्हं अणियाणं सत्तण्हं अणियाहिवईणं चउव्वीसाए आयरक्खदेवसाहस्सीणं अण्णेसिं च बहूणं दाहिणिल्लाणं णागकुमाराणं देवाण य देवीण य आहेवच्चं** *जाव* **कुव्वमाणे विहरइ ।**

**ભાવાર્થ :–** આ જ સ્થાનોમાં નાગકુમારેન્દ્ર નાગકુમારરાજ ધરણેન્દ્ર નિવાસ કરે છે, તે મહર્દ્ધિક છે ***યાવત્*** દશે દિશાઓને પ્રકાશિત અને સુશોભિત કરતાં વિચરે છે.

ત્યાં ધરણેન્દ્ર ચુમ્માલીશ લાખ ભવનાવાસોનું, છ હજાર સામાનિક દેવોનું, તેત્રીસ ત્રાયસ્ત્રિંશક દેવોનું, ચાર લોકપાલ દેવોનું, સપરિવાર પાંચ અગ્રમહિષીઓનું, ત્રણ પરિષદોનું, સાત સેનાઓનું, સાત સેનાધિપતિ દેવોનું, ચોવીશ હજાર આત્મરક્ષક દેવોનું અને અન્ય ઘણા દક્ષિણ દિશાના નાગકુમાર દેવો અને દેવીઓનું આધિપત્ય અને અગ્રેસરત્વ કરતાં વિચરે છે.

**૪૦ कहि णं भंते ! उत्तरिल्लाणं णागकुमाराणं देवाणं पज्जत्ताअपज्जत्ताणं ठाणा पण्णत्ता? कहि णं भंते ! उत्तरिल्ला णागकुमारा देवा परिवसंति ?**

**गोयमा! जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स उत्तरेणं इमीसे रयणप्पभाए पुढवीए असीउत्तरजोयणसयसहस्सबाहल्लाए उवरिं एगं जोयणसहस्सं ओगाहेत्ता हेट्ठा वेगं जोयण-सहस्सं वज्जेत्ता मज्झे अट्ठहत्तरे जोयणसयसहस्से, एत्थ णं उत्तरिल्लाणं णागकुमाराणं**

**देवाणं चत्तालीसं भवणावाससयसहस्सा भवंतीति मक्खायं । ते णं भवणा बाहिं वट्टा सेसं जहा दाहिणिल्लाणं** *जाव* **विहरंति ।**

**भूयाणंदे य इत्थ णागकुमारिंदे णागकुमारराया परिवसइ महिड्ढिए** *जाव* **पभासेमाणे। से णं तत्थ चत्तालीसाए भवणावाससयसहस्साणं आहेवच्चं** *जाव* **विहरइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્ત અને અપર્યાપ્ત ઉત્તર દિશાના નાગકુમાર દેવોનાં સ્થાન ક્યાં છે ? ઉત્તર દિશાના નાગકુમાર દેવો ક્યાં નિવાસ કરે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જંબૂનામના દ્વીપમાં, સુમેરુપર્વતની ઉત્તરમાં, એક લાખ એંશી હજાર યોજન પ્રમાણ જાડાઈવાળી આ રત્નપ્રભા પૃથ્વીના ઉપરના એક હજાર યોજન અને નીચેના એક હજાર યોજન પ્રદેશને છોડીને, વચ્ચેના એક લાખ અઠ્યોતેર હજાર યોજનમાં ઉત્તર દિશાના નાગકુમાર દેવોના ચાલીસ લાખ ભવનાવાસો કહેલ છે. તે ભવન બહારથી ગોળ છે ઈત્યાદિ શેષ વર્ણન દક્ષિણદિશાના નાગકુમારોના વર્ણનની જેમ જાણવું.

ત્યાં ઉત્તર દિશાના નાગકુમારેન્દ્ર નાગકુમારરાજ ભૂતાનન્દ નિવાસ કરે છે. જે મહર્દ્ધિક છે ***યાવત્*** દશે દિશાઓને પ્રકાશિત અને સુશોભિત કરતાં વિચરે છે.

ત્યાં ભૂતાનંદેન્દ્ર ચાળીશ લાખ ભવનાવાસોનું આધિપત્ય અને અગ્રેસરત્વ કરતાં વિચરે છે.

**૪૧ कहि णं भंते ! सुवण्णकुमाराणं देवाणं पज्जत्ताअपज्जत्ताणं ठाणा पण्णत्ता? कहि णं भंते! सुवण्णकुमारा देवा परिवसंति ?**

**गोयमा ! इमीसे रयणप्पभाए पुढवीए** *जाव* **एत्थ णं सुवण्णकुमाराणं देवाणं बावत्तरिं भवणावाससयसहस्सा भवंतीति मक्खायं । ते णं भवणा बाहिं वट्टा** *जाव* **पडिरूवा । तत्थ णं सुवण्णकुमाराणं देवाणं पज्जत्ताअपज्जत्ताणं ठाणा पण्णत्ता । तिसु वि लोगस्स असंखेज्जइभागे । तत्थ णं बहवे सुवण्णकुमारा देवा परिवसंति महिड्ढिया, सेसं जहा ओहियाणं** *जाव* **विहरंति । वेणुदेव-वेणुदाली य इत्थ सुवण्णकुमारिंदा सुवण्णकुमाररायाणो परिवसंति महड्ढिया** *जाव* **विहरंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્ત અને અપર્યાપ્ત સુવર્ણકુમાર દેવોના સ્થાન ક્યાં છે ? સુવર્ણકુમાર દેવો ક્યાં નિવાસ કરે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! આ રત્નપ્રભાપૃથ્વીના ઉપરના એક હજાર યોજન અને નીચેના એક હજાર યોજન ક્ષેત્રને છોડીને શેષ ભાગમાં ***યાવત્*** સુવર્ણકુમાર દેવોના બોતેર લાખ ભવનાવાસ છે. તે ભવન બહારથી ગોળ છે ***યાવત્*** પ્રતિરૂપ છે. ત્યાં પર્યાપ્ત અને અપર્યાપ્ત સુવર્ણકુમારદેવોનાં સ્વસ્થાન છે. તે દેવોના ઉપપાતાદિ ત્રણેય સ્થાન લોકના અસંખ્યાતમા ભાગમાં છે. ત્યાં ઘણા સુવર્ણકુમાર દેવો નિવાસ કરે છે, તેઓ મહર્દ્ધિક છે; ઈત્યાદિ સમગ્ર વર્ણન પૂર્વવત્ જાણવું. ત્યાં સુવર્ણકુમારેન્દ્ર, સુવર્ણકુમારરાજ વેણુદેવ અને વેણુદાલી નિવાસ કરે છે. તે મહર્દ્ધિક છે ઈત્યાદિ પૂર્વવત્ જાણવું.

**૪૨ कहि णं भंते ! दाहिणिल्लाणं सुवण्णकुमाराणं पज्जत्ताअपज्जत्ताणं ठाणा पण्णत्ता?**

**कहि णं भंते ! दाहिणिल्ला सुवण्णकुमारा देवा परिवसंति ?**

**गोयमा ! इमीसे *जाव* मज्झे अट्ठहत्तरे जोयणसयसहस्से, एत्थ णं दाहिणिल्लाणं सुवण्णकुमाराणं अट्ठतीसं भवणावाससयसहस्सा भवंतीति मक्खायं । ते णं भवणा बाहिं वट्टा *जाव* पडिरूवा । एत्थ णं दाहिणिल्लाणं सुवण्णकुमाराणं पज्जत्ताअपज्जत्ताणं ठाणा पण्णत्ता । तिसु वि लोगस्स असंखेज्जइभागे । एत्थ णं बहवे सुवण्णकुमारा देवा *जाव* परिवसंति । वेणुदेवे य इत्थ सुवण्णिंदे सुवण्णकुमारराया परिवसइ । सेसं जहा णागकुमाराणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્ત અને અપર્યાપ્ત દક્ષિણદિશાના સુવર્ણકુમાર દેવોનાં સ્થાન ક્યાં છે ? હે ભગવન્ ! દક્ષિણદિશાના સુવર્ણકુમાર દેવો ક્યાં નિવાસ કરે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! આ રત્નપ્રભાપૃથ્વીના ***યાવત્*** મધ્યના એક લાખ અઠયોતેર હજાર યોજનમાં દક્ષિણદિશાના સુવર્ણ કુમાર દેવોના આડત્રીસ લાખ ભવનાવાસો કહેલ છે; તે ભવન બહારથી ગોળ છે ***યાવત્*** પ્રતિરૂપ છે. અહીં પર્યાપ્ત અને અપર્યાપ્ત દક્ષિણ દિશાના સુવર્ણકુમાર દેવોના સ્થાન છે. તે ઉપપાતાદિ ત્રણેય સ્થાનોની અપેક્ષાએ લોકના અસંખ્યાતમા ભાગમાં છે. અહીં ઘણાં સુવર્ણકુમાર દેવો નિવાસ કરે છે. ત્યાં દક્ષિણ દિશાના સુવર્ણકુમારેન્દ્ર સુવર્ણકુમારરાજ વેણુદેવ નિવાસ કરે છે; શેષ સમગ્ર વર્ણન નાગકુમારોના વર્ણનની જેમ જાણવું.

**૪૩ कहि णं भंते ! उत्तरिल्लाणं सुवण्णकुमाराणं देवाणं पज्जत्ताअपज्जत्ताणं ठाणा पण्णत्ता ? कहि णं भंते ! उत्तरिल्ला सुवण्णकुमारा देवा परिवसंति ?**

**गोयमा ! इमीसे रयणप्पभाए *जाव* एत्थ णं उत्तरिल्लाणं सुवण्णकुमाराणं चोत्तीसं भवणा वाससयसहस्सा भवंतीति मक्खायं । ते णं भवणा *जाव* एत्थ णं बहवे उत्तरिल्ला सुवण्णकुमारा देवा परिवसंति महिड्ढिया *जाव* विहरंति । वेणुदाली य इत्थ सुवण्णकुमारिंदे सुवण्णकुमारराया परिवसइ महिड्ढिए, सेसं जहा णागकुमाराणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઉત્તર દિશાના પર્યાપ્ત અને અપર્યાપ્ત સુવર્ણકુમાર દેવોનાં સ્થાન ક્યાં છે ? ઉત્તરદિશાના સુવર્ણકુમાર દેવો ક્યાં નિવાસ કરે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! એક લાખ એંશી હજાર યોજન પ્રમાણ જાડાઈવાળી આ રત્નપ્રભા પૃથ્વીમાં ***યાવત્*** ઉત્તર દિશાના સુવર્ણકુમાર દેવોના ચોત્રીસ લાખ ભવનાવાસ છે, તે ભવનોનું સમગ્ર વર્ણન પૂર્વવત્ જાણવું જોઈએ ***યાવત્*** અહીં ઘણા ઉત્તર દિશાના સુવર્ણકુમાર દેવો નિવાસ કરે છે. તે મહર્દ્ધિક છે ***યાવત્*** દિવ્ય ભોગ ભોગવતાં વિચરણ કરે છે. ત્યાં ઉત્તર દિશાના સુવર્ણકુમારેન્દ્ર, સુવર્ણકુમારરાજ વેણુદાલી નિવાસ કરે છે ***યાવત્*** તે મહર્દ્ધિક છે; શેષ સમગ્ર વર્ણન નાગકુમારોની જેમ સમજી લેવું જોઈએ.

**૪૪ एवं जहा सुवण्णकुमाराणं वत्तव्वया भणिया तहा सेसाण वि चोद्दसण्हं इंदाणं भाणियव्वा। णवरं भवणणाणत्तं इंदणाणत्तं वण्णणाणत्तं परिहाणणाणत्तं च इमाहिं गाहाहिं अणुगंतव्वं ।**

चोवट्ठिं असुराणं, चुलसीओ चेव होंति णागाणं ।
बावत्तरिं सुवण्णे, वाउकुमाराण छण्णउई ॥ ६ ॥

दीव-दिसा-उदहीणं, विज्जुकुमारिंद-थणिय-मग्गीणं ।
छण्हं पि जुयलगाणं, छावत्तरिमो सयसहस्सा ॥ ७ ॥

चोत्तीसा चोयाला, अट्ठत्तीसं च सयसहस्साइं ।
पण्णा चत्तालीसा, दाहिणओ होंति भवणाइं ॥ ८ ॥

तीसा चत्तालीसा, चोत्तीसं चेव सयसहस्साइं ।
छायाला छत्तीसा, उत्तरओ होंति भवणाइं ॥ ९ ॥

चउसट्ठी सट्ठी खलु, छच्च सहस्सा उ असुरवज्जाणं ।
सामाणिया उ एए, चउग्गुणा आयरक्खा उ ॥ १० ॥

चमरे धरणे तह वेणुदेव, हरिकंत अग्गिसीहे य ।
पुण्णे जलकंते य, अमिय विलंबे य घोसे य ॥ ११ ॥

बलि भूयाणंदे वेणुदालि, हरिस्सहे अग्गिमाणव वसिट्ठे ।
जलप्पहे अमियवाहण, पभंजणे य महाघोसे ॥ १२ ॥

उत्तरिल्लाणं *जाव* विहंरति ।

काला असुरकुमारा, णागा उदही य पंडुरा दो वि ।
वरकणग णिहसगोरा, होंति सुवण्णा दिसा थणिया ॥ १३ ॥

उत्तत्तकणगवण्णा, विज्जू अग्गी य होंति दीवा य ।
सामा पियंगुवण्णा, वाउकुमारा मुणेयव्वा ॥ १४ ॥

असुरेसु होंति रत्ता, सिलिंधपुप्फप्पभा य णागुदही ।
आसासगवसणधरा, होंति सुवण्णा दिसा थणिया ॥ १५ ॥

णीलाणुरागवसणा, विज्जू अग्गी य होंति दीवा य ।
संझाणुरागवसणा, वाउकुमारा मुणेयव्वा ॥ १६ ॥

**ભાવાર્થ :–** જે રીતે સુવર્ણકુમારોનું કથન કર્યું તે જ રીતે શેષ ભવનવાસીદેવોનું અને તેના ચૌદ ઇન્દ્રોનું કથન કરવું જોઈએ પરંતુ તેમના ભવનોની સંખ્યામાં, ઇન્દ્રોના નામોમાં, તેઓના વર્ણમાં તથા વસ્ત્રોના વર્ણમાં વિશેષતા છે, તે આ ગાથાઓ દ્વારા સમજી શકાય છે.

**ગાથાર્થ– ભવનાવાસ–**(૧) અસુરકુમાર દેવોના ચોસઠ લાખ, (૨) નાગકુમાર દેવોના ચોર્યાશી લાખ, (૩) સુવર્ણકુમાર દેવોના બોત્તેર લાખ, (૪) વાયુકુમાર દેવોના છન્નુ લાખ ભવનાવાસ છે. ॥ ૬ ॥ દ્વીપકુમાર, દિશાકુમાર, ઉદધિકુમાર, વિદ્યુત્કુમાર, સ્તનિતકુમાર અને અગ્નિકુમાર, આ ત્રણ યુગલ અર્થાત્ દ્વીપ કુમારાદિ છએના પ્રત્યેકના છોત્તેર-છોત્તેર લાખ ભવનાવાસ છે. ॥ ૭ ॥

દક્ષિણ દિશાના અસુરકુમારાદિના ભવનોની સંખ્યા આ પ્રમાણે છે– (૧) અસુરકુમારોના ચોત્રીશ લાખ, (૨) નાગકુમારોના ચુમ્માલીશ લાખ, (૩) સુવર્ણકુમારના આડત્રીશ લાખ, (૪) વાયુકુમારોના પચાસ લાખ(૫ થી ૧૦) શેષ છએ દેવોમાં પ્રત્યેકના ચાળીશ-ચાળીશ લાખ ભવનાવાસ છે. ॥ ૮ ॥

ઉત્તર દિશાના અસુરકુમારાદિના ભવનાવાસની સંખ્યા આ પ્રમાણે છે– (૧) અસુરકુમારોના ત્રીસ લાખ, (૨) નાગકુમારોના ચાળીશ લાખ, (૩) સુવર્ણકુમારોના ચોત્રીશ લાખ, (૪) વાયુકુમારોના છેતાલીશ લાખ (૫ થી ૧૦) શેષ છએ દેવોમાં પ્રત્યેકના છત્રીશ-છત્રીશ લાખ ભવનાવાસ છે. ॥ ૯ ॥

**સામાનિકદેવો અને આત્મરક્ષકદેવોની સંખ્યા** આ પ્રમાણે છે– (૧) દક્ષિણ દિશાના અસુરેન્દ્રના ચોસઠ હજાર અને ઉત્તર દિશાના અસુરેન્દ્રના સાંઠ હજાર છે; અસુરેન્દ્રને છોડીને શેષ સર્વ ૨ થી ૧૦ દક્ષિણ-ઉત્તર દિશાના ભવનપતિ ઈન્દ્રોના પ્રત્યેકના છ-છ હજાર સામાનિક દેવો છે. પ્રત્યેક ઈન્દ્રના સામાનિક દેવોથી આત્મરક્ષકદેવો ચાર-ચાર ગુણા હોય છે. ॥ **૧૦** ॥

**દક્ષિણદિશાના ઈન્દ્રોનાં નામ–** (૧) અસુરકુમારોના ઈન્દ્ર ચમરેન્દ્ર, (૨) નાગકુમારોના ધરણેન્દ્ર, (૩) સુવર્ણકુમારોના વેણુદેવેન્દ્ર, (૪) વિદ્યુત્કુમારોના હરિકાંત, (૫) અગ્નિકુમારોના અગ્નિસિંહ, (૬) દ્વીપકુમારોના પૂર્ણેન્દ્ર, (૭) ઉદધિકુમારોના જલકાંત, (૮) દિશાકુમારોના અમિત, (૯) વાયુકુમારોના વેલમ્બ અને (૧૦) સ્તનિત કુમારોના ઘોષ છે. ॥ **૧૧** ॥

**ઉત્તર દિશાના ઈન્દ્રોનાં નામ–** (૧) અસુરકુમારોના ઈન્દ્ર બલીન્દ્ર, (૨) નાગકુમારોના ઈન્દ્ર ભૂતાનંદ, (૩) સુવર્ણકુમારોના ઈન્દ્ર વેણુદાલિ, (૪) વિદ્યુત્કુમારોના ઈન્દ્ર હરિસ્સહ, (૫) અગ્નિકુમારોના ઈન્દ્ર અગ્નિમાણવ, (૬) દ્વીપકુમારોના ઈન્દ્ર વશિષ્ઠ, (૭) ઉદધિકુમારોના ઈન્દ્ર જલપ્રભ, (૮) દિશાકુમારોના ઈન્દ્ર અમિતવાહન, (૯) વાયુકુમારોના ઈન્દ્ર પ્રભંજન અને (૧૦) સ્તનિતકુમારોના ઈન્દ્ર મહાઘોષ છે. ॥ **૧૨** ॥

**વર્ણ :–** બધા અસુરકુમારો કાળા વર્ણના હોય છે, નાગકુમારો અને ઉદધિકુમારોનો વર્ણ શુક્લ હોય છે, સુવર્ણકુમારો, દિશાકુમારો અને સ્તનિતકુમારો શ્રેષ્ઠ સુવર્ણની કસોટી ઉપરની રેખા જેવા ગૌર (રાતા-પીળા) વર્ણના છે. વિદ્યુત્કુમારો, અગ્નિકુમારો, દ્વીપકુમારો તપાવેલા સુવર્ણના જેવા કંઈક રક્તવર્ણના છે. વાયુકુમારો પ્રિયંગુ વૃક્ષના વર્ણ જેવા શ્યામ વર્ણના હોય છે. ॥ **૧૩–૧૪** ॥

**વસ્ત્રોના વર્ણ :–** અસુરકુમારનાં વસ્ત્રો લાલ, નાગકુમારો અને ઉદધિકુમારોના વસ્ત્રો શિલિન્દ્ર વૃક્ષના પુષ્પ જેવા નીલવર્ણના હોય છે, સુવર્ણકુમારો, દિશાકુમારો અને સ્તનિતકુમારોનાં વસ્ત્રો અશ્વના મુખના ફીણ સમાન અતિશ્વેત હોય છે. ॥ **૧૫** ॥ વિદ્યુત્કુમારો, અગ્નિકુમારો અને દ્વીપકુમારોના વસ્ત્ર નીલવર્ણના હોય છે અને વાયુકુમારોના વસ્ત્રો સંધ્યાની લાલિમાના રંગ જેવા હોય છે. ॥ **૧૬** ॥

**વિવેચન :-**

પ્રસ્તુત સૂત્રોમાં દશ ભવનપતિ દેવોના સ્થાન, સંખ્યા, ભવનોનું સ્વરૂપ અને તે દેવોના ઈન્દ્રો વગેરેનું વિસ્તૃત વર્ણન છે.

**સ્થાન :–** પ્રથમ નરક પૃથ્વીમાં તેર પ્રસ્તર(પાથડા) અને બાર આંતરા છે. તે બાર આંતરામાંથી ઉપરના બે આંતરાને છોડીને શેષ દશ આંતરામાં ક્રમશઃ દશ પ્રકારના ભવનપતિ દેવોના ભવનો છે. દિશાની અપેક્ષાએ દશે ભવનપતિ દેવોના બે-બે પ્રકાર થાય છે. તેથી બંને દિશાના ઈન્દ્રો પણ ભિન્ન ભિન્ન છે. ઉત્તર–દિશાના ઈન્દ્રો અને તેનો પરિવાર મેરુપર્વતથી ઉત્તર દિશાના ભવનોમાં અને દક્ષિણ દિશાના ઈન્દ્રો

અને તેનો પરિવાર દક્ષિણ દિશાના ભવનોમાં રહે છે. તે ભવનોમાં નાનામાં નાના ભવનો જંબૂદ્વીપ જેવડાં, મધ્યમ સંખ્યાત યોજન વિસ્તૃત અને ઉત્કૃષ્ટ અસંખ્યાત યોજન વિસ્તૃત ભવનો હોય છે. આ રીતે ભવનપતિદેવો અધોલોકમાં પ્રથમ નરકમાં રહે છે. ભવનોની સંખ્યા વગેરે સર્વ કથન સૂત્રાર્થથી સ્પષ્ટ છે.

**ભવનપતિ દેવોના ભવનોની સંખ્યા, ઋદ્ધિ આદિ :–**

| ક્રમ | ભવનપતિના નામ | દક્ષિણ દિશાના ઈન્દ્ર | ઉત્તર દિશાના ઈન્દ્ર | દક્ષિણની ભવન સંખ્યા | ઉત્તરની ભવન સંખ્યા | કુલ ભવન સંખ્યા | ચિહ્ન | દેહ વર્ણ | વસ્ત્ર વર્ણ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | અસુરકુમાર | ચમરેન્દ્ર | બલીન્દ્ર | ૩૪ લાખ | ૩૦ લાખ | ૬૪ લાખ | ચૂડામણી | કૃષ્ણ | રક્ત |
| ૨ | નાગકુમાર | ધરણેન્દ્ર | ભૂતાનંદેન્દ્ર | ૪૪ લાખ | ૪૦ લાખ | ૮૪ લાખ | નાગ ફેણ | શ્વેત | નીલ |
| ૩ | સુવર્ણકુમાર | વેણુદેવેન્દ્ર | વેણુદાલીન્દ્ર | ૩૮ લાખ | ૩૪ લાખ | ૭૨ લાખ | ગરૂડ | ગૌર | શ્વેત |
| ૪ | વિદ્યુતકુમાર | હરિકાંતેન્દ્ર | હરિસ્સહેન્દ્ર | ૪૦ લાખ | ૩૬ લાખ | ૭૬ લાખ | વજ્ર | રક્ત | નીલ |
| ૫ | અગ્નિકુમાર | અગ્નિસિંહેન્દ્ર | અગ્નિમાણવેન્દ્ર | ૪૦ લાખ | ૩૬ લાખ | ૭૬ લાખ | કળશ | રક્ત | નીલ |
| ૬ | દ્વીપકુમાર | પૂર્ણેન્દ્ર | વશિષ્ઠેન્દ્ર | ૪૦ લાખ | ૩૬ લાખ | ૭૬ લાખ | સિંહ | રક્ત | નીલ |
| ૭ | ઉદધિકુમાર | જલકાંતેન્દ્ર | જલપ્રભેન્દ્ર | ૪૦ લાખ | ૩૬ લાખ | ૭૬ લાખ | અશ્વ | શ્વેત | નીલ |
| ૮ | દિશાકુમાર | અમિતેન્દ્ર | અમિતવાહનેન્દ્ર | ૪૦ લાખ | ૩૬ લાખ | ૭૬ લાખ | હાથી | ગૌર | શ્વેત |
| ૯ | વાયુકુમાર | વેલંબેન્દ્ર | પ્રભંજનેન્દ્ર | ૫૦ લાખ | ૪૬ લાખ | ૯૬ લાખ | મગર | નીલ (કૃ.) | રક્ત |
| ૧૦ | સ્તનિતકુમાર | ઘોષેન્દ્ર | મહાઘોષેન્દ્ર | ૪૦ લાખ | ૩૬ લાખ | ૭૬ લાખ | સરાવલું | ગૌર | શ્વેત |
| | | | | | | **૭૭૨ લાખ** | | | |

★ ભવનપતિ દેવોના પ્રત્યેક ઈન્દ્રને ૩૩ ત્રાયત્રિંશક દેવો, ૪ લોકપાલ દેવો, સપરિવાર ૫ અગ્રમહિષીઓ, ૩ પરિષદ, ૭ સેના, ૭ સેનાધિપતિઓ હોય છે.

★ ઉત્તર–દક્ષિણના અસુરકુમારેન્દ્ર ક્રમશઃ ૬૦ હજાર અને ૬૪ હજાર સામાનિક દેવો અને તેનાથી ચાર ગુણા આત્મરક્ષક દેવો હોય છે. શેષ નવનિકાયના દેવેન્દ્રોને એકસરખા છ-છ હજાર સામાનિક દેવો અને તેનાથી ચાર ગુણા આત્મરક્ષક દેવો હોય છે.

**વિશિષ્ટ શબ્દાર્થ :– खायफलिहा** = ખાઈ અને પરિખા. **परिखा उपरि विशाला अधः संकुचित, खातं तु उभयत्रापि सममिति** । ઉપરથી વિશાળ અને નીચે સાંકડી હોય તેને પરિખા અને સર્વત્ર સમાન હોય તેને ખાઈ કહે છે. **अट्टालक = प्राकारस्योपरि भृत्याश्रयविशेषाः** । પ્રાકાર-કિલ્લાની ઉપર સેવક દેવોના આશ્રયસ્થાનને અટ્ટાલક કહે છે.

**सयग्घि** = શતઘ્ની. એક વારના પ્રયોગથી એક સાથે સો પુરુષોનો સંહાર થાય તેને શતઘ્ની કહે છે. તેને મહાયષ્ટિ અથવા મોટી તોપ કહે છે. **सयागुत्ता** = હંમેશાં ગુપ્ત-સુરક્ષિત, હંમેશાં શસ્ત્રોથી સજ્જ થયેલા સેવક દેવો તેની ચારે બાજુ ઘેરાયેલા હોવાથી શત્રુઓથી ગુપ્ત રહે છે અર્થાત્ શત્રુઓ જ્યાં પ્રવેશ કરી શકતા નથી તેવું તે દેવોનું સ્થાન સદા સુરક્ષિત રહે છે.

**अओज्झा** = અયોધ્ય– શત્રુઓ દ્વારા યુદ્ધ કરવું અશક્ય હોય તેને અયોધ્યભવન કહે છે. **अडयालकोट्ठगरइया= अडयालं** શબ્દના બે અર્થ થાય છે– (૧) અડતાલીસ કોઠાઓથીયુક્ત, સંખ્યાવાચી રૂપે તેનો અર્થ થાય છે (૨) દેશી શબ્દ રૂપે તેનો અર્થ પ્રશંસા થાય છે. **अडयालशब्दो देशीवचनत्वात् प्रशंसा वाची** અર્થાત્ પ્રશસ્ત કોષ્ટકોથી યુક્ત છે.

**दिव्वेण संहणणेण** = દિવ્ય સંઘયણ યુક્ત. દેવોનું વૈક્રિયશરીર અસ્થિ, મજ્જા આદિ સાત ધાતુથી રહિત હોય છે. તેથી તેમાં હાડકાંની મજબૂતાઈ રૂપ સંઘયણ હોતું નથી, પરંતુ દેવોની શક્તિ વિશેષની અપેક્ષાએ તેને સંઘયણ કહ્યું છે. વૃત્તિકારે તેનું સ્પષ્ટીકરણ કર્યું છે. **शक्तिविशेषमपेक्ष्यं संहननेनेव संहननेन न तु साक्षात् संहननेन, देवानां संहननासंभवात्, संहननं हि अस्थि रचनात्मकं, न तु देवानां अस्थीति सन्ति।**

**महड्डिया** = મહર્દ્ધિક– **महतीऋद्धि भवनपरिवारादिकां ते महर्द्धिकाः** । ભવન અને વિશાળ પરિવાર આદિની ઋદ્ધિ મહાન હોય તેને મહર્દ્ધિક કહે છે. **महज्जुइया = महती द्युति–शरीरगता आभरणगता च येषामिति महाद्युतयः** । શરીરગત અને આભરણગત તેજની પ્રબળતાને મહાદ્યુતિ કહે છે.

**महब्बला=महद् बलं–शरीरः प्राणो येषां ते महाबलाः** । શારીરિક બળના સામર્થ્યને મહાબળ કહે છે. **महायसा = महद्यश ख्यातिर्येषां ते महायशः** । લોકમાં થતી ખ્યાતિ–પ્રસિદ્ધિને મહાયશ કહે છે.

**महाणुभागा = महानुभागः सामर्थ्ये शापानुग्रहविषयं येषां ते महानुभागाः** । શાપ અને અનુગ્રહ કરવાના મહાન સામર્થ્ય ધરાવનારને મહાનુભાગ કહે છે. **महासोक्खा = महत् सौख्यं प्रभूतसद्वेद्योदयवशाद् येषां ते महासौख्याः** । શુભકર્મના ઉદયે જેને મહાન સુખનો અનુભવ થતો હોય તેને મહાસુખી કહે છે.

**ભવનવાસીઓનાં મુકુટ અને આભૂષણોમાં અંકિત ચિહ્ન :–** અસુરકુમારાદિના ઓળખાણ માટે ચિહ્ન બતાવ્યાં છે. જે મૂળપાઠમાં સ્પષ્ટ છે. આ ચિહ્નો મુકુટ તથા અન્ય આભૂષણોમાં અંકિત હોય છે.

**વાણવ્યંતર દેવોનાં સ્થાન :–**

**૪૫ कहि णं भंते ! वाणमंतराणं देवाणं पज्जत्ताअपज्जत्ताणं ठाणा पण्णत्ता ? कहि णं भंते ! वाणमंतरा देवा परिवसंति ? गोयमा ! इमीसे रयणप्पभाए पुढवीए रयणामयस्स कंडस्स जोयणसहस्स-बाहल्लस्स उवरिं एगं जोयणसयं ओगाहित्ता हेट्ठा वि एगं जोयणसयं वज्जेत्ता मज्झे अट्ठसु जोयणसएसु, एत्थ णं वाणमंतराणं देवाणं तिरियमसंखेज्जा भोमेज्ज-णगरावाससयसहस्सा भवंतीति मक्खायं ।**

**ते णं भोमेज्जा णगरा बाहिं वट्टा अंतो चउरंसा अहे पुक्खरकण्णिया-संठाणसंठिया उक्किण्णंतरविउलगंभीर-खायपरिहा पागार-अट्टालय-कवाड-तोरण-पडिदुवारदेसभागा जंत-सयग्घि-मुसल-मुसुंढि-परियारिया अओज्झा सयाजया सयागुत्ता अडयालकोट्ठगरइया अडयाल-कयवणमाला खेमा सिवा किंकरामरदंडोवरक्खिया लाउल्लोइयमहिया गोसीस-सरसरत्त-चंदणदद्दरदिण्ण-पंचंगुलितला उवचियचंदणकलसा चंदणघडसुकयतोरणपडिदुवारदेसभागा आसत्तोसत्त-विउलवट्टवग्घारिय-मल्लदामकलावा पंचवण्णसरससुरभिमुक्कपुप्फ-पुंजोवयार कलिया कालागरु-पवरकुंदुरुक्क- तुरुक्कधूवमघमघेंतगंधुद्धुयाभिरामा सुगंध-वरगंधगंधिया गंधवट्टिभूया अच्छरगणसंघसंविकिण्णा दिव्वतुडियसद्दसंपणइया पडागमालाउलाभिरामा सव्वरयणामया अच्छा सण्हा लण्हा घट्ठा मट्ठा णीरया णिम्मला णिप्पंका णिक्कंकडच्छाया सप्पभा समरीइया सउज्जोया पासादीया दरिसणिज्जा अभिरूवा पडिरूवा, एत्थ णं वाणमंतराणं**

**देवाणं पज्जत्ताअपज्जत्ताणं ठाणा पण्णत्ता ।**

**तिसु वि लोगस्स असंखेज्जइभागे । तत्थ णं बहवे वाणमंतरा देवा परिवसंति, तं जहा– पिसाया भूया जक्खा रक्खसा किण्णरा किंपुरिसा भुयगवइणो य महाकाया गंधव्व गणा य णिउणगंधव्वगीतरइणो अणवण्णिय पणवण्णिय इसिवाइय भूयवाइय कंदिय महाकंदिया य कुहंड पयंगदेवा ।**

**चंचलतलचवलचित्तकीलण-दवप्पिया गहिर-हसिय-गीय-णच्चणरई वणमाला-मेल-मउड-कुंडल-सच्छंदविउव्वियाभरणचारुभूसणधरा सव्वोउय-सुरभिकुसुम-सुरइयपलंबसोहंत-कंत-वियसंत-चित्त-वणमाल-रइयवच्छा कामकामा कामरूवदेहधारी णाणाविहवण्ण-रागवर-वत्थ-चित्तचिल्ललग-णियंसणा विविहदेसिणेवत्थ-गहियवेसा पमुइयकंदप्प-कलह-केलि-कोलाहलप्पिया हासबोलबहुला असि-मोग्गर-सत्ति-कुंत-हत्था, अणेगमणि-रयणविविहणिजुत्त-विचित्तचिंधगया सुरूवा महिड्ढिया महज्जुइया महायसा महाबला महाणुभागा महासोक्खा हारविराइयवच्छा कडय-तुडितथंभियभुया अंगय-कुंडल-मट्ठगंडतल-कण्णपीढधारी विचित्त-हत्थाभरणा विचित्तमाला-मउलि मउडा-कल्लाणगपवरवत्थ-परिहिया कल्लाणगपवर-मल्लाणुलेवण-धरा भासुरबोंदी पलंबवणमालधरा दिव्वेणं वण्णेणं दिव्वेणं गंधेण दिव्वेणं फासेणं दिव्वेणं संघयणेणं दिव्वेणं संठाणेणं दिव्वाए इड्ढीए दिव्वाए जुईए दिव्वाए पभाए दिव्वाए छायाए दिव्वाए अच्चीए दिव्वेणं तेएणं दिव्वाए लेस्साए दस दिसाओ उज्जोवेमाणा पभासेमाणा। ते णं तत्थ साणं साणं भोमेज्जग-णगरावाससयसहस्साणं, साणं साणं सामाणियसाहस्सीणं, साणं साणं अग्गमहिसीणं, साणं साणं परिसाणं, साणं साणं अणियाणं, साणं साणं अणियाहिवईणं, साणं साणं आयरक्खदेवसाहस्सीणं, अण्णेसिं च बहूणं वाणमंतराणं देवाण य देवीण य आहेवच्चं पोरेवच्चं सामित्तं भट्टित्तं महत्तरगत्तं आणाईसर-सेणावच्चं कारेमाणा पालेमाणा महयाहयणट्ट-गीय-वाइयतंती-तल-ताल-तुडिय-घणमुइंग-पडुप्पवाइयरवेणं दिव्वाइं भोगभोगाइं भुंजमाणा विहरंति ।**

**भावार्थ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્તા અને અપર્યાપ્તા વાણવ્યંતરદેવોનાં સ્થાન ક્યાં છે ? વાણવ્યંતર દેવો ક્યાં નિવાસ કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! આ રત્નપ્રભા પૃથ્વીના એક હજાર યોજન જાડાઈવાળા રત્નમય કાંડના ઉપરના સો યોજન અને નીચેના સો (૧૦૦) યોજન છોડીને, વચ્ચેના આઠસો (૮૦૦) યોજનમાં વાણવ્યંતર દેવોના ભૌમેય(ભૂમિગૃહ સમાન) તિરછા અસંખ્યાત લાખો નગરાવાસો છે. એમ શ્રી ભગવંતોએ કહ્યું છે.

તે ભૌમેય(ભૂમિની અંદર સ્થિત) નગરો બહારથી ગોળ અને અંદરથી સમચોરસ તથા નીચેથી કમળ કર્ણિકાના આકારે સંસ્થિત છે. તે નગરાવાસોની ચારે તરફ કોતરેલ હોય તેવી સ્પષ્ટ અંતરવાળી, ઊંડી તથા વિસ્તીર્ણ ખાઈઓ અને પરિખાઓ હોય છે, તે નગરાવાસો પ્રાકાર–કિલ્લા, અટ્ટાલકો, કમાડો, તોરણો, પ્રતિદ્વારો તથા ચારે બાજુ વિવિધ યંત્રો, શતઘ્નીઓ, મૂસળો અને મુસુણ્ઢી નામક શસ્ત્રોથી યુક્ત

હોય છે, શત્રુઓ દ્વારા અયોધ્ય, સદા જયશીલ, સદાગુપ્ત-સુરક્ષિત, અડતાલીશ ઓરડાઓથી રચિત, અડતાલીશ વનમાળાઓથી સુસજ્જિત, પરકૃત ઉપદ્રવરહિત, કલ્યાણમય અને કિંકર દેવોના દંડોથી ઉપરક્ષિત છે, અત્યધિક ચમકતા હોવાના કારણે સુશોભિત છે. તેના પર ગોશીર્ષચંદન અને સરસ ભીના રક્તચંદનથી, પાંચે ય આંગળીઓ દેખાય તેવા, હાથના થાપા લાગેલા હોય છે. પ્રતિદ્વાર–બારીના અમુક ભાગોમાં ચંદનના કળશોના તોરણો સુંદર-વ્યવસ્થિત રીતે ગોઠવેલા હોય છે. ઉપરથી નીચે સુધી લટકતી લાંબી, સઘન તથા ગોળાકાર ઝુમખા યુક્ત પુષ્પમાળાઓના સમૂહથી યુક્ત હોય છે. પાંચ વર્ણના સરસ, સુગંધિત પુષ્પપુંજોથી સુશોભિત છે. તે કાલાગુરુ, કુંદરુક્ક, ઉત્તમ લોબાન, ગુગળ આદિના ધૂપની સુગંધથી મઘમઘાયમાન રમણીય તથા સુગંધિત વસ્તુઓની ઉત્તમ ગંધથી સુગંધિત હોવાથી સુગંધગુટિકા સમાન લાગે છે. અપ્સરાગણના સમૂહથી વ્યાપ્ત, દિવ્યવાદ્યોના ધ્વનિથી ગુંજિત, ધ્વજા-પતાકાઓની પંક્તિથી મનોહર, સર્વરત્નમય, સ્ફટિકમય, સ્વચ્છ, સ્નિગ્ધ, કોમળ, ઘસેલા, સાફ કરેલા, રજરહિત, નિર્મળ, નિષ્પંક, આવરણ રહિત કાંતિવાળા, પ્રભાયુક્ત, કિરણોયુક્ત, ઉદ્યોતયુક્ત, પ્રસન્નતાજનક, દર્શનીય, અભિરૂપ અને પ્રતિરૂપ હોય છે. આ નગરાવાસોમાં પર્યાપ્તા અને અપર્યાપ્તા વાણવ્યંતરોનાં સ્થાન છે.

તે ઉપપાતાદિ ત્રણેય અપેક્ષાએ લોકના અસંખ્યાતમા ભાગમાં છે. ત્યાં ઘણા વાણવ્યંતરદેવો નિવાસ કરે છે. તે આ પ્રમાણે છે– (૧) પિશાચ, (૨) ભૂત, (૩) યક્ષ, (૪) રાક્ષસ, (૫) કિન્નર, (૬) કિંપુરુષ, (૭) મહાકાય, ભુજંગપતિ (૮) નિપુણ ગંધર્વ-ગીતોમાં અનુરક્ત ગંધર્વગણો. (૯) અણપર્ણિક (૧૦) પણપર્ણિક (૧૧) ઋષિવાદિત (૧૨) ભૂતવાદિત (૧૩) ક્રન્દિત (૧૪) મહાક્રંદિત (૧૫) કૂષ્માણ્ડ- (કોહંડ) અને (૧૬) પતંગદેવ. તે દેવો ચંચળ અને અત્યંત ચપળ ચિત્તવાળા, ક્રીડા અને હાસ્ય પ્રિય; ગંભીર, હાસ્ય, ગીત અને નૃત્યમાં અનુરક્ત; વનમાળા, કલગી મુકુટ, કુંડળ તથા ઇચ્છાનુસાર વિકુર્વેલા સુંદર આભૂષણો ધારણ કરનારા; સર્વ ઋતુઓના સુગંધિત પુષ્પોથી સુરચિત, લાંબી, શોભનીય, સુંદર, ખીલેલી અનેક પ્રકારની વિચિત્ર વનમાળાને વક્ષઃસ્થળમાં ધારણ કરનારા; ઇચ્છાનુસાર કામભોગોનું સેવન કરનારા; ઇચ્છાનુસાર રૂપ અને દેહને ધારણ કરનારા; અનેક પ્રકારનાં રંગયુક્ત, શ્રેષ્ઠ, અદ્‌ભુત, વિચિત્ર, ચમકતાં વસ્ત્રોને પહેરનારા; વિવિધ દેશોની વેશભૂષાને ધારણ કરનારા; પ્રસન્ન, કંદર્પ-કલહપ્રિય, કેલિ અને કોલાહલપ્રિય, હાસ્ય તથા વિવાદ પ્રિય, હાથમાં ખડ્‌ગ, મુદ્‌ગર, શક્તિ અને ભાલા રાખનારા; અનેક મણિઓ અને રત્નોયુક્ત વિવિધ ચિહ્નવાળા; મહર્દ્ધિક, મહાદ્યુતિમાન, મહાયશસ્વી, મહાબલી(મહાન સામર્થ્યશાળી), મહાસુખી, હારથી સુશોભિત વક્ષઃસ્થળવાળા, કડા, બાજુબંધથી સ્તંભિત ભુજાઓવાળા; કપોલપ્રદેશ (ગાલ)નો સ્પર્શ કરનાર અંગદ, કુંડળને કર્ણપીઠમાં ધારણ કરનાર; હાથમાં વિચિત્ર આભૂષણો અને મસ્તકમાં વિચિત્ર માળાઓ ધારણ કરનાર; કલ્યાણકારી શ્રેષ્ઠ વસ્ત્રો ધારણ કરેલા, કલ્યાણકારી માળા અને વિલેપન ધારણ કરનાર, અત્યંત દેદીપ્યમાન શરીર સંપન્ન, લાંબી લટકતી વનમાળા ધારણ કરનાર, દિવ્ય વર્ણ, દિવ્ય ગંધ, દિવ્ય સ્પર્શ, દિવ્ય સંહનન, દિવ્ય સંસ્થાન, દિવ્ય ઋદ્ધિ, દિવ્ય દ્યુતિ, દિવ્ય પ્રભા, દિવ્ય છાયા (કાંતિ), દિવ્ય અર્ચિ (કિરણો), દિવ્ય તેજ અને દિવ્ય લેશ્યા (શરીરાદિના વર્ણ સૌંદર્ય)થી દશે દિશાઓને ઉદ્યોતિત અને પ્રભાસિત કરતા વાણવ્યંતર દેવો ત્યાં પૂર્વોક્ત સ્થાનોમાં પોત-પોતાના લાખો ભૌમેય નગરાવાસોનું, હજારો સામાનિક દેવોનું, અગ્રમહિષીઓનું, પરિષદોનું, સૈન્યનું, સેનાધિપતિઓનું, હજારો આત્મરક્ષક દેવોનું અને બીજા ઘણા વાણવ્યંતર દેવોનું આધિપત્ય, અગ્રેસરત્વ, સ્વામિત્વ, ભર્તૃત્વ, મહત્તરત્વ (વડિલપણું), આજ્ઞૈશ્વરત્વ અને સેનાપતિત્વ કરતાં-કરાવતાં તથા તેનું પાલન કરતાં-કરાવતાં નિરંતર નૃત્ય, ગીત અને કુશળ વાદકો દ્વારા વીણા, તલ, તાલ (કાંસ્ય) ત્રુટિત, ઘનમૃદંગ આદિ વાદ્યોના મહાધ્વનિની સાથે દિવ્ય ભોગોપભોગોને ભોગવતા રહે છે.

**૪૬** **कहि णं भंते ! पिसायाणं देवाणं पज्जत्ताअपज्जत्ताणं ठाणा पण्णत्ता? कहि णं भंते! पिसाया देवा परिवसंति ?**

**गोयमा ! इमीसे रयणप्पभाए पुढवीए रयणामयस्स कंडस्स जोयणसहस्स- बाहल्लस्स उवरिं एगं जोयणसयं ओगाहित्ता हेट्ठा वेगं जोयणसयं वज्जेत्ता मज्झे अट्ठसु जोयणसएसु, एत्थ णं पिसायाणं देवाणं तिरियमसंखेज्जा भोमेज्ज-णगरावाससयसहस्सा भवंतीति मक्खायं । ते णं भोमेज्जणगरा बाहिं वट्टा जहा ओहिओ भवणवण्णओ तहा भाणियव्वो** *जाव* **पडिरूवा। एत्थ णं पिसायाणं देवाणं पज्जत्ताअपज्जत्ताणं ठाणा पण्णत्ता। तिसु वि लोयस्स असंखेज्जइ-भागे। तत्थ णं बहवे पिसाया देवा परिवसंति महिड्ढिया जहा ओहिया** *जाव* **विहरंति ।**

**काल-महाकाला य इत्थ दुवे पिसायइंदा पिसायरायाणो परिवसंति- महिड्ढिया महज्जुइया** *जाव* **विहरंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્ત અને અપર્યાપ્ત પિશાચ દેવોના સ્થાન ક્યાં છે ? પિશાચદેવો ક્યાં રહે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! આ રત્નપ્રભા પૃથ્વીના એક હજાર યોજન જાડાઈવાળા રત્નકાંડના ઉપરના સો યોજન અને નીચે સો યોજન છોડીને વચ્ચેના આઠસો યોજન પ્રમાણ ક્ષેત્રમાં પિશાચ દેવોના તિરછા અસંખ્યાત ભૂગૃહ સમાન લાખો નગરાવાસો કહ્યા છે.

તે ભૌમેયનગરો બહારથી ગોળ છે ઈત્યાદિ સમસ્ત વર્ણન સમુચ્ચય નગરોની સમાન જાણવા ***યાવત્*** પ્રતિરૂપ છે. આ નગરાવાસોમાં પર્યાપ્ત અને અપર્યાપ્ત પિશાચ દેવોના સ્થાન છે. તે ઉપપાતાદિ ત્રણેય અપેક્ષાએ લોકના અસંખ્યાતમા ભાગમાં છે; ત્યાં ઘણા પિશાચ દેવો નિવાસ કરે છે. તે મહર્દ્ધિક છે ઈત્યાદિ સર્વ વર્ણન સમુચ્ચય વાણવ્યંતરોની સમાન જાણવું ***યાવત્*** વિચરણ કરે છે.

આ નગરાવાસોમાં પિશાચેન્દ્ર પિશાચરાજ કાળ અને મહાકાળ નિવાસ કરે છે, તેઓ મહર્દ્ધિક છે, મહાદ્યુતિમાન છે ઈત્યાદિ સમસ્ત વર્ણન પૂર્વવત્ જાણવું.

**૪૭** **कहि णं भंते ! दाहिणिल्लाणं पिसायाणं देवाणं पज्जत्ताअपज्जत्ताणं ठाणा पण्णत्ता? कहि णं भंते ! दाहिणिल्ला पिसाया देवा परिवसंति ?**

**गोयमा ! जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स दाहिणेणं इमीसे रयणप्पभाए पुढवीए रयणामयस्स कंडस्स जोयणसहस्सबाहल्लस्स उवरिं एगं जोयणसयं ओगाहित्ता हेट्ठा वेगं जोयणसयं वज्जेत्ता मज्झे अट्ठसु जोयणसएसु, एत्थ णं दाहिणिल्लाणं पिसायाणं देवाणं तिरियमसंखेज्जा भोमेज्जनगरावाससयसहस्सा भवंतीति मक्खायं ।**

**ते णं भोमेज्जणगरा बाहिं वट्टा जहा ओहिओ भवणवण्णओ तहा भाणियव्वो** *जाव* **पडिरूवा । एत्थ णं दाहिणिल्लाणं पिसायाणं देवाणं पज्जत्ताअपज्जत्ताणं ठाणा पण्णत्ता । तिसु वि लोगस्स असंखेज्जइभागे । तत्थ णं बहवे दाहिणिल्ला पिसाया देवा परिवसंति महिड्ढिया जहा ओहिया** *जाव* **विहरंति ।**

**काले य इत्थ पिसायइंदे पिसायराया परिवसइ महिड्ढिए** *जाव* **पभासेमाणे । से णं तत्थ तिरियमसंखेज्जाणं भोमेज्जणगरावाससयसहस्साणं चउण्हं सामाणियसाहस्सीणं चउण्हमग्गमहिसीणं सपरिवाराणं तिण्हं परिसाणं सत्तण्हं अणियाणं सत्तण्हं अणियाहिवईणं सोलसण्हं आयरक्खदेवसाहस्सीणं अण्णेसिं च बहूणं दाहिणिल्लाणं वाणमंतराणं देवाण य देवीण य आहेवच्चं** *जाव* **विहरइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્ત અને અપર્યાપ્ત દક્ષિણદિશાના પિશાચ દેવોના સ્થાન ક્યાં છે ? હે ભગવન્ ! દક્ષિણદિશાના પિશાચ દેવો ક્યાં નિવાસ કરે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જંબૂદ્વીપ નામક દ્વીપમાં, સુમેરુપર્વતની દક્ષિણમાં, આ રત્નપ્રભા પૃથ્વીના એક હજાર યોજન જાડાઈવાળા રત્નમય કાંડના ઉપરના સો યોજન અને નીચેના સો યોજન છોડીને મધ્યના આઠસો યોજનમાં દક્ષિણદિશાના પિશાચ દેવોના તિરછા ભૂમિગૃહ સમાન અસંખ્યેય લાખો નગરાવાસો છે, એમ તીર્થંકર ભગવંતે કહ્યું છે.

તે ભૌમેય–ભૂમિગત નગરો બહારથી ગોળ છે ઇત્યાદિ સર્વ વર્ણન પૂર્વવત્ જાણવું ***યાવત્*** પ્રતિરૂપ છે. આ નગરાવાસોમાં પર્યાપ્ત અને અપર્યાપ્ત દક્ષિણ દિશાના પિશાચ દેવોના સ્થાન છે. તે સ્થાનો ઉપપાતાદિ ત્રણે અપેક્ષાથી લોકના અસંખ્યાતમા ભાગમાં છે. આ સ્થાનોમાં જ ઘણા દક્ષિણ દિશાના પિશાચ દેવો નિવાસ કરે છે, તેઓ મહર્દ્ધિક છે ***યાવત્*** વિચરણ કરે છે. ઇત્યાદિ સમગ્ર વર્ણન સમુચ્ચય વાણવ્યંતર દેવોની સમાન જાણવું. આ સ્થાનોમાં પિશાચેન્દ્ર પિશાચરાજ કાલ(કાળ) નિવાસ કરે છે, તે મહર્દ્ધિક છે ***યાવત્*** દશે દિશાઓને પ્રકાશિત અને સુશોભિત કરતાં વિચરે છે. ઇત્યાદિ વર્ણન પૂર્વવત્ જાણવું.

તે દક્ષિણદિશાના પિશાચેન્દ્ર કાલ તિરછા ભૂમિગૃહ જેવા અસંખ્યાત લાખો નગરાવાસોનું, ચાર હજાર સામાનિક દેવોનું, સપરિવાર ચાર અગ્રમહિષીઓનું, ત્રણ પરિષદોનું, સાત સેનાઓનું, સાત સેનાધિપતિ દેવોનું, સોળ હજાર આત્મરક્ષક દેવોનું તથા બીજા ઘણા દક્ષિણ દિશાના વાણવ્યંતર દેવો અને દેવીઓનું આધિપત્ય કરતાં રહે છે વગેરે સમગ્ર કથન પૂર્વવત્ જાણવું.

**૪૮ उत्तरिल्लाणं पुच्छा । गोयमा ! जहेव दाहिणिल्लाणं वत्तव्वया तहेव उत्तरिल्लाणं पि । णवरं मंदरस्स पव्वयस्स उत्तरेणं । महाकाले य इत्थ पिसायइंदे पिसायराया परिवसइ** *जाव* **विहरइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઉત્તર દિશાના પર્યાપ્ત અને અપર્યાપ્ત પિશાચ દેવોનાં સ્થાન ક્યાં છે ? હે ભગવન્ ! ઉત્તર દિશાના પિશાચ દેવો ક્યાં નિવાસ કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જેમ દક્ષિણ દિશાના પિશાચ દેવોનું વર્ણન કર્યું છે, તેમ ઉત્તર દિશાના પિશાચ દેવોનું વર્ણન સમજવું જોઈએ. વિશેષતા એ છે કે તેઓના નગરાવાસો મેરુપર્વતની ઉત્તરમાં છે. ઉપરોક્ત સ્થાનોમાં ઉત્તર દિશાના પિશાચેન્દ્ર પિશાચરાજ મહાકાલ નિવાસ કરે છે, તેનું સમસ્ત વર્ણન પૂર્વવત્ જાણવું.

**૪૯ एवं जहा पिसायाणं तहा भूयाणं पि** *जाव* **गंधव्वाणं, णवरं इंदेसु णाणत्तं भाणियव्वं इमेण विहिणा–भूयाणं सुरूव-पडिरूवा, जक्खाणं पुण्णभद्द-माणिभद्दा, रक्खसाणं भीम-महाभीमा, किण्णराणं किण्णर-किंपुरिसा, किंपुरिसाणं सप्पुरिस-महापुरिसा, महोरगाणं**

**अइकायमहाकाया, गंधव्वाणं गीयरइ-गीयजसे** *जाव* **विहरइ ।**

**काले य महाकाले, सुरूव पडिरूव पुण्णभद्दे य ।**
**अमरवइ माणिभद्दे, भीमे य तहा महाभीमे ॥ १७ ॥**
**किण्णर किंपुरिसे खलु, सप्पुरिसे खलु तहा महापुरिसे ।**
**अइकाय महाकाए, गीयरइ चेव गीयजसे ॥ १८ ॥**

**ભાવાર્થ :–** જે રીતે દક્ષિણ અને ઉત્તર દિશાના પિશાચો અને તેઓના ઈન્દ્રોનાં સ્થાનોનું વર્ણન કર્યું, તે જ રીતે ભૂતદેવોથી ગંધર્વો સુધીના વ્યંતર દેવોનું વર્ણન સમજવું જોઈએ. તેઓના ઈન્દ્રોના નામમાં આ પ્રમાણે વિશેષતા છે. ભૂતોના બે ઈન્દ્ર– સુરૂપ અને પ્રતિરૂપ, યક્ષોના બે ઈન્દ્ર– પૂર્ણભદ્ર અને માણિભદ્ર, રાક્ષસોના બે ઈન્દ્ર– ભીમ અને મહાભીમ, કિન્નરોના બે ઈન્દ્ર– કિન્નર અને કિંપુરુષ, કિંપુરુષોના બે ઈન્દ્ર– સત્પુરુષ અને મહાપુરુષ, મહોરગના બે ઈન્દ્ર– અતિકાય અને મહાકાય તથા ગંધર્વોના બે ઈન્દ્ર– ગીતરતિ અને ગીતયશ ***યાવત્*** આધિપત્ય કરતાં રહે છે.

**ગાથાર્થ–** આઠ પ્રકારના વાણવ્યંતર દેવોના પ્રત્યેકના બે-બે ઈન્દ્ર ક્રમશઃ આ પ્રમાણે છે– (૧) કાલ અને મહાકાલ (૨) સુરૂપ અને પ્રતિરૂપ (૩) પૂર્ણભદ્ર અને માણિભદ્ર (૪) ભીમ અને મહાભીમ (૫) કિન્નર અને કિંપુરુષ (૬) સત્પુરુષ અને મહાપુરુષ (૭) અતિકાય અને મહાકાય (૮) ગીતરતિ અને ગીતયશ. **॥ ૧૭–૧૮ ॥**

**૫૦ कहि णं भंते ! अणवण्णियाणं देवाणं पज्जत्ताऽपज्जत्ताणं ठाणा पण्णत्ता ? कहि णं भंते! अणवण्णिया देवा परिवसंति ?**

**गोयमा ! इमीसे रयणप्पभाए पुढवीए रयणामयस्स कंडस्स जोयणसहस्स-बाहल्लस्स उवरिंहेट्ठा य एगं जोयणसयं वज्जेत्ता मज्झे अट्ठसु जोयणसएसु, एत्थ णं अणवण्णियाणं देवाणं तिरियमसंखेज्जा णगरावाससयसहस्सा भवंतीति मक्खायं । ते णं** *जाव* **पडिरूवा। एत्थ णं अणवण्णियाणं देवाणं ठाणा । उववाएणं लोगस्स असंखेज्जइभागे, समुग्घाएणं लोगस्स असंखेज्जइभागे, सट्ठाणेणं लोगस्स असंखेज्जइभागे । तत्थ णं बहवे अणवण्णिया देवा परिवसंति महड्ढिया जहा पिसाया** *जाव* **विहरंति ।**

**सण्णिहिय-सामाणा य इत्थ दुवे अणवण्णिंदा अणवण्णियकुमाररायाणो परिवसंति महिड्ढिया जहा काल-महाकाला ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્ત અને અપર્યાપ્ત અણપર્ણિક દેવોનાં સ્થાન ક્યાં છે ? હે ભગવન્! અણપર્ણિક દેવો ક્યાં નિવાસ કરે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! આ રત્નપ્રભા પૃથ્વીના એક હજાર યોજન જાડાઈવાળા રત્નમય કાંડના ઉપર અને નીચે સો-સો યોજન છોડીને મધ્યના આઠસો યોજનના ક્ષેત્રમાં, અણપર્ણિક દેવોના તિરછા અસંખ્યાત લાખ નગરાવાસો છે, તેમ તીર્થંકર ભગવંતે કહ્યું છે. તે નગરાવાસોનું વર્ણન પૂર્વવત્ જાણવું. આ સ્થાનોમાં અણપર્ણિક દેવોનાં સ્થાન છે. તે સ્થાનો ઉપપાતની અપેક્ષાએ લોકના અસંખ્યાતમા ભાગમાં, સમુદ્ઘાતની

અપેક્ષાએ લોકના અસંખ્યાતમા ભાગમાં અને સ્વસ્થાનની અપેક્ષાએ પણ લોકના અસંખ્યાતમા ભાગમાં છે. ત્યાં ઘણા અણપર્ણિક દેવો નિવાસ કરે છે, તે દેવો મહર્દ્ધિક છે ***યાવત્*** વિચરણ કરે છે. ઇત્યાદિ સમગ્ર વર્ણન પિશાચોની સમાન જાણવું.

આ સ્થાનોમાં અણપર્ણિકેન્દ્ર-અણપર્ણિક કુમારરાજ–સન્નિહિત અને સામાનિક નિવાસ કરે છે, તે મહર્દ્ધિક છે ઇત્યાદિ સમગ્ર વર્ણન કાળ અને મહાકાળની સમાન જાણવું.

**૫૧ एवं जहा काल-महाकालाणं दोण्हं पि दाहिणिल्लाणं उत्तरिल्लाणं य भणिया तहा सण्णिहिय-सामाणाई णं पि भाणियव्वा ।**

**अणवण्णिय पणवण्णिय, इसिवाइय भूयवाइया चेव ।**
**कंदिय महाकंदिय, कुहंडे पयंगदेवा इमे इंदा ॥ १९ ॥**

**सण्णिहिया सामाणा, धाय विधाए इसी य इसिपाले ।**
**ईसर महेसरे य, हवइ सुवच्छे विसाले य ॥ २० ॥**

**हासे हासरई वि य, सेए य तहा भवे महासेए ।**
**पयए पययपई वि य, णेयव्वा आणुपुव्वीए ॥ २१ ॥**

**ભાવાર્થ :–** જે રીતે દક્ષિણ અને ઉત્તર દિશાના(પિશાચેન્દ્ર)કાળ અને મહાકાળનું કથન કર્યું છે, તે જ રીતે સન્નિહિત અને સામાનિક આદિ દક્ષિણ અને ઉત્તર દિશાના અણપર્ણિક જાતિના વ્યંતર દેવોના ઇન્દ્રોના વિષયમાં કથન કરવું જોઈએ.

**ગાથાર્થ–** વાણવ્યંતર દેવોના અન્ય આઠ ભેદ– (૧) અણપર્ણિક (૨) પણપર્ણિક (૩) ઋષિવાદિત (૪) ભૂતવાદિત (૫) ક્રન્દિત (૬) મહાક્રન્દિત (૭) કુષ્માંડ અને (૮) પતંગ (પયંગ) દેવ. તે પ્રત્યેકના બે–બે ઇન્દ્ર ક્રમશઃ આ પ્રમાણે છે– (૧) સન્નિહિત અને સામાનિક (૨) ધાતા અને વિધાતા (૩) ઋષિ અને ઋષિપાલ (૪) ઈશ્વર અને મહેશ્વર (૫) સુવત્સ અને વિશાલ (૬)હ્રાસ અને હ્રાસરતિ (૭) શ્વેત અને મહાશ્વેત (૮) પતંગ અને પતંગપતિ. **॥ ૧૯–૨૧ ॥**

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં વાણવ્યંતર દેવોના ભેદ, તેના સ્થાન, સંખ્યા, સ્વરૂપ, તેના ઇન્દ્રો અને તેની ઋદ્ધિ આદિનું વિસ્તૃત વર્ણન છે.

**વાણવ્યંતર દેવોના ભેદ :–** તેના મુખ્ય આઠ ભેદ અને અન્ય આઠ ભેદ કુલ સોળ ભેદ છે. પ્રત્યેક જાતિના દેવોમાં દક્ષિણ અને ઉત્તર દિશાના તેમ બે-બે ઇન્દ્રો છે. આ રીતે વાણવ્યંતર દેવોના કુલ–૩૨ ઇન્દ્રો છે.

**વાણવ્યંતરદેવોના સ્થાન :–** રત્નપ્રભાપૃથ્વીના ત્રણ કાંડ છે– (૧) રત્નકાંડ (૨) પંક કાંડ અને (૩) જલકાંડ. તેમાં ઉપરનો ૧૬,૦૦૦ યોજનનો વિસ્તૃત રત્નકાંડ છે. તેમાં એક-એક હજાર યોજનના સોળ વિભાગો ક્રમશઃ સોળ જાતિના રત્નમય છે. તેમાં ઉપરના એક હજાર યોજનના રત્નકાંડમાં ઉપર અને નીચે સો-સો યોજન છોડીને મધ્યના ૮૦૦ યોજનની જાડાઈવાળા ક્ષેત્રમાં પિશાચ આદિ વ્યંતર દેવોના નગરો છે.

આ રીતે તિરછાલોકના અસંખ્યદ્વીપોની નીચેના ક્ષેત્રમાં સમસ્ત વ્યંતર દેવોના અસંખ્યાત લાખ

નગરો ફેલાયેલા છે. સમુદ્રો ૧૦૦૦ યોજન ઊંડા હોવાથી તેની નીચે વ્યંતર દેવોના નગરો નથી.

**વ્યાખ્યા ગ્રંથો અનુસાર** ઉપરના ૧૦૦ યોજનક્ષેત્રમાં ૧૦–૧૦ યોજન ઉપર નીચે છોડીને વચ્ચેના એંસી યોજન ક્ષેત્રમાં આણપન્ની આદિ આઠ વ્યંતર દેવોના સ્થાન છે. મૂળપાઠમાં આ પ્રકારનું વર્ણન ક્યાંય જોવા મળતું નથી.

**વ્યંતર દેવોના નગરો અસંખ્ય દ્વીપોની નીચે જ હોય છે, સમુદ્રોની નીચે હોતા નથી** કારણ કે પ્રત્યેક સમુદ્રો એક હજાર યોજન ઊંડા છે તેથી સમુદ્રોની નીચે વ્યંતર દેવોના નગરોની સંભાવના નથી.

તે ઉપરાંત અધોલૌકિક સલિલાવતી અને વપ્રા વિજયની અપેક્ષાએ અધોલોકમાં તથા મેરુપર્વતના પંડગવનાદિ અપેક્ષાએ ઊર્ધ્વલોકમાં પણ વ્યંતર દેવોના આવાસ હોય છે. આ રીતે વ્યંતર દેવોના આવાસ ત્રણે લોકમાં પ્રાપ્ત થાય છે. તેમ છતાં તેના મુખ્ય આવાસો તિરછા લોકમાં જ હોવાથી સૂત્રકારે વ્યંતરદેવોના આવાસસ્થાનોનું કથન તિરછાલોકમાં જ કર્યું છે.

૧૦ પ્રકારના જાંભક દેવોના સ્થાન ભગવતીસૂત્ર પ્રમાણે તિરછાલોકના વૈતાઢ્ય પર્વત આદિ છે. વ્યંતરોના આવાસસ્થાનને નગરાવાસ કહે છે. આ રીતે વ્યંતર દેવોના સ્થાનો તિરછાલોકમાં છે.

વ્યંતર દેવોના ઉત્તર દિશાના ઈન્દ્રો અને તેનો પરિવાર મેરુ પર્વતથી ઉત્તર દિશાના નગરોમાં અને દક્ષિણ દિશાના ઈન્દ્રો અને તેનો પરિવાર મેરુ પર્વતથી દક્ષિણ દિશાના નગરોમાં રહે છે.

તેમાં સહુથી નાના નગર ભરતક્ષેત્ર પ્રમાણ, મધ્યમ નગર મહાવિદેહક્ષેત્ર પ્રમાણ અને સહુથી મોટા નગર જંબૂદ્વીપ પ્રમાણ છે. તે નગરોનું સ્વરૂપ ભવનપતિદેવોના ભવનની જેમ દિવ્ય અને ભવ્ય છે. તે ભાવાર્થથી સ્પષ્ટ છે.

**વ્યંતરદેવોનું સ્વરૂપ :–** તે દેવો સ્વભાવથી જ અસ્થિર ચિત્તવાળા, ક્રીડા પ્રિય અને કુતૂહલપ્રિય છે. ક્રીડા અને કૂતુહલપ્રિય હોવાથી જ હાસ્ય, ગીત, નૃત્ય આદિ ચેષ્ટાઓમાં અનુરક્ત રહે છે. વિવિધ ભભકાદાર આકર્ષક વસ્ત્રો અને આભૂષણો પહેરીને અન્યના આકર્ષણનું કેન્દ્ર બને છે. તે દેવો વૈક્રિયલબ્ધિ દ્વારા વિવિધરૂપો બનાવીને ઈચ્છાનુસાર વિચરે છે, ઈચ્છાનુસાર કામતૃપ્તિ કરે છે.

વ્યંતર દેવો મધ્યલોકમાં રહેતાં હોવાથી મનુષ્યો સાથેના પૂર્વના સંબંધ અનુસાર મનુષ્યોને સહાયક પણ બની શકે છે અને પરિતાપ પણ પહોંચાડી શકે છે.

**વ્યંતર દેવોના નગરાવાસ, ઈન્દ્ર અને ઋદ્ધિ આદિ :–**

| નામ | દક્ષિણના ઈન્દ્ર | ઉત્તરના ઈન્દ્ર | વર્ણ | ચિહ્ન |
|---|---|---|---|---|
| ૧ પિશાચ | કાલ | મહાકાલ | શ્યામ | કદંબવૃક્ષ |
| ૨ ભૂત | સુરૂપ | પ્રતિરૂપ | શ્યામ | સુલસવૃક્ષ |
| ૩ યક્ષ | પૂર્ણભદ્ર | માણિભદ્ર | શ્યામ | વટવૃક્ષ |
| ૪ રાક્ષસ | ભીમ | મહાભીમ | શ્વેત | ખટ્વાંગવૃક્ષ |
| ૫ કિન્નર | કિન્નર | કિંપુરુષ | નીલ | અશોકવૃક્ષ |
| ૬ કિંપુરુષ | સતપુરુષ | મહાપુરુષ | શ્વેત | ચંપકવૃક્ષ |
| ૭ મહોરગ | અતિકાય | મહાકાય | શ્યામ | નાગવૃક્ષ |

| નામ | દક્ષિણના ઈન્દ્ર | ઉત્તરના ઈન્દ્ર | વર્ણ | ચિહ્ન |
|---|---|---|---|---|
| ૮ ગંધર્વ | ગીતરતિ | ગીતયશ | શ્યામ | તુંબરૂવૃક્ષ |
| ૯ અણપર્ણિક | સન્નિહિત | સામાનિક | | |
| ૧૦ પણપર્ણિક | ધાતા | વિધાતા | | |
| ૧૧ ઋષિવાદિત | ઋષિ | ઋષિપાલ | | |
| ૧૨ ભૂતવાદિત | ઈશ્વર | મહેશ્વર | | |
| ૧૩ ક્રંદિત | સુવત્સ | વિશાળ | | |
| ૧૪ મહાક્રંદિત | હ્રાસ | હ્રાસરતિ | | |
| ૧૫ કુષ્માંડ | શ્વેત | મહાશ્વેત | | |
| ૧૬ પતંગદેવ | પતંગ | પતંગપતિ | | |

**નોંધ : (૧)** *વ્યંતર દેવોના પ્રત્યેક ઈન્દ્રને સામાનિક દેવો–૪,૦૦૦, આત્મરક્ષક દેવો–૧૬,૦૦૦, અગ્રમહિષીઓ–૪, પરિષદ–૩, સેના–૭, સેનાધિપતિ–૭ છે.* ***(૨) વ્યંતર દેવોમાં ત્રાયસ્ત્રિંશક અને લોકપાલ દેવો હોતા નથી.*** *(૩) વ્યંતર દેવોના અસંખ્યાત લાખ નગરાવાસો અસંખ્ય દ્વીપોથી નીચે આવેલા છે.*

**જ્યોતિષી દેવોનાં સ્થાન :–**

**૫૨** कहि णं भंते ! जोइसियाणं देवाणं पज्जत्ताअपज्जत्ताणं ठाणा पण्णत्ता ? कहि णं भंते ! जोइसिया देवा परिवसंति ?

गोयमा ! इमीसे रयणप्पभाए पुढवीए बहुसमरमणिज्जाओ भूमिभागाओ सत्ताणउए जोयणसए उड्ढं उप्पइत्ता दसुत्तरे जोयणसयबाहल्ले तिरियमसंखेज्जे जोइसविसये, एत्थ णं जोइसियाणं देवाणं तिरियमसंखेज्जा जोइसियविमाणावाससयसहस्सा भवंतीति मक्खायं।

ते णं विमाणा अद्धकविट्ठगसंठाणसंठिया सव्वफलियामया अब्भुग्गयमूसिय-पहसिया इव विविहमणि-कणग-रयणभत्तिचित्ता वाउद्धुयविजय-वेजयंतीपडाग-छत्ताइछत्तकलिया तुंगा गगणतलमणुलिहमाणसिहरा जालंतररयण-पंजरुम्मिलियव्व मणि-कणगथूभियागा वियसिय-सयपत्तपुंडरीया तिलय-रयणद्धचंदचित्ता णाणामणिमयदामालंकिया अंतो बाहिं च सण्हा तवणिज्जरुइलवालुया-पत्थडा सुहफासा सस्सिरीया सुरूवा पासाईया दरिसणिज्जा अभिरूवा पडिरूवा । एत्थ णं जोइसियाणं देवाणं पज्जत्ताअपज्जत्ताणं ठाणा पण्णत्ता । तिसु वि लोगस्स असंखिज्जइभागे ।

तत्थ णं बहवे जोइसिया देवा परिवसंति, तं जहा– बहस्सई चंदा सूरा सुक्का सणिच्छरा राहू धुमकेऊ बुहा अंगारगा तत्ततवणिज्जकणगवण्णा, जे य गहा जोइसम्मि चारं चरंति केतू य गइरइया अट्ठावीसइविहा य णक्खत्तदेवयगणा, णाणासंठाणसंठियाओ

**य पंचवण्णाओ तारयाओ, ठियलेस्साचारिणो अविस्सामममंडलगई पत्तेयणामंकपागडियचिंधमउडा महिड्डिया** *जाव* **पभासेमाणा ।**

**ते णं तत्थ साणं साणं विमाणावाससयसहस्साणं, साणं साणं सामाणियसाहस्सीणं साणं साणं अग्गमहिसीणं सपरिवाराणं, साणं साणं परिसाणं, साणं साणं अणियाणं, साणं साणं अणियाहिवईणं, साणं साणं आयरक्खदेवसाहस्सीणं, अण्णेसिं च बहूणं जोइसियाणं देवाण य देवीण य आहेवच्चं पोरेवच्चं** *जाव* **विहरंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્ત અને અપર્યાપ્ત જ્યોતિષી દેવોનાં સ્થાન ક્યાં છે ? હે ભગવન્! જ્યોતિષી દેવો ક્યાં નિવાસ કરે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! આ રત્નપ્રભા પૃથ્વીના અત્યંત સમ અને રમણીય ભૂમિભાગથી સાતસો નેવું યોજનની ઊંચાઈથી શરૂ કરીને નવસો યોજનની ઊંચાઈ સુધી, એકસો દશ યોજનના ક્ષેત્રમાં અને તિરછા અસંખ્યાત યોજનમાં જ્યોતિષીદેવોના અસંખ્યાત લાખ વિમાનાવાસ છે, તેમ શ્રી ભગવંતોએ કહ્યું છે.

તે વિમાનાવાસ અર્ધકપિત્થ–અર્ધા કોઠાના આકારના, સર્વસ્ફટિકમય, ચારે તરફ નીકળતી, ચારે તરફ પ્રસરતી શ્વેત પ્રભાથી, વિવિધ પ્રકારના મણિ, કનક અને રત્ન જડિત હોવાથી અદ્‌ભુત દેખાય છે; હવાથી ઊડતી વિજય સૂચક વૈજયન્તી નામે પતાકા અને છત્ર પર છત્ર(અતિછત્ર)થી યુક્ત, અત્યંત ઊંચા ગગનચુંબી શિખરોવાળા છે. તેની જાળીઓની વચ્ચે જડેલા રત્નો જાણે પાંજરામાંથી બહાર કાઢેલા હોય તેવા, મણિ અને સુવર્ણની સ્તૂપિકા-શિખરોથી યુક્ત, વિકસિત-ખીલેલાં શતપત્રો, પુંડરીકો, તિલકો અને રત્નમય અર્ધચન્દ્રોથી ચિત્રિત, અનેક પ્રકારની મણિમય માળાઓથી સુશોભિત, અંદર અને બહારથી કોમળ, તેના ભૂમિભાગ તપ્ત સુવર્ણની મનોહર વાલુકામય, સુખદ સ્પર્શયુક્ત, શોભાસંપન્ન, સુરૂપ, પ્રસન્નતા જનક, દર્શનીય, અભિરૂપ-અતિરમણીય અને પ્રતિરૂપ-મનોહર છે.

આ વિમાનાવાસોમાં પર્યાપ્ત અને અપર્યાપ્ત જ્યોતિષીદેવોનાં સ્થાનો છે. તે સ્થાન ત્રણેય અપેક્ષાએ લોકના અસંખ્યાતમા ભાગમાં છે.

ત્યાં ઘણા જ્યોતિષીદેવો નિવાસ કરે છે. તે આ પ્રમાણે છે– બૃહસ્પતિ, ચંદ્ર, સૂર્ય, શુક્ર, શનૈશ્ચર, રાહુ, ધૂમકેતુ, બુધ અને અંગારક (મંગળ). તે તપાવેલા સુવર્ણ સમાન વર્ણયુક્ત છે અને જે ગ્રહો જ્યોતિષ્ક ક્ષેત્રમાં ગતિ કરે છે તથા ગતિમાં પ્રીતિવાળા છે, તે કેતુ આદિ તથા અઠયાવીસ પ્રકારના નક્ષત્ર દેવગણો અનેક પ્રકારની આકૃતિવાળા છે. તારાઓ પાંચ વર્ણના છે અને તેઓ બધા અવસ્થિત લેશ્યાવાળા છે, તે ગતિશીલ, અવિશ્રાન્ત–નિરંતર મંડલાકારે ગતિ કરનારા છે. તે દેવોના મુકુટમાં પોતપોતાના નામ પ્રમાણે ચિહ્ન પ્રગટરૂપે હોય છે. તેઓ મહર્દ્ધિક હોય છે ઇત્યાદિ સર્વ વર્ણન પૂર્વવત્ જાણવું ***યાવત્*** તે દેવો દશે દિશાઓને પ્રકાશિત, પ્રભાસિત કરતાં વિચરે છે.

તે જ્યોતિષી દેવો જ્યોતિષી વિમાનાવાસોમાં પોતપોતાના લાખો વિમાનાવાસોનું, પોતપોતાના હજારો સામાનિક દેવોનું, સપરિવાર અગ્રમહિષીઓનું, પરિષદોનું, સેનાઓનું, સેનાધિપતિ દેવોનું, આત્મરક્ષક દેવોનું તથા અન્ય ઘણા જ્યોતિષી દેવો અને દેવીઓનું આધિપત્ય, અગ્રેસરત્વ કરતાં વિચરણ કરે છે.

**૫૩ चंदिम-सूरिया य इत्थ दुवे जोइसिंदा जोइसियरायाणो परिवसंति महिड्डिया** *जाव*

**पभासेमाणा। ते णं तत्थ साणं साणं जोइसियविमाणावाससयसहस्साणं, चउण्हं सामाणियसाहस्सीणं चउण्हं अग्गमहिसीणं, सपरिवाराणं तिण्हं परिसाणं, सत्तण्हं अणियाणं, सत्तण्हं अणियाहिवईणं, सोलसण्हं आयरक्खदेवसाहस्सीणं, अण्णेसिं च बहूणं जोइसियाणं देवाण य देवीण य आहेवच्चं पोरेवच्चं** *जाव* **विहरंति ।**

**ભાવાર્થ :–** જ્યોતિષી વિમાનાવાસોમાં બે જ્યોતિષેન્દ્ર જ્યોતિષરાજ–ચંદ્ર અને સૂર્ય નિવાસ કરે છે, તે મહર્દ્ધિક છે ***યાવત્*** દશે દિશાને પ્રકાશિત અને પ્રભાસિત કરતાં વિચરે છે. તે દેવો પોતપોતાના લાખો જ્યોતિષી વિમાનાવાસોનું, ચાર હજાર સામાનિક દેવોનું, સપરિવાર ચાર અગ્રમહિષીઓનું, ત્રણ પરિષદોનું, સાત સેનાઓનું, સાત સેનાધિપતિ દેવોનું, સોળ હજાર આત્મરક્ષક દેવોનું તથા અન્ય ઘણા જ્યોતિષી દેવો અને દેવીઓનું આધિપત્ય, અગ્રેસરપણું કરતાં ***યાવત્*** વિચરણ કરે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં જ્યોતિષી દેવોના સ્થાન, તેના વિમાનાવાસનું સ્વરૂપ, ઈન્દ્રો અને તેની ઋદ્ધિ આદિનું નિરૂપણ છે.

**જ્યોતિષી દેવોના સ્થાન–** સમપૃથ્વીથી ૭૯૦ યોજનની ઊંચાઈથી ૯૦૦ યોજન પર્યંતના ૧૧૦ યોજનની ઊંચાઈમાં અને તિરછા અસંખ્યાત યોજનના વિસ્તારમાં જ્યોતિષી દેવોના અસંખ્યાતા વિમાનો છે.

પ્રસ્તુત પ્રસંગમાં સૂત્રકારે જ્યોતિષી દેવોના પાંચ ભેદ– ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર અને તારાના સ્થાનનું પૃથક્-પૃથક્ કથન કર્યું નથી. શ્રીજંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ સૂત્ર વક્ષસ્કાર ૭માં તેનું સવિસ્તર વર્ણન છે.

**૧૧૦ યોજનમાં જ્યોતિષ્ક ચક્ર :–**



**જ્યોતિષી વિમાનોની શ્રેણી–** અઢીદ્વીપમાં ૧૩૨ ચંદ્ર અને ૧૩૨ સૂર્ય પોત-પોતાના પરિવાર સહિત પરિભ્રમણ કરી રહ્યા છે. અઢીદ્વીપની બહારના જ્યોતિષી દેવોના અસંખ્યાત વિમાનો છે, તે એક જ સ્થાને સ્થિત છે.

**જ્યોતિષી દેવોની સૂચિશ્રેણી–વલયશ્રેણી :–**




**અઢીદ્વીપની બહાર ચંદ્ર-સૂર્યની વલય શ્રેણિ**

**અઢીદ્વીપની અંદર ચંદ્ર-સૂર્યની સૂચિ શ્રેણિ**

**જ્યોતિષ્ક દેવ વિમાન સંસ્થાન**




જંબૂદ્વીપમાં બે ચંદ્ર અને બે સૂર્ય સામ સામી દિશામાં હોય છે. તે જ શ્રેણીમાં લવણ સમુદ્રના ચાર ચંદ્ર અને ચાર સૂર્ય છે. ધાતકીખંડમાં બાર ચંદ્ર–બાર સૂર્ય, કાલોદધિ સમુદ્રમાં બેતાલીશ ચંદ્ર બેતાલીશ સૂર્ય, પુષ્કરાર્દ્ધ દ્વીપમાં બોત્તેર ચંદ્ર–બોત્તેર સૂર્ય છે. આ રીતે અઢી દ્વીપ ક્ષેત્રમાં ૨+૪+૧૨+૪૨+૭૨ = ૧૩૨ ચંદ્ર અને ૧૩૨ સૂર્ય છે. આ રીતે અઢીદ્વીપના ચંદ્ર-સૂર્ય શ્રેણીબદ્ધ પોતાના ગ્રહ, નક્ષત્ર અને તારારૂપ પરિવાર સાથે પરિભ્રમણ કરે છે અને અઢીદ્વીપની બહારના ચંદ્ર-સૂર્ય વલયાકારે એક ચંદ્ર અને એક સૂર્ય તે રીતે સ્થિત છે.

તે સર્વ વિમાનો અર્ધ કોઠા કે બિજોરાના આકારે છે. તેની અર્ધ કોઠાના આકારની પીઠ ઉપર જ્યોતિષી દેવોના

પ્રાસાદો ચઢતા-ઉતરતા ક્રમથી એવી રીતે ગોઠવાયેલા છે કે તેના શિખરના ભાગો ભેગા થવાથી લગભગ ગોળાકાર બની જાય છે. તેથી જ ઉદય-અસ્ત સમયે તે વિમાનો ગોળાકારરૂપે પ્રતીત થાય છે અને મધ્યાહ્ન સમયે તે વિમાનો મસ્તક ઉપર હોવાથી તેનું ગોળાકાર તળિયું દેખાય છે.

વિમાનનું સ્વરૂપ ભાવાર્થથી સ્પષ્ટ છે. અઢીદ્વીપની અંદરના ૧૩૨ ચંદ્ર-સૂર્યના વિમાનો પોતાના પરિવાર સહિત અવિરતપણે મેરુ પર્વતને પ્રદક્ષિણા કરે છે. અઢીદ્વીપની બહારના જ્યોતિષીદેવોના વિમાનો સ્થિર છે.

**જ્યોતિષેન્દ્રો–** પાંચ પ્રકારના જ્યોતિષી દેવોમાં ચંદ્ર અને સૂર્ય બે ઈન્દ્ર છે. અસંખ્યાત દ્વીપ સમુદ્રોના મળીને અસંખ્યાત ચંદ્રો અને અસંખ્યાત સૂર્યો છે. આમ જ્યોતિષી દેવોમાં અસંખ્યાત ઈન્દ્રો થાય છે પરંતુ ચંદ્ર અને સૂર્યરૂપ જાતિની ગણના કરીને જ્યોતિષી દેવોમાં બે ઈન્દ્રની ગણના પ્રચલિત છે. એક-એક ચંદ્ર અને સૂર્યરૂપ ઈન્દ્રને ૨૮ નક્ષત્ર, ૮૮ ગ્રહ અને ૬૬,૯૭૫ ક્રોડાક્રોડી તારાઓનો પરિવાર હોય છે.

**ચિહ્ન–** પ્રત્યેક જ્યોતિષીદેવોને પોત-પોતાના આકારનું ચિહ્ન તેમના મુકુટમાં હોય છે. ચંદ્ર દેવના મુગટમાં ચંદ્રના આકારનું ચિહ્ન હોય છે, તે જ રીતે પાંચે પ્રકારના દેવોમાં પોત-પોતાના આકારના ચિહ્ન હોય છે.

**ઠિયલેસ્સા :–** સ્થિત લેશ્યા. જ્યોતિષી દેવોના વિમાનો ભ્રમણ શીલ છે પરંતુ તે પ્રત્યેક વિમાનનું ચારે તરફનું પ્રકાશક્ષેત્ર અવસ્થિત છે, તે પરિવર્તન પામતું નથી.

**જ્યોતિષી દેવોના વિમાનાવાસ, ઈન્દ્ર, ઋદ્ધિ આદિ :–**

| જ્યોતિષી નામ | ઈન્દ્ર | વિમાન સંખ્યા | વિમાન સંસ્થાન | ચિહ્ન | વિમાન સ્થાન |
|---|---|---|---|---|---|
| ચંદ્ર<br>સૂર્ય<br>ગ્રહ<br>નક્ષત્ર<br>તારા | અસંખ્યાત ચંદ્રેન્દ્ર<br>અસંખ્યાત સૂર્યેન્દ્ર | અ<br>સં<br>ખ્યા<br>ત | અ<br>ર્ધ<br>ક<br>પિ<br>ત્થ | ચંદ્રાકાર<br>સૂર્યાકાર<br>ગ્રહાકાર<br>નક્ષત્રાકાર<br>તારાકાર | સમ પૃથ્વીથી ઉપર જતાં ૭૯૦ યોજનથી ૯૦૦ યોજન સુધીના અર્થાત્ ૧૧૦ યોજન પ્રમાણ ક્ષેત્રમાં તથા તિરછા અસંખ્યાત યોજનના (એક રાજુ પ્રમાણ) વિસ્તારમાં |

***નોંધ : (૧)*** *પ્રત્યેક જ્યોતિષી ઈન્દ્રના સામાનિક દેવો–૪, ૦૦૦; આત્મરક્ષક દેવો–૧૬, ૦૦૦; સપરિવાર અગ્રમહિષી દેવી–૪; સેના–૭, સેનાધિપતિ–૭; પરિષદ–૩.* ***(૨) જ્યોતિષી દેવોમાં ત્રાયસ્ત્રિંશક અને લોકપાલ દેવો હોતા નથી.*** *(૩) ચંદ્ર-સૂર્યનું પ્રકાશ ક્ષેત્ર અઢીદ્વીપમાં સગડુદ્ધિ સંસ્થાનનું છે અને અઢીદ્વીપ બહાર પાકી ઈંટના આકારવાળું છે.*

**વૈમાનિકદેવોના સ્થાન :–**

**૫૪ कहिं णं भंते ! वेमाणियाणं देवाणं पज्जत्ताअपज्जत्ताणं ठाणा पण्णत्ता ? कहि णं भंते ! वेमाणिया देवा परिवसंति ?**

**गोयमा ! इमीसे रयणप्पभाए पुढवीए बहुसमरमणिज्जाओ भूमिभागाओ उड्ढंचंदिम-**

**सूरिय-गह-णक्खत्त-तारारूवाणं बहूइं जोयणसयाइं बहूइं जोयणसहस्साइं बहूइं जोयण-सयसहस्साइं बहुगाओ जोयणकोडीओ बहुगाओ जोयणकोडा-कोडीओ उड्ढं दूरं उप्पइत्ता एत्थ णं सोहम्मीसाण-सणंकुमार-माहिंद-बंभलोय-लंतग-महासुक्क-सहस्सार-आणय-पाणय-आरण-अच्चुय-गेवेज्ज-अणुत्तरेसु एत्थ णं वेमाणियाणं देवाणं चउरासीइ विमाणावास-सयसहस्सा सत्ताणउइं च सहस्सा तेवीसं च विमाणा भवंतीति मक्खायं ।**

**ते णं विमाणा सव्वरयणामया अच्छा सण्हा लण्हा घट्ठा मट्ठा णीरया णिम्मला णिप्पंका णिक्कंकडच्छाया सप्पभा सस्सिरीया सउज्जोया पासादीया दरिसणिज्जा अभिरूवा पडिरूवा एत्थ णं वेमाणियाणं देवाणं पज्जत्ताअपज्जत्ताणं ठाणा पण्णत्ता । तिसु वि लोगस्स असंखेज्जइभागे । तत्थ णं बहवे वेमाणिया देवा परिवसंति, तं जहा– सोहम्मीसाण- सणंकुमार-माहिंद-बंभलोय-लंतग-महासुक्क-सहस्सार-आणय-पाणय-आरण-अच्चुय-गेवेज्जगा- अणुत्तरोववाइया देवा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્ત અને અપર્યાપ્ત વૈમાનિક દેવોનાં સ્થાન ક્યાં છે ? વૈમાનિક દેવો ક્યાં નિવાસ કરે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! આ રત્નપ્રભા પૃથ્વીના સમ અને રમણીય ભૂમિભાગથી ઉપર ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર અને તારારૂપ જ્યોતિષી દેવોના વિમાનોથી અનેક સો યોજન, અનેક હજારો યોજન, અનેક લાખો યોજન, અનેક કરોડો યોજન, ઘણા ક્રોડાક્રોડી યોજન ઉપર સૌધર્મ, ઈશાન, સનત્કુમાર, માહેન્દ્ર, બ્રહ્મલોક, લાન્તક, મહાશુક્ર, સહસ્રાર, આનત, પ્રાણત, આરણ, અચ્યુત, ગ્રૈવેયક વિમાનો તથા અનુત્તર વિમાનો છે. તેમાં વૈમાનિક દેવોના ચોર્યાશી લાખ, સત્તાણું હજાર અને ત્રેવીશ(૮૪, ૯૭, ૦૨૩) વિમાનાવાસો કહ્યા છે.

તે વિમાનો સર્વ રત્નમય, સ્ફટિક સમાન સ્વચ્છ, કોમળ, સ્નિગ્ધ, ઘસેલા, સાફ કરેલા, રજ રહિત, નિર્મળ, પંક રહિત અથવા કલંક રહિત, નિરાવરણ કાન્તિવાળા, પ્રભાયુક્ત, શ્રીસંપન્ન, ઉદ્યોતયુક્ત, પ્રસન્નતાજનક, દર્શનીય, મનોરમ્ય અને મનોહર છે. આ વિમાનાવાસોમાં પર્યાપ્ત અને અપર્યાપ્ત વૈમાનિક દેવોનાં સ્થાન છે. તે દેવો ઉપપાતાદિ ત્રણેય અપેક્ષાએ લોકના અસંખ્યાતમા ભાગમાં છે.

તે વિમાનોમાં ઘણાં વૈમાનિક દેવો નિવાસ કરે છે, તે આ પ્રમાણે છે– સૌધર્મ, ઈશાન, સનત્કુમાર, માહેન્દ્ર, બ્રહ્મલોક, લાંતક, મહાશુક્ર, સહસ્રાર, આનત, પ્રાણત, આરણ, અચ્યુત, નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તરોપપાતિક દેવ.

**૫૫ ते णं मिग-महिस-वराह-सीह-छगल-दद्दुर-हय-गयवइ-भुयग-खग्ग-उसभ-अंक-विडिम पागडियचिंधमउडा पसढिल-वरमउड-तिरीडधारिणो वरकुंडलुज्जोइयाणणा मउडदित्तसिरया रत्ताभा पउमपम्हगोरा सेया सुहवण्ण-गंध फासा उत्तमवेउव्विणो पवरवत्थ-गंध-मल्लाणुलेवणधरा महिड्ढिया महाजुइया महायसा महाबला महाणुभागा महासोक्खा हारविराइयवच्छा कडय-तुडियथंभियभुया अंगद-कुंडल-मट्ठगंडतलकण्णपीढधारी विचित्तहत्थाभरणा विचित्त-माला-मउलि-मउडा कल्लाणग-पवरवत्थपरिहिया कल्लाणग-पवरमल्लाणुलेवणा भासरबोंदी पलंबवण-मालधरा दिव्वेणं वण्णेणं दिव्वेणं गंधेणं दिव्वेणं फासेणं दिव्वेणं संघयणेणं दिव्वेणं**

संठाणेणं दिव्वाए इड्ढीए दिव्वाए जुइए दिव्वाए पभाए दिव्वाए छायाए दिव्वाए अच्चीए दिव्वेणं तेएणं दिव्वाए लेस्साए दस दिसाओ उज्जोवेमाणा पभासेमाणा । ते णं तत्थ साणं साणं विमाणावाससयसहस्साणं, साणं साणं सामाणियसाहस्सीणं, साणं साणं तायत्तीसगाणं, साणं साणं लोगपालाणं, साणं साणं अग्गमहिसीणं सपरिवाराणं, साणं साणं परिसाणं, साणं साणं अणियाणं, साणं साणं अणियाहिवईणं, साणं साणं आयरक्ख- देवसाहस्सीणं, अण्णेसिं च बहूणं वेमाणियाणं देवाणं देवीण य आहेवच्चं पोरेवच्चं सामित्तं भट्टित्तं महत्तरगत्तं आणाईसर-सेणावच्चं कारेमाणा पालेमाणा महयाहतणट्ट-गीय-वाइयतंती- तल-ताल-तुडिय-घणमुइंगपडुप्पवाइयरवेणं दिव्वाइं भोगभोगाइं भुंजमाणा विहरंति ।

**ભાવાર્થ :–** તે સૌધર્મથી અચ્યુત સુધીના દેવો ક્રમશઃ (૧) મૃગ (૨) મહિષ (પાડો) (૩) વરાહ (૪) સિંહ (૫) બકરો (૬) દેડકો (૭) અશ્વ (૮) ગજરાજ (૯) ભુજંગ (૧૦) ગેંડો (૧૧) વૃષભ (૧૨) વિડિમ– મૃગ વિશેષરૂપ ચિહ્નોથી યુક્ત મુકુટવાળા, શિથિલ અને શ્રેષ્ઠ મુકુટના ધારક, શ્રેષ્ઠ કુંડળોથી પ્રકાશિત મુખ- વાળા, મુકુટના કારણે શોભાયુક્ત, રક્ત(લાલ) આભાયુક્ત, કમળપત્ર સમાન ગોરા, શ્વેત, શુભ વર્ણ, ગંધ, રસ, સ્પર્શવાળા, ઉત્તમ વૈક્રિયશક્તિના ધારક, શ્રેષ્ઠ વસ્ત્ર, ગંધ, માળા અને વિલેપનને ધારણ કરનાર, મહર્દ્ધિક, મહાદ્યુતિમાન, મહાયશસ્વી, મહાબલી, મહાનુભાગ, મહાસુખી, હારથી સુશોભિત વક્ષ:સ્થળવાળા છે. કડા અને બાજુબંધના કારણે સ્તંભિત ભુજાવાળા તથા કપોલસ્થલને સ્પર્શ કરતાં અંગદ, કુંડળ કર્ણપીઠમાં ધારણ કરનારા, હાથોમાં વિવિધ આભૂષણોના ધારક અને મસ્તક પર વિસ્મયકારી પુષ્પ-માળાઓથી શોભાયમાન છે. તેઓ કલ્યાણકારી ઉત્તમ વસ્ત્રો તથા કલ્યાણકારી શ્રેષ્ઠ માળા અને વિલેપન ધારણ કરે છે. તેઓનું શરીર તેજથી દેદીપ્યમાન હોય છે. લાંબી વનમાળાના ધારક, દિવ્યવર્ણ, દિવ્યગંધ, દિવ્યરસ, દિવ્યસ્પર્શ, દિવ્યસંહનન, દિવ્યસંસ્થાન, દિવ્યઋદ્ધિ, દિવ્યદ્યુતિ, દિવ્યપ્રભા, દિવ્યછાયા, દિવ્યઅર્ચિ (જ્યોતિ), દિવ્ય તેજથી, દિવ્ય લેશ્યાથી દશે દિશાઓને ઉદ્યોતિત(પ્રકાશિત) અને પ્રભાસિત કરતાં પોત-પોતાના લાખો વિમાનાવાસોનું, હજારો સામાનિક દેવોનું, ત્રાયસ્ત્રિંશક દેવોનું, લોકપાલ દેવોનું, સપરિવાર અગ્રમહિષીઓનું, પરિષદોનું, સેનાઓનું, સેનાધિપતિ દેવોનું, હજારો આત્મરક્ષક દેવોનું તથા અન્ય ઘણાં વૈમાનિક દેવો તથા દેવીઓનું આધિપત્ય, અગ્રેસરપણું, સ્વામિત્વ, ભર્તૃત્વ, મહત્તરકત્વ, આજ્ઞેશ્વરત્વ તથા સેનાપતિત્વ કરતાં-કરાવતાં અને પાલન કરતાં-કરાવતાં મહાન નાટ્ય, ગીત તથા કુશળ વાદકો દ્વારા વગાડાતાં વીણા, તલ, તાલ, ત્રુટિત, ઘનમૃદંગ આદિ વાદ્યોના ધ્વનિની સાથે દિવ્ય શબ્દાદિ કામભોગોને નિરંતર ભોગવતાં વિચરણ કરે છે.

**५६** कहि णं भंते ! सोहम्मगदेवाणं पज्जत्ताअपज्जत्ताणं ठाणा पण्णत्ता ? कहि णं भंते! सोहम्मगदेवा परिवसंति ? गोयमा ! जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स दाहिणेणं इमीसे रयणप्पभाए पुढवीए बहुसमरमणिज्जाओ भूमिभागाओ उड्ढं चंदिम-सूरिय-गह-णक्खत्त-तारारूवाणं बहूणि जोयणसयाणि बहूइं जोयणसहस्साइं बहूइं जोयणसयसहस्साइं बहुगाओ जोयणकोडीओ बहुगाओ जोयणकोडाकोडीओ उड्ढं दूरं उप्पइत्ता एत्थ णं सोहम्मे णामं कप्पे पण्णत्ते ।

पाईण-पडीणायए उदीण-दाहिणवित्थिण्णे अद्धचंद-संठाणसंठिए अच्चिमालिभासरासि-

**वण्णाभे असंखेज्जाओ जोयणकोडीओ असंखेज्जाओ जोयणकोडाकोडीओ आयाम-विक्खंभेणं, असंखेज्जाओ जोयणकोडाकोडीओ परिक्खेवेणं, सव्वरयणामए अच्छे** *जाव* **पडिरूवे । तत्थ णं सोहम्मगदेवाणं बत्तीसं विमाणावास-सयसहस्सा हवंतीति मक्खायं । ते णं विमाणा सव्वरयणामया अच्छा** *जाव* **पडिरूवा ।**

**तेसि णं विमाणाणं बहुमज्झदेसभागे पंच वडेंसया पण्णत्ता, तं जहा– असोगवडेंसए सत्तवण्णवडेंसए चंपगवडेंसए चूयवडेंसए मज्झे य इत्थ सोहम्मवडेंसए। ते णं वडेंसया सव्वरयणामया अच्छा** *जाव* **पडिरूवा । एत्थ णं सोहम्मगदेवाणं पज्जत्ताअपज्जत्ताणं ठाणा पण्णत्ता । तीसु वि लोगस्स असंखेज्जइभागे ।**

**तत्थ णं बहवे सोहम्मगदेवा परिवसंति महिड्ढीया** *जाव* **पभासेमाणा । ते णं तत्थ साणं साणं विमाणावाससयसहस्साणं, साणं साणं सामाणियसाहसीणं एवं जहेव ओहियाणं तहेव एतेसिं पि भाणियव्वं** *जाव* **आयरक्खदेवसाहस्सीणं अण्णेसिं च बहूणं सोहम्मगकप्प-वासीणं वेमाणियाणं देवाण य देवीण य आहेवच्चं पोरेवच्चं** *जाव* **विहरंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્ત અને અપર્યાપ્ત સૌધર્મ કલ્પગત દેવોનાં સ્થાન ક્યાં છે ? હે ભગવન્ ! સૌધર્મ કલ્પના દેવો ક્યાં નિવાસ કરે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જંબૂદ્વીપ નામના દ્વીપના સુમેરુ પર્વતની દક્ષિણ દિશામાં, આ રત્નપ્રભા પૃથ્વીના અત્યંત સમ અને રમણીય ભૂમિભાગથી ઉપર ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર તથા તારારૂપ જ્યોતિષી વિમાનોથી અનેક સો યોજન, અનેક હજાર યોજન, અનેક લાખો યોજન, ઘણા કરોડો યોજન અને ઘણા ક્રોડાક્રોડી યોજન ઉપર સૌધર્મ નામક કલ્પ આવે છે. તે પૂર્વ-પશ્ચિમ લાંબું, ઉત્તર-દક્ષિણ પહોળું અર્ધચન્દ્રાકારે સંસ્થિત, અર્ચિઓ-જ્યોતિર્મય માળાઓ તથા દીપ્તિના પુંજ સમાન કાન્તિવાળું છે. તેની લંબાઈ તથા પહોળાઈ અસંખ્યાત કોટિ યોજનની જ નહીં પરંતુ અસંખ્યાત કોટાકોટિ યોજનની છે. તેની પરિધિ પણ અસંખ્યાત કોટાકોટિ યોજનની છે. તે વિમાનો સર્વરત્નમય સ્વચ્છ ***યાવત્*** પ્રતિરૂપ છે. તે સૌધર્મ કલ્પમાં સૌધર્મ દેવોના બત્રીશ લાખ વિમાનાવાસો કહ્યા છે. તે વિમાનો પૂર્ણરૂપે રત્નમય સ્વચ્છ ***યાવત્*** પ્રતિરૂપ છે.

તે વિમાનોના બહુસમ મધ્યભાગમાં પાંચ અવતંસક(શ્રેષ્ઠ મહેલો) છે, તે આ પ્રમાણે છે– (૧) અશોકાવતંસક, (૨) સપ્તપર્ણાવતંસક (૩) ચંપકાવતંસક (૪) ચૂતાવતંસક અને આ ચારેયની મધ્યમાં (૫) સૌધર્માવતંસક. આ અવતંસકો પૂર્ણતઃ રત્નમય, સ્વચ્છ ***યાવત્*** પ્રતિરૂપ છે. આ અવતંસકોમાં પર્યાપ્ત અને અપર્યાપ્ત સૌધર્મ દેવોના સ્થાન છે. તે દેવો ત્રણે અપેક્ષાથી લોકના અસંખ્યાતમા ભાગમાં છે. તે વિમાનોમાં ઘણા સૌધર્મ દેવલોકના દેવો નિવાસ કરે છે. તે મહર્દ્ધિક છે ***યાવત્*** દશે દિશાઓને પ્રભાસિત કરતાં રહે છે. તે દેવો પોત-પોતાના લાખો વિમાનોનું, હજારો સામાનિક દેવોનું ***યાવત્*** હજારો આત્મરક્ષક દેવોનું તથા અન્ય ઘણા સૌધર્મ કલ્પવાસી વૈમાનિક દેવો અને દેવીઓનું આધિપત્ય, અગ્રેસરપણું કરતાં ***યાવત્*** ભોગ ભોગવતાં વિચરે છે, ઈત્યાદિ વર્ણન સમુચ્ચય વૈમાનિક દેવોના વર્ણન પ્રમાણે સમજવું.

**૫૭ सक्के य इत्थ देविंदे देवराया परिवसइ– वज्जपाणी पुरंदरे सयक्कऊ सहस्सक्खे मघवं पागसासणे दाहिणड्ढलोगाहिवई बत्तीसविमाणावास-सयसहस्साहिवई एरावणवाहणे**

**सुरिंदे अरयंबरवत्थधरे आलइयमालमउडे णवहेमचारुचित्तचंचलकुंडलविलिहिज्जमाणगंडे महिड्ढिए** *जाव* **पभासेमाणे ।**

**से णं तत्थ बत्तीसाए विमाणावाससयसहस्साणं चउरासीए सामाणिय साहस्सीणं, तेत्तीसाए तायत्तीसगाणं, चउण्हं लोगपालाणं, अट्ठण्हं अग्गमहिसीणं सपरिवाराणं, तिण्हं परिसाणं, सत्तण्हं अणियाणं, सत्तण्हं अणियाहिवईणं, चउण्हं चउरासीईणं आयरक्खदेव-साहस्सीणं अण्णेसिं च बहूणं सोहम्मगकप्पवासीणं वेमाणियाणं देवाण य देवीण य आहेवच्चं पोरेवच्चं कुव्वमाणे** *जाव* **विहरइ ।**

**ભાવાર્થ :–** આ સ્થાનોમાં દેવેન્દ્ર દેવરાજ શક્ર નિવાસ કરે છે; તે વજ્રપાણિ, પુરન્દર, શતક્રતુ, સહસ્રાક્ષ, મઘવા, પાકશાસન, દક્ષિણાર્દ્ધલોકાધિપતિ, બત્રીસ લાખ વિમાનોના અધિપતિ છે. તેનું વાહન ઐરાવત હાથી છે, તે સુરેન્દ્ર રજરહિત આકાશ જેવા સ્વચ્છ વસ્ત્રના ધારક, સંસકત માળા અને મુકુટના ધારક; નવા, સુવર્ણમય, સુંદર, અદ્‌ભુત, ચંચળ કુંડળો જેના કપોલભાગને સ્પર્શી રહ્યા છે, તેવા તે શકેન્દ્ર મહર્દ્ધિક ***યાવત્*** દશે દિશાને સુશોભિત કરતાં વિચરે છે.

ત્યાં દેવેન્દ્ર દેવરાજ શક્ર બત્રીશ લાખ વિમાનાવાસોનું, ચોર્યાશી હજાર સામાનિક દેવોનું, તેત્રીસ ત્રાયસ્ત્રિંશક દેવોનું, ચાર લોકપાલ દેવોનું, સપરિવાર આઠ અગ્રમહિષીઓનું, ત્રણ પરિષદોનું, સાત સેનાઓનું, સાત સેનાધિપતિ દેવોનું, ચાર ચોર્યાશી હજાર અર્થાત્ ત્રણ લાખ છત્રીશ હજાર આત્મરક્ષક દેવોનું તથા અન્ય ઘણા સૌધર્મ કલ્પવાસી વૈમાનિક દેવો અને દેવીઓનું આધિપત્ય અને અગ્રેસરપણું કરતાં ***યાવત્*** વિચરણ કરે છે.

**૫૮ कहि णं भंते ! ईसाणगदेवाणं पज्जत्ताअपज्जत्ताणं ठाणा पण्णत्ता ? कहि णं भंते! ईसाणदेवा परिवसंति ?**

**गोयमा ! जंबुद्दीवे दीवे मंदरस्स पव्वयस्स उत्तरेणं इमीसे रयणप्पभाए पुढवीए बहुसम-रमणिज्जाओ भूमिभागाओ उड्ढं चंदिम-सूरिय-गहगण-णक्खत्त-तारारूवाणं बहूइं जोयणसयाइं बहूइं जोयण-सहस्साइं** *जाव* **उप्पइत्ता एत्थ णं ईसाणे णामं कप्पे पण्णत्ते– पाईण-पडीणायए उदीण-दाहिणवित्थिण्णे एवं जहा सोहम्मे** *जाव* **पडिरूवे । तत्थ णं ईसाणगदेवाणं अट्ठावीसं विमाणावाससयसहस्सा हवंतीति मक्खायं। ते णं विमाणा सव्वरयणामया** *जाव* **पडिरूवा।**

**तेसि णं बहुमज्झदेसभाए पंच वडेंसगा पण्णत्ता, तं जहा– अंकवडेंसए फलिहवडेंसए रयणवडेंसए जायरूववडेंसए मज्झे एत्थ ईसाणवडेंसए । ते णं वडेंसया सव्वरयणामया** *जाव* **पडिरूवा । एत्थ णं ईसाणाणं देवाणं पज्जत्ताअपज्जत्ताणं ठाणा पण्णत्ता । तिसु वि लोगस्स असंखेज्जइभागे । सेसं जहा सोहम्मगदेवाणं** *जाव* **विहरंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્ત અને અપર્યાપ્ત ઈશાન દેવલોકના દેવોના સ્થાન ક્યાં છે ? હે ભગવન્ ! ઈશાન દેવલોકના દેવો ક્યાં નિવાસ કરે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જંબૂદ્વીપ નામક દ્વીપના સુમેરુ પર્વતની ઉત્તર દિશામાં, આ રત્નપ્રભા પૃથ્વીના

અત્યધિક સમ અને રમણીય ભૂમિભાગથી ઉપર ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, અને તારારૂપ જ્યોતિષી દેવોના વિમાનથી અનેક સો યોજન, અનેક હજારો યોજન, અનેક લાખો યોજન, ઘણા કરોડો યોજન, ઘણા ક્રોડાક્રોડી યોજન ઉપર ઈશાન નામનું કલ્પ(દેવલોક) આવે છે, તે પૂર્વ-પશ્ચિમમાં લાંબુ તથા ઉત્તર-દક્ષિણ પહોળું છે ***યાવત્*** તે સુંદર અને મનોહર ઈત્યાદિ વર્ણન સૌધર્મકલ્પ પ્રમાણે જાણવું.

તે ઈશાન કલ્પમાં ઈશાન દેવોના અઠ્યાવીશ લાખ વિમાનાવાસો છે. તે વિમાનો સર્વ રત્નમય ***યાવત્*** પ્રતિરૂપ છે. તે વિમાનાવાસોના બરાબર મધ્યભાગમાં પાંચ અવતંસક છે, તે આ પ્રમાણે છે– (૧) અંકાવતંસક, (૨) સ્ફટિકાવતંસક, (૩) રત્નાવતંસક, (૪) જાતરૂપાવતંસક અને તે ચારેયની મધ્યમાં (૫) ઈશાનાવતંસક છે. તે અવતંસકો પૂર્ણતયા રત્નમય ***યાવત્*** પ્રતિરૂપ છે.

આ અવતંસકોમાં પર્યાપ્તા અને અપર્યાપ્તા ઈશાન દેવોના સ્થાન છે. તે સ્થાન ત્રણે ય અપેક્ષાથી લોકના અસંખ્યાતમા ભાગમાં છે. શેષ સર્વ વર્ણન સૌધર્મ દેવલોકના દેવો પ્રમાણે જાણવું ***યાવત્*** તે દેવો દિવ્ય ભોગ ભોગવતાં વિચરણ કરે છે.

**૫૯ ईसाणे य इत्थ देविंदे देवराया परिवसइ– सूलपाणी वसभवाहणे उत्तरड्ढलोगाहिवई अट्ठावीसविमाणावाससयसहस्साहिवई अरयंबरवत्थधरे सेसं जहा सक्कस्स** *जाव* **पभासेमाणे।**

**से णं तत्थ अट्ठावीसाए विमाणावास-सयसहस्साणं असीईए सामाणिय-साहस्सीणं, तेत्तीसाए तायत्तीसगाणं, चउण्हं लोगपालाणं, अट्ठण्हं अग्गमहिसीणं सपरिवाराणं, तिण्हं परिसाणं, सत्तण्हं अणियाणं, सत्तण्हं अणियाहिवईणं, चउण्हं असीईणं आयरक्खदेव-साहस्सीणं, अण्णेसिं च बहूणं ईसाणकप्पवासीणं वेमाणियाणं देवाण य देवीण य आहेवच्चं पोरेवच्चं कुव्वमाणे** *जाव* **विहरंति ।**

**ભાવાર્થ :–** આ ઈશાન કલ્પમાં દેવેન્દ્ર દેવરાજ ઈશાન નિવાસ કરે છે, તે શૂલપાણિ, વૃષભવાહન, ઉત્તરાર્દ્ધ લોકાધિપતિ, અઠ્યાવીશ લાખ વિમાનાવાસોના અધિપતિ, રજરહિત આકાશ સમાન સ્વચ્છ વસ્ત્રોના ધારક છે ***યાવત્*** દશે દિશાઓને પ્રતિભાસિત કરતાં વિચરે છે. ઈત્યાદિ વર્ણન શક્રેન્દ્રની સમાન જાણવું.

તે ઈશાનેન્દ્ર અઠ્યાવીશ લાખ વિમાનાવાસોનું, એંશી હજાર સામાનિક દેવોનું, તેત્રીશ ત્રાયસ્ત્રિંશક દેવોનું, ચાર લોકપાલ દેવોનું, આઠ સપરિવાર અગ્રમહિષીઓનું, ત્રણ પરિષદોનું, સાત સેનાઓનું, સાત સેનાધિપતિ દેવોનું, ચાર એંશી હજાર અર્થાત્ ત્રણ લાખ, વીશ હજાર આત્મરક્ષક દેવોનું તથા અન્ય ઘણા ઈશાન કલ્પવાસી દેવો તથા દેવીઓનું આધિપત્ય, અગ્રેસરત્વ કરતા વિચરણ કરે છે.

**૬૦ कहि णं भंते ! सणंकुमारदेवाणं पज्जत्ताअपज्जत्ताणं ठाणा पण्णत्ता ? कहि णं भंते! सणंकुमारा देवा परिवसंति ?**

**गोयमा ! सोहम्मस्स कप्पस्स उप्पिं सपक्खिं सपडिदिसिं बहूइं जोयणाइं बहूइं जोयणसयाइं बहूइं जोयणसहस्साइं बहूइं जोयणसयसहस्साइं बहुगाओ जोयणकोडीओ बहुगाओ जोयणकोडाकोडीओ उड्ढं दूरं उप्पइत्ता एत्थ णं सणंकुमारे णामं कप्पे पाईण-पडीणायए उदीण-दाहिण-वित्थिण्णे जहा सोहम्मे** *जाव* **पडिरूवे ।**

**एत्थ णं सणंकुमाराणं देवाणं बारस विमाणावाससयसहस्सा भवंतीति मक्खायं।**

**ते णं विमाणा सव्वरयणामया** *जाव* **पडिरूवा । तेसि णं विमाणाणं बहुमज्झसभागे पंच वडेंसगा पण्णत्ता, तं जहा- असोगवडेंसए सत्तिवण्णवडेंसए चंपगवडेंसए चूयवडेंसए मज्झे य इत्थ सणंकुमारवडेंसए । ते णं वडेंसया सव्वरयणामया अच्छा** *जाव* **पडिरूवा । एत्थ णं सणंकुमारदेवाणं पज्जत्ताअपज्जत्ताणं ठाणा पण्णत्ता । तिसु वि लोगस्स असंखेज्जइभागे। तत्थ णं बहवे सणंकुमारा देवा परिवसंति महिड्ढिया** *जाव* **पभासेमाणा विहरंति । णवरं अग्गमहिसीओ णत्थि ।**

**सणंकुमारे य इत्थ देविंदे देवराया परिवसइ- अरयंबरवत्थधरे सेसं जहा सक्कस । से णं तत्थ बारसण्हं विमाणावाससयसहस्साणं बावत्तरीए सामाणियसाहस्सीणं सेसं जहा सक्कस अग्गमहिसीवज्जं णवरं चउण्हं बावत्तरीणं आयरक्खदेवसाहस्सीणं** *जाव* **विहरइ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્ત અને અપર્યાપ્ત સનત્કુમાર દેવોનાં સ્થાન ક્યાં છે ? હે ભગવન્! સનત્કુમાર દેવો ક્યાં નિવાસ કરે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સૌધર્મકલ્પની ઉપર સમાન દિશા અને સમાન વિદિશામાં અર્થાત્ બરાબર ઉપર અનેક યોજન, અનેક સો યોજન, અનેક હજાર યોજન, અનેક લાખો યોજન, અનેક ક્રોડ યોજન અને અનેક ક્રોડાક્રોડી યોજન ઊંચે સનત્કુમાર નામનું કલ્પ–દેવલોક આવે છે. તે સૌધર્મ દેવલોકની જેમ પૂર્વ-પશ્ચિમમાં લાંબુ અને ઉત્તર-દક્ષિણ પહોળું છે. શેષ સમગ્ર વર્ણન સૌધર્મ દેવલોક પ્રમાણે જાણવું. આ સનત્કુમાર કલ્પમાં સનત્કુમાર દેવોના બાર લાખ વિમાનો છે, એમ તીર્થંકર ભગવંતે કહ્યું છે. તે વિમાનો પૂર્ણતયા રત્નમય છે ***યાવત્*** મનોહર છે.

તે વિમાનોની બરાબર મધ્યમાં પાંચ અવતંસક છે, તે આ પ્રમાણે છે– (૧) અશોકાવતંસક, (૨) સપ્તપર્ણાવતંસક (૩) ચંપકાવતંસક, (૪) ચૂતાવતંસક અને તે ચારેયની મધ્યમાં (૫) સનત્કુમારાવતંસક છે. આ અવતંસકો સર્વરત્નમય, સ્વચ્છ ***યાવત્*** પ્રતિરૂપ છે. આ અવતંસકોમાં પર્યાપ્ત અને અપર્યાપ્ત સનત્કુમાર દેવોના સ્થાન છે. આ સ્થાન ત્રણેય અપેક્ષાથી લોકના અસંખ્યાતમા ભાગમાં છે. તે સ્થાનોમાં ઘણા સનત્કુમાર દેવો નિવાસ કરે છે, તે મહર્દ્ધિક ***યાવત્*** દશે દિશાઓને પ્રતિભાસિત કરતાં વિચરણ કરે છે. વિશેષતા એ છે કે સનત્કુમાર દેવલોકમાં અગ્રમહિષીઓ નથી.

અહીં દેવેન્દ્ર દેવરાજ સનત્કુમારેન્દ્ર નિવાસ કરે છે. તે રજરહિત આકાશ જેવા સ્વચ્છ વસ્ત્રોના ધારક છે. શેષ કથન શક્રેન્દ્રની સમાન જાણવું. તે સનત્કુમારેન્દ્ર બાર લાખ વિમાનવાસોનું, બોતેર હજાર સામાનિક દેવોનું, ચાર બોતેર હજાર અર્થાત્ બે લાખ અઠ્યાવીસ હજાર આત્મરક્ષક દેવોનું આધિપત્ય કરતાં વિચરે છે. તેને અગ્રમહિષીઓ નથી. ઋદ્ધિનું શેષ કથન શક્રેન્દ્રની સમાન જાણવું.

**६१ कहि णं भंते! माहिंदाणं देवाणं पज्जत्ताअपज्जत्ताणं ठाणा पण्णत्ता ? कहि णं भंते! माहिंदगदेवा परिवसंति ?**

**गोयमा ! ईसाणस्स कप्पस्स उप्पिं सपक्खिं सपडिदिसिं बहूइं जोयणाइं** *जाव* **बहुगाओ जोयणकोडाकोडीओ उड्ढं दूरं उप्पइत्ता एत्थ णं माहिंदे णामं कप्पे पाईण-पडीणायए एवं जहेव सणंकुमारे णवरं अट्ठ विमाणावाससयसहस्सा । वडेंसया जहा ईसाणे णवरं**

**मज्झे य इत्थ माहिंदवडेंसए । एवं सेसं जहा सणंकुमारदेवाणं** *जाव* **विहरंति ।**

**माहिंदे य इत्थ देविंदे देवराया परिवसइ- अरयंबरवत्थधरे, एवं जहा सणंकुमारे** *जाव* **विहरंति । णवरं अट्ठण्हं विमाणावाससय-सहस्साणं, सत्तरीए सामाणियसाहस्सीणं, चउण्हं सत्तरीणं आयरक्खदेवसाहस्सीणं** *जाव* **विहरइ ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્ત અને અપર્યાપ્ત માહેન્દ્ર દેવોનાં સ્થાન ક્યાં છે ? હે ભગવન્! માહેન્દ્રદેવો ક્યાં નિવાસ કરે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ઈશાન કલ્પની ઉપર સમાન દિશા અને સમાન વિદિશામાં અર્થાત્ બરોબર ઉપર ઘણા યોજનો ***યાવત્*** ઘણા ક્રોડાક્રોડી યોજનો ઉપર ઊંચે માહેન્દ્ર નામનું કલ્પ(દેવલોક) આવે છે. તે પૂર્વ-પશ્ચિમ લાંબુ તથા ઉત્તર-દક્ષિણ પહોળું ઈત્યાદિ વર્ણન સનત્કુમાર કલ્પ પ્રમાણે જાણવું. વિશેષતા એ છે કે આ કલ્પમાં આઠ લાખ વિમાનો છે. તેના અવતંસકનું કથન ઈશાનકલ્પના અવતંસક પ્રમાણે જાણવું. તેમાં વિશેષતા એ છે કે તે ચારે અવતંસકની મધ્યમાં માહેન્દ્રાવતંસક છે. શેષ વર્ણન સનત્કુમાર દેવોની સમાન ***યાવત્*** દિવ્ય ભોગ ભોગવતાં વિચરણ કરે છે.

અહીં દેવેન્દ્ર દેવરાજ માહેન્દ્ર નિવાસ કરે છે; તે રજ રહિત આકાશ સમાન સ્વચ્છ વસ્ત્રોના ધારક છે ***યાવત્*** વિચરણ કરે છે, ઈત્યાદિ વર્ણન સનત્કુમારની સમાન જાણવું. વિશેષતા એ છે કે– માહેન્દ્ર આઠ લાખ વિમાનાવાસોનું, સિત્તેર હજાર સામાનિક દેવોનું, ચાર સિત્તેર હજાર અર્થાત્ બે લાખ, એંશી હજાર આત્મ- રક્ષકદેવોનું આધિપત્ય કરતાં ***યાવત્*** વિચરણ કરે છે.

**६२ कहिं णं भंते ! बंभलोगदेवाणं पज्जत्ताअपज्जत्ताणं ठाणा पण्णत्ता ? कहिं णं भंते! बंभलोगदेवा परिवसंति ?**

**गोयमा ! सणंकुमार-माहिंदाणं कप्पाणं उप्पिं सपक्खिं सपडिदिसिं बहूइं जोयणाइं** *जाव* **उप्पइत्ता एत्थ णं बंभलोए णामं कप्पे पाईण-पडीणायए उदीण-दाहिणवित्थिण्णे पडिपुण्णचंदसंठाणसंठिए अच्चिमाली-भासरासिप्पभे अवसेसं जहा सणंकुमाराणं णवरं चत्तारि विमाणावाससयसहस्सा । वडिंसगा जहा सोहम्मवडेंसया णवरं मज्झे य इत्थ बंभलोयवडिंसए । एत्थ णं बंभलोगाणं देवाणं ठाणा पण्णत्ता । सेसं तहेव** *जाव* **विहरंति।**

**बंभे य इत्थ देविंदे देवराया परिवसइ अरयंबरवत्थधरे, एवं जहा सणंकुमारे** *जाव* **विहरंति । णवरं चउण्हं विमाणावाससयसहस्साणं सट्ठीए सामाणियसाहस्सीणं, चउण्हं च सट्ठीणं आयरक्खदेवसाहस्सीणं अण्णेसिं च बहूणं** *जाव* **विहरंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવાન ! પર્યાપ્ત અને અપર્યાપ્ત બ્રહ્મલોક દેવોનાં સ્થાન ક્યાં છે ? હે ભગવન્! બ્રહ્મલોક દેવો ક્યાં નિવાસ કરે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સનત્કુમાર અને માહેન્દ્ર કલ્પોની ઉપર સમાન દિશા અને સમાન વિદિશામાં ઘણા યોજન ***યાવત્*** ઉપર ઊંચે બ્રહ્મલોક નામક કલ્પ–દેવલોક છે, તે પૂર્વ-પશ્ચિમ લાંબુ અને ઉત્તર-દક્ષિણ પહોળું, પરિપૂર્ણ ચંદ્રના આકારનું, જ્યોતિમાળા તથા દિપ્તીપુંજની પ્રભાયુક્ત છે. શેષ વર્ણન સનત્કુમાર

કલ્પની સમાન છે, વિશેષતા એ છે કે આ કલ્પમાં ચાર લાખ વિમાનો છે. તેના પાંચ અવતંસક સૌધર્મ અવતંસકોની સમાન જાણવા પરંતુ ચારેય અવતંસકોની મધ્યમાં બ્રહ્મલોકાવતંસક છે, તેમ જાણવું. અહીં બ્રહ્મલોક દેવોના સ્થાન છે. શેષ વર્ણન પૂર્વવત્ જાણવું.

બ્રહ્મલોકાવતંસકમાં દેવેન્દ્ર દેવરાજ 'બ્રહ્મ' નિવાસ કરે છે; તે રજ રહિત આકાશ સમાન સ્વચ્છ વસ્ત્રોના ધારક છે, આ રીતે સનત્કુમારેન્દ્રની જેમ ***યાવત્*** વિચરણ કરે છે. વિશેષતા એ છે કે બ્રહ્મેન્દ્ર ચાર લાખ વિમાનાવાસોનું, સાઠ હજાર સામાનિક દેવોનું, ચાર-સાઠ હજાર અર્થાત્ બે લાખ, ચાલીસ હજાર આત્મરક્ષક દેવોનું તથા અન્ય ઘણા બ્રહ્મલોક કલ્પના દેવોનું આધિપત્ય કરતાં વિચરણ કરે છે.

**६३ कहि णं भंते ! लंतगदेवाणं पज्जत्ताअपज्जत्ताणं ठाणा पण्णत्ता ? कहि णं भंते! लंतगदेवा परिवसंति ?**

**गोयमा ! बंभलोगस्स कप्पस्स उप्पिं सपक्खिं सपडिदिसिं बहूइं जोयणसयाइं** *जाव* **बहुगाओ जोयणकोडाकोडीओ उड्ढं दूरं उप्पइत्ता एत्थ णं लंतए णामं कप्पे पण्णत्ते- पाईण-पडीणायए जहा बंभलोए णवरं पण्णासं विमाणावाससहस्सा भवंतीति मक्खायं । वडेंसगा जहा ईसाणवडेंसगा णवरं मज्झे य इत्थ लंतगवडेंसए । देवा तहेव** *जाव* **विहरंति ।**

**लंतए य इत्थ देविंदे देवराया परिवसइ जहा सणंकुमारे । णवरं पण्णासाए विमाणा- वाससहस्साणं पण्णासाए सामाणियसाहस्सीणं चउण्ह य पण्णासाणं आयरक्खदेव साहस्सीणं अण्णेसिं च बहूणं** *जाव* **विहरंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્ત અને અપર્યાપ્ત લાન્તક દેવોનાં સ્થાન ક્યાં છે ? હે ભગવન્ ! લાંતક દેવો ક્યાં નિવાસ કરે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! બ્રહ્મલોક કલ્પની ઉપર સમાન દિશા અને સમાન વિદિશામાં અનેક સો યોજન ***યાવત્*** ઘણા ક્રોડાક્રોડી યોજન ઉપર લાંતક નામનું કલ્પ આવે છે. તે પૂર્વ-પશ્ચિમ લાંબુ છે; ઈત્યાદિ સમગ્ર વર્ણન બ્રહ્મલોકની સમાન છે. તેમાં વિશેષતા એ છે કે આ કલ્પમાં પચાસ હજાર વિમાનાવાસ છે, તેના અવતંસક ઈશાનાવતંસકોની સમાન છે પરંતુ અહીં મધ્યનું(પાંચમું) લાન્તકાવતંસક છે. શેષ સમગ્ર વર્ણન સમુચ્ચય વૈમાનિકોની સમાન જાણવું ***યાવત્*** દિવ્યભોગ ભોગવતાં વિચરણ કરે છે.

આ લાંતક અવતંસકમાં દેવેન્દ્ર દેવરાજ લાંતકેન્દ્ર નિવાસ કરે છે, તેની ઋદ્ધિનું કથન સનત્કુમારની સમાન છે. વિશેષતા એ છે કે લાંતકેન્દ્ર પચાસ હજાર વિમાનાવાસોનું, પચાસ હજાર સામાનિક દેવોનું, ચાર પચાસ હજાર અર્થાત્ બે લાખ આત્મરક્ષક દેવોનું તથા અન્ય ઘણા લાંતકદેવોનું આધિપત્ય કરતાં વિચરે છે.

**६४ कहि णं भंते ! महासुक्काणं देवाणं पज्जत्ताअपज्जत्ताणं ठाणा पण्णत्ता ? कहि णं भंते ! महासुक्का देवा परिवसंति ? गोयमा ! लंतयस्स कप्पस्स उप्पिं सपक्खिं सपडिदिसिं** *जाव* **उप्पइत्ता एत्थ णं महासुक्के णामं कप्पे पण्णत्ते- पाईण-पडीणायए उदीण-दाहिणवित्थिण्णे जहा बंभलोए णवरं चत्तालीसं विमाणावाससहस्सा भवंतीति मक्खायं । वडेंसगा जहा सोहम्मवडेंसगा णवरं मज्झे य इत्थ महासुक्कवडेंसए** *जाव* **विहरंति ।**

**महासुक्के य इत्थ देविंदे देवराया जहा सणंकुमारे णवरं चत्तालीसाए विमाणावास-सहस्साणं चत्तालीसाए सामाणियसाहस्सीणं चउण्ह य चत्तालीसाणं आयरक्खदेवसाहस्सीणं** *जाव* **विहरंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્ત અને અપર્યાપ્ત મહાશુક્ર દેવોનાં સ્થાન ક્યાં છે ? હે ભગવન્! મહાશુક્ર દેવો ક્યાં નિવાસ કરે છે ? **ઉત્તર–** હે ગૌતમ ! લાંતક કલ્પની ઉપર સમાન દિશા તથા સમાન વિદિશામાં અનેક ક્રોડાક્રોડી યોજન ઉપર જઈએ ત્યાં મહાશુક્ર નામનું કલ્પ છે, તે પૂર્વ પશ્ચિમ લાંબુ અને ઉત્તર-દક્ષિણ પહોળું છે, તેનું વર્ણન બ્રહ્મલોકની સમાન છે. તેમાં વિશેષતા એ છે કે મહાશુક્ર દેવલોકમાં ચાલીસ હજાર વિમાનાવાસ કહ્યા છે. તેના અવતંસકો સૌધર્માવતંસક સમાન જાણવા જોઈએ પરંતુ ચારેયની મધ્યમાં પાંચમું મહાશુક્રાવતંસક વિમાન છે.

આ મહાશુક્રાવતંસક વિમાનમાં દેવેન્દ્ર દેવરાજ મહાશુક્રેન્દ્ર રહે છે, તેનું વર્ણન સનત્કુમારેન્દ્રની સમાન જાણવું. વિશેષતા એ છે કે તે મહાશુક્રેન્દ્ર ચાલીસ હજાર વિમાનાવાસોનું, ચાલીસ હજાર સામાનિક દેવોનું અને ચાર ચાલીસ હજાર(૧, ૬૦,૦૦૦) આત્મરક્ષક દેવોનું આધિપત્ય કરતા વિચરણ કરે છે.

**૬૫ कहिं णं भंते ! सहस्सारदेवाणं पज्जत्ताअपज्जत्ताणं ठाणा पण्णत्ता ? कहि णं भंते! सहस्सारदेवा परिवसंति ?**

**गोयमा ! महासुक्कस्स कप्पस्स उप्पिं सपक्खिं सपडिदिसिं** *जाव* **उप्पइत्ता एत्थ णं सहस्सारे णामं कप्पे पण्णत्ते-पाईण-पडीणायए जहा बंभलोए णवरं छव्विमाणावाससहस्सा भवंतीति मक्खायं । देवा तहेव** *जाव* **वडेंसगा जहा ईसाणस्स वडेंसगा णवरं मज्झे य इत्थ सहस्सारवडेंसए** *जाव* **विहरंति ।**

**सहस्सारे य इत्थ देविंदे देवराया परिवसइ जहा सणंकुमारे णवरं छण्हं विमाणावास-सहस्साणं तीसाए सामाणियसाहस्सीणं चउण्ह य तीसाए आयरक्खदेवसाहस्सीणं** *जाव* **आहेवच्चं कारेमाणे विहरंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્ત અને અપર્યાપ્ત સહસ્રાર દેવોના સ્થાન ક્યાં છે ? હે ભગવન્! સહસ્રાર દેવો ક્યાં નિવાસ કરે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! મહાશુક્ર કલ્પની ઉપર સમાન દિશા અને સમાન વિદિશામાં અનેક ક્રોડાક્રોડ યોજન ઉપર સહસ્રાર નામનું કલ્પ છે. તે પૂર્વ-પશ્ચિમ લાંબુ છે, ઇત્યાદિ સમસ્ત વર્ણન બ્રહ્મલોક કલ્પની સમાન છે. તેમાં વિશેષતા એ છે કે આ સહસ્રાર કલ્પમાં છ હજાર વિમાનાવાસ છે, એમ તીર્થંકર ભગવંતે કહ્યું છે. દેવોનું વર્ણન પૂર્વવત્ જાણવું. તેના અવતંસકોનું કથન ઈશાનકલ્પના અવતંસકોની સમાન છે પરંતુ ચારેની મધ્યમાં (પાંચમું) સહસ્રારાવતંસક છે.

આ સહસ્રારાવતંસકમાં દેવેન્દ્ર, દેવરાજ સહસ્રારેન્દ્ર નિવાસ કરે છે. તેની ઋદ્ધિનું કથન સનત્કુમારની જેમ જાણવું. વિશેષતા એ છે કે સહસ્રારેન્દ્ર છ હજાર વિમાનાવાસોનું, ત્રીસ હજાર સામાનિક દેવોનું, ચાર ત્રીસ હજાર અર્થાત્ એક લાખ વીશ હજાર આત્મરક્ષક દેવોનું આધિપત્ય કરતાં વિચરે છે.

**६६** **कहि णं भंते ! आयण-पाणयाणं देवाणं पज्जत्ताअपज्जत्ताणं ठाणा पण्णत्ता? कहि णं भंते! आणय-पाणया देवा परिवसंति ?**

**गोयमा ! सहस्सारस्स कप्पस्स उप्पिं सपक्खि सपडिदिसिं *जाव* उप्पइत्ता एत्थ णं आणय-पाणयणामेणं दुवे कप्पा पण्णत्ता– पाईण-पडीणायया उदीण-दाहिणवित्थिण्णा अद्धचंद- संठाणसंठिया अच्चिमाली-भासरासिप्पभा, सेसं जहा सणंकुमारे *जाव* पडिरूवा। तत्थ णं आणय-पाणयदेवाणं चत्तारि विमाणावाससया भवंतीति मक्खायं *जाव* पडिरूवा। वडिंसगा जहा सोहम्मे णवरं मज्झे पाणयवडेंसए । ते णं वडेंसगा सव्वरयणामया अच्छा *जाव* पडिरूवा। एत्थ णं आणय-पाणयदेवाणं पज्जत्ताअपज्जत्ताणं ठाणा पण्णत्ता । तिसु वि लोगस्स असंखेज्जइभागे। तत्थ णं बहवे आणय-पाणयदेवा परिवसंति महिड्ढीया *जाव* पभासेमाणा । ते णं तत्थ साणं साणं विमाणावाससयाणं *जाव* विहरंति ।**

**पाणए य इत्थ देविंदे देवराया परिवसइ जहा सणंकुमारे णवरं चउण्हं विमाणावास-सयाणं वीसाए सामाणियसाहस्सीणं असीतीए आयरक्खदेवसाहस्सीणं अण्णेसिं च बहूणं *जाव* विहरंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્ત અને અપર્યાપ્ત આણત અને પ્રાણત દેવોનાં સ્થાન ક્યાં છે ? હે ભગવન્ ! આણત-પ્રાણતદેવો ક્યાં નિવાસ કરે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સહસ્રાર કલ્પની ઉપર સમાન દિશા અને સમાન વિદિશામાં ***યાવત્*** અનેક કોટાકોટિ યોજન ઉપર આણત તથા પ્રાણત નામના બે(દેવલોક) છે. તે પૂર્વ-પશ્ચિમ લાંબા, ઉત્તર-દક્ષિણ પહોળા છે. અર્ધચંદ્રના આકારે સંસ્થિત, જ્યોતિમાળા અને દીપ્તિપુંજની પ્રભા સમાન છે. શેષ વર્ણન સનત્કુમાર દેવલોકની સમાન જાણવું ***યાવત્*** તે પ્રતિરૂપ છે. તે કલ્પોમાં આણત અને પ્રાણત દેવોના ચારસો વિમાનાવાસ છે, એમ તીર્થંકર ભગવંતોએ કહ્યું છે. તેના અવતંસકોનું કથન સૌધર્મ કલ્પના અવતંસકોની સમાન છે. વિશેષતા એ છે કે આ ચારેની મધ્યમાં પાંચમું પ્રાણતાવતંસક છે. તે અવતંસકો પૂર્ણરૂપે રત્નમય, સ્વચ્છ ***યાવત્*** પ્રતિરૂપ છે. આ અવતંસકોમાં પર્યાપ્ત-અપર્યાપ્ત આણત-પ્રાણત દેવો છે, તે દેવો ત્રણે અપેક્ષાથી લોકના અસંખ્યાતમા ભાગમાં છે; ત્યાં ઘણા આણત-પ્રાણત દેવો નિવાસ કરે છે; તે મહર્દ્ધિક છે ***યાવત્*** દશે દિશાઓને પ્રભાસિત કરતાં વિચરે છે. ત્યાં પ્રાણતેન્દ્ર પોત-પોતાનાં સેંકડો વિમાનોનું ***યાવત્*** આધિપત્ય કરતાં વિચરે છે.

અહીં દેવેન્દ્ર દેવરાજ પ્રાણતેન્દ્ર નિવાસ કરે છે, તેનું વર્ણન સનત્કુમારની જેમ જાણવું. તેમાં વિશેષતા એ છે કે પ્રાણતેન્દ્ર ચાર સો વિમાનાવાસોનું, વીશ હજાર સામાનિક દેવોનું તથા એંશી હજાર આત્મરક્ષક દેવોનું તથા અન્ય ઘણા દેવોનું આધિપત્ય કરતા વિચરે છે.

**६७** **कहि णं भंते ! आरण-अच्चुयाणं देवाणं पज्जत्ताअपज्जत्ताणं ठाणा पण्णत्ता? कहि णं भंते! आरण-अच्चुया देवा परिवसंति ?**

**गोयमा ! आणय-पाणयाणं कप्पाणं उप्पिं सपक्खि सपडिदिसिं *जाव* उप्पइत्ता एत्थ णं आरणअच्चुया णामं दुवे कप्पा पण्णत्ता– पाईण-पडीणायया उदीण-दाहिणवित्थिण्णा**

अद्धचंदसंठाणसंठिया अच्चिमालीभासरासिवण्णाभा असंखेज्जाओ जोयणकोडाकोडीओ आयामविक्खंभेणं असंखेज्जाओ जोयणकोडाकोडीओ परिक्खेवेणं सव्वरयणामया अच्छा सण्हा लण्हा घट्ठा मट्ठा णीरया णिम्मला णिप्पंका णिक्कंकडच्छाया सप्पभा सस्सिरीया सउज्जोया पासाईया दरिसणिज्जा अभिरूवा पडिरूवा, एत्थ णं आरण-अच्चुयाणं देवाणं तिण्णि विमाणावाससया हवंतीति मक्खायं ।

ते णं विमाणा सव्वरयणामया अच्छा सण्हा लण्हा घट्ठा मट्ठा णीरया णिम्मला णिप्पंका णिक्कंकडच्छाया सप्पभा सस्सिरीया सउज्जोया पासाईया दरिसणिज्जा अभिरूवा पडिरूवा । तेसि णं विमाणाणं बहुमज्झदेसभाए पंच वडेंसगा पण्णत्ता, तं जहा- अंकवडेंसए फलिहवडेंसए रयणवडेंसए जायरूववडेंसए मज्झे य इत्थ अच्चुयवडेंसए । ते णं वडेंसया सव्वरयणामया *जाव* पडिरूवा । एत्थ णं आरणअच्चुयाणं देवाणं पज्जत्तापज्जत्ताणं ठाणा पण्णत्ता। तिसु वि लोगस्स असंखेज्जइभागे । तत्थ णं बहवे आरण-अच्चुया देवा *जाव* विहरंति।

अच्चुए य इत्थ देविंदे देवराया परिवसइ जहा पाणए *जाव* विहरइ । णवरं तिण्हं विमाणावाससयाणं दसण्हं सामाणियसाहस्सीणं चत्तालीसाए आयरक्खदेवसाहस्सीणं आहेवच्चं कुव्वमाणे *जाव* विहरइ ।

बत्तीस अट्ठवीसा, बारस अट्ठ चउरो सयसहस्सा ।
पण्णा चत्तालीसा, छच्च सहस्सा सहस्सारे ॥ २२ ॥

आणय-पाणयकप्पे, चत्तारि सयारणच्चुए तिण्णि ।
सत्त विमाणसयाइं, चउसु वि एएसु कप्पेसु ॥ २३ ॥

चउरासीइ असीई, बावत्तरि सत्तरी य सट्ठी य ।
पण्णा चत्तालीसा, तीसा वीसा दस सहस्सा ॥ २४ ॥

एते चेव आयरक्खा चउगुणा ।

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્ત અને અપર્યાપ્ત આરણ-અચ્યુત દેવોનાં સ્થાન ક્યાં છે ? હે ભગવન્ ! આરણ-અચ્યુત દેવો ક્યાં નિવાસ કરે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! આણત-પ્રાણત કલ્પોની ઉપર સમાન દિશા અને સમાન વિદિશામાં ઉપર આરણ અને અચ્યુત નામના બે કલ્પ છે. તે પૂર્વ-પશ્ચિમ લાંબા છે અને ઉત્તર-દક્ષિણ પહોળા છે. અર્ધ ચંદ્રના આકારે સંસ્થિત અને સૂર્યની તેજો રાશિ સમાન પ્રભાયુક્ત છે. તેની લંબાઈ-પહોળાઈ અસંખ્યાત ક્રોડાક્રોડી યોજન તથા પરિધિ પણ અસંખ્યાત ક્રોડાક્રોડી યોજનની છે.

તે દેવલોક પૂર્ણતઃ રત્નમય, સ્વચ્છ, સ્નિગ્ધ, કોમળ, ઘસેલા, સાફ કરેલા(સુંવાળા કરેલાં), રજ રહિત, નિર્મળ, નિષ્પંક, નિરાવરણ, કાંતિથી યુક્ત, પ્રભામય, શ્રીસંપન્ન, ઉદ્યોતમય, પ્રસન્નતાજનક, દર્શનીય, મનોરમ્ય અને મનોહર છે. ત્યાં આરણ–અચ્યુત કલ્પવાસી દેવોના ત્રણસો વિમાન કહ્યા છે.

તે વિમાનો પૂર્ણતઃ રત્નમય, સ્વચ્છ, સ્નિગ્ધ, કોમળ, ઘસેલા, સાફ કરેલા(સુંવાળા કરેલાં), રજ

રહિત, નિર્મળ, નિષ્પંક, નિરાવરણ, કાંતિથી યુક્ત, પ્રભામય, શ્રીસંપન્ન, ઉદ્યોતમય, પ્રસન્નતાજનક, દર્શનીય, મનોરમ્ય અને મનોહર છે. આ વિમાનોની બરોબર મધ્યમાં પાંચ અવતંસક છે. તે આ પ્રમાણે છે– (૧) અંકાવતંસક, (૨) સ્ફટિકાવતંસક, (૩) રત્નાવતંસક, (૪) જાતરૂપાવતંસક અને ચારેની મધ્યમાં (૫) અચ્યુતાવતંસક છે. આ અવતંસક સર્વ રત્નમય છે ***યાવત્*** પ્રતિરૂપ છે. તેમાં આરણ અને અચ્યુત દેવોના પર્યાપ્ત તથા અપર્યાપ્ત દેવોના સ્થાન છે. આ દેવો ઉપપાતાદિ ત્રણેય અપેક્ષાથી લોકના અસંખ્યાતમા ભાગમાં છે. તે વિમાનોમાં ઘણા આરણ અને અચ્યુત દેવો ***યાવત્*** વિચરણ કરે છે.

આ જ અચ્યુતાવતંસકમાં દેવેન્દ્ર દેવરાજ અચ્યુતેન્દ્ર નિવાસ કરે છે. તેનું સમગ્ર વર્ણન પ્રાણતેન્દ્રની સમાન જાણવું ***યાવત્*** વિચરણ કરે છે. વિશેષતા એ છે કે અચ્યુતેન્દ્ર ત્રણસો વિમાનાવાસોનું, દશ હજાર સામાનિક દેવોનું તથા ચાલીસ હજાર આત્મરક્ષક દેવોનું આધિપત્ય કરતાં વિચરણ કરે છે.

**ગાથાર્થ**– (૧) બત્રીસ લાખ (૨) અઠ્યાવીશ લાખ (૩) બાર લાખ (૪) આઠ લાખ (૫) ચાર લાખ (૬) પચાસ હજાર (૭) ચાલીસ હજાર (૮) સહસ્રાર કલ્પમાં છ હજાર ॥ **૨૨** ॥ (૯-૧૦) આણત-પ્રાણત કલ્પોમાં ચારસો, (૧૧-૧૨) આરણ-અચ્યુત કલ્પોમાં ત્રણસો વિમાન હોય છે. અંતિમ આ ચાર કલ્પોમાં (કુલ મળીને ૪૦૦+૩૦૦ = ૭૦૦) સાતસો વિમાન હોય છે. ॥ **૨૩** ॥ (૧) ચોર્યાશી હજાર, (૨) એંશી હજાર, (૩) બોત્તેર હજાર (૪) સિત્તેર હજાર, (૫) સાઠ હજાર, (૬) પચાસ હજાર, (૭) ચાલીસ હજાર, (૮) ત્રીસ હજાર, (૯-૧૦) વીશ હજાર, (૧૧-૧૨) આરણ-અચ્યુતમાં દશ હજાર ક્રમશઃ સામાનિક દેવો છે. ॥ **૨૪** ॥ આ બારે દેવલોકમાં આત્મરક્ષક દેવો સામાનિક દેવોથી ચાર-ચાર ગુણા હોય છે.

**૬૮ कहि णं भंते ! हेट्ठिमगेवेज्जगदेवाणं पज्जत्ताअपज्जत्ताणं ठाणा पण्णत्ता ? कहि णं भंते! हेट्ठिमगेवेज्जगा देवा परिवसंति ?**

**गोयमा! आरणअच्चुयाणं कप्पाणं उप्पिं** *जाव* **उड्ढं दूरं उप्पइत्ता एत्थ णं हेट्ठिमगेवेज्जगाणं देवाणं तओ गेवेज्जगविमाणपत्थडा पण्णत्ता– पाईण-पडीणायया उदीण-दाहिणवित्थिण्णा पडिपुण्णचंदसंठाणसंठिया अच्चिमाली-भासरासिवण्णाभा सेसं जहा बंभलोए** *जाव* **पडिरूवा । तत्थ णं हेट्ठिमगेवेज्जगाणं देवाणं एक्कारसुत्तरे विमाणावाससए हवंतीति मक्खायं । ते णं विमाणा सव्वरयणामया** *जाव* **पडिरूवा । एत्थ णं हेट्ठिमगेवेज्जगाणं देवाणं पज्जत्ताअपज्जत्ताणं ठाणा पण्णत्ता । तिसु वि लोगस्स असंखिज्जइभागे । तत्थ णं बहवे हेट्ठिमगेवेज्जगा देवा परिवसंति सव्वे समिड्ढिया सव्वे समज्जुइया सव्वे समजसा सव्वे समबला सव्वे समाणुभावा महासोक्खा अणिंदा अप्पेस्सा अपुरोहिया अहमिंदा णामं ते देवगणा पण्णत्ता समणाउसो ! ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! પર્યાપ્ત અને અપર્યાપ્ત અધસ્તન ગ્રૈવેયક દેવોના સ્થાન ક્યાં છે ? હે ભગવન્ ! અધસ્તન ગ્રૈવેયક દેવો ક્યાં નિવાસ કરે છે ?

**ઉત્તર**– હે ગૌતમ ! આરણ અને અચ્યુત કલ્પોથી અનેક કોટાકોટિ યોજન ઉપર અધસ્તન (નીચલી) ગ્રૈવેયક દેવોના ત્રણ ગ્રૈવેયક વિમાન પ્રસ્તટ છે; તે પૂર્વ-પશ્ચિમ લાંબા અને ઉત્તર-દક્ષિણ પહોળા છે. તે (વિમાનો) પરિપૂર્ણ ચંદ્રના આકારે સંસ્થિત છે, સૂર્યની તેજોરાશિના વર્ણ જેવી પ્રભા યુક્ત છે, શેષ વર્ણન બ્રહ્મલોક કલ્પની સમાન છે ***યાવત્*** પ્રતિરૂપ છે. તેમાં અધસ્તન ગ્રૈવેયક દેવોના એકસો

અગિયાર(૧૧૧) વિમાનો છે, એમ તીર્થંકર ભગવંતોએ કહ્યું છે. તે વિમાનો પૂર્ણરૂપે રત્નમય ***યાવત્*** પ્રતિરૂપ છે. ત્યાં પર્યાપ્ત અને અપર્યાપ્ત અધસ્તન ગ્રૈવેયક દેવોનાં સ્થાન છે. તે દેવોના સ્થાન ત્રણેય અપેક્ષાએ લોકના અસંખ્યાતમા ભાગમાં છે. તેમાં ઘણા અધસ્તન ગ્રૈવેયક દેવો નિવાસ કરે છે. તેઓ બધા સમાન ઋદ્ધિવાળા, સમાન દ્યુતિ- વાળા, સમાન યશસ્વી, સમાન બળવાન, સમાન પ્રભાવવાળા, મહાસુખી, ઈન્દ્રરહિત, દાસરહિત, પુરોહિત રહિત હોય છે. હે આયુષ્યમાન્ શ્રમણો ! તે દેવગણો અહમિન્દ્ર નામથી ઓળખાય છે.

**૬૯ कहि णं भंते ! मज्झिमगाणं गेवेज्जगदेवाणं पज्जत्ताअपज्जत्ताणं ठाणा पण्णत्ता? कहि णं भंते ! मज्झिमगेवेज्जगा देवा परिवसंति ?**

**गोयमा ! हेट्ठिमगेवेज्जगाणं उप्पिं सपक्खि सपडिदिसिं** *जाव* **उप्पइत्ता एत्थ णं मज्झिमगेवेज्जगदेवाणं तओ गेविज्जगविमाणपत्थडा पण्णत्ता- पाईण-पडीणायया जहा हेट्ठिमगेवेज्जगाणं णवरं सत्तुत्तरे विमाणावाससए हवंतीति मक्खायं । ते णं विमाणा** *जाव* **पडिरूवा । एत्थ णं मज्झिमगेवेज्जगाणं देवाणं** *जाव* **तिसु वि लोगस्स असंखेज्जइभागे । तत्थ णं बहवे मज्झिमगेवेज्जगा देवा परिवसंति** *जाव* **अहमिंदा णामं ते देवगणा पण्णत्ता समणाउसो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્ત અને અપર્યાપ્ત મધ્યમ ગ્રૈવેયક દેવોનાં સ્થાન ક્યાં છે ? હે ભગવન્ ! મધ્યમ ગ્રૈવેયક દેવો ક્યાં રહે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! અધસ્તન ગ્રૈવેયકોની ઉપર સમાન દિશા અને સમાન વિદિશામાં અનેક કોટાકોટિ યોજન ઉપર ઊંચે મધ્યમ ગ્રૈવેયક દેવોના ત્રણ ગ્રૈવેયક વિમાન પ્રસ્તટ છે; તે પૂર્વ-પશ્ચિમ લાંબા છે, તેનું વર્ણન અધસ્તન ગ્રૈવેયકની સમાન છે. વિશેષતા એ છે કે તેમાં એકસો સાત(૧૦૭) વિમાનાવાસો છે. તે વિમાનો રત્નમય ***યાવત્*** પ્રતિરૂપ છે. તે વિમાનાવાસમાં પર્યાપ્ત અને અપર્યાપ્ત મધ્યમ ગ્રૈવેયક દેવોના સ્થાન છે. તે દેવો ત્રણેય અપેક્ષાએ લોકના અસંખ્યાતમા ભાગમાં છે. ત્યાં ઘણા મધ્યમ ગ્રૈવેયકના દેવો નિવાસ કરે છે ***યાવત્*** હે આયુષ્યમાન શ્રમણો ! આ દેવગણો અહમિન્દ્ર કહેવાય છે.

**૭૦ कहि णं भंते ! उवरिमगेवेज्जगदेवाणं पज्जत्ताअपज्जत्ताणं ठाणा पण्णत्ता ? कहि णं भंते! उवरिमगेवेज्जगा देवा परिवसंति ?**

**गोयमा ! मज्झिमगेवेज्जगदेवाणं उप्पिं** *जाव* **उप्पइत्ता एत्थ णं उवरिमगेवेज्जगाणं देवाणं तओ गेविज्जगविमाणपत्थडा पण्णत्ता- पाईण-पडीणायया सेसं जहा हेट्ठिमगेविज्जगाणं, णवरं- एगे विमाणावाससए भवंतीति मक्खायं । सेसं तहेव भाणियव्वं** *जाव* **अहमिंदा णामं ते देवगणा पण्णत्ता समणाउसो ।**

**एक्कारसुत्तरं हेट्ठिमेसु सत्तुत्तरं च मज्झिमए ।**
**सयमेगं उवरिमए पंचेव अणुत्तरविमाणा ॥ २५ ॥**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્ત અને અપર્યાપ્ત ઉપરિતન ગ્રૈવેયક દેવોનાં સ્થાન ક્યાં છે ? હે ભગવન્ ! ઉપરિતન ગ્રૈવેયકના દેવો ક્યાં નિવાસ કરે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! મધ્યમ ગ્રૈવેયકોની ઉપર ***યાવત્*** અનેક કોટાકોટિ યોજન ઉપર ઉપરિતન

ગ્રૈવેયક દેવોના ત્રણ ગ્રૈવેયક વિમાન પ્રસ્તટ છે; તે પૂર્વ-પશ્ચિમ લાંબા છે. શેષ વર્ણન અધસ્તન ગ્રૈવેયક પ્રમાણે જાણવું. વિશેષતા એ છે કે તેના સો વિમાનાવાસ છે એમ તીર્થંકર ભગવંતોએ કહ્યું છે. શેષ વર્ણન પૂર્વવત્ છે ***યાવત્*** હે આયુષ્યમાન શ્રમણો ! તે દેવગણો અહમિન્દ્ર કહેવાય છે.

**ગાથાર્થ**– અધસ્તન ગ્રૈવેયકોમાં એકસો અગિયાર, મધ્યમ ગ્રૈવેયકોમાં એકસો સાત, ઉપરિતન ગ્રૈવયકોમાં એક સો અને અનુત્તરોપપાતિક દેવોના પાંચ વિમાનો છે. ॥ **૨૫** ॥

**૭૧ कहि णं भंते ! अणुत्तरोववाइयाणं देवाणं पज्जत्ताअपज्जत्ताणं ठाणा पण्णत्ता ? कहि णं भंते ! अणुत्तरोववाइया देवा परिवसंति ?**

**गोयमा ! इमीसे रयणप्पभाए पुढवीए बहुसमरमणिज्जाओ भूमिभागाओ उड्ढं चंदिम-सूरिय-गह-णक्खत्त-तारारूवाणं बहूइं जोयणसयाइं बहूइं जोयणसहस्साइं बहूइं जोयणसयसहस्साइं बहुगाओ जोयणकोडीओ बहुगाओ जोयणकोडाकोडीओ उड्ढं दूरं उप्पइत्ता सोहम्मीसाण-सणंकुमार-माहिंद-बंभलोय-लंतग-महासुक्क-सहस्सार-आणय-पाणय-आरण-अच्चुयकप्पा तिण्णि य अट्ठारसुत्तरे गेविज्जविमाणावाससए वीईवइत्ता तेण परं दूरं गंता णीरया णिम्मला वितिमिरा विसुद्धा पंचदिसिं पंच अणुत्तरा महइमहालया विमाणा पण्णत्ता, तं जहा– विजये वेजयंते जयंते अपराजिए सव्वट्ठसिद्धे ।**

**ते णं विमाणा सव्वरयणामया अच्छा सण्हा घट्ठा मट्ठा णीरया णिम्मला णिप्पंका णिक्कंकडच्छाया सप्पभा सस्सिरीया सउज्जोया पासाईया दरिसणिज्जा अभिरूवा पडिरूवा। तत्थ णं अणुत्तरोववाइयाणं देवाणं पज्जत्ताअपज्जत्ताणं ठाणा पण्णत्ता । तिसु वि लोगस्स असंखेज्जइभागे । तत्थ णं बहवे अणुत्तरोववाइया देवा परिवसंति सव्वे समिड्ढिया सव्वे समबला सव्वे समाणुभावा महासोक्खा अणिंदा अपेस्सा अपुरोहिया अहमिंदा णामं ते देवगणा पण्णत्ता समणाउसो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! પર્યાપ્ત અને અપર્યાપ્ત અનુત્તરોપપાતિક દેવોનાં સ્થાન ક્યાં છે ? હે ભગવન્ ! અનુત્તરોપાતિક દેવો ક્યાં નિવાસ કરે છે ?

**ઉત્તર**– હે ગૌતમ ! આ રત્નપ્રભા પૃથ્વીના બહુસમરમણીય ભૂમિભાગથી ઉપર, ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર અને તારારૂપ જ્યોતિષી દેવોના વિમાનોથી અનેક સો યોજન, અનેક હજારો યોજન, અનેક લાખો યોજન, અનેક કરોડ યોજન, અનેક ક્રોડાક્રોડી યોજન ઉપર, સૌધર્મ, ઈશાન, સનત્કુમાર, માહેન્દ્ર, બ્રહ્મલોક, લાંતક, મહાશુક્ર, સહસ્રાર, આનત, પ્રાણત, આરણ અને અચ્યુત કલ્પો તથા ત્રણેય ગ્રૈવેયક પ્રસ્તટોના ત્રણસો અઢાર(૩૧૮) વિમાનાવાસોથી ઊંચે સુદૂર સ્થિત પાંચ દિશાઓમાં(ચાર દિશા અને મધ્યમાં) રજરહિત, નિર્મળ, અંધકારરહિત અને વિશુદ્ધ પાંચ મોટા અનુત્તર મહાવિમાનો છે, તે આ પ્રમાણે છે– (૧) વિજય (૨) વૈજયન્ત (૩) જયન્ત (૪) અપરાજિત અને (૫) સર્વાર્થસિદ્ધ મહાવિમાન.

આ વિમાનો પૂર્ણરૂપે રત્નમય, સ્ફટિકસમ સ્વચ્છ, સ્નિગ્ધ, કોમળ, ઘસેલા, સાફ કરેલા સુંવાળા, રજ રહિત, નિષ્પંક, નિરાવરણ, છાયા યુક્ત, પ્રભાયુક્ત, શ્રીસંપન્ન, ઉદ્યોત યુક્ત, પ્રસન્નતાજનક, દર્શનીય, મનોરમ્ય અને મનોહર છે. ત્યાં પર્યાપ્ત અને અપર્યાપ્ત અનુત્તરોપપાતિક દેવોના સ્થાન છે. આ સ્થાન

ત્રણેય અપેક્ષાએ લોકના અસંખ્યાતમા ભાગમાં છે. ત્યાં ઘણા અનુત્તરોપપાતિક દેવો નિવાસ કરે છે. હે આયુષ્યમાન શ્રમણો! તેઓ બધા સમાન ઋદ્ધિસંપન્ન, સમાન બળસંપન્ન, સમાન પ્રભાવશાળી, મહાસુખી, ઈન્દ્ર રહિત, દાસરહિત, પુરોહિત રહિત છે. તે દેવગણો અહમિન્દ્રના નામે ઓળખાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં વૈમાનિક દેવોના સ્થાનો, તેના આવાસરૂપ વિમાનો, તેની સંખ્યા, સ્વરૂપ, તેના ઈન્દ્રો, ઋદ્ધિ આદિનું નિરૂપણ છે.

**વૈમાનિક દેવોના ભેદ :–** બાર દેવલોક, ત્રણ કિલ્વીષી, નવ લોકાંતિક, નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તર વિમાન, કુલ ૩૮ ભેદ થાય છે. ત્રણ કિલ્વીષી અને નવ લોકાન્તિક દેવોના સ્થાનો બાર દેવલોકની અંતર્ગત આવી જતા હોવાથી પ્રસ્તુત પ્રસંગમાં તેનું અલગ કથન નથી.

**વૈમાનિક દેવોના સ્થાન :–** વૈમાનિકદેવોના આવાસરૂપ વિમાનો ઊર્ધ્વલોકમાં છે. સમપૃથ્વીથી ૯૦૦ યોજનની ઊંચાઈ પર્યંત તિર્ચ્છાલોકનું ક્ષેત્ર છે. ત્યાં સુધીમાં જ્યોતિષી દેવોના વિમાનો છે. ઊર્ધ્વલોક કંઈક ન્યૂન સાત રજ્જુ પ્રમાણ છે. તેમાં વૈમાનિક દેવોના વિમાનો, સિદ્ધશિલા અને સિદ્ધક્ષેત્ર છે.

**ઊર્ધ્વલોક–વૈમાનિક દેવોના સ્થાન :–**



**સૌધર્મ અને ઈશાન દેવલોક :–** સમ પૃથ્વીથી લગભગ એક રજ્જુની ઊંચાઈએ, જ્યોતિષી દેવોના વિમાનોથી અસંખ્યાત ક્રોડાકોડી યોજન ઉપર સૌધર્મ અને ઈશાન નામના બે દેવલોક છે.

મેરુ પર્વતની દક્ષિણ દિશામાં સૌધર્મ દેવલોક અને ઉત્તરદિશામાં ઈશાન દેવલોક છે. બંને દેવલોક અર્ધચંદ્રાકારે સંસ્થિત છે અને એક જ સપાટીએ સંલગ્ન હોવાથી બંને મળીને પૂર્ણ ચંદ્રકાર થઈ જાય છે.

તે દેવલોકની લંબાઈ-પહોળાઈ અસંખ્યાત યોજન અને પરિધિ પણ અસંખ્યાત યોજન છે. તે દેવલોકમાં પણ નરકની જેમ પ્રસ્તટ–પાથડા અને આંતરા હોય છે. એક એક પ્રસ્તટમાં દેવવિમાનો હોય છે. સૌધર્મ અને ઈશાન દેવલોકમાં તેર-તેર પ્રસ્તટ છે.

**સૌધર્મ દેવલોકના તેર પ્રતર :–**




સૌધર્મ અને ઈશાન બંને દેવલોક મળીને પૂર્ણચંદ્રાકાર થાય છે. તેમાં દક્ષિણદિશાના અર્ધચંદ્રાકાર પ્રતરો સૌધર્મ દેવલોકના અને ઉત્તરદિશાના અર્ધચંદ્રાકાર પ્રતરો ઈશાનદેવલોકના છે.

**દેવલોકનું એક પ્રતર :–**




તે પ્રત્યેકની મધ્યમાં એક ઈન્દ્રક વિમાન હોય છે અને તેની ચારે દિશામાં પંક્તિબદ્ધ ગોળ, ત્રિકોણ અને ચોરસ વિમાનો હોય છે. તે ઉપરાંત પુષ્પાવકીર્ણ(છૂટાછવાયા) વિમાનો ચારે બાજુ હોય છે. વિશેષ

વર્ણન માટે જુઓ શ્રી જીવાભિગમસૂત્ર. પ્રથમ સૌધર્મ દેવલોકમાં ૩૨ લાખ અને બીજા ઈશાન દેવલોકમાં ૨૮ લાખ વિમાનો છે. તે વિમાનોનું સ્વરૂપ ભાવાર્થથી સ્પષ્ટ છે.

તે વિમાનોની મધ્યમાં પાંચ અવતંસક એટલે મુખ્ય પ્રાસાદ હોય છે. ચારે દિશામાં ચાર અને મધ્યમાં એક મુખ્ય પ્રાસાદ હોય છે. તે મધ્યના પ્રાસાદમાં ઈન્દ્ર અથવા તે તે વિમાનના અધિપતિ દેવ રહે છે.

**સનત્કુમાર અને માહેન્દ્ર દેવલોક :–** સમપૃથ્વીથી લગભગ બે રજ્જુની ઊંચાઈએ પ્રથમ અને બીજા દેવલોકથી અસંખ્યાત કોટાકોટિ યોજન ઊંચે, બરોબર તેની ઉપર દક્ષિણદિશામાં સનત્કુમાર અને ઉત્તરદિશામાં માહેન્દ્ર દેવલોક છે. તે બંને અર્ધચંદ્રાકારે સંસ્થિત છે. તે બંને મળીને પૂર્ણચંદ્રાકાર થાય છે. તે દેવલોકમાં બાર પ્રસ્તટ–પ્રતરો છે. તેમાં પણ મધ્યમાં ઈન્દ્રક વિમાન છે, તેની ચારે દિશામાં પંક્તિબદ્ધ વિમાનો અને પ્રકીર્ણક વિમાનો છે. તે સર્વ મળીને ત્રીજા દેવલોકમાં બાર લાખ વિમાનો અને ચોથા દેવલોકમાં આઠ લાખ વિમાનો છે.

**બ્રહ્મલોક-લાન્તક-મહાશુક્ર-સહસ્રાર દેવલોક :–** ત્યાંથી ક્રમશઃ અસંખ્યાત-અસંખ્યાત કોટાકોટિ યોજનની ઊંચાઈએ અને સમપૃથ્વીથી લગભગ ત્રણ રજ્જુની ઊંચાઈએ ત્રીજા અને ચોથા દેવલોકની બરોબર સીધી લાઈનમાં પાંચમો બ્રહ્મલોક દેવલોક છે. તેની ઉપર અર્થાત્ સમપૃથ્વીથી ચોથા રજ્જુમાં ક્રમશઃ છટ્ઠો લાન્તક, સાતમો મહાશુક્ર અને આઠમો સહસ્રાર દેવલોક છે. તે દેવલોક પૂર્ણ ચંદ્રાકારે સંસ્થિત છે. તેમાં ક્રમશઃ છ, પાંચ, ચાર અને ચાર પ્રતરો છે. તેની મધ્યમાં ઈન્દ્રક વિમાન છે. પંક્તિબદ્ધ અને પુષ્પાવકીર્ણ વિમાનો પાંચમા દેવલોકમાં ચાર લાખ છે, છટ્ઠા દેવલોકમાં પચ્ચાસ હજાર, સાતમા મહાશુક્ર દેવલોકમાં ચાલીશ હજાર, આઠમા સહસ્રાર દેવલોકમાં છ હજાર વિમાનો છે.

**નવ લોકાન્તિક દેવોના સ્થાન :–** પાંચમા દેવલોકમાં છ પ્રસ્તટ છે. તેમાં ત્રીજા રિષ્ટ નામના પ્રસ્તટમાં નવ લોકાન્તિક દેવોના સ્થાન છે.

**ત્રણ કિલ્વિષીના સ્થાન :–** ત્રણ પલ્યોપમની સ્થિતિવાળા પહેલા કિલ્વીષી દેવોના સ્થાન પહેલા અને બીજા દેવલોકના નીચેના પ્રસ્તટમાં છે. ત્રણ સાગરોપમની સ્થિતિવાળા બીજા કિલ્વીષીદેવોના સ્થાન ત્રીજા અને ચોથા દેવલોકના નીચેના પ્રસ્તટમાં અને તેર સાગરોપમની સ્થિતિવાળા ત્રીજા કિલ્વીષી દેવોના સ્થાન છટ્ઠા દેવલોકના નીચેના પ્રસ્તટમાં છે.

**આણત-પ્રાણત-આરણ-અચ્યુત દેવલોક :–** સમપૃથ્વીથી લગભગ પાંચ રજ્જુની ઊંચાઈએ અને સહસ્રાર દેવલોકથી અસંખ્યાત ક્રોડાક્રોડ યોજનની ઊંચાઈએ દક્ષિણદિશામાં નવમો આણત અને ઉત્તર દિશામાં દશમો પ્રાણત દેવલોક છે. તે બંને દેવલોક સમાન સપાટીએ, અર્ધચંદ્રાકારે સંસ્થિત છે. બંને મળીને પૂર્ણ ચંદ્રાકાર થાય છે. તેમાં ચાર પ્રતરો છે. તેની મધ્યમાં ઈન્દ્રક વિમાન છે, પંક્તિબદ્ધ તથા પુષ્પાવકીર્ણ વિમાનો તે બંને દેવલોકના મળીને ૪૦૦ છે. ત્યાંથી અસંખ્યાત ક્રોડાક્રોડ યોજનની ઊંચાઈએ આણત-પ્રાણત દેવલોકની બરોબર ઉપર દક્ષિણદિશામાં અગિયારમો આરણ અને ઉત્તરદિશામાં બારમો અચ્યુત દેવલોક છે. તેમાં પણ ચાર પ્રતર છે, તેની મધ્યમાં ઈન્દ્રક વિમાન છે. પુષ્પાવકીર્ણ અને પંક્તિબદ્ધ વિમાનો બંને દેવલોકના મળીને ૩૦૦ છે. આ રીતે સમપૃથ્વીથી પાંચ રજ્જુ પ્રમાણ ઊંચાઈમાં બાર દેવલોક સ્થિત છે.

**નવ ગ્રૈવેયક વિમાન :–** અચ્યુત દેવલોકથી અસંખ્યાત ક્રોડાક્રોડી યોજનની ઊંચાઈએ અને સમપૃથ્વીથી છટ્ઠા રજ્જુની ઊંચાઈએ ત્રણ-ત્રિકમાં નવ ગ્રૈવેયક વિમાન છે. પ્રત્યેક ગ્રૈવેયક એક-એક પ્રતર રૂપ છે. તેથી ત્રણે ત્રિકમાં ત્રણ-ત્રણ પ્રતર છે, તેમાં અન્ય પ્રતરો નથી. પ્રથમ ત્રિકને અધસ્તન ત્રિક કહે છે. તેમાં એકસો અગિયાર વિમાનો, બીજી ત્રિકને મધ્યમ ત્રિક કહે છે તેમાં એકસો સાત વિમાનો, ત્રીજી ત્રિકને ઉપરિસ્તન

ત્રિક કહે છે તેમાં એકસો વિમાનો છે. આ રીતે નવગ્રૈવેયકમાં કુલ મળીને ૩૧૮ વિમાનો છે. ત્યાંના દેવો અહમિન્દ્ર હોવાથી ત્યાં ઈન્દ્રક વિમાન નથી.

**અનુત્તર વિમાન :–** સમપૃથ્વીથી લગભગ સાત રજ્જુની ઊંચાઈએ ચૌદ રજ્જુ પ્રમાણ લોકના અંતિમ રજ્જૂના ક્ષેત્રમાં પાંચ અનુત્તર વિમાન, સિદ્ધશિલા અને સિદ્ધક્ષેત્રનો સમાવેશ થાય છે. તેમાં નવ ગ્રૈવેયક વિમાનોથી દૂર ઊંચે મધ્યમાં એક લાખ યોજન લાંબુ-પહોળું સર્વાર્થસિદ્ધ વિમાન છે અને તેની ચારે દિશામાં અસંખ્યાત યોજન લાંબા-પહોળા ચાર અનુત્તર વિમાનો છે. તેમાં અન્ય પ્રતરો કે અન્ય વિમાનો નથી.

આ રીતે પ્રથમ દેવલોકથી અનુત્તર વિમાન પર્યંતના દેવલોકમાં ક્રમશઃ ૩૨ લાખ + ૨૮ લાખ + ૧૨ લાખ+ ૮ લાખ + ૪ લાખ + ૫૦,૦૦૦+૪૦,૦૦૦+૬૦૦૦+૪૦૦ + ૩૦૦ + ૩૧૮ + ૫ = ૮૪, ૯૭, ૦૨૩(ચોરાસી લાખ, સત્તાણુ હજાર, ત્રેવીસ) વૈમાનિક દેવોના વિમાનો છે. તેમાંથી કેટલાક વિમાનો સંખ્યાત યોજન અને કેટલાક વિમાનો અસંખ્યાત યોજન વિસ્તૃત છે. તે વિમાનોમાં વૈમાનિક દેવો નિવાસ કરે છે.

**વૈમાનિક દેવોના સ્થાન :–** તેના સ્વસ્થાન, ઉપપાતસ્થાન અને સમુદ્‌ઘાતસ્થાન લોકના અસંખ્યાતમા ભાગમાં છે.

**સ્વસ્થાન :–** ઉપરોક્ત દેવલોકમાં સવાર્થસિદ્ધવિમાનને છોડીને સર્વ દેવલોક અસંખ્યાત યોજન વિસ્તૃત છે. સર્વાર્થસિદ્ધ વિમાન સંખ્યાત યોજન વિસ્તૃત છે, તે ૧૪ રજ્જુ પ્રમાણ લોકનો અસંખ્યાતમો ભાગ થાય છે. તેથી વૈમાનિક દેવોના સ્વસ્થાન લોકના અસંખ્યાતમા ભાગમાં છે.

**ઉપપાત :–** સંજ્ઞી તિર્યંચ અને સંજ્ઞી મનુષ્ય જ વૈમાનિક દેવોમાં ઉત્પન્ન થાય છે. તેનું ઉપપાતક્ષેત્ર લોકનો અસંખ્યાતમો ભાગ થાય છે.

**સમુદ્‌ઘાત :–** પ્રથમ બે દેવલોકના દેવો બાદર પૃથ્વી, પાણી, વનસ્પતિમાં ઉત્પન્ન થઈ શકે છે. તે સિવાય સર્વ દેવો સંજ્ઞી તિર્યંચ અને મનુષ્યમાં જ ઉત્પન્ન થાય છે. તેથી તે મારણાંતિક સમુદ્‌ઘાતની અપેક્ષાએ પણ લોકના અસંખ્યાતમા ભાગમાં જ હોય છે.

**વૈમાનિક ઈન્દ્રો :–** વૈમાનિક જાતિના દેવોમાં દશ ઈન્દ્રો છે. પ્રથમ આઠ દેવલોકમાં એક-એક ઈન્દ્ર છે, તે આઠ ઈન્દ્ર. નવમા-દશમા દેવલોક વચ્ચે એક ઈન્દ્ર તથા અગિયારમા-બારમા દેવલોક વચ્ચે એક ઈન્દ્ર છે; આ રીતે કુલ ૧૦ ઈન્દ્રો વૈમાનિક દેવોમાં છે. પ્રથમ દેવલોકના ઈન્દ્રનું નામ શક્રેન્દ્ર છે. તેના મુગટમાં મૃગનું ચિહ્ન હોય છે. ત્યાર પછી પણ વિમાનના નામ અનુસાર જ તેના ઈન્દ્રના નામ છે. જેમ કે– ઈશાન દેવલોકના ઈશાનેન્દ્ર વગેરે. પ્રત્યેક ઈન્દ્રના મુગટમાં એક વિશેષ પ્રકારનું ચિહ્ન હોય છે. તેનાથી તેની ઓળખ થાય છે. ઈશાનેન્દ્રના મુગટમાં મહિષ, સનત્કુમારેન્દ્રના મુગટમાં વરાહ, માહેન્દ્રના મુગટમાં સિંહ, બ્રહ્મલોકેન્દ્રના મુગટમાં બકરો, લાન્તકેન્દ્રના મુગટમાં દર્દુર, મહાશુક્રેન્દ્રના મુગટમાં અશ્વ અને સહસ્રારેન્દ્રના મુગટમાં ગજરાજનું ચિહ્ન હોય છે. તે તે દેવલોકના સર્વ દેવોના મુગટમાં પણ તે તે ચિહ્ન હોય છે. નવમા અને દશમા દેવલોકના પ્રાણતેન્દ્રના મુગટમાં ભુજંગ–સર્પનું ચિહ્ન હોય છે અને અગિયારમા અને બારમા દેવલોકના અચ્યુતેન્દ્રના મુગટમાં ગેંડાનું ચિહ્ન હોય છે. તેમ છતાં સામાન્ય દેવોના આ ચારે ય દેવોલોકમાં મુકુટ ચિહ્ન જુદા-જુદા હોય છે.

નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તર વિમાનોના દેવોમાં સ્વામી-સેવકનો ભેદ નથી. ત્યાં ઈન્દ્ર, સામાનિક, ત્રાયસ્ત્રિંશક આદિ દેવોની દશ પ્રકારની જાતિ નથી. બધા જ દેવો એક સમાન, સમાન ઋદ્ધિના ધારક, સમાન પ્રભાવશાળી છે. તેઓ સ્વયં પોતાના માલિક છે, તેથી તેમને અહમિન્દ્ર કહે છે.

## વૈમાનિક દેવોના વિમાન, ઈન્દ્ર તથા તેની ઋદ્ધિ આદિ :–

| દેવ. ક્રમ | દેવલોક નામ | ઈન્દ્ર | સમ પૃથ્વીથી દેવલોકની ઊંચાઈ | દેવલોક પ્રતર | દેવલોક સંસ્થાન | દેવલોક દિશા | વિમાન સંખ્યા | વિમાન ચિહ્ન | સામાનિક દેવો | આત્મરક્ષક દેવો | અગ્રમહિષી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | સૌધર્મ | શક્રેન્દ્ર | એક રજ્જુની | ૧૩ | અર્ધચંદ્ર | દક્ષિણ | ૩૨ લાખ | મૃગ | ૮૪, ૦૦૦ | ૩, ૩૬, ૦૦૦ | ૮ |
| ૨ | ઈશાન | ઈશાનેન્દ્ર | | | અર્ધચંદ્ર | ઉત્તર | ૨૮ લાખ | મહિષ | ૮૦, ૦૦૦ | ૩, ૨૦, ૦૦૦ | ૮ |
| ૩ | સનત્કુમાર | સનત્કુમારેન્દ્ર | બે રજ્જુની | ૧૨ | અર્ધચંદ્ર | દક્ષિણ | ૧૨ લાખ | વરાહ | ૭૨, ૦૦૦ | ૨, ૮૮, ૦૦૦ | × |
| ૪ | માહેન્દ્ર | માહેન્દ્ર | | | અર્ધચંદ્ર | ઉત્તર | ૮ લાખ | સિંહ | ૭૦, ૦૦૦ | ૨, ૮૦, ૦૦૦ | × |
| ૫ | બ્રહ્મલોક | બ્રહ્મલોકેન્દ્ર | ત્રણ રજ્જુની | ૬ | પૂર્ણચંદ્ર | મધ્યમાં | ૪ લાખ | બકરો | ૬૦, ૦૦૦ | ૨, ૪૦, ૦૦૦ | × |
| ૬ | લાન્તક | લાન્તકેન્દ્ર | ચાર રજ્જુની | ૫ | પૂર્ણચંદ્ર | મધ્યમાં | ૫૦, ૦૦૦ | દર્દુર | ૫૦, ૦૦૦ | ૨, ૦૦, ૦૦૦ | × |
| ૭ | મહાશુક્ર | મહાશુક્રેન્દ્ર | | ૪ | પૂર્ણચંદ્ર | મધ્યમાં | ૪૦, ૦૦૦ | અશ્વ | ૪૦, ૦૦૦ | ૧, ૬૦, ૦૦૦ | × |
| ૮ | સહસ્રાર | સહસ્રારેન્દ્ર | | ૪ | પૂર્ણચંદ્ર | મધ્યમાં | ૬, ૦૦૦ | ગજ | ૩૦, ૦૦૦ | ૧, ૨૦, ૦૦૦ | × |
| ૯ | આણત | પ્રાણતેન્દ્ર | પાંચ રજ્જુની | ૪ | અર્ધચંદ્ર | દક્ષિણ | ૪૦૦ | ભુજંગ | ૨૦, ૦૦૦ | ૮૦, ૦૦૦ | × |
| ૧૦ | પ્રાણત | | | | અર્ધચંદ્ર | ઉત્તર | | ગેંડો | | | × |
| ૧૧ | આરણ | અચ્યુતેન્દ્ર | | ૪ | અર્ધચંદ્ર | દક્ષિણ | ૩૦૦ | વૃષભ | ૧૦, ૦૦૦ | ૪૦, ૦૦૦ | × |
| ૧૨ | અચ્યુત | | | | અર્ધચંદ્ર | ઉત્તર | | વિડિમ | | | |
| ૧૩-૧૫ | અધસ્તન ત્રિક ગ્રૈવેયક | × | છ રજ્જુની | ૩ | પૂર્ણચંદ્ર | મધ્યમાં ત્રિકરૂપે | ૧૧૧ | | × | × | × |
| ૧૬-૧૮ | મધ્યમ ત્રિક ગ્રૈવેયક | × | | ૩ | પૂર્ણચંદ્ર | મધ્યમાં ત્રિકરૂપે | ૧૦૭ | | × | × | × |
| ૧૯-૨૧ | ઉપરિતન ત્રિક ગ્રૈવેયક | × | | ૩ | પૂર્ણચંદ્ર | મધ્યમાં ત્રિકરૂપે | ૧૦૦ | | × | × | × |
| ૨૨-૨૫ | ચાર અનુત્તર વિમાન | × | સાત રજ્જુની | ૧ | પૂર્ણચંદ્ર | ચારે દિશામાં | ૪ | | × | × | × |
| ૨૬ | સર્વાર્થસિદ્ધ | × | | | પૂર્ણચંદ્ર | મધ્યમાં | ૧ | | × | × | × |

**શક્રેન્દ્રના પર્યાયવાચી નામ :– (૧) વજ્રપાણી–** જેના હાથમાં વજ્ર હોય તેને વજ્રપાણી કહે છે. શક્રેન્દ્રનું શસ્ત્ર વજ્ર હોવાથી તે વજ્રપાણિ કહેવાય છે. **(૨) પુરંદર–** અસુર આદિ દેવોના નગરોનું વિદારણ કરવાનું સામર્થ્ય હોવાથી પુરંદર કહેવાય છે. **(૩) શતક્રતુ–** સો અભિગ્રહને ધારણ કરનાર. શક્રેન્દ્રે પૂર્વના કાર્તિક શેઠના ભવમાં શ્રાવકની પાંચમી પ્રતિમારૂપ અભિગ્રહને સો વાર ધારણ કર્યા હોવાથી તે શતક્રતુ કહેવાય છે. **(૪) સહસ્રાક્ષ–** હજારો આંખોવાળા. પૂર્વભવમાં શક્રેન્દ્રના પાંચસો મંત્રીઓ તેમની સાથે દીક્ષિત થઈને દેવો થયા છે. તેમના નેત્ર ઇન્દ્રના પ્રયોજનસાધક છે. તેથી શક્રેન્દ્રને ૫૦૦ × ૨ = ૧૦૦૦ નેત્રોવાળા સહસ્રાક્ષ કહેવાય છે. **(૫) મઘવા–** મહામેઘ તેના વશમાં હોવાથી મઘવા કહેવાય છે. **(૬) પાકશાસન–** પાક નામના બલવાન શત્રુને પોતાની આજ્ઞાને આધીન કર્યો હોવાથી તે પાકશાસન કહેવાય છે. **(૭) દક્ષિણાર્ધ લોકાધિપતિ–** લોકના દક્ષિણ વિભાગના અધિપતિ હોવાથી દક્ષિણાર્ધલોકાધિપતિ કહેવાય છે. **(૮) ઐરાવણ વાહન–** ઐરાવણ નામનો હાથી તેનું વાહન હોવાથી ઐરાવણ વાહનવાળા કહેવાય છે.

**ઈશાનેન્દ્રના પર્યાયવાચી :– (૧) શૂલપાણિ–** જેના હાથમાં ત્રિશૂળ હોય તેને શૂલપાણિ કહે છે. ઈશાનેન્દ્રનું શસ્ત્ર ત્રિશૂળ હોવાથી તે શૂલપાણિ કહેવાય છે. **(૨) વૃષભવાહન–** વૃષભ-બળદ તેનું વાહન હોવાથી તેને વૃષભવાહન કહે છે. **(૩) ઉત્તરાર્ધ લોકાધિપતિ–** લોકના ઉત્તર વિભાગના અધિપતિ હોવાથી ઉત્તરાર્દ્ધ લોકાધિપતિ કહેવાય છે.

**વિશેષાર્થ :– सपक्खि** – જેના પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ રૂપ પક્ષ અર્થાત્ પાર્શ્વ ભાગ સમાન હોય, અર્થાત્ લંબાઈ-પહોળાઈ અને ગોળાઈ સમાન હોય તે **सपक्खिं**- કહેવાય છે. **सपडिदिसिं–** સર્વ દિશાઓમાં એક સીધી લાઈનમાં સંપૂર્ણપણે નીચે-ઉપર હોય, તે સપ્રતિદિશ કહેવાય છે.

**દેવોની દશ જાતિ :– (૧) ઇન્દ્ર–** બધા દેવોના નાયક, અધિપતિ, રાજા સમાન દેવને ઇન્દ્ર કહે છે. **(૨) સામાનિક–** ઇન્દ્રની સમાન ઋદ્ધિના ધારક(ગણમાન્ય) દેવોને સામાનિક દેવ કહે છે. **(૩) લોકપાલ–** કોટવાળ જેવા દેવોને લોકપાલ દેવ કહે છે.મુખ્યતઃ ચાર લોકપાલ હોય છે– સોમ, યમ, વરુણ, વૈશ્રમણ– કુબેર. **(૪) ત્રાયસ્ત્રિંશક–** રાજગુરુ-પુરોહિત સ્થાનીય સન્માનનીય દેવોને ત્રાયસ્ત્રિંશક દેવ કહે છે. તેઓ તેત્રીસની સંખ્યામાં હોય છે. **(૫) પારિષદ્ય–** મિત્ર સમાન દેવોને પારિષદ્ય કહે છે **(૬) આત્મ રક્ષક–** અંગરક્ષક જેવા સેવક(પ્રેષ્ય) દેવોને આત્મરક્ષક દેવ કહે છે. **(૭) અનીક–** સાત પ્રકારના સૈન્યદળના દેવોને અનીક દેવ કહે છે. સેનાના સાત પ્રકાર આ પ્રમાણે છે– ગજસેના, અશ્વસેના, રથસેના, સુભટસેના, ગંધર્વસેના, નૃત્યસેના, વૃષભસેના. આ સેનાઓમાં દેવો તથાપ્રકારના રૂપોની વિકુર્વણા કરે છે. ત્યાં તિર્યંચ પંચેન્દ્રિય જીવો નથી. **(૮) પ્રકીર્ણક–** સામાન્ય દેવો **(૯) આભિયોગિક–** કર્મચારી–સેવક દેવો **(૧૦) કિલ્વીષી દેવો–** ચાંડાલ સમાન તુચ્છ દેવો.

**अणियाहिवई** = સાતે સેનાના નાયકદેવ, તે તે અનિકાધિપતિ દેવ કહેવાય છે. **अणिंदा** = જે દેવોના કોઈ ઇન્દ્ર નથી, અધિપતિ નથી એવા દેવોને અનિન્દ્ર–ઇન્દ્ર રહિત કહેવાય છે. **अपेस्सा** = દાસત્વ કે ભૃત્ય દેવો જેને ન હોય તે અપ્રેષ્ય કહેવાય છે. **अपुरोहिया** = રાજગુરુ કે પુરોહિત જેવા સન્માનનીય દેવો જેને ન હોય, તે અપુરોહિત હોય છે. **अहमिंदा** = જે દેવલોકમાં બધા જ દેવો પોત-પોતાના ઇન્દ્ર(માલિક) હોય એવા દેવોને અહમિન્દ્ર કહે છે.

ભવનપતિથી બાર દેવલોક સુધીના કલ્પોપપન્ન દેવોમાં સ્વામી સેવક આદિ ભેદ હોય છે પરંતુ નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તર વિમાનના કલ્પાતીત દેવોમાં સ્વામી-સેવકના ભેદ હોતા નથી. ત્યાંના બધા જ દેવોની પુણ્ય-ઋદ્ધિ આદિ સમાન હોય છે, તેથી તે દેવો અહમિન્દ્ર કહેવાય છે.

**સિદ્ધોનાં સ્થાન :–**

**૭૨ कहि णं भंते ! सिद्धाणं ठाणा पण्णत्ता ? कहि णं भंते ! सिद्धा परिवसंति ? गोयमा ! सव्वट्ठसिद्धस्स महाविमाणस्स उवरिल्लाओ थूभियग्गाओ दुवालस**

**जोयणे उड्ढं अबाहाए एत्थ णं ईसीपब्भारा णामं पुढवी पण्णत्ता– पणयालीसं जोयणसयसहस्साणि आयामविक्खेभेणं एगा जोयणकोडी बायालीसं च सयसहस्साइं तीसं च सहस्साइं दोण्णि य अउणापण्णे जोयणसए किंचि विसेसाहिए परिक्खेवेणं पण्णत्ता । ईसीपब्भाराए णं पुढवीए बहुमज्झदेसभाए अट्ठजोयणिए खेत्ते अट्ठ जोयणाइं बाहल्लेणं पण्णत्ते, तओ अणंतरं च णं मायाए-मायाए पएसपरिहाणीए परिहायमाणी-परिहायमाणी सव्वेसु चरिमंतेसु मच्छियपत्ताओ तणुययरी अंगुलस्स असंखेज्जइभागं बाहल्लेणं पण्णत्ता ।**

**ईसीपब्भाराए णं पुढवीए दुवालस णामधिज्जा पण्णत्ता, तं जहा– ईसी ति वा इसीपब्भारा इ वा तणू ति वा तणुतणू ति वा सिद्धी ति वा सिद्धालए ति वा मुत्ती इ वा मुत्तालए ति वा लोयग्गे इ वा लोयग्गथूभिया ति वा लोयग्गपडिवुज्झणा इ वा सव्वपाण-भूय-जीवसत्तसुहावहा इ वा ।**

**ईसीपब्भारा णं पुढवी सेया संखदलविमलसोत्थिय-मुणाल-दगरय-तुसार-गोक्खीर-हारवण्णा उत्ताणयछत्तसंठाणसंठिया सव्वज्जुणसुवण्णमई अच्छा सण्हा लण्हा घट्ठा मट्ठा णीरया णिम्मला णिप्पंका णिक्कंकडच्छाया सप्पभा सस्सिरीया सउज्जोया पासाईया दरिसणिज्जा अभिरूवा पडिरूवा ।**

**ईसीपब्भाराए णं सीयाए जोयणम्मि लोगंतो । तस्स णं जोयणस्स जे से उवरिल्ले गाउए तस्स णं गाउयस्स जे से उवरिल्ले छब्भागे एत्थ णं सिद्धा भगवंतो साइया अपज्जवसिया अणेगजाइ-जरा-मरण-जोणिसंसार-कलंकलीभाव-पुणब्भवगब्भवासवसहीपवंचसमइक्कंता सासयमणागयद्धं कालं चिट्ठंति ।**

**भावार्थ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સિદ્ધોનાં સ્થાન ક્યાં છે ? હે ભગવાન ! સિદ્ધ ભગવંતો ક્યાં રહે છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સર્વાર્થસિદ્ધ મહાવિમાનની ઉપરની સ્તૂપિકા(શિખર)ના અગ્રભાગથી કોઈ પણ પ્રકારના વ્યવધાન વિના બાર યોજન ઉપર ઈષત્પ્રાગ્ભારા નામની પૃથ્વી છે, તેની લંબાઈ-પહોળાઈ પીસ્તાલીશ લાખ યોજન છે, તેની પરિધિ એક કરોડ બેંતાલીશ લાખ, ત્રીસ હજાર, બસ્સો ઓગણપચાસ યોજનથી કંઈક અધિક છે. ઈષત્-પ્રાગ્ભારા પૃથ્વીની બરોબર મધ્યભાગનું આઠ યોજન પ્રમાણ ક્ષેત્ર જાડાઈમાં આઠ યોજન છે. ત્યાર પછી(બધી દિશા-વિદિશાઓમાં) માત્રા-માત્રા અર્થાત્ થોડા થોડા પ્રદેશોની અનુક્રમે હાનિ થવાથી ચરમાન્તે– સિદ્ધશિલાના છેડે માખીની પાંખ કરતાં પણ અધિક પાતળી, અંગુલના અસંખ્યાતમા ભાગ પ્રમાણ જાડી છે.

ઈષત્પ્રાગ્ભારા પૃથ્વીનાં બાર નામ છે, તે આ પ્રમાણે છે– (૧) ઈષત્ (૨) ઈષત્પ્રાગ્ભારા (૩) તનુ (૪) તનુ-તનુ (૫) સિદ્ધિ (૬) સિદ્ધાલય (૭) મુક્તિ (૮) મુક્તાલય (૯) લોકાગ્ર (૧૦) લોકાગ્રસ્તૂપિકા (૧૧) લોકાગ્રપ્રતિબોધના અને (૧૨) સર્વ પ્રાણ-ભૂત-જીવ-સત્ત્વસુખાવહા.

ઈષત્પ્રાગ્ભારા પૃથ્વી શ્વેત છે, શંખદળ ચૂર્ણના નિર્મળ સ્વસ્તિક, મૃણાલ-કમળદંડ, પાણીના જળ કણ, ઝાકળ, ગાયના દૂધ અને હાર સમાન અત્યંત શ્વેત વર્ણવાળી છે. તે ઉત્તાનછત્ર– ખોલેલા છત્ર જેવી અને સર્વ શ્વેત સુવર્ણમય છે. તે સ્ફટિક સમાન સ્વચ્છ, સુકોમળ, સ્નિગ્ધ, ઘસેલી સાફ કરેલી (સુંવાળી), રજ રહિત, નિર્મળ, પંકરહિત, નિરાવરણ, કાંતિયુક્ત, પ્રભાયુક્ત, શોભા સહિત, ઉદ્યોત સહિત,

પ્રસન્નતાજનક, દર્શનીય, મનોરમ્ય અને મનોહર છે.

ઈષત્પ્રાગ્ભારા પૃથ્વીથી સીધાઈમાં(ઊંચે) લઘુ એક યોજન એટલે ઉત્સેધાંગુલના એક યોજન પછી લોકાન્ત(લોકનો અંત) છે. તે એક યોજનના ઉપરના અંતિમ એક ગાઉના પણ ઉપરના છટ્ઠા ભાગમાં સિદ્ધ ભગવંતો સાદિ અનન્ત કાલ પર્યંત રહે છે. તે સિદ્ધો જન્મ, જરા, મરણ, યોનિસંસરણ (પરિભ્રમણ), ક્લેશ, પુનર્ભવ, ગર્ભવાસમાં રહેવાના પ્રપંચ રહિત, શાશ્વત અનાગતકાળ પર્યંત રહે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સિદ્ધોના સ્થાનના કથન પૂર્વે સિદ્ધક્ષેત્રની સમીપે આવેલી આઠમી પૃથ્વી– સિદ્ધશિલાના સ્થાન અને સ્વરૂપનું કથન છે. ત્યાર પછી સિદ્ધક્ષેત્ર અને સિદ્ધોના સ્થાનનું નિરૂપણ છે.

**સિદ્ધશિલા, સિદ્ધ ક્ષેત્ર અને સિદ્ધાત્માઓ**




સિદ્ધશિલાની વચ્ચેનું આઠ યોજન લાંબુ, પહોળું અને ગોળ ક્ષેત્ર આઠ યોજન જાડાઈવાળુ છે. ત્યારપછી ચારે ય દિશામાં છેલ્લે સુધી જાડાઈ ક્રમશઃ ઘટતી જાય છે.

## સિદ્ધશિલાની ત્રણ આકૃતિઓ :-

૧




૨




૩



સર્વાર્થસિદ્ધ વિમાનના શિખાભાગથી બાર યોજનની ઊંચાઈએ સિદ્ધશિલા નામની આઠમી પૃથ્વી છે. તે મનુષ્યક્ષેત્રની બરાબર ઉપર મનુષ્યક્ષેત્રના ઢાંકણ તુલ્ય છે.

તેનો આકાર ખોલેલા ઊંધા છત્ર જેવો છે, મધ્યભાગમાં જાડી અને ત્યાંથી ક્રમશઃ ઘટતા તેના ચારેબાજુનાં પર્યંતવર્તી ભાગમાં એટલે કિનારાના ભાગમાં માખીની પાંખથી પણ અધિક પાતળી છે. મધ્યમાં આઠ યોજન પર્યંત ક્ષેત્રમાં તેની જાડાઈ આઠ યોજનની છે અને પર્યંતવર્તી ભાગમાં તેની જાડાઈ અંગુલના અસંખ્યાતમાં ભાગની થઈ જાય છે.

તે અત્યંત શ્વેતવર્ણની છે. સૂત્રકારે તેના શ્વેતવર્ણની ઉત્કર્ષતા પ્રદર્શિતા કરવા અનેક વિશેષણોનો પ્રયોગ કર્યો છે. યથા– શંખચૂર્ણનો નિર્મળ સ્વસ્તિક, શ્વેતકમળદંડ, મોતીના હાર, ગાયનું દૂધ, ક્ષીર સમુદ્રનું પાણી વગેરેથી પણ અધિક શ્વેત, સ્વચ્છ, દર્શનીય અને મનોહર છે.

**સિદ્ધશિલાના બાર નામ :–** (૧) સાત પૃથ્વીઓથી નાની હોવાથી તેનું 'ઈષત્' નામ છે. (૨) ઈષત્ = થોડી, પ્રાગ્ = આગળ, ભારા = ઝૂકેલી, આગળથી થોડી ઝૂકેલી હોવાથી 'ઈષત્પ્રાગ્ભારા' નામ છે. (૩) શેષ (સાત) પૃથ્વીની અપેક્ષાએ પાતળી હોવાથી 'તનુ' નામ છે. (૪) જગપ્રસિદ્ધ પાતળી વસ્તુમાં માખીની પાંખ છે, માખીની પાંખ કરતાં પણ અત્યધિક પાતળી હોવાથી 'તનુ-તનુ (તન્વી)' નામ છે. (૫) સિદ્ધક્ષેત્ર નજીક હોવાથી 'સિદ્ધિ' નામ છે. (૬) સિદ્ધક્ષેત્રના સામીપ્યના કારણે ઉપચારથી 'સિદ્ધાલય' નામ છે. (૭-૮) આ જ પ્રમાણે 'મુક્તિ' અને 'મુક્તાલય' નામ સાર્થક છે. (૯) લોકના અગ્રભાગમાં સ્થિત હોવાથી 'લોકાગ્ર' નામ છે. (૧૦) લોકાગ્રની સ્તૂપિકા (શિખર) સમાન હોવાથી તેનું નામ 'લોકાગ્રસ્તૂપિકા' પણ છે. (૧૧) લોકાન્તનો બોધ કરાવતી હોવાથી તેનું નામ 'લોક પ્રતિબોધના(લોક પ્રતિવાહિની)' છે. (૧૨) સમસ્ત પ્રાણ–વિકલેન્દ્રિય ભૂત–વનસ્પતિ, જીવ–પંચેન્દ્રિય અને સત્ત્વ–ચાર સ્થાવર જીવો માટે નિરુપદ્રવકારી ભૂમિ હોવાથી **સર્વ પ્રાણ-ભૂત-જીવ-સત્વ સુખાવહા** નામ પણ સાર્થક છે.

સિદ્ધશિલાથી ઉત્સેધાંગુલના માપે એક યોજન અર્થાત્ ચાર ગાઉ દૂર લોકાંત છે. તે ચાર ગાઉમાંથી અંતિમ ગાઉના છઠ્ઠા ભાગની ઊંચાઈમાં ૩૩૩ અંગુલ અને ૩૨ અંગુલ પ્રમાણ ક્ષેત્ર સિદ્ધક્ષેત્ર કહેવાય છે. તેની લંબાઈ-પહોળાઈ અને પરિધિ સિદ્ધશિલાની સમાન છે. સિદ્ધોને ઉપપાત કે સમુદ્ઘાત હોતા નથી; સિદ્ધ ક્ષેત્ર તેમનું સ્વસ્થાન છે.

જેટલા ક્ષેત્રમાં સિદ્ધ ભગવંતો રહે છે તેટલા આકાશને સિદ્ધક્ષેત્ર કહે છે. સિદ્ધક્ષેત્ર આકાશપ્રદેશરૂપ હોવાથી અમૂર્ત છે અને સિદ્ધ થયેલા જીવો પણ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ હોવાથી અમૂર્ત છે. તેથી જ સીમિત સિદ્ધક્ષેત્રમાં અનંત સિદ્ધો રહી શકે છે.

આ રીતે જોતાં સ્પષ્ટ થાય છે કે મનુષ્યક્ષેત્ર, સિદ્ધશિલા અને સિદ્ધક્ષેત્ર સમાન વિસ્તારના છે. મનુષ્યક્ષેત્ર પ્રમાણ સિદ્ધક્ષેત્ર હોવાથી મનુષ્યક્ષેત્રના કોઈ પણ વિભાગમાંથી સિદ્ધ થનાર મનુષ્ય સમશ્રેણીથી એક જ સમય માત્રમાં સિદ્ધક્ષેત્રમાં પહોંચી જાય છે.

**साइया-अपज्जवसिया :–** સાદિ-અપર્યવસિત. સર્વ કર્મોનો સર્વથા ક્ષય થાય ત્યારે જ જીવો સિદ્ધ-અવસ્થાને પ્રાપ્ત કરે છે. તેથી જે સમયે સર્વ કર્મનો ક્ષય થાય તે સમયે સિદ્ધની આદિ થાય છે, તેથી તેઓ સાદિ છે અને એકવાર સિદ્ધત્વ પ્રાપ્ત કરી લીધા પછી ક્યારેય તેનો અંત થતો નથી તેથી તેઓ અપર્યવસિત-અનંત છે.

સિદ્ધોના રાગાદિ વિકારોનો સમૂળગો નાશ થઈ જવાથી તેઓની સિદ્ધાવસ્થાનું ક્યારેય પરિવર્તન થતું નથી. જેવી રીતે બીજ બળી ગયા પછી તેમાંથી અંકુર થતા નથી, તેવી જ રીતે સંસારના બીજ રૂપ

રાગદ્વેષાદિ સર્વથા વિનષ્ટ થઈ જવાથી જન્મરૂપી અંકુર થતાં નથી. તેથી સિદ્ધ જીવોને ફરી સંસારમાં આવવાપણું કે જન્મ-મરણ કરવાપણું રહેતું નથી, આ કારણે તેઓ અનંત શાશ્વતકાલ પર્યંત સિદ્ધ અવસ્થામાં જ રહે છે.

**સિદ્ધોનું સ્વરૂપ :–**

**૭૩** तत्थ वि य ते अवेदा, अवेयणा णिम्ममा असंगा य ।
संसारविप्पमुक्का, पएसणिव्वत्तसंठाणा ॥ २६ ॥

कहिं पडिहया सिद्धा, कहिं सिद्धा पइट्ठिया ।
कहिं बोंदिं चइत्ता णं, कहिं गंतूण सिज्झइ ॥ २७ ॥

अलोए पडिहया सिद्धा, लोयग्गे य पइट्ठिया ।
इहं बोंदिं चइत्ताणं, तत्थ गंतूण सिज्झइ ॥ २८ ॥

दीहं वा हस्सं वा जं, चरिमभवे हवेज्ज संठाणं ।
तत्तो तिभागहीणा, सिद्धाणोगाहणा भणिया ॥ २९ ॥

जं संठाणं तु इहं भवं, चयंतस्स चरिमसमयम्मि ।
आसी य पएसघणं, तं संठाणं तहिं तस्स ॥ ३० ॥

तिण्णि सया तेत्तीसा, धणुत्तिभागो य होइ बोधव्वो ।
एसा खलु सिद्धाणं, उक्कोसोगाहणा भणिया ॥ ३१ ॥

चत्तारि य रयणीओ, रयणितिभागूणिया य बोद्धव्वा ।
एसा खलु सिद्धाणं, मज्झिम ओगाहणा भणिया ॥ ३२ ॥

एगा य होइ रयणी, अट्ठेव य अंगुलाइं साहिया ।
एसा खलु सिद्धाणं, जहण्ण ओगाहणा भणिया ॥ ३३ ॥

ओगाहणाए सिद्धा, भवत्तिभागेणं होंति परिहीणा ।
संठाणमणित्थंथं, जरा मरणविप्पमुक्काणं ॥ ३४ ॥

जत्थ य एगो सिद्धो, तत्थ अणंता भवक्खयविमुक्का ।
अण्णोण्णसमोगाढा, पुट्ठा सव्वे वि लोयंते ॥ ३५ ॥

फुसइ अणंते सिद्धे, सव्वपएसेहिं णियमसो सिद्धा ।
ते वि असंखेज्जगुणा, देस पदेसेहिं जे पुट्ठा ॥ ३६ ॥

असरीरा जीवघणा, उवउत्ता दंसणे य णाणे य ।
सागारमणागारं, लक्खणमेयं तु सिद्धाणं ॥ ३७ ॥

केवलणाणुवउत्ता, जाणंति सव्वभावगुण भावे ।
पासंति सव्वओ खलु, केवलदिट्ठीहिअणंताहिं ॥ ३८ ॥

ण वि अत्थि माणुसाणं, तं सोक्खं ण वि य सव्वदेवाणं ।
जं सिद्धाणं सोक्खं, अव्वाबाहं उवगयाणं ॥ ३९ ॥

सुरगणसुहं समत्तं, सव्वद्धापिंडितं अणंतगुणं ।
ण वि पावे मुत्तिसुहं, णंताहिं वि वग्गवग्गूहिं ॥ ४० ॥

सिद्धस्स सुहो रासी, सव्वद्धापिंडितो जइ हवेज्जा ।
सोणंतवग्गभइओ, सव्वागासे ण माएज्जा ॥ ४१ ॥

जह णाम कोइ मेच्छो, णगरगुणे बहुविहे वियाणंतो ।
ण चएइ परिकहेउं, उवमाए तहिं असंतीए ॥ ४२ ॥

इय सिद्धाणं सोक्खं, अणोवमं णत्थि तस्स ओवम्मं ।
किंचि विसेसेणेत्तो, सारिक्खमिणं सुणह वोच्छं ॥ ४३ ॥

जह सव्वकामगुणितं, पुरिसो भोत्तूण भोयणं कोइ ।
तण्हा छुहाविमुक्को, अच्छेज्ज जहा अमियतित्तो ॥ ४४ ॥

इय सव्वकालतित्ता, अतुलं णिव्वाणमुवगया सिद्धा ।
सासयमव्वाबाहं, चिट्ठंति सुही सुहं पत्ता ॥ ४५ ॥

सिद्ध त्ति य बुद्ध त्ति य, पारगयत्ति य परंपरगयत्ति ।
उम्मुक्ककम्मकवया, अजरा अमरा असंगा य ॥ ४६ ॥

णित्थिण्णसव्वदुक्खा, जाई जरा मरणबंधणविमुक्का ।
अव्वाबाहं सोक्खं, अणुहोंती सासयं सिद्धा ॥ ४७ ॥

**ભાવાર્થ :–** ત્યાં (પૂર્વોક્ત સિદ્ધ સ્થાનમાં) સિદ્ધ ભગવાન વેદ રહિત, વેદના રહિત, મમત્વ રહિત, બાહ્ય-આભ્યંતર સંગથી રહિત, જન્મ-મરણરૂપ સંસારથી સર્વથા વિમુક્ત અને શુદ્ધ આત્મ પ્રદેશોથી બનેલા સંસ્થાનવાળા હોય છે ॥ **૨૬** ॥

સિદ્ધો ક્યાં પ્રતિહત એટલે રોકાયેલા છે ? સિદ્ધો ક્યાં રહેલા છે ? ક્યાંથી શરીરનો ત્યાગ કરીને, ક્યાં જઈને સિદ્ધ થાય છે ? ॥ **૨૭** ॥ અલોકના કારણે સિદ્ધો લોકાગ્રે રોકાયેલા છે. લોકના અગ્રભાગે પ્રતિષ્ઠિત છે, આ મનુષ્ય લોકમાં શરીરનો ત્યાગ કરી, લોકાગ્રે જઈને સિદ્ધ થાય છે. ॥ **૨૮** ॥

દીર્ઘ-લાંબુ કે હ્રસ્વ-ટૂંકુ, અંતિમભવમાં જે સંસ્થાન (શરીરાકાર) હોય છે, તેનાથી ત્રીજા ભાગે ન્યૂન સિદ્ધોની અવગાહના હોય છે. ॥ **૨૯** ॥ આ મનુષ્ય ભવમાં– શરીરનો ત્યાગ કરતાં અંતિમ સમયે આત્મ- પ્રદેશનું ઘનરૂપ જે સંસ્થાન(આકાર) થાય છે, તે જ સંસ્થાન લોકાગ્રે સિદ્ધ અવસ્થામાં રહે છે, એમ જાણવું જોઈએ. ॥ **૩૦** ॥

પાંચસો ધનુષની ઉત્કૃષ્ટ અવગાહનાવાળા મનુષ્યો સિદ્ધ થાય, તો ત્યાં તેની ત્રણસો તેત્રીસ ધનુષ અને એક ધનુષના ત્રીજા ભાગ જેટલી અર્થાત્ ૩૨ અંગુલની અવગાહના થાય છે, તે સિદ્ધોની ઉત્કૃષ્ટ અવગાહના છે. ‖ **૩૧** ‖ સાત હાથની મધ્યમ અવગાહનાવાળા મનુષ્યો સિદ્ધ થાય, તો ત્યાં તેની ચાર હાથ અને સોળ અંગુલની અવગાહના થાય છે. તે સિદ્ધોની મધ્યમ અવગાહના છે. એમ સમજવું જોઈએ. ‖ **૩૨** ‖ બે હાથની અવગાહનાવાળા મનુષ્યો સિદ્ધ થાય, તો ત્યાં તેની એક હાથ અને આઠ અંગુલ અધિક અવગાહના હોય છે. તે સિદ્ધોની જઘન્ય અવગાહના છે. ‖ **૩૩** ‖

અંતિમ ભવના ચરમ શરીરથી ત્રિભાગ ન્યૂન સિદ્ધોની અવગાહના હોય છે. જરા અને મરણથી સર્વથા વિમુક્ત સિદ્ધોનું સંસ્થાન અનિત્થંસ્થ-અનિયતાકારનું હોય છે. ‖ **૩૪** ‖ જે આકાશ પ્રદેશમાં એક સિદ્ધ છે, ત્યાં ભવક્ષય કરી મુક્ત થયેલા અનંત સિદ્ધો રહે છે. તે અનંત સિદ્ધો લોકના અગ્રભાગથી સ્પૃષ્ટ છે અને પરસ્પર અન્યોન્યાવગાઢ–પૂર્ણરૂપે એક બીજામાં મળેલા હોય છે. ‖ **૩૫** ‖ એક સિદ્ધ સર્વ આત્મપ્રદેશોથી નિયમતઃ અનંત સિદ્ધોનો સ્પર્શ કરે છે તથા જે દેશ-પ્રદેશોથી સ્પૃષ્ટ છે, તે સિદ્ધો તેનાથી પણ અસંખ્યાતગુણા અધિક છે. ‖ **૩૬** ‖

સિદ્ધ ભગવાન અશરીરી છે, જીવ ઘનરૂપ છે તથા જ્ઞાન અને દર્શનના ઉપયોગથી યુક્ત રહે છે; સાકાર ઉપયોગ એટલે જ્ઞાનના ઉપયોગમાં અને અનાકાર ઉપયોગ એટલે દર્શનના ઉપયોગમાં રહેવું તે સિદ્ધોનું લક્ષણ છે. ‖ **૩૭** ‖ સિદ્ધો કેવળજ્ઞાનના ઉપયોગથી સમસ્ત પદાર્થોના સર્વ ગુણ અને પર્યાયોને જાણે છે અને કેવળદર્શનના ઉપયોગથી સમસ્ત પદાર્થોની સર્વ પર્યાયોને જુએ છે. ‖ **૩૮** ‖

સિદ્ધોને અવ્યાબાધ સુખ પ્રાપ્ત થયેલું છે, તે સુખ ચક્રવર્તી આદિ મનુષ્યોને નથી કે સમસ્ત દેવોને પણ નથી. ‖ **૩૯** ‖ સમસ્ત દેવોના સમસ્ત સુખને સર્વકાળના અનંત સમય સાથે એકત્રિત કરવામાં આવે, પછી તેને અનંતગણું કરવામાં આવે. (આવેલા ગુણાકારને) ફરી અનંત વર્ગોથી વર્ગિત કરવામાં આવે તો પણ તે મુક્તિ સુખની તુલનામાં આવી શકતું નથી. ‖ **૪૦** ‖ એક સિદ્ધના(પ્રતિસમયના) સુખોની રાશિને જો સર્વકાળ સાથે એકઠી કરવામાં આવે અને તેને અનંત વર્ગમૂળોથી ભાગવામાં આવે(ઘટાડવામાં આવે) તો તે(ભાજિત = ન્યૂન કરેલું) સુખ પણ સંપૂર્ણ આકાશ પ્રદેશોમાં સમાવિષ્ટ થઈ શકતું નથી. ‖ **૪૧** ‖

જેમ કોઈ મ્લેચ્છ પુરુષ નગરના અનેક પ્રકારના ગુણોને જાણતો હોવા છતાં પણ તેની પાસે કોઈ ઉપમા ન હોવાથી કહેવામાં સમર્થ થઈ શકતો નથી, તેમ સિદ્ધોનું સુખ અનુપમ છે, તેની કોઈ ઉપમા નથી. છતાં પણ કાંઈક વિશેષરૂપે તેની ઉપમા કહું છું તે સાંભળો. ‖ **૪૨–૪૩** ‖ જેમ કોઈ પુરુષ સર્વ કામગુણયુક્ત ભોજન કરીને ક્ષુધા અને તૃષાથી રહિત થઈ જાય છે, અમૃતથી તૃપ્ત થયેલા પુરુષની સર્વ ઉત્સુકતા સમાપ્ત થઈ જાય છે, તેમ સર્વ કાળે તૃપ્ત, અતુલ(અનુપમ), શાશ્વત અને અવ્યાબાધ નિર્વાણ સુખને પ્રાપ્ત થયેલા સિદ્ધ ભગવાન(સદૈવ) સુખી રહે છે. ‖ **૪૪–૪૫** ‖

તે મુક્ત જીવ સિદ્ધ છે, બુદ્ધ છે, પારગત છે, પરંપરાગત છે, કર્મરૂપી કવચથી ઉન્મુક્ત છે, અજર, અમર અને અસંગ છે. તેઓ સર્વ દુઃખોને પાર કરી ગયા છે. ‖ **૪૬** ‖ તેઓ જન્મ, જરા, મરણના બંધનથી સર્વથા મુક્ત થઈને અવ્યાબાધ અને શાશ્વત સુખનો અનુભવ કરે છે. ‖ **૪૭** ‖

**વિવેચન :–**

પ્રસ્તુત ગાથાઓમાં સિદ્ધના સ્વરૂપને વિસ્તારથી સમજાવ્યું છે. સિદ્ધ ભગવાન માટે પ્રયુક્ત કેટલાક

વિશેષણો સિદ્ધના સ્વરૂપને સ્પષ્ટ કરે છે.

**अवेदा** = સિદ્ધ ભગવાન સ્ત્રી, પુરુષ અને નપુંસક વેદથી રહિત હોય છે. સિદ્ધ ભગવાન અશરીરી હોવાથી તેઓને દ્રવ્યવેદ નથી અને નોકષાય ચારિત્ર મોહનીયકર્મનો અભાવ હોવાથી ભાવવેદ પણ નથી. આ રીતે તેઓ દ્રવ્ય-ભાવ બંને રીતે અવેદી છે. **अवेयणा** = શાતા કે અશાતા વેદનીય કર્મનો જ અભાવ હોવાથી તેઓ વેદના રહિત છે. **निम्ममा असंगा** = મમત્વ તથા બાહ્ય-આભ્યંતર સંગ (આસક્તિ કે પરિગ્રહ)થી રહિત હોવાથી તેઓ નિર્મમ અને અસંગ હોય છે. **संसारविप्पमुक्का** = ચાર ગતિના પરિભ્રમણરૂપ સંસારથી સર્વથા મુક્ત અને અલિપ્ત છે. **पएस णिव्वत्त संठाणा** = સિદ્ધોમાં જે આકાર હોય છે, તે પૌદ્ગલિક શરીરના કારણે હોતો નથી, શરીરનો ત્યાં સર્વથા અભાવ છે, તેથી તેમનું સંસ્થાન (આકાર) આત્મપ્રદેશોથી જ નિષ્પન્ન થાય છે. **सव्वकालतित्ता** = સર્વકાળ એટલે કે સાદિ અનંતકાળ સુધી તેઓ તૃપ્ત છે, ઔત્સુક્ય આદિ સર્વ વૈભાવિક ભાવોથી સર્વથા નિવૃત્ત હોવાથી પરમ સંતુષ્ટ છે.

આઠ પ્રકારના કર્મક્ષય રૂપ કાર્યને સિદ્ધ કર્યા છે. તે સિદ્ધ કહેવાય છે. શેષ સિદ્ધિનું નિરાકરણ કરવા માટે અને સિદ્ધના સ્વરૂપની પુષ્ટિ માટે સૂત્રકારે **बुद्धे** વિશેષણનો પ્રયોગ કર્યો છે. **बुद्धे** = સિદ્ધ ભગવાન સર્વજ્ઞ અને સર્વદર્શી હોવાથી સ્વયં બોધસ્વરૂપ છે. **पारगता** = સંસારને કે સમસ્ત પ્રયોજનોને પાર પામી ગયા હોવાથી પારગત છે. **परंपरागता** = સિદ્ધગતિની પ્રાપ્તિ પરંપરાએ ક્રમશઃ થાય છે. તે વિષયને સૂચિત કરવા આ વિશેષણનો પ્રયોગ થયો છે. સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રની આરાધનાથી ક્રમશઃ ઘાતિ અને અઘાતિ કર્મોનો ક્ષય થાય ત્યારે સિદ્ધગતિ પ્રાપ્ત થાય છે.

તે ઉપરાંત સિદ્ધો કર્મરૂપ કવચથી સર્વથા મુક્ત, જન્મ-જરા-મૃત્યુથી રહિત અજર-અમર અને એક પરમાણુ માત્ર પરદ્રવ્યના સંગથી રહિત તેમજ વૈભાવિક ભાવના સંગથી રહિત, સર્વ પ્રકારના દુઃખોથી મુક્ત, શુદ્ધ ચૈતન્યઘન કેવળજ્ઞાન, કેવળદર્શન સ્વરૂપ છે. અનંત અવ્યાબાધ સુખ સ્વરૂપ છે.

**સિદ્ધોનું સુખ :–** સિદ્ધોને દુઃખ અને દુઃખના કારણોનો સર્વથા ક્ષય થઈ ગયો હોવાથી શાશ્વત કાલ પર્યંત સુખની જ અનુભૂતિ હોય છે. તે સુખ અકથ્ય, અતુલ્ય, અનુપમ છે. સૂત્રકારે તેની ઉત્કર્ષતા પ્રગટ કરવા ચક્રવર્તીના સુખથી અને દેવલોકના દેવોના સુખથી અનંતગુણ અધિક કહ્યું છે. તે અકથ્ય હોવાથી કહી શકાતું નથી, અનુપમ હોવાથી ઉપમા આપી શકાતી નથી. સિદ્ધોનું સુખ માત્ર અનુભૂતિનો વિષય છે.

**अलोए पडिहया सिद्धा :–** લોકાગ્ર પછી લોકનો અંત આવી જવાથી અલોક શરૂ થાય છે. જીવની ગતિમાં નિમિત્ત કારણ (સહાયક) ધર્માસ્તિકાય છે, અલોકમાં તેનો અભાવ છે; તેથી લોકના અંતે સિદ્ધોની ગતિમાં રુકાવટ આવે છે. આ રીતે ધર્માસ્તિકાયના અભાવથી સિદ્ધ પ્રતિહત થાય છે. સિદ્ધો મનુષ્ય ક્ષેત્રનો ત્યાગ કરી એક જ સમયમાં લોકના અગ્રભાગે સ્થિત થઈ જાય છે.

**સિદ્ધોની અવગાહના :–** સિદ્ધોની જઘન્ય અવગાહના એક હાથ આઠ અંગુલની અને ઉત્કૃષ્ટ અવગાહના ૩૩૩ ધનુષ્ય ૩૨ અંગુલની હોય છે.

**तत्तो तिभागहीणा :–** સિદ્ધ થયેલા જીવના શરીરની અંતિમ ભવમાં જે અવગાહના હોય તેનો ત્રીજો ભાગ ન્યૂન અવગાહના સિદ્ધગતિમાં રહે છે. કેવળી ભગવાન પોતાના આયુષ્યના અંતિમ અંતર્મુહૂર્તમાં સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતિ નામના ત્રીજા શુક્લધ્યાનના આધારે યોગરુંધનની ક્રિયા કરે છે. તે ક્રિયામાં ત્રણે યોગનું રુંધન થાય અને આત્મપ્રદેશો ઘનીભૂત થાય છે અર્થાત્ શરીરમાં મુખ, કાન, પેટ આદિ પોલાણ

ભાગો આત્મપ્રદેશોથી પરિપૂર્ણ થાય છે અને શરીરના અન્ય ભાગો સંકોચાતા જાય છે. પ્રત્યેક મનુષ્યના શરીરમાં $\frac{૧}{૩}$ ત્રીજો ભાગ જેટલી પોલાણ છે. તેથી આત્મપ્રદેશો પણ ત્રીજા ભાગ જેટલા સંકોચાઈને ઘનરૂપ થાય છે. તે ઘનરૂપ થયેલા આત્મપ્રદેશો જ સિદ્ધક્ષેત્રમાં શાશ્વતકાલ પર્યંત સ્થિત થાય છે. તેથી સિદ્ધોની અવગાહના પણ અંતિમ શરીરની અવગાહનાથી ત્રીજો ભાગ ન્યૂન રહે છે.

**ઉત્કૃષ્ટ અવગાહના :–** ઉત્કૃષ્ટ ૫૦૦ ધનુષ્યની અવગાહનાવાળા મનુષ્યો સિદ્ધ થાય છે. તેથી સિદ્ધોની ઉત્કૃષ્ટ અવગાહના ૩૩૩-$\frac{૧}{૩}$ ધનુષની છે. $\frac{૧}{૩}$ ધનુષ = $\frac{૯૬}{૩}$ અંગુલ = ૩૨ અંગુલ થાય છે, આ રીતે ૩૩૩ ધનુષ ૩૨ અંગુલ, તે ૫૦૦ ધનુષનો બે તૃતીયાંશ છે, આ સિદ્ધોની ઉત્કૃષ્ટ અવગાહના છે.

**જઘન્ય અવગાહના :–** જઘન્ય બે હાથની અવગાહનાવાળા સિદ્ધ થઈ શકે છે. બે હાથને બે તૃતીયાંશ કરતાં અવગાહના એક હાથ આઠ અંગુલ પ્રાપ્ત થાય છે. બે હાથના ૪૮ અંગુલ હોય છે તેનો ત્રીજો ભાગ ૧૬ અંગુલ છે. ૪૮ અંગુલમાંથી ૧૬ અંગુલ ઘટાડતાં ૩૨ શેષ રહેશે. ૩૨ અંગુલ એટલે એક હાથ આઠ અંગુલ થાય છે. કારણ કે ૨૪ અંગુલનો હાથ હોય છે.

**મધ્યમ અવગાહના :–** જઘન્ય અને ઉત્કૃષ્ટની વચ્ચેની બધી જ અવગાહના મધ્યમ કહેવાય. તીર્થંકરોની જઘન્ય અવગાહના ૭ હાથની હોય છે. તે લક્ષમાં રાખી સૂત્રકારે મધ્યમ અવગાહનાનું અહીં કથન કર્યું છે. સાત હાથની અવગાહનાવાળા સિદ્ધ થાય તેવા સિદ્ધની અવગાહના ચાર હાથ સોળ અંગુલ છે.

**अणित्थंथ संठाण :–** કોઈ પણ એક નિયત પ્રકારનો આકાર ન હોય ત્યાં શાસ્ત્રકાર આ **अणित्थंथ** શબ્દ પ્રયોગ કરે છે. જેમ ચાર સ્થાવરોમાં પ્રત્યેકને એક-એક નિયત સંસ્થાન કહ્યું છે. પરંતુ વનસ્પતિમાં નાના વિધ સંસ્થાન હોવાથી તેને માટે **अणित्थंथ** શબ્દ પ્રયોગ કર્યો છે. તે જ રીતે અહીં અંતિમ શરીર પ્રમાણે સિદ્ધોની અવગાહનારૂપ વિભિન્ન આકાર હોવાથી તેને માટે **अणित्थंथ** શબ્દ પ્રયોગ કર્યો છે. સંક્ષેપમાં વિવિધ સંસ્થાનોને માટે અનિથંસ્થ સંસ્થાન કહેવામાં આવે છે.

**સિદ્ધોનું અવસ્થાન :–** જે આકાશ પ્રદેશ પર એક સિદ્ધ અવસ્થિત છે, ત્યાં અનંત સિદ્ધ અવસ્થિત હોય છે. તેઓ પરસ્પર અવગાઢ થઈને(મળીને) રહે છે. સિદ્ધો અરૂપી હોવાથી તેઓ પરસ્પર એક બીજામાં સમાવિષ્ટ થઈ જાય છે. જેવી રીતે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય આદિ અરૂપી દ્રવ્યો એક જ સ્થાનમાં અવસ્થિત હોવા છતાં પોતાના સ્વરૂપથી સંપૂર્ણ રીતે સ્વતંત્ર છે– તે જ રીતે અનંતસિદ્ધો એક સાથે રહેવા છતાં સ્વરૂપથી સંપૂર્ણ રીતે સ્વતંત્ર હોય છે.

એક સિદ્ધના આત્મપ્રદેશો અનંત સિદ્ધના આત્મપ્રદેશોને સ્પર્શે છે. કેટલાક સિદ્ધો પૂર્ણરૂપે પરસ્પર એકમેક થઈ ગયા હોય છે અર્થાત્ જે આકાશ પ્રદેશો પર એક સિદ્ધ છે તે જ આકાશ પ્રદેશો ઉપર અનંત સિદ્ધો રહે છે. કેટલાક સિદ્ધોના આત્મપ્રદેશોના દેશ કે પ્રદેશ અન્ય અનંત સિદ્ધોને સ્પર્શે છે. તેવા સિદ્ધો અસંખ્યાતગુણા અધિક છે, કારણ કે અવગાઢ પ્રદેશો અસંખ્યાત છે.

એક સિદ્ધના અસંખ્યાત આત્મપ્રદેશો છે તેના પ્રત્યેક આત્મપ્રદેશ અન્ય એક કે અનેક સિદ્ધના આત્મપ્રદેશોને સ્પર્શે તો તે અસંખ્યાતગુણા અધિક થઈ જાય છે.

આ રીતે આ સ્થાનપદમાં સંસારી જીવો અને સિદ્ધજીવોના રહેવાના સ્થાનોનું કથન છે અને સંસારી જીવો વિગ્રહગતિ અને મારણાંતિક સમુદ્‌ઘાતમાં જેટલા ક્ષેત્રને સ્પર્શે છે, તેનું પણ કથન છે.

## સર્વ જીવોના ત્રણ સ્થાન :–

| જીવ | સ્વ સ્થાન | ઉપપાત સ્થાન | સમુદ્દ્ઘાત સ્થાન |
|---|---|---|---|
| પાંચ સ્થાવર સૂક્ષ્મ પર્યાપ્તા-અપર્યાપ્તા | સર્વલોક | સર્વલોક | સર્વલોક |
| બાદર પૃથ્વીકાયના પર્યાપ્તા | **અધોલોક**–૭ નરક પૃથ્વી, ભવનો, નરકાવાસો, **તિરછાલોક**– પર્વત, ક્ષેત્ર, દ્વીપ, જગતી આદિ, **ઊર્ધ્વલોક**–દેવલોક, વિમાનાદિ. લોકનો અસંખ્યાતમો ભાગ | લોકનો અસંખ્યાતમો ભાગ | લોકનો અસંખ્યાતમો ભાગ |
| બાદર પૃથ્વીકાયના અપર્યાપ્તા | | સર્વલોક | સર્વલોક |
| બાદર અપ્કાયના પર્યાપ્તા | **અધોલોક**–ઘનોદધિ, ઘનોદધિવલય પાતાળ કળશો, ભવનોની વાવડી આદિ **તિરછાલોક**– નદી, કૂવા, તળાવ, સમુદ્ર **ઊર્ધ્વલોક**– ૧૨ દેવ. સુધી વાવડી આદિ. લોકનો અસંખ્યાતમો ભાગ | લોકનો અસંખ્યાતમો ભાગ | લોકનો અસંખ્યાતમો ભાગ |
| બાદર અપ્કાયના અપર્યાપ્તા | | સર્વલોક | સર્વલોક |
| બાદર અગ્નિકાયના પર્યાપ્તા | વ્યાઘાતકાલમાં – પાંચ મહાવિદેહક્ષેત્ર નિર્વ્યાઘાતકાલમાં – ૧૫ કર્મભૂમિમાં. લોકનો અસંખ્યાતમો ભાગ | લોકનો અસંખ્યાતમો ભાગ | લોકનો અસંખ્યાતમો ભાગ |
| બાદર અગ્નિકાયના અપર્યાપ્તા | | બે ઊર્ધ્વ કપાટ તિર્યગ્લોક તટ્ટ | સર્વલોક |
| બાદર વાયુકાયના પર્યાપ્તા | ઘનવાત, તનુવાત, ઘનવાત વલય, તનુવાન વલય, ત્રણે લોકના સર્વ પોલાણ સ્થાનમાં. | લોકના ઘણા અસંખ્યાતમા ભાગો | લોકના ઘણા અસંખ્યાતમા ભાગો |
| બાદર વાયુકાયના અપર્યાપ્તા | લોકના ઘણા અસંખ્યાતમા ભાગો | સર્વલોક | સર્વલોક |
| બાદર વનસ્પતિકાયના પર્યાપ્તા | અપ્કાયના સ્થાન પ્રમાણે. લોકનો અસંખ્યાતમો ભાગ | લોકનો અસંખ્યાતમો ભાગ | લોકનો અસંખ્યાતમો ભાગ |
| બાદર વનસ્પતિકાયના અપર્યાપ્તા | | સર્વલોક | સર્વલોક |
| ત્રણ વિકલેન્દ્રિય અને તિર્યંચ પંચેન્દ્રિયના પર્યાપ્તા-અપર્યાપ્તા | **અધોલોક**–અધોલૌકિક ગ્રામ, કૂવાદિ **તિરછાલોક**–જલસ્થાન, દ્વીપ-સમુદ્ર આદિ. **ઊર્ધ્વલોક**–મેરુપર્વતની વાવડીઓમાં લોકનો અસંખ્યાતમો ભાગ | લોકનો અસંખ્યાતમો ભાગ | લોકનો અસંખ્યાતમો ભાગ |
| મનુષ્યના પર્યાપ્તા-અપર્યાપ્તા | મધ્યલોકમાં અઢીદ્વીપ ક્ષેત્રમાં. લોકનો અસંખ્યાતમો ભાગ | લોકનો અસંખ્યાતમો ભાગ | સર્વલોક (કેવળી સમુદ્દ્ઘાત આશ્રી) |
| નૈરયિકોના પર્યાપ્તા-અપર્યાપ્તા | અધોલોકમાં સાત નરકના ૮૪ લાખ નરકાવાસ. લોકનો અસંખ્યાતમો ભાગ | લોકનો અસંખ્યાતમો ભાગ | લોકનો અસંખ્યાતમો ભાગ |
| દશ ભવનપતિ દેવોના પર્યાપ્તા-અપર્યાપ્તા | અધોલોકમાં પ્રથમ નરકના ૧૦ આંતરામાં. (૭, ૭૨, ૦૦, ૦૦૦ ભવનોમાં) લોકનો અસંખ્યાતમો ભાગ | લોકનો અસંખ્યાતમો ભાગ | લોકનો અસંખ્યાતમો ભાગ |

| જીવ | સ્વ સ્થાન | ઉપપાત સ્થાન | સમુદ્દ્ઘાત સ્થાન |
|---|---|---|---|
| ૧૬ વ્યંતર દેવોના પર્યાપ્તા-અપર્યાપ્તા | તિરછાલોકમાં રત્નપ્રભા પૃથ્વીના ઉપરના ૧૦૦૦ યોજનમાંથી ૮૦૦ યોજનના પોલાણમાં અસંખ્યાત નગરાવાસો લોકનો અસંખ્યાતમો ભાગ | લોકનો અસંખ્યાતમો ભાગ | લોકનો અસંખ્યાતમો ભાગ |
| જ્યોતિષી દેવોના પર્યાપ્તા-અપર્યાપ્તા | તિરછાલોકમાં સમપૃથ્વીથી ઊંચે ૭૯૦ યોજનથી ૯૦૦ યોજન સુધીના ૧૧૦ યોજનમાં, તિરછા અસંખ્યાત યોજનમાં અસંખ્યાત વિમાનો. લોકનો અસંખ્યાતમો ભાગ | લોકનો અસંખ્યાતમો ભાગ | લોકનો અસંખ્યાતમો ભાગ |
| વૈમાનિક દેવો પર્યાપ્તા-અપર્યાપ્તા | ઊર્ધ્વલોકમાં ૮૪,૯૭,૦૨૩ વિમાનોમાં. લોકનો અસંખ્યાતમો ભાગ | લોકનો અસંખ્યાતમો ભાગ | લોકનો અસંખ્યાતમો ભાગ |
| સિદ્ધો | લોકાગ્રે– ૩૩૩ ધનુષ્ય, ૩૨ અંગુલ, જાડાઈવાળા અને ૪૫ લાખ યોજન લાંબા-પહોળા સિદ્ધ ક્ષેત્રમાં | × | × |

***નોંધ : (૧)** જન્મથી મૃત્યુ પર્યંતના સ્થાન સ્વસ્થાન છે. **(૨)** વિગ્રહગતિમાં(વાટે વહેતા) જીવ જેટલા ક્ષેત્રને સ્પર્શે તે ઉપપાતક્ષેત્ર છે. **(૩)** સમુદ્દ્ઘાત સમયે ફેલાતા આત્મપ્રદેશો જેટલા ક્ષેત્રને સ્પર્શે તે સમુદ્દ્ઘાતક્ષેત્ર છે.*

**।। દ્વિતીય પદ સંપૂર્ણ ।।**

# ત્રીજું પદ

## પરિચય

આ ત્રીજા પદના બે નામ પ્રચલિત છે– બહુવક્તવ્યપદ અને અલ્પબહુત્વ પદ.

આ પદમાં અનંત સંસારી જીવોનું વિવિધ પ્રકારે વર્ગીકરણ કરીને તેની તરતમતાની પ્રરૂપણા છે. આ પદનો વિષય બહુ વિસ્તૃત અને ગહન હોવાથી સૂત્રકારે તેની વક્તવ્યતાને **બહુવક્તવ્યપદ** નામ આપ્યું છે. વિવિધ અપેક્ષાએ જીવોની ન્યૂનાધિકતા, અલ્પ-બહુત્વતા, તેનો મુખ્ય વિષય હોવાથી તેનું બીજું નામ **અલ્પબહુત્વપદ** પ્રસિદ્ધ છે.

આ પદમાં દિશા, ગતિ, ઈન્દ્રિય, કાય, યોગ આદિથી લઈ મહાદંડક સુધીનાં ૨૭(સત્યાવીશ) દ્વારોના માધ્યમથી માત્ર જીવોનું જ નહીં, પરંતુ ધર્માસ્તિકાય આદિ છ દ્રવ્યોનું અને પરમાણુ આદિ પુદ્ગલોનું પણ વર્ગીકરણ કરીને તેના અલ્પબહુત્વનો વિચાર કર્યો છે.

પ્રથમ દ્વારમાં સર્વ પ્રથમ દિશાઓની અપેક્ષાએ સમુચ્ચય જીવોના અલ્પબહુત્વની વિચારણા કરીને, ત્યાર પછી ક્રમશઃ પૃથ્વીકાયાદિ પાંચ સ્થાવરો, ત્રણ વિકલેંદ્રિયો, નૈરયિકો, તિર્યંચ પંચેન્દ્રિયો, મનુષ્યો, ભવનપતિ-વાણવ્યંતર-જ્યોતિષી અને વૈમાનિક દેવો તથા સિદ્ધોના અલ્પબહુત્વની વિચારણા કરી છે.

બીજાથી ત્રેવીસમા દ્વારના માધ્યમે નરકાદિ ચારે ગતિઓ; સઈન્દ્રિય-અનિન્દ્રિય જીવો; પર્યાપ્તકો-અપર્યાપ્તકો; ષટ્કાયિક-અકાયિક; બાદર-સૂક્ષ્મ ષટ્કાયિકો; સયોગી-મનયોગી-વચનયોગી-કાયયોગી-અયોગી; સવેદક-સ્ત્રીવેદક-પુરુષવેદક-નપુંસકવેદક-અવેદકો; સકષાય-ક્રોધાદિ ચાર કષાયી-અકષાયી; સલેશી-ષટ્લેશી-અલેશી; સમ્યગ્દષ્ટિ આદિ ત્રણ દષ્ટિ, પાંચ જ્ઞાન+૩અજ્ઞાન યુક્ત જીવો; ચક્ષુદર્શનાદિ ચાર દર્શન યુક્ત જીવો; સંયત, અસંયત, સંયતાસંયત, નોસંયત નોઅસંયત નોસંયતાસંયત જીવો; સાકાર-અનાકારોપયોગી જીવો; આહારક-અનાહારક જીવો; ભાષક-અભાષક જીવો; પરિત્ત, અપરિત્ત, નોપરિત્ત નોઅપરિત્ત જીવો; પર્યાપ્ત, અપર્યાપ્ત, નોપર્યાપ્ત નોઅપર્યાપ્તકો; સૂક્ષ્મ, બાદર, નોસૂક્ષ્મ નોબાદરો; સંજ્ઞી, અસંજ્ઞી, નોસંજ્ઞી નોઅસંજ્ઞી; ભવસિદ્ધિક, અભવસિદ્ધિક, નોભવસિદ્ધિક નોઅભવસિદ્ધિક જીવો; ધર્માસ્તિકાયાદિ ષડ્દ્રવ્યોના દ્રવ્ય, પ્રદેશ તથા દ્રવ્ય-પ્રદેશની દષ્ટિએ પૃથક્-પૃથક્ અને સમુચ્ચય; ચરમ-અચરમ જીવો; જીવ, પુદ્ગલ, કાળ, સર્વદ્રવ્ય, સર્વપ્રદેશ, સર્વપર્યાયોના અલ્પબહુત્વનું પ્રતિપાદન છે.

ચોવીશમાં ક્ષેત્રદ્વારમાં લોકના છ વિભાગ– ઊર્ધ્વલોક, અધોલોક, તિરછાલોક, અધોલોક-તિરછાલોક, ઊર્ધ્વલોક-તિરછાલોક અને ત્રણલોકમાં સમુચ્ચય જીવો તથા ચતુર્ગતિક જીવોના અલ્પબહુત્વનું નિરૂપણ છે.

પચ્ચીશમા બંધ દ્વારમાં આયુષ્યકર્મના બંધક-અબંધક, પર્યાપ્ત-અપર્યાપ્ત, સુપ્ત-જાગૃત, સમવહત-અસમવહત, શાતાવેદક-અશાતાવેદક, ઈન્દ્રિયોપયુક્ત-નોઈન્દ્રિયોપયુક્ત અને સાકારોપયુક્ત-અનાકારોપયુક્ત જીવોના અલ્પબહુત્વની પ્રરૂપણા છે.

છવીશમા દ્વારમાં ક્ષેત્ર અને દિશાની અપેક્ષાએ પુદ્ગલો તથા દ્રવ્યોના અલ્પબહુત્વનું તથા દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવની અપેક્ષાએ પુદ્ગલદ્રવ્યના અલ્પબહુત્વનું કથન છે.

સત્યાવીશમા મહાદંડકમાં સમગ્રભાવે જીવોના અલ્પબહુત્વનું અઠ્ઠાણું(૯૮) બોલથી કથન છે.

મહાદંડક દ્વારમાં સમગ્રરૂપે જીવોના અલ્પબહુત્વની પ્રરૂપણા છે. આ વિસ્તૃત વર્ણન પરથી ફલિત થાય છે કે મનુષ્ય, તિર્યંચ અને દેવગતિમાં પુરુષની અપેક્ષાએ સ્ત્રીઓની સંખ્યા અધિક છે. અધોલોકમાં એકથી સાત નરકમાં નૈરયિકોની સંખ્યા ક્રમશઃ ઘટતી જાય છે. ઊર્ધ્વલોકમાં અનુત્તર વિમાનવાસી દેવોની સંખ્યા સર્વથી ઓછી છે અને ત્યાર પછી નીચેના દેવોમાં ક્રમશઃ વધતાં-વધતાં સૌધર્મ દેવલોકમાં સર્વથી અધિક દેવસંખ્યા છે. ભવનપતિ દેવોની સંખ્યા સૌધર્મ દેવલોકના દેવોથી અધિક છે અને તેનાથી વ્યન્તર જ્યોતિષી દેવોની સંખ્યા ઉત્તરોત્તર અધિક છે. નરકગતિમાં સાતમી નરક અને દેવગતિમાં અનુત્તર વિમાનમાં જીવો અલ્પ છે; તેથી સ્પષ્ટ થાય છે કે જેમ લોકમાં અત્યંત પુણ્યશાળી જીવો ઓછા હોય છે તેમ અત્યંત પાપી જીવો પણ ઓછા હોય છે. આ વિસ્તૃત સૂચિન જીવોમાં સર્વથી ઓછી મનુષ્યોની સંખ્યા છે અને સૂક્ષ્મ વનસ્પતિના જીવો સર્વાધિક છે. આ રીતે સંસારી જીવોનું ચોક્કસપ્રમાણ સાથે નિરૂપણ કરવું તે જ આ પદની વિશેષતા છે.

❖❖❖❖❖

# ત્રીજું પદ : બહુવક્તવ્યતા [અલ્પબહુત્વ]

**દિશા આદિ ૨૭ દ્વારોના નામ :–**

**१** दिसि गइ इंदिय काए, जोए वेए कसाय लेस्सा य ।
सम्मत्त णाण दंसण, संजय उवओग आहारे ॥ १ ॥
भासग परित्त पज्जत्त, सुहुम सण्णी भवत्थि चरिमे ।
जीवे य खेत्त बंधे, पुग्गल महदंडए चेव ॥ २ ॥

**ભાવાર્થ :–** (ગાથાર્થ)(૧) દિશા (૨) ગતિ (૩) ઈન્દ્રિય (૪) કાય (૫) યોગ (૬) વેદ (૭) કષાય (૮) લેશ્યા (૯) સમ્યક્ત્વ (૧૦) જ્ઞાન (૧૧) દર્શન (૧૨) સંયત (૧૩) ઉપયોગ (૧૪) આહાર (૧૫) ભાષક (૧૬) પરિત્ત (૧૭) પર્યાપ્ત (૧૮) સૂક્ષ્મ (૧૯) સંજ્ઞી (૨૦) ભવ (૨૧) અસ્તિ (૨૨) ચરમ (૨૩) જીવ (૨૪) ક્ષેત્ર (૨૫) બંધ (૨૬) પુદ્‌ગલ અને (૨૭) મહાદંડક; (પ્રસ્તુત ૨૭ દ્વારોના માધ્યમે આ પદમાં અલ્પબહુત્વની પ્રરૂપણા કરવામાં આવી છે.) ॥ **૧–૨** ॥

**(૧) દિશા દ્વાર :–**

**દિશાની અપેક્ષાએ સમુચ્ચય જીવોનું અલ્પબહુત્વ :–**

**२** दिसाणुवाएणं सव्वत्थोवा जीवा पच्चत्थिमेणं, पुरत्थिमेणं विसेसाहिया, दाहिणेणं विसेसाहिया, उत्तरेणं विसेसाहिया ।

**ભાવાર્થ :–** દિશાઓની અપેક્ષાએ– (૧) સર્વથી થોડા જીવો પશ્ચિમ દિશામાં છે, (૨) તેનાથી પૂર્વ દિશામાં વિશેષાધિક (૩) તેનાથી દક્ષિણ દિશામાં વિશેષાધિક અને (૪) તેનાથી ઉત્તર દિશામાં વિશેષાધિક છે.

**વિવેચન :–** ▣ = દિશા. ⊞ = વિદિશા. ● = રુચક પ્રદેશ.



**ક્ષેત્ર દિશા–વિદિશા :–** પ્રસ્તુત સૂત્રમાં ક્ષેત્ર દિશાની અપેક્ષાએ સમુચ્ચય જીવોના અલ્પબહુત્વનું કથન છે.

મેરુ પર્વતના આઠ રુચક પ્રદેશોમાંથી નીકળતી ચાર દિશા-ચાર વિદિશા, ઊર્ધ્વ અને અધોદિશા તે ક્ષેત્રદિશા છે, તેનું પ્રમાણ નિયત છે.

અહીં ચાર દિશાની અપેક્ષાએ બાદર જીવોના અલ્પબહુત્વનું કથન છે, કારણ કે સૂક્ષ્મ જીવો આખા લોકમાં સમાનરૂપે વ્યાપ્ત છે તેથી તેમાં દિશાની અપેક્ષાએ અલ્પબહુત્વ સંભવિત નથી.

સમસ્ત જીવ સૃષ્ટિમાં વનસ્પતિકાયિક જીવો અધિક છે.

તેથી જે દિશામાં વનસ્પતિકાયિક જીવો અધિક હોય તે દિશામાં જીવ સંખ્યા અધિક થાય છે અને વનસ્પતિકાયિક જીવોની અધિકતાનો આધાર અપ્કાય જીવો છે. કારણ કે જે દિશામાં જલની અધિકતા હોય, તે દિશામાં જ શાસ્ત્રકારે જીવોની અધિકતા કહી છે. વનસ્પતિકાયિકમાં પનક વગેરે અનંતકાયિક જીવો એક શરીરમાં અનંતા રહેતા હોવાથી અપ્કાયિક સ્થાનોમાં પણ અપ્કાયિક જીવોથી વનસ્પતિકાયિક જીવો અનંતગુણા અધિક હોય છે.

**(૧) સર્વથી થોડા જીવો પશ્ચિમદિશામાં છે.** મધ્યલોકમાં પ્રત્યેક દ્વીપને ફરતા સમુદ્રો છે. આ રીતે પ્રત્યેક સમુદ્રો ગોળાકારે છે તેથી ચારે દિશામાં સમપ્રમાણમાં પાણી છે તેમ છતાં સમુદ્રોમાં જે દિશામાં દ્વીપ હોય ત્યાં અપ્કાયિક જીવોની સંખ્યા ઘટી જાય છે.

લવણ સમુદ્રમાં પૂર્વ અને પશ્ચિમ દિશામાં ક્રમશઃ ચંદ્રદ્વીપો અને સૂર્યદ્વીપો છે. તે ઉપરાંત પશ્ચિમ દિશામાં લવણ સમુદ્રના અધિપતિ સુસ્થિત નામના દેવના આવાસરૂપ ૧૨,૦૦૦–યોજન લાંબો-પહોળો ગૌતમ દ્વીપ છે. તે તે દ્વીપના ક્ષેત્રમાં જલનો અભાવ હોવાથી વનસ્પતિકાયિક જીવોનો અભાવ થાય છે. આ રીતે પશ્ચિમ દિશામાં સમુચ્ચય જીવોની સંખ્યા અલ્પ છે.

**(૨) તેનાથી પૂર્વદિશામાં જીવો વિશેષાધિક છે.** પૂર્વ દિશામાં ગૌતમદ્વીપ નથી તેથી જલક્ષેત્ર અધિક થતાં જીવોની સંખ્યા વધી જાય છે.

**(૩) તેનાથી દક્ષિણ દિશામાં જીવો વિશેષાધિક છે.** દક્ષિણદિશાના લવણ સમુદ્રમાં ચંદ્રદ્વીપ, સૂર્યદ્વીપ કે ગૌતમદ્વીપ આદિ નથી. આ કારણે જલક્ષેત્ર વધતાં વનસ્પતિ જીવોની સંખ્યા વધે છે અને તેથી સમુચ્ચય જીવ વધે છે. ચંદ્ર-સૂર્યના દ્વીપો પૂર્વ પશ્ચિમદિશામાં જ હોય છે.

**(૪) તેનાથી ઉત્તર દિશામાં જીવો વિશેષાધિક છે.** મેરુ પર્વતથી ઉત્તરદિશાના સંખ્યાત યોજન વિસ્તારવાળા એક દ્વીપમાં સંખ્યાત યોજન વિસ્તૃત એક માનસ સરોવર છે. તેથી ત્યાં જલની અને વનસ્પતિકાયિક જીવોની અધિકતા હોવાથી સમુચ્ચય જીવો અધિક હોય છે.

**દિશાની અપેક્ષાએ સમુચ્ચય જીવોનું અલ્પબહુત્વ(જળ અને વનસ્પતિની પ્રમુખતાએ) :–**

| ક્રમ | દિશા | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧ | પશ્ચિમ | સર્વથી થોડા | લવણ સમુદ્રમાં ચંદ્ર, સૂર્યઅને ગૌતમ દ્વીપ હોવાથી જલક્ષેત્ર અલ્પ થાય છે. |
| ૨ | પૂર્વ | વિશેષાધિક | ગૌતમદ્વીપ નથીતેટલું જલક્ષેત્ર વધે છે. |
| ૩ | દક્ષિણ | વિશેષાધિક | ચંદ્ર, સૂર્ય દ્વીપ નથી તેટલું જલક્ષેત્ર વધે છે. |
| ૪ | ઉત્તર | વિશેષાધિક | સંખ્યાતા(કરોડો) યોજનવાળું એક માનસ સરોવર છે, તેથી જલક્ષેત્ર વધે છે. |




**દિશાની અપેક્ષાએ એકેન્દ્રિય અને વિકલેન્દ્રિય જીવોનું અલ્પબહુત્વ :-**

**૩** **दिसाणुवाएणं सव्वत्थोवा पुढविकाइया दाहिणेणं, उत्तरेणं विसेसाहिया, पुरत्थिमेणं विसेसाहिया, पच्चत्थिमेणं विसेसाहिया ।**

**ભાવાર્થ :– પૃથ્વીકાયિક–** દિશાઓની અપેક્ષાએ (૧) સર્વથી થોડા પૃથ્વીકાયિક જીવો દક્ષિણદિશામાં છે, (૨) તેનાથી ઉત્તરદિશામાં વિશેષાધિક છે, (૩) તેનાથી પૂર્વ દિશામાં વિશેષાધિક છે અને (૪) તેનાથી

પશ્ચિમ દિશામાં વિશેષાધિક છે.

**૪ दिसाणुवाएणं सव्वत्थोवा आउक्काइया पच्चत्थिमेणं, पुरत्थिमेणं विसेसाहिया, दाहिणेणं विसेसाहिया, उत्तरेणं विसेसाहिया ।**

**ભાવાર્થ :– અપ્કાયિક–** દિશાઓની અપેક્ષાએ (૧) સર્વથી થોડા અપ્કાયિક જીવો પશ્ચિમ દિશામાં છે. (૨) તેનાથી પૂર્વ દિશામાં વિશેષાધિક છે, (૩) તેનાથી દક્ષિણ દિશામાં વિશેષાધિક છે, (૪) તેનાથી ઉત્તર દિશામાં વિશેષાધિક છે.

**૫ दिसाणुवाएणं सव्वत्थोवा तेउक्काइया दाहिणुत्तरेणं, पुरत्थिमेणं संखेज्जगुणा, पच्चत्थिमेणं विसेसाहिया ।**

**ભાવાર્થ :– તેજસ્કાયિક–** દિશાઓની અપેક્ષાએ (૧–૨) સર્વથી થોડા તેજસ્કાયિક જીવો દક્ષિણ અને ઉત્તરમાં છે, (૩) તેનાથી પૂર્વમાં સંખ્યાતગુણા અધિક છે અને (૪) તેનાથી પશ્ચિમદિશામાં વિશેષાધિક છે.

**૬ दिसाणुवाएणं सव्वत्थोवा वाउकाइया पुरत्थिमेणं, पच्चत्थिमेणं विसेसाहिया, उत्तरेणं विसेसाहिया, दाहिणेणं विसेसाहिया ।**

**ભાવાર્થ :– વાયુકાયિક–** દિશાઓની અપેક્ષાએ (૧) સર્વથી થોડા વાયુકાયિક જીવો પૂર્વ દિશામાં છે, (૨) તેનાથી પશ્ચિમમાં વિશેષાધિક, (૩) તેનાથી ઉત્તરમાં વિશેષાધિક, (૪) તેનાથી દક્ષિણ દિશામાં વિશેષાધિક છે.

**૭ दिसाणुवाएणं सव्वत्थोवा वणस्सइकाइया पच्चत्थिमेणं, पुरत्थिमेणं विसेसाहिया, दाहिणेणं विसेसाहिया, उत्तरेणं विसेसाहिया ।**

**ભાવાર્થ :– વનસ્પતિકાયિક–** દિશાઓની અપેક્ષાએ (૧) સર્વથી થોડા વનસ્પતિકાયિક જીવો પશ્ચિમમાં છે, (૨) તેનાથી પૂર્વમાં વિશેષાધિક છે, (૩) તેનાથી દક્ષિણમાં વિશેષાધિક છે અને (૪) તેનાથી ઉત્તરમાં વિશેષાધિક છે.

**૮ दिसाणुवाएणं सव्वत्थोवा बेइंदिया पच्चत्थिमेणं, पुरत्थिमेणं विसेसाहिया, दाहिणेणं विसेसाहिया, उत्तरेणं विसेसाहिया ।**

**ભાવાર્થ :– બેઇન્દ્રિય–** દિશાઓની અપેક્ષાએ (૧) સર્વથી થોડા બેઇન્દ્રિય જીવો પશ્ચિમમાં છે, (૨) તેનાથી પૂર્વમાં વિશેષાધિક છે, (૩) તેનાથી દક્ષિણમાં વિશેષાધિક છે અને (૪) તેનાથી ઉત્તર દિશામાં વિશેષાધિક છે.

**૯ दिसाणुवाएणं सव्वत्थोवा तेइंदिया पच्चत्थिमेणं, पुरत्थिमेणं विसेसाहिया, दाहिणेणं विसेसाहिया, उत्तरेणं विसेसाहिया ।**

**ભાવાર્થ :– તેઇન્દ્રિય–** દિશાઓની અપેક્ષાએ (૧) સર્વથી થોડા તેઇન્દ્રિય જીવો પશ્ચિમદિશામાં છે, (૨) તેનાથી પૂર્વ દિશામાં વિશેષાધિક છે, (૩) તેનાથી દક્ષિણમાં વિશેષાધિક અને (૪) તેનાથી ઉત્તર દિશામાં વિશેષાધિક છે.

**૧૦** दिसाणुवाएणं सव्वत्थोवा चउरिंदिया पच्चत्थिमेणं, पुरत्थिमेणं विसेसाहिया, दाहिणेणं विसेसाहिया, उत्तरेणं विसेसाहिया ।

**ભાવાર્થ :– ચૌરેન્દ્રિય–** દિશાઓની અપેક્ષાએ (૧) સર્વથી થોડા ચૌરેન્દ્રિય જીવો પશ્ચિમ દિશામાં છે, (૨) તેનાથી પૂર્વ દિશામાં વિશેષાધિક, (૩) તેનાથી દક્ષિણમાં વિશેષાધિક અને (૪) તેનાથી ઉત્તર દિશામાં વિશેષાધિક છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં પાંચ સ્થાવર અને ત્રણ વિકલેન્દ્રિય જીવોના અલ્પબહુત્વનું પ્રતિપાદન છે.

**પૃથ્વીકાય–** જે દિશામાં પૃથ્વી વધુ હોય, પોલાણ ઓછુ હોય, ત્યાં પૃથ્વીકાયિક જીવો અધિક હોય છે અને જ્યાં પોલાણ વધુ હોય ત્યાં પૃથ્વીકાયિક જીવો અલ્પ હોય છે.

**(૧) સર્વથી થોડા પૃથ્વીકાયિક જીવો દક્ષિણ દિશામાં છે** કારણ કે દક્ષિણદિશામાં ભવનપતિના ભવનો અને નરકાવાસોની સંખ્યા અધિક હોવાથી ત્યાં પોલાણ ભાગ વિશેષ છે. પૃથ્વીની અલ્પતા હોવાથી પૃથ્વીકાયિક જીવોની સંખ્યા અલ્પ થાય છે. **(૨) તેનાથી ઉત્તર દિશામાં વિશેષાધિક છે** કારણ કે દક્ષિણ દિશા કરતાં ઉત્તર દિશામાં ભવનો અને નરકાવાસોની સંખ્યા અલ્પ હોવાથી પૃથ્વી વિશેષ છે. **(૩) તેનાથી પૂર્વદિશામાં વિશેષાધિક છે** કારણ કે પૂર્વ દિશામાં સમુદ્રોમાં પણ સૂર્ય-ચંદ્રદ્વીપો છે તેથી પૃથ્વીકાયિક જીવો વધી જાય છે. **(૪) તેનાથી પશ્ચિમ દિશામાં વિશેષાધિક છે** કારણ કે પશ્ચિમ દિશામાં ગૌતમ દ્વીપ છે. તે ૧૨,૦૦૦ યોજન લાંબો-પહોળો અને ૧૦૭૬ યોજન ઊંચો છે. જો કે પશ્ચિમ દિશાના મહાવિદેહક્ષેત્રમાં ૧૦૦૦ યોજનનું પોલાણ છે તે પોલાણની અપેક્ષાએ ગૌતમદ્વીપનું ક્ષેત્ર વધારે છે. આ રીતે દ્વીપનું ક્ષેત્ર વધી જતાં પૃથ્વીકાયિક જીવોની બહુલતા થાય છે.

**દિશાની અપેક્ષાએ બાદર પૃથ્વીકાયના જીવોનું અલ્પબહુત્વ :–**

| ક્રમ | દિશા | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧ | દક્ષિણ | સર્વથી થોડા | ભવન અને નરકાવાસો વધુ હોવાથી પોલાણ વધુ છે, તેથી પૃથ્વી અલ્પ છે. |
| ૨ | ઉત્તર | વિશેષાધિક | ભવન અને નરકાવાસો ઓછા હોવાથી પૃથ્વી વધુ છે. |
| ૩ | પૂર્વ | વિશેષાધિક | ચંદ્ર, સૂર્યના દ્વીપો છે તેથી પૃથ્વી વધુ છે. |
| ૪ | પશ્ચિમ | વિશેષાધિક | ગૌતમદ્વીપ છે તેથી પૃથ્વી વધુ છે. |




**અપ્કાય :–** જે દિશામાં જલની અધિકતા હોય ત્યાં અપ્કાયિક જીવો અધિક હોય છે.

(૧) સર્વથી થોડા અપ્કાયિક જીવો પશ્ચિમ દિશામાં છે કારણ કે ત્યાં ગૌતમ દ્વીપ અને સૂર્ય દ્વીપોના કારણે જલની અલ્પતા છે. (૨) તેનાથી પૂર્વ દિશામાં વિશેષાધિક છે કારણ કે ત્યાં ગૌતમ દ્વીપ નથી, તેથી જલની અધિકતા થાય છે. (૩) તેનાથી દક્ષિણ દિશામાં વિશેષાધિક છે કારણ કે તે દિશામાં ચંદ્ર-સૂર્યના કોઈ દ્વીપો નથી, તેથી જલક્ષેત્ર વધી જાય છે. (૪) તેનાથી ઉત્તર દિશામાં વિશેષાધિક છે કારણ કે ત્યાં સંખ્યાત યોજન વિસ્તૃત માનસ સરોવર છે, તેથી જલની પ્રચુરતા છે.

**દિશાની અપેક્ષાએ બાદર અપ્કાયિક જીવોનું અલ્પબહુત્વ :–**

| ક્રમ | દિશા | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧ | પશ્ચિમ | સર્વથી થોડા | લવણ સમુદ્રમાં ગૌતમાદિ દ્વીપો છે, તેથી પાણી અલ્પ છે. |
| ૨ | પૂર્વ | વિશેષાધિક | ગૌતમદ્વીપ નથી, તેથી પાણી વધુ છે. |
| ૩ | દક્ષિણ | વિશેષાધિક | સૂર્ય-ચંદ્રના દ્વીપો નથી, તેથી પાણી વધુ છે. |
| ૪ | ઉત્તર | વિશેષાધિક | માનસ સરોવર છે,તેથી પાણી વધી જાય છે. |




**તેઉકાય :–** અગ્નિના જીવો અઢીદ્વીપ ક્ષેત્રમાં જ છે. જ્યાં મનુષ્યોની સંખ્યા અધિક હોય ત્યાં રસોઈ આદિ પ્રવૃત્તિની અધિકતાના કારણે અગ્નિકાયિક જીવો વધુ હોય છે.

(૧–૨) સર્વથી થોડા દક્ષિણ–ઉત્તર દિશામાં તેઉકાયિક જીવો છે. કારણ કે ત્યાં ભરત અને ઐરવત ક્ષેત્ર નાના છે, તેથી મનુષ્યોની સંખ્યા થોડી છે, તેથી ત્યાં અગ્નિકાયિક જીવો અલ્પ છે. તે બંને ક્ષેત્રો પરસ્પર સમાન હોવાથી જીવોની સંખ્યા બંને ક્ષેત્રમાં લગભગ સમાન છે. (૩) તેનાથી પૂર્વ દિશામાં સંખ્યાતગુણા છે કારણ કે પૂર્વ મહાવિદેહ ક્ષેત્ર સંખ્યાતગુણ અધિક વિસ્તૃત છે, તેથી ત્યાં મનુષ્યોની સંખ્યા સંખ્યાતગુણ અધિક છે, તેથી તેઉકાયિક જીવો પણ સંખ્યાતગુણા અધિક છે. (૪) તેનાથી પશ્ચિમ દિશામાં વિશેષાધિક છે કારણ કે પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્રની સલીલાવતી અને વપ્રાવિજય ૧૦૦૦ યોજન ઊંડી ગઈ છે, તેનું ક્ષેત્ર કંઈક વધી જવાથી મનુષ્યોની સંખ્યા અધિક છે માટે ત્યાં અગ્નિકાયિક જીવો વિશેષાધિક છે.

**દિશાની અપેક્ષાએ બાદર તેઉકાય જીવોનું અલ્પબહુત્વ :–**

| ક્રમ | દિશા | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧-૨ | દક્ષિણ-ઉત્તર | સર્વથી થોડા પરસ્પર તુલ્ય | ભરત ઐરવત નાનું ક્ષેત્ર છે તેથી અલ્પ મનુષ્ય અને અલ્પ અગ્નિ છે. |
| ૩ | પૂર્વ | સંખ્યાતગુણ | મહાવિદેહ ક્ષેત્ર મોટું હોવાથી મનુષ્યોની સંખ્યા વધુ છે. |
| ૪ | પશ્ચિમ | વિશેષાધિક | પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્ર મોટું છે. |




**વાયુકાય :–** જ્યાં પોલાણ હોય, ત્યાં વાયુકાયિક જીવો હોય છે. જ્યાં ઘનભાગ હોય ત્યાં વાયુનો અભાવ હોય છે. જે દિશામાં ભવનપતિના ભવન અને નરકાવાસો આદિ અધિક છે, ત્યાં પોલાણ અધિક હોવાથી વાયુકાયિક જીવો વધુ છે.

(૧) સર્વથી થોડા વાયુકાયિક જીવો પૂર્વ દિશામાં છે. પૂર્વ દિશામાં સઘન સ્થાનો વિશેષ હોવાથી ત્યાં વાયુનો સંચાર થતો નથી. તેથી વાયુકાયિક જીવો અલ્પ હોય છે. (૨) તેનાથી પશ્ચિમ દિશામાં વિશેષાધિક છે કારણ કે ત્યાં પશ્ચિમ મહાવિદેહક્ષેત્રની બે વિજયો અધોલોકમાં હોવાથી પોલાણ વધુ છે. (૩) તેનાથી ઉત્તર દિશામાં વિશેષાધિક છે કારણ કે ઉત્તર દિશામાં ભવનો, નરકાવાસો આદિ પશ્ચિમ દિશાથી અધિક છે તેથી પોલાણ ક્ષેત્રની અધિકતા છે. (૪) તેનાથી દક્ષિણ દિશામાં વિશેષાધિક છે. કારણ કે કૃષ્ણપાક્ષિક જીવો દક્ષિણ દિશામાં વધુ સંખ્યામાં ઉત્પન્ન થાય છે. તેમજ દક્ષિણ દિશામાં ભવનો, નરકાવાસો આદિની સંખ્યા ઉત્કૃષ્ટ હોય છે અને તેથી પોલાણની અધિકતા હોવાથી વાયુકાયિક જીવોની પ્રચુરતા થાય છે.

**દિશાની અપેક્ષાએ બાદર વાયુકાય જીવોનું અલ્પબહુત્વ :–**

| ક્રમ | દિશા | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧ | પૂર્વ | સર્વથી થોડા | ઘનસ્થાનો વધુ છે. |
| ૨ | પશ્ચિમ | વિશેષાધિક | પશ્ચિમ મહાવિદેહની પોલાણ વધુ છે |
| ૩ | ઉત્તર | વિશેષાધિક | ભવનો, નરકાવાસો વધુ હોવાથી પોલાણ વધુ છે. |
| ૪ | દક્ષિણ | વિશેષાધિક | ભવનાદિ વધુ હોવાથી પોલાણ વધુ છે. |




**વનસ્પતિકાયિક :–** અપ્કાયિક જીવોના અલ્પબહુત્વ પ્રમાણે વનસ્પતિકાયિક જીવોનું અલ્પબહુત્વ થાય છે. સર્વથી થોડા પશ્ચિમ દિશામાં, ત્યાર પછી પૂર્વ, દક્ષિણ અને ઉત્તર દિશામાં ક્રમશઃ વિશેષાધિક જીવો છે.

**ત્રણ વિકલેન્દ્રિય :–** જ્યાં જલ અધિક હોય ત્યાં વિકલેન્દ્રિય જીવો પણ અધિક હોય છે. જલાશ્રિત બેઇન્દ્રિય જીવો, તેઇન્દ્રિય જીવો અને ચૌરેન્દ્રિય જીવો અધિક હોય છે.

તેથી અપ્કાયિકના અલ્પબહુત્વ પ્રમાણે તેનું અલ્પબહુત્વ થાય છે. સર્વથી થોડા વિકલેન્દ્રિય જીવો પશ્ચિમ દિશામાં, ત્યાર પછી પૂર્વ, દક્ષિણ અને ઉત્તર દિશામાં ક્રમશઃ વિશેષાધિક હોય છે.

**દિશાની અપેક્ષાએ નૈરયિકોનું અલ્પબહુત્વ :–**

**૧૧ दिसाणुवाएणं सव्वत्थोवा णेरइया पुरत्थिम-पच्चत्थिम-उत्तरेणं, दाहिणेणं असंखेज्जगुणा।**

**ભાવાર્થ :–** દિશાઓની અપેક્ષાએ સર્વથી થોડા નૈરયિકો પૂર્વ, પશ્ચિમ અને ઉત્તર દિશામાં છે, તેનાથી દક્ષિણ દિશામાં અસંખ્યાતગુણા અધિક છે.

**૧૨ दिसाणुवाएणं सव्वत्थोवा रयणप्पभापुढविणेरइया पुरत्थिम-पच्चत्थिम उत्तरेणं, दाहिणेणं असंखेज्जगुणा ।**

**ભાવાર્થ :–** દિશાઓની અપેક્ષાએ સર્વથી થોડા રત્નપ્રભા પૃથ્વીના નૈરયિકો પૂર્વ-પશ્ચિમ અને ઉત્તર દિશામાં છે, તેનાથી દક્ષિણમાં અસંખ્યાતગુણા અધિક છે.

**૧૩ दिसाणुवाएणं सव्वत्थोवा सक्करप्पभापुढविणेरइया पुरत्थिम-पच्चत्थिम-उत्तरेणं, दाहिणेणं असंखेज्जगुणा ।**

**ભાવાર્થ :–** દિશાઓની અપેક્ષાએ સર્વથી થોડા શર્કરાપ્રભા પૃથ્વીના નૈરયિકો પૂર્વ-પશ્ચિમ-ઉત્તર દિશામાં છે, તેનાથી દક્ષિણ દિશામાં અસંખ્યાતગુણા અધિક છે.

**૧૪ दिसाणुवाएणं सव्वत्थोवा वालुयप्पभापुढविणेरइया पुरत्थिम-पच्चत्थिम-उत्तरेणं, दाहिणेणं असंखेज्जगुणा ।**

**ભાવાર્થ :–** દિશાઓની અપેક્ષાએ સર્વથી થોડા વાલુકાપ્રભાપૃથ્વીના નૈરયિકો પૂર્વ-પશ્ચિમ-ઉત્તર દિશામાં છે, તેનાથી દક્ષિણ દિશામાં અસંખ્યાતગુણા અધિક છે.

**१५ दिसाणुवाएणं सव्वत्थोवा पंकप्पभापुढविणेरइया पुरत्थिम-पच्चत्थिम-उत्तरेणं, दाहिणेणं असंखेज्जगुणा ।**

**ભાવાર્થ :–** દિશાઓની અપેક્ષાએ સર્વથી થોડા પંકપ્રભાપૃથ્વીના નૈરયિકો પૂર્વ-પશ્ચિમ-ઉત્તર દિશામાં છે. તેનાથી દક્ષિણ દિશામાં અસંખ્યાતગુણા અધિક છે.

**१६ दिसाणुवाएणं सव्वत्थोवा धूमप्पभापुढविणेरइया पुरत्थिम-पच्चत्थिम-उत्तरेणं, दाहिणेणं असंखेज्जगुणा ।**

**ભાવાર્થ :–** દિશાઓની અપેક્ષાએ સર્વથી થોડા ધૂમપ્રભાપૃથ્વીના નૈરયિકો પૂર્વ-પશ્ચિમ-ઉત્તર દિશામાં છે. તેનાથી દક્ષિણ દિશામાં અસંખ્યાતગુણા અધિક છે.

**१७ दिसाणुवाएणं सव्वत्थोवा तमप्पभापुढविणेरइया पुरत्थिम-पच्चत्थिम-उत्तरेणं, दाहिणेणं असंखेज्जगुणा ।**

**ભાવાર્થ :–** દિશાઓની અપેક્ષાએ સર્વથી થોડા તમ:પ્રભાપૃથ્વીના નૈરયિકો પૂર્વ-પશ્ચિમ-ઉત્તર દિશામાં છે. તેનાથી દક્ષિણ દિશામાં અસંખ્યાતગુણા અધિક છે.

**१८ दिसाणुवाएणं सव्वत्थोवा अहेसत्तमापुढविणेरइया पुरत्थिम-पच्चत्थिम-उत्तरेणं, दाहिणेणं असंखेज्जगुणा ।**

**ભાવાર્થ :–** દિશાઓની અપેક્ષાએ સર્વથી થોડા અધ:સપ્તમ(તમસ્તમા) પૃથ્વીના નૈરયિકો પૂર્વ-પશ્ચિમ-ઉત્તર દિશામાં છે. તેનાથી દક્ષિણ દિશામાં અસંખ્યાતગુણા અધિક છે.

**१९ दाहिणिल्लेहिंतो अहेसत्तमापुढविणेरइएहिंतो छट्ठीए तमाए पुढवीए णेरइया पुरत्थिम-पच्चत्थिम-उत्तरेणं असंखेज्जगुणा, दाहिणेणं असंखेज्जगुणा ।**

**ભાવાર્થ :–** દક્ષિણ દિશાના સાતમી અધ:સપ્તમપૃથ્વીના નૈરયિકોથી છટ્ઠી તમ:પ્રભાપૃથ્વીના નૈરયિકો પૂર્વ-પશ્ચિમ-ઉત્તર દિશામાં અસંખ્યાતગુણા છે, તેનાથી દક્ષિણ દિશામાં અસંખ્યાતગુણા છે.

**२० दाहिणिल्लेहिंतो तमापुढविणेरइएहिंतो पंचमाए धूमप्पभाए णेरइया पुरत्थिम-पच्चत्थिम-उत्तरेणं असंखेज्जगुणा, दाहिणेणं असंखेज्जगुणा ।**

**ભાવાર્થ :–** દક્ષિણ દિશાવર્તી છટ્ઠી તમ:પ્રભાપૃથ્વીના નૈરયિકોથી પાંચમી ધૂમપ્રભાપૃથ્વીના નૈરયિકો પૂર્વ-પશ્ચિમ-ઉત્તર દિશામાં અસંખ્યાતગુણા છે અને તેનાથી દક્ષિણ દિશામાં અસંખ્યાતગુણા છે.

**२१ दाहिणिल्लेहिंतो धूमप्पभापुढविणेरइएहिंतो चउत्थीए पंकप्पभाए पुढवीए णेरइया पुरत्थिम-पच्चत्थिम-उत्तरेणं असंखेज्जगुणा, दाहिणेणं असंखेज्जगुणा ।**

**ભાવાર્થ :–** દક્ષિણ દિશાવર્તી પાંચમી ધૂમપ્રભા પૃથ્વીના નૈરયિકોથી ચોથી પંકપ્રભા પૃથ્વીના નૈરયિકો પૂર્વ-પશ્ચિમ-ઉત્તર દિશામાં અસંખ્યાતગુણા છે અને તેનાથી દક્ષિણ દિશામાં અસંખ્યાતગુણા છે.

**२२ दाहिणिल्लेहिंतो पंकप्पभापुढविणेरइएहिंतो तइयाए वालुयप्पभाए पुढवीए णेरइया**

**पुरत्थिम-पच्चत्थिम-उत्तरेणं असंखेज्जगुणा, दाहिणेणं असंखेज्जगुणा ।**

**ભાવાર્થ :–** દક્ષિણ દિશાવર્તી ચોથી પંકપ્રભાપૃથ્વીના નૈરયિકોથી ત્રીજી વાલુકાપ્રભાપૃથ્વીના નૈરયિકો પૂર્વ-પશ્ચિમ-ઉત્તર દિશામાં અસંખ્યાતગુણા છે અને તેનાથી દક્ષિણ દિશામાં અસંખ્યાતગુણા છે.

**૨૩ दाहिणिल्लेहिंतो वालुयप्पभापुढविणेरइएहिंतो बिइयाए सक्करप्पभाए पुढवीए णेरइया पुरत्थिम-पच्चत्थिम-उत्तरेणं असंखेज्जगुणा, दाहिणेणं असंखेज्जगुणा ।**

**ભાવાર્થ :–** દક્ષિણ દિશાના ત્રીજી વાલુકાપ્રભાપૃથ્વીના નૈરયિકોથી બીજી શર્કરાપ્રભાપૃથ્વીના નૈરયિકો પૂર્વ-પશ્ચિમ-ઉત્તર દિશામાં અસંખ્યાતગુણા છે. તેનાથી દક્ષિણ દિશામાં અસંખ્યાતગુણા છે.

**૨૪ दाहिणिल्लेहिंतो सक्करप्पभापुढविणेरइएहिंतो इमीसे रयणप्पभाए पुढवीए णेरइया पुरत्थिम-पच्चत्थिम-उत्तरेणं असंखेज्जगुणा, दाहिणेणं असंखेज्जगुणा ।**

**ભાવાર્થ :–** દક્ષિણ દિશાના બીજી શર્કરાપ્રભા પૃથ્વીના નૈરયિકોથી પહેલી રત્નપ્રભા પૃથ્વીના નૈરયિકો પૂર્વ-પશ્ચિમ-ઉત્તર દિશામાં અસંખ્યાતગુણા છે. તેનાથી દક્ષિણ દિશામાં અસંખ્યાતગુણા છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સમુચ્ચય નારકી અને સાતે નરકના નારકીના પૃથક્-પૃથક્ અને સમ્મિલિત અલ્પબહુત્વનું કથન છે.

**સમુચ્ચય નૈરયિક :–** (૧, ૨, ૩) સર્વથી થોડા નૈરયિકો પૂર્વ, પશ્ચિમ અને ઉત્તર દિશામાં છે. આ ત્રણે દિશાઓમાં કૃષ્ણપાક્ષિક જીવો અલ્પ ઉત્પન્ન થાય છે. (૪) તેનાથી દક્ષિણ દિશામાં અસંખ્યાતગુણા છે, કારણ કે ત્યાં કૃષ્ણપાક્ષિક જીવો વધુ ઉત્પન્ન થાય છે. *[જે જીવનું ભવભ્રમણ અર્ધ પુદ્ગલ પરાવર્તન કાલથી અધિક હોય તેને **કૃષ્ણપાક્ષિક** કહે છે.]*

**સાતે ય નરકનું પૃથક્ પૃથક્ અલ્પબહુત્વ :–** રત્નપ્રભા આદિ પ્રત્યેક નરક પૃથ્વીમાં સર્વથી થોડા નૈરયિકો પૂર્વ-પશ્ચિમ અને ઉત્તર દિશામાં હોય છે અને તેનાથી દક્ષિણ દિશામાં અસંખ્યાતગુણા અધિક હોય છે.




**સાતે નરકનું સમ્મિલિત અલ્પબહુત્વ :–** સંજ્ઞી મનુષ્ય, અસંજ્ઞી તિર્યંચ અને સંજ્ઞી તિર્યંચ જીવો મરીને નરકમાં ઉત્પન્ન થાય છે. તેમાં અત્યંત અધમ, ઘોરતમ પાપકર્મનું આચરણ કરનારા જીવો સાતમી નરકમાં જાય છે. તેનાથી ક્રમશઃ અલ્પ પાપનું આચરણ કરનારા જીવો ઉપર-ઉપરની નરકમાં જાય છે. સામાન્ય રીતે ઘોરતમ પાપનું આચરણ કરનારા જીવોની સંખ્યા અલ્પ હોય છે. તેથી સાતમી નરકના નૈરયિકો સર્વથી થોડા છે. તેનાથી ક્રમશઃ ઉપર-ઉપરની નરકોમાં નૈરયિકોની સંખ્યા વધતી જાય છે. સાતે નરકનું સંયુક્ત અલ્પબહુત્વ આ પ્રમાણે છે– (૧) સર્વથી થોડા સાતમી નરકના પૂર્વ-પશ્ચિમ-ઉત્તર દિશાના નૈરયિકો છે. (૨) તેનાથી સાતમી નરકના દક્ષિણ દિશાના નૈરયિકો અસંખ્યાતગુણા છે. (૩) તેનાથી છઠ્ઠી નરકના પૂર્વ-પશ્ચિમ અને ઉત્તર દિશાના નૈરયિકો અસંખ્યાતગુણા છે. (૪) તેનાથી છઠ્ઠી નરકના દક્ષિણ દિશાના

નૈરયિકો અસંખ્યાતગુણા છે. (૫) તેનાથી પાંચમી નરકના પૂર્વ-પશ્ચિમ-ઉત્તર દિશાના નૈરયિકો અસંખ્યાતગુણા છે. (૬) તેનાથી પાંચમી નરકના દક્ષિણ દિશાના નૈરયિકો અસંખ્યાતગુણા છે. (૭) તેનાથી ચોથી નરકના પૂર્વ-પશ્ચિમ-ઉત્તર દિશાના નૈરયિકો અસંખ્યાતગુણા છે. (૮) તેનાથી ચોથી નરકના દક્ષિણ દિશાના નૈરયિકો અસંખ્યાતગુણા છે. (૯) તેનાથી ત્રીજી નરકના પૂર્વ-પશ્ચિમ-ઉત્તર દિશાના નૈરયિકો અસંખ્યાતગુણા છે. (૧૦) તેનાથી ત્રીજી નરકના દક્ષિણ દિશાના નૈરયિકો અસંખ્યાતગુણા છે. (૧૧) તેનાથી બીજી નરકના પૂર્વ-પશ્ચિમ-ઉત્તર દિશાના નૈરયિકો અસંખ્યાતગુણા છે. (૧૨) તેનાથી બીજી નરકના દક્ષિણ દિશાના નૈરયિકો અસંખ્યાતગુણા છે. (૧૩) તેનાથી પ્રથમ નરકના પૂર્વ-પશ્ચિમ-ઉત્તર દિશાના નૈરયિકો અસંખ્યાતગુણા છે. (૧૪) તેનાથી પ્રથમ નરકના દક્ષિણ દિશાના નૈરયિકો અસંખ્યાતગુણા છે. આ રીતે સાતે નરક પૃથ્વીના નૈરયિકોમાં રત્નપ્રભા નરક પૃથ્વીના નૈરયિકોની સંખ્યા સર્વથી અધિક છે.

**દિશાની અપેક્ષાએ સાતે નરકના નૈરયિકોનું અલ્પબહુત્વ :–**

| નરક | દિશા | પ્રમાણ |
|---|---|---|
| સાતમી | પૂર્વ-ઉત્તર-પશ્ચિમ | સર્વથી થોડા |
| સાતમી | દક્ષિણ | અસંખ્યાત ગુણા |
| છટ્ઠી | પૂર્વ-ઉત્તર-પશ્ચિમ | અસંખ્યાત ગુણા |
| છટ્ઠી | દક્ષિણ | અસંખ્યાત ગુણા |
| પાંચમી | પૂર્વ-ઉત્તર-પશ્ચિમ | અસંખ્યાત ગુણા |
| પાંચમી | દક્ષિણ | અસંખ્યાત ગુણા |
| ચોથી | પૂર્વ-ઉત્તર-પશ્ચિમ | અસંખ્યાત ગુણા |
| ચોથી | દક્ષિણ | અસંખ્યાત ગુણા |
| ત્રીજી | પૂર્વ-ઉત્તર-પશ્ચિમ | અસંખ્યાત ગુણા |
| ત્રીજી | દક્ષિણ | અસંખ્યાત ગુણા |
| બીજી | પૂર્વ-ઉત્તર-પશ્ચિમ | અસંખ્યાત ગુણા |
| બીજી | દક્ષિણ | અસંખ્યાત ગુણા |
| પ્રથમ | પૂર્વ-ઉત્તર-પશ્ચિમ | અસંખ્યાત ગુણા |
| પ્રથમ | દક્ષિણ | અસંખ્યાત ગુણા |




**દિશાની અપેક્ષાએ તિર્યંચ પંચેન્દ્રિયોનું અલ્પબહુત્વ :-**

**૨૫ दिसाणुवाएणं सव्वत्थोवा पंचेंदियतिरिक्खजोणिया पच्चत्थिमेणं, पुरत्थिमेणं विसेसाहिया, दाहिणेणं विसेसाहिया, उत्तरेणं विसेसाहिया ।**

**ભાવાર્થ :–** દિશાઓની અપેક્ષાએ સર્વથી થોડા પંચેન્દ્રિય તિર્યંચો પશ્ચિમ દિશામાં છે, તેનાથી પૂર્વ દિશામાં વિશેષાધિક, તેનાથી દક્ષિણ દિશામાં વિશેષાધિક અને તેનાથી ઉત્તર દિશામાં વિશેષાધિક છે.

**વિવેચન :–**

તેના અલ્પબહુત્વના કારણો અપ્કાયિક જીવોના અલ્પબહુત્વ પ્રમાણે સમજવા.

### દિશાની અપેક્ષાએ મનુષ્યોનું અલ્પબહુત્વ :–

**૨૬ दिसाणुवाएणं सव्वत्थोवा मणुस्सा दाहिणउत्तरेणं, पुरत्थिमेणं संखेज्जगुणा, पच्चत्थिमेणं विसेसाहिया ।**

**ભાવાર્થ :–** દિશાઓની અપેક્ષાએ સર્વથી થોડા મનુષ્યો દક્ષિણ અને ઉત્તર દિશામાં છે. તેનાથી પૂર્વ દિશામાં સંખ્યાતગુણા અધિક છે અને તેનાથી પણ પશ્ચિમ દિશામાં વિશેષાધિક છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં દિશાની અપેક્ષાએ મનુષ્યોના અલ્પબહુત્વનું કથન છે. મનુષ્યોની સંખ્યાની અલ્પાધિકતામાં ક્ષેત્રની વિશાળતા અને અલ્પતા કારણભૂત છે.

મનુષ્યો મનુષ્યક્ષેત્રમાં જ હોય છે. મનુષ્યો અને અઢીદ્વીપવર્તી બાદર અગ્નિકાયિક જીવોનું અલ્પબહુત્વ સમાન છે.

(૧–૨) સર્વથી થોડા મનુષ્યો ઉત્તર અને દક્ષિણ દિશામાં છે કારણ કે ઉત્તર-દક્ષિણ દિશામાં પાંચ ભરત અને પાંચ ઐરવતક્ષેત્ર વિસ્તારની અપેક્ષાએ નાના છે, તેથી ત્યાં મનુષ્યોની સંખ્યા અલ્પ હોય છે. (૩) તેનાથી પૂર્વ દિશામાં મનુષ્યો સંખ્યાતગુણા છે કારણ કે પૂર્વ દિશામાં પૂર્વ મહાવિદેહક્ષેત્રો સંખ્યાતગુણ વિસ્તૃત છે તેથી મનુષ્યોની સંખ્યા સંખ્યાતગુણી થાય છે. (૪) તેનાથી પશ્ચિમ દિશામાં મનુષ્યો વિશેષાધિક છે. કારણ કે જંબૂદ્વીપના પશ્ચિમ મહાવિદેહનું ક્ષેત્ર વિશાળ હોવાથી મનુષ્યોની સંખ્યા અધિક છે, તેથી પૂર્વ દિશાથી વિશેષાધિક થાય છે.

**દિશાની અપેક્ષાએ મનુષ્યોનું અલ્પબહુત્વ :–**

| ક્રમ | દિશા | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧–૨ | દક્ષિણ ઉત્તર | સર્વથી થોડા પરસ્પર તુલ્ય | ભરત, ઐરવત ક્ષેત્રો નાના હોવાથી અલ્પ મનુષ્યો છે. |
| ૩ | પૂર્વ | સંખ્યાતગુણ અધિક | પૂર્વ મહાવિદેહ ક્ષેત્ર સંખ્યાત ગણું મોટું છે. |
| ૪ | પશ્ચિમ | વિશેષાધિક | પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્ર કંઈક મોટું છે. |




### દિશાની અપેક્ષાએ ભવનવાસી દેવોનું અલ્પબહુત્વ :–

**૨૭ दिसाणुवाएणं सव्वत्थोवा भवणवासी देवा पुरत्थिम-पच्चत्थिमेणं, उत्तरेणं असंखेज्जगुणा, दाहिणेणं असंखेज्जगुणा ।**

**ભાવાર્થ :–** દિશાઓની અપેક્ષાએ સર્વથી થોડા ભવનવાસી દેવો પૂર્વ અને પશ્ચિમ દિશામાં છે, તેનાથી

ઉત્તર દિશામાં અસંખ્યાતગુણા અધિક છે, તેનાથી દક્ષિણ દિશામાં અસંખ્યાતગુણા અધિક છે.

**વિવેચન :–**

ભવનપતિ દેવોની અલ્પાધિકતામાં તેના આવાસરૂપ ભવનોની સંખ્યા કારણભૂત છે.

(૧–૨) સર્વથી થોડા ભવનપતિ દેવો પૂર્વ-પશ્ચિમ દિશામાં છે કારણ કે ત્યાં દેવોના આવાસરૂપ ભવનો અલ્પ છે. ભવનોની સંખ્યા અલ્પ હોવાથી ભવનપતિ દેવોની સંખ્યા અલ્પ છે. (૩) તેનાથી ઉત્તર દિશામાં અસંખ્યાતગુણા અધિક છે કારણ કે ત્યાં તે દેવોના સ્વસ્થાન રૂપ ભવનોની સંખ્યા અધિક છે. ઉત્તર દિશામાં ત્રણ કરોડ છાસઠ લાખ(૩,૬૬,૦૦,૦૦૦) ભવનપતિના ભવનો છે. (૪) તેનાથી દક્ષિણ દિશામાં અસંખ્યાતગુણા અધિક છે. ઉત્તર દિશા કરતાં દક્ષિણ દિશાના પ્રત્યેક આંતરામાં ચાર-ચાર લાખ ભવનો અધિક હોવાથી ૧૦ આંતરાના કુલ ચાલીશ લાખ ભવનો અધિક છે. દક્ષિણ દિશામાં કુલ મળીને ચાર કરોડ છ લાખ (૪,૦૬,૦૦, ૦૦૦) ભવનો છે. આ રીતે દક્ષિણ દિશામાં ભવનપતિ દેવો સર્વથી અધિક થઈ જાય છે.

**દિશાની અપેક્ષાએ ભવનપતિ દેવોનું અલ્પબહુત્વ :–**

| ક્રમ | દિશા | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧–૨ | પૂર્વ પશ્ચિમ | સર્વથી થોડા પરસ્પર તુલ્ય | ભવનો ઓછા છે. |
| ૩ | ઉત્તર | અસંખ્યાતગુણ અધિક | ભવનો વધુ છે. |
| ૪ | દક્ષિણ | અસંખ્યાતગુણ અધિક | પ્રત્યેક નિકાયના ૪-૪ લાખ ભવનો વધુ છે અને કૃષ્ણપાક્ષિક ઘણા જીવો ઉત્પન્ન થાય છે. |




**દિશાની અપેક્ષાએ વાણવ્યંતર દેવોનું અલ્પબહુત્વ :–**

**૨૮** **दिसाणुवाएणं सव्वत्थोवा वाणमंतरा देवा पुरत्थिमेणं, पच्चत्थिमेणं विसेसाहिया, उत्तरेणं विसेसाहिया, दाहिणेणं विसेसाहिया ।**

**ભાવાર્થ :–** દિશાઓની અપેક્ષાએ સર્વથી થોડા વાણવ્યંતર દેવો પૂર્વ દિશામાં છે, તેનાથી પશ્ચિમ દિશામાં વિશેષાધિક છે, તેનાથી ઉત્તર દિશામાં વિશેષાધિક છે અને તેનાથી દક્ષિણ દિશામાં વિશેષાધિક છે.

**વિવેચન :–**

વ્યંતર દેવોની સંખ્યામાં અલ્પાધિકતાનું મુખ્ય કારણ તેમના નગરોની સંખ્યા છે.

(૧) સર્વથી થોડા વ્યંતર દેવો પૂર્વ દિશામાં છે કારણ કે ત્યાં તેમના નગરો અલ્પ છે. (૨) તેનાથી પશ્ચિમ દિશામાં વિશેષાધિક છે. કારણ કે પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્ર વિશાળ હોવાથી વ્યંતર દેવોની સંખ્યા વિશેષાધિક હોય છે. (૩) તેનાથી ઉત્તર દિશામાં વિશેષાધિક છે કારણ કે ઉત્તર દિશામાં તેના સ્વસ્થાન રૂપ વ્યંતર દેવોના નગરો પૂર્વ-પશ્ચિમ દિશા કરતાં અધિક છે. (૪) તેનાથી દક્ષિણ દિશામાં વિશેષાધિક છે કારણ કે દક્ષિણ દિશામાં તેમના નગરો સર્વથી અધિક છે.

### દિશાની અપેક્ષાએ વ્યંતર દેવોનું અલ્પબહુત્વ :–

| ક્રમ | દિશા | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧ | પૂર્વ | સર્વથી થોડા | ઘન સ્થાન વધુ છે. |
| ૨ | પશ્ચિમ | વિશેષાધિક | અધોલૌકિક ગ્રામોમાં પોલાણ વધુ છે. |
| ૩ | ઉત્તર | વિશેષાધિક | સ્વસ્થાનરૂપ નગરો, આવાસો વધુ છે. |
| ૪ | દક્ષિણ | વિશેષાધિક | નગરો વધુ છે, કૃષ્ણ પાક્ષિક જીવો વધુ છે. |




### દિશાની અપેક્ષાએ જ્યોતિષી દેવોનું અલ્પબહુત્વ :–

**૨૧** **दिसाणुवाएणं सव्वत्थोवा जोइसिया देवा पुरत्थिमपच्चत्थिमेणं, दाहिणेणं विसेसाहिया, उत्तरेणं विसेसाहिया ।**

**ભાવાર્થ :–** દિશાઓની અપેક્ષાએ સર્વથી થોડા જ્યોતિષી દેવો પૂર્વ અને પશ્ચિમ દિશામાં છે, તેનાથી દક્ષિણ દિશામાં વિશેષાધિક અને તેનાથી ઉત્તર દિશામાં વિશેષાધિક છે.

**વિવેચન :–**

જ્યોતિષી દેવોમાં તારાઓના સ્થાનની ન્યૂનાધિકતાના આધારે અલ્પબહુત્વ થાય છે, શેષ ચન્દ્ર, સૂર્ય, ગ્રહ અને નક્ષત્રના વિમાનોની સંખ્યા અત્યલ્પ છે. પ્રત્યેક જ્યોતિષ મંડળમાં ૧ ચંદ્ર, ૧ સૂર્ય, ૨૮ નક્ષત્ર અને ૮૮ ગ્રહ તથા ૬૬,૯૭૫ ક્રોડાક્રોડ તારાઓના વિમાન હોય છે. તારાના વિમાનો જે દિશામાં અધિક હોય તે દિશામાં જ્યોતિષી દેવોની સંખ્યા વધી જાય છે.

(૧–૨) સર્વથી થોડા જ્યોતિષી દેવો પૂર્વ-પશ્ચિમ દિશામાં છે કારણ કે ત્યાં જ્યોતિષી દેવો સ્વાભાવિક રીતે અલ્પ છે. (૩) તેનાથી દક્ષિણ દિશામાં વિશેષાધિક છે કારણ કે દક્ષિણ દિશામાં કૃષ્ણપાક્ષિક દેવો અધિક ઉત્પન્ન થાય છે. (૪) તેનાથી ઉત્તર દિશામાં વિશેષાધિક છે કારણ કે ઉત્તર દિશામાં માનસ સરોવરમાં જ્યોતિષી દેવોના ક્રીડા સ્થાન અધિક છે. તેથી ત્યાં જ્યોતિષી દેવોનું આવાગમન અધિક હોય છે. ત્યાંના કેટલાક જલચર તિર્યંચો જ્યોતિષી દેવોને જોઈને જાતિ સ્મરણજ્ઞાન પ્રાપ્ત કરે છે અને વ્રત નિયમોનો સ્વીકાર કરીને જ્યોતિષી દેવોમાં ઉત્પન્ન થવા માટે નિદાન કરીને ત્યાં ઉત્પન્ન થાય છે. તેથી જ્યોતિષી દેવો ઉત્તર દિશામાં અધિક હોય છે.

### દિશાની અપેક્ષાએ જ્યોતિષી દેવોનું અલ્પબહુત્વ :–

| ક્રમ | દિશા | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧–૨ | પૂર્વ<br>પશ્ચિમ | સર્વથી થોડા<br>પરસ્પર તુલ્ય | સ્વાભાવિક રીતે થોડા છે. |
| ૩ | દક્ષિણ | વિશેષાધિક | કૃષ્ણપાક્ષિક જીવો વધુ સંખ્યામાં ઉત્પન્ન થાય છે. |
| ૪ | ઉત્તર | વિશેષાધિક | માનસ સરોવરમાં દેવોના ક્રીડા સ્થાન ઘણા છે ત્યાંના ઘણા જલચરો, જ્યોતિષી દેવોને જોતાં જાતિસ્મરણ જ્ઞાન પ્રાપ્ત કરે છે અને નિદાન કરી જ્યોતિષી દેવ થાય છે. |



**દિશાની અપેક્ષાએ વૈમાનિક દેવનું અલ્પબહુત્વ :-**

**૩૦ दिसाणुवाएणं सव्वत्थोवा देवा सोहम्मे कप्पे पुरत्थिमपच्चत्थिमेणं, उत्तरेणं असंखेज्जगुणा, दाहिणेणं विसेसाहिया ।**

**ભાવાર્થ :–** દિશાઓની અપેક્ષાએ સૌધર્મ કલ્પમાં સર્વથી થોડા દેવો પૂર્વ તથા પશ્ચિમ દિશામાં છે, તેનાથી ઉત્તર દિશામાં અસંખ્યાતગુણા છે અને તેનાથી દક્ષિણ દિશામાં વિશેષાધિક છે.

**૩૧ दिसाणुवाएणं सव्वत्थोवा देवा ईसाणे कप्पे पुरत्थिमपच्चत्थिमेणं, उत्तरेणं असंखेज्ज-गुणा, दाहिणेणं विसेसाहिया ।**

**ભાવાર્થ :–** દિશાઓની અપેક્ષાએ ઈશાનકલ્પમાં સર્વથી થોડા દેવો પૂર્વ તથા પશ્ચિમ દિશામાં છે, તેનાથી ઉત્તર દિશામાં અસંખ્યાતગુણા છે અને તેનાથી દક્ષિણ દિશામાં વિશેષાધિક છે.

**૩૨ दिसाणुवाएणं सव्वत्थोवा देवा सणंकुमारे कप्पे पुरत्थिमपच्चत्थिमेणं, उत्तरेणं असंखेज्ज-गुणा, दाहिणेणं विसेसाहिया ।**

**ભાવાર્થ :–** દિશાઓની અપેક્ષાએ સનત્કુમાર કલ્પમાં સર્વથી થોડા દેવો પૂર્વ તથા પશ્ચિમ દિશામાં છે. તેનાથી ઉત્તરમાં અસંખ્યાતગુણા છે અને તેનાથી દક્ષિણ દિશામાં વિશેષાધિક છે.

**૩૩ दिसाणुवाएणं सव्वत्थोवा देवा माहिंदे कप्पे पुरत्थिम-पच्चत्थिमेणं, उत्तरेणं असंखेज्जगुणा, दाहिणेणं विसेसाहिया ।**

**ભાવાર્થ :–** દિશાઓની અપેક્ષાએ માહેન્દ્ર કલ્પમાં સર્વથી થોડા દેવો પૂર્વ તથા પશ્ચિમ દિશામાં છે. તેનાથી ઉત્તરમાં અસંખ્યાતગુણા છે અને તેનાથી દક્ષિણ દિશામાં વિશેષાધિક છે.

**૩૪ दिसाणुवाएणं सव्वत्थोवा देवा बंभलोए कप्पे पुरत्थिम-पच्चत्थिम-उत्तरेणं, दाहिणेणं असंखेज्जगुणा ।**

**ભાવાર્થ :–** દિશાઓની અપેક્ષાએ બ્રહ્મલોકકલ્પમાં સર્વથી થોડા દેવો પૂર્વ-પશ્ચિમ-ઉત્તર દિશામાં છે, તેનાથી દક્ષિણ દિશામાં અસંખ્યાતગુણા છે.

**૩૫ दिसाणुवाएणं सव्वत्थोवा देवा लंतए कप्पे पुरत्थिम-पच्चत्थिम-उत्तरेणं, दाहिणेणं असंखेज्जगुणा ।**

**ભાવાર્થ :–** દિશાઓની અપેક્ષાએ લાંતક કલ્પમાં સર્વથી થોડા દેવો પૂર્વ-પશ્ચિમ-ઉત્તર દિશામાં છે, તેનાથી દક્ષિણ દિશામાં અસંખ્યાતગુણા છે.

**૩૬ दिसाणुवाएणं सव्वत्थोवा देवा महासुक्के कप्पे पुरत्थिम-पच्चत्थिम-उत्तरेणं, दाहिणेणं असंखेज्जगुणा ।**

**ભાવાર્થ :–** દિશાઓની અપેક્ષાએ મહાશુક્રકલ્પમાં સર્વથી થોડા દેવો પૂર્વ-પશ્ચિમ-ઉત્તર દિશામાં છે. તેનાથી દક્ષિણમાં અસંખ્યાતગુણા છે.

**૩૭** **दिसाणुवाएणं सव्वत्थोवा देवा सहस्सारे कप्पे पुरत्थिम-पच्चत्थिम-उत्तरेणं, दाहिणेणं असंखेज्जगुणा । तेण परं बहुसमोवण्णगा समणाउसो ।**

**ભાવાર્થ :–** દિશાઓની અપેક્ષાએ સહસ્રારકલ્પમાં સર્વથી થોડા દેવો પૂર્વ-પશ્ચિમ-ઉત્તર દિશામાં છે. તેનાથી દક્ષિણ દિશામાં અસંખ્યાતગુણા છે. હે આયુષ્યમાન્ શ્રમણો ! તેનાથી આગળના કલ્પોમાં(પ્રત્યેક કલ્પમાં, પ્રત્યેક ગ્રૈવેયકમાં તથા પ્રત્યેક અનુત્તર વિમાનમાં ચારેય દિશામાં) પ્રાયઃ સમાન દેવો હોય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં દિશાની અપેક્ષાએ વૈમાનિક દેવોના અલ્પબહુત્વનું કથન છે. વૈમાનિક દેવોના અલ્પબહુત્વમાં પુષ્પાવકીર્ણ વિમાનોની સંખ્યા અને તેનો વિસ્તાર કારણરૂપ છે.

**દિશાની અપેક્ષાએ સૌધર્મથી માહેન્દ્ર દેવલોકના દેવોનું અલ્પબહુત્વ :–**(૧–૨) પ્રથમ ચાર દેવલોકમાં સર્વથી થોડા દેવો પૂર્વ-પશ્ચિમ દિશામાં છે. આ ચારે દેવલોકમાં આવલિકા પ્રવિષ્ટ વિમાનો ચારે દિશામાં એક સમાન છે. પુષ્પાવકીર્ણ વિમાનો ઉત્તર-દક્ષિણ દિશામાં અધિક છે અને તે અસંખ્યાત યોજન વિસ્તૃત છે. તેથી પૂર્વ-પશ્ચિમ દિશામાં દેવોની સંખ્યા અલ્પ છે. (૩) તેનાથી ઉત્તર દિશામાં દેવો અસંખ્યાતગુણા અધિક છે કારણ કે અસંખ્યાત યોજન વિસ્તૃત પુષ્પાવકીર્ણ વિમાનો ત્યાં અધિક છે. (૪) તેનાથી દક્ષિણ દિશામાં દેવો વિશેષાધિક છે. કારણ કે ત્યાં કૃષ્ણપાક્ષિક જીવો વધુ સંખ્યામાં હોય છે.

| ક્રમ | દિશા | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧–૨ | પૂર્વ પશ્ચિમ | સર્વથી થોડા પરસ્પર તુલ્ય | પુષ્પાવકીર્ણ વિમાનો ઓછા છે. |
| ૩ | ઉત્તર | અસંખ્યાતગુણા | અસંખ્યાત યોજન વિસ્તૃત પુષ્પાવકીર્ણ વિમાનો ઘણા છે. |
| ૪ | દક્ષિણ | વિશેષાધિક | કૃષ્ણપાક્ષિક જીવો ઘણા છે. |




**બ્રહ્મલોકથી સહસ્રાર દેવલોકના દેવોનું અલ્પબહુત્વ :–** (૧-૨-૩) પાંચમા દેવલોકથી આઠમા દેવલોકમાં સર્વથી થોડા દેવો પૂર્વ-પશ્ચિમ-ઉત્તર દિશામાં છે. કારણ કે કૃષ્ણપાક્ષિક જીવો પ્રાયઃ દક્ષિણ દિશામાં ઉત્પન્ન થાય છે. કૃષ્ણપાક્ષિક જીવોની સંખ્યા શુક્લપાક્ષિક જીવોથી અધિક હોય છે, તેથી તે ત્રણ દિશામાં દેવોની સંખ્યા અલ્પ છે. (૪) તેનાથી દક્ષિણ દિશામાં દેવો અસંખ્યાતગુણા છે કારણ કે દક્ષિણ દિશામાં કૃષ્ણપાક્ષિક જીવો અધિક હોય છે.

| ક્રમ | દિશા | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧થી૩ | પૂર્વ-પશ્ચિમ ઉત્તર | સર્વથી થોડા પરસ્પર તુલ્ય | શુક્લપાક્ષિક જીવો અલ્પ છે. |
| ૪ | દક્ષિણ | અસંખ્યાતગુણા | કૃષ્ણ પાક્ષિક ઘણા જીવો છે. |




**નવમા આણત દેવલોકથી સર્વાર્થસિદ્ધ વિમાનમાં :–** નવથી બાર દેવલોક, નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તર વિમાનના દેવો ચારે દિશામાં પ્રાયઃ સમાન સંખ્યામાં હોય છે, તેથી તેમાં અલ્પબહુત્વ નથી. નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તર વિમાનમાં પુષ્પાવકીર્ણ વિમાનો જ નથી અને નવમાથી બારમા દેવલોકમાં

પુષ્પાવકીર્ણ વિમાનો છે પરંતુ ચારે દિશામાં દેવો સમાન છે, તેથી તેમાં અલ્પાધિકતા નથી.

**દિશાની અપેક્ષાએ સિદ્ધોનું અલ્પબહુત્વ :-**

**૩૮ दिसाणुवाएणं सव्वत्थोवा सिद्धा दाहिणुत्तरेणं, पुरत्थिमेणं संखेज्जगुणा, पच्चत्थिमेणं विसेसाहिया ।**

**ભાવાર્થ :–** દિશાઓની અપેક્ષાએ સર્વથી થોડા સિદ્ધો દક્ષિણ અને ઉત્તર દિશામાં છે. તેનાથી પૂર્વ દિશામાં સંખ્યાતગુણા છે, તેનાથી પશ્ચિમ દિશામાં વિશેષાધિક છે. ॥ **પ્રથમ દ્વાર સંપૂર્ણ** ॥

**વિવેચન :-**

પ્રસ્તુત સૂત્રમાં દિશાની અપેક્ષાએ સિદ્ધોના અલ્પબહુત્વનું પ્રતિપાદન છે.

મનુષ્યો જ સિદ્ધ થાય છે તેથી સિદ્ધોનું અલ્પબહુત્વ મનુષ્યોની સમાન છે. મનુષ્ય જે ક્ષેત્રમાંથી સિદ્ધ થાય ત્યાંથી જ સમશ્રેણીએ લોકાગ્રે પહોંચે છે, તેમાં એક પ્રદેશ પણ આગળ-પાછળ થતા નથી.

(૧–૨) સર્વથી થોડા સિદ્ધો દક્ષિણ-ઉત્તર દિશામાં છે કારણ કે દક્ષિણ-ઉત્તર દિશામાં રહેલા ભરત અને ઐરવત ક્ષેત્ર વિસ્તારની અપેક્ષાએ નાના છે, ત્યાં મનુષ્યોની સંખ્યા અલ્પ છે. તે ઉપરાંત તે બંને ક્ષેત્રોમાં સુષમ-સુષમા આદિ યુગલિક કાલમાં તેમજ દુ:ષમ-દુ:ષમા કાલમાં જીવો સિદ્ધ થતાં નથી, તેથી દક્ષિણ અને ઉત્તર દિશામાં સિદ્ધોની સંખ્યા અલ્પ છે. (૩) તેનાથી પૂર્વ દિશામાં સંખ્યાતગુણા છે કારણ કે પૂર્વ દિશામાં પૂર્વ મહાવિદેહ ક્ષેત્ર સંખ્યાતગુણ વિશાળ છે. ત્યાંના મનુષ્યોની સંખ્યા પણ સંખ્યાતગુણી છે અને પૂર્વ-પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્રમાં કાલ પરિવર્તન થતું નથી, સદાને માટે ધર્મકાલ પ્રવર્તતો હોય છે, તેથી સિદ્ધોની સંખ્યા સંખ્યાતગુણી થાય છે. (૪) તેનાથી પશ્ચિમ દિશામાં વિશેષાધિક છે. કારણ કે પશ્ચિમ દિશામાં મહાવિદેહક્ષેત્ર, પૂર્વ મહાવિદેહક્ષેત્ર કરતાં કંઈક વિશેષાધિક છે. તેથી ત્યાં મનુષ્યોની સંખ્યા વિશેષ છે તેથી સિદ્ધોની સંખ્યા વિશેષાધિક થાય છે.

**દિશાની અપેક્ષાએ સિદ્ધ જીવોનું અલ્પબહુત્વ :–**

| ક્રમ | દિશા | પ્રમાણ | કારણ | |
|---|---|---|---|---|
| ૧–૨ | દક્ષિણ-ઉત્તર | સર્વથી થોડા પરસ્પર તુલ્ય | ભરત, ઐરવતક્ષેત્ર નાના છે અને ત્રીજા-ચોથા આરામાં જ સિદ્ધ થાય છે. |   |
| ૩ | પૂર્વ | સંખ્યાતગુણા | પૂર્વ મહાવિદેહક્ષેત્ર સંખ્યાત ગણું મોટું છે, તેથી મનુષ્યોની સંખ્યા વધુ હોવાથી સિદ્ધ થનારા જીવો વધુ હોય છે. | |
| ૪ | પશ્ચિમ | વિશેષાધિક | પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્ર કંઈક અધિક મોટું હોવાથી મનુષ્યો વધુ સિદ્ધ થાય છે. | |

**દિશાની અપેક્ષાએ સર્વ જીવોનું અલ્પબહુત્વ :–**

| જીવ | પૂર્વ | પશ્ચિમ | ઉત્તર | દક્ષિણ | અલ્પબહુત્વનું મુખ્ય કારણ |
|---|---|---|---|---|---|
| સમુચ્ચય જીવ | ૨ વિશે૦ | ૧ અલ્પ | ૪ વિશે૦ | ૩ વિશે૦ | વનસ્પતિકાયિક જીવોની હીનાધિકતા |
| પૃથ્વીકાય | ૩ વિશે૦ | ૪ વિશે૦ | ૨ વિશે૦ | ૧ અલ્પ | ભૂમિની હીનાધિકતા |
| અપ્કાય | ૨ વિશે૦ | ૧ અલ્પ | ૪ વિશે૦ | ૩ વિશે૦ | જલસ્થાનોની હીનાધિકતા |
| તેજસ્કાય | ૨ સં૦ગુણા | ૩ વિશે૦ | ૧ અલ્પ | ૧ અલ્પ | મનુષ્ય સંખ્યાની હીનાધિકતા |
| વાયુકાય | ૧ અલ્પ | ૨ વિશે૦ | ૩ વિશે૦ | ૪ વિશે૦ | પોલાણની હીનાધિકતા |
| વનસ્પતિકાય | ૨ વિશે૦ | ૧ અલ્પ | ૪ વિશે૦ | ૩ વિશે૦ | અપ્કાયની હીનાધિકતા |
| ત્રણ વિકલેન્દ્રિય તિર્યંચ પંચેન્દ્રિય | ૨ વિશે૦ | ૧ અલ્પ | ૪ વિશે૦ | ૩ વિશે૦ | જલસ્થાનોની હીનાધિકતા |
| મનુષ્યો | ૨ સં૦ગુણા | ૩ વિશે૦ | ૧ અલ્પ | ૧ અલ્પ | મનુષ્યક્ષેત્રની હીનાધિકતા |
| નારકો | ૧ અલ્પ | ૧ અલ્પ | ૧ અલ્પ | ૨ અસં૦ગુણા | નરકાવાસોની સંખ્યા, વિસ્તાર અને કૃષ્ણપાક્ષિક જીવોની અધિકતા |
| ભવનપતિદેવો | ૧ અલ્પ | ૧ અલ્પ | ૨ અસં૦ગુણા | ૩ અસં૦ગુણા | ભવનાવાસો, તેનો વિસ્તાર અને સંખ્યાની ન્યૂનાધિકતા |
| વ્યંતરદેવો | ૧ અલ્પ | ૨ વિશે૦ | ૩ વિશે૦ | ૪ વિશે૦ | નગરોની સંખ્યા અને વિસ્તારની ન્યૂનાધિકતા |
| જ્યોતિષીદેવો | ૧ અલ્પ | ૧ અલ્પ | ૩ વિશે૦ | ૨ વિશે૦ | તારા વિમાનોની હિનાધિકતા અને માનસસરોવર |
| પ્રથમ ચાર દેવલોક | ૧ અલ્પ | ૧ અલ્પ | ૨ અસં૦ગુણા | ૩ વિશે૦ | પુષ્પાવકીર્ણ વિમાનોની હીનાધિકતા |
| પાંચમાંથી આઠમો દેવલોક | ૧ અલ્પ | ૧ અલ્પ | ૧ અલ્પ | ૨ અસં૦ગુણા | સ્વાભાવિક |
| નવમા દેવલોકથી સર્વાર્થ સિદ્ધ | સમાન | સમાન | સમાન | સમાન | સ્વાભાવિક |
| સિદ્ધો | ૨ સં૦ગુણા | ૩ વિશે૦ | ૧ અલ્પ | ૧ અલ્પ | મનુષ્ય સંખ્યાની અપેક્ષા |
| ★ વિશે૦ = વિશેષાધિક, સં૦ગુણા = સંખ્યાતગુણ, અસં૦ગુણા = અસંખ્યાતગુણા. | | | | | |

**(૨) ગતિ દ્વાર :–**

**૩૯ एएसि णं भंते ! णेरइयाणं तिरिक्खजोणियाणं मणुस्साणं देवाणं सिद्धाणं य पंचगइ समासेणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा?**

**गोयमा ! सव्वत्थोवा मणुस्सा, णेरइया असंखेज्जगुणा, देवा असंखेज्जगुणा, सिद्धा अणंतगुणा, तिरिक्खजोणिया अणंतगुणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્! નૈરયિકો, તિર્યંચયોનિકો, મનુષ્યો, દેવો અને સિદ્ધો, આ પાંચ ગતિઓની

અપેક્ષાએ કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વથી થોડા મનુષ્યો છે, (૨) તેનાથી નૈરયિકો અસંખ્યાતગુણા છે, (૩) તેનાથી દેવો અસંખ્યાત ગુણા છે, (૪) તેનાથી સિદ્ધો અનંતગુણા છે અને (૫) તેનાથી તિર્યંચયોનિકો અનંતગુણા છે.(વનસ્પતિની અપેક્ષાએ)

**૪૦ एएसि णं भंते ! णेरइयाणं तिरिक्खजोणियाणं तिरिक्खजोणिणीणं मणुस्साणं मणुस्सीणं देवाणं देवीणं सिद्धाण य अट्ठगइ समासेणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवाओ मणुस्सीओ, मणुस्सा असंखेज्जगुणा, णेरइया असंखेज्जगुणा, तिरिक्खजोणिणीओ असंखेज्जगुणाओ, देवा असंखेज्जगुणा, देवीओ संखेज्जगुणाओ, सिद्धा अणंतगुणा, तिरिक्खजोणिया अणंतगुणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકો, તિર્યંચો, તિર્યંચાણી, મનુષ્યો, મનુષ્યાણી, દેવ, દેવીઓ અને સિદ્ધો, આ આઠ ગતિઓની અપેક્ષાએ કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વ થોડી મનુષ્યાણી, (૨) તેનાથી મનુષ્યો અસંખ્યાતગુણા છે, (૩) તેનાથી નૈરયિકો અસંખ્યાત ગુણા છે, (૪) તેનાથી તિર્યંચાણી અસંખ્યાત ગુણી છે, (૫) તેનાથી દેવો અસંખ્યાતગુણા છે, (૬) તેનાથી દેવીઓ સંખ્યાતગુણી છે, (૭) તેનાથી સિદ્ધ ભગવાન અનંત ગુણા છે, (૮) તેનાથી (વનસ્પતિ આશ્રી) તિર્યંચયોનિકો અનંતગુણા છે. ॥ **બીજું દ્વાર સંપૂર્ણ** ॥

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં પાંચ ગતિ અને આઠ ગતિની અપેક્ષાએ જીવોના અલ્પબહુત્વનું કથન છે. પાંચ અને આઠ ગતિ મૂળપાઠથી સ્પષ્ટ છે.

**પાંચ ગતિની અપેક્ષાએ અલ્પબહુત્વ :–** (૧) ગતિની અપેક્ષાએ સર્વથી થોડા મનુષ્યો છે કારણ કે મનુષ્ય ક્ષેત્ર નાનું છે. (૨) તેનાથી નૈરયિકો અસંખ્યાત ગુણા છે કારણ કે નૈરયિકો અસંખ્ય છે. (૩) તેનાથી દેવો અસંખ્યાત ગુણા છે કારણ કે વ્યંતર અને જ્યોતિષી દેવોની સંખ્યા નૈરયિકોથી વધુ છે. (૪) તેનાથી સિદ્ધ અનંતગુણા છે કારણ કે દેવ અસંખ્ય છે અને સિદ્ધ અનંત છે. (૫) તેનાથી તિર્યંચ અનંતગુણા છે કારણ કે વનસ્પતિકાયિક જીવો સિદ્ધોથી અનંતગુણા છે.

| ક્રમ | દિશા | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧ | મનુષ્ય | સર્વથી થોડા | અઢીદ્વીપ પ્રમાણ મનુષ્ય ક્ષેત્ર છે. |
| ૨ | નારકી | અસંખ્યાતગુણા | અસંખ્યાતા છે તેથી અસંખ્યાતગુણ છે. |
| ૩ | દેવ | અસંખ્યાતગુણા | વ્યંતર અને જ્યોતિષી દેવોની સંખ્યા વધુ છે. |
| ૪ | સિદ્ધ | અનંતગુણા | સિદ્ધ જીવો અનંત છે. |
| ૫ | તિર્યંચ | અનંતગુણા | વનસ્પતિ કાયિક જીવો સિદ્ધોથી અનંત ગુણા હોય છે. |

**આઠ ગતિની અપેક્ષાએ અલ્પબહુત્વ :–** (૧) સર્વથી અલ્પ મનુષ્યાણી છે. (૨) તેનાથી મનુષ્યો અસંખ્યાત

ગુણા છે. કારણ કે અહીં વેદની વિવક્ષા ન હોવાથી સંમૂર્ચ્છિમ મનુષ્યનો સમાવેશ મનુષ્યમાં થાય છે. તેથી તે અસંખ્યાતગુણા થાય છે (૩) તેનાથી નૈરયિકો અસંખ્યાતગુણા છે. (૪) તેનાથી તિર્યંચાણી(તિર્યંચ સ્ત્રીઓ) અસંખ્યાતગુણી છે. જલચર જીવો નારકીઓથી વધુ છે. (૫) તેનાથી દેવો અસંખ્યાતગુણા છે કારણ કે જ્યોતિષી દેવો વધુ છે. (૬) તેનાથી દેવીઓ સંખ્યાતગુણી છે. દેવ કરતાં દેવી બત્રીશ ગુણી અને ૩૨ અધિક હોય છે. (૭) તેનાથી સિદ્ધો અનંત ગુણા છે કારણ કે દેવો અસંખ્ય છે અને સિદ્ધો અનંત છે. (૮) તેનાથી તિર્યંચો અનંતગુણા છે, એકેન્દ્રિયની અપેક્ષાએ.

| ક્રમ | દિશા | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧ | મનુષ્યાણી | સર્વથી થોડી | તેમાં સંમૂર્ચ્છિમનો સમાવેશ થતો નથી. તેથી તેનું પ્રમાણ સંખ્યાત જ છે. |
| ૨ | મનુષ્ય | અસંખ્યાતગુણા | ગર્ભજ અને સંમૂર્ચ્છિમ બંને પ્રકારના મનુષ્યોનો સમાવેશ થાય છે. તેનું પ્રમાણ અસંખ્યાત છે. |
| ૩ | નૈરયિક | અસંખ્યાતગુણા | મનુષ્ય કરતાં ક્ષેત્ર વધુ અને જીવો વધુ હોય છે. |
| ૪ | તિર્યંચાણી | અસંખ્યાતગુણા | જલચરાદિ પંચેન્દ્રિય જીવો નૈરયિકોથી વધુ હોય છે. |
| ૫ | દેવ | અસંખ્યાતગુણા | જ્યોતિષી દેવોની સંખ્યા તિર્યંચાણીથી વધુ છે |
| ૬ | દેવી | સંખ્યાતગુણા | દેવ કરતાં દેવીઓ બત્રીસ ગુણી અને ૩૨ અધિક હોય છે. |
| ૭ | સિદ્ધ | અનંતગુણા | દેવ અસંખ્ય છે અને સિદ્ધ અનંત છે. |
| ૮ | તિર્યંચ | અનંતગુણા | એકેન્દ્રિય જીવોની અપેક્ષાએ તિર્યંચ જીવો સિદ્ધોથી વધુ છે. |

**(૩) ઇન્દ્રિય દ્વાર :–**

**૪૧ एएसि णं भंते ! सइंदियाणं एगिंदियाणं बेइंदियाणं तेइंदियाणं चउरिंदियाणं पंचेंदियाणं अणिंदियाण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवा पंचेंदिया, चउरिंदिया विसेसाहिया, तेइंदिया विसेसाहिया, बेइंदिया विसेसाहिया, अणिंदिया अणंतगुणा, एगिंदिया अणंतगुणा, सइंदिया विसेसाहिया।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સઇન્દ્રિય(ઇન્દ્રિય સહિતના) જીવો અને એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય, પંચેન્દ્રિય તથા અનિન્દ્રિય જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વથી થોડા પંચેન્દ્રિય જીવો છે, (૨) તેનાથી ચૌરેન્દ્રિય જીવો વિશેષાધિક છે. (૩) તેનાથી તેઇન્દ્રિય જીવો વિશેષાધિક છે, (૪) તેનાથી બેઇન્દ્રિય જીવો વિશેષાધિક છે, (૫) તેનાથી અનિન્દ્રિય જીવો અનંતગુણા છે, (૬) તેનાથી એકેન્દ્રિય જીવો અનંતગુણા છે અને (૭) તેનાથી સઇન્દ્રિય જીવો વિશેષાધિક છે.

**૪૨ एएसि णं भंते ! सइंदियाणं एगिंदियाणं बेइंदियाणं तेइंदियाणं चउरिंदियाणं पंचेंदियाणं अपज्जत्तगाणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया ?**

**गोयमा ! सव्वत्थोवा पंचेंदिया अपज्जत्तगा, चउरिंदिया अपज्जत्तगा विसेसाहिया, तेइंदिया अपज्जत्तगा विसेसाहिया, बेइंदिया अपज्जत्तगा विसेसाहिया, एगिंदिया अपज्जत्तगा**

**अणंतगुणा, सइंदिया अपज्जत्तगा विसेसाहिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સઇન્દ્રિય, એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય, પંચેન્દ્રિયના અપર્યાપ્ત જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વથી થોડા પંચેન્દ્રિયના અપર્યાપ્તા છે, (૨) તેનાથી ચૌરેન્દ્રિયના અપર્યાપ્તા વિશેષાધિક છે, (૩) તેનાથી તેઇન્દ્રિયના અપર્યાપ્તા વિશેષાધિક છે, (૪) તેનાથી બેઇન્દ્રિયના અપર્યાપ્તા વિશેષાધિક છે, (૫) તેનાથી એકેન્દ્રિયના અપર્યાપ્તા અનંતગુણા છે અને (૬) તેનાથી સઇન્દ્રિયના અપર્યાપ્તા જીવો વિશેષાધિક છે.

**૪૩ एएसि णं भंते ! सइंदियाणं एगिंदियाणं बेइंदियाणं तेइंदियाणं चउरिंदियाणं पंचेंदियाणं पज्जत्तगाणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवा चउरिंदिया पज्जत्तगा, पंचेंदिया पज्जत्तगा विसेसाहिया, बेइंदिया पज्जत्तगा विसेसाहिया, तेइंदिया पज्जत्तगा विसेसाहिया, एगिंदिया पज्जत्तगा अणंतगुणा, सइंदिया पज्जत्तगा विसेसाहिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સઇન્દ્રિય, એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય અને પંચેન્દ્રિયના પર્યાપ્તા જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વથી થોડા ચૌરેન્દ્રિયના પર્યાપ્તા છે, (૨) તેનાથી પંચેન્દ્રિયના પર્યાપ્તા વિશેષાધિક છે, (૩) તેનાથી બેઇન્દ્રિયના પર્યાપ્તા વિશેષાધિક છે, (૪) તેનાથી તેઇન્દ્રિયના પર્યાપ્તા વિશેષાધિક છે, (૫) તેનાથી એકેન્દ્રિયના પર્યાપ્તા અનંતગુણા છે અને (૬) તેનાથી સઇન્દ્રિયના પર્યાપ્તા વિશેષાધિક છે.

**૪૪ एएसि णं भंते ! सइंदियाणं पज्जत्ताअपज्जत्ताणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ? गोयमा ! सव्वत्थोवा सइंदिया अपज्जत्तगा, सइंदिया पज्जत्तगा संखेज्जगुणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સઇન્દ્રિય પર્યાપ્ત અને અપર્યાપ્ત જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય, કે વિશેષાધિક છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સર્વથી થોડા સઇન્દ્રિય અપર્યાપ્તા, તેનાથી સઇન્દ્રિય પર્યાપ્તા જીવો સંખ્યાતગુણા છે.

**૪૫ एएसि णं भंते ! एगिंदियाणं पज्जत्ताअपज्जत्ताणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ? गोयमा ! सव्वत्थोवा एगिंदिया अपज्जत्तगा, एगिंदिया पज्जत्तगा संखेज्जगुणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! એકેન્દ્રિયના પર્યાપ્તા અને અપર્યાપ્તામાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સર્વથી થોડા એકેન્દ્રિયના અપર્યાપ્તા છે અને તેનાથી એકેન્દ્રિયના પર્યાપ્તા સંખ્યાતગુણા છે.

**૪૬** **एएसि णं भंते ! बेइंदियाणं पज्जत्ताअपज्जत्ताणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ? गोयमा ! सव्वत्थोवा बेइंदिया पज्जत्तगा, बेइंदिया अपज्जत्तगा असंखेज्जगुणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બેઇન્દ્રિયના પર્યાપ્તા અને અપર્યાપ્તામાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સર્વથી થોડા બેઇન્દ્રિયના પર્યાપ્તા છે, તેનાથી બેઇન્દ્રિયના અપર્યાપ્તા અસંખ્યાત ગુણા છે.

**૪૭** **एएसि णं भंते ! तेइंदियाणं पज्जत्ताअपज्जत्ताणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ? गोयमा ! सव्वत्थोवा तेइंदिया पज्जत्तगा, तेइंदिया अपज्जत्तगा असंखेज्जगुणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તેઇન્દ્રિયના પર્યાપ્તા અને અપર્યાપ્તામાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સર્વથી થોડા તેઇન્દ્રિયના પર્યાપ્તા છે, તેનાથી તેઇન્દ્રિયના અપર્યાપ્તા અસંખ્યાતગુણા છે.

**૪૮** **एएसि णं भंते ! चउरिंदियाणं पज्जत्ताअपज्जत्ताणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ? गोयमा ! सव्वत्थोवा चउरिंदिया पज्जत्तगा, चउरिंदिया अपज्जत्तगा असंखेज्जगुणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ચૌરેન્દ્રિયના પર્યાપ્તા અને અપર્યાપ્તામાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સર્વથી થોડા ચૌરેન્દ્રિયના પર્યાપ્તા છે, તેનાથી ચૌરેન્દ્રિયના અપર્યાપ્તા અસંખ્યાતગુણા છે.

**૪૯** **एएसि णं भंते ! पंचेंदियाणं पज्जत्ताअपज्जत्ताणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ? गोयमा ! सव्वत्थोवा पंचेंदिया पज्जत्तगा, पंचेंदिया अपज्जत्तगा असंखेज्जगुणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પંચેન્દ્રિય પર્યાપ્તા-અપર્યાપ્તા જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સર્વથી થોડા પંચેન્દ્રિયના પર્યાપ્તા છે, તેનાથી પંચેન્દ્રિયના અપર્યાપ્તા જીવો અસંખ્યાતગુણા છે.

**૫૦** **एएसि णं भंते ! सइंदियाणं एगिंदियाणं बेइंदियाणं तेइंदियाणं चउरिंदियाणं पंचेंदियाणं पज्जत्ताअपज्जत्ताणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवा चउरिंदिया पज्जत्तगा, पंचेंदिया पज्जत्तगा विसेसाहिया, बेइंदिया पज्जत्तगा विसेसाहिया, तेइंदिया पज्जत्तगा विसेसाहिया, पंचेंदिया अपज्जत्तगा असंखेज्जगुणा, चउरिंदिया अपज्जत्तगा विसेसाहिया, तेइंदिया अपज्जत्तगा विसेसाहिया, बेइंदिया अपज्जत्तगा विसेसाहिया, एगेंदिया अपज्जत्तगा अणंतगुणा, सइंदिया अपज्जत्तगा**

**विसेसाहिया, एगिंदिया पज्जत्तगा संखेज्जगुणा, सइंदिया पज्जत्तगा विसेसाहिया, सइंदिया विसेसाहिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવાન ! સઇન્દ્રિય, એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય, પંચેન્દ્રિયના પર્યાપ્ત અને અપર્યાપ્ત જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વથી થોડા ચૌરેન્દ્રિયના પર્યાપ્તા છે, (૨) તેનાથી પંચેન્દ્રિયના પર્યાપ્તા વિશેષાધિક છે, (૩) તેનાથી બેઇન્દ્રિયના પર્યાપ્તા વિશેષાધિક છે, (૪) તેનાથી તેઇન્દ્રિયના પર્યાપ્તા વિશેષાધિક, (૫) તેનાથી પંચેન્દ્રિયના અપર્યાપ્તા અસંખ્યાતગુણા છે, (૬) તેનાથી ચૌરેન્દ્રિયના અપર્યાપ્તા વિશેષાધિક છે, (૭) તેનાથી તેઇન્દ્રિયના અપર્યાપ્તા વિશેષાધિક છે, (૮) તેનાથી બેઇન્દ્રિયના અપર્યાપ્તા વિશેષાધિક છે, (૯) તેનાથી એકેન્દ્રિયના અપર્યાપ્તા અનંતગુણા છે, (૧૦) તેનાથી સઇન્દ્રિયના અપર્યાપ્તા વિશેષાધિક છે, (૧૧) તેનાથી એકેન્દ્રિયના પર્યાપ્તા સંખ્યાતગુણા છે, (૧૨) તેનાથી સઇન્દ્રિયના પર્યાપ્તા વિશેષાધિક છે, (૧૩) તેનાથી સઇન્દ્રિયના વિશેષાધિક છે. ॥ **તૃતીય દ્વાર સંપૂર્ણ** ॥

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ઇન્દ્રિયોની અપેક્ષાએ સઇન્દ્રિય, અનિન્દ્રિય, એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના જીવોના પર્યાપ્તા, અપર્યાપ્તા અને તે બંનેના સમ્મિલિત અલ્પબહુત્વની સમીક્ષા છે.

**૧. ઇન્દ્રિયોની અપેક્ષાએ સમુચ્ચય જીવોનું અલ્પબહુત્વ :–** (૧) સર્વથી થોડા પંચેન્દ્રિયો છે. (૨) તેનાથી ચૌરેન્દ્રિયો વિશેષાધિક છે. (૩) તેનાથી તેઇન્દ્રિયો વિશેષાધિક છે. (૪) તેનાથી બેઇન્દ્રિયો વિશેષાધિક છે કારણ કે વધુ ઇન્દ્રિયવાળા જીવો લોકમાં સ્વાભાવિક રીતે ઓછા હોય છે અને અલ્પ ઇન્દ્રિયવાળા જીવો વધુ હોય છે. (૫) તેનાથી અનિન્દ્રિયો અનંતગુણા છે, કારણ કે સિદ્ધો અનંતા છે. (૬) તેનાથી એકેન્દ્રિયો અનંતગુણા છે કારણ કે વનસ્પતિકાયિક જીવો સિદ્ધોથી અનંતગુણા છે. (૭) તેનાથી સઇન્દ્રિય જીવો વિશેષાધિક છે, કારણ કે તેમાં એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના સર્વ સંસારી જીવોનો સમાવેશ થાય છે.

| ક્રમ | ઇંદ્રિય | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧ | પંચેન્દ્રિય | સર્વથી થોડા | સ્વભાવિક રીતે વધુ ઇન્દ્રિયવાળા જીવો અલ્પ હોય છે. |
| ૨ | ચૌરેન્દ્રિય | વિશેષાધિક | અલ્પ ઇન્દ્રિયવાળા જીવો વધુ હોય છે. |
| ૩ | તેઇન્દ્રિય | વિશેષાધિક | અલ્પ ઇન્દ્રિયવાળા જીવો વધુ હોય છે. |
| ૪ | બેઇન્દ્રિય | વિશેષાધિક | અલ્પ ઇન્દ્રિયવાળા જીવો વધુ હોય છે. |
| ૫ | અનિન્દ્રિય | અનંતગુણા | ઉપરના જીવો અસંખ્ય છે અને સિદ્ધો અનંત છે. |
| ૬ | એકેન્દ્રિય | અનંતગુણા | વનસ્પતિ જીવો સિદ્ધોથી અનંતગણા છે. |
| ૭ | સઇન્દ્રિય | વિશેષાધિક | એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના સર્વ સંસારી જીવો સઇન્દ્રિય કહેવાય છે. |

**(૨) ઇંદ્રિયની અપેક્ષાએ અપર્યાપ્ત જીવોનું અલ્પબહુત્વ :–** સમુચ્ચય ઇંદ્રિયોના અલ્પબહુત્વની સમાન જ અપર્યાપ્તા પંચેન્દ્રિયોનું અલ્પબહુત્વ છે પરંતુ અપર્યાપ્તામાં અનિંદ્રિયનો બોલ નથી. તે સિવાય સમુચ્ચયની સમાન અપર્યાપ્તામાં પણ અલ્પ ઇંદ્રિયવાળા જીવો વધુ હોય છે.

**(૩) ઇંદ્રિયની અપેક્ષાએ પર્યાપ્ત જીવોનું અલ્પબહુત્વ :–** *[ઇંદ્રિયોની અપેક્ષાએ પર્યાપ્ત જીવોનું અલ્પબહુત્વ*

*સમુચ્ચય અલ્પબહુત્વની જેમ ઈન્દ્રિયના ક્રમાનુસાર નથી. આ અલ્પબહુત્વમાં ક્યાંક આયુષ્યની અપેક્ષાએ, ક્યાંક સ્વાભાવિક રીતે જીવોની હીનાધિકતા છે.]* (૧) સર્વથી થોડા ચૌરેન્દ્રિયના પર્યાપ્તા જીવો છે. (૨) તેનાથી પર્યાપ્તા પંચેન્દ્રિયો વિશેષાધિક છે. કારણ કે ચૌરેન્દ્રિયનું આયુષ્ય છ માસ છે જ્યારે પંચેન્દ્રિયનું આયુષ્ય એક કરોડ પૂર્વ વર્ષનું છે. તેથી પૃચ્છા સમયે પર્યાપ્તા પંચેન્દ્રિય વધુ મળે છે. (૩) તેનાથી પર્યાપ્તા બેઇન્દ્રિયો વિશેષાધિક છે અને (૪) તેનાથી પર્યાપ્તા તેઇન્દ્રિયો વિશેષાધિક છે. બેઈન્દ્રિયનું આયુષ્ય ૧૨ વર્ષનું છે જ્યારે તેઈન્દ્રિયનું ૪૯ દિવસનું છે. છતાં પણ પર્યાપ્તા બેઈન્દ્રિય જીવો પૃચ્છા સમયે સ્વભાવથી અલ્પ મળે છે. (૫) તેનાથી એકેન્દ્રિય પર્યાપ્તા અનંતગુણા છે કારણ કે પર્યાપ્તા વનસ્પતિકાયિકો અનંતા છે. (૬) તેનાથી સઈન્દ્રિય પર્યાપ્તા વિશેષાધિક છે કારણ કે તેમાં પર્યાપ્તા એકેન્દ્રિય બેઇન્દ્રિયાદિનો સમાવેશ થાય છે.

| ક્રમ | ઈંદ્રિય | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧ | ચૌરેન્દ્રિયનાપર્યાપ્તા | સર્વથી થોડા | આયુષ્ય અલ્પ છે. |
| ૨ | પંચેન્દ્રિયના પર્યાપ્તા | વિશેષાધિક | આયુષ્ય વધુ છે. |
| ૩ | બેઇંદ્રિયના પર્યાપ્તા | વિશેષાધિક | સ્વભાવથી વધુ છે. |
| ૪ | તેઇંદ્રિયના પર્યાપ્તા | વિશેષાધિક | સ્વભાવથી વધુ છે. |
| ૫ | એકેન્દ્રિયના પર્યાપ્તા | અનંતગુણ | વનસ્પતિકાય અનંત છે. |
| ૬ | સઇંદ્રિયના પર્યાપ્તા | વિશેષાધિક | બેઇંદ્રિયાદિ સર્વ જીવો સમાવિષ્ટ થાય છે. |

**(૪) ઈંદ્રિયની અપેક્ષાએ પર્યાપ્ત–અપર્યાપ્ત જીવોનું અલ્પબહુત્વ :–** સઈન્દ્રિય–(૧) સર્વથી થોડા સઈન્દ્રિય અપર્યાપ્તા છે. (૨) તેનાથી સઈન્દ્રિય પર્યાપ્ત સંખ્યાતગુણા છે. સમુચ્ચય જીવોના કથનમાં સૂક્ષ્મ-બાદર સર્વ જીવોનો સમાવેશ થાય છે. સૂક્ષ્મ જીવોમાં અપર્યાપ્ત જીવો અલ્પ છે અને પર્યાપ્ત જીવો તેનાથી સંખ્યાતગુણા છે. પ્રસ્તુત કથન સૂક્ષ્મ જીવોની અપેક્ષાએ છે.

એકેન્દ્રિય– સઈન્દ્રિય જીવોના કથનની જેમ સર્વથી થોડા અપર્યાપ્ત એકેન્દ્રિય અને તેનાથી પર્યાપ્તા એકેન્દ્રિય જીવો સંખ્યાતગુણા છે. બેઈન્દ્રિયથી પંચેન્દ્રિય– (૧) સર્વથી થોડા પર્યાપ્ત બેઇન્દ્રિયાદિ જીવો છે. (૨) તેનાથી અપર્યાપ્તા બેઇન્દ્રિય આદિ અસંખ્યાતગુણા છે કારણ કે સૂક્ષ્મ સિવાય સર્વ જીવોમાં પર્યાપ્તાથી અપર્યાપ્તા અસંખ્યાતગુણા હોય છે.

**(૫)** પર્યાપ્તા-અપર્યાપ્તા જીવોનું સમ્મિલિત અલ્પબહુત્વ મૂળપાઠમાં જ સ્પષ્ટ છે. તેના કારણો પૂર્વ સૂત્રાનુસાર જાણવા.

| ક્રમ | ઈંદ્રિય | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧ | પર્યાપ્તા ચૌરેન્દ્રિય | સર્વથી થોડા | સામાન્ય રીતે વધુ ઇન્દ્રિયવાળા અલ્પ અને અલ્પ ઇન્દ્રિયવાળા વધુ હોય પરંતુ સ્થિતિની ન્યૂનતાને કારણે પર્યાપ્તા ચૌરેન્દ્રિય અલ્પ છે. |
| ૨ | પર્યાપ્તા પંચેન્દ્રિય | વિશેષાધિક | સ્થિતિ અધિક (એક ક્રોડ પૂર્વ વર્ષ) છે. |
| ૩ | પર્યાપ્તા બેઇંદ્રિય | વિશેષાધિક | તેઈન્દ્રિયથી સ્થિતિ વધુ હોવા છતાં સ્વભાવથી જ તે જીવો અલ્પ હોય છે. |
| ૪ | પર્યાપ્તા તેઇંદ્રિય | વિશેષાધિક | સ્થિતિ અલ્પ હોવા છતાં સ્વભાવથી જ વધુ મળે છે. |

| ક્રમ | ઈંદ્રિય | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૫ | પર્યાપ્તા પંચેન્દ્રિય | અસંખ્યગુણા | વિકલેન્દ્રિયોમાં પર્યાપ્તાથી અપર્યાપ્તા અસંખ્યગુણા જ હોય છે. અપર્યાપ્તામાં વધુ ઈન્દ્રિયવાળા અલ્પ અને અલ્પ ઈન્દ્રિયવાળા વધુ હોય છે. |
| ૬ | અપર્યાપ્તા ચૌરેન્દ્રિય | વિશેષાધિક | અપર્યાપ્તમાં અલ્પ ઈન્દ્રિયવાળા વધુ હોય છે. |
| ૭ | અપર્યાપ્તા તેઈંદ્રિય | વિશેષાધિક | અપર્યાપ્તમાં અલ્પ ઈન્દ્રિયવાળા વધુ હોય છે. |
| ૮ | અપર્યાપ્તા બેઈંદ્રિય | વિશેષાધિક | અપર્યાપ્તમાં અલ્પ ઈન્દ્રિયવાળા વધુ હોય છે. |
| ૯ | અપર્યાપ્તા એકેન્દ્રિય | અનંતગુણા | અપર્યાપ્ત વનસ્પતિમાં અનંત જીવો છે. |
| ૧૦ | અપર્યાપ્તા સઈંદ્રિય | વિશેષાધિક | અપર્યાપ્ત બેઈંદ્રિયાદિ જીવોનો સમાવેશ હોવાથી |
| ૧૧ | પર્યાપ્તા એકેન્દ્રિય | સંખ્યાતગુણા | સૂક્ષ્મમાં પર્યાપ્ત જીવો અપર્યાપ્ત જીવોથી સંખ્યાત ગુણા હોય છે માટે એકેન્દ્રિયમાં અપર્યાપ્તથી પર્યાપ્ત વધુ હોય છે. |
| ૧૨ | પર્યાપ્તા સઈંદ્રિય | વિશેષાધિક | એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના સર્વપર્યાપ્ત જીવોનો સમાવેશ થાય છે. |
| ૧૩ | સઈંદ્રિય | વિશેષાધિક | પર્યાપ્ત અને અપર્યાપ્ત સર્વ જીવોનો સમાવેશ થાય છે અને પર્યાપ્તથી અપર્યાપ્ત જીવો લોકમાં અલ્પ છે માટે વિશેષાધિક થાય છે. |

**(૪) કાયદ્વાર :–**

**૫૧ एएसि णं भंते ! सकाइयाणं पुढविकाइयाणं आउकाइयाणं तेउकाइयाणं वाउकाइयाणं वणस्सइकाइयाणं तसकाइयाणं अकाइयाणं च कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवा तसकाइया, तेउकाइया असंखेज्जगुणा, पुढविकाइया विसेसाहिया, आउकाइया विसेसाहिया, वाउकाइया विसेसाहिया, अकाइया अणंतगुणा, वणस्सइकाइया अणंतगुणा, सकाइया विसेसाहिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સકાયિક, પૃથ્વીકાયિક, અપ્કાયિક, તેઉકાયિક, વાયુકાયિક, વનસ્પતિકાયિક, ત્રસકાયિક અને અકાયિક જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વથી થોડા ત્રસકાયિક છે, (૨) તેનાથી તેજસ્કાયિક અસંખ્યાતગુણા છે, (૩) તેનાથી પૃથ્વીકાયિક વિશેષાધિક છે, (૪) તેનાથી અપ્કાયિક વિશેષાધિક છે, (૫) તેનાથી વાયુકાયિક વિશેષાધિક છે, (૬) તેનાથી અકાયિક(સિદ્ધો) અનંતગુણા છે, (૭) તેનાથી વનસ્પતિકાયિક અનંતગુણા છે અને (૮) તેનાથી સકાયિક વિશેષાધિક છે.

**૫૨ एएसि णं भंते ! सकाइयाणं पुढविकाइयाणं आउकाइयाणं तेउकाइयाणं वाउकाइयाणं वणस्सइकाइयाणं तसकाइयाणं च अपज्जत्तगाणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवा तसकाइया अपज्जत्तगा, तेउकाइया अपज्जत्तगा असंखेज्जगुणा,**

**पुढविकाइया अपज्जत्तगा विसेसाहिया, आउकाइया अपज्जत्तगा विसेसाहिया, वाउकाइया अपज्जत्तगा विसेसाहिया, वणस्सइकाइया अपज्जत्तगा अणंतगुणा, सकाइया अपज्जत्तगा विसेसाहिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સકાયિક, પૃથ્વીકાયિક, અપ્કાયિક, તેજસ્કાયિક, વાયુકાયિક, વનસ્પતિકાયિક અને ત્રસકાયિકના અપર્યાપ્ત જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વથી થોડા અપર્યાપ્તા ત્રસકાયિક છે, (૨) તેનાથી અપર્યાપ્તા તેજસ્કાયિક અસંખ્યાતગુણા છે, (૩) તેનાથી અપર્યાપ્તા પૃથ્વીકાયિક વિશેષાધિક છે, (૪) તેનાથી અપર્યાપ્તા અપ્કાયિક વિશેષાધિક છે, (૫) તેનાથી અપર્યાપ્તા વાયુકાયિક વિશેષાધિક છે, (૬) તેનાથી અપર્યાપ્તા વનસ્પતિકાયિક અનંતગુણા છે અને (૭) તેનાથી અપર્યાપ્તા સકાયિક વિશેષાધિક છે.

**૫૩ एएसि णं भंते ! सकाइयाणं पुढविकाइयाणं आउकाइयाणं तेउकाइयाणं वाउकाइयाणं वणस्सइकाइयाणं तसकाइयाणं च पज्जत्तगाणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवा तसकाइया पज्जत्तगा, तेउकाइया पज्जत्तगा असंखेज्जगुणा, पुढविकाइया पज्जत्तगा विसेसाहिया, आउकाइया पज्जत्तगा विसेसाहिया, वाउकाइया पज्जत्तगा विसेसाहिया, वणस्सइकाइया पज्जत्तगा अणंतगुणा, सकाइया पज्जत्तगा विसेसाहिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સકાયિક, પૃથ્વીકાયિક, અપ્કાયિક, તેજસ્કાયિક, વાયુકાયિક, વનસ્પતિકાયિક અને ત્રસકાયિક પર્યાપ્તા જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વથી થોડા પર્યાપ્તા ત્રસકાયિક છે, (૨) તેનાથી પર્યાપ્તા તેજસ્કાયિક અસંખ્યાતગુણા છે, (૩) તેનાથી પર્યાપ્તા પૃથ્વીકાયિક વિશેષાધિક છે, (૪) તેનાથી પર્યાપ્તા અપ્કાયિક વિશેષાધિક છે, (૫) તેનાથી પર્યાપ્તા વાયુકાયિક વિશેષાધિક છે, (૬) તેનાથી પર્યાપ્તા વનસ્પતિકાયિક અનંતગુણા છે અને (૭) તેનાથી પર્યાપ્તા સકાયિક વિશેષાધિક છે.

**૫૪ एएसि णं भंते ! सकाइयाणं पज्जत्ताअपज्जत्ताणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ? गोयमा ! सव्वत्थोवा सकाइया अपज्जत्तगा, सकाइया पज्जत्तगा संखेज्जगुणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્તા અને અપર્યાપ્તા સકાયિકોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સર્વથી થોડા અપર્યાપ્તા સકાયિક છે, તેનાથી પર્યાપ્તા સકાયિક સંખ્યાતગુણા છે.

**૫૫ एएसि णं भंते ! पुढविकाइयाणं पज्जत्ताअपज्जत्तगाणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ? गोयमा ! सव्वत्थोवा पुढविकाइया अपज्जत्तगा, पुढविकाइया पज्जत्तगा संखेज्जगुणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્તા અને અપર્યાપ્તા પૃથ્વીકાયિક જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સર્વથી થોડા અપર્યાપ્તા પૃથ્વીકાયિક છે, તેનાથી પર્યાપ્તા પૃથ્વીકાયિક સંખ્યાતગુણા છે.

**૫૬ एएसि णं भंते ! आउकाइयाणं पज्जत्ताअपज्जत्ताणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ? गोयमा ! सव्वत्थोवा आउकाइया अपज्जत्तगा, आउकाइया पज्जत्तगा संखेज्जगुणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્તા અને અપર્યાપ્તા અપ્કાયિક જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સર્વથી થોડા અપર્યાપ્તા અપ્કાયિક છે, તેનાથી પર્યાપ્તા અપ્કાયિક સંખ્યાતગુણા છે.

**૫૭ एएसि णं भंते ! तेउकाइयाणं पज्जत्ताअपज्जत्ताणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ? गोयमा ! सव्वत्थोवा तेउकाइया अपज्जत्तगा, तेउकाइया पज्जत्तगा संखेज्जगुणा।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્તા અને અપર્યાપ્તા તેજસ્કાયિક જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સર્વથી થોડા અપર્યાપ્તા તેજસ્કાયિક છે, તેનાથી પર્યાપ્તા તેજસ્કાયિક સંખ્યાતગુણા છે.

**૫૮ एएसि णं भंते ! वाउकाइयाणं पज्जत्ताअपज्जत्ताणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ? गोयमा ! सव्वत्थोवा वाउकाइया अपज्जत्तगा, वाउकाइया पज्जत्तगा संखेज्जगुणा।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્તા અને અપર્યાપ્તા વાયુકાયિક જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સર્વથી થોડા અપર્યાપ્તા વાયુકાયિક છે, તેનાથી પર્યાપ્તા વાયુકાયિક સંખ્યાતગુણા છે.

**૫૯ एएसि णं भंते ! वणस्सइकाइयाणं पज्जत्ताअपज्जत्तगाणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ? गोयमा ! सव्वत्थोवा वणस्सइकाइया अपज्जत्तगा, वणस्सइकाइया पज्जत्तगा संखेज्जगुणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્તા અને અપર્યાપ્તા વનસ્પતિકાયિક જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સર્વથી થોડા અપર્યાપ્તા વનસ્પતિકાયિક જીવો છે, તેનાથી પર્યાપ્તા વનસ્પતિકાયિક જીવો સંખ્યાતગુણા છે.

**૬૦ एएसि णं भंते ! तसकाइयाणं पज्जत्ताअपज्जत्ताणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ? गोयमा ! सव्वत्थोवा तसकाइया पज्जत्तगा, तसकाइया अपज्जत्तगा असंखेज्जगुणा।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્તા અને અપર્યાપ્તા ત્રસકાયિક જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સર્વથી થોડા પર્યાપ્તા ત્રસકાયિક છે, તેનાથી અપર્યાપ્તા ત્રસકાયિક અસંખ્યાતગુણા છે.

**૬૧ एएसि णं भंते ! सकाइयाणं पुढविकाइयाणं आउकाइयाणं तेउकाइयाणं वाउकाइयाणं वणस्सइकाइयाणं तसकाइयाणं पज्जत्ताअपज्जत्ताणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवा तसकाइया पज्जत्तगा, तसकाइया अपज्जत्तगा असंखेज्जगुणा, तेउकाइया अपज्जत्तगा असंखेज्जगुणा, पुढविकाइया अपज्जत्तगा विसेसाहिया, आउकाइया अपज्जत्तगा विसेसाहिया, वाउकाइया अपज्जत्तगा विसेसाहिया, तेउकाइया पज्जत्तगा संखेज्जगुणा, पुढविकाइया पज्जत्तगा विसेसाहिया, आउकाइया पज्जत्तगा विसेसाहिया, वाउकाइया पज्जत्तगा विसेसाहिया, वणस्सइकाइया अपज्जत्तगा अणंतगुणा, सकाइया अपज्जत्तगा विसेसाहिया, वणस्सइकाइया पज्जत्तगा संखेज्जगुणा, सकाइया पज्जत्तगा विसेसाहिया, सकाइया विसेसाहिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સકાયિક, પૃથ્વીકાયિક, અપ્કાયિક, તેજસ્કાયિક, વાયુકાયિક, વનસ્પતિકાયિક, અને ત્રસકાયિકના પર્યાપ્તા અને અપર્યાપ્તા જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વથી થોડા પર્યાપ્તા ત્રસકાયિક છે, (૨) તેનાથી અપર્યાપ્તા ત્રસકાયિક અસંખ્યાતગુણા છે, (૩) તેનાથી અપર્યાપ્તા તેજસ્કાયિક અસંખ્યાતગુણા છે, (૪) તેનાથી અપર્યાપ્તા પૃથ્વીકાયિક વિશેષાધિક, (૫) તેનાથી અપર્યાપ્તા અપ્કાયિક વિશેષાધિક, (૬) તેનાથી અપર્યાપ્તા વાયુકાયિક વિશેષાધિક, (૭) તેનાથી પર્યાપ્તા તેજસ્કાયિક સંખ્યાતગુણા છે, (૮) તેનાથી પર્યાપ્તા પૃથ્વીકાયિક વિશેષાધિક, (૯) તેનાથી પર્યાપ્તા અપ્કાયિક વિશેષાધિક, (૧૦) તેનાથી પર્યાપ્તા વાયુકાયિક વિશેષાધિક, (૧૧) તેનાથી અપર્યાપ્તા વનસ્પતિકાયિક અનંતગુણા છે, (૧૨) તેનાથી અપર્યાપ્તા સકાયિક વિશેષાધિક છે, (૧૩) તેનાથી પર્યાપ્તા વનસ્પતિકાયિક સંખ્યાતગુણા છે, (૧૪) તેનાથી પર્યાપ્તા સકાયિક વિશેષાધિક છે અને (૧૫) તેનાથી સકાયિક વિશેષાધિક છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં કાયની અપેક્ષાએ સકાયિક, અકાયિક અને ષટ્કાયિક જીવોના અલ્પબહુત્વનું કથન છે. સમુચ્ચય કાયના બોલોમાં અકાયિક ભેદ હોય છે. જ્યારે અપર્યાપ્તા પર્યાપ્તાની પૃચ્છા હોય ત્યારે અકાયિકનો બોલ હોતો નથી. કારણ કે સિદ્ધોમાં અપર્યાપ્ત પર્યાપ્ત ભેદ સંભવિત નથી.

**કાયની અપેક્ષાએ સમુચ્ચય જીવોનું અલ્પબહુત્વ :–** (૧) સર્વથી થોડા ત્રસકાયિક છે કારણ કે ત્રસકાયિકમાં બેઇન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના જીવોનો સમાવેશ થાય છે. તે જીવો પૃથ્વી આદિ અન્ય સ્થાવરકાયોની અપેક્ષાએ અલ્પ છે. (૨) તેનાથી તેજસ્કાયિક અસંખ્યાતગુણા છે, કારણ કે સ્થાવરકાયમાં અગ્નિના જીવો સર્વથી અલ્પ છે અને તે ત્રસ જીવોથી વધુ છે. (૩) તેનાથી પૃથ્વીકાયિક વિશેષાધિક છે, કારણ કે અગ્નિના જીવોથી પૃથ્વીના જીવો વધુ છે. (૪) તેનાથી અપ્કાયિક વિશેષાધિક છે, કારણ કે પૃથ્વીથી પાણીના સ્થાનો લોકમાં

વધુ છે (૫) તેનાથી વાયુકાયિક વિશેષાધિક છે, કારણ કે લોકમાં પોલાણ વધુ છે (૬) તેનાથી અકાયિક(સિદ્ધો) અનંતગુણા છે, કારણ કે સિદ્ધોની સંખ્યા અનંત છે. (૭) તેનાથી વનસ્પતિકાયિક અનંતગુણા છે, કારણ કે વનસ્પતિ જીવો સિદ્ધોથી વધુ હોય છે. (૮) તેનાથી સકાયિક વિશેષાધિક છે, કારણ કે તેમાં પૃથ્વીકાયિક આદિ સર્વકાયના જીવોનો સમાવેશ થાય છે.

| ક્રમ | કાય | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧ | ત્રસકાય | સર્વથી થોડા | ત્રસ જીવો સ્થાવર જીવોથી ઘણા અલ્પ છે. |
| ૨ | તેઉકાય | અસંખ્યાતગુણ | સ્થાવર જીવો ત્રસ જીવોથી વધુ હોય છે અને બાદર તેઉકાયનું ક્ષેત્ર અલ્પ હોવાથી પૃથ્વી આદિ સર્વ એકેન્દ્રિયોમાં તે અલ્પ છે. |
| ૩ | પૃથ્વીકાય | વિશેષાધિક | તેઉકાયથી પૃથ્વીકાયનું ક્ષેત્ર લોકમાં વધુ છે. |
| ૪ | અપ્કાય | વિશેષાધિક | સ્વાભાવિક વધુ છે. |
| ૫ | વાયુકાય | વિશેષાધિક | સ્વાભાવિક વધુ છે. |
| ૬ | અકાયિક | અનંતગુણા | સિદ્ધો અકાયિક છે અને તે અનંત છે. |
| ૭ | વનસ્પતિકાયિક | અનંતગુણા | સિદ્ધોથી વનસ્પતિના જીવો વધુ હોય છે. |
| ૮ | સકાયિક | વિશેષાધિક | સર્વ સંસારી જીવો સકાયિક હોય છે માટે પૃથ્વીકાયાદિ સર્વ જીવો તેમાં સમાવિષ્ટ થાય છે. |

આ જ પ્રમાણે પર્યાપ્ત અને અપર્યાપ્તના સાત-સાત બોલનું અલ્પબહુત્વ થાય છે પરંતુ ઉપરોક્ત આઠ બોલમાંથી અકાયનો એક બોલ પર્યાપ્ત-અપર્યાપ્તમાં હોતો નથી.

**સકાયિકાદિ પ્રત્યેકના પર્યાપ્તા-અપર્યાપ્તાનું અલ્પબહુત્વ :–** (૧) સર્વથી થોડા અપર્યાપ્ત સકાયિક જીવો છે, (૨) તેનાથી પર્યાપ્ત સકાયિક જીવો સંખ્યાતગુણા છે. એકેન્દ્રિયમાં અપર્યાપ્ત સૂક્ષ્મ જીવોથી પર્યાપ્ત સૂક્ષ્મ જીવો સંખ્યાતગુણા અધિક છે. તેથી સકાયિક અને પૃથ્વીકાયિક આદિ પાંચે સ્થાવર જીવોમાં અપર્યાપ્ત જીવોથી પર્યાપ્ત જીવો સંખ્યાતગુણા અધિક છે. ત્રસકાયિક–(૧) સર્વથી થોડા પર્યાપ્ત ત્રસકાયિક (૨) તેનાથી અપર્યાપ્ત ત્રસકાયિક અસંખ્યાતગુણા છે. કારણ કે ત્રસ જીવોમાં પર્યાપ્તાથી અપર્યાપ્તા જીવો વધુ હોય છે.

સકાયાદિના પર્યાપ્તા-અપર્યાપ્તનું સંયુક્ત અલ્પબહુત્વ મૂળપાઠથી સ્પષ્ટ છે તેમાં અલ્પ બહુત્વના '૧૫' બોલ થાય છે.

**કાયની અપેક્ષાએ પર્યાપ્તા અપર્યાપ્તા જીવોનું સમ્મિલિત અલ્પબહુત્વ :–**

| ક્રમ | કાય | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧ | પર્યાપ્તા ત્રસકાય | સર્વથી થોડા | ત્રસ જીવો અલ્પ હોય છે. |
| ૨ | અપર્યાપ્તા ત્રસકાય | અસંખ્યગુણા | ત્રસમાં પર્યાપ્તા કરતાં અપર્યાપ્તા વધુ હોય છે. |
| ૩ | અપર્યાપ્તા તેઉકાય | અસંખ્યગુણા | ત્રસથી સ્થાવર જીવ અસંખ્યગણા હોય છે, તેમાં તેઉકાય સર્વથી અલ્પછે તથા સૂક્ષ્મ જીવોની અપેક્ષાએ અપર્યાપ્ત અલ્પ છે. |
| ૪ | અપર્યાપ્તા પૃથ્વીકાય | વિશેષાધિક | લોકમાં અગ્નિથી પૃથ્વીના જીવો વધુ હોય છે. |

| | | | |
|---|---|---|---|
| ૫ | અપર્યાપ્તા અપ્કાય | વિશેષાધિક | લોકમાં પૃથ્વીથી પાણીના જીવો વધુ હોય છે. |
| ૬ | અપર્યાપ્તા વાયુકાય | વિશેષાધિક | લોકમાં પાણીથી વાયુના જીવો વધુ હોય છે. |
| ૭ | પર્યાપ્તા તેઉકાય | સંખ્યાતગુણા | સૂક્ષ્મ જીવોની અપેક્ષાએ અપર્યાપ્તા કરતાં પર્યાપ્તા જીવો વધુ હોય છે. |
| ૮ | પર્યાપ્તા પૃથ્વીકાય | વિશેષાધિક | અગ્નિથી પૃથ્વીના જીવો વધુ હોય છે. |
| ૯ | પર્યાપ્તા અપ્કાય | વિશેષાધિક | પૃથ્વીથી પાણીના જીવો વધુ હોય છે. |
| ૧૦ | પર્યાપ્તા વાયુકાય | વિશેષાધિક | પાણીથી વાયુના જીવો વધુ હોય છે. |
| ૧૧ | અપર્યાપ્તા વનસ્પતિ | અનંતગુણા | નિગોદ જીવોની અપેક્ષાએ તે અનંત છે. |
| ૧૨ | અપર્યાપ્તા સકાય | વિશેષાધિક | સૂક્ષ્મ–બાદર પૃથ્વ્યાદિ સર્વ અપર્યાપ્તા સમાવિષ્ટ છે. |
| ૧૩ | પર્યાપ્તા વનસ્પતિ | સંખ્યાતગુણા | સૂક્ષ્મની અપેક્ષાએ પર્યાપ્તા સંખ્યાતગુણ હોય છે. |
| ૧૪ | પર્યાપ્તા સકાય | વિશેષાધિક | વનસ્પતિ સિવાય ચાર સ્થાવરના સર્વ પર્યાપ્તાઓનો પણ સમાવેશ થાય છે. |
| ૧૫ | સકાય | વિશેષાધિક | પર્યાપ્તા અને અપર્યાપ્તા સર્વ જીવોનો સમાવેશ થાય છે. |

**સૂક્ષ્મ જીવોનું અલ્પબહુત્વ :–**

**६२ एएसि णं भंते ! सुहुमाणं सुहुमपुढविकाइयाणं सुहुमआउकाइयाणं सुहुमतेउकाइयाणं सुहुमवाउकाइयाणं सुहुमवणस्सइकाइयाणं सुहुमणिगोदाण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवा सुहुमतेउकाइया, सुहुमपुढविकाइया विसेसाहिया, सुहुमआउकाइया विसेसाहिया, सुहुमवाउकाइया विसेसाहिया, सुहुमणिगोदा असंखेज्जगुणा, सुहुमवणस्सइकाइया अणंतगुणा, सुहुमा विसेसाहिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સમુચ્ચય સૂક્ષ્મ જીવો, સૂક્ષ્મ પૃથ્વીકાયિક, સૂક્ષ્મ અપ્કાયિક, સૂક્ષ્મ તેજસ્કાયિક, સૂક્ષ્મ વાયુકાયિક, સૂક્ષ્મ વનસ્પતિકાયિક અને સૂક્ષ્મ નિગોદમાંથી કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વથી થોડા સૂક્ષ્મ તેજસ્કાયિક છે, (૨) તેનાથી સૂક્ષ્મ પૃથ્વીકાયિક વિશેષાધિક છે, (૩) તેનાથી સૂક્ષ્મ અપ્કાયિક વિશેષાધિક છે, (૪) તેનાથી સૂક્ષ્મ વાયુકાયિક વિશેષાધિક છે, (૫) તેનાથી સૂક્ષ્મ નિગોદ(શરીર)અસંખ્યાતગુણા છે, (૬) તેનાથી સૂક્ષ્મ વનસ્પતિકાયિક જીવો અનંતગુણા છે અને (૭) તેનાથી સૂક્ષ્મ જીવો વિશેષાધિક છે.

**६३ एएसि णं भंते ! सुहुमअपज्जत्तगाणं सुहुमपुढविकाइयअपज्जत्तगाणं सुहुमआउकाइय-अपज्जत्तगाणं सुहुमतेउकाइयअपज्जत्तगाणं सुहुमवाउकाइयअपज्जत्तगाणं सुहुमवणस्सइ-काइयअपज्जत्तगाणं सुहुमणिगोदअपज्जत्तगाण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवा सुहुमतेउकाइया अपज्जत्तगा, सुहुमपुढविकाइया अपज्जत्तगा**

**विसेसाहिया, सुहुमआउकाइया अपज्जत्तगा विसेसाहिया, सुहुमवाउकाइया अपज्जत्तगा विसेसाहिया, सुहुमणिगोदा अपज्जत्तगा असंखेज्जगुणा, सुहुमवणस्सइकाइया अपज्जत्तगा अणंतगुणा, सुहुमा अपज्जत्तगा विसेसाहिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સૂક્ષ્મ અપર્યાપ્ત જીવો, સૂક્ષ્મ પૃથ્વીકાયિક અપર્યાપ્તા, સૂક્ષ્મ અપ્કાયિક અપર્યાપ્તા, સૂક્ષ્મ તેજસ્કાયિક અપર્યાપ્તા, સૂક્ષ્મ વાયુકાયિક અપર્યાપ્તા, સૂક્ષ્મ વનસ્પતિકાયિક અપર્યાપ્તા, સૂક્ષ્મ નિગોદ અપર્યાપ્તામાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વથી થોડા સૂક્ષ્મ તેજસ્કાયિક અપર્યાપ્તા છે, (૨) તેનાથી સૂક્ષ્મ પૃથ્વીકાયિક અપર્યાપ્તા વિશેષાધિક, (૩) તેનાથી સૂક્ષ્મ અપ્કાયિક અપર્યાપ્તા વિશેષાધિક, (૪) તેનાથી સૂક્ષ્મ વાયુકાયિક અપર્યાપ્તા વિશેષાધિક છે, (૫) તેનાથી સૂક્ષ્મ નિગોદ અપર્યાપ્તા અસંખ્યાતગુણા છે, (૬) તેનાથી સૂક્ષ્મ વનસ્પતિકાયિક અપર્યાપ્તા અનંતગુણા છે અને (૭) તેનાથી સૂક્ષ્મ અપર્યાપ્તા જીવો વિશેષાધિક છે.

**६४ एएसि णं भंते ! सुहुमपज्जत्तगाणं सुहुमपुढविकाइयपज्जत्तगाणं सुहुमआउकाइय-पज्जत्तगाणं सुहुमतेउकाइयपज्जत्तगाणं सुहुमवाउकाइयपज्जत्तगाणं सुहुमवणस्सइकाइय-पज्जत्तगाणं सुहुमणिगोदपज्जत्तगाण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवा सुहुमतेउक्काइया पज्जत्तगा, सुहुमपुढविकाइया पज्जत्तगा विसेसाहिया, सुहुमआउकाइया पज्जत्तगा विसेसाहिया, सुहुमवाउकाइया पज्जत्तगा विसेसाहिया, सुहुमणिगोदा पज्जत्तगा असंखेज्जगुणा, सुहुमवणस्सइकाइया पज्जत्तगा अणंतगुणा, सुहुमा पज्जत्तगा विसेसाहिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સૂક્ષ્મપર્યાપ્તા, સૂક્ષ્મ પૃથ્વીકાયિક પર્યાપ્તા, સૂક્ષ્મ અપ્કાયિક પર્યાપ્તા, સૂક્ષ્મ તેજસ્કાયિક પર્યાપ્તા, સૂક્ષ્મ વાયુકાયિક પર્યાપ્ત, સૂક્ષ્મ વનસ્પતિકાયિક પર્યાપ્તા અને સૂક્ષ્મ નિગોદ પર્યાપ્ત જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વથી થોડા સૂક્ષ્મ તેજસ્કાયિક પર્યાપ્તા છે, (૨) તેનાથી સૂક્ષ્મ પૃથ્વીકાયિક પર્યાપ્તા વિશેષાધિક, (૩) તેનાથી સૂક્ષ્મ અપ્કાયિક પર્યાપ્તા વિશેષાધિક, (૪) તેનાથી સૂક્ષ્મ વાયુકાયિક પર્યાપ્તા વિશેષાધિક, (૫) તેનાથી સૂક્ષ્મ નિગોદ પર્યાપ્તા અસંખ્યાતગુણા છે, (૬) તેનાથી સૂક્ષ્મ વનસ્પતિકાયિક પર્યાપ્તા અનંતગુણા છે અને (૭) તેનાથી સૂક્ષ્મ પર્યાપ્તા જીવો વિશેષાધિક છે.

**६५ एएसि णं भंते ! सुहुमाणं पज्जत्ताअपज्जत्तगाणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ? गोयमा ! सव्वत्थोवा सुहुमा अपज्जत्तगा, सुहुमा पज्जत्तगा संखेज्जगुणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સૂક્ષ્મ પર્યાપ્તા-અપર્યાપ્તા જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સર્વથી થોડા સૂક્ષ્મ અપર્યાપ્તા જીવો છે, તેનાથી સૂક્ષ્મ પર્યાપ્તા જીવો સંખ્યાતગુણા છે.

**६६** **एएसि णं भंते ! सुहुमपुढविकाइयाणं पज्जत्ताअपज्जत्तगाणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ? गोयमा ! सव्वत्थोवा सुहुमपुढविकाइया अपज्जत्तगा, सुहुमपुढविकाइया पज्जत्तगा संखेज्जगुणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સૂક્ષ્મ પૃથ્વીકાયિક પર્યાપ્તા અને અપર્યાપ્તા જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સર્વથી થોડા સૂક્ષ્મ પૃથ્વીકાયિક અપર્યાપ્તા છે, તેનાથી સૂક્ષ્મ પૃથ્વીકાયિક પર્યાપ્તા સંખ્યાતગુણા છે.

**६७** **एएसि णं भंते ! सुहुमआउकाइयाणं पज्जत्ताअपज्जत्तगाणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ? गोयमा ! सव्वत्थोवा सुहुमआउकाइया अपज्जत्तगा, सुहुमआउकाइया पज्जत्तगा संखेज्जगुणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સૂક્ષ્મ અપ્‌કાયિક પર્યાપ્તા અને અપર્યાપ્તા જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સર્વથી થોડા સૂક્ષ્મ અપ્‌કાયિક અપર્યાપ્તા છે. તેનાથી સૂક્ષ્મ અપ્‌કાયિક પર્યાપ્તા સંખ્યાતગુણા છે.

**६८** **एएसि णं भंते ! सुहुमतेउकाइयाणं पज्जत्ताअपज्जत्तगाणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ? गोयमा ! सव्वत्थोवा सुहुमतेउकाइया अपज्जत्तगा, सुहुमतेउकाइया पज्जत्तगा संखेज्जगुणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આ સૂક્ષ્મ તેજસ્કાયિક પર્યાપ્તા અને અપર્યાપ્તા જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સર્વથી થોડા સૂક્ષ્મ તેજસ્કાયિક અપર્યાપ્તા છે, તેનાથી સૂક્ષ્મ તેજસ્કાયિક પર્યાપ્તા સંખ્યાતગુણા છે.

**६९** **एएसि णं भंते ! सुहुमवाउकाइयाणं पज्जत्ताअपज्जत्तगाणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ? गोयमा ! सव्वत्थोवा सुहुमवाउकाइया अपज्जत्तगा, सुहुमवाउकाइया पज्जत्तगा संखेज्जगुणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આ સૂક્ષ્મવાયુકાયિક પર્યાપ્તા અને અપર્યાપ્તા જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સર્વથી થોડા સૂક્ષ્મ વાયુકાયિક અપર્યાપ્તા છે, તેનાથી સૂક્ષ્મ વાયુકાયિક પર્યાપ્તા સંખ્યાતગુણા છે.

**७०** **एएसि णं भंते ! सुहुमवणस्सइकाइयाणं पज्जत्ताअपज्जत्तगाणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ? गोयमा ! सव्वत्थोवा सुहुमवणस्सइकाइया अपज्जत्तगा, सुहुमवणस्सइकाइया पज्जत्तगा संखेज्जगुणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સૂક્ષ્મ વનસ્પતિકાયિક પર્યાપ્તા અને અપર્યાપ્તા જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સર્વથી થોડા સૂક્ષ્મ વનસ્પતિકાયિક અપર્યાપ્તા જીવો છે, તેનાથી સૂક્ષ્મ વનસ્પતિકાયિક પર્યાપ્તા સંખ્યાતગુણા છે.

**૭૧** **एएसि णं भंते ! सुहुमणिगोदाणं पज्जत्ताअपज्जत्तगाणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ? गोयमा ! सव्वत्थोवा सुहुमणिगोदा अपज्जत्तगा, सुहुमणिगोदा पज्जत्तगा संखेज्जगुणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્તા અને અપર્યાપ્તા સૂક્ષ્મ નિગોદ(શરીર)માં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સર્વથી થોડા સૂક્ષ્મ નિગોદ અપર્યાપ્તા છે, તેનાથી સૂક્ષ્મ નિગોદ પર્યાપ્તા સંખ્યાતગુણા છે.

**૭૨** **एएसि णं भंते ! सुहुमाणं सुहुमपुढविकाइयाणं सुहुमआउकाइयाणं सुहुमतेउकाइयाणं सुहुमवाउकाइयाणं सुहुमवणस्सइकाइयाणं सुहुमणिगोदाण य पज्जत्ताअपज्जत्तगाणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवा सुहुमतेउकाइया अपज्जत्तगा, सुहुमपुढविकाइया अपज्जत्तगा विसेसाहिया, सुहुमआउकाइया अपज्जत्तगा विसेसाहिया, सुहुमवाउकाइया अपज्जत्तगा विसेसाहिया, सुहुमतेउकाइया पज्जत्तगा संखेज्जगुणा, सुहुमपुढविकाइया पज्जत्तगा विसेसाहिया, सुहुमआउकाइया पज्जत्तगा विसेसाहिया, सुहुमवाउकाइया पज्जत्तगा विसेसाहिया, सुहुमणिगोदा अपज्जत्तगा असंखेज्जगुणा, सुहुमणिगोदा पज्जत्तगा संखेज्जगुणा, सुहुमवणस्सइकाइया अपज्जत्तगा अणंतगुणा, सुहुमा अपज्जत्तगा विसेसाहिया, सुहुमवणस्सइकाइया पज्जत्तगा संखेज्जगुणा, सुहुमा पज्जत्तगा विसेसाहिया, सुहुमा विसेसाहिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સૂક્ષ્મ જીવો, સૂક્ષ્મ પૃથ્વીકાયિક, સૂક્ષ્મ અપ્કાયિક, સૂક્ષ્મ તેજસ્કાયિક, સૂક્ષ્મ વાયુકાયિક, સૂક્ષ્મ વનસ્પતિકાયિક અને સૂક્ષ્મ નિગોદોના પર્યાપ્તા અને અપર્યાપ્તા જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વથી થોડા સૂક્ષ્મ તેજસ્કાયિક અપર્યાપ્તા છે, (૨) તેનાથી સૂક્ષ્મ પૃથ્વીકાયિક અપર્યાપ્તા વિશેષાધિક, (૩) તેનાથી સૂક્ષ્મ અપ્કાયિક અપર્યાપ્તા વિશેષાધિક, (૪) તેનાથી સૂક્ષ્મ વાયુકાયિક અપર્યાપ્તા વિશેષાધિક (૫) તેનાથી સૂક્ષ્મ તેજસ્કાયિક પર્યાપ્તા સંખ્યાતગુણા, (૬) તેનાથી સૂક્ષ્મ પૃથ્વીકાયિક પર્યાપ્તા વિશેષાધિક, (૭) તેનાથી સૂક્ષ્મ અપ્કાયિક પર્યાપ્તા વિશેષાધિક, (૮) તેનાથી સૂક્ષ્મ વાયુકાયિક પર્યાપ્તા વિશેષાધિક, (૯) તેનાથી સૂક્ષ્મ નિગોદ અપર્યાપ્તા અસંખ્યાતગુણા છે, (૧૦) તેનાથી સૂક્ષ્મ નિગોદ પર્યાપ્તા સંખ્યાતગુણા છે. (૧૧) તેનાથી સૂક્ષ્મ વનસ્પતિકાયિક અપર્યાપ્તા અનંતગુણા છે, (૧૨) તેનાથી સૂક્ષ્મ અપર્યાપ્તા જીવો વિશેષાધિક છે, (૧૩) તેનાથી સૂક્ષ્મ વનસ્પતિકાયિક પર્યાપ્તા સંખ્યાતગુણા છે, (૧૪) તેનાથી સૂક્ષ્મ પર્યાપ્તા જીવો વિશેષાધિક છે અને (૧૫) તેનાથી સૂક્ષ્મ જીવો વિશેષાધિક છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સૂક્ષ્મ જીવોના અલ્પબહુત્વનું નિરૂપણ છે.

પાંચે સ્થાવરના સૂક્ષ્મ જીવો આખા લોકમાં ઠાંસી ઠાંસીને ભરેલા છે. તે દરેક જીવોની અવગાહના

અંગુલના અસંખ્યાતમા ભાગની છે. અંગુલના અસંખ્યાતમા ભાગના અસંખ્ય ભેદ થાય છે. તેથી લોક વ્યાપી તે જીવોની અવગાહનામાં તરતમતા થાય છે. તેના કારણે પ્રસ્તુત અલ્પબહુત્વ ઘટિત થાય છે.

**(૧) સમુચ્ચય સૂક્ષ્મ જીવોનું અલ્પબહુત્વ :–** તેમાં (૧) સમુચ્ચય સૂક્ષ્મ જીવો, (૨–૬) પૃથ્વી આદિ પાંચે ય સ્થાવરના સૂક્ષ્મ જીવો અને (૭) સૂક્ષ્મ નિગોદના શરીરો, આ સાત બોલનો સમાવેશ થાય છે. તેના અલ્પબહુત્વના કારણો સમુચ્ચય પૃથ્વીકાયાદિના અલ્પબહુત્વની સમાન છે. તે સાત બોલમાં પાંચમા બોલમાં સૂત્રકારે **णिगोया** શબ્દ પ્રયોગ કર્યો છે. અહીં 'નિગોદ' શબ્દનો અર્થ 'નિગોદ શરીર' થાય છે. સાધારણ શરીરી અનંત જીવોના સ્થૂલ શરીરને નિગોદ કહે છે અર્થાત્ જે એક શરીરના આશ્રયે અનંત જીવો રહેતા હોય, તે શરીરને 'નિગોદ' કહે છે અને તેમાં રહેનાર જીવને નિગોદ જીવો કહે છે. નિગોદના બે પ્રકાર છે– સૂક્ષ્મ અને બાદર. સૂરણકન્દ આદિ બાદર નિગોદ છે અને સૂક્ષ્મ નિગોદ સંપૂર્ણ લોકમાં વ્યાપ્ત છે. એક-એક ગોળામાં અસંખ્યાત-અસંખ્યાત નિગોદ-શરીરો હોય છે અને એક શરીરે અનંતા જીવો હોય છે. તે નિગોદશરીરો વાયુકાયિકોથી અસંખ્યાત ગુણા છે. જો અહીં જીવનું કથન હોય, તો તે અનંતગુણા થાય પરંતુ સૂત્રકારે તેને અસંખ્યાતગુણા કહ્યા છે તેથી સ્પષ્ટ થાય છે કે પ્રસ્તુત પ્રસંગમાં નિગોદ શરીરનું ગ્રહણ છે. તેનાથી સૂક્ષ્મ વનસ્પતિકાયિક અનંતગુણા છે કારણ કે વનસ્પતિકાયિકમાં નિગોદ જીવોનો સમાવેશ થાય છે. પ્રત્યેક નિગોદ શરીરમાં અનંત-અનંત જીવો હોય છે અને તેનાથી સર્વ સૂક્ષ્મ જીવો વિશેષાધિક છે.

| ક્રમ | સૂક્ષ્મકાય | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧ | સૂક્ષ્મ તેઉકાય | સર્વથી થોડા | એકેન્દ્રિયમાં તેઉકાય સર્વથી અલ્પ છે. |
| ૨ | સૂક્ષ્મ પૃથ્વીકાય | વિશેષાધિક | સ્વાભાવિક રીતે જ તે તેઉકાય કરતાં વધુ છે. |
| ૩ | સૂક્ષ્મ અપ્કાય | વિશેષાધિક | સ્વાભાવિક રીતે જ તે પૃથ્વીકાય કરતાં વધુ છે. |
| ૪ | સૂક્ષ્મ વાયુકાય | વિશેષાધિક | સ્વાભાવિક રીતે જ તે અપ્કાય કરતાં વધુ છે. |
| ૫ | સૂક્ષ્મ નિગોદ | અસંખ્યગુણા | નિગોદના શરીર ચાર સ્થાવર જીવોથી વધુ હોય છે. |
| ૬ | સૂક્ષ્મ વનસ્પતિ | અનંતગુણા | એક-એક નિગોદ શરીરમાં અનંત જીવો છે. |
| ૭ | સૂક્ષ્મ જીવ | વિશેષાધિક | સૂક્ષ્મ પૃથ્વી આદિ ચારે તેમાં સમાવિષ્ટ છે. |

**(૨-૩) સમુચ્ચય સૂક્ષ્મ અપર્યાપ્ત અને પર્યાપ્તા :–** આ બંનેના અલ્પબહુત્વનો ક્રમ ભાવાર્થથી સ્પષ્ટ છે.

**(૪) દરેક સૂક્ષ્મ પર્યાપ્ત-અપર્યાપ્તનું અલ્પબહુત્વ :–** સૂક્ષ્મ જીવોમાં અપર્યાપ્ત જીવો અલ્પ હોય છે અને પર્યાપ્તા તેનાથી સંખ્યાતગુણા અધિક હોય છે. સૂક્ષ્મ જીવોમાં પર્યાપ્તા અને અપર્યાપ્તા બંને પ્રકારના જીવોની સ્થિતિ અંતર્મુહૂર્તની જ છે, તેમ છતાં સૂક્ષ્મ પર્યાપ્તાની સ્થિતિ અપર્યાપ્તા કરતાં અધિક હોવાથી હંમેશાં પર્યાપ્તા સૂક્ષ્મ જીવો અધિક પ્રાપ્ત થાય છે. તેથી અપર્યાપ્તા સૂક્ષ્મ જીવોથી પર્યાપ્તા સૂક્ષ્મ જીવો સંખ્યાતગુણા થાય છે. તે જ રીતે પાંચે સૂક્ષ્મ સ્થાવર જીવો અને સૂક્ષ્મ નિગોદ(શરીર)ના પર્યાપ્ત-અપર્યાપ્તામાં અલ્પબહુત્વ થાય છે.

**(૫) સમુચ્ચય સૂક્ષ્મ પર્યાપ્ત-અપર્યાપ્તનું સમ્મિલિત અલ્પબહુત્વ :–**

| ક્રમ | સૂક્ષ્મ કાય | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧ | અપર્યાપ્તા તેઉકાય | સર્વથી થોડા | એકેન્દ્રિયમાં તેઉકાય સર્વથી અલ્પ છે. |
| ૨ | અપર્યાપ્તા પૃથ્વીકાય | વિશેષાધિક | સ્વાભાવિક રીતે. |

| ક્રમ | સૂક્ષ્મ કાય | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૩ | અપર્યાપ્તા અપ્કાય | વિશેષાધિક | સ્વાભાવિક રીતે. |
| ૪ | અપર્યાપ્તા વાયુકાય | વિશેષાધિક | સ્વાભાવિક રીતે. |
| ૫ | પર્યાપ્તા તેઉકાય | સંખ્યાતગુણા | સૂક્ષ્મમાં અપર્યાપ્તાથી પર્યાપ્તા અધિક છે. |
| ૬ | પર્યાપ્તા પૃથ્વીકાય | વિશેષાધિક | સ્વાભાવિક રીતે. |
| ૭ | પર્યાપ્તા અપ્કાય | વિશેષાધિક | સ્વાભાવિક રીતે. |
| ૮ | પર્યાપ્તા વાયુકાય | વિશેષાધિક | સ્વાભાવિક રીતે. |
| ૯ | અપર્યા. નિગોદ(શરીર) | અસંખ્યગુણા | ચારે સ્થાવર કરતાં નિગોદ શરીર વધુ હોય છે. |
| ૧૦ | પર્યાપ્તા નિગોદ(શરીર) | સંખ્યાતગુણા | સૂક્ષ્મની અપેક્ષાએ પર્યાપ્ત અધિક છે. |
| ૧૧ | અપર્યાપ્તા વનસ્પતિ | અનંતગુણા | વનસ્પતિ જીવો અનંત છે. |
| ૧૨ | સૂક્ષ્મ અપર્યાપ્તા | વિશેષાધિક | પૃથ્વી આદિ ચાર સ્થાવર જીવોનો સમાવેશ થાય છે. |
| ૧૩ | પર્યાપ્તા વનસ્પતિ | સંખ્યાતગુણા | સૂક્ષ્મમાં પર્યાપ્તા વધુ છે. |
| ૧૪ | સૂક્ષ્મ પર્યાપ્તા | વિશેષાધિક | પર્યાપ્ત પૃથ્વી કાયાદિનો સમાવેશ થાય છે. |
| ૧૫ | સૂક્ષ્મ જીવો | વિશેષાધિક | સૂક્ષ્મ પર્યાપ્ત-અપર્યાપ્ત સર્વ જીવોનો સમાવેશ થાય છે. |

**બાદર જીવોનું અલ્પબહુત્વ :–**

**૭૩ एएसि णं भंते ! बादराणं, बादरपुढविकाइयाणं, बादरआउकाइयाणं, बादरतेउकाइयाणं, बादरवाउकाइयाणं, बादरवणस्सइकाइयाणं, पत्तेयसरीरबादर-वणस्सइकाइयाणं, बादरणिगोदाणं, बादरतसकाइयाण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवा बादरा तसकाइया, बादरा तेउकाइया असंखेज्जगुणा, पत्तेय-सरीरबादरवणस्सइकाइया असंखेज्जगुणा, बादरा णिगोदा असंखेज्जगुणा, बादरा पुढविकाइया असंखेज्जगुणा, बादरा आउकाइया असंखेज्जगुणा, बादरा वाउकाइया असंखेज्जगुणा, बादरा वणस्सइकाइया अणंतगुणा, बादरा विसेसाहिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બાદર જીવો, બાદર પૃથ્વીકાયિકો, બાદર અપ્કાયિકો, બાદર તેજસ્કાયિકો, બાદર વાયુકાયિકો, બાદર વનસ્પતિકાયિકો, પ્રત્યેક શરીરી બાદર વનસ્પતિકાયિકો, બાદર નિગોદો અને બાદર ત્રસકાયિકોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વથી થોડા બાદર ત્રસકાયિક જીવો છે. (૨) તેનાથી બાદર તેજસ્કાયિક જીવો અસંખ્યાત ગુણા છે. (૩) તેનાથી પ્રત્યેક શરીરી બાદર વનસ્પતિકાયિક જીવો અસંખ્યાત ગુણા છે. (૪) તેનાથી બાદર નિગોદ(શરીરો) અસંખ્યાત ગુણા છે. (૫) તેનાથી બાદર પૃથ્વીકાયિક જીવો અસંખ્યાત ગુણા છે. (૬) તેનાથી બાદર અપ્કાયિક જીવો અસંખ્યાત ગુણા છે. (૭) તેનાથી બાદર વાયુકાયિક જીવો અસંખ્યાત ગુણા છે. (૮) તેનાથી બાદર વનસ્પતિકાયિક જીવો અનંતગુણા છે અને (૯) તેનાથી બાદર જીવો વિશેષાધિક છે.

**૭૪ एएसि णं भंते ! बादरअपज्जत्तागाणं बादरपुढविकाइयअपज्जत्तगाणं बादरआउकाइय-अपज्जत्तगाणं बादरतेउकाइयअपज्जत्तगाणं बादरवाउकाइय-अपज्जत्तगाणं बादरवणस्सइकाइय-अपज्जत्तगाणं पत्तेयसरीरबादरवणस्सइकाइयअपज्जत्तगाणं बादरणिगोदापज्जत्तगाणं बादर-तसकाइयपज्जत्तगाण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा?**

**गोयमा ! सव्वत्थोवा बादरतसकाइया अपज्जत्तगा, बादरतेउकाइया अपज्जत्तगा असंखेज्जगुणा, पत्तेयसरीरबादरवणस्सकाइया अपज्जत्तगा असंखेज्जगुणा, बादरणिगोदा अपज्जत्तगा असंखेज्जगुणा, बादरपुढविकाइया अपज्जत्तगा असंखेज्जगुणा, बादरआउकाइया अपज्जत्तगा असंखेज्जगुणा, बादरवाउकाइया अपज्जत्तगा असंखेज्जगुणा, बादरवणस्सइ-काइया अपज्जत्तगा अणंतगुणा, बादरअपज्जत्तगा विसेसाहिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બાદર અપર્યાપ્તા, બાદર પૃથ્વીકાયિક અપર્યાપ્તા, બાદર અપ્કાયિક અપર્યાપ્તા, બાદર તેજસ્કાયિક અપર્યાપ્તા, બાદર વાયુકાયિક અપર્યાપ્તા, બાદર વનસ્પતિકાયિક અપર્યાપ્તા, પ્રત્યેક શરીરી બાદર વનસ્પતિકાયિક અપર્યાપ્તા, બાદર નિગોદ(શરીર) અપર્યાપ્તા અને બાદર ત્રસકાયિક અપર્યાપ્તામાંથી કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વથી થોડા બાદર ત્રસકાયિક અપર્યાપ્તા છે, (૨) તેનાથી બાદર તેજસ્કાયિક અપર્યાપ્તા અસંખ્યાતગુણા છે, (૩) તેનાથી પ્રત્યેક શરીરી બાદર વનસ્પતિકાયિક અપર્યાપ્તા અસંખ્યાત ગુણા, (૪) તેનાથી બાદર નિગોદ(શરીર) અપર્યાપ્તા અસંખ્યાત ગુણા, (૫) તેનાથી બાદર પૃથ્વીકાયિક અપર્યાપ્તા અસંખ્યાત ગુણા, (૬) તેનાથી બાદર અપ્કાયિક અપર્યાપ્તા અસંખ્યાત ગુણા, (૭) તેનાથી બાદર વાયુકાયિક અપર્યાપ્તા અસંખ્યાત ગુણા, (૮) તેનાથી બાદર વનસ્પતિકાયિક અપર્યાપ્તા અનંતગુણા અને (૯) તેનાથી બાદર અપર્યાપ્તા જીવો વિશેષાધિક છે.

**૭૫ एएसि णं भंते ! बादरपज्जत्तगाणं बादरपुढविकाइयपज्जत्तगाणं बादरआउकाइय-पज्जत्तगाणं बादरतेउकाइयपज्जत्तगाणं बादरवाउकाइयपज्जत्तगाणं बादरवणस्सइकाइय-पज्जत्तगाणं पत्तेयसरीरबादरवणस्सइकाइयपज्जत्तगाणं बादरणिगोदपज्जत्तगाणं बादरतस-काइयपज्जत्तगाण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवा बादरतेउक्काइया पज्जत्तगा, बादरतसकाइया पज्जत्तगा असंखेज्जगुणा, पत्तेयसरीरबादरवणस्सइकाइया पज्जत्तगा असंखेज्जगुणा, बादरणिगोदा पज्जत्तगा असंखेज्जगुणा, बादरपुढविकाइया पज्जत्तगा असंखेज्जगुणा, बादरआउकाइया पज्जत्तगा असंखेज्जगुणा, बादरवाउकाइया पज्जत्तगा असंखेज्जगुणा, बादरवणस्सइकाइया पज्जत्तगा अणंतगुणा, बादरपज्जत्तगा विसेसाहिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બાદર પર્યાપ્તા, બાદર પૃથ્વીકાયિક પર્યાપ્તા, બાદર અપ્કાયિક પર્યાપ્તા, બાદર તેજસ્કાયિક પર્યાપ્તા, બાદર વાયુકાયિક પર્યાતા, બાદર વનસ્પતિકાયિક પર્યાપ્તા, પ્રત્યેક શરીરી બાદર વનસ્પતિકાયિક પર્યાપ્તા, બાદર નિગોદ(શરીર) પર્યાપ્તા અને બાદર ત્રસકાયિક પર્યાપ્તામાં કોણ

કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વથી થોડા બાદર તેજસ્કાયિક પર્યાપ્તા, (૨) તેનાથી બાદર ત્રસકાયિક પર્યાપ્તા અસંખ્યાત ગુણા, (૩) તેનાથી પ્રત્યેક શરીરી બાદર વનસ્પતિકાયિક પર્યાપ્તા અસંખ્યાત ગુણા, (૪) તેનાથી બાદર નિગોદ(શરીર) પર્યાપ્તા અસંખ્યાતગુણા, (૫) તેનાથી બાદર પૃથ્વીકાયિક પર્યાપ્તા અસંખ્યાત ગુણા, (૬) તેનાથી બાદર અપ્કાયિક પર્યાપ્તા અસંખ્યાતગુણા, (૭) તેનાથી બાદર વાયુકાયિક પર્યાપ્તા અસંખ્યાતગુણા, (૮) તેનાથી બાદર વનસ્પતિકાયિક પર્યાપ્તા અનંતગુણા અને (૯) તેનાથી બાદર પર્યાપ્તા વિશેષાધિક છે.

**૭૬ एएसि णं भंते ! बादराणं पज्जत्ताअपज्जत्तगाणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ? गोयमा ! सव्वत्थोवा बादरा पज्जत्तगा, बादरा अपज्जत्तगा असंखेज्जगुणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બાદર પર્યાપ્તા અને અપર્યાપ્તામાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સર્વથી થોડા બાદર પર્યાપ્તા છે, તેનાથી બાદર અપર્યાપ્તા અસંખ્યાતગુણા છે.

**૭૭ एएसि णं भंते ! बादरपुढविकाइयाणं पज्जत्ताअपज्जत्तगाणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ? गोयमा ! सव्वत्थोवा बादरपुढविकाइया पज्जत्तगा, बायरपुढविकाइया अपज्जत्तगा असंखेज्जगुणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બાદર પૃથ્વીકાયિક પર્યાપ્તા અને અપર્યાપ્તામાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સર્વથી થોડા બાદર પૃથ્વીકાયિક પર્યાપ્તા છે, તેનાથી બાદર પૃથ્વીકાયિક અપર્યાપ્તા અસંખ્યાત ગુણા છે.

**૭૮ एएसि णं भंते ! बादरआउकाइयाणं पज्जत्ताअपज्जत्तगाणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ? गोयमा ! सव्वत्थोवा बादरआउकाइया पज्जत्तगा, बादरआउकाइया अपज्जत्तगा असंखेज्जगुणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બાદર અપ્કાયિક પર્યાપ્તા અને બાદર અપ્કાયિક અપર્યાપ્તામાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સર્વથી થોડા બાદર અપ્કાયિક પર્યાપ્તા છે, તેનાથી બાદર અપ્કાયિક અપર્યાપ્તા અસંખ્યાત ગુણા છે.

**૭૯ एएसि णं भंते ! बादरतेउकाइयाणं पज्जत्ताअपज्जत्तगाणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ? गोयमा ! सव्वत्थोवा बादरतेउकाइया पज्जत्तगा, बादरतेउकाइया अपज्जत्तगा असंखेज्जगुणा।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બાદર તેજસ્કાયિક પર્યાપ્તા અને અપર્યાપ્તામાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સર્વથી થોડા બાદર તેજસ્કાયિક પર્યાપ્તા છે, તેનાથી બાદર તેજસ્કાયિક અપર્યાપ્તા અસંખ્યાત ગુણા છે.

**૮૦ एएसि णं भंते ! बादरवाउकाइयाणं पज्जत्ताअपज्जत्तगाणं कयरे कयरेहिंतो अप्पा**

**वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ? गोयमा ! सव्वत्थोवा बादरवाउकाइया पज्जत्तगा, बादरवाउकाइया अपज्जत्तगा असंखेज्जगुणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બાદર વાયુકાયિક પર્યાપ્તા અને અપર્યાપ્તામાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સર્વથી થોડા બાદર વાયુકાયિક પર્યાપ્તા છે, તેનાથી બાદર વાયુકાયિક અપર્યાપ્તા અસંખ્યાત ગુણા છે.

**૮૧ एएसि णं भंते ! बादरवणस्सइकाइयाणं पज्जत्ताअपज्जत्तगाणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ? गोयमा ! सव्वत्थोवा बादरवणस्सइकाइया पज्जत्तगा, बादरवणस्सइकाइया अपज्जत्तगा असंखेज्जगुणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બાદર વનસ્પતિકાયિક પર્યાપ્તા અને અપર્યાપ્તામાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સર્વથી થોડા બાદર વનસ્પતિકાયિક પર્યાપ્તા છે, તેનાથી બાદર વનસ્પતિકાયિક અપર્યાપ્તા અસંખ્યાતગુણા છે.

**૮૨ एएसि णं भंते ! पत्तेयसरीरबादरवणस्सइयाणं पज्जत्ताअपज्जत्तगाणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ? गोयमा ! सव्वत्थोवा पत्तेयसरीरबादर-वणस्सकाइया पज्जत्तगा, पत्तेयसरीरबादरवणस्सकाइया अपज्जत्तगा असंखेज्जगुणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પ્રત્યેક શરીરી બાદર વનસ્પતિકાયિક પર્યાપ્ત અને અપર્યાપ્તામાં કોણ કોનાથી, અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સર્વથી થોડા પ્રત્યેકશરીરી બાદર વનસ્પતિકાયિક પર્યાપ્તા અને તેનાથી પ્રત્યેક શરીરી બાદર વનસ્પતિકાયિક અપર્યાપ્તા અસંખ્યાતગુણા છે.

**૮૩ एएसि णं भंते ! बादरणिगोदाणं पज्जत्ताअपज्जत्तगाणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ? गोयमा ! सव्वत्थोवा बादरणिगोदा पज्जत्तगा, बादरणिगोदा अपज्जत्तगा असंखेज्जगुणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બાદર નિગોદ(શરીર) પર્યાપ્તા અને અપર્યાપ્તામાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સર્વથી થોડા બાદર નિગોદ(શરીર) પર્યાપ્તા છે, તેનાથી બાદર નિગોદ(શરીર) અપર્યાપ્તા અસંખ્યાતગુણા છે.

**૮૪ एएसि णं भंते ! बादरतसकाइयाणं पज्जत्ताअपज्जत्तगाणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ? गोयमा ! सव्वत्थोवा बादरतसकाइया पज्जत्तगा, बादरतसकाइया अपज्जत्तगा असंखेज्जगुणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બાદર ત્રસકાયિક પર્યાપ્તા અને અપર્યાપ્તામાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સર્વથી થોડા બાદર ત્રસકાયિક પર્યાપ્તા છે, તેનાથી બાદર ત્રસકાયિક અપર્યાપ્તા અસંખ્યાતગુણા છે.

**૮૫ एएसि णं भंते ! बादराणं, बादरपुढविकाइयाणं, बादरआउकाइयाणं, बादरतेउकाइयाणं,**

बादरवाउकाइयाणं, बादरवणस्सइकाइयाणं, पत्तेयसरीरबादर-वणस्सइकाइयाणं, बादर-णिगोदाणं, बादरतसकाइयाण य पज्जत्ताअपज्जत्तगाणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?

गोयमा ! सव्वत्थोवा बादरतेउकाइया पज्जत्तगा, बादरतसकाइया पज्जत्तगा असंखेज्जगुणा, बादरतसकाइया अपज्जत्तगा असंखेज्जगुणा, पत्तेयसरीर-बादरवणस्सइकाइया पज्जत्तगा असंखेज्जगुणा, बादरनिगोदा पज्जत्तगा असंखेज्जगुणा, बादरपुढविकाइया पज्जत्तगा असंखेज्जगुणा, बादरआउकाइया पज्जत्तगा असंखेज्जगुणा, बादरवाउकाइया पज्जत्तगा असंखेज्जगुणा, बादरतेउकाइया अपज्जत्तगा असंखेज्जगुणा, पत्तेयसरीर-बादरवणस्सइकाइया अपज्जत्तगा असंखेज्जगुणा, बादरणिगोदा अपज्जत्तगा असंखेज्जगुणा, बादरपुढविकाइया अपज्जत्तगा असंखेज्जगुणा, बादरआउकाइया अपज्जत्तगा असंखेज्जगुणा, बादरवाउकाइया अपज्जत्तगा असंखेज्जगुणा, बादरवणस्सइकाइया पज्जत्तगा अणंतगुणा, बादरपज्जत्तगा विसेसाहिया, बादरवणस्सइकाइया अपज्जत्तगा असंखेज्जगुणा, बादरअपज्जत्तगा विसेसाहिया, बादरा विसेसाहिया ।

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બાદર જીવો, બાદર પૃથ્વીકાયિકો, બાદર અપ્કાયિકો, બાદર તેજસ્કાયિકો, બાદર વાયુકાયિકો, બાદર વનસ્પતિકાયિકો, પ્રત્યેક શરીરી બાદર વનસ્પતિકાયિકો, બાદર નિગોદ(શરીર) અને બાદર ત્રસકાયિકોના પર્યાપ્તા અને અપર્યાપ્તા જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વથી થોડા બાદર તેજસ્કાયિક પર્યાપ્તા છે, (૨) તેનાથી બાદર ત્રસકાયિક પર્યાપ્તા અસંખ્યાતગુણા છે, (૩) તેનાથી બાદર ત્રસકાયિક અપર્યાપ્તા અસંખ્યાતગુણા છે, (૪) તેનાથી બાદર પ્રત્યેક શરીરી વનસ્પતિકાયિક પર્યાપ્તા અસંખ્યાતગુણા, (૫) તેનાથી બાદર નિગોદ(શરીર) પર્યાપ્તા અસંખ્યાતગુણા, (૬) તેનાથી બાદર પૃથ્વીકાયિક પર્યાપ્તા અસંખ્યાતગુણા, (૭) તેનાથી બાદર અપ્કાયિક પર્યાપ્તા અસંખ્યાતગુણા, (૮) તેનાથી બાદર વાયુકાયિક પર્યાપ્તા અસંખ્યાતગુણા, (૯) તેનાથી બાદર તેજસ્કાયિક અપર્યાપ્તા અસંખ્યાતગુણા, (૧૦) તેનાથી પ્રત્યેક શરીરી બાદર વનસ્પતિકાયિક અપર્યાપ્તા અસંખ્યાતગુણા, (૧૧) તેનાથી બાદર નિગોદ(શરીર) અપર્યાપ્તા અસંખ્યાતગુણા, (૧૨) તેનાથી બાદર પૃથ્વીકાયિક અપર્યાપ્તા અસંખ્યાતગુણા, (૧૩) તેનાથી બાદર અપ્કાયિક અપર્યાપ્તા અસંખ્યાતગુણા, (૧૪) તેનાથી બાદર વાયુકાયિક અપર્યાપ્તા અસંખ્યાતગુણા, (૧૫) તેનાથી બાદર વનસ્પતિકાયિક પર્યાપ્તા અનંતગુણા, (૧૬) તેનાથી બાદર પર્યાપ્તા વિશેષાધિક, (૧૭) તેનાથી બાદર વનસ્પતિકાયિક અપર્યાપ્તા અસંખ્યાતગુણા છે, (૧૮) તેનાથી બાદર અપર્યાપ્તા વિશેષાધિક છે અને (૧૯) તેનાથી બાદર જીવો વિશેષાધિક છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં બાદર જીવોના અલ્પબહુત્વની પ્રરૂપણા છે.

**(૧) સમુચ્ચય બાદર જીવોનું અલ્પબહુત્વ :–** સમુચ્ચય બાદર જીવોનું અલ્પબહુત્વ બાદર અપર્યાપ્તાની મુખ્યતાએ છે. કારણ કે બાદરમાં અપર્યાપ્તા જીવો જ વધુ હોય છે.(૧) સર્વથી થોડા બાદર ત્રસકાયિક છે,

કારણ કે બેઇન્દ્રિયાદિ ત્રસ જીવો, સ્થાવર જીવોથી અલ્પ હોય છે. અહીં બાદર વિશેષણ સ્વરૂપ દર્શક છે, તેમ સમજવું , કારણ કે ત્રસ જીવો બાદર જ છે. (૨) તેનાથી બાદર તેજસ્કાયિક અસંખ્યાતગુણા છે, કારણ કે એકેન્દ્રિય જીવો ત્રસ જીવોથી અસંખ્યાતગુણા હોય છે. સમુચ્ચય બાદર તેજસ્કાયિક જીવોમાં પર્યાપ્તા-અપર્યાપ્તા બંને પ્રકારના જીવો સમાવિષ્ટ થાય છે. તેથી અહીં અપર્યાપ્ત જીવોની મુખ્યતાએ તેઉકાયના જીવો અધિક થાય છે. (૩) તેનાથી પ્રત્યેક શરીરી બાદર વનસ્પતિકાયિક અસંખ્યાતગુણા છે, કારણ કે બાદર તેજસ્કાયિક તો માત્ર મનુષ્યક્ષેત્રમાં જ હોય છે, પરંતુ પ્રત્યેક શરીરી બાદર વનસ્પતિકાયિકોનું ક્ષેત્ર તેનાથી અસંખ્યાતગણું અધિક છે. ત્રણે લોકમાં વનસ્પતિકાયિક જીવો હોય છે. તે ક્ષેત્ર અસંખ્યાતગણું હોવાથી જીવો અસંખ્યાત ગુણા છે. (૪) તેનાથી બાદર નિગોદ(શરીર) અસંખ્યાતગુણા છે, તે અત્યંત સૂક્ષ્મ અવગાહનાવાળા હોવાથી વધુ હોય છે. (૫) તેનાથી બાદર પૃથ્વીકાયિક જીવો અસંખ્યાતગુણા છે કારણ કે આઠેય પૃથ્વીમાં તથા વિમાનો, ભવનો, પ્રસ્તટો, પર્વતો આદિમાં વિદ્યમાન છે, (૬) તેનાથી બાદર અપ્કાયિક અસંખ્યાતગુણા છે કારણ કે પૃથ્વીથી જલક્ષેત્ર અધિક છે સમુદ્રની જલરાશિમાં અપ્કાયિક જીવોની પ્રચુરતા છે. (૭) તેનાથી બાદર વાયુકાયિક અસંખ્યાતગુણા અધિક છે કારણ કે લોકમાં પોલાણ વધુ છે અને પોલાણમાં વાયુ હોય છે. (૮) તેનાથી બાદર વનસ્પતિકાયિક અનંતગુણા અધિક છે કારણ કે બાદર નિગોદ(શરીર)માં અનંત-અનંત વનસ્પતિકાયિક જીવો હોય છે. (૯) તેનાથી બાદર જીવો વિશેષાધિક છે કારણ કે ઉપરોક્ત પૃથ્વી આદિ બાદર સર્વ જીવોનો સમુચ્ચય બાદરમાં સમાવેશ થાય છે.

**(૨) સમુચ્ચય બાદર અપર્યાપ્ત જીવોનું અલ્પબહુત્વ :–** તે સમુચ્ચય બાદર જીવો પ્રમાણે જ છે.

| ક્રમ | બાદરકાય | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧ | ત્રસકાય | સર્વથી થોડા | ત્રસ જીવો પૃથ્વીકાયાદિ પાંચે સ્થાવરની અપેક્ષાએ થોડા છે. |
| ૨ | બાદર તેઉકાય | અસંખ્યાતગુણા | એકેન્દ્રિય છે, પર્યાપ્ત અપર્યાપ્ત સર્વે સમાવિષ્ટ છે. |
| ૩ | પ્રત્યેક શરીરીબાદર વનસ્પતિ | અસંખ્યાતગુણા | બાદર તેઉકાયથી તેનું ક્ષેત્ર વધારે છે માટે અસંખ્યાત ગુણા છે. |
| ૪ | બાદર નિગોદ | અસંખ્યાતગુણા | સ્વાભાવિકરૂપે નિગોદ શરીર વધુ હોય છે. |
| ૫ | બાદર પૃથ્વીકાય | અસંખ્યાતગુણા | આઠ પૃથ્વી, વિમાનો, ભવનો, પાથડાઓમાં હોય છે. |
| ૬ | બાદર અપ્કાય | અસંખ્યાતગુણા | સમુદ્ર આદિના કારણે પૃથ્વી કરતાં જલ વધુ છે. |
| ૭ | બાદર વાયુકાય | અસંખ્યાતગુણા | પોલાણના ભાગમાં સર્વત્ર વાયુ હોય છે. |
| ૮ | બાદર વનસ્પતિકાય | અનંતગુણા | બાદર નિગોદ(સાધારણ શરીર)માં અનંત જીવો છે. |
| ૯ | સમુચ્ચય બાદર | વિશેષાધિક | ત્રસાદિ સર્વ જીવો સમાવિષ્ટ થાય છે. |

**(૩) સમુચ્ચય બાદર પર્યાપ્તા જીવોનું અલ્પબહુત્વ :–** (૧) સર્વથી થોડા બાદર તેજસ્કાયિક પર્યાપ્તા જીવો છે. બાદર અગ્નિ મનુષ્યક્ષેત્રમાં જ છે. તેનું ક્ષેત્ર અને કાલ મર્યાદિત હોવાથી પર્યાપ્ત જીવો અલ્પ હોય છે.(૨) તેનાથી બાદર ત્રસકાયિક પર્યાપ્તા અસંખ્યાતગુણા છે. તે જીવોનું ક્ષેત્ર તેજસ્કાયિક કરતાં વધુ છે.(૩) તેનાથી પ્રત્યેક શરીરી બાદર વનસ્પતિકાયિક પર્યાપ્તા અસંખ્યાતગુણા છે કારણ કે ત્રસ જીવોથી સ્થાવર જીવો વધુ હોય છે. (૪) તેનાથી બાદર નિગોદ (શરીર) પર્યાપ્તા અસંખ્યાતગુણા છે. નિગોદ શરીરની અવગાહના અત્યંત સૂક્ષ્મ હોય છે. (૫) તેનાથી બાદર પૃથ્વીકાયિક પર્યાપ્તા અસંખ્યાતગુણા છે. તેના ઉત્પત્તિ સ્થાન વધુ છે. (૬) તેનાથી બાદર અપ્કાયિક પર્યાપ્તા અસંખ્યાતગુણા છે. તેના ઉત્પત્તિ સ્થાન

પૃથ્વીથી વધુ છે. (૭) તેનાથી બાદર વાયુકાયિક પર્યાપ્તા અસંખ્યાતગુણા છે. જલ કરતાં વાયુના સ્થાન વધુ છે. (૮) તેનાથી બાદર સાધારણ વનસ્પતિકાયિક પર્યાપ્તા અનંતગુણા છે. તેમાં એક શરીરમાં અનંત જીવો હોય છે. (૯) તેનાથી સમુચ્ચય બાદર પર્યાપ્તા વિશેષાધિક છે કારણ કે તેમાં પૂર્વોક્ત સર્વ જીવોનો સમાવેશ થઈ જાય છે.

| ક્રમ | પર્યાપ્ત બાદરકાય | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧ | પર્યાપ્તા બાદર તેઉકાય | સર્વથી થોડા | ક્ષેત્ર અલ્પ છે(મનુષ્ય ક્ષેત્રમાંજ છે.) |
| ૨ | પર્યાપ્તા બાદર ત્રસકાય | અસંખ્યાતગુણા | ત્રણે લોકમાં છે. |
| ૩ | પર્યાપ્તા પ્રત્યેક શરીરી બાદર વનસ્પતિ | અસંખ્યાતગુણા | ત્રસકાયથી વનસ્પતિ જીવો વધુ હોય છે. |
| ૪ | પર્યાપ્તાબાદર નિગોદ(શરીર) | અસંખ્યાતગુણા | નિગોદ શરીરની અવગાહના નાની હોવાથી વધુ છે. |
| ૫ | પર્યાપ્તા બાદર પૃથ્વીકાય | અસંખ્યાતગુણા | લોકમાં નિગોદ શરીરથી પૃથ્વી વધુ છે. |
| ૬ | પર્યાપ્તા બાદર અપ્કાય | અસંખ્યાતગુણા | લોકમાં પૃથ્વી કરતાં જળ વધુ છે. |
| ૭ | પર્યાપ્તા બાદર વાયુકાય | અસંખ્યાતગુણા | લોકમાં પોલાણ વધુ હોવાથી વાયુ વધુ છે. |
| ૮ | પર્યાપ્તા બાદર વનસ્પતિકાય | અનંતગુણા | એક-એક નિગોદ શરીરમાં અનંતજીવો છે. |
| ૯ | પર્યાપ્તા બાદર જીવો | વિશેષાધિક | પૃથ્વી આદિ સર્વ બાદર જીવોનો સમાવેશ છે. |

**(૪) દરેક બાદરના પર્યાપ્ત-અપર્યાપ્તનું પૃથક્-પૃથક્ અલ્પબહુત્વ :–** બાદર જીવોમાં સર્વત્ર પર્યાપ્ત જીવોથી અપર્યાપ્તા જીવો અસંખ્યાતગુણા અધિક હોય છે. કારણ કે અપર્યાપ્ત જીવો જ્યારે, જ્યાં ઉત્પન્ન થાય ત્યારે ત્યાં તે એક સાથે અસંખ્યાતા જ ઉત્પન્ન થાય છે.

**(૫) બાદરના પર્યાપ્ત–અપર્યાપ્ત જીવોનું સમ્મિલિત અલ્પબહુત્વ :–**

| ક્રમ | બાદરકાય | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧ | બાદર પર્યાપ્તા તેઉકાય | સર્વથી થોડા | ક્ષેત્ર અલ્પ છે. |
| ૨ | બાદર પર્યાપ્તા ત્રસકાય | અસંખ્યગુણા | ઉત્પત્તિ ક્ષેત્ર ત્રણે ય લોકમાં છે. |
| ૩ | બાદર અપર્યાપ્તા ત્રસકાય | અસંખ્યગુણા | બાદરમાં પર્યાપ્તાથી અપર્યાપ્તા વધુ હોય છે. |
| ૪ | બાદર પર્યાપ્તા પ્રત્યેક વનસ્પતિ | અસંખ્યગુણા | ત્રસકાયથી વનસ્પતિ જીવો વધુ છે. |
| ૫ | બાદર પર્યાપ્તા નિગોદ(શરીર) | અસંખ્યગુણા | નિગોદ શરીરની અવગાહના સૂક્ષ્મ છે. |
| ૬ | બાદર પર્યાપ્તા પૃથ્વીકાય | અસંખ્યગુણા | લોકમાં પૃથ્વી વધુ છે. |
| ૭ | બાદર પર્યાપ્તા અપ્કાય | અસંખ્યગુણા | લોકમાં પૃથ્વી કરતાં જલસ્થાનો વધુ છે. |
| ૮ | બાદર પર્યાપ્તા વાયુકાય | અસંખ્યગુણા | લોકમાં પાણી કરતાં પોલાણ વધુ છે. |
| ૯ | બાદર અપર્યાપ્તા તેઉકાય | અસંખ્યગુણા | પર્યાપ્તથી અપર્યાપ્ત વધુ હોય છે. |
| ૧૦ | બાદર અપર્યાપ્તા પ્રત્યેક વનસ્પતિ | અસંખ્યગુણા | બાદર તેઉકાયથી ક્ષેત્ર વધુ છે. |
| ૧૧ | બાદર અપર્યાપ્તા નિગોદ(શરીર) | અસંખ્યગુણા | નિગોદ શરીર સૂક્ષ્મ છે. |

| | | | |
|---|---|---|---|
| ૧૨ | બાદર અપર્યાપ્તા પૃથ્વીકાય | અસંખ્યગુણા | પૃથ્વીનું ક્ષેત્ર વધુ છે. |
| ૧૩ | બાદર અપર્યાપ્તા અપ્કાય | અસંખ્યગુણા | પૃથ્વી કરતાં પાણીના સ્થાનો વધુ છે. |
| ૧૪ | બાદર અપર્યાપ્તા વાયુકાય | અસંખ્યગુણા | પાણીના સ્થાન કરતાં પોલાણ ભાગ વધુ છે. |
| ૧૫ | બાદર પર્યાપ્તા વનસ્પતિ | અનંતગુણા | બાદર નિગોદમાં અનંત જીવો છે. |
| ૧૬ | પર્યાપ્તા બાદર જીવો | વિશેષાધિક | સર્વ બાદર પર્યાપ્ત જીવો સમાવિષ્ટ છે. |
| ૧૭ | અપર્યાપ્તા બાદર વનસ્પતિ | અસંખ્યગુણ | બાદરમાં પર્યાપ્તાથી અપર્યાપ્તા વધુ હોય છે. |
| ૧૮ | અપર્યાપ્તા બાદર જીવો | વિશેષાધિક | પૃથ્વી આદિ સર્વ બાદર જીવો સમાવિષ્ટ છે. |
| ૧૯ | બાદર જીવો | વિશેષાધિક | પર્યાપ્તા અપર્યાપ્તા બંને જીવો સમાવિષ્ટ છે. |

**સૂક્ષ્મ તથા બાદર જીવોનું સમ્મિલિત અલ્પબહુત્વ :-**

**૮૬ एएसि णं भंते ! सुहुमाणं, सुहुमपुढविकाइयाणं, सुहुमआउकाइयाणं सुहुमतेउकाइयाणं, सुहुमवाउकाइयाणं, सुहुमवणस्सइकाइयाणं, सुहुमणिगोदाणं; बादराणं, बादरपुढविकाइयाणं, बादरआउकाइयाणं, बादरतेउकाइयाणं, बादरवाउकाइयाणं, बादरवणस्सइकाइयाणं, पत्तेयसरीरबादरवणस्सइकाइयाणं, बादरणिगोदाणं, बादरतसकाइयाण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवा बादरतसकाइया, बादरतेउकाइया असंखेज्जगुणा, पत्तेयसरीरबादरवणस्सइकाइया असंखेज्जगुणा, बादरणिगोदा असंखेज्जगुणा, बादरपुढविकाइया असंखेज्जगुणा, बादरआउकाइया असंखेज्जगुणा, बादरवाउकाइया असंखेज्जगुणा, सुहुमतेउकाइया असंखेज्जगुणा, सुहुमपुढविकाइया विसेसाहिया, सुहुमआउकाइया विसेसाहिया, सुहुमवाउकाइया विसेसाहिया, सुहुमणिगोदा असंखेज्जगुणा, बादरवणस्सइकाइया अणंतगुणा, बादरा विसेसाहिया, सुहुमवणस्सइकाइया असंखेज्जगुणा, सुहुमा विसेसाहिया ।**

**ભાવાર્થ :- પ્રશ્ન–** હે ભગવન્ ! સૂક્ષ્મજીવો, સૂક્ષ્મ પૃથ્વીકાયિક, સૂક્ષ્મ અપ્કાયિક, સૂક્ષ્મ તેજસ્કાયિક, સૂક્ષ્મ વાયુકાયિક, સૂક્ષ્મ વનસ્પતિકાયિક, સૂક્ષ્મ નિગોદ(શરીર) તથા બાદર જીવો, બાદર પૃથ્વીકાયિક, બાદર અપ્કાયિક, બાદર તેજસ્કાયિક, બાદર વાયુકાયિક, બાદર વનસ્પતિકાયિક, પ્રત્યેક શરીરી બાદર વનસ્પતિકાયિક, બાદર નિગોદ(શરીર) અને બાદર ત્રસકાયિક જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વથી થોડા બાદર ત્રસકાયિક છે, (૨) તેનાથી બાદર તેજસ્કાયિક અસંખ્યાતગુણા, (૩) તેનાથી પ્રત્યેક શરીરી બાદર વનસ્પતિકાયિક અસંખ્યાતગુણા, (૪) તેનાથી બાદર નિગોદ(શરીર) અસંખ્યાતગુણા, (૫) તેનાથી બાદર પૃથ્વીકાયિક અસંખ્યાતગુણા, (૬) તેનાથી બાદર અપ્કાયિક અસંખ્યાતગુણા, (૭) તેનાથી બાદર વાયુકાયિક અસંખ્યાતગુણા, (૮) તેનાથી સૂક્ષ્મ તેજસ્કાયિક અસંખ્યાતગુણા, (૯) તેનાથી સૂક્ષ્મ પૃથ્વીકાયિક વિશેષાધિક, (૧૦) તેનાથી સૂક્ષ્મ અપ્કાયિક વિશેષાધિક, (૧૧) તેનાથી સૂક્ષ્મ વાયુકાયિક વિશેષાધિક, (૧૨) તેનાથી સૂક્ષ્મ નિગોદ(શરીર) અસંખ્યાતગુણા, (૧૩)

તેનાથી બાદર વનસ્પતિકાયિક અનંતગુણા, (૧૪) તેનાથી બાદર જીવો વિશેષાધિક છે, (૧૫) તેનાથી સૂક્ષ્મ વનસ્પતિકાયિક અસંખ્યાતગુણા છે અને (૧૬) તેનાથી સૂક્ષ્મ જીવો વિશેષાધિક છે.

**૮૭ एएसि णं भंते ! सुहुमअपज्जत्तगाणं, सुहुमपुढविकाइयाणं अपज्जत्तगाणं, सुहुम-आउकाइयाणं अपज्जत्तगाणं, सुहुमतेउकाइयाणं अपज्जत्तगाणं, सुहुमवाउकाइयाणं अपज्जत्तगाणं, सुहुमवणस्सइकाइयाणं अपज्जत्तगाणं, सुहुमणिगोदापज्जत्तगाणं बादरापज्जत्तगाणं, बादर-पुढविकाइयापज्जत्तगाणं, बादरआउकाइयापज्जत्तगाणं बादरतेउकाइयापज्जत्तगाणं, बादर-वाउकाइयापज्जत्तगाणं, बादरवणस्सइकाइयापज्जत्तगाणं पत्तेयसरीरबादरवणस्सइकाइया-पज्जत्तगाणं बादरणिगोदापज्जत्तगाणं बादरतसकाइयापज्जत्तगाणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवा बादरतसकाइया अपज्जत्तगा, बादरतेउकाइया अपज्जत्तगा असंखेज्जगुणा, पत्तेयसरीरबादरवणस्सइकाइया अपज्जत्तगा असंखेज्जगुणा, बादरणिगोदा अपज्जत्तगा असंखेज्जगुणा, बादरपुढविकाइया अपज्जत्तगा असंखेज्जगुणा, बादर-आउक्काइया अपज्जत्तगा असंखेज्जगुणा, बादरवाउकाइया अपज्जत्तगा असंखेज्जगुणा, सुहुमतेउकाइया अपज्जत्तगा असंखेज्जगुणा, सुहुमपुढविकाइया अपज्जत्तगा विसेसाहिया, सुहुमआउकाइया अपज्जत्तगा विसेसाहिया, सुहुमवाउकाइया अपज्जत्तगा विसेसाहिया, सुहुमणिगोदा अपज्जत्तगा असंखेज्जगुणा, बादरवणस्सइकाइया अपज्जत्तगा अणंतगुणा, बादर अपज्जत्तगा विसेसाहिया, सुहुमवणस्सइकाइया अपज्जत्तगा असंखेज्जगुणा, सुहुमा अपज्जत्तगा विसेसाहिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અપર્યાપ્તા સૂક્ષ્મ, અપર્યાપ્તા સૂક્ષ્મ પૃથ્વીકાયિક, અપર્યાપ્ત સૂક્ષ્મ અપ્કાયિક, અપર્યાપ્ત સૂક્ષ્મ તેજસ્કાયિક, અપર્યાપ્તા સૂક્ષ્મ વાયુકાયિક, અપર્યાપ્તા સૂક્ષ્મ વનસ્પતિકાયિક, અપર્યાપ્તા સૂક્ષ્મ નિગોદ તથા અપર્યાપ્તા બાદર, અપર્યાપ્તા બાદર પૃથ્વીકાયિક, અપર્યાપ્તા બાદર અપ્કાયિક, અપર્યાપ્તા બાદર તેજસ્કાયિક, અપર્યાપ્તા બાદર વાયુકાયિક, અપર્યાપ્તા બાદર વનસ્પતિકાયિક, અપર્યાપ્તા પ્રત્યેક શરીરી બાદર વનસ્પતિકાયિક, અપર્યાપ્તા બાદર નિગોદ અને અપર્યાપ્તા બાદર ત્રસકાયિક જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વથી થોડા અપર્યાપ્તા બાદર ત્રસકાયિક છે, (૨) તેનાથી અપર્યાપ્તા બાદર તેજસ્કાયિક અસંખ્યાતગુણા છે, (૩) તેનાથી અપર્યાપ્તા પ્રત્યેક શરીરી બાદર વનસ્પતિકાયિક અસંખ્યાતગુણા, (૪) તેનાથી અપર્યાપ્તા બાદર નિગોદ અસંખ્યાતગુણા, (૫) તેનાથી અપર્યાપ્તા બાદર પૃથ્વીકાયિક અસંખ્યાતગુણા, (૬) તેનાથી અપર્યાપ્તા બાદર અપ્કાયિક અસંખ્યાતગુણા, (૭) તેનાથી અપર્યાપ્તા બાદર વાયુકાયિક અસંખ્યાતગુણા છે, (૮) તેનાથી અપર્યાપ્તા સૂક્ષ્મ તેજસ્કાયિક અસંખ્યાતગુણા, (૯) તેનાથી અપર્યાપ્તા સૂક્ષ્મ પૃથ્વીકાયિક વિશેષાધિક, (૧૦) તેનાથી અપર્યાપ્તા સૂક્ષ્મ અપ્કાયિક વિશેષાધિક, (૧૧) તેનાથી અપર્યાપ્તા સૂક્ષ્મ વાયુકાયિક વિશેષાધિક છે, (૧૨) તેનાથી અપર્યાપ્તા સૂક્ષ્મ નિગોદ(શરીર) અસંખ્યાતગુણા, (૧૩) તેનાથી અપર્યાપ્તા બાદર વનસ્પતિકાયિક અનંતગુણા, (૧૪) તેનાથી

બાદર અપર્યાપ્તા જીવો વિશેષાધિક, (૧૫) તેનાથી અપર્યાપ્તા સૂક્ષ્મ વનસ્પતિકાયિક અસંખ્યાતગુણા અને (૬) તેનાથી અપર્યાપ્તા સૂક્ષ્મ જીવો વિશેષાધિક છે.

**૮૮ एएसि णं भंते ! सुहुमपज्जत्तगाणं, सुहुमपुढविकाइयपज्जत्तगाणं सुहुमआउकाइय-पज्जत्तगाणं, सुहुमतेउकाइयपज्जत्तगाणं, सुहुमवाउकाइयपज्जत्तगाणं, सुहुमवणस्सइ-काइयपज्जत्तगाणं, सुहुमणिगोदपज्जत्तगाणं, बादरपज्जत्तगाणं बादरपुढविकाइयपज्जत्तगाणं, बादरआउकाइयपज्जत्तगाणं, बादरतेउकाइयपज्जत्तगाणं बादरवाउकाइयपज्जत्तगाणं बादरवणस्सइकाइयपज्जत्तगाणं पत्तेयसरीरबादरवणस्सइकाइयपज्जत्तगाणं बादरणिगोद-पज्जत्तगाणं, बादरतसकाइयपज्जत्तगाण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवा बादरतेउकाइया पज्जत्तगा, बादरतसकाइया पज्जत्तगा असंखेज्जगुणा, पत्तेयसरीरबादरवणस्सइकाइया पज्जत्तगा असंखेज्जगुणा, बादरणिगोदा पज्जत्तगा असंखेज्जगुणा, बादरपुढविकाइया पज्जत्तगा असंखेज्जगुणा, बादर आउकाइया पज्जत्तगा असंखेज्जगुणा, बादरवाउकाइया पज्जत्तगा असंखेज्जगुणा, सुहुमतेउकाइया पज्जत्तगा असंखेज्जगुणा, सुहुमपुढविकाइया पज्जत्तगा विसेसाहिया, सुहुमआउकाइया पज्जत्तगा विसेसाहिया, सुहुमवाउकाइया पज्जत्तगा विसेसाहिया, सुहुमणिगोदा पज्जत्तगा असंखेज्जगुणा, बादरवणस्सइकाइया पज्जत्तगा अणंतगुणा, बादरा पज्जत्तगा विसेसाहिया, सुहुमवणस्सइकाइया पज्जत्तगा असंखेज्जगुणा, सुहुमा पज्जत्तगा विसेसाहिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સૂક્ષ્મ પર્યાપ્તા, સૂક્ષ્મ પૃથ્વીકાયિક પર્યાપ્તા, સૂક્ષ્મ અપ્કાયિક પર્યાપ્તા, સૂક્ષ્મ તેજસ્કાયિક પર્યાપ્તા, સૂક્ષ્મ વાયુકાયિક પર્યાપ્તા, સૂક્ષ્મ વનસ્પતિકાયિક પર્યાપ્તા, સૂક્ષ્મ નિગોદ પર્યાપ્તા, બાદર પર્યાપ્તા, બાદર પૃથ્વીકાયિક પર્યાપ્તા, બાદર અપ્કાયિક પર્યાપ્તા, બાદર તેજસ્કાયિક પર્યાપ્તા, બાદર વાયુકાયિક પર્યાપ્તા, બાદર વનસ્પતિકાયિક પર્યાપ્તા, પ્રત્યેક શરીરી બાદર વનસ્પતિકાયિક પર્યાપ્તા, બાદર નિગોદ પર્યાપ્તા અને બાદર ત્રસકાયિક પર્યાપ્તા જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વથી થોડા બાદર તેજસ્કાયિક પર્યાપ્તા, (૨) તેનાથી બાદર ત્રસકાયિક પર્યાપ્તા અસંખ્યાતગુણા, (૩) તેનાથી પ્રત્યેક શરીરી બાદર વનસ્પતિકાયિક પર્યાપ્તા અસંખ્યાતગુણા, (૪) તેનાથી બાદર નિગોદ(શરીર) પર્યાપ્તા અસંખ્યાતગુણા, (૫) તેનાથી બાદર પૃથ્વીકાયિક પર્યાપ્તા અસંખ્યાતગુણા, (૬) તેનાથી બાદર અપ્કાયિક પર્યાપ્તા અસંખ્યાતગુણા, (૭) તેનાથી બાદર વાયુકાયિક પર્યાપ્તા અસંખ્યાતગુણા, (૮) તેનાથી સૂક્ષ્મ તેજસ્કાયિક પર્યાપ્તા અસંખ્યાતગુણા, (૯) તેનાથી સૂક્ષ્મ પૃથ્વીકાયિક પર્યાપ્તા વિશેષાધિક, (૧૦) તેનાથી સૂક્ષ્મ અપ્કાયિક પર્યાપ્તા વિશેષાધિક, (૧૧) તેનાથી સૂક્ષ્મ વાયુકાયિક પર્યાપ્તા વિશેષાધિક, (૧૨) તેનાથી સૂક્ષ્મ નિગોદ(શરીર) પર્યાપ્તા અસંખ્યાતગુણા, (૧૩) તેનાથી બાદર વનસ્પતિકાયિક પર્યાપ્તા અનંતગુણા, (૧૪) તેનાથી સમુચ્ચય બાદર પર્યાપ્તા જીવો વિશેષાધિક છે, (૧૫) તેનાથી સૂક્ષ્મ વનસ્પતિકાયિક પર્યાપ્તા અસંખ્યાતગુણા છે અને (૧૬) તેનાથી સમુચ્ચય સૂક્ષ્મ પર્યાપ્તા વિશેષાધિક છે.

**૮૯** **एएसि णं भंते ! सुहुमाणं बादराणं च पज्जत्ताअपज्जत्तगाणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ? गोयमा ! सव्वत्थोवा बादरा पज्जत्तगा, बादरा अपज्जत्तगा असंखेज्जगुणा, सुहुमा अपज्जत्तगा असंखेज्जगुणा, सुहुमा पज्जत्तगा संखेज्जगुणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આ સૂક્ષ્મ અને બાદર જીવોના પર્યાપ્તા અને અપર્યાપ્તામાંથી કોણ કોનાથી અલ્પ, અધિક, તુલ્ય કે વિશેષાધિક છે ? **ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વથી થોડા બાદર પર્યાપ્તા છે, (૨) તેનાથી બાદર અપર્યાપ્તા અસંખ્યાતગુણા છે, (૩) તેનાથી સૂક્ષ્મ અપર્યાપ્તા અસંખ્યાતગુણા છે અને (૪) તેનાથી પણ સૂક્ષ્મ પર્યાપ્તા સંખ્યાતગુણા છે.

**૯૦** **एएसि णं भंते ! सुहुमपुढविकाइयाणं बादरपुढविकाइयाणं च पज्जत्ताअपज्जत्तगाणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ? गोयमा ! सव्वत्थोवा बादरपुढविकाइया पज्जत्तगा, बादरपुढविकाइया अपज्जत्तगा असंखेज्जगुणा, सुहुमपुढविकाइया अपज्जत्तगा असंखेज्जगुणा, सुहुमपुढविकाइया पज्जत्तगा संखेज्जगुणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સૂક્ષ્મ પૃથ્વીકાયિક અને બાદર પૃથ્વીકાયિકના પર્યાપ્તા અને અપર્યાપ્તામાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? **ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વથી થોડા બાદર પૃથ્વીકાયિક પર્યાપ્તા છે, (૨) તેનાથી બાદર પૃથ્વીકાયિક અપર્યાપ્તા અસંખ્યાતગુણા છે, (૩) તેનાથી સૂક્ષ્મ પૃથ્વીકાયિક અપર્યાપ્તા અસંખ્યાતગુણા અને (૪) તેનાથી સૂક્ષ્મ પૃથ્વીકાયિક પર્યાપ્તા સંખ્યાતગુણા છે.

**૯૧** **एएसि णं भंते ! सुहुमआउकाइयाणं बादरआउकाइयाणं च पज्जत्ताअपज्जत्तगाणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ? गोयमा ! सव्वत्थोवा बादरआउकाइया पज्जत्तगा, बादरआउकाइया अपज्जत्तगा असंखेज्जगुणा, सुहुमआउकाइया अपज्जत्तगा असंखेज्जगुणा, सुहुमआउकाइया पज्जत्तगा संखेज्जगुणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સૂક્ષ્મ અપ્કાયિક અને બાદર અપ્કાયિકના પર્યાપ્તા અને અપર્યાપ્તામાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? **ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વથી થોડા બાદર અપ્કાયિકના પર્યાપ્તા છે, (૨) તેનાથી બાદર અપ્કાયિકના અપર્યાપ્તા અસંખ્યાતગુણા, (૩) તેનાથી સૂક્ષ્મ અપ્કાયિક અપર્યાપ્તા અસંખ્યાતગુણા અને (૪) તેનાથી સૂક્ષ્મ અપ્કાયિક પર્યાપ્તા સંખ્યાતગુણા છે.

**૯૨** **एएसि णं भंते ! सुहुमतेउकाइयाणं बादरतेउकाइयाणं च पज्जत्ताअपज्जत्तगाणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ? गोयमा ! सव्वत्थोवा बादरतेउकाइया पज्जत्तगा, बादरतेउकाइया अपज्जत्तगा असंखेज्जगुणा, सुहुमतेउकाइया अपज्जत्तगा असंखेज्जगुणा, सुहुमतेउकाइया पज्जत्तगा संखेज्जगुणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સૂક્ષ્મ તેજસ્કાયિક તથા બાદર તેજસ્કાયિકના પર્યાપ્તા અને અપર્યાપ્તામાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? **ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વથી થોડા બાદર તેજસ્કાયિક પર્યાપ્તા છે, (૨) તેનાથી બાદર તેજસ્કાયિક અપર્યાપ્તા અસંખ્યાતગુણા, (૩) તેનાથી સૂક્ષ્મ તેજસ્કાયિક

અપર્યાપ્તા અસંખ્યાતગુણા છે અને (૪) તેનાથી સૂક્ષ્મ તેજસ્કાયિક પર્યાપ્તા સંખ્યાતગુણા છે.

**९३ एएसि णं भंते ! सुहुमवाउकाइयाणं बादरवाउकाइयाणं च पज्जत्ताअपज्जत्तगाणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ? गोयमा ! सव्वत्थोवा बादरवाउकाइया पज्जत्तगा, बादरवाउकाइया अपज्जत्तगा असंखेज्जगुणा, सुहुमवाउकाइया अपज्जत्तगा असंखेज्जगुणा, सुहुमवाउकाइया पज्जत्तगा संखेज्जगुणा ।**

**भावार्थ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સૂક્ષ્મ વાયુકાયિકો અને બાદર વાયુકાયિકોના પર્યાપ્તા અને અપર્યાપ્તામાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? **ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વથી થોડા બાદર વાયુકાયિક પર્યાપ્તા છે, (૨) તેનાથી બાદર વાયુકાયિક અપર્યાપ્તા અસંખ્યાતગુણા છે, (૩) તેનાથી સૂક્ષ્મ વાયુકાયિક અપર્યાપ્તા અસંખ્યાતગુણા છે અને (૪) તેનાથી સૂક્ષ્મ વાયુકાયિક પર્યાપ્તા સંખ્યાતગુણા છે.

**९४ एएसि णं भंते ! सुहुमवणस्सइकाइयाणं बादरवणस्सइकाइयाणं च पज्जत्ता-अपज्जत्तगाणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ? गोयमा ! सव्वत्थोवा बादरवणस्सकाइया पज्जत्तगा, बादरवणस्सइकाइया अपज्जत्तगा असंखेज्जगुणा सुहुम वणस्सइकाइया अपज्जत्तगा असंखेज्जगुणा, सुहुमवणस्सइकाइया पज्जत्तगा संखेज्जगुणा ।**

**भावार्थ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સૂક્ષ્મ વનસ્પતિકાયિક અને બાદર વનસ્પતિકાયિકના પર્યાપ્તા અને અપર્યાપ્તામાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? **ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વથી થોડા બાદર વનસ્પતિકાયિક પર્યાપ્તા છે, (૨) તેનાથી બાદર વનસ્પતિકાયિક અપર્યાપ્તા અસંખ્યાતગુણા છે, (૩) તેનાથી સૂક્ષ્મ વનસ્પતિકાયિક અપર્યાપ્તા અસંખ્યાતગુણા છે, (૪) તેનાથી સૂક્ષ્મ વનસ્પતિકાયિક પર્યાપ્તા સંખ્યાતગુણા છે.

**९५ एएसि णं भंते ! सुहुमणिगोदाणं बादरणिगोदाणं च पज्जत्ताअपज्जत्तगाणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ? गोयमा ! सव्वत्थोवा बादरणिगोदा पज्जत्तगा, बादरणिगोदा अपज्जत्तगा असंखेज्जगुणा, सुहुमणिगोदा अपज्जत्तगा असंखेज्जगुणा, सुहुमणिगोदा पज्जत्तगा संखेज्जगुणा ।**

**भावार्थ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સૂક્ષ્મ નિગોદ અને બાદર નિગોદના પર્યાપ્તા અને અપર્યાપ્તામાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? **ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વથી થોડા બાદર નિગોદ પર્યાપ્તા છે, (૨) તેનાથી બાદર નિગોદ અપર્યાપ્તા અસંખ્યાતગુણા છે, (૩) તેનાથી સૂક્ષ્મ નિગોદ અપર્યાપ્તા અસંખ્યાતગુણા છે અને (૪) તેનાથી સૂક્ષ્મ નિગોદ પર્યાપ્તા સંખ્યાતગુણા છે.

**९६ एएसि णं भंते! सुहुमाणं, सुहुमपुढविकाइयाणं, सुहुमआउकाइयाणं, सुहुम-तेउकाइयाणं, सुहुमवाउकाइयाणं, सुहुमवणस्सइकाइयाणं, सुहुमणिगोदाणं, बादराणं, बादर-पुढविकाइयाणं, बादरआउकाइयाणं, बादरतेउकाइयाणं, बादरवाउकाइयाणं, बादरवणस्सइ-काइयाणं, पत्तेयसरीरबादरवणस्सइकाइयाणं, बादरणिगोदाणं, बादरतसकाइयाणं च पज्जत्ता-**

अपज्जत्तगाणं कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?

गोयमा ! सव्वत्थोवा बादरतेउकाइया पज्जत्तगा, बादरतसकाइया पज्जत्तगा असंखेज्जगुणा, बादरतसकाइया अपज्जत्तगा असंखेज्जगुणा, पत्तेयसरीरबादरवणस्सइकाइया पज्जत्तगा असंखेज्जगुणा, बादरणिगोदा पज्जत्तगा असंखेज्जगुणा, बादरपुढविकाइया पज्जत्तगा असंखेज्जगुणा, बादरआउकाइया पज्जत्तगा असंखेज्जगुणा, बादरवाउकाइया पज्जत्तगा असंखेज्जगुणा, बादरतेउकाइया अपज्जत्तगा असंखेज्जगुणा, पत्तेयसरीर-बादरवणस्सइकाइया अपज्जत्तगा असंखेज्जगुणा, बायरणिगोदा अपज्जत्तगा असंखेज्जगुणा, बादरपुढविकाइया अपज्जत्तगा असंखेज्जगुणा, बादरआउकाइया अपज्जत्तगा असंखेज्जगुणा, बादरवाउकाइया अपज्जत्तगा असंखेज्जगुणा, सुहुमतेउकाइया अपज्जत्तगा असंखेज्जगुणा, सुहुमपुढविकाइया अपज्जत्तगा विसेसाहिया, सुहुमआउकाइया अपज्जत्तगा विसेसाहिया, सुहुमवाउकाइया अपज्जत्तगा विसेसाहिया, सुहुमतेउकाइया पज्जत्तगा संखेज्जगुणा, सुहुम-पुढविकाइया पज्जत्तगा विसेसाहिया, सुहुमआउकाइया पज्जत्तगा विसेसाहिया, सुहुमवाउकाइया पज्जत्तगा विसेसाहिया, सुहुमणिगोदा अपज्जत्तगा असंखेज्जगुणा, सुहुमणिगोदा पज्जत्तगा संखेज्जगुणा, बादरवणस्सइकाइया पज्जत्तगा अणंतगुणा, बादरपज्जत्तगा विसेसाहिया, बादरवणस्सइकाइया अपज्जत्तगा असंखेज्जगुणा, बादर-अपज्जत्तगा विसेसाहिया, बादरा विसेसाहिया, सुहुमवणस्सइकाइया अपज्जत्तगा असंखेज्जगुणा, सुहुमा अपज्जत्तगा विसेसाहिया, सुहुमवणस्सइकाइया पज्जत्तगा संखेज्जगुणा, सुहुमा-पज्जत्तगा विसेसाहिया, सुहुमा विसेसाहिया ।

**भावार्थ :– प्रश्न–** હે ભગવન્ ! સૂક્ષ્મ જીવો, સૂક્ષ્મ પૃથ્વીકાયિક, સૂક્ષ્મ અપ્કાયિક, સૂક્ષ્મ તેજસ્કાયિક, સૂક્ષ્મ વાયુકાયિક, સૂક્ષ્મ વનસ્પતિકાયિક, સૂક્ષ્મ નિગોદ, બાદર જીવો, બાદર પૃથ્વીકાયિક, બાદર અપ્કાયિક, બાદર તેજસ્કાયિક, બાદર વાયુકાયિક, બાદર વનસ્પતિકાયિક, પ્રત્યેક શરીરી બાદર વનસ્પતિકાયિક, બાદર નિગોદ અને બાદર ત્રસકાયિક(આ સોળ)ના પર્યાપ્તા અને અપર્યાપ્તા તે બત્રીસ બોલ તથા સમુચ્ચય સૂક્ષ્મ અને સમુચ્ચય બાદર, કુલ ચોત્રીસ બોલમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વથી થોડા બાદર તેજસ્કાયિક પર્યાપ્તા છે, (૨) તેનાથી બાદર ત્રસકાયિક પર્યાપ્તા અસંખ્યાતગુણા છે, (૩) તેનાથી બાદર ત્રસકાયિક અપર્યાપ્તા અસંખ્યાતગુણા છે, (૪) તેનાથી પ્રત્યેક શરીરી બાદર વનસ્પતિકાયિક પર્યાપ્ત અસંખ્યાતગુણા છે, (૫) તેનાથી બાદર નિગોદ(શરીર) પર્યાપ્તા અસંખ્યાતગુણા, (૬) તેનાથી બાદર પૃથ્વીકાયિક પર્યાપ્તા અસંખ્યાતગુણા, (૭) તેનાથી બાદર અપ્કાયિક પર્યાપ્તા અસંખ્યાતગુણા, (૮) તેનાથી બાદર વાયુકાયિક પર્યાપ્તા અસંખ્યાતગુણા, (૯) તેનાથી બાદર તેજસ્કાયિક અપર્યાપ્તા અસંખ્યાતગુણા, (૧૦) તેનાથી પ્રત્યેક શરીરી બાદર વનસ્પતિકાયિક અપર્યાપ્તા અસંખ્યાતગુણા, (૧૧) તેનાથી બાદર નિગોદ(શરીર) અપર્યાપ્તા અસંખ્યાતગુણા, (૧૨) તેનાથી બાદર પૃથ્વીકાયિક અપર્યાપ્તા અસંખ્યાતગુણા, (૧૩) તેનાથી બાદર અપ્કાયિક અપર્યાપ્તા અસંખ્યાતગુણા, (૧૪) તેનાથી બાદર વાયુકાયિક અપર્યાપ્તા અસંખ્યાતગુણા, (૧૫) તેનાથી સૂક્ષ્મ તેજસ્કાયિક અપર્યાપ્તા

અસંખ્યાતગુણા છે, (૧૬) તેનાથી સૂક્ષ્મ પૃથ્વીકાય અપર્યાપ્તા વિશેષાધિક છે, (૧૭) તેનાથી સૂક્ષ્મ અપ્કાયિક અપર્યાપ્તા વિશેષાધિક છે, (૧૮) તેનાથી સૂક્ષ્મ વાયુકાયિક અપર્યાપ્તા વિશેષાધિક છે, (૧૯) તેનાથી સૂક્ષ્મ તેજસ્કાયિક પર્યાપ્તા સંખ્યાતગુણા છે, (૨૦) તેનાથી સૂક્ષ્મ પૃથ્વીકાયિક પર્યાપ્તા વિશેષાધિક છે, (૨૧) તેનાથી સૂક્ષ્મ અપ્કાયિક પર્યાપ્તા વિશેષાધિક છે, (૨૨) તેનાથી સૂક્ષ્મ વાયુકાયિક પર્યાપ્તા વિશેષાધિક છે, (૨૩) તેનાથી સૂક્ષ્મ નિગોદ(શરીર) અપર્યાપ્તા અસંખ્યાતગુણા, (૨૪) તેનાથી સૂક્ષ્મ નિગોદ(શરીર) પર્યાપ્તા સંખ્યાતગુણા, (૨૫) તેનાથી બાદર વનસ્પતિકાયના પર્યાપ્તા અનંતગુણા, (૨૬) તેનાથી બાદર પર્યાપ્તા વિશેષાધિક, (૨૭) તેનાથી બાદર વનસ્પતિકાયિક અપર્યાપ્તા અસંખ્યાતગુણા, (૨૮) તેનાથી બાદર અપર્યાપ્તા વિશેષાધિક, (૨૯) તેનાથી સમુચ્ચય બાદર જીવો વિશેષાધિક, (૩૦) તેનાથી સૂક્ષ્મ વનસ્પતિકાયિક અપર્યાપ્તા અસંખ્યાતગણા (૩૧) તેનાથી સૂક્ષ્મ અપર્યાપ્તા વિશેષાધિક, (૩૨) તેનાથી સૂક્ષ્મ વનસ્પતિકાયિક પર્યાપ્તા સંખ્યાતગુણા (૩૩) તેનાથી સૂક્ષ્મ પર્યાપ્તા વિશેષાધિક અને (૩૪) તેનાથી સમુચ્ચય સૂક્ષ્મ જીવો વિશેષાધિક છે. ॥ **ચતુર્થ દ્વાર સંપૂર્ણ** ॥

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સમુચ્ચય સૂક્ષ્મ અને બાદર જીવોના સંયુક્ત અલ્પબહુત્વનું પાંચ પ્રકારે કથન છે.

**સૂક્ષ્મ જીવો**– પાંચ સ્થાવરકાયના સૂક્ષ્મજીવો આખા લોકમાં ઠાંસી ઠાંસીને ભરેલા છે. તેની સાથે જ સૂત્રકારે સૂક્ષ્મ નિગોદ(શરીર)ની પણ ગણના કરી છે.સૂક્ષ્મ નિગોદ(શરીર) પણ આખા લોકમાં ભરેલા છે. જીવોના ભેદની અપેક્ષાએ ૫૬૩ ભેદમાંથી સૂક્ષ્મ પાંચ સ્થાવરના પર્યાપ્તા અને અપર્યાપ્તા તે દશ ભેદ છે.

સૂક્ષ્મ જીવોમાં પર્યાપ્તા જીવો વધુ છે અને અપર્યાપ્તા જીવો ઓછા છે કારણ કે અપર્યાપ્તા જીવોથી પર્યાપ્તાની સ્થિતિ વધુ છે તેથી હંમેશાં સૂક્ષ્મ પર્યાપ્તા જીવો અધિક સંખ્યામાં મળે છે.

**બાદર જીવો**– જીવના ૫૬૩ ભેદમાંથી સૂક્ષ્મના દશ ભેદ સિવાયના જીવના ૫૫૩ ભેદ બાદર જીવો છે. બાદર જીવો લોકના દેશભાગમાં જ હોય છે. બેઇન્દ્રિયાદિ સર્વ ત્રસ જીવો બાદર જ હોય છે. તેમાં કેટલાય જીવોની અવગાહના પણ મોટી હોય છે. તેથી બાદર જીવોની સંખ્યા સૂક્ષ્મની અપેક્ષાએ અલ્પ હોય છે. બાદર જીવોના પર્યાપ્તા-અપર્યાપ્તામાં પર્યાપ્તા જીવો ઓછા છે અને અપર્યાપ્તા જીવો અધિક હોય છે.

**સકાય :**– સકાયમાં છએ કાયના પર્યાપ્તા-અપર્યાપ્તા, સૂક્ષ્મ, બાદર, તે તમામ ભેદોનો સમાવેશ થઈ જાય છે.

**અકાય :**– અકાયમાં સિદ્ધ ભગવાનનું ગ્રહણ થાય છે. તેથી તેનો બોલ માત્ર સમુચ્ચયમાં જ આવે છે. સૂક્ષ્મ, બાદર, અપર્યાપ્તા કે પર્યાપ્તાના બોલમાં સિદ્ધ ભગવાનની ગણના થતી નથી કારણ કે સિદ્ધ ભગવાન નોસૂક્ષ્મ-નોબાદર, નોપર્યાપ્તા-નોઅપર્યાપ્તા છે.

**સમુચ્ચય અને અપર્યાપ્ત સૂક્ષ્મ–બાદર જીવોનું અલ્પ બહુત્વ :–**

| ક્રમ | સૂક્ષ્મ–બાદરકાય | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧ | બાદર ત્રસકાય | સર્વથી થોડા | પૃથ્વીકાયાદિથી ત્રસ જીવો અલ્પ છે. |
| ૨ | બાદર તેઉકાય | અસંખ્યગુણા | ત્રસથી એકેન્દ્રિય અસંખ્યગુણા છે. |
| ૩ | બાદર પ્રત્યેક વનસ્પતિ | અસંખ્યગુણા | તેઉકાય કરતાં ક્ષેત્ર વધુ છે. |
| ૪ | બાદર નિગોદ(શરીર) | અસંખ્યગુણા | નિગોદ શરીર અત્યંત સૂક્ષ્મ(નાના) હોય છે. |

| ક્રમ | સૂક્ષ્મ–બાદરકાય | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૫ | બાદર પૃથ્વીકાય | અસંખ્યગુણા | લોકમાં પૃથ્વી વધુ છે. |
| ૬ | બાદર અપ્કાય | અસંખ્યગુણા | લોકમાં પૃથ્વી કરતાં પાણી વધુ છે. |
| ૭ | બાદર વાયુકાય | અસંખ્યગુણા | લોકમાં પોલાણ ભાગ વધુ છે. |
| ૮ | સૂક્ષ્મ તેઉકાય | અસંખ્યગુણા | બાદરથી સૂક્ષ્મ વધારે હોય છે. |
| ૯ | સૂક્ષ્મ પૃથ્વીકાય | વિશેષાધિક | સ્વાભાવિક રીતે. |
| ૧૦ | સૂક્ષ્મ અપ્કાય | વિશેષાધિક | સ્વાભાવિક રીતે. |
| ૧૧ | સૂક્ષ્મ વાયુકાય | વિશેષાધિક | સ્વાભાવિક રીતે. |
| ૧૨ | સૂક્ષ્મ નિગોદ(શરીર) | અસંખ્યગુણ | અત્યંત સૂક્ષ્મ અવગાહના હોય છે. |
| ૧૩ | બાદર વનસ્પતિકાય | અનંતગુણા | એક-એક નિગોદ શરીરમાં અનંત જીવો છે. |
| ૧૪ | બાદર જીવો | વિશેષાધિક | પૃથ્વીઆદિ સર્વ બાદર જીવો સમાવિષ્ટ થાય છે. |
| ૧૫ | સૂક્ષ્મ વનસ્પતિકાય | અસંખ્યગુણા | આખા લોકમાં ભર્યા છે. બાદર જીવો કરતાં સૂક્ષ્મ વનસ્પતિના જીવો અસંખ્યગુણા છે. |
| ૧૬ | સૂક્ષ્મ જીવો | વિશેષાધિક | પૃથ્વી આદિ ચાર સ્થાવરના જીવો સમાવિષ્ટ થાય છે. |

★ સૂક્ષ્મ–બાદર જીવોના પર્યાપ્તાના અલ્પ બહુત્વમાં (૧) સર્વથી થોડા બાદર તેઉકાય છે અને તેના કરતાં (૨) બાદર ત્રસકાય અસંખ્યગુણા છે. શેષ સર્વ(૧૪) બોલ આ કોષ્ટક પ્રમાણે જ છે.

## કાયની અપેક્ષાએ સૂક્ષ્મ–બાદર, પર્યાપ્ત–અપર્યાપ્ત જીવોનું સમ્મિલિત અલ્પબહુત્વ :–

| ક્રમ | બાદરકાય | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧ | બાદર પર્યાપ્તા તેઉકાય | સર્વથી થોડા | અઢીદ્વીપમાં જ હોય છે. |
| ૨ | બાદર પર્યાપ્તા ત્રસકાય | અસંખ્યાત ગુણા | ત્રણે ય લોકમાં હોય છે. |
| ૩ | બાદર અપર્યાપ્તા ત્રસકાય | અસંખ્યાત ગુણા | બાદર જીવોમાં પર્યાપ્તાથી અપર્યાપ્તા વધુ હોય છે. |
| ૪ | બાદર પર્યાપ્તા પ્રત્યેક વનસ્પતિ | અસંખ્યાત ગુણા | ત્રસથી સ્થાવર જીવો વધુ છે. |
| ૫ | બાદર પર્યાપ્તા નિગોદ(શરીર) | અસંખ્યાત ગુણા | નિગોદ શરીરની અવગાહના નાની છે. |
| ૬ | બાદર પર્યાપ્તા પૃથ્વીકાય | અસંખ્યાત ગુણા | પૃથ્વીના સ્થાનો વધુ છે. |
| ૭ | બાદર પર્યાપ્તા અપ્કાય | અસંખ્યાત ગુણા | પૃથ્વીથી પાણીના સ્થાનો વધુ છે. |
| ૮ | બાદર પર્યાપ્તા વાયુકાય | અસંખ્યાત ગુણા | પાણી કરતાં પોલાણ વધુ છે, પોલાણમાં વાયુ હોય છે. |
| ૯ | બાદર અપર્યાપ્તા તેઉકાય | અસંખ્યાત ગુણા | બાદરમાં પર્યાપ્તાથી અપર્યાપ્તા વધુ હોય છે. |
| ૧૦ | બાદર અપર્યાપ્તા પ્રત્યેક વનસ્પતિ | અસંખ્યાત ગુણા | અગ્નિથી વનસ્પતિના જીવો વધુ હોય છે. |
| ૧૧ | બાદર અપર્યાપ્તા નિગોદ | અસંખ્યાત ગુણા | નિગોદ શરીર નાના હોય છે. |

| ક્રમ | બાદરકાય | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧૨ | બાદર અપર્યાપ્તા પૃથ્વીકાય | અસંખ્યાત ગુણા | પૃથ્વી ક્ષેત્ર વધુ છે. |
| ૧૩ | બાદર અપર્યાપ્તા અપ્કાય | અસંખ્યાત ગુણા | જલ ક્ષેત્ર વધુ છે. |
| ૧૪ | બાદર અપર્યાપ્ત વાયુકાય | અસંખ્યાત ગુણા | પોલાણ ક્ષેત્ર વધુ છે. |
| ૧૫ | સૂક્ષ્મ અપર્યાપ્તા તેઉકાય | અસંખ્યાત ગુણા | બાદરથી સૂક્ષ્મ જીવો વધુ હોય છે અને આખા લોકમાં છે. |
| ૧૬ | સૂક્ષ્મ અપર્યાપ્તા પૃથ્વીકાય | વિશેષાધિક | સ્વાભાવિક રીતે |
| ૧૭ | સૂક્ષ્મ અપર્યાપ્તા અપ્કાય | વિશેષાધિક | સ્વાભાવિક રીતે |
| ૧૮ | સૂક્ષ્મ અપર્યાપ્તા વાયુકાય | વિશેષાધિક | સ્વાભાવિક રીતે |
| ૧૯ | સૂક્ષ્મ પર્યાપ્તા તેઉકાય | સંખ્યાતગુણા | સૂક્ષ્મમાં અપર્યાપ્તાથી પર્યાપ્તા વધુ હોય છે. |
| ૨૦ | સૂક્ષ્મ પર્યાપ્તા પૃથ્વીકાય | વિશેષાધિક | સ્વાભાવિક રીતે |
| ૨૧ | સૂક્ષ્મ પર્યાપ્તા અપ્કાય | વિશેષાધિક | સ્વાભાવિક રીતે |
| ૨૨ | સૂક્ષ્મ પર્યાપ્તા વાયુકાય | વિશેષાધિક | સ્વાભાવિક રીતે |
| ૨૩ | સૂક્ષ્મ અપર્યાપ્તા નિગોદ(શરીર) | અસંખ્યાત ગુણા | શરીર નાના હોવાથી |
| ૨૪ | સૂક્ષ્મ પર્યાપ્તા નિગોદ(શરીર) | સંખ્યાત ગુણા | અપર્યાપ્તથી પર્યાપ્ત જીવો વધુ હોય છે. |
| ૨૫ | બાદર પર્યાપ્તા વનસ્પતિ | અનંતગુણા | અનંત જીવો છે. |
| ૨૬ | બાદર પર્યાપ્તા જીવો | વિશેષાધિક | પૃથ્વી આદિ જીવો સમાવિષ્ટ થાય છે. |
| ૨૭ | બાદર અપર્યાપ્તા વનસ્પતિ | અસંખ્યાત ગુણા | બાદરમાં અપર્યાપ્તા વધુ હોય છે. |
| ૨૮ | બાદર અપર્યાપ્તા જીવો | વિશેષાધિક | પૃથ્વી આદિ સર્વ બાદર જીવો સમાવિષ્ટ છે. |
| ૨૯ | બાદર જીવો | વિશેષાધિક | પર્યાપ્ત અપર્યાપ્ત બંને જીવો સમાવિષ્ટ છે. |
| ૩૦ | સૂક્ષ્મ અપર્યાપ્તા વનસ્પતિ | અસંખ્યગુણા | બાદર કરતાં સૂક્ષ્મ જીવો વધુ હોય છે. |
| ૩૧ | સૂક્ષ્મ અપર્યાપ્તા જીવો | વિશેષાધિક | પૃથ્વીકાયાદિ સર્વ સૂક્ષ્મ અપર્યાપ્તા જીવો સમાવિષ્ટ છે. |
| ૩૨ | સૂક્ષ્મ પર્યાપ્તા વનસ્પતિ | સંખ્યાતગુણા | સૂક્ષ્મમાં પર્યાપ્તા વધુ હોય છે. |
| ૩૩ | સૂક્ષ્મ પર્યાપ્તા જીવો | વિશેષાધિક | પૃથ્વી આદિ સૂક્ષ્મ પર્યાપ્તા જીવોનો સમાવેશ થાય છે. |
| ૩૪ | સૂક્ષ્મ જીવો | વિશેષાધિક | તેમાં પર્યાપ્ત-અપર્યાપ્ત સર્વ સૂક્ષ્મ જીવો છે. |

**(૫) યોગદ્વાર :-**

**૧૭ एएसि णं भंते ! जीवाणं सजोगीणं मणजोगीणं वइजोगीणं कायजोगीणं अजोगीणं य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवा जीवा मणजोगी, वइजोगी असंखेज्जगुणा, अजोगी अणंतगुणा, कायजोगी अणंतगुणा, सजोगी विसेसाहिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સયોગી(યોગ સહિત), મનયોગી, વચનયોગી, કાયયોગી અને અયોગી જીવોમાં કોણ કોનાથી, અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વથી થોડા મનયોગી છે, (૨) તેનાથી વચનયોગી જીવો અસંખ્યાતગુણા છે, (૩) તેનાથી અયોગી અનંતગુણા છે, (૪) તેનાથી કાયયોગી અનંતગુણા છે, (૫) અને તેનાથી સયોગી વિશેષાધિક છે. ॥ **પાંચમું દ્વાર સંપૂર્ણ** ॥

**વિવેચન :–**

આ સૂત્રમાં યોગની અપેક્ષાએ જીવોના અલ્પબહુત્વની વિચારણા છે.

**યોગની અપેક્ષાએ જીવોનું અલ્પબહુત્વ :–**

| ક્રમ | જીવ | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧ | મનયોગી | સર્વથી થોડા | મનવાળા પર્યાપ્ત સંજ્ઞી જીવો અલ્પ છે. |
| ૨ | વચનયોગી | અસંખ્ય ગુણા | બેઇંદ્રિયાદિ ત્રસ જીવોને હોય છે. |
| ૩ | અયોગી | અનંતગુણા | સિદ્ધોની અપેક્ષાએ. |
| ૪ | કાયયોગી | અનંતગુણા | વનસ્પતિની અપેક્ષાએ. |
| ૫ | સયોગી | વિશેષાધિક | ૧૪મા ગુણસ્થાન સિવાય સર્વ સંસારી જીવોનો સમાવેશ થાય છે. |

**કાયયોગી અનંતગુણા :–** વનસ્પતિમાં નિગોદ શરીર અસંખ્યાતા છે. તેમાં અનંત જીવોનું ઔદારિક શરીર એક છે પરંતુ તે અનંત જીવોના પોત-પોતાના યોગ, ઉપયોગ આદિ સ્વતંત્ર હોય છે તેથી કાયયોગી જીવો અનંતગુણા થાય છે.

**સયોગી વિશેષાધિક :–** કાયયોગીથી સયોગી વિશેષાધિક છે કારણ કે સયોગીમાં કાયયોગી, મનયોગી તથા વચનયોગી આદિ સર્વ જીવોનો સમાવેશ થાય છે.

**(૬) વેદ દ્વાર :–**

**૧૮ एएसि णं भंते ! जीवाणं सवेदगाणं, इत्थीवेदगाणं, पुरिसवेदगाणं णपुंसकवेदगाणं अवेदगाण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवा जीवा पुरिसवेदगा, इत्थीवेदगा संखेज्जगुणा, अवेदगा अणंतगुणा, णपुंसगवेदगा अणंतगुणा, सवेदगा विसेसाहिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સવેદી, સ્ત્રીવેદી, પુરુષવેદી, નપુંસકવેદી તથા અવેદી જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? **ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વથી થોડા પુરુષવેદી છે, (૨) તેનાથી સ્ત્રીવેદી સંખ્યાતગુણા, (૩) તેનાથી અવેદી અનંતગુણા છે, (૪) તેનાથી નપુંસકવેદી અનંતગુણા છે અને (૫) તેનાથી સવેદી વિશેષાધિક છે. ॥ **છઠ્ઠું દ્વાર સંપૂર્ણ** ॥

**વિવેચન :–**

આ સૂત્રમાં વેદની અપેક્ષાએ જીવોનું અલ્પબહુત્વ પ્રતિપાદિત છે. નરક ગતિમાં એક નપુંસક દેવ

હોય છે, દેવગતિમાં સ્ત્રીવેદ અને પુરુષવેદ, આ બે વેદ હોય છે અને મનુષ્ય તથા તિર્યંચગતિમાં ત્રણે વેદ હોય છે. સામાન્ય રીતે પુરુષવેદી જીવોથી સ્ત્રીવેદી જીવોની સંખ્યા અધિક હોય છે.

(૧) સર્વથી થોડા પુરુષવેદી જીવો છે કારણ કે પુરુષવેદી જીવોની સંખ્યા અલ્પ હોય છે. (૨) તેનાથી સ્ત્રીવેદી જીવો સંખ્યાતગુણા અધિક છે, કારણ કે ઉત્કૃષ્ટરૂપે તિર્યંચ પંચેન્દ્રિયમાં પુરુષો કરતાં સ્ત્રીઓ ત્રણ ગુણી અને ત્રણ અધિક હોય છે. મનુષ્યમાં પુરુષો કરતાં સ્ત્રીઓ સત્યાવીશગુણી અને સત્યાવીશ અધિક હોય છે અને દેવગતિમાં દેવો કરતાં દેવીઓ બત્રીસગુણી તથા બત્રીસ અધિક હોય છે. (૩) તેનાથી અવેદી અનંતગુણા છે કારણ કે અવેદીમાં સિદ્ધ ભગવાન તથા નવમા ગુણસ્થાનથી ઉપરના બધા જીવોની ગણના થાય છે. (૪) તેનાથી નપુંસકવેદી અનંતગુણા છે, કારણ કે વનસ્પતિ આદિ સર્વ એકેન્દ્રિય જીવોને નપુંસકવેદ હોય છે. (૫) તેનાથી સવેદી વિશેષાધિક છે કારણ કે તેમાં સ્ત્રીવેદી, પુરુષવેદી, નપુંસક વેદી જીવોનો તેમાં સમાવેશ થાય છે.

**વેદની અપેક્ષાએ જીવોનું અલ્પબહુત્વ :–**

| ક્રમ | જીવ | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧ | પુરુષવેદી | સર્વથી થોડા | સંજ્ઞી તિર્યંચ, મનુષ્ય અને દેવોમાં સ્ત્રીવેદીથી પુરુષવેદીની સંખ્યા અલ્પ હોય છે. |
| ૨ | સ્ત્રીવેદી | સંખ્યાતગુણા | તિર્યંચાણી ત્રણ ગુણી, મનુષ્યાણી ૨૭ ગુણી અને દેવી ૩૨ ગુણી હોય છે. |
| ૩ | અવેદી | અનંતગુણા | સિદ્ધ જીવો અનંત હોય છે. |
| ૪ | નપુંસકવેદી | અનંતગુણા | સિદ્ધોથી વનસ્પતિના જીવો અનંતગુણા હોય છે. |
| ૫ | સવેદી | વિશેષાધિક | ત્રણે વેદવાળા તેમાં સમાવિષ્ટ છે. |

**(૭) કષાય દ્વાર :–**

**૧૧ एएसि णं भंते ! जीवाणं सकसायीणं, कोहकसायीणं, माणकसायीणं, मायाकसायीणं, लोहकसायीणं, अकसायीण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ? गोयमा ! सव्वत्थोवा जीवा अकसायी, माणकसायी अणंतगुणा, कोहकसायी विसेसाहिया, मायाकसायी विसेसाहिया, लोहकसायी विसेसाहिया, सकसायी विसेसाहिया।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સકષાયી, ક્રોધકષાયી, માનકષાયી, માયાકષાયી, લોભકષાયી અને અકષાયી જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? **ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વથી થોડા અકષાયી જીવો છે, (૨) તેનાથી માનકષાયી જીવો અનંતગુણા છે, (૩) તેનાથી ક્રોધ કષાયી વિશેષાધિક છે, (૪) તેનાથી માયાકષાયી વિશેષાધિક છે, (૫) તેનાથી લોભકષાયી વિશેષાધિક છે અને (૬) તેનાથી સકષાયી જીવો વિશેષાધિક છે.॥ **સાતમું દ્વાર સંપૂર્ણ** ॥

**વિવેચન :–**

આ સૂત્રમાં ચાર કષાય અને સકષાય તથા અકષાય, એમ છ બોલના અલ્પબહુત્વની પ્રરૂપણા છે. અહીં કષાયશબ્દથી 'કષાયોદય'નું ગ્રહણ થાય છે. જે જીવોને કષાયનો ઉદય વર્તતો હોય તે સકષાયી છે.

સમસ્ત સંસારી જીવોમાં એકથી દશ ગુણસ્થાનવર્તી જીવો સકષાયી હોય છે. (૧) સર્વથી થોડા

અકષાયી જીવો છે, કારણ કે અગિયારમા અને બારમા ગુણસ્થાનવર્તી જીવો તથા કેવળી અને સિદ્ધો અકષાયી છે. તે જીવો સકષાયી સંસારી જીવોથી અલ્પ છે. (૨) તેનાથી માનકષાયી જીવો વનસ્પતિકાયિક જીવોની અપેક્ષાએ અનંતગુણા છે. (૩–૪–૫) તેનાથી ક્રોધ, માયા અને લોભકષાયી જીવો ક્રમશઃ વિશેષાધિક છે, વનસ્પતિકાયિક જીવોને ચારે કષાય હોય છે. તેથી ચારે કષાયવાળા જીવો અકષાયી જીવોથી અનંતગુણા જ થાય છે. પરંતુ ક્રોધ, માયા અને લોભકષાયના પરિણામની સ્થિતિ ઉત્તરોત્તર વિશેષ છે. તેથી ક્રોધ, માયા અને લોભકષાયયુક્ત જીવોની સંખ્યા પણ ઉત્તરોત્તર વિશેષ થાય છે. તે તરતમતા પ્રદર્શિત કરવા સૂત્રકારે અકષાયી જીવોથી માનકષાયી જીવોને અનંતગુણા અને ત્યાર પછી ક્રોધ, માયા અને લોભકષાયી જીવોને ક્રમશઃ વિશેષાધિક કહ્યા છે. (૬) તેનાથી સકષાયી જીવો વિશેષાધિક છે કારણ કે તેમાં ક્રોધાદિ ચારે કષાય- વાળા જીવોનો સમાવેશ થઈ જાય છે.

**કષાયની અપેક્ષાએ જીવોનું અલ્પબહુત્વ :–**

| ક્રમ | જીવ | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧ | અકષાયી | સર્વથી થોડા | સિદ્ધ જીવો અને ૧૧ થી ૧૪ ગુણસ્થાનવર્તી મનુષ્યો અકષાયી હોય છે, તે અલ્પ જ હોય છે. |
| ૨ | માનકષાયી | અનંતગુણા | સર્વ સંસારી જીવોમાં ચારે કષાય છે. વનસ્પતિની અપેક્ષાએ અનંતગુણા છે. |
| ૩ | ક્રોધ કષાયી | વિશેષાધિક | સ્થિતિ વિશેષ છે. |
| ૪ | માયા કષાયી | વિશેષાધિક | ઉત્તરોત્તર સ્થિતિ વિશેષ છે. |
| ૫ | લોભ કષાયી | વિશેષાધિક | ઉત્તરોત્તર સ્થિતિ વિશેષ છે. |
| ૬ | સકષાયી | વિશેષાધિક | સર્વ સકષાયી જીવોનો સમાવેશ થાય છે. |

**(૮) લેશ્યા દ્વાર :-**

**१०० एएसि णं भंते ! जीवाणं सलेस्साणं, किण्हलेस्साणं, णीललेस्साणं काउलेस्साणं, तेउलेस्साणं, पम्हलेस्साणं, सुक्कलेस्साणं, अलेस्साण य कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवा जीवा सुक्कलेस्सा, पम्हलेस्सा संखेज्जगुणा, तेउलेस्सा संखेज्जगुणा, अलेस्सा अणंतगुणा, काउलेस्सा अणंतगुणा, णीललेस्सा विसेसाहिया, किण्हलेस्सा विसेसाहिया, सलेस्सा विसेसाहिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સલેશી, કૃષ્ણલેશી, નીલલેશી, કાપોતલેશી, તેજોલેશી, પદ્મલેશી, શુક્લલેશી અને અલેશી જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વથી થોડા શુક્લલેશી જીવો છે, (૨) તેનાથી પદ્મલેશી જીવો સંખ્યાતગુણા છે, (૩) તેનાથી તેજોલેશી જીવો સંખ્યાતગુણા છે, (૪) તેનાથી અલેશી અનંતગુણા છે, (૫) તેનાથી કાપોતલેશી જીવો અનંતગુણા છે, (૬) તેનાથી નીલલેશી જીવો વિશેષાધિક છે, (૭) તેનાથી કૃષ્ણલેશી જીવો વિશેષાધિક છે અને (૮) તેનાથી સલેશી જીવો વિશેષાધિક છે.**॥ આઠમું દ્વાર સંપૂર્ણ ॥**

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં લેશ્યાના માધ્યમથી અલ્પબહુત્વની પ્રરૂપણા કરી છે.

(૧) સર્વથી થોડા શુક્લલેશી છે કારણ કે શુક્લલેશ્યા છઠ્ઠા લાંતક દેવલોકથી અનુત્તરવિમાન પર્યંતના દેવોમાં, કેટલાક મનુષ્યોમાં તથા તિર્યંચ પંચેન્દ્રિયોમાં જ હોય છે. (૨) તેનાથી પદ્મલેશી જીવો સંખ્યાતગુણા છે કારણ કે ત્રીજાથી પાંચમા દેવલોકના દેવોમાં, ઘણા મનુષ્યો અને તિર્યંચ પંચેન્દ્રિયોમાં વધુ હોય છે. (૩) તેનાથી તેજોલેશી સંખ્યાતગુણા છે કારણ કે કેટલાક ભવનપતિ-વાણવ્યંતર દેવોમાં, જ્યોતિષી અને પહેલા, બીજા દેવલોકના સર્વ દેવોમાં તથા કેટલાક મનુષ્ય-તિર્યંચોમાં તેજોલેશ્યા હોય છે. પદ્મલેશી દેવોથી તેજોલેશી જ્યોતિષી દેવોની સંખ્યા અસંખ્યાતગુણી છે. તેમ છતાં સૂત્રકારે પદ્મલેશી જીવોથી તેજોલેશી જીવોને સંખ્યાતગુણા કહ્યા છે.તેનું કારણ એ છે કે પ્રસ્તુત અલ્પબહુત્વનું કથન સમુચ્ચય જીવોની અપેક્ષા એ છે તેમાં તિર્યંચની મુખ્યતાથી આ અલ્પબહુત્વ ઘટિત થાય છે.

(૪) તેનાથી અલેશી અનંતગુણા છે, કારણ કે તેજો આદિ ત્રણ લેશ્યાવાળા જીવો અસંખ્યાતા જ છે અને અલેશી(સિદ્ધો) અનંત છે. (૫) તેનાથી કાપોતલેશી અનંતગુણા છે. વનસ્પતિના જીવો સિદ્ધો કરતાં અનંતગુણા છે. વનસ્પતિ જીવોમાં કાપોત, નીલ, કૃષ્ણ લેશ્યા હોય છે. (૬) તેનાથી નીલલેશી જીવો વિશેષાધિક છે કારણ કે ઉત્તરોતર અશુભ લેશ્યાવાળા જીવો સ્વાભાવિક રીતે વધુ હોય છે (૭) તેનાથી કૃષ્ણલેશી વિશેષાધિક છે (૮) તેનાથી સલેશી વિશેષાધિક છે, કારણ કે તેમાં છએ લેશ્યાવાળા જીવોની ગણના છે.

**લેશ્યાની અપેક્ષાએ જીવોનું અલ્પબહુત્વ :–**

| ક્રમ | જીવ | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧ | શુક્લલેશી | સર્વથી થોડા | છઠ્ઠા દેવલોકથી અનુત્તર વિમાન સુધીના દેવો, કર્મભૂમિનાતિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યો શુક્લલેશી હોય છે, તે અલ્પ જ હોય છે. |
| ૨ | પદ્મલેશી | સંખ્યાતગુણા | ૩,૪,૫ દેવલોકના સમસ્ત દેવોમાં, કેટલાક તિર્યંચ પંચેન્દ્રિય તથા મનુષ્યોમાં હોય છે. |
| ૩ | તેજોલેશી | સંખ્યાતગુણા | ભવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને ૧,૨ દેવલોકના દેવોમાં, ઘણા તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યોમાં હોય છે. |
| ૪ | અલેશી | અનંતગુણા | સિદ્ધ ભગવંત અલેશી છે, તે અનંત છે. |
| ૫ | કાપોતલેશી | અનંતગુણા | વનસ્પતિકાયનો સમાવેશ થાય છે. |
| ૬ | નીલલેશી | વિશેષાધિક | અશુભલેશ્યા ઉત્તરોત્તર અધિક જીવોને હોય છે. |
| ૭ | કૃષ્ણલેશી | વિશેષાધિક | અશુભલેશ્યા ઉત્તરોત્તર અધિક જીવોને હોય છે. |
| ૮ | સલેશી | વિશેષાધિક | સર્વ લેશ્યાવાળા જીવોનો સમાવેશ થાય છે. તો પણ કૃષ્ણલેશીથી બમણા થતા નથી માટે વિશેષાધિક જ થાય છે. |

**(૯) દષ્ટિદ્વાર :–**

**૧૦૧ एएसि णं भंते ! जीवाणं सम्मदिट्ठीणं मिच्छादिट्ठीणं सम्मामिच्छादिट्ठीणं च कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ? गोयमा ! सव्वत्थोवा जीवा**

**सम्मामिच्छादिट्ठी, सम्मदिट्ठी अणंतगुणा, मिच्छादिट्ठी अणंतगुणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સમ્યગ્દષ્ટિ, મિથ્યાદષ્ટિ અને સમ્યગ્મિથ્યાદષ્ટિ(મિશ્ર દષ્ટિ) જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? **ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વથી થોડા મિશ્રદષ્ટિ જીવો છે, (૨) તેનાથી સમ્યગ્દષ્ટિ જીવો અનંતગુણા છે અને (૩) તેનાથી મિથ્યાદષ્ટિ અનંતગુણા છે.॥ **નવમું દ્વાર સંપૂર્ણ** ॥

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં ત્રણેય દષ્ટિઓની અપેક્ષાએ અલ્પબહુત્વ છે. (૧) સર્વથી થોડા મિશ્રદષ્ટિ જીવો છે, કારણ કે મિશ્રદષ્ટિની સ્થિતિ અંતર્મુહૂર્ત પ્રમાણ જ હોય છે, તેમજ સંજ્ઞી પંચેન્દ્રિય જીવોને પર્યાપ્તાવસ્થામાં જ મિશ્રદષ્ટિ હોય છે. તેથી તે સર્વથી થોડા છે. (૨) તેનાથી સમ્યગ્દષ્ટિ અનંતગુણા છે. કારણ કે તે જીવો ચારે ય ગતિઓમાં તેમજ અનંત સિદ્ધોમાં હોય છે. (૩) તેનાથી મિથ્યાદષ્ટિ જીવો અનંતગુણા છે કારણ કે વનસ્પતિ આદિ સર્વ એકેન્દ્રિય જીવો એકાંત મિથ્યાદષ્ટિ જ હોય છે.

**દષ્ટિની અપેક્ષાએ જીવોનું અલ્પબહુત્વ :–**

| ક્રમ | જીવ | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧ | મિશ્રદષ્ટિ | સર્વથી થોડા | અંતર્મુહૂર્તની જ સ્થિતિ હોવાથી અલ્પ હોય છે. |
| ૨ | સમ્યગ્દષ્ટિ | અનંતગુણા | સિદ્ધોની અપેક્ષાએ અનંતગુણા થાય છે. |
| ૩ | મિથ્યાદષ્ટિ | અનંતગુણા | વનસ્પતિકાયની અપેક્ષાએ, સિદ્ધોથી તેની સંખ્યા વધુ છે. |

**(૧૦) જ્ઞાન દ્વાર :–**

**१०२ एएसि णं भंते ! जीवाणं आभिणिबोहियणाणीणं, सुयणाणीणं, ओहिणाणीणं, मणपज्जवणाणीणं, केवलणाणीणं च कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ? गोयमा ! सव्वत्थोवा जीवा मणपज्जवणाणी, ओहिणाणी असंखेज्जगुणा, आभिणिबोहियणाणी सुयणाणी दो वि तुल्ला विसेसाहिया, केवलणाणी अणंतगुणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મતિજ્ઞાની, શ્રુતજ્ઞાની, અવધિજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની અને કેવળજ્ઞાની જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? **ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વથી થોડા મનઃપર્યવજ્ઞાની છે, (૨) તેનાથી અવધિજ્ઞાની અસંખ્યાતગુણા છે, (૩-૪) તેનાથી મતિજ્ઞાની-શ્રુતજ્ઞાની વિશેષાધિક છે અને બંને પરસ્પર તુલ્ય છે (૫) તેનાથી કેવળજ્ઞાની અનંતગુણા છે.

**१०३ एएसि णं भंते ! जीवाणं मइअण्णाणीणं, सुयअण्णाणीणं विभंगणाणीणं च कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ? गोयमा ! सव्वत्थोवा जीवा विभंगणाणी मइअण्णाणी सुयअण्णाणी दो वि तुल्ला अणंतगुणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મતિઅજ્ઞાની, શ્રુતઅજ્ઞાની અને વિભંગજ્ઞાની જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? **ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વથી થોડા વિભંગજ્ઞાની છે, (૨) તેનાથી મતિઅજ્ઞાની-શ્રુતઅજ્ઞાની અનંતગુણા છે અને બંને પરસ્પર તુલ્ય છે.

**૧૦૪** **एएसि णं भंते ! जीवाणं आभिणिबोहियणाणीणं सुयणाणीणं, ओहिणाणीणं, मणपज्जवणाणीणं, केवलणाणीणं, मइअण्णाणीणं सुयअण्णाणीणं विभंगणाणीणं च कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवा जीवा मणपज्जवणाणी, ओहिणाणी असंखेज्जगुणा, आभिणिबोहियणाणी सुयणाणी य दो वि तुल्ला विसेसाहिया, विभंगणाणी असंखेज्जगुणा, केवलणाणी अणंतगुणा, मइअण्णाणी सुयअण्णाणी य दो वि तुल्ला अणंतगुणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મતિજ્ઞાની, શ્રુતજ્ઞાની, અવધિજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની, કેવળજ્ઞાની, મતિઅજ્ઞાની, શ્રુત અજ્ઞાની, વિભંગજ્ઞાની જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વથી થોડા મનઃપર્યવજ્ઞાની છે, (૨) તેનાથી અવધિજ્ઞાની અસંખ્યાતગુણા, (૩-૪) તેનાથી મતિજ્ઞાની અને શ્રુતજ્ઞાની વિશેષાધિક છે અને બંને પરસ્પર તુલ્ય છે (૫) તેનાથી વિભંગજ્ઞાની અસંખ્યાતગુણા છે, (૬) તેનાથી કેવળજ્ઞાની અનંતગુણા છે (૭-૮) તેનાથી મતિઅજ્ઞાની-શ્રુતઅજ્ઞાની અનંતગુણા છે અને પરસ્પર તુલ્ય છે. ॥ **દશમું દ્વાર સંપૂર્ણ** ॥

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાનના અલ્પબહુત્વની પૃથક્-પૃથક્ અને સંયુક્તરૂપે વિચારણા કરી છે.

**જ્ઞાનની અપેક્ષાએ જીવોનું અલ્પબહુત્વ :–** (૧) સર્વથી થોડા મનઃપર્યવજ્ઞાની છે કારણ કે મનઃપર્યવજ્ઞાન ઋદ્ધિપ્રાપ્ત સંયમી સાધુને જ થાય છે. તે સર્વથી અલ્પ હોય છે. (૨) તેનાથી અવધિજ્ઞાની અસંખ્યાતગુણા અધિક છે કારણ કે અવધિજ્ઞાન સમ્યગ્દષ્ટિ નારકી અને દેવો, સંજ્ઞી મનુષ્ય અને તિર્યંચને હોય છે. આ રીતે ચારેય ગતિના જીવોમાં સંભવે છે. (૩-૪) તેનાથી મતિજ્ઞાની અને શ્રુતજ્ઞાની વિશેષાધિક છે કારણ કે અવધિજ્ઞાન વિના પણ મતિ-શ્રુતજ્ઞાની હોય છે. જે સંજ્ઞી તિર્યંચ-મનુષ્યોને અવધિજ્ઞાન નથી તેવા સંજ્ઞી તિર્યંચ તથા મનુષ્યોને પણ આ બંને જ્ઞાન હોય છે. તે ઉપરાંત વિકલેન્દ્રિયના અપર્યાપ્તામાં સાસ્વાદન સમકિતની અપેક્ષાએ આ બે જ્ઞાન હોય છે. આ બંને જ્ઞાન પરસ્પર તુલ્ય છે કારણ છે કે મતિ અને શ્રુત બંને પરસ્પર સહચારી છે. અવધિજ્ઞાનીથી મતિ-શ્રુતજ્ઞાની વિશેષાધિક છે કારણ કે અવધિજ્ઞાની કરતા મતિ–શ્રુત જ્ઞાની બમણા થતાં નથી. પરંતુ કંઈક અધિક થાય છે (૫) તેનાથી કેવળજ્ઞાની અનંતગુણા છે. સિદ્ધ ભગવાન કેવળજ્ઞાની હોય છે અને સિદ્ધો અનંત છે.

| ક્રમ | જીવ | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧ | મનઃપર્યવજ્ઞાની | સર્વથી થોડા | સંયત મનુષ્યોને જ હોય છે. |
| ૨ | અવધિજ્ઞાની | અસંખ્યાતગુણા | ચારે ગતિના જીવોમાં સંભવે છે. |
| ૩-૪ | મતિ–શ્રુતજ્ઞાની | વિશેષાધિક અને પરસ્પર તુલ્ય | અવધિજ્ઞાન રહિતના સમ્યગ્દષ્ટિ સંજ્ઞી મનુષ્યો અને સંજ્ઞી તિર્યંચોને પણ હોય છે. |
| ૫ | કેવળજ્ઞાની | અનંતગુણા | સિદ્ધ ભગવંતોની અપેક્ષાએ. |

**અજ્ઞાનની અપેક્ષાએ જીવોનું અલ્પબહુત્વ :–** (૧) સર્વથી થોડા વિભંગજ્ઞાની છે કારણ કે વિભંગજ્ઞાન, મિથ્યાદષ્ટિ નૈરયિકો તથા દેવોમાં અને કોઈ કોઈ તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યને જ હોય છે. (૨-૩) તેનાથી મતિ-શ્રુત અજ્ઞાની વનસ્પતિકાયના જીવોની અપેક્ષાએ અનંતગુણા છે, તે બંને અજ્ઞાન પણ સહચારી હોવાથી પરસ્પર તુલ્ય છે.

| ક્રમ | જીવ | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧ | વિભંગજ્ઞાની | સર્વથી થોડા | કેટલાક નારકી, દેવો, તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યોમાં હોય છે. |
| ૨-૩ | મતિ-શ્રુત અજ્ઞાની | અનંતગુણા પરસ્પર તુલ્ય | વનસ્પતિકાયની અપેક્ષાએ વધુ છે. |

**જ્ઞાની-અજ્ઞાનીની જીવોનું સંમિલિત અલ્પબહુત્વ :–** (૧) સર્વથી થોડા મનઃપર્યવજ્ઞાની છે. (૨) તેનાથી અવધિજ્ઞાની પૂર્વવત્ અસંખ્યાત ગુણા છે. (૩–૪) તેનાથી મતિ-શ્રુતજ્ઞાની વિશેષાધિક છે અને પરસ્પર તુલ્ય છે. (૫) તેનાથી વિભંગજ્ઞાની અસંખ્યાતગુણા છે કારણ કે મિથ્યાત્વી નૈરયિકો અને દેવોને ભવપ્રત્યય વિભંગજ્ઞાન હોય જ છે. સમકિતી નૈરયિકો અને દેવોની અપેક્ષાએ મિથ્યાત્વી નૈરયિકો અને દેવો અસંખ્યાતગુણા છે તેથી વિભંગજ્ઞાની અસંખ્યાતગુણા થઈ જાય છે. (૬) તેનાથી કેવળજ્ઞાની સિદ્ધોની અપેક્ષાએ અનંતગુણા છે. (૭–૮) તેનાથી મતિ-શ્રુત અજ્ઞાની વનસ્પતિકાયિક જીવોની અપેક્ષાએ અનંતગુણા છે અને પરસ્પર તુલ્ય છે.

| ક્રમ | જીવ | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧ | મનઃપર્યવજ્ઞાની | સર્વથી થોડા | સંયત મનુષ્યોને જ હોય છે. |
| ૨ | અવધિજ્ઞાની | અસંખ્યાતગુણા | ચારે ગતિના જીવોમાં હોય છે. |
| ૩-૪ | મતિ-શ્રુતજ્ઞાની | પરસ્પર તુલ્ય અને વિશેષાધિક | અવધિજ્ઞાન રહિતના સમ્યગ્દષ્ટિ જીવોને પણ હોય છે. |
| ૫ | વિભંગજ્ઞાની | અસંખ્યાતગુણા | દેવ-નારકોમાં સમકિતી કરતાં મિથ્યાત્વી જીવો અસંખ્યાતગુણા છે. |
| ૬ | કેવળજ્ઞાની | અનંતગુણા | સિદ્ધ ભગવાનની અપેક્ષાએ અનંત છે. |
| ૭-૮ | મતિ-શ્રુતઅજ્ઞાની | અનંતગુણા | વનસ્પતિકાયિક જીવો સિદ્ધોથી અનંતગુણા છે. |

**(૧૧) દર્શન દ્વાર :–**

**૧૦૫ एएसि णं भंते ! जीवाणं चक्खुदंसणीणं, अचक्खुदंसणीणं, ओहिदंसणीणं, केवलदंसणीणं च कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा?**

**गोयमा ! सव्वत्थोवा जीवा ओहिदंसणी, चक्खुदंसणी असंखेज्जगुणा, केवलदंसणी अणंतगुणा, अचक्खुदंसणी अणंतगुणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ચક્ષુદર્શની, અચક્ષુદર્શની, અવધિદર્શની અને કેવળદર્શની જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? **ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વથી થોડા અવધિદર્શની છે, (૨) તેનાથી ચક્ષુદર્શની અસંખ્યાતગુણા છે, (૩) તેનાથી કેવળદર્શની અનંતગુણા છે, (૪) અને તેનાથી

અચક્ષુદર્શની અનંતગુણા છે. ॥ **અગિયારમું દ્વાર સંપૂર્ણ** ॥

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં ચાર દર્શનોની અપેક્ષાએ જીવોના અલ્પબહુત્વનું નિરૂપણ છે. (૧) સર્વથી થોડા અવધિદર્શની છે કારણ કે અવધિદર્શન સર્વ દેવો અને નારકીને તેમજ કેટલાક સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચ તથા કર્મભૂમિના ગર્ભજ મનુષ્યોને જ હોય છે. (૨) તેનાથી ચક્ષુદર્શની જીવો અસંખ્યાતગુણા છે, કારણ કે સર્વ પંચેન્દ્રિય અને ચૌરેન્દ્રિય જીવોને ચક્ષુદર્શન હોય છે. (૩) તેનાથી કેવળદર્શની સિદ્ધોની અપેક્ષાએ અનંતગુણા છે. (૪) તેનાથી અચક્ષુદર્શની વનસ્પતિકાયની અપેક્ષાએ અનંતગુણા છે.

**દર્શનની અપેક્ષાએ જીવોનું અલ્પબહુત્વ :–**

| ક્રમ | જીવ | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧ | અવધિદર્શની | સર્વથી થોડા | દેવ, નારક તેમજ કેટલાક તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યને હોય છે. |
| ૨ | ચક્ષુદર્શની | અસંખ્યાતગુણા | તેમાં ચૌરેન્દ્રિય અને સમસ્ત તિર્યંચ પંચેન્દ્રિયનો સમાવેશ થાય છે. તેથી તેની સંખ્યા વધે છે. |
| ૩ | કેવલદર્શની | અનંતગુણા | સિદ્ધોની અપેક્ષાએ. |
| ૪ | અચક્ષુદર્શની | અનંતગુણા | વનસ્પતિકાયિક જીવોની અપેક્ષાએ. |

**(૧૨) સંયતદ્વાર :–**

**१०६ एएसि णं भंते ! जीवाणं संजयाणं, असंजयाणं, संजयासंजयाणं, णोसंजय-णोअसंजय-णोसंजयासंजयाणं च कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवा जीवा संजया, संजयासंजया असंखेज्जगुणा, णोसंजय-णोअसंजय-णोसंजयासंजया अणंतगुणा, असंजया अणंतगुणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સંયત, અસંયત, સંયતાસંયત અને નોસંયત-નોઅસંયત-નોસંયતાસંયત જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? **ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વથી થોડા સંયત છે, (૨) તેનાથી સંયતાસંયત અસંખ્યાતગુણા છે, (૩) તેનાથી નોસંયત-નોઅસંયત-નોસંયતાસંયત અનંતગુણા છે અને (૪) તેનાથી અસંયત અનંતગુણા છે. ॥ **બારમું દ્વાર સંપૂર્ણ** ॥

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં ચારિત્રની અપેક્ષાએ સંયત આદિ ચાર બોલોનું અલ્પબહુત્વ પ્રગટ કર્યું છે.

(૧) સર્વથી થોડા સંયત છે કારણ કે તે મનુષ્ય ગતિમાં જ હોય છે તેની ઉત્કૃષ્ટ સંખ્યા અનેક હજાર ક્રોડ હોય છે. (૨) તેનાથી સંયતાસંયત-દેશવિરતિ અસંખ્યાતગુણા છે કારણ કે અસંખ્યાત તિર્યંચ પંચેન્દ્રિયો વ્રતધારણ કરીને દેશવિરતિ બને છે. (૩) તેનાથી નોસંયત-નોઅસંયત-નોસંયતાસંયત અનંતગુણા છે. કારણ કે આ બોલમાં સિદ્ધ ભગવાન છે અને તે અનંત છે. (૪) તેનાથી અસંયત જીવો વનસ્પતિની અપેક્ષાએ અનંતગુણા છે, કારણ કે વનસ્પતિના જીવો સિદ્ધોથી અનંતગુણા હોય છે.

**સંયતની અપેક્ષાએ જીવોનું અલ્પબહુત્વ :–**

| ક્રમ | જીવ | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧ | સંયત | સર્વથી થોડા | સંયત જીવોની સંખ્યા અનેક હજાર કરોડની જ છે. |
| ૨ | સંયતાસંયત | અસંખ્યાતગુણા | અસંખ્ય તિર્યંચ પંચેન્દ્રિય પણ સંયતાસંયત(શ્રાવક) હોય છે. |
| ૩ | નોસંયત આદિ | અનંતગુણા | સિદ્ધોની અપેક્ષાએ. |
| ૪ | અસંયત | અનંતગુણા | વનસ્પતિકાયિક જીવોની અપેક્ષાએ. |

**(૧૩) ઉપયોગ દ્વાર :–**

**૧૦૭ एएसि णं भंते ! जीवाणं सागारोवउत्ताणं अणागारोवउत्ताणं च कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ? गोयमा ! सव्वत्थोवा जीवा अणागारोवउत्ता, सागारोवउत्ता संखेज्जगुणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સાકારોપયોગી (જ્ઞાનના ઉપયોગમાં વર્તતા) જીવો અને અનાકારોપયોગી (દર્શનના ઉપયોગમાં વર્તતા) જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? **ઉત્તર–** હે ગૌતમ (૧) સર્વથી થોડા અનાકારોપયોગયુક્ત જીવો છે, (૨) તેનાથી સાકારોપયોગયુક્ત જીવો સંખ્યાતગુણા છે. ॥ **તેરમું દ્વાર સંપૂર્ણ** ॥

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સાકાર-અનાકાર બે ઉપયોગની અપેક્ષાએ અલ્પબહુત્વનું કથન છે.

સાકારોપયોગીમાં પાંચ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન, તે આઠ બોલના ઉપયોગમાં વર્તતા જીવોનો અને અનાકારોપયોગીમાં ચાર દર્શનના ઉપયોગમાં વર્તતા જીવોનો સમાવેશ થાય છે. પ્રસ્તુત પ્રસંગમાં સમુચ્ચય રૂપે સાકાર અને અનાકાર આ બે ઉપયોગના અલ્પબહુત્વનું કથન કર્યું છે.

(૧) સર્વથી થોડા અનાકારોપયોગી જીવો છે. પ્રત્યેક જીવોને સાકાર અને અનાકાર બંને ઉપયોગ હોય છે, અનાકારોપયોગની સ્થિતિ અલ્પ છે તેથી તેની સંખ્યા સદા અલ્પ હોય છે. (૨) તેનાથી સાકારોપયોગી સંખ્યાતગુણા છે કારણ કે તેની સ્થિતિ અનાકાર ઉપયોગની અપેક્ષાએ કંઈક અધિક હોય છે તેથી તે જીવોની સંખ્યા અધિક થઈ જાય છે.

**ઉપયોગની અપેક્ષાએ જીવોનું અલ્પબહુત્વ :–**

| ક્રમ | જીવ | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧ | અનાકારોપયોગી | સર્વથી થોડા | સ્થિતિ અલ્પ હોવાથી પૃચ્છા સમયે થોડા હોય છે. |
| ૨ | સાકારોપયોગી | સંખ્યાતગુણા | સ્થિતિ વધુ હોવાથી પૃચ્છા સમયે અધિક હોય છે. |

**(૧૪) આહાર દ્વાર :–**

**૧૦૮ एएसि णं भंते ! जीवाणं आहारगाणं अणाहारगाणं च कयरे कयरेहिंतो अप्पा**

**वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ? गोयमा ! सव्वत्थोवा जीवा अणाहारगा, आहारगा असंखेज्जगुणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આહારક અને અનાહારક જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? **ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વથી થોડા અનાહારક જીવો છે અને (૨) તેનાથી આહારક જીવો અસંખ્યાતગુણા છે. ॥ **ચૌદમું દ્વાર સંપૂર્ણ** ॥

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં આહારક અનાહારકની ન્યૂનાધિકતાથી વિચારણા છે. (૧) સર્વથી થોડા અનાહારક છે. (૨) આહારક જીવો તેનાથી અસંખ્યગુણા જ હોય છે.

**विग्गहगइमावण्णा, केवलिणो समोहया अजोगी य ।**
**सिद्धा य अणाहारा, सेसा आहारगा जीवा ॥**

વળાંકવાળી વિગ્રહગતિ સમાપન્નક જીવો વાટે વહેતી અવસ્થારૂપ વિગ્રહગતિને પ્રાપ્ત થયેલા જીવો, સમુદ્‌ઘાત પ્રાપ્ત કેવળીઓ, અયોગી કેવળી અને સિદ્ધો, આ બધા જીવો અનાહારક હોય છે. તે સિવાયના સર્વ જીવો આહારક હોય છે. અનાહારક જીવો સમસ્ત આહારક જીવોની અપેક્ષાએ અલ્પસંખ્યક છે.

અનંત વનસ્પતિકાયિક જીવો આહારક છે,પરંતુ સૂક્ષ્મ અને બાદર નિગોદ જીવોના શરીરો અસંખ્યાતા જ છે. તેમ જ તે જીવો એક મુહૂર્તમાં ૬૫,૫૩૬ જન્મ-મરણ કરે છે. તેનું આયુષ્ય અત્યંત અલ્પ હોવાથી તે અનંત જીવોમાંથી ઘણા જીવો વિગ્રહગતિમાં હોય છે. **तत्राप्यन्तर्मुहूर्त्त समयराशितुल्याः सूक्ष्म निगोदा सर्वकालं विग्रहे वर्तमाना लभ्यन्ते, ततोऽनाहारका अप्यतिबहवः सकलजीवराश्यसंख्येयभागतुल्या इति तेभ्यः आहारका असंख्येयगुणा एव नानन्तगुणाः ।** એક અંતર્મુહૂર્તમાં જેટલા સમય છે, તેટલા સૂક્ષ્મ નિગોદના જીવો હંમેશાં વિગ્રહગતિમાં હોય છે અને તેમાં પણ વક્રગતિએ જનારા અનાહારક જીવો વિશેષ હોય છે. તે જીવો સમસ્ત જીવ રાશિના અસંખ્યાતમા ભાગ પ્રમાણ છે. આ રીતે અનાહારક જીવો પણ ઘણા હોય છે. તેથી આહારક જીવો અનાહારક જીવોથી અનંતગુણા થતા નથી પરંતુ અસંખ્યાતગુણા જ થાય છે.

**આહારક-અનાહારકની અપેક્ષાએ જીવોનું અલ્પબહુત્વ :–**

| ક્રમ | જીવ | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧ | અનાહારક | સર્વથી થોડા | વક્રગતિવાળા વાટે વહેતા જીવો, કેવળી સમુદ્‌ઘાતને પ્રાપ્ત કેવળી; અયોગી કેવળી અને સિદ્ધ ભગવાન અનાહારક હોય છે અને તે આહારક જીવોથી અલ્પ હોય છે. |
| ૨ | આહારક | અસંખ્યાતગુણા | સ્થાનસ્થિત આહારક જીવો વધુ હોય છે. |

**(૧૫) ભાષકદ્વાર :–**

**१०९ एएसि णं भंते ! जीवाणं भासगाणं अभासगाणं च कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ? गोयमा ! सव्वत्थोवा जीवा भासगा, अभासगा अणंतगुणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ભાષક અને અભાષક જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? **ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વથી થોડા ભાષક જીવો છે, (૨) તેનાથી અભાષક અનંતગુણા છે. ॥ **પંદરમું દ્વાર સંપૂર્ણ** ॥

**વિવેચન :–**

આ સૂત્રમાં ભાષક અને અભાષક જીવોના અલ્પબહુત્વની પ્રરૂપણા છે.

ભાષાલબ્ધિસંપન્ન જીવો ભાષક અને ભાષાલબ્ધિ રહિત જીવો અભાષક છે.(૧) સર્વથી થોડા ભાષક છે કારણ કે બેઈન્દ્રિયથી પંચેન્દ્રિય પર્યંતના ત્રસ જીવોને જ ભાષા લબ્ધિ હોય છે. તે જીવોની સંખ્યા અલ્પ છે. (૨) તેનાથી અભાષક અનંતગુણા છે કારણ કે સિદ્ધ ભગવાન, અયોગી કેવળી, પાંચે સ્થાવરના જીવો, અપર્યાપ્તા જીવો અને વાટે વહેતા જીવો અભાષક હોય છે. તેમાં સિદ્ધ અને વનસ્પતિકાયિક જીવો અનંતા હોવાથી તે ભાષકથી અનંતગુણા થાય છે.

**ભાષક–અભાષક જીવોનું અલ્પબહુત્વ :–**

| ક્રમ | જીવ | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧ | ભાષક | સર્વથી થોડા | બેઈન્દ્રિયાદિ ત્રસ જીવો ભાષક છે, તે અલ્પ છે. |
| ૨ | અભાષક | અનંતગુણા | સિદ્ધ તથા અનંત એકેન્દ્રિય જીવો અભાષક છે, ત્રસજીવોથી તે અનંતગુણા છે. |

**(૧૬) પરિત્ત દ્વાર :–**

**११० एएसि णं भंते ! जीवाणं परित्ताणं अपरित्ताणं णोपरित्त-णोअपरित्ताणं च कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ? गोयमा ! सव्वत्थोवा जीवा परित्ता, णोपरित्त-णोअपरित्ता अणंतगुणा, अपरित्ता अणंतगुणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પરિત્ત, અપરિત્ત અને નોપરિત્ત-નોઅપરિત્ત જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? **ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વ થોડા પરિત્ત છે, (૨) તેનાથી નોપરિત્ત-નોઅપરિત્ત અનંતગુણા છે અને (૩) તેનાથી અપરિત્ત અનંતગુણા છે. ॥ **સોળમું દ્વાર સંપૂર્ણ** ॥

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં પરિત્ત આદિ ત્રણ બોલોના અલ્પબહુત્વની પ્રરૂપણા છે.

**પરિત્ત :–** પરિત્તના બે પ્રકાર છે– (૧) સંસાર પરિત્ત અને (૨) કાય પરિત્ત. સંસાર પરિત્ત– **परित्तः परिमितः स चासौ संसारश्च परित्त संसारः** । જે જીવોનો સંસારકાળ પરિમિત્ત થઈ ગયો હોય અર્થાત્ જે જીવોને હવે સંસારમાં સંખ્યાત કે અસંખ્યાત કાળ જ રહેવાનું હોય, તે સંસાર પરિત્ત કહેવાય છે અને જે જીવને સંસારમાં અનંતકાળ પરિભ્રમણ કરવાનું હોય તેને સંસાર અપરિત્ત(અનંત સંસારી કે અપરિત્ત સંસારી) કહે છે. (૨) કાયપરિત્ત– પ્રત્યેક શરીરી જીવો કાયપરિત્ત અને સાધારણ શરીરી જીવો કાયઅપરિત્ત કહેવાય છે. પ્રસ્તુત પ્રજ્ઞાપના સૂત્રની ટીકામાં સંસાર પરિત્તના સ્થાને ભવ પરિત્ત શબ્દ પ્રયોગ છે.

**અલ્પબહુત્વ :–** (૧) સર્વથી થોડા પરિત્ત છે કારણ કે પરિત્ત જીવો બંને અપેક્ષાએ(પરિત્ત સંસારી અથવા

પ્રત્યેક શરીરી) સર્વથી અલ્પ છે. (૨) તેનાથી નોપરિત્ત-નોઅપરિત્ત અનંતગુણા છે. કારણ કે સિદ્ધ ભગવાન પરિત્તથી અનંતગુણા વધુ હોય છે અને (૩) તેનાથી અપરિત્ત અનંતગુણા છે કારણ કે અપરિત્ત જીવો બંને અપેક્ષાએ (અપરિત્ત સંસારી કે સાધારણ શરીરી વનસ્પતિકાયિક જીવો) સિદ્ધ ભગવાનથી અનંતગુણા છે.

**પરિત્ત-અપરિત્ત જીવોનું અલ્પબહુત્વ :–**

| ક્રમ | જીવ | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧ | પરિત્ત | સર્વથી થોડા | પ્રત્યેક શરીરી તથા પરિત્ત સંસારી જીવો અલ્પ છે. |
| ૨ | નોપરિત્ત-નોઅપરિત્ત | અનંતગુણા | સિદ્ધ ભગવંતની અપેક્ષાએ. |
| ૩ | અપરિત્ત | અનંતગુણા | સાધારણ શરીરી વનસ્પતિકાયિક જીવોની અપેક્ષાએ. |

**(૧૭) પર્યાપ્ત દ્વાર :–**

**१११ एएसि णं भंते ! जीवाणं पज्जत्ताणं, अपज्जत्ताणं, णोपज्जत्त णोअपज्जत्ताणं च कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ? गोयमा ! सव्वत्थोवा जीवा णोपज्जत्तग-णोअपज्जत्तगा, अपज्जत्तगा अणंतगुणा, पज्जत्तगा संखेज्जगुणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્તા, અપર્યાપ્તા અને નોપર્યાપ્તા-નોઅપર્યાપ્તા જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? **ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વથી થોડા નોપર્યાપ્તા-નોઅપર્યાપ્તા જીવો છે, (૨) તેનાથી અપર્યાપ્તા જીવો અનંતગુણા છે અને (૩) તેનાથી પર્યાપ્તા જીવો સંખ્યાતગુણા છે. **॥ સતરમું દ્વાર સંપૂર્ણ ॥**

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં પર્યાપ્તા આદિ ત્રણ બોલોનું અલ્પબહુત્વ છે (૧) સર્વથી થોડા નોપર્યાપ્તા-નોઅપર્યાપ્તા જીવો છે કારણ કે પર્યાપ્તા-અપર્યાપ્તા અવસ્થાથી રહિત અવસ્થાવાળા સિદ્ધ હોય છે અને સિદ્ધો પર્યાપ્તા અને અપર્યાપ્તા સંસારી જીવોથી થોડા છે. (૨) તેનાથી અપર્યાપ્તા અનંતગુણા છે કારણ કે સાધારણ વનસ્પતિકાયિક જીવો સિદ્ધોથી અનંતગુણા છે. પ્રત્યેક નિગોદ શરીરમાં સિદ્ધોથી અનંતગુણા જીવો હોય છે અને તે સર્વ નિગોદ જીવનો એક અસંખ્યાતમો ભાગ હંમેશાં વિગ્રહગતિમાં હોય છે અને તે જીવો અપર્યાપ્તા હોય છે. તેથી અપર્યાપ્તા જીવો સિદ્ધોથી અનંતગુણા હોય છે. (૩) તેનાથી પર્યાપ્તા જીવો સંખ્યાતગુણા છે કારણ કે સૂક્ષ્મ જીવોમાં અપર્યાપ્તાથી પર્યાપ્તા સંખ્યાતગુણા હોય છે. લોકમાં સૂક્ષ્મ જીવો સર્વથી અધિક છે તેથી પર્યાપ્ત જીવો સંખ્યાતગુણા થાય છે.

**પર્યાપ્ત–અપર્યાપ્ત જીવોનું અલ્પબહુત્વ :–**

| ક્રમ | જીવ | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧ | નોપર્યાપ્તા-નોઅપર્યાપ્તા | સર્વથી થોડા | સિદ્ધ જીવો નોપર્યાપ્તા-નોઅપર્યાપ્તા છે. તે સંસારી જીવોથી અલ્પ છે. |
| ૨ | અપર્યાપ્તા | અનંતગુણા | વનસ્પતિના અપર્યાપ્તા જીવો સિદ્ધોથી અનંતગુણા છે. |
| ૩ | પર્યાપ્તા | સંખ્યાતગુણા | સૂક્ષ્મ જીવોમાં અપર્યાપ્તાથી પર્યાપ્તા સંખ્યાતગુણ અધિક છે. |

**(૧૮) સૂક્ષ્મ દ્વાર :–**

**११२ एएसि णं भंते ! जीवाणं सुहुमाणं, बादराणं, णोसुहुम णोबादराणं च कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ? गोयमा ! सव्वत्थोवा जीवा णोसुहुम णोबादरा, बादरा अणंतगुणा, सुहुमा असंखेज्जगुणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સૂક્ષ્મ, બાદર, નોસૂક્ષ્મ-નોબાદર જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? **ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વથી થોડા નોસૂક્ષ્મ-નોબાદર છે (૨) તેનાથી બાદર જીવો અનંતગુણા છે અને (૩) તેનાથી સૂક્ષ્મ જીવો અસંખ્યાતગુણા છે. ॥ **અઢારમું દ્વાર સંપૂર્ણ** ॥

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સૂક્ષ્મ, બાદર અને નોસૂક્ષ્મ-નોબાદર, આ ત્રણ બોલનું અલ્પબહુત્વ છે. (૧) સર્વથી થોડા નોસૂક્ષ્મ-નોબાદર જીવો છે કારણ કે સિદ્ધ નોસૂક્ષ્મ-નોબાદર કહેવાય છે અને તે સૂક્ષ્મ અને બાદર રૂપ સર્વ જીવરાશિના અનંતમા ભાગ પ્રમાણ હોય છે. તેથી તે સર્વથી થોડા છે. (૨) તેનાથી બાદર જીવો અનંતગુણા છે કારણ કે એક બાદર નિગોદના જીવો પણ સિદ્ધોથી અનંતગુણા હોય છે. (૩) તેનાથી સૂક્ષ્મ જીવો અસંખ્યાતગુણા છે કારણ કે સર્વ બાદર જીવોથી સૂક્ષ્મ જીવો અસંખ્યાતગુણા જ હોય છે.

**સૂક્ષ્મ-બાદર જીવોનું અલ્પબહુત્વ :–**

| ક્રમ | જીવ | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧ | નોસૂક્ષ્મ–નોબાદર | સર્વથી થોડા | સિદ્ધ જીવો સૂક્ષ્મ-બાદર જીવોથી અનંતમા ભાગે છે. |
| ૨ | બાદર | અનંતગુણા | બાદર નિગોદના જીવો સિદ્ધોથી અનંતગુણા છે. |
| ૩ | સૂક્ષ્મ | અસંખ્યાતગુણા | બાદર જીવોથી સૂક્ષ્મ(નિગોદના) જીવો અસંખ્યાતગુણા છે. |

**(૧૯) સંજ્ઞી દ્વાર :–**

**११३ एएसि णं भंते ! जीवाणं सण्णीणं, असण्णीणं, णोसण्णी-णोअसण्णीणं च कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ? गोयमा ! सव्वत्थोवा जीवा सण्णी, णोसण्णी-णोअसण्णी अणंतगुणा, असण्णी अणंतगुणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સંજ્ઞી, અસંજ્ઞી અને નોસંજ્ઞી-નોઅસંજ્ઞી જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? **ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વથી થોડા સંજ્ઞી જીવો છે, (૨) તેનાથી નોસંજ્ઞી-નોઅસંજ્ઞી જીવો અનંતગુણા છે અને (૩) તેનાથી અસંજ્ઞી જીવો અનંતગુણા છે. ॥ **ઓગણીસમું દ્વાર સંપૂર્ણ** ॥

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં સંજ્ઞી, અસંજ્ઞી અને નોસંજ્ઞી-નોઅસંજ્ઞી, એ ત્રણ બોલથી જીવોનું અલ્પબહુત્વ છે.

(૧) સર્વથી થોડા સંજ્ઞી જીવો છે કારણ કે તે માત્ર પંચેન્દ્રિય જીવોમાં જ હોય છે. (૨) તેનાથી નોસંજ્ઞી-નોઅસંજ્ઞી અનંતગુણા છે કારણ કે કેવળી અને અનંત સિદ્ધો નોસંજ્ઞી-નોઅસંજ્ઞી છે. (૩) તેનાથી અસંજ્ઞી અનંતગુણા છે કારણ કે તેમાં સમસ્ત એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચૌરેન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય

જીવોનો સમાવેશ થાય છે અને એકેન્દ્રિયો સિદ્ધોથી અનંતગુણા હોય છે.

**સંજ્ઞી-અસંજ્ઞી જીવોનું અલ્પબહુત્વ :–**

| ક્રમ | જીવ | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧ | સંજ્ઞી | સર્વથી થોડા | નારક, દેવ, ગર્ભજ મનુષ્ય અને ગર્ભજ તિર્યંચ સંજ્ઞી હોય છે, તેની સંખ્યા અલ્પ છે. |
| ૨ | નોસંજ્ઞી-નોઅસંજ્ઞી | અનંતગુણા | સિદ્ધ ભગવાન અનંત છે. |
| ૩ | અસંજ્ઞી | અનંતગુણા | વનસ્પતિકાયના જીવો સિદ્ધોથી અનંતગુણા છે. |

**(૨૦) ભવસિદ્ધિક દ્વાર :-**

**११४ एएसि णं भंते ! जीवाणं भवसिद्धियाणं, अभवसिद्धियाणं, णोभवसिद्धिय-णोअभवसिद्धियाणं च कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ? गोयमा ! सव्वत्थोवा जीवा अभवसिद्धिया, णोभवसिद्धिय-णोअभवसिद्धिया अणंतगुणा, भवसिद्धिया अणंतगुणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ભવસિદ્ધિક, અભવસિદ્ધિક અને નોભવસિદ્ધિક-નોઅભવસિદ્ધિક જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? **ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વથી થોડા અભવસિદ્ધિક, (૨) તેનાથી નોભવસિદ્ધિક-નોઅભવસિદ્ધિક અનંતગુણા અને (૩) તેનાથી ભવસિદ્ધિક જીવો અનંતગુણા છે. ॥ **વીસમું દ્વાર સંપૂર્ણ** ॥

**વિવેચન :-**

પ્રસ્તુત સૂત્રમાં ભવસિદ્ધિક આદિ ત્રણ બોલ દ્વારા જીવોના અલ્પબહુત્વની પ્રરૂપણા છે.

મોક્ષમાં જવાની યોગ્યતાવાળા જીવોને ભવસિદ્ધિક–ભવી કહે છે. મોક્ષ ગમનને અયોગ્ય જીવોને અભવસિદ્ધિક –અભવી કહે છે અને મોક્ષ ગતિને પ્રાપ્ત થયેલા સિદ્ધ જીવોને નોભવસિદ્ધિક-નોઅભવસિદ્ધિક કહે છે. (૧) સર્વથી થોડા અભવસિદ્ધિક છે કારણ કે શ્રી અનુયોગદ્વાર સૂત્રમાં અનંતના આઠ પ્રકાર કહ્યા છે, તેમાં અભવી જીવો ચોથા અનંત પ્રમાણ છે. (૨) તેનાથી નોભવી-નોઅભવી (સિદ્ધો) અનંતગુણા છે. કારણ કે સિદ્ધ જીવો આઠમા અનંત પ્રમાણ છે. (૩) તેનાથી ભવી જીવો અનંતગુણા છે તે પણ આઠમા અનંત પ્રમાણ છે. પરંતુ આઠમો અનંત અત્યધિક વિશાળ અને અસીમ છે. અનંતના આઠ પ્રકારને સમજવા માટે જુઓ અનુયોગદ્વાર સૂત્ર પૃષ્ટ ૪૯૬ થી ૪૯૮.

**ભવી-અભવી જીવોનું અલ્પબહુત્વ :–**

| ક્રમ | જીવ | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧ | અભવી | સર્વથી થોડા | ચોથા અનંત પ્રમાણ છે. |
| ૨ | નોભવી-નોઅભવી | અનંતગુણા | સિદ્ધ જીવો આઠમા અનંત પ્રમાણ છે. |
| ૩ | ભવી | અનંતગુણા | ભવી જીવો આઠમા અનંત પ્રમાણ હોવા છતાં પણ સિદ્ધોથી અનંતગુણ અધિક છે. (અનંતના અનંત ભેદ છે.) |

**(૨૧) અસ્તિકાય દ્વાર :-**

**૧૧૫ एएसि णं भंते ! धम्मत्थिकाय-अधम्मत्थिकाय-आगासत्थिकाय-जीवत्थिकाय-पोग्गलत्थिकाय-अद्धासमयाणं दव्वट्ठयाए कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?**

**गोयमा ! धम्मत्थिकाए अधम्मत्थिकाए आगासत्थिकाए य एए तिण्णि वि तुल्ला दव्वट्ठयाए सव्वत्थोवा, जीवत्थिकाए दव्वट्ठयाए अणंतगुणे, पोग्गलत्थिकाए दव्वट्ठयाए अणंतगुणे, अद्धासमए दव्वट्ठयाए अणंतगुणे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને અદ્ધાસમય (કાળ) આ દ્રવ્યોમાં કોણ કોનાથી અલ્પ, બહુ તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧,૨,૩) ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય, આ ત્રણે દ્રવ્યો પરસ્પર તુલ્ય છે તથા દ્રવ્યની અપેક્ષાએ સર્વથી થોડા છે, (૪) તેનાથી જીવાસ્તિકાય દ્રવ્યની અપેક્ષાએ અનંતગુણા છે, (૫) તેનાથી પુદ્ગલાસ્તિકાય દ્રવ્યની અપેક્ષાએ અનંતગુણા છે. (૬) તેનાથી અદ્ધાસમય (કાળ દ્રવ્ય) દ્રવ્યની અપેક્ષાએ અનંતગુણા છે.

**૧૧૬ एएसि णं भंते! धम्मत्थिकाय-अधम्मत्थिकाय-आगासत्थिकाय-जीवत्थिकाय-पोग्गलत्थिकाय-अद्धासमयाणं पएसट्ठयाए कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?**

**गोयमा ! धम्मत्थिकाए अधम्मत्थिकाए य एए णं दो वि तुल्ला पएसट्ठयाए सव्वत्थोवा, जीवत्थिकाए पएसट्ठयाए अणंतगुणे, पोग्गलत्थिकाए पएसट्ठयाए अणंतगुणे, अद्धासमए अपएसट्ठयाए अणंतगुणे, आगासत्थिकाए पएसट्ठयाए अणंतगुणे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને અદ્ધા સમયમાં પ્રદેશોની અપેક્ષાએ કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧,૨) ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય, આ બંને દ્રવ્યો પ્રદેશની અપેક્ષાએ પરસ્પર તુલ્ય છે અને સર્વથી થોડા છે, (૩) તેનાથી જીવાસ્તિકાય(સર્વ જીવો) પ્રદેશોની અપેક્ષાએ અનંતગુણા છે, (૪) તેનાથી પુદ્ગલાસ્તિકાય(સર્વ પુદ્ગલો) પ્રદેશોની અપેક્ષાએ અનંતગુણા છે, (૫) તેનાથી અદ્ધા સમય(કાળ) અપ્રદેશોની અપેક્ષાએ એટલે ઔપચારિક દ્રવ્યની અપેક્ષાએ અનંતગુણા છે, (૬) તેનાથી આકાશાસ્તિકાય પ્રદેશોની અપેક્ષાએ અનંતગુણા છે.

**૧૧૭ एयस्स णं भंते ! धम्मत्थिकायस्स दव्वट्ठ-पएसट्ठयाए कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ? गोयमा ! सव्वत्थोवा एगे धम्मत्थिकाए दव्वट्ठयाए, से चेव पएसट्ठयाए असंखेज्जगुणे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ધર્માસ્તિકાય દ્રવ્યમાં દ્રવ્ય અને પ્રદેશોની અપેક્ષાએ કોણ કોનાથી

અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? **ઉત્તર–** હે ગૌતમ ! (૧) દ્રવ્યની અપેક્ષાએ ધર્માસ્તિકાય દ્રવ્ય એક દ્રવ્યરૂપ હોવાથી સર્વથી થોડા છે. (૨) તેનાથી પ્રદેશોની અપેક્ષાએ ધર્માસ્તિકાયના પ્રદેશો અસંખ્યાતગુણા છે.

**११८ एयस्स णं भंते ! अधम्मत्थिकायस्स दव्वट्ठ-पएसट्ठयाए कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ? गोयमा ! सव्वत्थोवा एगे अधम्मत्थिकाए दव्वट्ठयाए, से चेव पएसट्ठयाए असंखेज्जगुणे।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અધર્માસ્તિકાય દ્રવ્યમાં દ્રવ્ય અને પ્રદેશોની અપેક્ષાએ કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? **ઉત્તર–** હે ગૌતમ ! (૧) દ્રવ્યની અપેક્ષાએ અધર્માસ્તિકાય દ્રવ્ય એક દ્રવ્યરૂપ હોવાથી સર્વથી થોડા છે અને (૨) તેનાથી પ્રદેશોની અપેક્ષાએ અધર્માસ્તિકાયના પ્રદેશો અસંખ્યાતગુણા છે.

**११९ एयस्स णं भंते ! आगासत्थिकायस्स दव्वट्ठ-पएसट्ठयाए कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ? गोयमा ! सव्वत्थोवा एगे आगासत्थिकाए दव्वट्ठयाए, से चेव पएसट्ठयाए अणंतगुणे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આકાશાસ્તિકાય દ્રવ્યમાં દ્રવ્ય અને પ્રદેશોની અપેક્ષાએ કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? **ઉત્તર–** હે ગૌતમ ! (૧) દ્રવ્યની અપેક્ષાએ આકાશાસ્તિકાય દ્રવ્ય એક દ્રવ્યરૂપ હોવાથી સર્વથી થોડા છે અને (૨) તેનાથી પ્રદેશોની અપેક્ષાએ આકાશાસ્તિકાયના પ્રદેશો અનંતગુણા છે.

**१२० एयस्स णं भंते ! जीवत्थिकायस्स दव्वट्ठ-पएसट्ठयाए कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ? गोयमा ! सव्वत्थोवा जीवत्थिकाए दव्वट्ठयाए, से चेव पएसट्ठयाए असंखेज्जगुणे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવાસ્તિકાય દ્રવ્યમાં દ્રવ્ય અને પ્રદેશોની અપેક્ષાએ કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? **ઉત્તર–** હે ગૌતમ ! (૧) દ્રવ્યની અપેક્ષાએ અનંત જીવાસ્તિકાય દ્રવ્ય સર્વથી થોડા છે અને (૨) પ્રદેશોની અપેક્ષાએ જીવાસ્તિકાયના પ્રદેશો અસંખ્યાતગુણા છે.

**१२१ एयस्स णं भंते ! पोग्गलत्थिकायस्स दव्वट्ठ-पएसट्ठयाए कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ? गोयमा ! सव्वत्थोवा पोग्गलत्थिकाए दव्वट्ठयाए, से चेव पएसट्ठयाए असंखेज्जगुणे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પુદ્ગલાસ્તિકાય દ્રવ્યમાં, દ્રવ્ય અને પ્રદેશોની અપેક્ષાએ કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? **ઉત્તર–** હે ગૌતમ ! (૧) દ્રવ્યની અપેક્ષાએ અનંત પુદ્ગલાસ્તિકાય દ્રવ્ય સર્વથી થોડા છે, (૨) તેનાથી પ્રદેશાર્થથી પુદ્ગલાસ્તિકાયના પ્રદેશો અસંખ્યાતગુણા છે.

**१२२ अद्धासमए ण पुच्छिज्जइ पएसाभावा ।**

**ભાવાર્થ :–** કાળ(અદ્ધાસમય)ના સંબંધમાં પ્રશ્ન કરવો નહિ. કારણ કે તેમાં પ્રદેશોનો અભાવ છે (કાળ અપ્રદેશી છે).

**१२३ एएसि णं भंते! धम्मत्थिकाय-अधम्मत्थिकाय-आगासत्थिकाय-जीवत्थिकाय-पोग्गलत्थिकाय-अद्धासमयाणं दव्वट्ठ-पएसट्ठयाए कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?**

**गोयमा ! धम्मत्थिकाए अधम्मत्थिकाए आगासत्थिकाए य एए णं तिण्णि वि तुल्ला दव्वट्ठयाए सव्वत्थोवा, धम्मत्थिकाए अधम्मत्थिकाए य एए णं दोण्णि वि तुल्ला पएसट्ठयाए असंखेज्जगुणा, जीवत्थिकाए दव्वट्ठयाए अणंतगुणे, से चेव पएसट्ठयाए असंखेज्जगुणे, पोग्गलत्थिकाए दव्वट्ठयाए अणंतगुणे, से चेव पएसट्ठयाए असंखेज्जगुणे, अद्धासमए दव्वट्ठ- अपएसट्ठयाए अणंतगुणे, आगासत्थिकाए पएसट्ठयाए अणंतगुणे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય પુદ્ગલાસ્તિકાય અને અદ્ધા-સમય (કાળ), આ સર્વ દ્રવ્યોમાં દ્રવ્ય અને પ્રદેશોની અપેક્ષાએ કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧,૨,૩) ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય આ ત્રણેય (દ્રવ્યો) પરસ્પર તુલ્ય છે અને દ્રવ્યની અપેક્ષાએ સર્વથી અલ્પ (એક-એક દ્રવ્યરૂપ) છે. (૪-૫) તેનાથી ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય, આ બંને દ્રવ્યો પ્રદેશોની અપેક્ષાએ અસંખ્યાતગુણા છે અને તેના પ્રદેશો પરસ્પર તુલ્ય છે. (૬) તેનાથી જીવાસ્તિકાય, દ્રવ્યની અપેક્ષાએ અનંતગુણા છે, (૭) તેનાથી તેના જ પ્રદેશો અસંખ્યાતગુણા છે, (૮) તેનાથી પુદ્ગલાસ્તિકાય, દ્રવ્યની અપેક્ષાએ અનંતગુણા છે, (૯) તેનાથી તેના પ્રદેશો અસંખ્યાતગુણા છે. (૧૦) તેનાથી અદ્ધાસમય, દ્રવ્યાર્થ અને અપ્રદેશાર્થની અપેક્ષાએ અનંતગુણા છે. (૧૧) અને તેનાથી પણ આકાશાસ્તિકાય, પ્રદેશોની અપેક્ષાએ અનંતગુણા છે. ॥ **એકવીસમું દ્વાર સંપૂર્ણ** ॥

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ષડ્દ્રવ્યોમાં– (૧) દ્રવ્યની અપેક્ષાએ (૨) પ્રદેશોની અપેક્ષાએ, (૩) પોત-પોતાના દ્રવ્ય-પ્રદેશની અપેક્ષાએ અને (૪) ષડ્દ્રવ્યના દ્રવ્ય-પ્રદેશોની સમ્મિલિત અપેક્ષાએ; આ ચાર પ્રકારે અલ્પબહુત્વની વિચારણા છે.

**દ્રવ્યની અપેક્ષાએ ષડ્દ્રવ્યોનું અલ્પબહુત્વ :–** (૧,૨,૩) ધર્માસ્તિકાય આદિ ત્રણેય દ્રવ્યો એક-એક દ્રવ્યરૂપ હોવાથી સર્વથી થોડા છે અને પરસ્પર તુલ્ય છે. (૪) તેનાથી દ્રવ્યની અપેક્ષાએ જીવાસ્તિકાય અનંતગુણા છે, કારણ કે જીવો અનંત છે. તે પ્રત્યેક જીવ સ્વતંત્ર જીવ દ્રવ્ય રૂપ હોવાથી તે અનંતગુણા થાય છે. (૫) તેનાથી દ્રવ્યની અપેક્ષાએ પુદ્ગલાસ્તિકાય દ્રવ્ય અનંતગુણા છે, કારણ કે પરમાણુ, દ્વિપ્રદેશીસ્કંધ આદિ અનંતપ્રદેશી સ્કંધો વગેરે સ્વતંત્ર પુદ્ગલ દ્રવ્ય છે. તેથી જીવ કરતાં પુદ્ગલ દ્રવ્ય અનંત ગુણા છે. (૬) તેનાથી અદ્ધાસમય (કાળ) દ્રવ્યરૂપે અનંતગુણો છે. કારણ કે જીવ અને અજીવ દ્રવ્યની ત્રૈકાલિક અનંત-અનંત પર્યાયો પર કાલદ્રવ્ય વર્તી રહ્યું છે, તેથી ઉપચારથી તેને અનંત દ્રવ્યરૂપે સ્વીકારવામાં આવે છે. માટે તે જીવ અને પુદ્ગલ દ્રવ્યોથી તેમજ તે બંનેના પ્રદેશોથી પણ અનંતગુણ થાય છે.

| ક્રમ | અસ્તિકાય દ્રવ્ય | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧<br>૨<br>૩ | ધર્માસ્તિકાય<br>અધર્માસ્તિકાય<br>આકાશાસ્તિકાય | સર્વથી અલ્પ<br>(પરસ્પર તુલ્ય) | પ્રત્યેક દ્રવ્ય અખંડ એક દ્રવ્યરૂપ છે. |
| ૪ | જીવાસ્તિકાય | અનંતગુણા | અનંત જીવો સ્વતંત્ર દ્રવ્યરૂપ છે. |
| ૫ | પુદ્ગલાસ્તિકાય | અનંતગુણા | પરમાણુ, દ્વયણુક, ત્ર્યણુક આદિ પ્રત્યેક સ્વતંત્ર દ્રવ્ય છે. તેમજ પ્રત્યેક સંસારી જીવોના આત્મપ્રદેશો અનંતાનંત કર્મ પુદ્ગલોથી આવરિત છે માટે જીવથી પુદ્ગલ અનંતગુણા થાય. |
| ૬ | અદ્ધાસમય | અનંતગુણા | અનંત જીવ અને પુદ્ગલ દ્રવ્ય પર તથા તેની ભૂત અને ભવિષ્ય કાલીન અનંતાનંત પર્યાયો પર કાલવર્તી રહ્યો છે તેથી કાલ દ્રવ્ય ઉપચારથી અનંત દ્રવ્યરૂપ છે માટે તે પુદ્ગલાસ્તિકાયથી અનંતગુણ છે. |

**પ્રદેશોની અપેક્ષાએ ષડ્દ્રવ્યોનું અલ્પબહુત્વ :–** (૧-૨) ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય, આ બંને દ્રવ્યના પ્રદેશો પરસ્પર તુલ્ય અને સર્વથી અલ્પ છે. બંને દ્રવ્યના પ્રદેશો લોકાકાશના પ્રદેશો જેટલા અર્થાત્ અસંખ્યાત છે. (૩) તેનાથી પ્રદેશોની અપેક્ષાએ જીવાસ્તિકાય અનંતગુણા છે, કારણ કે જીવો અનંત છે અને એક-એક જીવના આત્મપ્રદેશો લોકાકાશના પ્રદેશો જેટલા છે. એવા અનંત જીવોના અનંત અસંખ્યાતા આત્મપ્રદેશો હોવાથી અનંતગુણા છે, (૪) તેનાથી પ્રદેશોની અપેક્ષાએ પુદ્ગલાસ્તિકાય અનંતગુણા છે કારણ કે એક જીવના દરેક આત્મ પ્રદેશો પર અનંત-અનંત કર્મ સ્કંધો બંધાયેલા છે. કર્મવર્ગણા સિવાય ઔદારિક, વૈક્રિય આદિ અન્ય અનેક વર્ગણાઓ પણ છે, તેથી જીવાસ્તિકાયના પ્રદેશોથી પુદ્ગલાસ્તિકાયના પ્રદેશો અનંતગુણા છે. (૫) તેનાથી અદ્ધાકાળના દ્રવ્ય–અપ્રદેશ અનંતગુણા છે. કારણ કે જીવ-અજીવ દ્રવ્યની ત્રૈકાલિક અનંત-અનંત પર્યાયો પર કાલ દ્રવ્યવર્તી રહ્યું છે.(૬) તેનાથી પ્રદેશોની અપેક્ષાએ આકાશાસ્તિકાય અનંતગુણા છે. કારણ કે લોકથી અલોક અનંતાનંતગુણો વિશાળ છે, તેથી તેના પ્રદેશો સર્વથી વધુ છે.

| ક્રમ | અસ્તિકાય પ્રદેશ | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧<br>૨ | ધર્માસ્તિકાય<br>અધર્માસ્તિકાય | સર્વથી અલ્પ<br>(પરસ્પર તુલ્ય) | લોકાકાશના પ્રદેશ પ્રમાણ પ્રદેશો છે. |
| ૩ | જીવાસ્તિકાય | અનંતગુણા | એક-એક જીવના આત્મપ્રદેશો લોકાકાશના પ્રદેશ પ્રમાણ હોવાથી અનંત જીવોના આત્મપ્રદેશો અનંતગુણા થાય. |
| ૪ | પુદ્ગલાસ્તિકાય | અનંતગુણા | પ્રત્યેક જીવના આત્મપ્રદેશો અનંતાનંત કર્મ સ્કંધોથી આવરિત છે. |
| ૫ | અદ્ધાસમય | અનંતગુણા | કાલ અપ્રદેશી હોવા છતાં જીવ અને પુદ્ગલની પર્યાયો પર વર્તી રહ્યું હોવાથી ઔપચારિક દ્રવ્યની અપેક્ષાએ પુદ્ગલના પ્રદેશોથી અનંતગુણા છે. |
| ૬ | આકાશાસ્તિકાય | અનંતગુણા | અલોકાકાશના પ્રદેશો અનંત છે, તે કાલ દ્રવ્યથી અનંતગુણા છે. |

**પ્રત્યેક દ્રવ્યના દ્રવ્યાર્થ અને પ્રદેશાર્થનું સ્વતંત્ર અલ્પબહુત્વ :–** (૧-૨) સર્વથી થોડા દ્રવ્યની અપેક્ષાએ

ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય દ્રવ્ય છે. કારણ કે તે બંને એક-એક દ્રવ્યરૂપ છે. તેનાથી તેના પ્રદેશો અસંખ્યાતગુણા છે. (૩) દ્રવ્યની અપેક્ષાએ આકાશાસ્તિકાય દ્રવ્ય સર્વથી અલ્પ છે કારણ કે તે પણ એક દ્રવ્ય છે. તેનાથી તેના પ્રદેશો અનંતગુણા છે કારણ કે તે લોક-અલોક વ્યાપી છે. તેમાં લોકાકાશના અસંખ્યાત પ્રદેશો અને અલોકાકાશના અનંતાઅંનત પ્રદેશો છે. (૪) દ્રવ્યની અપેક્ષાએ જીવાસ્તિકાય દ્રવ્ય અલ્પ છે અને પ્રદેશોની અપેક્ષાએ તેના પ્રદેશો અસંખ્યાતગુણા છે કારણ કે દરેક જીવ દ્રવ્યના અસંખ્યાત-અસંખ્યાત પ્રદેશો જ છે. તેથી અનંત જીવ દ્રવ્યોથી પણ તેના પ્રદેશો અસંખ્યાતગુણા જ થાય છે. (૫) દ્રવ્યની અપેક્ષાએ પુદ્‌ગલાસ્તિકાય દ્રવ્ય અલ્પ છે અને તેનાથી તેના પ્રદેશો અસંખ્યાતગુણા છે. પરમાણુ, દ્વિપ્રદેશી આદિ સ્કંધોરૂપે પુદ્‌ગલાસ્તિકાય દ્રવ્ય અનંતાનંત છે અને તે સ્કંધ જેટલા પ્રદેશી હોય તે તેટલા તેના પ્રદેશો થાય છે તોપણ તે પ્રદેશો અનંતાનંત પુદ્‌ગલ દ્રવ્યથી અસંખ્યાતગુણા જ થાય છે. અનંતગુણા થતાં નથી કારણ કે લોકમાં સ્કંધો થોડા છે અને પરમાણુ અધિક છે. તેથી પ્રદેશોની અપેક્ષાએ પુદ્‌ગલાસ્તિકાયના પ્રદેશો અસંખ્યાતગુણા જ થાય છે.

કાલ દ્રવ્યમાં દ્રવ્ય અને પ્રદેશ રૂપ ભેદ સંભવિત નથી. તેને ઉપચારથી અનંત અપ્રદેશી દ્રવ્યરૂપે જ સ્વીકારવામાં આવ્યું છે. તેથી અહીં ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોનું દ્રવ્ય અને પ્રદેશોની અપેક્ષાએ અલ્પબહુત્વનું કથન છે પરંતુ કાલ દ્રવ્યમાં સ્વતંત્ર રીતે દ્રવ્ય અને પ્રદેશોની અપેક્ષાએ અલ્પબહુત્વનો મૂળપાઠમાં નિષેધ કર્યો છે.

| ક્રમ | અસ્તિકાય | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧,૨ | **ધર્મા.અધર્માસ્તિકાય** | | |
| | દ્રવ્યાર્થથી | સર્વથી અલ્પ | એક દ્રવ્ય રૂપ છે. |
| | પ્રદેશાર્થથી | અસંખ્યાતગુણા | પ્રત્યેક દ્રવ્યના પ્રદેશો લોકાકાશના પ્રદેશ પ્રમાણ છે. |
| ૩ | **આકાશાસ્તિકાય** | | |
| | દ્રવ્યાર્થથી | સર્વથી અલ્પ | એક દ્રવ્યરૂપ છે. |
| | પ્રદેશાર્થથી | અનંતગુણા | અલોકાકાશના પ્રદેશો અનંત છે. |
| ૪ | **જીવાસ્તિકાય** | | |
| | દ્રવ્યાર્થથી | સર્વથી થોડા | અનંતજીવો અનંત દ્રવ્યરૂપ છે. |
| | પ્રદેશાર્થથી | અસંખ્યાતગુણા | પ્રત્યેક જીવના આત્મપ્રદેશો અસંખ્યાતા છે. |
| ૫ | **પુદ્‌ગલાસ્તિકાય** | | |
| | દ્રવ્યાર્થથી | સર્વથી થોડા | પ્રદેશો કરતાં દ્રવ્યોની સંખ્યા અલ્પ હોય છે. |
| | પ્રદેશાર્થથી | અસંખ્યાતગુણા | પુદ્‌ગલાસ્તિકાય દ્રવ્યમાં અનંતપ્રદેશી સ્કંધ ઓછા છે, તેનાથી પરમાણુ અનંતગુણા, પ્રત્યેક પરમાણુ સ્વતંત્ર દ્રવ્ય છે, તેનાથી અસંખ્યપ્રદેશી સ્કંધ અસંખ્યાતગુણા છે તેથી તેના પ્રદેશો અસંખ્યાતગુણા થાય છે. |
| ★ કાળ દ્રવ્ય અપ્રદેશી દ્રવ્ય છે. તેના દ્રવ્યાર્થ, પ્રદેશાર્થ એવા બે ભેદ થતાં નથી, તેથી અહીં તેના અલ્પબહુત્વનો મૂલપાઠમાં જ નિષેધ છે. | | | |

**ધર્માસ્તિકાયાદિનું દ્રવ્ય-પ્રદેશોની અપેક્ષાએ સમ્મિલિત અલ્પબહુત્વ :–** ધર્માસ્તિકાય આદિ ષડ્દ્રવ્યોના દ્રવ્ય અને પ્રદેશોની સમ્મિલિત અપેક્ષાએ અલ્પબહુત્વ ભાવાર્થથી સ્પષ્ટ છે.

**अद्धासमए दव्वट्ठ-अपएसट्ठयाए अणंतगुणा :–** અદ્ધા સમય એટલે કાલદ્રવ્ય દ્રવ્યાર્થ અને અપ્રદેશાર્થથી અનંતગુણા છે. જેમ પરમાણુ પુદ્ગલ દ્રવ્ય અપ્રદેશી હોવા છતાં અનંતપ્રદેશી સ્કંધથી દ્રવ્યાર્થ-અપ્રદેશાર્થથી અનંતગુણા છે, તેમ કાલદ્રવ્ય અપ્રદેશી હોવા છતાં જીવ અને પુદ્ગલ દ્રવ્યની ત્રૈકાલિક પર્યાયો પર વર્તતો હોવાથી ઉપચારથી અનંત દ્રવ્યાત્મક છે. તેથી પુદ્ગલદ્રવ્યના પ્રદેશોથી કાલદ્રવ્ય દ્રવ્યાર્થ-અપ્રદેશાર્થથી અનંતગુણા થાય છે.

**છ એ દ્રવ્યોમાં દ્રવ્યાર્થ–પ્રદેશાર્થની અપેક્ષાએ સમ્મિલિત અલ્પબહુત્વ :–**

| ક્રમ | દ્રવ્ય | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧-૩ | ધમાસ્તિકાય અધર્માસ્તિકાય આકાશાસ્તિકાય દ્રવ્યાર્થથી | સર્વથી અલ્પ (પરસ્પર તુલ્ય) | આ ત્રણે ય દ્રવ્ય અખંડ અને એક–એક દ્રવ્ય રૂપ છે. |
| ૪-૫ | ધર્મા૦ અધર્મા૦ પ્રદેશાર્થથી | અસંખ્યાતગુણા (પરસ્પર તુલ્ય) | બંને દ્રવ્યોના પ્રદેશો લોકાકાશના પ્રદેશ પ્રમાણ છે. |
| ૬ | જીવાસ્તિકાય દ્રવ્યાર્થથી | અનંતગુણા | અનંત જીવો અનંત જીવ દ્રવ્યરૂપ છે. |
| ૭ | જીવાસ્તિકાય પ્રદેશાર્થથી | અસંખ્યાતગુણા | પ્રત્યેક જીવના આત્મપ્રદેશો અસંખ્યાતા છે. |
| ૮ | પુદ્ગલાસ્તિકાય | અનંતગુણા દ્રવ્યાર્થથી | પ્રત્યેક સંસારી જીવના આત્મપ્રદેશો અનંત કર્મસ્કંધથી આવરિત છે. |
| ૯ | પુદ્ગલાસ્તિકાય પ્રદેશાર્થથી | અસંખ્યાતગુણા | પૂર્વવત્ |
| ૧૦ | અદ્ધાસમય દ્રવ્યાર્થ અને અપ્રદેશાર્થથી | અનંતગુણા | અદ્ધાસમયના ઔપચારિક દ્રવ્ય(અપ્રદેશ) અનંત હોય છે. |
| ૧૧ | આકાશાસ્તિકાય પ્રદેશાર્થથી | અનંતગુણા | અલોકના પ્રદેશો કાલ દ્રવ્ય કરતાં અનંતગુણા છે. |

**(૨૨) ચરમ દ્વાર :–**

**१२४ एएसिं णं भंते ! जीवाणं चरिमाणं अचरिमाणं च कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ? गोयमा ! सव्वत्थोवा जीवा अचरिमा, चरिमा अणंतगुणा।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ચરમ અને અચરમ જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે

વિશેષાધિક છે ? **ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વથી થોડા અચરમ જીવો છે, (૨) તેનાથી ચરમ જીવો અનંતગુણા છે. ॥ **બાવીસમું દ્વાર સંપૂર્ણ** ॥

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં ચરમ-અચરમની અપેક્ષાએ જીવના અલ્પબહુત્વની પ્રરૂપણા કરી છે.

**ચરમ :–** ચરમ શબ્દના ત્રણ પ્રકારે અર્થ થાય છે– (૧) ચરમ સ્થિતિ અર્થાત્ મોક્ષપ્રાપ્તિની યોગ્યતા-વાળા ભવી જીવો. (૨) તે જ ભવે મોક્ષ જનારા– ચરમ શરીરી. (૩) તે ગતિ આદિમાંથી નીકળી પુનઃ તે ગતિમાં જન્મ ધારણ ન કરનારા– ગતિ ચરમ છે.

પ્રસ્તુત અલ્પબહુત્વમાં આ ત્રણેથી કંઈક વિલક્ષણ અર્થ સ્વીકાર્યો છે. તેમાં (૧) પોતાની અવસ્થાનો ક્યારેય અંત ન કરનારા અભવી અને સિદ્ધોને અચરમરૂપે સ્વીકાર્યા છે અને (૨) પોતાની અવસ્થાનો અંત કરી જે સિદ્ધ થવાની યોગ્યતા ધરાવે છે, તે બધા ભવી જીવોને ચરમરૂપે સ્વીકાર્યા છે.

**અલ્પબહુત્વ :–** ચરમ અને અચરમ બંને પ્રકારના જીવો અનંત છે. તેમ છતાં તે બંનેના અનંતમાં તરતમતા હોવાથી અલ્પબહુત્વ થાય છે. (૧) સર્વથી થોડા અચરમ છે કારણ કે અભવ્ય અને સિદ્ધ જીવો અચરમ છે. તે બંને મળીને પણ ચરમથી અલ્પ થાય છે. (૨) તેનાથી ચરમ અનંતગુણા છે કારણ કે અહીં ભવી જીવોને ચરમ રૂપે સ્વીકાર્યા છે. તે જીવો અચરમથી અનંતગુણા થાય છે.

**ચરમ-અચરમ જીવોનું અલ્પબહુત્વ :–**

| ક્રમ | જીવ | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧ | અચરમ | સર્વથી થોડા | અભવી જીવો અને સિદ્ધ જીવો અચરમ છે. તે બંને મળીને પણ ભવી જીવોથી થોડા છે. |
| ૨ | ચરમ | અનંતગુણા | ભવી એકેન્દ્રિય જીવોનો સમાવેશ થાય છે, તેથી તે અનંતગુણા છે. |

**(૨૩) જીવ(સર્વ દ્રવ્ય–પર્યાય) દ્વાર :–**

**૧૨૫ एएसि णं भंते ! जीवाणं, पोग्गलाणं, अद्धासमयाणं, सव्वदव्वाणं, सव्वपएसाणं, सव्वपज्जवाणं च कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ? गोयमा ! सव्वत्थोवा जीवा, पोग्गला अणंतगुणा, अद्धासमया अणंतगुणा, सव्वदव्वा विसेसाहिया, सव्वपएसा अणंतगुणा, सव्वपज्जवा अणंतगुणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવો, પુદ્ગલ, અદ્ધા સમય, સર્વ દ્રવ્ય, સર્વ પ્રદેશ અને સર્વપર્યાયોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ? **ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વથી થોડા જીવો છે, (૨) તેનાથી પુદ્ગલો અનંતગુણા, (૩) તેનાથી અદ્ધા સમય અનંતગુણા, (૪) તેનાથી સર્વ દ્રવ્યો વિશેષાધિક, (૫) તેનાથી સર્વ પ્રદેશો અનંતગુણા (૬) તેનાથી સર્વ પર્યાયો અનંતગુણી છે. ॥ **ત્રેવીસમું દ્વાર સંપૂર્ણ**॥

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં જીવ, પુદ્ગલ, કાળ, સર્વ દ્રવ્ય, સર્વપ્રદેશ અને સર્વ પર્યાયના અલ્પબહુત્વની પ્રરૂપણા છે.

(૧) સર્વથી થોડા જીવો છે. જોકે જીવો અનંતાનંત છે, તેમ છતાં પુદ્‌ગલાદિની અપેક્ષાએ તેની સંખ્યા અલ્પ છે. (૨) તેનાથી પુદ્‌ગલ અનંતગુણા છે. કારણ કે દરેક જીવના આત્મપ્રદેશો પર અનંત- અનંત કર્મ પુદ્‌ગલો લાગેલા છે. તે સિવાય પણ ઘણી ગ્રાહ્ય-અગ્રાહ્ય વર્ગણાઓ પૌદ્‌ગલિક છે. આ રીતે પુદ્‌ગલ દ્રવ્ય અનંતગુણા થાય છે. (૩) તેનાથી અદ્ધાસમય અનંતગુણા છે. કારણ કે જીવ અને પુદ્‌ગલ પર કાલ દ્રવ્ય વર્તી રહ્યું છે. પ્રત્યેક પર્યાય પર વર્તનાર કાલ દ્રવ્ય ઉપચારથી સ્વતંત્ર દ્રવ્ય છે, તેથી કાલદ્રવ્ય પુદ્‌ગલાસ્તિકાયથી અનંતગુણ થાય છે. (૪) તેનાથી સર્વ દ્રવ્ય વિશેષાધિક છે. કારણ કે જીવ, પુદ્‌ગલાદિ સર્વ દ્રવ્યોથી અદ્ધાસમયને અનંતગુણો કહ્યો છે અને સર્વ જીવ-અજીવ દ્રવ્યોને અદ્ધાસમયમાં ઉમેરતાં તે વિશેષાધિક જ થાય છે. (૫) તેનાથી સર્વપ્રદેશો અનંતગુણા છે. કારણ કે આકાશના પ્રદેશો અનંતાનંત છે તે કાલદ્રવ્યથી વધી જાય છે. (૬) તેનાથી સર્વ પર્યાયો અનંતગુણી છે, કારણ કે સર્વ દ્રવ્યોની અનંત-અનંત પર્યાયો હોય છે.

**સર્વ દ્રવ્ય પર્યાય દ્વારનું અલ્પબહુત્વ :–**

| ક્રમ | ભેદ | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧ | જીવ દ્રવ્ય | સર્વથી થોડા | અન્ય દ્રવ્યોથી જીવોની સંખ્યા અલ્પ છે. |
| ૨ | પુદ્‌ગલ દ્રવ્ય | અનંતગુણા | પ્રત્યેક જીવને અનંત કર્મ પુદ્‌ગલો હોય છે. |
| ૩ | અદ્ધા સમય | અનંતગુણા | સમસ્ત જીવ અને પુદ્‌ગલો પર વર્તી રહ્યો છે. |
| ૪ | સર્વ દ્રવ્યો | વિશેષાધિક | તેમાં કાલ દ્રવ્ય સિવાયના સર્વ દ્રવ્યોની ગણના થાય છે. |
| ૫ | સર્વ પ્રદેશો | અનંતગુણા | આકાશદ્રવ્યના પ્રદેશો અનંત છે. |
| ૬ | સર્વ પર્યાયો | અનંતગુણા | સર્વ દ્રવ્યની અનંતાનંત પર્યાયો છે. |

**(૨૪) ક્ષેત્ર દ્વાર :–**

**૧૨૬ खेत्ताणुवाएणं सव्वत्थोवा जीवा उड्ढलोय-तिरियलोए, अहोलोय-तिरियलोए विसेसाहिया, तिरियलोए असंखेज्जगुणा, तेलोक्के असंखेज्जगुणा, उड्ढलोए असंखेज्जगुणा, अहोलोए विसेसाहिया।**

**ભાવાર્થ :–** ક્ષેત્રની અપેક્ષાએ (૧) સર્વથી થોડા (સમુચ્ચય) જીવો ઊર્ધ્વલોક-તિરછાલોકમાં છે, (૨) તેનાથી અધોલોક-તિરછાલોકમાં વિશેષાધિક જીવો છે, (૩) તેનાથી તિરછાલોકમાં અસંખ્યાતગુણા છે, (૪) તેનાથી ત્રણ લોકમાં(ત્રણેય લોકને સ્પર્શ કરનારા) જીવો અસંખ્યાતગુણા છે, (૫) તેનાથી ઊર્ધ્વલોકમાં જીવો અસંખ્યાતગુણા છે અને (૬) તેનાથી અધોલોકમાં જીવો અસંખ્યાતગુણા જીવો છે. ॥ **ચોવીસમું દ્વાર સંપૂર્ણ** ॥

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં છ ક્ષેત્રની અપેક્ષાએ જીવોના અલ્પબહુત્વનું કથન છે. તે છ ક્ષેત્રો આ પ્રમાણે છે– (૧) ઊર્ધ્વલોક, (૨) તિરછાલોક, (૩) અધોલોક, (૪) ઊર્ધ્વલોક-તિરછાલોક, (૫) અધોલોક-તિરછાલોક અને (૬) ત્રણ લોક.

**ક્ષેત્રની અપેક્ષાએ લોક વિભાગ(પ્રતર દ્વય) :–**




જૈન શાસ્ત્રાનુસાર સંપૂર્ણ લોક ચૌદ રજ્જુ પ્રમાણ છે. તેના ત્રણ વિભાગ છે. ઊર્ધ્વલોક, તિરછોલોક (મધ્યલોક) અને અધોલોક. આ ત્રણના સંયોગથી બીજા ત્રણ ક્ષેત્ર વિભાગ થાય છે, તે છ વિભાગનું સ્વરૂપ આ પ્રમાણે છે– (૧) તિરછાલોકના(મેરુપર્વતના) મધ્યભાગ રૂપ આઠ રુચક પ્રદેશોથી નવસો યોજન નીચે અને નવસો યોજન ઉપર કુલ અઢારસો યોજનનો **તિરછોલોક** છે. (૨) તિરછાલોકથી ઉપર કાંઈક ન્યૂન સાત રજ્જુ પ્રમાણ **ઊર્ધ્વલોક** છે. (૩) તિરછાલોકથી નીચે કાંઈક અધિક સાત રજ્જુ પ્રમાણ **અધોલોક** છે.

(૪) મેરુપર્વતના આઠ રુચક પ્રદેશોથી અર્થાત્ સમભૂમિથી ૯૦૦ યોજન ઉપર સુધી તિરછાલોકનું ક્ષેત્ર છે. તેમાં ૯૦૦ યોજનની ઊંચાઈના તિરછાલોકનું અંતિમ પ્રતર અને તેનાથી ઉપર પ્રારંભ થતા ઊર્ધ્વલોકનું પ્રથમ પ્રતર, આ રીતે તિરછાલોક અને ઊર્ધ્વલોકના એક-એક પ્રતર મળીને બનતા બે પ્રતર રૂપ ક્ષેત્રને **ઊધ્વલોર્ક-તિરછાલોક** કહે છે. (૫) સમભૂમિથી ૯૦૦ યોજન નીચે સુધી તિરછાલોકનું ક્ષેત્ર છે. તેમાં ૯૦૦ યોજન નીચેના તિરછાલોકનું અંતિમ પ્રતર અને તેનાથી નીચે પ્રારંભ થતા અધોલોકનું પ્રથમ પ્રતર, આ રીતે તિરછાલોક અને અધોલોકના એક-એક પ્રતર મળીને બનતા બે પ્રતર રૂપ ક્ષેત્રને **અધોલોક-તિરછાલોક** કહે છે. (૬) ત્રણ લોકના આકાશ પ્રદેશોની સ્પર્શનાથી બનતા ક્ષેત્રને **ત્રણ લોક** કહે છે.

**ક્ષેત્રાનુસાર સમુચ્ચય જીવોનું અલ્પબહુત્વ :–** (૧) સર્વથી થોડા જીવો ઊધ્વલોક-તિરછાલોકમાં છે. ઊર્ધ્વલોકથી તિરછાલોકમાં અથવા તિરછાલોકથી ઊર્ધ્વલોકમાં ઉત્પન્ન થતા જીવો વિગ્રહગતિમાં કે મારણાંતિક સમુદ્‌ઘાતના સમયે આ બંને પ્રતરોનો સ્પર્શ કરે છે અને કેટલાક જીવો આ બે પ્રતરોનો આશ્રય

કરીને રહે છે. તે જીવોની ગણના આ 'ઊર્ધ્વલોક-તિરછાલોક'ના બોલમાં થાય છે. તેવા જીવો લોકમાં સર્વથી થોડા છે. (૨) તેનાથી અધોલોક-તિરછાલોકમાં જીવો વિશેષાધિક છે. અધોલોકથી તિરછાલોકમાં અને તિરછાલોકથી અધોલોકમાં ઉત્પન્ન થતા જીવો વિગ્રહગતિમાં કે મારણાંતિક સમુદ્ઘાતના સમયે આ બંને પ્રતરોનો સ્પર્શ કરે છે અને કેટલાક જીવો આ બે પ્રતરોનો આશ્રય કરીને રહે છે. તે જીવોની ગણના આ અધોલોક-તિરછાલોકના બોલમાં થાય છે. તેવા જીવો 'ઊર્ધ્વલોક-તિરછાલોક' કરતાં વિશેષાધિક હોય છે.

(૩) તેનાથી તિરછાલોકમાં જીવો અસંખ્યાતગુણા છે કારણ કે ઉપરોક્ત બંને ક્ષેત્રો કરતાં તિરછાલોકનો વિસ્તાર અસંખ્યાતગુણો છે. (૪) તેનાથી ત્રણે ય લોકનો સ્પર્શ કરનારા જીવો અસંખ્યાતગુણા છે કારણ કે અધોલોકમાંથી ઊર્ધ્વલોકમાં અને ઊર્ધ્વલોકમાંથી અધોલોકમાં ઉત્પન્ન થનારા જીવો વિગ્રહગતિમાં કે મારણાંતિક સમુદ્ઘાતના સમયે ત્રણે ય લોકનો સ્પર્શ કરે છે. તે જીવો પૂર્વના ત્રણ બોલોના જીવોથી અસંખ્યાતગુણા વધુ હોય છે. કારણ કે તે બોલોથી ક્ષેત્ર પણ અસંખ્યાતગણુ છે.

(૫) તેનાથી ઊર્ધ્વલોકમાં જીવો અસંખ્યાતગુણા છે કારણ કે પૂર્વના બોલોથી આ ક્ષેત્ર અસંખ્યાતગણુ છે. (૬) તેનાથી અધોલોકમાં જીવો વિશેષાધિક છે કારણ કે ઊર્ધ્વલોક કરતા અધોલોકનું ક્ષેત્ર વિશેષાધિક છે. આ અલ્પબહુત્વમાં કયાંય પણ અનંતગુણાનું કથન નથી તેનું કારણ એ છે કે પહેલા જ બોલમાં અનંત જીવોનો સમાવેશ છે, ત્યાર પછીના બોલોમાં ક્ષેત્રાપેક્ષયાવૃદ્ધિ થતાં વધુમાં વધુ અસંખ્યાતગુણા જીવો જ થાય છે.

**ક્ષેત્રની અપેક્ષાએ સમુચ્ચય જીવોનું અને તિર્યંચ જીવોનું અલ્પબહુત્વ :–**

| ક્રમ | ક્ષેત્રના જીવો | સંખ્યા | કારણ |
|---|---|---|---|
| ૧ | ઊર્ધ્વલોક-તિરછાલોક | સર્વથી થોડા | બંને પ્રતરને સ્પર્શતા કે ત્યાં રહેલા જીવોનું જ ગ્રહણ થાય છે, તે જીવોની સંખ્યા અલ્પ છે. |
| ૨ | અધોલોક-તિરછાલોક | વિશેષાધિક | અધોલોક અને તિર્યગ્લોકમાં પરસ્પર ઉત્પન્ન થતાં જીવો વિશેષાધિક છે. |
| ૩ | તિરછાલોક | અસંખ્યાતગુણા | ક્ષેત્ર અસંખ્યાતગણું છે. |
| ૪ | ત્રણે લોક સ્પર્શી | અસંખ્યાતગુણા | ઊર્ધ્વલોકથી અધોલોકમાં અને અધોલોકથી ઊર્ધ્વલોકમાં મારણાંતિક સમદ્ઘાત કરીને ઉત્પન્ન થનારા જીવો અસંખ્યાતગુણા છે. |
| ૫ | ઊર્ધ્વલોક | અસંખ્યાતગુણા | ક્ષેત્ર અતિ વિશાળ છે. |
| ૬ | અધોલોક | વિશેષાધિક | ઊર્ધ્વલોકથી અધોલોકનું ક્ષેત્ર કંઈક અધિક છે. |

**ક્ષેત્રની અપેક્ષાએ નૈરયિકોનું અલ્પબહુત્વ :–**

**૧૨૭ खेत्ताणुवाएणं सव्वत्थोवा णेरइया तेलोक्के, अहोलोयतिरियलोए असंखेज्जगुणा, अहोलोए असंखेज्जगुणा ।**

**ભાવાર્થ :–** ક્ષેત્રની અપેક્ષાએ (૧) સર્વથી થોડા નૈરયિક જીવો ત્રણ લોકમાં છે, (૨) તેનાથી અધોલોક-તિરછાલોકમાં અસંખ્યાતગુણા છે અને (૩) તેનાથી અધોલોકમાં અસંખ્યાતગુણા છે.

**વિવેચન :–**

નૈરયિકોનું સ્વસ્થાન અધોલોકમાં સાત નરકપૃથ્વીમાં જ છે, પરંતુ ઉત્પન્ન થવાની અપેક્ષાએ તેમજ સમુદ્‌ઘાતની અપેક્ષાએ નૈરયિકો ત્રણ લોકની કે અધોલોક-તિરછાલોકની સ્પર્શના કરે છે.

(૧) સર્વથી થોડા નૈરયિકો ત્રણ લોકમાં છે. જ્યારે ઊર્ધ્વલોકમાં આવેલા મેરુપર્વતના શિખર પરની વાવડીમાં અને અંજનપર્વત કે દધિમુખ પર્વતાદિની વાવડીમાં રહેલા મત્સ્યાદિ જલચર જીવો નરકમાં ઉત્પન્ન થાય તથા નરકમાં રહેલા નૈરયિકો ઊર્ધ્વલોકની તે વાવડીઓમાં ઉત્પન્ન થાય ત્યારે તેના આત્મપ્રદેશો મારણાંતિક સમુદ્‌ઘાત સમયે અને વિગ્રહગતિમાં ત્રણે લોકને સ્પર્શે છે. આ બંને અપેક્ષાએ ત્રણ લોકને સ્પર્શનારા નૈરયિકો સર્વથી થોડા છે.



ત્રણે લોકને સ્પર્શતા તિર્યંચ પંચેન્દ્રિય



ત્રણે લોકને સ્પર્શતા નારકી જીવ

(૨) તેનાથી અધોલોક-તિરછાલોકમાં અસંખ્યાતગુણા નારકી છે કારણ કે અસંખ્યાત દ્વીપ-સમુદ્રોમાં રહેનારા ઘણા તિર્યંચ પંચેન્દ્રિયો જ્યારે નરકોમાં ઉત્પન્ન થાય છે, ત્યારે આ બે પ્રતરોનો સ્પર્શ કરે છે. (૩) તેનાથી અધોલોકમાં અસંખ્યાતગુણા નારકી છે કારણ કે તે નારકી જીવોનું સ્વસ્થાન છે. નારકી જીવોનું સ્વસ્થાન કેવળ અધોલોક જ હોવાથી તેમાં ક્ષેત્રાપેક્ષયા આ ત્રણ બોલ જ લાભે છે, શેષ ત્રણ બોલ– (૧) ઊર્ધ્વલોક (૨) તિરછાલોક (૩) ઊર્ધ્વલોક-તિરછાલોકમાં નારકી જીવો પ્રાપ્ત થતા નથી.

**ક્ષેત્રની અપેક્ષાએ નૈરયિકોનું અલ્પબહુત્વ :–**

| ક્રમ | ક્ષેત્રના જીવો | સંખ્યા | કારણ |
|---|---|---|---|
| ૧ | ત્રણેલોક સ્પર્શી | સર્વથી થોડા | મેરુ પર્વત આદિ ઊર્ધ્વલોકગત તિર્યંચ પંચેન્દ્રિયો નરકમાં ઉત્પન્ન થાય અથવા નારકી જીવો ઊર્ધ્વલોકમાં ઉત્પન્ન થતાંસમુદ્‌ઘાત કરે ત્યારે તે જીવો ત્રણ લોકનો સ્પર્શ કરે છે; તે જીવો અલ્પ છે. |
| ૨ | અધોલોક-તિરછાલોક | અસંખ્યાતગુણા | અસંખ્ય દ્વીપ-સમુદ્રોના તિર્યંચ પંચેન્દ્રિય જીવો નરકમાં ઉત્પન્ન થતાં જીવોની અપેક્ષાએ. |
| ૩ | અધોલોક | અસંખ્યાતગુણા | સ્વસ્થાન છે. |

**ક્ષેત્રની અપેક્ષાએ તિર્યંચગતિનું અલ્પબહુત્વ :–**

**૧૨૮ खेत्ताणुवाएणं सव्वत्थोवा तिरिक्खजोणिया उड्ढलोयतिरियलोए, अहोलोयतिरियलोए विसेसाहिया, तिरियलोए असंखेज्जगुणा, तेलोक्के असंखेज्जगुणा, उड्ढलोए असंखेज्जगुणा, अहोलोए विसेसाहिया ।**

**ભાવાર્થ :–** ક્ષેત્રની અપેક્ષાએ (૧) સર્વથી થોડા તિર્યંચો ઊર્ધ્વલોક-તિરછાલોકમાં છે, (૨) તેનાથી અધોલોક-તિરછાલોકમાં વિશેષાધિક છે, (૩) તેનાથી તિરછાલોકમાં અસંખ્યાતગુણા છે, (૪) તેનાથી ત્રણ લોકમાં અસંખ્યાતગુણા છે, (૫) તેનાથી ઊર્ધ્વલોકમાં અસંખ્યાતગુણા છે અને (૬) તેનાથી અધોલોકમાં વિશેષાધિક છે.

**૧૨૯ खेत्ताणुवाएणं सव्वत्थोवाओ तिरिक्खजोणिणीओ उड्ढलोए, उड्ढलोय-तिरियलोए असंखेज्जगुणाओ, तेलोक्के संखेज्जगुणाओ, अहोलोयतिरियलोए संखेज्जगुणाओ, अहोलोए संखेज्जगुणाओ, तिरियलोए संखेज्जगुणाओ ।**

**ભાવાર્થ :–** ક્ષેત્રની અપેક્ષાએ (૧) સર્વથી થોડી તિર્યંચાણી(તિર્યંચ સ્ત્રી) ઊર્ધ્વલોકમાં છે, (૨) તેનાથી ઊર્ધ્વલોક-તિરછાલોકમાં અસંખ્યાતગુણી છે, (૩) તેનાથી ત્રણલોકમાં સંખ્યાતગુણી છે, (૪) તેનાથી અધોલોક-તિરછાલોકમાં સંખ્યાતગુણી છે, (૫) તેનાથી અધોલોકમાં સંખ્યાતગુણી છે અને (૬) તેનાથી તિરછાલોકમાં સંખ્યાતગુણી છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ક્ષેત્ર સંબંધી છ બોલોના આધારે સમુચ્ચય તિર્યંચ અને તિર્યંચાણીના અલ્પબહુત્વની વિચારણા કરવામાં આવી છે.

**તિર્યંચ :–** પ્રસ્તુત પ્રસંગમાં તિર્યંચ શબ્દથી સમુચ્ચય તિર્યંચ ગતિના સમસ્ત જીવો સંબંધી અલ્પબહુત્વનું કથન કર્યું છે. તિર્યંચ ગતિમાં સૂક્ષ્મ જીવો લોકવ્યાપી અને સર્વથી અધિક છે. તેથી અહીં તિર્યંચોનું અલ્પબહુત્વ સૂક્ષ્મ જીવોની ન્યૂનાધિકતાના આધારે છે, તેમ સમજવું જોઈએ. તિર્યંચ જીવોનું અલ્પબહુત્વ ભાવાર્થથી સ્પષ્ટ છે તેના કારણો સમુચ્ચય જીવના અલ્પબહુત્વના કારણો પ્રમાણે જાણવા.

**ક્ષેત્રની અપેક્ષાએ તિર્યંચાણીનું અલ્પબહુત્વ :–** ક્ષેત્રની અપેક્ષાએ (૧) સર્વથી થોડી તિર્યંચાણીઓ ઊર્ધ્વલોકમાં છે. [*ઊર્ધ્વલોકમાં વૈમાનિક દેવોના વિમાનોની વાવડીમાં તિર્યંચ પંચેન્દ્રિય જીવો હોતા નથી પરંતુ ઊર્ધ્વલોકને સ્પર્શતા મેરુ પર્વત આદિની વાવડીમાં તિર્યંચ-તિર્યંચાણીઓ હોય છે.*] તે ક્ષેત્ર અલ્પ હોવાથી તિર્યંચાણીની સંખ્યા અલ્પ હોય છે.

(૨) તેનાથી ઊર્ધ્વલોક-તિર્યગ્લોકમાં અસંખ્યાતગુણી છે. ઊર્ધ્વલોકના આઠમા સહસ્રાર દેવલોક પર્યંતના દેવો, તેમજ અન્ય કોઈપણ જીવો ઊર્ધ્વલોકમાંથી તિરછાલોકમાં તિર્યંચાણીરૂપે ઉત્પન્ન થાય ત્યારે વિગ્રહ- ગતિમાં ઊર્ધ્વલોક-તિરછાલોકરૂપ બંને પ્રતરોનો સ્પર્શ કરે છે.

તે જ રીતે તિરછાલોકમાં રહેલી તિર્યંચાણીઓ ઊર્ધ્વલોકના કોઈપણ સ્થાનમાં કે આઠ દેવલોક સુધીના દેવોમાં ઉત્પન્ન થાય, ત્યારે અંતિમ અંતર્મુહૂર્તમાં મારણાંતિક સમુદ્ઘાત કરી પોતાના આત્મપ્રદેશોને તિરછાલોકથી ઊર્ધ્વલોકમાં પોતાના ઉત્પત્તિ સ્થાન સુધી ફેલાવે ત્યારે તે ઉક્ત બંને પ્રતરોનો સ્પર્શ કરે છે. વિગ્રહગતિ અને મારણાંતિક સમુદ્ઘાત, આ બંને રીતે તિર્યંચાણીઓને ઊર્ધ્વલોક-તિરછાલોકની સ્પર્શના થાય છે અને તે પૂર્વાપેક્ષયા અસંખ્યાતગુણી થાય છે.

(૩) તેનાથી ત્રણલોકસ્પર્શી તિર્યંચાણીઓ સંખ્યાતગુણી છે. કારણ કે ભવનપતિ, વાણવ્યંતર, નારકી તથા અન્ય જીવો અધોલોકમાંથી ઊર્ધ્વલોકમાં મેરુ પર્વતની વાવડી આદિમાં તિર્યંચાણીરૂપે ઉત્પન્ન થાય અને ઊર્ધ્વલોકમાંથી વૈમાનિક દેવ વગેરે અધોલૌકિક વિજય કે સમુદ્રી જલમાં તિર્યંચાણી રૂપે ઉત્પન્ન થાય ત્યારે તે વિગ્રહગતિમાં ત્રણેય લોકનો સ્પર્શ કરે છે અને જ્યારે તિર્યંચાણી ઊર્ધ્વલોકમાંથી અધોલોકમાં કે અધોલોકમાંથી ઊર્ધ્વલોકમાં કોઈપણ યોનિમાં ઉત્પન્ન થવા માટે મારણાંતિક સમુદ્ઘાત કરે ત્યારે તે ત્રણે ય લોકનો સ્પર્શ કરે છે. આ રીતે બંને પ્રકારે ત્રણલોકસ્પર્શી તિર્યંચાણી પૂર્વાપેક્ષયા સંખ્યાતગુણી હોય છે.

(૪) તેનાથી અધોલોક-તિરછાલોકમાં સંખ્યાતગુણી છે. જ્યારે અધોલોકમાંથી તિરછાલોકમાં કે તિરછાલોકમાંથી અધોલોકમાં તિર્યંચાણીપણે કોઈપણ જીવો ઉત્પન્ન થાય ત્યારે વિગ્રહગતિમાં આ બંને પ્રતરોનો સ્પર્શ કરે છે અને તે સમયે તિર્યંચાણીનું આયુષ્ય વેદતા હોવાથી તેને તિર્યંચાણી જ કહેવાય છે તથા અધોલોકમાંથી તિરછાલોકમાં અને તિરછાલોકમાંથી અધોલોકમાં કોઈપણ યોનિમાં ઉત્પન્ન થતાં મૃત્યુ પૂર્વે તિર્યંચાણી મારણાંતિક સમુદ્ઘાત કરે ત્યારે પણ આ બંને પ્રતરોને સ્પર્શ કરે છે તથા અધોલૌકિક સમુદ્રોમાં તથા સલિલાવતી અને વપ્રા વિજયોમાં સ્વસ્થાનની અપેક્ષાએ તિર્યંચાણીઓ આ બંને પ્રતરોનો સ્પર્શ કરે છે; આ રીતે ત્રણે પ્રકારે આ બંને પ્રતરોને સ્પર્શ કરનારી તિર્યંચાણીઓ પૂર્વ બોલગત તિર્યંચાણીઓથી સંખ્યાતગુણી થાય છે.

(૫) તેનાથી અધોલોકમાં સંખ્યાતગુણી છે. અધોલોકમાં ૧૦૦ યોજન પ્રમાણ ઊંડા સમુદ્ર હોવાથી તિર્યંચાણીનું સ્વસ્થાન છે. તેથી તે પૂર્વાપેક્ષયા સંખ્યાતગુણી થાય છે (૬) તેનાથી તિરછાલોકમાં સંખ્યાતગુણી છે કારણ કે સંપૂર્ણ તિરછાલોક તિર્યંચાણીઓ માટે સ્વસ્થાન છે, તેમાં અસંખ્યાત દ્વીપ સમુદ્રો છે. તેમ છતાં તે અસંખ્યાતગુણી નથી, કારણ કે અધોલોકમાં ૧૦૦ યોજન પ્રમાણ સમુદ્રો, તે તિર્યંચાણીઓનું સ્વસ્થાન છે. તેનાથી તિરછાલોકનું ક્ષેત્ર સંખ્યાતગણું હોવાથી તિર્યંચાણીઓ સંખ્યાતગુણી થાય છે.

**ક્ષેત્રની અપેક્ષાએ તિર્યંચાણીનું અલ્પબહુત્વ :–**

| ક્રમ | ક્ષેત્રના જીવો | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧ | ઊર્ધ્વલોક | સર્વથી થોડા | મેરુપર્વત આદિ ઊર્ધ્વલોકના સ્થાનોમાં તિર્યંચ સ્ત્રીઓ હોય છે, તે અલ્પ છે. |
| ૨ | ઊર્ધ્વલોક-તિરછાલોક | અસંખ્યાતગુણા | ઊર્ધ્વલોકથી તિરછાલોકમાં અને તિરછાલોકથી ઊર્ધ્વલોકમાં ઉત્પન્ન થતા જીવો મારણાંતિક સમુદ્ઘાતમાં અને વિગ્રહગતિમાં આ પ્રતરોનો સ્પર્શ કરે છે, તે વધુ હોય છે. |
| ૩ | ત્રણેલોક સ્પર્શી | સંખ્યાતગુણી | અધોલોકમાંથી ઊર્ધ્વલોકમાં અને ઊર્ધ્વલોકમાંથી અધોલોકમાં તિર્યંચ સ્ત્રી રૂપે ઉત્પન્ન થતા જીવોની અપેક્ષાએ. |
| ૪ | અધોલોક-તિરછાલોક | સંખ્યાતગુણી | અધોલોકથી તિરછાલોકમાં અને તિરછાલોકથી અધોલોકમાં તિર્યંચાણી રૂપે ઉત્પન્ન થતા જીવોની અપેક્ષાએ તથા ત્યાં તેના સ્વસ્થાન પણ છે. |
| ૫ | અધોલોક | સંખ્યાતગુણી | અધોલૌકિક બે વિજયો અને અસંખ્યાત સમુદ્રોના નીચેના ૧૦૦ યોજનમાં તિર્યંચાણીના સ્વસ્થાન છે. |
| ૬ | તિરછાલોક | સંખ્યાતગુણી | સ્વસ્થાન છે અને ક્ષેત્ર વિસ્તાર સંખ્યાતગુણો છે. |

**ક્ષેત્રની અપેક્ષાએ મનુષ્ય ગતિનું અલ્પબહુત્વ :-**

**१३० खेत्ताणुवाएणं सव्वत्थोवा मणुस्सा तेलोक्के, उड्ढलोयतिरियलोए असंखेज्जगुणा, अहोलोयतिरियलोए संखेज्जगुणा, उड्ढलोए संखेज्जगुणा, अहोलोए संखेज्जगुणा, तिरियलोए संखेज्जगुणा ।**

**ભાવાર્થ :–** ક્ષેત્રની અપેક્ષાએ (૧) સર્વથી થોડા મનુષ્યો ત્રણલોકમાં છે, (૨) તેનાથી ઊર્ધ્વલોક તિરછાલોકમાં અસંખ્યાતગુણા છે. (૩) તેનાથી અધોલોક તિરછાલોકમાં સંખ્યાતગુણા છે, (૪) તેનાથી ઊર્ધ્વલોકમાં સંખ્યાતગુણા છે, (૫) તેનાથી અધોલોકમાં સંખ્યાતગુણા છે અને (૬) તેનાથી તિરછાલોકમાં સંખ્યાતગુણા છે.

**१३१ खेत्ताणुवाएणं सव्वत्थोवाओ मणुस्सीओ तेलोक्के, उड्ढलोयतिरियलोए संखेज्ज-गुणाओ, अहोलोयतिरियलोए संखेज्जगुणाओ, उड्ढलोए संखेज्जगुणाओ, अहोलोए संखेज्ज-गुणाओ, तिरियलोए संखेज्जगुणाओ ।**

**ભાવાર્થ :–** ક્ષેત્રની અપેક્ષાએ (૧) સર્વથી થોડી મનુષ્યાણી ત્રણલોકમાં છે, (૨) તેનાથી ઊર્ધ્વલોક-તિરછાલોકમાં સંખ્યાતગુણી છે, (૩) તેનાથી અધોલોક-તિરછાલોકમાં સંખ્યાતગુણી છે, (૪) તેનાથી ઊર્ધ્વલોકમાં સંખ્યાતગુણી છે, (૫) તેનાથી અધોલોકમાં સંખ્યાતગુણી છે અને (૬) તેનાથી તિરછાલોકમાં સંખ્યાતગુણી છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ક્ષેત્રની અપેક્ષાએ પ્રથમ સમુચ્ચય મનુષ્ય અને ત્યારપછી મનુષ્યાણીના અલ્પબહુત્વની પ્રરૂપણા છે.

**મનુષ્યો–** અહીં મનુષ્યના કથનમાં સૂત્રકારે કોઈ પણ વેદની વિવક્ષા કરી ન હોવાથી ગર્ભજ અને સંમૂર્ચ્છિમ બંને પ્રકારના મનુષ્યોનો તેમાં સમાવેશ થાય છે. ગર્ભજ મનુષ્યો સંખ્યાતા છે અને સંમૂર્ચ્છિમ મનુષ્યો અસંખ્યાતા છે. બંનેમાં સંમૂર્ચ્છિમ મનુષ્યો વધુ હોવાથી પ્રસ્તુત અલ્પબહુત્વ સંમૂર્ચ્છિમ મનુષ્યોની મુખ્યતાએ છે, તેમ સમજવું.

(૧) ત્રણલોકને સ્પર્શનારા મનુષ્યો સર્વથી થોડા છે. ત્રણે લોકનો સ્પર્શ કરનારા સંમૂર્ચ્છિમ મનુષ્યો અસંખ્યાતા છે અને તે સર્વથીઅલ્પ છે. (૨) તેનાથી ઊર્ધ્વલોક-તિરછાલોકમાં અસંખ્યાતગુણા છે. કારણ કે તે સ્થાનમાં વિદ્યાધર આદિ મનુષ્યો જાય તો તેના અશુચિસ્થાનોમાં સંમૂર્ચ્છિમ મનુષ્યો ઉત્પન્ન થાય છે, તે જીવો પૂર્વાપેક્ષયા અસંખ્યાતગુણા થાય છે. (૩) તેનાથી અધોલોક-તિરછાલોકમાં સંખ્યાતગુણા છે. કારણ કે અધોલૌકિક બે વિજયોમાં મનુષ્યોનું સ્વસ્થાન છે. ત્યાં ગર્ભજ મનુષ્યોની અશુચિમાં સંમૂચ્છિમ મનુષ્યો ઉત્પન્ન થાય છે, તે ઉપરાંત અધોલૌકિક વિજયોના સંમૂર્ચ્છિમ મનુષ્યો તિરછાલોકમાં ઉત્પન્ન થતાં અને તિરછાલોકના કોઈપણ જીવો અધોલૌકિક વિજયોમાં સંમૂર્ચ્છિમ મનુષ્યો રૂપે ઉત્પન્ન થતાં ઉક્ત બંને પ્રતરોની સ્પર્શના કરે છે; તેથી અધોલોક-તિરછાલોકમાં સંમૂર્ચ્છિમ મનુષ્યો સંખ્યાતગુણા થાય છે. (૪) તેનાથી ઊર્ધ્વલોકમાં સંખ્યાતગુણા છે કારણ કે ઘણા વિદ્યાધરાદિ મનુષ્યો, જંઘાચારણાદિ લબ્ધિવાન મનુષ્યો, સોમનસાદિ વનમાં ગમનાગમન કરે છે, તેમની અશુચિ સંમૂર્ચ્છિમ મનુષ્ય ઉત્પન્ન થાય છે. મનુષ્યોના ગમનાગમન યોગ્ય ઊર્ધ્વલોકનું ક્ષેત્ર અધોલોક-તિરછાલોકની બે પ્રતરો કરતાં સંખ્યાતગણું હોવાથી મનુષ્યોની

સંખ્યા સંખ્યાતગુણી થાય છે. (૫) તેનાથી અધોલોકમાં સંખ્યાતગુણા છે કારણ કે અધોલોકમાં સલિલાવતી અને વપ્રા વિજય, તે મનુષ્યોના સ્વસ્થાન છે. તે ક્ષેત્ર સંખ્યાતગણુ હોવાથી મનુષ્યો સંખ્યાતગુણા છે. (૬) તેનાથી તિરછાલોકમાં સંખ્યાતગુણા છે, કારણ કે તે ક્ષેત્ર સંખ્યાતગુણ વિસ્તૃત છે. તેમાં ગર્ભજ મનુષ્યો અધિક હોવાથી સંમૂર્ચ્છિમ મનુષ્યો પણ અધિક હોય છે.

શાસ્ત્રકારે ગર્ભજ મનુષ્યોના અલ્પબહુત્વનું સ્વતંત્ર કથન કર્યું નથી તોપણ તેને મનુષ્યાણીના અલ્પબહુત્વ પ્રમાણે સમજી શકાય છે. મનુષ્યાણી પણ ગર્ભજ હોય છે. તેથી ગર્ભજ મનુષ્યો અને મનુષ્યાણીનું અલ્પબહુતવ એક સમાન છે.

**ગર્ભજ મનુષ્ય–મનુષ્યાણીનું અલ્પબહુત્વ :–**

(૧) સર્વથી થોડા ત્રણલોકને સ્પર્શનારા ગર્ભજ મનુષ્યો છે. કેટલાક મનુષ્યો અધોલૌકિક બે વિજયમાંથી ઊર્ધ્વલોકમાં ઉત્પન્ન થવા માટે મારણાંતિક સમુદ્ઘાત કરી પોતાના આત્મપ્રદેશોને ઉત્પત્તિ સ્થાન સુધી ફેલાવે ત્યારે ત્રણે લોકનો સ્પર્શ કરે છે. કેવળી સમુદ્ઘાત સમયે કેવળી ભગવાન પણ પોતાના આત્મપ્રદેશોને ફેલાવીને લોકવ્યાપી બનાવે છે. ત્યારે ત્રણ લોકની સ્પર્શના થાય છે.

સંક્ષેપમાં મારણાંતિક અને કેવળી સમુદ્ઘાતની અપેક્ષાએ મનુષ્યોના આત્મપ્રદેશો ત્રણે લોકનો સ્પર્શ કરે છે. તેવા જીવો સર્વથી અલ્પ છે.

(૨) તેનાથી ઊર્ધ્વલોક-તિરછાલોકમાં મનુષ્યો સંખ્યાતગુણા હોય છે, ઊર્ધ્વલોકમાંથી કોઈપણ જીવો તિરછાલોકમાં ગર્ભજ મનુષ્ય રૂપે ઉત્પન્ન થાય ત્યારે વિગ્રહગતિ સમયે તે આ બંને પ્રતરોને સ્પર્શે છે. તિરછાલોકમાં રહેલા ગર્ભજ મનુષ્યો ઊર્ધ્વલોકમાં દેવાદિ રૂપે ઉત્પન્ન થવાના હોય ત્યારે મારણાંતિક સમુદ્ઘાત સમયે આત્મપ્રદેશોને ઉત્પત્તિ સ્થાન સુધી ફેલાવે તે સમયે ઊર્ધ્વલોક-તિરછાલોકના બંને પ્રતરોનો સ્પર્શ કરે છે. તે ઉપરાંત કેટલાક વિદ્યાધરો તિરછાલોકમાંથી મેરુ પર્વતના વનાદિમાં જાય ત્યારે બંને પ્રતરનો સ્પર્શ કરે છે. તે સર્વ મનુષ્યો સંખ્યાતગુણા થાય છે.

(૩) તેનાથી અધોલોક-તિરછાલોકમાં મનુષ્યો સંખ્યાતગુણા છે. અધોલોકમાંથી જીવો તિરછાલોકમાં મનુષ્ય રૂપે ઉત્પન્ન થાય, ત્યારે વિગ્રહગતિ સમયે અને તિરછાલોકમાં રહેલા મનુષ્યો અધોલોકમાં ઉત્પન્ન થાય ત્યારે મારણાંતિક સમુદ્ઘાત સમયે અધોલોક-તિરછાલોકના બંને પ્રતરોનો સ્પર્શ કરે છે. તે ઉપરાંત અધોલૌકિક બે વિજયોમાં કેટલાક ગર્ભજ મનુષ્યોના સ્વસ્થાન આ બંને પ્રતરોમાં હોય છે, તેથી તે સંખ્યાતગુણા થાય છે.

(૪) તેનાથી ઊર્ધ્વલોકમાં સંખ્યાતગુણા છે, કારણ કે ઘણા વિદ્યાધરો ક્રીડા માટે અને જંઘાચારણ, વિદ્યાચારણ મુનિઓ સાધના માટે સોમનસ વનાદિમાં ગમનાગમન કરે છે. તેથી અધોલોક તિરછાલોકના મનુષ્યોથી ઊર્ધ્વલોકના મનુષ્યો સંખ્યાતગુણા થાય છે.

(૫) તેનાથી અધોલોકમાં સંખ્યાતગુણા છે, કારણ કે અધોલોકમાં સલિલાવતી અને વપ્રાવિજયમાં મનુષ્યોના સ્વસ્થાનો હોવાથી મનુષ્યો સંખ્યાતગુણા થાય છે.

(૬) તેનાથી તિરછાલોકમાં સંખ્યાતગુણા છે કારણ કે અધોલોકમાં તો માત્ર બે જ વિજયો છે, જ્યારે શેષ બધી વિજયો તિરછાલોકમાં છે, તે અને અન્ય મનુષ્યક્ષેત્રો મળીને અધોલોક કરતાં મનુષ્યક્ષેત્ર સંખ્યાતગણું થઈ જાય છે, તેથી તિરછાલોકમાં સર્વથી અધિક મનુષ્યો હોય છે.

આ રીતે સંમૂર્ચ્છિમ મનુષ્યો અને ગર્ભજ મનુષ્ય-મનુષ્યાણીના અલ્પબહુત્વને જોતાં સ્પષ્ટ થાય છે કે સંમૂર્ચ્છિમ મનુષ્યો અસંખ્યાતા હોવાથી શાસ્ત્રકારે ઊર્ધ્વલોક-તિરછાલોકમાં મનુષ્યોને અસંખ્યાતગુણા કહ્યા છે અને ગર્ભજ મનુષ્યો સંખ્યાતા જ હોવાથી ગર્ભજ મનુષ્યાણીના અલ્પબહુત્વમાં સર્વત્ર સંખ્યાતગુણા કહ્યા છે. શેષ સર્વ કથન સમાન છે.

**ક્ષેત્રની અપેક્ષાએ સમુચ્ચય મનુષ્યોનું અલ્પબહુત્વ :–**

| ક્રમ | ક્ષેત્રના જીવો | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧ | ત્રણે લોક સ્પર્શી | સર્વથી થોડા | અધોલોકગત બે વિજયના મનુષ્યો ઊર્ધ્વલોકમાં ઉત્પન્ન થતાં પૂર્વે મારણાંતિક સમુદ્‌ઘાત સમયે અને કેવળી સમુદ્‌ઘાત સમયે કેવળી ભગવાન ત્રણેય લોકનો સ્પર્શ કરે છે. |
| ૨ | ઊર્ધ્વલોક-તિરછાલોક | અસંખ્યાતગુણા | મેરુ પર્વત વગેરે ઊર્ધ્વલોકગત પર્વતીય સ્થળ પર જનારા વિદ્યાધરોની અશુચિમાં ઉત્પન્ન થતાં અસંખ્યાતા સંમૂર્ચ્છિમ મનુષ્યો આ બે શ્રેણીનો સ્પર્શ કરે છે અને મારણાંતિક સમુદ્‌ઘાત કરનારા મનુષ્યો પણ આ પ્રતરોનો સ્પર્શ કરે છે. |
| ૩ | અધોલોક-તિરછાલોક | સંખ્યાતગુણા | પશ્ચિમ મહાવિદેહની બે વિજયોમાં રહેતા મનુષ્યો અને તેમની અશુચિમાં ઉત્પન્ન થતા સમૂર્ચ્છિમ મનુષ્યો, આ બે પ્રતરોનો સ્પર્શ કરે છે. |
| ૪ | ઊર્ધ્વલોક | સંખ્યાતગુણા | સોમનસ આદિ વનમાં આવેલા વિદ્યાધરો તથા જંઘાચરણાદિ મુનિઓની અશુચિમાં ઉત્પન્ન થતા સંમૂર્ચ્છિમ મનુષ્યોની અપેક્ષાએ. |
| ૫ | અધોલોક | સંખ્યાતગુણા | અધોલૌકિક બે વિજયમાં મનુષ્યોના સ્વસ્થાન છે. |
| ૬ | તિરછાલોક | સંખ્યાતગુણા | ક્ષેત્ર સંખ્યાતગુણું છે અને સ્વસ્થાન હોવાથી મનુષ્યો વધુ છે. |

**ક્ષેત્રની અપેક્ષાએ ગર્ભજ મનુષ્ય-મનુષ્યાણીનું અલ્પબહુત્વ :–**

| ક્રમ | ક્ષેત્રના જીવો | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧ | ત્રણ લોક સ્પર્શી | સર્વથી થોડા | મારણાંતિક અને કેવળી સમુદ્‌ઘાતની અપેક્ષાએ. |
| ૨ | ઊર્ધ્વલોક-અધોલોક | સંખ્યાતગુણા | મારણાંતિક સમુદ્‌ઘાત અથવા વિગ્રહ ગતિથી બંને પ્રતરોને સ્પર્શતા મનુષ્ય-મનુષ્યાણીઓ પૂર્વાપેક્ષયા વધુ હોય. |
| ૩ | અધોલોક-તિરછાલોક | સંખ્યાતગુણા | સમુદ્‌ઘાત અને વિગ્રહગતિની અપેક્ષાએ તથા કેટલાકના સ્વસ્થાનછે. |
| ૪ | ઊર્ધ્વલોક | સંખ્યાતગુણા | ઊર્ધ્વલૌકિક સ્થળોમાં વિદ્યાધરાદિના ગમનાગમનની અપેક્ષાએ. |
| ૫ | અધોલોક | સંખ્યાતગુણા | અધોલૌકિક બે વિજયોમાં સ્વસ્થાન છે. |
| ૬ | તિરછાલોક | સંખ્યાતગુણા | સ્વસ્થાન પૂર્વાપેક્ષયા સંખ્યાતગુણ વિસ્તૃત છે. |

**ક્ષેત્રની અપેક્ષાએ દેવગતિનું અલ્પબહુત્વ :–**

**१३२ खेत्ताणुवाएणं सव्वत्थोवा देवा उड्ढलोए, उड्ढलोय-तिरियलोए असंखेज्जगुणा, तेलोक्के संखेज्जगुणा, अहोलोय-तिरियलोए संखेज्जगुणा, अहोलोए संखेज्जगुणा, तिरियलोए संखेज्जगुणा ।**

**ભાવાર્થ :–** ક્ષેત્રની અપેક્ષાએ (૧) સર્વથી થોડા દેવો ઊર્ધ્વલોકમાં છે, (૨) તેનાથી ઊર્ધ્વલોક-તિરછાલોકમાં અસંખ્યાતગુણા છે, (૩) તેનાથી ત્રણલોકમાં સંખ્યાતગુણા છે, (૪) તેનાથી અધોલોક-તિરછાલોકમાં સંખ્યાતગુણા છે. (૫) તેનાથી અધોલોકમાં સંખ્યાતગુણા છે અને (૬) તેનાથી પણ તિરછાલોકમાં સંખ્યાતગુણા છે.

**१३३ खेत्ताणुवाएणं सव्वत्थोवाओ देवीओ उड्ढलोए, उड्ढलोयतिरियलोए असंखेज्जगुणाओ, तेलोक्के संखेज्जगुणाओ, अहोलोयतिरियलोए संखेज्जगुणाओ, अहोलोए संखेज्जगुणाओ, तिरियलोए संखेज्जगुणाओ ।**

**ભાવાર્થ :–** ક્ષેત્રની અપેક્ષાએ (૧) સર્વથી થોડી દેવીઓ ઊર્ધ્વલોકમાં છે, (૨) તેનાથી ઊર્ધ્વલોક-તિરછાલોકમાં અસંખ્યાતગુણી છે, (૩) તેનાથી ત્રણલોકમાં સંખ્યાતગુણી છે, (૪) તેનાથી અધોલોક-તિરછાલોકમાં સંખ્યાતગુણી છે, (૫) તેનાથી અધોલોકમાં સંખ્યાતગુણી છે અને (૬) તેનાથી પણ તિરછાલોકમાં સંખ્યાતગુણી છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ક્ષેત્રની અપેક્ષાએ ક્રમશઃ દેવ અને દેવીઓના અલ્પબહુત્વનું કથન છે.

**સમુચ્ચય દેવો તથા દેવીઓનું અલ્પબહુત્વ :–** (૧) સર્વથી થોડા દેવો ઊર્ધ્વલોકમાં છે કારણ કે ત્યાં માત્ર વૈમાનિક જાતિના દેવો જ રહે છે અને તેઓ અન્ય જાતિના દેવોથી થોડા છે. તે સિવાય ભવનપતિ આદિ ત્રણેય પ્રકારના દેવો તીર્થંકરોના જન્મ મહોત્સવાદિના સમયે મેરુ પર્વત પર જાય છે પરંતુ તે બહુ થોડા હોય છે. તેથી ઊર્ધ્વલોકમાં દેવો સર્વથી થોડા છે.

(૨) તેનાથી ઉર્ધ્વલોક-તિરછાલોકમાં અસંખ્યાતગુણા દેવો છે. કારણ કે આ બંને પ્રતરો જ્યોતિષીદેવોની નિકટવર્તી છે અને તે પ્રતરોમાં તેઓના સ્વસ્થાન પણ છે. તે સિવાય ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષીદેવો મેરુપર્વત આદિ પર ગમનાગમન કરે અને સૌધર્મ આદિ કલ્પોના દેવો તિરછાલોકથી પોતાના સ્થાનમાં જાય ત્યારે આ બે પ્રતરોને સ્પર્શે છે. મનુષ્ય કે તિર્યંચ સૌધર્માદિ દેવલોકમાં દેવરૂપે ઉત્પન્ન થાય ત્યારે વિગ્રહગતિમાં અને સૌધર્માદિ દેવલોકના દેવો મનુષ્ય, તિર્યંચમાં ઉત્પન્ન થાય ત્યારે મારણાંતિક સમુદ્ઘાત વડે આ બંને પ્રતરોનો સ્પર્શ કરે છે, તેથી ઊર્ધ્વલોક-તિરછાલોકને સ્પર્શનારા દેવો અસંખ્યાતગુણા છે.

(૩) તેનાથી ત્રણલોકમાં સંખ્યાતગુણા છે. જ્યારે જીવો ઊર્ધ્વલોકથી અધોલોકમાં અને અધોલોકથી ઊર્ધ્વલોકમાં દેવરૂપે ઉત્પન્ન થાય ત્યારે વિગ્રહગતિમાં ત્રણલોકનો સ્પર્શ કરે છે અને જ્યારે કોઈપણ દેવો ઊર્ધ્વલોકથી અધોલોકમાં અને અધોલોકથી ઊર્ધ્વલોકમાં મનુષ્ય કે તિર્યંચપણે ઉત્પન્ન થવાના હોય ત્યારે મૃત્યુ સમયે મારણાંતિક સમુદ્ઘાત કરતાં ત્રણે લોકનો સ્પર્શ કરે છે. તે જીવો પૂર્વાપેક્ષયા સંખ્યાતગુણા થાય છે.

(૪) તેનાથી અધોલોક-તિરછાલોકમાં દેવો સંખ્યાતગુણા અધિક છે કારણ કે આ બંને પ્રતરો વાણવ્યંતર દેવોના સ્થાનોથી નજીક હોવાથી તેઓના સ્વસ્થાન છે. ઘણા ભવનપતિદેવો તિરછાલોકમાં ગમનાગમન કરે

છે. તિરછાલોકવર્તી પંચેન્દ્રિય તિર્યંચ કે મનુષ્ય ભવનપતિ રૂપે ઉત્પન્ન થાય છે ત્યારે વિગ્રહગતિમાં અને ભવનપતિ આદિ દેવો તિરછાલોકમાં મનુષ્ય કે તિર્યંચ પંચેન્દ્રિયરૂપે ઉત્પન્ન થવાના હોય ત્યારે મારણાંતિક સમુદ્‌ઘાત કરતાં આ બંને પ્રતરોનો સ્પર્શ કરે છે. તે દેવો ઘણા હોવાથી સંખ્યાતગુણા છે.

(૫) તેનાથી અધોલોકમાં દેવો સંખ્યાતગુણા છે કારણ કે અધોલોક ભવનપતિ દેવોનું સ્વસ્થાન છે. (૬) તેનાથી તિરછાલોકમાં દેવો સંખ્યાતગુણા અધિક છે કારણ કે જ્યોતિષી અને વાણવ્યંતર દેવોનું તે સ્વસ્થાન છે. તે બંને જાતિના દેવો વધુ હોવાથી સંખ્યાતગુણા છે.

**ક્ષેત્રની અપેક્ષાએ સમુચ્ચય દેવ-દેવીઓનું અલ્પબહુત્વ :–**

| ક્રમ | ક્ષેત્રના જીવો | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧ | ઊર્ધ્વલોક | સર્વથી થોડા | વૈમાનિક દેવોની સંખ્યા અલ્પ છે. |
| ૨ | ઊર્ધ્વલોક-તિરછાલોક | અસંખ્યાતગુણા | જ્યોતિષીદેવોના સ્વસ્થાનની સમીપમાં છે, ભવનપતિ આદિ દેવો મેરુ પર્વત ઉપર ગમનાગમન કરે છે તથા વિગ્રહગતિ અને મારણાંતિક સમુદ્‌ઘાતમાં દેવો આ બે પ્રતરનો સ્પર્શ કરે છે. |
| ૩ | ત્રણ લોક સ્પર્શી | સંખ્યાતગુણા | ચારે જાતિના દેવો વિગ્રહગતિ અને મારણાંતિક સમુદ્‌ઘાતની અપેક્ષાએ ત્રણે લોકનો સ્પર્શ કરે છે. |
| ૪ | અધોલોક-તિરછાલોક | સંખ્યાતગુણા | વ્યંતર દેવોનું સ્વસ્થાન છે, ભવનપતિ આદિ દેવો તિર્યગ્લોકમાં ગમનાગમન કરે છે, વિગ્રહ ગતિ અને મારણાંતિક સમુદ્‌ઘાતમાં પણ દેવો આ બે પ્રતરનો સ્પર્શ કરે છે. |
| ૫ | અધોલોક | સંખ્યાતગુણા | ભવનપતિ દેવોનું સ્વસ્થાન છે. |
| ૬ | તિર્યગ્લોક | સંખ્યાતગુણા | જ્યોતિષી અને વ્યંતર દેવોનું સ્વસ્થાન છે. |

**ક્ષેત્રની અપેક્ષાએ ભવનપતિ દેવ-દેવીઓનું અલ્પબહુત્વ :–**

**१३४ खेत्ताणुवाएणं सव्वत्थोवा भवणवासी देवा उड्ढलोए, उड्ढलोय-तिरियलोए असंखेज्ज-गुणा, तेलोक्के संखेज्जगुणा, अहोलोयतिरियलोए असंखेज्जगुणा, तिरियलोए असंखेज्ज-गुणा, अहोलोए असंखेज्जगुणा ।**

**ભાવાર્થ :–** ક્ષેત્રની અપેક્ષાએ (૧) સર્વથી થોડા ભવનપતિ દેવો ઊર્ધ્વલોકમાં છે, (૨) તેનાથી ઊર્ધ્વલોક-તિરછાલોકમાં અસંખ્યાતગુણા છે, (૩) તેનાથી ત્રણલોકમાં સંખ્યાતગુણા છે, (૪) તેનાથી અધોલોક-તિરછાલોકમાં અસંખ્યાતગુણા છે, (૫) તેનાથી તિરછાલોકમાં અસંખ્યાતગુણા છે અને (૬) તેનાથી અધોલોકમાં અસંખ્યાતગુણા છે.

**१३५ खेत्ताणुवाएणं सव्वत्थोवाओ भवणवासिणीओ देवीओ उड्ढलोए, उड्ढलोय-तिरियलोए असंखेज्जगुणाओ, तेलोक्के संखेज्जगुणाओ, अहोलोय-तिरियलोए असंखेज्जगुणाओ, तिरियलोए असंखेज्जगुणाओ, अहोलोए असंखेज्जगुणाओ ।**

**ભાવાર્થ :–** ક્ષેત્રની અપેક્ષાએ (૧) સર્વથી થોડી ભવનવાસી દેવીઓ ઊર્ધ્વલોકમાં છે, (૨) તેનાથી ઊર્ધ્વ-તિરછાલોકમાં અસંખ્યાતગુણી છે, (૩) તેનાથી ત્રણલોકમાં સંખ્યાતગુણી છે, (૪) તેનાથી અધોલોક-

તિરછાલોકમાં અસંખ્યાતગુણી છે, (૫) તેનાથી તિરછાલોકમાં અસંખ્યાતગુણી છે, (૬) તેનાથી અધોલોકમાં અસંખ્યાતગુણી છે.

**વિવેચન :–**

પ્રસ્તુત બંને સૂત્રોમાં ભવનપતિ દેવ અને દેવીના અલ્પબહુત્વની પ્રરૂપણા છે. ભવનપતિ દેવ તથા દેવીઓનું અલ્પબહુત્વ એક સમાન છે.

(૧) સર્વથી થોડા ભવનપતિ દેવો અને દેવીઓ ઊર્ધ્વલોકમાં છે કારણ કે કોઈ કોઈ ભવનપતિ દેવ કે દેવી પોતાના પૂર્વભવના સાથી દેવની નિશ્રાથી સૌધર્માદિ દેવલોકમાં જાય છે, મેરુપર્વત પર તીર્થંકર જન્મ મહોત્સવાદિ નિમિત્તે તથા ઊર્ધ્વલોકને સ્પર્શતા અંજન પર્વત, દધિમુખાદિ પર્વતો પર અષ્ટાહ્નિકા મહોત્સવના નિમિત્તે અને ક્રીડાના નિમિત્તે જાય છે, તે દેવો સર્વથી અલ્પ હોય છે. (૨) તેનાથી ઊર્ધ્વલોક-તિરછાલોકમાં અસંખ્યાતગુણા છે કારણ કે તિરછાલોકગત ભવનપતિદેવ કે દેવી મારણાંતિક સમુદ્‌ઘાત કરીને ઊર્ધ્વલોકમાં બાદર પૃથ્વી, પાણી કે વનસ્પતિકાયિકરૂપે ઉત્પન્ન થાય ત્યારે વિગ્રહગતિમાં અને ઊર્ધ્વલોકમાં રહેલા દેવ-દેવી તિરછાલોકમાં ઉત્પન્ન થાય ત્યારે વિગ્રહગતિમાં બંને પ્રતરોનો સ્પર્શ કરે છે. તે દેવો અને દેવીઓ પૂર્વપેક્ષયા અસંખ્યાતગુણા થાય છે. (૩) તેનાથી ત્રણલોકસ્પર્શી ભવનપતિ દેવો અને દેવીઓ સંખ્યાતગુણા છે, કારણ કે ઊર્ધ્વલોકમાં રહેલા તિર્યંચ-પંચેન્દ્રિય અધોલોકમાં ભવનપતિરૂપે ઉત્પન્ન થાય ત્યારે વિગ્રહગતિમાં અને અધોલોકમાં રહેલા ભવનપતિદેવો ઊર્ધ્વલોકમાં તિર્યંચ-મનુષ્યરૂપે ઉત્પન્ન થતાં પૂર્વે મારણાંતિક સમુદ્‌ઘાત કરે ત્યારે તેઓ ત્રણલોકનો સ્પર્શ કરે છે. તે જીવો સંખ્યાતગુણા થાય છે. (૪) તેનાથી અધોલોક-તિરછાલોકમાં દેવો અને દેવીઓ અસંખ્યાતગુણા છે, કારણ કે તિરછાલોકથી ભવનપતિમાં ઉત્પન્ન થનારા તિર્યંચ-મનુષ્યો અને અધોલોકથી તિરછાલોકમાં મનુષ્ય, તિર્યંચ કે પૃથ્વી આદિ રૂપે ઉત્પન્ન થનારા ભવનપતિ દેવો આ બંને પ્રતરોનો સ્પર્શ કરે છે. તે જીવો પૂર્વાપેક્ષયા અસંખ્યગુણા હોય છે.(૫) તેનાથી તિરછાલોકમાં અસંખ્યાતગુણા છે, કારણ કે બે પ્રતરોની અપેક્ષાએ તિરછાલોકનું ક્ષેત્ર વિશાળ છે તથા ઘણા ભવનપતિ દેવ-દેવીઓના તિરછાલોકમાં સ્વસ્થાન પણ છે. (૬) તેનાથી અધોલોકમાં અસંખ્યાતગુણા છે કારણ કે અધોલોકમાં ભવનવાસી દેવ-દેવીઓના ભવનાવાસરૂપ સ્વસ્થાન છે.

**ક્ષેત્રની અપેક્ષાએ ભવનપતિ દેવ–દેવીઓનું અલ્પબહુત્વ :–**

| ક્રમ | ક્ષેત્રના જીવો | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧ | ઊર્ધ્વલોક | સર્વથી થોડા | તીર્થંકરોના જન્મ મહોત્સવાદિ પ્રસંગે મેરુ પર્વત પર ગમનાગમન કરે તે અલ્પસંખ્યામાં હોય છે. |
| ૨ | ઊર્ધ્વલોક-તિર્યગ્લોક | અસંખ્યાતગુણા | ઊર્ધ્વલોકમાં ગમનાગમનની અપેક્ષાએ તથા મારણાંતિક સમુદ્‌ઘાત અને વિગ્રહગતિની અપેક્ષાએ. |
| ૩ | ત્રણ લોક સ્પર્શી | સંખ્યાતગુણા | મારણાંતિક સમુદ્‌ઘાત અને વિગ્રહગતિમાં ત્રણે લોકનો સ્પર્શ કરનારાની સંખ્યા વધારે છે. |
| ૪ | અધોલોક-તિરછાલોક | અસંખ્યાતગુણા | તિરછાલોકમાં ગમનાગમનની અપેક્ષાએ તથા મારણાંતિક સમુદ્‌ઘાત અને વિગ્રહગતિની અપેક્ષાએ. |
| ૫ | તિરછાલોક | અસંખ્યાતગુણા | અસંખ્યદ્વીપ સમુદ્રમાં તેના માલિક દેવોના સ્થાન હોય છે. |
| ૬ | અધોલોક | અસંખ્યાતગુણા | સ્વસ્થાન છે. |

**ક્ષેત્રની અપેક્ષાએ વાણવ્યંતર દેવ-દેવીનું અલ્પબહુત્વ :–**

**१३६ खेत्ताणुवाएणं सव्वत्थोवा वाणमंतरा देवा उड्ढलोए, उड्ढलोय-तिरियलोए असंखेज्जगुणा, तेलोक्के संखेज्जगुणा, अहोलोय-तिरियलोए असंखेज्जगुणा, अहोलोए संखेज्जगुणा, तिरियलोए संखेज्जगुणा ।**

**ભાવાર્થ :–** ક્ષેત્રની અપેક્ષાએ (૧) સર્વથી થોડા વાણવ્યંતર દેવો ઊર્ધ્વલોકમાં છે, (૨) તેનાથી ઊર્ધ્વલોક-તિરછાલોકમાં અસંખ્યાતગુણા છે, (૩) તેનાથી ત્રણલોકમાં સંખ્યાતગુણા છે, (૪) તેનાથી અધોલોક-તિરછાલોકમાં અસંખ્યાતગુણા છે, (૫) તેનાથી અધોલોકમાં સંખ્યાતગુણા છે, (૬) તેનાથી તિરછાલોકમાં સંખ્યાતગુણા છે.

**१३७ खेत्ताणुवाएणं सव्वत्थोवाओ वाणमंतरीओ देवीओ उड्ढलोए, उड्ढलोय-तिरियलोए असंखेज्जगुणाओ, तेलोक्के संखेज्जगुणाओ, अहोलोय-तिरियलोए असंखेज्जगुणाओ, अहोलोए संखेज्जगुणाओ, तिरियलोए संखेज्जगुणाओ ।**

**ભાવાર્થ :–** ક્ષેત્રની અપેક્ષાએ (૧) સર્વથી થોડી વાણવ્યંતર દેવીઓ ઊર્ધ્વલોકમાં છે, (૨) તેનાથી ઊર્ધ્વલોક-તિરછાલોકમાં અસંખ્યાતગુણી છે, (૩) તેનાથી ત્રણલોકમાં સંખ્યાતગુણી છે. (૪) તેનાથી અધોલોક-તિરછાલોકમાં અસંખ્યાતગુણી છે, (૫) તેનાથી અધોલોકમાં સંખ્યાતગુણી છે, (૬) અને તેનાથી તિરછાલોકમાં સંખ્યાતગુણી છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં વાણવ્યંતર દેવ-દેવીના પૃથક્-પૃથક્ અલ્પબહુત્વની પ્રરૂપણા છે. વાણવ્યંતર દેવ-દેવીઓનું અલ્પબહુત્વ સમાન છે.

(૧) સર્વથી થોડા વાણવ્યંતર દેવો અને દેવીઓ ઊર્ધ્વલોકમાં છે કારણ કે કેટલાક દેવ-દેવીઓ પંડગવનાદિમાં ક્રીડા માટે જાય છે, તેમ જ તીર્થંકરોના જન્મ મહોત્સવ આદિ પ્રસંગે મેરુપર્વત પર જાય છે. તે દેવો અલ્પસંખ્યક છે.

(૨) તેનાથી ઊર્ધ્વલોક-તિરછાલોકમાં અસંખ્યાતગુણા છે. વ્યંતર દેવોના સ્વસ્થાન તિરછાલોકમાં છે તેથી તેઓ ગમનાગમન, વિગ્રહગતિ અને મારણાંતિક સમુદ્ઘાતનીઅપેક્ષાએ આ બંને પ્રતરોની સ્પર્શના કરે છે. તે દેવોની સંખ્યા પૂર્વાપેક્ષયા અસંખ્યાતગુણી થઈ જાય છે.

(૩) તેનાથી ત્રણલોકમાં સંખ્યાતગુણા છે કારણ કે કેટલાક દેવો વિગ્રહગતિ અને મારણાંતિક સમુદ્ઘાત કરતાં ત્રણે લોકની સ્પર્શના કરે છે. તે દેવો પૂર્વના બોલથી સંખ્યાતગુણા જ હોય છે.

(૪) તેનાથી અધોલોક-તિરછાલોકમાં અસંખ્યાતગુણા છે કારણ કે તે બંને પ્રતર વ્યંતર દેવ-દેવીઓના સ્વસ્થાનથી નજીક છે.

(૫) તેનાથી અધોલોકમાં સંખ્યાતગુણા છે કારણ કે બે પ્રતરોની અપેક્ષાએ તે ક્ષેત્ર વિશાળ છે અને વ્યંતરોના સ્વસ્થાનથી તે ક્ષેત્ર નિકટવર્તી છે.

(૬) તેનાથી તિરછાલોકમાં સંખ્યાતગુણા છે, કારણ કે તે તેનું મુખ્ય અને વિશાળ સ્વસ્થાન જ છે, તેથી ત્યાં સર્વથી અધિક વ્યંતર દેવ-દેવીઓ હોય છે.

**ક્ષેત્રની અપેક્ષાએ વ્યંતર દેવ–દેવીઓનું અલ્પબહુત્વ :–**

| ક્રમ | ક્ષેત્રના જીવો | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧ | ઊર્ધ્વલોક | સર્વથી થોડા | તીર્થંકરોના જન્માદિ સમયે મેરુપર્વત પર ગમન કરે ત્યારે હોય, તે અલ્પ છે. |
| ૨ | ઊર્ધ્વલોક–તિરછાલોક | અસંખ્યાતગુણા | મેરુપર્વત આદિ પર ગમનાગમનની અપેક્ષાએ તથા સમુદ્ઘાત અને વિગ્રહગતિની અપેક્ષાએ વધુ હોય છે. |
| ૩ | ત્રણ લોક સ્પર્શી | સંખ્યાતગુણા | મારણાંતિક સમુદ્ઘાત અને વિગ્રહગતિની અપેક્ષાએ. |
| ૪ | અધોલોક–તિરછાલોક | અસંખ્યાતગુણા | સ્વસ્થાન હોવાથી તેમજ મારણાંતિક સમુદ્ઘાત અને વિગ્રહગતિની અપેક્ષાએ. |
| ૫ | અધોલોક | સંખ્યાતગુણા | તેઓના સ્વસ્થાન અધોલોકની સમીપે હોવાથી અને ક્ષેત્ર વિશાળ હોવાથી. |
| ૬ | તિરછાલોક | સંખ્યાતગુણા | સ્વસ્થાન છે. |

**ક્ષેત્રની અપેક્ષાએ જ્યોતિષ્ક દેવ-દેવીઓનું અલ્પબહુત્વ :–**

**१३८ खेत्ताणुवाएणं सव्वत्थोवा जोइसिया देवा उड्ढलोए, उड्ढलोय-तिरियलोए असंखेज्ज-गुणा, तेलोक्के संखेज्जगुणा, अहोलोय-तिरियलोए असंखेज्जगुणा, अहोलोए संखेज्जगुणा, तिरियलोए असंखेज्जगुणा ।**

**ભાવાર્થ :–** ક્ષેત્રની અપેક્ષાએ (૧) સર્વથી થોડા જ્યોતિષી દેવો ઊર્ધ્વલોકમાં છે, (૨) તેનાથી ઊર્ધ્વલોક-તિરછાલોકમાં અસંખ્યાતગુણા છે, (૩) તેનાથી ત્રણલોકમાં સંખ્યાતગુણા છે, (૪) તેનાથી અધોલોક-તિરછાલોકમાં અસંખ્યાત ગુણા છે, (૫) તેનાથી અધોલોકમાં સંખ્યાતગુણા છે અને (૬) તેનાથી તિરછાલોકમાં અસંખ્યાતગુણા છે.

**१३९ खेत्ताणुवाएणं सव्वत्थोवाओ जोइसिणीओ देवीओ उड्ढलोए, उड्ढलोय-तिरियलोए असंखेज्जगुणाओ, तेलोक्के संखेज्जगुणाओ, अहोलोय-तिरियलोए असंखेज्जगुणाओ, अहोलोए संखेज्जगुणाओ, तिरियलोए असंखेज्जगुणाओ ।**

**ભાવાર્થ :–** ક્ષેત્રની અપેક્ષાએ (૧) સર્વથી થોડી જ્યોતિષી દેવીઓ ઊર્ધ્વલોકમાં છે, (૨) તેનાથી ઊર્ધ્વલોક-તિરછાલોકમાં અસંખ્યાતગુણી છે, (૩) તેનાથી ત્રણલોકમાં સંખ્યાતગુણી છે, (૪) તેનાથી અધોલોક-તિરછાલોકમાં અસંખ્યાતગુણી છે, (૫) તેનાથી અધોલોકમાં સંખ્યાતગુણી છે અને (૬) તેનાથી તિરછાલોકમાં અસંખ્યાતગુણી છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં જ્યોતિષી દેવ દેવીઓના અલ્પબહુત્વની વિચારણા છે, વ્યંતર અને જ્યોતિષી દેવોનું સ્વસ્થાન તિર્યગ્લોક જ છે. તેનાં અલ્પબહુત્વ સંબંધી કારણો વ્યંતર દેવો પ્રમાણે જ જાણવા.

**ક્ષેત્રની અપેક્ષાએ જ્યોતિષી દેવ-દેવીઓનું અલ્પબહુત્વ :–**

| ક્રમ | ક્ષેત્રના જીવો | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧ | ઊર્ધ્વલોક | સર્વથી થોડા | સ્વસ્થાનની સમીપ હોવાથી ઊર્ધ્વલોકમાં ગમનાગમન કરે ત્યારે અને તીર્થંકરોના જન્માદિ સમયે મેરુપર્વત પર આવે ત્યારે હોય છે. તેની સંખ્યા અલ્પ છે. |
| ૨ | ઊર્ધ્વલોક-તિરછાલોક | અસંખ્યાતગુણા | સ્વસ્થાનથી સમીપ હોવાથી ગમનાગમન અને વૈક્રિય સમુદ્ઘાતની અપેક્ષાએ વધુ હોય. |
| ૩ | ત્રણલોક સ્પર્શી | સંખ્યાતગુણા | મારણાંતિક સમુદ્ઘાત તથા વિગ્રહગતિની અપેક્ષાએ. |
| ૪ | અધોલોક-તિરછાલોક | અસંખ્યાતગુણા | અધોલૌકિક સમુદ્રમાંથી જ્યોતિષી દેવોમાં ઉત્પન્ન થનારા જીવો વિગ્રહગતિમાં અને જ્યોતિષી વિમાનોમાંથી અધોલૌકિક સમુદ્રમાં ઉત્પન્ન થવા માટે મારણાંતિક સમુદ્ઘાત કરનારા દેવો વધુ હોય છે. |
| ૫ | અધોલોકમાં | સંખ્યાતગુણા | – |
| ૬ | તિરછાલોકમાં | અસંખ્યાતગુણા | સ્વસ્થાન છે. |

**ક્ષેત્રની અપેક્ષાએ વૈમાનિક દેવ–દેવીઓનું અલ્પબહુત્વ :–**

**૧૪૦ खेत्ताणुवाएणं सव्वत्थोवा वेमाणिया देवा उड्ढलोय-तिरियलोए, तेलोक्के संखेज्जगुणा, अहोलोय-तिरियलोए संखेज्जगुणा, अहोलोए संखेज्जगुणा, तिरियलोए संखेज्जगुणा, उड्ढलोए असंखेज्जगुणा ।**

**ભાવાર્થ :–** ક્ષેત્રની અપેક્ષાએ (૧) સર્વથી થોડા વૈમાનિક દેવો ઊર્ધ્વલોક-તિરછાલોકમાં છે, (૨) તેનાથી ત્રણલોકમાં સંખ્યાતગુણા છે, (૩) તેનાથી અધોલોક તિરછાલોકમાં સંખ્યાતગુણા છે, (૪) તેનાથી અધોલોકમાં સંખ્યાત-ગુણા છે, (૫) તેનાથી તિરછાલોકમાં સંખ્યાતગુણા છે અને (૬) તેનાથી ઊર્ધ્વલોકમાં અસંખ્યાતગુણા છે.

**૧૪૧ खेत्ताणुवाएणं सव्वत्थोवाओ वेमाणिणीओ देवीओ उड्ढलोय-तिरियलोए, तेलोक्के संखेज्जगुणाओ, अहोलोय-तिरियलोए संखेज्जगुणाओ, अहोलोए संखिज्जगुणाओ, तिरियलोए संखेज्जगुणाओ, उड्ढलोए असंखेज्जगुणाओ ।**

**ભાવાર્થ :–** ક્ષેત્રની અપેક્ષાએ (૧) સર્વથી થોડી વૈમાનિક દેવીઓ ઉર્ધ્વલોક-તિરછાલોકમાં છે, (૨) તેનાથી ત્રણલોકમાં સંખ્યાતગુણી છે, (૩) તેનાથી અધોલોક-તિરછાલોકમાં સંખ્યાતગુણી છે, (૪) તેનાથી અધોલોકમાં સંખ્યાતગુણી છે, (૫) તેનાથી તિરછાલોકમાં સંખ્યાતગુણી છે અને (૬) તેનાથી ઊર્ધ્વલોકમાં અસંખ્યાતગુણી દેવીઓ છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં વૈમાનિક દેવ-દેવીઓના અલ્પબહુત્વનું કથન છે.

વૈમાનિક દેવ-દેવીઓનું સ્વસ્થાન ઊર્ધ્વલોક છે. તેથી ઊર્ધ્વલોકમાં વૈમાનિક દેવ-દેવીઓ સર્વથી

અધિક છે. તે સિવાયના ક્ષેત્રોમાં દેવો તીર્થંકરના કલ્યાણકોની ઉજવણી માટે વગેરે વિશિષ્ટ કારણસર ગમનાગમન કરે છે. ત્યારે તે તે ક્ષેત્રોની સ્પર્શના કરે છે. મારણાંતિક સમુદ્‌ઘાત દ્વારા આત્મપ્રદેશોને ફેલાવે ત્યારે સ્વસ્થાન સિવાયના ક્ષેત્રોનો સ્પર્શ કરે છે. વિગ્રહગતિમાં પણ અન્ય ક્ષેત્રોનો સ્પર્શ કરે છે. આ રીતે તે દેવ-દેવીઓની સ્પર્શના લોકના છ એ વિભાગમાં થાય છે. તેનું અલ્પબહુત્વ ભાવાર્થથી સ્પષ્ટ છે.

**ક્ષેત્રની અપેક્ષાએ વૈમાનિક દેવ–દેવીઓનું અલ્પબહુત્વ :–**

| ક્રમ | ક્ષેત્રના જીવો | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧ | ઊર્ધ્વલોક-તિરછાલોક | સર્વથી થોડા | વિગ્રહગતિ, મારણાંતિક સમુદ્‌ઘાત અને ગમનાગમન સમયે સ્પર્શે છે. તેની સંખ્યા અસંખ્ય હોવા છતાં પણ અલ્પ છે. |
| ૨ | ત્રણલોક સ્પર્શી | સંખ્યાતગુણા | મારણાંતિક સમુદ્‌ઘાત અને વિગ્રહગતિની અપેક્ષાએ. |
| ૩ | અધોલોક-તિરછાલોક | સંખ્યાતગુણા | અધોલૌકિક બે વિજયમાં કે અધોલોકમાં ભવનપતિ દેવ-દેવી પાસે જવાની અપેક્ષાએ વધુ હોય. |
| ૪ | અધોલોક | સંખ્યાતગુણા | અધોલૌકિક બે વિજયમાં અને ભવનપતિના ભવનોમાં ગમનાગમન અપેક્ષાએ. |
| ૫ | તિરછાલોક | સંખ્યાતગુણા | ઘણા તીર્થંકરોના સમવસરણમાં અને પોતાની રાજધાનીઓમાં ગમનાગમન કરતા હોવાથી વધારે હોય છે. |
| ૬ | ઊર્ધ્વલોક | અસંખ્યાતગુણા | સ્વસ્થાન છે. |

***નોંધ :–*** *શ્રી ભગવતી સૂત્ર શતક–૨૪ અનુસાર એક સાથે અસંખ્ય તિર્યંચ પંચેન્દ્રિય જીવો વૈમાનિક દેવોમાં ઉત્પન્ન થઈ શકે છે. તેથી ક્ષેત્રની અપેક્ષાએ વૈમાનિક દેવોના અલ્પબહુત્વના પહેલા અને બીજા બોલમાં ઊર્ધ્વલોક-તિરછાલોક અને ત્રણે લોકને સ્પર્શતા વૈમાનિક દેવો વિગ્રહ ગતિની અપેક્ષાએ અસંખ્યાતા હોય શકે છે, તેમ સ્પષ્ટ થાય છે.*

*ત્યારપછી ત્રીજા, ચોથા અને પાંચમા બોલમાં અર્થાત્ અધોલોક-તિરછાલોક, અધોલોક અને તિરછાલોકમાં વૈમાનિક દેવો ક્યારેક ગમનાગમન કરે તે અપેક્ષાએ હોય છે. તેવા વૈમાનિક દેવોની સંખ્યા અલ્પ હોવાથી વધુમાં વધુ સંખ્યાતા જ હોય છે. તે પહેલા અને બીજા અસંખ્યાતાના બોલથી સંખ્યાતગુણા અધિક કેવી રીતે થાય તે વિચારણીય છે. માટે અલ્પબહુત્વના કારણોને સમગ્ર રીતે ઊંડાણથી વિચાર કરતાં* ***ક્ષેત્રની અપેક્ષાએ વૈમાનિક દેવોનું અલ્પબહુત્વ*** *આ રીતે થાય છે–*

*(૧) સર્વથી થોડા વૈમાનિક દેવો અધોલોક-તિરછાલોકમાં હોય છે. અધોલોકમાં ગમનાગમન કરતા દેવો તે બે પ્રતરનો સ્પર્શ કરે છે. તે વૈમાનિક દેવોની સંખ્યા અલ્પ છે. (૨) તેનાથી અધોલોકમાં સંખ્યાતગુણા છે. કારણ કે તેનો ક્ષેત્ર વિસ્તાર અધિક છે. તેથી ગમનાગમનની અપેક્ષાએ અધિક દેવો હોય શકે છે. (૩) તેનાથી તિરછાલોકમાં સંખ્યાતગુણા છે કારણ કે તીર્થંકરોના સમવસરણમાં, તેમજ જન્મોત્સવ વગેરે પ્રસંગોમાં ઘણા દેવોનું ગમનાગમન થાય છે તેમજ કેટલાક દેવોની તિરછાલોકમાં રાજધાની પણ છે. (૪) તેનાથી ત્રણે લોક સ્પર્શી દેવો અસંખ્યાતગુણા છે. કારણ કે ઊર્ધ્વલોકમાંથી અધોલોકમાં મારણાંતિક સમુદ્‌ઘાત કરીને ઉત્પન્ન થતા વૈમાનિક દેવો તથા અધોલોકમાંથી ઊર્ધ્વલોકમાં વૈમાનિક દેવપણે ઉત્પન્ન થતાં તિર્યંચ પંચેન્દ્રિય કે મનુષ્યો વિગ્રહગતિ દ્વારા ત્રણલોકનો સ્પર્શ કરે છે, તે અસંખ્યાતા હોય છે. (૫) તેનાથી ઊર્ધ્વલોક-તિરછાલોકમાં સંખ્યાતગુણા છે. ઉપપાત અને સમુદ્‌ઘાતની અપેક્ષાએ વિશેષ હોય છે. (૬) તેનાથી ઊર્ધ્વલોકમાં અસંખ્યાતગુણા છે, કારણ તે તેનું સ્વસ્થાન છે.* ***આ જ રીતે જ્યોતિષી દેવોનું અલ્પબહુત્વ પણ વિચારણીય છે.***

**ક્ષેત્રની અપેક્ષાએ એકેન્દ્રિયાદિ પાંચ જાતિના જીવોનું અલ્પબહુત્વ :-**

**१४२ खेत्ताणुवाएणं सव्वत्थोवा एगिंदिया जीवा उड्ढलोय-तिरियलोए, अहोलोय-तिरियलोए विसेसाहिया, तिरियलोए असंखेज्जगुणा, तेलोक्के असंखेज्जगुणा, उड्ढलोए असंखेज्जगुणा, अहोलोए विसेसाहिया ।**

**ભાવાર્થ :–** ક્ષેત્રની અપેક્ષાએ (૧) સર્વથી થોડા એકેન્દ્રિય જીવો ઊર્ધ્વલોક-તિરછાલોકમાં છે, (૨) તેનાથી અધોલોક-તિરછાલોકમાં વિશેષાધિક છે, (૩) તેનાથી તિરછાલોકમાં અસંખ્યાતગુણા છે, (૪) તેનાથી ત્રણ લોકમાં અસંખ્યાતગુણા છે, (૫) તેનાથી ઊર્ધ્વલોકમાં અસંખ્યાતગુણા છે અને (૬) તેનાથી અધોલોકમાં વિશેષાધિક છે.

**१४३ खेत्ताणुवाएणं सव्वत्थोवा एगिंदिया जीवा अपज्जत्तगा उड्ढलोय-तिरियलोए, अहोलोयतिरियलोए विसेसाहिया, तिरियलोए असंखेज्जगुणा, तेलोक्के असंखेज्जगुणा, उड्ढलोए असंखेज्जगुणा, अहोलोए विसेसाहिया ।**

**ભાવાર્થ :–** ક્ષેત્રની અપેક્ષાએ (૧) સર્વથી થોડા એકેન્દ્રિય અપર્યાપ્તા જીવો ઊર્ધ્વલોક-તિરછાલોકમાં છે, (૨) તેનાથી અધોલોક-તિરછાલોકમાં વિશેષાધિક છે, (૩) તેનાથી તિરછાલોકમાં અસંખ્યાતગુણા છે, (૪) તેનાથી ત્રણલોકમાં અસંખ્યાતગુણા છે, (૫) તેનાથી ઊર્ધ્વલોકમાં અસંખ્યાતગુણા છે અને (૬) તેનાથી અધોલોકમાં વિશેષાધિક છે.

**१४४ खेत्ताणुवाएणं सव्वत्थोवा एगिंदिया जीवा पज्जत्तगा उड्ढलोय-तिरियलोए, अहोलोय-तिरियलोए विसेसाहिया, तिरियलोए असंखेज्जगुणा, तेलोक्के असंखेज्जगुणा, उड्ढलोए असंखेज्जगुणा, अहोलोए विसेसाहिया ।**

**ભાવાર્થ :–** ક્ષેત્રની અપેક્ષાએ (૧) સર્વથી થોડા એકેન્દ્રિય પર્યાપ્તા જીવો ઊર્ધ્વલોક-તિરછાલોકમાં છે, (૨) તેનાથી અધોલોક-તિરછાલોકમાં વિશેષાધિક છે, (૩) તેનાથી તિરછાલોકમાં અસંખ્યાતગુણા છે, (૪) તેનાથી ત્રણલોકમાં અસંખ્યાતગુણા છે, (૫) તેનાથી ઊર્ધ્વલોકમાં અસંખ્યાતગુણા છે અને (૬) તેનાથી અધોલોકમાં વિશેષાધિક છે.

**१४५ खेत्ताणुवाएणं सव्वत्थोवा बेइंदिया उड्ढलोए, उड्ढलोय-तिरियलोए असंखेज्जगुणा, तेलोक्के असंखेज्जगुणा, अहोलोय-तिरियलोए असंखेज्जगुणा, अहोलोए संखेज्जगुणा, तिरियलोए संखेज्जगुणा ।**

**ભાવાર્થ :–** ક્ષેત્રની અપેક્ષાએ (૧) સર્વથી થોડા બેઇન્દ્રિય જીવો ઊર્ધ્વલોકમાં છે, (૨) તેનાથી ઊર્ધ્વલોક તિરછાલોકમાં અસંખ્યાતગુણા છે, (૩) તેનાથી ત્રણલોકમાં અસંખ્યાતગુણા છે, (૪) તેનાથી અધોલોક-તિરછાલોકમાં અસંખ્યાતગુણા છે, (૫) તેનાથી અધોલોકમાં સંખ્યાતગુણા છે અને (૬) તેનાથી તિરછાલોકમાં સંખ્યાતગુણા છે.

**१४६ खेत्ताणुवाएणं सव्वत्थोवा बेइंदिया अपज्जत्तया उड्ढलोए, उड्ढलोय-तिरियलोए असंखेज्जगुणा, तेलोक्के असंखेज्जगुणा, अहोलोय-तिरियलोए असंखेज्जगुणा, अहोलोए**

**संखेज्जगुणा, तिरियलोए संखेज्जगुणा ।**

**ભાવાર્થ :–** ક્ષેત્રની અપેક્ષાએ (૧) સર્વથી થોડા બેઇન્દ્રિય અપર્યાપ્તા જીવો ઊર્ધ્વલોકમાં છે, (૨) તેનાથી ઊર્ધ્વલોક-તિરછાલોકમાં અસંખ્યાતગુણા છે, (૩) તેનાથી ત્રણલોકમાં અસંખ્યાતગુણા, (૪) તેનાથી અધોલોક તિરછાલોકમાં અસંખ્યાતગુણા, (૫) તેનાથી અધોલોકમાં સંખ્યાતગુણા છે અને (૬) તેનાથી તિરછાલોકમાં સંખ્યાતગુણા છે.

**१४७ खेत्ताणुवाएणं सव्वत्थोवा बेइंदिया पज्जत्तया उड्ढलोए, उड्ढलोय-तिरियलोए असंखेज्ज- गुणा, तेलोक्के असंखेज्जगुणा, अहोलोय-तिरियलोए असंखेज्जगुणा, अहोलोए संखेज्जगुणा, तिरियलोए संखेज्जगुणा ।**

**ભાવાર્થ :–** ક્ષેત્રની અપેક્ષાએ (૧) સર્વથી થોડા બેઇન્દ્રિય પર્યાપ્તા જીવો ઊર્ધ્વલોકમાં છે, (૨) તેનાથી ઊર્ધ્વલોક-તિરછાલોકમાં અસંખ્યાતગુણા છે, (૩) તેનાથી ત્રણલોકમાં અસંખ્યાતગુણા છે, (૪) તેનાથી અધોલોક-તિરછાલોકમાં અસંખ્યાતગુણા છે, (૫) તેનાથી અધોલોકમાં સંખ્યાતગુણા છે અને (૬) તેનાથી તિરછાલોકમાં સંખ્યાતગુણા છે.

**१४८ खेत्ताणुवाएणं सव्वत्थोवा तेइंदिया उड्ढलोए, उड्ढलोय-तिरियलोए असंखेज्जगुणा, तेलोक्के असंखेज्जगुणा, अहोलोय-तिरियलोए असंखेज्जगुणा, अहोलोए संखेज्जगुणा, तिरियलोए संखेज्जगुणा ।**

**ભાવાર્થ :–** ક્ષેત્રની અપેક્ષાએ (૧) સર્વથી થોડા તેઇન્દ્રિય જીવો ઊર્ધ્વલોકમાં છે, (૨) તેનાથી ઊર્ધ્વલોક-તિરછાલોકમાં અસંખ્યાતગુણા છે, (૩) તેનાથી ત્રણલોકમાં અસંખ્યાતગુણા છે, (૪) તેનાથી અધોલોક-તિરછાલોકમાં અસંખ્યાતગુણા છે (૫) તેનાથી અધોલોકમાં સંખ્યાતગુણા છે અને (૬) તેનાથી તિરછાલોકમાં સંખ્યાતગુણા છે.

**१४९ खेत्ताणुवाएणं सव्वत्थोवा तेइंदिया अपज्जत्तगा उड्ढलोए, उड्ढलोय-तिरियलोए असंखेज्जगुणा, तेलोक्के असंखेज्जगुणा, अहोलोय-तिरियलोए असंखेज्जगुणा, अहोलोए संखेज्जगुणा, तिरियलोए संखेज्जगुणा ।**

**ભાવાર્થ :–** ક્ષેત્રની અપેક્ષાએ (૧) સર્વથી થોડા અપર્યાપ્તા તેઇન્દ્રિય જીવો ઊર્ધ્વલોકમાં છે, (૨) તેનાથી ઊર્ધ્વલોકમાં-તિરછાલોકમાં અસંખ્યાતગુણા છે, (૩) તેનાથી ત્રણલોકમાં અસંખ્યાતગુણા છે, (૪) તેનાથી અધોલોક-તિરછાલોકમાં અસંખ્યાતગુણા છે, (૫) તેનાથી અધોલોકમાં સંખ્યાતગુણા છે અને (૬) તેનાથી તિરછાલોકમાં સંખ્યાતગુણા છે.

**१५० खेत्ताणुवाएणं सव्वत्थोवा तेइंदिया पज्जत्तया उड्ढलोए, उड्ढलोयतिरियलोए असंखेज्ज- गुणा, तेलोक्के असंखेज्जगुणा, अहोलोय-तिरियलोए असंखेज्जगुणा, अहोलोए संखेज्जगुणा, तिरियलोए संखेज्जगुणा ।**

**ભાવાર્થ :–** ક્ષેત્રની અપેક્ષાએ (૧) સર્વથી થોડા તેઇન્દ્રિય પર્યાપ્તા જીવો ઊર્ધ્વલોકમાં છે, (૨) તેનાથી ઊર્ધ્વલોક-તિરછાલોકમાં અસંખ્યાતગુણા છે, (૩) તેનાથી ત્રણલોકમાં અંસખ્યાતગુણા છે, (૪) તેનાથી

અધોલોક-તિરછાલોકમાં અસંખ્યાતગુણા છે. (૫) તેનાથી અધોલોકમાં સંખ્યાતગુણા છે અને (૬) તેનાથી તિરછાલોકમાં સંખ્યાતગુણા છે.

**१५१ खेत्ताणुवाएणं सव्वत्थोवा चउरिंदिया जीवा उड्ढलोए, उड्ढलोय-तिरियलोए असंखेज्जगुणा, तेलोक्के असंखेज्जगुणा, अहोलोयतिरियलोए असंखेज्जगुणा, अहोलोए संखेज्जगुणा, तिरियलोए संखेज्जगुणा ।**

**ભાવાર્થ :–** ક્ષેત્રની અપેક્ષાએ (૧) સર્વથી થોડા ચૌરેન્દ્રિય જીવો ઊર્ધ્વલોકમાં છે, (૨) તેનાથી ઊર્ધ્વલોક-તિરછાલોકમાં અસંખ્યાતગુણા છે, (૩) તેનાથી ત્રણલોકમાં અસંખ્યાતગુણા છે, (૪) તેનાથી અધોલોક-તિરછાલોકમાં અસંખ્યાતગુણા છે, (૫) તેનાથી અધોલોકમાં સંખ્યાતગુણા છે અને (૬) તેનાથી તિરછાલોકમાં સંખ્યાતગુણા છે.

**१५२ खेत्ताणुवाएणं सव्वत्थोवा चउरिंदिया जीवा अपज्जत्तगा उड्ढलोए, उड्ढलोय-तिरियलोए असंखेज्जगुणा, तेलोक्के असंखेज्जगुणा, अहोलोय-तिरियलोए असंखेज्जगुणा, अहोलोए संखेज्जगुणा, तिरियलोए संखेज्जगुणा ।**

**ભાવાર્થ :–** ક્ષેત્રની અપેક્ષાએ (૧) સર્વથી થોડા અપર્યાપ્તા ચૌરેન્દ્રિય જીવો ઊર્ધ્વલોકમાં છે, (૨) તેનાથી ઊર્ધ્વલોક-તિરછાલોકમાં અસંખ્યાતગુણા છે, (૩) તેનાથી ત્રણલોકમાં અસંખ્યાતગુણા છે, (૪) તેનાથી અધોલોક-તિરછાલોકમાં અસંખ્યાતગુણા છે, (૫) તેનાથી અધોલોકમાં સંખ્યાતગુણા છે અને (૬) તેનાથી તિરછાલોકમાં સંખ્યાતગુણા છે.

**१५३ खेत्ताणुवाएणं सव्वत्थोवा चउरिंदिया जीवा पज्जत्तया उड्ढलोए, उड्ढलोय-तिरियलोए असंखेज्जगुणा, तेलोक्के असंखेज्जगुणा, अहोलोय-तिरियलोए असंखेज्जगुणा, अहोलोए संखेज्जगुणा, तिरियलोए संखेज्जगुणा ।**

**ભાવાર્થ :–** ક્ષેત્રની અપેક્ષાએ (૧) સર્વથી થોડા પર્યાપ્તા ચૌરેન્દ્રિય જીવો ઉર્ધ્વલોકમાં છે, (૨) તેનાથી ઊર્ધ્વલોક-તિરછાલોકમાં અસંખ્યાતગુણા છે, (૩) તેનાથી ત્રણલોકમાં અસંખ્યાતગુણા છે, (૪) તેનાથી અધોલોક-તિરછાલોકમાં અસંખ્યાતગુણા છે, (૫) તેનાથી અધોલોકમાં સંખ્યાતગુણા છે અને (૬) તેનાથી તિરછાલોકમાં સંખ્યાતગુણા છે.

**१५४ खेत्ताणुवाएणं सव्वत्थोवा पंचिंदिया तेलोक्के, उड्ढलोय-तिरियलोए संखेज्जगुणा, अहोलोय-तिरियलोए संखेज्जगुणा, उड्ढलोए संखेज्जगुणा, अहोलोए संखेज्जगुणा, तिरियलोए असंखेज्जगुणा ।**

**ભાવાર્થ :–** ક્ષેત્રની અપેક્ષાએ (૧) સર્વથી થોડા પંચેન્દ્રિય જીવો ત્રણલોકમાં છે, (૨) તેનાથી ઊર્ધ્વલોક-તિરછાલોકમાં સંખ્યાતગુણા, (૩) તેનાથી અધોલોક-તિરછાલોકમાં સંખ્યાતગુણા છે, (૪) તેનાથી ઊર્ધ્વલોકમાં સંખ્યાતગુણા, (૫) તેનાથી અધોલોકમાં સંખ્યાતગુણા અને (૬) તેનાથી તિરછાલોકમાં અસંખ્યાતગુણા છે.

**१५५ खेत्ताणुवाएणं सव्वत्थोवा पंचिंदिया अपज्जत्तया तेलोक्के, उड्ढलोय-तिरियलोए संखेज्जगुणा, अहोलोयतिरियलोए संखेज्जगुणा, उड्ढलोए संखेज्जगुणा, अहोलोए संखेज्जगुणा, तिरियलोए असंखेज्जगुणा ।**

**ભાવાર્થ :–** ક્ષેત્રની અપેક્ષાએ (૧) સર્વથી થોડા અપર્યાપ્તા પંચેન્દ્રિય ત્રણલોકમાં છે, (૨) તેનાથી ઊર્ધ્વલોક- તિરછાલોકમાં સંખ્યાતગુણા છે, (૩) તેનાથી અધોલોક-તિરછાલોકમાં સંખ્યાતગુણા છે, (૪) તેનાથી ઊર્ધ્વલોકમાં સંખ્યાતગુણા છે, (૫) તેનાથી અધોલોકમાં સંખ્યાતગુણા છે અને (૬) તેનાથી તિરછાલોકમાં અસંખ્યાતગુણા છે.

**૧૫૬ खेत्ताणुवाएणं सव्वत्थोवा पंचिंदिया पज्जत्तया उड्ढलोए, उड्ढलोयतिरियलोए असंखेज्जगुणा, तेलोक्के संखेज्जगुणा, अहोलोयतिरियलोए संखेज्जगुणा, अहोलोए संखेज्जगुणा, तिरियलोए असंखेज्जगुणा ।**

**ભાવાર્થ :–** ક્ષેત્રની અપેક્ષાએ (૧) સર્વથી થોડા પર્યાપ્તા પંચેન્દ્રિય ઊર્ધ્વલોકમાં છે, (૨) તેનાથી ઊર્ધ્વલોક-તિરછાલોકમાં અસંખ્યાતગુણા છે, (૩) તેનાથી ત્રણલોકમાં સંખ્યાતગુણા છે, (૪) તેનાથી અધોલોક-તિરછાલોકમાં સંખ્યાતગુણા છે, (૫) તેનાથી અધોલોકમાં સંખ્યાતગુણા છે અને (૬) તેનાથી તિરછાલોકમાં અસંખ્યાતગુણા છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ક્ષેત્રની અપેક્ષાએ એકેન્દ્રિયથી પંચેન્દ્રિય જાતિના જીવોના અલ્પબહુત્વની વિચારણા છે. તેમાં સૂત્રકારે સમુચ્ચય એકેન્દ્રિયાદિ અને ત્યાર પછી તે સર્વના પર્યાપ્તા-અપર્યાપ્તાની અપેક્ષાએ અલ્પબહુત્વનું કથન કર્યું છે.

**એકેન્દ્રિય જીવો :–** એકેન્દ્રિય જીવોના સ્વસ્થાન આખા લોકમાં છે, તેમ છતાં લોકના છ એ વિભાગોમાં ક્ષેત્રની ન્યૂનાધિકતાના કારણે તે જીવોમાં ન્યૂનાધિકતા હોય છે.

(૧) સર્વથી થોડા પર્યાપ્તા-અપર્યાપ્તા એકેન્દ્રિય જીવો ઊર્ધ્વલોક-તિરછાલોકમાં છે. ઊર્ધ્વલોકથી તિરછાલોકમાં અને તિરછાલોકથી ઊર્ધ્વલોકમાં ઉત્પન્ન થતાં એકેન્દ્રિય જીવો વિગ્રહગતિમાં અને મારણાંતિક સમુદ્દ્ઘાત સમયે ઊર્ધ્વલોક-તિરછાલોકના બંને પ્રતરોનો સ્પર્શ કરે છે. તે ઉપરાંત કેટલાક એકેન્દ્રિય જીવોનું તે સ્વસ્થાન પણ છે તેમ છતાં ક્ષેત્રની અલ્પતાના કારણે તે જીવો સર્વથી થોડા છે.

(૨) તેનાથી અધોલોક-તિરછાલોકમાં વિશેષાધિક છે. તિરછાલોકના અસંખ્ય સમુદ્રો આ બંને પ્રતરને સ્પર્શે છે, તેથી કેટલાક એકેન્દ્રિય જીવોનું તે સ્વસ્થાન છે અને કેટલાક જીવો મારણાંતિક સમુદ્દ્ઘાત દ્વારા તે ક્ષેત્રનો સ્પર્શ કરે છે. અધોલોકથી તિર્યગ્લોકમાં ઉત્પન્ન થનારા અને અધોલોકમાં રહેનારા એકેન્દ્રિય જીવો અધિક છે. તેથી ઊર્ધ્વલોક-તિરછાલોક કરતાં અધોલોક-તિરછાલોકમાં એકેન્દ્રિય જીવો વિશેષાધિક છે.

(૩) તેનાથી તિરછાલોકમાં અસંખ્યાતગુણા છે કારણ કે ઉપરના બંને ક્ષેત્ર બે પ્રતર રૂપ જ છે તેનાથી તિરછાલોકનું ક્ષેત્ર અસંખ્યાતગુણું છે, તેથી ત્યાં એકેન્દ્રિય જીવો અસંખ્યાતગુણા છે.

(૪) તેનાથી ત્રણલોકસ્પર્શી જીવો અસંખ્યાતગુણા છે, કારણ કે ઊર્ધ્વલોકથી અધોલોકમાં અને અધોલોકથી ઊર્ધ્વલોકમાં ઉત્પન્ન થનારા જીવો મારણાંતિક સમુદ્દ્ઘાતમાં અને વિગ્રહગતિમાં ત્રણેય લોકનો સ્પર્શ કરે છે. ઊર્ધ્વલોક અને અધોલોક તિરછાલોકથી અસંખ્યગુણા મોટા છે તેથી ત્યાં ઉત્પન્ન થનારા અને ત્યાંથી મૃત્યુ પામનારા એકેન્દ્રિય જીવો પણ વધુ છે. તેથી ત્રણલોક સ્પર્શી જીવો અસંખ્યાતગુણા છે.

(૫) તેનાથી ઉર્ધ્વલોકમાં અસંખ્યાતગુણા છે કારણ કે ત્યાં સ્થાનસ્થિત જીવો અને તેનું ઉપપાત ક્ષેત્ર અત્યધિક છે. (૬) તેનાથી અધોલોકમાં વિશેષાધિક છે, કારણ કે ઊર્ધ્વલોકના ક્ષેત્ર કરતાં અધોલોકનું ક્ષેત્ર વિશેષાધિક છે. આ જ રીતે એકેન્દ્રિય અપર્યાપ્તા અને પર્યાપ્તાનું અલ્પબહુત્વ થાય છે.

**ક્ષેત્રની અપેક્ષાએ એકેન્દ્રિય જીવોનું અલ્પબહુત્વ :–** [**વિશેષ :** આ અલ્પબહુત્વ સૂક્ષ્મ જીવોની મુખ્યતાએ છે]

| ક્રમ | ક્ષેત્રના જીવો | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧ | ઊર્ધ્વલોક-તિરછાલોક | સર્વથી થોડા | બે પ્રતરરૂપક્ષેત્ર અલ્પ છે. |
| ૨ | અધોલોક-તિરછાલોક | વિશેષાધિક | સમુદ્રની અપેક્ષાએ જીવોની સંખ્યા વધુ છે. |
| ૩ | તિરછાલોક | અસંખ્યાતગુણા | ક્ષેત્ર અસંખ્યાતગણું વિસ્તૃત છે. |
| ૪ | ત્રણલોક સ્પર્શી | અસંખ્યાતગુણા | ઊર્ધ્વથી અધો અને અધોથી ઊર્ધ્વલોકમાં ઉત્પન્ન થનારા જીવો ઘણા છે. તે જીવો વિગ્રહગતિ અને મારણાંતિક સમુદ્દ્ઘાતથી ત્રણે લોકનો સ્પર્શ કરે છે. |
| ૫ | ઊર્ધ્વલોક | અસંખ્યાતગુણા | ક્ષેત્ર અસંખ્યાતગુણ વિસ્તૃત છે. |
| ૬ | અધોલોક | વિશેષાધિક | ઊર્ધ્વલોકથી અધોલોકનું ક્ષેત્ર કંઈક અધિક વિસ્તૃત છે. |

**વિકલેન્દ્રિય જીવો :–** ***વિકલેન્દ્રિય જીવો ઊર્ધ્વલોકમાં મેરુપર્વતની વાવડીઓમાં જ હોય છે. વૈમાનિક દેવોના વિમાનોમાં વિકલેન્દ્રિય જીવો નથી. અધોલોકમાં અધોલૌકિક સમુદ્રી જળ આદિમાં હોય છે. નરકાવાસમાં કે ભવનપતિના ભવનોમાં વિકલેન્દ્રિય જીવો નથી.*** તે જીવોની બહુલતા તિરછાલોકમાં જ છે. વિકલેન્દ્રિય જીવો મારણાંતિક સમુદ્દ્ઘાત અને વિગ્રહગતિની અપેક્ષાએ અધોલોક-તિરછાલોક કે ઊર્ધ્વલોક-તિરછાલોક અથવા ત્રણલોકનો સ્પર્શ કરે છે.

(૧) સર્વથી થોડા વિકલેન્દ્રિય જીવો ઊર્ધ્વલોકમાં છે કારણ કે ઊર્ધ્વલોકમાં મેરુપર્વતની વાવડીઓમાં વિકલેન્દ્રિય જીવો હોય છે. તે અત્યંત અલ્પસંખ્યક છે. (૨, ૩, ૪) તેનાથી ઊર્ધ્વલોક-તિરછાલોકમાં, ત્રણલોકમાં અને અધોલોક-તિરછાલોકમાં ક્રમશઃ અસંખ્યાતગુણા છે. વિગ્રહગતિ અને મારણાંતિક સમુદ્દ્ઘાતની અપેક્ષાએ વિકલેન્દ્રિય જીવો ક્રમશઃ તે-તે ક્ષેત્રનો સ્પર્શ કરે છે. (૫) તેનાથી અધોલોકમાં સંખ્યાતગુણા છે કારણ કે તે ક્ષેત્ર અત્યંત વિસ્તૃત છે. તેમજ તિરછાલોકમાં ૧૦૦૦ યોજન ઊંડા અસંખ્યાતા સમુદ્રો છે, તેના અંતિમ ૧૦૦ યોજન અધોલોકમાં છે. ત્યાં ઘણા વિકલેન્દ્રિયો ઉત્પન્ન થાય છે. (૬) તેનાથી તિરછાલોકમાં સંખ્યાતગુણા છે કારણ કે તે તેનું સ્વસ્થાન છે.

વિકલેન્દ્રિય પર્યાપ્ત, અપર્યાપ્ત જીવોનું અલ્પબહુત્વ એક સમાન છે. અહીં લબ્ધિ પર્યાપ્તા-અપર્યાપ્તાની અપેક્ષાએ અલ્પબહુત્વ છે.

**ક્ષેત્રની અપેક્ષાએ વિકલેન્દ્રિય જીવોનું અલ્પબહુત્વ :–**

| ક્રમ | ક્ષેત્રના જીવો | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧ | ઊર્ધ્વલોક | સર્વથી થોડા | ઊર્ધ્વલોકમાં મેરુપર્વત આદિની વાવડીઓના જળમાં જ વિકલેન્દ્રિય જીવો છે, તે અત્યંત અલ્પ છે. |
| ૨ | ઊર્ધ્વલોક-તિરછાલોક | અસંખ્યાતગુણા | કેટલાક જીવોના સ્વસ્થાન, વિગ્રહ ગતિ અને મારણાંતિક સમુદ્દ્ઘાતની અપેક્ષાએ. |
| ૩ | ત્રિલોક સ્પર્શી | અસંખ્યાતગુણા | વિગ્રહગતિ અને મારણાંતિક સમુદ્દ્ઘાતની અપેક્ષાએ. |

| ક્રમ | ક્ષેત્રના જીવો | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૪ | અધોલોક-તિરછાલોક | અસંખ્યાતગુણા | આ બે પ્રદેશી પ્રતર ઉપર સમુદ્ર હોવાથી ત્યાં તે જીવોની સંખ્યા ઘણી છે. |
| ૫ | અધોલોક | સંખ્યાતગુણા | ક્ષેત્ર ઘણું વિશાળ હોવાથી ઉપપાત, સમુદ્ઘાત અને સ્વસ્થાન ત્રણે પ્રકારના જીવો વધુ છે. |
| ૬ | તિરછોલોક | સંખ્યાતગુણા | સ્વસ્થાન વધુ વિસ્તૃત છે. |

**પંચેન્દ્રિય જીવો :–** પંચેન્દ્રિય જીવોના સ્વસ્થાન ત્રણે લોકમાં છે. અધોલોકમાં નૈરયિક અને ભવનપતિ દેવોના સ્વસ્થાન, તિરછાલોકમાં વ્યંતર અને જ્યોતિષી દેવો તથા મનુષ્ય અને તિર્યંચ પંચેન્દ્રિયોના સ્વસ્થાન છે. ઊર્ધ્વલોકમાં વૈમાનિક દેવોના સ્વસ્થાન છે. તે ઉપરાંત પંચેન્દ્રિય જીવો મારણાંતિક સમુદ્ઘાત સમયે લોકના વિવિધ વિભાગોનો સ્પર્શ કરે છે. તેમાં પર્યાપ્ત અને અપર્યાપ્ત જીવોના અલ્પબહુત્વમાં ભિન્નતા છે. **સમુચ્ચય પંચેન્દ્રિય**નું અલ્પબહુત્વ **અપર્યાપ્તા**ના આધારે જ છે, તેથી તે બંને સમાન છે.

**અપર્યાપ્તા પંચેન્દ્રિય :–** (૧)સર્વથી થોડા પંચેન્દ્રિય(અપર્યાપ્તા) જીવો ત્રણલોક સ્પર્શી છે. ઊર્ધ્વલોકમાંથી અધોલોકમાં અને અધોલોકમાંથી ઊર્ધ્વલોકમાં પંચેન્દ્રિયપણે જન્મ ધારણ કરતા વિગ્રહગતિના જીવો ઉપપાતની અપેક્ષાએ ત્રણે લોકની સ્પર્શના કરે છે. તે જ રીતે પંચેન્દ્રિય(અપર્યાપ્તા) જીવો ઊર્ધ્વલોકમાંથી અધોલોકમાં કે અધોલોકમાંથી ઊર્ધ્વલોકમાં કોઈપણ જાતિમાં ઉત્પન્ન થતાં પૂર્વે મારણાંતિક સમુદ્ઘાત કરે ત્યારે તે ત્રણે લોકની સ્પર્શના કરે છે. આ રીતે ઉપપાત અને સમુદ્ઘાતની અપેક્ષાએ કેટલાક પંચેન્દ્રિય જીવો ત્રણે લોકની સ્પર્શના કરે છે તેવા જીવો અલ્પસંખ્યક છે.

(૨) તેનાથી ઊર્ધ્વલોક-તિરછાલોકમાં સંખ્યાતગુણા છે કારણ કે ઉપપાત અને મારણાંતિક સમુદ્ઘાત દ્વારા ઊર્ધ્વલોક-તિરછાલોકના બંને પ્રતરોને સ્પર્શનારા પંચેન્દ્રિય અપર્યાપ્તા જીવો અધિક છે. (૩) તેનાથી અધોલોક-તિરછાલોકમાં સંખ્યાતગુણા છે. કારણ કે પંચેન્દ્રિય અપર્યાપ્તા જીવો વિગ્રહગતિ અને મારણાંતિક સમુદ્ઘાત દ્વારા આ બંને પ્રતરોને સ્પર્શે છે, તે ઉપરાંત તે બંને પ્રતરોમાં સમુદ્રી જળની અપેક્ષાએ કેટલાક પંચેન્દ્રિય અપર્યાપ્તાના સ્વસ્થાન પણ છે.

(૪) તેનાથી ઊર્ધ્વલોકમાં સંખ્યાતગુણા છે કારણ કે ત્યાં વૈમાનિક દેવોના સ્વસ્થાન છે અને ક્ષેત્ર વિસ્તૃત છે.

(૫) તેનાથી અધોલોકમાં સંખ્યાતગુણા છે, કારણ કે અધોલોકને સ્પર્શતા ૧૦૦ યોજન સમુદ્રી જળમાં પંચેન્દ્રિયો જીવોના સ્વસ્થાન છે. તે ઉપરાંત નૈરયિકોના, ભવનપતિદેવોના અને અધોલૌકિક પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્રમાં કેટલાક મનુષ્યો અને તિર્યંચોના પણ સ્વસ્થાન છે. (૬) તેનાથી તિરછાલોકમાં અસંખ્યાતગુણા છે. કારણ કે ત્યાં વ્યંતર, જ્યોતિષી દેવો અને મનુષ્યોની બહુલતા છે, તે સિવાય ૯૦૦ યોજન પ્રમાણ અસંખ્ય સમુદ્રોના જળમાં તિર્યંચ પંચેન્દ્રિય જીવોના સ્વસ્થાન છે, તેથી તે અસંખ્યાતગુણા છે.

**ક્ષેત્રની અપેક્ષાએ સમુચ્ચય પંચેન્દ્રિય, તેના અપર્યાપ્ત અને ત્રસકાયનું અલ્પબહુત્વ :–**

| ક્રમ | ક્ષેત્રના જીવો | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧ | ત્રણલોક સ્પર્શી | સર્વથી થોડા | વિગ્રહગતિ, સમુદ્ઘાતમાં સ્પર્શે છે, તે અલ્પસંખ્યક છે. |
| ૨ | ઊર્ધ્વલોક-તિરછાલોક | સંખ્યાતગુણા | તિરછાલોકમાં પંચેન્દ્રિય જીવો વધુ છે તેથી ઘણા જીવો વિગ્રહગતિ અને સમુદ્ઘાતમાં આ બે પ્રતરને સ્પર્શે છે. |

| | | | |
|---|---|---|---|
| ૩ | અધોલોક-તિરછાલોક | સંખ્યાતગુણ | આ બંને પ્રતરમાં સમુદ્રીય જલ છે, તેમાં જલચર પંચેન્દ્રિય વધુ છે. |
| ૪ | ઊર્ધ્વલોક | સંખ્યાતગુણ | વૈમાનિકના સ્વસ્થાન છે, ક્ષેત્ર વિસ્તૃત છે. |
| ૫ | અધોલોક | સંખ્યાતગુણ | નૈરયિક અને ભવનપતિ દેવોના સ્વસ્થાન અને અધોલોકના ૧૦૦ યોજનમાં સમુદ્રીય જલ હોવાથી પંચેન્દ્રિયો વધુ છે. |
| ૬ | તિરછાલોક | અસંખ્યાતગુણા | સંમૂર્ચ્છિમ અને ગર્ભજ બંને પ્રકારના તિર્યંચ પંચેન્દ્રિય, મનુષ્ય, વ્યંતર અને જ્યોતિષી દેવોના સ્વસ્થાન છે. |

**પર્યાપ્તા-પંચેન્દ્રિય :–** (૧) સર્વથી થોડા પર્યાપ્તા પંચેન્દ્રિય ઊર્ધ્વલોકમાં છે કારણ કે ત્યાં પ્રાયઃ વૈમાનિક દેવોનો જ નિવાસ છે.

(૨) તેનાથી ઊર્ધ્વલોક-તિરછાલોકરૂપ બંને પ્રતરોમાં અસંખ્યાતગુણા છે. કારણ કે તિરછાલોકથી ઊર્ધ્વલોકમાં અને ઊર્ધ્વલોકથી તિરછાલોકમાં ઉત્પન્ન થનારા પંચેન્દ્રિય જીવો મારણાંતિક સમુદ્ઘાત સમયે આ બંને પ્રતરોનો સ્પર્શ કરે છે. આ બંને પ્રતરોના નિકટવર્તી જ્યોતિષી દેવો તથા વ્યંતરદેવો, તિર્યંચ પંચેન્દ્રિયો, વિદ્યાધરો, ચારણમુનિ વગેરે ગમનાગમન કરતાં પણ આ બંને પ્રતરોનો સ્પર્શ કરે છે, તેવા જીવો ઘણા હોય છે, તેથી તે પૂર્વાપેક્ષયા અસંખ્યાતગુણા થાય છે.

(૩) તેનાથી ત્રણલોક સ્પર્શી સંખ્યાતગુણા છે. કારણ કે અધોલૌકિક ૧૦૦ યોજન સમુદ્રમાંથી ઊર્ધ્વલોકમાં ઉત્પન્ન થતા પંચેન્દ્રિય જીવો મારણાંતિક સમુદ્ઘાત સમયે ત્રણે ય લોકનો સ્પર્શ કરે છે. તે જ રીતે વૈમાનિક દેવો મારણાંતિક સમુદ્ઘાત કરીને અધોલોકગત જળચર તિર્યંચો અને મનુષ્યોમાં ઉત્પન્ન થાય ત્યારે પંચેન્દ્રિયના પર્યાપ્તા રૂપે ત્રણે લોકનો સ્પર્શ કરે છે તેમજ કેવળી ભગવાન કેવળી સમુદ્ઘાત સમયે ત્રણે લોકને સ્પર્શે છે. આ સર્વ મળીને ત્રણ લોકને સ્પર્શ કરનારા પર્યાપ્ત પંચેન્દ્રિય જીવો પૂર્વાપેક્ષયા સંખ્યાતગુણા થાય છે.

(૪) તેનાથી અધોલોક-તિરછાલોકમાં સંખ્યાતગુણા છે કારણ કે અધોલૌકિક અસંખ્ય સમુદ્રો અને બે વિજયોમાં પંચેન્દ્રિયના સ્વસ્થાન છે, અધોલોકથી તિરછાલોકમાં અને તિરછાલોકથી અધોલોકમાં ઉત્પન્ન થનારા જીવો મારણાંતિક સમુદ્ઘાત સમયે આ બંને પ્રતરોનો સ્પર્શ કરે છે. તે સિવાય કેટલાક ભવનપતિ વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક દેવો, અધોલૌકિક પશ્ચિમ મહાવિદેહક્ષેત્રમાં સમવસરણાદિ નિમિત્તે કે ક્રીડાર્થે ગમનાગમન કરે ત્યારે આ બંને પ્રતરોને સ્પર્શે છે. આ બે પ્રતરો વ્યંતર દેવોના સ્વસ્થાનથી નિકટ છે તેથી ગમનાગમન કે વૈક્રિય સમુદ્ઘાત કરતા ઘણા વ્યંતર દેવો આ બંને પ્રતરોનો સ્પર્શ કરે છે. આ સર્વ મળીને અધોલોક તિરછાલોકરૂપ બંને પ્રતરોનો સ્પર્શ કરનારા પર્યાપ્તા પંચેન્દ્રિય જીવો પૂર્વાપેક્ષયા સંખ્યાતગુણા થાય છે.

(૫) તેનાથી અધોલોકમાં સંખ્યાતગુણા છે. કારણ કે ત્યાં નૈરયિકોનું અને ભવનપતિઓનું તથા અધોલૌકિક બે વિજયોની અપેક્ષાએ કેટલાક મનુષ્યોનું તથા સમુદ્રોની અપેક્ષાએ તિર્યંચ પંચેન્દ્રિયોનું સ્વસ્થાન છે. (૬) તેનાથી તિરછાલોકમાં અસંખ્યાતગુણા છે, કારણ કે ત્યાં તિર્યંચ પંચેન્દ્રિયો, મનુષ્યો, જ્યોતિષી દેવો તથા વ્યંતરોનું સ્વસ્થાન છે અને ૯૦૦ યોજન પ્રમાણ અસંખ્ય સમુદ્રોના જલમાં જલચર પંચેન્દ્રિયો અધિકતમ હોય છે.

**ક્ષેત્રની અપેક્ષાએ પર્યાપ્ત પંચેન્દ્રિય જીવોનું તથા ત્રસ જીવોનું અલ્પબહુત્વ :–**

| ક્રમ | ક્ષેત્રના જીવો | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧ | ઊર્ધ્વલોક | સર્વથી થોડા | વૈમાનિક દેવોના સ્વસ્થાન છે, અન્ય જીવો ત્યાં અલ્પ છે. |
| ૨ | ઊર્ધ્વલોક-તિરછાલોક | અસંખ્યાતગુણા | વિગ્રહગતિ અને મારણાંતિક સમુદ્ઘાતની અપેક્ષાએ તથા દેવો અને વિદ્યાધરોના ગમનાગમનની અપેક્ષાએ વધુ હોય છે. |
| ૩ | ત્રણ લોક સ્પર્શી | સંખ્યાતગુણા | વિગ્રહગતિ અને સમુદ્ઘાતની અપેક્ષાએ વધુ હોય છે. |
| ૪ | અધોલોક-તિરછાલોક | સંખ્યાતગુણા | જલચરોના સ્વસ્થાન છે અને દેવોના ગમનાગમન તથા પંચેન્દ્રિયોના વિગ્રહગતિ અને મારણાંતિક સમુદ્ઘાતની અપેક્ષાએ વધુ હોય છે. |
| ૫ | અધોલોક | સંખ્યાતગુણા | ક્ષેત્ર વિસ્તૃત છે, ભવનપતિ દેવો, નૈરયિકો અને જલચરોના સ્વસ્થાનછે. |
| ૬ | તિરછાલોક | અસંખ્યાતગુણા | મનુષ્ય, તિર્યંચ પંચેન્દ્રિય, વ્યંતર અને જ્યોતિષી દેવોના સ્વસ્થાન છે. |

**ક્ષેત્રની અપેક્ષાએ છકાયના જીવોનું અલ્પબહુત્વ :–**

**૧૫૭ खेत्ताणुवाएणं सव्वत्थोवा पुढविकाइया उड्ढलोय-तिरियलोय, अहोलोय-तिरियलोए विसेसाहिया, तिरियलोए असंखेज्जगुणा, तेलोक्के असंखेज्जगुणा, उड्ढलोए असंखेज्जगुणा, अहोलोए विसेसाहिया ।**

**ભાવાર્થ :–** ક્ષેત્રની અપેક્ષાએ (૧) સર્વથી થોડા સમુચ્ચય પૃથ્વીકાયિક જીવો ઊર્ધ્વલોક-તિરછાલોકમાં છે, (૨) તેનાથી અધોલોક-તિરછાલોકમાં વિશેષાધિક છે, (૩) તેનાથી તિરછાલોકમાં અસંખ્યાતગુણા છે, (૪) તેનાથી ત્રણલોકમાં અસંખ્યાતગુણા છે, (૫) તેનાથી ઊર્ધ્વલોકમાં અસંખ્યાતગુણા છે અને (૬) તેનાથી અધોલોકમાં વિશેષાધિક છે.

**૧૫૮ खेत्ताणुवाएणं सव्वत्थोवा पुढविकाइया अपज्जत्तया उड्ढलोय-तिरियलोए, अहोलोय-तिरियलोए विसेसाहिया, तिरियलोए असंखेज्जगुणा, तेलोक्के असंखेज्जगुणा, उड्ढलोए असंखेज्जगुणा, अहोलोए विसेसाहिया ।**

**ભાવાર્થ :–** ક્ષેત્રની અપેક્ષાએ (૧) સર્વથી થોડા અપર્યાપ્તા પૃથ્વીકાયિકો ઊર્ધ્વલોક-તિરછાલોકમાં છે, (૨) તેનાથી અધોલોક-તિરછાલોકમાં વિશેષાધિક છે, (૩) તેનાથી તિરછાલોકમાં અસંખ્યાતગુણા છે, (૪) તેનાથી ત્રણલોકમાં અસંખ્યાતગુણા છે, (૫) તેનાથી ઊર્ધ્વલોકમાં અસંખ્યાતગુણા છે અને (૬) તેનાથી અધોલોકમાં વિશેષાધિક છે.

**૧૫૯ खेत्ताणुवाएणं सव्वत्थोवा पुढविकाइया पज्जत्तया उड्ढलोय-तिरियलोए, अहोलोय-तिरियलोए विसेसाहिया, तिरियलोए असंखेज्जगुणा, तेलोक्के असंखेज्जगुणा, उड्ढलोए असंखेज्जगुणा, अहोलोए विसेसाहिया ।**

**ભાવાર્થ :–** ક્ષેત્રની અપેક્ષાએ (૧) સર્વથી થોડા પર્યાપ્તા પૃથ્વીકાયિકો ઊર્ધ્વલોક-તિરછાલોકમાં છે, (૨) તેનાથી અધોલોક-તિરછાલોકમાં વિશેષાધિક છે, (૩) તેનાથી તિરછાલોકમાં અસંખ્યાતગુણા છે,

(૪) તેનાથી ત્રણલોકમાં અસંખ્યાતગુણા છે, (૫) તેનાથી ઊર્ધ્વલોકમાં અસંખ્યાતગુણા છે, (૬) તેનાથી અધોલોકમાં વિશેષાધિક છે.

**१६० खेत्ताणुवाएणं सव्वत्थोवा आउकाइया उड्ढलोय-तिरियलोए, अहोलोय-तिरियलोए विसेसाहिया, तिरियलोए असंखेज्जगुणा, तेलोक्के असंखेज्जगुणा, उड्ढलोए असंखेज्जगुणा, अहोलोए विसेसाहिया ।**

**ભાવાર્થ :–** ક્ષેત્રની અપેક્ષાએ (૧) સર્વથી થોડા સમુચ્ચય અપ્કાયિક જીવો ઊર્ધ્વલોક-તિરછાલોકમાં છે, (૨) તેનાથી અધોલોક-તિરછાલોકમાં વિશેષાધિક છે, (૩) તેનાથી તિરછાલોકમાં અસંખ્યાતગુણા છે, (૪) તેનાથી ત્રણલોકમાં અસંખ્યાતગુણા છે, (૫) તેનાથી ઊર્ધ્વલોકમાં અસંખ્યાતગુણા છે અને (૬) તેનાથી અધોલોકમાં વિશેષાધિક છે.

**१६१ खेत्ताणुवाएणं सव्वत्थोवा आउकाइया अपज्जत्तया उड्ढलोय-तिरियलोए, अहोलोय-तिरियलोए विसेसाहिया, तिरियलोए असंखेज्जगुणा, तेलोक्के असंखेज्जगुणा, उड्ढलोए असंखेज्जगुणा, अहोलोए विसेसाहिया ।**

**ભાવાર્થ :–** ક્ષેત્રની અપેક્ષાએ (૧) સર્વથી થોડા અપર્યાપ્તા અપ્કાયિક જીવો ઊર્ધ્વલોક-તિરછાલોકમાં છે, (૨) તેનાથી અધોલોક-તિરછાલોકમાં વિશેષાધિક છે, (૩) તેનાથી તિરછાલોકમાં અસંખ્યાતગુણા છે, (૪) તેનાથી ત્રણલોકમાં અસંખ્યાતગુણા છે, (૫) તેનાથી ઊર્ધ્વલોકમાં અસંખ્યાતગુણા છે, (૬) તેનાથી અધોલોકમાં વિશેષાધિક છે.

**१६२ खेत्ताणुवाएणं सव्वत्थोवा आउकाइया पज्जत्तया उड्ढलोय-तिरियलोए, अहोलोय-तिरियलोए विसेसाहिया, तिरियलोए असंखेज्जगुणा, तेलोक्के असंखेज्जगुणा, उड्ढलोए असंखेज्जगुणा, अहोलोए विसेसाहिया ।**

**ભાવાર્થ :–** ક્ષેત્રની અપેક્ષાએ (૧) સર્વથી થોડા પર્યાપ્તા અપ્કાયિક જીવો ઊર્ધ્વલોક-તિરછાલોકમાં છે, (૨) તેનાથી અધોલોક-તિરછાલોકમાં વિશેષાધિક છે, (૩) તેનાથી તિરછાલોકમાં અસંખ્યાતગુણા, (૪) તેનાથી ત્રણલોકમાં અસંખ્યાતગુણા, (૫) તેનાથી ઊર્ધ્વલોકમાં અસંખ્યાતગુણા છે અને (૬) તેનાથી અધોલોકમાં વિશેષાધિક છે.

**१६३ खेत्ताणुवाएणं सव्वत्थोवा तेउकाइया उड्ढलोय-तिरियलोए, अहोलोय-तिरियलोए विसेसाहिया, तिरियलोए असंखेज्जगुणा, तेलोक्के असंखेज्जगुणा, उड्ढलोए असंखेज्जगुणा, अहोलोए विसेसाहिया ।**

**ભાવાર્થ :–** ક્ષેત્રની અપેક્ષાએ (૧) સર્વથી થોડા સમુચ્ચય તેજસ્કાયિક જીવો ઊર્ધ્વલોક-તિરછાલોકમાં છે, (૨) તેનાથી અધોલોક-તિરછાલોકમાં વિશેષાધિક છે, (૩) તિરછાલોકમાં અસંખ્યાતગુણા છે, (૪) તેનાથી ત્રણલોકમાં અસંખ્યાતગુણા છે, (૫) તેનાથી ઊર્ધ્વલોકમાં અસંખ્યાતગુણા છે અને (૬) તેનાથી અધોલોકમાં વિશેષાધિક છે.

**१६४ खेत्ताणुवाएणं सव्वत्थोवा तेउकाइया अपज्जत्तगा उड्ढलोय-तिरियलोए, अहोलोय-**

**तिरियलोए विसेसाहिया, तिरियलोए असंखेज्जगुणा, तेलोक्के असंखेज्जगुणा, उड्ढलोए असंखेज्जगुणा, अहोलोए विसेसाहिया ।**

**ભાવાર્થ :–** ક્ષેત્રની અપેક્ષાએ (૧) સર્વથી થોડા અપર્યાપ્તા તેજસ્કાયિક ઊર્ધ્વલોક-તિરછાલોકમાં છે, (૨) તેનાથી અધોલોક-તિરછાલોકમાં વિશેષાધિક છે, (૩) તેનાથી તિરછાલોકમાં અસંખ્યાતગુણા છે, (૪) તેનાથી ત્રણલોકમાં અસંખ્યાતગુણા છે, (૫) તેનાથી ઊર્ધ્વલોકમાં અસંખ્યાતગુણા છે અને (૬) તેનાથી અધોલોકમાં વિશેષાધિક છે.

**१६५ खेत्ताणुवाएणं सव्वत्थोवा तेउक्काइया पज्जत्तया उड्ढलोए-तिरियलोए, अहोलोए-तिरियलोए विसेसाहिया, तिरियलोए असंखेज्जगुणा, तेलोक्के असंखेज्जगुणा, उड्ढलोए असंखेज्जगुणा, अहोलोए विसेसाहिया ।**

**ભાવાર્થ :–** ક્ષેત્રની અપેક્ષાએ (૧) સર્વથી થોડા પર્યાપ્તા તેજસ્કાયિક ઊર્ધ્વલોક-તિરછાલોકમાં છે, (૨) તેનાથી અધોલોક-તિરછાલોકમાં વિશેષાધિક છે, (૩) તેનાથી તિરછાલોકમાં અસંખ્યાતગુણા છે, (૪) તેનાથી ત્રણલોકમાં અસંખ્યાતગુણા છે, (૫) તેનાથી ઊર્ધ્વલોકમાં અસંખ્યાતગુણા છે, (૬) તેનાથી અધોલોકમાં વિશેષાધિક છે.

**१६६ खेत्ताणुवाएणं सव्वत्थोवा वाउकाइया उड्ढलोय-तिरियलोए, अहोलोय-तिरियलोए विसेसाहिया, तिरियलोए असंखेज्जगुणा, तेलोक्के असंखेज्जगुणा, उड्ढलोए असंखेज्जगुणा, अहोलोए विसेसाहिया ।**

**ભાવાર્થ :–** ક્ષેત્રની અપેક્ષાએ (૧) સર્વથી થોડા સમુચ્ચય વાયુકાયિક જીવો ઊર્ધ્વલોક-તિરછાલોકમાં છે, (૨) તેનાથી અધોલોક-તિરછાલોકમાં વિશેષાધિક છે, (૩) તેનાથી તિરછાલોકમાં અસંખ્યાતગુણા છે, (૪) તેનાથી ત્રણલોકમાં અસંખ્યાતગુણા છે, (૫) તેનાથી ઊર્ધ્વલોકમાં અસંખ્યાતગુણા છે, (૬) તેનાથી અધોલોકમાં વિશેષાધિક છે.

**१६७ खेत्ताणुवाएणं सव्वत्थोवा वाउकाइया अपज्जत्तया उड्ढलोय-तिरियलोए, अहोलोय-तिरियलोए विसेसाहिया, तिरियलोए असंखेज्जगुणा, तेलोक्के असंखेज्जगुणा, उड्ढलोए असंखेज्जगुणा, अहोलोए विसेसाहिया ।**

**ભાવાર્થ :–** ક્ષેત્રની અપેક્ષાએ (૧) સર્વથી થોડા અપર્યાપ્તા વાયુકાયિક જીવો ઊર્ધ્વલોક-તિરછાલોકમાં છે, (૨) તેનાથી અધોલોક-તિરછાલોકમાં વિશેષાધિક છે, (૩) તેનાથી તિરછાલોકમાં અસંખ્યાતગુણા છે, (૪) તેનાથી ત્રણલોકમાં અસંખ્યાતગુણા છે, (૫) તેનાથી ઊર્ધ્વલોકમાં અસંખ્યાતગુણા છે અને (૬) તેનાથી અધોલોકમાં વિશેષાધિક છે.

**१६८ खेत्ताणुवाएणं सव्वत्थोवा वाउकाइया पज्जत्तया उड्ढलोय-तिरियलोए, अहोलोय-तिरियलोए विसेसाहिया, तिरियलोए असंखेज्जगुणा, तेलोक्के असंखेज्जगुणा, उड्ढलोए असंखेज्जगुणा, अहोलोए विसेसाहिया ।**

**ભાવાર્થ :–** ક્ષેત્રની અપેક્ષાએ (૧) સર્વથી થોડા પર્યાપ્તા વાયુકાયિક જીવો ઊર્ધ્વલોક-તિરછાલોકમાં છે,

(૨) તેનાથી અધોલોક-તિરછાલોકમાં વિશેષાધિક છે, (૩) તેનાથી તિરછાલોકમાં અસંખ્યાતગુણા છે, (૪) તેનાથી ત્રણલોકમાં અસંખ્યાતગુણા છે, (૫) તેનાથી ઊર્ધ્વલોકમાં અસંખ્યાતગુણા છે, (૬) તેનાથી અધોલોકમાં વિશેષાધિક છે.

**૧૬૯** **खेत्ताणुवाएणं सव्वत्थोवा वणस्सइकाइया उड्ढलोय-तिरियलोए, अहोलोय-तिरियलोए विसेसाहिया, तिरियलोए असंखेज्जगुणा, तेलोक्के असंखेज्जगुणा, उड्ढलोए असंखेज्जगुणा, अहोलोए विसेसाहिया ।**

**ભાવાર્થ :–** ક્ષેત્રની અપેક્ષાએ (૧) સર્વથી થોડા સમુચ્ચય વનસ્પતિકાયિક જીવો ઊર્ધ્વલોક-તિરછાલોકમાં છે, (૨) તેનાથી અધોલોક-તિરછાલોકમાં વિશેષાધિક છે, (૩) તેનાથી તિરછાલોકમાં અસંખ્યાતગુણા છે, (૪) તેનાથી ત્રણલોકમાં અસંખ્યાતગુણા છે, (૫) તેનાથી ઊર્ધ્વલોકમાં અસંખ્યાતગુણા છે અને (૬) તેનાથી અધોલોકમાં વિશેષાધિક છે.

**૧૭૦** **खेत्ताणुवाएणं सव्वत्थोवा वणस्सइकाइया अपज्जत्तया उड्ढलोय-तिरियलोए, अहोलोय-तिरियलोए विसेसाहिया, तिरियलोए असंखेज्जगुणा, तेलोक्के असंखेज्जगुणा, उड्ढलोए असंखेज्जगुणा, अहोलोए विसेसाहिया ।**

**ભાવાર્થ :–** ક્ષેત્રની અપેક્ષાએ (૧) સર્વથી થોડા અપર્યાપ્તા વનસ્પતિકાયિક જીવો ઊર્ધ્વલોક-તિરછાલોકમાં છે, (૨) તેનાથી અધોલોક-તિરછાલોકમાં વિશેષાધિક છે, (૩) તેનાથી તિરછાલોકમાં અસંખ્યાતગુણા છે, (૪) તેનાથી ત્રણલોકમાં અસંખ્યાતગુણા, (૫) તેનાથી ઊર્ધ્વલોકમાં અસંખ્યાતગુણા છે અને (૬) તેનાથી અધોલોકમાં વિશેષાધિક છે.

**૧૭૧** **खेत्ताणुवाएणं सव्वत्थोवा वणस्सइकाइया पज्जत्तया उड्ढलोय-तिरियलोए, अहोलोय-तिरियलोए विसेसाहिया, तिरियलोए असंखेज्जगुणा, तेलोक्के असंखेज्जगुणा, उड्ढलोए असंखेज्जगुणा, अहोलोए विसेसाहिया ।**

**ભાવાર્થ :–** ક્ષેત્રની અપેક્ષાએ (૧) સર્વથી થોડા પર્યાપ્તા વનસ્પતિકાયિક જીવો ઊર્ધ્વલોક-તિરછાલોકમાં છે, (૨) તેનાથી અધોલોક-તિરછાલોકમાં વિશેષાધિક (૩) તિરછાલોકમાં અસંખ્યાતગુણા (૪) તેનાથી ત્રણ લોકમાં અસંખ્યાતગુણા, (૫) તેનાથી ઊર્ધ્વલોકમાં અસંખ્યાતગુણા અને (૬) તેનાથી અધોલોકમાં વિશેષાધિક છે.

**૧૭૨** **खेत्ताणुवाएणं सव्वत्थोवा तसकाइया तेलोक्के, उड्ढलोय-तिरियलोए संखेज्जगुणा, अहोलोय-तिरियलोए संखेज्जगुणा, उड्ढलोए संखेज्जगुणा, अहोलोए संखेज्जगुणा, तिरियलोए असंखेज्जगुणा ।**

**ભાવાર્થ :–** ક્ષેત્રની અપેક્ષાએ (૧) સર્વથી થોડા સમુચ્ચય ત્રસકાયિક જીવો ત્રણલોકમાં છે, (૨) તેનાથી ઊર્ધ્વલોક-તિરછાલોકમાં સંખ્યાતગુણા છે, (૩) તેનાથી અધોલોક-તિરછાલોકમાં સંખ્યાતગુણા છે, (૪) તેનાથી ઊર્ધ્વલોકમાં સંખ્યાતગુણા છે, (૫) તેનાથી અધોલોકમાં સંખ્યાતગુણા છે અને (૬) તેનાથી તિરછાલોકમાં અસંખ્યાતગુણા છે.

**૧૭૩** **खेत्ताणुवाएणं सव्वत्थोवा तसकाइया अपज्जत्तया तेलोक्के, उड्ढलोय-तिरियलोए संखेज्जगुणा, अहोलोए-तिरियलोए संखेज्जगुणा, उड्ढलोए संखेज्जगुणा, अहोलोए संखेज्ज-**

**गुणा, तिरियलोए असंखेज्जगुणा ।**

**ભાવાર્થ :–** ક્ષેત્રની અપેક્ષાએ (૧) સર્વથી થોડા ત્રસકાયિક અપર્યાપ્તા જીવો ત્રણલોકમાં છે, (૨) તેનાથી ઊર્ધ્વલોક-તિરછાલોકમાં સંખ્યાતગુણા છે, (૩) તેનાથી અધોલોક-તિરછાલોકમાં સંખ્યાતગુણા છે, (૪) તેનાથી ઊર્ધ્વલોકમાં સંખ્યાતગુણા છે, (૫) તેનાથી અધોલોકમાં સંખ્યાતગુણા છે અને (૬) તેનાથી તિરછાલોકમાં અસંખ્યાતગુણા છે.

**૧૭૪ खेत्ताणुवाएणं सव्वत्थोवा तसकाइया पज्जत्तया तेलोक्के, उड्ढलोय-तिरियलोए असंखेज्जगुणा, अहोलोय-तिरियलोए संखेज्जगुणा, उड्ढलोए संखेज्जगुणा, अहोलोए संखेज्जगुणा, तिरियलोए संखेज्जगुणा ।**

**ભાવાર્થ :–** ક્ષેત્રની અપેક્ષાએ (૧) સર્વથી થોડા પર્યાપ્તા ત્રસકાયિક જીવો ત્રણલોકમાં છે, (૨) તેનાથી ઊર્ધ્વલોક-તિરછાલોકમાં અસંખ્યાતગુણા છે, (૩) તેનાથી અધોલોક-તિરછાલોકમાં સંખ્યાતગુણા છે, (૪) તેનાથી ઊર્ધ્વલોકમાં સંખ્યાતગુણા છે, (૫) તેનાથી અધોલોકમાં સંખ્યાતગુણા છે અને (૬) તેનાથી તિરછાલોકમાં સંખ્યાતગુણા છે. ॥ **ચોવીસમું દ્વાર સંપૂર્ણ** ॥

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં છકાય જીવોના તથા તેના અપર્યાપ્તા અને પર્યાપ્તાના અલ્પબહુત્વનું કથન છે. તેમાં પાંચ સ્થાવર જીવો એકેન્દ્રિય હોવાથી તેના અલ્પબહુત્વનું સ્પષ્ટીકરણ પૂર્વોક્ત એકેન્દ્રિય સૂત્રાનુસાર સમજી લેવું જોઈએ. ત્રસકાયિકના અલ્પબહુત્વનું સ્પષ્ટીકરણ સમુચ્ચય પંચેન્દ્રિયના સૂત્રાનુસાર સમજી લેવું જોઈએ.

ક્ષેત્રની અપેક્ષાએ સમસ્ત જીવોના અલ્પબહુત્વને કોષ્ટક દ્વારા જાણવા કેટલીક બાબતોનો ખ્યાલ રાખવો જરૂરી છે. યથા– **ઊર્ધ્વલોક–તિરછાલોક** = તિરછાલોકનું ઉપરનું અંતિમ પ્રતર અને ઊર્ધ્વલોકનું પ્રથમ પ્રતર, આ બે પ્રતર રૂપ ક્ષેત્રને ઊર્ધ્વલોક–તિરછાલોક કહે છે. **અધોલોક–તિરછાલોક** = તિરછાલોકનું નીચેનું અંતિમ પ્રતર અને અધોલોકનું પ્રથમ પ્રતર, આ બે પ્રતર રૂપ ક્ષેત્રને અધોલોક–તિરછાલોક કહે છે. **ત્રણલોક–** ઊર્ધ્વ અને અધોલોકનો કેટલોક ભાગ અને સંપૂર્ણ તિર્યગ્લોકની સ્પર્શના થાય તેને ત્રૈલોકય કહે છે. જીવોની વિદ્યમાનતા સ્વસ્થાન, ઉપપાત કે સમુદ્ઘાતની અપેક્ષાએ લોકના વિવિધ વિભાગોમાં હોય છે.

**ક્ષેત્રની અપેક્ષાએ સર્વ જીવોનું અલ્પબહુત્વ :–**

| જીવ | ઊર્ધ્વલોક | અધોલોક | તિરછાલોક | ઊર્ધ્વલોક તિરછાલોક | અધોલોક તિરછાલોક | ત્રણલોક |
|---|---|---|---|---|---|---|
| સમુચ્ચય જીવ | ૫ અસં૰ ગુણા | ૬ વિશેષાધિક | ૩ અસં૰ ગુણા | ૧ સર્વથી થોડા | ૨ વિશેષાધિક | ૪ અસં૰ ગુણા |
| નૈરયિકો | – | ૩ અસં૰ ગુણા | – | – | ૨ અસં૰ ગુણા | ૧ સર્વથી થોડા |
| સમુચ્ચય તિર્યંચો | ૫ અસં૰ ગુણા | ૬ વિશેષાધિક | ૩ અસં૰ ગુણા | ૧ સર્વથી થોડા | ૨ વિશેષાધિક | ૪ અસં૰ ગુણા |

| જીવ | ઊર્ધ્વલોક | અધોલોક | તિરછાલોક | ઊર્ધ્વલોક તિરછાલોક | અધોલોક તિરછાલોક | ત્રણલોક |
|---|---|---|---|---|---|---|
| સંજ્ઞી તિર્યંચ, તિર્યંચાણી | ૧ સર્વથી થોડા | ૫ સંખ્યાતગુણા | ૬ સંખ્યાતગુણા | ૨ અસં૰ ગુણા | ૪ સંખ્યાતગુણા | ૩ સંખ્યાતગુણા |
| સમુચ્ચય મનુષ્ય | ૪ સંખ્યાતગુણા | ૫ સંખ્યાતગુણા | ૬ સંખ્યાતગુણા | ૨ અસં૰ ગુણા | ૩ સંખ્યાતગુણા | ૧ સર્વથી થોડા |
| ગર્ભજ મનુષ્ય, મનુષ્યાણી | ૪ સંખ્યાતગુણી | ૫ સંખ્યાતગુણી | ૬ સંખ્યાતગુણી | ૨ સંખ્યાતગુણી | ૩ સંખ્યાતગુણી | ૧ સર્વથી થોડા |
| સમુચ્ચય દેવ-દેવી | ૧ સર્વથી થોડા | ૫ સંખ્યાતગુણા | ૬ સંખ્યાતગુણા | ૨ અસં૰ ગુણા | ૪ સંખ્યાતગુણા | ૩ સંખ્યાતગુણા |
| ભવનપતિ દેવ-દેવી | ૧ સર્વથી થોડા | ૬ અસં૰ ગુણા | ૫ અસં૰ ગુણા | ૨ અસં૰ ગુણા | ૪ અસં૰ ગુણા | ૩ સંખ્યાતગુણા |
| વ્યંતર દેવ-દેવી | ૧ સર્વથી થોડા | ૫ સંખ્યાતગુણા | ૬ સંખ્યાતગુણા | ૨ અસં૰ ગુણા | ૪ અસં૰ ગુણા | ૩ સંખ્યાતગુણા |
| જ્યોતિષી દેવ-દેવી | ૧ સર્વથી થોડા | ૫ સંખ્યાતગુણા | ૬ અસં૰ ગુણા | ૨ અસં૰ ગુણા | ૪ અસં૰ ગુણા | ૩ સંખ્યાતગુણા |
| વૈમાનિક દેવ-દેવી | ૬ અસં૰ ગુણા | ૪ સંખ્યાતગુણા | ૫ સંખ્યાતગુણા | ૧ સર્વથી થોડા | ૩ સંખ્યાતગુણા | ૨ સંખ્યાતગુણા |
| એકેન્દ્રિય પર્યાપ્તા-અપર્યાપ્તા | ૫ અસં૰ ગુણા | ૬ વિશેષાધિક | ૩ અસં૰ ગુણા | ૧ સર્વથી થોડા | ૨ વિશેષાધિક | ૪ અસં૰ ગુણા |
| વિકલેન્દ્રિય પર્યાપ્તા–અપર્યાપ્તા | ૧ સર્વથી થોડા | ૫ સંખ્યાતગુણા | ૬ સંખ્યાતગુણા | ૨ અસં૰ ગુણા | ૪ અસં૰ ગુણા | ૩ અસં૰ ગુણા |
| પંચેન્દ્રિય અપર્યાપ્તા ત્રસ અપર્યાપ્તા | ૪ સંખ્યાતગુણા | ૫ સંખ્યાતગુણા | ૬ અસં૰ ગુણા | ૨ સંખ્યાતગુણા | ૩ સંખ્યાતગુણા | ૧ સર્વથી થોડા |
| પંચેન્દ્રિય પર્યાપ્તા ત્રસ પર્યાપ્તા | ૧ સર્વથી થોડા | ૫ સંખ્યાતગુણા | ૬ અસં૰ ગુણા | ૨ અસં૰ ગુણા | ૪ સંખ્યાતગુણા | ૩ સંખ્યાતગુણા |
| ★ ૧-૨-૩ વગેરે ક્રમાનુસાર અલ્પબહુત્વના બોલ ગ્રહણ કરવાના છે. | | | | | | |

### (૨૫) બંધ દ્વાર : આયુષ્યકર્મ બંધક આદિ ચૌદ બોલોનું અલ્પબહુત્વ :–

**૧૭૫ एएसि णं भंते ! जीवाणं आउयस्स कम्मस्स बंधगाणं-अबंधगाणं, पज्जत्ताणं-अपज्जत्ताणं, सुत्ताणं-जागराणं, समोहयाणं-असमोहयाणं, सातावेदगाणं-असातावेदगाणं, इंदियउवउत्ताणं-णोइंदियउवउत्ताणं, सागारोवउत्ताणं-अणागारोवउत्ताणं च कयरे कयरेहिंतो**

**अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवा जीवा आउयस्स कम्मस्स बंधगा, अपज्जत्तया संखेज्जगुणा, सुत्ता संखेज्जगुणा, समोहया संखेज्जगुणा, सातावेदगा संखेज्जगुणा, इंदिओवउत्ता संखेज्जगुणा, अणागारोवउत्ता संखेज्जगुणा, सागारोवउत्ता संखेज्जगुणा, णोइंदियउवउत्ता विसेसाहिया, असातावेदगा विसेसाहिया, असमोहया विसेसाहिया, जागरा विसेसाहिया, पज्जत्तया विसेसाहिया, आउयस्स कम्मस्स अबंधगा विसेसाहिया ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આયુષ્યકર્મના બંધકો અને અબંધકો, પર્યાપ્તા અને અપર્યાપ્તા, સુપ્ત અને જાગૃત જીવો, સમુદ્‌ઘાત કરનારા અને સમુદ્‌ઘાત નહીં કરનારા જીવો, શાતાવેદકો અને અશાતાવેદકો (શાતા અને અશાતાનું વેદન કરનારાઓ), ઇન્દ્રિયના ઉપયોગસહિત અને નોઇન્દ્રિયના ઉપયોગ સહિત, સાકાર ઉપયોગયુક્ત અને અનાકાર ઉપયોગયુક્ત જીવોમાં કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! (૧) સર્વથી થોડા આયુષ્યકર્મના બંધક જીવો છે, (૨) તેનાથી અપર્યાપ્તા સંખ્યાતગુણા છે, (૩) તેનાથી સુપ્ત–સૂતેલા જીવો સંખ્યાતગુણા છે, (૪) તેનાથી સમુદ્‌ઘાત કરનારા જીવો સંખ્યાતગુણા છે, (૫) તેનાથી શાતા વેદક સંખ્યાતગુણા છે, (૬) તેનાથી ઇન્દ્રિયના ઉપયોગ યુક્ત સંખ્યાતગુણા છે, (૭) તેનાથી અનાકાર ઉપયોગયુક્ત સંખ્યાતગુણા, (૮) તેનાથી સાકાર ઉપયોગ યુક્ત સંખ્યાતગુણા છે, (૯) તેનાથી નોઇન્દ્રિયના(મનના) ઉપયોગ યુક્ત જીવો વિશેષાધિક છે, (૧૦) તેનાથી અશાતાવેદક વિશેષાધિક છે, (૧૧) તેનાથી સમુદ્‌ઘાત ન કરનારા જીવો વિશેષાધિક છે, (૧૨) તેનાથી જાગૃત જીવો વિશેષાધિક છે (૧૩) તેનાથી પર્યાપ્તા જીવો વિશેષાધિક છે અને (૧૪) તેનાથી આયુષ્ય કર્મના અબંધક જીવો વિશેષાધિક છે. ॥ **પચ્ચીસમું દ્વાર સંપૂર્ણ** ॥

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં (૧) આયુષ્યકર્મના બંધક-અબંધક, (૨) પર્યાપ્તા-અપર્યાપ્તા, (૩) સુપ્ત-જાગૃત, (૪) સમુદ્‌ઘાત કરનારા અને સમુદ્‌ઘાત ન કરનારા, (૫) શાતાવેદક-અશાતાવેદક, (૬) ઇન્દ્રિયોપયોગયુક્ત-નોઇન્દ્રિયોપયોગયુક્ત અને (૭) સાકારોપયોગયુક્ત-અનાકારોપયોગયુક્ત; આ સાત યુગલોના અલ્પબહુત્વની વિચારણા સમસ્ત જીવોની અપેક્ષાએ છે. તેથી તેનો મુખ્ય આધાર સૂક્ષ્મ જીવો છે, માટે દરેક બોલની વિચારણા સૂક્ષ્મ જીવોની અપેક્ષાએ છે. તે સાતે યુગલનું સ્પષ્ટીકરણ અને પૃથક્-પૃથક્ અલ્પબહુત્વ આ પ્રમાણે છે–

**(૧) આયુષ્યકર્મના બંધક–અબંધક :–** સર્વથી થોડા આયુષ્ય કર્મના બંધક જીવો છે. તેનાથી અબંધક જીવો સંખ્યાતગુણા છે. કોઈ પણ જીવ પોતાના જીવનકાલમાં એક જ વાર પરભવનું આયુષ્ય બાંધે છે. પરભવનું આયુષ્ય બાંધતો હોય, તે સમયે તે જીવ આયુષ્યકર્મના બંધક કહેવાય છે અને અન્ય સમયે તે આયુષ્યકર્મનો અબંધક કહેવાય છે.

સૂક્ષ્મ નિગોદના જીવોને ૨૫૬ આવલિકાનું આયુષ્ય હોય છે. તેમાંથી એક-બે આવલિકા પ્રમાણ સમયમાં તે જીવો પરભવનું આયુષ્ય બાંધે છે ત્યારે તે આયુષ્યકર્મના બંધક હોય છે, આયુષ્યના શેષ સંખ્યાતા આવલિકા પ્રમાણ સમયમાં તે જીવો આયુષ્યના અબંધક હોય છે, તેથી જ આયુષ્ય કર્મના બંધક જીવોથી અબંધક જીવો સંખ્યાતગુણા હોય છે, તે સ્પષ્ટ થઈ જાય છે.

**(૨) પર્યાપ્તા-અપર્યાપ્તા :–** આ બંનેમાં અપર્યાપ્ત જીવો થોડા અને પર્યાપ્ત જીવો સંખ્યાતગુણા છે. (૧) સ્વયોગ્ય પર્યાપ્તિ પૂર્ણ કરી હોય તે જીવોને પર્યાપ્ત અને સ્વયોગ્ય પર્યાપ્તિ પૂર્ણ ન કરી હોય તેને અપર્યાપ્ત કહે છે. (૨) તેમજ પર્યાપ્ત નામ કર્મના ઉદયવાળા જીવોને પર્યાપ્ત અને અપર્યાપ્ત નામ કર્મના ઉદયવાળાને અપર્યાપ્તા કહેવાય છે. આ બંને પરિભાષામાંથી પ્રસ્તુત અલ્પબહુત્વમાં બીજી પરિભાષાને અનુસરતાં પર્યાપ્ત અપર્યાપ્તને ગ્રહણ કર્યા છે. સૂક્ષ્મ જીવોમાં અપર્યાપ્ત નામ-કર્મના ઉદયવાળા જીવોથી પર્યાપ્ત નામ-કર્મના ઉદયવાળા જીવો સંખ્યાતગુણા છે.

**(૩) સુપ્ત-જાગૃત :–** પ્રસ્તુત પ્રસંગમાં અપર્યાપ્ત નામ કર્મના ઉદયવાળા સર્વ જીવોને સુપ્ત કહ્યા છે, તે ઉપરાંત પર્યાપ્ત નામ કર્મના ઉદયવાળા જીવો, જ્યાં સુધી પર્યાપ્ત થયા નથી ત્યાં સુધી તે પણ સુપ્ત કહેવાય છે અને સ્વયોગ્ય પર્યાપ્તિ પૂર્ણ થઈ ગઈ હોય, તેવા પર્યાપ્ત જીવોને જાગૃત સંજ્ઞા આપી છે. સુપ્ત અને જાગૃત આ બંને પ્રકારના જીવોમાંથી (૧) સુપ્ત જીવો થોડા છે. (૨) તેનાથી જાગૃત જીવો સંખ્યાતગુણા છે કારણ કે સૂક્ષ્મ એકેન્દ્રિય અપર્યાપ્તા જીવોથી પર્યાપ્તા જીવો સંખ્યાતા ગુણા હોય છે.

**(૪) સમવહત-અસમવહત :–** (૧) સર્વથી થોડા સમુદ્‍ઘાત સહિતના સમવહત જીવો છે. (૨) તેનાથી સમુદ્‍ઘાત રહિતના અસમવહત જીવો સંખ્યાતગુણા છે. સૂક્ષ્મ જીવોનું જઘન્ય આયુષ્ય **૨૫૬** આવલિકાનું હોય છે તે જીવોને ત્રણ સમુદ્‍ઘાત હોય છે. તે જીવોમાં ઘણા જીવોને જીવનકાલ દરમ્યાન એક-બે કે ત્રણ ચાર આવલિકા પ્રમાણ સમય સમુદ્‍ઘાત અવસ્થાનો હોય, આ રીતે સૂક્ષ્મ જીવોની અપેક્ષાએ સમવહત જીવોથી અસમવહત જીવો સંખ્યાતગુણા થાય છે.

**(૫) શાતા-અશાતાવેદક :–** સર્વથી થોડા શાતાવેદક, અશાતાવેદક સંખ્યાતગુણા. શાતાવેદનીય કર્મનો ઉદય હોય તે શાતાવેદક અને અશાતા વેદનીયનો ઉદય હોય તે અશાતાવેદક છે. સૂક્ષ્મ જીવોમાં શાતાવેદક અલ્પ હોય છે અને અશાતા વેદક વધુ હોય છે.

**(૬) ઈન્દ્રિય ઉપયુક્ત-નોઈન્દ્રિય ઉપયુક્ત :–** પાંચે ઈન્દ્રિયના ઉપયોગ સહિત હોય તે જીવોને ઈન્દ્રિય ઉપયુક્ત કહે છે અને ઈન્દ્રિય નિરપેક્ષ કોઈપણ સંજ્ઞા કે મન દ્વારા મનન કરવામાં અથવા આત્મ રમણમાં ઉપયુક્ત હોય તે જીવોને નોઈન્દ્રિય ઉપયુક્ત કહે છે. કેવળજ્ઞાની જીવો પણ નોઈન્દ્રિયોપયુક્ત હોય છે તેમ છતાં અહીં એકેન્દ્રિયની મુખ્યતાએ અલ્પબહુત્વ છે.

સૂક્ષ્મ જીવો એકેન્દ્રિય છે. તેઓને મન કે આત્મબોધ હોતો નથી. તેમછતાં સ્વભાવથી તેમાં (૧) ઈન્દ્રિયોપયુક્ત જીવો અલ્પ છે અને (૨) નોઈન્દ્રિયોપયુક્ત એટલે ઈન્દ્રિય ઉપયોગ રહિત અવસ્થાવાળા જીવો સંખ્યાતગુણા હોય છે.

**(૭) સાકાર-અનાકારોપયોગયુક્ત :–** જ્ઞાનોપયોગને સાકારોપયોગ અને દર્શનોપયોગને અનાકારોપયોગ કહે છે. (૧) સર્વથી થોડા અનાકાર-ઉપયોગયુક્ત જીવો છે કારણ કે તેનો કાલ અલ્પ છે. (૨) તેનાથી સાકાર-ઉપયોગયુક્ત જીવો સંખ્યાતગુણા છે કારણ કે તેનો કાલ અનાકારોપયોગથી સંખ્યાતગુણો છે.

**સાત યુગલના ૧૪ બોલોનું સમ્મિલિત અલ્પબહુત્વ :–**

(૧) સર્વથી થોડા **આયુષ્યકર્મના બંધક** જીવો છે. કારણ કે આયુષ્યનો બંધ જીવનમાં એક જ વાર અને અંતર્મુહૂર્ત કાલ પર્યંત જ થાય છે. તેવા જીવો લોકમાં સદા અનંત હોય છે, તોપણ આ ચૌદ બોલોમાં પરસ્પરની તરતમતાને સમજવા માટે અસત્કલ્પનાથી આયુષ્ય કર્મનો **બંધક જીવ એક(૧)** છે, તેમ ધારીએ.

(૨) તેનાથી **અપર્યાપ્તા જીવો** સંખ્યાતગુણા છે કારણ કે આયુષ્ય કર્મના બંધક અને અબંધક બંને પ્રકારના

જીવો અપર્યાપ્તા હોય શકે છે. લબ્ધિ અપર્યાપ્ત જીવો પણ પોતાના જીવનમાં એકવાર પરભવનું આયુષ્ય બાંધે છે. તેથી તે આયુષ્યના બંધક પણ હોય છે અને આયુષ્યના બંધકાલ સિવાયના કાલમાં તે આયુષ્યના અબંધક હોય છે. આ રીતે આયુષ્યકર્મના બંધક જીવોથી અપર્યાપ્ત જીવો વધી જાય છે. અસત્કલ્પનાથી **અપર્યાપ્તા જીવો બે(૨)** છે.

(૩) તેનાથી **સુપ્ત જીવો** સંખ્યાતગુણા છે. કારણ કે સુપ્ત જીવોમાં લબ્ધિ અપર્યાપ્તા અને લબ્ધિ પર્યાપ્તા(કરણ અપર્યાપ્તા) બંને પ્રકારના જીવોનો સમાવેશ થાય છે તેથી અપર્યાપ્તા જીવોથી તે વધી જાય છે. અસત્કલ્પનાથી **સુપ્ત જીવો ચાર(૪)** છે.

(૪) તેનાથી સમુદ્‌ઘાતને પ્રાપ્ત થયેલા **સમવહત જીવો** સંખ્યાતગુણા છે. કારણ કે સુપ્ત અને જાગૃત બંને પ્રકારના જીવો મારણાંતિક આદિ સમુદ્‌ઘાત કરી શકે છે, તેથી સમવહત જીવો વધી જાય છે. અસત્કલ્પનાથી **સમવહત જીવો આઠ(૮)** છે.

(૫) તેનાથી **શાતાવેદક** સંખ્યાતગુણા છે. કારણ કે સમુદ્‌ઘાતનો પ્રયોગ અલ્પકાલીન અને ક્ષણિક જ હોય છે જ્યારે શાતા વેદનીયનો ઉદય નિરંતર ઘણા સમય સુધી રહી શકે છે. તેથી શાતાવેદક જીવોની સંખ્યા વધી જાય છે. અસત્કલ્પનાથી **શાતાવેદક જીવો સોળ(૧૬)** છે.

(૬) તેનાથી **ઈન્દ્રિયના ઉપયોગવાળા** જીવો સંખ્યાતગુણા છે. કારણ કે અશાતા વેદક જીવોમાં પણ ઈન્દ્રિયનો ઉપયોગ હોય છે. આ રીતે તેમાં અશાતાવેદક જીવોનો સમાવેશ થવાથી તે સંખ્યાતગુણા થાય છે. અસત્કલ્પનાથી ઈન્દ્રિયના **ઉપયોગયુક્ત જીવો બત્રીસ(૩૨)** છે.

(૭) તેનાથી **અનાકારોપયોગયુક્ત** જીવો સંખ્યાતગુણા છે. ઈન્દ્રિય ઉપયોગયુક્ત અને નોઈન્દ્રિય ઉપયોગયુક્ત આ બંને પ્રકારના જીવોમાં અનાકારોપયોગ હોય છે, તેથી તે જીવોની સંખ્યા વધી જાય છે. અસત્કલ્પનાથી **અનાકારોપયોગી ચોસઠ(૬૪)** છે.

(૮) તેનાથી **સાકારોપયોગયુક્ત** જીવો સંખ્યાતગુણા છે કારણ કે અનાકારોપયોગથી સાકારોપયોગની કાલમર્યાદા અધિક હોય છે, તેથી તે જીવોની સંખ્યા વધુ હોય છે. અસત્કલ્પનાથી **સાકારોપયોગયુક્ત જીવો એકસો બાણું(૧૯૨)** છે.

(૯) તેનાથી **નોઈન્દ્રિયોપયોગયુક્ત** જીવો વિશેષાધિક છે કારણ કે કેટલાક અનાકારોપયોગયુક્ત જીવો પણ નોઈન્દ્રિયોપયોગયુક્ત હોય છે, તેથી તે જીવોની સંખ્યા કંઈક અધિક(વિશેષાધિક) થઈ જાય છે. અસત્કલ્પનાથી **નોઈન્દ્રિયોપયોગ યુક્ત જીવો બસો ચોવીસ(૨૨૪)** છે.

(૧૦) તેનાથી **અશાતાવેદક જીવો** વિશેષાધિક છે. કારણ કે સાકાર કે અનાકારોપયોગી જીવો તથા ઈન્દ્રિય કે નોઈન્દ્રિયના ઉપયોગવાળા જીવોને અશાતા વેદના હોય શકે છે, તેથી તે જીવો વિશેષાધિક છે. અસત્કલ્પનાથી **અશાતાવેદક જીવો બસ્સો ચાલીસ(૨૪૦)** છે.

(૧૧) તેનાથી અસમવહત(સમુદ્‌ઘાતને પ્રાપ્ત નહીં થયેલા) જીવો વિશેષાધિક છે. કારણ કે શાતા-અશાતા–વેદક બંને પ્રકારના જીવોમાં અસમવહત જીવો હોય છે, તેથી તે જીવો વિશેષાધિક થાય છે. અસત્કલ્પનાથી **અસમવહત જીવો બસો અડતાલીસ(૨૪૮)** છે.

(૧૨) તેનાથી **જાગૃત જીવો** વિશેષાધિક છે. કારણ કે કેટલાક સમુદ્‌ઘાત સહિતના જીવો પણ જાગૃત હોય છે. તેથી જાગૃત જીવોની સંખ્યા વિશેષાધિક થાય છે. અસત્કલ્પનાથી **જાગૃત જીવો બસ્સો બાવન(૨૫૨)** છે.

(૧૩) તેનાથી **પર્યાપ્તા જીવો** વિશેષાધિક છે. કારણ કે પર્યાપ્ત જીવોમાં કેટલાક પર્યાપ્ત નામ કર્મવાળા જીવો કરણ અપર્યાપ્ત અવસ્થામાં સુપ્ત હોય છે તેનો પણ અહીં પર્યાપ્ત જીવોમાં સમાવેશ થાય છે, તેથી તે જાગૃત જીવોથી વધી જાય છે. અસત્કલ્પનાથી **પર્યાપ્તા જીવો બસો ચોપન(૨૫૪)** છે.

(૧૪) તેનાથી **આયુષ્યકર્મના અબંધક જીવો** વિશેષાધિક છે કારણ કે આયુષ્યકર્મના અબંધક જીવોમાં કેટલાક અપર્યાપ્ત નામ કર્મવાળા જીવોનો પણ સમાવેશ થાય છે. તેથી તે પર્યાપ્ત જીવોથી વધી જાય છે. અસત્કલ્પનાથી **આયુષ્યકર્મના અબંધક જીવો બસો પંચાવન(૨૫૫)** છે.

વ્યાખ્યાકારોએ સંસારના સર્વ જીવોને અસત્કલ્પનાથી ૨૫૬ માનીને, ચૌદ બોલોમાંથી બે-બે બોલોમાં ૨૫૬ની સંખ્યાને વિભક્ત કરીને, આ અલ્પબહુત્વને સમજાવ્યું છે. **તેની સ્થાપના આ પ્રમાણે છે–**

| ક્રમ | જીવ પ્રકાર | પ્રમાણ | કલ્પના રાશિ | ક્રમ | જીવ પ્રકાર | પ્રમાણ | કલ્પના રાશિ | કુલ કલ્પના રાશિ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | આયુ૰ કર્મ બંધક | સર્વથી અલ્પ | ૧ | ૧૪ | આયુ૰ કર્મ બંધક | વિશેષાધિક | ૨૫૫ | ૧ + ૨૫૫ = ૨૫૬ |
| ૨ | અપર્યાપ્તા | સંખ્યાતગુણા | ૨ | ૧૩ | પર્યાપ્તા | વિશેષાધિક | ૨૫૪ | ૨+૨૫૪ = ૨૫૬ |
| ૩ | સુપ્ત | સંખ્યાતગુણા | ૪ | ૧૨ | જાગૃત | વિશેષાધિક | ૨૫૨ | ૪+૨૫૨ = ૨૫૬ |
| ૪ | સમવહત | સંખ્યાતગુણા | ૮ | ૧૧ | અસમવહત | વિશેષાધિક | ૨૪૮ | ૮+૨૪૮ = ૨૫૬ |
| ૫ | શાતાવેદક | સંખ્યાતગુણા | ૧૬ | ૧૦ | અશાતાવેદક | વિશેષાધિક | ૨૪૦ | ૧૬+૨૪૦ = ૨૫૬ |
| ૬ | ઈન્દ્રિયોપયુક્ત | સંખ્યાતગુણા | ૩૨ | ૯ | નોઈન્દ્રિયોયુક્ત | વિશેષાધિક | ૨૨૪ | ૩૨+૨૨૪ = ૨૫૬ |
| ૭ | અનાકારોપોગી | સંખ્યાતગુણા | ૬૪ | ૮ | સાકારોપયોગી | સંખ્યાતગુણા | ૧૯૨ | ૬૪+૧૯૨ = ૨૫૬ |

**સ્થાપનાનું સ્પષ્ટી કરણ :–** ***(૧ અને ૧૪)*** *અસત્ કલ્પનાથી સમસ્ત જીવરાશિ ૨૫૬ અંક પ્રમાણે છે. તેમાં આયુષ્યના બંધક જીવો જો એક (૧) હોય તો શેષ(૨૫૬–૧ =) ૨૫૫ જીવો આયુષ્યકર્મના અબંધક છે. તે બંધક જીવોથી સંખ્યાતગુણા થાય છે.* ***(૨ અને ૧૩)*** *આયુષ્યના બંધક જીવોથી અપર્યાપ્ત જીવો સંખ્યાતગુણા હોવાથી અહીં તેને બમણા કર્યા છે. અપર્યાપ્તા જીવો જો બે(૨) હોય તો પર્યાપ્તા જીવો(૨૫૬–૨ = ૨૫૪) થાય છે.* ***(૩ અને ૧૨)*** *અપર્યાપ્તાથી સુપ્ત જીવો સંખ્યાતગુણા હોવાથી તે ચાર(૪) હોય તો જાગૃત જીવો(૨૫૬–૪ =) ૨૫૨ થાય છે.* ***(૪ અને ૧૧)*** *સુપ્ત જીવોથી સમવહત જીવો સંખ્યાતગુણા હોવાથી તે આઠ(૮) હોય તો અસમવહત જીવો(૨૫૬–૮ =) ૨૪૮ થાય છે.* ***(૫ અને ૧૦)*** *સમવહત જીવોથી શાતાવેદક જીવો સંખ્યાતગુણા હોવાથી તે સોળ(૧૬) હોય તો અશાતા વેદક(૨૫૬–૧૬ =) ૨૪૦ થાય છે.* ***(૬ અને ૯)*** *શાતાવેદકથી ઈન્દ્રિય ઉપયુક્ત જીવો સંખ્યાતગુણા હોવાથી તે બત્રીસ(૩૨) હોય, તો નોઈન્દ્રિય ઉપયુક્ત જીવો(૨૫૬–૩૨ =) ૨૨૪ થાય છે.* ***(૭ અને ૮)*** *ઈન્દ્રિય ઉપયુક્ત જીવોથી અનાકાર ઉપયુક્ત જીવો સંખ્યાતગુણા હોવાથી તે ચોસઠ(૬૪) હોય તો સાકાર ઉપયુક્ત(૨૫૬–૬૪ =) ૧૯૨ થાય છે.*

અનાકાર ઉપયુક્ત જીવો ૬૪ છે અને સાકારોપયુક્ત જીવો ૧૯૨ છે તેથી તે તેનાથી સંખ્યાતાગુણા થાય છે. આ રીતે ચૌદ બોલોના આ અલ્પબહુત્વમાં આઠમા બોલ સુધી સંખ્યાતગુણા છે, ત્યારપછી સર્વ બોલ વિશેષાધિક છે. આ રીતે અસત્કલ્પનાયુક્ત આ અલ્પબહુત્વ ગ્રંથોમાં **બસો છપ્પન ઢગલા (જીવરાશિ)ના થોકડા**ના નામે પ્રસિદ્ધ છે.

**(૨૬) પુદ્ગલ દ્વાર :–**

**१७६ खेत्ताणुवाएणं सव्वत्थोवा पोग्गला तेलोक्के, उड्ढलोय-तिरियलोए अणंतगुणा, अहोलोय-तिरियलोए विसेसाहिया, तिरियलोए असंखेज्जगुणा, उड्ढलोए असंखेज्जगुणा, अहोलोए विसेसाहिया ।**

**ભાવાર્થ :–** ક્ષેત્રની અપેક્ષાએ (૧) સર્વથી થોડા પુદ્ગલ ત્રણલોકમાં છે, (૨) તેનાથી ઊર્ધ્વલોક-તિરછાલોકમાં અનંતગુણા છે, (૩) તેનાથી અધોલોક-તિરછાલોકમાં વિશેષાધિક છે, (૪) તેનાથી તિરછાલોકમાં અસંખ્યાતગુણા છે, (૫) તેનાથી ઊર્ધ્વલોકમાં અસંખ્યાતગુણા છે અને (૬) તેનાથી અધોલોકમાં વિશેષાધિક છે.

**१७७ दिसाणुवाएणं सव्वत्थोवा पोग्गला उड्ढदिसाए, अहोदिसाए विसेसाहिया, उत्तरपुरत्थिमेणं दाहिणपच्चत्थिमेण य दो वि तुल्ला असंखेज्जगुणा, दाहिणपुरत्थिमेणं उत्तरपच्चत्थिमेण य दो वि तुल्ला विसेसाहिया, पुरत्थिमेणं असंखेज्जगुणा, पच्चत्थिमेणं विसेसाहिया, दाहिणेणं विसेसाहिया, उत्तरेणं विसेसाहिया ।**

**ભાવાર્થ :–** દિશાઓની અપેક્ષાએ (૧) સર્વથી થોડા પુદ્ગલ ઊર્ધ્વ દિશામાં છે, (૨) તેનાથી અધોદિશામાં વિશેષાધિક છે, (૩-૪) તેનાથી ઉત્તર-પૂર્વ અને દક્ષિણ-પશ્ચિમમાં અસંખ્યાતગુણા છે અને પરસ્પર તુલ્ય છે, (૫-૬) તેનાથી દક્ષિણ-પૂર્વ અને ઉત્તર-પશ્ચિમમાં વિશેષાધિક છે અને પરસ્પર તુલ્ય છે (૭) તેનાથી પૂર્વ દિશામાં અસંખ્યાતગુણા છે, (૮) તેનાથી પશ્ચિમદિશામાં વિશેષાધિક છે, (૯) તેનાથી દક્ષિણ દિશામાં વિશેષાધિક છે અને (૧૦) તેનાથી પણ ઉત્તર દિશામાં વિશેષાધિક છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં **ક્ષેત્રની અપેક્ષાએ** છ ક્ષેત્રોમાં અને **દિશાઓની અપેક્ષાએ** દશ દિશા(ચાર દિશા ચાર વિદિશા અને ઊર્ધ્વ-અધોદિશા)માં પુદ્ગલ દ્રવ્યની ન્યૂનાધિકતા દર્શાવી છે.

**ક્ષેત્રની અપેક્ષાએ પુદ્ગલોનું અલ્પબહુત્વ :–** (૧) સર્વથી થોડા ત્રણલોકસ્પર્શી પુદ્ગલ દ્રવ્ય છે, કારણ કે ત્રણે લોકને સ્પર્શતા સ્કંધો લોકમાં અલ્પ જ હોય છે. (૨) તેનાથી ઊર્ધ્વલોક-તિરછાલોક આ બંને પ્રતરોને સ્પર્શનારા પુદ્ગલો અનંતગુણા છે કારણ કે કેટલાય અનંત સંખ્યાત પ્રદેશી, અસંખ્યાત પ્રદેશી અને અનંત પ્રદેશી સ્કંધો બે પ્રતરોને સ્પર્શનારા હોય છે તેમજ આ બંને પ્રતરો તિરછાલોકની નિકટમાં હોવાથી સૂક્ષ્મ સ્નેહકાય આદિના પુદ્ગલો પણ વધુ હોય છે. (૩) તેનાથી અધોલોક-તિરછાલોકમાં વિશેષાધિક છે કારણ કે તે બંને પ્રતરોમાં અસંખ્ય સમુદ્રો આવેલા છે. તેના જલ અને તેને આશ્રિત રહેલા નિગોદાદિ જીવો સંબંધિત કર્મસ્કંધાદિની અપેક્ષાએ પુદ્ગલોનું પ્રમાણ વધી જાય છે. (૪) તેનાથી તિર્યગ્લોકમાં અસંખ્યાત ગુણા છે, તે ક્ષેત્રનો વિસ્તાર અસંખ્યાતગુણો છે. (૫) તેનાથી ઊર્ધ્વલોકમાં અસંખ્યાતગુણા છે કારણ કે તિર્યગ્લોકથી ઊર્ધ્વલોકનું ક્ષેત્ર અસંખ્યાતગુણું મોટું છે. (૬) તેનાથી અધોલોકમાં વિશેષાધિક છે, કારણ કે અધોલોકનું ક્ષેત્ર ઊર્ધ્વલોક કરતાં વિશેષાધિક છે.

| ક્રમ | ક્ષેત્ર–પુદ્ગલ | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧ | ત્રણલોક સ્પર્શી | સર્વથી થોડા | ત્રણલોક સ્પર્શી પુદ્ગલની સંખ્યા અલ્પ છે. |
| ૨ | ઊર્ધ્વલોક-તિરછાલોક | અનંતગુણા | અનંતા સંખ્યાત, અસંખ્યાત અને અનંત પ્રદેશી સ્કંધો બે પ્રતરને સ્પર્શે છે. |
| ૩ | અધોલોક-તિરછાલોક | વિશેષાધિક | આ પ્રતરનો કેટલોક ભાગ સમુદ્રમાં હોવાથી તેમાં બાદર નિગોદાદિ જીવો સંબંધિત કર્મ પુદ્ગલ સ્કંધ વધી જાય છે. |
| ૪ | તિરછાલોક | અસંખ્યાતગુણા | ક્ષેત્ર અસંખ્યાતગુણ વિસ્તૃત છે. |
| ૫ | ઊર્ધ્વલોક | અસંખ્યાતગુણા | ક્ષેત્ર અસંખ્યાતગુણ વિસ્તૃત છે. |
| ૬ | અધોલોક | વિશેષાધિક | ક્ષેત્ર વિશેષાધિક છે. |

**દસ દિશાઓની અપેક્ષાએ પુદ્ગલોનું અલ્પબહુત્વ :–** (૧) સર્વથી થોડા પુદ્ગલો ઊર્ધ્વ દિશામાં છે. લોકની મધ્યમાં આઠ રુચક પ્રદેશો છે, તેમાંથી ઉપરના ચાર પ્રદેશમાંથી ચાર પ્રદેશોની પંક્તિ લોકાંત પર્યંત જાય છે, તે ઊર્ધ્વ દિશા કહેવાય છે. તે ક્ષેત્ર અલ્પ એટલે વિસ્તારમાં સાત રજ્જુથી ન્યૂન હોવાથી તેમાં સર્વથી ઓછા પુદ્ગલો છે.

(૨) તેનાથી અધોદિશામાં વિશેષાધિક છે. આઠ રુચક પ્રદેશોમાંથી નીચેના ચાર રુચક પ્રદેશથી ચાર પ્રદેશોની પંક્તિ નીચે લોકાન્ત સુધી જાય છે, તે અધોદિશા કહેવાય છે. અધોદિશા વિસ્તારમાં સાત રજ્જુથી કંઈક અધિક હોવાથી ત્યાં પુદ્ગલો વિશેષાધિક છે.

(૩–૪) તેનાથી ઈશાનકોણ અને નૈઋત્યકોણ પ્રત્યેકમાં અસંખ્યાતગુણા પુદ્ગલો છે અને તે પરસ્પર તુલ્ય છે. કારણ કે આ બંને વિદિશાઓ પણ એક રુચક પ્રદેશથી નીકળીને મોતીની પંક્તિના આકારે તિરછાલોક, અધોલોક અને ઊર્ધ્વલોકના અંત સુધી ગયેલી છે. ઊર્ધ્વદિશા અધો દિશાથી ઈશાન અને નૈઋત્ય વિદિશાનું ક્ષેત્ર અસંખ્યાતગુણું હોવાથી તેમાં રહેલા પુદ્ગલો પણ અસંખ્યાતગુણા છે.

(૫–૬) તેનાથી અગ્નિકોણમાં અને વાયવ્યકોણમાં પ્રત્યેકમાં પુદ્ગલો વિશેષાધિક છે અને પરસ્પર તુલ્ય છે. કારણ કે આ બંને વિદિશામાં સોમનસ અને ગંધમાદન પર્વતોમાં સાત-સાત કૂટ છે. જ્યારે ઈશાન અને નૈઋત્યખૂણાના વિદ્યુત્પ્રભ અને ગંધમાદન પર્વત ઉપર નવ-નવ કૂટો છે. આ વિદિશામાં બે-બે કૂટ ઓછા હોવાથી ત્યાં ધુમ્મસ, ઝાકળ વગેરે સૂક્ષ્મ સ્નેહકાયિક પુદ્ગલો ઘણા છે, માટે પુદ્ગલો વિશેષાધિક છે અને આ બંને ક્ષેત્રમાં પર્વતાદિનું સમાનપણું હોવાથી પરસ્પર તુલ્ય છે.

(૭) તેનાથી પૂર્વ દિશામાં અસંખ્યાતગુણા છે, કારણ કે તે ક્ષેત્ર અસંખ્યાતગુણું છે. (૮) તેનાથી પશ્ચિમ દિશામાં વિશેષાધિક છે, કારણ કે પશ્ચિમ મહાવિદેહ ક્ષેત્રમાં બે વિજયોની હજાર યોજનની ઊંડાઈના કારણે ત્યાં પોલાણમાં ઘણા પુદ્ગલો હોય છે.

(૯) તેનાથી દક્ષિણદિશામાં વિશેષાધિક છે કારણ કે ત્યાં નરકાવાસ, ભવનો આદિ અધિક છે તેથી ત્યાં પોલાણ વધુ છે તેમાં ઘણા પુદ્ગલો હોય છે. (૧૦) તેનાથી ઉત્તર દિશામાં વિશેષાધિક છે, કારણ કે ઉત્તર દિશામાં સંખ્યાતા કોટાકોટિ યોજન પ્રમાણ લાંબુ-પહોળું માનસ સરોવર છે તેમાં સમુચ્ચય જીવ, અપ્કાય, વનસ્પતિકાય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય અને પંચેન્દ્રિય, આ સાત બોલના જીવોની અધિકતા છે. તે જીવોના તૈજસ-કાર્મણ શરીરના પુદ્ગલો અત્યધિક હોય છે.

| ક્રમ | દિશાના પુદ્ગલ | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧ | ઊર્ધ્વ દિશા | સર્વથી થોડા | ચાર પ્રદેશી ઊર્ધ્વ દિશા વિસ્તારની અપેક્ષાએ અલ્પ છે. |
| ૨ | અધો દિશા | વિશેષાધિક | અધોદિશાનું ક્ષેત્ર ઊર્ધ્વદિશાના ક્ષેત્રથી કંઈક વિશેષાધિક છે. |
| ૩-૪ | ઉત્તર-પૂર્વ<br>દક્ષિણ-પશ્ચિમ | અસંખ્યાતગુણા<br>(પરસ્પર તુલ્ય) | ક્ષેત્ર અસંખ્યાતગુણ વિસ્તૃત છે. |
| ૫-૬ | દક્ષિણ-પૂર્વ<br>ઉત્તર-પશ્ચિમ | વિશેષાધિક<br>(પરસ્પર તુલ્ય) | બે કૂટ ઓછા હોવાથી ઓસ આદિના સૂક્ષ્મ પુદ્ગલો અધિક છે. |
| ૭ | પૂર્વ દિશા | અસંખ્યાતગુણા | ક્ષેત્ર અસંખ્યાતગુણ વિસ્તૃત છે. |
| ૮ | પશ્ચિમ દિશા | વિશેષાધિક | અધોલૌકિક ગ્રામોની પોલાણ હોવાથી પુદ્ગલ અધિક છે. |
| ૯ | દક્ષિણ દિશા | વિશેષાધિક | ભવનપતિના ભવનો ઘણા છે. તેની પોલાણમાં પુદ્ગલની અધિકતા છે. |
| ૧૦ | ઉત્તર દિશા | વિશેષાધિક | માનસ સરોવરમાં અપ્કાય, વનસ્પતિ, જલચર આદિ જીવોની અધિકતા હોવાથી તૈજસ–કાર્મણ શરીરના પુદ્ગલોની પ્રચુરતા છે. |

**ક્ષેત્રની અપેક્ષાએ દ્રવ્યોનું અલ્પબહુત્વ :–**

**૧૭૮ खेत्ताणुवाएणं सव्वत्थोवाइं दव्वाइं तेलोक्के, उड्ढलोय-तिरियलोए अणंतगुणाइं, अहोलोय-तिरियलोए विसेसाहियाइं, उड्ढलोए असंखेज्जगुणाइं, अहोलोए अणंतगुणाइं, तिरियलोए संखेज्जगुणाइं ।**

**ભાવાર્થ :–** ક્ષેત્રની અપેક્ષાએ (૧) સર્વથી થોડા દ્રવ્ય ત્રણલોકમાં છે, (૨) તેનાથી ઊર્ધ્વલોક-તિરછાલોકમાં અનંતગુણા છે, (૩) તેનાથી અધોલોક-તિરછાલોકમાં વિશેષાધિક છે, (૪) તેનાથી ઊર્ધ્વલોકમાં અસંખ્યાતગુણા છે, (૫) તેનાથી અધોલોકમાં અનંતગુણા છે અને (૬) તેનાથી તિરછાલોકમાં સંખ્યાતગુણા છે.

**૧૭૯ दिसाणुवाएणं सव्वत्थोवाइं दव्वाइं अहोदिसाए, उड्ढदिसाए अणंतगुणाइं, उत्तरपुरत्थिमेणं दाहिणपच्चत्थिमेण य दो वि तुल्लाइं असंखेज्जगुणाइं, दाहिणपुरत्थिमेणं उत्तरपच्चत्थिमेणं य दो वि तुल्लाइं विसेसाहियाइं, पुरत्थिमेणं असंखेज्जगुणाइं, पच्चत्थिमेणं विसेसाहियाइं, दाहिणेणं विसेसाहियाइं, उत्तरेणं विसेसाहियाइं ।**

**ભાવાર્થ :–** દિશાની અપેક્ષાએ (૧) સર્વથી થોડા દ્રવ્ય અધોદિશામાં છે, (૨) તેનાથી ઊર્ધ્વદિશામાં અનંતગુણા છે, (૩-૪) તેનાથી ઉત્તરપૂર્વ અને દક્ષિણ-પશ્ચિમ આ બંને વિદિશામાં પરસ્પર તુલ્ય અને પૂર્વાપેક્ષયા અસંખ્યાતગુણા છે, (૫-૬) તેનાથી દક્ષિણ-પૂર્વ અને ઉત્તર-પશ્ચિમ આ બંને વિદિશામાં તુલ્ય તથા પૂર્વાપેક્ષયા (બંને વિદિશાથી) વિશેષાધિક છે, (૭) તેનાથી પૂર્વદિશામાં અસંખ્યાતગુણા છે, (૮) તેનાથી પશ્ચિમ દિશામાં વિશેષાધિક છે, (૯) તેનાથી દક્ષિણમાં વિશેષાધિક છે અને (૧૦) તેનાથી ઉત્તરમાં વિશેષાધિક છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ક્ષેત્ર અને દિશાની અપેક્ષાએ સમુચ્ચય છએ દ્રવ્યના અલ્પબહુત્વની પ્રરૂપણા

છે. છ દ્રવ્યોમાં કાલ દ્રવ્ય સર્વથી વધુ હોવાથી આ અલ્પબહુત્વમાં તેની મુખ્યતા છે તેમ સમજવું.

**ક્ષેત્રની અપેક્ષાએ છ એ દ્રવ્યનું અલ્પબહુત્વ :–** (૧) સર્વથી ઓછા દ્રવ્યો ત્રણલોક સ્પર્શી છે. કારણ કે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય દ્રવ્ય અને પુદ્ગલ દ્રવ્યમાં અચિત્ત મહાસ્કંધ આદિ વિશાળ સ્કંધો તથા જીવાસ્તિકાયમાં મારણાંતિક સમુદ્ઘાત અને કેવળી સમુદ્ઘાત આદિથી સમવહત જીવો ત્રણલોક સ્પર્શી હોય છે, તે દ્રવ્યો સર્વથી અલ્પ છે. (૨) તેનાથી ઊર્ધ્વલોક-તિરછાલોક નામના બંને પ્રતરોમાં અનંતગુણા દ્રવ્યો છે, કારણ કે અનંત પુદ્ગલ દ્રવ્ય તથા અનંત જીવ દ્રવ્ય આ બંને પ્રતરોનો સ્પર્શ કરે છે. (૩) તેનાથી અધોલોક-તિરછાલોકમાં વિશેષાધિક છે, કારણ કે પશ્ચિમ મહાવિદેહક્ષેત્રમાં આવેલી બંને વિજયો આ બંને પ્રતરોને સ્પર્શે છે અને તેમાં કાલ દ્રવ્ય છે. (૪) તેનાથી ઉર્ધ્વલોકમાં અસંખ્યાતગુણા છે કારણ કે પૂર્વાપેક્ષયા તે ક્ષેત્ર અસંખ્યગણું વિશાળ છે. (૫) તેનાથી અધોલોકમાં અનંતગુણા અધિક દ્રવ્યો છે, કારણ કે અધોલૌકિક બે વિજયોમાં અનંત દ્રવ્યો પર કાળ વર્તી રહ્યું છે, તે ઔચારિક કાલદ્રવ્યની અપેક્ષાએ અધોલોકમાં અનંતગુણા દ્રવ્યો છે. (૬) તેનાથી તિરછાલોકમાં સંખ્યાતગુણા છે, કારણ કે અધોલૌકિક બે વિજયથી તિરછાલોકનું ક્ષેત્ર સંખ્યાતગુણું છે, તેથી તેમાં કાલદ્રવ્યની અપેક્ષાએ સંખ્યાતગુણો દ્રવ્ય થાય છે.

| ક્રમ | દ્રવ્ય | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧ | ત્રણ લોક સ્પર્શી | સર્વથી થોડા | ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, અચિત્ત–મહાસ્કંધ અને મારણાંતિક સમુદ્ઘાત તથા કેવળી સમુદ્ઘાતમાં જીવો ત્રણલોક સ્પર્શી હોય છે તેની સંખ્યા અલ્પ છે. |
| ૨ | ઊર્ધ્વલોક-તિરછાલોક | અનંતગુણા | અનંત પુદ્ગલ અને જીવ દ્રવ્યની સ્પર્શના છે. |
| ૩ | અધોલોક-તિરછાલોક | વિશેષાધિક | અધોલૌકિક બંને વિજયોની અપેક્ષાએ જીવ અને પુદ્ગલ વધુ છે. |
| ૪ | ઊર્ધ્વલોક | અસંખ્યાતગુણા | ક્ષેત્ર અસંખ્યાતગણુ છે. |
| ૫ | અધોલોક | અનંતગુણા | અધોલૌકિક બે વિજયમાં પુદ્ગલો અને જીવો પર કાલવર્તી રહ્યો હોવાથી કાલ દ્રવ્ય અનંત છે. |
| ૬ | તિરછોલોક | સંખ્યાતગુણો | અધોલૌકિક બે વિજયોથી સંખ્યાતગુણ અધિક ક્ષેત્ર છે તેથી દ્રવ્યો સંખ્યાતગુણ છે. |

**દસ દિશાઓની અપેક્ષાએ દ્રવ્યોનું અલ્પબહુત્વ :–** (૧) સર્વથી થોડા દ્રવ્ય અધોદિશામાં છે કારણ કે અધોદિશામાં કાલદ્રવ્ય નથી. (૨) તેનાથી ઊર્ધ્વદિશામાં અનંતગુણા દ્રવ્યો છે કારણ કે મેરુ પર્વતના સ્ફટિક કાંડમાં આવેલી ઊર્ધ્વ દિશામાં ચંદ્ર-સૂર્યના પ્રકાશનું સંક્રમણ થાય છે. તેની અપેક્ષાએ ત્યાં કાલદ્રવ્યની ગણના થાય છે. તે ક્ષેત્રમાં રહેલા અનંત પુદ્ગલ દ્રવ્ય પર કાલ દ્રવ્ય વર્તી રહ્યું હોવાથી કાલ દ્રવ્યના અનંત ભેદ થાય છે, તેથી ત્યાં અનંતગુણા દ્રવ્યો થાય છે.

(૩–૪) તેનાથી ઈશાન અને નૈઋત્યકોણમાં અસંખ્યાતગુણા દ્રવ્યો છે અને પરસ્પર તુલ્ય છે, કારણ કે તે બંને વિદિશાનું ક્ષેત્ર પૂર્વાપેક્ષયા અસંખ્યાતગુણું અને પરસ્પર તુલ્ય છે.

(૫–૬) તેનાથી આગ્નેય અને વાયવ્યકોણમાં વિશેષાધિક દ્રવ્યો છે અને પરસ્પર તુલ્ય છે કારણ કે તે બંને વિદિશામાં સોમનસ અને ગંધમાદન પર્વત પર સાત-સાત કૂટ છે. ઈશાન અને નૈઋત્યકોણમાં વિદ્યુત્પ્રભ અને ગંધમાદન પર્વત પર નવ-નવ શિખરો છે. આ રીતે અગ્નિ અને વાયવ્યકોણમાં બે-બે કૂટ ઓછા

હોવાથી ત્યાં ધુમ્મસ, ઝાકળાદિ સૂક્ષ્મ સ્નેહકાયિક પુદ્‌ગલોનું પ્રમાણ અધિક છે, સ્નિગ્ધ પુદ્‌ગલો અધિક છે. તે જ રીતે પુદ્‌ગલોની અધિકતાથી તેના પર વર્તી રહેલું કાલ દ્રવ્ય પણ અધિક છે. તેથી વિશેષાધિક દ્રવ્યો થાય છે.

(૭) તેનાથી પૂર્વદિશામાં અસંખ્યાતગુણા દ્રવ્યો છે કારણ કે પૂર્વ દિશાનું ક્ષેત્ર પૂર્વપેક્ષયા અસંખ્યાતગણું છે.

(૮) તેનાથી પશ્ચિમદિશામાં વિશેષાધિક દ્રવ્યો છે કારણ કે ત્યાં અધોલૌકિક બે વિજયોની પોલાણમાં પુદ્‌ગલ દ્રવ્યો અધિક છે.

(૯) તેનાથી દક્ષિણદિશામાં વિશેષાધિક દ્રવ્યો છે કારણ કે ત્યાં ચંદ્ર સૂર્યના દ્વીપો અને ગૌતમ દ્વીપ વગેરે નથી. તેથી જલ વધતાં જીવ અને પુદ્‌ગલ તથા કાલ દ્રવ્યની વૃદ્ધિ થતાં દ્રવ્યો વધુ હોય છે.

(૧૦) તેનાથી ઉત્તર દિશામાં વિશેષાધિક છે. કારણ કે ઉત્તરદિશામાં રહેલા માનસ સરોવરમાં જીવોની અધિકતા હોવાથી તેના તૈજસ-કાર્મણ શરીરની અધિકતાની અપેક્ષાએ પુદ્‌ગલ દ્રવ્યની અધિકતા છે.

| ક્રમ | દ્રવ્ય | પ્રમાણ | કારણ |
|---|---|---|---|
| ૧ | અધોદિશા | સર્વથી થોડા | કાલ દ્રવ્ય ન હોવાથી દ્રવ્યો ઓછા છે. |
| ૨ | ઊર્ધ્વદિશા | અનંતગુણા | ત્યાં કાલ વર્તે છે તેથી ઔપચારિક અનંત દ્રવ્ય થાય છે. |
| ૩-૪ | ઉત્તર-પૂર્વ દક્ષિણ-પશ્ચિમ | અસંખ્યાતગુણા (પરસ્પર તુલ્ય) | ક્ષેત્ર અસંખ્યાતગુણ વિસ્તૃત છે. |
| ૫-૬ | દક્ષિણ-પૂર્વ ઉત્તર-પશ્ચિમ | વિશેષાધિક (પરસ્પર તુલ્ય) | ઓસ આદિ પુદ્‌ગલોની પ્રચુરતા છે. |
| ૭ | પૂર્વ દિશા | અસંખ્યાતગુણા | ક્ષેત્ર અસંખ્યાતગણું છે. |
| ૮ | પશ્ચિમ દિશા | વિશેષાધિક | અધોલૌકિક વિજયોની પોલાણમાં પુદ્‌ગલોની અધિકતા છે. |
| ૯ | દક્ષિણ દિશા | વિશેષાધિક | જલની અધિકતા છે, તેથી જીવ પુદ્‌ગલ દ્રવ્યની અધિકતા છે. |
| ૧૦ | ઉત્તર દિશા | વિશેષાધિક | માનસ સરોવરમાં જીવો અને પુદ્‌ગલોની પ્રચુરતા છે. |

**પુદ્‌ગલ દ્રવ્યનું દ્રવ્ય–ક્ષેત્ર આદિની અપેક્ષાએ અલ્પબહુત્વ :–**

**૧૮૦** **एएसि णं भंते ! परमाणुपोग्गलाणं, संखेज्जपएसियाणं, असंखेज्जपएसियाणं, अणंत- पएसियाण य खंधाणं दव्वट्ठयाए पएसट्ठयाए दव्वट्ठपएसट्ठयाए कयरे कयरेहिंतो अप्पा वा बहुया या तुल्ला वा विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवा अणंतपएसिया खंधा दव्वट्ठयाए, परमाणुपोग्गला दव्वट्ठयाए अणंतगुणा, संखेज्जपएसिया खंधा दव्वट्ठयाए संखेज्जगुणा, असंखेज्जपएसिया खंधा दव्वट्ठयाए असंखेज्जगुणा ।**

**पएसट्ठयाए- सव्वत्थोवा अणंतपएसिया खंधा पएसट्ठयाए, परमाणुपोग्गला अपएसट्ठयाए अणंतगुणा, संखेज्जपएसिया खंधा पएसट्ठयाए संखेज्जगुणा, असंखेज्ज पएसिया खंधा पएसट्ठयाए असंखेज्जगुणा ।**

**दव्वट्ठपएसट्ठयाए- सव्वत्थोवा अणंतपएसिया खंधा दव्वट्ठयाए, ते चेव पए सट्ठयाए अणंतगुणा, परमाणुपोग्गला दव्वट्ठ-अपएसट्ठयाए अणंतगुणा, संखेज्जपएसिया खंधा दव्वट्ठयाए संखेज्जगुणा, ते चेव पएसट्ठयाए संखेज्जगुणा, असंखेज्जपएसिया खंधा दव्वट्ठयाए असंखेज्जगुणा, ते चेव पएसट्ठयाए असंखेज्जगुणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! (૧) પરમાણુ પુદ્‌ગલો (૨) સંખ્યાત પ્રદેશી સ્કંધ, (૩) અસંખ્યાત પ્રદેશી સ્કંધ, (૪) અનંતપ્રદેશી સ્કંધોમાંથી દ્રવ્યની અપેક્ષાએ, પ્રદેશોની અપેક્ષાએ અને દ્રવ્ય-પ્રદેશોની અપેક્ષાએ કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! **દ્રવ્યની અપેક્ષાએ–** (૧) સર્વથી થોડા અનંતપ્રદેશી સ્કંધ છે, (૨) તેનાથી પરમાણુ પુદ્‌ગલો અનંતગુણા છે, (૩) તેનાથી સંખ્યાત પ્રદેશી સ્કંધ સંખ્યાતગુણા છે, (૪) તેનાથી અસંખ્યાત પ્રદેશી સ્કંધ અસંખ્યાતગુણા છે.

**પ્રદેશની અપેક્ષાએ–** (૧) સર્વથી થોડા અનંત પ્રદેશી સ્કંધ છે, (૨) તેનાથી પરમાણુ પુદ્‌ગલ અપ્રદેશની અપેક્ષાએ અનંતગુણા છે, (૩) તેનાથી સંખ્યાતપ્રદેશી સ્કંધ સંખ્યાતગુણા છે, (૪) તેનાથી અસંખ્યાત પ્રદેશી સ્કંધ અસંખ્યાતગુણા છે.

**દ્રવ્ય-પ્રદેશની અપેક્ષાએ–** (૧) સર્વથી થોડા દ્રવ્યની અપેક્ષાએ અનંતપ્રદેશી સ્કંધ છે, (૨) તેનાથી તે જ અનંત પ્રદેશી સ્કંધો પ્રદેશની અપેક્ષાએ અનંતગુણા છે, (૩) તેનાથી પરમાણુ પુદ્‌ગલ, દ્રવ્ય-અપ્રદેશની અપેક્ષાએ અનંતગુણા છે, (૪) તેનાથી સંખ્યાતપ્રદેશી સ્કંધ, દ્રવ્યની અપેક્ષાએ સંખ્યાતગુણા છે, (૫) તેનાથી તે જ સંખ્યાતપ્રદેશી સ્કંધો પ્રદેશની અપેક્ષાએ સંખ્યાત ગુણા છે, (૬) તેનાથી અસંખ્યાત પ્રદેશી સ્કંધ, દ્રવ્યની અપેક્ષાએ અસંખ્યાતગુણા છે અને (૭) તેનાથી તે જ અસંખ્યાત પ્રદેશી સ્કંધો પ્રદેશની અપેક્ષાએ અસંખ્યાતગુણા છે.

**૧૮૧ एएसि णं भंते ! एगपएसोगाढाणं संखेज्जपएसोगाढाणं असंखेज्जपएसोगाढाणं च पोग्गलाणं दव्वट्ठयाए पएसट्ठयाए दव्वट्ठपएसट्ठयाए कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवा एगपएसोगाढा पोग्गला दव्वट्ठयाए, संखेज्जपएसोगाढा पोग्गला दव्वट्ठयाए संखेज्जगुणा, असंखेज्जपएसोगाढा पोग्गला दव्वट्ठयाए असंखेज्जगुणा ।**

**पएसट्ठयाए- सव्वत्थोवा एगपएसोगाढा पोग्गला पएसट्ठयाए, संखेज्जपएसोगाढा पोग्गला पएसट्ठयाए संखेज्जगुणा, असंखेज्जपएसोगाढा पोग्गला पएसट्ठयाए असंखेज्जगुणा।**

**दव्वट्ठपएसट्ठयाए- सव्वत्थोवा एगपएसोगाढा पोग्गला दव्वट्ठअपएसट्ठयाए, संखेज्ज-पएसोगाढा पोग्गला दव्वट्ठयाए संखेज्जगुणा, ते चेव पएसट्ठयाए संखेज्जगुणा, असंखेज्ज-पएसोगाढा पोग्गला दव्वट्ठयाए असंखेज्जगुणा, ते चेव पएसट्ठयाए असंखेज्जगुणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! એક પ્રદેશાવગાઢ, સંખ્યાત પ્રદેશાવગાઢ, અસંખ્યાત પ્રદેશાવગાઢ પુદ્‌ગલોમાં દ્રવ્યની અપેક્ષાએ, પ્રદેશની અપેક્ષાએ, દ્રવ્ય અને પ્રદેશની અપેક્ષાએ કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર**– હે ગૌતમ ! **દ્રવ્યની અપેક્ષાએ**– (૧) સર્વથી થોડા એક પ્રદેશાવગાઢ પુદ્‍ગલ છે, (૨) તેનાથી સંખ્યાત પ્રદેશાવગાઢ પુદ્‍ગલ સંખ્યાતગુણા છે, (૩) તેનાથી અસંખ્યાત પ્રદેશાવગાઢ પુદ્‍ગલો અસંખ્યાત ગુણા છે.

**પ્રદેશની અપેક્ષાએ**– (૧) સર્વથી થોડા એકપ્રદેશાવગાઢ પુદ્‍ગલ છે, (૨) તેનાથી સંખ્યાત પ્રદેશાવગાઢ પુદ્‍ગલ સંખ્યાતગુણા છે, (૩) તેનાથી અસંખ્યાત પ્રદેશાવગાઢ પુદ્‍ગલ અસંખ્યાતગુણા છે.

**દ્રવ્ય–પ્રદેશની અપેક્ષાએ**– (૧)સર્વથી થોડા દ્રવ્ય અને અપ્રદેશની અપેક્ષાએ એક પ્રદેશાવગાઢ પુદ્‍ગલ છે (૨) તેનાથી દ્રવ્યની અપેક્ષાએ સંખ્યાત પ્રદેશાવગાઢ પુદ્‍ગલ સંખ્યાતગુણા છે (૩) તેનાથી પ્રદેશની અપેક્ષાએ સંખ્યાત પ્રદેશાવગાઢ પુદ્‍ગલ સંખ્યાતગુણા છે (૪) તેનાથી દ્રવ્યની અપેક્ષાએ અસંખ્યાત પ્રદેશાવગાઢ પુદ્‍ગલ અસંખ્યાતગુણા છે (૫) તેનાથી પ્રદેશની અપેક્ષાએ અસંખ્યાત પ્રદેશાવગાઢ પુદ્‍ગલ જ અસંખ્યાતગુણા છે.

**૧૮૨ एएसि णं भंते ! एगसमयठिईयाणं संखेज्जसमयठिईयाणं असंखेज्जसमयठिईयाणं च पोग्गलाणं दव्वट्ठयाए पएसट्ठयाए दव्वट्ठपएसट्ठयाए कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?**

**गोयमा ! सव्वत्थोवा एगसमयठिईया पोग्गला दव्वट्ठयाए, संखेज्जसमयठिईया पोग्गला दव्वट्ठयाए संखेज्जगुणा, असंखेज्जसमयठिईया पोग्गला दव्वट्ठयाए असंखेज्जगुणा।**

**पएसट्ठयाए- सव्वत्थोवा एगसमयठिईया पोग्गला पएसट्ठयाए, संखेज्जसमयठिईया पोग्गला पएसट्ठयाए संखेज्जगुणा, असंखेज्जसमयठिईया पोग्गला पएसट्ठयाए असंखेज्जगुणा ।**

**दव्वट्ठपएसट्ठयाए- सव्वत्थोवा एगसमयठिईया पोग्गला दव्वट्ठपएसट्ठयाए, संखेज्जसमयठिईया पोग्गला दव्वट्ठयाए संखेज्जगुणा, ते चेव पएसट्ठयाए संखेज्जगुणा, असंखेज्जसमयठिईया पोग्गला दव्वट्ठयाए असंखेज्जगुणा, ते चेव पएसट्ठयाए असंखेज्जगुणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! એક સમયની સ્થિતિવાળા, સંખ્યાત સમયની સ્થિતિવાળા અને અસંખ્યાત સમયની સ્થિતિવાળા પુદ્‍ગલોમાંથી દ્રવ્ય અપેક્ષાએ, પ્રદેશ અપેક્ષાએ તથા દ્રવ્ય અને પ્રદેશ અપેક્ષાએ કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર**– હે ગૌતમ ! **દ્રવ્યની અપેક્ષાએ**– (૧) સર્વથી થોડા એક સમયની સ્થિતિવાળા પુદ્‍ગલ છે, (૨) તેનાથી સંખ્યાત સમયની સ્થિતિવાળા પુદ્‍ગલ સંખ્યાતગુણા છે, (૩) તેનાથી અસંખ્યાત સમયની સ્થિતિવાળા પુદ્‍ગલ અસંખ્યાગુણા છે.

**પ્રદેશની અપેક્ષાએ**– (૧) સર્વથી થોડા એક સમયની સ્થિતિવાળા પુદ્‍ગલ છે, (૨) તેનાથી સંખ્યાત સમયની સ્થિતિવાળા પુદ્‍ગલ સંખ્યાતગુણા છે, (૩) તેનાથી અસંખ્યાત સમયની સ્થિતિવાળા પુદ્‍ગલ અસંખ્યાતગુણા છે.

**દ્રવ્ય-પ્રદેશની અપેક્ષાએ**– (૧) એક સમયની સ્થિતિવાળા પુદ્‍ગલો દ્રવ્ય અને પ્રદેશની અપેક્ષાએ સર્વથી થોડા છે, (૨) તેનાથી સંખ્યાત સમયની સ્થિતિવાળા પુદ્‍ગલો, દ્રવ્યની અપેક્ષાએ સંખ્યાતગુણા છે (૩) તેનાથી તે જ સંખ્યાત સમયની સ્થિતિવાળા પુદ્‍ગલો પ્રદેશની અપેક્ષાએ સંખ્યાતગુણા

છે, (૪) તેનાથી અસંખ્યાત સમયની સ્થિતિવાળા પુદ્ગલો, દ્રવ્યની અપેક્ષાએ અસંખ્યાતગુણા છે, (૫) તેનાથી તે જ અસંખ્યાત સમયની સ્થિતિવાળા પુદ્ગલો પ્રદેશની અપેક્ષાએ અસંખ્યાતગુણા છે.

**१८३ एएसि णं भंते ! एगगुणकालगाणं, संखेज्जगुणकालगाणं, असंखेज्जगुणकालगाणं, अणंतगुणकालगाणं च पोग्गलाणं दव्वट्ठयाए पएसट्ठयाए दव्वट्ठपएसट्ठयाए कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?**

**गोयमा ! जहा परमाणुपोग्गला तहा भाणियव्वा । एवं संखेज्जगुणकालगाण वि । एवं सेसा वि वण्णा-गंधा-रसा फासा भाणियव्वा । फासाणं कक्खड-मउय-गरुय-लहुयाणं जहा एगपएसोगाढाणं भणंति तहा भाणियव्वं । अवसेसा फासा जहा वण्णा गंधा भणिया तहा भाणियव्वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! એક ગુણ કાળા, સંખ્યાત ગુણ કાળા, અસંખ્યાતગુણ કાળા અને અનંતગુણ કાળા વર્ણવાળા પુદ્ગલોમાં, દ્રવ્યથી, પ્રદેશથી તથા દ્રવ્ય અને પ્રદેશથી કોણ કોનાથી અલ્પ, બહુ, તુલ્ય કે વિશેષાધિક છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જે રીતે પરમાણુ પુદ્ગલના વિષયમાં કહ્યું છે, તે જ રીતે અહીં પણ કહેવું જોઈએ. તે જ રીતે સંખ્યાતગુણ કાળા, અસંખ્યાતગુણ કાળા, અનંતગુણ કાળા વર્ણવાળા પુદ્ગલોના વિષયમાં પણ સમજી લેવું જોઈએ. તે જ રીતે શેષ વર્ણ, ગંધ, રસ અને સ્પર્શના પુદ્ગલોના સંબંધમાં કહેવું જોઈએ. પરંતુ સ્પર્શમાં કર્કશ, મૃદુ, ગુરુ અને લઘુ સ્પર્શોના વિષયમાં પરમાણુ આદિની જેમ ન કહેતાં એક પ્રદેશાવગાઢ આદિ પુદ્ગલોના અલ્પબહુત્વની જેમ કહેવું જોઈએ. શેષ ચાર સ્પર્શના વિષયમાં વર્ણાદિના અલ્પબહુત્વની સમાન એટલે કે પરમાણુ આદિની સમાન કથન કરવું. ॥ **છવીસમું દ્વાર પૂર્ણ** ॥

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવની અપેક્ષાએ પુદ્ગલ દ્રવ્યમાં પરમાણુ, સંખ્યાત, અસંખ્યાત અને અનંત પ્રદેશી સ્કંધના દ્રવ્યાર્થ, પ્રદેશાર્થ અને દ્રવ્ય-પ્રદેશાર્થના અલ્પબહુત્વની વિચારણા છે.

**દ્રવ્યની અપેક્ષાએ અલ્પબહુત્વ :–** (૧) સર્વથી થોડા અનંત પ્રદેશી સ્કંધો છે. તેમાં ઘણા સ્કંધો બાદર હોવાથી થોડા છે અર્થાત્ પરમાણુથી અસંખ્ય પ્રદેશી સુધીના સ્કંધો સૂક્ષ્મ અને ચક્ષુ અગ્રાહ્ય હોવાથી લોકમાં ઘણા હોય છે. (૨) તેનાથી પરમાણુ પુદ્ગલ અનંતગુણા છે. (૩) તેનાથી સંખ્યાતપ્રદેશી સ્કંધના સંખ્યાત વિકલ્પો થવાથી સંખ્યાતગુણા છે અને (૪) તેનાથી અસંખ્યાતપ્રદેશી સ્કંધના અસંખ્યાતા વિકલ્પો થવાથી અસંખ્યાતગુણા છે. **પ્રદેશ**ની અપેક્ષાએ અને **દ્રવ્ય-પ્રદેશ**ની અપેક્ષાએ અલ્પબહુત્વનું કથન ભાવાર્થથી સ્પષ્ટ છે.

**ક્ષેત્રની અપેક્ષાએ અલ્પબહુત્વ :–** અહીં ક્ષેત્રની પ્રધાનતા છે. એક આકાશપ્રદેશ ઉપર રહેલા પરમાણુથી અનંતપ્રદેશી સ્કંધોને એક દ્રવ્ય તરીકે ગણવામાં આવે છે કારણ કે બધાનું આધારભૂત ક્ષેત્ર એક આકાશપ્રદેશ છે. તે જ રીતે લોકાકાશના બે આકાશપ્રદેશ ઉપર રહેલા દ્વિપ્રદેશીથી અનંતપ્રદેશી સુધીના સ્કંધો દ્વિપ્રદેશાવગાઢ કહેવાય છે. સ્કંધ જેટલા પ્રદેશી હોય, તેટલા આકાશપ્રદેશ પર ઉત્કૃષ્ટપણે તે અવગાઢ થઈ શકે છે અને ઓછામાં ઓછા એક આકાશ પ્રદેશ પર પણ અવગાઢ થઈ શકે છે. યથા– દ્વિપ્રદેશી સ્કંધ

જઘન્ય એક આકાશ પ્રદેશ પર અને ઉત્કૃષ્ટ બે આકાશપ્રદેશ પર રહી શકે છે પરંતુ તે ત્રણ આકાશ પ્રદેશ પર રહી શકતો નથી. દ્વિપ્રદેશી સ્કંધ જ્યારે એક આકાશપ્રદેશ પર રહે ત્યારે ક્ષેત્રની અપેક્ષાએ તે એકપ્રદેશાવગાઢ દ્રવ્ય કહેવાય અને બે આકાશ પ્રદેશ પર રહે ત્યારે ક્ષેત્રની અપેક્ષાએ બે પ્રદેશાવગાઢ દ્રવ્ય કહેવાય છે.

તે જ રીતે દશપ્રદેશી સ્કંધ જઘન્ય એક આકાશપ્રદેશ પર રહે છે; મધ્યમ બે, ત્રણ, ચાર ***યાવત્*** નવ આકાશપ્રદેશ પર રહે છે અને ઉત્કૃષ્ટ દશ આકાશપ્રદેશ પર રહે છે પરંતુ દશથી વધારે આકાશપ્રદેશ પર તે રહી શકતો નથી. ક્ષેત્રની અપેક્ષાએ તે જેટલા આકાશપ્રદેશ પર સ્થિત થયો હોય તેટલા આકાશ પ્રદેશાવગાઢ દ્રવ્ય કહેવાય છે. તે જ રીતે અનંતપ્રદેશી સ્કંધ જઘન્ય એક આકાશપ્રદેશ પર રહે છે; મધ્યમ બે, ત્રણ, ચાર ***યાવત્*** સંખ્યાતપ્રદેશ પર રહે છે અને ઉત્કૃષ્ટ અસંખ્યાત પ્રદેશ પર રહે છે. લોકાકાશના અસંખ્યાત પ્રદેશ હોવાથી તે ઉત્કૃષ્ટ અસંખ્યાત પ્રદેશ પર રહે છે, અનંત આકાશ પ્રદેશ લોકમાં નથી.

અનંતપ્રદેશી સ્કંધ જ્યારે એક આકાશપ્રદેશ પર સ્થિત હોય ત્યારે ક્ષેત્રની અપેક્ષાએ તે એક પ્રદેશાવગાઢ દ્રવ્ય કહેવાય છે અને ઉત્કૃષ્ટ અસંખ્યાત આકાશ પ્રદેશ પર સ્થિત હોય ત્યારે અસંખ્યાત પ્રદેશાવગાઢ દ્રવ્ય કહેવાય છે.

આ રીતે ક્ષેત્રની પ્રધાનતાને સ્વીકારીને વિચારણા કરતાં– (૧) એક પ્રદેશાવગાઢ દ્રવ્યો સ્વભાવથી લોકમાં સર્વથી થોડા છે. (૨) તેનાથી સંખ્યાત પ્રદેશાવગાઢ પુદ્ગલ દ્રવ્યો સંખ્યાતગુણા છે. કારણ કે એકથી વધુ એટલે કે બે, ત્રણ, ચાર ***યાવત્*** સંખ્યાત આકાશ પ્રદેશ અવગાહન કરનારા પુદ્ગલોના સંખ્યાતા વિકલ્પ થવાથી સંખ્યાતગુણા થાય છે. (૩) તેનાથી અસંખ્યાત પ્રદેશાવગાઢ પુદ્ગલ દ્રવ્યોના અસંખ્ય વિકલ્પો હોવાથી અસંખ્યાતગુણા થાય છે. આ જ રીતે પ્રદેશની અપેક્ષાએ અને દ્રવ્ય-પ્રદેશોની અપેક્ષાએ અલ્પબહુત્વને પૂર્વવત્ સમજી લેવું જોઈએ.

**કાલની અપેક્ષાએ અલ્પબહુત્વ :–** તે ભાવાર્થથી સ્પષ્ટ છે.

**ભાવની અપેક્ષાએ અલ્પબહુત્વ :–** તેમાં વર્ણ, ગંધ, રસ અને ચાર મૂળ સ્પર્શ– શીત, ઉષ્ણ, સ્નિગ્ધ અને રૂક્ષનું કથન પરમાણુ પુદ્ગલ આદિના અલ્પબહુત્વની સમાન છે.

**કાળા વર્ણના પુદ્ગલો દ્રવ્યાપેક્ષયા–** (૧) સર્વથી થોડા અનંતગુણ કાળા વર્ણના પુદ્ગલો છે. (૨) તેનાથી એક ગુણકાળા વર્ણના પુદ્ગલો અનંતગુણા છે. (૩) તેનાથી સંખ્યાતગુણ કાળા વર્ણના પુદ્ગલો સંખ્યાતગુણા છે. (૪) તેનાથી અસંખ્યાત ગુણકાળા વર્ણના પુદ્ગલો અસંખ્યાતગુણા છે.

**કાળાવર્ણના પુદ્ગલો પ્રદેશાપેક્ષયા–** (૧) સર્વથી થોડા અનંતગુણકાળા વર્ણના પુદ્ગલો છે. (૨) તેનાથી એક ગુણ કાળા વર્ણના પુદ્ગલો અપ્રદેશની અપેક્ષાએ અનંતગુણા છે. (૩) તેનાથી સંખ્યાત-ગુણ કાળા વર્ણના પુદ્ગલો પ્રદેશની અપેક્ષાએ સંખ્યાતગુણા છે. (૪) તેનાથી અસંખ્યાત ગુણ કાળા વર્ણના પુદ્ગલો પ્રદેશની અપેક્ષાએ અસંખ્યાતગુણા છે.

**કાળા વર્ણના પુદ્ગલો દ્રવ્ય-પ્રદેશની અપેક્ષાએ–** (૧) સર્વથી થોડા દ્રવ્યની અપેક્ષાએ અનંતગુણ કાળાવર્ણના પુદ્ગલો છે. (૨) તેનાથી તે જ અનંતગુણ કાળા વર્ણના પુદ્ગલો પ્રદેશની અપેક્ષાએ અનંતગુણા છે. (૩) તેનાથી એક ગુણ કાળા વર્ણના પુદ્ગલો દ્રવ્ય અને અપ્રદેશની અપેક્ષાએ અનંતગુણા છે. (૪) તેનાથી સંખ્યાતગુણ કાળા વર્ણના પુદ્ગલો દ્રવ્યની અપેક્ષાએ સંખ્યાતગુણા છે. (૫) તેનાથી સંખ્યાતગુણ કાળા વર્ણના પુદ્ગલો પ્રદેશની અપેક્ષાએ સંખ્યાતગુણા છે. (૬) તેનાથી અસંખ્યાતગુણ કાળા વર્ણના પુદ્ગલો દ્રવ્યની અપેક્ષાએ અસંખ્યાત ગુણા છે. (૭) તેનાથી અસંખ્યાતગુણ કાળા વર્ણના પુદ્ગલો પ્રદેશની

અપેક્ષાએ અસંખ્યાતગુણા છે. આ જ રીતે પાંચે વર્ણ, બે ગંધ, પાંચ રસ અને શીત, ઉષ્ણ, સ્નિગ્ધ અને રૂક્ષ તે ચાર મૂળ સ્પર્શનું અલ્પબહુત્વ દ્રવ્યની અપેક્ષાએ, પ્રદેશની અપેક્ષાએ અને દ્રવ્ય-પ્રદેશની અપેક્ષાએ થાય છે.

**કર્કશ, મૃદુ, લઘુ અને ગુરુ સ્પર્શનું અલ્પબહુત્વ–** આ ચાર સ્પર્શ સાંયોગિક સ્પર્શ છે. તે અનંત પ્રદેશી બાદર સ્કંધમાં જ હોય છે. તેનું અલ્પબહુત્વ આ પ્રમાણે થાય છે–

**કર્કશ પુદ્‌ગલોનું દ્રવ્યાપેક્ષયા અલ્પબહુત્વ–** (૧) સર્વથી થોડા એક ગુણ કર્કશ સ્પર્શવાળા પુદ્‌ગલો છે. (૨) તેનાથી સંખ્યાતગુણ કર્કશ સ્પર્શવાળા પુદ્‌ગલો સંખ્યાતગુણા છે. (૩) તેનાથી અસંખ્યાત ગુણ કર્કશ સ્પર્શવાળા પુદ્‌ગલો અસંખ્યાતગુણા છે. (૪) તેનાથી અનંતગુણ કર્કશ સ્પર્શવાળા અનંતગુણા છે.

**કર્કશ પુદ્‌ગલોનું પ્રદેશાપેક્ષયા અલ્પબહુત્વ :–** (૧) સર્વથી થોડા એકગુણ કર્કશ સ્પર્શવાળા પુદ્‌ગલો અપ્રદેશની અપેક્ષાએ છે. (૨) તેનાથી સંખ્યાત ગુણ કર્કશ સ્પર્શવાળા પુદ્‌ગલો સંખ્યાતગુણા છે. (૩) તેનાથી અસંખ્યાતગુણ કર્કશ સ્પર્શવાળા પુદ્‌ગલો અસંખ્યાતગુણા છે. (૪) તેનાથી અનંતગુણ કર્કશ સ્પર્શવાળા પુદ્‌ગલો અનંતગુણા છે. આ જ રીતે **દ્રવ્ય-પ્રદેશની સંયુક્ત** અપેક્ષાએ અલ્પબહુત્વ થાય છે. કર્કશની જેમ મૃદુ, લઘુ અને ગુરુ સ્પર્શોનું પણ અલ્પબહુત્વ થાય છે.

**દ્રવ્ય અને ભાવ(વર્ણાદિ)ની અપેક્ષાએ પુદ્‌ગલ દ્રવ્યનું અલ્પબહુત્વ :–**

| ક્રમ | પુદ્‌ગલ દ્રવ્ય | દ્રવ્યથી પ્રમાણ | પ્રદેશથી પ્રમાણ | દ્રવ્ય–પ્રદેશથી પ્રમાણ | કારણ |
|---|---|---|---|---|---|
| ૧ | અનંતપ્રદેશી સ્કંધ/ અનંતગુણ કાળા પુ૰ | સર્વથી થોડા | સર્વથી થોડા | ૧ દ્રવ્યથી સર્વથી થોડા<br>૨ પ્રદેશથી અનંતગુણા | સ્વભાવથી |
| ૨ | પરમાણુ પુદ્‌ગલ/ એક ગુણ કાળા પુ૰ | અનંતગુણા | અનંતગુણા | ૩ દ્રવ્ય-અપ્રદેશથી અનંતગુણા | સ્વભાવથી |
| ૩ | સંખ્યાત પ્રદેશીસ્કંધ/ સંખ્યાતગુણ કાળાપુ૰ | સંખ્યાતગુણા | સંખ્યાતગુણા | ૪ દ્રવ્યથી સંખ્યાતગુણા<br>૫ પ્રદેશથી સંખ્યાતગુણા | સંખ્યાતા વિકલ્પો છે |
| ૪ | અસં૰ પ્રદેશી સ્કંધ/ અસં૰ ગુણ કાળા પુ૰ | અસંખ્યાતગુણા | અસંખ્યાતગુણા | ૬ દ્રવ્યથી અસંખ્યાતગુણા<br>૭ પ્રદેશથી અસંખ્યાતગુણા | અસંખ્યાતા વિકલ્પો છે |
| **નોંધ :** અસં૰ = અસંખ્યાત, પુ૰ = પુદ્‌ગલ. | | | | | |

**ક્ષેત્ર, કાળ અને ભાવ(કર્કશાદિ સ્પર્શ)ની અપેક્ષાએ પુદ્‌ગલનું અલ્પબહુત્વ :–**

| ક્રમ | પુદ્‌ગલ દ્રવ્ય | દ્રવ્યથી પ્રમાણ | પ્રદેશથી પ્રમાણ | દ્રવ્ય–પ્રદેશથી પ્રમાણ | કારણ |
|---|---|---|---|---|---|
| ૧ | એક પ્રદેશાવગાઢ પુદ્‌ગલ, એક સમય સ્થિતિક પુદ્‌ગલ, એક ગુણ કર્કશ પુદ્‌ગલ | સર્વથી થોડા | સર્વથી થોડા | ૧. દ્રવ્ય–અપ્રદેશથી સર્વથી થોડા | સ્વભાવથી |
| ૨ | સંખ્યાત પ્રદેશાવગાઢ પુદ્‌ગલ, સંખ્યાત સમય સ્થિતિક પુદ્‌ગલ, સંખ્યાતગુણ કર્કશ પુદ્‌ગલ | સંખ્યાતગુણા | સંખ્યાતગુણા | ૨. દ્રવ્યથી સંખ્યાતગુણા<br>૩. પ્રદેશથી સંખ્યાતગુણા | સંખ્યાત વિકલ્પો છે. |

| ક્રમ | પુદ્ગલ દ્રવ્ય | દ્રવ્યથી પ્રમાણ | પ્રદેશથી પ્રમાણ | દ્રવ્ય–પ્રદેશથી પ્રમાણ | કારણ |
|---|---|---|---|---|---|
| ૩ | અસંખ્યાત પ્રદેશાવગાઢ પુદ્ગલ, અસંખ્યાત સમયસ્થિતિક પુદ્ગલ, અસંખ્યાતગુણ કર્કશ પુદ્ગલ | અસંખ્યાતગુણા | અસંખ્યાતગુણા | ૪. દ્રવ્યથી અસંખ્યાતગુણા<br>૫. પ્રદેશથી અસંખ્યાતગુણા | અસંખ્યાતા વિકલ્પો છે. |
| ૪ | અનંતગુણ કર્કશ પુદ્ગલ | અનંતગુણા | અનંતગુણા | ૬. દ્રવ્યથી અનંતગુણા<br>૭. પ્રદેશથી અનંતગુણા | અનંત વિકલ્પો છે. |
| **નોંધ :** કર્કશ સ્પર્શની જેમ મૃદુ, લઘુ, ગુરુ સ્પર્શયુક્ત પુદ્ગલોનું અલ્પબહુત્વ સમજવું. | | | | | |

**(૨૭) મહાદંડક દ્વાર : સર્વ જીવોના ૯૮ બોલનું અલ્પબહુત્વ :–**

**१८४** सव्वजीवप्पबहुं महादंडयं वण्णइस्सामि- (१) सव्वत्थोवा गब्भवक्कंतिया मणुस्सा (२) मणुस्सीओ संखेज्जगुणाओ (३) बादरतेउक्काइया पज्जत्तया असंखेज्जगुणा, (४) अणुत्तरोववाइया देवा असंखेज्जगुणा (५) उवरिमगेवेज्जगा देवा संखेज्जगुणा (६) मज्झिमगेवेज्जगा देवा संखेज्जगुणा (७) हेट्ठिमगेवेज्जगा देवा संखेज्जगुणा (८) अच्चुए कप्पे देवा संखेज्जगुणा (९) आरणे कप्पे देवा संखेज्जगुणा (१०) पाणए कप्पे देवा संखेज्जगुणा (११) आणए कप्पे देवा संखेज्जगुणा ।

(१२) अहेसत्तमाए पुढवीए णेरइया असंखेज्जगुणा (१३) छट्ठीए तमाए पुढवीए णेरइया असंखेज्जगुणा (१४) सहस्सारे कप्पे देवा असंखेज्जगुणा (१५) महासुक्के कप्पे देवा असंखेज्जगुणा (१६) पंचमाए धूमप्पभाए पुढवीए णेरइया असंखेज्जगुणा (१७) लंतए कप्पे देवा असंखेज्जगुणा (१८) चउत्थीए पंकप्पभाए पुढवीए णेरइया असंखेज्जगुणा (१९) बंभलोए कप्पे देवा असंखेज्जगुणा (२०) तच्चाए वालुयप्पभाए पुढवीए णेरइया असंखेज्जगुणा (२१) माहिंदकप्पे देवा असंखेज्जगुणा (२२) सणंकुमारे कप्पे देवा असंखेज्जगुणा (२३) दोच्चाए सक्करप्पभाए पुढवीए णेरइया असंखेज्जगुणा (२४) सम्मुच्छिममणुस्सा असंखेज्जगुणा (२५) ईसाणे कप्पे देवा असंखेज्जगुणा (२६) ईसाणे कप्पे देवीओ संखेज्जगुणाओ (२७) सोहम्मे कप्पे देवा संखेज्जगुणा (२८) सोहम्मे कप्पे देवीओ संखेज्जगुणाओ (२९) भवणवासी देवा असंखेज्जगुणा (३०) भवणवासिणीओ देवीओ संखेज्जगुणाओ (३१) इमीसे रयणप्पभाए पुढवीए णेरइया असंखेज्जगुणा ।

(३२) खहयरपंचिंदियतिरिक्खजोणिया पुरिसा असंखेज्जगुणा (३३) खहयर-पंचेंदिय तिरिक्ख-जोणिणीओ संखेज्जगुणाओ (३४) थलयरपंचेंदियतिरिक्ख-जोणिया पुरिसा संखेज्जगुणा (३५) थलयरपंचेंदियतिरिक्खजोणिणीओ संखेज्जगुणाओ (३६) जलयर पंचेंदियतिरिक्ख- जोणिया पुरिसा संखेज्जगुणा (३७) जलयरपंचेंदियतिरिक्ख- जोणिणीओ

संखेज्जगुणाओ (३८) वाणमंतरा देवा संखेज्जगुणा (३९) वाणमंतरीओ देवीओ संखेज्जगुणाओ (४०) जोइसिया देवा संखेज्जगुणा (४१) जोइसिणीओ देवीओ संखेज्जगुणाओ (४२) खहयर-पंचेदियतिरिक्खजोणिया णपुंसया संखेज्जगुणा (४३) थलयरपंचेंदियतिरिक्खजोणिया णपुंसया संखेज्जगुणा (४४) जलयरपंचेंदियतिरिक्ख- जोणिया णपुंसया संखेज्जगुणा (४५) चउरिंदिया पज्जत्तया संखेज्जगुणा (४६) पंचेंदिया पज्जत्तया विसेसाहिया (४७) बेइंदिया पज्जत्तया विसेसाहिया (४८) तेइंदिया पज्जत्तया विसेसाहिया (४९) पंचिंदिया अपज्जत्तया असंखेज्जगुणा (५०) चउरिंदिया अपज्जत्तया विसेसाहिया (५१) तेइंदिया अपज्जत्तया विसेसाहिया (५२) बेइंदिया अपज्जत्तया विसेसाहिया ।

(५३) पत्तेयसरीर-बादरवणस्सइकाइया पज्जत्तया असंखेज्जगुणा (५४) बादरणिगोदा पज्जत्तगा असंखेज्जगुणा (५५) बादरपुढविकाइया पज्जत्तगा असंखेज्जगुणा (५६) बादर-आउकाइया पज्जत्तया असंखेज्जगुणा (५७) बादरवाउकाइया पज्जत्तगा असंखेज्जगुणा (५८) बादरतेउकाइया अपज्जत्तगा असंखेज्जगुणा (५९) पत्तेयसरीर-बादरवणस्सइकाइया अपज्जत्तगा असंखेज्जगुणा (६०) बादरणिगोदा अपज्जत्तया असंखेज्जगुणा (६१) बादरपुढविकाइया अपज्जत्तया असंखेज्जगुणा (६२) बादरआउकाइया अपज्जत्तया असंखेज्जगुणा (६३) बादरवाउकाइया अपज्जत्तया असंखेज्जगुणा (६४) सुहुमतेउकाइया अपज्जत्तया असंखेज्जगुणा (६५) सुहुमपुढविकाइया अपज्जत्तगा विसेसाहिया (६६) सुहुमआउकाइया अपज्जत्तगा विसेसाहिया (६७) सुहुमवाउकाइया अपज्जत्तगा विसेसाहिया (६८) सुहुम- तेउकाइया पज्जत्तगा संखेज्जगुणा (६९) सुहुमपुढविकाइया पज्जत्तया विसेसाहिया (७०) सुहुमआउकाइया पज्जत्तया विसेसाहिया (७१) सुहुमवाउकाइया पज्जत्तया विसेसाहिया (७२) सुहुमणिगोदा अपज्जत्तया असंखेज्जगुणा (७३) सुहुमणिगोदा पज्जत्तया संखेज्जगुणा।

(७४) अभवसिद्धिया अणंतगुणा (७५) परिवडियसम्मत्ता अणंतगुणा (७६) सिद्धा अणंतगुणा (७७) बादरवणस्सइकाइया पज्जत्तगा अणंतगुणा (७८) बादरपज्जत्तया विसेसाहिया (७९) बादरवणस्सइकाइया अपज्जत्तया असंखेज्जगुणा (८०) बादरअपज्जत्तगा विसेसाहिया (८१) बादरा विसेसाहिया (८२) सुहुमवणस्सइकाइया अपज्जत्तया असंखेज्ज-गुणा (८३) सुहुमा अपज्जत्तया विसेसाहिया (८४) सुहुमवणस्सकाइया पज्जत्तया संखेज्ज-गुणा (८५) सुहुमपज्जत्तया विसेसाहिया (८६) सुहुमा विसेसाहिया (८७) भवसिद्धिया विसेसाहिया (८८) णिगोदजीवा विसेसाहिया (८९) वणस्सइजीवा विसेसाहिया (९०) एगिंदिया विसेसाहिया (९१) तिरिक्खजोणिया विसेसाहिया (९२) मिच्छद्दिट्ठी विसेसाहिया (९३) अविरता विसेसाहिया (९४) सकसायी विसेसाहिया (९५) छउमत्था विसेसाहिया (९६) सजोगी विसेसाहिया (९७) संसारत्था विसेसाहिया (९८) सव्वजीवा विसेसाहिया ।

**ભાવાર્થ :–** હવે હું સમસ્ત જીવોના અલ્પબહુત્વનું નિરૂપણ કરતાં મહાદંડકનું વર્ણન કરીશ–

(૧) સર્વથી થોડા ગર્ભજ મનુષ્યો છે. કારણ કે તે સંખ્યાતા જ હોય છે. શ્રી અનુયોગદ્વાર સૂત્રના આધારે તેની ઉત્કૃષ્ટ સંખ્યા ૨૯ અંક પ્રમાણ છે. યથા– ૭૯,૨૨,૮૧,૬૨,૫૧,૪૨,૬૪,૩૩,૭૫,૯૩,૫૪,૩૯,૫૦,૩૩૬.

(૨) તેનાથી મનુષ્યાણી સંખ્યાતગુણી અધિક છે. ગર્ભજ મનુષ્યો કરતાં મનુષ્યાણી ઉત્કૃષ્ટતાની અપેક્ષાએ સત્તાવીશગુણી અને સત્તાવીશ વધુ હોય છે. જ્યારે મનુષ્યો ઉત્કૃષ્ટ સંખ્યાએ ન હોય, ત્યારે જઘન્ય, મધ્યમ કોઈ પણ સંખ્યા હોઈ શકે છે. **આ સંપૂર્ણ અલ્પબહુત્વ દરેક જીવોની ઉત્કૃષ્ટ રાશિની અપેક્ષાએ સમજવું.**

(૩) તેનાથી બાદર તેજસ્કાયિક પર્યાપ્તા અસંખ્યાતગુણા છે કારણ કે મનુષ્યોથી એકેન્દ્રિય જીવો વધુ જ હોય છે.

(૪) તેનાથી અનુત્તરોપપાતિક દેવો અસંખ્યાતગુણા છે કારણ કે તેજસ્કાયિક પર્યાપ્તા માત્ર ૪૫ લાખ યોજન પ્રમાણ અઢીદ્વીપ ક્ષેત્રમાં હોય છે અને તેમાં પણ કર્મભૂમિમાં જ હોય છે. જ્યારે પ્રસ્તુત દેવો તો અસંખ્ય યોજન પ્રમાણ મોટા વિમાનોમાં હોય છે.

(૫) તેનાથી ઉપરિતન(ઉપરની) ત્રણ ગ્રૈવેયકના દેવો સંખ્યાતગુણા છે. કારણ કે અનુત્તર વિમાનવાસી દેવોનાં પાંચ વિમાનો છે અને ઉપરની ત્રણ ગ્રૈવેયકના સો વિમાનો છે અને તે દરેક વિમાનમાં અસંખ્યાતા દેવો છે.

(૬) તેનાથી મધ્યમ(વચ્ચેની) ત્રણ ગ્રૈવેયકના દેવો સંખ્યાતગુણા છે. કારણ કે નીચે-નીચેના દેવલોકોમાં દેવો ક્રમશઃ વધુ હોય છે.

(૭) તેનાથી અધસ્તન(નીચલી) ત્રણ ગ્રૈવેયકના દેવો સંખ્યાતગુણા છે.

(૮) તેનાથી બારમા અચ્યુત કલ્પના દેવો સંખ્યાતગુણા છે.

(૯) તેનાથી અગિયારમા આરણ કલ્પના દેવો સંખ્યાતગુણા છે. જો કે આરણ અને અચ્યુત કલ્પ બંને સમશ્રેણિમાં છે અને તેમાં વિમાનોની સંખ્યા સરખી છે. છતાં અલ્પ-અલ્પ સ્થિતિના દેવો ક્રમશઃ વધુ હોય છે.

(૧૦) તેનાથી દશમા પ્રાણત કલ્પના દેવો સંખ્યાતગુણા છે.

(૧૧) તેનાથી નવમા આણત કલ્પના દેવો સંખ્યાતગુણા છે.

(૧૨) તેનાથી અધઃસપ્તમ(સાતમી) નરક પૃથ્વીના નૈરયિકો અસંખ્યાતગુણા છે. કારણ કે એકથી અગિયાર બોલોમાં કેવળ કર્મભૂમિના ગર્ભજ મનુષ્યો જ ઉત્પન્ન થાય છે તિર્યંચ પંચેન્દ્રિયો ત્યાં ઉત્પન્ન થતા નથી અને અહીંથી આગળના બોલોમાં તિર્યંચ પંચેન્દ્રિય પણ ઉત્પન્ન થાય છે તેથી તે જીવો અસંખ્યગુણા થાય છે.

(૧૩) તેનાથી છઠ્ઠી તમઃપ્રભા નરક પૃથ્વીના નૈરયિકો અસંખ્યાતગુણા છે.

(૧૪) તેનાથી આઠમા સહસ્રાર કલ્પના દેવો અસંખ્યાતગુણા છે. કારણ કે તેના વિમાનો અધિક સંખ્યામાં અને અધિક વિસ્તારવાળા છે.

(૧૫) તેનાથી સાતમા મહાશુક્ર કલ્પના દેવો અસંખ્યાતગુણા છે. અહીં ઘણા વિમાનો છે અર્થાત્ સહસ્રાર કલ્પમાં છ હજાર વિમાનો છે, જ્યારે મહાશુક્ર કલ્પમાં ચાલીશ હજાર વિમાનો છે.

(૧૬) તેનાથી પાંચમી ધૂમપ્રભા પૃથ્વીના નૈરયિકો અસંખ્યાતગુણા છે, તેના નરકાવાસો વધુ છે.

(૧૭) તેનાથી છઠ્ઠા લાંતક કલ્પના દેવો અસંખ્યાતગુણા છે, તેના વિમાનો વધુ છે.

(૧૮) તેનાથી ચોથી પંકપ્રભા પૃથ્વીના નૈરયિકો અસંખ્યાતગુણા છે.

(૧૯) તેનાથી પાંચમા બ્રહ્મલોક કલ્પના દેવો અસંખ્યાતગુણા છે.

(૨૦) તેનાથી ત્રીજી વાલુકાપ્રભા પૃથ્વીના નૈરયિકો અસંખ્યાતગુણા છે.

(૨૧) તેનાથી ચોથા માહેન્દ્ર કલ્પના દેવો અસંખ્યાતગુણા છે.

(૨૨) તેનાથી ત્રીજા સનત્કુમાર કલ્પના દેવો અસંખ્યાતગુણા છે. તેના વિમાનો અધિક છે અને તે દક્ષિણ દિશામાં હોવાથી દેવોની સંખ્યા અધિક છે.
(૨૩) તેનાથી બીજી શર્કરાપ્રભા પૃથ્વીના નૈરયિકો અસંખ્યાતગુણા છે. (સાતમી નરક પૃથ્વીના નૈરયિકોથી બીજી નરક પૃથ્વીના નૈરયિકો સુધી ક્રમશઃ અવગાહના નાની છે અને નરકાવાસો વધારે છે. તેથી નૈરયિકોની સંખ્યા વધારે છે.
(૨૪) તેનાથી (બીજી નરકના નૈરયિકોથી) સંમૂર્ચ્છિમ મનુષ્યો અસંખ્યાતગુણા છે. તેમની અવગાહના અત્યંત નાની એટલે અંગુલના અસંખ્યાતમાં ભાગ પ્રમાણ હોય છે.
(૨૫) તેનાથી બીજા ઈશાન કલ્પના દેવો અસંખ્યાતગુણા છે, પૂર્વના દેવલોકની અપેક્ષાએ સ્થિતિ અલ્પ (એક પલ્યોપમ સાધિક) હોવાથી દેવો વધુ હોય છે.
(૨૬) તેનાથી બીજા ઈશાન કલ્પની દેવીઓ સંખ્યાતગુણી છે કારણ કે દેવોથી દેવીઓ ઉત્કૃષ્ટપણે બત્રીશગુણી અને બત્રીશ અધિક હોય છે.
(૨૭) તેનાથી પ્રથમ સૌધર્મ કલ્પના દેવો સંખ્યાતગુણ છે, કારણ કે વિમાનો વધુ છે અર્થાત્ ઈશાન કલ્પમાં અઠ્યાવીશ લાખ વિમાનો છે અને સૌધર્મ કલ્પમાં બત્રીશ લાખ વિમાનો છે.

**વિશેષ :** *માહેન્દ્ર, સનત્કુમાર આદિ ઉપરના કલ્પોના દેવોમાં ઉત્તરોત્તર અસંખ્યાતગુણી હીનાધિકતા હોય છે, જ્યારે સૌધર્મ અને ઈશાન કલ્પના દેવોમાં સંખ્યાતગુણી જ હીનાધિકતા છે. તેનું કારણ એ છે કે ત્રીજાથી ઉપરના દેવલોકમાં કેવળ દેવો જ હોય છે જ્યારે સૌધર્મ અને ઈશાન દેવલોકમાં દેવો અને દેવીઓ બંને હોય છે તેથી તે બંને દેવલોકમાં જીવોની સંખ્યાનું દેવ અને દેવી તે બે પ્રકારમાં વિભાજન થઈ જાય છે. તે ઉપરાંત સૌધર્મ અને ઈશાન દેવલોકની સ્થિતિમાં ન્યૂનાધિકતા અલ્પ છે, જ્યારે ઉપરના દેવલોકોમાં પરસ્પર સ્થિતિનું અંતર અધિક હોય છે તેથી તેમાં પરસ્પર અસંખ્યાતગુણ ન્યૂનાધિકતા થાય છે.*

(૨૮) તેનાથી સૌધર્મ કલ્પની દેવીઓ સંખ્યાતગુણી છે કારણ કે દેવોથી દેવીઓ બત્રીશગુણી અને બત્રીશ વધુ હોય છે.
(૨૯) તેનાથી ભવનવાસી દેવો અસંખ્યાતગુણા છે. તે દેવોના ભવનો અને ક્ષેત્ર વધુ છે.
(૩૦) તેનાથી ભવનવાસી દેવીઓ સંખ્યાતગુણી છે.
(૩૧) તેનાથી પ્રથમ રત્નપ્રભા પૃથ્વીના નૈરયિકો અસંખ્યાતગુણા છે કારણ કે અસંજ્ઞી-સંજ્ઞી બંને પ્રકારના તિર્યંચ પંચેન્દ્રિય ઉત્પન્ન થાય છે અને કૃષ્ણપક્ષી જીવો પણ ઘણા ઉત્પન્ન થાય છે.
(૩૨) તેનાથી ખેચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક પુરુષો અસંખ્યાતગુણા છે. નૈરયિકોથી તિર્યંચ પંચેન્દ્રિય જીવો સ્વાભાવિક રીતે વધુ જ હોય.
(૩૩) તેનાથી ખેચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક સ્ત્રીઓ (તિર્યંચાણીઓ) સંખ્યાતગુણી છે. કારણ કે તિર્યંચ પુરુષથી તિર્યંચાણી ત્રણ ગુણી અને ત્રણ અધિક હોય છે.
(૩૪) તેનાથી સ્થળચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક પુરુષો સંખ્યાતગુણા છે. પક્ષીઓ કરતાં ચતુષ્પદ સ્થલચર પ્રાણી વધુ હોય છે.
(૩૫) તેનાથી સ્થળચર પંચેન્દ્રિય તિર્યંચાણી સંખ્યાતગુણી છે. કારણ કે સ્ત્રીઓની સંખ્યા વધુ હોય છે.
(૩૬) તેનાથી જળચર પંચેન્દ્રિય તિર્યંચ પુરુષ સંખ્યાતગુણા અધિક છે. અસંખ્ય સમુદ્રોમાં સંજ્ઞી પંચેન્દ્રિય મચ્છ–કચ્છ ઘણા હોય છે.
(૩૭) તેનાથી જળચર પંચેન્દ્રિય તિર્યંચાણી સંખ્યાતગુણી છે.

(૩૮) તેનાથી વ્યંતર દેવો સંખ્યાતગુણા છે. પરવશપણે કષ્ટ સહન કરીને શુભ પરિણામમાં મરનારા તેમજ અનિચ્છાએ બ્રહ્મચર્યનું પાલન કરનારા વગેરે પંચેન્દ્રિય જીવો અકામ નિર્જરા કરીને વ્યંતર દેવ થાય છે.
(૩૯) તેનાથી વ્યંતર દેવીઓ સંખ્યાતગુણી છે.
(૪૦) તેનાથી જ્યોતિષી દેવો સંખ્યાતગુણા છે. જ્યોતિષીદેવોના વિમાનો તિરછાલોકના ૧૧૦ યોજન પ્રમાણ પ્રતરમાં અત્યંત સઘન છે. તેથી દેવોની સંખ્યા પણ અધિક હોય છે.
(૪૧) તેનાથી જ્યોતિષી દેવીઓ સંખ્યાતગુણી છે, દેવોથી દેવીઓ બત્રીસગુણી વધુ હોય છે.
(૪૨) તેનાથી ખેચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક નપુંસકો સંખ્યાતગુણા છે. કારણ કે– (૧) તિર્યંચ પંચેન્દ્રિયમાં સ્ત્રી અને પુરુષ કરતાં નપુંસકોની ઉત્પત્તિ વધુ હોય છે. (૨) અંગુલના અસંખ્યાતમા ભાગની અવગાહના-વાળા તેમજ ક્રોડપૂર્વના આયુષ્યવાળા ઘણા તિર્યંચ નપુંસકો હોય છે, અલ્પ અવગાહનાવાળા અને દીર્ઘાયુષ્ય–વાળા જીવો અધિક હોવાથી ખેચર, સ્થલચર અને જલચર નપુંસકોની સંખ્યા ક્રમશઃ વધી જાય છે.
(૪૩) તેનાથી સ્થળચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક નપુંસક સંખ્યાતગુણા છે.
(૪૪) તેનાથી જળચર પંચેન્દ્રિય તિર્યંચયોનિક નપુંસક સંખ્યાતગુણા છે.
(૪૫) તેનાથી પર્યાપ્તા ચૌરેન્દ્રિય સંખ્યાતગુણા છે. સમુદ્રોમાં જળજંતુઓ વધુ છે.
(૪૬) તેનાથી પર્યાપ્તા પંચેન્દ્રિય વિશેષાધિક છે.
(૪૭) તેનાથી બેઇન્દ્રિય પર્યાપ્તા વિશેષાધિક છે. સમુદ્રોમાં વિકલેન્દ્રિય જીવો વધુ છે.
(૪૮) તેનાથી તેઇન્દ્રિય પર્યાપ્તા વિશેષાધિક છે. બેઇન્દ્રિયથી તેઇન્દ્રિય જીવો સ્વાભાવિક રીતે વધુ છે.
(૪૯) તેનાથી પંચેન્દ્રિય અપર્યાપ્તા અસંખ્યાતગુણા છે  કારણ કે બાદર અને ત્રસજીવોમાં પર્યાપ્ત કરતાં અપર્યાપ્ત જીવો વધુ જ હોય.
(૫૦) તેનાથી અપર્યાપ્તા ચૌરેન્દ્રિયો વિશેષાધિક છે. અપર્યાપ્ત જીવોમાં અલ્પ ઇન્દ્રિયવાળા જીવો સ્વાભાવિક રીતે ક્રમશઃ કંઈક વધુ હોય છે.
(૫૧) તેનાથી અપર્યાપ્તા તેઇન્દ્રિયો વિશેષાધિક છે.
(૫૨) તેનાથી અપર્યાપ્તા બેઇન્દ્રિયો વિશેષાધિક છે.
(૫૩) તેનાથી પ્રત્યેક શરીરી બાદર વનસ્પતિકાયિક પર્યાપ્તા અસંખ્યાતગુણા છે. ત્રસજીવોથી એકેન્દ્રિય જીવો વધુ હોય છે.
(૫૪) તેનાથી પર્યાપ્તા બાદર નિગોદો(બાદર અનંતકાયિક જીવોના શરીરો) અસંખ્યાતગુણા છે. તેની અવગાહના સૂક્ષ્મ હોય છે.
(૫૫) તેનાથી બાદર પૃથ્વીકાયિક પર્યાપ્તા અસંખ્યાતગુણા છે. લોકમાં તેનું ક્ષેત્ર વધુ છે.
(૫૬) તેનાથી બાદર અપ્કાયિક પર્યાપ્તા અસંખ્યાતગુણા છે.લોકમાં પૃથ્વીથી પાણીનું ક્ષેત્ર વધુ છે.
(૫૭) તેનાથી બાદર વાયુકાયિક પર્યાપ્તા અસંખ્યાતગુણા છે. લોકમાં બાદર વાયુ લોકાંત સુધી છે.
(૫૮) તેનાથી બાદર તેજસ્કાયિક અપર્યાપ્તા અસંખ્યાતગુણા છે. બાદર જીવોમાં પર્યાપ્તથી અપર્યાપ્ત જીવો વધુ હોય છે.
(૫૯) તેનાથી પ્રત્યેક શરીરી બાદર વનસ્પતિકાયિકના અપર્યાપ્તા અસંખ્યાતગુણા છે. તેજસ્કાયિક જીવોથી તેનું ક્ષેત્ર વધુ છે.
(૬૦) તેનાથી અપર્યાપ્તા બાદર નિગોદો (શરીરો) અસંખ્યાતગુણા છે. અવગાહના અત્યંત નાની છે.
(૬૧) તેનાથી બાદર પૃથ્વીકાયિક અપર્યાપ્તા અસંખ્યાતગુણા છે.
(૬૨) તેનાથી બાદર અપ્કાયિક અપર્યાપ્તા અસંખ્યાતગુણા છે.
(૬૩) તેનાથી બાદર વાયુકાયિક અપર્યાપ્તા અસંખ્યાતગુણા છે.

(૬૪) તેનાથી સૂક્ષ્મ તેજસ્કાયિક અપર્યાપ્તા અસંખ્યાતગુણા છે. સૂક્ષ્મ જીવો આખા લોકમાં છે.
(૬૫) તેનાથી સૂક્ષ્મ પૃથ્વીકાયિક અપર્યાપ્તા વિશેષાધિક છે.

(૬૬) તેનાથી સૂક્ષ્મ અપ્કાયિક અપર્યાપ્તા વિશેષાધિક છે.

(૬૭) તેનાથી સૂક્ષ્મ વાયુકાયિક અપર્યાપ્તા વિશેષાધિક છે.

(૬૮) તેનાથી સૂક્ષ્મ તેજસ્કાયિક પર્યાપ્તા સંખ્યાતગુણા છે. સૂક્ષ્મ જીવોમાં અપર્યાપ્તાથી પર્યાપ્ત જીવો વધુ હોય છે.

(૬૯) તેથી સૂક્ષ્મ પૃથ્વીકાયિક પર્યાપ્તા વિશેષાધિક છે.

(૭૦) તેનાથી સૂક્ષ્મ અપ્કાયિક પર્યાપ્તા વિશેષાધિક છે.

(૭૧) તેનાથી સૂક્ષ્મ વાયુકાયિક પર્યાપ્તા વિશેષાધિક છે.

(૭૨) તેનાથી અપર્યાપ્તા સૂક્ષ્મ નિગોદ (શરીરો) અસંખ્યાતગુણા છે.

(૭૩) તેનાથી પર્યાપ્તા સૂક્ષ્મ નિગોદો (શરીરો) સંખ્યાતગુણા છે. પાંચે સ્થાવરના સૂક્ષ્મજીવો સંપૂર્ણ લોકમાં ભરેલા છે તેમ છતાં તે જીવોમાં ન્યૂનાધિકતા છે તેનાં કારણ સમજવા છદ્મસ્થો માટે શકય નથી. આ કારણે સૂક્ષ્મના આ સર્વ બોલમાં 'સ્વભાવથી અને જ્ઞાનીની દષ્ટિથી છે' તેમ સમજવું. (૫૩ થી ૭૩ બોલ સુધી પ્રત્યેક જીવો આઠમા અસંખ્યાત પ્રમાણ છે.)

(૭૪) તેનાથી અભવસિદ્ધિક (અભવી) જીવો અનંતગુણા છે. (ચોથા અનંત પ્રમાણ છે.)

(૭૫) તેનાથી પડિવાઈ સમ્યક્દષ્ટિ(સમ્યગ્દર્શનથી પતિત થયેલા) જીવો અનંતગુણા છે. તેવા જીવો સ્વાભાવિક રીતે વધુ હોય છે. (તે જીવો પાંચમા અનંત પ્રમાણ છે)

(૭૬) તેનાથી સિદ્ધો અનન્તગુણા છે. સિદ્ધના જીવો આઠમા અનંત પ્રમાણ છે.

(૭૭) તેનાથી બાદર વનસ્પતિકાયિક પર્યાપ્તા અનંત ગુણા છે. તેમાં સાધારણ શરીરી અનંતકાયિક બાદર જીવોનો સમાવેશ થાય છે.

(૭૮) તેનાથી બાદર પર્યાપ્તા વિશેષાધિક છે. તેમાં પાંચે સ્થાવરના બાદર જીવોના પર્યાપ્તાનો સમાવેશ થાય છે.

(૭૯) તેનાથી બાદર અપર્યાપ્તા વનસ્પતિકાયિકો અસંખ્યાતગુણા છે. બાદરમાં પર્યાપ્તાથી અપર્યાપ્તા વધુ જ હોય છે.

(૮૦) તેનાથી બાદર અપર્યાપ્તા જીવો વિશેષાધિક છે. તેમાં અન્ય એકેન્દ્રિય, વિકલેન્દ્રિય આદિ સર્વ બાદર અપર્યાપ્તા જીવોનો સમાવેશ થાય છે.

(૮૧) તેનાથી બાદર જીવો વિશેષાધિક છે. તેમાં પર્યાપ્ત-અપર્યાપ્ત બંને પ્રકારના બાદર જીવોનો સમાવેશ થાય છે.

(૮૨) તેનાથી સૂક્ષ્મ વનસ્પતિકાયિક અપર્યાપ્તા અસંખ્યાતગુણા છે. બાદર જીવોથી સૂક્ષ્મ જીવોનું ક્ષેત્ર વધુ હોય છે.

(૮૩) તેનાથી સૂક્ષ્મ અપર્યાપ્તા વિશેષાધિક છે. તેમાં શેષ ચાર સ્થાવર જીવોનો સમાવેશ થાય છે.

(૮૪) તેનાથી સૂક્ષ્મ વનસ્પતિકાયિકના પર્યાપ્તા સંખ્યાતગુણા છે. સૂક્ષ્મ જીવોમાં અપર્યાપ્તાથી પર્યાપ્તાા

સંખ્યાતગુણા હોય છે.

(૮૫) તેનાથી સમુચ્ચય સૂક્ષ્મ પર્યાપ્તા વિશેષાધિક છે. તેમાં પૃથ્વીકાયિકાદિ ચાર સૂક્ષ્મ પર્યાપ્તાનો સમાવેશ થાય છે.

(૮૬) તેનાથી સૂક્ષ્મ જીવો વિશેષાધિક છે. તેમાં સૂક્ષ્મના પર્યાપ્તા-અપર્યાપ્તા બંને પ્રકારના જીવોનો સમાવેશ થાય છે.

(૮૭) તેનાથી ભવસિદ્ધિક જીવો વિશેષાધિક છે. કારણ કે અનંતાનંત સંસારી જીવોમાં અભવી જીવોને છોડી શેષ સર્વ જીવો ભવી(ભવસિદ્ધિક) છે.

(૮૮) તેનાથી(સમુચ્ચય) નિગોદ જીવો વિશેષાધિક છે. તેમાં સૂક્ષ્મ અને બાદર બંને પ્રકારના નિગોદના સમસ્ત જીવોનો સમાવેશ થવાથી તે વિશેષાધિક થાય છે.

(૮૯) તેનાથી સમુચ્ચય વનસ્પતિ જીવો વિશેષાધિક છે. તેમાં પ્રત્યેક શરીરી વનસ્પતિના જીવો વધે છે.

(૯૦) તેનાથી સમુચ્ચય એકેન્દ્રિય જીવો વિશેષાધિક છે. તેમાં પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુ, તે ચારે ય સ્થાવર જીવો વધે છે.

(૯૧) તેનાથી સમુચ્ચય તિર્યંચો વિશેષાધિક છે. તેમાં બેઈન્દ્રિયાદિ ત્રસ તિર્યંચો વધે છે.

(૯૨) તેનાથી મિથ્યાદષ્ટિ જીવો વિશેષાધિક છે. તેમાં તિર્યંચ જીવોમાંથી સમ્યગ્દષ્ટિ જીવો ઘટે છે અને શેષ ત્રણ ગતિના મિથ્યાદષ્ટિ જીવો વધે છે. આ રીતે આ બોલમાં પ્રથમ ગુણસ્થાનવર્તી સમસ્ત જીવોની ગણના છે.

(૯૩) તેનાથી અવિરત જીવો વિશેષાધિક છે. તેમાં પહેલા, બીજા, ત્રીજા અને ચોથા આ ચાર ગુણસ્થાનવર્તી સમસ્ત જીવોની ગણના થાય છે.

(૯૪) તેનાથી સકષાયી જીવો વિશેષાધિક છે. તેમાં પહેલાથી દશમા સુધીના ગુણસ્થાનવર્તી સમસ્ત જીવોની ગણના થાય છે.

(૯૫) તેનાથી છદ્મસ્થ જીવો વિશેષાધિક છે. તેમાં અગિયારમા અને બારમા ગુણસ્થાનવર્તી જીવો વધે છે.

(૯૬) તેનાથી સયોગી જીવો વિશેષાધિક છે. તેમાં તેરમા ગુણસ્થાનવર્તી જીવો વધે છે.

(૯૭) તેનાથી સંસારી જીવો વિશેષાધિક છે. તેમાં ચૌદમા ગુણસ્થાનવર્તી જીવો વધે છે. એટલે આ બોલમાં સમસ્ત સંસારી જીવોની ગણના થાય છે.

(૯૮) તેનાથી સર્વ જીવો વિશેષાધિક છે. આ અંતિમ બોલમાં સમસ્ત સંસારી જીવો અને સર્વ સિદ્ધોની ગણના છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સત્યાવીશમા દ્વારમાં ૯૪ પ્રકારે વિવિધ પ્રકારના જીવો અને ૪ નિગોદ શરીરને સાથે લઈને કુલ ૯૮ બોલોનું સંયુક્ત અલ્પબહુત્વ પ્રતિપાદિત કર્યું છે.

**महादंडयं वण्णइस्सामि :–** આ દ્વારના વર્ણનને સૂત્રકારે **મહાદંડક** નામ આપ્યું છે. પરંપરામાં આ સંકલનના બે નામ પ્રચલિત છે– (૧) અઠાણું બોલનું અલ્પબહુત્વ (૨) મહાદંડક પ્રકરણ. આ બંનેમાં બીજું નામ શાસ્ત્રાનુસાર છે અને પહેલું નામ સંખ્યાને અનુલક્ષીને છે.

**परिवडिय सम्मत्त :–** પડિવાઈ સમ્યગ્દષ્ટિ એક વાર સમ્યગ્દર્શન પ્રાપ્ત કરીને પછી તેનાથી ચ્યુત થયેલા મિથ્યાત્વી જીવો જ્યાં સુધી ફરીવાર સમ્યગ્દર્શન પ્રાપ્ત ન કરે ત્યાં સુધી તે જીવોને પડિવાઈ સમ્યગ્દષ્ટિ કહે છે.

## વિવિધ અપેક્ષાએ ૯૮ બોલનું અલ્પબહુત્વ :–

| સંખ્યાની અપેક્ષાએ | કુલ બોલ | વિવરણ |
|---|---|---|
| સંખ્યાતા બોલ | ૨ | પહેલો અને બીજો. ગર્ભજ મનુષ્ય તથા મનુષ્યાણી સંખ્યાતા છે. |
| અસંખ્યાતા બોલ | ૭૧ | ૩ થી ૭૩. ત્રણથી અસંખ્યાતનો બોલ શરૂ થાય ત્યાર પછીના બધા બોલ અસંખ્યાતના જ હોય છે. પછી વિશેષાધિક આવે તો તે અસંખ્યાતથી વિશેષાધિક, સંખ્યાતગુણા આવે તો અસંખ્યાતથી સંખ્યાતગુણા હોય છે. |
| અનંતના બોલ | ૨૫ | ૭૪ થી ૯૮. ચુંમોતેરથી અનંતનો બોલ શરુ થાય ત્યારપછીના સર્વ બોલ અનંત જ હોય છે. |
| **કુલ** | **૯૮** | |

| ઈન્દ્રિય | કુલ બોલ | વિવરણ |
|---|---|---|
| સઈન્દ્રિય | ૯૩ | નિગોદના ૫૪,૬૦,૭૨,૭૩ આ ચાર બોલ અને સિદ્ધ ભગવાનનો ૭૬મો બોલ, આ પાંચ બોલ વર્જીને. ૯૮–૫ = ૯૩ |
| અણિંદિયા | ૧ | ૭૬. (સિદ્ધ ભગવાન) |
| નિગોદ–શરીરના | ૪ | ૫૪, ૬૦, ૭૨, ૭૩. |
| **કુલ** | **૯૮** | |
| એકેન્દ્રિય | ૩૨ | ૫૩ થી ૯૦ = ૩૮. તેમાં ૪ નિગોદ અને સિદ્ધ, અભવી, પડિવાઈ–સમ્યગ્દષ્ટિ, આ ૭ બોલ (૫૪, ૬૦, ૭૨, ૭૩, ૭૪, ૭૫, ૭૬)વર્જીને. ૩૮–૭ = ૩૧ + ત્રીજો = ૩૨. આ ૩૨ બોલોની વિગત આ પ્રમાણે છે–<br>[૪ સ્થાવરના–૧૬ બોલ = સૂક્ષ્મ પર્યાપ્ત ૬૮,૬૯,૭૦,૭૧<br>સૂક્ષ્મ અપર્યાપ્ત ૬૪, ૬૫,૬૬,૬૭<br>બાદર પર્યાપ્ત ૩,૫૫,૫૬,૫૭<br>બાદર અપર્યાપ્ત ૫૮,૬૧,૬૨,૬૩<br>વનસ્પતિના–૮ બોલ = સૂક્ષ્મ વનસ્પતિના અપર્યાપ્ત પર્યાપ્ત–૮૨,૮૪<br>બાદર પ્રત્યેક વનસ્પતિના પર્યાપ્ત અપર્યાપ્ત–૫૩, ૫૯<br>બાદર વનસ્પતિના પર્યાપ્ત અપર્યાપ્ત– ૭૭,૭૯<br>સમુચ્ચય નિગોદ – ૮૮<br>સમુચ્ચય વનસ્પતિ – ૮૯<br>સમુચ્ચય ૪ બોલ = સૂક્ષ્મ અપર્યાપ્ત અને પર્યાપ્ત – ૮૩, ૮૫ તથા સમુચ્ચય સૂક્ષ્મ – ૮૬ અને સમુચ્ચય એકેન્દ્રિય – ૯૦.<br>નિગોદ શરીરના ૪ બોલ = ૫૪, ૬૦, ૭૨, ૭૩] |

| ઈન્દ્રિય | કુલ બોલ | વિવરણ |
|---|---|---|
| બેઈંદ્રિય | ૨ | ૪૭, ૫૨. |
| તેઈંદ્રિય | ૨ | ૪૮, ૫૧. |
| ચૌરેન્દ્રિય | ૨ | ૪૫, ૫૦. |
| પંચેન્દ્રિય | ૪૫ | સમુચ્ચય પંચેન્દ્રિય બે– ૪૬, ૪૯.<br>નારકીના સાત– ૧૨, ૧૩, ૧૬, ૧૮, ૨૦, ૨૩, ૩૧<br>દેવના ચોવીસ– ૪ થી ૧૧(તે આઠ), ૧૪, ૧૫, ૧૭, ૧૯, ૨૧, ૨૨, ૨૫ થી ૩૦(તે છ), ૩૮, ૩૯, ૪૦, ૪૧<br>મનુષ્યના ત્રણ– ૧, ૨, ૨૪<br>તિર્યંચ પંચેન્દ્રિયના નવ– ૩૨ થી ૩૭ અને ૪૨ થી ૪૪ |
| ઈંદ્રિયવાળા અન્ય | ૧૪ | સમુચ્ચય બાદર પર્યાપ્તા–અપર્યાપ્તા– ૭૮, ૮૦<br>સમુચ્ચય બાદર– ૮૧<br>સમુચ્ચય તિર્યંચ–૯૧<br>તથા અન્ય– ૭૪, ૭૫, ૮૭, ૯૨થી ૯૮ |
| અણિંદિયા | ૧ | ૭૬. |
| કુલ | **૯૮** | |

| કાયા | કુલ બોલ | વિવરણ |
|---|---|---|
| અકાયિક | ૧ | ૭૬. |
| સકાયિક | ૯૭ | ૭૬મો વર્જિને શેષ સર્વ. |
| **કુલ** | **૯૮** | |
| પૃથ્વીકાયિક | ૪ | ૫૫, ૬૧, ૬૫, ૬૯. |
| અપ્કાયિક | ૪ | ૫૬, ૬૨, ૬૬, ૭૦. |
| તેજસ્કાયિક | ૪ | ૩, ૫૮, ૬૪, ૬૮. |
| વાયુકાયિક | ૪ | ૫૭, ૬૩, ૬૭, ૭૧. |
| વનસ્પતિકાયિક | ૮ | ૫૩, ૫૯, ૭૭, ૭૯, ૮૨, ૮૪, ૮૮, ૮૯. |
| સમુચ્ચય સ્થાવર | ૪ | ૮૩, ૮૫, ૮૬, ૯૦. |
| નિગોદ–શરીરો | ૪ | ૫૪, ૬૦, ૭૨, ૭૩. **આ સ્થાવરકાયિકના કુલ ૩૨ બોલ** |
| ત્રસકાય બેઈંદ્રિય | ૨ | ૪૭, ૫૨. |
| ત્રસકાય તેઈંદ્રિય | ૨ | ૪૮, ૫૧. |
| ત્રસકાય ચૌરેન્દ્રિય | ૨ | ૪૫, ૫૦. |
| ત્રસકાય પંચેન્દ્રિય | ૪૫ | સમુચ્ચય પંચેન્દ્રિયના – ૨ . |

| કાયા | કુલ બોલ | વિવરણ |
|---|---|---|
| | | નારકીના – ૭.<br>દેવના – ૨૪.<br>મનુષ્યના – ૩.<br>તિર્યંચ પંચેન્દ્રિયના – ૯. |
| કાયવાળા અન્ય | ૧૪ | ૭૪, ૭૫, ૭૮, ૮૦, ૮૧, ૮૭, ૯૧ થી ૯૮. |
| | ૯૮ | |

| પર્યાપ્તાદિ | કુલ બોલ | વિવરણ |
|---|---|---|
| નોપર્યાપ્તા-નોઅપર્યાપ્તા | ૧ | ૭૬. |
| પર્યાપ્તા | ૫૯ | (૨૪મો વર્જિને) ૧ થી ૪૮, ૫૩, ૫૫, ૫૬, ૫૭, ૬૮ થી ૭૧, ૭૭, ૭૮, ૮૪, ૮૫. |
| અપર્યાપ્તા | ૧૮ | ૨૪, ૪૯ થી ૫૨, ૫૮, ૫૯, ૬૧ થી ૬૭, ૭૯, ૮૦, ૮૨, ૮૩. |
| અન્ય પર્યા૰-અપર્યા૰ | ૧૬ | ૭૪, ૭૫, ૮૧, ૮૬, ૮૭ થી ૯૮. |
| પર્યાપ્તા નિગોદ શરીર | ૨ | ૫૪, ૭૩. |
| અપર્યાપ્તા નિગોદ શરીર | ૨ | ૬૦, ૭૨. |
| કુલ | ૯૮ | |

| સંજ્ઞી–અસંજ્ઞી | કુલ બોલ | વિવરણ |
|---|---|---|
| નોસંજ્ઞી-નોઅસંજ્ઞી | ૧ | ૭૬. |
| સંજ્ઞી | ૪૨ | ૩, ૨૪ તે બે બોલ વર્જિને ૧ થી ૪૪ સુધી. |
| અસંજ્ઞી | ૩૯ | ૩, ૨૪, ૪૫, ૪૭, ૪૮, ૫૦ થી ૭૩ (આ ચોવીસ), ૭૭, ૭૯, ૮૨ થી ૮૬ (આ પાંચ) ૮૮ થી ૯૦ (આ ત્રણ) |
| અન્ય સંજ્ઞી-અસંજ્ઞી | ૧૬ | ૪૬, ૪૯, ૭૪, ૭૫, ૭૮, ૮૦, ૮૧, ૮૭, ૯૧ થી ૯૮ |
| કુલ | ૯૮ | |

| સૂક્ષ્મ આદિ | કુલ બોલ | વિવરણ |
|---|---|---|
| નોસૂક્ષ્મ-નોબાદર | ૧ | ૭૬. |
| સૂક્ષ્મ | ૧૩ | ૬૪ થી ૭૧ (આ આઠ) ૮૨ થી ૮૬ (આ પાંચ) |
| બાદર | ૬૬ | ૧ થી ૫૩,૫૫થી ૫૯(આ પાંચ) ૬૧, ૬૨, ૬૩, ૭૭ થી ૮૧ (આ પાંચ) |
| સૂક્ષ્મ-બાદર અન્ય | ૧૪ | ૭૪, ૭૫, ૮૭ થી ૯૮ (આ બાર), |
| સૂક્ષ્મ નિગોદ શરીર | ૨ | ૭૨, ૭૩. |
| બાદર નિગોદ શરીર | ૨ | ૫૪, ૬૦. |
| | ૯૮ | |

| શાશ્વતા આદિ | કુલ બોલ | વિવરણ |
|---|---|---|
| શાશ્વતા | ૯૫ | ૨૪, ૯૫, ૯૭ તે ત્રણ બોલ વર્જીને શેષ ૯૫ બોલ. |
| અશાશ્વતા | ૩ | ૨૪, ૯૫, ૯૭. |
| કુલ | ૯૮ | |

***નોંધ :–*** *સિદ્ધ જીવોની સંખ્યા પાંચમા અનંત પ્રમાણ છે તેવી પરંપરા છે. પરંતુ અનુયોગદ્વાર સૂત્રમાં અનંતના આઠ પ્રકારનું વિસ્તૃત વર્ણન છે. તેમાં સંખ્યાનું સ્વરૂપ જોતાં જણાય છે કે સિદ્ધોને આઠમા અનંત પ્રમાણ માનવા ઉપયુક્ત છે. શ્રી ચંદ્રર્ષિ રચિત પંચસંગ્રહ ગ્રંથમાં પણ સિદ્ધોની સંખ્યા મધ્યમ અનંતાનંત અર્થાત્ આઠમા અનંત પ્રમાણ કહી છે.*

**શાશ્વત-અશાશ્વતા બોલ :–** આ ૯૮ બોલોમાં ૯૫ બોલ લોકમાં સદા પ્રાપ્ત થાય છે અને ત્રણ બોલ ક્યારેક હોય અને ક્યારેક હોતા નથી. તે ત્રણ બોલ આ પ્રમાણે છે–

**(૧) ચોવીસમો બોલ સંમૂર્ચ્છિમ મનુષ્ય–** સંમૂર્ચ્છિમ મનુષ્યોની ઉત્પત્તિનો ઉત્કૃષ્ટ વિરહકાલ ૨૪ મુહૂર્તનો છે અર્થાત્ ક્યારેક ૨૪ મુહૂર્ત સુધી લોકમાં એક પણ સંમૂર્ચ્છિમ મનુષ્યની ઉત્પત્તિ થતી નથી અને તે જીવોની ઉત્કૃષ્ટ સ્થિતિ અંતર્મુહૂર્તની એટલે કે ૧–૨ મિનીટની જ હોય છે. તેથી જ્યારે ૨૪ મુહૂર્ત સુધી તે જીવો ઉત્પન્ન ન થાય અને પૂર્વે ઉત્પન્ન થયેલા જીવો પોતાનું આયુષ્ય પૂર્ણ થતાં મૃત્યુ પામે છે ત્યારે તેટલા સમય સુધી લોકમાં કોઈપણ સંમૂર્ચ્છિમ મનુષ્ય રહેતા નથી, તે જીવોનો પૂર્ણ રીતે અભાવ થઈ જાય છે. માટે આ ૯૮ બોલના અલ્પબહુત્વનો ૨૪મો બોલ અશાશ્વત છે.

સંસારના અન્ય જીવોની ઉત્પત્તિનો પણ વિરહકાલ તો હોય જ છે પરંતુ તે જીવોની સ્થિતિ દીર્ઘકાલની હોવાથી તે જીવો હંમેશા હોય છે. જેમ કે ગર્ભજ મનુષ્યોનો વિરહકાલ ૧૨ મુહૂર્તનો છે, અર્થાત્ ૧૨ મુહૂર્ત પર્યંત નવા ગર્ભજ મનુષ્યોનો જન્મ થતો નથી, પરંતુ પૂર્વે ઉત્પન્ન થયેલા મનુષ્યોની સ્થિતિ ૧ મુહૂર્તથી લઈને કરોડ પૂર્વ વર્ષ સુધીની હોય છે અને યુગલિક મનુષ્યોની સ્થિતિ ત્રણ પલ્યોપમની હોય છે. તેથી ગર્ભજ મનુષ્યોનો અભાવ થતો નથી.

તાત્પર્ય એ છે કે જે જીવોની ઉત્પત્તિનો વિરહકાલ તેની સ્થિતિથી અધિક હોય, તે વિરહકાલમાં તે જીવોનો અભાવ થઈ જાય, તેથી તે બોલ અશાશ્વત થાય પરંતુ જે જીવોની ઉત્પત્તિનો વિરહકાલ તેની સ્થિતિથી અલ્પ હોય, તે જીવોનો અભાવ કદાપિ થતો નથી, તેથી તે બોલ શાશ્વત જ રહે છે.

**(૨) પંચાણુમો બોલ છદ્મસ્થ મનુષ્યો–** આ બોલ અગિયારમા અને બારમા ગુણસ્થાનવર્તી જીવોના સંયોગથી થાય છે, તે બંને ગુણસ્થાન અશાશ્વત છે. તેથી તે ગુણસ્થાનવર્તી એકપણ જીવ જ્યારે ન હોય ત્યારે આ પંચાણુમો બોલ થતો નથી. તેથી આ બોલ અશાશ્વત કહેવાય છે. **(૩) ૯૭ મો બોલ–સંસારી જીવો–** આ બોલ ૧૪મા ગુણસ્થાનવર્તી જીવોના સંયોગથી થાય છે અને ચૌદમું ગુણસ્થાન અશાશ્વત છે. તેથી જ્યારે ચૌદમા ગુણસ્થાનવર્તી જીવો ન હોય ત્યારે ૯૭ મો બોલ બનતો નથી. તેથી તે અશાશ્વત છે.

આ ત્રણ બોલ સિવાય ૯૫ બોલના જીવોનો કોઈપણ રીતે લોકમાં અભાવ થતો નથી. તેથી તે બોલ સદા શાશ્વત છે.

**॥ તૃતીય પદ સંપૂર્ણ ॥**

# ચોથું પદ

## પરિચય

શ્રી પ્રજ્ઞાપના સૂત્રનું આ ચોથું સ્થિતિ પદ છે. તેમાં સંસારી જીવ જન્મથી મૃત્યુ પર્યંત નારક આદિ પર્યાયોમાં નિરંતર કેટલો કાળ રહે છે, તે કાલ મર્યાદાની વિચારણા છે.

જીવ દ્રવ્ય નિત્ય છે, પરંતુ તેની પર્યાયો– અવસ્થાઓ પરિવર્તન પામે છે, તેમાં પણ કર્મયુક્ત સંસારી જીવો પોતાના કર્માનુસાર આ સૃષ્ટિના શુભાશુભ કર્માનુસાર વિવિધ સ્થાનોમાં જન્મ ધારણ કરે છે, પોતાના આયુષ્ય કર્મની કાલમર્યાદા અનુસાર રહે છે અને ત્યાર પછી તે સ્થાન છોડી અન્યત્ર જન્મ ધારણ કરે છે. આ રીતે જન્મ-મરણનું ચક્ર ચાલ્યા કરે છે. જન્મ-મરણ વચ્ચેનો જીવનકાલ કયા સ્થાનમાં કેટલો હોઈ શકે ? તેની કાલ મર્યાદાને જ સૂત્રકારે 'સ્થિતિ' કહી છે.

'સ્થિતિ' શબ્દનો વ્યુત્પત્તિલભ્ય અર્થ આ પ્રમાણે છે– **स्थीयते अवस्थीयते अनया आयुः कर्मानुभूत्येति स्थितिः** ॥ આયુષ્યકર્મની અનુભૂતિ કરતો જીવ જે પર્યાયમાં જેટલો કાલ અવસ્થિત રહે છે તેટલા કાલને તે પર્યાયની સ્થિતિ કહે છે. તેથી સ્થિતિ, આયુષ્ય કર્મોની અનુભૂતિ અને જીવન, આ સર્વ શબ્દો પર્યાયવાચી છે.

જ્ઞાનાવરણીયાદિ કર્મપુદ્‌ગલોના અવસ્થાનને પણ 'સ્થિતિ' કહે છે, તેમ છતાં આ પદમાં નારક આદિ જીવોની 'આયુષ્યકર્માનુભૂતિ'ને જ 'સ્થિતિ' શબ્દથી ગ્રહણ કરી છે. આયુષ્ય કર્મની અનુભૂતિ માત્ર સંસારી જીવોને હોય છે, તેથી આ પદમાં સંસારી જીવોની સ્થિતિનો વિચાર કર્યો છે. સિદ્ધોનીસ્થિતિ સાદિ અનંતકાલની હોય છે; તેને આયુનો અભાવ હોવાથી અહીં તેનું વર્ણન કર્યું નથી.

સ્થિતિ(આયુ)ના બે પ્રકાર છે. જઘન્ય એટલે તે-તે સ્થાનની ઓછામાં ઓછી સ્થિતિ અને ઉત્કૃષ્ટ એટલે તે-તે સ્થાનની વધારેમાં વધારે સ્થિતિ.

આ પદમાં સ્થિતિ નિરૂપણનો ક્રમ આ પ્રમાણે છે– સર્વ પ્રથમ કોઈપણ સ્થાનના જીવોની સમુચ્ચય જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિનું કથન છે, ત્યાર પછી તેના પર્યાપ્તા અને અપર્યાપ્તાની જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિનું કથન છે અને તે સિવાય તે સ્થાનના જેટલા ભેદ-પ્રભેદ થાય, તેની જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિનું કથન છે.

મુખ્ય રીતે ૨૪ દંડકના ક્રમથી જીવોની સ્થિતિનું કથન કર્યું છે, યથા– (૧) નારક (૨) દશ ભવનપતિ દેવ (૩) પાંચ સ્થાવર (૪) ત્રણ વિકલેન્દ્રિય (૫) તિર્યંચ પંચેન્દ્રિય (૬) મનુષ્ય (૮) વ્યંતર દેવ (૯) જ્યોતિષી દેવ અને (૧૦) વૈમાનિક દેવ. તેમાં પણ વિવિધ ભેદ-પ્રભેદ સાથે સ્થિતિનું કથન છે.

આ સ્થિતિ પદના વર્ણન અનુસાર ચાર જાતિના દેવોમાં, દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ કરતાં દેવીઓની ઉત્કૃષ્ટ સ્થિતિ અલ્પ છે. જેમ કે– અસુરકુમારમાં દેવોની ઉત્કૃષ્ટ સ્થિતિ સાધિક એક સાગરોપમ છે જ્યારે દેવીઓની ઉત્કૃષ્ટ સ્થિતિ સાડા ચાર પલ્યોપમની છે. વૈમાનિક દેવોનીઉત્કૃષ્ટ સ્થિતિ ૩૩ સાગરોપમની છે જ્યારે દેવીઓની ઉત્કૃષ્ટ સ્થિતિ ૫૫ પલ્યોપમની છે. જઘન્ય સ્થિતિ દેવ-દેવીઓની સર્વત્ર સમાન હોય છે.

❖❖❖❖❖

# ચોથું પદ : સ્થિતિ

**નૈરયિકોની સ્થિતિ :–**

**१ णेरइयाणं भंते ! केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! जहण्णेणं दस वाससहस्साइं, उक्कोसेणं तेत्तीसं सागरोवमाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેની સ્થિતિ જઘન્ય દશ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ તેત્રીસ સાગરોપમની છે.

**२ अपज्जत्तयणेरइयाणं भंते ! केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेण वि अंतोमुहुत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અપર્યાપ્તા નૈરયિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પણ અંતર્મુહૂર્તની છે.

**३ पज्जत्तयणेरइयाणं भंते ! केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! जहण्णेणं दस वाससहस्साइं अंतोमुहुत्तूणाइं, उक्कोसेणं तेत्तीसं सागरोवमाइं अंतोमुहुत्तूणाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્ત નૈરયિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન દશ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન તેત્રીસ સાગરોપમની છે.

**४ रयणप्पभापुढविणेरइयाणं भंते ! केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! जहण्णेणं दस वाससहस्साइं, उक्कोसेणं सागरोवमं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! રત્નપ્રભા પૃથ્વીના નૈરયિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય દશ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ એક સાગરોપમની છે.

**५ अपज्जत्तयरयणप्पभापुढविणेरइयाणं भंते ! केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! जहण्णेण वि अंतोमुहुत्तं, उक्कोसेण वि अंतोमुहुत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! રત્નપ્રભા પૃથ્વીના અપર્યાપ્તા નૈરયિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની છે.

**६ पज्जत्तयरयणप्पभापुढविणेरइयाणं भंते ! केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! जहण्णेणं दस वाससहस्साइं अंतोमुहुत्तूणाइं, उक्कोसेणं सागरोवमं अंतोमुहुत्तूणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! રત્નપ્રભા પૃથ્વીના પર્યાપ્તા નૈરયિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન દશ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન એક સાગરોપમની છે.

**७ सक्करप्पभापुढविणेरइयाणं भंते ! केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! जहण्णेणं**

**एगं सागरोवमं, उक्कोसेणं तिण्णि सागरोवमाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્! શર્કરાપ્રભા પૃથ્વીના નૈરયિકોની સ્થિતિ કેટલી છે? **ઉત્તર–** હે ગૌતમ! જઘન્ય એક સાગરોપમ અને ઉત્કૃષ્ટ ત્રણ સાગરોપમની છે.

**८ अपज्जत्तयसक्करप्पभापुढविणेरइयाणं भंते ! केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेण वि अंतोमुहुत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્! શર્કરાપ્રભા પૃથ્વીના અપર્યાપ્તા નૈરયિકોની સ્થિતિ કેટલી છે? **ઉત્તર–** હે ગૌતમ! જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની છે.

**९ पज्जत्तयसक्करप्पभापुढविणेरइयाणं भंते ! केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! जहण्णेणं सागरोवमं अंतोमुहुत्तूणं, उक्कोसेणं तिण्णि सागरोवमाइं अंतोमुहुत्तूणाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્! શર્કરાપ્રભા પૃથ્વીના પર્યાપ્તા નૈરયિકોની સ્થિતિ કેટલી છે? **ઉત્તર–** હે ગૌતમ! જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન એક સાગરોપમ અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન ત્રણ સાગરોપમની છે.

**१० वालुयप्पभापुढविणेरइयाणं भंते ! केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! जहण्णेणं तिण्णि सागरोवमाइं, उक्कोसेणं सत्त सागरोवमाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્! વાલુકાપ્રભા પૃથ્વીના નૈરયિકોની સ્થિતિ કેટલી છે? **ઉત્તર–** હે ગૌતમ! જઘન્ય ત્રણ સાગરોપમ અને ઉત્કૃષ્ટ સાત સાગરોપમની છે.

**११ अपज्जत्तयवालुयप्पभापुढविणेरइयाणं भंते ! केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं वि अंतोमुहुत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્! વાલુકાપ્રભા પૃથ્વીના અપર્યાપ્તા નૈરયિકોની સ્થિતિ કેટલી છે? **ઉત્તર–** હે ગૌતમ! જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની છે.

**१२ पज्जत्तयवालुयप्पभापुढविणेरइयाणं भंते ! केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! जहण्णेणं तिण्णि सागरोवमाइं अंतोमुहुत्तूणाइं, उक्कोसेणं सत्त सागरोवमाइं अंतोमुहुत्तूणाइं।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્! વાલુકાપ્રભા પૃથ્વીના પર્યાપ્તા નૈરયિકોની સ્થિતિ કેટલી છે? **ઉત્તર–** હે ગૌતમ! જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન ત્રણ સાગરોપમ અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન સાત સાગરોપમની છે.

**१३ पंकप्पभापुढविणेरइयाणं भंते ! केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! जहण्णेणं सत्त सागरोवमाइं, उक्कोसेणं दस सागरोवमाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્! પંકપ્રભા પૃથ્વીના નૈરયિકોની સ્થિતિ કેટલી છે? **ઉત્તર–** હે ગૌતમ! જઘન્ય સાત સાગરોપમ અને ઉત્કૃષ્ટ દશ સાગરોપમની છે.

**१४ अपज्जत्तयपंकप्पभापुढविणेरइयाणं भंते ! केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेण वि अंतोमुहुत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પંકપ્રભા પૃથ્વીના અપર્યાપ્તા નૈરયિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટ પણ અંતર્મુહૂર્તની છે.

**१५ पज्जत्तयपंकप्पभापुढविणेरइयाणं भंते ! केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! जहण्णेणं सत्त सागरोवमाइं अंतोमुहुत्तूणाइं, उक्कोसेणं दस सागरोवमाइं अंतोमुहुत्तूणाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પંકપ્રભા પૃથ્વીના પર્યાપ્તા નૈરયિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન સાત સાગરોપમ અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન દશ સાગરોપમની છે.

**१६ धूमप्पभापुढविणेरइयाणं भंते ! केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! जहण्णेणं दस सागरोवमाइं, उक्कोसेणं सत्तरस्स सागरोवमाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ધૂમપ્રભા પૃથ્વીના નૈરયિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય દશ સાગરોપમ અને ઉત્કૃષ્ટ સત્તર સાગરોપમની છે.

**१७ अपज्जत्तयधूमप्पभापुढविणेरइयाणं भंते ! केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! जहण्णेणं वि अंतोमुहुत्तं, उक्कोसेण वि अंतोमुहुत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ધૂમપ્રભા પૃથ્વીના અપર્યાપ્તા નૈરયિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પણ અંતર્મુહૂર્તની છે.

**१८ पज्जत्तयधूमप्पभापुढविणेरइयाणं भंते ! केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! जहण्णेणं दस सागरोवमाइं अंतोमुहुत्तूणाइं, उक्कोसेणं सत्तरस्स सागरोवमाइं अंतोमहुत्तूणाइं।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ધૂમપ્રભા પૃથ્વીના પર્યાપ્તા નૈરયિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન દશ સાગરોપમ અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન સત્તર સાગરોપમની છે.

**१९ तमप्पभापुढविणेरइयाणं भंते ! केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! जहण्णेणं सत्तरस्स सागरोवमाइं, उक्कोसेणं बावीसं सागरोवमाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તમઃપ્રભા પૃથ્વીના નૈરયિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય સત્તર સાગરોપમ અને ઉત્કૃષ્ટ બાવીસ સાગરોપમની છે.

**२० अपज्जत्तयतमप्पभापुढविणेरइयाणं भंते ! केवइयं ठिई पण्णत्ता ? गोयमा ! जहण्णेण वि अंतोमुहुत्तं, उक्कोसेण वि अंतोमुहुत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તમઃપ્રભા પૃથ્વીના અપર્યાપ્તા નૈરયિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પણ અંતર્મુહૂર્તની છે.

**२१ पज्जत्तयतमप्पभापुढविणेरइयाणं भंते ! केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! जहण्णेणं सत्तरस्स सागरोवमाइं अंतोमुहुत्तूणाइं, उक्कोसेणं बावीसं सागरोवमाइं अंतोमुहुत्तूणाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તમઃપ્રભા પૃથ્વીના પર્યાપ્તા નૈરયિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન સત્તર સાગરોપમ અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન બાવીસ સાગરોપની છે.

**२२ अहेसत्तमपुढविणेरइयाणं भंते ! केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! जहण्णेणं बावीसं सागरोवमाइं, उक्कोसेणं तेत्तीसं सागरोवमाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અધઃસપ્તમ(સાતમી નરક) પૃથ્વીના નૈરયિકોની સ્થિતિ કેટલી છે? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય બાવીસ સાગરોપમ અને ઉત્કૃષ્ટ તેત્રીસ સાગરોપમની છે.

**२३ अपज्जत्तयअहेसत्तमपुढविणेरइयाणं भंते ! केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! जहण्णेण वि अंतोमुहुत्तं, उक्कोसेणं वि अंतोमुहुत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અપર્યાપ્તા અધઃસપ્તમ પૃથ્વીના નૈરયિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પણ અંતર્મુહૂર્તની છે.

**२४ पज्जत्तयअहेसत्तमपुढविणेरइयाणं भंते ! केवईयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! जहण्णेणं बावीसं सागरोवमाइं अंतोमुहुत्तूणाइं, उक्कोसेणं तेत्तीसं सागरोवमाइं अंतोमुहुत्तूणाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્તા અધઃસપ્તમ પૃથ્વીના નૈરયિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન બાવીસ સાગરોપમ અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન તેત્રીસ સાગરોપમની છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં નારકી અને તેના ભેદ-પ્રભેદોની જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિનું કથન છે.

**અપર્યાપ્ત-પર્યાપ્ત અવસ્થા :–** અપર્યાપ્તા-પર્યાપ્તા જીવોના બે-બે પ્રકાર છે– **(૧) લબ્ધિ અપર્યાપ્તા–** અપર્યાપ્ત નામ કર્મના ઉદયવાળા જીવોને લબ્ધિ અપર્યાપ્તા કહે છે. લબ્ધિ અપર્યાપ્તા જીવો સ્વયોગ્ય પર્યાપ્તિ પૂર્ણ કરી શકતા નથી. તે જીવ અપર્યાપ્તા નામકર્મના ઉદયે અપર્યાપ્તા અવસ્થામાં જ મૃત્યુ પામે છે. **(૨) લબ્ધિ પર્યાપ્તા–** પર્યાપ્ત નામ કર્મના ઉદયવાળા જીવો લબ્ધિ પર્યાપ્તા કહેવાય છે. ઉત્પત્તિના પ્રથમ અંતર્મુહૂર્તમાં સ્વયોગ્ય પર્યાપ્તિ પૂર્ણ ન કરી હોય ત્યારે પણ તે લબ્ધિ પર્યાપ્તા જ કહેવાય છે અને પર્યાપ્ત નામકર્મના ઉદયે તેઓ સ્વયોગ્ય પર્યાપ્તિ અવશ્ય પૂર્ણ કરે છે. આ બંને અવસ્થા અપર્યાપ્ત-પર્યાપ્ત નામકર્મ સાપેક્ષ છે.

**(૩) કરણ અપર્યાપ્તા–** ઉત્પત્તિના પ્રથમ અંતર્મુહૂર્ત સુધી જીવ કરણ અપર્યાપ્ત કહેવાય છે અર્થાત્ સ્વયોગ્ય પર્યાપ્તિ પૂર્ણ ન કરે ત્યાં સુધી જીવ કરણ અપર્યાપ્ત કહેવાય છે. કરણ અપર્યાપ્ત અવસ્થામાં લબ્ધિ અપર્યાપ્તા અને લબ્ધિ પર્યાપ્તા બંને પ્રકારના જીવો સંભવે છે. **(૪) કરણ પર્યાપ્તા–** ઉત્પત્તિના પ્રથમ અંતર્મુહૂર્ત પછી અર્થાત્ સ્વયોગ્ય પર્યાપ્તિ પૂર્ણ થઈ ગયા પછી જીવ કરણ પર્યાપ્ત કહેવાય છે. લબ્ધિ અપર્યાપ્ત જીવો કરણપર્યાપ્ત થતા નથી. તે અપર્યાપ્ત અવસ્થામાં જ મૃત્યુ પામે છે. કરણ પર્યાપ્તા જીવો લબ્ધિથી પર્યાપ્તા જ હોય છે.

લબ્ધિ અપર્યાપ્તા જીવો કરણ અપર્યાપ્તા જ હોય છે. લબ્ધિ પર્યાપ્તા જીવોમાં કરણપર્યાપ્તા અને કરણઅપર્યાપ્તા, બંને અવસ્થા સંભવિત છે. કરણઅપર્યાપ્તા જીવોમાં લબ્ધિપર્યાપ્તા અને લબ્ધિઅપર્યાપ્તા,

બંને અવસ્થા સંભવિત છે. કરણપર્યાપ્તા જીવો લબ્ધિપર્યાપ્તા જ હોય છે.

નારકી અને દેવો લબ્ધિપર્યાપ્તા જ હોય છે. તે જીવો અપર્યાપ્તાવસ્થામાં મૃત્યુ પામતા નથી. સ્વયોગ્ય પર્યાપ્તિઓ પૂર્ણ ન કરે ત્યાં સુધી તે જીવ કરણઅપર્યાપ્તા કહેવાય છે.

પ્રસ્તુતમાં કરણ અપર્યાપ્તા અને પર્યાપ્તા નૈરયિકોની સ્થિતિનું કથન છે. તેથી અપર્યાપ્તાની સ્થિતિ અંતર્મુહૂર્તની જ કહી છે અને ઉત્કૃષ્ટ સ્થિતિમાંથી અંતર્મુહૂર્ત ન્યૂન કરીને પર્યાપ્તાની સ્થિતિ કહી છે.

પૂર્વ-પૂર્વ નરકના નૈરયિકોની જે ઉત્કૃષ્ટ સ્થિતિ છે તે જ પછી પછીના નરકના નૈરયિકોની જઘન્ય સ્થિતિ છે. જેમ કે રત્નપ્રભા(પ્રથમ નરક) પૃથ્વીની ઉત્કૃષ્ટ સ્થિતિ એક સાગરોપમની છે, ત્યારે શર્કરાપ્રભા(બીજી નરક)ની જઘન્ય એક સાગરોપમની સ્થિતિ છે. તેમ છતાં અપર્યાપ્તાવસ્થાની સ્થિતિ સર્વત્ર સમાન હોય છે.

**अहेसत्तमा पुढवी :–** અધઃસપ્તમ પૃથ્વી. સાતમી નરક પૃથ્વી અધોલોકમાં સર્વથી નીચે છે તેવું સૂચિત કરવા સૂત્રકારે સાતમી પૃથ્વી સાથે **'अहे'** શબ્દનો પ્રયોગ કર્યો છે.

**સમુચ્ચય દેવ–દેવીઓની સ્થિતિ :–**

**૨૫ देवाणं भंते ! केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! जहण्णेणं दस वाससहस्साइं, उक्कोसेणं तेत्तीसं सागरोवमाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય દશ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ તેત્રીશ સાગરોપમની છે.

**૨૬ अपज्जत्तयदेवाणं भंते ! केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं वि अंतोमुहुत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અપર્યાપ્તા દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પણ અંતર્મુહૂર્તની છે.

**૨૭ पज्जत्तयदेवाणं भंते ! केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! जहण्णेणं दस वाससहस्साइं अंतोमुहुत्तूणाइं, उक्कोसेणं तेत्तीसं सागरोवमाइं अंतोमुहुत्तूणाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્તાદેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન દશ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન તેત્રીસ સાગરોપમની છે.

**૨૮ देवीणं भंते ! केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! जहण्णेणं दस वाससहस्साइं, उक्कोसेणं पणपण्णं पलिओवमाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! દેવીઓની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય દશ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ પંચાવન પલ્યોપમની છે.

**૨૯ अपज्जत्तयदेवीणं भंते ! केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं वि अंतोमुहुत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અપર્યાપ્તા દેવીઓની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય

અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પણ અંતર્મુહૂર્તની છે.

**३० पज्जत्तयदेवीणं भंते ! केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! जहण्णेणं दस वाससहस्साइं अंतोमुहुत्तूणाइं, उक्कोसेणं पणपण्णं पलिओवमाइं अंतोमुहुत्तूणाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્તા દેવીઓની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન દશ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન પંચાવન પલ્યોપમની છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં દેવોના ભેદ કર્યા વિના સામાન્ય રીતે દેવ-દેવીઓની સ્થિતિ દર્શાવીને ત્યારપછી તેના અપર્યાપ્તા અને પર્યાપ્તાની સ્થિતિનું વર્ણન કર્યું છે. દેવ અને દેવીઓનું જઘન્ય આયુષ્ય બંનેનું સમાન હોય છે પરંતુ ઉત્કૃષ્ટ આયુષ્ય દેવો કરતાં દેવીઓનું ઓછું હોય છે.

**ભવનપતિ દેવ–દેવીઓની સ્થિતિ :–**

**३१ भवणवासीणं भंते ! देवाणं केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! जहण्णेणं दस वाससहस्साइं, उक्कोसेणं साइरेगं सागरोवमं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ભવનવાસી દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય દશ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ સાધિક એક સાગરોપમની છે.

**३२ अपज्जत्तयभवणवासीणं भंते ! देवाणं केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! जहण्णेण वि अंतोमुहुत्तं, उक्कोसेण वि अंतोमुहुत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અપર્યાપ્તા ભવનવાસી દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પણ અંતર્મુહૂર્તની છે.

**३३ पज्जत्तयभवणवासीणं भंते ! देवाणं केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! जहण्णेणं दस वाससहस्साइं अंतोमुहुत्तूणाइं उक्कोसेणं साइरेगं सागरोवमं अंतोमुहुत्तूणं।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્તા ભવનવાસી દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન દશ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન સાધિક એક સાગરોપમની છે.

**३४ भवणवासिणीणं भंते ! देवीणं केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! जहण्णेणं दस वाससहस्साइं, उक्कोसेणं अद्धपंचमाइं पलिओवमाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ભવનવાસી દેવીઓની કેટલી સ્થિતિ છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય દશ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ સાડા ચાર પલ્યોપમની છે.

**३५ अपज्जत्तयाणं भंते ! भवणवासिणीणं देवीणं केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! जहण्णेण वि अंतोमुहुत्तं, उक्कोसेण वि अंतोमुहुत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અપર્યાપ્તા ભવનવાસી દેવીઓની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે

ગૌતમ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પણ અંતર્મુહૂર્તની છે.

**३६ पज्जत्तयाणं भंते ! भवणवासिणीणं देवीणं केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! जहण्णेणं दस वाससहस्साइं अंतोमुहुत्तूणाइं, उक्कोसेणं अद्धपंचमाइं पलिओवमाइं अंतोमुहुत्तूणाइं।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્તા ભવનવાસી દેવીઓની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન દશ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન સાડા ચાર પલ્યોપમની છે.

**३७ असुरकुमाराणं भंते ! देवाणं केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! जहण्णेणं दस वाससहस्साइं, उक्कोसेणं साइरेगं सागरोवमं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અસુરકુમાર દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય દશ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ સાધિક એક સાગરોપમની છે.

**३८ अपज्जत्तयअसुरकुमाराणं भंते ! देवाणं केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! जहण्णेण वि अंतोमुहुत्तं, उक्कोसेण वि अंतोमुहुत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અપર્યાપ્તા અસુરકુમાર દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પણ અંતર્મુહૂર્તની છે.

**३९ पज्जत्तयअसुरकुमाराणं भंते ! देवाणं केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! जहण्णेणं दस वासससहस्साइं अंतोमुहुत्तूणाइं, उक्कोसेणं साइरेगं सागरोवमं अंतोमुहुत्तूणं।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્તા અસુરકુમાર દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન દશ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન સાધિક એક સાગરોપમની છે.

**४० असुरकुमारीणं भंते ! देवीणं केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! जहण्णेणं दस वाससहस्साइं, उक्कोसेणं अद्धपंचमाइं पलिओवमाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અસુરકુમાર દેવીઓની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય દશ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ સાડા ચાર પલ્યોપમની છે.

**४१ अपज्जत्तियाणं असुरकुमारीणं भंते ! देवीणं केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! जहण्णेण वि अंतोमुहुत्तं, उक्कोसेण वि अंतोमुहुत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અપર્યાપ્તા અસુરકુમાર દેવીઓની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પણ અંતર્મુહૂર્તની છે.

**४२ पज्जत्तियाणं असुरकुमारीणं भंते ! देवीणं केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! जहण्णेणं दस वाससहस्साइं अंतोमुहुत्तूणाइं, उक्कोसेणं अद्धपंचमाइं पलिओवमाइं अंतोमुहुत्तूणाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્તા અસુરકુમાર દેવીઓની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ! જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન દશ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન સાડા ચાર પલ્યોપમની છે.

**૪૩ णागकुमाराणं भंते ! देवाणं केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! जहण्णेणं दस वाससहस्साइं, उक्कोसेणं दो पलिओवमाइं देसूणाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નાગકુમાર દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય દશ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ દેશોન(કાંઈક ન્યૂન) બે પલ્યોપમની છે.

**૪૪ अपज्जत्तयाणं भंते ! णागकुमाराणं देवाणं केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! जहण्णेणं वि अंतोमुहुत्तं, उक्कोसेणं वि अंतोमुहुत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અપર્યાપ્તા નાગકુમાર દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટ પણ અંતર્મુહૂર્તની છે.

**૪૫ पज्जत्तयाणं भंते ! णागकुमाराणं देवाणं केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! जहण्णेणं दसवाससहस्साइं अंतोमुहुत्तूणाइं, उक्कोसेणं दो पलिओवमाइं देसूणाइं अंतोमुहुत्तूणाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્તા નાગકુમાર દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન દશ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન દેશોન બે પલ્યોપમની છે.

**૪૬ णागकुमारीणं भंते ! देवीणं केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! जहण्णेणं दस वाससहस्साइं, उक्कोसेणं देसूणं पलिओवमं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નાગકુમાર દેવીઓની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય દશ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ દેશોન(કાંઈક ઓછી) એક પલ્યોપમની છે.

**૪૭ अपज्जत्तयाणं णागकुमारीणं भंते ! देवीणं केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! जहण्णेण वि अंतोमुहुत्तं, उक्कोसेण वि अंतोमुहुत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અપર્યાપ્તા નાગકુમાર દેવીઓની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પણ અંતર્મુહૂર્તની છે.

**૪૮ पज्जत्तियाणं णागकुमारीणं भंते ! देवीणं केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! जहण्णेणं दस वाससहस्साइं अंतोमुहुत्तूणाइं, उक्कोसेणं देसूणं पलिओवमं अंतोमुहुत्तूणं।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્તા નાગકુમાર દેવીઓની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન દશ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન દેશોન એક પલ્યોપમની છે.

**૪૯ सुवण्णकुमाराणं भंते ! देवाणं केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! जहण्णेणं दस वाससहस्साइं, उक्कोसेणं दो पलिओवमाइं देसूणाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સુવર્ણકુમાર દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય દશ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ કંઈક ન્યૂન બે પલ્યોપમની છે.

**૫૦ अपज्जत्तयाणं पुच्छा ? गोयमा ! जहण्णेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અપર્યાપ્તા સુવર્ણકુમાર દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અપર્યાપ્તા સુવર્ણકુમાર દેવોની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પણ અંતર્મુહૂર્તની છે.

**૫૧ पज्जत्तयाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं दस वाससहस्साइं अंतोमुहुत्तूणाइं, उक्कोसेणं दो पलिओवमाइं देसूणाइं अंतोमुहुत्तूणाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્તા સુવર્ણકુમાર દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન દશ હજાર વર્ષ, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન દેશોન બે પલ્યોપમની છે.

**૫૨ सुवण्णकुमारीणं भंते ! देवीणं पुच्छा ? गोयमा ! जहण्णेणं दस वाससहस्साइं, उक्कोसेणं देसूणं पलिओवमं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સુવર્ણકુમાર દેવીઓની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** જઘન્ય દશ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ દેશોન એક પલ્યોપમની છે.

**૫૩ अपज्जत्तयाणं पुच्छा ? गोयमा ! जहण्णेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અપર્યાપ્તા સુવર્ણકુમાર દેવીઓની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પણ અંતર્મુહૂર્તની છે.

**૫૪ पज्जत्तयाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं दस वाससहस्साइं अंतोमुहुत्तूणाइं, उक्कोसेणं देसूणं पलिओवमं अंतोमुहुत्तूणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્તા સુવર્ણકુમાર દેવીઓની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ! જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન દશ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન દેશોન એક પલ્યોપમની છે.

**૫૫ एवं एएणं अभिलावेणं ओहिय-अपज्जत्त-पज्जत्तसुत्ततयं देवाण य देवीण य णेयव्वं जाव थणियकुमाराणं जहा णागकुमाराणं ।**

**ભાવાર્થ :–** આ કથનાનુસાર ઔઘિક(સમુચ્ચય), અપર્યાપ્તા અને પર્યાપ્તાના ત્રણ-ત્રણ સૂત્રો શેષ નવનિકાયના દેવો અને દેવીઓના વિષયમાં જાણવા જોઈએ ***યાવત્*** સ્તનિતકુમાર સુધીના દેવો અને દેવીઓની સ્થિતિ નાગકુમારની જેમ સમજી લેવી જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં ભવનપતિ જાતિના દેવોની અને દેવીઓની સ્થિતિનું કથન છે.

દશ પ્રકારના ભવનપતિ જાતિના દેવોમાં અસુરકુમાર દેવોની સ્થિતિ અધિક છે અને શેષ નવ પ્રકારના દેવોની સ્થિતિ એક સમાન છે. તે નવ પ્રકારના દેવો માટે 'નવનિકાયના દેવો' શબ્દ પ્રયોગ પ્રચલિત છે. પ્રસ્તુત સૂત્રમાં સૂત્રકારે ભવનપતિ દેવોમાં ઉત્તરદિશા કે દક્ષિણ દિશાની અલગ વિવક્ષા કરી નથી, પરંતુ

શ્રી જીવાભિગમસૂત્ર પ્રતિપ્રતિ–૧માં દક્ષિણ અને ઉત્તર દિશાના ભવનપતિ દેવ-દેવીઓની સ્થિતિનું પૃથક્-પૃથક્ કથન છે.

પ્રસ્તુત પાઠમાં જે ઉત્કૃષ્ટ સ્થિતિ કહી છે તે ઉત્તર દિશાના ઈન્દ્રની અપેક્ષાએ છે. તેનાથી દક્ષિણ દિશાના ઈન્દ્રોની સ્થિતિ ઓછી હોય છે. જઘન્ય સ્થિતિ બંનેની સમાન છે.

ભવનપતિ જાતિના દેવોમાં ૧૦ અસુરકુમારાદિ દેવો અને પંદર પરમાધામી દેવો તેમ ૨૫ ભેદનો સમાવેશ થાય છે. સૂત્રકારે દશ ભવનપતિદેવોની સ્થિતિનું જ કથન કર્યું છે. પંદર પરમાધામી દેવોનું કથન શ્રી સમવાયાંગ સૂત્રમાં અને ભગવતીસૂત્ર શતક–૩/૭માં છે. પહેલા દેવલોકના ઈન્દ્ર, શક્રેન્દ્રના ચાર લોકપાલ દેવ છે. તેમાં **યમલોકપાલના અધીનસ્થ દેવોમાં પંદર પરમાધામી દેવોની ગણના થાય છે.** તે દેવો યમ નામના લોક પાલ દેવના પુત્રસ્થાનીય છે અને તેની સ્થિતિ સમુચ્ચય એક પલ્યોપમની છે.

**પાંચ સ્થાવર જીવોની સ્થિતિ :–**

**૫૬** **पुढविकाइयाणं भंते ! केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं बावीसं वाससहस्साइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિક જીવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ બાવીસ હજાર વર્ષની છે.

**૫૭** **अपज्जत्तयपुढविकाइयाणं भंते ! केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! जहण्णेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અપર્યાપ્તા પૃથ્વીકાયિક જીવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ! જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની છે.

**૫૮** **पज्जत्तयपुढविकाइयाणं भंते ! केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं बावीसं वाससहस्साइं अंतोमुहुत्तूणाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્તા પૃથ્વીકાયિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન બાવીસ હજાર વર્ષની છે.

**૫૯** **सुहुमपुढविकाइयाणं पुच्छा ? गोयमा ! जहण्णेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સૂક્ષ્મ પૃથ્વીકાયિક જીવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની છે.

**૬૦** **अपज्जत्तयसुहुमपुढविकाइयाणं पुच्छा ? गोयमा ! जहण्णेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અપર્યાપ્તા સૂક્ષ્મ પૃથ્વીકાયિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ! જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની છે.

**૬૧** **पज्जत्तयसुहुमपुढविकाइयाणं पुच्छा ? गोयमा ! जहण्णेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્તા સૂક્ષ્મ પૃથ્વીકાયિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની છે.

**૬૨** **बादरपुढविकाइयाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं बावीसं वाससहस्साइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બાદર પૃથ્વીકાયિક જીવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ બાવીસ હજાર વર્ષની છે.

**૬૩** **अपज्जत्तयबादरपुढविकाइयाणं पुच्छा ? गोयमा ! जहण्णेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અપર્યાપ્તા બાદર પૃથ્વીકાયિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ! જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની છે.

**૬૪** **पज्जत्तयबादरपुढविकाइयाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं बावीसं वाससहस्साइं अंतोमुहुत्तूणाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્તા બાદર પૃથ્વીકાયિક જીવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન બાવીસ હજાર વર્ષની છે.

**૬૫** **आउकाइयाणं भंते ! केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं सत्त वाससहस्साइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અપ્કાયિક જીવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સાત હજાર વર્ષની છે.

**૬૬** **अपज्जत्तयआउकाइयाणं पुच्छा ? गोयमा ! जहण्णेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અપર્યાપ્તા અપ્કાયિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની છે.

**૬૭** **पज्जत्तयआउकाइयाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं सत्त वाससहस्साइं अंतोमुहुत्तूणाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્તા અપ્કાયિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન સાત હજાર વર્ષની છે.

**૬૮** **सुहुमआउकाइयाणं ओहियाणं अपज्जत्तयाणं पज्जत्तयाण य जहा सुहुमपुढविकाइयाणं तहा भाणियव्वं ।**

**ભાવાર્થ :–** સમુચ્ચય, અપર્યાપ્તા અને પર્યાપ્તા સૂક્ષ્મ અપ્કાયિકોની સ્થિતિ સૂક્ષ્મ પૃથ્વીકાયિકોની સ્થિતિ પ્રમાણે જાણવી.

**૬૯** **बादरआउकाइयाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं सत्त वाससहस्साइं।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બાદર અપ્કાયિક જીવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સાત હજાર વર્ષની છે.

**૭૦ अपज्जत्तयबादरआउकाइयाणं पुच्छा ? गोयमा ! जहण्णेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અપર્યાપ્તા બાદર અપ્કાયિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ! જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની છે.

**૭૧ पज्जत्तयाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं सत्त वाससहस्साइं अंतोमुहुत्तूणाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્તા બાદર અપ્કાયિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન સાત હજાર વર્ષની છે.

**૭૨ तेउकाइयाणं भंते ! केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं तिण्णि राइंदियाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તેજસ્કાયિક જીવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ત્રણ અહોરાત્ર(રાત-દિવસ)ની છે.

**૭૩ अपज्जत्तयाणं पुच्छा ? गोयमा ! जहण्णेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અપર્યાપ્તા તેજસ્કાયિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની છે.

**૭૪ पज्जत्तयाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं तिण्णि राइंदियाइं अंतोमुहुत्तूणाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્તા તેજસ્કાયિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન ત્રણ અહોરાત્રિની છે.

**૭૫ सुहुमतेउकाइयाणं ओहियाणं अपज्जत्तयाणं पज्जत्तयाण य जहण्णेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं ।**

**ભાવાર્થ :–** ઔઘિક, અપર્યાપ્તા અને પર્યાપ્ત સૂક્ષ્મ તેજસ્કાયિકોની સ્થિતિ જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની છે.

**૭૬ बादरतेउकाइयाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं तिण्णि राइंदियाइं।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બાદર તેજસ્કાયિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ત્રણ અહોરાત્રિની છે.

**૭૭ अपज्जत्तयबादरतेउकाइयाणं पुच्छा ? गोयमा ! जहण्णेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અપર્યાપ્તા બાદર તેજસ્કાયિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ!

જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની છે.

**૭૮ पज्जत्तयाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं तिण्णि राइंदियाइं अंतोमुहुत्तूणाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્તા બાદર તેજસ્કાયિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન ત્રણ અહોરાત્રની છે.

**૭૯ वाउकाइयाणं भंते ! केवइयं कालं ठिई पण्णता ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं तिण्णि वाससहस्साइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વાયુકાયિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ત્રણ હજાર વર્ષની છે.

**૮૦ अपज्जत्तयवाउकाइयाणं पुच्छा ? गोयमा ! जहण्णेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અપર્યાપ્તા વાયુકાયિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની છે.

**૮૧ पज्जत्तयाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं तिण्णि वाससहस्साइं अंतोमुहुत्तूणाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્તા વાયુકાયિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન ત્રણ હજાર વર્ષની છે.

**૮૨ सुहुमवाउकाइयाणं पुच्छा ? गोयमा ! जहण्णेण वि उक्कोसेणं वि अंतोमुहुत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સૂક્ષ્મ વાયુકાયિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની છે.

**૮૩ अपज्जत्तयसुहुमवाउकाइयाणं पुच्छा ? गोयमा ! जहण्णेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અપર્યાપ્તા સૂક્ષ્મ વાયુકાયિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ! જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતમુહૂર્તની છે.

**૮૪ पज्जत्तयाणं पुच्छा ? गोयमा ! जहण्णेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્તા સૂક્ષ્મ વાયુકાયિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની છે.

**૮૫ बादरवाउकाइयाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं तिण्णि वाससहस्साइं।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બાદર વાયુકાયિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ત્રણ હજાર વર્ષની છે.

**८६** **अपज्जत्तयबादरवाउकाइयाणं पुच्छा ? गोयमा ! जहण्णेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અપર્યાપ્તા બાદર વાયુકાયિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ! જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની છે.

**८७** **पज्जत्तयबादरवाउकाइयाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं तिण्णि वाससहस्साइं अंतोमुहुत्तूणाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્તા બાદર વાયુકાયિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન ત્રણ હજાર વર્ષની છે.

**८८** **वणस्सइकाइयाणं भंते ! केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं दस वाससहस्साइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વનસ્પતિકાયિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ દશ હજાર વર્ષની છે.

**८९** **अपज्जत्तयवणस्सइकाइयाणं पुच्छा ? गोयमा ! जहण्णेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અપર્યાપ્તા વનસ્પતિકાયિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની છે.

**९०** **पज्जत्तयवणस्सइकाइयाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं दस वाससहस्साइं अंतोमुहुत्तूणाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્તા વનસ્પતિકાયિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન દશ હજાર વર્ષની છે.

**९१** **सुहुमवणस्सइकाइयाणं ओहियाणं अपज्जत्ताणं पज्जत्ताण य जहण्णेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं ।**

**ભાવાર્થ :–** ઔઘિક, અપર્યાપ્તા અને પર્યાપ્તા સૂક્ષ્મ વનસ્પતિકાયિકોની સ્થિતિ જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની છે.

**९२** **बादरवणस्सइकाइयाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं दस वाससहस्साइं।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બાદર વનસ્પતિકાયિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ દશ હજાર વર્ષની છે.

**९३** **अपज्जत्तयबादरवणस्सइकाइयाणं पुच्छा ? गोयमा ! जहण्णेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અપર્યાપ્તા બાદર વનસ્પતિકાયિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની છે.

**૧૪ पज्जत्तबादरवणस्सइयाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं दस वाससहस्साइं अंतोमुहुत्तूणाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્તા બાદર વનસ્પતિકાયિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન દશ હજાર વર્ષની છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં પાંચ સ્થાવર જીવોના ઔઘિક, સૂક્ષ્મ અને બાદરની તથા તેના અપર્યાપ્તા અને પર્યાપ્તાની સ્થિતિનું પૃથક્-પૃથક્ વર્ણન છે. તે કથન ભાવાર્થથી સ્પષ્ટ છે.

**अंतोमुहुत्तं :–** અહીં સૂત્રોમાં સ્થિતિરૂપે અંતર્મુહૂર્ત સમયનું કથન અનેકવાર થયું છે. તે સર્વત્ર ઉચ્ચારણની અપેક્ષાએ સમાન હોવા છતાં સમય પ્રમાણમાં સર્વત્ર સમાન નથી. તે જઘન્ય બે સમયનું અને ઉત્કૃષ્ટ ૪૮ મિનિટમાં કિંચિત્ ન્યૂન પણ હોય છે. અંતર્મુહૂર્તના અનેક ભેદ હોવાથી અંતર્મુહૂર્તની સ્થિતિમાં તરતમતા થાય છે. એકેન્દ્રિયની સ્થિતિના અંતર્મુહૂર્તથી પંચેન્દ્રિયની સ્થિતિનો અંતર્મુહૂર્ત મોટું હોય છે. આ જ રીતે અપર્યાપ્તા અને પર્યાપ્તાનું; પૃથ્વીકાય અને વનસ્પતિકાયનું તેમજ બાદર કે સૂક્ષ્મ વનસ્પતિકાયનું અંતર્મુહૂર્ત પરસ્પર નાનું-મોટું હોય છે.

પ્રસ્તુત સૂત્રોમાં વનસ્પતિકાયના સૂક્ષ્મ બાદર બે ભેદોની જ વિવક્ષા કરી છે; પ્રત્યેક અને સાધારણ આ ભેદો કર્યા નથી. છતાં સાધારણ વનસ્પતિની સ્થિતિ જઘન્ય અને ઉત્કૃષ્ટ એકમાત્ર અંતર્મુહૂર્તની જાણવી.

**વિકલેન્દ્રિય જીવોની સ્થિતિ :–**

**૧૫ बेइंदियाणं भंते ! केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं बारस संवच्छराइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બેઇન્દ્રિય જીવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ બાર વર્ષની છે.

**૧૬ अपज्जत्तयबेइंदियाणं पुच्छा । गोयमा ! जहण्णेण वि उक्कोसेणं वि अंतोमुहुत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અપર્યાપ્તા બેઇન્દ્રિયની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની છે.

**૧૭ पज्जत्तयबेइंदियाणं पुच्छा । गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं बारस संवच्छराइं अंतोमुहुत्तूणाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્તા બેઇન્દ્રિયની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન બાર વર્ષની છે.

**૧૮ तेइंदियाणं भंते ! केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं,**

**उक्कोसेणं एगूणपण्णं राइंदियाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તેઇન્દ્રિય જીવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ઓગણપચાસ અહોરાત્રિ(દિવસ)ની છે.

**९९ अपज्जत्तयतेइंदियाणं पुच्छा । गोयमा ! जहण्णेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અપર્યાપ્તા તેઇન્દ્રિયોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની છે.

**१०० पज्जत्तयतेइंदियाणं पुच्छा । गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं एगूणपण्णं राइंदियाइं अंतोमुहुत्तूणाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્તા તેઇન્દ્રિયની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન ઓગણપચાસ અહોરાત્રિની છે.

**१०१ चउरिंदियाणं भंते ! केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं छम्मासा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ચૌરેન્દ્રિય જીવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ છ માસની છે.

**१०२ अपज्जत्तयचउरिंदियाणं पुच्छा ? गोयमा ! जहण्णेण वि उक्कोसेणं वि अंतोमुहुत्तं।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અપર્યાપ્તા ચૌરેન્દ્રિયની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની છે.

**१०३ पज्जत्तयचउरिंदियाणं पुच्छा ? गोयमा ! जहण्णेण अंतोमुहुत्तं, उक्कोसेणं छम्मासा अंतोमुहुत्तूणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્તા ચૌરેન્દ્રિયની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન છ માસની છે.

**પંચેન્દ્રિય તિર્યંચયોનિક જીવોની સ્થિતિ :–**

**१०४ पंचेंदियतिरिक्खजोणियाणं भंते ! केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं तिण्णि पलिओवमाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પંચેન્દ્રિય તિર્યંચયોનિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમની છે.

**१०५ अपज्जत्तयपंचिंदियतिरिक्खजोणियाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं वि उक्कोसेणं वि अंतोमुहुत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અપર્યાપ્તા પંચેન્દ્રિય તિર્યંચયોનિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે

ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની છે.

**૧૦૬ पज्जत्तयपंचेंदियतिरिक्खजोणियाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं तिण्णि पलिओवमाइं अंतोमुहुत्तूणाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્તા પંચેન્દ્રિય તિર્યંચયોનિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન ત્રણ પલ્યોપમની છે.

**૧૦૭ सम्मुच्छिमपंचेंदियतिरिक्खजोणियाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं पुव्वकोडी ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચયોનિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્તની અને ઉત્કૃષ્ટ એક ક્રોડપૂર્વ વર્ષની છે.

**૧૦૮ अपज्जत्तयसम्मुच्छिमपंचेंदियतिरिक्खजोणियाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं वि उक्कोसेण वि अंतोमुहुत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અપર્યાપ્તા સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની છે.

**૧૦૯ पज्जत्तयसम्मुच्छिमपंचेंदियतिरिक्खजोणियाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं पुव्वकोडी अंतोमुहुत्तूणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્તા સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચયોનિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન ક્રોડપૂર્વ વર્ષની છે.

**૧૧૦ गब्भवक्कंतियपंचेंदियतिरिक्खजोणियाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं तिण्णि पलिओवमाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચયોનિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમની છે.

**૧૧૧ अपज्जत्तय गब्भवक्कंतिय पंचेंदियतिरिक्खजोणियाणं पुच्छा ? गोयमा ! जहण्णेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અપર્યાપ્તા ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિયોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની છે.

**૧૧૨ पज्जत्तयगब्भवक्कंतियपंचेंदियतिरिक्खजोणियाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं तिण्णि पलिओवमाइं अंतोमुहुत्तूणाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્તા ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચયોનિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન ત્રણ પલ્યોપમની છે.

**११३** **जलयरपंचेंदियतिरिक्खजोणियाणं भंते ! केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं पुव्वकोडी ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જળચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ક્રોડપૂર્વ વર્ષની છે.

**११४** **अपज्जत्तयजलयरपंचेंदियतिरिक्खजोणियाणं पुच्छा ? गोयमा ! जहण्णेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અપર્યાપ્તા જળચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની છે.

**११५** **पज्जत्तयजलयरपंचेंदियतिरिक्खजोणियाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं पुव्वकोडी अंतोमुहुत्तूणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્તા જળચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન ક્રોડપૂર્વ વર્ષની છે.

**११६** **सम्मुच्छिमजलचरपंचेंदियतिरिक्खजोणियाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं पुव्वकोडी ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સંમૂર્ચ્છિમ જળચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ક્રોડપૂર્વ વર્ષની છે.

**११७** **अपज्जत्तयसम्मुच्छिमजलयरपंचेंदियतिरिक्खजोणियाणं पुच्छा ? गोयमा ! जहण्णेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અપર્યાપ્તા સંમૂર્ચ્છિમ જળચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની છે.

**११८** **पज्जत्तयसम्मुच्छिमजलयरपंचेंदियतिरिक्खजोणियाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं पुव्वकोडी अंतोमुहुत्तूणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્તા સંમૂર્ચ્છિમ જળચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોની સ્થિતિ કેટલી છે? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન ક્રોડપૂર્વ વર્ષની છે.

**११९** **गब्भवक्कंतियजलयरपंचेंदियतिरिक्खजोणियाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं पुव्वकोडी ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ !ગર્ભજ જળચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ક્રોડપૂર્વ વર્ષની છે.

**१२०** **अपज्जत्तयगब्भवक्कंतियजलयरपंचेंदियतिरिक्खजोणियाणं पुच्छा ? गोयमा !**

**जहण्णेण वि उक्कोसेणं वि अंतोमुहुत्तं ।**

**भावार्थ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અપર્યાપ્તા ગર્ભજ જળચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોની સ્થિતિ કેટલી છે? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની છે.

**१२१ पज्जत्तयगब्भवक्कंतियजलयरपंचेंदियतिरिक्खजोणियाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं पुव्वकोडी अंतोमुहुत्तूणा ।**

**भावार्थ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્તા ગર્ભજ જળચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન ક્રોડપૂર્વ વર્ષની છે.

**१२२ चउप्पयथलयरपंचेंदियतिरिक्खजोणियाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं तिण्णि पलिओवमाइं ।**

**भावार्थ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ચતુષ્પદ સ્થળચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમની છે.

**१२३ अपज्जत्तयचउप्पयथलयरपंचेंदियतिरिक्खजोणियाणं पुच्छा ? गोयमा ! जहण्णेण वि उक्कोसेणं वि अंतोमुहुत्तं ।**

**भावार्थ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અપર્યાપ્તા ચતુષ્પદ સ્થળચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની છે.

**१२४ पज्जत्तयचउप्पयथलयरपंचेंदियतिरिक्खजोणियाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं तिण्णि पलिओवमाइं अंतोमुहुत्तूणाइं ।**

**भावार्थ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્તા ચતુષ્પદ સ્થળચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોની સ્થિતિ કેટલી છે? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન ત્રણ પલ્યોપમની છે.

**१२५ सम्मुच्छिमचउप्पयथलयरपंचेंदियतिरिक्खजोणियाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं चउरासीइं वाससहस्साइं ।**

**भावार्थ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સંમૂર્ચ્છિમ ચતુષ્પદ સ્થળચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ચોર્યાશી હજાર(૮૪,૦૦૦) વર્ષની છે.

**१२६ अपज्जत्तयसम्मुच्छिमचउप्पयथलयरपंचेंदियतिरिक्खजोणियाणं पुच्छा ? गोयमा ! जहण्णेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं ।**

**भावार्थ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અપર્યાપ્તા સંમૂર્ચ્છિમ ચતુષ્પદ સ્થળચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની છે.

**१२७ पज्जत्तयसम्मुच्छिमचउप्पयथलयरपंचेंदियतिरिक्खजोणियाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं चउरासीइं वाससहस्साइं अंतोमुहुत्तूणाइं।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્તા સંમૂર્ચ્છિમ ચતુષ્પદ સ્થળચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન ચોર્યાશી હજાર(૮૪,૦૦૦) વર્ષની છે.

**१२८ गब्भवक्कंतियचउप्पयथलयरपंचेंदियतिरिक्खजोणियाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं तिण्णि पलिओवमाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ગર્ભજ ચતુષ્પદ સ્થળચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોની સ્થિતિ કેટલી છે? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમની છે.

**१२९ अपज्जत्तयगब्भवक्कंतियचउप्पयथलयरपंचेंदियतिरिक्खजोणियाणं पुच्छा ? गोयमा ! जहण्णेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અપર્યાપ્તા ગર્ભજ ચતુષ્પદ સ્થળચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની છે.

**१३० पज्जत्तयगब्भवक्कंतियचउप्पयथलयरपंचेंदियतिरिक्खजोणियाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं तिण्णि पलिओवमाइं अंतोमुहुत्तूणाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્તા ગર્ભજ ચતુષ્પદ સ્થળચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન ત્રણ પલ્યોપમની છે.

**१३१ उरपरिसप्पथलयरपंचेंदियतिरिक्खजोणियाणं भंते ! केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं पुव्वकोडी ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઉરપરિસર્પ સ્થળચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ક્રોડપૂર્વ વર્ષની છે.

**१३२ अपज्जत्तयउरपरिसप्पथलयरपंचेंदियतिरिक्खजोणियाणं पुच्छा ? गोयमा ! जहण्णेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અપર્યાપ્તા ઉરપરિસર્પ સ્થળચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની છે.

**१३३ पज्जत्तयउरपरिसप्पथलयरपचेंदियतिरिक्खजोणियाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं पुव्वकोडी अंतोमुहुत्तूणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્તા ઉરપરિસર્પ સ્થળચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન પૂર્વક્રોડ વર્ષની છે.

**१३४ सम्मुच्छिमउरपरिसप्पथलयरपचेंदियतिरिक्खजोणियाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं तेवण्णं वाससहस्साइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સંમૂર્ચ્છિમ ઉરપરિસર્પ સ્થળચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ત્રેપન હજાર(૫૩,૦૦૦) વર્ષની છે.

**१३५ सम्मुच्छिमअपज्जत्तगउरपरिसप्पथलयरपर्चेदियतिरिक्खजोणियाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं वि उक्कोसेण वि अंतोमुहुत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અપર્યાપ્તા સંમૂર્ચ્છિમ ઉરપરિસર્પ સ્થળચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની છે.

**१३६ पज्जत्तगसम्मुच्छिमउरपरिसप्पथलयरपंचेंदियतिरिक्खजोणियाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं तेवण्णं वाससहस्साइं अंतोमुहुत्तूणाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્તા સંમૂર્ચ્છિમ ઉરપરિસર્પ સ્થળચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન ત્રેપન હજાર (૫૩,૦૦૦) વર્ષની છે.

**१३७ गब्भवक्कंतियउरपरिसप्पथलयरपंचेंदियतिरिक्खजोणियाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं पुव्वकोडी ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ગર્ભજ ઉરપરિસર્પ સ્થળચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ક્રોડપૂર્વ વર્ષની છે.

**१३८ अपज्जत्तयगब्भवक्कंतियउरपरिसप्पथलयरपंचेंदियतिरिक्खजोणियाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं वि उक्कोसेणं वि अंतोमुहुत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અપર્યાપ્ત ગર્ભજ ઉરપરિસર્પ સ્થળચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની છે.

**१३९ पज्जत्तयगब्भवक्कंतियउरपरिसप्पथलयरपंचेंदियतिरिक्खजोणियाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं पुव्वकोडी अंतोमुहुत्तूणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્તા ગર્ભજ ઉરપરિસર્પ સ્થળચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન ક્રોડપૂર્વ વર્ષની છે.

**१४० भुयपरिसप्पथलयरपंचेंदियतिरिक्खजोणियाणं भंते ! केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं पुव्वकोडी ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ભુજપરિસર્પ સ્થળચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ક્રોડપૂર્વ વર્ષની છે.

**१४१ अपज्जत्तयभुयपरिसप्पथलयरपंचेंदियतिरिक्खजोणियाणं पुच्छा ? गोयमा ! जहण्णेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અપર્યાપ્તા ભુજપરિસર્પ સ્થળચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની છે.

**१४२ पज्जत्तयभुयपरिसप्पथलयरपंचेंदियतिरिक्खजोणियाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं पुव्वकोडी अंतोमुहुत्तूणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્તા ભુજપરિસર્પ સ્થળચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન ક્રોડપૂર્વ વર્ષની છે.

**१४३ सम्मुच्छिमभुयपरिसप्पथलयरपंचेंदियतिरिक्खजोणियाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं बायालीसं वाससहस्साइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સંમૂર્ચ્છિમ ભુજપરિસર્પ સ્થળચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોની સ્થિતિ કેટલી છે ?**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મૂહુર્ત અને ઉત્કૃષ્ટ બેંતાલીશ હજાર વર્ષની છે.

**१४४ अपज्जत्तयसम्मुच्छिमभुयपरिसप्पथलयरपंचेंदियतिरिक्खजोणियाणं पुच्छा ? गोयमा ! जहण्णेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અપર્યાપ્તા સંમૂર્ચ્છિમ ભુજપરિસર્પ સ્થળચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની છે.

**१४५ पज्जत्तयसम्मुच्छिमभुयपरिसप्पथलयरपंचेंदियतिरिक्खजोणियाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं बायालीसं वाससहस्साइं अंतोमुहुत्तूणाइं।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્તા સંમૂર્ચ્છિમ ભુજપરિસર્પ સ્થળચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન બેંતાલીશ હજાર વર્ષની છે.

**१४६ गब्भवक्कंतियभुयपरिसप्पथलयरपंचेंदियतिरिक्खजोणियाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं पुव्वकोडी ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ગર્ભજ ભુજપરિસર્પ સ્થળચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ક્રોડપૂર્વ વર્ષની છે.

**१४७ अपज्जयगब्भवक्कंतियभुयपरिसप्पथलयरपंचेंदियतिरिक्खजोणियाणं पुच्छा ? गोयमा ! जहण्णेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અપર્યાપ્તા ગર્ભજ ભુજપરિસર્પ સ્થળચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની છે.

**१४८ पज्जत्तयगब्भवक्कंतियभुयपरिसप्पथलयरपंचेंदियतिरिक्खजोणियाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं पुव्वकोडी अंतोमुहुत्तूणा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્તા ગર્ભજ ભુજપરિસર્પ સ્થળચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન ક્રોડપૂર્વ વર્ષની છે.

**१४९ खहयरपंचेंदियतिरिक्खजोणियाणं भंते ! केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं पलिओवमस्स असंखेज्जइभागो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ખેચર તિર્યંચ પંચેન્દ્રિય તિર્યંચયોનિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પલ્યોપમના અસંખ્યાતમા ભાગની છે.

**१५० अपज्जत्तयखहयरपंचेंदियतिरिक्खजोणियाणं पुच्छा । गोयमा ! जहण्णेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અપર્યાપ્તા ખેચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ! જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની છે.

**१५१ पज्जत्तयखहयरपंचेंदियतिरिक्खजोणियाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं पलिओवमस्स असंखेज्जइभागो अंतोमुहुत्तूणो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્તા ખેચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન પલ્યોપમના અસંખ્યાતમા ભાગની છે.

**१५२ सम्मुच्छिमखहयरपंचेंदियतिरिक्खजोणियाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं बावत्तरिं वाससहस्साइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સંમૂર્ચ્છિમ ખેચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ બોત્તેર હજાર વર્ષની છે.

**१५३ अपज्जत्तयसम्मुच्छिमखहयरपंचेंदियतिरिक्खजोणियाणं पुच्छा ? गोयमा ! जहण्णेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અપર્યાપ્તા સંમૂર્ચ્છિમ ખેચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની છે.

**१५४ पज्जत्तयसम्मुच्छिमखहयरपंचेंदियतिरिक्खजोणियाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं बावत्तरिं वाससहस्साइं अंतोमुहुत्तूणाइं।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્તા સંમૂર્ચ્છિમ ખેચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન બોતેર હજાર વર્ષની છે.

**१५५ गब्भवक्कंतियखहयरपंचेंदियतिरिक्खजोणियाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं पलिओवमस्स असंखेज्जइभागो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ગર્ભજ ખેચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે

ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પલ્યોપમના અસંખ્યાતમા ભાગની છે.

**१५६ अपज्जत्तयगब्भवक्कंतियखहयरपंचेंदियतिरिक्खजोणियाणं पुच्छा ? गोयमा ! जहण्णेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અપર્યાપ્તા ગર્ભજ ખેચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની છે.

**१५७ पज्जत्तयगब्भवक्कंतियखहयरपंचेंदियतिरिक्खजोणियाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं पलिओवमस्स असंखेज्जइभागो अंतोमुहुत्तूणो ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્તા ગર્ભજ ખેચર પંચેન્દ્રિય તિર્યંચયોનિકોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન પલ્યોપમના અસંખ્યાતમા ભાગની છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં તિર્યંચપંચેન્દ્રિય જીવોની સ્થિતિનું નિરૂપણ છે.

તિર્યંચપંચેન્દ્રિયના મુખ્ય પાંચ ભેદ છે– (૧) જલચર (૨) સ્થળચર (૩) ખેચર (૫) ઉરપરિસર્પ અને (૫) ભુજપરિસર્પ. આ સૂત્રોમાં પહેલા સમુચ્ચય પંચેન્દ્રિયના નવ પ્રશ્નો કરીને પછી જલચર આદિ પાંચેયના નવ-નવ પ્રશ્નો કર્યા છે. આ રીતે ૯ × ૬ = ૫૪ પ્રકારે, ચોપન સૂત્રોથી(૧૦૪થી ૧૫૭ સુધી) તિર્યંચ પંચેન્દ્રિયની સ્થિતિઓનું નિરૂપણ છે. નવ પ્રશ્નો આ પ્રકારે છે– (૧) તિર્યંચ પંચેન્દ્રિય (૨) તેના અપર્યાપ્ત (૩) તેના પર્યાપ્ત (૪) સંમૂર્ચ્છિમ તિર્યંચ પંચેન્દ્રિય (૫) તેના અપર્યાપ્ત (૬) તેના પર્યાપ્ત (૭) ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચ (૮) તેના અપર્યાપ્ત (૯) તેના પર્યાપ્ત. આ સમુચ્ચય તિર્યંચ પંચેન્દ્રિયની નવ પ્રકારે સ્થિતિ છે. તે જ રીતે જલચરાદિ પાંચેયની ૯-૯ પ્રકારે સ્થિતિનું કથન છે. આમ છ વાર ૯-૯ પ્રકારે અહીં તિર્યંચ પંચેન્દ્રિયની સ્થિતિનું કથન થયું છે.

**યુગલિક તિર્યંચ પંચેન્દ્રિય :–** સાધિક ક્રોડપૂર્વથી ત્રણ પલ્યોપમ સુધીની સ્થિતિવાળા તિર્યંચ પંચેન્દ્રિય યુગલિક કહેવાય છે. પાંચે પ્રકારના તિર્યંચ પંચેન્દ્રિયોની સ્થિતિને જોતાં સ્પષ્ટ થાય છે કે તે **પાંચ પ્રકારમાંથી ચતુષ્પદ સ્થળચર અને ખેચરમાં યુગલિકો હોય છે.** કારણ કે ખેચરની ઉત્કૃષ્ટ સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગની અને સ્થળચરની ત્રણ પલ્યોપમની સ્થિતિ છે, તે યુગલિકની અપેક્ષાએ છે. **અન્ય ત્રણ તિર્યંચ પંચેન્દ્રિયમાં યુગલિકો હોતા નથી,** કારણ કે તેમાં ક્રોડપૂર્વ વર્ષથી વધુ સ્થિતિ હોતી નથી.

**મનુષ્યોની સ્થિતિ :–**

**१५८ मणुस्साणं भंते ! केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं तिण्णि पलिओवमाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મનુષ્યોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમની છે.

**१५९ अपज्जत्तयमणुस्साणं पुच्छा ? गोयमा ! जहण्णेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અપર્યાપ્તા મનુષ્યોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય

અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની છે.

**१६० पज्जत्तयमणुस्साणं पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं तिण्णि पलिओवमाइं अंतोमुहुत्तूणाइं।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્તા મનુષ્યોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન ત્રણ પલ્યોપમની છે.

**१६१ सम्मुच्छिममणुस्साणं पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं वि अंतोमुहुत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સંમૂર્ચ્છિમ મનુષ્યોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની જ હોય છે.

**१६२ गब्भवक्कंतियमणुस्साणं पुच्छा ? गोयमा ! जहण्णेणं अतोमुहुत्तं, उक्कोसेणं तिण्णि पलिओवमाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ગર્ભજ મનુષ્યોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમની છે.

**१६३ अपज्जत्तयगब्भवक्कंतियमणुस्साणं पुच्छा ? गोयमा ! जहण्णेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અપર્યાપ્તા ગર્ભજ મનુષ્યોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની છે.

**१६४ पज्जत्तयगब्भवक्कंतियमणुस्साणं पुच्छा ? गोयमा ! जहण्णेणं अंतोमुहुत्तं, उक्कोसेणं तिण्णि पलिओवमाइं अंतोमुहुत्तूणाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્તા ગર્ભજ મનુષ્યોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન ત્રણ પલ્યોપમની છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સમુચ્ચય મનુષ્યો, સંમૂર્ચ્છિમ મનુષ્યો અને ગર્ભજ મનુષ્યોની સ્થિતિનું કથન છે. મનુષ્યોના કથનમાં ૧૫ કર્મભૂમિ, ૩૦ અકર્મભૂમિ અને ૫૬ અંતરદ્વીપ, તે ૧૦૧ ક્ષેત્રના (૧) ગર્ભજ મનુષ્યોના પર્યાપ્તા અને અપર્યાપ્તા અને (૨) સંમૂર્ચ્છિમ મનુષ્યોના અપર્યાપ્તાનો સમાવેશ થાય છે.

**(૧) સંમૂર્ચ્છિમ મનુષ્યોની સ્થિતિ :–** સંમૂર્ચ્છિમ મનુષ્યો લબ્ધિ અપર્યાપ્તા જ હોય છે, તે જીવો અપર્યાપ્તા અવસ્થામાં જ મૃત્યુ પામે છે. તેની સ્થિતિ અંતર્મુહૂર્તની જ હોય છે.

**(૨) ગર્ભજ મનુષ્યોની સ્થિતિ–** સૂત્રકારે સમુચ્ચય ગર્ભજ મનુષ્યોની સ્થિતિનું કથન કર્યું છે પરંતુ તેમાં કર્મભૂમિજ મનુષ્યોની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પૂર્વકોટિ વર્ષની હોય છે કર્મભૂમિજ મનુષ્યોમાં પાંચ મહાવિદેહ ક્ષેત્રના મનુષ્યો નિયમા કર્મભૂમિજ હોય છે. તેની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ ક્રોડપૂર્વની

હોય છે. જ્યારે પાંચ-ભરત પાંચ-ઐરવત ક્ષેત્રના મનુષ્યોની સ્થિતિ છ આરા પ્રમાણે જુદી-જુદી હોય છે. અકર્મભૂમિજ અને અંતર્દ્વીપજ જુગલિયાની જઘન્ય ક્રોડપૂર્વ ઝાઝેરી અને ઉત્કૃષ્ટ અકર્મભૂમિજ મનુષ્યોની ત્રણ પલ્યની અને અંતર્દ્વીપજ મનુષ્યોની પલ્યના અસંખ્યાતમા ભાગની હોય છે. સૂત્રકારે સામાન્ય રીતે (ભેદ વિવક્ષા વિના) ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમની સ્થિતિનું કથન કર્યું છે, તે કથન યુગલિકોની અપેક્ષાએ છે.

**વાણવ્યંતર દેવ–દેવીઓની સ્થિતિ :-**

**૧૬૫ वाणमंतराणं भंते ! देवाणं केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! जहण्णेणं दस वाससहस्साइं, उक्कोसेणं पलिओवमं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વાણવ્યંતર દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય દશ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ એક પલ્યોપમની છે.

**૧૬૬ अपज्जत्तयवाणमंतराणं देवाणं पुच्छा ? गोयमा ! जहण्णेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અપર્યાપ્તા વાણવ્યંતર દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની છે.

**૧૬૭ पज्जत्तयाणं वाणमंतराणं देवाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं दस वाससहस्साइं अंतोमुहुत्तूणाइं, उक्कोसेणं पलिओवमं अंतोमुहुत्तूणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્તા વાણવ્યંતર દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન દશ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન એક પલ્યોપમની છે.

**૧૬૮ वाणमंतरीणं भंते ! देवीणं केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! जहण्णेणं दस वाससहस्साइं, उक्कोसेणं अद्धपलिओवमं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વાણવ્યંતર દેવીઓની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય દશ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ અર્ધા પલ્યોપમની છે.

**૧૬૯ अपज्जत्तयाणं भंते ! वाणमंतरीणं देवीणं पुच्छा ? गोयमा ! जहण्णेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અપર્યાપ્તા વાણવ્યંતર દેવીઓની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ! જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને ય અંતર્મુહૂર્તની છે.

**૧૭૦ पज्जत्तयाणं भंते ! वाणमंतरीणं देवीणं पुच्छा ? गोयमा ! जहण्णेणं दस वाससहस्साइं अंतोमुहुत्तूणाइं, उक्कोसेणं अद्धपलिओवमं अंतोमुहुत्तूणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્તા વાણવ્યંતર દેવીઓની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન દશ હજાર વર્ષ અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન અર્ધા પલ્યોપમની છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં વાણવ્યંતર દેવો તથા દેવીની સ્થિતિનું નિરૂપણ છે. વાણવ્યંતર અને જ્યોતિષી દેવોમાં દેવો કરતાં તેની દેવીઓની સ્થિતિ અર્ધી હોય છે. જેમકે વાણવ્યંતર દેવની સ્થિતિ એક પલ્યની તો તેની દેવીઓની અર્ધા પલ્યોપમની હોય છે.

દશ પ્રકારના જૃંભક દેવોનો સમાવેશ વ્યંતર જાતિના દેવોમાં થાય છે. આ રીતે ૧૬ વ્યંતર + ૧૦ જૃંભક = ૨૬ ભેદ વ્યંતર દેવોના થાય છે. ભગવતીસૂત્રશતક–૧૪/૮ માં જૃંભક દેવોના દશ પ્રકારનું નિરૂપણ છે. ત્યાં જઘન્ય ઉત્કૃષ્ટના ભેદની વિવક્ષા વિના તેઓની સ્થિતિ સામાન્ય રીતે એક પલ્યોપમની કહી છે.

**જ્યોતિષી દેવ–દેવીની સ્થિતિ :–**

**૧૭૧ जोइसियाणं भंते ! देवाणं केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा! जहण्णेणं पलिओवमट्ठभागो, उक्कोसेणं पलिओवमं वाससयसहस्समब्भहियं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જ્યોતિષી દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય પલ્યોપમનો આઠમો ભાગ અને ઉત્કૃષ્ટ એક લાખ વર્ષ અધિક એક પલ્યોપમની છે.

**૧૭૨ अपज्जत्तयजोइसियाणं पुच्छा ? गोयमा ! जहण्णेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અપર્યાપ્તા જ્યોતિષી દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને ય અંતર્મુહૂર્તની છે.

**૧૭૩ पज्जत्तयजोइसियाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं पलिओवमट्ठभागो अंतोमुहुत्तूणो, उक्कोसेणं पलिओवमं वाससयसहस्समब्भहियं अंतोमुहुत्तूणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્તા જ્યોતિષી દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન પલ્યોપમનો આઠમો ભાગ અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન એક લાખ વર્ષ અધિક એક પલ્યોપમની છે.

**૧૭૪ जोइसिणीणं भंते ! देवीणं केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! जहण्णेणं पलिओवमट्ठभागो, उक्कोसेणं अद्धपलिओवमं पण्णासवाससहस्समब्भहियं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જ્યોતિષી દેવીઓની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય પલ્યોપમનો આઠમો ભાગ, ઉત્કૃષ્ટ પચાસ હજાર વર્ષ અધિક અર્ધા પલ્યોપમની છે.

**૧૭૫ अपज्जत्तयाणं जोइसियाणं पुच्छा ? गोयमा ! जहण्णेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અપર્યાપ્તા જ્યોતિષી દેવીઓની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ! જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને ય અંતર્મુહૂર્તની છે.

**૧૭૬ पज्जत्तयाणं जोइसियाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं पलिओवमट्ठभागो अंतोमुहुत्तूणो, उक्कोसेणं अद्धपलिओवमं पण्णासाए वाससहस्सेहिं अब्भहियं अंतोमुहुत्तूणं।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્તા જ્યોતિષી દેવીઓની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ !

જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન પલ્યોપમનો આઠમો ભાગ, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન પચ્ચાસ હજાર વર્ષ અધિક અર્ધા પલ્યોપમની છે.

**१७७ चंदविमाणे णं भंते ! देवाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं चउभागपलिओवमं, उक्कोसेणं पलिओवमं वाससयसहस्समब्भहियं ।**

**भावार्थ :– प्रश्न–** હે ભગવન્ ! ચંદ્રવિમાનના દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય પા પલ્યોપમની(પલ્યોપમનો ચોથો ભાગ), ઉત્કૃષ્ટ એક લાખ વર્ષ અધિક એક પલ્યોપમની છે.

**१७८ चंदविमाणे णं भंते ! अपज्जत्तयदेवाणं पुच्छा ? गोयमा ! जहण्णेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं ।**

**भावार्थ :– प्रश्न–** હે ભગવન્ ! ચંદ્રવિમાનના અપર્યાપ્તા દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ! જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને ય અંતર્મુહૂર્તની છે.

**१७९ चंदविमाणे णं पज्जत्तयाणं देवाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं चउभागपलिओवमं अंतोमुहुत्तूणं, उक्कोसेणं पलिओवमं वाससयसहस्समब्भहियं अंतोमुहुत्तूणं ।**

**भावार्थ :– प्रश्न–** હે ભગવન્ ! ચંદ્રવિમાનના પર્યાપ્તા દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન પા પલ્યોપમની(પલ્યોપમનો ચોથો ભાગ), ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન એક લાખ વર્ષ અધિક એક પલ્યોપમની છે.

**१८० चंदविमाणे णं भंते ! देवीणं पुच्छा ? गोयमा ! जहण्णेणं चउभागपलिओवमं, उक्कोसेणं अद्धपलिओवमं पण्णासाए वाससहस्सेहिं अब्भहियं ।**

**भावार्थ :– प्रश्न–** હે ભગવન્ ! ચંદ્રવિમાનની દેવીઓની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ! જઘન્ય પલ્યોપમનો ચોથો ભાગ અને ઉત્કૃષ્ટ પચાસ હજાર વર્ષ અધિક અર્ધા પલ્યોપમની છે.

**१८१ चंदविमाणे णं भंते ! अपज्जत्तियाणं देवीणं पुच्छा ? गोयमा ! जहण्णेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं ।**

**भावार्थ :– प्रश्न–** હે ભગવન્ ! ચંદ્રવિમાનની અપર્યાપ્તા દેવીઓની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને ય અંતર્મુહૂર્તની છે.

**१८२ चंदविमाणे णं पज्जत्तियाणं देवीणं पुच्छा ? गोयमा ! जहण्णेणं चउभागपलिओवमं अंतोमुहुत्तूणं, उक्कोसेणं अद्धपलिओवमं पण्णासाए वाससहस्सेहिं अब्भहियं अंतोमुहुत्तूणं।**

**भावार्थ :– प्रश्न–** હે ભગવન્ ! ચંદ્રવિમાનની પર્યાપ્તા દેવીઓની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ! જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન પલ્યોપમનો ચોથો ભાગ અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન અર્ધા પલ્યોપમની છે.

**१८३ सूरविमाणे णं भंते ! देवाणं केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! जहण्णेणं चउभागपलिओवमं, उक्कोसेणं पलिओवमं वाससहस्समब्भहियं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સૂર્યવિમાનના દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય પલ્યોપમના ચોથા ભાગની, ઉત્કૃષ્ટ એક હજાર વર્ષ અધિક એક પલ્યોપમની છે.

**૧૮૪ सूरविमाणे अपज्जत्तयदेवाणं पुच्छा । गोयमा ! जहण्णेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સૂર્યવિમાનના અપર્યાપ્તા દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ! જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને ય અંતર્મુહૂર્તની છે.

**૧૮૫ सूरविमाणे पज्जत्तयदेवाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं चउभागपलिओवमं अंतोमुहुत्तूणं, उक्कोसेणं पलिओवमं वाससहस्समब्भहियं अंतोमुहुत्तूणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સૂર્યવિમાનના પર્યાપ્તા દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન પલ્યોપમના ચોથો ભાગ અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન એક હજાર વર્ષ અધિક એક પલ્યોપમની છે.

**૧૮૬ सूरविमाणे देवीणं पुच्छा ? गोयमा ! जहण्णेणं चउभागपलिओवमं, उक्कोसेणं अद्धपलिओवमं पंचहिं वाससएहिं अब्भहियं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સૂર્યવિમાનની દેવીઓની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય પલ્યોપમનો ચોથોભાગ અને ઉત્કૃષ્ટ પાંચસો વર્ષ અધિક અર્ધા પલ્યોપમની છે.

**૧૮૭ सूरविमाणे अपज्जत्तयाणं देवीणं पुच्छा ? गोयमा ! जहण्णेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સૂર્યવિમાનની અપર્યાપ્તા દેવીઓની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને ય અંતર્મુહૂર્તની છે.

**૧૮૮ सूरविमाणे पज्जत्तयाणं देवीणं पुच्छा ? गोयमा ! जहण्णेणं चउभागपलिओवमं अंतोमुहुत्तूणं, उक्कोसेणं अद्धपलिओवमं पंचहिं वाससएहिं अब्भहियं अंतोमुहुत्तूणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સૂર્યવિમાનની પર્યાપ્તા દેવીઓની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ! જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન પલ્યોપમનો ચોથો ભાગ અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન પાંચસો વર્ષ અધિક અર્ધા પલ્યોપમની છે.

**૧૮૯ गहविमाणे देवाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं चउभागपलिओवमं, उक्कोसेणं पलिओवमं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ગ્રહવિમાનના દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય પલ્યોપમનો ચોથો ભાગ અને ઉત્કૃષ્ટ એક પલ્યોપમની છે.

**૧૯૦ गहविमाणे अपज्जत्तयदेवाणं पुच्छा ? गोयमा ! जहण्णेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ગ્રહવિમાનના અપર્યાપ્તા દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ! જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને ય અંતર્મુહૂર્તની છે.

**१९१** **गहविमाणे पज्जत्तयदेवाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं चउभागपलिओवमं अंतोमुहुत्तूणं, उक्कोसेणं पलिओवमं अंतोमुहुत्तूणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ગ્રહવિમાનના પર્યાપ્તા દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન પલ્યોપમનો ચોથો ભાગ અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન એક પલ્યોપમની છે.

**१९२** **गहविमाणे देवीणं पुच्छा ? गोयमा ! जहण्णेणं चउभागपलिओवमं, उक्कोसेणं अद्धपलिओवमं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ગ્રહવિમાનની દેવીઓની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય પલ્યોપમનો ચોથો ભાગ અને ઉત્કૃષ્ટ અર્ધા પલ્યોપમની છે.

**१९३** **गहविमाणे अपज्जत्तियाणं देवीणं पुच्छा ? गोयमा ! जहण्णेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ગ્રહવિમાનની અપર્યાપ્તા દેવીઓની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને ય અંતર્મુહૂર્તની છે.

**१९४** **पज्जत्तियाणं गहविमाणे देवीणं पुच्छा ? गोयमा ! जहण्णेणं चउभागपलिओवमं अंतोमुहुत्तूणं, उक्कोसेणं अद्धपलिओवमं अंतोमुहुत्तूणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ગ્રહવિમાનની પર્યાપ્તા દેવીઓની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ! જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન પલ્યોપમનો ચોથો ભાગ અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન અર્ધા પલ્યોપમની છે.

**१९५** **णक्खत्तविमाणे देवाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं चउभागपलिओवमं उक्कोसेणं अद्धपलिओवमं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નક્ષત્રવિમાનના દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ! જઘન્ય પલ્યોપમનો ચોથો ભાગ અને ઉત્કૃષ્ટ અર્ધા પલ્યોપમની છે.

**१९६** **णक्खत्तविमाणे अपज्जत्तयदेवाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं वि उक्कोसेण वि अंतोमुहुत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નક્ષત્રવિમાનના અપર્યાપ્તા દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને ય અંતર્મુહૂર્તની છે.

**१९७** **णक्खत्तविमाणे पज्जत्तदेवाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं चउभागपलिओवमं अंतोमुहुत्तूणं, उक्कोसेणं अद्धपलिओवमं अंतोमुहुत्तूणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નક્ષત્રવિમાનના પર્યાપ્તા દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ! જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન પલ્યોપમનો ચોથો ભાગ અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન અર્ધા પલ્યોપમની છે.

**१९८** **णक्खत्तविमाणे देवीणं पुच्छा ? गोयमा ! जहण्णेणं चउभागपलिओवमं, उक्कोसेणं**

**साइरेगं चउभागपलिओवमं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નક્ષત્રવિમાનની દેવીઓની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય પલ્યોપમનો ચોથો ભાગ અને ઉત્કૃષ્ટ સાધિક પલ્યોપમનો ચોથો ભાગ છે.

**૧૯૯ णक्खत्तविमाणे अपज्जत्तियाणं देवीणं पुच्छा ? गोयमा ! जहण्णेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નક્ષત્રવિમાનની અપર્યાપ્તા દેવીઓની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને ય અંતર્મુહૂર્તની છે.

**૨૦૦ णक्खत्तविमाणे पज्जत्तियाणं देवीणं पुच्छा ? गोयमा ! जहण्णेणं चउभागपलिओवमं अंतोमुहुत्तूणं, उक्कोसेणं साइरेगं चउभागपलिओवमं अंतोमुहुत्तूणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નક્ષત્રવિમાનની પર્યાપ્તા દેવીઓની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન પલ્યોપમનો ચોથો ભાગ અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન સાધિક પલ્યોપમના ચોથા ભાગની છે.

**૨૦૧ ताराविमाणे देवाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं अट्ठभागपलिओवमं, उक्कोसेणं चउभागपलिओवमं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તારા વિમાનના દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ! જઘન્ય પલ્યોપમનો આઠમો ભાગ અને ઉત્કૃષ્ટ પલ્યોપમના ચોથા ભાગની છે.

**૨૦૨ ताराविमाणे अपज्जत्तयदेवाणं पुच्छा ? गोयमा ! जहण्णेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તારા વિમાનના અપર્યાપ્તા દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ! જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને ય અંતર્મુહૂર્તની છે.

**૨૦૩ ताराविमाणे पज्जत्तयदेवाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं अट्ठभागपलिओवमं अंतोमुहुत्तूणं, उक्कोसेणं चउभागपलिओवमं अंतोमुहुत्तूणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તારા વિમાનના પર્યાપ્તા દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ! જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન પલ્યોપમના આઠમા ભાગની અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન પલ્યોપમના ચોથા ભાગની છે.

**૨૦૪ ताराविमाणे देवीणं पुच्छा ? गोयमा ! जहण्णेणं अट्ठभागपलिओवमं, उक्कोसेणं साइरेगं अट्ठभागपलिओवमं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તારાવિમાનની દેવીઓની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય પલ્યોપમના આઠમા ભાગ અને ઉત્કૃષ્ટ સાધિક પલ્યોપમના આઠમા ભાગની છે.

**૨૦૫ ताराविमाणे अपज्जत्तियाणं देवीणं पुच्छा ? गोयमा ! जहण्णेण वि उक्कोसेणं वि अंतोमुहुत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તારાવિમાનની અપર્યાપ્તા દેવીની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ! જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને ય અંતર્મુહૂર્તની છે.

**૨૦૬ ताराविमाणे पज्जत्तियाणं देवीणं पुच्छा ? गोयमा ! जहण्णेणं अट्ठभागपलिओवमं अंतोमुहुत्तूणं, उक्कोसेणं साइरेगं अट्ठभागपलिओवमं अंतोमुहुत्तूणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તારાવિમાનની પર્યાપ્તા દેવીની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન પલ્યના આઠમા ભાગની અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન સાધિક પલ્યોપમના આઠમા ભાગની છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સમુચ્ચય જ્યોતિષીની, તેના દેવ-દેવીની અને તેના પર્યાપ્તા-અપર્યાપ્તાની સ્થિતિ, આમ ૭ પ્રકારે સ્થિતિનું કથન છે. ત્યારપછી પાંચે ય જ્યોતિષી દેવ-દેવી સંબંધી સ્થિતિનું પણ છ-છ પ્રકારે કથન છે. આ રીતે ૬×૬ = ૩૬ સૂત્રો દ્વારા જ્યોતિષી દેવોની સ્થિતિનું નિરૂપણ ૩૬ પ્રકારે થયું છે.

**વૈમાનિક દેવ–દેવીઓની સ્થિતિ :–**

**૨૦૭ वेमाणियाणं भंते ! देवाणं केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! जहण्णेणं पलिओवमं, उक्कोसेणं तेत्तीसं सागरोवमाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વૈમાનિક દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય એક પલ્યોપમ અને ઉત્કૃષ્ટ તેત્રીસ સાગરોપમની છે.

**૨૦૮ अपज्जत्तयवेमाणियाणं पुच्छा ? गोयमा ! जहण्णेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અપર્યાપ્તા વૈમાનિક દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની છે.

**૨૦૯ पज्जत्तयवेमाणियाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं पलिओवमं अंतोमुहुत्तूणं, उक्कोसेणं तेत्तीसं सागरोवमाइं अंतोमुहुत्तूणाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્તા વૈમાનિક દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન એક પલ્યોપમ અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન તેત્રીસ સાગરોપમની છે.

**૨૧૦ वेमाणिणीणं भंते ! देवीणं केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! जहण्णेणं पलिओवमं, उक्कोसेणं पणपण्णं पलिओवमाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વૈમાનિક દેવીઓની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ! જઘન્ય એક પલ્યોપમ અને ઉત્કૃષ્ટ પંચાવન પલ્યોપમની છે.

**૨૧૧ अपज्जत्तियाणं वेमाणिणीणं देवीणं पुच्छा ? गोयमा ! जहण्णेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અપર્યાપ્તા વૈમાનિક દેવીઓની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની છે.

**२१२ पज्जत्तियाणं वेमाणिणीणं देवीणं पुच्छा ? गोयमा ! जहण्णेणं पलिओवमं अंतोमुहुत्तूणं, उक्कोसेणं पणपण्णं पलिओवमाइं अंतोमुहुत्तूणाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્તા વૈમાનિક દેવીઓની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન એક પલ્યોપમ અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન પંચાવન પલ્યોપમની છે.

**२१३ सोहम्मे णं भंते ! कप्पे देवाणं केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! जहण्णेणं पलिओवमं, उक्कोसेणं दो सागरोवमाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સૌધર્મકલ્પ(પ્રથમ દેવલોક)ના દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય એક પલ્યોપમ અને ઉત્કૃષ્ટ બે સાગરોપમની છે.

**२१४ सोहम्मे कप्पे अपज्जत्तयदेवाणं पुच्छा ? गोयमा ! जहण्णेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સૌધર્મકલ્પના અપર્યાપ્તા દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ! જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની છે.

**२१५ सोहम्मे कप्पे पज्जत्तयाणं देवाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं पलिओवमं अंतोमुहुत्तूणं, उक्कोसेणं दो सागरोवमाइं अंतोमुहुत्तूणाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સૌધર્મકલ્પના પર્યાપ્તા દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન એક પલ્યોપમ અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન બે સાગરોપમની છે.

**२१६ सोहम्मे कप्पे देवीणं पुच्छा । गोयमा ! जहण्णेणं पलिओवमं, उक्कोसेणं पण्णासं पलिओवमाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સૌધર્મ કલ્પ(પ્રથમ દેવલોક)ની દેવીઓની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ! જઘન્ય એક પલ્યોપમ અને ઉત્કૃષ્ટ પચાસ પલ્યોપમની છે.

**२१७ सोहम्मे कप्पे अपज्जत्तियाणं देवीणं पुच्छा ? गोयमा ! जहण्णेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સૌધર્મકલ્પની અપર્યાપ્તા દેવીઓની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની છે.

**२१८ सोहम्मे कप्पे पज्जत्तियाणं देवीणं पुच्छा ? गोयमा ! जहण्णेणं पलिओवमं अंतोमुहुत्तूणं उक्कोसेणं पण्णासं पलिओवमाइं अंतोमुहुत्तूणाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સૌધર્મકલ્પની પર્યાપ્તા દેવીઓની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે

ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન એક પલ્યોપમ અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન પચાસ પલ્યોપમની છે.

**२१९ सोहम्मे कप्पे परिग्गहियाणं देवीणं पुच्छा । गोयमा ! जहण्णेणं पलिओवमं, उक्कोसेणं सत्त पलिओवमाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સૌધર્મકલ્પની(પ્રથમ દેવલોકની) સમુચ્ચય પરિગૃહીતા દેવીઓની સ્થિતિ કેટલી છે? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય એક પલ્યોપમ અને ઉત્કૃષ્ટ સાત પલ્યોપમની છે.

**२२० सोहम्मे कप्पे परिग्गहियाणं अपजत्तियाणं देवीणं पुच्छा ? गोयमा ! जहण्णेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સૌધર્મકલ્પની અપર્યાપ્તા પરિગૃહીતા દેવીની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને ય અંતર્મુહૂર્તની છે.

**२२१ सोहम्मे कप्पे परिग्गहियाणं पज्जत्तियाणं देवीणं पुच्छा ? गोयमा ! जहण्णेणं पलिओवमं अंतोमुहुत्तूणं, उक्कोसेणं सत्त पलिओवमाइं अंतोमुहुत्तूणाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સૌધર્મકલ્પની પર્યાપ્તા પરિગૃહીતા દેવીઓની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન એક પલ્યોપમની અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન સાત પલ્યોપમની છે.

**२२२ सोहम्मे कप्पे अपरिग्गहियाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं पलिओवमं उक्कोसेणं पण्णासं पलिओवमाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સૌધર્મકલ્પની(પ્રથમ દેવલોકની) અપરિગૃહિતા દેવીઓની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય એક પલ્યોપમ અને ઉત્કૃષ્ટ પચાસ પલ્યોપમની છે.

**२२३ सोहम्मे कप्पे अपरिग्गहियाणं अपज्जत्तियाणं देवीणं पुच्छा ? गोयमा ! जहण्णेणं वि उक्कोसेणं वि अंतोमुहुत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સૌધર્મ કલ્પની અપર્યાપ્તા અપરિગૃહીતા દેવીઓની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને ય અંતર્મુહૂર્તની છે.

**२२४ सोहम्मे कप्पे अपरिग्गहियाणं पज्जत्तियाणं देवीणं पुच्छा ? गोयमा ! जहण्णेणं पलिओवमं अंतोमुहुत्तूणं, उक्कोसेणं पण्णासं पलिओवमाइं अंतोमुहुत्तूणाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સૌધર્મકલ્પની પર્યાપ્તા અપરિગૃહીતા દેવીઓની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન એક પલ્યોપમ અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન પચાસ પલ્યોપમની છે.

**२२५ ईसाणे कप्पे देवाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं साइरेगं पलिओवमं, उक्कोसेणं साइरेगाइं दो सागरोवमाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઈશાનકલ્પના(બીજા દેવલોકના) દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય સાધિક એક પલ્યોપમ અને ઉત્કૃષ્ટ સાધિક બે સાગરોપમની છે.

**२२६ ईसाणे कप्पे अपज्जत्तयाणं देवाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं वि उक्कोसेण वि अंतोमुहुत्तं।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્! ઈશાનકલ્પના અપર્યાપ્તા દેવોની સ્થિતિ કેટલી છે? **ઉત્તર–** હે ગૌતમ! જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને ય અંતર્મુહૂર્તની છે.

**२२७ ईसाणे कप्पे पज्जत्तयाणं देवाणं पुच्छा ? गोयमा ! जहण्णेण साइरेगं पलिओवमं अंतोमुहुत्तूणं, उक्कोसेणं साइरेगाइं दो सागरोवमाइं अंतोमुहुत्तूणाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્! ઈશાનકલ્પના પર્યાપ્તા દેવોની સ્થિતિ કેટલી છે? **ઉત્તર–** હે ગૌતમ! જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન સાધિક એક પલ્યોપમ અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન સાધિક બે સાગરોપમની છે.

**२२८ ईसाणे कप्पे देवीणं पुच्छा ? गोयमा ! जहण्णेणं साइरेगं पलिओवमं, उक्कोसेणं पणपण्णं पलिओवमाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્! ઈશાનકલ્પની(બીજા દેવલોકની) દેવીઓની સ્થિતિ કેટલી છે? **ઉત્તર–** હે ગૌતમ! જઘન્ય સાધિક એક પલ્યોપમ અને ઉત્કૃષ્ટ પંચાવન(૫૫) પલ્યોપમની છે.

**२२९ इसाणे कप्पे देवीणं अपज्जत्तियाणं पुच्छा ? गोयमा ! जहण्णेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્! ઈશાનકલ્પની અપર્યાપ્તા દેવીઓની સ્થિતિ કેટલી છે? **ઉત્તર–** હે ગૌતમ! જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને ય અંતર્મુહૂર્તની છે.

**२३० ईसाणे कप्पे पज्जत्तियाणं देवीणं पुच्छा ? गोयमा ! जहण्णेणं साइरेगं पलिओवमं, अंतोमुहुत्तूणं, उक्कोसेणं पणपण्णं पलिओवमाइं अंतोमुहुत्तूणाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્! ઈશાનકલ્પની(બીજા દેવલોકની) પર્યાપ્તા દેવીઓની સ્થિતિ કેટલી છે? **ઉત્તર–** હે ગૌતમ! જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન એક પલ્યોપમ ઝાઝેરી અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન પંચાવન પલ્યોપમની છે.

**२३१ इसाणे कप्पे परिग्गहियाणं देवीणं पुच्छा ? गोयमा ! जहण्णेण साइरेगं पलिओवमं, उक्कोसेणं णव पलिओवमाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્! ઈશાનકલ્પની(બીજા દેવલોકની) પરિગૃહિતા દેવીઓની સ્થિતિ કેટલી છે? **ઉત્તર–** હે ગૌતમ! જઘન્ય સાધિક એક પલ્યોપમ અને ઉત્કૃષ્ટ નવ પલ્યોપમની છે.

**२३२ ईसाणे कप्पे परिग्गहियाणं अपज्जत्तियाणं देवीणं पुच्छा ? गोयमा ! जहण्णेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્! ઈશાનકલ્પની અપર્યાપ્તા પરિગૃહિતા દેવીઓની સ્થિતિ કેટલી છે? **ઉત્તર–** હે ગૌતમ! જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને ય અંતર્મુહૂર્તની છે.

**२३३ ईसाणे कप्पे परिग्गहियाणं पज्जत्तियाणं देवीणं पुच्छा ? गोयमा ! जहण्णेणं साइरेगं**

**पलिओवमं अंतोमुहुत्तूणं, उक्कोसेणं णव पलिओवमाइं अंतोमुहुत्तूणाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઈશાનકલ્પની પર્યાપ્તા પરિગૃહિતા દેવીઓની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન સાધિક એક પલ્યોપમની અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન સાધિક નવ પલ્યોપમની છે.

**૨૩૪ ईसाणे कप्पे अपरिग्गहियाणं देवाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं साइरेगं पलिओवमं, उक्कोसेणं पणपण्णं पलिओवमाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઈશાનકલ્પની(બીજા દેવલોકની) અપરિગૃહિતા દેવીઓની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય સાધિક એક પલ્યોપમ અને ઉત્કૃષ્ટ પંચાવન પલ્યોપમની છે.

**૨૩૫ ईसाणे कप्पे अपरिग्गहियाणं अपज्जत्तियाणं देवीणं पुच्छा ? गोयमा ! जहण्णेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઈશાનકલ્પની અપર્યાપ્ત અપરિગૃહિતાદેવીની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને ય અંતર્મુહૂર્તની છે.

**૨૩૬ ईसाणे कप्पे अपरिग्गहियाणं देवीणं पज्जत्तियाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं साइरेगं पलिओवमं अंतोमुहुत्तूणं, उक्कोसेणं पणपण्णं पलिओवमाइं अंतोमुहुत्तूणाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઈશાનકલ્પની પર્યાપ્તા અપરિગૃહિતા દેવીઓની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન સાધિક એક પલ્યોપમ અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન પંચાવન (૫૫) પલ્યોપમની છે.

**૨૩૭ सणंकुमारे कप्पे देवाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं दो सागरोवमाइं, उक्कोसेणं सत्त सागरोवमाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સનત્કુમાર કલ્પના(ત્રીજા દેવલોકના) દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય બે સાગરોપમ અને ઉત્કૃષ્ટ સાત સાગરોપમની છે.

**૨૩૮ सणंकुमारे कप्पे अपज्जत्ताणं देवाणं पुच्छा ? गोयमा ! जहण्णेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સનત્કુમાર કલ્પના અપર્યાપ્તા દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને ય અંતર્મુહૂર્તની છે.

**૨૩૯ सणंकुमारे कप्पे पज्जत्तयाणं देवाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं दो सागरोवमाइं अंतोमुहुत्तूणाइं, उक्कोसेणं सत्त सागरोवमाइं अंतोमुहुत्तूणाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સનત્કુમાર કલ્પના પર્યાપ્તા દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન બે સાગરોપમ અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન સાત સાગરોપમની.

**२४० माहिंदे कप्पे देवाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं साइरेगाइं दो सागरोवमाइं, उक्कोसेणं साइरेगाइं सत्त सागरोवमाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવાન ! માહેન્દ્રકલ્પના(ચોથા દેવલોકના) દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય સાધિક બે સાગરોપમ અને ઉત્કૃષ્ટ સાધિક સાત સાગરોપમની છે.

**२४१ माहिंदे अपज्जत्तयाणं देवाणं पुच्छा ? गोयमा ! जहण्णेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! માહેન્દ્રકલ્પના અપર્યાપ્તા દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ! જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને ય અંતર્મુહૂર્તની છે.

**२४२ माहिंदे पज्जत्तयाणं देवाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं साइरेगाइं दो सागरोवमाइं अंतोमुहुत्तूणाइं, उक्कोसेणं साइरेगाइं सत्त सागरोवमाइं अंतोमुहुत्तूणाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! માહેન્દ્રકલ્પના પર્યાપ્તા દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ! જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન સાધિક બે સાગરોપમ અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન સાધિક સાત સાગરોપમની છે.

**२४३ बंभलोए कप्पे देवाणं पुच्छा । गोयमा ! जहण्णेणं सत्त सागरोवमाइं, उक्कोसेणं दस सागरोवमाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બ્રહ્મલોક કલ્પના(પાંચમા દેવલલોકના) દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય સાત સાગરોપમ અને ઉત્કૃષ્ટ દશ સાગરોપમની છે.

**२४४ बंभलोए अपज्जत्तयाणं पुच्छा ? गोयमा ! जहण्णेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બ્રહ્મલોક કલ્પના અપર્યાપ્તા દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને ય અંતર્મુહૂર્તની છે.

**२४५ बंभलोए पज्जत्तयाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं सत्त सागरोवमाइं अंतोमुहुत्तूणाइं, उक्कोसेणं दस सागरोवमाइं अंतोमुहुत्तूणाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બ્રહ્મલોકકલ્પના પર્યાપ્તા દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ! જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન સાત સાગરોપમની અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન દશ સાગરોપમની છે.

**२४६ लंतए कप्पे देवाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं दस सागरोवमाइं, उक्कोसेणं चउदस सागरोवमाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! લાંતક કલ્પના(છટ્ઠા દેવલોકના) દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય દશ સાગરોપમ અને ઉત્કૃષ્ટ ચૌદ સાગરોપમની છે.

**२४७ लंतए अपज्जत्तयाणं पुच्छा ? गोयमा ! जहण्णेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! લાંતક કલ્પના અપર્યાપ્તા દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ!

જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને ય અંતર્મુહૂર્તની છે.

**२४८ लंतए पज्जत्तयाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं दस सागरोवमाइं अंतोमुहुत्तूणाइं, उक्कोसेणं चोद्दस सागरोवमाइं अंतोमुहुत्तूणाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! લાંતક કલ્પના પર્યાપ્તા દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન દશ સાગરોપમ અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન ચૌદ સાગરોપમની છે.

**२४९ महासुक्के देवाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं चोद्दस सागरोवमाइं, उक्कोसेणं सत्तरस सागरोवमाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મહાશુક્ર કલ્પના(સાતમા દેવલોકના) દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય ચૌદ સાગરોપમ અને ઉત્કૃષ્ટ સત્તર સાગરોપમની છે.

**२५० महासुक्के अपज्जत्ताणं पुच्छा ? गोयमा ! जहण्णेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મહાશુક્રકલ્પના અપર્યાપ્તા દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને ય અંતર્મુહૂર્તની છે.

**२५१ महासुक्के पज्जत्तयाणं पुच्छा ? गोयमा ! जहण्णेण चोद्दस सागरोवमाइं अंतोमुहुत्तूणाइं, उक्कोसेणं सत्तरस सागरोवमाइं अंतोमुहुत्तूणाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મહાશુક્રકલ્પના પર્યાપ્તા દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ! જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન ચૌદ સાગરોપમ અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન સત્તર સાગરોપમની છે.

**२५२ सहस्सारे देवाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं सत्तरस सागरोवमाइं, उक्कोसेणं अट्ठारस सागरोवमाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સહસ્રાર કલ્પના(આઠમા દેવલોકમાં) દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ! જઘન્ય સત્તર સાગરોપમ અને ઉત્કૃષ્ટ અઢાર સાગરોપમની છે.

**२५३ सहस्सारे अपज्जत्ताणं पुच्छा ? गोयमा ! जहण्णेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સહસ્રારકલ્પના અપર્યાપ્તા દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને ય અંતર્મુહૂર્તની છે.

**२५४ सहस्सारे पज्जत्तयाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं सत्तरस सागरोवमाइं अंतोमुहुत्तूणाइं उक्कोसेणं अट्ठारस सागरोवमाइं अंतोमुहुत्तूणाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સહસ્રાર કલ્પના પર્યાપ્તા દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ! જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન સત્તર સાગરોપમ અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન અઢાર સાગરોપમની છે.

**२५५ आणए देवाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं अट्ठारस सागरोवमाइं, उक्कोसेणं एगूणवीसं सागरोवमाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આણત કલ્પના(નવમા દેવલોકના) દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અઢાર સાગરોપમ અને ઉત્કૃષ્ટ ઓગણીસ સાગરોપમની છે.

**૨૫૬ आणए अपज्जत्तयाणं देवाणं पुच्छा ? गोयमा ! जहण्णेण वि उक्कोसेणं वि अंतोमुहुत्तं।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આણતકલ્પના અપર્યાપ્તા દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ! જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને ય અંતર્મુહૂર્તની છે.

**૨૫૭ आणए पज्जत्तयाणं देवाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं अट्ठारस सागरोवमाइं अंतोमुहुत्तूणाइं, उक्कोसेणं एगूणवीसं सागरोवमाइं अंतोमुहुत्तूणाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આણતકલ્પના પર્યાપ્તા દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન અઢાર સાગરોપમ અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન ઓગણીસ સાગરોપમની છે.

**૨૫૮ पाणए कप्पे देवाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं एगूणवीसं सागरोवमाइं, उक्कोसेणं वीसं सागरोवमाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પ્રાણત કલ્પના(દશમા દેવલોકના) દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય ઓગણીસ સાગરોપમ અને ઉત્કૃષ્ટ વીશ સાગરોપમની છે.

**૨૫૯ पाणए अपज्जत्तयाणं देवाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं वि उक्कोसेण वि अंतोमुहुत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પ્રાણત કલ્પના અપર્યાપ્તા દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ! જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને ય અંતર્મુહૂર્તની છે.

**૨૬૦ पाणए पज्जत्तयाणं देवाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं एगूणवीसं सागरोवमाइं अंतोमुहुत्तूणाइं, उक्कोसेणं वीसं सागरोवमाइं अंतोमुहुत्तूणाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પ્રાણત કલ્પના પર્યાપ્તા દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન ઓગણીસ સાગરોપમ અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન વીશ સાગરોપમની છે.

**૨૬૧ आरणे देवाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं वीसं सागरोवमाइं, उक्कोसेणं एक्कवीसं सागरोवमाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આરણકલ્પના(અગિયારમા દેવલોકના) દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય વીસ સાગરોપમ અને ઉત્કૃષ્ટ એકવીશ સાગરોપમની છે.

**૨૬૨ आरणे अपज्जत्तयाणं देवाणं पुच्छा ? गोयमा ! जहण्णेण वि उक्कोसेणं वि अंतोमुहुत्तं।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આરણકલ્પના અપર્યાપ્તા દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ! જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને ય અંતર્મુહૂર્તની છે.

**૨૬૩ आरणे पज्जत्तयाणं देवाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं वीसं सागरोवमाइं**

**अंतोमुहुत्तूणाइं, उक्कोसेणं एक्कवीसं सागरोवमाइं अंतोमुहुत्तूणाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! આરણકલ્પના પર્યાપ્તા દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન વીસ સાગરોપમ અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન એકવીસ સાગરોપમની છે.

**२६४ अच्चुए कप्पे देवाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं एक्कवीसं सागरोवमाइं, उक्कोसेणं बावीसं सागरोवमाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અચ્યુતકલ્પના(બારમા દેવલોકના) દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય એકવીસ સાગરોપમની અને ઉત્કૃષ્ટ બાવીસ સાગરોપમની છે.

**२६५ अच्चुए अपज्जत्तयाणं देवाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं वि उक्कोसेणं वि अंतोमुहुत्तं।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અચ્યુત કલ્પના અપર્યાપ્તા દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ! જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને ય અંતર્મુહૂર્તની છે.

**२६६ अच्चुए पज्जत्तयाणं देवाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं एक्कवीसं सागरोवमाइं अंतोमुहुत्तूणाइं, उक्कोसेणं बावीसं सागरोवमाइं अंतोमुहुत्तूणाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અચ્યુત કલ્પના પર્યાપ્તા દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ! જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન એકવીસ સાગરોપમ અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન બાવીસ સાગરોપમની છે.

**२६७ हेट्ठिमहेट्ठिमगेवेज्जगदेवाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं बावीसं सागरोवमाइं, उक्कोसेणं तेवीसं सागरोवमाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અધસ્તન-અધસ્તન(નીચેની ત્રિકમાં નીચેની) ગ્રૈવેયકના દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય બાવીસ સાગરોપમ અને ઉત્કૃષ્ટ ત્રેવીશ સાગરોપમની છે.

**२६८ हेट्ठिमहेट्ठिमगेवेज्जगअपज्जत्तयादेवाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं वि उक्कोसेणं वि अंतोमुहुत्तं।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અધસ્તન-અધસ્તન ગ્રૈવેયકના અપર્યાપ્તા દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને ય અંતર્મુહૂર્તની છે.

**२६९ हेट्ठिमहेट्ठिमगेवेज्जगपज्जत्तयादेवाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं बावीसं सागरोवमाइं अंतोमुहुत्तूणाइं उक्कोसेणं तेवीसं सागरोवमाइं अंतोमुहुत्तूणाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અધસ્તન-અધસ્તન ગ્રૈવેયકના પર્યાપ્તા દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન બાવીસ સાગરોપમ અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન ત્રેવીશ સાગરોપમની છે.

**२७० हेट्ठिममज्झिमगेवेज्जगदेवाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं तेवीसं सागरोवमाइं, उक्कोसेणं चउवीसं सागरोवमाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અધસ્તન-મધ્યમ(નીચેની ત્રિકમાં મધ્યમ) ગ્રૈવેયકના દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ! જઘન્ય ત્રેવીસ સાગરોપમ અને ઉત્કૃષ્ટ ચોવીસ સાગરોપમની છે.

**૨૭૧ हेट्ठिममज्झिमगेवेज्जगअपज्जत्तयदेवाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं वि उक्कोसेणं वि अंतोमुहुत्तं।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અધસ્તન-મધ્યમ ગ્રૈવેયકના અપર્યાપ્તા દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને ય અંતર્મુહૂર્તની છે.

**૨૭૨ हेट्ठिममज्झिमगेवेज्जगदेवाणं पज्जत्तयाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं तेवीसं सागरोवमाइं अंतोमुहुत्तूणाइं उक्कोसेणं चउवीसं सागरोवमाइं अंतोमुहुत्तूणाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અધસ્તન-મધ્યમ ગ્રૈવેયકના પર્યાપ્તા દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન ત્રેવીશ સાગરોપમ અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન ચોવીસ સાગરોપમની છે.

**૨૭૩ हेट्ठिमउवरिमगेवेज्जगदेवाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं चउवीसं सागरोवमाइं, उक्कोसेणं पणवीसं सागरोवमाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અધસ્તન-ઉપરિતન (નીચેની ત્રિકમાં ઉપરના) ગ્રૈવેયકના દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય ચોવીસ સાગરોપમ અને ઉત્કૃષ્ટ પચ્ચીસ સાગરોપમની છે.

**૨૭૪ हेट्ठिमउवरिमगेवेज्जगदेवाणं अपज्जत्तयाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं वि उक्कोसेणं वि अंतोमुहुत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અધસ્તન-ઉપરિતન ગ્રૈવેયકના અપર્યાપ્તા દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને ય અંતર્મુહૂર્તની છે.

**૨૭૫ हेट्ठिमउवरिमगेवेज्जगदेवाणं पज्जत्तयाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं चउवीसं सागरोवमाइं अंतोमुहुत्तूणाइं, उक्कोसेणं पणवीसं सागरोवमाइं अंतोमुहुत्तूणाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અધસ્તન-ઉપરિતન ગ્રૈવેયકના પર્યાપ્તા દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન ચોવીસ સાગરોપમ અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન પચ્ચીસ સાગરોપમની છે.

**૨૭૬ मज्झिमहेट्ठिमगेवेज्जगदेवाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं पणुवीसं सागरोवमाइं, उक्कोसेणं छव्वीसं सागरोवमाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મધ્યમ-અધસ્તન(મધ્યમ ત્રિકમાં નીચેની) ગ્રૈવેયકના દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય પચ્ચીસ સાગરોપમ, ઉત્કૃષ્ટ છવ્વીસ સાગરોપમની છે.

**૨૭૭ मज्झिमहेट्ठिमगेवेज्जगदेवाणं अपज्जत्तयाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं वि उक्कोसेणं वि अंतोमुहुत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મધ્યમ-અધસ્તન ગ્રૈવેયકના અપર્યાપ્તા દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને ય અંતર્મુહૂર્તની છે.

**૨૭૮ मज्झिमहेट्ठिमगेवेज्जगदेवाणं पज्जत्तयाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं पणुवीसं सागरोवमाइं अंतोमुहुत्तूणाइं उक्कोसेणं छव्वीसं सागरोवमाइं अंतोमुहुत्तूणाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મધ્યમ-અધસ્તન ગ્રૈવેયકના પર્યાપ્તા દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન પચ્ચીસ સાગરોપમની અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન છવ્વીસ સાગરોપમની છે.

**૨૭૯ मज्झिममज्झिमगेवेज्जगदेवाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं छव्वीसं सागरोवमाइं, उक्कोसेणं सत्तावीसं सागरोवमाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મધ્યમ-મધ્યમ(મધ્યમ ત્રિકમાં વચ્ચેની) ગ્રૈવેયકના દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય છવ્વીસ સાગરોપમ અને ઉત્કૃષ્ટ સત્યાવીસ સાગરોપમની છે.

**૨૮૦ मज्झिममज्झिमगेवेज्जगदेवाणं अपज्जत्तयाणं पुच्छा ? गोयमा ! जहण्णेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મધ્યમ-મધ્યમ ગ્રૈવેયકના અપર્યાપ્તા દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને ય અંતર્મુહૂર્તની છે.

**૨૮૧ मज्झिममज्झिमगेवेज्जगदेवाणं पज्जत्तयाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं छव्वीसं सागरोवमाइं अंतोमुहुत्तूणाइं, उक्कोसेणं सत्तावीसं सागरोवमाइं अंतोमुहुत्तूणाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મધ્યમ-મધ્યમ ગ્રૈવેયકના પર્યાપ્તા દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન છવ્વીસ સાગરોપમ અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન સત્તાવીશ સાગરોપમની છે.

**૨૮૨ मज्झिमउवरिमगेवेज्जगदेवाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं सत्तावीसं सागरोवमाइं, उक्कोसेणं अट्ठावीसं सागरोवमाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મધ્યમ ઉપરિતન(મધ્યમ ત્રિકમાં ઉપરની) ગ્રૈવેયકના દેવોની સ્થિતિની કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય સત્યાવીશ સાગરોપમ ઉત્કૃષ્ટ અઠયાવીશ સાગરોપમની છે.

**૨૮૩ मज्झिमउवरिमगेवेज्जगदेवाणं अपज्जत्तयाणं पुच्छा ? गोयमा ! जहण्णेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મધ્યમ-ઉપરિતન ગ્રૈવેયકના અપર્યાપ્તા દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને ય અંતર્મુહૂર્તની છે.

**૨૮૪ मज्झिमउवरिमगेवेज्जगदेवाणं पज्जत्तयाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं सत्तावीसं सागरोवमाइं अंतोमुहुत्तूणाइं, उक्कोसेणं अट्ठावीसं सागरोवमाइं अंतोमुहुत्तूणाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મધ્યમ-ઉપરિતન ગ્રૈવેયકના પર્યાપ્તા દેવોની સ્થિતિ કેટલી છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન સત્યાવીશ સાગરોપમ અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન અઠયાવીશ સાગરોપમની છે.

**૨૮૫ उवरिमहेट्ठिमगेवेज्जगदेवाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं अट्ठावीसं सागरोवमाइं, उक्कोसेणं एगूणतीसं सागरोवमाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઉપરિતન-અધસ્તન ગ્રૈવેયક અર્થાત્ ઉપરની ત્રિકમાં નીચેની ગ્રૈવેયકના દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** ગૌતમ ! જઘન્ય અઠ્યાવીશ સાગરોપમ અને ઉત્કૃષ્ટ ઓગણત્રીસ સાગરોપમની છે.

**૨૮૬ उवरिमहेट्ठिमगेवेज्जगदेवाणं अपज्जत्तयाणं पुच्छा ? गोयमा ! जहण्णेण वि उक्कोसेणं वि अंतोमुहुत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઉપરિતન-અધસ્તન ગ્રૈવેયકના અપર્યાપ્તા દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને ય અંતર્મુહૂર્તની છે.

**૨૮૭ उवरिमहेट्ठिमगेवेज्जगदेवाणं पज्जत्तयाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं अट्ठावीसं सागरोवमाइं, अंतोमुहुत्तूणाइं, उक्कोसेणं एगूणतीसं सागरोवमाइं अंतोमुहुत्तूणाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઉપરિતન-અધસ્તન ગ્રૈવેયકના પર્યાપ્તા દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન અઠયાવીશ સાગરોપમ અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન ઓગણત્રીસ સાગરોપમની છે.

**૨૮૮ उवरिममज्झिमगेवेज्जगदेवाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं एगूणतीसं सागरोवमाइं, उक्कोसेणं तीसं सागरोवमाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઉપરિતન-મધ્યમ(ઉપરની ત્રિકમાં વચ્ચેની) ગ્રૈવેયકના દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય ઓગણત્રીસ સાગરોપમ અને ઉત્કૃષ્ટ ત્રીસ સાગરોપમની છે.

**૨૮૯ उवरिममज्झिमगेवेज्जगदेवाणं अपज्जत्तयाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं वि उक्कोसेणं वि अंतोमहुत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઉપરિતન-મધ્યમ-ગ્રૈવેયકના અપર્યાપ્તા દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને ય અંતર્મુહૂર્તની છે.

**૨૯૦ उवरिममज्झिमगेवेज्जगदेवाणं पज्जत्तयाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं एगूणतीसं सागरोवमाइं अंतोमुहुत्तूणाइं, उक्कोसेणं तीसं सागरोवमाइं अंतोमुहुत्तूणाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઉપરિતન મધ્યમ ગ્રૈવેયકના પર્યાપ્તા દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન ઓગણત્રીસ સાગરોપમ, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન ત્રીસ સાગરોપમની છે.

**૨૯૧ उवरिमउवरिमगेवेज्जगदेवाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं तीसं सागरोवमाइं,**

**उक्कोसेणं एक्कतीसं सागरोवमाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઉપરિતન-ઉપરિતન(ઉપરની ત્રિકમાં ઉપરની) ગ્રૈવેયકના દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય ત્રીસ સાગરોપમ અને ઉત્કૃષ્ટ એકત્રીશ સાગરોપમની છે.

**૨૯૨ उवरिमउवरिमगेवेज्जगदेवाणं अपज्जत्तयाणं पुच्छा ? गोयमा ! जहण्णेण वि उक्कोसेणं वि अंतोमुहुत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઉપરિતન-ઉપરિતન ગ્રૈવેયકના અપર્યાપ્તા દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને ય અંતર્મુહૂર્તની છે.

**૨૯૩ उवरिमउवरिमगेवेज्जगदेवाणं पज्जत्तयाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं तीसं सागरोवमाइं अंतोमुहुत्तूणाइं, उक्कोसेणं एक्कतीसं सागरोवमाइं अंतोमुहुत्तूणाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પર્યાપ્તા ઉપરિતન-ઉપરિતન ગ્રૈવેયક દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન ત્રીસ સાગરોપમ અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન એકત્રીસ સાગરોપમની છે.

**૨૯૪ विजय-वेजयंत-जयंत-अपराजिएसु णं भंते ! देवाणं केवइयं कालं ठिई पण्णत्ता? गोयमा ! जहण्णेणं एक्कतीसं सागरोवमाइं, उक्कोसेणं तेत्तीसं सागरोवमाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વિજય, વૈજયન્ત, જયંત અને અપરાજિત, તે ચાર અનુત્તર વિમાનોના દેવોની સ્થિતિ કેટલી છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય એકત્રીસ સાગરોપમ અને ઉત્કૃષ્ટ તેત્રીસ સાગરોપમની છે.

**૨૯૫ विजय-वेजयंत-जयंत-अपराजियदेवाणं अपज्जत्तयाणं पुच्छा ? गोयमा ! जहण्णेण वि उक्कोसेण वि अंतोमुहुत्तं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વિજય, વૈજયંત, જયંત, અપરાજિત વિમાનોના અપર્યાપ્તા દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને ય અંતર્મુહૂર્તની છે.

**૨૯૬ विजय-वेजयंत-जयंत-अपराजियदेवाणं पज्जत्तयाणं पुच्छा ? गोयमा ! जहण्णेणं एक्कतीसं सागरोवमाइं अंतोमुहुत्तूणाइं, उक्कोसेणं तेत्तीसं सागरोवमाइं अंतोमुहुत्तूणाइं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વિજય, વૈજયંત, જયંત, અપરાજિત વિમાનોના પર્યાપ્તા દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન એકત્રીસ સાગરોપમ અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન તેત્રીસ સાગરોપમની છે.

**૨૯૭ सव्वट्ठसिद्धदेवाणं भंते ! केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! अजहण्णमणुक्कोसेणं तेत्तीसं सागरोवमाइं ठिई पण्णत्ता ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સર્વાર્થસિદ્ધ વિમાનના દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અજઘન્ય-અનુત્કૃષ્ટ(જઘન્ય-ઉત્કૃષ્ટભેદ રહિત) તેત્રીસ સાગરોપમની સ્થિતિ છે.

**૨૯૮ सव्वट्ठसिद्धदेवाणं अपज्जत्तयाणं पुच्छा ? गोयमा ! जहण्णेण वि उक्कोसेणं वि अंतोमुहूत्तं।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સર્વાર્થસિદ્ધ વિમાનવાસી અપર્યાપ્તા દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પણ અંતર્મુહૂર્તની છે.

**૨૯૯ सव्वट्ठसिद्धदेवाणं पज्जत्तयाणं भंते ! केवइयं कालं ठिई पण्णत्ता ? गोयमा ! अजहण्णमणुक्कोसेणं तेत्तीसं सागरोवमाइं अंतोमुहुत्तूणाइं ठिई पण्णत्ता।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવાન ! સર્વાર્થસિદ્ધ વિમાનના પર્યાપ્તા દેવોની સ્થિતિ કેટલી છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અજઘન્ય-અનુત્કૃષ્ટ અંતર્મુહૂર્ત ન્યૂન તેત્રીસ સાગરોપમની છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં વૈમાનિક દેવ-દેવીઓની સ્થિતિનું વિસ્તૃત વર્ણન છે. સૂત્રકારે ક્રમશઃ ૧૨ દેવલોક, નવગ્રૈવેયક અને પાંચ અનુત્તર વિમાનના દેવોની સમુચ્ચય રીતે સ્થિતિનું કથન કરીને ત્યારપછી તેના અપર્યાપ્તા અને પર્યાપ્ત દેવોની સ્થિતિનું નિરૂપણ કર્યુ છે.

પ્રસ્તુત સૂત્રોમાં લોકાંતિક અને કિલ્વીષી દેવોની સ્થિતિનું કથન નથી. **લોકાંતિક** દેવો પાંચમા દેવલોકના પ્રસ્તટમાં રહે છે. ભગવતીસૂત્ર શતક–૬/૫ અનુસાર તેની સ્થિતિ જઘન્ય ઉત્કૃષ્ટના ભેદની વિવક્ષા વિના આઠ સાગરોપમની છે.

ત્રણ પ્રકારના **કિલ્વીષી** દેવોનું વિસ્તૃત વર્ણન ભગવતીસૂત્ર શતક–૯/૩૩માં છે. તે સૂત્ર અનુસાર **પ્રથમ** કિલ્વીષી દેવોની સ્થિતિ જઘન્ય ઉત્કૃષ્ટના ભેદની વિવક્ષા વિના ત્રણ પલ્યોપમ, **બીજા** કિલ્વીષી દેવોની સ્થિતિ ત્રણ સાગરોપમ અને **ત્રીજા** કિલ્વીષી દેવોની સ્થિતિ તેર સાગરોપમની છે.

**વૈમાનિક દેવીઓ :–** વૈમાનિક દેવોમાં પ્રથમ બે દેવલોકમાં જ દેવીઓ હોય છે. ત્રીજા દેવલોકથી અનુત્તર વિમાન પર્યંતમાં દેવીઓ નથી. પહેલા બીજા દેવલોકમાં દેવીઓના બે પ્રકાર છે– પરિગૃહિતા દેવી અને અપરિગૃહિતા દેવી.દેવોને અધિનસ્થ જે દેવીઓ હોય તેને **પરિગ્રહિતા** કહેવાય અને જે દેવીઓ સ્વતંત્ર હોય, કોઈપણ દેવ તેનું સ્મરણ કરે તો તે તેને અવધિજ્ઞાન વગેરેથી જાણીને તે દેવની પાસે જતી હોય, તેને **અપરિગૃહિતા દેવી** કહે છે. પરિગૃહિતા દેવીઓથી અપરિગૃહિતા દેવીઓની સ્થિતિ વધારે હોય છે.

નવ ગ્રૈવેયક વિમાનો ત્રણ-ત્રણની ત્રણ પ્રતર ત્રિકમાં સ્થિત છે. તેમાં નીચેની પ્રતર ત્રિકને અધસ્તન, વચ્ચેની પ્રતર ત્રિકને મધ્યમ અને ઉપરની પ્રતર ત્રિકને ઉપરિતન ત્રિક કહે છે. નીચેની ત્રિકના નીચેના પ્રતરને અધસ્તન-અધસ્તન, મધ્યમ પ્રતરને અધસ્તન-મધ્યમ અને ઉપરના પ્રતરને અધસ્તન-ઉપરિતન ગ્રૈવેયક કહે છે. તે જ રીતે મધ્યમ ત્રિક અને ઉતરિત ત્રિકના ત્રણ-ત્રણ પ્રતર સમજવા. આ રીતે નવ પ્રતર રૂપે નવ ગ્રૈવેયક વિમાન છે.

સર્વાર્થસિદ્ધ વિમાનના દેવોની સ્થિતિ એક સમાન હોય છે. તેમાં જઘન્ય-ઉત્કૃષ્ટનો ભેદ નથી. આ કારણે સૂત્રકારે તેના માટે 'અજઘન્ય–અનુત્કૃષ્ટ' શબ્દનો પ્રયોગ કર્યો છે.

પાંચમા દેવલોકથી ઉપરના દેવલોકોમાં એક દેવલોકની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્યાર પછીના દેવલોકની જઘન્ય સ્થિતિ હોય છે. આ જ ક્રમથી અનુત્તર વિમાનના દેવો પર્યંતની સ્થિતિ છે.

## સમસ્ત સંસારી જીવોની સ્થિતિ :–

| જીવ | જઘન્ય સ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ |
|---|---|---|
| **સમુચ્ચય નારકી** | ૧૦૦૦૦ વર્ષ | ૩૩ સાગરોપમ |
| પ્રથમ નરક | ૧૦૦૦૦ વર્ષ | ૧ સાગરોપમ |
| બીજી નરક | ૧ સાગરોપમ | ૩ સાગરોપમ |
| ત્રીજી નરક | ૩ સાગરોપમ | ૭ સાગરોપમ |
| ચોથી નરક | ૭ સાગરોપમ | ૧૦ સાગરોપમ |
| પાંચમી નરક | ૧૦ સાગરોપમ | ૧૭ સાગરોપમ |
| છઠ્ઠી નરક | ૧૭ સાગરોપમ | ૨૨ સાગરોપમ |
| સાતમી નરક | ૨૨ સાગરોપમ | ૩૩ સાગરોપમ |
| **ભવનપતિ દેવ(સમુચ્ચય)** | ૧૦,૦૦૦ વર્ષ | સાધિક એક સાગરોપમ |
| દક્ષિણ અસુરકુમાર–દેવ | ૧૦,૦૦૦ વર્ષ | ૧ સાગરોપમ |
| દક્ષિણ અસુરકુમાર–દેવી | ૧૦,૦૦૦ વર્ષ | સાડા ત્રણ પલ્યોપમ |
| દક્ષિણ નવનિકાય દેવ | ૧૦,૦૦૦ વર્ષ | દોઢ પલ્યોપમ |
| દક્ષિણ નવનિકાય દેવી | ૧૦,૦૦૦ વર્ષ | પોણો પલ્યોપમ |
| ઉત્તર અસુરકુમાર દેવ | ૧૦,૦૦૦ વર્ષ | સાધિક એક સાગરોપમ |
| ઉત્તર અસુરકુમાર દેવી | ૧૦,૦૦૦ વર્ષ | સાડાચાર પલ્યોપમ |
| ઉત્તર નવનિકાય દેવ | ૧૦,૦૦૦ વર્ષ | દેશોન બે પલ્યોપમ |
| ઉત્તર નવનિકાય દેવી | ૧૦,૦૦૦ વર્ષ | દેશોન એક પલ્યોપમ |
| ***પરમાધામી દેવ*** | ***એક પલ્યોપમ(મુખ્ય દેવની અપેક્ષાએ)*** | ***એક પલ્યોપમ(જ૦ ઉ૦ની વિવક્ષા વિના)*** |
| **વ્યંતર દેવ** | ૧૦,૦૦૦ વર્ષ | એક પલ્યોપમ |
| વ્યંતર દેવી | ૧૦,૦૦૦ વર્ષ | અર્ધો પલ્યોપમ |
| ***જૃંભક દેવ*** | ***એક પલ્યોપમ(મુખ્ય દેવની અપેક્ષાએ)*** | ***એક પલ્યોપમ*** |
| **જ્યોતિષી દેવ (સમુચ્ચય)** | $\frac{૧}{૮}$ પલ્યોપમ | ૧ લાખ વર્ષ અધિક ૧ પલ્યોપમ |
| ચંદ્ર દેવ | $\frac{૧}{૪}$ પલ્યોપમ | ૧ લાખ વર્ષ અધિક ૧ પલ્યોપમ |
| ચંદ્ર દેવી | $\frac{૧}{૪}$ પલ્યોપમ | ૫૦ હજાર વર્ષ અધિક $\frac{૧}{૨}$ પલ્યોપમ |
| સૂર્ય દેવ | $\frac{૧}{૪}$ પલ્યોપમ | એક હજાર વર્ષ અધિક ૧ પલ્યોપમ |
| સૂર્ય દેવી | $\frac{૧}{૪}$ પલ્યોપમ | પાંચસો વર્ષ અધિક $\frac{૧}{૨}$ પલ્યોપમ |
| ગ્રહ દેવ | $\frac{૧}{૪}$ પલ્યોપમ | ૧ પલ્યોપમ |
| ગ્રહ દેવી | $\frac{૧}{૪}$ પલ્યોપમ | $\frac{૧}{૨}$ પલ્યોપમ |
| નક્ષત્ર દેવ | $\frac{૧}{૪}$ પલ્યોપમ | $\frac{૧}{૨}$ પલ્યોપમ |
| નક્ષત્ર દેવી | $\frac{૧}{૪}$ પલ્યોપમ | $\frac{૧}{૪}$ પલ્ય ઝાઝેરી |

| જીવ | જઘન્ય સ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ |
|---|---|---|
| તારા દેવ | ૧/૮ પલ્યોપમ | ૧/૪ પલ્યોપમ |
| તારા દેવી | ૧/૮ પલ્યોપમ | સાધિક ૧/૮ પલ્યોપમ |
| **વૈમાનિક દેવ(સમુચ્ચય)** | ૧ પલ્યોપમ | ૩૩ સાગરોપમ |
| વૈમાનિક દેવી(સમુચ્ચય) | ૧ પલ્યોપમ | ૫૫ પલ્યોપમ |
| ૧. સૌધર્મ દેવલોકના દેવ | ૧ પલ્યોપમ | ૨ સાગરોપમ |
| સૌધર્મ પરિગૃહિતા દેવી | ૧ પલ્યોપમ | ૭ પલ્યોપમ |
| સૌધર્મ અપરિગૃહિતા દેવી | ૧ પલ્યોપમ | ૫૦ પલ્યોપમ |
| ૨. ઈશાન દેવલોકના દેવ | ૧ પલ્યોપમ ઝાઝેરી | ૨ સાગરોપમ ઝાઝેરી |
| ઈશાન પરિગૃહિતા દેવી | ૧ પલ્યોપમ | ૯ પલ્યોપમ |
| ઈશાન અપરિગૃહિતા દેવી | ૧ પલ્યોપમ | ૫૫ પલ્યોપમ |
| ૩. સનત્કુમાર દેવલોકના દેવ | ૨ સાગરોપમ | ૭ સાગરોપમ |
| ૪. માહેન્દ્ર દેવલોકના દેવ | ૨ સાગરોપમ ઝાઝેરી | ૭ સાગરોપમ ઝાઝેરી |
| ૫. બ્રહ્મલોક દેવલોકના દેવ | ૭ સાગરોપમ | ૧૦ સાગરોપમ |
| ૬. લાંતક દેવલોકના દેવ | ૧૦ સાગરોપમ | ૧૪ સાગરોપમ |
| ૭. મહાશુક્ર દેવલોકના દેવ | ૧૪ સાગરોપમ | ૧૭ સાગરોપમ |
| ૮. સહસ્રાર દેવલોકના દેવ | ૧૭ સાગરોપમ | ૧૮ સાગરોપમ |
| ૯. આણત દેવલોકના દેવ | ૧૮ સાગરોપમ | ૧૯ સાગરોપમ |
| ૧૦. પ્રાણત દેવલોકના દેવ | ૧૯ સાગરોપમ | ૨૦ સાગરોપમ |
| ૧૧. આરણ દેવલોકના દેવ | ૨૦ સાગરોપમ | ૨૧ સાગરોપમ |
| ૧૨. અચ્યુત દેવલોકના દેવ | ૨૧ સાગરોપમ | ૨૨ સાગરોપમ |
| પ્રથમ ગ્રૈવેયકના દેવ | ૨૨ સાગરોપમ | ૨૩ સાગરોપમ |
| બીજી ગ્રૈવેયકના દેવ | ૨૩ સાગરોપમ | ૨૪ સાગરોપમ |
| ત્રીજી ગ્રૈવેયકના દેવ | ૨૪ સાગરોપમ | ૨૫ સાગરોપમ |
| ચોથી ગ્રૈવેયકના દેવ | ૨૫ સાગરોપમ | ૨૬ સાગરોપમ |
| પાંચમી ગ્રૈવેયકના દેવ | ૨૬ સાગરોપમ | ૨૭ સાગરોપમ |
| છઠ્ઠી ગ્રૈવેયકના દેવ | ૨૭ સાગરોપમ | ૨૮ સાગરોપમ |
| સાતમી ગ્રૈવેયકના દેવ | ૨૮ સાગરોપમ | ૨૯ સાગરોપમ |
| આઠમી ગ્રૈવેયકના દેવ | ૨૯ સાગરોપમ | ૩૦ સાગરોપમ |
| નવમી ગ્રૈવેયકના દેવ | ૩૦ સાગરોપમ | ૩૧ સાગરોપમ |
| ચાર અનુત્તર વિમાનના દેવ | ૩૧ સાગરોપમ | ૩૩ સાગરોપમ |
| સર્વાર્થ સિદ્ધ વિમાનના દેવ | ૩૩ સાગરોપમ | ૩૩ સાગરોપમ |

| જીવ | જઘન્ય સ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ |
|---|---|---|
| પ્રથમ કિલ્વીષી દેવ | ૩ પલ્યોપમ | ૩ પલ્યોપમ |
| બીજા કિલ્વીષી દેવ | ૩ સાગરોપમ | ૩ સાગરોપમ |
| ત્રીજા કિલ્વીષી | ૧૩ સાગરોપમ | ૧૩ સાગરોપમ |
| લોકાંતિક દેવ | ૮ સાગરોપમ | ૮ સાગરોપમ |
| **પાંચ સ્થાવર–સૂક્ષ્મ** | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| બાદર પૃથ્વીકાય | અંતર્મુહૂર્ત | ૨૨,૦૦૦ વર્ષ |
| બાદર અપ્કાય | અંતર્મુહૂર્ત | ૭,૦૦૦ વર્ષ |
| બાદર તેઉકાય | અંતર્મુહૂર્ત | ૩ અહોરાત્ર |
| બાદર વાયુકાય | અંતર્મુહૂર્ત | ૩,૦૦૦ વર્ષ |
| બાદર પ્રત્યેક વનસ્પતિ | અંતર્મુહૂર્ત | ૧૦,૦૦૦ વર્ષ |
| બાદર સાધારણ વનસ્પતિ | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |
| **ત્રણ વિકલેન્દ્રિય** | | |
| બેઈન્દ્રિય | અંતર્મુહૂર્ત | બાર વર્ષ |
| તેઈન્દ્રિય | અંતર્મુહૂર્ત | ૪૯ દિવસ |
| ચૌરેન્દ્રિય | અંતર્મુહૂર્ત | ૬ માસ |
| **તિર્યંચ પંચેન્દ્રિય(સમુચ્ચય)** | અંતર્મુહૂર્ત | ૩ પલ્યોપમ |
| સંમૂર્ચ્છિમ જલચર | અંતર્મુહૂર્ત | ક્રોડપૂર્વ વર્ષ |
| ગર્ભજ જલચર | અંતર્મુહૂર્ત | ક્રોડપૂર્વ વર્ષ |
| સંમૂર્ચ્છિમ સ્થલચર | અંતર્મુહૂર્ત | ૮૪,૦૦૦ વર્ષ |
| ગર્ભજ સ્થલચર | અંતર્મુહૂર્ત | ૩ પલ્યોપમ |
| સંમૂર્ચ્છિમ ઉરપરિસર્પ | અંતર્મુહૂર્ત | ૫૩,૦૦૦ વર્ષ |
| ગર્ભજ ઉરપરિસર્પ | અંતર્મુહૂર્ત | ક્રોડપૂર્વ વર્ષ |
| સંમૂર્ચ્છિમ ભુજપરિસર્પ | અંતર્મુહૂર્ત | ૪૨,૦૦૦ વર્ષ |
| ગર્ભજ ભુજપરિસર્પ | અંતર્મુહૂર્ત | ક્રોડપૂર્વ વર્ષ |
| સંમૂર્ચ્છિમ ખેચર | અંતર્મુહૂર્ત | ૭૨,૦૦૦ વર્ષ |
| ગર્ભજ ખેચર | અંતર્મુહૂર્ત | પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ |
| ★ ગર્ભજ તિર્યંચ પંચેન્દ્રિયમાં સ્થલચરની ત્રણ પલ્યોપમ અને ખેચરની પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ, આ બંને સ્થિતિઓ યુગલિક તિર્યંચની અપેક્ષાએ છે. યુગલિક સિવાયના સ્થલચર અને ખેચર તિર્યંચ પંચેન્દ્રિયની ઉત્કૃષ્ટ સ્થિતિ ક્રોડપૂર્વ વર્ષની જ હોય છે. યુગલિક તિર્યંચોની જઘન્ય સ્થિતિ સાધિક ક્રોડપૂર્વ વર્ષ હોય છે. | | |
| **મનુષ્ય(સમુચ્ચય)** | અંતર્મુહૂર્ત | ૩ પલ્યોપમ |
| સંમૂર્ચ્છિમ મનુષ્ય | અંતર્મુહૂર્ત | અંતર્મુહૂર્ત |

| જીવ | જઘન્ય સ્થિતિ | ઉત્કૃષ્ટ સ્થિતિ |
|---|---|---|
| કર્મભૂમિના ગર્ભજ મનુષ્ય | અંતર્મુહૂર્ત | ક્રોડપૂર્વ વર્ષ |
| **યુગલિક મનુષ્ય** | **ક્રોડપૂર્વ ઝાઝેરી** | **૩ પલ્યોપમ** |
| **૧૫ કર્મભૂમિ** | | |
| ભરત–ઐરવત ક્ષેત્ર | અંતર્મુહૂર્ત | ૩ પલ્યોપમ |
| મહાવિદેહ ક્ષેત્ર(૩૨ વિજય) | અંતર્મુહૂર્ત | ક્રોડપૂર્વ વર્ષ |
| **ત્રીસ અકર્મભૂમિ** | | |
| હેમવય–હેરણ્યવય | દેશોન ૧ પલ્યોપમ | ૧ પલ્યોપમ પૂર્ણ |
| હરિવાસ–રમ્યકવાસ | દેશોન ૨ પલ્યોપમ | ૨ પલ્યોપમ પૂર્ણ |
| દેવકુરુ–ઉત્તરકુરુ | દેશોન ૩ પલ્યોપમ | ૩ પલ્યોપમ પૂર્ણ |
| **૫૬ અંતર દ્વીપના મનુષ્યો** | પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ | પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ |
| ★ સર્વ અપર્યાપ્તાની જઘન્ય–ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની સ્થિતિ છે. | | |

**ભરત ઐરવત ક્ષેત્રના અવસર્પિણીકાલમાં છ આરાની સ્થિતિ :–**

| આરા–ક્રમ | આરાના પ્રારંભમાં સ્થિતિ | આરાના અંતમાં સ્થિતિ |
|---|---|---|
| પ્રથમ આરો | ૩ પલ્યોપમ | ૨ પલ્યોપમ |
| બીજો આરો | ૨ પલ્યોપમ | ૧ પલ્યોપમ |
| ત્રીજો આરો(બે તૃતીયાંશમાં) | ૧ પલ્યોપમ | પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ |
| ત્રીજા આરાના અંતિમ ભાગમાં | પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ | જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ક્રોડપૂર્વ વર્ષ |
| ચોથો આરો | જઘ૦ અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ક્રોડપૂર્વ વર્ષ | જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ સાધિક ૧૦૦ વર્ષ |
| પાંચમો આરો | જઘ૦ અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ સાધિક ૧૦૦ વર્ષ | જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ૨૦ વર્ષ |
| છઠ્ઠો આરો | જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ૨૦ વર્ષ | જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ૧૬ વર્ષ |

★ *આ જ રીતે ઉત્સર્પિણીકાલમાં છ આરાની સ્થિતિ વિપરીત ક્રમથી સમજી લેવી અર્થાત્ અવસર્પિણીકાલના છઠ્ઠા આરાની જે સ્થિતિ છે તે ઉત્સર્પિણીકાલના પહેલા આરાની સ્થિતિ સમજી લેવી. યાવત્ અવસર્પિણીકાલના પહેલા આરાની જે સ્થિતિ કહી છે તે ઉત્સર્પિણીકાલના છઠ્ઠા આરાની સ્થિતિ સમજવી. તેમાં પણ અવસર્પિણીના આરાના અંતમાં જે સ્થિતિ છે તે ઉત્સર્પિણીના આરાના પ્રારંભની સ્થિતિ સમજવી.*

**॥ ચોથું પદ સંપૂર્ણ ॥**

# પાંચમું પદ

## પરિચય

આ પાંચમા પદનું નામ 'વિશેષપદ' છે. છતાં વિષય વર્ણનની અપેક્ષાએ **પજ્જવાપદ** કે **પર્યાયપદ** નામ પણ પ્રચલિત છે.

**'વિશેષ'**શબ્દના બે પ્રકારે અર્થ થાય છે– (૧) જીવાદિ દ્રવ્યોના વિશેષ અર્થાત્ પ્રકાર અને (૨) જીવાદિ દ્રવ્યોના વિશેષ અર્થાત્ તેની પર્યાયો–અવસ્થાઓ.

**પર્યાય**– જૈન દર્શનાનુસાર પ્રત્યેક દ્રવ્ય ધ્રુવ, નિત્ય હોવા છતાં તેમાં પ્રતિક્ષણ ઉત્પાદ, વ્યયરૂપ અવસ્થાઓનું પરિવર્તન થયા જ કરે છે. પ્રત્યેક દ્રવ્યમાં થનારા આ પરિવર્તનને જ **પર્યાય** કહે છે. જેમ એક વ્યક્તિ જન્મ ધારણ કરી મૃત્યુ પામે ત્યાં સુધી તેની શારીરિક રચના, માનસિક સ્થિતિ આદિ દરેકમાં પરિવર્તન થતું જ રહે છે, પરિવર્તન પામતી તે સર્વ અવસ્થાઓને પર્યાય કહે છે.

આ પ્રકારનું પરિવર્તન જીવ અને અજીવ બંને દ્રવ્યમાં થાય છે. તેથી પર્યાયના પણ બે પ્રકાર થાય છે. જીવ પર્યાય અને અજીવપર્યાય.

પ્રસ્તુત પદમાં સૂત્રકારે પર્યાય શબ્દનો બે અર્થમાં પ્રયોગ કર્યો છે– **(૧) પર્યાય– પ્રકાર.** જેમ કે જીવ દ્રવ્યના અનંતા પર્યાય છે. અસંખ્ય નૈરયિકો, અસંખ્ય મનુષ્યો, અસંખ્ય દેવો, અનંતા તિર્યંચો અને અનંતા સિદ્ધો. અહીં અનંત પર્યાયની ગણના જીવના અનંત પ્રકારથી કરી છે. **(૨) પર્યાય– અવસ્થા.** એક જ દ્રવ્યની ભિન્ન ભિન્ન અવસ્થાઓને પર્યાય કહે છે. જેમ કે એક નારકની દ્રવ્યથી, પ્રદેશથી, અવગાહનાથી, સ્થિતિથી, જ્ઞાનાદિથી ભિન્ન-ભિન્ન અવસ્થાઓ થાય છે. તે વિવિધ અવસ્થાઓ નારકની પર્યાય કહેવાય છે, તે પણ અનંત છે. આ રીતે એક જીવની પણ અનંત પર્યાય છે. પ્રસ્તુત પદમાં જીવપર્યાય અને અજીવ પર્યાયનું વિસ્તૃત વર્ણન છે.

**જીવ પર્યાય :–** એક એક જીવના અનંત પર્યાયો સમજાવવા માટે સૂત્રકારે દ્રવ્યાદિ અનેક દષ્ટિકોણથી કથન કર્યું છે. તેમાં એક જીવની અન્ય જીવ સાથે વિવિધ પ્રકારે તુલના કરીને તેની વિશેષતાને પ્રગટ કરી છે.

**દ્રવ્યાર્થ દષ્ટિએ**– દ્રવ્ય દષ્ટિએ સર્વ જીવો પરસ્પર તુલ્ય છે. કારણ કે બધાનું જીવ દ્રવ્ય એક સમાન છે. તેથી દ્રવ્યની અપેક્ષાએ અસંખ્યાતા નૈરયિકો એક સમાન છે. **પ્રદેશની દષ્ટિએ**– પ્રદેશોની અપેક્ષાએ સર્વ નારકી તુલ્ય છે, એક નૈરયિકના આત્મપ્રદેશો અસંખ્યાતા છે, તેમ બધા જ નારકીના પ્રદેશો પણ અસંખ્યાત છે, ન્યૂનાધિક નથી. **અવગાહનાની દષ્ટિએ**– અવગાહના (શરીરની ઊંચાઈ)ની દષ્ટિએ એક નારકી અન્ય નારકીથી હીન, તુલ્ય કે અધિક પણ હોય છે અને તે હીનાધિકતા સંખ્યાત-અસંખ્યાત ભાગ હીનાધિક હોય છે અને સંખ્યાત-અસંખ્યાત ગુણ હીનાધિક પણ હોય છે. આ રીતે તેમાં ચાર પ્રકારે હીનાધિકતા થાય છે. **સ્થિતિની અપેક્ષાએ**– સ્થિતિની દષ્ટિએ પણ તેના અસંખ્યાત પર્યાયો છે. તેમાં ચઉઠાણવડિયા એટલે ચાર બોલોની હીનાધિકતા હોય છે. **વર્ણાદિની અપેક્ષાએ**– નારકીના અનંત-અનંત પર્યાય છે, કારણ કે નૈરયિકોના શરીરમાં એક ગુણ કાળા આદિ વર્ણ, ગંધ, તથા રસ અને સ્પર્શથી લઈને અનંતગુણ કાળા આદિ વર્ણ તથા ગંધ, રસ અને સ્પર્શ હોય શકે છે. તેથી તેમાં સંખ્યાતમા, અસંખ્યાતમા અને અનંતમા ભાગની હીનાધિકતા તથા સંખ્યાત, અસંખ્યાત અને અનંતગુણ હીનાધિકતા; તેમ છ પ્રકારની હીનાધિકતા

થાય છે. તેથી વર્ણાદિની અપેક્ષાએ નૈરયિકોના અનંત પર્યાય છે. **જ્ઞાન-દર્શનની અપેક્ષાએ–** ઉપયોગની દષ્ટિએ પણ નૈરયિકોના અનંત પર્યાય છે. નૈરયિકોને સમુચ્ચય ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન અને ત્રણ દર્શન હોય છે. ક્ષયોપશમની તરતમતાથી તેમાં પણ અનંત ભેદ થાય છે. આ રીતે આ પદમાં નૈરયિકોની જેમ પ્રત્યેક જીવોની વિશેષતાથી વિચારણા થઈ છે.

**અજીવ પર્યાય :–** અજીવ દ્રવ્યના બે ભેદ છે– અરૂપી અજીવ અને રૂપી અજીવ. પ્રસ્તુતમાં રૂપી અજીવના પરમાણુ અને સ્કંધ રૂપ બે ભેદ કરી તેના પર્યાયોનું વિવિધ દષ્ટિકોણથી નિરૂપણ છે. અજીવદ્રવ્યમાં જ્ઞાન-દર્શનનો અભાવ હોવાથી ઉપયોગ સિવાયના પર્યાયોની વિચારણા છે.

**દ્રવ્યાર્થથી–** પ્રત્યેક પરમાણુ સ્વતંત્ર દ્રવ્ય હોવાથી દ્રવ્યની અપેક્ષાએ તુલ્ય છે. **પ્રદેશથી–** પ્રત્યેક પરમાણુ અપ્રદેશી હોવાથી પ્રદેશની અપેક્ષાએ તુલ્ય છે. **અવગાહનાથી–** પ્રત્યેક પરમાણુ એક આકાશપ્રદેશ પર જ સ્થિત હોવાથી અવગાહનાની અપેક્ષાએ એક સમાન છે. **સ્થિતિથી–** પરમાણુની સ્થિતિ જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ અસંખ્યાતકાલની છે. તેથી તેમાં અસંખ્યાતભાગ, સંખ્યાતભાગ, સંખ્યાતગુણ, અસંખ્યાતગુણ, તે ચાર સ્થાનથી ન્યૂનાધિકતા થાય છે. **વર્ણાદિથી–** એક પરમાણુમાં એક વર્ણ, એક ગંધ, એક રસ અને બે સ્પર્શ હોય છે. તેમાં એક થી અનંતગુણની તરતમતા હોવાથી અનંતભાગ, અસંખ્યાતભાગ, સંખ્યાતભાગ, સંખ્યાતગુણ, અસંખ્યાતગુણ અને અનંતગુણ, તે છ સ્થાનથી ન્યૂનાધિકતા થાય છે. આ જ રીતે દ્વિપ્રદેશી સ્કંધથી લઈને અનંતપ્રદેશી સ્કંધ સુધીના પર્યાયોની વિચારણા થાય છે.

અજીવ દ્રવ્યની વિચારણામાં **દ્રવ્યની અપેક્ષાએ** પરમાણુથી અનંતપ્રદેશી સ્કંધનું, **ક્ષેત્રથી** એક પ્રદેશાવગાઢથી અસંખ્ય પ્રદેશાવગાઢ પુદ્‌ગલોનું, **કાલથી** એક સમયથી અસંખ્ય સમયની સ્થિતિવાળા પુદ્‌ગલોનું, **ભાવથી** એકથી અનંત ગુણ કૃષ્ણવર્ણથી રૂક્ષસ્પર્શ પર્યંત ૨૦ બોલની અપેક્ષાએ પર્યાયોનું કથન છે.

ત્યાર પછી સ્થિતિ, અવગાહના અને વર્ણાદિકૃત ભેદોમાં પણ જઘન્ય, ઉત્કૃષ્ટ અને મધ્યમ આ ત્રણેય પ્રકારની અપેક્ષાએ પણ પર્યાયોનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

આ રીતે જીવ અને અજીવ દ્રવ્યોની અનંત પ્રકારની વિવિધતાઓ આ પદમાં પ્રગટ કરવામાં આવી છે.

❖❖❖❖❖

# પાંચમું પદ : વિશેષ(પર્યાય પદ)

**પર્યાયોના પ્રકાર :–**

**१ कइविहा णं भंते ! पज्जवा पण्णत्ता ? गोयमा ! दुविहा पज्जवा पण्णत्ता, तं जहा- जीवपज्जवा य अजीवपज्जवा य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્! પર્યવ(પર્યાયો)ના કેટલા પ્રકાર છે? **ઉત્તર–** હે ગૌતમ! પર્યવ-પર્યાયના બે પ્રકાર છે, તે આ પ્રમાણે છે– (૧) જીવ પર્યાય અને (૨) અજીવ પર્યાય.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં પર્યવના મુખ્ય બે પ્રકારનું કથન છે.

**पज्जवा :–** પર્યવ, પર્યાય. લોકમાં મુખ્ય બે દ્રવ્ય અસ્તિત્વ ધરાવે છે. જીવ દ્રવ્ય અને અજીવ દ્રવ્ય. **गुण पर्यायवद् द्रव्यम्** । ગુણ અને પર્યાયથી યુક્ત હોય તેને દ્રવ્ય કહે છે. દ્રવ્યના અસાધારણ અને સહભાવી ધર્મને ગુણ કહે છે અને દ્રવ્યની વિવિધ અવસ્થાઓને પર્યાય કહે છે. જેમ કે જ્ઞાન, તે જીવ દ્રવ્યનો અસાધારણ અને સહભાવી ધર્મ હોવાથી ગુણ છે અને નારક, તિર્યંચ આદિ વિવિધ અવસ્થાઓ જીવ દ્રવ્યની પર્યાય છે. તે જ રીતે ગુણની પણ વિવિધ અવસ્થાઓ ગુણની પર્યાય છે, યથા– મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન આદિ.

**पज्जवा** = પર્યવ, પર્યાય, અવસ્થાઓ, વિશેષ આદિ પર્યાયવાચી શબ્દો છે. દ્રવ્યના વિવિધ પ્રકારના પરિણમનને પર્યાય કહે છે.

દ્રવ્યના મુખ્ય બે ભેદ હોવાથી પર્યાયના પણ બે ભેદ છે. જીવ દ્રવ્યની વિવિધ અવસ્થાઓ કે જીવ દ્રવ્યની વિશેષતાઓ **જીવ પર્યાય** છે અને અજીવ દ્રવ્યની વિવિધ અવસ્થાઓ કે વિશેષતાઓ **અજીવ પર્યાય** છે.

**જીવ પર્યાય :–**

**२ जीवपज्जवा णं भंते ! किं संखेज्जा, असंखेज्जा, अणंता ? गोयमा ! णो संखेज्जा, णो असंखेज्जा, अणंता ।**

**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ जीवपज्जवा णो संखेज्जा णो असंखेज्जा अणंता? गोयमा ! असंखेज्जा णेरइया, असंखेज्जा असुरकुमारा, असंखेज्जा णागकुमारा, असंखेज्जा सुवण्णकुमारा, असंखेज्जा विज्जुकुमारा, असंखेज्जा अग्गिकुमारा, असंखेज्जा दीवकुमारा, असंखेज्जा उदहिकुमारा, असंखेज्जा दिसाकुमारा, असंखेज्जा वाउकुमारा, असंखेज्जा थणियकुमारा, असंखेज्जा पुढविकाइया, असंखेज्जा आउकाइया, असंखेज्जा तेउकाइया, असंखेज्जा वाउकाइया, अणंता वणस्सइकाइया, असंखेज्जा बेइंदिया, असंखेज्जा तेइंदिया, असंखेज्जा चउरिंदिया, असंखेज्जा पंचिंदियतिरिक्खजोणिया, असंखेज्जा मणुस्सा, असंखेज्जा वाणमंतरा, असंखेज्जा जोइसिया, असंखेज्जा वेमाणिया, अणंता सिद्धा, से एएणट्ठेणं**

**गोयमा ! एवं वुच्चइ ते णं णो संखेज्जा णो असंखेज्जा, अणंता ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જીવ પર્યાયો શું સંખ્યાત છે, અસંખ્યાત છે કે અનંત છે ? **ઉત્તર–** હે ગૌતમ ! સંખ્યાત નથી, અસંખ્યાત નથી પરંતુ અનંત છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે જીવ પર્યાયો સંખ્યાત નથી, અસંખ્યાત નથી પરંતુ અનંત છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અસંખ્યાત નૈરયિકો છે, અસંખ્યાત અસુરકુમાર દેવો, અસંખ્યાત નાગકુમારો, અસંખ્યાત સુવર્ણકુમારો, અસંખ્યાત વિદ્યુત્કુમારો, અસંખ્યાત અગ્નિકુમારો, અસંખ્યાત દ્વીપકુમારો, અસંખ્યાત ઉદધિકુમારો, અસંખ્યાત દિશાકુમારો, અસંખ્યાત વાયુકુમારો, અસંખ્યાત સ્તનિતકુમારો, અસંખ્યાત પૃથ્વીકાયિકો, અસંખ્યાત અપ્કાયિકો, અસંખ્યાત તેજસ્કાયિકો, અસંખ્યાત વાયુકાયિકો, **અનંત વનસ્પતિકાયિકો**, અસંખ્યાત બેઇન્દ્રિયો, અસંખ્યાત તેઇન્દ્રિયો, અસંખ્યાત ચૌરેન્દ્રિયો, અસંખ્યાત પંચેન્દ્રિય તિર્યંચયોનિકો, અસંખ્યાત મનુષ્યો, અસંખ્યાત વાણવ્યંતર દેવો, અસંખ્યાત જ્યોતિષીદેવો, અસંખ્યાત વૈમાનિક દેવો અને **અનંતસિદ્ધો** છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં જીવની સંખ્યાપેક્ષયા અનંત પર્યાયનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

આ સૂત્રથી સ્પષ્ટ થાય છે કે લોકમાં અનંત જીવો છે અને તે દરેક જીવમાં કર્મના ઉદય, ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષયજન્ય વિવિધ પરિણામો થતાં હોવાથી એક-એક જીવમાં પણ અનંત પર્યાયો થાય છે, તે જ રીતે અનંત જીવોમાં અનંતાનંત પર્યાય થાય છે.

**નૈરયિકોના અનંતપર્યાયોઃ :–**

**३ णेरइयाणं भंते ! केवइया पज्जवा पण्णत्ता ? गोयमा ! अणंता पज्जवा पण्णत्ता । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ णेरइयाणं अणंता पज्जवा पण्णत्ता ?**

**गोयमा ! णेरइए णेरइयस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले; ओगाहणट्ठयाए सिय हीणे सिय तुल्ले सिय अब्भहिए; जइ हीणे असंखेज्जइभागहीणे वा संखेज्जइभागहीणे वा संखेज्जगुणहीणे वा असंखेज्जगुणहीणे वा; अह अब्भहिए असंखेज्जइभागमब्भहिए वा संखेज्जइभागमब्भहिए वा संखेज्जगुणमब्भहिए वा असंखेज्जगुणमब्भहिए वा;**

**ठिईए सिय हीणे सिय तुल्ले सिय अब्भहिए; जइ हीणे असंखेज्जइभागहीणे वा संखेज्जइभागहीणे वा संखेज्जगुणहीणे वा असंखेज्जगुणहीणे वा; अह अब्भहिए असंखेज्जइ-भागमब्भहिए वा संखेज्जइभागमब्भहिए वा संखेज्जगुणमब्भहिए वा असंखेज्जगुणमब्भहिए वा;**

**कालवण्णपज्जवेहिं सिय हीणे सिय तुल्ले सिय अब्भहिए; जइ हीणे अणंतभागहीणे वा असंखेज्जभागहीणे वा संखेज्जभागहीणे वा संखेज्जगुणहीणे वा असंसेज्जगुणहीणे वा अणंतगुणहीणे वा; अह अब्भहिए अणंतभागमब्भहिए वा असंखेज्जइभागमब्भहिए वा संखेज्जइभागमब्भहिए वा संखेज्जगुणमब्भहिए वा असंखेज्जगुणमब्भहिए वा अणंतगुण-**

**मब्भहिए वा; णीलवण्णपज्जवेहिं लोहियवण्णपज्जवेहिं पीयवण्णपज्जवेहिं हालिद्दवण्ण-पज्जवेहिं सुक्किलवण्णपज्जवेहिं य छट्ठाणवडिए; सुब्भिगंधपज्जवेहिं दुब्भिगंधपज्जवेहि य छट्ठाणवडिए; तित्तरसपज्जवेहिं कडुयरसपज्जवेहिं कसायरसपज्जवेहिं अंबिलरसपज्जवेहिं महुररसपज्जवेहिं य छट्ठाणवडिए; कक्खडफासपज्जवेहिं मउयफासपज्जवेहिं गरुयफास-पज्जवेहिं लहुयफासपज्जवेहिं सीयफासपज्जवेहिं उसिणफासपज्जवेहिं णिद्धफासपज्जवेहिं लुक्खफासपज्जवेहिं य छट्ठाणवडिए; आभिणिबोहियणाणपज्जवेहिं सुयणाणपज्जवेहिं ओहिणाणपज्जवेहिं मइअण्णाणपज्जवेहिं सुयअण्णाणपज्जवेहिं विभंगणाणपज्जवेहिं चक्खुदंसणपज्जवेहिं अचक्खुदंसणपज्जवेहिं ओहिदंसणपज्जवेहिं य छट्ठाणवडिए, एएणट्ठेणं गोयमा ! एवं वुच्चइ णेरइयाणं णो संखेज्जा, णो असंखेज्जा; अणंता पज्जवा पण्णत्ता ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! નૈરયિકોના કેટલા પર્યાયો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંત પર્યાયો છે.

**પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે નૈરયિકોના અનંત પર્યાયો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! એક નારકી બીજા નારકીથી– **દ્રવ્યની અપેક્ષાએ** તુલ્ય છે, **પ્રદેશોની અપેક્ષાએ** તુલ્ય છે; **અવગાહનાની અપેક્ષાએ** કથંચિત્ હીન, કથંચિત્ તુલ્ય અને કથંચિત્ અધિક છે. જો હીન હોય તો અસંખ્યાતમો ભાગ હીન, સંખ્યાતમોભાગ હીન, સંખ્યાતગુણ હીન કે અસંખ્યાતગુણ હીન છે. જો અધિક હોય તો અસંખ્યાતમો ભાગ અધિક, સંખ્યાતમોભાગ અધિક, સંખ્યાતગુણ અધિક કે અસંખ્યાતગુણ અધિક છે.

**સ્થિતિની અપેક્ષાએ :–** એક નારકી બીજા નારકીથી કથંચિત્ હીન, કથંચિત્ તુલ્ય અને કથંચિત્ અધિક છે. જો હીન હોય તો અસંખ્યાતમો ભાગ હીન, સંખ્યાતમો ભાગ હીન, સંખ્યાતગુણ હીન કે અસંખ્યાતગુણ હીન હોય છે અને જો અધિક હોય તો અસંખ્યાતમો ભાગ અધિક, સંખ્યાતમો ભાગ અધિક, સંખ્યાતગુણ અધિક કે અસંખ્યાતગુણ અધિક હોય છે.

**કૃષ્ણવર્ણ પર્યાયોની અપેક્ષાએ :–** એક નારકી બીજા નારકીથી કદાચિત્ હીન, કદાચિત્ તુલ્ય અને કદાચિત્ અધિક હોય છે. જો હીન હોય તો અનંતમોભાગ હીન, અસંખ્યાતમોભાગ હીન, સંખ્યાતમોભાગ હીન, સંખ્યાતગુણ હીન, અસંખ્યાતગુણ કે અનંતગુણ હીન હોય છે. જો અધિક હોય તો અનંતમોભાગ અધિક, અસંખ્યાતમોભાગ અધિક કે સંખ્યાતમોભાગ અથવા સંખ્યાતગુણ અધિક, અસંખ્યાતગુણ અધિક કે અનંતગુણ અધિક છે.

તે જ રીતે નીલવર્ણ પર્યાયો, લાલવર્ણ પર્યાયો, પીળોવર્ણ પર્યાયો, સફેદ વર્ણ પર્યાયોની અપેક્ષાએ છસ્થાનની હીનાધિકતા હોય છે, સુરભિગંધ પર્યાયો અને દુરભિગંધ પર્યાયોની અપેક્ષાએ પણ છસ્થાનની હીનાધિકતા હોય છે, તિક્તરસપર્યાયો, કટુરસપર્યાયો, કષાયરસપર્યાયો, આમ્લરસપર્યાયો તથા મધુરરસ પર્યાયોની અપેક્ષાએ-છસ્થાનની હીનાધિકતા હોય છે અને કર્કશસ્પર્શ પર્યાયો, મૃદુસ્પર્શ પર્યાયો, ગુરુસ્પર્શ પર્યાયો, લઘુસ્પર્શ પર્યાયો, શીતસ્પર્શ પર્યાયો, ઉષ્ણસ્પર્શ પર્યાયો, સ્નિગ્ધસ્પર્શ પર્યાયો તથા રૂક્ષસ્પર્શ પર્યાયોની અપેક્ષાએ એક નારકીથી બીજા નારકીમાં છસ્થાનની હીનાધિકતા હોય છે.

આ રીતે આભિનિબોધિકજ્ઞાન પર્યાયો, શ્રુતજ્ઞાન પર્યાયો, અવધિજ્ઞાનપર્યાયો, મતિઅજ્ઞાન પર્યાયો, શ્રુતઅજ્ઞાનપર્યાયો, વિભંગજ્ઞાનપર્યાયો, ચક્ષુદર્શનપર્યાયો, અચક્ષુદર્શનપર્યાયો તથા

અવધિદર્શનપર્યાયોની અપેક્ષાએ એક નારકીથી બીજા નારકીમાં છસ્થાનની હીનાધિકતા હોય છે. હે ગૌતમ ! તેથી એ પ્રમાણે કહ્યું છે કે નારકોના પર્યાયો સંખ્યાત નથી, અસંખ્યાત નથી, પરંતુ અનંત છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં નારકોના અનંત પર્યાયોનું કથન છે.

સામાન્ય રીતે અનંત જીવ દ્રવ્યના અનંત પર્યાયો થઈ શકે છે પરંતુ પ્રસ્તુત સૂત્રમાં સૂત્રકારે કોઈ પણ એક જીવ દ્રવ્યના પણ અનંત પર્યાયોની સિદ્ધિ કરી છે.

**દ્રવ્યની અપેક્ષાએ નૈરયિકોમાં તુલ્યતા :–** પ્રત્યેક નારકી બીજા નારકીથી દ્રવ્યની દષ્ટિએ તુલ્ય છે, પ્રત્યેક નારક પોત-પોતાનામાં પરિપૂર્ણ, સ્વતંત્ર જીવ દ્રવ્ય છે. કોઈ પણ દ્રવ્ય પર્યાયોથી સર્વથા રહિત હોતું નથી; તેમ છતાં પર્યાયોની વિવક્ષા ન કરતા કેવળ શુદ્ધ દ્રવ્યની વિવક્ષા કરીએ તો એક નારકીથી બીજા નારકીમાં કોઈ વિશેષતા નથી. દ્રવ્યની દષ્ટિએ તેમાં કોઈ ભેદ નથી. દ્રવ્યની અપેક્ષાએ સર્વ નારકી એક સમાન છે.

**પ્રદેશોની અપેક્ષાએ નૈરયિકોમાં તુલ્યતા :–** પ્રદેશોની અપેક્ષાએ પણ બધા નારકી પરસ્પર તુલ્ય છે, કારણ કે પ્રત્યેક નારકીના આત્મપ્રદેશો લોકાકાશના પ્રદેશો પ્રમાણ અસંખ્યાતા હોય છે. કોઈપણ નારકીના આત્મપ્રદેશોમાં કિંચિત્ પણ ન્યૂનાધિકતા નથી.

**અવગાહનાની અપેક્ષાએ નૈરયિકોમાં હીનાધિકતા :–** અવગાહનાનો અર્થ સામાન્ય રીતે આકાશપ્રદેશોનું અવગાહન કરવું, આકાશ પ્રદેશમાં સમાઈ જવું અર્થાત્ જેટલા આકાશપ્રદેશ ઉપર આત્મા રહે તેટલા આકાશપ્રદેશની અવગાહનામાં ગણના થાય છે પરંતુ અહીં અવગાહનાનો અર્થ શરીરની ઊંચાઈ થાય છે. અવગાહના–શરીરની ઊંચાઈની અપેક્ષાએ બધા નારકી તુલ્ય નથી. જેવી રીતે રત્નપ્રભા પૃથ્વીના નૈરયિકોની વૈક્રિયશરીરની અવગાહના જઘન્ય અવગાહના અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ સાત ધનુષ, ત્રણ હાથ(પોણા આઠ ધનુષ) અને છ અંગુલની છે. ત્યાર પછીની નરક પૃથ્વીઓમાં અવગાહના ઉત્તરોત્તર બમણી-બમણી છે. સાતમી નરક પૃથ્વીમાં અવગાહના જઘન્ય અંગુલના અસંખ્યાતમા ભાગની અને ઉત્કૃષ્ટ પાંચસો ધનુષની છે. આ દષ્ટિએ એક નારકીની અવગાહના બીજા નારકીની અવગાહનાથી હીન પણ હોય છે, અધિક પણ હોય છે અને તુલ્ય પણ હોય છે, જો હીન હોય તો એક નારકીની બીજા નારકીથી અવગાહના અસંખ્યાતમોભાગ કે સંખ્યાતમોભાગ હીન, સંખ્યાતગુણ કે અસંખ્યાતગુણ હીન હોય છે અને જો અધિક હોય તો અસંખ્યાતમોભાગ કે સંખ્યાતમોભાગ અધિક, સંખ્યાતગુણ કે અસંખ્યાતગુણ અધિક હોય છે. આ ચાર પ્રકારની હીનાધિકતા ચૌઠાણવડિયા કહેવાય છે.

**સ્થિતિની અપેક્ષાએ નૈરયિકોની ન્યૂનાધિકતા :–** સ્થિતિની અપેક્ષાએ પણ નૈરયિકોમાં સમાનતા હોતી નથી. ક્યારેક બે નૈરયિકોની સ્થિતિ સમાન હોય અને ક્યારેક અસમાન હોય છે. જો નૈરયિકોની અસમાન સ્થિતિ હોય, તો તેમાં ચૌઠાણવડિયા ન્યૂનાધિકતા હોય છે. એક નારકીની સ્થિતિ, બીજા નારકીની સ્થિતિથી અસંખ્યાતમો ભાગ, સંખ્યાતમો ભાગ હીન કે અધિક હોય છે તથા સંખ્યાતગુણ અને અસંખ્યાતગુણ હીન કે અધિક હોય છે, યથા– (૧) એક નારકીની તેત્રીસ સાગરોપમની સ્થિતિ છે અને બીજા નારકીની એક-બે સમય ન્યૂન તેત્રીસ સાગરોપમની સ્થિતિ છે. તેમાં એક-બે સમય ન્યૂન તેત્રીસ સાગરોપમની સ્થિતિવાળો નારકી તેત્રીસ સાગરોપમની સ્થિતિવાળા નારકીથી અસંખ્યાતમો ભાગ હીન કહેવાય અને પૂર્ણ તેત્રીસ સાગરોપમની સ્થિતિવાળો નારકી એક-બે સમય ન્યૂન તેત્રીસ સાગરોપમની સ્થિતિવાળા નારકીથી **અસંખ્યાતમો ભાગ અધિક** કહેવાય. કારણ કે એક-બે સમય, સાગરોપમનો અસંખ્યાતમો ભાગ છે. (૨)

એક નારકીની તેત્રીસ સાગરોપમની સ્થિતિ છે અને બીજા નારકીની એક પલ્યોપમ ન્યૂન તેત્રીસ સાગરોપમની સ્થિતિ છે. દશ ક્રોડાક્રોડી પલ્યોપમનો એક સાગરોપમ થાય છે. તેથી એક પલ્યોપમ હીન સ્થિતિવાળો નારકી, તેત્રીસ સાગરોપમની સ્થિતિવાળા નૈરયિકથી **સંખ્યાતમો ભાગ હીન** સ્થિતિવાળો અને તેત્રીસ સાગરોપમની સ્થિતિવાળો નારકી પહેલાની અપેક્ષાએ **સંખ્યાતમો ભાગ અધિક** સ્થિતિ- વાળો કહેવાય છે. (૩) એક નારકીની એક સાગરોપમની સ્થિતિ છે અને બીજા નારકીની તેત્રીસ સાગરોપમની સ્થિતિ છે. તેમાં એક સાગરોપમ સ્થિતિવાળો નૈરયિક, તેત્રીસ સાગરોપમવાળા નૈરયિકની અપેક્ષાએ **સંખ્યાતગુણહીન** અને તેત્રીસ સાગરોપમવાળો નૈરયિક એક સાગરોપમવાળા નૈરયિકથી **સંખ્યાતગુણ અધિક** કહેવાય છે. (૪) એક નારકીની દશ હજાર વર્ષની સ્થિતિ છે અને બીજા નારકીની તેત્રીસ સાગરોપમની સ્થિતિ છે. દશ હજાર વર્ષને અસંખ્યાતવાર ગુણા કરીએ ત્યારે તેત્રીસ સાગરોપમ થાય છે. તેથી દશ હજાર વર્ષની સ્થિતિવાળ ો નારકી, તેત્રીસ સાગરોપમની સ્થિતિવાળા નારકી કરતાં **અસંખ્યાતગુણ હીન** અને તેત્રીસ સાગરોપમની સ્થિતિવાળો નારકી, દશ હજાર વર્ષની સ્થિતિવાળા નારકીથી **અસંખ્યાતગુણ અધિક** કહેવાય છે. આ રીતે નારકીમાં સ્થિતિની અપેક્ષાએ ચૌઠાણવડિયા ન્યૂનાધિકતા સંભવે છે. જીવોના સ્થિતિ સ્થાનો અસંખ્યાતા છે તેથી કોઈ પણ જીવોની સ્થિતિમાં અનંતભાગ કે અનંતગુણ હાનિવૃદ્ધિ થતી નથી.

**વર્ણાદિના પર્યાયોની અપેક્ષાએ ન્યૂનાધિકતા :–** પુદ્‌ગલવિપાકી નામ કર્મના ઉદયથી નારકીઓના શરીરના વર્ણ, ગંધ, રસ અને સ્પર્શમાં છસ્થાનની હીનાધિકતા હોય છે. જેમ કે– કાળાવર્ણના પર્યાયોની અપેક્ષાએ એક નારકી બીજા નારકીથી અનંતમો ભાગહીન, અસંખ્યાતમો ભાગહીન, સંખ્યાતમો ભાગહીન અથવા સંખ્યાતગુણ, અસંખ્યાતગુણ કે અનંતગુણ હીન હોય છે અને જો અધિક હોય તો અનંતમો ભાગ, અસંખ્યાતમો ભાગ કે સંખ્યાતમો ભાગ અથવા સંખ્યાતગુણ, અસંખ્યાતગુણ કે અનંતગુણ અધિક હોય છે.

**જ્ઞાન-દર્શન પર્યાયોની અપેક્ષાએ–** નારકીને ભવ પ્રત્યયિક ત્રણ જ્ઞાન અથવા ત્રણ અજ્ઞાન અને ત્રણ દર્શન હોય છે. પ્રત્યેક જ્ઞાન, દર્શનના પણ અનંત-અનંત પર્યાયો છે. તેમાં પણ પૂર્વવત્ છસ્થાનની ન્યૂનાધિકતા હોય છે.

**નારકીના પર્યાયોમાં ન્યૂનાધિકતા :–**

| દ્રવ્યથી | પ્રદેશથી | અવગાહનાથી | સ્થિતિથી | વર્ણાદિથી | જ્ઞાન–દર્શનથી |
|---|---|---|---|---|---|
| તુલ્ય | તુલ્ય | તુલ્ય<br>અથવા<br>ચૌઠાણવડિયા | તુલ્ય<br>અથવા<br>ચૌઠાણવડિયા | તુલ્ય<br>અથવા<br>છટ્ઠાણવડિયા | ૩ જ્ઞાન, ૩ અજ્ઞાન<br>૩ દર્શન = ૯ ઉપયોગ<br>છટ્ઠાણવડિયા |

**એકઠાણવડિયા આદિ હીનાધિકતા :–** જીવોના પર્યાયોમાં ક્યાંક એક પ્રકારે, ક્યાંક બે પ્રકારે, ત્રણ પ્રકારે, ચાર પ્રકારે અને છ પ્રકારે, એમ પાંચ રીતે હાનિવૃદ્ધિ થાય છે. તેને ક્રમશઃ એકઠાણવડિયા, દુટ્ઠાણવડિયા, તિટ્ઠાણવડિયા, ચૌઠાણવડિયા અને છટ્ઠાણવડિયા હીનાધિકતા કહે છે. તેનું સ્વરૂપ આ પ્રમાણે છે–

**એકઠાણવડિયા–** જ્યાં માત્ર અસંખ્યાતમો ભાગ હાનિવૃદ્ધિ હોય તે. **દુટ્ઠાણવડિયા–** જ્યાં (૧) અસંખ્યાતમો ભાગ અને (૨) સંખ્યાતમોભાગ, આ બે પ્રકારે હાનિવૃદ્ધિ હોય તે. **તિટ્ઠાણવડિયા–** જ્યાં (૧) અસંખ્યાતમો ભાગ (૨) સંખ્યાતમો ભાગ અને (૩) સંખ્યાતગુણ, એમ ત્રણ પ્રકારે હાનિવૃદ્ધિ હોય તે. **ચૌઠાણવડિયા–** જ્યાં (૧) અસંખ્યાતમો ભાગ (૨) સંખ્યાતમો ભાગ (૩) સંખ્યાતગુણ અને (૪) અસંખ્યાત ગુણ, એમ ચાર પ્રકારે હાનિવૃદ્ધિ હોય તે. **છટ્ઠાણવડિયા–** જ્યાં (૧) અનંતમોભાગ (૨)

અસંખ્યાતમો ભાગ (૩) સંખ્યાતમો ભાગ (૪) સંખ્યાતગુણ (૫) અસંખ્યાતગુણ અને (૬) અનંતગુણ, એમ છ પ્રકારે હાનિ વૃદ્ધિ હોય તે.

**અસત્ કલ્પનાથી છટ્ઠાણવડીયા ન્યૂનાધિકતાનું સ્વરૂપ :–** ન્યૂનાધિકતાના કુલ છ સ્થાન છે. તેને માટે જૈનદર્શનમાં છટ્ઠાણવડિયા શબ્દ પ્રયોગ થાય છે. તેમાં છ સ્થાન હાનિના અને છ સ્થાન વૃદ્ધિના છે. હીનાધિકતા (ન્યૂનાધિકતા) પરસ્પર સાપેક્ષ હોય છે અર્થાત્ એક વસ્તુ બીજી વસ્તુથી હીન હોય, તો તે બીજી વસ્તુ પહેલી વસ્તુથી અધિક હોય છે. પ્રસ્તુતમાં ન્યૂનાધિકતાના છ સ્થાન આ પ્રમાણે છે–

| **હાનિના છ સ્થાન** | **વૃદ્ધિના છ સ્થાન** |
|---|---|
| (૧) અનંતમો ભાગ હીન | (૧) અનંતમો ભાગ અધિક |
| (૨) અસંખ્યાતમો ભાગ હીન | (૨) અસંખ્યાતમો ભાગ અધિક |
| (૩) સંખ્યાતમો ભાગ હીન | (૩) સંખ્યાતમો ભાગ અધિક |
| (૪) સંખ્યાતગુણ હીન | (૪) સંખ્યાતગુણ અધિક |
| (૫) અસંખ્યાતગુણ હીન | (૫) અસંખ્યાતગુણ અધિક |
| (૬) અનંતગુણ હીન | (૬) અનંતગુણ અધિક |

છટ્ઠાણવડિયાના સ્વરૂપને સમજાવવા વૃત્તિકારે અસત્ કલ્પના કરી છે. અસત્ કલ્પનાથી અનંતાનંત પર્યાયો ૧૦,૦૦૦ પ્રમાણ છે. અનંતમા ભાગને સમજવા માટે અનંત જીવરાશિ ૧૦૦ પ્રમાણ છે. અસંખ્યાતમા ભાગને સમજવા માટે લોકાકાશના અસંખ્યાત પ્રદેશો ૫૦ પ્રમાણ છે અને સંખ્યાતમા ભાગને સમજવા માટે સંખ્યાતાની રાશિ ૧૦ પ્રમાણ છે અર્થાત્ અનંતાનંત પર્યાય = ૧૦,૦૦૦, અનંત = ૧૦૦ અસંખ્યાત = ૫૦ અને સંખ્યાત = ૧૦ ધારવા.

**(૧) અનંત ભાગ હીન-અધિક :–** અનંત પર્યાયોને અનંતની રાશિથી ભાગતાં જે ભાગ આવે તે અનંતમો ભાગ કહેવાય. યથા– ૧૦,૦૦૦ પર્યાયોને અનંતરાશિ રૂપ ૧૦૦થી ભાગતા,૧૦,૦૦૦÷૧૦૦ = ૧૦૦ આવે. 'સો' તે દશ હજારનો અનંતમો ભાગ છે. તેને ૧૦,૦૦૦માંથી ન્યૂન કરીએ, તો તે અનંતમો ભાગ હીન કહેવાય. યથા– ૧૦,૦૦૦–૧૦૦ = ૯,૯૦૦. ૧૦,૦૦૦ની અપેક્ષાએ ૯,૯૦૦ની સંખ્યા અનંતમો ભાગ હીન અને ૯,૯૦૦ની અપેક્ષાએ ૧૦,૦૦૦ની સંખ્યા અનંતમો ભાગ અધિક કહેવાય છે.

**(૨) અસંખ્યાત ભાગ હીન-અધિક :–** અનંત પર્યાયોને અસંખ્યાતની રાશિથી ભાગતાં જે ભાગ આવે તે અસંખ્યાતમો ભાગ કહેવાય. યથા– ૧૦,૦૦૦ પર્યાયોને અસંખ્યાતની રાશિ રૂપ ૫૦ થી ભાગતાં, ૧૦,૦૦૦÷૫૦ = ૨૦૦ આવે. 'બસો' તે દશ હજારનો અસંખ્યાતમો ભાગ છે. તેને ૧૦,૦૦૦માંથી ન્યૂન કરતાં અસંખ્યાતમો ભાગ હીન થાય છે. યથા– ૧૦,૦૦૦–૨૦૦ = ૯,૮૦૦. ૧૦,૦૦૦ની અપેક્ષાએ ૯,૮૦૦ અસંખ્યાતમો ભાગ હીન છે અને ૯,૮૦૦ની અપેક્ષાએ ૧૦,૦૦૦ અસંખ્યાતમો ભાગ અધિક છે.

**(૩) સંખ્યાત ભાગ હીન-અધિક :–** અનંત પર્યાયોને સંખ્યાતાની રાશિથી ભાગતાં જે ભાગ આવે તે સંખ્યાતમો ભાગ કહેવાય. યથા– ૧૦,૦૦૦ પર્યાયોને સંખ્યાતાની રાશિ રૂપ દશથી ભાગતાં, ૧૦,૦૦૦÷ ૧૦ = ૧,૦૦૦ આવે. 'એક હજાર' તે દશ હજારનો સંખ્યાતમો ભાગ છે. તેને ૧૦,૦૦૦માંથી ન્યૂન કરતાં અસંખ્યાતમો ભાગ હીન થાય છે. યથા– ૧૦,૦૦૦–૧૦૦૦ = ૯,૦૦૦. ૧૦,૦૦૦ની અપેક્ષાએ ૯,૦૦૦ સંખ્યાતમો ભાગ હીન છે અને ૯,૦૦૦ની અપેક્ષાએ ૧૦,૦૦૦ સંખ્યાતમો ભાગ અધિક છે.

**(૪) સંખ્યાત ગુણ હીન-અધિક :–** અનંત પર્યાયોને સંખ્યાતાની રાશિથી ગુણતાં જે રાશિ આવે તે સંખ્યાત ગુણ કહેવાય. અસત્ કલ્પનાથી અનંત પર્યાયો ૧૦૦૦ છે. તેને સંખ્યાતની રાશિ દશ વડે ગુણતાં ૧૦૦૦×૧૦ = ૧૦,૦૦૦ આવે. ૧૦,૦૦૦ની અપેક્ષાએ ૧,૦૦૦ સંખ્યાતગુણ હીન છે અને ૧,૦૦૦ની અપેક્ષાએ ૧૦,૦૦૦ સંખ્યાતગુણ અધિક છે.

**(૫) અસંખ્યાત ગુણ હીન-અધિક :–** અનંત પર્યાયોને અસંખ્યાતની રાશિથી ગુણતાં જે રાશિ આવે તે અસંખ્યાત ગુણ કહેવાય. અસત્ કલ્પનાથી અનંત પર્યાયો ૨૦૦ છે. તેને અસંખ્યાતની રાશિ ૫૦ વડે ગુણતાં ૨૦૦×૫૦ = ૧૦,૦૦૦ આવે છે. ૧૦,૦૦૦ની અપેક્ષાએ ૨૦૦ અસંખ્યાતગુણ હીન છે અને ૨૦૦ની અપેક્ષાએ ૧૦,૦૦૦ અસંખ્યાતગુણ અધિક છે.

**(૬) અનંતગુણ હીન-અધિક :–** અનંત પર્યાયોને અનંતની રાશિથી ગુણતાં જે રાશિ આવે તે અનંતગુણ કહેવાય. અસત્ કલ્પનાથી અનંત પર્યાયો ૧૦૦ છે. તેને અનંતની રાશિ રૂપ ૧૦૦ વડે ગુણતાં ૧૦૦×૧૦૦ = ૧૦,૦૦૦ આવે છે. ૧૦,૦૦૦ની અપેક્ષાએ ૧૦૦ અનંતગુણ હીન છે અને ૧૦૦ની અપેક્ષાએ ૧૦,૦૦૦ અનંતગુણ અધિક છે.

**નોંધ–** *સંખ્યાત ગુણ આદિના સ્વરૂપને સમજવા માટે ગુણાકાર કરતાં પ્રત્યેકનો જવાબ ૧૦,૦૦૦ આવે તેથી અનંત પર્યાયોની કાલ્પનિક રાશિમાં તરતમતા કરી છે.*

**અસત્કલ્પના દ્વારા ષટ્સ્થાનપતિત :–**

| ષટ્સ્થાન હીન | | | | ષટ્સ્થાન અધિક | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧૦,૦૦૦ની અપેક્ષાએ | ૯,૯૦૦ | અનંતભાગહીન | ૧ | ૯,૯૦૦ની અપેક્ષાએ | ૧૦, ૦૦૦ | અનંતભાગ અધિક |
| ૨ | ૧૦, ૦૦૦ની અપેક્ષાએ | ૯,૮૦૦ | અસંખ્યાતભાગહીન | ૨ | ૯,૮૦૦ની અપેક્ષાએ | ૧૦, ૦૦૦ | અસંખ્યાતભાગ અધિક |
| ૩ | ૧૦, ૦૦૦ની અપેક્ષાએ | ૯,૦૦૦ | સંખ્યાતભાગહીન | ૩ | ૯૦૦૦ની અપેક્ષાએ | ૧૦, ૦૦૦ | સંખ્યાતભાગ અધિક |
| ૪ | ૧૦, ૦૦૦ની અપેક્ષાએ | ૧,૦૦૦ | સંખ્યાતગુણહીન | ૪ | ૧૦૦૦ની અપેક્ષાએ | ૧૦, ૦૦૦ | સંખ્યાતગુણ અધિક |
| ૫ | ૧૦, ૦૦૦ની અપેક્ષાએ | ૨૦૦ | અસંખ્યાતગુણહીન | ૫ | ૨૦૦ની અપેક્ષાએ | ૧૦, ૦૦૦ | અસંખ્યાતગુણ અધિક |
| ૬ | ૧૦, ૦૦૦ની અપેક્ષાએ | ૧૦૦ | અનંતગુણહીન | ૬ | ૧૦૦ની અપેક્ષાએ | ૧૦, ૦૦૦ | અનંતગુણ અધિક |
| **નોંધ :** કોઈ પણ બે જીવોના પર્યાયોમાં આ ષટ્સ્થાનની અપેક્ષાએ જ ન્યૂનાધિકતા હોય છે. | | | | | | | |

**નૈરયિકોની અવગાહના ચૌઠાણવડિયા ન્યૂનાધિકતાનું સ્પષ્ટીકરણ :–** જીવોની અવગાહનાના અસંખ્યાત સ્થાન જ છે. તેથી તેમાં અનંત ભાગ હાનિ-વૃદ્ધિ કે અનંતગુણ હાનિ-વૃદ્ધિ થતી નથી. નૈરયિકોની અવગાહનામાં ઉપરોક્ત છસ્થાનમાંથી ચારસ્થાનની હાનિ વૃદ્ધિ કહી છે. જેમ કે– (૧) એક નારકીની અવગાહના ૫૦૦ (પાંચસો) ધનુષની છે અને બીજા નારકીની અવગાહના અંગુલનો અસંખ્યાતમો ભાગ ન્યૂન(ઓછી) ૫૦૦ ધનુષની છે. અંગુલનો અસંખ્યાતમો ભાગ તે પાંચસો ધનુષનો અસંખ્યાતમો ભાગ છે, તેથી અંગુલનો અસંખ્યાતમો ભાગ ન્યૂન ૫૦૦ ધનુષની અવગાહનાવાળો નારકી, સંપૂર્ણ ૫૦૦(પાંચસો) ધનુષની અવગાહનાવાળા નારકીની અપેક્ષાએ **અસંખ્યાતમો ભાગ હીન** છે અને ૫૦૦ ધનુષની અવગાહના-વાળો નારકી, ન્યૂનઅવગાહનાવાળા કરતાં **અસંખ્યાતમો ભાગ અધિક છે.** (૨) એક નારકીની ૫૦૦ ધનુષની અવગાહના છે અને બીજા નારકીની ૪૯૮ ધનુષની અવગાહના છે. બે ધનુષ, પાંચસો ધનુષનો સંખ્યાતમો ભાગ છે. તેથી બીજો નારકી પહેલા નારકીથી **સંખ્યાતમો ભાગ હીન છે.** જ્યારે પહેલો ૫૦૦ ધનુષવાળો નારકી

૪૯૮ ધનુષની અપેક્ષાએ **સંખ્યાતમો ભાગ અધિક છે.** (૩) એક નારકીની એકસો પચ્ચીસ(૧૨૫) ધનુષની અવગાહના છે અને બીજા નારકીની પાંચસો(૫૦૦) ધનુષની અવગાહના છે. એકસો પચ્ચીસના ચાર ગુણા(૧૨૫×૪ =) પાંચસો ધનુષ થાય છે. તેથી એકસો પચ્ચીસ(૧૨૫) ધનુષની અવગાહનાવાળો નારકી, ૫૦૦ ધનુષની અવગાહનાવાળા નારકીથી **સંખ્યાતગુણ હીન** છે અને ૫૦૦ ધનુષની અવગાહનાવાળો એકસો પચ્ચીસ ધનુષની અવગાહનાવાળા નારકીથી **સંખ્યાતગુણ અધિક છે.** (૪) એક નારકી અપર્યાપ્તાવસ્થામાં અંગુલના અસંખ્યાતમા ભાગની અવગાહનાવાળો છે અને બીજો નારકી ૫૦૦ ધનુષની અવગાહનાવાળો છે. અંગુલના અસંખ્યાતમા ભાગને અસંખ્યાતવાર ગુણિત કરીએ ત્યારે ૫૦૦ ધનુષ બને છે. તેથી અંગુલના અસંખ્યાતમા ભાગની અવગાહનાવાળો નારકી, ૫૦૦ ધનુષની અવગાહનાવાળા નારકીથી અસંખ્યાતગુણ હીન કહેવાય અને ૫૦૦ ધનુષની અવગાહનાવાળો નારકી, અંગુલના અસંખ્યાતમા ભાગની અવગાહનાવાળા નારકીથી **અસંખ્યાતગુણ અધિક** કહેવાય છે.

| ક્રમ | એક નારકી કરતાં | બીજા નારકીની | ચૌઠાણવડિયા હીનાધિકતા |
|---|---|---|---|
| ૧ | ૫૦૦ ધનુષવાળા નારકીથી | અંગુલના અસં૦ ભાગ ન્યૂન ૫૦૦ ધનુષ્યવાળો નારકી | અસંખ્યાતમો ભાગ હીન છે. |
| ૨ | ૫૦૦ ધનુષવાળા નારકીથી | ૪૯૮ ધનુષવાળો નારકી | સંખ્યાતમો ભાગ હીન છે. |
| ૩ | ૫૦૦ ધનુષવાળા નારકીથી | ૧૨૫ ધનુષવાળો નારકી | સંખ્યાતગુણહીન છે. |
| ૪ | ૫૦૦ ધનુષવાળા નારકીથી | અંગુલના અસં૦ ભાગની અવગાહનાવાળો નારકી | અસંખ્યાતગુણહીન છે. |
| ૧ | અંગુલના અસં૦ ભાગ ન્યૂન ૫૦૦ ધનુષ્યવાળા નારકીથી | ૫૦૦ ધનુષવાળો નારકી | અસંખ્યાતમો ભાગ અધિક છે. |
| ૨ | ૪૯૮ ધનુષની અવગાહનાવાળાથી | ૫૦૦ ધનુષવાળો નારકી | સંખ્યાતમો ભાગ અધિક છે. |
| ૩ | ૧૨૫ ધનુષની અવગાહનાવાળાથી | ૫૦૦ ધનુષવાળો નારકી | સંખ્યાતગુણ અધિક છે. |
| ૪ | અંગુલના અસંખ્યાત ભાગની અવગાહનાવાળા નારકીથી | ૫૦૦ ધનુષની અવગાહનાવાળો નારકી | અસંખ્યાતગુણ અધિક છે. |

**અસત્કલ્પનાથી નૈરયિકોના વર્ણાદિ છટ્ઠાણવડિયા ન્યૂનાધિકતાનું સ્પષ્ટીકરણ :–** આ હીનાધિકતા છટ્ઠાણવડિયા છે, યથા– (૧) એક નૈરયિકના કાળાવર્ણના પર્યાય ૧૦,૦૦૦ અને બીજાના ૯,૯૦૦ હોય, તો ૧૦,૦૦૦ની અપેક્ષાએ ૯,૯૦૦ **અનંતમો ભાગ હીન** છે અને બીજા નૈરયિકના કાળાવર્ણ પર્યાયથી પ્રથમ નૈરયિકના કાળાવર્ણ પર્યાય **અનંતમો ભાગ અધિક** કહેવાય છે.

(૨) એક નૈરયિકના કાળાવર્ણ પર્યાય ૧૦,૦૦૦ છે અને બીજાના ૯,૮૦૦ છે. ૧૦,૦૦૦ની અપેક્ષાએ ૯,૮૦૦ અસંખ્યાતમો ભાગ હીન છે, તેથી પ્રથમ નૈરયિકના કાળાવર્ણ પર્યાયથી બીજા નૈરયિકના કાળાવર્ણ પર્યાય **અસંખ્યાતમો ભાગ હીન** અને બીજા નૈરયિકના કાળાવર્ણપર્યાયથી પ્રથમ નૈરયિકના કાળાવર્ણ પર્યાય **અસંખ્યાતમો ભાગ અધિક** કહેવાય છે.

(૩) તે જ રીતે એક નૈરયિકના કાળાવર્ણ પર્યાય ૧૦,૦૦૦ અને બીજાના ૯,૦૦૦ હોય, તો ૧૦,૦૦૦ની અપેક્ષાએ ૯,૦૦૦ **સંખ્યાતમો ભાગ હીન** અને ૯,૦૦૦ની અપેક્ષાએ ૧૦,૦૦૦ **સંખ્યાતમો ભાગ અધિક** કહેવાય છે.

(૪) એક નૈરયિકના કાળાવર્ણપર્યાય ૧,૦૦૦ અને બીજાના ૧૦,૦૦૦ હોય, તો ૧૦,૦૦૦ની અપેક્ષાએ ૧,૦૦૦ **સંખ્યાતગુણ હીન** અને ૧,૦૦૦ની અપેક્ષાએ ૧૦,૦૦૦ **સંખ્યાતગુણ અધિક** કહેવાય છે.

(૫) એક નૈરયિકના કાળાવર્ણપર્યાય ૨૦૦ અને બીજાના ૧૦,૦૦૦ હોય, તો ૧૦,૦૦૦ની અપેક્ષાએ ૨૦૦ **અસંખ્યાતગુણ હીન** અને ૨૦૦ની અપેક્ષાએ ૧૦,૦૦૦ **અસંખ્યાતગુણ અધિક** કહેવાય છે.

(૬) એક નૈરયિકના કાળાવર્ણપર્યાય ૧૦૦ અને બીજાના ૧૦,૦૦૦ હોય, તો ૧૦,૦૦૦ની અપેક્ષાએ ૧૦૦ **અનંતગુણ હીન** અને ૧૦૦ની અપેક્ષાએ ૧૦,૦૦૦ **અનંતગુણ અધિક** કહેવાય છે. આ રીતે પાંચે વર્ણ, બે ગંધ, પાંચ રસ અને આઠ સ્પર્શના પર્યાયોમાં છટ્ઠાણવડિયા ન્યૂનાધિકતા છે.

આ સર્વ દષ્ટિકોણથી વિચારતાં એક-એક નૈરયિકોના સ્વનિમિત્તક અને પર નિમિત્તક અનંત-અનંત પર્યાયો સહજ સિદ્ધ થઈ જાય છે.

**ભવનવાસી દેવોના અનંત પર્યાયો :-**

**૪ असुरकुमाराणं भंते ! केवइया पज्जवा पण्णत्ता ? गोयमा ! अणंता पज्जवा पण्णत्ता । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ असुरकुमाराणं अणंता पज्जवा पण्णत्ता ?**

**गोयमा ! असुरकुमारे असुरकुमारस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए चउट्ठाणवडिए, कालवण्णपज्जवेहिं छट्ठाणवडिए एवं णीलवण्णपज्जवेहिं; लोहियवण्णपज्जवेहिं; हालिद्दवण्णपज्जवेहिं; सुक्किलवण्ण-पज्जवेहिं; सुब्भिगंधपज्जवेहिं, दुब्भिगंधपज्जवेहिं; तित्तरसपज्जवेहिं, कडुयरसपज्जवेहिं, कसायरसपज्जवेहिं, अंबिलरसपज्जवेहिं, महुररसपज्जवेहिं; कक्खडफासपज्जवेहिं, मउयफासपज्जवेहिं, गरुयफासपज्जवेहिं, लहुयफासपज्जवेहिं, सीयफासपज्जवेहिं, उसिणफासपज्जवेहिं, णिद्धफासपज्जवेहिं, लुक्खफासपज्जवेहिं; आभिणिबोहियणाण-पज्जवेहिं, सुयणाणपज्जवेहिं, ओहिणाणपज्जवेहिं, मइअण्णाणपज्जवेहिं, सुयअण्णाण-पज्जवेहिं, विभंगणाणपज्जवेहिं, चक्खुदंसणपज्जवेहिं, अचक्खुदंसणपज्जवेहिं, ओहिदंसण- पज्जवेहिं य छट्ठाणवडिए से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ असुरकुमाराणं अणंता पज्जवा पण्णत्ता । एवं जहा असुरकुमारा तहा णागकुमारा वि *जाव* थणियकुमारा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અસુરકુમારોના કેટલા પર્યાયો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંત પર્યાયો છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે, અસુરકુમારોના પર્યાયો અનંત છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! એક અસુરકુમાર, બીજા અસુરકુમારથી દ્રવ્યની અપેક્ષાએ તુલ્ય, પ્રદેશોની અપેક્ષાએ તુલ્ય; અવગાહનાની અપેક્ષાએ ચૌઠાણવડિયા, સ્થિતિની અપેક્ષાએ ચૌઠાણવડિયા, કૃષ્ણવર્ણ પર્યાયોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે; આ પ્રમાણે નીલવર્ણ પર્યાયો, લાલવર્ણ પર્યાયો, પીળાવર્ણ પર્યાયો, શુક્લવર્ણ પર્યાયોની અપેક્ષાએ; સુગંધ અને દુર્ગંધ પર્યાયોની અપેક્ષાએ, તિક્તરસ પર્યાયો, કટુરસ પર્યાયો, કષાયરસ પર્યાયો, આમ્લરસ-પર્યાયો અને મધુરરસ પર્યાયોની અપેક્ષાએ; કર્કશ સ્પર્શ પર્યાયો, મૃદુ સ્પર્શ પર્યાયો, ગુરુસ્પર્શ પર્યાયો, લઘુસ્પર્શ પર્યાયો, શીતસ્પર્શ પર્યાયો, ઉષ્ણસ્પર્શ પર્યાયો, સ્નિગ્ધસ્પર્શ પર્યાયો અને રૂક્ષ સ્પર્શ પર્યાયોની અપેક્ષાએ તથા આભિનિબોધિકજ્ઞાન પર્યાયો, શ્રુતજ્ઞાન પર્યાયો, અવધિજ્ઞાન પર્યાયો, મતિઅજ્ઞાન પર્યાયો, શ્રુતઅજ્ઞાન પર્યાયો, વિભંગજ્ઞાન પર્યાયો, ચક્ષુદર્શન પર્યાયો, અચક્ષુદર્શન પર્યાયો અને અવધિ દર્શન પર્યાયોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા હીનાધિક છે. તેથી હે ગૌતમ ! એ

પ્રમાણે કહ્યું છે કે અસુરકુમારોના અનંત પર્યાયો છે.

આ રીતે જેમ અસુરકુમારોના અનંત પર્યાય કહ્યા છે, તે જ રીતે નાગકુમારોથી લઈને સ્તનિતકુમારો સુધીના નવનિકાય દેવોના અનંત પર્યાય કહેવા જોઈએ.

**વિવેચન :-**

પ્રસ્તુત સૂત્રોમાં ભવનપતિ દેવોના અનંત પર્યાયોનું નિરૂપણ છે. નૈરયિકોની જેમ ભવનપતિ દેવોમાં પણ દ્રવ્યથી, પ્રદેશથી ***યાવત્*** જ્ઞાન-દર્શનથી વિચારણા કરતાં અનંત પર્યાય થાય છે. બે અસુરકુમાર દેવો દ્રવ્યની અપેક્ષાએ તુલ્ય છે, પ્રદેશની અપેક્ષાએ તુલ્ય છે, અવગાહના અને સ્થિતિની અપેક્ષાએ તુલ્ય હોય અથવા ચૌઠાણવડિયા ન્યૂનાધિક હોય છે; વર્ણાદિ પર્યાયો અને જ્ઞાન-દર્શન પર્યાયોની અપેક્ષાએ તુલ્ય હોય અથવા છટ્ઠાણવડિયા ન્યૂનાધિક હોય છે.

**ભવનપતિ દેવોના પર્યાયોમાં ન્યૂનાધિકતા :–**

| દ્રવ્યથી | પ્રદેશથી | અવગાહનાથી | સ્થિતિથી | વર્ણાદિ | જ્ઞાન–દર્શનથી |
|---|---|---|---|---|---|
| તુલ્ય | તુલ્ય | તુલ્ય અથવા ચૌઠાણવડિયા | તુલ્ય અથવા ચૌઠાણવડિયા | તુલ્ય અથવા છટ્ઠાણવડિયા | ૩ જ્ઞાન, ૩ અજ્ઞાન ૩ દર્શન = ૯ ઉપયોગ છટ્ઠાણવડિયા |

**પાંચ સ્થાવરોના અનંતપર્યાયો :-**

**૫** **पुढविकाइयाणं भंते ! केवइया पज्जवा पण्णत्ता ? गोयमा ! अणंता पज्जवा पण्णत्ता । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ पुढविकाइयाणं अणंता पज्जवा पण्णत्ता ?**

**गोयमा ! पुढविकाइए पुढविकाइयस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले; ओगाहणट्ठयाए सिय हीणे, सिय तुल्ले, सिए अब्भहिए; जइ हीणे- असंखेज्जइभागहीणे वा, संखेज्जइभागहीणे वा, संखेज्जगुणहीणे वा, असंखेज्जगुणहीणे वा; अह अब्भहिए- असंखेज्जइभागअब्भहिए वा, संखेज्जइभागअब्भहिए वा, संखेज्जगुणअब्भहिए वा, असंखेज्जगुणअब्भहिए वा; ठिईए तिठाणवडिए सिय हीणे, सिय तुल्ले, सिय अब्भहिए जइ हीणे- असंखेज्जइभागहीणे वा, संखेज्जइभागहीणे वा, संखेज्जगुणहीणे वा; अह अब्भहिए- असंखेज्जइभागअब्भहिए वा, संखेज्जइभागअब्भहिए वा, संखेज्जगुण अब्भहिए वा; वण्णेहिं, गंधेहिं, रसेहिं, फासेहिं, मइअण्णाणपज्जवेहिं, सुयअण्णाणपज्जवेहिं, अचक्खु- दंसणपज्जवेहिं छट्ठाणवडिए ।**

**ભાવાર્થ :- પ્રશ્ન–** હે ભગવન્ ! પૃથ્વીકાયિક જીવોના કેટલા પર્યાયો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંત પર્યાયો છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે પૃથ્વીકાયિક જીવોના અનંત પર્યાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! એક પૃથ્વીકાયિક, બીજા પૃથ્વીકાયિકથી દ્રવ્યની અપેક્ષાએ તુલ્ય છે; પ્રદેશોની અપેક્ષાએ પણ તુલ્ય છે; અવગાહનાની અપેક્ષાએ કદાચિત્ હીન છે, કદાચિત્ તુલ્ય છે અને કદાચિત્

અધિક છે. જો હીન હોય તો અસંખ્યાતમો ભાગ, સંખ્યાતમો ભાગ, સંખ્યાતગુણ કે અસંખ્યાતગુણ હીન હોય છે અને જો અધિક હોય તો સંખ્યાતમોભાગ, અસંખ્યાતમો ભાગ, સંખ્યાતગુણ કે અસંખ્યાતગુણ અધિક હોય છે. આ રીતે અવગાહનામાં ચૌઠાણવડિયા હીનાધિકતા છે. સ્થિતિની અપેક્ષાએ કદાચિત્ હીન, કદાચિત્ તુલ્ય કે કદાચિત્ અધિક છે. જો ન્યૂનાધિક હોય તો ત્રણ સ્થાનની ન્યૂનાધિકતા હોય છે યથા– અસંખ્યાતમો ભાગ હીન, સંખ્યાતમો ભાગ હીન કે સંખ્યાતગુણ હીન હોય છે અને અસંખ્યાતમો ભાગ અધિક, સંખ્યાતમો ભાગ અધિક કે સંખ્યાતગુણ અધિક હોય છે અર્થાત્ સ્થિતિની અપેક્ષાએ તિટ્ઠાણવડિયા છે. વર્ણ, ગંધ, રસ અને સ્પર્શની અપેક્ષાએ તથા મતિઅજ્ઞાન પર્યાયો, શ્રુતઅજ્ઞાન પર્યાયો અને અચક્ષુદર્શન પર્યાયોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા અર્થાત્ છ સ્થાનોની ન્યૂનાધિકતા હોય છે.

**૬** **आउकाइयाणं भंते ! केवइया पज्जवा पण्णत्ता ? गोयमा ! अणंता पज्जवा पण्णत्ता। से केणट्ठेणं भंते ! एवं वुच्चइ आउकाइयाणं अणंता पज्जवा पण्णत्ता ?**

**गोयमा ! आउकाइए आउकाइयस्स दव्वट्ठयाए तुल्ले पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए तिट्ठाणवडिए, वण्ण-गंध-रस-फास-मइअण्णाण-सुयअण्णाण-अचक्खु-दंसणपज्जवेहि य छट्ठाणवडिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અપ્કાયિક જીવોના કેટલા પર્યાયો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંત પર્યાયો છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે અપ્કાયિક જીવોના અનંતપર્યાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! એક અપ્કાયિક જીવ, બીજા અપ્કાયિક જીવથી દ્રવ્યની અપેક્ષાએ તુલ્ય છે; પ્રદેશોની અપેક્ષાએ પણ તુલ્ય છે; અવગાહનાની અપેક્ષાએ ચૌઠાણવડિયા છે; સ્થિતિની અપેક્ષાએ તિટ્ઠાણવડિયા અને વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને અચક્ષુદર્શન પર્યાયોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે.

**૭** **तेउक्काइयाणं पुच्छा ? गोयमा ! अणंता पज्जवा पण्णत्ता । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ तेउकाइयाणं अणंता पज्जवा पण्णत्ता ?**

**गोयमा ! तेउक्काइए तेउक्काइयस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए तिट्ठाणवडिए, वण्ण-गंध-रस-फास-मइअण्णाण सुयअण्णाण अचक्खुदंसणपज्जवेहिं य छट्ठाणवडिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! તેજસ્કાયિક જીવોના કેટલા પર્યાયો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંત પર્યાયો છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે તેજસ્કાયિક જીવોના અનંત પર્યાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! એક તેજસ્કાયિક, બીજા તેજસ્કાયિક જીવથી દ્રવ્યની અપેક્ષાએ તુલ્ય છે; પ્રદેશોની અપેક્ષાએ તુલ્ય છે, અવગાહનાની અપેક્ષાએ ચૌઠાણવડિયા છે, સ્થિતિની અપેક્ષાએ તિટ્ઠાણવડિયા અને વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને અચક્ષુદર્શનના પર્યાયોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે.

**૮** **वाउक्काइयाणं पुच्छा ? गोयमा ! वाउकाइयाणं अणंता पज्जवा पण्णत्ता । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ वाउकाइयाणं अणंता पज्जवा पण्णत्ता ?**

**गोयमा ! वाउकाइए वाउकाइयस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए तिट्ठाणवडिए, वण्ण-गंध-रस-फास-मइअण्णाण-सुयअण्णाण- अचक्खु- दंसणपज्जवेहिं य छट्ठाणवडिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્! વાયુકાયિક જીવોના કેટલા પર્યાયો છે? **ઉત્તર–** હે ગૌતમ! અનંતપર્યાયો છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે વાયુકાયિક જીવોના અનંત પર્યાયો છે ?

**ઉત્તર–** હે ગૌતમ! એક વાયુકાયિક જીવ, બીજા વાયુકાયિક જીવથી દ્રવ્યની અપેક્ષાએ તુલ્ય; પ્રદેશોની અપેક્ષાએ તુલ્ય; અવગાહનાની અપેક્ષાએ ચૌઠાણવડિયા; સ્થિતિની અપેક્ષાએ તિટ્ઠાણવડિયા અને વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, મતિ અજ્ઞાન, શ્રુત અજ્ઞાન અને અચક્ષુદર્શન પર્યાયોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે.

**९ वणस्सइकाइयाणं भंते ! केवइया पज्जवा पण्णत्ता ? गोयमा ! अणंता पज्जवा पण्णत्ता । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ वणस्सइकाइयाणं अणंता पज्जवा पण्णत्ता?**

**गोयमा ! वणस्सइकाइए वणस्सइकाइयस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए तिट्ठाणवडिए, वण्ण-गंध-रस-फास-मइअण्णाण-सुय- अण्णाण-अचक्खुदंसणपज्जवेहिं य छट्ठाणवडिए, से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ वणस्सइ- काइयाणं अणंता पज्जवा पण्णत्ता ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! વનસ્પતિકાયિક જીવોના કેટલા પર્યાયો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંતપર્યાય છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે વનસ્પતિકાયિક જીવોના અનંત પર્યાયો છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! એક વનસ્પતિકાયિક જીવ, બીજા વનસ્પતિકાયિક જીવથી દ્રવ્યની અપેક્ષાએ તુલ્ય; પ્રદેશોની અપેક્ષાએ પણ તુલ્ય; અવગાહનાની અપેક્ષાએ ચૌઠાણવડિયા, સ્થિતિની અપેક્ષાએ તિટ્ઠાણવડિયા અને વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન તેમજ અચક્ષુદર્શનના પર્યાયોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે. તેથી હે ગૌતમ ! એમ કહ્યું છે કે વનસ્પતિકાયિક જીવોના અનંત પર્યાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં પૃથ્વીકાયિકાદિ પાંચ સ્થાવરોના પૃથક્-પૃથક્ અનંત-અનંત પર્યાયોનું નિરૂપણ છે.

**(૧) દ્રવ્યની અપેક્ષાએ :–** પૃથ્વીકાયાદિ જીવો આત્મ દ્રવ્યની અપેક્ષાએ પરસ્પર તુલ્ય છે.

**(૨) પ્રદેશની અપેક્ષાએ :–** આત્મ પ્રદેશોની અપેક્ષાએ પરસ્પર તુલ્ય છે.

**(૩) અવગાહનાની અપેક્ષાએ :–** ચૌઠાણવડિયા અર્થાત્ ચાર સ્થાન હીનાધિક છે. પૃથ્વ્યાદિ ચાર સ્થાવરોની અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગની જ છે. અંગુલના અસંખ્યાતમા ભાગના પણ અસંખ્યાત ભેદ હોય છે તેથી ચારે ય સ્થાવરની અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગની હોવા છતાં તેમાં ચાર સ્થાનની ન્યૂનાધિકતા થઈ શકે છે. વનસ્પતિકાયની ઉત્કૃષ્ટ અવગાહના એક હજાર યોજનની છે. તેમાં પણ ચાર સ્થાનની હીનાધિકતા થાય છે.

**(૪) સ્થિતિની અપેક્ષાએ :–** તિટ્ઠાણવડિયા હીનાધિક છે, યથા– અસંખ્યાતમો ભાગ, સંખ્યાતમો ભાગ કે સંખ્યાતગુણ હીનાધિકતા થાય છે, પરંતુ અસંખ્યાતગુણ હીનાધિકતા થતી નથી, યથા–

પૃથ્વીકાયિકાદિ કોઈપણ જીવનું ઓછામાં ઓછું ૨૫૬ આવલિકાનું આયુષ્ય હોય જ છે. જીવનો ક્ષુલ્લક ભવ–નાનામાં નાનો ભવ ૨૫૬ આવલિકાનો હોય છે. બે ઘડીના એક મુહૂર્તમાં ક્ષુલ્લક ભવની ગણના પ્રમાણે(૬૫,૫૩૬) પાંસઠ હજાર પાંચસો છત્રીસ ભવ થાય છે.

એક જીવનું આયુષ્ય ૨૫૬ આવલિકાનું હોય અને બીજાનું આયુષ્ય એક મુહૂર્તનું હોય, તો તે ૬૫,૫૩૬ ગુણું અધિક કહેવાય અર્થાત્ સંખ્યાતગુણી હીનાધિકતા થાય છે, અસંખ્યાતગુણી હીનાધિકતા થતી નથી. તે ઉપરાંત પૃથ્વીકાયાદિ પાંચે સ્થાવરોના જીવોનું ઉત્કૃષ્ટ આયુષ્ય પણ સંખ્યાતા વર્ષનું હોય છે, અસંખ્યાતા વર્ષનું નથી. માટે અસંખ્યાતગુણ હીનાધિકતાનો બોલ સંભવી શકતો નથી અને તેથી પૃથ્વીકાયિકાદિ જીવોમાં સ્થિતિની અપેક્ષાએ તિટ્ઠાણવડિયા અર્થાત્ ત્રણ સ્થાનની હીનાધિકતા છે.

**તિટ્ઠાણવડિયા ન્યૂનાધિકતા :–**

| ક્રમ | એક પૃથ્વીકાયિકની સ્થિતિ | બીજા પૃથ્વીકાયિકની સ્થિતિ | હીનાધિકતા |
|---|---|---|---|
| ૧ | ૨૨,૦૦૦ વર્ષવાળાથી | એક સમય ન્યૂન ૨૨,૦૦૦ વર્ષવાળા | અસંખ્યાતમો ભાગ હીન |
| ૨ | ૨૨,૦૦૦ વર્ષવાળાથી | એક મુહૂર્ત ન્યૂન ૨૨,૦૦૦ વર્ષવાળા | સંખ્યાતમો ભાગ હીન |
| ૩ | ૨૨,૦૦૦ વર્ષવાળાથી | ૧,૦૦૦ વર્ષવાળા | સંખ્યાતગુણ હીન |
| ૧ | એક સમય ન્યૂન ૨૨,૦૦૦ વર્ષવાળાથી | ૨૨,૦૦૦ વર્ષવાળા | અસંખ્યામતો ભાગ અધિક |
| ૨ | એક મુહૂર્ત ન્યૂન ૨૨,૦૦૦ વર્ષવાળાથી | ૨૨,૦૦૦ વર્ષવાળા | સંખ્યાતમો ભાગ અધિક |
| ૩ | ૧,૦૦૦ વર્ષ વાળાથી | ૨૨,૦૦૦ વર્ષવાળા | સંખ્યાતગુણ અધિક |

આ જ પ્રમાણે **વનસ્પતિકાયિક સુધીના** એકેન્દ્રિય જીવોમાં સ્થિતિની અપેક્ષાએ તિટ્ઠાણવડિયા ન્યૂનાધિકતા હોય છે.

(૫) **વર્ણાદિની અપેક્ષાએ–** તેના શરીરના વર્ણાદિમાં છટ્ઠાણવડિયા ન્યૂનાધિકતા હોય છે (૬) **ઉપયોગની અપેક્ષાએ–** પાંચે સ્થાવરમાં મતિ-શ્રુતઅજ્ઞાન અને અચક્ષુદર્શન તે ત્રણ ઉપયોગ હોય છે. તેની અપેક્ષાએ છટ્ઠાણવડિયા ન્યૂનાધિકતા હોય છે. આ રીતે પાંચે સ્થાવરોમાં પ્રત્યેક જીવમાં સ્વ–પર નિમિત્તક અનંત-અનંત પર્યાયો હોય છે.

**પાંચ સ્થાવર જીવોના પર્યાયોમાં ન્યૂનાધિકતા :–**

| દ્રવ્યથી | પ્રદેશથી | અવગાહનાથી | સ્થિતિથી | વર્ણાદિ | જ્ઞાન–દર્શનથી |
|---|---|---|---|---|---|
| તુલ્ય | તુલ્ય | તુલ્ય<br>અથવા<br>ચૌઠાણવડિયા | તુલ્ય<br>અથવા<br>તિટ્ઠાણવડિયા | તુલ્ય<br>અથવા<br>છટ્ઠાણવડિયા | ૨ અજ્ઞાન<br>૧ દર્શન = ૩ ઉપયોગ<br>છટ્ઠાણવડિયા |

**વિકલેંદ્રિયોના અનંત પર્યાયો :–**

**૧૦ बेइंदियाणं पुच्छा ? गोयमा ! अणंता पज्जवा पण्णत्ता । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ बेइंदियाणं अणंता पज्जवा पण्णत्ता ?**

**गोयमा ! बेइंदिए बेइंदियस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए सिय**

**हीणे, सिय तुल्ले, सिय अब्भहिए; जइ हीणे असंखेज्जइभागहीणे वा, संखेज्जइभागहीणे वा, संखेज्जगुणहीणे वा, असंखेज्जगुणहीणे वा; अह अब्भहिए असंखेज्जइभागमब्भहिए वा, संखेज्जइभागमब्भहिए वा, संखेज्जगुणमब्भहिए वा, असंखेज्जगुणमब्भहिए वा ठिईए तिट्ठाणवडिए; वण्ण-गंध-रस-फास, आभिणिबोहियणाण-सुयणाण, मइअण्णाण-सुयअण्णाण, अचक्खुदंसणपज्जवेहि य छट्ठाणवडिए । एवं तेइंदिया वि । एवं चउरिंदिया वि । णवरं दो दंसणा- चक्खुदंसणं अचक्खुदंसणं च ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! બેઇન્દ્રિય જીવોના કેટલા પર્યાયો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંત પર્યાયો છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે બેઇન્દ્રિય જીવોના અનંત પર્યાયો છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! એક બેઇન્દ્રિય જીવ, બીજા બેઇન્દ્રિય જીવથી દ્રવ્યની અપેક્ષાએ તુલ્ય છે; પ્રદેશની અપેક્ષાએ પણ તુલ્ય છે; અવગાહનાની અપેક્ષાએ કદાચિત્ હીન, કદાચિત્ તુલ્ય અને કદાચિત્ અધિક હોય છે. જો હીન હોય તો અસંખ્યાતમો ભાગ હીન, સંખ્યાતમો ભાગ હીન, સંખ્યાતગુણ હીન કે અસંખ્યાત ગુણ હીન હોય છે અને જો અધિક હોય તો અસંખ્યાતમો ભાગ, સંખ્યાતમો ભાગ, સંખ્યાતગુણ કે અસંખ્યાતગુણ અધિક હોય છે. સ્થિતિની અપેક્ષાએ ત્રણસ્થાન હીનાધિક હોય છે. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ તથા આભિનિબોધિકજ્ઞાન, શ્રુતજ્ઞાન, મતિ અજ્ઞાન, શ્રુત અજ્ઞાન અને અચક્ષુદર્શનના પર્યાયોની અપેક્ષાએ છસ્થાન હીનાધિક હોય છે.

આ જ પ્રમાણે તેઇન્દ્રિય જીવોના પર્યાયોની અનંતતાના વિષયમાં સમજી લેવું જોઈએ. આ જ પ્રમાણે ચૌરેન્દ્રિય જીવોના પણ અનંત પર્યાયો હોય છે. વિશેષતા એ છે કે ચૌરેન્દ્રિય જીવોમાં ભાવની અપેક્ષાએ અચક્ષુદર્શન અને ચક્ષુદર્શન બે દર્શન હોય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ત્રણ વિકલેન્દ્રિય જીવોના અનંત પર્યાયોનું નિરૂપણ છે. બેઇન્દ્રિયાદિ જીવો, દ્રવ્યની અપેક્ષાએ અને આત્મપ્રદેશોની અપેક્ષાએ તુલ્ય છે. **અવગાહનાની અપેક્ષાએ–** તેમાં ચાર સ્થાનની ન્યૂનાધિકતા હોય છે. તે જીવોની જઘન્ય અવગાહના અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ અવગાહના બેઇન્દ્રિયની બાર યોજન, તેઇન્દ્રિયની ત્રણ ગાઉ અને ચૌરેન્દ્રિયની ચાર ગાઉની છે. તેના અસંખ્યાત ભેદ થઈ શકે છે. તેથી તેમાં (૧) સંખ્યાતમો ભાગ હીનાધિકતા (૨) અસંખ્યાતમો ભાગ હીનાધિકતા (૩) સંખ્યાતગુણ હીનાધિકતા અને (૪) અસંખ્યાતગુણ હીનાધિકતા, આ ચાર બોલોની હીનાધિકતા થાય છે. **સ્થિતિની અપેક્ષાએ–** તેમાં ત્રણસ્થાનની હીનાધિકતા હોય છે. તેની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સ્થિતિ બેઇન્દ્રિયની બાર વર્ષ, તેઇન્દ્રિયની ૪૯ દિવસ અને ચૌરેન્દ્રિયની છ માસની છે. તે સ્થિતિ સંખ્યાતકાલની જ હોવાથી તેમાં સંખ્યાતગુણી ન્યૂનાધિકતા જ થાય છે, અસંખ્યાતગુણી ન્યૂનાધિકતા થતી નથી. તેથી (૧) અસંખ્યાતમો ભાગ હીનાધિકતા, (૨) સંખ્યાતમો ભાગ હીનાધિકતા અને (૩) સંખ્યાતગુણ હીનાધિકતા, આ ત્રણસ્થાનની હીનાધિકતા થાય છે. **વર્ણાદિની અપેક્ષાએ–** પૂર્વવત્ છસ્થાનની હીનાધિકતા હોય છે. **ઉપયોગની અપેક્ષાએ–** વિકલેન્દ્રિયના અપર્યાપ્તામાં સાસ્વાદન સમ્યગ્દર્શન હોવાથી બેઇન્દ્રિય અને તેઇન્દ્રિયમાં બે જ્ઞાન, બે અજ્ઞાન અને અચક્ષુદર્શન હોય છે. ચૌરેન્દ્રિયમાં બે જ્ઞાન, બે અજ્ઞાન અને બે દર્શન હોય છે. જ્ઞાન-દર્શનની અપેક્ષાએ છસ્થાનની ન્યૂનાધિકતા હોય છે. આ રીતે વિકલેન્દ્રિયમાં અનંતપર્યાયો છે.

**વિકલેન્દ્રિયના પર્યાયોમાં ન્યૂનાધિકતા :–**

| દ્રવ્યથી | પ્રદેશથી | અવગાહનાથી | સ્થિતિથી | વર્ણાદિ | જ્ઞાન–દર્શનથી |
|---|---|---|---|---|---|
| તુલ્ય | તુલ્ય | તુલ્ય અથવા ચૌઠાણવડિયા | તુલ્ય અથવા તિઠ્ઠાણવડિયા | તુલ્ય અથવા છઠ્ઠાવડિયા | બેઈન્દ્રિય તેઈન્દ્રિયમાં ૨ જ્ઞાન, ૨ અજ્ઞાન ૧ દર્શન = ૫ ઉપયોગ, ચૌરેન્દ્રિયમાં ૨ જ્ઞાન, ૨ અજ્ઞાન ૨ દર્શન = ૬ ઉપયોગ છઠ્ઠાણવડિયા |

**તિર્યંચ પંચેન્દ્રિયોના અનંત પર્યાયો :–**

**૧૧** **पंचेदियतिरिक्खजोणियाणं पज्जवा जहा णेरइयाणं तहा भाणियव्वा ।**

**ભાવાર્થ :–** પંચેન્દ્રિય તિર્યંચયોનિક જીવોના પર્યાયોનું કથન નૈરયિકોની સમાન જાણવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં તિર્યંચ પંચેન્દ્રિયના અનંત પર્યાયોનું કથન નૈરયિકોના અતિદેશપૂર્વક છે.

તિર્યંચ પંચેન્દ્રિય જીવો દ્રવ્ય અને પ્રદેશોની અપેક્ષાએ તુલ્ય છે. **અવગાહનાની અપેક્ષાએ**– તેમાં ચૌઠાણવડિયા ન્યૂનાધિકતા છે. તેની અવગાહના જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ એક હજાર યોજન છે, તેના અસંખ્યાત ભેદ થતાં હોવાથી તેમાં સંખ્યાત ભાગ, અસંખ્યાત ભાગ, સંખ્યાતગુણ અને અસંખ્યાતગુણ ન્યૂનાધિકતા રૂપ ચૌઠાણવડિયા ન્યૂનાધિકતા થાય છે.

**સ્થિતિની અપેક્ષાએ**– તેની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમની છે. પલ્યોપમ કાલ તે અસંખ્યાત કાલ છે, અંતર્મુહૂર્તથી તે અસંખ્યગણો છે. તેથી તેમાં ચાર સ્થાનની ન્યૂનાધિકતા થાય છે. પાંચ સ્થાવર અને વિકલેન્દ્રિય જીવોની સ્થિતિ સંખ્યાતકાલની હોવાથી તેમાં ત્રણસ્થાનની ન્યૂનાધિકતા છે. તિર્યંચ પંચેન્દ્રિય અને નૈરયિક આ બંનેની સ્થિતિ અસંખ્યાતકાલની છે તેથી સૂત્રકારે તિર્યંચ પંચેન્દ્રિયની સ્થિતિના કથનમાં પાંચ સ્થાવર અને ત્રણ વિકલેન્દ્રિયની સ્થિતિનો અતિદેશ ન કરતાં નારકીની સ્થિતિનો અતિદેશ કર્યો છે. તેમાં ચાર સ્થાનની ન્યૂનાધિકતા થાય છે.

**વર્ણાદિની અપેક્ષાએ**– છ સ્થાનની હીનાધિકતા છે. તેનું સ્પષ્ટીકરણ પણ નારકીના વર્ણન પ્રમાણે સમજવું.

**જ્ઞાન–દર્શનની અપેક્ષાએ**– તિર્યંચ પંચેન્દ્રિયમાં ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન અને ત્રણ દર્શન હોય છે, આ નવ ઉપયોગમાં છ સ્થાનની હીનાધિકતા હોય છે. આ રીતે તિર્યંચ પંચેન્દ્રિયમાં અનંત પર્યવો હોય છે.

**તિર્યંચ પંચેન્દ્રિયોના પર્યાયોમાં ન્યૂનાધિકતા :–**

| દ્રવ્યથી | પ્રદેશથી | અવગાહનાથી | સ્થિતિથી | વર્ણાદિ | જ્ઞાન–દર્શનથી |
|---|---|---|---|---|---|
| તુલ્ય | તુલ્ય | તુલ્ય અથવા ચૌઠાણવડિયા | તુલ્ય અથવા ચૌઠાણવડિયા | તુલ્ય અથવા છઠ્ઠાણવડિયા | ૩ જ્ઞાન, ૩ અજ્ઞાન ૩ દર્શન = ૯ ઉપયોગ છઠ્ઠાણવડિયા |

**મનુષ્યોના અનંતપર્યાયો :–**

**૧૨** **मणुस्साणं भंते ! केवइया पज्जवा पण्णत्ता ? गोयमा ! अणंता ! पज्जवा**

**पण्णत्ता। से केणट्ठेणं भंते ! एवं वुच्चइ मणुस्साणं अणंता पज्जवा पण्णत्ता ?**

**गोयमा ! मणुसे मणुसस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए चउट्ठाणवडिए, वण्ण-गंध-रस-फास-आभिणिबोहियणाण-सुयणाण-ओहिणाण-मणपज्जवणाणपज्जवेहिं य छट्ठाणवडिए, केवलणाणपज्जवेहिं तुल्ले, तिहिं अण्णाणेहिं तिहिं दंसणेहिं छट्ठाणवडिए, केवलदंसणपज्जवेहिं तुल्ले ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મનુષ્યોના કેટલા પર્યાય છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંત પર્યાય છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે મનુષ્યોના અનંત પર્યાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! દ્રવ્યની અપેક્ષાએ એક મનુષ્ય, બીજા મનુષ્યથી તુલ્ય છે, પ્રદેશોની અપેક્ષાએ પણ તુલ્ય છે; અવગાહનાની અપેક્ષાએ ચૌઠાણવડિયા છે; સ્થિતિની અપેક્ષાએ ચૌઠાણવડિયા; વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, આભિનિબોધિકજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન પર્યાયોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે; કેવળજ્ઞાન પર્યાયોની અપેક્ષાએ પરસ્પર તુલ્ય છે, ત્રણ અજ્ઞાન અને ત્રણ દર્શનના પર્યાયોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે અને કેવળદર્શનના પર્યાયોની અપેક્ષાએ તુલ્ય છે.

**વિવેચન :–**

આ સૂત્રમાં મનુષ્યોના અનંત પર્યાયોનું સ્પષ્ટીકરણ છે.

મનુષ્યોમાં દ્રવ્ય અને પ્રદેશની અપેક્ષાએ તુલ્યતા છે, મનુષ્યોની ઉત્કૃષ્ટ અવગાહના ત્રણ ગાઉની અને સ્થિતિ ત્રણ પલ્યોપમની હોવાથી તેમાં તિર્યંચ પંચેન્દ્રિયોની જેમ અવગાહના અને સ્થિતિની અપેક્ષાએ ચાર સ્થાનની ન્યૂનાધિકતા છે; વર્ણાદિ વીસ બોલની અપેક્ષાએ છ સ્થાનની ન્યૂનાધિકતા હોય છે.

**જ્ઞાન-દર્શન(ઉપયોગ)ની અપેક્ષાએ :–** ચાર જ્ઞાન, ત્રણ અજ્ઞાન, ત્રણ દર્શન(આ દસ ઉપયોગ)ના પર્યાયોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે. આ દશે ઉપયોગ જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થાય છે અને બધા જ મનુષ્યોનો ક્ષયોપશમ સમાન હોતો નથી. ક્ષયોપશમની તરતમતાના અનંતભેદ છે. તેથી તેના પર્યાયોમાં છટ્ઠાણવડિયા હીનાધિકતા હોય છે.

કેવળજ્ઞાન અને કેવળદર્શન ક્ષાયિક જ્ઞાન-દર્શન છે. જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મનો સર્વથા ક્ષય થાય ત્યારે જ તે ઉત્પન્ન થાય છે, તેથી તેમાં કોઈ પ્રકારની ન્યૂનાધિકતા હોતી નથી. અનંત કેવળીઓનું કેવળજ્ઞાન-કેવળદર્શન એક સમાન હોય છે; તેથી કેવળજ્ઞાન અને કેવળદર્શનના પર્યાયોને તુલ્ય કહ્યા છે.

| દ્રવ્યથી | પ્રદેશથી | અવગાહનાથી | સ્થિતિથી | વર્ણાદિ | જ્ઞાન–દર્શનથી |
|---|---|---|---|---|---|
| તુલ્ય | તુલ્ય | તુલ્ય<br>અથવા<br>ચૌઠાણવડિયા | તુલ્ય<br>અથવા<br>ચૌઠાણવડિયા | તુલ્ય<br>અથવા<br>છટ્ઠાણવડિયા | ૪ જ્ઞાન, ૩ અજ્ઞાન ૩ દર્શન = ૧૦<br>ઉપયોગથી છટ્ઠાણવડિયા<br>કેવળજ્ઞાન, કેવળદર્શનની અપેક્ષાએ તુલ્ય |

**વ્યંતર, જ્યોતિષી અને વૈમાનિકદેવોના અનંત પર્યાયો :–**

**१३ वाणमंतरा ओगाहणट्ठयाए ठिईए य चउट्ठाणवडिया, वण्णादीहिं छट्ठाणवडिया । जोइसिय-वेमाणिया वि एवं चेव । णवरं ठिईए तिट्ठाणवडिया ।**

**ભાવાર્થ :–** વાણવ્યંતર દેવો અવગાહના અને સ્થિતિની અપેક્ષાએ ચૌઠાણવડિયા હીનાધિક છે, વર્ણાદિ પર્યાયો અને ૯ ઉપયોગની અપેક્ષાએ છટ્ઠાણવડિયા હીનાધિક છે. જ્યોતિષી અને વૈમાનિક દેવોના પર્યાયોની હીનાધિક્તા પણ આ જ રીતે જાણવી જોઈએ. તેમાં વિશેષતા એ છે કે સ્થિતિની અપેક્ષાએ તે તિટ્ઠાણવડિયા છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક દેવોના અનંત પર્યાયોનું નિરૂપણ છે.

આ સૂત્રમાં સંક્ષિપ્ત કથન છે છતાં અન્ય સૂત્રોનો અતિદેશ નથી પંચેન્દ્રિય તેથી પૂર્વ વર્ણન અનુસાર સ્વતઃ સમજી લેવું જોઈએ. નારકી, ભવનપતિ, વાણવ્યંતર તથા તિર્યંચ પંચેન્દ્રિય અને મનુષ્યોમાં દ્રવ્યાદિ બોલોની ન્યૂનાધિકતા પ્રાયઃ સમાન છે. વિશેષતા એ છે કે મનુષ્યોમાં ઉપયોગ ૧૨ છે, જ્યોતિષી અને વૈમાનિક દેવોમાં સ્થિતિ તિટ્ઠાણવડિયા છે, તે સિવાય બધા બોલ પ્રાયઃ સમાન છે.

**વ્યંતર, જ્યોતિષી, વૈમાનિક દેવોના પર્યાયો :– અવગાહનાની અપેક્ષાએ–** તે દેવોની અવગાહના જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ સાત હાથની છે. અંગુલના અસંખ્યાતમા ભાગના અસંખ્યાત ભેદ થતાં હોવાથી તેમાં ચૌઠાણવડિયા ન્યૂનાધિકતા હોય છે.

**સ્થિતિની અપેક્ષાએ–** વ્યંતરદેવોની સ્થિતિ જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ અને ઉત્કૃષ્ટ એક પલ્યોપમની છે. ૧૦,૦૦૦ વર્ષ તે સંખ્યાત કાલ છે અને એક પલ્યોપમ તે અસંખ્યાતકાલ છે. જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ વચ્ચે અસંખ્યાતગણું અંતર છે. તેથી તેમાં અસંખ્યાતભાગ, સંખ્યાતભાગ, સંખ્યાતગુણ, અસંખ્યાતગુણ તે ચૌઠાણવડિયા(ચાર પ્રકારની) હીનાધિકતા થાય છે.

જ્યોતિષી દેવોની જઘન્ય સ્થિતિ પલ્યોપમનો આઠમો ભાગ અને ઉત્કૃષ્ટ એક લાખ વર્ષ અધિક એક પલ્યોપમની છે. જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને સ્થિતિઓ પલ્યોપમના આંકમાં જ છે તેથી તેમાં સંખ્યાતગુણ તરતમતા જ થાય છે અને વૈમાનિકદેવોની સ્થિતિ જઘન્ય એક પલ્યોપમ, ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમ છે; તેમાં પણ સંખ્યાતગુણ તરતમતા જ થાય છે. કારણ કે દશ ક્રોડાક્રોડી પલ્યોપમનો એક સાગરોપમ હોય છે. તેથી તેમાં અસંખ્યાતગુણ ન્યૂનાધિકતાનો ચોથો બોલ સંભવિત નથી.

આ રીતે વ્યંતરદેવોમાં સ્થિતિની અપેક્ષાએ ચાર પ્રકારની અને જ્યોતિષી અને વૈમાનિક દેવોમાં સ્થિતિની અપેક્ષાએ ત્રણ પ્રકારની હીનાધિકતા હોય છે.

**વર્ણાદિ અને જ્ઞાનાદિની અપેક્ષાએ–** તે દેવોના શરીરના વર્ણાદિમાં પૂર્વવત્ છ સ્થાન હીનાધિકતા છે. તે દેવોને નૈરયિકોની જેમ ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન અને ત્રણ દર્શન હોય છે, તેમાં પણ પૂર્વવત્ છટ્ઠાણવડિયા (છ પ્રકારે) હીનાધિકતા હોય છે.

**વ્યંતર, જ્યોતિષી, વૈમાનિક દેવોના પર્યાયોમાં ન્યૂનાધિકતા :–**

| દ્રવ્યથી | પ્રદેશથી | અવગાહનાથી | સ્થિતિથી | વર્ણાદિ | જ્ઞાન–દર્શનથી |
|---|---|---|---|---|---|
| તુલ્ય | તુલ્ય | તુલ્ય<br>અથવા<br>ચૌઠાણવડિયા | તુલ્ય અથવા<br>વ્યંતરમાં ચૌઠાણવડિયા<br>જ્યોતિષી, વૈમાનિકમાં<br>તિટ્ઠાણવડિયા | તુલ્ય<br>અથવા<br>છટ્ઠાણવડિયા | ૩ જ્ઞાન, ૩ અજ્ઞાન<br>૩ દર્શન = ૯ ઉપયોગ<br>છટ્ઠાણવડિયા |

**૨૪ દંડકના જીવપર્યાયો :–**

| જીવ પ્રકાર | દ્રવ્યથી | પ્રદેશથી | અવગાહનાથી | સ્થિતિથી | વર્ણાદિથી (૨૦ બોલ) | ઉપયોગથી (જ્ઞાન-દર્શનથી) |
|---|---|---|---|---|---|---|
| નરક અને ભવનપતિ, વ્યંતર દેવ | તુલ્ય | તુલ્ય | તુલ્ય અથવા ચૌઠાણવડિયા | તુલ્ય અથવા ચૌઠાણવડિયા | છટ્ઠાણવડિયા | ૩ જ્ઞાન, ૨/૩ અજ્ઞાન, ૩ દર્શન = ૯ ઉપયોગ છટ્ઠાણવડિયા |
| જ્યોતિષી વૈમાનિક દેવ | તુલ્ય | તુલ્ય | તુલ્ય અથવા ચૌઠાણવડિયા | તુલ્ય અથવા તિટ્ઠાણવડિયા | છટ્ઠાણવડિયા | ૩ જ્ઞાન, ૩ અજ્ઞાન ૩ દર્શન છટ્ઠાણવડિયા |
| પાંચ સ્થાવર | તુલ્ય | તુલ્ય | તુલ્ય અથવા ચૌઠાણવડિયા | તુલ્ય અથવા તિટ્ઠાણવડિયા | છટ્ઠાણવડિયા | ૨ અજ્ઞાન, અચક્ષુદર્શન છટ્ઠાણવડિયા |
| ત્રણ વિકલેન્દ્રિય | તુલ્ય | તુલ્ય | તુલ્ય અથવા ચૌઠાણવડિયા | તુલ્ય અથવા તિટ્ઠાણવડિયા | છટ્ઠાણવડિયા | બેઈ૦ તેઈ૦ માં ૨ જ્ઞાન, ૨ અજ્ઞાન, ૧ અચક્ષુદર્શન. ચૌરે૦ માં ૨ જ્ઞાન, ૨ અજ્ઞાન ૨ દર્શન છટ્ઠાણવડિયા |
| તિર્યંચ પંચેન્દ્રિય | તુલ્ય | તુલ્ય | તુલ્ય અથવા ચૌઠાણવડિયા | તુલ્ય અથવા ચૌઠાણવડિયા | છટ્ઠાણવડિયા | ૩ જ્ઞાન, ૩ અજ્ઞાન, ૩ દર્શન છટ્ઠાણવડિયા |
| મનુષ્ય | તુલ્ય | તુલ્ય | તુલ્ય અથવા ચૌઠાણવડિયા | તુલ્ય અથવા ચૌઠાણવડિયા | છટ્ઠાણવડિયા | ૪ જ્ઞાન, ૩ અજ્ઞાન ૩ દર્શન છટ્ઠાણવડિયા કેવળજ્ઞાન-કેવળદર્શન તુલ્ય |

**અવગાહનાની અપેક્ષાએ નૈરયિકોના પર્યાયો :-**

**१४ जहण्णोगाहणगाणं भंते ! णेरइयाणं केवइया पज्जवा पण्णत्ता ? गोयमा ! अणंता पज्जवा पण्णत्ता । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ जहण्णोगाहणगाणं णेरइयाणं अणंता पज्जवा पण्णत्ता ?**

**गोयमा ! जहण्णोगाहणाए णेरइए जहण्णोगाहणस्स णेरइयस्स दव्वट्ठयाए तुल्ले, पए सट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए तुल्ले, ठिईए चउट्ठाणवडिए, वण्ण-गंध-रस-फासपज्जवेहिं, तिहिं णाणेहिं, तिहिं अण्णाणेहिं, तिहिं दंसणेहिं य छट्ठाणवडिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જઘન્ય અવગાહનાવાળા નૈરયિકોના કેટલા પર્યાયો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંત પર્યાયો છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે જઘન્ય અવગાહનવાળા નારકીના અનંત પર્યાયો છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અવગાહનાવાળો એક નૈરયિક, જઘન્ય અવગાહનાવાળા બીજા નૈરયિકથી દ્રવ્યની અપેક્ષાએ તુલ્ય, પ્રદેશોની અપેક્ષાએ તુલ્ય, અવગાહનાની અપેક્ષાએ તુલ્ય છે; સ્થિતિની અપેક્ષાએ ચૌઠાણવડિયા છે વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન અને ત્રણ દર્શન અર્થાત્ વર્ણાદિ

૨૦ બોલ અને ૯ ઉપયોગની અપેક્ષાએ છટ્ઠાણવડિયા હોય છે.

**१५** **उक्कोसोगाहणगाणं भंते ! णेरइयाणं केवइया पज्जवा पण्णत्ता ? गोयमा ! अणंता पज्जवा पण्णत्ता । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ उक्कोसोगाहणयाणं णेरइयाणं अणंता पज्जवा पण्णत्ता ?**

**गोयमा ! उक्कोसोगाहणाए णेरइए उक्कोसोगाहणस्स णेरइयस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए तुल्ले, ठिईए सिय हीणे, सिय तुल्ले, सिय अब्भहिए, जइ हीणे- असंखेज्जभागहीणे वा, संखेज्जभागहीणे वा, अह अब्भहिए- असंखेज्जइभाग- अब्भहिए वा, संखेज्जइभागअब्भहिए वा, वण्ण-गंध-रस-फासपज्जवेहिं, तिहिं णाणेहिं, तिहिं अण्णाणेहिं, तिहिं दंसणेहिं छट्ठाणवडिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઉત્કૃષ્ટ અવગાહનાવાળા નૈરયિકોના કેટલા પર્યાયો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંત પયાર્યો છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે ઉત્કૃષ્ટ અવગાહનાવાળા નૈરયિકોના અનંત પર્યાયો છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ઉત્કૃષ્ટ અવગાહનાવાળો એક નારકી, ઉત્કૃષ્ટ અવગાહનાવાળા બીજા નારકીથી દ્રવ્યની અપેક્ષાએ તુલ્ય છે; પ્રદેશોની અપેક્ષાએ તુલ્ય છે; અવગાહનાની અપેક્ષાએ તુલ્ય છે; સ્થિતિની અપેક્ષાએ કદાચિત્ હીન છે, કદાચિત્ તુલ્ય છે અને કદાચિત્ અધિક છે. જો હીન હોય તો અસંખ્યાતમોભાગ હીન કે સંખ્યાતમોભાગ હીન હોય છે અને અધિક હોય તો અસંખ્યાતમો ભાગ અધિક કે સંખ્યાતમો ભાગ અધિક હોય છે અર્થાત્ દ્વિસ્થાન હીનાધિક છે; વર્ણ, ગંધ, રસ, સ્પર્શના પર્યાયોની અપેક્ષાએ તથા ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન અને ત્રણ દર્શનની અપેક્ષાએ છ સ્થાનની હીનાધિકતા હોય છે.

**१६** **अजहण्णुक्कोसोगाहणगाणं भंते ! णेरइयाणं केवइया पज्जवा पण्णत्ता ? गोयमा ! अणंता पज्जवा पण्णत्ता । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ अजहण्णुक्कोसोगाहणगाणं णेरइयाणं अणंता पज्जवा पण्णत्ता ?**

**गोयमा ! अजहण्णुक्कोसोगाहणाए णेरइए अजहण्णुक्कोसोगाहणगस्स णेरइयस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए सिय हीणे, सिय तुल्ले, सिय अब्भहिए जइ हीणे- असंखेज्जइभागहीणे वा, संखेज्जइभागहीणे वा, संखेज्जगुणहीणे वा, असंखेज्ज-गुणहीणे वा; अह अब्भहिए- असंखेज्जइभागअब्भहिए वा, संखेज्जइभागअब्भहिए वा, संखेज्जगुणअब्भहिए वा, असंखेज्जगुणअब्भहिए वा; ठिईए सिय हीणे, सिय तुल्ले, सिय अब्भहिए; जइ हीणे- असंखेज्जइभागहीणे वा, संखेज्जइभागहीणे वा, संखेज्जगुणहीणे वा, असंखेज्जगुणहीणे वा; अह अब्भहिए- असंखेज्जइभागअब्भहिए वा, संखेज्जइभाग- अब्भहिए वा, संखेज्जगुणअब्भहिए वा, असंखेज्जगुणअब्भहिए वा; वण्ण-गंध-रस-फासपज्जवेहिं, तिहिं णाणेहिं, तिहिं अण्णाणेहिं, तिहिं दंसणेहिं छट्ठाणवडिए, से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ अजहण्णुक्कोसोगाहणगाणं णेरइयाणं अणंता पज्जवा पण्णत्ता ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અજઘન્ય-અનુત્કૃષ્ટ(મધ્યમ) અવગાહનાવાળા નૈરયિકોના કેટલા પર્યાયો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંત પર્યાયો છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે મધ્યમ અવગાહના- વાળા નૈરયિકોના અનંત પર્યાયો છે?

**ઉત્તર–** હે ગૌતમ ! મધ્યમ અવગાહનાવાળા એક નારકીથી, મધ્યમ અવગાહનાવાળા બીજા નારકી દ્રવ્યની અપેક્ષાએ તુલ્ય; પ્રદેશની અપેક્ષાએ તુલ્ય; અવગાહનાની અપેક્ષાએ કદાચિત્ હીન છે, કદાચિત્ તુલ્ય અને કદાચિત્ અધિક હોય છે. જો હીન હોય તો અસંખ્યાતમો ભાગ હીન, સંખ્યાતમો ભાગ હીન, સંખ્યાતગુણ હીન કે અસંખ્યાતગુણ હીન છે. જો અધિક હોય તો અસંખ્યાતમો ભાગ અધિક, સંખ્યાતમો ભાગ અધિક, સંખ્યાતગુણ અધિક કે અસંખ્યાતગુણ અધિક હોય છે અર્થાત્ ચૌઠાણવડિયા હોય છે. સ્થિતિની અપેક્ષાએ કદાચિત્ હીન, કદાચિત્ તુલ્ય અને કદાચિત્ અધિક હોય છે. જો હીન હોય તો અસંખ્યાતમો ભાગ હીન, સંખ્યાતમો ભાગ હીન, સંખ્યાતગુણ હીન કે અસંખ્યાતગુણ હીન હોય છે. જો અધિક હોય તો અસંખ્યાતમો ભાગ અધિક, સંખ્યાતમો ભાગ અધિક, સંખ્યાતગુણ અધિક કે અસંખ્યાતગુણ અધિક હોય છે અર્થાત્ ચૌઠાણવડિયા હોય છે. વર્ણ, ગંધ, રસ અને સ્પર્શના પર્યાયોની અપેક્ષાએ તથા ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન અને ત્રણ દર્શનની અપેક્ષાએ છટ્ઠાણવડિયા હીનાધિક છે. હે ગૌતમ ! તેથી એમ કહ્યું છે કે 'મધ્યમ અવગાહનાવાળા નૈરયિકોના અનંત પર્યાયો છે.'

**વિવેચન :–**

આ સૂત્રોમાં જઘન્ય, ઉત્કૃષ્ટ અને મધ્યમ ત્રણે ય અવગાહનાવાળા નૈરયિકોના અનંત પર્યાયોનું કથન છે. નૈરયિકોની જઘન્ય અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગની અને ઉત્કૃષ્ટ અવગાહના ૫૦૦ ધનુષ્ય છે તથા તે બંને વચ્ચેની સર્વ અવગાહનાઓ મધ્યમ અવગાહના છે.

જઘન્ય આદિ ત્રણે પ્રકારની અવગાહનાવાળા નારકી **દ્રવ્ય અને પ્રદેશની અપેક્ષાએ** તુલ્ય છે.

**અવગાહનાની અપેક્ષાએ–** જઘન્ય અવગાહનાવાળા નૈરયિકો અવગાહનાની અપેક્ષાએ તુલ્ય હોય છે અને ઉત્કૃષ્ટ અવગાહનાવાળા નૈરયિકો પણ અવગાહનાની અપેક્ષાએ પરસ્પર તુલ્ય હોય છે. કારણ કે જઘન્ય અને ઉત્કૃષ્ટ અવગાહનાનું એક જ સ્થાન છે તેમાં કોઈ પણ પ્રકારની તરતમતા નથી. જઘન્ય અવગાહના માત્ર અંગુલના અસંખ્યાતમા ભાગની હોય છે અને ઉત્કૃષ્ટ અવગાહના માત્ર ૫૦૦ ધનુષની હોય છે. તેથી બે જઘન્ય અવગાહનાવાળા નૈરયિકોમાં કે બે ઉત્કૃષ્ટ અવગાહનાવાળા નૈરયિકોમાં અવગાહનાની અપેક્ષાએ તુલ્યતા હોય છે.

અજઘન્ય-અનુત્કૃષ્ટ એટલે મધ્યમ અવગાહનાવાળા નૈરયિકો અવગાહનાની અપેક્ષાએ ચૌઠાણવડિયા ન્યૂનાધિક હોય છે. જઘન્ય અંગુલનો અસંખ્યાતમોભાગ અને ઉત્કૃષ્ટ ૫૦૦ ધનુષની અવગાહનાની વચ્ચેની જેટલી અવગાહનાઓ હોય છે તે તમામ મધ્યમ અવગાહના કહેવાય છે. તેના અસંખ્યાત ભેદ થવાથી તેમાં ચૌઠાણવડિયા ન્યૂનાધિકતા સંભવે છે.

**સ્થિતિની અપેક્ષાએ :–** જઘન્ય અવગાહનાવાળા નૈરયિકો સ્થિતિની અપેક્ષાએ ચૌઠાણવડિયા હીનાધિક હોય છે. કોઈ પણ નરકમાં ઉત્પન્ન થતાં નારકીની જઘન્ય અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગની હોય છે. તેમાં પ્રથમ નરકની અપેક્ષાએ ૧૦,૦૦૦ વર્ષની સ્થિતિ અને સાતમી નરકની અપેક્ષાએ ૩૩ સાગરોપમની સ્થિતિ હોય છે. ૧૦,૦૦૦ વર્ષ અને ૩૩ સાગરોપમ વચ્ચે ચાર પ્રકારે ન્યૂનાધિકતા સંભવે

છે. (૧) અસંખ્યાતમો ભાગ (૨) સંખ્યાતમો ભાગ (૩) સંખ્યાતગુણ (૪) અસંખ્યાતગુણ, આ રીતે જઘન્ય અવગાહનાવાળા નારકી સ્થિતિની અપેક્ષાએ ચૌઠાણવડિયા હીનાધિક છે.

ઉત્કૃષ્ટ અવગાહનાવાળા નારકી સ્થિતિની અપેક્ષાએ દુટ્ઠાણવડિયા હીનાધિક હોય છે. સાતમી નરકના નારકીની ઉત્કૃષ્ટ અવગાહના ૫૦૦ ધનુષની છે અને તેની જઘન્ય સ્થિતિ ૨૨ સાગરોપમ અને ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમની હોય છે. ૨૨ સાગરોપમ અને ૩૩ સાગરોપમ વચ્ચે (૧) અસંખ્યાતમો ભાગ અને (૨) સંખ્યાતમો ભાગ, આ બે પ્રકારે જ ન્યૂનાધિકતા સંભવે છે. તેમાં સંખ્યાતગુણ કે અસંખ્યાતગુણ હીનાધિકતા સંભવિત નથી તેથી ઉત્કૃષ્ટ અવગાહનાવાળા નૈરયિકો, સ્થિતિની અપેક્ષાએ દુટ્ઠાણવડિયા હીનાધિક હોય છે.

મધ્યમ અવગાહનાવાળા નારકીની સ્થિતિ જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ અને ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમની હોય છે. તેથી તે પૂર્વવત્ ચૌઠાણવડિયા હીનાધિક હોય છે.

**વર્ણાદિ ૨૦ બોલની અપેક્ષાએ–** જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ અવગાહનાવાળા નૈરયિકો વર્ણાદિ ૨૦ બોલની અપેક્ષાએ છટ્ઠાણવડિયા હીનાધિક હોય છે.

**જ્ઞાન-દર્શનની અપેક્ષાએ–** નૈરયિકોમાં સમુચ્ચય ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન અને ત્રણ દર્શન, આ નવ ઉપયોગ હોય છે. તેમાં સમકિતીને ત્રણ જ્ઞાન અને મિથ્યાત્વીને ત્રણ અજ્ઞાન હોય છે પરંતુ અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય મરીને પ્રથમ નરકમાં ઉત્પન્ન થાય ત્યારે તેની અપર્યાપ્તાવસ્થામાં બે અજ્ઞાન હોય છે. અપર્યાપ્તાવસ્થામાં તેની જઘન્ય અથવા મધ્યમ અવગાહના હોય છે અને તે સિવાયના જીવોને ત્રણ અજ્ઞાન અથવા ત્રણ જ્ઞાન હોય છે. તેથી જઘન્ય કે મધ્યમ અવગાહનાવાળા મિથ્વાત્વી નારકીને બે અથવા ત્રણ અજ્ઞાન તથા ત્રણ દર્શન હોય છે અને સમકિતી નારકીને ત્રણ જ્ઞાન અને ત્રણ દર્શન હોય છે.

ઉત્કૃષ્ટ અવગાહનાવાળા નૈરયિક સાતમી નરકમાં હોય છે. તે નૈરયિકોમાં ત્રણ જ્ઞાન અથવા ત્રણ અજ્ઞાન અને ત્રણ દર્શન હોય છે. આ રીતે જઘન્ય અને મધ્યમ અવગાહનાવાળા નારકીમાં બે કે ત્રણ અજ્ઞાન, ત્રણ જ્ઞાન અને ત્રણ દર્શનની અપેક્ષાએ અને ઉત્કૃષ્ટ અવગાહનાવાળા નારકીમાં ત્રણ અજ્ઞાન, ત્રણ જ્ઞાન અને ત્રણ દર્શનની અપેક્ષાએ છટ્ઠાણવડિયા હીનાધિકતા હોય છે.

સંક્ષેપમાં જઘન્ય અને ઉત્કૃષ્ટ અવગાહનાવાળા નૈરયિકો દ્રવ્ય, પ્રદેશ અને અવગાહનાની અપેક્ષાએ પરસ્પર તુલ્ય છે, મધ્યમ અવગાહનાવાળા નૈરયિકો અવગાહનાની અપેક્ષાએ ચૌઠાણવડિયા છે. જઘન્ય અને મધ્યમ અવગાહનાવાળા નૈરયિકો સ્થિતિની અપેક્ષાએ ચૌઠાણવડિયા છે અને ઉત્કૃષ્ટ અવગાહનાવાળા નૈરયિકો સ્થિતિની અપેક્ષાએ દુટ્ઠાણવડિયા છે. વર્ણાદિ ૨૦ બોલ તથા યથાયોગ્ય આઠ કે નવ ઉપયોગની અપેક્ષાએ છટ્ઠાણવડિયા હોય છે.

### સ્થિતિની અપેક્ષાએ નૈરયિકોના પર્યાયો :-

**૧૭ जहण्णठिईयाणं भंते ! णेरइयाणं केवइया पज्जवा पण्णत्ता ? गोयमा ! अणंता पज्जवा पण्णत्ता । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ जहण्णट्ठिईयाणं णेरइयाणं अणंता पज्जवा पण्णत्ता ?**

**गोयमा ! जहण्णट्ठिईए णेरइए जहण्णट्ठिईयस्स णेरइयस्स दव्वट्ठयाए तुल्ले, पए**

**सट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए तुल्ले, वण्ण-गंध रस-फासपज्जवेहिं, तिहिं णाणेहिं, तिहिं अण्णाणेहिं, तिहिं दंसणेहि य छट्ठाणवडिए । एवं उक्कोसट्ठिईए वि। अजहण्णुक्कोसट्ठिईए वि एवं चेव, णवरं सट्ठाणे चउट्ठाणवडिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જઘન્ય સ્થિતિવાળા નૈરયિકોના કેટલા પર્યાયો છે ? **ઉત્તર–** હે ગૌતમ! અનંત પર્યાયો છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે જઘન્ય સ્થિતિવાળા નૈરયિકોના અનંત પર્યાયો છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય સ્થિતિવાળા એક નારકી, જઘન્ય સ્થિતિવાળા બીજા નારકીથી દ્રવ્યની અપેક્ષાએ તુલ્ય છે; પ્રદેશની અપેક્ષાએ પણ તુલ્ય છે; અવગાહનાની અપેક્ષાએ ચૌઠાણવડિયા છે; સ્થિતિની અપેક્ષાએ તુલ્ય; વર્ણ, ગંધ, રસ અને સ્પર્શની અપેક્ષાએ તથા ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન અને ત્રણ દર્શનની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે.

આ જ રીતે ઉત્કૃષ્ટ સ્થિતિવાળા નારકીના વિષયમાં પણ જાણવું. અજઘન્ય-અનુત્કૃષ્ટ(મધ્યમ) સ્થિતિવાળા નારકીના વિષયમાં પણ આ પ્રમાણે જ કહેવું જોઈએ. વિશેષતા એ છે કે સ્વસ્થાનમાં અર્થાત્ સ્થિતિની અપેક્ષાએ ચૌઠાણવડિયા છે.

**વિવેચન :–**

આ સૂત્રોમાં જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ સ્થિતિવાળા નારકીની અનંત પર્યાયોનું નિરૂપણ છે. નૈરયિકોની જઘન્ય સ્થિતિ દશ હજાર વર્ષ, ઉત્કૃષ્ટ સ્થિતિ તેત્રીસ સાગરોપમ અને મધ્યમ સ્થિતિ– એક સમય અધિક દશ હજાર વર્ષથી એક સમય ન્યૂન તેત્રીસ સાગરોપમ છે.

જઘન્ય, મધ્યમ કે ઉત્કૃષ્ટ સ્થિતિવાળા નારકી– **દ્રવ્ય** અને **પ્રદેશ** અપેક્ષાએ તુલ્ય છે.

**અવગાહનાની અપેક્ષાએ–** જઘન્ય, મધ્યમ કે ઉત્કૃષ્ટ સ્થિતિવાળા નૈરયિકો અવગાહનાની અપેક્ષાએ પરસ્પર તુલ્ય હોય અથવા ચૌઠાણવડિયા હોય છે. જઘન્ય ૧૦,૦૦૦ વર્ષની સ્થિતિવાળા રત્નપ્રભા પૃથ્વીના નૈરયિકોની અવગાહના જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ પોણા આઠ ધનુષ અને છ અંગુલની છે. અંગુલના અસંખ્યાતમા ભાગના અસંખ્યાત ભેદ થાય છે તેથી તેમાં– (૧) અસંખ્યાતમો ભાગ (૨) સંખ્યાતમો ભાગ (૩) સંખ્યાતગુણ અને (૪) અસંખ્યાતગુણ, તે ચાર પ્રકારે ન્યૂનાધિકતા હોય છે.

મધ્યમ સ્થિતિવાળા નૈરયિકોની અવગાહના જઘન્ય અંગુલનો અસંખ્યાતમા ભાગથી કંઈક અધિક અને ઉત્કૃષ્ટ ૫૦૦ ધનુષની છે. તેથી તેમાં પણ ચૌઠાણવડિયા ન્યૂનાધિકતા હોય છે.

ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમની સ્થિતિવાળા સાતમી નરકના નૈરયિકોની અવગાહના ઉત્પત્તિના સમયે જઘન્ય અંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ ૫૦૦ ધનુષની હોય છે. તેમાં પણ ચૌઠાણવડિયા ન્યૂનાધિકતા હોય છે.

**સ્થિતિની અપેક્ષાએ–** જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિવાળા નૈરયિકોનું સ્થિતિસ્થાન એકજ હોવાથી તેમાં પરસ્પર તુલ્યતા હોય છે. મધ્યમ સ્થિતિવાળા નૈરયિકોના સ્થિતિસ્થાન અસંખ્યાત હોવાથી તેમાં ચૌઠાણવડિયા ન્યૂનાધિકતા હોય છે. વર્ણાદિ ૨૦ બોલ તથા ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન અને ત્રણ દર્શન, તે નવ ઉપયોગની અપેક્ષાએ છટ્ઠાણવડિયા હોય છે.

**વર્ણાદિ અપેક્ષાએ નૈરયિકોના પર્યાયો :–**

**૧૮ जहण्णगुणकालयाणं भंते ! णेरइयाणं केवइया पज्जवा पण्णत्ता ? गोयमा ! अणंता पज्जवा पण्णत्ता । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ जहण्णगुणकालयाणं णेरइयाणं अणंता पज्जवा पण्णत्ता ?**

**गोयमा ! जहण्णगुणकालए णेरइए जहण्णगुणकालगस्स णेरइयस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए चउट्ठाणवडिए, कालवण्णपज्जवेहिं तुल्ले, अवसेसेहिं वण्ण-गंध-रस-फासपज्जवेहि, तिहिं णाणेहिं, तिहिं अण्णाणेहिं, तिहिं दंसणेहि य छट्ठाणवडिए, से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ जहण्णगुणकालयाणं णेरइयाणं अणंता पज्जवा पण्णत्ता ।**

**एवं उक्कोसगुणकालए वि । अजहण्णमणुक्कोसगुणकालए वि एवं चेव । णवरं कालवण्णपज्जवेहिं वि छट्ठाणवडिए ।एवं अवसेसा चत्तारि वण्णा दो गंधा पंच रसा अट्ठ फासा भाणियव्वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જઘન્યગુણકાળા નૈરયિકોના કેટલા પર્યાયો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંત પર્યાયો છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે જઘન્યગુણકાળા નૈરયિકોના અનંત પર્યાયો છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્યગુણકાળો એક નૈરયિક, જઘન્યગુણકાળા બીજા નૈરયિકથી દ્રવ્યની અપેક્ષાએ તુલ્ય; પ્રદેશની અપેક્ષાએ તુલ્ય; અવગાહનાની અપેક્ષાએ ચૌઠાણવડિયા છે; સ્થિતિની અપેક્ષાએ ચૌઠાણવડિયા છે; કાળા વર્ણના પર્યાયની અપેક્ષાએ તુલ્ય છે પરંતુ શેષ વર્ણ, ગંધ, રસ અને સ્પર્શના પર્યાયોની અપેક્ષાએ તથા ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન અને ત્રણ દર્શનની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે. તેથી હે ગૌતમ ! એ પ્રમાણે કહ્યું છે કે 'જઘન્યગુણ કાળા નારકીના અનંત પર્યાય છે.'

આ પ્રમાણે ઉત્કૃષ્ટગુણકાળા નૈરયિકના પર્યાયોના વિષયમાં સમજી લેવું જોઈએ. આ પ્રમાણે અજઘન્ય-અનુત્કૃષ્ટ(મધ્યમ)ગુણ કાળા નૈરયિકોના પર્યાયના વિષયમાં પણ જાણી લેવું જોઈએ. વિશેષતા એ છે કે કાળા વર્ણના પર્યાયોની અપેક્ષાએ પણ છટ્ઠાણવડિયા(હીનાધિક) હોય છે. કાળા વર્ણના પર્યાયોની જેમ શેષ ચારે ય વર્ણ, બે ગંધ, પાંચ રસ અને આઠ સ્પર્શની અપેક્ષાએ પણ જઘન્ય, ઉત્કૃષ્ટ અને મધ્યમના આલાપક સમજી લેવા જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં વર્ણ, ગંધ, રસ અને સ્પર્શના વીસ ભેદની અપેક્ષાએ નૈરયિકના પર્યાયોનું કથન કરવામાં આવ્યું છે.

વર્ણાદિ વીસ બોલ શરીરના વર્ણાદિની અપેક્ષાએ સમજવા. શરીરના વર્ણાદિનો સંબંધ તેની અવગાહના, સ્થિતિ કે જ્ઞાનાદિ સાથે હોતો નથી. તેથી સમુચ્ચય નૈરયિકોની જેમ અવગાહના અને સ્થિતિની અપેક્ષાએ ચૌઠાણવડિયા અને જ્ઞાન, દર્શનની અપેક્ષાએ છટ્ઠાણવડિયા ન્યૂનાધિકતા હોય છે.

**વર્ણાદિની અપેક્ષાએ**– જઘન્યગુણ અને ઉત્કૃષ્ટગુણ કાળાવર્ણાદિમાં એક જ પર્યાય હોવાથી તે પરસ્પર તુલ્ય છે. કાળા વર્ણમાં કાળા વર્ણની તુલના કરવી તે સ્વસ્થાન છે. જઘન્ય, ઉત્કૃષ્ટ કાળાવર્ણમાં સ્વસ્થાનની અપેક્ષાએ તુલ્યતા હોય છે. કાળા વર્ણ માટે અન્ય વર્ણ, ગંધાદિ પરસ્થાન છે અને તેની અપેક્ષાએ છટ્ઠાણવડિયા ન્યૂનાધિકતા હોય છે. મધ્યમ ગુણ કાળા વર્ણાદિમાં અનેક પ્રકારની તરતમતા હોવાથી છટ્ઠાણવડિયા હાનિવૃદ્ધિ સંભવે છે.

**જ્ઞાન–દર્શનની અપેક્ષાએ નૈરયિકોના પર્યાયો :–**

**११ जहण्णाभिणिबोहियणाणीणं भंते ! णेरइयाणं केवइया पज्जवा पण्णत्ता ? गोयमा ! जहण्णाभिणिबोहियणाणीणं णेरइयाणं अणंता पज्जवा पण्णत्ता । से केणट्ठेणं भंते! एवं वुच्चइ जहण्णाभिणिबोहियणाणीणं णेरइयाणं अणंता पज्जवा पण्णत्ता ?**

**गोयमा ! जहण्णाभिणिबोहियणाणी णेरइए जहण्णाभिणिबोहियणाणिस्स णेरइयस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए चउट्ठाणवडिए, वण्ण-गंध-रस-फास-पज्जवेहिं छट्ठाणवडिए, आभिणिबोहियणाणपज्जवेहिं तुल्ले, सुयणाण-ओहिणाणपज्जवेहिं छट्ठाणवडिए, तिहिं दंसणेहिं छट्ठाणवडिए ।**

**एवं उक्कोसाभिणिबोहियणाणी वि । अजहण्णमणुक्कोसाभिणिबोहियणाणी वि एवं चेव, णवरं आभिणिबोहियणाणपज्जवेहिं सट्ठाणे छट्ठाणवडिए ।**

**एवं सुयणाणी ओहिणाणी वि । णवरं जस्स णाणा तस्स अण्णाणा णत्थि । जहा णाणा तहा अण्णाणा वि भाणियव्वा । णवरं जस्स अण्णाणा तस्स णाणा ण भवंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! જઘન્ય આભિનિબોધિક જ્ઞાનવાળા નૈરયિકોના કેટલા પર્યાયો છે ? **ઉત્તર**– હે ગૌતમ ! જઘન્ય આભિનિબોધિક જ્ઞાનવાળા નૈરયિકોના અનંત પર્યાયો છે. **પ્રશ્ન**– હે ભગવન્! તેનું શું કારણ છે કે જઘન્ય આભિનિબોધિક જ્ઞાનવાળા નૈરયિકોના અનંત પર્યાયો છે ?

**ઉત્તર**– હે ગૌતમ ! જઘન્ય આભિનિબોધિકજ્ઞાનવાળો એક નૈરયિક જઘન્ય આભિનિબોધિકજ્ઞાન-વાળા બીજા નૈરયિકથી દ્રવ્યની અપેક્ષાએ તુલ્ય; પ્રદેશની અપેક્ષાએ તુલ્ય; અવગાહનાની અપેક્ષાએ ચૌઠાણવડિયા; સ્થિતિની અપેક્ષાએ ચૌઠાણવડિયા; વર્ણ, ગંધ, રસ અને સ્પર્શના પર્યાયોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે; આભિનિબોધિક જ્ઞાનના પર્યાયોની અપેક્ષાએ તુલ્ય; શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાનના પર્યાયોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા અને ત્રણ દર્શનની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે.

આ જ રીતે ઉત્કૃષ્ટ આભિનિબોધિકજ્ઞાનવાળા નૈરયિકોના વિષયમાં સમજી લેવું જોઈએ. આ પ્રમાણે અજઘન્ય અનુત્કૃષ્ટ-મધ્યમ આભિનિબોધિકજ્ઞાનવાળા નૈરયિકના પર્યાયોના વિષયમાં પણ જાણવું જોઈએ. વિશેષતા એ છે કે તે આભિનિબોધિક જ્ઞાનના પર્યાયોની અપેક્ષાએ પણ સ્વસ્થાનમાં છટ્ઠાણવડિયા છે.

શ્રુતજ્ઞાની અને અવધિજ્ઞાની નારકીના પર્યાયોના વિષયમાં પણ તે જ રીતે જાણવું. વિશેષતા એ છે કે જ્યાં જ્ઞાન હોય છે ત્યાં અજ્ઞાન હોતું નથી. જેવી રીતે ત્રણ જ્ઞાન પર્યાયોના વિષયમાં કહ્યું તેવી જ રીતે ત્રણ અજ્ઞાન પર્યાયોના વિષયમાં પણ કહેવું જોઈએ. વિશેષતા એ છે કે જ્યાં અજ્ઞાન હોય છે ત્યાં જ્ઞાન હોતું નથી.

**૨૦** जहण्णचक्खुदंसणीणं भंते ! णेरइयाणं केवइया पज्जवा पण्णत्ता ? गोयमा ! अणंता पज्जवा पण्णत्ता । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ जहण्णचक्खुदंसणीणं णेरइयाणं अणंता पज्जवा पण्णत्ता ?

गोयमा ! जहण्णचक्खुदंसणीणं णेरइए जहण्णचक्खुदंसणिस्स णेरइयस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए चउट्ठाणवडिए, वण्ण-गंध-रस फासपज्जवेहिं, तिहिं णाणेहिं, तिहिं अण्णाणेहिं छट्ठाणवडिए, चक्खुदंसणपज्जवेहिं तुल्ले, अचक्खुदंसणपज्जवेहिं, ओहिदंसण-पज्जवेहि य छट्ठाणवडिए ।

एवं उक्कोसचक्खुदंसणी वि । अजहण्णमणुक्कोसचक्खुदंसणी वि एवं चेव । णवरं सट्ठाणे छट्ठाणवडिए । एवं अचक्खुदंसणी वि ओहिदंसणी वि ।

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જઘન્ય ચક્ષુદર્શનની અપેક્ષાએ નૈરયિકોના કેટલા પર્યાયો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંતપર્યાયો છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે જઘન્ય ચક્ષુદર્શનવાળા નૈરયિકોના અનંતપર્યાય છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય ચક્ષુદર્શની એક નૈરયિક, જઘન્ય ચક્ષુદર્શની બીજા નૈરયિકથી દ્રવ્યની અપેક્ષાએ તુલ્ય; પ્રદેશોની અપેક્ષાએ તુલ્ય; અવગાહનાની અપેક્ષાએ ચૌઠાણવડિયા; સ્થિતિની અપેક્ષાએ ચૌઠાણવડિયા; વર્ણ, ગંધ, રસ અને સ્પર્શના પર્યાયોની અપેક્ષાએ તથા ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાનની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે; ચક્ષુદર્શનના પર્યાયોની અપેક્ષાએ તુલ્ય છે, અચક્ષુદર્શન અને અવધિદર્શનના પર્યાયોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે.

આ પ્રમાણે ઉત્કૃષ્ટ ચક્ષુદર્શની નૈરયિકના વિષયમાં પણ જાણવું જોઈએ. અજઘન્ય-અનુત્કૃષ્ટ (મધ્યમ) ચક્ષુદર્શની નૈરયિકોના પર્યાયોના વિષયમાં પણ આ પ્રમાણે જ જાણવું જોઈએ પરંતુ વિશેષતા એ છે કે સ્વસ્થાનમાં એટલે ચક્ષુદર્શન પર્યાયોમાં પણ છટ્ઠાણવડિયા થાય છે. ચક્ષુદર્શની નૈરયિકોના પર્યાયોની જેમ જ અચક્ષુદર્શની અને અવધિદર્શની નૈરયિકોના પર્યાયોના વિષયમાં પણ જાણવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન અને ત્રણ-દર્શન, આ નવ ઉપયોગની અપેક્ષાએ નૈરયિકોના અનંત પર્યાયોનું કથન કરવામાં આવ્યું છે. જઘન્ય, મધ્યમ કે ઉત્કૃષ્ટ જ્ઞાની, અજ્ઞાની કે દર્શનીના પર્યાયો સમુચ્ચય નારકીની જેમ જ થાય છે. અવગાહના અને સ્થિતિની અપેક્ષાએ ચૌઠાણવડિયા અને વર્ણાદિ ૨૦ બોલોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા ન્યૂનાધિકતા હોય છે.

**જ્ઞાન-દર્શનની અપેક્ષાએ–** જઘન્ય કે ઉત્કૃષ્ટ જ્ઞાની પરસ્પર તુલ્ય હોય છે કારણ કે બે જઘન્ય જ્ઞાની કે બે ઉત્કૃષ્ટ જ્ઞાનીના જ્ઞાન પર્યવસ્થાન એક જ છે તેથી તે બંને સમાન હોય છે. મધ્યમ જ્ઞાનીમાં ક્ષયોપશમના આધારે અનંત પ્રકારની તરતમતા હોય છે. તેથી તેમાં છટ્ઠાણવડિયા ન્યૂનાધિકતા હોય છે. જ્ઞાન હોય તેને અજ્ઞાન હોતું નથી અને અજ્ઞાન હોય તેને જ્ઞાન હોતું નથી. કારણ કે જ્ઞાન અને અજ્ઞાન બંને પરસ્પર પ્રતિપક્ષી છે. સમ્યગ્દૃષ્ટિને જ્ઞાન અને મિથ્યાદષ્ટિને અજ્ઞાન હોય છે.

**અવગાહનાદિ અપેક્ષાએ નૈરયિકોના પર્યાયો :–**

| નારકી | દ્રવ્યથી | પ્રદેશથી | અવગાહનાથી | સ્થિતિથી | વર્ણાદિથી (૨૦ બોલ) | જ્ઞાન–દર્શન |
|---|---|---|---|---|---|---|
| જઘન્ય અવગાહના | તુલ્ય | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | ૨૦ બોલમાં છટ્ઠાણવડિયા | ૩ જ્ઞાન , ૨/૩ અજ્ઞાન ૩ દર્શન છટ્ઠાણવડિયા |
| ઉત્કૃષ્ટ અવગાહના | તુલ્ય | તુલ્ય | તુલ્ય | દુટ્ઠાણવડિયા | ૨૦ બોલમાં છટ્ઠાણવડિયા | ૩ જ્ઞાન, ૩ અજ્ઞાન ૩ દર્શન છટ્ઠાણવડિયા |
| મધ્યમ અવગાહના | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | ચૌઠાણવડિયા | ૨૦ બોલમાં છટ્ઠાણવડિયા | ૩ જ્ઞાન , ૨/૩ અજ્ઞાન ૩ દર્શન છટ્ઠાણવડિયા |
| જઘન્ય સ્થિતિ | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | તુલ્ય | ૨૦ બોલમાં છટ્ઠાણવડિયા | ૩ જ્ઞાન, ૩ અજ્ઞાન ૩ દર્શન છટ્ઠાણવડિયા |
| ઉત્કૃષ્ટ સ્થિતિ | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | તુલ્ય | ૨૦ બોલમાં છટ્ઠાણવડિયા | ૩ જ્ઞાન, ૩ અજ્ઞાન ૩ દર્શન છટ્ઠાણવડિયા |
| મધ્યમ સ્થિતિ | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | ચૌઠાણવડિયા | " " " | " " " |
| જઘન્ય અને ઉત્કૃષ્ટ વર્ણાદિ | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | ચૌઠાણવડિયા | સ્વસ્થાનમાં તુલ્ય, શેષ ૧૯ બોલમાં છટ્ઠાણવડિયા | ૩ જ્ઞાન, ૩ અજ્ઞાન ૩ દર્શન છટ્ઠાણવડિયા |
| મધ્યમ વર્ણાદિ | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | ચૌઠાણવડિયા | ૨૦ બોલમાં છટ્ઠાણવડિયા | ૩ જ્ઞાન, ૩ અજ્ઞાન ૩ દર્શન છટ્ઠાણવડિયા |
| જઘન્ય અને ઉત્કૃષ્ટ જ્ઞાન | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | ચૌઠાણવડિયા | ૨૦ બોલમાં છટ્ઠાણવડિયા | ૩ જ્ઞાન, ૩ દર્શનમાંથી સ્વસ્થાનમાં તુલ્ય, શેષમાં છટ્ઠાણવડિયા |
| મધ્યમ જ્ઞાન | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | ચૌઠાણવડિયા | ૨૦ બોલમાં છટ્ઠાણવડિયા | ૩ જ્ઞાન, ૩ દર્શનમાં છટ્ઠાણવડિયા |
| જઘન્ય અને ઉત્કૃષ્ટ અજ્ઞાન | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | ચૌઠાણવડિયા | ૨૦ બોલમાં છટ્ઠાણવડિયા | ૩ અજ્ઞાન, ૩ દર્શનમાંથી સ્વસ્થાનમાં તુલ્ય, શેષમાં છટ્ઠાણવડિયા |
| મધ્યમ અજ્ઞાન | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | ચૌઠાણવડિયા | ૨૦ બોલમાં છટ્ઠાણવડિયા | ૩ અજ્ઞાન, ૩ દર્શનમાં છટ્ઠાણવડિયા |
| જઘન્ય અને ઉત્કૃષ્ટ દર્શન | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | ચૌઠાણવડિયા | ૨૦ બોલમાં છટ્ઠાણવડિયા | ૯ ઉપયોગમાંથી સ્વસ્થાનમાં તુલ્ય, શેષમાં છટ્ઠાણવડિયા |
| મધ્યમ દર્શન | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | ચૌઠાણવડિયા | ૨૦ બોલમાં છટ્ઠાણવડિયા | ૩ દર્શન, ૩ જ્ઞાન, ૩ અજ્ઞાન છટ્ઠાણવડિયા |

**નોંધ :** ★ મતિજ્ઞાનીની મતિજ્ઞાની સાથે તુલના કરવી તે **સ્વસ્થાન,** મતિજ્ઞાનીની શ્રુત કે અવધિજ્ઞાની સાથે તુલના કરવી તે **પરસ્થાન.** ★ કાળા વર્ણની કાળા વર્ણ સાથે તુલના તે **સ્વસ્થાન,** શેષ વર્ણાદિ સાથે તુલના કરવી તે **પરસ્થાન.**

**અવગાહનાદિ અપેક્ષાએ ભવનપતિદેવોના પર્યાયો :–**

**૨૧** जहण्णोगाहणगाणं भंते ! असुरकुमाराणं केवइया पज्जवा पण्णत्ता ? गोयमा !

**अणंता पज्जवा पण्णत्ता । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ जहण्णोगाहणगाणं असुरकुमाराणं अणंता पज्जवा पण्णत्ता ?**

**गोयमा ! जहण्णोगाहणाए असुरकुमारे जहण्णोगाहणगस्स असुरकुमारस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए तुल्ले, ठिईए चउट्ठाणवडिए, वण्णादीहिं छट्ठाण- वडिए, आभिणिबोहियाणाण-सुयणाण-ओहिणाणपज्जवेहिं तिहिं अण्णाणेहिं, तिहिं दंसणेहिं य छट्ठाणवडिए ।**

**एवं उक्कोसोगाहणाए वि अजहण्णमणुक्कोसोगाहणाए वि जहा णेरइयाणं; णवरं उक्कोसोगाहणाए असुरकुमारे ठिईए चउट्ठाणवडिए । एवं णागकुमारणं** *जाव* **थणिय- कुमाराणं जहा असुरकुमाराणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જઘન્ય અવગાહનાવાળા અસુરકુમાર દેવોના કેટલા પર્યાયો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંતપર્યાયો છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે જઘન્ય અવગાહનાવાળા અસુરકુમારોના અનંત પર્યાયો છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અવગાહનાવાળા એક અસુરકુમાર દેવ, જઘન્ય અવગાહનાવાળા બીજા અસુરકુમાર દેવથી દ્રવ્યની અપેક્ષાએ તુલ્ય; પ્રદેશોની અપેક્ષાએ તુલ્ય; અવગાહનાની અપેક્ષાએ તુલ્ય; સ્થિતિની અપેક્ષાએ ચૌઠાણવડિયા; વર્ણાદિ ૨૦ બોલથી છટ્ઠાણવડિયા; આભિનિબોધિકજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન, ત્રણ અજ્ઞાન તથા ત્રણ દર્શનની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે.

આ પ્રમાણે ઉત્કૃષ્ટ અને મધ્યમ અવગાહનાવાળા અસુરકુમાર દેવોના પર્યાયોના વિષયમાં નારકીની જેમ જાણવું જોઈએ પરંતુ તેમાં વિશેષતા એ છે કે ઉત્કૃષ્ટ અવગાહનાવાળા અસુરકુમાર દેવો પણ સ્થિતિની અપેક્ષાએ ચૌઠાણવડિયા છે. શેષ સ્તનિતકુમાર દેવો સુધીનું સર્વ કથન નૈરયિકોની સમાન છે અર્થાત્ જઘન્ય, ઉત્કૃષ્ટ અને મધ્યમ સ્થિતિ, વર્ણાદિ અને જ્ઞાનાદિનું વર્ણન નારકીની સમાન છે. નાગકુમારથી સ્તનિતકુમાર સુધીના નવનિકાયના દેવોનું સંપૂર્ણ કથન અસુરકુમારની સમાન જાણવું.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં અસુરકુમારાદિ દશ ભવનપતિ દેવોના અનંત પર્યાયોનું નિરૂપણ કરવામાં આવ્યું છે. તે સર્વ કથન અને વિશ્લેષણ નૈરયિકોની સમાન સમજવું.

**णवरं उक्कोसोगाहणाए असुरकुमारे ठिईए चउठाणवडिए :–** નૈરયિકોથી અસુરકુમારની વિશેષતાને અહીં **णवरं** શબ્દપ્રયોગ દ્વારા પ્રગટ કરી છે. ઉત્કૃષ્ટ અવગાહનાવાળા નૈરયિકો સ્થિતિની અપેક્ષાએ દુટ્ઠાણવડિયા છે. કારણ કે નૈરયિકોમાં ઉત્કૃષ્ટ અવગાહના સાતમી નરકમાં જ હોય છે અને ત્યાં સ્થિતિ જઘન્ય ૨૨ સાગરોપમ અને ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમ છે. તે સ્થિતિમાં અસંખ્યાતમો ભાગ અને સંખ્યાતમો ભાગ, આ બે સ્થાનની જ ન્યૂનાધિકતા થાય છે. પરંતુ ભવનપતિ દેવોમાં ઉત્કૃષ્ટ અવગાહના સાત હાથની છે, તે અવગાહનાવાળા ભવનપતિ દેવોની સ્થિતિ જઘન્ય ૧૦,૦૦૦ વર્ષ અને ઉત્કૃષ્ટ સાધિક એક સાગરોપમની એટલે અસંખ્યાત કાલની હોય છે. તેથી તેમાં અસંખ્યાતમો ભાગ, સંખ્યાતમો ભાગ, સંખ્યાતગુણ અને અસંખ્યાતગુણ આ ચાર સ્થાનોની ન્યૂનાધિકતા હોય છે.

આ રીતે ઉત્કૃષ્ટ અવગાહનાવાળા ભવનપતિદેવો જઘન્ય, ઉત્કૃષ્ટ અને મધ્યમ ત્રણે ય સ્થિતિની અપેક્ષાએ ચૌઠાણવડિયા જ હોય છે.

**અવગાહનાદિ અપેક્ષાએ ભવનપતિ–વ્યંતર દેવોના પર્યાયો :–**

| ભવનપતિ વ્યંતર દેવ | દ્રવ્યથી | પ્રદેશથી | અવગાહનાથી | સ્થિતિથી | વર્ણાદિથી (૨૦ બોલમાં) | ઉપયોગથી |
|---|---|---|---|---|---|---|
| જઘન્ય અવગાહના | તુલ્ય | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | ૨૦ બોલમાં છટ્ઠાણવડિયા | ૨/૩ અજ્ઞાન, ૩ જ્ઞાન ૩ દર્શન =૯ ઉપયોગ છટ્ઠાણવડિયા |
| ઉત્કૃષ્ટ અવગાહના | તુલ્ય | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | ૨૦ બોલમાં છટ્ઠાણવડિયા | ૩ અજ્ઞાન, ૩ જ્ઞાન ૩ દર્શન = ૯ ઉપયોગ છટ્ઠાણવડિયા |
| મધ્યમ અવગાહના | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | ચૌઠાણવડિયા | છટ્ઠાણવડિયા | ૯ ઉપયોગ છટ્ઠાણવડિયા |
| જઘ૦ / ઉ૦ સ્થિતિ | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | તુલ્ય | છટ્ઠાણવડિયા | ૯ ઉપયોગ છટ્ઠાણવડિયા |
| મધ્યમ સ્થિતિ | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | ચૌઠાણવડિયા | છટ્ઠાણવડિયા | ૯ ઉપયોગ છટ્ઠાણવડિયા |
| જઘન્ય અને ઉત્કૃષ્ટ વર્ણાદિ | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | ચૌઠાણવડિયા | સ્વસ્થાનમાં તુલ્ય, શેષ ૧૯ બોલમાં છટ્ઠાણવડિયા | ૯ ઉપયોગમાં છટ્ઠાણવડિયા |
| મધ્યમ વર્ણાદિ | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | ચૌઠાણવડિયા | છટ્ઠાણવડિયા | " " " |
| જઘન્ય અને ઉત્કૃષ્ટ જ્ઞાન,અજ્ઞાન, દર્શન | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | ચૌઠાણવડિયા | ૨૦ બોલમાં છટ્ઠાણવડિયા | સ્વસ્થાનમાં તુલ્ય, શેષ ઉપયોગમાં છટ્ઠાણવડિયા |
| મધ્યમ જ્ઞાનાદિ | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | ચૌઠાણવડિયા | છટ્ઠાણવડિયા | છટ્ઠાણવડિયા |

**અવગાહનાદિ અપેક્ષાએ પાંચ સ્થાવરોના પર્યાયો :–**

**૨૨ जहण्णोगाहणगाणं भंते ! पुढविकाइयाणं केवइया पज्जवा पण्णत्ता ? गोयमा ! अणंता पज्जवा पण्णत्ता । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ जहण्णोगाहणगाणं पुढविकाइयाणं अणंता पज्जवा पण्णत्ता ?**

**गोयमा ! जहण्णोगाहणाए पुढविकाइए जहण्णोगाहणस्स पुढविकाइयस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए तुल्ले, ठिईए तिट्ठाणवडिए, वण्ण-गंध-रस-फासपज्जवेहिं, दोहिं अण्णाणेहिं, अचक्खुदंसणपज्जवेहिं य छट्ठाणवडिए ।**

**एवं उक्कोसोगाहणाए वि । अजहण्णमणुक्कोसोगाहणाए वि एवं चेव, णवरं सट्ठाणे चउट्ठाणवडिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જઘન્ય અવગાહનવાળા પૃથ્વીકાયિક જીવોના કેટલા પર્યાયો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંતપર્યાયો છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે જઘન્ય અવગાહનાવાળા પૃથ્વીકાયિક જીવોના અનંત પર્યાયો છે ?

**ઉત્તર**– હે ગૌતમ ! જઘન્ય અવગાહનાવાળો એક પૃથ્વીકાયિક જીવ, જઘન્ય અવગાહનાવાળા બીજા પૃથ્વીકાયિક જીવથી દ્રવ્યની અપેક્ષાએ તુલ્ય; પ્રદેશની અપેક્ષાએ તુલ્ય; અવગાહનાની અપેક્ષાએ તુલ્ય; સ્થિતિની અપેક્ષાએ તિટ્ઠાણવડિયા અને વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ, બે અજ્ઞાન અને અચક્ષુદર્શનના પર્યાયોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે.

આ જ પ્રમાણે ઉત્કૃષ્ટ અવગાહનાવાળા પૃથ્વીકાયિક જીવોના પર્યાયોનું કથન પણ કરવું જોઈએ. અજઘન્ય-અનુત્કૃષ્ટ(મધ્યમ) અવગાહનાવાળા પૃથ્વીકાયિક જીવોના પર્યાયોના વિષયમાં પણ આ જ રીતે જાણવું જોઈએ. વિશેષતાએ છે કે મધ્યમ અવગાહનાવાળા પૃથ્વીકાયિક જીવો સ્વસ્થાનમાં અર્થાત્ અવગાહનાની અપેક્ષાએ ચૌઠાણવડિયા છે.

**૨૩** **जहण्णट्ठिईयाणं भंते ! पुढविकाइयाणं पुच्छा ? गोयमा ! अणंता पज्जवा पण्णत्ता। से केणट्ठेणं भंते ! एवं वुच्चइ जहण्णट्ठिईयाणं पुढविकाइयाणं अणंता पज्जवा पण्णत्ता ?**

**गोयमा ! जहण्णठिईए पुढविकाइए जहण्णठिईयस्स पुढविकाइयस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए तुल्ले, वण्ण-गंध-रस-फासपज्जवेहिं, मइअण्णाण पज्जवेहिं, सुयअण्णाण पज्जवेहिं, अचक्खुदंसणपज्जवेहिं य छट्ठाणवडिए ।**

**एवं उक्कोसठिईए वि । अजहण्णमणुक्कोसठिईए वि एवं चेव । णवरं सट्ठाणे तिट्ठाएवडिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! જઘન્ય સ્થિતિવાળા પૃથ્વીકાયિક જીવોના કેટલા પર્યાયો છે ? **ઉત્તર**– હે ગૌતમ ! અનંતપર્યાયો છે. **પ્રશ્ન**– હે ભગવન્ ! તેનું શું કારણ છે કે જઘન્ય સ્થિતિવાળા પૃથ્વીકાયિક જીવોના અનંતપર્યાયો છે ?

**ઉત્તર**– હે ગૌતમ ! જઘન્ય સ્થિતિવાળા એક પૃથ્વીકાયિક, જઘન્ય સ્થિતિવાળા બીજા પૃથ્વીકાયિકથી દ્રવ્યની અપેક્ષાએ તુલ્ય; પ્રદેશોની અપેક્ષાએ તુલ્ય છે; અવગાહનાની અપેક્ષાએ ચૌઠાણવડિયા છે. સ્થિતિની અપેક્ષાએ તુલ્ય છે, વર્ણ, ગંધ, રસ, સ્પર્શના પર્યાયો તથા મતિ અજ્ઞાન, શ્રુત અજ્ઞાન અને અચક્ષુદર્શન આ ત્રણ ઉપયોગના પર્યાયોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે.

આ જ પ્રમાણે ઉત્કૃષ્ટ સ્થિતિવાળા પૃથ્વીકાયિક જીવોના પર્યાયોના વિષયમાં પણ જાણવું જોઈએ. અજઘન્ય-અનુત્કૃષ્ટ(મધ્યમ) સ્થિતિવાળા પૃથ્વીકાયિક જીવોના પર્યાયોના વિષયમાં પણ આ પ્રમાણે જ જાણવું જોઈએ. વિશેષતા એ છે કે તે સ્વસ્થાનમાં અર્થાત્ સ્થિતિની અપેક્ષાએ તિટ્ઠાણવડિયા છે.

**૨૪** **जहण्णगुणकालयाणं भंते ! पुढविकाइयाणं पुच्छा ? गोयमा ! अणंता पज्जवा पण्णत्ता । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ जहण्णगुणकालयाणं पुढविकाइयाणं अणंता पज्जवा पण्णत्ता ?**

**गोयमा ! जहण्णगुणकालए पुढविकाइए जहण्णगुणकालगस्स पुढविकाइयस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए तिट्ठाणवडिए, कालवण्णपज्जवेहिं तुल्ले, अवसेसेहिं वण्ण-गंध-रस-फासपज्जवेहिं छट्ठाणवडिए, दोहिं अण्णाणेहिं अचक्खुदंसणपज्जवेहिं य छट्ठाणवडिए ।**

**एवं उक्कोसगुणकालए वि । अजहण्णमणुक्कोसगुणकालए वि एवं चेव । णवरं सट्ठाणे छट्ठाणवडिए । एवं पंच वण्णा दो गंधा पंच रसा अट्ठ फासा भाणियव्वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જઘન્યગુણ કાળા પૃથ્વીકાયિક જીવોના કેટલા પર્યાયો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંતપર્યાયો છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે જઘન્યગુણ કાળા પૃથ્વીકાયિક જીવોના અનંત પર્યાયો છે?

**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્યગુણ કાળો એક પૃથ્વીકાયિક, જઘન્ય ગુણ કાળા બીજા પૃથ્વીકાયિકથી દ્રવ્યની અપેક્ષાએ તુલ્ય; પ્રદેશોની અપેક્ષાએ તુલ્ય; અવગાહનાની અપેક્ષાએ ચૌઠાણવડિયા છે; સ્થિતિની અપેક્ષાએ તિટ્ઠાણવડિયા છે; કાળા વર્ણના પર્યાયોની અપેક્ષાએ તુલ્ય અને શેષ વર્ણ, ગંધ, રસ અને સ્પર્શના પર્યાયોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે તથા બે અજ્ઞાન અને અચક્ષુદર્શન આ ત્રણ ઉપયોગના પર્યાયોની અપેક્ષાએ પણ છટ્ઠાણવડિયા(છ સ્થાન હીનાધિક) છે.

આ જ પ્રમાણે ઉત્કૃષ્ટ ગુણ કાળા પૃથ્વીકાયિક જીવોના પર્યાયોના વિષયમાં કથન કરવું જોઈએ. અજઘન્ય-અનુત્કૃષ્ટ(મધ્યમ) ગુણ કાળા પૃથ્વીકાયિક જીવોના પર્યાયોના વિષયમાં પણ આ પ્રમાણે જ કહેવું જોઈએ પરંતુ વિશેષતા એ છે કે તેઓ સ્વસ્થાનમાં (મધ્યમ ગુણ કાળા વર્ણ પર્યાયમાં) પણ છટ્ઠાણવડિયા છે. આ રીતે પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ અને આઠ સ્પર્શના વિષયમાં કહેવું જોઈએ.

૨૫ **जहण्णमइअण्णाणीणं भंते ! पुढविकाइयाणं पुच्छा ? गोयमा ! अणंता पज्जवा पण्णत्ता । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ जहण्णमइअण्णाणीणं पुढविकाइयाणं अणंता पज्जवा पण्णत्ता ?**

**गोयमा ! जहण्णमइअण्णाणी पुढविकाइए जहण्णमइअण्णाणिस्स पुढविकाइयस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए तिट्ठाणवडिए, वण्ण-गंध-रस-फासपज्जवेहिं छट्ठाणवडिए, मइ-अण्णाणपज्जवेहिं तुल्ले, सुयअण्णाणपज्जवेहिं अचक्खुदंसणपज्जवेहिं य छट्ठाणवडिए ।**

**एवं उक्कोसमइअण्णाणी वि । अजहण्णमणुक्कोसमइअण्णाणी वि एवं चेव, णवरं सट्ठाणे छट्ठाणवडिए । एवं सुयअण्णाणी वि । अचक्खुदंसणी वि एवं चेव । एवं** *जाव* **वणस्सइकाइयाणं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જઘન્ય મતિઅજ્ઞાની પૃથ્વીકાયિકોના કેટલા પર્યાયો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંત પર્યાયો છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે જઘન્ય મતિઅજ્ઞાની પૃથ્વીકાયિકોના અનંત પર્યાયો છે?

**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય મતિઅજ્ઞાની એક પૃથ્વીકાયિક, જઘન્ય મતિઅજ્ઞાની બીજા પૃથ્વીકાયિકથી દ્રવ્યની અપેક્ષાએ તુલ્ય છે; પ્રદેશોની અપેક્ષાએ તુલ્ય છે; અવગાહનાની અપેક્ષાએ ચૌઠાણવડિયા છે; સ્થિતિની અપેક્ષાએ તિટ્ઠાણવડિયા અને વર્ણ, ગંધ, રસ અને સ્પર્શના પર્યાયોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે. મતિઅજ્ઞાનના પર્યાયોની અપેક્ષાએ તુલ્ય; શ્રુતઅજ્ઞાન પર્યાયો તથા અચક્ષુદર્શન પર્યાયોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે.

આ જ પ્રમાણે ઉત્કૃષ્ટ મતિઅજ્ઞાની પૃથ્વીકાયિક જીવોના વિષયમાં કથન કરવું જોઈએ. અજઘન્ય-અનુત્કૃષ્ટ(મધ્યમ) મતિઅજ્ઞાની પૃથ્વીકાયિક જીવોના પર્યાયોના વિષયમાં પણ આ જ પ્રમાણે જાણવું જોઈએ. વિશેષતા એ છે કે તે સ્વસ્થાનમાં અર્થાત્ મતિઅજ્ઞાનના પર્યાયોમાં પણ છટ્ઠાણવડિયા છે. તેવી જ રીતે શ્રુતઅજ્ઞાની તથા અચક્ષુદર્શની પૃથ્વીકાયિક જીવોના પર્યાયોનું કથન કરવું જોઈએ. જે રીતે પૃથ્વીકાયિક જીવોનું કથન કર્યું છે, તે જ રીતે ***યાવત્*** વનસ્પતિકાયિક જીવો સુધીનું કથન કરવું જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ અવગાહના આદિની અપેક્ષાએ પાંચે ય એકેન્દ્રિય જીવોના પર્યાયોનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

**ત્રણ પ્રકારની અવગાહનાવાળા એકેન્દ્રિય :–** જઘન્ય અને ઉત્કૃષ્ટ અવગાહનાનું એક-એક સ્થાન હોવાથી તે અવગાહનાની અપેક્ષાએ પરસ્પર તુલ્ય છે. મધ્યમ અવગાહનાના અસંખ્યાત સ્થાન છે. તેથી મધ્યમ અવગાહનાવાળા જીવોમાં અવગાહનાની અપેક્ષાએ ચાર પ્રકારે ન્યૂનાધિકતા હોય છે.

ત્રણે પ્રકારની અવગાહનાવાળા એકેન્દ્રિય જીવો સ્થિતિની અપેક્ષાએ તિટ્ઠાણવડિયા છે, કારણ કે એકેન્દ્રિયની સ્થિતિ સંખ્યાતકાલની જ છે તેથી તેમાં અસંખ્યાતગુણ હાનિવૃદ્ધિનો ચોથો બોલ થતો નથી. ત્રણે પ્રકારની અવગાહનાવાળા જીવો વર્ણાદિ ૨૦ બોલની અપેક્ષાએ તથા બે અજ્ઞાન અને અચક્ષુદર્શનની અપેક્ષાએ છટ્ઠાણવડિયા હોય છે.

**ત્રણ પ્રકારની સ્થિતિવાળા એકેન્દ્રિય :–** જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ સ્થિતિવાળા પૃથ્વીકાયિકાદિ અવગાહનાની અપેક્ષાએ ચૌઠાણવડિયા છે.

જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિનું સ્થિતિસ્થાન માત્ર એક-એક જ હોવાથી તે જીવો સ્થિતિની અપેક્ષાએ તુલ્ય છે. મધ્યમ સ્થિતિમાં સંખ્યાત સ્થિતિસ્થાન હોવાથી મધ્યમ સ્થિતિવાળા પૃથ્વીકાયિકાદિ સ્થિતિની અપેક્ષાએ તિટ્ઠાણવડિયા હોય છે, વર્ણાદિ ૨૦ બોલ તથા બે અજ્ઞાન અને અચક્ષુદર્શનની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે.

**વર્ણાદિ ૨૦ બોલ યુક્ત એકેન્દ્રિય :–** જઘન્ય, મધ્યમ કે ઉત્કૃષ્ટ કાળા આદિ ૨૦ બોલવાળા પૃથ્વીકાયિકાદિ જીવો અવગાહનાની અપેક્ષાએ ચૌઠાણવડિયા અને સ્થિતિની અપેક્ષાએ તિટ્ઠાણવડિયા છે.

વર્ણાદિ ૨૦ બોલમાં જઘન્ય અને ઉત્કૃષ્ટ વર્ણાદિમાં સ્વસ્થાનની અપેક્ષાએ તુલ્ય હોય છે અર્થાત્ જઘન્ય કાળા વર્ણવાળા જીવો જઘન્ય કાળા વર્ણવાળા જીવો સાથે કાળા વર્ણની અપેક્ષાએ તુલ્ય હોય છે. શેષ ૧૯ બોલમાં છટ્ઠાણવડિયા હોય છે. મધ્યમ કાળા વર્ણવાળા પરસ્પરમાં અને ૧૯ બોલમાં એમ ૨૦ બોલ સાથે છટ્ઠાણવડિયા હોય છે.

જઘન્ય, મધ્યમ કે ઉત્કૃષ્ટ કૃષ્ણાદિ વર્ણવાળા પૃથ્વીકાયિકાદિ એકેન્દ્રિય બે અજ્ઞાન અને અચક્ષુદર્શનની અપેક્ષાએ છટ્ઠાણવડિયા હોય છે.

**ત્રણ ઉપયોગયુક્ત એકેન્દ્રિય :–** જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ મતિ અજ્ઞાની, શ્રુત અજ્ઞાની અને અચક્ષુદર્શની પૃથ્વીકાયિકાદિ જીવો અવગાહનાની અપેક્ષાએ ચૌઠાણવડિયા; સ્થિતિની અપેક્ષાએ તિટ્ઠાણવડિયા અને વર્ણાદિ ૨૦ બોલની અપેક્ષાએ છટ્ઠાણવડિયા હોય છે. ત્રણ ઉપયોગની અપેક્ષાએ છટ્ઠાણવડિયા પરંતુ તેમાં જઘન્ય ઉત્કૃષ્ટમાં સ્વસ્થાનની અપેક્ષાએ તુલ્ય હોય છે અને શેષ બે ઉપયોગની અપેક્ષાએ છટ્ઠાણવડિયા. મધ્યમમાં જ્ઞાનાદિમાં ત્રણે ઉપયોગની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે.

**અવગાહનાદિ અપેક્ષાએ એકેન્દ્રિયના પર્યાયો :–**

| પૃથ્વીકાયિકાદિ | દ્રવ્યથી | પ્રદેશથી | અવગાહનાથી | સ્થિતિથી | વર્ણાદિથી (૨૦ બોલ) | અજ્ઞાન-દર્શનથી |
|---|---|---|---|---|---|---|
| જઘન્ય અને ઉત્કૃષ્ટ અવગાહના | તુલ્ય | તુલ્ય | સ્વસ્થાનથી તુલ્ય | તિટ્ઠાણવડિયા | છટ્ઠાણવડિયા | ૨ અજ્ઞાન, અચક્ષુદર્શનથી છટ્ઠાણવડિયા |
| મધ્યમ અવગાહના | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | તિટ્ઠાણવડિયા | છટ્ઠાણવડિયા | છટ્ઠાણવડિયા |
| જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | તુલ્ય | છટ્ઠાણવડિયા | છટ્ઠાણવડિયા |
| મધ્યમ સ્થિતિ | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | તિટ્ઠાણવડિયા | છટ્ઠાણવડિયા | છટ્ઠાણવડિયા |
| જઘન્ય અને ઉત્કૃષ્ટ વર્ણાદિ | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | તિટ્ઠાણવડિયા | સ્વસ્થાનમાં તુલ્ય શેષ ૧૯ બોલમાં છટ્ઠાણવડિયા | છટ્ઠાણવડિયા |
| મધ્યમ વર્ણાદિ | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | તિટ્ઠાણવડિયા | છટ્ઠાણવડિયા | છટ્ઠાણવડિયા |
| જઘન્ય અને ઉત્કૃષ્ટ બે અજ્ઞાન | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | તિટ્ઠાણવડિયા | છટ્ઠાણવડિયા | સ્વસ્થાન-તુલ્ય પરસ્થાન-છટ્ઠાણ૦ |
| મધ્યમ બે અજ્ઞાન | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | તિટ્ઠાણવડિયા | છટ્ઠાણવડિયા | છટ્ઠાણવડિયા |
| જઘન્ય અને ઉત્કૃષ્ટ અચક્ષુદર્શન | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | તિટ્ઠાણવડિયા | છટ્ઠાણવડિયા | સ્વસ્થાન–તુલ્ય પરસ્થાન–છટ્ઠાણ૦ |
| મધ્યમ અચક્ષુદર્શન | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | તિટ્ઠાણવડિયા | છટ્ઠાણવડિયા | છટ્ઠાણવડિયા |

**અવગાહના અપેક્ષાએ વિકલેન્દ્રિયોના પર્યાયો :–**

**२६** जहण्णोगाहणगाणं भंते ! बेइंदियाणं पुच्छा ? गोयमा ! अणंता पज्जवा पण्णत्ता । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ जहण्णोगाहगाणं बेइंदियाणं अणंता पज्जवा पण्णत्ता?

गोयमा ! जहण्णोगाहणगाए बेइंदिए जहण्णोगाहणगस्स बेइंदियस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए तुल्ले, ठिईए तिट्ठाणवडिए, वण्ण-गंध-रस-फास पज्जवेहिं, दोहिं णाणेहिं, दोहिं अण्णाणेहिं, अचक्खुदंसणपज्जवेहिं य छट्ठाणवडिए ।

एवं उक्कोसोगाहणए वि । णवरं णाणा णत्थि । अजहण्णमणुक्कोसोगाहणए जहा जहण्णोगाहणाए । णवरं सट्ठाणे ओगाहणाए चउट्ठाणवडिए ।

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જઘન્ય અવગાહનાવાળા બેઇન્દ્રિય જીવોના કેટલા પર્યાયો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંતપર્યાય છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે જઘન્ય અવગાહનાવાળા બેઇન્દ્રિય જીવોના અનંતપર્યાયો છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અવગાહનાવાળો એક બેઇન્દ્રિય, જઘન્ય અવગાહનાવાળા બીજા

બેઇન્દ્રિયથી દ્રવ્યની અપેક્ષાએ તુલ્ય; પ્રદેશની અપેક્ષાએ તુલ્ય; અવગાહનાની અપેક્ષાએ તુલ્ય; સ્થિતિની અપેક્ષાએ તિટ્ઠાણવડિયા; વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, બે જ્ઞાન, બે અજ્ઞાન અને અચક્ષુદર્શનની અપેક્ષાએ છટ્ઠાણવડિયા હીનાધિક છે.

આ જ રીતે ઉત્કૃષ્ટ અવગાહનાવાળા બેઇન્દ્રિય જીવોના પર્યાયો વિષયક કથન કરવું જોઈએ. વિશેષતા એ છે કે ઉત્કૃષ્ટ અવગાહનાવાળા બેઇન્દ્રિયોમાં જ્ઞાન નથી. મધ્યમ અવગાહનાવાળા બેઇન્દ્રિય જીવોના પર્યાયોના વિષયમાં જઘન્ય અવગાહનાવાળા બેઇન્દ્રિયની જેમ કહેવું. વિશેષતા એ છે કે સ્વસ્થાનમાં(મધ્યમ અવગાહનામાં) અવગાહનાની અપેક્ષાએ ચૌઠાણવડિયા ન્યૂનાધિકતા છે.

**૨૭ जहण्णठिईयाणं भंते ! बेइंदियाणं पुच्छा ? गोयमा ! अणंता पज्जवा पण्णत्ता । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ जहण्णठिईयाणं बेइंदियाणं अणंता पज्जवा पण्णत्ता ?**

**गोयमा ! जहण्णठिईए बेइंदिए जहण्णठिईयस्स बेइंदियस्स दव्वट्ठयाए तुल्ले, पए सट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए तुल्ले, वण्ण-गंध-रस-फासपज्जवेहिं, दोहिं अण्णाणेहिं, अचक्खुदंसणपज्जवेहिं य छट्ठाणवडिए ।**

**एवं उक्कोसठिइए वि । णवरं दो णाणा अब्भहिया । अजहण्णमणुक्कोस ठिइए जहा उक्कोसठिईए । णवरं ठिईए तिट्ठाणवडिए ।**

**ભાવાર્થ :- પ્રશ્ન–** હે ભગવન્ ! જઘન્ય સ્થિતિવાળા બેઇન્દ્રિય જીવોના કેટલા પર્યાયો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંતપર્યાયો છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે જઘન્ય સ્થિતિવાળા બેઇન્દ્રિયોના અનંત પર્યાયો છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય સ્થિતિવાળા એક બેઇન્દ્રિય, જઘન્ય સ્થિતિવાળા બીજા બેઇન્દ્રિયથી દ્રવ્યની અપેક્ષાએ તુલ્ય; પ્રદેશોની અપેક્ષાએ તુલ્ય; અવગાહનાની અપેક્ષાએ ચૌઠાણવડિયા; સ્થિતિની અપેક્ષાએ તુલ્ય; વર્ણ, ગંધ, રસ, સ્પર્શની અપેક્ષાએ તથા બે અજ્ઞાન અને અચક્ષુદર્શનની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે.

આ જ રીતે ઉત્કૃષ્ટ સ્થિતિવાળા બેઇન્દ્રિયના પર્યાયોનું કથન કરવું જોઈએ. વિશેષતા એ છે કે તેમાં બે જ્ઞાન અધિક કહેવા જોઈએ. જે રીતે ઉત્કૃષ્ટ સ્થિતિવાળા બેઇન્દ્રિયના પર્યાયોનું કથન કર્યું છે તે જ રીતે મધ્યમ સ્થિતિવાળા બેઇન્દ્રિયના પર્યાયોનું પણ નિરૂપણ કરવું જોઈએ. વિશેષતા એ છે કે સ્થિતિની અપેક્ષાએ તે તિટ્ઠાણવડિયા છે.

**૨૮ जहण्णगुणकालयाणं बेइंदियाणं पुच्छा ? गोयमा ! अणंता पज्जवा पण्णत्ता । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ जहण्णगुणकालयाणं बेइंदियाणं अणंता पज्जवा पण्णत्ता ?**

**गोयमा ! जहण्णगुणकालए बेइंदिए जहण्णगुणकालगस्स बेइंदियस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए तिट्ठाणवडिए, कालवण्ण-पज्जवेहिं तुल्ले, अवसेसेहिं वण्ण-गंध-रस-फासपज्जवेहिं, दोहिं णाणेहिं, दोहिं अण्णाणेहिं, अचक्खुदंसणपज्जवेहिं य छट्ठाणवडिए ।**

**एवं उक्कोसगुणकालए वि । अजहण्णमणुक्कोसगुणकालए वि एवं चेव, णवरं**

**सट्ठाणे छट्ठाणवडिए । एवं पंच वण्णा दो गंधा पंच रसा अट्ठ फासा भाणियव्वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જઘન્યગુણ કાળા વર્ણવાળા બેઇન્દ્રિય જીવોના કેટલા પર્યાયો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંતપર્યાયો છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે જઘન્યગુણ કાળાવર્ણવાળા બેઇન્દ્રિય જીવોના અનંતપર્યાયો છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્યગુણ કાળા વર્ણવાળો એક બેઇન્દ્રિય, જઘન્યગુણ કાળા વર્ણવાળા બીજા બેઇન્દ્રિયથી દ્રવ્યની અપેક્ષાએ તુલ્ય; પ્રદેશોની અપેક્ષાએ તુલ્ય; અવગાહનાની અપેક્ષાએ ચૌઠાણવડિયા; સ્થિતિની અપેક્ષાએ તિટ્ઠાણવડિયા; કાળા વર્ણ પર્યાયની અપેક્ષાએ તુલ્ય છે અને શેષ વર્ણ, ગંધ, રસ અને સ્પર્શના ૧૯ બોલની અપેક્ષાએ તથા બે જ્ઞાન, બે અજ્ઞાન અને અચક્ષુદર્શનની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે.

આ જ રીતે ઉત્કૃષ્ટગુણ કાળા બેઇન્દ્રિયના પર્યાયો સંબંધી કથન કરવું જોઈએ. અજઘન્ય-અનુત્કૃષ્ટ (મધ્યમ) ગુણ કાળા બેઇન્દ્રિયના પર્યાયોનું કથન કરવું જોઈએ. વિશેષતા એ છે કે સ્વસ્થાનમાં પણ છટ્ઠાણ-વડિયા હોય છે. તે જ રીતે પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ અને આઠ સ્પર્શોના પર્યાયોનું કથન કરવું જોઈએ.

**૨૧ जहण्णाभिणिबोहियणाणीणं भंते ! बेइंदियाणं केवइया पज्जवा पण्णत्ता ? गोयमा ! अणंता पज्जवा पण्णत्ता । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ?**

**गोयमा ! जहण्णाभिणिबोहियणाणी बेइंदिए जहण्णाभिणिबोहियणाणिस्स बेइंदियस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए तिट्ठाणवडिए, वण्ण-गंध-रस-फासपज्जवेहिं छट्ठाणवडिए, आभिणिबोहियणाणपज्जवेहिं तुल्ले, सुयणाणपज्जवेहिं छट्ठाणवडिए, अचक्खुदंसणपज्जवेहिं छट्ठाणवडिए ।**

**एवं उक्कोसाभिणिबोहियणाणी वि । अजहण्णमणुक्कोसाभिबोहियणाणी वि एवं चेव, णवरं सट्ठाणे छट्ठाणवडिए । एवं सुयणाणी वि, सुयअण्णाणी वि, मइअण्णाणी वि, अचक्खुदंसणी वि। णवरं जत्थ णाणा तत्थ अण्णाणा णत्थि, जत्थ अण्णाणा तत्थ णाणा णत्थि । जत्थ दंसणं तत्थ णाणा वि अणाण्णा वि। एवं तेइंदियाणं वि। चउरिंदियाण वि एवं चेव। णवरं चक्खुदंसणं अब्भहियं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જઘન્ય આભિનિબોધિકજ્ઞાની બેઇન્દ્રિય જીવોના કેટલા પર્યાયો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંત પર્યાયો છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે જઘન્ય આભિનિબોધિકજ્ઞાની બેઇન્દ્રિય જીવોના અનંત પર્યાયો છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય આભિનિબોધિકજ્ઞાની એક બેઇન્દ્રિય, જઘન્ય આભિનિબોધિકજ્ઞાની બીજા બેઇન્દ્રિયથી દ્રવ્યની અપેક્ષાએ તુલ્ય; પ્રદેશોની અપેક્ષાએ તુલ્ય; અવગાહનાની અપેક્ષાએ ચૌઠાણવડિયા; સ્થિતિની અપેક્ષાએ તિટ્ઠાણવડિયા; વર્ણ, ગંધ, રસ, સ્પર્શોના પર્યાયોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે; સ્વસ્થાન(આભિનિબોધિકજ્ઞાન)ની અપેક્ષાએ તુલ્ય છે; શ્રુતજ્ઞાનના પર્યાયોમાં અને અચક્ષુદર્શનના પર્યાયોમાં છટ્ઠાણવડિયા છે.

આ જ રીતે ઉત્કૃષ્ટ આભિનિબોધિકજ્ઞાનવાળા બેઇન્દ્રિયોના પર્યાયોનું કથન કરવું જોઈએ. આ જ રીતે મધ્યમ આભિનિબોધિકજ્ઞાનવાળા બેઇન્દ્રિયોના પર્યાય વિષયક કથન કરવું જોઈએ. સ્વસ્થાનમાં

(આભિનિબોધિક જ્ઞાન પર્યાયોમાં) પણ છટ્ઠાણવડિયા છે.

આ જ રીતે શ્રુતજ્ઞાની, શ્રુતઅજ્ઞાની, મતિઅજ્ઞાની અને અચક્ષુદર્શની બેઈન્દ્રિય જીવોના પર્યાયોના વિષયમાં કહેવું જોઈએ. વિશેષતા એ છે કે જ્યાં જ્ઞાન હોય ત્યાં અજ્ઞાન ન હોય અને જ્યાં અજ્ઞાન હોય ત્યાં જ્ઞાન હોતું નથી. જ્યાં દર્શન હોય ત્યાં જ્ઞાન અથવા અજ્ઞાન બંને હોય અર્થાત્ જ્ઞાન-અજ્ઞાન બંનેમાં દર્શન તો હોય જ છે. આ જ રીતે તેઈન્દ્રિય અને ચૌરેન્દ્રિય જીવોના પર્યાયોના વિષયમાં પણ કહેવું જોઈએ, વિશેષતા એ છે કે ચૌરેન્દ્રિય જીવોમાં ચક્ષુદર્શન અધિક હોય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં જઘન્ય, ઉત્કૃષ્ટ અને મધ્યમ અવગાહના, સ્થિતિ આદિ યુક્ત વિકલેન્દ્રિયોના પર્યાયોનું નિરૂપણ છે.

**ત્રણ પ્રકારની અવગાહનાવાળા વિકલેન્દ્રિય :–** જઘન્ય અને ઉત્કૃષ્ટ અવગાહનાવાળા વિકલેન્દ્રિય જીવો અવગાહનાની અપેક્ષાએ તુલ્ય છે અને મધ્યમ અવગાહનાવાળા વિકલેન્દ્રિયો અવગાહનાની અપેક્ષાએ ચૌઠાણવડિયા હીનાધિક હોય છે.

ત્રણે પ્રકારની અવગાહનાવાળા વિકલેન્દ્રિય જીવો સ્થિતિની અપેક્ષાએ તિટ્ઠાણવડિયા છે કારણ કે તેની સ્થિતિ સંખ્યાતકાલની જ છે. તેથી તેમાં અસંખ્યાતમો ભાગ, સંખ્યાતમો ભાગ અને સંખ્યાતગુણ, તે ત્રણ પ્રકારની ન્યૂનાધિકતા હોય છે. અસંખ્યાતગુણનો ચોથો બોલ ઘટિત થતો નથી. વર્ણાદિ ૨૦ બોલ અને ૫ ઉપયોગની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે.

**વિકલેન્દ્રિયમાં બે જ્ઞાન :–** કોઈ સમકિતી જીવ સમ્યગ્દર્શનનું વમનકરતાં વિકલેન્દ્રિયમાં ઉત્પન્ન થાય, તો વિકલેન્દ્રિય જીવોને અપર્યાપ્તાવસ્થામાં સાસ્વાદન સમ્યક્ત્વ હોય છે. તે અપેક્ષાએ તેની અપર્યાપ્તાવસ્થામાં બે જ્ઞાન હોય છે. અપર્યાપ્તાવસ્થામાં ઉત્પત્તિના પ્રથમ સમયે જઘન્ય અવગાહના હોય છે અને અપર્યાપ્તાવસ્થાના બીજા સમયની અવગાહનાથી લઈને ઉત્કૃષ્ટ અવગાહનામાં અંગુલનો અસંખ્યાતમો ભાગ ન્યૂન રહે ત્યાં સુધીની અવગાહના મધ્યમ અવગાહના છે, આ રીતે અપર્યાપ્તાવસ્થામાં પણ મધ્યમ અવગાહનાનો સદ્ભાવ હોય છે. તેથી જઘન્ય અને મધ્યમ બંને અવગાહનામાં સાસ્વાદન સમ્યક્ત્વ સંભવે છે અને તેમાં બે જ્ઞાનનો સદ્ભાવ હોય છે. સાસ્વાદન સમ્યક્ત્વ ન હોય તેવા જઘન્ય અને મધ્યમ અવગાહનાવાળા વિકલેન્દ્રિય જીવોમાં બે અજ્ઞાન હોય છે.

**ઉત્કૃષ્ટ અવગાહનામાં બે અજ્ઞાન :–** ઉત્કૃષ્ટ અવગાહના પર્યાપ્તા વિકલેન્દ્રિયોમાં હોય છે અને પર્યાપ્તામાં સાસ્વાદન સમ્યક્ત્વનો અભાવ હોવાથી જ્ઞાન સંભવિત નથી; તેથી તેમાં બે અજ્ઞાન જ હોય છે.

આ રીતે જઘન્ય અને મધ્યમ અવગાહનાવાળા બેઈન્દ્રિય, તેઈન્દ્રિય જીવોને બે જ્ઞાન, બે અજ્ઞાન અને અચક્ષુદર્શન, તે પાંચ ઉપયોગ તથા જઘન્ય-મધ્યમ અવગાહનાવાળા ચૌરેન્દ્રિયને બે જ્ઞાન, બે અજ્ઞાન અને બે દર્શન, આ છ ઉપયોગ હોય છે. ઉત્કૃષ્ટ અવગાહનાવાળા બેઈન્દ્રિય, તેઈન્દ્રિયને બે અજ્ઞાન અને અચક્ષુદર્શન, આ ત્રણ ઉપયોગ તથા ઉત્કૃષ્ટ અવગાહનાવાળા ચૌરેન્દ્રિયને બે અજ્ઞાન અને બે દર્શન, આ ચાર ઉપયોગ હોય છે. ત્રણે ય પ્રકારના વિકલેન્દ્રિય જીવોને જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ અવગાહનામાં સ્વયોગ્ય ઉપયોગમાં છટ્ઠાણવડિયા હીનાધિકતા હોય છે.

**ત્રણ પ્રકારની સ્થિતિવાળા વિકલેન્દ્રિય :–** જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ સ્થિતિવાળા વિકલેન્દ્રિય જીવો

અવગાહનાની અપેક્ષાએ ચૌઠાણવડિયા હોય છે. જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિવાળા વિકલેન્દ્રિયો સ્થિતિની અપેક્ષાએ(સ્વસ્થાનથી) તુલ્ય હોય છે અને મધ્યમ સ્થિતિવાળા વિકલેન્દ્રિયો સ્થિતિની અપેક્ષાએ તિટ્ઠાણવડિયા છે. વર્ણાદિની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે.

**ત્રણ પ્રકારની સ્થિતિવાળા વિકલેન્દ્રિયમાં જ્ઞાન-અજ્ઞાન–** વિકલેન્દ્રિય જીવોમાં જઘન્ય સ્થિતિ લબ્ધિ અપર્યાપ્તા અવસ્થામાં જ હોય છે. સમ્યગ્દૃષ્ટિ વિકલેન્દ્રિય જીવો લબ્ધિ પર્યાપ્તા જ હોય છે. તેથી સાસ્વાદન સમ્યક્ત્વી લબ્ધિ અપર્યાપ્તામાં થતી નથી તેથી જઘન્ય સ્થિતિમાં બે અજ્ઞાન જ હોય છે.

સાસ્વાદન સમકિતી વિકલેન્દ્રિય જીવોને મધ્યમ કે ઉત્કૃષ્ટ સ્થિતિ હોય છે, તેથી મધ્યમ અને ઉત્કૃષ્ટ સ્થિતિવાળા વિકલેન્દ્રિય જીવોમાં અપર્યાપ્તાવસ્થામાં બે જ્ઞાન અને બે અજ્ઞાન હોય શકે છે અને તેની પર્યાપ્તાવસ્થામાં સાસ્વાદન સમકિત નષ્ટ થઈ જવાથી માત્ર બે અજ્ઞાન જ હોય છે.

આ રીતે સમુચ્ચય બેઇન્દ્રિય, તેઇન્દ્રિય જીવોમાં બે જ્ઞાન, બે અજ્ઞાન અને અચક્ષુદર્શન, આ પાંચ ઉપયોગ અને ચૌરેન્દ્રિયમાં ચક્ષુદર્શન સહિત છ ઉપયોગ હોય છે. તેના જ્ઞાનાદિ પર્યાયોમાં છટ્ઠાણવડિયા ન્યૂનાધિકતા હોય છે.

જઘન્ય, ઉત્કૃષ્ટ વર્ણાદિના અને જ્ઞાન-દર્શનના પર્યાયોમાં સ્વસ્થાનથી તુલ્યતા હોય છે, મધ્યમ વર્ણાદિ અને જ્ઞાનાદિ પર્યાયોમાં સ્વસ્થાન તથા પરસ્થાન છટ્ઠાણવડિયા ન્યૂનાધિકતા હોય છે.

**જઘન્ય અવગાહનાદિ અપેક્ષાએ ત્રણ વિકલેન્દ્રિયોના પર્યાયો :–**

| જઘન્ય અવગાહના આદિ | દ્રવ્યથી | પ્રદેશથી | અવગાહનાથી | સ્થિતિથી | વર્ણાદિથી (૨૦ બોલ) | જ્ઞાન–દર્શનથી |
|---|---|---|---|---|---|---|
| જઘન્ય અવગાહના | તુલ્ય | તુલ્ય | તુલ્ય | તિટ્ઠાણવડિયા | છટ્ઠાણવડિયા | ૨ અજ્ઞાન, ૨ દર્શન છટ્ઠાણવડિયા |
| ઉત્કૃષ્ટ અવગાહના | તુલ્ય | તુલ્ય | તુલ્ય | તિટ્ઠાણવડિયા | છટ્ઠાણવડિયા | ૨ જ્ઞાન, ૨ અજ્ઞાન ૨ દર્શનમાં છટ્ઠાણ૦ |
| મધ્યમ અવગાહના | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | તિટ્ઠાણવડિયા | છટ્ઠાણવડિયા | ૬ ઉપયોગમાં છટ્ઠાણ૦ |
| જઘન્ય સ્થિતિ | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | તુલ્ય | છટ્ઠાણવડિયા | ૨ અજ્ઞાન, ૨ દર્શનમાં છટ્ઠાણવડિયા |
| ઉત્કૃષ્ટ સ્થિતિ | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | તુલ્ય | છટ્ઠાણવડિયા | ૬ ઉપયોગ છટ્ઠાણ૦ |
| મધ્યમ સ્થિતિ | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | તિટ્ઠાણવડિયા | છટ્ઠાણવડિયા | ૬ ઉપયોગ છટ્ઠાણ૦ |
| જઘન્ય અને ઉત્કૃષ્ટ વર્ણાદિ | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | તિટ્ઠાણવડિયા | સ્વસ્થાનથી તુલ્ય, શેષ ૧૯ બોલમાં છટ્ઠાણવડિયા | ૬ ઉપયોગ છટ્ઠાણ૦ |
| મધ્યમ વર્ણાદિ | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | તિટ્ઠાણવડિયા | છટ્ઠાણવડિયા | ૬ ઉપયોગ છટ્ઠાણ૦ |
| જઘન્ય અને ઉત્કૃષ્ટ જ્ઞાનાદિ | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | તિટ્ઠાણવડિયા | છટ્ઠાણવડિયા | સ્વસ્થાનથી તુલ્ય, પરસ્થાનમાં છટ્ઠાણ૦ |
| મધ્યમ જ્ઞાનાદિ | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | તિટ્ઠાણવડિયા | છટ્ઠાણવડિયા | છટ્ઠાણવડિયા |

| જઘન્ય અવગાહના આદિ | દ્રવ્યથી | પ્રદેશથી | અવગાહનાથી | સ્થિતિથી | વર્ણાદિથી (૨૦ બોલ) | જ્ઞાન–દર્શનથી |
|---|---|---|---|---|---|---|
| જઘન્ય અને ઉત્કૃષ્ટ દર્શન | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | તિટ્ઠાણવડિયા | છટ્ઠાણવડિયા | સ્વસ્થાનથી તુલ્ય, પરસ્થાનમાં છટ્ઠાણ૦ |
| મધ્યમ દર્શન | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | તિટ્ઠાણવડિયા | છટ્ઠાણવડિયા | છટ્ઠાણવડિયા |

★ બેઈન્દ્રિય તેઈન્દ્રિયમાં બે જ્ઞાન, બે અજ્ઞાન અને અચક્ષુદર્શન તે પાંચ ઉપયોગ અને ચૌરેન્દ્રિયમાં ચક્ષુદર્શન સહિત છ ઉપયોગ હોય છે. કોષ્ટકમાં ચૌરેન્દ્રિયની મુખ્યતાએ ઉપયોગોનું કથન છે. માટે બેઈન્દ્રિયમાં સર્વત્ર ચૌરેન્દ્રિય કરતાં એક ઉપયોગ ઓછો સમજવો.

**અવગાહનાદિ અપેક્ષાએ પંચેન્દ્રિય તિર્યંચોના પર્યાયો :–**

**૩૦ जहण्णोगाहणगाणं भंते ! पंचिंदियतिरिक्खजोणियाणं केवइया पज्जवा पण्णत्ता? गोयमा ! अणंता पज्जवा पण्णत्ता । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ जहण्णोगाहणगाणं पंचेंदियतिरिक्खजोणियाणं अणंता पज्जवा पण्णत्ता ?**

**गोयमा ! जहण्णोगाहणाए पंचेंदियतिरिक्खजोणिए जहण्णोगाहणयस्स पंचेंदिय-तिरिक्खजोणियस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए तुल्ले, ठिईए तिट्ठाणवडिए, वण्ण-गंध-रस-फासपज्जेवेहिं, दोहिं णाणेहिं, दोहिं अण्णाणेहिं, दोहिं दंसणेहिं छट्ठाणवडिए ।**

**उक्कोसोगाहणाए वि एवं चेव । णवरं तिहिं णाणेहिं, तिहिं अण्णाणेहिं, तिहिं दंसणेहिं, छट्ठाणवडिए । जहा उक्कोसोगाहणाए तहा अजहण्णमणुक्कोसोगाहणाए वि । णवरं ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए चउट्ठाणवडिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જઘન્ય અવગાહનાવાળા પંચેન્દ્રિય તિર્યંચોના કેટલા પર્યાયો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંતપર્યાયો છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે જઘન્ય અવગાહનાવાળા પંચેન્દ્રિયતિર્યંચોના અનંત પર્યાયો છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અવગાહનાવાળો એક પંચેન્દ્રિય તિર્યંચ, જઘન્ય અવગાહનાવાળા બીજા પંચેન્દ્રિય તિર્યંચથી દ્રવ્યની અપેક્ષાએ તુલ્ય; પ્રદેશોની અપેક્ષાએ તુલ્ય છે; અવગાહનાની અપેક્ષાએ તુલ્ય છે; સ્થિતિની અપેક્ષાએ તિટ્ઠાણવડિયા; વર્ણ, ગંધ, રસ, સ્પર્શ તથા બે જ્ઞાન, બે અજ્ઞાન અને બે દર્શનની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે.

ઉત્કૃષ્ટ અવગાહનાવાળા પંચેન્દ્રિય તિર્યંચોના પર્યાયોનું કથન પણ આ પ્રમાણે કહેવું જોઈએ. વિશેષતા એ છે કે તેમાં ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન અને ત્રણ દર્શનની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે.

જે રીતે ઉત્કૃષ્ટ અવગાહનાવાળા પંચેન્દ્રિય તિર્યંચોના પર્યાયોનું કથન કર્યું છે, તે જ રીતે મધ્યમ અવગાહનાવાળા પંચેન્દ્રિય તિર્યંચોના વિષયમાં પણ કથન કરવું જોઈએ. વિશેષતા એ છે કે તે અવગાહનાની અપેક્ષાએ ચૌઠાણવડિયા છે તથા સ્થિતિની અપેક્ષાએ પણ ચૌઠાણવડિયા છે.

**३१** जहण्णठिईयाणं भंते ! पंचेंदियतिरिक्खजोणियाणं केवइया पज्जवा पण्णत्ता ? गोयमा ! अणंता पज्जवा पण्णत्ता । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ?

गोयमा ! जहण्णठिईए पंचेंदियतिरिक्खजोणिए जहण्णठिईयस्स पंचिंदियतिरिक्ख-जोणियस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए तुल्ले, वण्ण-गंध-रस-फासपज्जवेहिं, दोहिं अण्णाणेहिं, दोहिं दंसणेहिं छट्ठाणवडिए ।

उक्कोसठिईए वि एवं चेव । णवरं दो णाणा, दो अण्णाणा, दो दंसणा । अजहण्ण- मणुक्कोसठिईए वि एवं चेव । णवरं ठिईए चउट्ठाणवडिए, तिण्णि णाणा, तिण्णि अण्णाणा, तिण्णि दंसणा ।

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જઘન્ય સ્થિતિવાળા પંચેન્દ્રિય તિર્યંચોના કેટલા પર્યાયો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંત પર્યાયો છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે જઘન્ય સ્થિતિવાળા પંચેન્દ્રિય તિર્યંચોના અનંત પર્યાયો છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય સ્થિતિવાળા એક પંચેન્દ્રિય તિર્યંચથી જઘન્ય સ્થિતિવાળા બીજા પંચેન્દ્રિય તિર્યંચ દ્રવ્યની અપેક્ષાએ તુલ્ય; પ્રદેશોની અપેક્ષાએ તુલ્ય; અવગાહનાની અપેક્ષાએ ચૌઠાણવડિયા છે; સ્થિતિની અપેક્ષાએ તુલ્ય છે; વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ તથા બે અજ્ઞાન અને બે દર્શનની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે.

ઉત્કૃષ્ટ સ્થિતિવાળા પંચેન્દ્રિય તિર્યંચોના પર્યાયો વિષયક પ્રરૂપણા પણ આ જ પ્રમાણે કરવી જોઈએ. વિશેષતા એ છે કે તેમાં બે જ્ઞાન, બે અજ્ઞાન અને બે દર્શનનું કથન કરવું જોઈએ. મધ્યમ સ્થિતિવાળા પંચેન્દ્રિય તિર્યંચોનું કથન પણ આ જ પ્રમાણે કરવું જોઈએ. વિશેષતા એ છે કે તેઓ સ્થિતિની અપેક્ષાએ ચૌઠાણવડિયા છે અને તેમાં ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન અને ત્રણ દર્શન હોય છે.

**३२** जहण्णगुणकालगाणं भंते ! पंचेंदियतिरिक्खजोणियाणं पुच्छा ? गोयमा ! अणंता पज्जवा पण्णत्ता । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ?

गोयमा ! जहण्णगुणकालए पंचेंदियतिरिक्खजोणिए जहण्णगुणकालगस्स पंचेंदिय-तिरिक्खजोणियस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए चउट्ठाणवडिए, कालवण्णपज्जवेहिं तुल्ले, अवसेसेहिं वण्ण-गंध-रस-फासपज्जवेहिं, तिहिं णाणेहिं, तिहिं अण्णाणेहिं, तिहिं दंसणेहिं छट्ठाणवडिए ।

एवं उक्कोसगुणकालए वि । अजहण्णमणुक्कोसगुणकालए वि एवं चेव । णवरं सट्ठाणे छट्ठाणवडिए । एवं पंच वण्णा दो गंधा पंच रसा अट्ठ फासा ।

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જઘન્યગુણ કૃષ્ણવર્ણવાળા પંચેન્દ્રિય તિર્યંચયોનિકોના કેટલા પર્યાયો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંત પર્યાયો છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે જઘન્યગુણ કાળા વર્ણ-વાળા પંચેન્દ્રિય તિર્યંચોના અનંત પર્યાયો છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્યગુણ કાળા વર્ણવાળો એક પંચેન્દ્રિય તિર્યંચ, જઘન્યગુણ કાળા વર્ણ- વાળ ા બીજા પંચેન્દ્રિય તિર્યંચથી દ્રવ્યની અપેક્ષાએ તુલ્ય; પ્રદેશોની અપેક્ષાએ તુલ્ય; અવગાહનાની અપેક્ષાએ ચૌઠાણવડિયા; સ્થિતિની અપેક્ષાએ ચૌઠાણવડિયા; કાળા વર્ણ પર્યાયની અપેક્ષાએ તુલ્ય; શેષ વર્ણ, ગંધ, રસ અને સ્પર્શના પર્યાયો તથા ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન અને ત્રણ દર્શનની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે.

આ રીતે ઉત્કૃષ્ટગુણ કાળા પંચેન્દ્રિય તિર્યંચોના પર્યાયોના વિષયમાં પણ જાણવું જોઈએ. અજઘન્ય-અનુત્કૃષ્ટ(મધ્યમ) ગુણ કાળા પંચેન્દ્રિય તિર્યંચોના પર્યાયોના વિષયમાં પણ આ જ પ્રમાણે જાણવું જોઈએ. વિશેષતા એ છે કે તે સ્વસ્થાનમાં અર્થાત્ કાળા વર્ણના પર્યાયમાં પણ છટ્ઠાણવડિયા છે. આ પ્રમાણે પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ અને આઠ સ્પર્શોથી યુક્ત પંચેન્દ્રિય તિર્યંચોના પર્યાયોના વિષયમાં કહેવું જોઈએ.

**૩૩** **जहण्णाभिणिबोहियणाणीणं भंते ! पंचेंदियतिरिक्खजोणियाणं केवइया पज्जवा पण्णत्ता? गोयमा ! अणंता पज्जवा पण्णत्ता । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ?**

**गोयमा ! जहण्णाभिणिबोहियणाणी पंचेंदियतिरिक्खजोणिए जहण्णाभिहिबोहियणाणिस्स पंचेंदियतिरिक्खजोणियस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए चउट्ठाणवडिए, वण्ण-गंध-रस-फासपज्जवेहिं छट्ठाणवडिए, आभिणिबोहियणाणपज्जवेहिं तुल्ले, सुयणाणपज्जवेहिं छट्ठाणवडिए, चक्खुदंसणपज्जवेहिं अचक्खुदंसणपज्जवेहि य छट्ठाणवडिए ।**

**एवं उक्कोसाभिणिबोहियणाणी वि, णवरं ठिईए तिट्ठाणवडिए । तीहिं णाणेहिं, तिहिं दंसणेहिं य छट्ठाणवडिए, सट्ठाणे तुल्ले ।**

**अजहण्णुक्कोसाभिणिबोहियणाणी जहा उक्कोसाभिणिबोहियणाणी, णवरं ठिईए चउट्ठाणवडिए, सट्ठाणे छट्ठाणवडिए । एवं सुयणाणी वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જઘન્ય આભિનિબોધિકજ્ઞાની પંચેન્દ્રિય તિર્યંચયોનિક જીવોના કેટલા પર્યાયો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંતપર્યાયો છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે જઘન્ય આભિનિબોધિકજ્ઞાની પંચેન્દ્રિયતિર્યંચોના અનંત પર્યાયો છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય આભિનિબોધિકજ્ઞાની એક તિર્યંચ પંચેન્દ્રિય, જઘન્ય આભિનિબોધિક જ્ઞાનવાળા બીજા તિર્યંચ પંચેન્દ્રિયથી દ્રવ્યની અપેક્ષાએ તુલ્ય; પ્રદેશોની અપેક્ષાએ તુલ્ય; અવગાહનાની અપેક્ષાએ ચૌઠાણવડિયા; સ્થિતિની અપેક્ષાએ ચૌઠાણવડિયા; વર્ણ, ગંધ, રસ, સ્પર્શના પર્યાયોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે; આભિનિબોધિક જ્ઞાનના પર્યાયોની અપેક્ષાએ તુલ્ય; શ્રુતજ્ઞાનના પર્યાયોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે; તેમજ ચક્ષુદર્શન અને અચક્ષુદર્શનના પર્યાયોની અપેક્ષાએ પણ છટ્ઠાણવડિયા છે.

આ જ પ્રમાણે ઉત્કૃષ્ટ આભિનિબોધિકજ્ઞાનવાળા તિર્યંચ પંચેન્દ્રિયના પર્યાયોનું કથન કરવું જોઈએ. વિશેષતા એ છે કે તે સ્થિતિની અપેક્ષાએ તિટ્ઠાણવડિયા છે, તેમાં ત્રણ જ્ઞાન અને ત્રણ દર્શન હોય છે. તેમાંથી સ્વસ્થાનમાં(આભિનિબોધિક જ્ઞાનમાં) તુલ્ય છે અને શેષ શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન તથા ત્રણ દર્શનના પર્યાયોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે.

મધ્યમ આભિનિબોધિકજ્ઞાની તિર્યંચ પંચેન્દ્રિયોના પર્યાયોનું કથન ઉત્કૃષ્ટ આભિનોબોધિકજ્ઞાનીની જેમ સમજી લેવું જોઈએ. વિશેષતા એ છે કે તે સ્થિતિની અપેક્ષાએ ચૌઠાણવડિયા છે અને સ્વસ્થાનમાં આભિનિબોધિક જ્ઞાન પર્યાયોમાં પણ છટ્ઠાણવડિયા છે.

જે રીતે આભિનિબોધિકજ્ઞાની તિર્યંચ પંચેન્દ્રિય પર્યાયોના વિષયમાં કહ્યું છે, તે જ રીતે શ્રુતજ્ઞાની તિર્યંચ પંચેન્દ્રિયના પર્યાયોના વિષયમાં જાણવું જોઈએ.

**३४ जहण्णोहिणाणीणं भंते ! पंचेंदियतिरिक्खजोणियाणं पुच्छा ? गोयमा ! अणंता पज्जवा पण्णत्ता । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ?**

**गोयमा ! जहण्णोहिणाणी पंचेंदियतिरिक्खजोणिए जहण्णोहिणाणिस्स पंचेंदिय-तिरिक्जोणियस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए तिट्ठाणवडिए, वण्ण-गंध-रस-फासपज्जवेहिं आभिणिबोहियणाण-सुयणाण-पज्जवेहिं य छट्ठाणवडिए, ओहिणाणपज्जवेहिं तुल्ले; अण्णाणा णत्थि; चक्खुदंसणपज्जवेहिं य ओहिदंसणपज्जवेहिं अचक्खुदंसणपज्जवेहि य छट्ठाणवडिए । एवं उक्कोसोहिणाणी वि। अजहण्णुक्कोसोहिणाणी वि एवं चेव । णवरं सट्ठाणे छट्ठाणवडिए ।**

**जहा आभिणिबोहियणाणी तहा मइअण्णाणी सुयअण्णाणी य । जहा ओहिणाणी तहा विभंगणाणी वि । चक्खुदंसणी अचक्खुदंसणी य जहा आभिणिबोहिणाणी । ओहिदंसणी जहा ओहिणाणी । जत्थ णाणा तत्थ अण्णाणा णत्थि, जत्थ अण्णाणा तत्थ णाणा णत्थि, जत्थ दंसणा तत्थ णाणा वि अण्णाणा वि अत्थि त्ति भाणियव्वं।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જઘન્ય અવધિજ્ઞાની પંચેન્દ્રિય તિર્યંચોના કેટલા પર્યાયો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંત પર્યાયો છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે જઘન્ય અવધિજ્ઞાની પંચેન્દ્રિય તિર્યંચોના અનંત પર્યાયો છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અવધિજ્ઞાની એક તિર્યંચ પંચેન્દ્રિય, જઘન્ય અવધિજ્ઞાની બીજા તિર્યંચ પંચેન્દ્રિયથી દ્રવ્યની અપેક્ષાએ તુલ્ય; પ્રદેશોની અપેક્ષાએ તુલ્ય; અવગાહનાની અપેક્ષાએ ચૌઠાણવડિયા છે; સ્થિતિની અપેક્ષાએ તિટ્ઠાણવડિયા; વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ તથા આભિનિબોધિક જ્ઞાન અને શ્રુતજ્ઞાનના પર્યાયોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા; અવધિજ્ઞાનના પર્યાયોની અપેક્ષાએ તુલ્ય; જ્ઞાન હોવાથી અજ્ઞાન નથી. ચક્ષુદર્શન, અચક્ષુદર્શન અને અવધિદર્શનના પર્યાયોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે.

આ જ રીતે ઉત્કૃષ્ટ અવધિજ્ઞાની તિર્યંચ પંચેન્દ્રિય જીવોના પર્યાયોનું કથન કરવું જોઈએ. મધ્યમ અવધિજ્ઞાની પંચેન્દ્રિય તિર્યંચોના પર્યાયોનું કથન પણ આ જ રીતે કરવું જોઈએ. વિશેષતા એ છે કે સ્વસ્થાનમાં પણ છટ્ઠાણવડિયા છે.

જે પ્રમાણે મતિજ્ઞાની તિર્યંચ પંચેન્દ્રિયના પર્યાય સંબંધી વક્તવ્યતા છે તે જ રીતે મતિ અજ્ઞાની અને શ્રુતઅજ્ઞાનીની વક્તવ્યતા જાણવી; જે પ્રમાણે અવધિજ્ઞાની તિર્યંચ પંચેન્દ્રિયના પર્યાયનું કથન છે, તે જ રીતે વિભંગજ્ઞાનીનું કથન છે. ચક્ષુદર્શની અને અચક્ષુદર્શનીના પર્યાય સંબંધી વક્તવ્યતા મતિજ્ઞાનીની

સમાન છે. અવધિદર્શનીનું કથન અવધિજ્ઞાનીની સમાન છે. જ્યાં જ્ઞાન છે ત્યાં અજ્ઞાન નથી; જ્યાં અજ્ઞાન છે ત્યાં જ્ઞાન નથી. જ્યાં દર્શન છે ત્યાં જ્ઞાન પણ હોઈ શકે અને અજ્ઞાન પણ હોઈ શકે છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં જઘન્ય, ઉત્કૃષ્ટ, મધ્યમ, અવગાહનાદિવાળા તિર્યંચ પંચેન્દ્રિયોના પર્યાયોની પ્રરૂપણા કરવામાં આવી છે.

**ત્રણ પ્રકારની અવગાહના :–** જઘન્ય અને ઉત્કૃષ્ટ અવગાહનાવાળા તિર્યંચ પંચેન્દ્રિયો અવગાહનાની અપેક્ષાએ તુલ્ય છે અને મધ્યમ અવગાહનાના અસંખ્યાત સ્થાન હોવાથી મધ્યમ અવગાહનાવાળા તિર્યંચ પંચેન્દ્રિયો અવગાહનાની અપેક્ષાએ ચૌઠાણવડિયા હોય છે.

જઘન્ય અને ઉત્કૃષ્ટ અવગાહનાવાળા તિર્યંચ પંચેન્દ્રિયો સ્થિતિની અપેક્ષાએ તિટ્ઠાણવડિયા છે કારણ કે જઘન્ય અવગાહના, અયુગલિક(યુગલિક સિવાયના) તિર્યંચોને જ હોય છે. તે જ રીતે ઉત્કૃષ્ટ હજાર યોજનની અવગાહના પણ અયુગલિક તિર્યંચ પંચેન્દ્રિયને જ હોય છે. કારણ કે યુગલિક તિર્યંચોની અવગાહના શાસ્ત્રમાં જઘન્ય અનેક ધનુષ્ય અને ઉત્કૃષ્ટ છ ગાઉની કહી છે. આ રીતે જઘન્ય અને ઉત્કૃષ્ટ અવગાહના યુગલિક તિર્યંચ પંચેન્દ્રિયોમાં ન હોવાથી તે સ્થિતિની અપેક્ષાએ તિટ્ઠાણવડિયા ન્યૂનાધિક હોય છે.

મધ્યમ અવગાહના અનેક પ્રકારની હોય છે. તેમાં યુગલિક તિર્યંચને પણ મધ્યમ અવગાહના હોય છે અને યુગલિક તિર્યંચની સ્થિતિ અસંખ્ય વર્ષની હોવાથી તેમાં સ્થિતિની અપેક્ષાએ ચૌઠાણવડિયા ન્યૂનાધિકતા હોય છે.

જઘન્ય અવગાહનાવાળા તિર્યંચ પંચેન્દ્રિયમાં અવધિ કે વિભંગજ્ઞાન હોતા નથી. પંચેન્દ્રિય તિર્યંચમાં અપર્યાપ્તા અવસ્થામાં જ જઘન્ય અવગાહના હોય છે. અપર્યાપ્તા તિર્યંચ પંચેન્દ્રિયમાં અવધિજ્ઞાન કે વિભંગજ્ઞાન હોતું નથી. તેથી જઘન્ય અવગાહનાવાળા તિર્યંચપંચેન્દ્રિયમાં બે જ્ઞાન, બે અજ્ઞાન અને બે દર્શન, તે છ ઉપયોગની અપેક્ષાએ છટ્ઠાણવડિયા ન્યૂનાધિકતા હોય છે.

**ત્રણ પ્રકારની સ્થિતિની અપેક્ષાએ :–** જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ સ્થિતિવાળા તિર્યંચ પંચેન્દ્રિયમાં અવગાહનાની અપેક્ષાએ ચૌઠાણવડિયા ન્યૂનાધિકતા થાય છે.

જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિવાળા તિર્યંચ પંચેન્દ્રિયમાં એક જ સ્થિતિસ્થાન હોવાથી તે પરસ્પર તુલ્ય હોય છે અને મધ્યમ સ્થિતિવાળા તિર્યંચ પંચેન્દ્રિય સ્થિતિની અપેક્ષાએ પરસ્પર ચૌઠાણવડિયા હીનાધિક હોય છે.

જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિવાળા તિર્યંચ પંચેન્દ્રિયમાં બે જ્ઞાન, બે અજ્ઞાન અને બે દર્શન હોય છે. કારણ કે જઘન્ય સ્થિતિ લબ્ધિ અપર્યાપ્તા જીવોમાં હોય અને ઉત્કૃષ્ટ સ્થિતિ યુગલિકોમાં હોય છે, તે બંનેમાં અવધિજ્ઞાન કે વિભંગજ્ઞાન હોતું નથી.

મધ્યમ સ્થિતિવાળા તિર્યંચ પંચેન્દ્રિયમાં ત્રણ જ્ઞાન, ત્રણ અજ્ઞાન અને ત્રણ દર્શન હોય છે. તેના પર્યાયોમાં છટ્ઠાણવડિયા ન્યૂનાધિકતા હોય છે.

**ત્રણ પ્રકારના જ્ઞાન-દર્શનની અપેક્ષાએ :–** જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ જ્ઞાન, અજ્ઞાન કે દર્શનવાળા તિર્યંચ પંચેન્દ્રિય અવગાહનાની અપેક્ષાએ ચૌઠાણવડિયા હોય છે.

જઘન્ય અને મધ્યમ મતિ-શ્રુતજ્ઞાની અથવા મતિ-શ્રુત અજ્ઞાની સ્થિતિની અપેક્ષાએ ચૌઠાણવડિયા

હોય છે. કારણ કે તે યુગલિક તિર્યંચ પંચેન્દ્રિયોમાં પણ હોય શકે છે અને યુગલિકોમાં અસંખ્યાત વર્ષની સ્થિતિ હોવાથી તે સ્થિતિની અપેક્ષાએ ચૌઠાણવડિયા હીનાધિક હોય છે. ઉત્કૃષ્ટ મતિ-શ્રુતજ્ઞાની અથવા મતિ-શ્રુત અજ્ઞાની સ્થિતિની અપેક્ષાએ તિટ્ઠાણવડિયા હોય છે કારણ કે યુગલિકોમાં ઉત્કૃષ્ટ જ્ઞાન કે અજ્ઞાન હોતું નથી.

જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ અવધિજ્ઞાન, અવધિદર્શન કે વિભંગ જ્ઞાનમાં સ્થિતિની અપેક્ષાએ તિટ્ઠાણ-વડિયા ન્યૂનાધિકતા હોય છે. કારણ કે યુગલિકોમાં અવધિજ્ઞાન, વિભંગજ્ઞાન આદિ હોતા નથી. અયુગલિક તિર્યંચ પંચેન્દ્રિયની સ્થિતિ સંખ્યાત વર્ષની જ હોવાથી તેમાં તિટ્ઠાણવડિયા ન્યૂનાધિકતા હોય છે.

જઘન્ય અને મધ્યમ ચક્ષુદર્શન કે અચક્ષુદર્શનમાં સ્થિતિની અપેક્ષાએ ચૌઠાણવડિયા ન્યૂનાધિકતા હોય છે કારણ કે યુગલિક તિર્યંચોને જઘન્ય અને મધ્યમ ચક્ષુ-અચક્ષુદર્શન હોય છે. ઉત્કૃષ્ટ ચક્ષુદર્શન અને અચક્ષુદર્શન યુગલિકોમાં હોતા નથી તેથી તેમાં ઉત્કૃષ્ટ મતિજ્ઞાનની જેમ તિટ્ઠાણવડિયા હીનાધિકતા હોય છે.

જઘન્ય-ઉત્કૃષ્ટ જ્ઞાન-દર્શનવાળા તિર્યંચ પંચેન્દ્રિયો, જઘન્ય-ઉત્કૃષ્ટ જ્ઞાન-દર્શનમાં સ્વસ્થાનથી તુલ્ય છે અને મધ્યમ જ્ઞાન દર્શનમાં સ્વસ્થાનથી છટ્ઠાણવડિયા ન્યૂનાધિકતા હોય છે.

**અવગાહનાદિ અપેક્ષાએ તિર્યંચ પંચેન્દ્રિયના પર્યાયો :–**

| અવગાહનાદિ | દ્રવ્યથી | પ્રદેશથી | અવગાહનાથી | સ્થિતિથી | વર્ણાદિથી (૨૦ બોલમાં) | જ્ઞાન–દર્શનથી |
|---|---|---|---|---|---|---|
| જઘન્ય અવગાહના | તુલ્ય | તુલ્ય | તુલ્ય | તિટ્ઠાણવડિયા | છટ્ઠાણવડિયા | ૬ ઉપયોગ છટ્ઠાણ૦ |
| ઉત્કૃષ્ટ અવગાહના | તુલ્ય | તુલ્ય | તુલ્ય | તિટ્ઠાણવડિયા | છટ્ઠાણવડિયા | ૯ ઉપયોગ છટ્ઠાણ૦ |
| મધ્યમ અવગાહના | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | ચૌઠાણવડિયા | છટ્ઠાણવડિયા | ૯ ઉપયોગ છટ્ઠાણ૦ |
| જઘન્ય સ્થિતિ | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | તુલ્ય | છટ્ઠાણવડિયા | ૪ ઉપયોગ છટ્ઠાણ૦ |
| ઉત્કૃષ્ટ સ્થિતિ | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | તુલ્ય | છટ્ઠાણવડિયા | ૬ ઉપયોગ છટ્ઠાણ૦ |
| મધ્યમ સ્થિતિ | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | ચૌઠાણવડિયા | છટ્ઠાણવડિયા | ૯ ઉપયોગ છટ્ઠાણ૦ |
| જઘન્ય અને ઉત્કૃષ્ટ વર્ણાદિ | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | ચૌઠાણવડિયા | સ્વસ્થાનથી તુલ્ય, શેષ ૧૯ છટ્ઠાણવડિયા | ૯ ઉપયોગ છટ્ઠાણવડિયા |
| મધ્યમ વર્ણાદિ | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | ચૌઠાણવડિયા | છટ્ઠાણવડિયા | ૯ ઉપયોગ છટ્ઠાણ૦ |
| જઘન્ય મતિ, શ્રુતજ્ઞાન અને અજ્ઞાન | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | ચૌઠાણવડિયા | છટ્ઠાણવડિયા | સ્વસ્થાન તુલ્ય, શેષ ૩ ઉપયોગ છટ્ઠાણ૦ |
| ઉત્કૃષ્ટ મતિ, શ્રુતજ્ઞાન અને અજ્ઞાન | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | તિટ્ઠાણવડિયા | છટ્ઠાણવડિયા | સ્વસ્થાનથી તુલ્ય, શેષ ૫ ઉપયોગ છટ્ઠાણ૦ |
| મધ્યમ મતિ, શ્રુતજ્ઞાન અને અજ્ઞાન | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | ચૌઠાણવડિયા | છટ્ઠાણવડિયા | ૬ ઉપયોગ છટ્ઠાણ૦ |
| જઘન્ય અને ઉત્કૃષ્ટ અવધિજ્ઞાન-વિભંગજ્ઞાન | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | તિટ્ઠાણવડિયા | છટ્ઠાણવડિયા | સ્વસ્થાનમાં તુલ્ય, શેષ ૫ ઉપયોગ છટ્ઠાણ૦ |

| અવગાહનાદિ | દ્રવ્યથી | પ્રદેશથી | અવગાહનાથી | સ્થિતિથી | વર્ણાદિથી (૨૦ બોલમાં) | જ્ઞાન–દર્શનથી |
|---|---|---|---|---|---|---|
| મધ્યમ અવધિજ્ઞાન વિભંગજ્ઞાન | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | તિટ્ઠાણવડિયા | છટ્ઠાણવડિયા | ૬ ઉપયોગ છટ્ઠાણ૦ |
| જઘન્ય ચક્ષુ-અચક્ષુદર્શન | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | તિટ્ઠાણવડિયા | છટ્ઠાણવડિયા | ૫ ઉપયોગ છટ્ઠાણ૦ |
| ઉત્કૃષ્ટ ચક્ષુ-અચક્ષુદર્શન | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | તિટ્ઠાણવડિયા | છટ્ઠાણવડિયા | ૮ ઉપયોગ છટ્ઠાણ૦ |
| મધ્યમ ચક્ષુ-અચક્ષુદર્શન | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | ચૌટ્ઠાણવડિયા | છટ્ઠાણવડિયા | ૯ ઉપયોગ છટ્ઠાણ૦ |
| જ૦ અને ઉ૦ અવધિદર્શન | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | તિટ્ઠાણવડિયા | છટ્ઠાણવડિયા | સ્વસ્થાનમાં તુલ્ય ૮ ઉપયોગ છટ્ઠાણ૦ |
| મધ્યમ અવધિદર્શન | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | તિટ્ઠાણવડિયા | છટ્ઠાણવડિયા | ૯ ઉપયોગ છટ્ઠાણ૦ |

★ ચાર ઉપયોગ = ૨ અજ્ઞાન, ૨ દર્શન. છ ઉપયોગ = ૨ જ્ઞાન, ૨ અજ્ઞાન, ૨ દર્શન. ૯ ઉપયોગ = ૩ જ્ઞાન, ૩ અજ્ઞાન, ૩ દર્શન.

**અવગાહનાદિ અપેક્ષાએ મનુષ્યોના પર્યાયો :–**

**૩૫** **जहण्णोगाहणगाणं णं भंते ! मणुस्साणं केवइया पज्जवा पण्णत्ता ? गोयमा ! अणंता पज्जवा पण्णत्ता । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ जहण्णोगाहणगाणं मणुस्साणं अणंता पज्जवा पण्णत्ता ?**

**गोयमा ! जहण्णोगाहणाए मणुस्से जहण्णोगाहणगस्स मणुस्सस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए तुल्ले, ठिईए तिट्ठाणवडिए, वण्ण-गंध-रस-फासपज्जवेहिं, तिहिं णाणेहिं, दोहिं अण्णाणेहिं, तिहिं दंसणेहिं छट्ठाणवडिए ।**

**उक्कोसोगाहणाए वि एवं चेव । णवरं ठिईए सिय हीणे, सिय तुल्ले, सिय अब्भहिए; जइ हीणे असंखेज्जइभागहीणे, अह अब्भहिए असंखेज्जइभागमब्भहिए; दो णाणा दो अण्णाणा दो दंसणा ।**

**अजहण्णमणुक्कोसोगाहणाए वि एवं चेव । णवरं ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए चउट्ठाणवडिए, आइल्लेहिं चउहिं णाणेहिं छट्ठाणवडिए, केवलणाणपज्जवेहिं तुल्ले, तिहिं अण्णाणेहिं तिहिं दंसणेहिं य छट्ठाणवडिए, केवलदंसणपज्जवेहिं तुल्ले।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જઘન્ય અવગાહનાવાળા મનુષ્યોના કેટલા પર્યાયો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંતપર્યાયો છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે જઘન્ય અવગાહનાવાળા મનુષ્યોના અનંત પર્યાયો છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અવગાહનાવાળો એક મનુષ્ય, જઘન્ય અવગાહનાવાળા બીજા મનુષ્યથી દ્રવ્યની અપેક્ષાએ તુલ્ય; પ્રદેશોની અપેક્ષાએ તુલ્ય; અવગાહનાની અપેક્ષાએ તુલ્ય છે; સ્થિતિની અપેક્ષાએ તિટ્ઠાણવડિયા; વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ તથા ત્રણ જ્ઞાન, બે અજ્ઞાન, અને ત્રણ દર્શનની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે.

ઉત્કૃષ્ટ અવગાહનાવાળા મનુષ્યોના પર્યાયના વિષયમાં પણ આ પ્રમાણે જ જાણવું જોઈએ. વિશેષતા એ છે કે સ્થિતિની અપેક્ષાએ તે કદાચિત્ હીન છે, કદાચિત્ તુલ્ય અને કદાચિત્ અધિક હોય છે. જો હીન હોય તો અસંખ્યાતમો ભાગ હીન હોય છે અને જો અધિક હોય તો અસંખ્યાતમો ભાગ અધિક હોય છે અર્થાત્ તેમાં એકઠાણવડિયા ન્યૂનાધિકતા હોય છે. તેને બે જ્ઞાન, બે અજ્ઞાન અને બે દર્શન હોય છે.

મધ્યમ અવગાહનાવાળા મનુષ્યોના પર્યાયોનું કથન પણ આ જ પ્રમાણે જાણવું જોઈએ. વિશેષતા એ છે કે અવગાહનાની દષ્ટિએ તે ચૌઠાણવડિયા; સ્થિતિની અપેક્ષાએ ચૌઠાણવડિયા છે, વર્ણાદિ ૨૦ બોલની અપેક્ષાએ છટ્ઠાણવડિયા તથા આદિના ચાર જ્ઞાન(મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યવજ્ઞાન)ની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે, કેવળજ્ઞાનના પર્યાયોની અપેક્ષાએ તુલ્ય; તથા ત્રણ અજ્ઞાન અને ત્રણ દર્શન(ચક્ષુ, અચક્ષુ અને અવધિ)ની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે, કેવળદર્શનના પર્યાયોની અપેક્ષાએ તુલ્ય છે.

**૩૬ जहण्णठिईयाणं भंते ! मणुस्साणं केवइया पज्जवा पण्णत्ता ? गोयमा ! अणंता पज्जवा पण्णत्ता । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ?**

**गोयमा ! जहण्णठिईए मणुस्से जहण्णठिईयस्स मणुस्सस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए तुल्ले, वण्ण-गंध-रस-फासपज्जवेहिं, दोहिं अण्णाणेहिं, दोहिं दंसणेहिं छट्ठाणवडिए । एवं उक्कोसठिईए वि । णवरं दो णाणा, दो अण्णाणा, दो दंसणा ।**

**अजहण्णमणुक्कोसठिईए वि एवं चेव । णवरं ठिईए चउट्ठाणवडिए, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, आदिल्लेहिं चउणाणेहिं छट्ठाणवडिए, केवलणाणपज्जवेहिं तुल्ले, तिहिं अण्णाणेहिं तिहिं दंसणेहिं छट्ठाणवडिए, केवलदंसणपज्जवेहिं तुल्ले ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જઘન્ય સ્થિતિવાળા મનુષ્યોના કેટલા પર્યાયો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંત પર્યાયો છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે જઘન્ય સ્થિતિવાળા મનુષ્યોના અનંત પર્યાયો છે?

**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય સ્થિતિવાળો એક મનુષ્ય, જઘન્ય સ્થિતિવાળા બીજા મનુષ્યથી દ્રવ્યની અપેક્ષાએ તુલ્ય; પ્રદેશોની અપેક્ષાએ તુલ્ય; અવગાહનાની અપેક્ષાએ ચૌઠાણવડિયા; સ્થિતિની અપેક્ષાએ તુલ્ય; વર્ણ, ગંધ, રસ અને સ્પર્શના પર્યાયો તથા બે અજ્ઞાન અને બે દર્શનના પર્યાયોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે. ઉત્કૃષ્ટ સ્થિતિવાળા મનુષ્યના પર્યાયોના વિષયમાં પણ આ જ પ્રમાણે પ્રરૂપણા કરવી જોઈએ. વિશેષતા એ છે કે તેમાં બે જ્ઞાન, બે અજ્ઞાન અને બે દર્શન હોય છે.

મધ્યમ સ્થિતિવાળા મનુષ્યોના પર્યાયના વિષયમાં પણ આ પ્રમાણે કથન કરવું જોઈએ. વિશેષતા એ છે કે તે સ્થિતિની અપેક્ષાએ ચૌઠાણવડિયા, અવગાહનાની અપેક્ષાએ ચૌઠાણવડિયા છે તથા પ્રારંભના ચાર જ્ઞાનની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે, કેવળજ્ઞાનના પર્યાયોની અપેક્ષાએ તુલ્ય છે, ત્રણ અજ્ઞાન અને ત્રણ દર્શનની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે, કેવળદર્શનના પર્યાયોની અપેક્ષાએ તુલ્ય છે.

**૩૭ जहण्णगुणकालगाणं भंते ! मणुस्साणं केवइया पज्जवा पण्णत्ता ? गोयमा ! अणंता पज्जवा पण्णत्ता । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ?**

**गोयमा ! जहण्णगुणकालए मणुस्से जहण्णगुणकालगस्स मणुस्सस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए चउट्ठाणवडिए कालवण्ण-पज्जवेहिं तुल्ले, अवसेसेहिं वण्ण-गंध-रस-फासपज्जवेहिं छट्ठाणवडिए, चउहिं णाणेहिं छट्ठाणवडिए, केवलणाणपज्जवेहिं तुल्ले, तिहिं अण्णाणेहिं तिहिं दंसणेहिं छट्ठाणवडिए, केवलदंसणपज्जवेहिं तुल्ले ।**

**एवं उक्कोसगुणकालए वि । अजहण्णमणुक्कोसगुणकालए वि एवं चेव । णवरं सट्ठाणे छट्ठाणवडिए । एवं पंच वण्णा, दो गंधा, पंच रसा, अट्ठ फासा भाणियव्वा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જઘન્યગુણ કાળા વર્ણવાળા મનુષ્યોના કેટલા પર્યાયો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંત પર્યાયો છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે જઘન્ય ગુણ કાળા વર્ણવાળા મનુષ્યના અનંતપર્યાયો છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્યગુણ કાળા વર્ણવાળો એક મનુષ્ય, જઘન્ય ગુણ કાળા વર્ણવાળા બીજા મનુષ્યથી દ્રવ્યની અપેક્ષાએ તુલ્ય; પ્રદેશોની અપેક્ષાએ તુલ્ય; અવગાહનાની અપેક્ષાએ ચૌઠાણવડિયા છે; સ્થિતિની અપેક્ષાએ ચૌઠાણવડિયા; કાળા વર્ણ પર્યાયોની અપેક્ષાએ તુલ્ય; શેષ વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ તથા ચાર જ્ઞાનની અપેક્ષાએ છટ્ઠાણવડિયા; કેવળજ્ઞાન પર્યાયોની અપેક્ષાએ તુલ્ય; ત્રણ અજ્ઞાન, ત્રણ દર્શનની અપેક્ષાએ છટ્ઠાણવડિયા અને કેવળદર્શન પર્યાયોની અપેક્ષાએ તુલ્ય છે.

આ જ પ્રમાણે ઉત્કૃષ્ટગુણ કાળા વર્ણવાળા મનુષ્યોના પર્યાયોના વિષયમાં જાણવું જોઈએ. આ જ પ્રમાણે અજઘન્ય-અનુત્કૃષ્ટ(મધ્યમ) ગુણ કાળા વર્ણવાળા મનુષ્યોના પર્યાયના વિષયમાં જાણવું જોઈએ, વિશેષતા એ છે કે સ્વસ્થાન(કાળા વર્ણ)માં પણ છટ્ઠાણવડિયા છે.આ જ પ્રમાણે પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ અને આઠ સ્પર્શોવાળા મનુષ્યોના પર્યાયોનું કથન કરવું જોઈએ.

**३८ जहण्णाभिणिबोहियणाणीणं भंते ! मणुस्साणं केवइया पज्जवा पण्णत्ता ? गोयमा ! अणंता पज्जवा पण्णत्ता । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ?**

**गोयमा ! जहण्णाभिणिबोहियणाणी मणुस्से जहण्णाभिणिबोहियणाणिस्स मणुस्सस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए चउट्ठाणवडिए, वण्ण-गंध-रस-फासपज्जवेहिं छट्ठाणवडिए, आभिणिबोहियणाणपज्जवेहिं तुल्ले, सुयणाणपज्जवेहिं दोहिं दंसणेहिं छट्ठाणवडिए ।**

**एवं उक्कोसाभिणिबोहियणाणी वि । णवरं आभिणिबोहियणाणपज्जवेहिं तुल्ले, ठिईए तिट्ठाणवडिए, तिहिं णाणेहिं तिहिं दंसणेहिं छट्ठाणवडिए ।**

**अजहण्णमणुक्कोसाभिणिबोहियणाणी जहा उक्कोसाभिणिबोहियणाणी । णवरं ठिईए चउट्ठाणवडिए, सट्ठाणे छट्ठाणवडिए । एवं सुयणाणी वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જઘન્ય આભિનિબોધિકજ્ઞાની મનુષ્યોના કેટલા પર્યાયો છે ? **ઉત્તર–**

હે ગૌતમ ! અનંતપર્યાયો છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે જઘન્ય આભિનિબોધિકજ્ઞાની મનુષ્યોના અનંત પર્યાયો છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય આભિનિબોધિકજ્ઞાની એક મનુષ્ય, જઘન્ય આભિનિબોધિકજ્ઞાની બીજા મનુષ્યથી દ્રવ્યની અપેક્ષાએ તુલ્ય; પ્રદેશોની અપેક્ષાએ તુલ્ય; અવગાહનાની અપેક્ષાએ ચૌઠાણવડિયા; સ્થિતિની અપેક્ષાએ ચૌઠાણવડિયા; વર્ણ, ગંધ, રસ અને સ્પર્શના પર્યાયોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે, આભિનિબોધિકજ્ઞાનની અપેક્ષાએ તુલ્ય; શ્રુતજ્ઞાન પર્યાયો અને બે દર્શનોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે.

તે જ રીતે ઉત્કૃષ્ટ આભિનિબોધિકજ્ઞાનીના પર્યાયોના વિષયમાં જાણવું જોઈએ. વિશેષતા એ છે કે તે આભિનિબોધિકજ્ઞાનના પર્યાયોની અપેક્ષાએ તુલ્ય છે; સ્થિતિની અપેક્ષાએ તિટ્ઠાણવડિયા છે; શેષ ત્રણજ્ઞાન અને ત્રણ દર્શનોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે.

અજઘન્ય-અનુત્કૃષ્ટ(મધ્યમ) આભિનિબોધિકજ્ઞાનીના પર્યાયોના વિષયમાં ઉત્કૃષ્ટ આભિનિબોધિક જ્ઞાની મનુષ્યોની જેમ કહેવું જોઈએ. વિશેષતા એ છે કે સ્થિતિની અપેક્ષાએ ચૌઠાણવડિયા છે તથા સ્વસ્થાનમાં છટ્ઠાણવડિયા છે. શ્રુતજ્ઞાની મનુષ્યોના પર્યાયોના વિષયમાં સંપૂર્ણ કથન મતિજ્ઞાનીની જેમ જ કરવું.

**૩૧ जहण्णोहिणाणीणं भंते ! मणुस्साणं केवइया पज्जवा पण्णत्ता ? गोयमा ! अणंता पज्जवा पण्णत्ता । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ?**

**गोयमा ! जहण्णोहिणाणी मणुस्से जहण्णोहिणाणिस्स मणुस्सस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए तिट्ठाणवडिए ठिईए तिट्ठाणवडिए, वण्ण-गंध-रस-फास-पज्जवेहिं दोहिं णाणेहिं छट्ठाणवडिए, ओहिणाणपज्जवेहिं तुल्ले, मणपज्जवणाणपज्जवेहिं छट्ठाणवडिए, तिहिं दंसणेहिं छट्ठाणवडिए । एवं उक्कोसोहिणाणी वि । अजहण्णमणुक्कोस ओहिणाणी वि एवं चेव । णवरं ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, सट्ठाणे छट्ठाणवडिए ।**

**जहा ओहिणाणी तहा मणपज्जवणाणी वि भाणियव्वे, णवरं ओगाहणट्ठयाए तिट्ठाण-वडिए । जहा आभिणिबोहियणाणी तहा मइअण्णाणी सुयअण्णाणी य भाणियव्वे। जहा ओहिणाणी तहा विभंगणाणी वि भाणियव्वे । चक्खुदंसणी अचक्खुदंसणी य जहा आभिणिबोहियणाणी । ओहिदंसणी जहा ओहिणाणी । जत्थ णाणा तत्थ अण्णाणा णत्थि, जत्थ अण्णाणा तत्थ णाणा णत्थि, जत्थ दंसणा तत्थ णाणा वि अण्णाणा वि ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જઘન્ય અવધિજ્ઞાની મનુષ્યોના કેટલા પર્યાયો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંત પર્યાયો છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે તેના અનંતપર્યાયો છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અવધિજ્ઞાની એક મનુષ્ય, જઘન્ય અવધિજ્ઞાની બીજા મનુષ્યોથી દ્રવ્યની અપેક્ષાએ તુલ્ય; પ્રદેશોની અપેક્ષાએ તુલ્ય; અવગાહનાની અપેક્ષાએ તિટ્ઠાણવડિયા; સ્થિતિની અપેક્ષાએ તિટ્ઠાણવડિયા; વર્ણ-ગંધ-રસ અને સ્પર્શ, મતિ-શ્રુત જ્ઞાનની અપેક્ષાએ છટ્ઠાણવડિયા, અવધિજ્ઞાન પર્યાયોની અપેક્ષાએ તુલ્ય; મનઃપર્યવજ્ઞાન પર્યાયોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા અને ત્રણ દર્શનોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે.

તે જ રીતે ઉત્કૃષ્ટ અવધિજ્ઞાની મનુષ્યોના પર્યાયોના વિષયમાં જાણવું જોઈએ. તે જ રીતે મધ્યમ અવધિજ્ઞાની મનુષ્યોના પર્યાયોના વિષયમાં પણ જાણવું જોઈએ. વિશેષતા એ છે કે અવગાહનાની અપેક્ષાએ ચૌઠાણવડિયા છે; સ્વસ્થાનની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે અર્થાત્ મધ્યમ અવધિજ્ઞાની, મધ્યમ અવધિજ્ઞાનીથી છ સ્થાનની અપેક્ષાએ ન્યૂનાધિક હોય છે.

જેમ જઘન્ય-ઉત્કૃષ્ટ-મધ્યમ અવધિજ્ઞાની મનુષ્યોના પર્યાયોના વિષયમાં કહ્યું છે, તેમ જઘન્યાદિ મનઃપર્યવજ્ઞાની મનુષ્યોના પર્યાયોના વિષયમાં જાણવું જોઈએ. વિશેષતા એ છે કે અવગાહનાની અપેક્ષાએ જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ સર્વત્ર તિટ્ઠાણવડિયા છે. જેવી રીતે આભિનિબોધિક જ્ઞાનીના પર્યાયોના વિષયમાં કહ્યું છે તેવી જ રીતે મતિ અજ્ઞાની અને શ્રુત અજ્ઞાની મનુષ્યોના પર્યાયોના વિષયમાં કહેવું જોઈએ. જે રીતે જઘન્યાદિ અવધિજ્ઞાની મનુષ્યોના પર્યાયોનું કથન કર્યું છે. તે જ રીતે વિભંગજ્ઞાનીનું કથન કરવું જોઈએ.

ચક્ષુદર્શની અને અચક્ષુદર્શનીનું પર્યાય વિષયક કથન આભિનિબોધિકજ્ઞાની મનુષ્યોના પર્યાયોના કથનની સમાન છે. જ્યાં જ્ઞાન હોય છે ત્યાં અજ્ઞાન નથી અને જ્યાં અજ્ઞાન હોય ત્યાં જ્ઞાન નથી અને જ્યાં દર્શન હોય છે ત્યાં જ્ઞાન અને અજ્ઞાન બંનેમાંથી કોઈ પણ સંભવી શકે છે.

**૪૦ केवलणाणीणं भंते ! मणुस्साणं केवइया पज्जवा पण्णत्ता ? गोयमा ! अणंता पज्जवा पण्णत्ता । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ केवलणाणीणं मणुस्साणं अणंता पज्जवा पण्णत्ता ?**

**गोयमा ! केवलणाणी मणुस्से केवलणाणिस्स मणुस्सस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए तिट्ठाणवडिए, वण्ण-गंध-रसफासपज्जवेहिं, छट्ठाणवडिए, केवलणाणपज्जवेहिं केवलदंसणपज्जवेहिं य तुल्ले । एवं केवलदंसणी वि मणूसे भाणियव्वे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! કેવળજ્ઞાની મનુષ્યોના કેટલા પર્યાયો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંતપર્યાયો છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે કેવળજ્ઞાની મનુષ્યોના અનંતપર્યાયો છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! એક કેવળજ્ઞાની મનુષ્ય, બીજા કેવળજ્ઞાની મનુષ્યથી દ્રવ્યની અપેક્ષાએ તુલ્ય; પ્રદેશોની અપેક્ષાએ તુલ્ય; અવગાહનાની અપેક્ષાએ ચૌઠાણવડિયા; સ્થિતિની અપેક્ષાએ તિટ્ઠાણવડિયા; વર્ણ, ગંધ, રસ અને સ્પર્શના પર્યાયોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે અને કેવળજ્ઞાન, કેવળ દર્શનના પર્યાયોની અપેક્ષાએ તુલ્ય છે.

જે રીતે કેવળજ્ઞાની મનુષ્યોના પર્યાયોના વિષયમાં કહ્યું છે, તે જ રીતે કેવળદર્શની મનુષ્યોના પર્યાયોના વિષયમાં પ્રરૂપણા કરવી જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં જઘન્ય-ઉત્કૃષ્ટ-મધ્યમ અવગાહના, સ્થિતિ, વર્ણાદિ, જ્ઞાનાદિ યુક્ત મનુષ્યોના પર્યાયોનું કથન છે.

**ત્રણ પ્રકારની અવગાહનાની અપેક્ષાએ :–** જઘન્ય અને ઉત્કૃષ્ટ અવગાહનાવાળા મનુષ્યો ક્રમશઃ

જઘન્ય અને ઉત્કૃષ્ટ અવગાહનાવાળા મનુષ્યો સાથે અવગાહનાની અપેક્ષાએ તુલ્ય હોય છે. મધ્યમ અવગાહનાના અસંખ્ય અવગાહનાસ્થાન હોવાથી તેમાં ચૌઠાણવડિયા ન્યૂનાધિકતા હોય છે.

જઘન્ય અવગાહનાવાળો મનુષ્ય નિયમા સંખ્યાત વર્ષના આયુવાળો જ હોય છે. તેથી તે સ્થિતિની અપેક્ષાએ અસંખ્યાતમો ભાગ, સંખ્યાતમો ભાગ અને સંખ્યાતગુણ, આ ત્રણ પ્રકારે હીનાધિક હોય છે.

દેવકુરુ-ઉત્તરકુરુક્ષેત્રના મનુષ્યોની ઉત્કૃષ્ટ અવગાહના ત્રણ ગાઉની હોય છે અને તેઓની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત ન્યૂન ત્રણ પલ્યોપમની અને ઉત્કૃષ્ટ સંપૂર્ણ ત્રણ પલ્યોપમની હોય છે. અંતર્મુહૂર્ત, તે ત્રણ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ છે. તેથી પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન ત્રણ પલ્યોપમવાળો મનુષ્ય, ત્રણ પલ્યોપમની સ્થિતિવાળા મનુષ્યથી અસંખ્યાતમો ભાગ હીન છે અને પૂર્ણ ત્રણ પલ્યોપમવાળો મનુષ્ય તેનાથી અસંખ્યાતમો ભાગ અધિક છે. આ સિવાય અન્ય કોઈ પણ સ્થિતિ સંબંધી હીનાધિકતા ઉત્કૃષ્ટ અવગાહનાવાળા મનુષ્યમાં સંભવી શકતી નથી. તેથી ઉત્કૃષ્ટ અવગાહનાવાળા કોઈ બે મનુષ્યોમાં સ્થિતિની અપેક્ષાએ તુલ્યતા હોય અથવા એકઠાણવડિયા હીનાધિકતા હોય છે.

મધ્યમ અવગાહનાવાળા મનુષ્યોમાં સ્થિતિની અપેક્ષાએ ચૌઠાણવડિયા ન્યૂનાધિકતા હોય છે. મધ્યમ અવગાહનામાં યુગલિક અને અયુગલિક બંને પ્રકારના મનુષ્યો હોય છે. તેથી તેમાં અસંખ્યાતમો ભાગ, સંખ્યાતમો ભાગ, સંખ્યાતગુણ અને અસંખ્યાતગુણ, આ ચાર પ્રકારની હીનાધિકતા ઘટિત થાય છે.

જઘન્ય અવગાહનાવાળા મનુષ્યોમાં ત્રણ જ્ઞાન અને બે અજ્ઞાન હોય છે. ઉત્પત્તિના સમયે જઘન્ય અવગાહના હોય છે. મનુષ્યમાં તીર્થંકરો અને અન્ય પણ જીવો અવધિજ્ઞાનની સાથે ઉત્પન્ન થાય છે. ત્યારે જઘન્ય અવગાહનામાં અવધિજ્ઞાન હોય છે, તેથી અહીં ત્રણ જ્ઞાનનું કથન કર્યું છે. કોઈ પણ જીવ વિભંગજ્ઞાન સહિત મનુષ્યમાં ઉત્પન્ન થતા નથી, તેથી જઘન્ય અવગાહનામાં વિભંગજ્ઞાનનો નિષેધ કર્યો છે.

ઉત્કૃષ્ટ અવગાહનાવાળા મનુષ્યોમાં મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન અથવા મતિ અજ્ઞાન અને શ્રુત અજ્ઞાન, આ બે જ્ઞાન અથવા બે અજ્ઞાન હોય છે. કારણ કે ઉત્કૃષ્ટ અવગાહના યુગલિક મનુષ્યોને હોય છે અને યુગલિકોમાં અવધિજ્ઞાન કે વિભંગજ્ઞાન હોતું નથી.

મધ્યમ અવગાહનાયુક્ત મનુષ્યોમાં પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન અને ચાર દર્શન હોય છે. તેમાં પ્રથમ ચાર જ્ઞાન ક્ષયોપશમજન્ય છે. ક્ષયોપશમમાં તરતમતા હોવાથી ચારેય જ્ઞાનમાં છઠ્ઠાણવડિયા હીનાધિકતા હોય છે. મધ્યમ અવગાહનામાં કેવળજ્ઞાન અને કેવળદર્શન પણ હોય છે પરંતુ ઘાતીકર્મોના સમસ્ત આવરણોનો પૂર્ણપણે ક્ષય થવાથી કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રગટે છે; આ ક્ષાયિકભાવમાં તરતમતા (ન્યૂનાધિકતા) હોતી નથી; તેથી અવગાહના, સ્થિતિ કે વર્ણાદિમાં કેવળજ્ઞાન અને કેવળદર્શનના પર્યાયો સર્વત્ર તુલ્ય કહ્યા છે.

**ત્રણ પ્રકારની સ્થિતિની અપેક્ષાએ :–** જઘન્ય સ્થિતિવાળા મનુષ્યો લબ્ધિ અપર્યાપ્તા સંમૂર્ચ્છિમ મનુષ્યો હોય છે અને ઉત્કૃષ્ટ સ્થિતિવાળા મનુષ્યો યુગલિક હોય છે અને મધ્યમ સ્થિતિવાળા યુગલિક અને અયુગલિક તેમ બંને પ્રકારના મનુષ્યો હોય છે. આ જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ ત્રણે પ્રકારની સ્થિતિવાળા મનુષ્યો અવગાહનાની અપેક્ષાએ ચૌઠાણવડિયા હોય છે.

જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિવાળા મનુષ્યો સ્થિતિની અપેક્ષાએ સ્વસ્થાનમાં તુલ્ય અને મધ્યમ સ્થિતિવાળા મનુષ્યો સ્થિતિની અપેક્ષાએ ચૌઠાણવડિયા હોય છે.

જઘન્ય સ્થિતિવાળા સંમૂર્ચ્છિમ મનુષ્યોમાં બે અજ્ઞાન અને બે દર્શન હોય છે. ઉત્કૃષ્ટ સ્થિતિવાળા

યુગલિક મનુષ્યોમાં બે જ્ઞાન અથવા બે અજ્ઞાન અને બે દર્શન હોય છે. મધ્યમ સ્થિતિવાળા મનુષ્યોમાં પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન અને ચાર દર્શન હોય છે. તેમાં કેવળજ્ઞાન-કેવળદર્શનના પર્યાયો પરસ્પર તુલ્ય છે અને શેષ જ્ઞાન-દર્શનમાં સ્વસ્થાનથી તુલ્ય અને અન્ય જ્ઞાનાદિમાં છટ્ઠાણવડિયા ન્યૂનાધિકતા હોય છે.

**ત્રણ પ્રકારના જ્ઞાન-દર્શનની અપેક્ષાએ :–** જઘન્ય મતિજ્ઞાની અને શ્રુતજ્ઞાની **અવગાહના** અને **સ્થિતિની** અપેક્ષાએ ચૌઠાણવડિયા હોય છે.

**જઘન્ય મતિ-શ્રુતજ્ઞાનમાં બે જ્ઞાન-બે દર્શન–** જઘન્ય મતિ-શ્રુતજ્ઞાનીમાં અવધિજ્ઞાન કે મનઃપર્યવજ્ઞાન હોતું નથી. જ્યારે અવધિ કે મનઃ પર્યવજ્ઞાન પ્રગટ થાય ત્યારે જઘન્ય મતિ-શ્રુતજ્ઞાન રહેતું નથી. **મધ્યમ મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનમાં** ચારજ્ઞાન અને ત્રણ દર્શન હોય છે. તેમાં છટ્ઠાણવડિયા હીનાધિકતા હોય છે.

**ઉત્કૃષ્ટ મતિ-શ્રુતજ્ઞાની અવગાહનાની અપેક્ષાએ** ચૌઠાણવડિયા છે. **ઉત્કૃષ્ટ મતિ–શ્રુતજ્ઞાની સ્થિતિની અપેક્ષાએ** તિટ્ઠાણવડિયા હોય છે. ઉત્કૃષ્ટ મતિજ્ઞાન યુગલિકોને હોતું નથી તેથી તેમાં અસંખ્યાતગુણ હાનિ-વૃદ્ધિ ન હોવાથી, અસંખ્યાતમો ભાગ, સંખ્યાતમો ભાગ અને સંખ્યાત ગુણ, આ ત્રણસ્થાનની હીનાધિકતા હોય છે. **ઉત્કૃષ્ટ મતિ-શ્રુતજ્ઞાનમાં–** ચાર જ્ઞાન અને ત્રણ દર્શન હોય છે, તેમાં છટ્ઠાણવડિયા હીનાધિકતા હોય છે.

**જઘન્ય અને ઉત્કૃષ્ટ અવધિજ્ઞાની મનુષ્ય અવગાહનાની અપેક્ષાએ** તિટ્ઠાણવડિયા હોય છે. ***મનુષ્યોમાં જઘન્ય અને ઉત્કૃષ્ટ અવધિજ્ઞાન પૂર્વભવથી સાથે આવેલું હોતું નથી.*** તેથી અંગુલના અસંખ્યાતમા ભાગની અવગાહનામાં જઘન્ય અને ઉત્કૃષ્ટ બંને પ્રકારના અવધિજ્ઞાન હોતા નથી, આ કારણે તેમાં અસંખ્યાતગુણી હાનિ વૃદ્ધિ થતી નથી, તેથી તેમાં તિટ્ઠાણવડિયા ન્યૂનાધિકતા હોય છે.

**મધ્યમ અવધિજ્ઞાની મનુષ્ય અવગાહનાની અપેક્ષાએ** ચૌઠાણવડિયા હોય છે. ***મધ્યમ અવધિજ્ઞાન પરભવથી સાથે આવતું હોવાથી તે અપર્યાપ્તાવસ્થામાં હોય શકે છે.*** ત્યાં તેની અવગાહના અંગુલના અસંખ્યાતમા ભાગની હોવાથી તેમાં ચૌઠાણવડિયા ન્યૂનાધિકતા થઈ શકે છે.

**જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ અવધિજ્ઞાન–** યુગલિક મનુષ્યોને અવધિજ્ઞાન હોતું નથી, તેથી અવધિજ્ઞાની મનુષ્યો સ્થિતિની અપેક્ષાએ તિટ્ઠાણવડિયા હોય છે.

**જઘન્ય અને ઉત્કૃષ્ટ અવધિજ્ઞાની–** તે અન્ય અવધિજ્ઞાની સાથે સ્વસ્થાનમાં તુલ્ય હોય છે. મતિ, શ્રુત, મનઃપર્યવજ્ઞાન અને ત્રણ દર્શન સાથે છટ્ઠાણવડિયા હોય છે. **મધ્યમ અવધિજ્ઞાની** સ્વસ્થાનમાં અને શેષ મતિ આદિ ત્રણ જ્ઞાનતથા ત્રણ દર્શનમાં છટ્ઠાણવડિયા હોય છે.

**જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ મનઃપર્યવજ્ઞાન–** ૯ વર્ષથી ક્રોડપૂર્વ વર્ષની ઉંમરવાળા અને ચારિત્રવાન મનુષ્યોને જ થતું હોવાથી, તે અવગાહના અને સ્થિતિની અપેક્ષાએ તિટ્ઠાણવડિયા હોય છે. **જઘન્ય, ઉત્કૃષ્ટ મનઃપર્યવજ્ઞાની** સ્વસ્થાનથી તુલ્ય અને મધ્યમ મનઃપર્યવજ્ઞાની સ્વસ્થાનમાં તથા શેષ યથાયોગ્ય જ્ઞાન-દર્શનમાં છટ્ઠાણવડિયા હોય છે.

**કેવળજ્ઞાની મનુષ્ય અવગાહનાની અપેક્ષાએ** ચૌઠાણવડિયા હોય છે. કેવળજ્ઞાની મનુષ્ય જ્યારે કેવળી સમુદ્દ્ઘાત કરે ત્યારે તેની અવગાહના આખા લોક પ્રમાણ હોય છે, તે અપેક્ષાએ તેમાં અસંખ્યાતગુણ હીનાધિકતા ઘટિત થાય છે. તેથી અવગાહનાની અપેક્ષાએ કેવળી મનુષ્ય ચૌઠાણવડિયા હોય છે.

કેવળી ભગવાનની સ્થિતિ સંખ્યાત વર્ષની જ હોવાથી સ્થિતિની અપેક્ષાએ સર્વ બોલમાં

તિટ્ઠાણવડિયા હીનાધિકતા હોય છે. કેવળજ્ઞાની મનુષ્ય કેવળજ્ઞાન અને કેવળદર્શનની અપેક્ષાએ તુલ્ય છે; શેષજ્ઞાન દર્શન તેઓમાં હોતા નથી.

**અવગાહનાદિ અપેક્ષાએ મનુષ્યોના પર્યાયો :–**

| અવગાહનાદિ | દ્રવ્યથી | પ્રદેશથી | અવગાહનાથી | સ્થિતિથી | વર્ણાદિથી | જ્ઞાન–દર્શનથી |
|---|---|---|---|---|---|---|
| જઘન્ય અવગાહના | તુલ્ય | તુલ્ય | તુલ્ય | તિટ્ઠાણવડિયા | છટ્ઠાણવડિયા ૨૦ બોલમાં | ૩ જ્ઞાન, ૨ અજ્ઞાન, ૩ દર્શનથી છટ્ઠાણવડિયા |
| ઉત્કૃષ્ટ અવગાહના | તુલ્ય | તુલ્ય | તુલ્ય | એકટ્ઠાણવડિયા | છટ્ઠાણવડિયા | ૨ જ્ઞાન, ૨ અજ્ઞાન, ૨ દર્શનથી છટ્ઠાણવડિયા |
| મધ્યમ અવગાહના | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | ચૌઠાણવડિયા | છટ્ઠાણવડિયા | ૪ જ્ઞાન, ૩ અજ્ઞાન ૩ દર્શનથી છટ્ઠાણવડિયા ,કેવળજ્ઞાન કેવળદર્શનથી તુલ્ય |
| જઘન્ય સ્થિતિ | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | તુલ્ય | છટ્ઠાણવડિયા | ૨ અજ્ઞાન, ૨ દર્શન છટ્ઠાણ૦ |
| ઉત્કૃષ્ટ સ્થિતિ | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | તુલ્ય | છટ્ઠાણવડિયા | ૨ જ્ઞાન, ૨ અજ્ઞાન, ૨ દર્શન છટ્ઠાણવડિયા |
| મધ્યમ સ્થિતિ | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | ચૌઠાણવડિયા | છટ્ઠાણવડિયા | ૪ જ્ઞાન, ૩ અજ્ઞાન ૩ દર્શનથી છટ્ઠાણવડિયા, કેવળ જ્ઞાન-દર્શનથી તુલ્ય |
| જઘન્ય અને ઉત્કૃષ્ટ વર્ણાદિ | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | ચૌઠાણવડિયા | સ્વસ્થાનથી તુલ્ય, શેષ ૧૯ બોલમાં છટ્ઠાણવડિયા | ૧૦ ઉપયોગમાં છટ્ઠાણવડિયા કેવળજ્ઞાન-દર્શનમાં તુલ્ય |
| મધ્યમ વર્ણાદિ | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | ચૌઠાણવડિયા | છટ્ઠાણવડિયા | " " " |
| **જઘન્ય** મતિ-શ્રુત જ્ઞાન, મતિ-શ્રુત અજ્ઞાન, ચક્ષુ-અચક્ષુ દર્શન | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | ચૌઠાણવડિયા | છટ્ઠાણવડિયા | સ્વસ્થાનમાં તુલ્ય, શેષમાં જ્ઞાનીમાં ૩ ઉપયોગ, અજ્ઞાનીમાં ૩ ઉપયોગ દર્શનીમાં ૫ ઉપયોગ છટ્ઠાણ૦ |
| **ઉત્કૃષ્ટ** મતિ-શ્રુત જ્ઞાન, મતિ-શ્રુત અજ્ઞાન, ચક્ષુ-અચક્ષુ દર્શન | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | તિટ્ઠાણવડિયા | છટ્ઠાણવડિયા | સ્વસ્થાનમાં તુલ્ય, શેષમાં જ્ઞાનીમાં ૬ ઉપયોગ, અજ્ઞાનીમાં ૫ ઉપયોગ દર્શનીમાં ૯ ઉપયોગ છટ્ઠાણ૦ |
| **મધ્યમ** મતિ-શ્રુત જ્ઞાન, મતિ-શ્રુત અજ્ઞાન, ચક્ષ-અચક્ષુ દર્શન | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | ચૌઠાણવડિયા | છટ્ઠાણવડિયા | જ્ઞાનીમાં ૭ ઉપયોગ, અજ્ઞાનીમાં ૬ ઉપયોગ દર્શનીમાં ૧૦ ઉપયોગ છટ્ઠાણ૦ |
| **જઘન્ય** અને **ઉત્કૃષ્ટ** અવધિજ્ઞાન-અવધિદર્શન,વિભંગજ્ઞાન | તુલ્ય | તુલ્ય | તિટ્ઠાણવડિયા | તિટ્ઠાણવડિયા | છટ્ઠાણવડિયા | સ્વસ્થાનમાં તુલ્ય, શેષમાં જ્ઞાનીમાં ૬ ઉપયોગ, અજ્ઞાનીમાં ૫ ઉપયોગ દર્શનીમાં ૯ ઉપયોગ છટ્ઠાણ૦ |

| અવગાહનાદિ | દ્રવ્યથી | પ્રદેશથી | અવગાહનાથી | સ્થિતિથી | વર્ણાદિથી | જ્ઞાન–દર્શનથી |
|---|---|---|---|---|---|---|
| **મધ્યમ** અવધિજ્ઞાન દર્શન, વિભંગજ્ઞાન | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | તિટ્ઠાણવડિયા | છટ્ઠાણવડિયા | જ્ઞાનીમાં ૭ ઉપયોગ, અજ્ઞાનીમાં ૬ ઉપયોગ દર્શનીમાં ૧૦ ઉપયોગ છટ્ઠાણ૦ |
| **જઘન્ય** અને **ઉત્કૃષ્ટ** મનઃપર્યવજ્ઞાન | તુલ્ય | તુલ્ય | તિટ્ઠાણવડિયા | તિટ્ઠાણવડિયા | છટ્ઠાણવડિયા | ૪ જ્ઞાન, ૩ દર્શનમાંથી સ્વસ્થાનમાં તુલ્ય, શેષમાં છટ્ઠાણવડિયા |
| **મધ્યમ** મનઃપર્યવજ્ઞાન | તુલ્ય | તુલ્ય | તિટ્ઠાણવડિયા | તિટ્ઠાણવડિયા | છટ્ઠાણવડિયા | ૭ ઉપયોગ છટ્ઠાણવડિયા |
| કેવળજ્ઞાન-કેવળદર્શન | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | તિટ્ઠાણવડિયા | છટ્ઠાણવડિયા | તુલ્ય |

**વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક દેવોના પર્યાયો :-**

**૪૧ वाणमंतरा जहा असुरकुमारा । एवं जोइसिया, वेमाणिया; णवरं सट्ठाणे ठिईए तिट्ठाणवडिए भाणियव्वे । से तं जीवपज्जवा ।**

**ભાવાર્થ :–** વાણવ્યંતર દેવોમાં પર્યાયોની પ્રરૂપણા અસુરકુમારોની સમાન છે. જ્યોતિષી અને વૈમાનિક દેવોમાં પર્યાયોનું કથન પણ આજ રીતે સમજવું જોઈએ. વિશેષતા એ છે કે– તેઓ સ્વસ્થાનમાં સ્થિતિની અપેક્ષાએ તિટ્ઠાણવડિયા હીનાધિક છે. આ રીતે જીવોના પર્યાયોની પ્રરૂપણા પૂર્ણ થાય છે.

**વિવેચન :-**

પ્રસ્તુત સૂત્રોમાં વાણવ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક દેવોના પર્યાયોનું સંક્ષિપ્ત કથન અસુરકુમાર દેવોના અતિદેશ પૂર્વક કરવામાં આવ્યું છે અર્થાત્ અહીં સમસ્ત વર્ણન અસુરકુમારોની સમાન છે પરંતુ જ્યોતિષી અને વૈમાનિકોમાં સ્થિતિની અપેક્ષાએ તિટ્ઠાણવડિયા ન્યૂનાધિકતા જ થાય છે. કારણ કે જ્યોતિષી દેવોની જઘન્ય સ્થિતિ પલ્યોપમના આઠમા ભાગ અને ઉત્કૃષ્ટ સ્થિતિ એકલાખ વર્ષ અધિક ૧ પલ્યોપમ છે અને વૈમાનિક દેવોમાં પણ જઘન્ય એક પલ્યોપમની અને ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમની સ્થિતિ છે. એક પલ્ય અને ૩૩(તેત્રીસ) સાગરોપમ વચ્ચે સંખ્યાત ગુણો જ ફરક છે, અસંખ્યાતગુણો નહીં. તેથી જ્યોતિષી અને વૈમાનિક તે બંને દેવોમાં સ્થિતિ અપેક્ષાએ ચૌઠાણવડિયા હીનાધિકતા ઘટી શકે નહીં.

**અવગાહનાદિ અપેક્ષાએ જ્યોતિષી–વૈમાનિક દેવોના પર્યાયો :–**

| જ્યોતિષી વૈમાનિક–દેવ | દ્રવ્યથી | પ્રદેશથી | અવગાહનાથી | સ્થિતિથી | વર્ણાદિથી (૨૦ બોલ) | જ્ઞાન–દર્શનથી |
|---|---|---|---|---|---|---|
| જઘન્ય અને ઉત્કૃષ્ટ અવગાહના | તુલ્ય | તુલ્ય | તુલ્ય | તિટ્ઠાણવડિયા | છટ્ઠાણવડિયા | ૩ જ્ઞાન, ૩ અજ્ઞાન ૩ દર્શનમાં છટ્ઠાણ૦ |
| મધ્યમ અવગાહના | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | તિટ્ઠાણવડિયા | છટ્ઠાણવડિયા | ૯ ઉપયોગ છટ્ઠાણ૦ |
| જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | તુલ્ય | છટ્ઠાણવડિયા | ૩ જ્ઞાન, ૩ અજ્ઞાન ૩ દર્શનમાં છટ્ઠાણ૦ |
| મધ્યમ સ્થિતિ | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | તિટ્ઠાણવડિયા | છટ્ઠાણવડિયા | ૯ ઉપયોગ છટ્ઠાણ૦ |

| જ્યોતિષી વૈમાનિક–દેવ | દ્રવ્યથી | પ્રદેશથી | અવગાહનાથી | સ્થિતિથી | વર્ણાદિથી (૨૦ બોલ) | જ્ઞાન–દર્શનથી |
|---|---|---|---|---|---|---|
| જઘન્ય અને ઉત્કૃષ્ટ વર્ણાદિ | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | તિટ્ઠાણવડિયા | સ્વસ્થાનથી તુલ્ય, શેષ ૧૯ બોલમાં છટ્ઠાણવડિયા | ૯ ઉપયોગ છટ્ઠાણ૦ |
| મધ્યમ વર્ણાદિ | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | તિટ્ઠાણવડિયા | છટ્ઠાણવડિયા | ૯ ઉપયોગ છટ્ઠાણ૦ |
| જઘન્ય અને ઉત્કૃષ્ટ જ્ઞાન-દર્શન | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | તિટ્ઠાણવડિયા | છટ્ઠાણવડિયા | સ્વસ્થાનમાં તુલ્ય, શેષમાં છટ્ઠાણવડિયા |
| મધ્યમ જ્ઞાનાદિ | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | તિટ્ઠાણવડિયા | છટ્ઠાણવડિયા | છટ્ઠાણવડિયા |

**જ્ઞાન-દર્શનના પર્યવોને સમજવા માટે જ્ઞાતવ્ય નોંધ :–** (૧) સમ્યગ્દષ્ટિ સંજ્ઞી પંચેન્દ્રિય નરકમાં ઉત્પન્ન થાય ત્યારે પ્રથમ સમયથી ૩ જ્ઞાન હોય છે અને મિથ્યાત્વી સંજ્ઞી પંચેન્દ્રિય નરકમાં ઉત્પન્ન થાય ત્યારે પ્રથમ સમયથી ૩ અજ્ઞાન હોય છે. અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય નરકમાં ઉત્પન્ન થાય ત્યારે તેને પ્રથમ અંતર્મુહૂર્તમાં બે અજ્ઞાન હોય છે. **તેને અપર્યાપ્તાવસ્થામાં વિભંગજ્ઞાન હોતું નથી,** અંતમુહૂર્ત પછી પર્યાપ્ત બને ત્યારે વિભંગ જ્ઞાન પ્રાપ્ત થાય છે (૨) વિકલેન્દ્રિયને અપર્યાપ્તાવસ્થામાં સાસ્વાદન સમ્યગ્દર્શન હોય શકે છે, પર્યાપ્તાવસ્થામાં મિથ્યાદર્શન જ હોય છે. **લબ્ધિ અપર્યાપ્તા જીવોને સાસ્વાદન સમ્યગ્દર્શન હોતું નથી. જઘન્ય સ્થિતિવાળા વિકલેન્દ્રિય અને તિર્યંચ પંચેન્દ્રિય જીવો લબ્ધિ અપર્યાપ્તા હોય છે. તેથી તેઓને સાસ્વાદન સમ્યગ્દર્શન ન હોય.** ઉત્કૃષ્ટ કે મધ્યમ સ્થિતિવાળા કરણ અપર્યાપ્ત વિકલેન્દ્રિય અને તિર્યંચ પંચેન્દ્રિયને સાસ્વાદન સમ્યગ્દર્શન હોય છે. (૩) તિર્યંચ પંચેન્દ્રિયને અપર્યાપ્ત અવસ્થામાં ૨ જ્ઞાન, ૨ અજ્ઞાન હોય છે. તેને વિભંગજ્ઞાન કે અવધિજ્ઞાન પર્યાપ્તાવસ્થામાં જ થાય છે.

(૪) તિર્યંચ પંચેન્દ્રિયને જઘન્ય અવગાહના અપર્યાપ્તાવસ્થામાં જ હોવાથી તે જીવોને અવધિજ્ઞાન કે વિભંગજ્ઞાન હોતું નથી. (૫) ઉત્કૃષ્ટ અવગાહનાવાળા એટલે ૧૦૦૦ યોજનના તિર્યંચ પંચેન્દ્રિય જીવ કર્મભૂમિજ હોય છે, તે યુગલિક હોતા નથી. યુગલિક તિર્યંચો મધ્યમ અવગાહનાવાળા જ હોય છે. (૬) ઉત્કૃષ્ટ મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન કર્મભૂમિજ જીવને જ હોય છે. (૭) જઘન્ય મતિજ્ઞાન-શ્રુતજ્ઞાનવાળા જીવને અવધિજ્ઞાન હોતું નથી. (૮) જઘન્ય અને ઉત્કૃષ્ટ અવધિજ્ઞાન પર્યાપ્ત મનુષ્યને જ હોય અને તે પરભવથી સાથે આવતું નથી. ઉત્કૃષ્ટ અવધિજ્ઞાન ભાવ ચારિત્રી જીવને જ હોય છે. મધ્યમ અવધિજ્ઞાન અપર્યાપ્ત મનુષ્યને હોય શકે છે અને તે પરભવથી આવે છે. (૯) સંમૂર્ચ્છિમ મનુષ્ય જઘન્ય સ્થિતિવાળા અને મિથ્યાદષ્ટિ જ હોય છે.

**અજીવ પર્યાયોના ભેદ-પ્રભેદ :–**

**૪૨** **अजीवपज्जवा णं भंते कइविहा पण्णत्ता ? गोयमा ! दुविहा पण्णत्ता । तं जहा- रूविअजीवपज्जवा य अरूविअजीवपज्जवा य ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અજીવ પર્યાયોના કેટલા પ્રકાર છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેના બે પ્રકાર છે; તે આ પ્રમાણે છે– (૧) રૂપી અજીવ પર્યાયો અને (૨) અરૂપી અજીવ પર્યાયો.

**અરૂપી અજીવ પર્યાયો :–**

**૪૩ अरूविअजीवपज्जवा णं भंते ! कइविहा पण्णत्ता ? गोयमा ! दसविहा पण्णत्ता । तं जहा- धम्मत्थिकाए, धम्मत्थिकायस्स देसे, धम्मत्थिकायस्स पएसा, अधम्मत्थिकाए, अधम्मत्थिकायस्स देसे, अधम्मत्थिकायस्स पएसा, आगासत्थिकाए, आगासत्थिकायस्स देसे, आगासत्थिकायस्स पएसा, अद्धासमए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અરૂપી અજીવ પર્યાયોના કેટલા પ્રકાર છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! તેના દશ પ્રકાર છે, જેમ કે– (૧) ધર્માસ્તિકાય (૨) ધર્માસ્તિકાયનો દેશ (૩) ધર્માસ્તિકાયનો પ્રદેશ (૪) અધર્માસ્તિકાય (૫) અધર્માસ્તિકાયનો દેશ (૬) અધર્માસ્તિકાયનો પ્રદેશ (૭) આકાશાસ્તિકાય (૮) આકાશાસ્તિકાયનો દેશ (૯) આકાશાસ્તિકાયનો પ્રદેશ અને (૧૦) અદ્ધા સમય.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રમાં અરૂપી અજીવ પર્યાયોનું કથન કરવામાં આવ્યું છે. અરૂપી અજીવ પર્યાયોના દશ પ્રકાર છે.

**રૂપી–અરૂપી :–** વર્ણ, ગંધ, રસ અને સ્પર્શયુક્ત દ્રવ્યને રૂપી કહે છે અને વર્ણાદિથી રહિત દ્રવ્યને અરૂપી કહે છે. છ દ્રવ્યોમાંથી જીવને છોડી પાંચ અજીવ દ્રવ્યોમાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને અદ્ધાસમયકાલ તે ચાર દ્રવ્યો અરૂપી અજીવ છે.

**पज्जवा–પર્યાય :–** પર્યાય શબ્દના બે અર્થ છે– (૧) વિભાગ–પ્રકાર (૨) અવસ્થા. પ્રસ્તુત અરૂપી અજીવમાં પર્યાય શબ્દ પ્રકાર અર્થમાં છે. તેથી સૂત્રમાં તેના ધર્માસ્તિકાય આદિ દશ ભેદને દશ પર્યાય કહ્યા છે. આ રીતે ધર્માસ્તિકાયાદિ ત્રણે દ્રવ્યો અને તેના દેશ અને પ્રદેશને ગણતાં ૩ × ૩ = ૯ ભેદ થાય અને તેમાં અદ્ધા સમય મળીને દશ ભેદ થાય છે.

**દેશ–** દ્રવ્યના કલ્પિત વિભાગને તેનો દેશ કહે છે. **પ્રદેશ–** દ્રવ્યના અત્યંત સૂક્ષ્મ અંતિમ વિભાગ રૂપ અંશને તેનો પ્રદેશ કહે છે.

**રૂપી અજીવ પર્યાયો :–**

**૪૪ रूविअजीवपज्जवा णं भंते ! कइविहा पण्णत्ता ? गोयमा ! चउविहा पण्णत्ता । तं जहा- खंधा, खंधदेसा, खंधपएसा, परमाणुपोग्गले ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! રૂપી અજીવના કેટલા પર્યાયો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તેના ચાર પ્રકાર છે. જેમ કે– (૧) સ્કંધ, (૨) સ્કંધદેશ, (૩) સ્કંધપ્રદેશ અને (૪) પરમાણુ પુદ્‌ગલ.

**૪૫ ते णं भंते ! किं संखेज्जा असंखेज्जा अणंता ? गोयमा ! णो संखेज्जा, णो असंखेज्जा, अणंता । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ णो संखेज्जा, णो असंखेज्जा, अणंता ?**

**गोयमा ! अणंता परमाणुपोग्गला, अणंता दुपएसिया खंधा** *जाव* **अणंता दसपएसिया खंधा, अणंता संखेज्जपएसिया खंधा, अणंता असंखेज्जपएसिया खंधा, अणंता**

**अणंतपएसिया खंधा । से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ- ते णं णो संखेज्जा, नो असंखेज्जा, अणंता ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! રૂપી અજીવ પર્યાયો શું સંખ્યાત છે, અસંખ્યાત છે કે અનંત છે ? **ઉત્તર–** હે ગૌતમ ! તે સંખ્યાત નથી, અસંખ્યાત નથી પરંતુ અનંત છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે તે સંખ્યાત નથી, અસંખ્યાત નથી પરંતુ અનંત છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! પરમાણુ પુદ્‌ગલ અનંત છે; દ્વિપ્રદેશી સ્કંધ અનંત છે ***યાવત્*** દશપ્રદેશી સ્કંધ અનંત છે, સંખ્યાતપ્રદેશી સ્કંધ અનંત છે, અસંખ્યાતપ્રદેશી સ્કંધ અનંત છે અને અનંતપ્રદેશી સ્કંધ અનંત છે. તેથી હે ગૌતમ ! એ પ્રમાણે કહ્યું છે કે રૂપી અજીવ પર્યાયો સંખ્યાત નથી, અસંખ્યાત નથી પરંતુ અનંત છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં રૂપી અજીવના મુખ્ય ચાર પર્યાયો–અવસ્થાઓનું કથન કરીને તેના અનંત પર્યાયોનું નિરૂપણ કર્યું છે.

છ દ્રવ્યોમાં એક પુદ્‌ગલ દ્રવ્ય જ રૂપી છે તેથી રૂપી અજીવ પર્યાયોમાં પુદ્‌ગલના પર્યાયનું ગ્રહણ થાય છે. પુદ્‌ગલના મુખ્ય ચાર પર્યાય-પ્રકાર છે– (૧) સ્કંધ = અનેક પ્રદેશોનો પિંડ. જેમ કે કોઈ એક લાડવો. (૨) સ્કંધદેશ = સ્કંધનો પોણો, અર્ધો, પા વગેરે ભાગ. જેમ કે પોણો લાડવો, અર્ધો લાડવો વગેરે (૩) સ્કંધ પ્રદેશ = સ્કંધ સાથે જોડાયેલો સ્કંધનો નિરંશ, અવિભાજ્ય અંશ. જેમ કે લાડવા સાથે જોડાયેલો તેનો એક કણ. (૪) પરમાણુ = સ્કંધથી છૂટો પડેલો અવિભાજ્ય અંશ. જેમ કે લાડવાથી છૂટો પડેલો લાડવાનો એક કણ. પુદ્‌ગલ દ્રવ્યના આ ચારે પર્યાયો લોકમાં અનંત-અનંત છે.

પરમાણુ પુદ્‌ગલ અનંત છે. તે જ રીતે બે-બે પરમાણુ મળીને બનેલા દ્વિપ્રદેશી સ્કંધો, ત્રણ-ત્રણ પરમાણુ મળીને બનેલા ત્રિપ્રદેશી સ્કંધો ***યાવત્*** અનંત પરમાણુ ભેગા મળીને બનેલા અનંતપ્રદેશી સ્કંધો પણ અનંત છે.

**દ્રવ્યની અપેક્ષાએ પુદ્‌ગલ પર્યાયો :–**

**૪૬ परमाणुपोग्गलाणं भंते ! केवइया पज्जवा पण्णत्ता ? गोयमा ! परमाणुपोग्गलाणं अणंता पज्जवा पण्णत्ता । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ परमाणुपोग्गलाणं अणंता पज्जवा पण्णत्ता?**

**गोयमा ! परमाणुपोग्गले परमाणुपोग्गलस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए तुल्ले; ठिईए सिय हीणे सिय तुल्ले सिय अब्भहिए; जइ हीणे- असंखेज्जइभागहीणे वा संखेज्जइभागहीणे वा संखेज्जगुणहीणे वा असंखेज्जगुणहीणे वा, अह अब्भहिए- असंखेज्जइभागअब्भहिए वा संखेज्जइभागमब्भहिए वा संखेज्जगुणअब्भहिए वा असंखेज्जगुणअब्भहिए वा;**

**कालवण्णपज्जवेहिं सिय हीणे सिय तुल्ले सिय अब्भहिए; जइ हीणे- अणंतभागहीणे वा असंखेज्जइभागहीणे वा संखेज्जइभागहीणे वा संखेज्जगुणहीणे वा असंखेज्जगुणहीणे**

**वा अणंतगुणहीणे वा; अह अब्भहिए- अणंतभागमब्भहिए वा असंखेज्जइभागमब्भहिए वा संखेज्जइभागमब्भहिए वा संखेज्जगुणमब्भहिए वा असंखेज्जगुणमब्भहिए वा अणंतगुणमब्भहिए वा; एवं अवसेस वण्ण-गंध-रस-फासपज्जवेहिं वि छट्ठाणवडिए, फासा णं सीयउसिण-णिद्ध-लुक्खेहिं छट्ठाणवडिए, से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ परमाणु पोग्गलाणं अणंता पज्जवा पण्णत्ता ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! પરમાણુ પુદ્ગલોના કેટલા પર્યાયો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! પરમાણુ પુદ્ગલોના અનંત પર્યાયો છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે પરમાણુ પુદ્ગલોના અનંત પર્યાયો છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! એક પરમાણુ પુદ્ગલ, બીજા પરમાણુ પુદ્ગલથી દ્રવ્યની અપેક્ષાએ તુલ્ય છે; પ્રદેશની અપેક્ષાએ તુલ્ય છે; અવગાહનાની અપેક્ષાએ તુલ્ય છે. સ્થિતિની અપેક્ષાએ કદાચિત્ હીન, કદાચિત્ તુલ્ય, કદાચિત્ અધિક છે; જો હીન હોય તો અસંખ્યાતમોભાગ હીન, સંખ્યાતમોભાગ હીન, સંખ્યાતગુણ હીન કે અસંખ્યાતગુણ હીન હોય છે અને જો અધિક હોય તો અસંખ્યાતમોભાગ અધિક, સંખ્યાતમોભાગ અધિક, સંખ્યાતગુણ અધિક કે અસંખ્યાતગુણ અધિક હોય છે અર્થાત્ ચૌઠાણવડિયા હીનાધિક છે. કાળા વર્ણ પર્યાયોની અપેક્ષાએ કદાચિત્ હીન, કદાચિત્ તુલ્ય અને કદાચિત્ અધિક છે; જો હીન હોય તો અનંતમો ભાગ હીન, અસંખ્યાતમો ભાગ હીન, સંખ્યાતમો ભાગ હીન, સંખ્યાતગુણ હીન, અસંખ્યાતગુણ હીન કે અનંતગુણ હીન હોય છે અને જો અધિક હોય તો અનંતમો ભાગ અધિક, અસંખ્યાતમો ભાગ અધિક, સંખ્યાતમો ભાગ અધિક, સંખ્યાતગુણ અધિક, અસંખ્યાતગુણ અધિક કે અનંતગુણ અધિક હોય છે અર્થાત્ છટ્ઠાણવડિયા હીનાધિક છે. આ જ પ્રમાણે શેષ વર્ણ, ગંધ, રસ અને સ્પર્શના પર્યાયોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા હોય છે. સ્પર્શોમાં શીત, ઉષ્ણ, સ્નિગ્ધ અને રૂક્ષ, આ ચાર સ્પર્શો જ પરમાણુમાં હોય છે, તે ચાર સ્પર્શોમાં છટ્ઠાણવડિયા હીનાધિકતા છે. હે ગૌતમ! તેથી એમ કહ્યું છે કે પરમાણુ પુદ્ગલોના અનંત પર્યાયો છે.

**૪૭ दुपएसियाणं पुच्छा ? गोयमा ! अणंता पज्जवा पण्णत्ता । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ? गोयमा ! दुपएसिए दुपएसियस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए सिय हीणे सिय तुल्ले सिय अब्भहिए; जइ हीणे पएसहीणे, अह अब्भहिए पएसमब्भहिए; ठिईए चउट्ठाणवडिए, वण्णादिहिं उवरिल्लेहिं चउहिं फासेहि य छट्ठाणवडिए ।**

**एवं तिपएसिए वि । णवरं ओगाहणट्ठयाए सिय हीणे सिय तुल्ले सिय अब्भहिए; जइ हीणे- पएसहीणे वा दुपएसहिणे वा, अह अब्भहिए- पएसमब्भहिए वा दुपएसमब्भहिए वा । एवं** *जाव* **दसपएसिए । णवरं ओगाहणाए पएसपरिवुड्ढी कायव्वा** *जाव* **दसपएसिए णवपएसहीणे त्ति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! દ્વિપ્રદેશી સ્કંધોના કેટલા પર્યાયો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંતપર્યાયો છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે દ્વિપ્રદેશી સ્કંધોના અનંત પર્યાયો છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! દ્વિપ્રદેશી એક સ્કંધ, દ્વિપ્રદેશી બીજા સ્કંધથી દ્રવ્યની અપેક્ષાએ તુલ્ય છે, પ્રદેશોની અપેક્ષાએ તુલ્ય છે. અવગાહનાની અપેક્ષાએ કદાચિત્ હીન, કદાચિત્ તુલ્ય, કદાચિત્ અધિક હોય છે; જો હીન હોય તો એક પ્રદેશ હીન હોય છે અને અધિક હોય તો એક પ્રદેશ અધિક હોય છે.

સ્થિતિની અપેક્ષાએ ચૌઠાણવડિયા હીનાધિક હોય છે, વર્ણાદિની અપેક્ષાએ અને અંતિમ ચાર સ્પર્શ(શીત, ઉષ્ણ, સ્નિગ્ધ અને રૂક્ષ)ની અપેક્ષાએ છટ્ઠાણવડિયા હીનાધિક છે.

તે જ રીતે ત્રિપ્રદેશી સ્કંધોના પર્યાયોના વિષયમાં કહેવું જોઈએ. વિશેષતા એ છે કે અવગાહનાની દષ્ટિએ કદાચિત્ હીન છે, કદાચિત્ તુલ્ય છે, કદાચિત્ અધિક હોય છે; જો હીન હોય તો એક પ્રદેશ હીન અથવા બે પ્રદેશ હીન હોય છે; જો અધિક હોય તો એક પ્રદેશ અધિક અથવા બે પ્રદેશ અધિક હોય છે.

તે જ રીતે ***યાવત્*** દશ પ્રદેશી સ્કંધો સુધીના પર્યાયો સંબંધી કથન કરવું જોઈએ. વિશેષતા એ છે કે અવગાહનાની દષ્ટિએ પ્રદેશોની(ક્રમશઃ) વૃદ્ધિ કરવી જોઈએ ***યાવત્*** દશપ્રદેશી સ્કંધમાં નવ પ્રદેશની હીનાધિકતા સમજવી.

**૪૮ संखेज्जपएसियाणं पुच्छा ? गोयमा ! अणंता । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ?**

**गोयमा ! संखेज्जपएसिए खंधे संखेज्जपएसियस्स खंधस्स दव्वट्ठयाए तुल्ले; पएसट्ठयाए सिय हीणे सिय तुल्ले सिय अब्भहिए- जइ हीणे संखेज्जभागहीणे वा संखेज्ज- गुणहीणे वा, अह अब्भहिए एवं चेव; ओगाहणट्ठयाए वि दुट्ठाणवडिए, ठिईए चउट्ठाणवडिए वण्णादि-उवरिल्लचउफासपज्जवेहिं य छट्ठाणवडिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સંખ્યાત પ્રદેશી સ્કંધોના કેટલા પર્યાયો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંત પર્યાયો છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે સંખ્યાતપ્રદેશી સ્કંધોના અનંત પર્યાયો છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! સંખ્યાત પ્રદેશી એક સ્કંધ, સંખ્યાત પ્રદેશી બીજા સ્કંધથી દ્રવ્યની અપેક્ષાએ તુલ્ય છે; પ્રદેશોની અપેક્ષાએ કદાચિત્ હીન, કદાચિત્ તુલ્ય અને કદાચિત્ અધિક હોય છે; જો હીન હોય તો સંખ્યાતમો ભાગ હીન અથવા સંખ્યાતગુણ હીન હોય છે અને જો અધિક હોય તો સંખ્યાતમો ભાગ અધિક અથવા સંખ્યાતગુણ અધિક હોય છે. અવગાહનાની અપેક્ષાએ આ જ રીતે દ્વિસ્થાનીય હીનાધિકતા હોય છે; સ્થિતિની અપેક્ષાએ ચૌઠાણવડિયા ન્યૂનાધિકતા હોય છે. વર્ણાદિ તથા અંતિમ ચાર સ્પર્શોના પર્યાયોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા ન્યૂનાધિકતા હોય છે.

**૪૯ असंखेज्जपएसियाणं पुच्छा ? गोयमा ! अणंता । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ?**

**गोयमा ! असंखेज्जपएसिए खंधे असंखेज्जपएसियस्स खंधस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए चउट्ठाणवडिए, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए चउट्ठाणवडिए, वण्णादि- उवरिल्लचउफासेहि य छट्ठाणवडिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અસંખ્યાતપ્રદેશી સ્કંધોના કેટલા પર્યાયો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંતપર્યાયો છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે અસંખ્યાત પ્રદેશી સ્કંધોના અનંત પર્યાયો છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! અસંખ્યાત પ્રદેશી એક સ્કંધ, અસંખ્યાત પ્રદેશી બીજા સ્કંધથી દ્રવ્યની અપેક્ષાએ તુલ્ય; પ્રદેશોની અપેક્ષાએ ચૌઠાણવડિયા; અવગાહનાની અપેક્ષાએ ચૌઠાણવડિયા છે; સ્થિતિની અપેક્ષાએ ચૌઠાણવડિયા છે; વર્ણાદિ તથા અંતિમ ચાર સ્પર્શોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે.

**૫૦ अणंतपएसियाणं पुच्छा ? गोयमा ! अणंता पज्जवा पण्णत्ता । से केणट्ठेणं भंते !**

**एवं वुच्चइ ? गोयमा ! अणंतपएसिए खंधे अणंतपएसियस्स खंधस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए छट्ठाणवडिए, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए चउट्ठाणवडिए, वण्ण-गंध-रस- फासपज्जवेहिं छट्ठाणवडिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અનંતપ્રદેશી સ્કંધોના કેટલા પર્યાયો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંતપર્યાયો છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે અનંતપ્રદેશી સ્કંધોના અનંત પર્યાયો છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! અનંત પ્રદેશી એક સ્કંધ, અનંત પ્રદેશી બીજા સ્કંધથી દ્રવ્યની અપેક્ષાએ તુલ્ય; પ્રદેશોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા; અવગાહનાની અપેક્ષાએ ચૌઠાણવડિયા; સ્થિતિની અપેક્ષાએ ચૌઠાણવડિયા અને વર્ણ, ગંધ, રસ અને ચાર અંતિમ સ્પર્શોના પર્યાયોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે.

**વિવેચન :-**

પ્રસ્તુત સૂત્રોમાં અજીવ પર્યાયમાં પરમાણુથી અનંતપ્રદેશી સુધી પુદ્ગલોના પર્યાયોનું કથન જીવ પર્યાયના વર્ણનની સમાન છે. વિશેષતા એ છે કે પુદ્ગલમાં જ્ઞાન-દર્શન નથી માટે તેમાં જ્ઞાન, અજ્ઞાન અને દર્શનના પર્યાયો સંબંધી કથન નથી.

**પરમાણુ પુદ્ગલના પર્યાયો :– દ્રવ્યથી–** પ્રત્યેક પરમાણુ એક-એક સ્વતંત્ર પુદ્ગલ દ્રવ્ય છે. તેથી તે દ્રવ્યની અપેક્ષાએ તુલ્ય છે. **પ્રદેશથી–** બધા પરમાણુ અપ્રદેશી(એક પ્રદેશ)રૂપે સમાન હોવાથી પ્રદેશની અપેક્ષાએ તુલ્ય હોય છે. **અવગાહનાથી–** પ્રત્યેક પરમાણુ એક આકાશપ્રદેશને અવગાહીને રહે છે તેથી અવગાહનાની અપેક્ષાએ પણ તે તુલ્ય છે. **સ્થિતિથી–** ચૌઠાણવડિયા ન્યૂનાધિકતા હોય છે. પરમાણુની (કે કોઈ પણ સ્કંધની) સ્થિતિ જઘન્ય એક સમયની અને ઉત્કૃષ્ટ અસંખ્યાતકાલની હોય છે. તેથી તેમાં અસંખ્યાતમો ભાગ, સંખ્યાતમો ભાગ, સંખ્યાતગુણ અને અસંખ્યાતગુણ, તે ચાર સ્થાનરૂપ ન્યૂનાધિકતા સંભવે છે. **વર્ણાદિથી–** પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ અને શીત, ઉષ્ણ, સ્નિગ્ધ અને રૂક્ષ આ ચાર સ્પર્શની અપેક્ષાએ અર્થાત્ વર્ણાદિ ૧૬ બોલની અપેક્ષાએ પરમાણુઓમાં પરસ્પર કદાચિત્ તુલ્યતા હોય છે અને કદાચિત્ હીનાધિકતા હોય તો છટ્ઠાણવડિયા ન્યૂનાધિકતા હોય છે, તેથી તેમાં અનંત પર્યાયો સંભવિત છે.

**દ્વિપ્રદેશી સ્કંધના પર્યાયો :– દ્રવ્યથી–** દ્વિપ્રદેશી સ્કંધો દ્રવ્યની અપેક્ષાએ પરસ્પર તુલ્ય છે. **પ્રદેશથી–** પ્રત્યેક દ્વિપ્રદેશી સ્કંધ બે પરમાણુથી બનેલા હોય છે, તેથી પ્રદેશની અપેક્ષાએ તુલ્ય છે. **અવગાહનાથી–** દ્વિપ્રદેશી સ્કંધ એક અથવા બે આકાશપ્રદેશ પર રહી શકે છે. જ્યારે બંને દ્વિપ્રદેશી સ્કંધ એક અથવા બે સમાન આકાશપ્રદેશ પર સ્થિત હોય ત્યારે તે બંને અવગાહનાની અપેક્ષાએ તુલ્ય છે પરંતુ જ્યારે એક દ્વિપ્રદેશી સ્કંધ એક આકાશપ્રદેશ પર અને બીજો દ્વિપ્રદેશી સ્કંધ બે આકાશ પ્રદેશ પર અવગાઢ હોય ત્યારે તે બંનેમાં અવગાહનાની અપેક્ષાએ એક પ્રદેશની હીનાધિકતા હોય છે. જે એક પ્રદેશાવગાઢ છે, તે બે પ્રદેશાવગાઢની અપેક્ષાએ એક પ્રદેશ હીન અવગાહનાવાળા કહેવાય છે અને દ્વિપ્રદેશાવગાઢ સ્કંધ, એક પ્રદેશાવગાઢની અપેક્ષાએ એક પ્રદેશ અધિક અવગાહનાવાળો કહેવાય છે. દ્વિપ્રદેશી સ્કંધોની અવગાહનામાં આનાથી વધુ હીનાધિકતા સંભવતી નથી. સ્થિતિની અપેક્ષાએ પરમાણુની જેમ ચૌઠાણવડિયા અને વર્ણાદિ ૧૬ બોલની અપેક્ષાએ છટ્ઠાણવડિયા ન્યૂનાધિકતા હોય છે.

**ત્રિપ્રદેશી સ્કંધથી દશપ્રદેશી સ્કંધના પર્યાયો :–** તે સ્કંધો **દ્રવ્યની** અપેક્ષાએ તુલ્ય, **પ્રદેશની** અપેક્ષાએ તુલ્ય છે. **અવગાહનાની** અપેક્ષાએ તેમાં ન્યૂનાધિકતા હોય છે. યથા– ત્રિપ્રદેશીસ્કંધ એક, બે કે ત્રણ

આકાશપ્રદેશ પર અવગાહન પામી શકે છે. એક ત્રિપ્રદેશી સ્કંધ એક આકાશ પ્રદેશ પર સ્થિત હોય અને બીજો બે આકાશપ્રદેશ પર સ્થિત હોય તો તેમાં એક પ્રદેશની ન્યૂનાધિકતા થાય અને ત્રીજો સ્કંધ ત્રણ આકાશપ્રદેશ પર સ્થિત હોય, તો તેમાં બે પ્રદેશની ન્યૂનાધિકતા થાય. આ રીતે દશ પ્રદેશી સ્કંધ એક, બે, ત્રણથી દશ આકાશપ્રદેશ પર અવગાહન પામી શકે છે. તેથી તેમાં પરસ્પર એકથી નવ પ્રદેશની ન્યૂનાધિકતા થાય છે. જેમ કે– એક દશ પ્રદેશી સ્કંધ એક આકાશ પ્રદેશ પર સ્થિત હોય અને બીજો દશ પ્રદેશી સ્કંધ બે આકાશપ્રદેશ પર સ્થિત હોય તો એક પ્રદેશની ન્યૂનાધિકતા થાય, ત્રીજો દશ પ્રદેશી સ્કંધ ત્રણ આકાશપ્રદેશ પર સ્થિત હોય, તો બે પ્રદેશની ન્યૂનાધિકતા થાય, ચોથો દશ પ્રદેશી સ્કંધ ચાર આકાશપ્રદેશ પર સ્થિત હોય, તો ત્રણ પ્રદેશની ન્યૂનાધિકતા થાય, તે જ રીતે અન્ય સ્કંધ દશ આકાશપ્રદેશ પર સ્થિત હોય તો નવ પ્રદેશની ન્યૂનાધિકતા થાય છે. **સ્થિતિની** અપેક્ષાએ પરમાણુની જેમ ચૌઠાણવડિયા અને **વર્ણાદિ** ૧૬ બોલની અપેક્ષાએ છટ્ઠાણવડિયા ન્યૂનાધિકતા થાય છે.

**સંખ્યાતપ્રદેશી સ્કંધોના પર્યાયો :– દ્રવ્યથી–** સંખ્યાતપ્રદેશી સ્કંધો દ્રવ્યની અપેક્ષાએ તુલ્ય છે કારણ કે પ્રત્યેક સ્કંધ સ્વતંત્ર એક-એક દ્રવ્ય છે. **પ્રદેશથી–** તેમાં તુલ્યતા અથવા દુટ્ઠાણવડિયા(દ્વિસ્થાનિક) ન્યૂનાધિકતા હોય છે. સંખ્યાતપ્રદેશી સ્કંધોમાં સંખ્યાતપ્રદેશો હોય છે. સંખ્યાતના સંખ્યાતા ભેદ હોવાથી તેમાં સંખ્યાતમો ભાગ અથવા સંખ્યાતગુણ, તે બે પ્રકારે ન્યૂનાધિકતા હોય છે. **અવગાહનાથી–** તેમાં પણ બે પ્રકારે ન્યૂનાધિકતા હોય છે. સંખ્યાતપ્રદેશી સ્કંધ એક આકાશપ્રદેશ પર, બે, ત્રણથી સંખ્યાત આકાશપ્રદેશ પર અવગાહન પામી શકે છે. તેથી તેમાં સંખ્યાતમો ભાગ અથવા સંખ્યાતગુણ ન્યૂનાધિકતા થાય છે. સ્થિતિની અપેક્ષાએ પરમાણુની જેમ ચૌઠાણવડિયા અને વર્ણાદિ ૧૬ બોલની અપેક્ષાએ છટ્ઠાણવડિયા ન્યૂનાધિકતા હોય છે.

**અસંખ્યાતપ્રદેશી સ્કંધોના પર્યાયો :– દ્રવ્યની** અપેક્ષાએ તુલ્ય છે. **પ્રદેશથી–** તેમાં ચૌઠાણવડિયા ન્યૂનાધિકતા હોય છે. અસંખ્યાતપ્રદેશી સ્કંધમાં અસંખ્યાતપ્રદેશો હોય છે. અસંખ્યાતના અસંખ્યાત ભેદ હોવાથી અસંખ્યાતમો ભાગ, સંખ્યાતમો ભાગ, સંખ્યાત ગુણ અને અસંખ્યાતગુણ તેમ ચાર પ્રકારની ન્યૂનાધિકતા થાય છે. **અવગાહનાથી–** તેમાં ચૌઠાણવડિયા ન્યૂનાધિકતા હોય છે. અસંખ્યાતપ્રદેશી સ્કંધ એક, બે, ત્રણથી સંખ્યાત કે અસંખ્યાત આકાશપ્રદેશ પર અવગાહન પામી શકે છે. તેથી તેમાં પૂર્વવત્ ચૌઠાણવડિયા ન્યૂનાધિકતા થાય છે. **સ્થિતિથી** ચૌઠાણવડિયા અને **વર્ણાદિ** ૧૬ બોલમાં છટ્ઠાણવડિયા ન્યૂનાધિકતા પરમાણુની સમાન સમજવી.

**અનંતપ્રદેશી સ્કંધના પર્યાયો :– દ્રવ્યની** અપેક્ષાએ તુલ્ય છે. **પ્રદેશથી–** છટ્ઠાણવડિયા ન્યૂનાધિકતા થાય છે. અનંતપ્રદેશી સ્કંધમાં અનંત પ્રદેશો હોય છે. અનંતના અનંત ભેદ છે તેથી તેમાં અનંતમો ભાગ, અસંખ્યાતમો ભાગ, સંખ્યાતમો ભાગ, સંખ્યાતગુણ, અસંખ્યાતગુણ અને અનંતગુણ તેમ છ પ્રકારની ન્યૂનાધિકતા થાય છે. **અવગાહનાથી–** ચૌઠાણવડિયા ન્યૂનાધિકતા થાય છે. અનંતપ્રદેશી સ્કંધ એક, બે, ત્રણ ***યાવત્*** સંખ્યાત કે અસંખ્યાત આકાશપ્રદેશ પર અવગાહન પામી શકે છે. લોકાકાશના અસંખ્યાત પ્રદેશો જ હોવાથી અનંતપ્રદેશી સ્કંધની ઉત્કૃષ્ટ અવગાહના અસંખ્યાત પ્રદેશની જ થાય છે. તેથી તેમાં ચૌઠાણવડિયા ન્યૂનાધિકતા થાય છે.

સ્થિતિની અપેક્ષાએ ચૌઠાણવડિયા અને વર્ણાદિની ૨૦ બોલની અપેક્ષાએ છટ્ઠાણવડિયા ન્યૂનાધિકતા થાય છે. અનંતપ્રદેશી સ્કંધમાં આઠ સ્પર્શ હોય છે. અહીં સમસ્ત અનંતપ્રદેશી સ્કંધોનું સામાન્ય કથન હોવાથી આઠ સ્પર્શ કહ્યા છે. પરંતુ પ્રત્યેક અનંતપ્રદેશીમાં આઠ સ્પર્શ હોતા નથી. તેમાં

સૂક્ષ્મ અનંતપ્રદેશી સ્કંધમાં ચાર સ્પર્શ અને બાદર અનંતપ્રદેશી સ્કંધમાં આઠ સ્પર્શ હોય છે. આ રીતે દ્રવ્યની અપેક્ષાએ પરમાણુથી લઈને અનંતપ્રદેશી સ્કંધના અનંત-અનંત પર્યાયો થાય છે.

**દ્રવ્યની અપેક્ષાએ પુદ્ગલ પર્યાયો :–**

| પુદ્ગલ દ્રવ્ય | દ્રવ્યથી | પ્રદેશથી | અવગાહનાથી | સ્થિતિથી | વર્ણાદિથી (૨૦ બોલ) |
|---|---|---|---|---|---|
| પરમાણુ | તુલ્ય | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | ૧૬ બોલ છટ્ઠાણ૦ |
| દ્વિપ્રદેશી સ્કંધ | તુલ્ય | તુલ્ય | એક પ્રદેશ ન્યૂનાધિક | ચૌઠાણવડિયા | " " " |
| ત્રિપ્રદેશી સ્કંધ | તુલ્ય | તુલ્ય | એક કે બે પ્રદેશ ન્યૂનાધિક | ચૌઠાણવડિયા | " " " |
| દશ પ્રદેશી સ્કંધ | તુલ્ય | તુલ્ય | એક થી નવ પ્રદેશ ન્યૂનાધિક | ચૌઠાણવડિયા | " " " |
| સંખ્યાત પ્રદેશી સ્કંધ | તુલ્ય | દુટ્ઠાણવડિયા | દુટ્ઠાણવડિયા | ચૌઠાણવડિયા | " " " |
| અસંખ્યાત પ્રદેશી સ્કંધ | તુલ્ય | ચૌઠાણવડિયા | ચૌઠાણવડિયા | ચૌઠાણવડિયા | " " " |
| અનંત પ્રદેશી સ્કંધ | તુલ્ય | છટ્ઠાણવડિયા | ચૌઠાણવડિયા | ચૌઠાણવડિયા | ૨૦ બોલ છટ્ઠાણ૦ |

**ક્ષેત્ર(અવગાહના)ની અપેક્ષાએ પુદ્ગલના પર્યાયો :-**

**૫૧ एगपएसोगाढाणं भंते ! पोग्गलाणं केवइया पज्जवा पण्णत्ता ? गोयमा ! अणंता पज्जवा पण्णत्ता । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ?**

**गोयमा ! एगपएसोगाढे पोग्गले एगपएसोगाढस्स पोग्गलस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए छट्ठाणवडिए, ओगाहणट्ठयाए तुल्ले, ठिईए चउट्ठाणवडिए, वण्णादि-उवरिल्ल-चउफासेहिं य छट्ठाणवडिए । एवं दुपएसोगाढे वि *जाव* दसपएसोगाढे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! એક પ્રદેશાવગાઢ પુદ્ગલોના કેટલા પર્યાયો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંત પર્યાયો છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! એક પ્રદેશાવગાઢ એક પુદ્ગલ, એક પ્રદેશાવગાઢ બીજા પુદ્ગલથી દ્રવ્યની અપેક્ષાએ તુલ્ય; પ્રદેશોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા; અવગાહનાની અપેક્ષાએ તુલ્ય; સ્થિતિની અપેક્ષાએ ચૌઠાણવડિયા; વર્ણાદિ તથા અંતિમ ચાર સ્પર્શોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે. આ જ રીતે દ્વિપ્રદેશાવગાઢ થી દશ પ્રદેશાવગાઢ સ્કંધ સુધીના પર્યાયોની વક્તવ્યતા જાણવી જોઈએ.

**૫૨ संखेज्जपएसोगाढाणं भंते पोग्गलाणं केवइया पज्जवा पण्णत्ता ? गोयमा ! अणंता। से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ?**

**गोयमा ! संखेज्जपएसोगाढे पोग्गले संखेज्जपएसोगाढस्स पोग्गलस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए छट्ठाणवडिए, ओगाहणट्ठयाए दुट्ठाणवडिए, ठिईए चउट्ठाणवडिए, वण्णाइ-उवरिल्ल-चउफासेहि य छट्ठाणवडिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! સંખ્યાત પ્રદેશાવગાઢ સ્કંધોના કેટલા પર્યાયો છે ? **ઉત્તર–** હે ગૌતમ !

અનંતપર્યાયો છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે સંખ્યાત પ્રદેશાવગાઢ સ્કંધોના અનંત પર્યાયો છે?

**ઉત્તર–** હે ગૌતમ ! સંખ્યાત પ્રદેશાવગાઢ એક પુદ્ગલ સ્કંધ, સંખ્યાત પ્રદેશાવગાઢ બીજા પુદ્ગલ સ્કંધથી દ્રવ્યની અપેક્ષાએ તુલ્ય; પ્રદેશોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા; અવગાહનાની અપેક્ષાએ દુટ્ઠાણવડિયા(બે પ્રકારે) હીનાધિકતા છે; સ્થિતિની અપેક્ષાએ ચૌઠાણવડિયા છે તથા વર્ણાદિ અને અંતિમ ચાર સ્પર્શોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે.

**૫૩ असंखेज्जपएसोगाढाणं भंते ! पोग्गलाणं केवइया पज्जवा पण्णत्ता । गोयमा ! अणंता । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ?**

**गोयमा ! असंखेज्जपएसोगाढे पोग्गले असंखेज्जपएसोगाढस्स पोग्गलस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए छट्ठाणवडिए, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए चउट्ठाणवडिए, वण्णादि-अट्ठ-फासेहिं छट्ठाणवडिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! અસંખ્યાત પ્રદેશાવગાઢ પુદ્ગલોના કેટલા પર્યાયો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંત પર્યાય છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે અસંખ્યાત પ્રદેશાવગાઢ પુદ્ગલોના અનંત પર્યાયો છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! અસંખ્યાત પ્રદેશાવગાઢ એક પુદ્ગલ, અસંખ્યાત પ્રદેશાવગાઢ બીજા પુદ્ગલથી દ્રવ્યની અપેક્ષાએ તુલ્ય; પ્રદેશોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા; અવગાહનાની અપેક્ષાએ ચૌઠાણવડિયા; સ્થિતિની અપેક્ષાએ ચૌઠાણવડિયા અને વર્ણાદિ તથા આઠ સ્પર્શોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ક્ષેત્રની અપેક્ષાએ અર્થાત્ અવગાહનાની અપેક્ષાએ પરમાણુ અને સ્કંધોના પર્યાયોનું નિરૂપણ છે. ક્ષેત્રની અપેક્ષાએ પુદ્ગલો એક પ્રદેશાવગાઢથી લઈને અસંખ્યાત પ્રદેશાવગાઢ સુધી હોય છે.

**એક પ્રદેશવગાઢ પુદ્ગલોના પર્યાયો :–** તે **દ્રવ્યની** અપેક્ષાએ તુલ્ય છે. એક પ્રદેશાવગાઢ પુદ્ગલો **પ્રદેશોની અપેક્ષાએ** છટ્ઠાણવડિયા છે.કારણ કે પરમાણુ પણ એક પ્રદેશાવગાઢ હોય છે ***યાવત્*** અનંતપ્રદેશી સ્કંધ પણ એક પ્રદેશાવગાઢ હોય છે. તેથી એક પ્રદેશાવગાઢ પુદ્ગલોમાં પ્રદેશની અપેક્ષાએ છ પ્રકારની ન્યૂનાધિકતા થઈ શકે છે. **અવગાહનાથી** તે તુલ્ય છે કારણ કે તે દરેકની અવગાહના એક આકાશપ્રદેશની હોવાથી તે સમાન છે. સ્થિતિની અપેક્ષાએ પૂર્વવત્ ચૌઠાણવડિયા અને વર્ણાદિ ૧૬ બોલની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે. તે જ રીતે દશ પ્રદેશાવગાઢ પુદ્ગલોના પર્યાયો થાય છે.

**સંખ્યાત પ્રદેશાવગાઢ પુદ્ગલોના પર્યાયો :–** તે દ્રવ્યથી તુલ્ય, પ્રદેશોથી પૂર્વવત્ છટ્ઠાણવડિયા હોય છે. **અવગાહનાથી–** તેમાં બે પ્રકારે હીનાધિકતા હોય છે કારણ કે સંખ્યાત પ્રદેશાવગાઢ પુદ્ગલોની અવગાહના સંખ્યાત પ્રદેશની હોય છે. સંખ્યાત પ્રદેશોના સંખ્યાત ભેદ છે. તેથી સંખ્યાત ભાગ અને સંખ્યાતગુણ, તેમ બે પ્રકારે ન્યૂનાધિકતા થવાથી તે દુટ્ઠાણવડિયા ન્યૂનાધિક થાય છે. દરેક સંખ્યાત પ્રદેશી સ્કંધમાં સ્થિતિની અપેક્ષાએ ચૌઠાણવડિયા અને વર્ણાદિ ૧૬ બોલની અપેક્ષાએ છટ્ઠાણવડિયા ન્યૂનાધિકતા હોય છે.

**અસંખ્યાત પ્રદેશાવગાઢ પુદ્ગલોના પર્યાયો :–** તે સ્કંધો દ્રવ્યથી તુલ્ય અને પ્રદેશથી છટ્ઠાણવડિયા છે; અવગાહનાથી ચૌઠાણવડિયા હોય છે, કારણ કે અસંખ્યાત પ્રદેશોની અવગાહનામાં ચાર પ્રકારે

ન્યૂનાધિકતા થાય છે. દરેક સ્કંધમાં સ્થિતિની અપેક્ષાએ ચૌઠાણવડિયા અને વર્ણાદિ ૨૦ બોલની અપેક્ષાએ છટ્ઠાણવડિયા ન્યૂનાધિકતા હોય છે.

**ચઉસ્પર્શી–અષ્ટસ્પર્શી :–** શીત, ઉષ્ણ, સ્નિગ્ધ અને રૂક્ષ, આ ચાર મૂળ સ્પર્શો છે. પરમાણુથી લઈ અસંખ્યાત પ્રદેશી સ્કંધમાં આ ચાર સ્પર્શ જ હોય છે. અનંતપ્રદેશી સ્કંધોમાંથી કોઈ ચઉસ્પર્શી હોય છે અને કોઈક આઠ સ્પર્શી હોય છે. જે સૂક્ષ્મ સ્કંધ છે તેમાં ચાર સ્પર્શ છે અને જે બાદર સ્કંધ છે તેમાં આઠ સ્પર્શ હોય છે. તે જ રીતે એક પ્રદેશાવગાઢ સ્કંધથી લઈ સંખ્યાત પ્રદેશાવગાઢ સ્કંધો પણ ચાર સ્પર્શવાળા જ હોય છે. અસંખ્યાત પ્રદેશાવગાઢ સ્કંધો સ્થૂલ અને બાદર થઈ જવાથી આઠ સ્પર્શયુક્ત હોય છે. શેષ કથન સૂત્રાર્થથી સ્પષ્ટ છે.

**અનંત પ્રદેશાવગાઢ :–** અહીં અનંત પ્રદેશાવગાઢની પૃચ્છા નથી, કારણ કે પુદ્‌ગલ સ્કંધો લોકમાં હોય છે અને લોકમાં અસંખ્ય આકાશપ્રદેશ જ છે. અલોકમાં અનંત આકાશ પ્રદેશ છે પરંતુ ત્યાં જીવ અને પુદ્‌ગલ્‌ દ્રવ્ય નથી.

**ક્ષેત્રની અપેક્ષાએ પુદ્‌ગલ પર્યાયો :–**

| પુદ્‌ગલ પ્રકાર | દ્રવ્યથી | પ્રદેશથી | અવગાહનાથી | સ્થિતિથી | વર્ણાદિથી |
|---|---|---|---|---|---|
| એક પ્રદેશાવગાઢ પુદ્‌ગલ | તુલ્ય | છટ્ઠાણવડિયા | તુલ્ય | ચૌઠાણવડિયા | ૧૬ બોલમાં છટ્ઠાણવડિયા |
| બે થી દશ પ્રદેશાવગાઢ પુદ્‌ગલ | તુલ્ય | છટ્ઠાણવડિયા | તુલ્ય | ચૌઠાણવડિયા | ૧૬ બોલમાં છટ્ઠાણવડિયા |
| સંખ્યાત પ્રદેશાવગાઢ પુદ્‌ગલ | તુલ્ય | છટ્ઠાણવડિયા | દુટ્‌ઠાણવડિયા | ચૌઠાણવડિયા | ૧૬ બોલમાં છટ્ઠાણવડિયા |
| અસંખ્યાત પ્રદેશાવગાઢ પુદ્‌ગલ | તુલ્ય | છટ્ઠાણવડિયા | ચૌઠાણવડિયા | ચૌઠાણવડિયા | ૨૦ બોલમાં છટ્ઠાણવડિયા |
| **નોંધ :** વર્ણાદિ ૧૬ બોલમાં ચાર સંયોગી સ્પર્શ (કર્કશાદિ) હોતા નથી. | | | | | |

**કાળની અપેક્ષાએ પુદ્‌ગલ-પર્યાયો :–**

**૫૪ एगसमयठिइयाणं भंते ! पोग्गलाणं केवइया पज्जवा पण्णत्ता ? गोयमा ! अणंता पज्जवा पण्णत्ता । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ?**

**गोयमा ! एगसमयठिईए पोग्गले एगसमयठिईयस्स पोग्गलस्स दव्वट्ठयाए तुल्ले, पए सट्ठयाए छट्ठाणवडिए, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए तुल्ले, वण्णादि-अट्ठफासेहि छट्ठाणवडिए । एवं** *जाव* **दससमयठिईए ।**

**संखेज्जसमयठिईयाणं एवं चेव, णवरं ठिईए दुट्ठाणवडिए । असंखेज्जसमयठिईयाणं एवं चेव, णवरं ठिईए चउट्ठाणवडिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! એક સમયની સ્થિતિવાળા પુદ્‌ગલોના કેટલા પર્યાયો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંત પર્યાયો છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે એક સમયની સ્થિતિવાળા પુદ્‌ગલોના અનંત પર્યાયો છે?

**ઉત્તર–** હે ગૌતમ ! એક સમયની સ્થિતિવાળું એક પુદ્‌ગલ દ્રવ્ય, એક સમયની સ્થિતિવાળા બીજા પુદ્‌ગલ દ્રવ્યથી દ્રવ્યની અપેક્ષાએ તુલ્ય; પ્રદેશોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા; અવગાહનાની અપેક્ષાએ

ચૌઠાણવડિયા; સ્થિતિની અપેક્ષાએ તુલ્ય છે અને વર્ણાદિ તથા આઠ સ્પર્શોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે. આ જ પ્રમાણે ***યાવત્*** દશ સમયની સ્થિતિવાળા પુદ્ગલોના પર્યાય સંબંધી વક્તવ્યતા જાણવી જોઈએ.

સંખ્યાત સમયની સ્થિતિવાળા પુદ્ગલોના પર્યાય વિષયક કથન પણ આ પ્રમાણે જ જાણવું જોઈએ. વિશેષતા એ છે કે સ્થિતિની અપેક્ષાએ તેમાં દુટ્ઠાણવડિયા(બે પ્રકારે) હીનાધિકતા છે.અસંખ્યાત સમયની સ્થિતિવાળા પુદ્ગલ પર્યાયોની પ્રરૂપણા પણ આ જ પ્રમાણે છે. વિશેષતા એ છે કે તે સ્થિતિની અપેક્ષાએ ચૌઠાણવડિયા છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં કાળની અપેક્ષાએ પર્યાયોનું કથન છે.

પરમાણુથી લઈ અનંતપ્રદેશી સુધીના સ્કંધોની સ્થિતિ અને એક પ્રદેશાવગાઢથી લઈ અસંખ્યાત પ્રદેશાવગાઢ સુધીના સ્કંધોની સ્થિતિ જઘન્ય એક સમય, ઉત્કૃષ્ટ અસંખ્યાત કાળની હોય છે, અનંત કાળ ની હોતી નથી. પુદ્ગલ દ્રવ્ય અનાદિ અનંત છે પરંતુ પરમાણુ કે કોઈપણ સ્કંધોના પર્યાયો વધુમાં વધુ અસંખ્યાતકાળ સુધી જ રહી શકે છે. અસંખ્યાતકાળ પછી અવશ્ય તેના પર્યાયો પરિવર્તન પામે છે.

**એક સમય સ્થિતિક પુદ્ગલોના પર્યાય :–** એક સમયની સ્થિતિવાળા પરમાણુથી લઈને અનંતપ્રદેશી સુધીના સ્કંધો **દ્રવ્યથી** એક-એક સ્વતંત્ર દ્રવ્ય હોવાથી પરસ્પર તુલ્ય છે. **પ્રદેશથી–** તેમાં છટ્ઠાણવડિયા ન્યૂનાધિકતા હોય છે કારણ કે એક સમયની સ્થિતિવાળા પુદ્ગલોમાં પરમાણુથી લઈને અનંતપ્રદેશી સુધીના સ્કંધો સમાવિષ્ટ થાય છે, તેથી તેમાં અનંતમો ભાગ, અસંખ્યાતમો ભાગ, સંખ્યાતમો ભાગ, સંખ્યાત ગુણ, અસંખ્યાતગુણ અને અનંતગુણ, તેમ છ પ્રકારની ન્યૂનાધિકતા હોય છે. **અવગાહનાથી–** ચૌઠાણવડિયા ન્યૂનાધિકતા હોય છે. એક સમયની સ્થિતિવાળા પુદ્ગલો એક પ્રદેશાવગાઢથી લઈને અસંખ્યાત પ્રદેશાવગાઢસુધી હોય શકે છે, તેથી તેમાં ચૌઠાણવડિયા ન્યૂનાધિકતા થાય છે. **સ્થિતિથી–** એક સમયની સ્થિતિવાળા સ્કંધોનું જ કથન હોવાથી તે સર્વે તુલ્ય છે. **વર્ણાદિથી–** તેમાં અનંતપ્રદેશી સ્કંધ સુધીના સર્વ સ્કંધો હોવાથી બાદર સ્કંધોની અપેક્ષાએ તેમાં આઠ સ્પર્શ હોય છે. તેથી વર્ણાદિ ૨૦ બોલમાં છટ્ઠાણવડિયા ન્યૂનાધિકતા હોય છે.

**સંખ્યાત સમય સ્થિતિક પુદ્ગલોના પર્યાય :–** તે **દ્રવ્યથી** તુલ્ય, **પ્રદેશોથી** છટ્ઠાણવડિયા, **અવગાહનાથી** ચૌઠાણવડિયા છે અને **સ્થિતિથી–** દુટ્ઠાણવડિયા છે, કારણ કે સંખ્યાત સમયની સ્થિતિના સંખ્યાત ભેદ હોવાથી તેમાં સંખ્યાતમો ભાગ અને સંખ્યાત ગુણ, તે બે પ્રકારે હાનિવૃદ્ધિ થાય છે. **વર્ણાદિથી** છટ્ઠાણવડિયા હોય છે.

**અસંખ્યાત સમય સ્થિતિક પુદ્ગલોના પર્યાય :– દ્રવ્યથી** તુલ્ય, **પ્રદેશોથી** છટ્ઠાણવડિયા, **અવગાહનાથી** ચૌઠાણવડિયા છે અને **સ્થિતિથી** ચૌઠાણવડિયા છે, કારણ કે અસંખ્યાત સમયની સ્થિતિના અસંખ્યાતા ભેદ હોવાથી તેમાં ચાર પ્રકારે હાનિવૃદ્ધિ થાય છે. **વર્ણાદિથી** છટ્ઠાણવડિયા હોય છે.

**કાલની અપેક્ષાએ પુદ્‌ગલ પર્યાયો :–**

| પુદ્‌ગલ પ્રકાર | દ્રવ્યથી | પ્રદેશથી | અવગાહનાથી | સ્થિતિથી | વર્ણાદિથી (૨૦ બોલ) |
|---|---|---|---|---|---|
| એક સમય સ્થિતિક | તુલ્ય | છટ્ઠાણવડિયા | ચૌઠાણવડિયા | તુલ્ય | છટ્ઠાણવડિયા |
| દશ સમય સ્થિતિક | તુલ્ય | છટ્ઠાણવડિયા | ચૌઠાણવડિયા | તુલ્ય | છટ્ઠાણવડિયા |
| સંખ્યાત સમય સ્થિતિક | તુલ્ય | છટ્ઠાણવડિયા | ચૌઠાણવડિયા | દુટ્ઠાણવડિયા | છટ્ઠાણવડિયા |
| અસં૦ સમય સ્થિતિક | તુલ્ય | છટ્ઠાણવડિયા | ચૌઠાણવડિયા | ચૌઠાણવડિયા | છટ્ઠાણવડિયા |

**ભાવની અપેક્ષાએ પુદ્‌ગલ–પર્યાયો :–**

**૫૫ एगगुणकालगाणं भंते ! पोग्गलाणं केवइया पज्जवा पण्णत्ता ? गोयमा ! अणंता पज्जवा पण्णत्ता । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ?**

**गोयमा ! एगगुणकालए पोग्गले एगगुणकालगस्स पोग्गलस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए छट्ठाणवडिए, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए चउट्ठाणवडिए, कालवण्ण-पज्जवेहिं तुल्ले, अवसेसेहिं वण्ण-गंध-रस-फासपज्जवेहिं छट्ठाणवडिए, अट्ठेहिं फासेहिं छट्ठाणवडिए ।**

**एवं *जाव* दसगुणकालए। संखेज्जगुणकालए वि एवं चेव । णवरं सट्ठाणे दुट्ठाणवडिए । एवं असंखेज्जगुणकालए वि । णवरं सट्ठाणे चउट्ठाणवडिए । एवं अणंतगुणकालए वि । णवरं सट्ठाणे छट्ठाणवडिए । एवं जहा कालवण्णस्स वत्तव्वया भणिया तहा सेसाण वि वण्ण-गंध-रस-फासाणं वत्तव्वया भाणियव्वा *जाव* अणंतगुणलुक्खे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! એક ગુણ કાળા પુદ્‌ગલોના કેટલા પર્યાયો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંત પર્યાયો છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે એક ગુણ કાળા પુદ્‌ગલોના અનંત પર્યાયો છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! એક ગુણ કાળું એક પુદ્‌ગલ દ્રવ્ય, એક ગુણ કાળા બીજા પુદ્‌ગલથી દ્રવ્યની અપેક્ષાએ તુલ્ય છે; પ્રદેશોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે; અવગાહનાની અપેક્ષાએ ચૌઠાણવડિયા છે; સ્થિતિની અપેક્ષાએ ચૌઠાણવડિયા; કાળા વર્ણના પર્યાયોની અપેક્ષાએ તુલ્ય અને કાળા વર્ણ સિવાયના અન્ય વર્ણ, ગંધ, રસ, સ્પર્શના પર્યાયોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે.

આ રીતે ***યાવત્*** દશ ગુણ કાળા પુદ્‌ગલોના પર્યાયો સંબંધી વક્તવ્યતા જાણવી જોઈએ. સંખ્યાતગુણ કાળા પુદ્‌ગલોના પર્યાયોનું કથન પણ આ જ રીતે જાણવું જોઈએ. વિશેષતા માત્ર એ છે કે તે સ્વસ્થાનમાં દુટ્ઠાણવડિયા છે. આ જ રીતે અસંખ્યાતગુણ કાળા પુદ્‌ગલોના પર્યાયો સંબંધી વક્તવ્યતા જાણવી જોઈએ, વિશેષતા એ છે કે તે સ્વસ્થાનમાં ચૌઠાણવડિયા છે. અનંતગુણ કાળા પુદ્‌ગલોના પર્યાય સંબંધી વક્તવ્યતા પણ આ જ રીતે જાણવી જોઈએ. વિશેષતા એ છે કે તે સ્વસ્થાનમાં છટ્ઠાણવડિયા છે.

જેવી રીતે કાળા વર્ણવાળા પુદ્‌ગલોના પર્યાયો સંબંધી વક્તવ્યતા કહી છે, તેવી જ રીતે શેષ વર્ણ,

ગંધ, રસ અને સ્પર્શના ***યાવત્*** અનંતગુણ રૂક્ષ પુદ્ગલોના પર્યાયો સંબંધી વક્તવ્યતા કહેવી જોઈએ.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ભાવની અપેક્ષાએ પુદ્ગલ પર્યાયોની પ્રરૂપણા છે. પુદ્ગલમાં મુખ્ય ચાર ભાવો છે વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ. તેમાં પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ અને આઠ સ્પર્શ કુલ મળીને ૨૦ બોલ થાય છે. તેમાં જઘન્ય એક ગુણથી અનંતગુણ સુધીના અનંત પર્યાયો થાય છે. જેમકે એક ગુણ કાળો, બે ગુણ કાળો એમ ત્રણ, ચાર, પાંચ, દશ, સંખ્યાત, અસંખ્યાત અને અનંતગુણકાળો. તેવી જ રીતે શેષ વર્ણ, ગંધ, રસ અને સ્પર્શના પણ અનંતા ભેદ થાય છે.

**સ્વસ્થાનમાં વર્ણાદિની સમાનતા અને ન્યૂનાધિકતા :–** એક ગુણ કાળા પુદ્ગલોની એક ગુણ કાળા પુદ્ગલો સાથે સમાનતા હોય છે. તે જ રીતે દશ ગુણ કાળા પુદ્ગલો, દશ ગુણ કાળા પુદ્ગલો સાથે તુલ્ય હોય છે. **સંખ્યાતગુણ કાળા** પુદ્ગલ, સંખ્યાતગુણ કાળા પુદ્ગલો સાથે સમાન પણ હોય અને અસમાન પણ હોય છે. જો અસમાન હોય તો, સંખ્યાતના સંખ્યાતા ભેદ હોવાથી તેમાં સંખ્યાતમો ભાગ અને સંખ્યાતગુણ તે બે પ્રકારે ન્યૂનાધિકતા થાય છે. તેને સ્વસ્થાનમાં દુઠ્ઠાણવડિયા ન્યૂનાધિકતા કહેવાય છે.

**અસંખ્યાતગુણ કાળા** વર્ણવાળા સ્કંધોને અસંખ્યાત ગુણ કાળા વર્ણવાળા અન્ય પુદ્ગલ સ્કંધો સાથે સમાનતા પણ હોય અને અસમાનતા પણ હોય; અસમાનતા હોય તો અસંખ્યાતના અસંખ્યાત ભેદ હોવાથી અસંખ્યાતમો ભાગ, સંખ્યાતમો ભાગ, સંખ્યાતગુણ, અસંખ્યાતગુણ, આ ચાર પ્રકારની ન્યૂનાધિકતા હોય છે.

**અનંત ગુણ કાળા** વર્ણના સ્કંધને અનંતગુણ કાળા વર્ણના અન્ય સ્કંધ સાથે વર્ણની અપેક્ષાએ સમાનતા પણ હોય છે અને અસમાનતા પણ હોય છે. અસમાનતામાં અનંતમો ભાગ, અસંખ્યાતમો ભાગ, સંખ્યાતમો ભાગ; સંખ્યાતગુણ, અસંખ્યાતગુણ અને અનંત ગુણ, તેમ છઠ્ઠાણવડિયા ન્યૂનાધિકતા હોય છે. તેવી જ રીતે શેષ ઓગણીસ બોલમાં પણ ન્યૂનાધિકતા હોય છે. શેષ કથન ભાવાર્થથી સ્પષ્ટ છે.

**ભાવની અપેક્ષાએ પુદ્ગલ પર્યાયો :–**

| પુદ્ગલ પ્રકાર | દ્રવ્યથી | પ્રદેશથી | અવગાહનાથી | સ્થિતિથી | વર્ણાદિથી (૨૦ બોલ) |
|---|---|---|---|---|---|
| એક ગુણ કાળા પુદ્ગલ | તુલ્ય | છઠ્ઠાણવડિયા | ચૌઠાણવડિયા | ચૌઠાણવડિયા | સ્વસ્થાનથી તુલ્ય, શેષ ૧૯ બોલમાં છઠ્ઠાણવડિયા |
| સંખ્યાતગુણ કાળા પુદ્ગલ | તુલ્ય | છઠ્ઠાણવડિયા | ચૌઠાણવડિયા | ચૌઠાણવડિયા | સ્વસ્થાનમાં દુઠ્ઠાણવડિયા, શેષ ૧૯ બોલમાં છઠ્ઠાણવડિયા |
| અસંખ્યાતગુણ કાળા પુદ્ગલ | તુલ્ય | છઠ્ઠાણવડિયા | ચૌઠાણવડિયા | ચૌઠાણવડિયા | સ્વસ્થાનમાં ચૌઠાણવડિયા, શેષ ૧૯ બોલમાં છઠ્ઠાણવડિયા |
| અનંતગુણ કાળા પુદ્ગલ | તુલ્ય | છઠ્ઠાણવડિયા | ચૌઠાણવડિયા | ચૌઠાણવડિયા | ૨૦ બોલમાં છઠ્ઠાણવડિયા |

**જઘન્ય આદિ અવગાહનાની અપેક્ષાએ પુદ્ગલ પર્યાયો :–**

**૫૬** **जहण्णोगाहगाणं भंते ! दुपएसियाणं पोग्गलाणं केवइया पज्जवा पण्णत्ता ? गोयमा! अणंता । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ?**

गोयमा ! जहण्णोगाहणाए दुपएसिए खंधे जहण्णोगाहणगस्स दुपएसियस्स खंधस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए तुल्ले, ठिईए चउट्ठाणवडिए, कालवण्ण- पज्जवेहिं छट्ठाणवडिए, सेसवण्ण-गंध-रसपज्जवेहिं छट्ठाणवडिए, सीय-उसिण-णिद्ध- लुक्खफासपज्जवेहिं छट्ठाणवडिए, से तेणट्ठेणं गोयमा ! एवं वुच्चइ जहण्णोगाहणगाणं दुपएसियाणं पोग्गलाणं अणंता पज्जवा पण्णत्ता ।

उक्कोसोगाहणए वि एवं चेव । अजहण्णमणुक्कोसोगाहणाओ णत्थि ।

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જઘન્ય અવગાહનાવાળા દ્વિપ્રદેશી સ્કંધના કેટલા પર્યાયો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંત પર્યાયો છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે દ્વિપ્રદેશી સ્કંધના અનંત પર્યાયો છે?

**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અવગાહનાવાળો(એક આકાશ પ્રદેશ ઉપર સ્થિત) એક દ્વિપ્રદેશી સ્કંધ, જઘન્ય અવગાહનાવાળા અન્ય દ્વિપ્રદેશી સ્કંધથી દ્રવ્યની અપેક્ષાએ તુલ્ય; પ્રદેશોની અપેક્ષાએ તુલ્ય; અવગાહનાની અપેક્ષાએ તુલ્ય; સ્થિતિની અપેક્ષાએ ચૌઠાણવડિયા; કાળા વર્ણ પર્યાયોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા, શેષ વર્ણ, ગંધ, રસના પર્યાયોની અપેક્ષાએ પણ છટ્ઠાણવડિયા છે; શીત, ઉષ્ણ, સ્નિગ્ધ, રૂક્ષ આ ચાર સ્પર્શોની અપેક્ષાએ પણ છટ્ઠાણવડિયા છે. હે ગૌતમ ! તેથી એમ કહેવાય છે કે જઘન્ય અવગાહન-વાળા દ્વિપ્રદેશી સ્કંધના અનંત પર્યાયો છે.

ઉત્કૃષ્ટ અવગાહનાવાળા(બે આકાશ પ્રદેશ ઉપર સ્થિત) દ્વિપ્રદેશી સંકધોના પર્યાયોનું કથન પણ આ જ પ્રમાણે કહેવું જોઈએ. અજઘન્ય-અનુત્કૃષ્ટ(મધ્યમ) અવગાહનાવાળા દ્વિપ્રદેશી સ્કંધો હોતા નથી.

**૫૭** जहण्णोगाहणयाणं भंते ! तिपएसियाणं खंधाणं केवइया पज्जवा पण्णत्ता ? गोयमा ! अणंता पज्जवा । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ?

गोयमा ! जहा दुपएसिए जहण्णोगाहणए । उक्कोसोगाहणए वि एवं चेव । एवं अजहण्णमणुक्कोसोगाहणए वि ।

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જઘન્ય અવગાહનાવાળા(એક આકાશ પ્રદેશ ઉપર સ્થિત) ત્રિપ્રદેશી સ્કંધોના કેટલા પર્યાયો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંતપર્યાયો છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે જઘન્ય અવગાહનાવાળા ત્રિપ્રદેશી સ્કંધોના અનંત પર્યાયો છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અવગાહનાવાળા દ્વિપ્રદેશી સ્કંધના પર્યાયોની જેમ જઘન્ય અવગાહનાવાળા ત્રિપ્રદેશી સ્કંધોના પર્યાયોનું કથન કરવું. આ રીતે ઉત્કૃષ્ટ અવગાહનાવાળા(ત્રણ આકાશ પ્રદેશ ઉપર સ્થિત) ત્રિપ્રદેશી સ્કંધના પર્યાયોના વિષયમાં જાણવું જોઈએ.

આ રીતે મધ્યમ અવગાહનાવાળા(બે આકાશ પ્રદેશ ઉપર સ્થિત) ત્રિપ્રદેશી સ્કંધના પર્યાયોનું કથન કરવું જોઈએ.

**૫૮** जहण्णोगाहगाणं भंते ! चउपएसियाणं खंधाण केवइया पज्जवा पण्णत्ता ?

गोयमा ! जहा जहण्णोगाहणए दुपएसिए तहा जहण्णोगाहणए चउपएसिए । ए वं जहा उक्कोसोगाहणए दुपएसिए तहा उक्कोसोगाहणए चउप्पसिए वि । एवं

**अजहण्णमणुक्कोसोगाहणए वि चउप्पएसिए ; णवरं ओगाहणट्ठयाए सिय हीणे, सिय तुल्ले, सिय अब्भहिए, जइ हीणे पएसहीणे, अहअब्भहिए पएसब्भहिए ।**

**एवं** *जाव* **दसपएसिए णेयव्वं । णवरं अजहण्णुक्कोसोगाहणए पएसपरिवुड्ढी कायव्वा** *जाव* **दसपएसियस्स सत्त पएसा परिवड्ढिज्जंति ।**

**भावार्थ :– प्रश्न–** હે ભગવન્ ! જઘન્ય અવગાહનાવાળા(એક આકાશ પ્રદેશ ઉપર સ્થિત) ચારપ્રદેશી સ્કંધોના કેટલા પર્યાયો છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! અનંત પર્યાયો છે. જઘન્ય અવગાહનાવાળા ચારપ્રદેશી સ્કંધોનું કથન જઘન્ય અવગાહનાવાળા દ્વિપ્રદેશી સ્કંધની જેમ જાણવું જોઈએ. જે રીતે ઉત્કૃષ્ટ અવગાહનાવાળા દ્વિપ્રદેશી સ્કંધનું કથન છે, તે જ રીતે ઉત્કૃષ્ટ અવગાહનાવાળા ચારપ્રદેશીસ્કંધોનું કથન કરવું જોઈએ.

તે જ રીતે મધ્યમ અવગાહનાવાળા(બે કે ત્રણ આકાશ પ્રદેશ ઉપર સ્થિત) ચારપ્રદેશી સ્કંધોનું કથન કરવું જોઈએ. વિશેષતા એ છે કે તે અવગાહનાની અપેક્ષાએ કદાચિત્ હીન, કદાચિત્ તુલ્ય અને કદાચિત્ અધિક હોય છે. જો હીન હોય તો એક પ્રદેશ હીન હોય છે, જો અધિક હોય તો એક પ્રદેશ અધિક હોય છે.

આ રીતે ***યાવત્*** દશપ્રદેશી સ્કંધના પર્યાયોનું કથન કરવું જોઈએ. વિશેષતા એ છે કે મધ્યમ અવગાહનાવાળામાં એક-એક પ્રદેશની વૃદ્ધિ કરવી જોઈએ. આમ કરતાં-કરતાં દશ પ્રદેશી સ્કંધમાં સાત પ્રદેશ વધે છે.

**૫૧ जहण्णोगाहणगाणं भंते ! संखेज्जपएसियाणं खंधाणं केवइया पज्जवा पण्णत्ता । गोयमा ! अणंता । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ?**

**गोयमा ! जहण्णोगाहणए संखेज्जपएसिए खंधे जहण्णोगाहणगस्स संखेज्जपएसियस्स खंधस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए दुट्ठाणवडिए, ओगाहणट्ठयाए तुल्ले, ठिईए चउट्ठाणवडिए, वण्णादि चउफासपज्जवेहिं य छट्ठाणवडिए ।**

**एवं उक्कोसोगाहणए वि । अजहण्णमणुक्कोसोगाहणए वि एवं चेव, णवरं सट्ठाणे दुट्ठाणवडिए ।**

**भावार्थ :– प्रश्न–** હે ભગવન્ ! જઘન્ય અવગાહનાવાળા સંખ્યાતપ્રદેશી સ્કંધોના કેટલા પર્યાયો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંત પર્યાયો છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે જઘન્ય અવગાહનાવાળા સંખ્યાત પ્રદેશી સ્કંધોના અનંત પર્યાયો છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અવગાહનાવાળો એક સંખ્યાતપ્રદેશી સ્કંધ, જઘન્ય અવગાહનાવાળ ા બીજા સંખ્યાતપ્રદેશી સ્કંધથી દ્રવ્યની અપેક્ષાએ તુલ્ય છે; પ્રદેશોની અપેક્ષાએ દુટ્ઠાણવડિયા એટલે બે પ્રકારે હીનાધિક છે; અવગાહનાની અપેક્ષાએ તુલ્ય છે; સ્થિતિની અપેક્ષાએ ચૌઠાણવડિયા છે અને વર્ણાદિ તથા ચાર સ્પર્શોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે.

આ જ રીતે ઉત્કૃષ્ટ અવગાહનાવાળા સંખ્યાતપ્રદેશી સ્કંધોના પર્યાયોનું કથન કરવું જોઈએ. તે જ

રીતે મધ્યમ અવગાહનાવાળા સંખ્યાતપ્રદેશી સ્કંધોના પર્યાયોનું કથન કરવું જોઈએ. વિશેષતા એ છે કે સ્વસ્થાનમાં અર્થાત્ અવગાહનાની અપેક્ષાએ દુટ્ઠાણવડિયા છે.

**૬૦** **जहण्णोगाहणगाणं भंते ! असंखेज्जपएसियाणं खंधाणं केवइया पज्जवा पण्णत्ता । गोयमा ! अणंता । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ?**

**गोयमा ! जहण्णोगाहणए असंखेज्जपएसिए खंधे जहण्णोगाहणगस्स असंखेज्जपएसियस्स खंधस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए चउट्ठाणवडिए, ओगाहणट्ठयाए तुल्ले, ठिईए चउट्ठाणवडिए, वण्णादि उवरिल्लफासेहि य छट्ठाणवडिए ।**

**एवं उक्कोसोगाहणए वि । अजहण्णमणुक्कोसोगाहणए वि एवं चेव, णवरं सट्ठाणे चउट्ठाणवडिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જઘન્ય અવગાહનાવાળા અસંખ્યાતપ્રદેશી સ્કંધોના કેટલા પર્યાયો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંતપર્યાયો છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે જઘન્ય અવગાહના-વાળા અસંખ્યાત પ્રદેશી સ્કંધોના અનંત પર્યાયો છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અવગાહનાવાળો એક અસંખ્યાતપ્રદેશી સ્કંધ, જઘન્ય અવગાહના-વાળા અન્ય અસંખ્યાત પ્રદેશી સ્કંધથી દ્રવ્યની અપેક્ષાએ તુલ્ય છે; પ્રદેશોની અપેક્ષાએ ચૌઠાણવડિયા છે; અવગાહનાની અપેક્ષાએ તુલ્ય છે; સ્થિતિની અપેક્ષાએ ચૌઠાણવડિયા છે અને વર્ણાદિ તથા અંતિમ ચાર સ્પર્શોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે.

ઉત્કૃષ્ટ અવગાહનાવાળા અસંખ્યાત પ્રદેશી સ્કંધોનું કથન પણ આ જ રીતે જાણવું જોઈએ. મધ્યમ અવગાહનાવાળા અસંખ્યાત પ્રદેશી સ્કંધોનું કથન પણ આ જ પ્રમાણે જાણવું જોઈએ, તેમાં વિશેષતા એ છે કે સ્વસ્થાનમાં અર્થાત્ મધ્યમ અવગાહનામાં ચૌઠાણવડિયા છે.

**૬૧** **जहण्णोगाहगाणं भंते ! अणंतपएसियाणं पोग्गलाणं केवइया पज्जवा पण्णत्ता । गोयमा ! अणंता । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ?**

**गोयमा ! जहण्णोगाहणए अणंतपएसिए खंधे जहण्णोगाहणगस्स अणंतपएसियस्स खंधस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए छट्ठाणवडिए, ओगाहणट्ठयाए तुल्ले, ठिईए चउट्ठाणवडिए, वण्णादि उवरिल्लचउफासेहिं छट्ठाणवडिए ।**

**उक्कोसोगाहणए वि एवं चेव । णवरं ठिईए वि तुल्ले ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જઘન્ય અવગાહનાવાળા અનંત પ્રદેશી સ્કંધોના કેટલા પર્યાયો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંત પર્યાયો છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે જઘન્ય અવગાહનાવાળા અનંત પ્રદેશી સ્કંધોના અનંત પર્યાયો છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અવગાહનાવાળો એક અનંત પ્રદેશી સ્કંધ, જઘન્ય અવગાહનાવાળા અન્ય અનંત પ્રદેશી સ્કંધથી દ્રવ્યની અપેક્ષાએ તુલ્ય છે; પ્રદેશોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે;

અવગાહનાની અપેક્ષાએ તુલ્ય છે; સ્થિતિની અપેક્ષાએ ચૌઠાણવડિયા છે; વર્ણાદિ તથા અંતિમ ચાર સ્પર્શોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા હીનાધિક છે.

ઉત્કૃષ્ટ અવગાહનાવાળા અનંત પ્રદેશી સ્કંધોનું કથન પણ આ જ પ્રમાણે જાણવું જોઈએ. વિશેષતા એ છે કે તે સ્થિતિની અપેક્ષાએ પણ તુલ્ય છે.

**૬૨ अजहण्णमणुक्कोसोगाहणगाणं भंते ! अणंतपएसियाणं पुच्छा ? गोयमा ! अणंता। से केणट्ठेणं भंते एवं वुच्चइ ?**

**गोयमा ! अजहण्णमणुक्कोसोगाहणए अणंतपएसिए खंधे अजहण्णमणुक्कोसोगाहणगस्स अणंतपएसियस्स खंधस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए छट्ठाणवडिए, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए चउट्ठाणवडिए, वण्णादि-अट्ठफासेहिं छट्ठाणवडिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મધ્યમ અવગાહનાવાળા અનંત પ્રદેશી સ્કંધોના કેટલા પર્યાયો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંત પર્યાયો છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે મધ્યમ અવગાહનાવાળા અનંત પ્રદેશી સ્કંધોના અનંત પર્યાયો છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! મધ્યમ અવગાહનાવાળો એક અનંત પ્રદેશી સ્કંધ, મધ્યમ અવગાહનાવાળા અન્ય અનંત પ્રદેશી સ્કંધથી દ્રવ્યની અપેક્ષાએ તુલ્ય છે; પ્રદેશોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે; અવગાહનાની અપેક્ષાએ ચૌઠાણવડિયા છે; સ્થિતિની અપેક્ષાએ ચૌઠાણવડિયા છે; વર્ણાદિ તથા આઠ સ્પર્શોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં જઘન્ય, ઉત્કૃષ્ટ અને મધ્યમ અવગાહનાવાળા દ્વિપ્રદેશી સ્કંધથી લઈ અનંતપ્રદેશી સ્કંધો સુધીના પર્યાયોનું નિરૂપણ છે.

**દ્રવ્યથી–** દ્વિપ્રદેશીથી અનંત પ્રદેશી સુધીના સ્કંધો સ્વયં એક સ્વતંત્ર દ્રવ્ય છે. તેથી તે પ્રત્યેક સ્કંધ દ્રવ્યથી તુલ્ય છે. **પ્રદેશથી–** દ્વિપ્રદેશી સ્કંધોમાં બે પ્રદેશ જ હોય, તે જ રીતે દશ પ્રદેશી સ્કંધમાં દશ પ્રદેશ જ હોય છે. આ રીતે દશ પ્રદેશી સુધીના સ્કંધો પ્રદેશથી તુલ્ય છે.

સંખ્યાત પ્રદેશી સ્કંધમાં સંખ્યાત પ્રદેશો હોય છે. તેના સંખ્યાતભેદ હોવાથી તેમાં સંખ્યાતમો ભાગ અને સંખ્યાત ગુણ રૂપ દ્વિસ્થાનની ન્યૂનાધિકતા થાય છે, તેથી તેને દુટ્ઠાણવડિયા કહ્યા છે.

અસંખ્યાતપ્રદેશી સ્કંધમાં અસંખ્યાત પ્રદેશો હોય છે અને તેના અસંખ્યાત ભેદ હોવાથી તેમાં પ્રદેશોની અપેક્ષાએ ચાર સ્થાનની ન્યૂનાધિકતા થાય છે, તેથી તેને ચૌઠાણવડિયા કહ્યા છે.

અનંતપ્રદેશી સ્કંધમાં અનંત પ્રદેશો છે અને અનંતના અનંત ભેદ હોવાથી તેમાં પ્રદેશોની અપેક્ષાએ છસ્થાનની ન્યૂનાધિકતા હોય છે, તેથી તેને છટ્ઠાણવડિયા કહ્યા છે.

**દ્વિપ્રદેશી સ્કંધની બે પ્રકારની અવગાહના :–** (૧) દ્વિપ્રદેશી સ્કંધ એક જ આકાશપ્રદેશ પર સ્થિત થાય, તો તે એક આકાશપ્રદેશ તેની **જઘન્ય અવગાહના** છે. યથા– [●●]

(૨) દ્વિપ્રદેશી સ્કંધ બે આકાશપ્રદેશ પર સ્થિત થાય, તો તે બે આકાશ પ્રદેશ તેની **ઉત્કૃષ્ટ**

**અવગાહના** છે. યથા– |●|●|

[**નોંધ–** આ આકૃતિઓમાં ગોળ ટપકા પરમાણુના સૂચક છે અને ચોરસ ખાના આકાશપ્રદેશના સૂચક છે.]

જઘન્ય અવગાહનાવાળા દ્વિપ્રદેશી સ્કંધો અવગાહનાથી તુલ્ય છે કારણ કે તે બધા સ્કંધો એક-એક આકાશપ્રદેશ પર સ્થિત હોય છે. ઉત્કૃષ્ટ અવગાહનાવાળા દ્વિપ્રદેશી સ્કંધો પણ અવગાહનાથી તુલ્ય છે કારણ કે તે બધા સ્કંધો બે-બે આકાશપ્રદેશ પર સ્થિત છે. મધ્યમ અવગાહના દ્વિપ્રદેશી સ્કંધમાં થતી નથી.

**ત્રિપ્રદેશી સ્કંધની ત્રણ પ્રકારની અવગાહના :–** (૧) ત્રણ પ્રદેશી સ્કંધ એક આકાશ પ્રદેશ પર સ્થિત થાય, તો તે એક આકાશપ્રદેશ તેની **જઘન્ય અવગાહના** છે. જઘન્ય અવગાહનાવાળા બધા સ્કંધો પરસ્પર તુલ્ય છે. યથા–|●●●|

(૨) ત્રિપ્રદેશી સ્કંધ ત્રણ આકાશ પ્રદેશ પર સ્થિત થાય. તો તે ત્રણ આકાશપ્રદેશ તેની **ઉત્કૃષ્ટ અવગાહના** છે. ઉત્કૃષ્ટ અવગાહનાવાળા બધા સ્કંધો પરસ્પર તુલ્ય છે. યથા–|●|●|●|

(૩) ત્રિપ્રદેશી સ્કંધ બે આકાશપ્રદેશ પર સ્થિત થાય. તો તે બે આકાશ પ્રદેશ તેની **મધ્યમ અવગાહના** છે. ત્રિપ્રદેશી સ્કંધમાં મધ્યમ અવગાહના એક જ પ્રકારની થાય છે. તેથી તેમાં ન્યૂનાધિકતા થતી નથી. તેમાં પણ પરસ્પર તુલ્યતા જ રહે છે. યથા– |●●|●|

**ચાર પ્રદેશી સ્કંધની ત્રણ પ્રકારની અવગાહના :–** (૧) ચાર પ્રદેશી સ્કંધ એક આકાશપ્રદેશ પર સ્થિત થાય તો તે એક આકાશપ્રદેશ તેની **જઘન્ય અવગાહના** છે. તે બધા સ્કંધો અવગાહનાથી પરસ્પર તુલ્ય હોય છે. યથા– |●●/●●|

(૨) ચતુઃપ્રદેશી સ્કંધ ચાર આકાશપ્રદેશ પર સ્થિત થાય, તો ચાર આકાશ પ્રદેશ તેની **ઉત્કૃષ્ટ અવગાહના** છે. તે બધા સ્કંધો અવગાહનાથી પરસ્પર તુલ્ય હોય છે. યથા–|●|●|●|●|

(૩) ચતુષ્પ્રદેશી સ્કંધ બે અથવા ત્રણ આકાશપ્રદેશ પર સ્થિત થાય, તો તે બે કે ત્રણ આકાશપ્રદેશ તેની **મધ્યમ અવગાહના** છે. યથા–|●●|●●| |●|●|●●|

જે સ્કંધ બે આકાશપ્રદેશ પર સ્થિત થાય છે તે ત્રણ આકાશપ્રદેશ પર સ્થિત સ્કંધથી એક પ્રદેશ હીન છે અને ત્રણ આકાશપ્રદેશ પર સ્થિત સ્કંધ, બે આકાશ પ્રદેશ પર સ્થિત સ્કંધથી એક પ્રદેશ અધિક છે. આ રીતે મધ્યમ અવગાહનાવાળા ચાર પ્રદેશી સ્કંધમાં અવગાહનાથી એક પ્રદેશની ન્યૂનાધિકતા થાય છે.

**પાંચ પ્રદેશી સ્કંધની ત્રણ પ્રકારની અવગાહના :–** (૧) પાંચે ય પ્રદેશો એક આકાશપ્રદેશ પર સ્થિત થાય, તો તે એક આકાશપ્રદેશ તેની **જઘન્ય અવગાહના** છે. તે બધા સ્કંધો અવગાહનાથી પરસ્પર તુલ્ય છે. યથા–|●●●●●|

(૨) પાંચે ય પ્રદેશો પાંચ આકાશપ્રદેશ પર સ્થિત થાય, તો તે પાંચ આકાશપ્રદેશ તેની **ઉત્કૃષ્ટ અવગાહના** છે. યથા–|●|●|●|●|●|

(૩) પાંચ પ્રદેશી સ્કંધ બે, ત્રણ અથવા ચાર આકાશપ્રદેશ પર સ્થિત થાય, તો તે બે, ત્રણ કે ચાર આકાશપ્રદેશ તેની **મધ્યમ અવગાહના** કહેવાય છે. યથા–|●●|●●●| |●|●|●●●| |●|●|●|●●|

જે સ્કંધ બે આકાશપ્રદેશ પર સ્થિત છે તે ત્રણ આકાશપ્રદેશ પર સ્થિત સ્કંધથી એક પ્રદેશ હીન અને ચાર આકાશપ્રદેશ પર સ્થિત સ્કંધથી બે પ્રદેશ હીન છે. જે સ્કંધ ત્રણ આકાશ પ્રદેશ પર સ્થિત છે તે

બે આકાશપ્રદેશ પર સ્થિત સ્કંધથી એક પ્રદેશ અધિક અને ચાર આકાશપ્રદેશ પર સ્થિત સ્કંધથી એક પ્રદેશ હીન છે. જે સ્કંધ ચાર આકાશ પ્રદેશ પર સ્થિત છે તે બે આકાશપ્રદેશ પર સ્થિત સ્કંધથી બે પ્રદેશ અધિક અને ત્રણ આકાશપ્રદેશ પર સ્થિત સ્કંધથી એક પ્રદેશ અધિક હોય છે. આ રીતે મધ્યમ અવગાહનાવાળા પાંચ પ્રદેશી સ્કંધમાં એક અથવા બે પ્રદેશની હીનાધિકતા થાય છે.

આ રીતે છ પ્રદેશી, સાત પ્રદેશી આદિ સ્કંધોની જઘન્ય અવગાહના એક આકાશપ્રદેશની અને ઉત્કૃષ્ટ અવગાહના જેટલા પ્રદેશી સ્કંધ હોય તેટલા પ્રદેશની થાય છે પરંતુ અનંતપ્રદેશી સ્કંધની ઉત્કૃષ્ટ અવગાહના પણ અસંખ્યાત પ્રદેશની જ થાય છે કારણ કે લોકાકાશના અસંખ્યાત પ્રદેશ છે. મધ્યમ અવગાહનાના અનેક વિકલ્પો થાય છે.

મધ્યમ અવગાહનાવાળા છ પ્રદેશી સ્કંધમાં એક, બે, ત્રણ, પ્રદેશની હાનિ-વૃદ્ધિ થાય, મધ્યમ અવગાહનાવાળા સાત પ્રદેશી સ્કંધમાં એક, બે, ત્રણ, ચાર પ્રદેશની હાનિ-વૃદ્ધિ થાય, મધ્યમ અવગાહના-વાળા આઠ પ્રદેશી સ્કંધમાં એક, બે, ત્રણ, ચાર, પાંચ પ્રદેશની હાનિ-વૃદ્ધિ થાય, મધ્યમ અવગાહનાવાળ ા નવ પ્રદેશી સ્કંધમાં એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ પ્રદેશની હાનિ-વૃદ્ધિ થાય, મધ્યમ અવગાહનાવાળા દશ પ્રદેશી સ્કંધમાં એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત પ્રદેશોની હાનિ-વૃદ્ધિ થાય છે.

**સંખ્યાતપ્રદેશી સ્કંધની ત્રણ પ્રકારની અવગાહના :–** (૧) સંખ્યાત પ્રદેશી સ્કંધ એક આકાશપ્રદેશ પર સ્થિત થાય, તો તે એક આકાશપ્રદેશ તેની જઘન્ય અવગાહના છે. તેવા સ્કંધો એક આકાશ પ્રદેશ પર સ્થિત હોવાથી અવગાહનાથી પરસ્પર તુલ્ય હોય છે. (૨) સંખ્યાતપ્રદેશી સ્કંધ ઉત્કૃષ્ટ સંખ્યાત પ્રદેશ પર સ્થિત થાય, તો તે સંખ્યાત આકાશપ્રદેશ તેની ઉત્કૃષ્ટ અવગાહના છે. તેમાં પણ અવગાહનાની અપેક્ષાએ તુલ્યતા હોય છે. (૩) સંખ્યાત પ્રદેશી સ્કંધ બે પ્રદેશથી લઈને સંખ્યાતા પ્રદેશ પર સ્થિત થાય, તો તે તેની મધ્યમ અવગાહના કહેવાય છે. સંખ્યાતાના સંખ્યાતા ભેદ હોવાથી તેના અવગાહના સ્થાન સંખ્યાતા થાય છે. તેથી તેમાં સંખ્યાતમો ભાગ અને સંખ્યાતગુણ, તે બે પ્રકારે ન્યૂનાધિકતા થાય છે.

**અસંખ્યાત પ્રદેશી સ્કંધની ત્રણ પ્રકારની અવગાહના :–** (૧) અસંખ્યાતપ્રદેશી સ્કંધ એક આકાશપ્રદેશ પર સ્થિત થાય, તો તે એક આકાશપ્રદેશ તેની જઘન્ય અવગાહના છે. તેવા બધા સ્કંધોનું અવગાહન સ્થાન એક જ હોવાથી અવગાહનાની અપેક્ષાએ પરસ્પર તુલ્ય છે. (૨)અસંખ્યાતપ્રદેશી સ્કંધો અસંખ્યાત આકાશ પ્રદેશ પર સ્થિત થાય, તો તે અસંખ્યાત આકાશપ્રદેશ તેની ઉત્કૃષ્ટ અવગાહના છે. તેવા બધા સ્કંધોનું અવગાહના સ્થાન એક જ હોવાથી અવગાહનાની અપેક્ષાએ તે પરસ્પર તુલ્ય છે. (૩) અસંખ્યાત પ્રદેશી સ્કંધો બે આકાશ પ્રદેશથી લઈને અસંખ્યાત આકાશ પ્રદેશ પર સ્થિત થાય, તો તે મધ્યમ અવગાહના છે. તે અવગાહના સ્થાન અસંખ્યાત હોવાથી તેમાં ચાર પ્રકારે ન્યૂનાધિકતા થાય છે. તેથી તે મધ્યમ અવગાહના-વાળા અસંખ્યાત પ્રદેશી સ્કંધ પરસ્પર ચૌઠાણવડિયા છે.

**અનંતપ્રદેશી સ્કંધની ત્રણ પ્રકાર અવગાહના :–** (૧) અનંતપ્રદેશી સ્કંધ એક આકાશપ્રદેશ પર સ્થિત થાય, તો તે એક આકાશપ્રદેશ તેની જઘન્ય અવગાહના છે. તે અવગાહનાથી પરસ્પર તુલ્ય છે. (૨) ઉત્કૃષ્ટ અવગાહના વાળો અનંતપ્રદેશી સ્કંધ લોકવ્યાપી હોય છે. તે સ્કંધોની ઉત્કૃષ્ટ અવગાહના અસંખ્ય પ્રદેશાત્મક લોક પ્રમાણ છે, તેથી તે પરસ્પર તુલ્ય છે. (૩) અનંતપ્રદેશી સ્કંધ બે આકાશ પ્રદેશથી લઈને અસંખ્ય આકાશ પ્રદેશ પર સ્થિત થાય, તો તે તેની મધ્યમ અવગાહના છે. તેના અવગાહના સ્થાન અસંખ્ય હોવાથી તેમાં પણ ચાર પ્રકારે ન્યૂનાધિકતા થાય છે. તેથી તે મધ્યમ અવાગહનાવાળા અનંતપ્રદેશી સ્કંધો પરસ્પર અવગાહનાની અપેક્ષાએ ચૌઠાણવડિયા છે.

**સ્થિતિની અપેક્ષાએ :–** પરમાણુથી અનંતપ્રદેશી સ્કંધની સ્થિતિ એક સમયથી લઈને અસંખ્યાતકાલ સુધીની હોય છે તેથી તે સર્વે સ્કંધો સ્થિતિની અપેક્ષાએ ચૌઠાણવડિયા હોય છે. તેમાં વિશેષતા એ છે કે ઉત્કૃષ્ટ અવગાહનાવાળા અનંતપ્રદેશી સ્કંધો અસંખ્યપ્રદેશાવગાઢ અને લોકવ્યાપી હોય છે. તે સર્વેની સ્થિતિ એક સમયની હોવાથી તે સર્વે સ્થિતિની અપેક્ષાએ પરસ્પર તુલ્ય હોય છે. મધ્યમ અવગાહનાવાળા અનંતપ્રદેશી સ્કંધ સ્થિતિની અપેક્ષાએ ચૌઠાણવડિયા હીનાધિક હોય છે.

**વર્ણાદિની અપેક્ષાએ :–** એક પ્રદેશાવગાઢથી લઈને સંખ્યાત પ્રદેશાવગાઢ સુધીના સ્કંધોમાં ચાર સ્પર્શ હોય છે. અસંખ્ય પ્રદેશાવગાઢ પુદ્ગલ સ્કંધમાં આઠ સ્પર્શ હોય છે. પરમાણુથી લઈને અસંખ્યપ્રદેશી સ્કંધમાં ચાર સ્પર્શ હોય છે. સૂક્ષ્મ અનંતપ્રદેશી સ્કંધમાં ચાર સ્પર્શ અને બાદર સ્કંધમાં આઠ સ્પર્શ હોય છે. ઉત્કૃષ્ટ લોક પ્રમાણ અવગાહનાવાળા સ્કંધમાં પણ ચાર સ્પર્શ જ હોય છે. પરમાણુથી લઈને અનંતપ્રદેશી સુધીના સ્કંધમાં જેમાં જે વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ હોય તેમાં છટ્ઠાણવડિયા ન્યૂનાધિકતા હોય છે.

**અવગાહનાની અપેક્ષાએ સ્કંધોના પર્યાયો :–**

| સ્કંધોના પ્રકાર | દ્રવ્યથી | પ્રદેશથી | અવગાહનાથી | સ્થિતિથી | વર્ણાદિથી (૨૦ બોલ) |
|---|---|---|---|---|---|
| **દ્વિપ્રદેશી સ્કંધ** જ૦/ઉ૦ અવગાહના | તુલ્ય | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | વર્ણાદિ ૧૬ બોલમાં છટ્ઠાણવડિયા |
| **ત્રણ પ્રદેશી સ્કંધ** જઘન્ય, ઉત્કૃષ્ટ અને મધ્યમ અવગાહના | તુલ્ય | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | વર્ણાદિ ૧૬ બોલમાં છટ્ઠાણવડિયા |
| **ચાર પ્રદેશી સ્કંધ** જ૦/ઉ૦ અવગાહના | તુલ્ય | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | વર્ણાદિ ૧૬ બોલમાં છટ્ઠાણવડિયા |
| મધ્યમ અવગાહના | તુલ્ય | તુલ્ય | એક પ્રદેશ હીનાધિક | ચૌઠાણવડિયા | " |
| **દશ પ્રદેશી સ્કંધ** જ૦/ઉ૦ અવગાહના | તુલ્ય | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | વર્ણાદિ ૧૬ બોલમાં છટ્ઠાણવડિયા |
| મધ્યમ અવગાહના | તુલ્ય | તુલ્ય | એકથી સાત પ્રદેશ હીનાધિક | ચૌઠાણવડિયા | વર્ણાદિ ૧૬ બોલમાં છટ્ઠાણવડિયા |
| **સંખ્યાત પ્રદેશી સ્કંધ** જ૦/ઉ૦ અવગાહના | તુલ્ય | દુટ્ઠાણવડિયા | તુલ્ય | ચૌઠાણવડિયા | વર્ણાદિ ૧૬ બોલમાં છટ્ઠાણવડિયા |
| મધ્યમ અવગાહના | તુલ્ય | દુટ્ઠાણવડિયા | દુટ્ઠાણવડિયા | ચૌઠાણવડિયા | " " " |
| **અસંખ્ય પ્રદેશી સ્કંધ** જ૦/ઉ૦ અવગાહના | તુલ્ય | ચૌઠાણવડિયા | તુલ્ય | ચૌઠાણવડિયા | વર્ણાદિ ૧૬ બોલમાં છટ્ઠાણવડિયા |
| મધ્યમ અવગાહના | તુલ્ય | ચૌઠાણવડિયા | ચૌઠાણવડિયા | ચૌઠાણવડિયા | ૧૬ બોલમાં છટ્ઠાણ૦ |
| **અનંત પ્રદેશી સ્કંધ** જ૦/ઉ૦ અવગાહના | તુલ્ય | છટ્ઠાણવડિયા | તુલ્ય | ચૌઠાણવડિયા | વર્ણાદિ ૧૬ બોલમાં છટ્ઠાણવડિયા |
| મધ્યમ અવગાહના | તુલ્ય | છટ્ઠાણવડિયા | ચૌઠાણવડિયા | ચૌઠાણવડિયા | ૨૦ બોલ છટ્ઠાણ૦ |

**જઘન્ય આદિ સ્થિતિની અપેક્ષાએ પુદ્‌ગલ-પર્યાયો :-**

**૬૩** **जहण्णठिईयाणं भंते ! परमाणुपोग्गलाणं केवइया पज्जवा पण्णत्ता ? गोयमा ! अणंता । से केणट्ठेणं भंते एवं वुच्चइ ?**

**गोयमा ! जहण्णठिईए परमाणुपोग्गले जहण्णठिईयस्स परमाणुपोग्गलस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए तुल्ले, ठिईए तुल्ले, वण्णादि-दुफासेहि (चउफासेहिं) य छट्ठाणवडिए ।**

**एवं उक्कोसठिईए वि । अजहण्णमणुक्कोसठिईए वि एवं चेव, णवरं ठिईए चउट्ठाणवडिए ।**

**ભાવાર્થ :- પ્રશ્ન**– હે ભગવન્ ! જઘન્ય સ્થિતિવાળા પરમાણુ પુદ્‌ગલના કેટલા પર્યાયો છે ? **ઉત્તર**– હે ગૌતમ ! તેના અનંત પર્યાયો છે. **પ્રશ્ન**– હે ભગવન્ ! તેનું શું કારણ છે કે, જઘન્ય સ્થિતિવાળા પરમાણુ પુદ્‌ગલના અનંત પર્યાયો છે ?

**ઉત્તર**– હે ગૌતમ ! જઘન્ય સ્થિતિવાળા એક પરમાણુ પુદ્‌ગલ, જઘન્ય સ્થિતિવાળા અન્ય પરમાણુ પુદ્‌ગલથી દ્રવ્યની અપેક્ષાએ તુલ્ય છે; પ્રદેશની અપેક્ષાએ તુલ્ય છે; અવગાહનાની અપેક્ષાએ તુલ્ય છે; સ્થિતિની અપેક્ષાએ પણ તુલ્ય છે અને વર્ણાદિની અપેક્ષાએ તથા(એક-એક પરમાણુમાં) બે સ્પર્શોની અપેક્ષાએ(અને સમુચ્ચય સર્વ પરમાણુઓમાં ચાર સ્પર્શની અપેક્ષાએ) છટ્ઠાણવડિયા હોય છે. [મૂલપાઠમાં પ્રશ્ન પદ્ધતિ બહુવચનની અપેક્ષા હોવાથી ચાર સ્પર્શનો પાઠ અહીં સુસંગત છે.]

આ જ પ્રમાણે ઉત્કૃષ્ટ સ્થિતિવાળા પરમાણુ પુદ્‌ગલોના પર્યાયોના વિષયમાં જાણવું જોઈએ. મધ્યમસ્થિતિવાળા પરમાણુ પુદ્‌ગલોના પર્યાયોના વિષયમાં પણ આ જ પ્રમાણે કહેવું જોઈએ. વિશેષતા માત્ર એ છે કે તે સ્થિતિની અપેક્ષાએ ચૌઠાણવડિયા છે.

**૬૪** **जहण्णठिईयाणं दुपएसियाणं खंधाणं केवइया पज्जवा पण्णत्ता ? गोयमा ! अणंता। से केणट्ठेणं भंते एवं वुच्चइ ?**

**गोयमा ! जहण्णठिईए दुपएसिए खंधे जहण्णठिईयस्स दुपएसियस्स खंधस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले; ओगाहणट्ठयाए सिय हीणे, सिय तुल्ले, सिय अब्भहिए । जइ हीणे पएसहीणे, अह अब्भहिए पएसब्भहिए, ठिईए तुल्ले, वण्णादि-चउप्फासेहि य छट्ठाणवडिए ।**

**एवं उक्कोसठिईए वि । अजहण्णमणुक्कोसठिईए वि एवं चेव । णवरं ठिईए चउट्ठाणवडिए । एवं** *जाव* **दसपएसिए । णवरं पएसपरिवुड्ढी कायव्वा । ओगाहणट्ठयाए तिसु वि गमएसु** *जाव* **दसपएसिए णव पएसा वड्ढिज्जंति ।**

**ભાવાર્થ :- પ્રશ્ન**– હે ભગવન્ ! જઘન્ય સ્થિતિવાળા દ્વિપ્રદેશી સ્કંધોના કેટલા પર્યાયો છે ? **ઉત્તર**– હે ગૌતમ ! તેના અનંત પર્યાયો છે. **પ્રશ્ન**– હે ભગવન્ ! તેનું શું કારણ છે કે જઘન્ય સ્થિતિવાળા દ્વિપ્રદેશી

સ્કંધોના અનંત પર્યાયો છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય સ્થિતિવાળો એક દ્વિપ્રદેશી સ્કંધ, જઘન્ય સ્થિતિવાળા અન્ય દ્વિપ્રદેશી સ્કંધથી દ્રવ્યની અપેક્ષાએ તુલ્ય છે; પ્રદેશોની અપેક્ષાએ તુલ્ય છે; અવગાહનાની અપેક્ષાએ કદાચિત્ હીન, કદાચિત્ તુલ્ય, કદાચિત્ અધિક હોય છે. જો હીન હોય તો એક પ્રદેશ હીન, અધિક હોય તો એક પ્રદેશ અધિક હોય છે; સ્થિતિની અપેક્ષાએ તુલ્ય છે; વર્ણાદિ તથા ચાર સ્પર્શોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે.

આ જ પ્રમાણે ઉત્કૃષ્ટ સ્થિતિવાળા દ્વિપ્રદેશી સ્કંધોનું કથન કરવું જોઈએ. મધ્યમ સ્થિતિવાળા દ્વિપ્રદેશી સ્કંધનું કથન પણ આ પ્રમાણે કરવું જોઈએ. વિશેષતા એ છે કે તે સ્થિતિની અપેક્ષાએ ચૌઠાણવડિયા છે.

આ જ રીતે ***યાવત્*** દશપ્રદેશી સ્કંધ સુધીનું કથન કરવું. વિશેષતા એ છે કે બધા સ્કંધોમાં ક્રમશઃ એક-એક પ્રદેશની વૃદ્ધિ કરવી જોઈએ. અવગાહનાના ત્રણેય આલાપકોનું ***યાવત્*** દશપ્રદેશી સ્કંધ સુધી આ જ રીતે કથન કરવું જોઈએ. તેની મધ્યમ અવગાહનામાં ક્રમશઃ નવ પ્રદેશોની વૃદ્ધિનું કથન કરવું.

**૬૫ जहण्णट्ठिईयाणं भंते ! संखेज्जपएसियाणं खंधा केवइया पज्जवा पण्णत्ता ? गोयमा! अणंता । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ?**

**गोयमा ! जहण्णट्ठिईए संखेज्जपएसिए खंधे जहण्णठिईयस्स संखेज्जपएसियस्स खंधस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए दुट्ठाणवडिए, ओगाहणट्ठयाए दुट्ठाणवडिए, ठिईए तुल्ले, वण्णादि-चउफासेहि य छट्ठाणवडिए ।**

**एवं उक्कोसठिईए वि । अजहण्णमणुक्कोसठिईए वि एवं चेव । णवरं ठिईए चउट्ठाणवडिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જઘન્ય સ્થિતિવાળા સંખ્યાત પ્રદેશી સ્કંધોના કેટલા પર્યાયો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંત પર્યાયો છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે જઘન્ય સ્થિતિવાળા સંખ્યાત પ્રદેશી સ્કંધોના અનંત પર્યાયો છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય સ્થિતિવાળો એક સંખ્યાતપ્રદેશી સ્કંધ, જઘન્ય સ્થિતિવાળા અન્ય સંખ્યાત પ્રદેશી સ્કંધથી દ્રવ્યની અપેક્ષાએ તુલ્ય છે; પ્રદેશોની અપેક્ષાએ દુટ્ઠાણવડિયા હીનાધિક છે; અવગાહનાની અપેક્ષાએ દુટ્ઠાણવડિયા છે; સ્થિતિની અપેક્ષાએ તુલ્ય છે; વર્ણાદિ તથા ચાર સ્પર્શની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે.

આ જ પ્રમાણે ઉત્કૃષ્ટ સ્થિતિવાળા સંખ્યાત પ્રદેશી સ્કંધોનું કથન કરવું જોઈએ. મધ્યમ સ્થિતિ-વાળા સંખ્યાત પ્રદેશી સ્કંધોનું કથન પણ આ જ પ્રમાણે કરવું. વિશેષતા એ છે કે તે સ્થિતિ અપેક્ષાએ ચૌઠાણવડિયા છે.

**૬૬ जहण्णठिईयाणं भंते ! असंखेज्जपएसियाणं पोग्गलाणं केवइया पज्जवा पण्णत्ता । गोयमा ! अणंता । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ?**

**गोयमा ! जहण्णठिईए असंखेज्जपएसिए जहण्णठिईयस्स असंखेज्जपएसियस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए चउट्ठाणवडिए, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए तुल्ले, वण्णादि-उवरिल्ल- चउप्फासेहि य छट्ठाणवडिए ।**

**एवं उक्कोसठिईए वि । अजहण्णमणुक्कोसठिईए वि एवं चेव । णवरं ठिईए चउट्ठाणवडिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જઘન્ય સ્થિતિવાળા અસંખ્યાત પ્રદેશી સ્કંધોના કેટલા પર્યાયો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંત પર્યાયો છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે જઘન્ય સ્થિતિવાળા અસંખ્યાત પ્રદેશી સ્કંધોના અનંત પર્યાયો છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય સ્થિતિવાળા એક અસંખ્યાતપ્રદેશી સ્કંધ, જઘન્ય સ્થિતિવાળા અન્ય અસંખ્યાત પ્રદેશી સ્કંધથી દ્રવ્યની અપેક્ષાએ તુલ્ય; પ્રદેશોની અપેક્ષાએ ચૌઠાણવડિયા; અવગાહનાની અપેક્ષાએ ચૌઠાણવડિયા; સ્થિતિની અપેક્ષાએ તુલ્ય છે અને વર્ણાદિ તથા અંતિમ ચાર સ્પર્શોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે.

આ જ પ્રમાણે ઉત્કૃષ્ટ સ્થિતિના અસંખ્યાત પ્રદેશી સ્કંધોના વિષયમાં કહેવું જોઈએ. મધ્યમ સ્થિતિના અસંખ્યાત પ્રદેશી સ્કંધોના વિષયમાં પણ આ જ પ્રમાણે કહેવું જોઈએ. વિશેષતા એ છે કે તે સ્થિતિની અપેક્ષાએ ચૌઠાણવડિયા છે.

**૬૭ जहण्णठिईयाणं भंते ! अणंतपएसियाणं खंधाणं केवइया पज्जवा पण्णत्ता ? गोयमा ! अणंता । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ?**

**गोयमा ! जहण्णठिईए अणंतपएसिए खंधे जहण्णठिईयस्स अणंतपएसियस्स खंधस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए छट्ठाणवडिए, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए तुल्ले, वण्णादि-अट्ठफासेहि य छट्ठाणवडिए ।**

**एवं उक्कोसठिईए वि । अजहण्णमणुक्कोसठिईए वि एवं चेव, णवरं ठिईए चउट्ठाणवडिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જઘન્ય સ્થિતિના અનંતપ્રદેશી સ્કંધોના કેટલા પર્યાયો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંત પર્યાયો છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે જઘન્ય સ્થિતિના અનંતપ્રદેશી સ્કંધોના અનંતપર્યાયો છે?

**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્યસ્થિતિવાળો એક અનંતપ્રદેશી સ્કંધ, જઘન્ય સ્થિતિવાળા બીજા અનંત પ્રદેશી સ્કંધથી દ્રવ્યની અપેક્ષાએ તુલ્ય; પ્રદેશોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા; અવગાહનાની અપેક્ષાએ ચૌઠાણવડિયા; સ્થિતિની અપેક્ષાએ તુલ્ય; વર્ણાદિ તથા આઠ સ્પર્શોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે.

આ રીતે ઉત્કૃષ્ટ સ્થિતિવાળા અનંત પ્રદેશી સ્કંધના વિષયમાં જાણવું જોઈએ. મધ્યમ સ્થિતિના અનંતપ્રદેશી સ્કંધોના વિષે પણ આ જ પ્રમાણે કથન કરવું જોઈએ. વિશેષતા એ છે કે તે સ્થિતિની અપેક્ષાએ ચૌઠાણવડિયા છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ સ્થિતિવાળા પરમાણુ પુદ્ગલોથી લઈ અનંત પ્રદેશી સ્કંધોના પર્યાયોની પ્રરૂપણા કરવામાં આવી છે.

પરમાણુથી લઈને અનંતપ્રદેશી સ્કંધની સ્થિતિ અસંખ્યાતકાલની હોય છે. તેમાં જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિવાળા સ્કંધો સ્થિતિની અપેક્ષાએ તુલ્ય છે કારણ કે તેનું સ્થિતિસ્થાન એક જ છે. મધ્યમ સ્થિતિવાળા સ્કંધોમાં અસંખ્યાત સ્થિતિસ્થાન હોવાથી ચૌઠાણવડિયા ન્યૂનાધિકતા થાય છે.

**સ્થિતિની અપેક્ષાએ પરમાણુ અને સ્કંધોના પર્યાયો :–**

| સ્કંધોના પ્રકાર | દ્રવ્યથી | પ્રદેશથી | અવગાહનાથી | સ્થિતિથી | વર્ણાદિથી (૨૦ બોલ) |
|---|---|---|---|---|---|
| **પરમાણુ** જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ | તુલ્ય | તુલ્ય | તુલ્ય | તુલ્ય | વર્ણાદિ ૧૬ બોલમાં છટ્ઠાણવડિયા |
| મધ્યમ સ્થિતિ | તુલ્ય | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | ૧૬ બોલમાં છટ્ઠાણ૰ |
| **દ્વિપ્રદેશી સ્કંધ** જઘન્ય ઉત્કૃષ્ટ સ્થિતિ | તુલ્ય | તુલ્ય | એક પ્રદેશ હીનાધિક | તુલ્ય | વર્ણાદિ ૧૬ બોલમાં છટ્ઠાણવડિયા |
| મધ્યમ સ્થિતિ | તુલ્ય | તુલ્ય | એક પ્રદેશ હીનાધિક | ચૌઠાણવડિયા | ૧૬ બોલમાં છટ્ઠાણ૰ |
| **ત્રિપ્રદેશી સ્કંધ** જ૰/ ઉ૰ સ્થિતિ | તુલ્ય | તુલ્ય | બે પ્રદેશ હીનાધિક | તુલ્ય | વર્ણાદિ ૧૬ બોલમાં છટ્ઠાણવડિયા |
| મધ્યમ સ્થિતિ | તુલ્ય | તુલ્ય | બે પ્રદેશ હીનાધિક | ચૌઠાણવડિયા | ૧૬ બોલમાં છટ્ઠાણ૰ |
| **દશ પ્રદેશી સ્કંધ** જ૰/ ઉ૰ સ્થિતિ | તુલ્ય | તુલ્ય | નવ પ્રદેશ હીનાધિક | તુલ્ય | વર્ણાદિ ૧૬ બોલમાં છટ્ઠાણવડિયા |
| મધ્યમ સ્થિતિ | તુલ્ય | તુલ્ય | નવ પ્રદેશ હીનાધિક | ચૌઠાણવડિયા | ૧૬ બોલમાં છટ્ઠાણ૰ |
| **સંખ્યાત પ્રદેશી સ્કંધ** જ૰/ઉ૰ સ્થિતિ | તુલ્ય | દુટ્ઠાણવડિયા | દુટ્ઠાણવડિયા | તુલ્ય | વર્ણાદિ ૧૬ બોલમાં છટ્ઠાણવડિયા |
| મધ્યમ સ્થિતિ | તુલ્ય | તુલ્ય | દુટ્ઠાણવડિયા | ચૌઠાણવડિયા | ૧૬ બોલમાં છટ્ઠાણ૰ |
| **અસંખ્ય પ્રદેશી સ્કંધ** જ૰/ઉ૰ સ્થિતિ | તુલ્ય | ચૌઠાણવડિયા | ચૌઠાણવડિયા | તુલ્ય | વર્ણાદિ ૧૬ બોલમાં છટ્ઠાણવડિયા |
| મધ્યમ સ્થિતિ | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | ચૌઠાણવડિયા | ૧૬ બોલમાં છટ્ઠાણ૰ |
| **અનંત પ્રદેશી સ્કંધ** જ૰/ઉ૰ સ્થિતિ | તુલ્ય | છટ્ઠાણવડિયા | ચૌઠાણવડિયા | તુલ્ય | વર્ણાદિ ૨૦ બોલમાં છટ્ઠાણવડિયા |
| મધ્યમ સ્થિતિ | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | ચૌઠાણવડિયા | ૨૦ બોલમાં છટ્ઠાણ૰ |

**જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ વર્ણાદિમાં પુદ્‌ગલ-પર્યાયો :–**

**६८** जहण्णगुणकालगाणं भंते ! परमाणुपोग्गलाणं केवइया पज्जवा पण्णत्ता ? गोयमा ! अणंता । से केणट्ठेणं भंते एवं वुच्चइ ?

गोयमा ! जहण्णगुणकालए परमाणुपोग्गले जहण्णगुणलकालगस्स परमाणुपोग्गलस्स

**दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए तुल्ले, ठिईए चउट्ठाणवडिए, काल-वण्णपज्जवेहिं तुल्ले, अवसेसा वण्णा णत्थि गंध-रस-फासपज्जवेहिं य छट्ठाणवडिए।**

**एवं उक्कोसगुणकालए वि । एवमजहण्णमणुक्कोसगुणकालए वि, णवरं सट्ठाणे छट्ठाणवडिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! જઘન્યગુણ કાળા પરમાણુ પુદ્‌ગલોના કેટલા પર્યાયો છે ? **ઉત્તર**– હે ગૌતમ ! અનંત પર્યાયો છે. **પ્રશ્ન**– હે ભગવન્ ! તેનું શું કારણ છે કે જઘન્ય ગુણ કાળા પરમાણુ પુદ્‌ગલોના અનંત પર્યાયો છે?

**ઉત્તર**– હે ગૌતમ ! જઘન્ય ગુણ કાળો એક પરમાણુ પુદ્‌ગલ, જઘન્ય ગુણ કાળા અન્ય પરમાણુ પુદ્‌ગલથી દ્રવ્યની અપેક્ષાએ તુલ્ય; પ્રદેશની અપેક્ષાએ તુલ્ય; અવગાહનાની અપેક્ષાએ તુલ્ય; સ્થિતિની અપેક્ષાએ ચૌઠાણવડિયા છે; કાળા વર્ણના પર્યાયોની અપેક્ષાએ તુલ્ય છે, તેમાં શેષ વર્ણ નથી તથા ગંધ, રસ અને બે સ્પર્શોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે. આ જ રીતે ઉત્કૃષ્ટ ગુણ કાળા પરમાણુ, પુદ્‌ગલોની પ્રરૂપણા સમજવી જોઈએ.

આ જ રીતે મધ્યમગુણ કાળા પરમાણુ-પુદ્‌ગલની પ્રરૂપણા સમજી લેવી જોઈએ. વિશેષતા એ છે કે તે સ્વસ્થાનમાં છટ્ઠાણવડિયા છે.

**६९ जहण्णगुणकालगाणं भंते ! दुपएसियाणं खंधाणं केवइया पज्जवा पण्णत्ता ? गोयमा ! अणंता । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ?**

**गोयमा ! जहण्णगुणकालए दुपएसिए खंधे जहण्णगुणकालगस्स दुपएसियस्स खंधस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले; ओगाहणट्ठयाए सिय हीणे, सिय तुल्ले, सिय अब्भहिए। जइ हीणे पएसहीणे, अह अब्भहिए पएसमब्भहिए; ठिईए चउट्ठाणवडिए, कालवण्णपज्जवेहिं तुल्ले, अवसेसवण्णादि-उवरिल्ल-चउफासेहि य छट्ठाणवडिए । से तेणट्ठेणं गोयमा एवं वुच्चइ ।**

**एवं उक्कोसगुणकालए वि । अजहण्णमणुक्कोसगुणकालए वि एवं चेव, णवरं सट्ठाणे छट्ठाणवडिए । एवं *जाव* दसपएसिए, णवरं पएसपरिवुड्डी, ओगाहणा तहेव ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! જઘન્યગુણ કાળા દ્વિપ્રદેશી સ્કંધોના કેટલા પર્યાયો છે ? **ઉત્તર**– હે ગૌતમ ! અનંત પર્યાયો છે. **પ્રશ્ન**– હે ભગવન્ ! તેનું શું કારણ છે કે જઘન્યગુણ કાળા દ્વિપ્રદેશી સ્કંધોના અનંત પર્યાયો છે ?

**ઉત્તર**– હે ગૌતમ ! જઘન્યગુણ કાળો એક દ્વિપ્રદેશી સ્કંધ, જઘન્યગુણ કાળા બીજા દ્વિપ્રદેશી સ્કંધથી દ્રવ્યની અપેક્ષાએ તુલ્ય; પ્રદેશોની અપેક્ષાએ તુલ્ય; અવગાહનાની અપેક્ષાએ કદાચિત્ હીન છે, કદાચિત્ તુલ્ય છે, કદાચિત્ અધિક છે. જો હીન હોય તો એક પ્રદેશ હીન હોય, જો અધિક હોય તો એક પ્રદેશ અધિક હોય; સ્થિતિની અપેક્ષાએ ચૌઠાણવડિયા; કાળા વર્ણ પર્યાયોની અપેક્ષાએ તુલ્ય અને શેષ વર્ણ તથા ચાર સ્પર્શોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે.

આ જ પ્રમાણે ઉત્કૃષ્ટગુણ કાળા દ્વિપ્રદેશીસ્કંધની પ્રરૂપણા સમજવી જોઈએ. મધ્યમગુણ કાળા દ્વિપ્રદેશી સ્કંધોનું કથન પણ આ પ્રકારે સમજવું જોઈએ. વિશેષતા એ છે કે તે સ્વસ્થાનમાં છટ્ઠાણવડિયા છે.

તેવી રીતે ***યાવત્*** દશપ્રદેશી સ્કંધોના વિષયમાં જાણવું જોઈએ. વિશેષતા એ છે કે તેના પ્રદેશોની ઉત્તરોત્તર વૃદ્ધિ કરવી જોઈએ. અવગાહનાની અપેક્ષાએ પણ તે જ પ્રમાણે છે.

**૭૦ जहण्णगुणकालगाणं भंते ! संखेज्जपएसियाणं खंधाणं केवइया पज्जवा पण्णत्ता ? गोयमा ! अणंता । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ?**

**गोयमा ! जहण्णगुणकालए संखेज्जपएसिए खंधे जहण्णगुणकालगस्स संखेज्ज पएसियस्स खंधस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए दुट्ठाणवडिए, ओगाहणट्ठयाए दुट्ठाणवडिए, ठिईए चउट्ठाणवडिए, कालवण्णपज्जवेहिं तुल्ले, अवसेसेहिं वण्णादि- उवरिल्लचउफासेहि य छट्ठाणवडिए । एवं उक्कोसगुणकालए वि । अजहण्णमणुक्कोसगुणकालए वि एवं चेव। णवरं सट्ठाणे छट्ठाणवडिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જઘન્યગુણ કાળા સંખ્યાત પ્રદેશી સ્કંધોના કેટલા પર્યાયો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંતપર્યાયો છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે જઘન્યગુણ કાળા સંખ્યાતપ્રદેશી સ્કંધોના અનંત પર્યાયો છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્યગુણ કાળો એક સંખ્યાતપ્રદેશી સ્કંધ, જઘન્યગુણ કાળા બીજા સંખ્યાત પ્રદેશી સ્કંધથી દ્રવ્યની અપેક્ષાએ તુલ્ય; પ્રદેશોની અપેક્ષાએ દુટ્ઠાણવડિયા હીનાધિક; અવગાહનાની અપેક્ષાએ દુટ્ઠાણવડિયા હીનાધિક; સ્થિતિની અપેક્ષાએ ચૌઠાણવડિયા; કાળાવર્ણના પર્યાયોની અપેક્ષાએ તુલ્ય અને શેષ વર્ણ આદિ તથા અંતિમ ચાર સ્પર્શોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે.

આ રીતે ઉત્કૃષ્ટ ગુણ કાળા સંખ્યાત પ્રદેશી સ્કંધોના વિષયમાં કહેવું જોઈએ. મધ્યમ ગુણ કાળા સંખ્યાત પ્રદેશી સ્કંધોના વિષયમાં પણ આ પ્રમાણે જ જાણવું જોઈએ. વિશેષતા એ છે કે તે સ્વસ્થાનમાં છટ્ઠાણવડિયા છે.

**૭૧ जहण्णगुणकालयाणं भंते ! असंखेज्जपएसियाणं खंधाणं केवइया पज्जवा पण्णत्ता? गोयमा ! अणंता । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ?**

**गोयमा ! जहण्णगुणकालए असंखेज्जपएसिए खंधे जहण्णगुणकालगस्स असंखेज्जपएसियस्स खंधस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए चउट्ठाणवडिए, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए चउट्ठाणवडिए, कालवण्णपज्जवेहिं तुल्ले, अवसेसेहिं वण्णादि- उवरिल्लचउफासेहिं य छट्ठाणवडिए ।**

**एवं उक्कोसगुणकालए वि । अजहण्णमणुक्कोसगुणकालए वि एवं चेव, णवरं सट्ठाणे छट्ठाणवडिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જઘન્યગુણ કાળા અસંખ્યાત પ્રદેશી સ્કંધોના કેટલા પર્યાયો છે ?

**ઉત્તર**– હે ગૌતમ ! અનંત પર્યાયો છે. **પ્રશ્ન**– હે ભગવન્ ! તેનું શું કારણ છે કે જઘન્ય ગુણ કાળા અસંખ્યાત પ્રદેશી સ્કંધોના અનંત પર્યાયો છે ?

**ઉત્તર**– હે ગૌતમ ! જઘન્ય ગુણ કાળો એક અસંખ્યાત પ્રદેશી સ્કંધ, જઘન્ય ગુણ કાળા બીજા અસંખ્યાત પ્રદેશી સ્કંધથી દ્રવ્યની અપેક્ષાએ તુલ્ય; પ્રદેશોની અપેક્ષાએ ચૌઠાણવડિયા હીનાધિક; અવગાહનાની અપેક્ષાએ ચૌઠાણવડિયા હીનાધિક; સ્થિતિની અપેક્ષાએ ચૌઠાણવડિયા હીનાધિક; કાળા વર્ણની અપેક્ષાએ તુલ્ય; શેષ વર્ણાદિ અને અંતિમ ચાર સ્પર્શની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે.

આ જ રીતે ઉત્કૃષ્ટ ગુણ કાળા અસંખ્યાત પ્રદેશી સ્કંધોનું કથન કરવું જોઈએ. આ જ રીતે મધ્યમગુણ કાળા અસંખ્યાતપ્રદેશી સ્કંધોના વિષયમાં પણ કહેવું જોઈએ. વિશેષતા એ છે કે તે સ્વસ્થાનમાં છટ્ઠાણવડિયા છે.

**૭૨ जहण्णगुणकालगाणं भंते ! अणंतपएसियाणं खंधाणं केवइया पज्जवा पण्णत्ता? गोयमा ! अणंता । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ?**

**गोयमा ! जहण्णगुणकालए अणंतपएसिए खंधे जहण्णगुणकालयस्स अणंतपएसियस्स खंधस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए छट्ठाणवडिए, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए चउट्ठाणवडिए, कालवण्णपज्जवेहिं तुल्ले, अवसेसेहिं वण्णादि अट्ठफासेहिं य छट्ठाणवडिए।**

**एवं उक्कोसगुणकालए वि । अजहण्णमणुक्कोसगुणकालए वि एवं चेव, णवरं सट्ठाणे छट्ठाणवडिए ।**

**एवं णील-लोहिय-हालिद्द-सुक्किल्ल-सुब्भिगंध-दुब्भिगंध-तित्त-कडुय-कसाय-अंबिल-महुर-रसपज्जवेहिं य वत्तव्वया भाणियव्वा । णवरं परमाणु-पोग्गलस्स सुब्भिगंधस्स दुब्भिगंधो ण भण्णइ, दुब्भिगंधस्स सुब्भिगंधो ण भण्णइ, तित्तस्स अवसेसा रसा ण भण्णंति। एवं कडुयाईण वि । सेसं तं चेव ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! જઘન્યગુણ કાળા અનંત પ્રદેશી સ્કંધના કેટલા પર્યાયો છે ? **ઉત્તર**– હે ગૌતમ ! અનંત પર્યાયો છે. **પ્રશ્ન**– હે ભગવન્ ! તેનું શું કારણ છે કે જઘન્યગુણ કાળા અનંત પ્રદેશી સ્કંધોના અનંત પર્યાયો છે ?

**ઉત્તર**– હે ગૌતમ ! જઘન્ય ગુણ કાળો એક અનંતપ્રદેશી સ્કંધ, જઘન્ય ગુણ કાળા અન્ય અનંત પ્રદેશી સ્કંધથી દ્રવ્યની અપેક્ષાએ તુલ્ય; પ્રદેશોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા; અવગાહનાની અપેક્ષાએ ચૌઠાણવડિયા; સ્થિતિની અપેક્ષાએ ચૌઠાણવડિયા; કાળા વર્ણપર્યાયોની અપેક્ષાએ તુલ્ય; શેષ વર્ણાદિ અને આઠ સ્પર્શોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે.

આ જ રીતે ઉત્કૃષ્ટ ગુણ કાળા અનંત પ્રદેશી સ્કંધોના વિષયમાં જાણવું જોઈએ. આ જ રીતે મધ્યમગુણ કાળા અનંત પ્રદેશી સ્કંધોનું કથન કરવું જોઈએ.

આ રીતે નીલ, લાલ, પીળો, શ્વેત વર્ણ; સુગંધ, દુર્ગંધ; તિક્ત-તીખા, કડવા, કષાયેલા, ખાટા, મધુરરસ વગેરેના પર્યાયોથી પણ અનંતપ્રદેશી સ્કંધોની વક્તવ્યતા કહેવી જોઈએ. વિશેષતા એ છે કે

સુગંધવાળા પરમાણુ પુદ્‌ગલમાં દુર્ગંધનું કથન ન કરવું અને દુર્ગંધવાળા પરમાણુ પુદ્‌ગલમાં સુગંધનું કથન ન કરવું. કારણ કે તે પરસ્પર વિરોધી છે. તિક્ત રસમાં શેષ રસ ન હોવાથી તેનું કથન ન કરવું. કટુ આદિ રસોના વિષયમાં પણ આ રીતે જ સમજવું જોઈએ એટલે કે પ્રતિપક્ષી રસ ન કહેવા. શેષ કથન પૂર્વવત્ છે.

**૭૩** **जहण्णगुणकक्खडाणं अणंतपएसियाणं खंधाणं केवइया पज्जवा पण्णत्ता? गोयमा ! अणंता । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ?**

**गोयमा ! जहण्णगुणक्कखडे अणंतपएसिए खंधे जहण्णगुणकक्खडस्स अणंतपएसियस्स खंधस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए छट्ठाणवडिए, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए चउट्ठाणवडिए, वण्ण-गंध-रसेहिं छट्ठाणवडिए, कक्खडफासपज्जवेहिं तुल्ले, अवसेसेहिं सत्तफासपज्जवेहिं छट्ठाणवडिए ।**

**एवं उक्कोसगुणक्कखडे वि । अजहण्णमणुक्कोसगुणक्कखडे वि एवं चेव । णवरं सट्ठाणे छट्ठाणवडिए । एवं मउय-गरुय-लहुए वि भाणियव्वे ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જઘન્યગુણ કર્કશ અનંતપ્રદેશી સ્કંધોના કેટલા પર્યાયો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંત પર્યાયો છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે જઘન્યગુણ કર્કશ અનંતપ્રદેશી સ્કંધોના અનંત પર્યાયો છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્યગુણ કર્કશ એક અનંત પ્રદેશી સ્કંધ, જઘન્યગુણ કર્કશ બીજા અનંતપ્રદેશી સ્કંધથી દ્રવ્યની અપેક્ષાએ તુલ્ય; પ્રદેશોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા; અવગાહનાની અપેક્ષાએ ચૌઠાણવડિયા; સ્થિતિની અપેક્ષાએ ચૌઠાણવડિયા; વર્ણ, ગંધ, રસની અપેક્ષાએ છટ્ઠાણવડિયા; કર્કશ પર્યાયોની અપેક્ષાએ તુલ્ય અને શેષ સાત સ્પર્શોના પર્યાયોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે.

આ જ રીતે ઉત્કૃષ્ટગુણ કર્કશ અનંતપ્રદેશી સ્કંધોના વિષયમાં જાણવું જોઈએ. આ જ રીતે મધ્યમગુણ કર્કશ અનંતપ્રદેશી સ્કંધોના વિષે પણ કથન કરવું જોઈએ. વિશેષતા એ છે કે સ્વસ્થાનમાં છટ્ઠાણવડિયા છે. આ રીતે મૃદુ, ગુરુ(ભારે) અને લઘુ(હળવા) સ્પર્શવાળા અનંતપ્રદેશી સ્કંધના વિષયમાં કથન કરવું જોઈએ.

**૭૪** **जहण्णगुणसीयाणं भंते ! परमाणुपोग्गलाणं केवइया पज्जवा पण्णत्ता ? गोयमा ! अणंता । से केणट्ठेणं भंते एवं वुच्चइ ?**

**गोयमा ! जहण्णगुणसीए परमाणुपोग्गले जहण्णगुणसीयस्स परमाणुपोग्गलस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए तुल्ले, ठिईए चउट्ठाणवडिए, वण्ण-गंध-रसेहिं छट्ठाणवडिए, सीयफासपज्जवेहिं य तुल्ले, उसिणफासो ण भण्णइ, णिद्ध-लुक्खफासपज्जवेहिं छट्ठाणवडिए ।**

**एवं उक्कोसगुणसीए वि । अजहण्णमणुक्कोसगुणसीए वि एवं चेव । णवरं सट्ठाणे छट्ठाणवडिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જઘન્યગુણ શીત પરમાણુ પુદ્‌ગલોના કેટલા પર્યાયો છે ? **ઉત્તર–** હે

ગૌતમ ! અનંત પર્યાયો છે. **પ્રશ્ન**– હે ભગવન્ ! તેનું શું કારણ છે કે જઘન્ય ગુણ શીત પરમાણુ પુદ્ગલોના અનંત પર્યાયો છે?

**ઉત્તર**– હે ગૌતમ ! જઘન્ય ગુણ શીત સ્પર્શવાળો એક પરમાણુ પુદ્ગલ, જઘન્યગુણ શીત સ્પર્શ-વાળા બીજા પરમાણુ પુદ્ગલથી દ્રવ્યની અપેક્ષાએ તુલ્ય છે, પ્રદેશની અપેક્ષાએ તુલ્ય; અવગાહનાની અપેક્ષાએ તુલ્ય; સ્થિતિની અપેક્ષાએ ચૌઠાણવડિયા; વર્ણ, ગંધ અને રસની અપેક્ષાએ છટ્ઠાણવડિયા; શીત સ્પર્શ પર્યાયોથી તુલ્ય છે; શીત સ્પર્શ હોય ત્યાં ઉષ્ણ સ્પર્શ હોતો નથી, સ્નિગ્ધ અને રૂક્ષ સ્પર્શ પર્યાયોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે.

આ જ રીતે ઉત્કૃષ્ટ ગુણ શીત પરમાણુ પુદ્ગલોના વિષયમાં કહેવું જોઈએ. આ જ રીતે મધ્યમગુણ શીત પરમાણુ પુદ્ગલોના સંબંધમાં પણ કહેવું જોઈએ. વિશેષતા એ છે કે સ્વસ્થાનમાં છટ્ઠાણવડિયા છે.

**૭૫ जहण्णगुणसीयाणं दुपएसियाणं खंधाणं केवइया पज्जवा पण्णत्ता ? गोयमा ! अणंता । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ?**

**गोयमा ! जहण्णगुणसीए दुपएसिए जहण्णगुणसीयस्स दुपएसियस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए सिय हीणे, सिय तुल्ले, सिय अब्भहिए, जइ हीणे पएसहीणे, अह अब्भहिए पएसमब्भहिए, ठिईए चउट्ठाणवडिए, वण्ण-गंध-रसपज्जवेहिं छट्ठाणवडिए, सीयफासपज्जवेहिं तुल्ले, उसिण-णिद्ध-लुक्खफासपज्जवेहिं छट्ठाणवडिए ।**

**एवं उक्कोसगुणसीए वि । अजहण्णमणुक्कोसगुणसीए वि एवं चेव, णवरं सट्ठाणे छट्ठाणवडिए । एवं** *जाव* **दसपएसिए । णवरं ओगाहणट्ठयाए पएसपरिवड्ढी कायव्वा** *जाव* **दसपएसियस्स णव पएसा वड्ढिज्जंति ।**

**ભાવાર્થ :– પ્રશ્ન**– હે ભગવન્ ! જઘન્ય ગુણ શીત દ્વિપ્રદેશી સ્કંધોના કેટલા પર્યાયો છે ? **ઉત્તર**– હે ગૌતમ ! અનંત પર્યાયો છે. **પ્રશ્ન**– હે ભગવન્ ! તેનું શું કારણ છે કે, જઘન્ય ગુણ શીત દ્વિપ્રદેશી સ્કંધોના અનંત પર્યાયો છે ?

**ઉત્તર**– હે ગૌતમ ! જઘન્ય ગુણ શીત સ્પર્શવાળો એક દ્વિપ્રદેશી સ્કંધ, જઘન્ય ગુણ શીત સ્પર્શ-વાળા બીજા દ્વિપ્રદેશી સ્કંધથી દ્રવ્યની અપેક્ષાએ તુલ્ય; પ્રદેશોની અપેક્ષાએ તુલ્ય; અવગાહનાની અપેક્ષાએ કદાચિત્ હીન, કદાચિત્ તુલ્ય અને કદાચિત્ અધિક હોય છે. જો હીન હોય તો એક પ્રદેશ હીન હોય છે, જો અધિક હોય તો એક પ્રદેશ અધિક હોય છે. સ્થિતિની અપેક્ષાએ ચૌઠાણવડિયા; વર્ણ, ગંધ, અને રસપર્યાયની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે; શીત સ્પર્શપર્યાયોની અપેક્ષાએ તુલ્ય અને ઉષ્ણ, સ્નિગ્ધ તથા રૂક્ષ સ્પર્શના પર્યાયોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે.

આ જ રીતે ઉત્કૃષ્ટ ગુણ શીત સ્પર્શવાળા દ્વિપ્રદેશી સ્કંધોના પર્યાયો સંબંધી વક્તવ્યતા જાણવી જોઈએ. આ જ રીતે મધ્યમ ગુણ શીત દ્વિપ્રદેશી સ્કંધોના પર્યાય સંબંધી કથન કરવું જોઈએ.

આ રીતે દશપ્રદેશી સુધીના સ્કંધોની વક્તવ્યતા સમજી લેવી જોઈએ. વિશેષતા એ છે કે અવગાહનાની અપેક્ષાએ એક-એક પ્રદેશની વૃદ્ધિ કરવી જોઈએ. આ રીતે દશ પ્રદેશી સ્કંધ સુધી નવ પ્રદેશ વધે છે.

**૭૬** **जहण्णगुणसीयाणं भंते ! संखेज्ज पएसियाणं खंधाणं केवइया पज्जवा पण्णत्ता ? गोयमा ! अणंता । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ?**

**गोयमा ! जहण्णगुणसीए संखेज्जपएसिए खंधे जहण्णगुणसीयस्स संखेज्जपएसियस्स खंधस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए दुट्ठाणवडिए, ओगाहणट्ठयाए दुट्ठाणवडिए, ठिईए चउट्ठाणवडिए, वण्णाईहिं छट्ठाणवडिए, सीयफासपज्जवेहिं तुल्ले, उसिण-णिद्ध-लुक्खेहिं छट्ठाणवडिए ।**

**एवं उक्कोसगुणसीए वि । अजहण्णमणुक्कोसगुणसीए वि एवं चेव, णवरं सट्ठाणे छट्ठाणवडिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જઘન્ય ગુણ શીત સ્પર્શવાળા સંખ્યાતપ્રદેશી સ્કંધોના કેટલા પર્યાયો છે? **ઉત્તર–** હે ગૌતમ ! અનંત પર્યાયો છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે જઘન્યગુણ શીત સ્પર્શ- વાળા સંખ્યાતપ્રદેશી સ્કંધોના અનંત પર્યાયો છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય ગુણ શીત સ્પર્શવાળા એક સંખ્યાત પ્રદેશી સ્કંધ, જઘન્ય ગુણ શીત સ્પર્શવાળા અન્ય સંખ્યાત પ્રદેશી સ્કંધથી દ્રવ્યની અપેક્ષાએ તુલ્ય; પ્રદેશોની અપેક્ષાએ દુટ્ઠાણવડિયા; અવગાહનાની અપેક્ષાએ દુટ્ઠાણવડિયા છે; સ્થિતિની અપેક્ષાએ ચૌઠાણવડિયા છે; વર્ણ, ગંધ, રસની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે; શીત સ્પર્શની અપેક્ષાએ તુલ્ય અને ઉષ્ણ, સ્નિગ્ધ, રૂક્ષ સ્પર્શની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે.

આ જ રીતે ઉત્કૃષ્ટ ગુણ શીત સ્પર્શવાળા સંખ્યાત પ્રદેશી સ્કંધો સંબંધી પ્રરૂપણા કરવી જોઈએ. મધ્યમ ગુણ શીત સ્પર્શવાળા સંખ્યાત પ્રદેશી સ્કંધો સંબંધી કથન પણ આ જ રીતે કરવું જોઈએ. વિશેષતા એ છે કે તે સ્વસ્થાનમાં છટ્ઠાણવડિયા છે.

**૭૭** **जहण्णगुणसीयाणं भंते ! असंखेज्जपएसियाणं खंधाणं केवइया पज्जवा पण्णत्ता? गोयमा ! अणंता । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ?**

**गोयमा ! जहण्णगुणसीए असंखेज्जपएसिए खंधे जहण्णगुणसीयस्स असंखेज्ज-पएसियस्स खंधस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए चउट्ठाणवडिए, ओगाहणट्ठयाए चउट्ठाण-वडिए, ठिईए चउट्ठाणवडिए, वण्णादिपज्जवेहिं छट्ठाणवडिए, सीयफासपज्जवेहिं तुल्ले, उसिण-णिद्ध-लुक्खफासपज्जवेहिं छट्ठाणवडिए ।**

**एवं उक्कोसगुणसीए वि । अजहण्णमणुक्कोसगुणसीए वि एवं चेव, णवरं सट्ठाणे छट्ठाणवडिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જઘન્યગુણ શીત સ્પર્શવાળા અસંખ્યાત પ્રદેશી સ્કંધોના કેટલા પર્યાયો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંતપર્યાયો છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે જઘન્ય ગુણ શીત સ્પર્શવાળા અસંખ્યાત પ્રદેશી સ્કંધોના અનંત પર્યાયો છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય ગુણ શીત સ્પર્શવાળો એક અસંખ્યાત પ્રદેશી સ્કંધ, જઘન્યગુણશીત

સ્પર્શવાળા અન્ય અસંખ્યાત પ્રદેશી સ્કંધથી દ્રવ્યની અપેક્ષાએ તુલ્ય; પ્રદેશોની અપેક્ષાએ ચૌઠાણવડિયા છે; અવગાહનાની અપેક્ષાએ ચૌઠાણવડિયા; સ્થિતિની અપેક્ષાએ ચૌઠાણવડિયા; વર્ણાદિની અપેક્ષાએ છટ્ઠાણવડિયા; શીત સ્પર્શની અપેક્ષાએ તુલ્ય અને ઉષ્ણ, સ્નિગ્ધ, રૂક્ષ સ્પર્શની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે.

આ જ રીતે ઉત્કૃષ્ટગુણશીત સ્પર્શવાળા અસંખ્યાતપ્રદેશી સ્કંધો સંબંધી પ્રરૂપણા કરવી જોઈએ. મધ્યમગુણ શીત સ્પર્શવાળા અસંખ્યાતપ્રદેશી સ્કંધો વિષયક પ્રરૂપણા પણ આ જ રીતે કરવી જોઈએ. વિશેષતા એ છે કે તે સ્વસ્થાનમાં છટ્ઠાણવડિયા હોય છે.

**૭૮ जहण्णगुणसीयाणं भंते ! अणंतपएसियाणं खंधाणं केवइया पज्जवा पण्णत्ता? गोयमा ! अणंता । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ।**

**गोयमा ! जहण्णगुणसीए अणंतपएसिए खंधे जहण्णगुणसीयस्स अणंतपएसियस्स खंधस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए छट्ठाणवडिए, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए चउट्ठाणवडिए वण्णादिपज्जवेहिं छट्ठाणवडिए, सीयफासपज्जवेहिं तुल्ले, अवसेसेहिं सत्तफासपज्जवेहिं छट्ठाणवडिए ।**

**एवं उक्कोसगुणसीए वि । अजहण्णमणुक्कोसगुणसीए वि एवं चेव । णवरं सट्ठाणे छट्ठाणवडिए ।**

**एवं उसिणे णिद्धे लुक्खे जहा सीए । परमाणुपोग्गलस्स तहेव पडिवक्खो सव्वेसिं ण भण्णइ त्ति भाणियव्वं ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જઘન્યગુણ શીત સ્પર્શવાળા અનંત પ્રદેશી સ્કંધોના કેટલા પર્યાયો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંત પર્યાયો છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે, જઘન્યગુણ શીત સ્પર્શ-વાળા અનંતપ્રદેશી સ્કંધોના અનંત પર્યાયો છે?

**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્યગુણ શીત સ્પર્શવાળો એક અનંત પ્રદેશી સ્કંધ, જઘન્યગુણ શીત સ્પર્શ-વાળા અન્ય અનંત પ્રદેશી સ્કંધથી દ્રવ્યની અપેક્ષાએ તુલ્ય; પ્રદેશોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા; અવગાહનાની અપેક્ષાએ ચૌઠાણવડિયા; સ્થિતિની અપેક્ષાએ ચૌઠાણવડિયા; વર્ણાદિ પર્યાયોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે. શીત સ્પર્શની અપેક્ષાએ તુલ્ય છે, શેષ સાત સ્પર્શની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે.

આ જ રીતે ઉત્કૃષ્ટ ગુણ શીત સ્પર્શવાળા અનંતપ્રદેશી સ્કંધોના વિષયમાં કહેવું જોઈએ. મધ્યમગુણ શીત સ્પર્શવાળા અનંત પ્રદેશી સ્કંધો સંબંધી પ્રરૂપણા પણ આ જ રીતે કરવી જોઈએ. વિશેષતા એ છે કે સ્વસ્થાનમાં છટ્ઠાણવડિયા છે. અર્થાત્ આઠે સ્પર્શની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે.

જે રીતે(જઘન્યાદિ યુક્ત) શીતસ્પર્શવાળા પરમાણુથી અનંતપ્રદેશી સ્કંધોના વિષયમાં કહ્યું, તે જ રીતે ઉષ્ણ, સ્નિગ્ધ, રૂક્ષ સ્પર્શના પરમાણુ ***યાવત્*** અનંત પ્રદેશી સ્કંધના વિષયમાં કહેવું. તેમાં પણ પરમાણુ પુદ્ગલના કથનમાં સર્વત્ર પ્રતિપક્ષી સ્પર્શ ન કહેવા અર્થાત્ પરમાણુમાં શીત સ્પર્શ હોય તો ઉષ્ણ સ્પર્શ ન હોય, ઉષ્ણ સ્પર્શ હોય તો શીત સ્પર્શ ન હોય, સ્નિગ્ધ સ્પર્શ હોય તો રૂક્ષ સ્પર્શ ન હોય અને રૂક્ષ સ્પર્શ હોય તો સ્નિગ્ધ સ્પર્શ હોતો નથી.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં પરમાણુ આદિ પુદ્ગલ સ્કંધોમાં જઘન્ય, ઉત્કૃષ્ટ અને મધ્યમ વર્ણાદિ ભાવોની અપેક્ષાએ પર્યાયોનું કથન છે.

પરમાણુથી લઈને અનંતપ્રદેશી સુધીના સ્કંધોમાં જે જઘન્ય કે ઉત્કૃષ્ટ ગુણ વર્ણાદિની પૃચ્છા હોય તે વર્ણાદિ સ્વસ્થાનથી તુલ્ય હોય છે. જેમ કે જઘન્ય ગુણ કાળો પરમાણુ, જઘન્ય ગુણ અન્ય સર્વ કાળા પરમાણુઓથી કાળા વર્ણની અપેક્ષાએ તુલ્ય હોય છે, શેષ વર્ણાદિની અપેક્ષાએ છટ્ઠાણવડિયા હોય છે.

પરમાણુથી લઈને અનંતપ્રદેશી સુધીના સ્કંધોમાં જે મધ્યમ ગુણ વર્ણાદિની પૃચ્છા હોય, તે વર્ણાદિમાં પણ(સ્વસ્થાનમાં) છટ્ઠાણવડિયા હીનાધિકતા હોય છે. કારણ કે મધ્યમ ગુણ વર્ણાદિના અનંતસ્થાન છે.

વર્ણાદિ ૨૦ બોલમાંથી એક પરમાણુમાં કોઈ પણ એક વર્ણ, એક ગંધ, એક રસ અને બે સ્પર્શ; એમ કુલ પાંચ બોલ હોય છે. પરમાણુ એક પ્રદેશી છે, તેથી તેમાં એકથી વધારે વર્ણાદિ અને બેથી વધારે સ્પર્શ હોતા નથી અર્થાત્ શીત અને ઉષ્ણમાંથી કોઈપણ એક સ્પર્શ અને સ્નિગ્ધ-રૂક્ષમાંથી કોઈપણ એક સ્પર્શ, તેમ પરમાણુમાં બે સ્પર્શ હોય છે અને અનેક પરમાણુઓમાં પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ અને ચાર સ્પર્શ, કુલ સોળ બોલ હોય છે. અનંત પ્રદેશી બાદર સ્કંધ સિવાય બધા જ સ્કંધોમાં ચાર સ્પર્શ સહિત વર્ણાદિ ૧૬ બોલ હોય છે અને અનંત પ્રદેશી બાદર સ્કંધમાં આઠ સ્પર્શ સહિત વર્ણાદિ ૨૦ બોલ હોય છે. આ રીતે પરમાણુ અને દ્વિપ્રદેશીથી અનંતપ્રદેશી સુધીના સ્કંધોમાં વર્ણાદિની અનંત પર્યાયો થાય છે.

**વર્ણાદિની અપેક્ષાએ પુદ્ગલ પર્યાયો :–**

| પુદ્ગલ પ્રકાર | પ્રદેશથી | અવગાહનાથી | સ્થિતિથી | વર્ણાદિથી (૨૦ બોલ) |
|---|---|---|---|---|
| **પરમાણુ** જઘન્ય અને ઉત્કૃષ્ટ કાળાવર્ણ | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | કાળા વર્ણથી તુલ્ય અન્ય ગંધાદિ ૧૧ બોલ છટ્ઠાણવડિયા |
| મધ્યમ કાળાવર્ણ | તુલ્ય | તુલ્ય | ચૌઠાણવડિયા | ૧૨ બોલમાં છટ્ઠાણવડિયા |
| **દ્વિપ્રદેશી સ્કંધ** જઘન્ય અને ઉત્કૃષ્ટ કાળાવર્ણ | તુલ્ય | એક પ્રદેશ હીનાધિક અથવા તુલ્ય | ચૌઠાણવડિયા | કાળા વર્ણથી તુલ્ય અન્ય વર્ણાદિ ૧૫ બોલમાં છટ્ઠાણવડિયા |
| મધ્યમ કાળાવર્ણ | તુલ્ય | " | ચૌઠાણવડિયા | ૧૬ બોલ છટ્ઠાણવડિયા |
| **દશ પ્રદેશી સ્કંધ** જઘન્ય અને ઉત્કૃષ્ટ કાળાવર્ણ | તુલ્ય | નવ પ્રદેશ હીનાધિક અથવા તુલ્ય | ચૌઠાણવડિયા | કાળા વર્ણથી તુલ્ય અન્ય વર્ણાદિ ૧૫ બોલમાં છટ્ઠાણવડિયા |
| મધ્યમ કાળાવર્ણ | તુલ્ય | " | ચૌઠાણવડિયા | ૧૬ બોલમાં છટ્ઠાણવડિયા |
| **સંખ્યાત પ્રદેશી** જઘન્ય અને ઉત્કૃષ્ટ કાળાવર્ણ | દુટ્ઠાણવડિયા | દુટ્ઠાણવડિયા | ચૌઠાણવડિયા | કાળા વર્ણથી તુલ્ય અન્ય વર્ણાદિ ૧૫ બોલ છટ્ઠાણવડિયા |
| મધ્યમ કાળાવર્ણ | દુટ્ઠાણવડિયા | દુટ્ઠાણવડિયા | ચૌઠાણવડિયા | ૧૬ બોલમાં છટ્ઠાણવડિયા |

| પુદ્ગલ પ્રકાર | પ્રદેશથી | અવગાહનાથી | સ્થિતિથી | વર્ણાદિથી (૨૦ બોલ) |
|---|---|---|---|---|
| **અસંખ્યાત પ્રદેશી** જઘન્ય અને ઉત્કૃષ્ટ કાળાવર્ણ | ચૌઠાણવડિયા | ચૌઠાણવડિયા | ચૌઠાણવડિયા | કાળા વર્ણથી તુલ્ય અન્ય વર્ણાદિ ૧૫ બોલમાં છટ્ઠાણવડિયા |
| મધ્યમ કાળાવર્ણ | ચૌઠાણવડિયા | ચૌઠાણવડિયા | ચૌઠાણવડિયા | ૧૬ બોલમાં છટ્ઠાણવડિયા |
| **અનંત પ્રદેશી સ્કંધ** જઘન્ય અને ઉત્કૃષ્ટ કાળાવર્ણ | છટ્ઠાણવડિયા | ચૌઠાણવડિયા | ચૌઠાણવડિયા | કાળા વર્ણથી તુલ્ય, અન્ય વર્ણાદિ ૧૯ બોલમાં છટ્ઠાણવડિયા |
| મધ્યમ કાળાવર્ણ | છટ્ઠાણવડિયા | ચૌઠાણવડિયા | ચૌઠાણવડિયા | ૨૦ બોલમાં છટ્ઠાણ૦ |
| **અનંત પ્રદેશી સ્કંધ** જઘન્ય અને ઉત્કૃષ્ટ કર્કશ સ્પર્શ | છટ્ઠાણવડિયા | ચૌઠાણવડિયા | ચૌઠાણવડિયા | કર્કશ સ્પર્શથી તુલ્ય, અન્ય વર્ણાદિ ૧૯ બોલમાં છટ્ઠાણવડિયા |
| મધ્યમ કર્કશ સ્પર્શ | છટ્ઠાણવડિયા | ચૌઠાણવડિયા | ચૌઠાણવડિયા | ૨૦ બોલમાં છટ્ઠાણવડિયા |

★ કાળા વર્ણની જેમ અન્ય ચાર વર્ણ, બે ગંધ, પાંચ રસ અને ચાર અંતિમ સ્પર્શનું કથન કરવું.

★ સર્વત્ર પરમાણુમાં વર્ણ કે ગંધ આદિ જેની પૃચ્છા હોય તેના પ્રતિપક્ષી શેષ વર્ણ કે ગંધ આદિ ન કહેવા.

★ કર્કશ સ્પર્શની જેમ મૃદુ, હળવો, ભારે સ્પર્શયુક્ત અનંતપ્રદેશી સ્કંધનું કથન કરવું. આ ચારે સ્પર્શમાં પરમાણુથી અસંખ્ય પ્રદેશી સુધીના સ્કંધોનું કથન ન કરવું, કારણ કે આ ચાર સ્પર્શ માત્ર અનંતપ્રદેશી સ્કંધમાં જ હોય છે.

**જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ પ્રદેશોની અપેક્ષાએ પર્યાયો :–**

**૭૯ जहण्णपएसियाणं भंते ! खंधाणं केवइया पज्जवा पण्णत्ता ? गोयमा ! अणंता । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ?**

**गोयमा ! जहण्णपएसिए खंधे जहण्णपएसियस्स खंधस्स दव्वट्ठयाए तुल्ले; पएसट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए सिय हीणे सिय तुल्ले सिय अब्भहिए, जइ हीणे पएसहीणे, जइ अब्भहिए पएसमब्भहिए; ठिईए चउट्ठाणवडिए, वण्ण-गंध-रस-उवरिल्ल-चउफासपज्जवेहिं छट्ठाणवडिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જઘન્યપ્રદેશી સ્કંધોના કેટલા પર્યાયો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંત પર્યાયો છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે જઘન્ય પ્રદેશી સ્કંધોના અનંત પર્યાયો છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્યપ્રદેશી એક સ્કંધ, જઘન્ય પ્રદેશી બીજા સ્કંધથી દ્રવ્યની અપેક્ષાએ તુલ્ય છે, પ્રદેશોની અપેક્ષાએ તુલ્ય; અવગાહનાની અપેક્ષાએ કદાચિત્ હીન છે, કદાચિત્ તુલ્ય છે અને કદાચિત્ અધિક છે. જો હીન હોય તો, એક પ્રદેશ હીન અને અધિક હોય તો પણ એક પ્રદેશ અધિક હોય છે. સ્થિતિની અપેક્ષાએ ચૌઠાણવડિયા અને વર્ણ, ગંધ, રસ તથા અંતિમ ચાર સ્પર્શોના પર્યાયોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે.

**૮૦ उक्कोसपएसियाणं भंते ! खंधाणं केवइया पज्जवा पण्णत्ता ? गोयमा ! अणंता ।**

**से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ?**

**गोयमा ! उक्कोसपएसिए खंधे उक्कोसपएसियस्स खंधस्स दव्वट्ठयाए तुल्ले, पए सट्ठयाए तुल्ले, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए चउट्ठाणवडिए, वण्णादि-अट्ठफासपज्जवेहिं य छट्ठाणवडिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! ઉત્કૃષ્ટપ્રદેશી સ્કંધોના કેટલા પર્યાયો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંતપર્યાયો છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે ઉત્કૃષ્ટ પ્રદેશી સ્કંધોના અનંત પર્યાયો છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! ઉત્કૃષ્ટપ્રદેશી એક સ્કંધ, ઉત્કૃષ્ટ પ્રદેશી અન્ય સ્કંધથી દ્રવ્યની અપેક્ષાએ તુલ્ય; પ્રદેશોની અપેક્ષાએ તુલ્ય; અવગાહનાની અપેક્ષાએ ચૌઠાણવડિયા; સ્થિતિની અપેક્ષાએ ચૌઠાણવડિયા અને વર્ણાદિ તથા આઠ સ્પર્શોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે.

**૮૧ अजहण्णमणुक्कोसपएसियाणं भंते ! खंधाणं केवइया पज्जवा पण्णत्ता ? गोयमा ! अणंता । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ?**

**गोयमा ! अजहण्णमणुक्कोसपएसिए खंधे अजहण्णमणुक्कोसपएसियस्स खंधस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए छट्ठाणवडिए, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए चउट्ठाणवडिए, वण्णादि अट्ठफासपज्जवेहि य छट्ठाणवडिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મધ્યમ પ્રદેશી સ્કંધોના કેટલા પર્યાયો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંત પર્યાયો છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે મધ્યમ પ્રદેશી સ્કંધોના અનંત પર્યાયો છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! મધ્યમ પ્રદેશી એક સ્કંધ, મધ્યમપ્રદેશી અન્ય સ્કંધથી દ્રવ્યની અપેક્ષાએ તુલ્ય; પ્રદેશોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા; અવગાહનાની અપેક્ષાએ ચૌઠાણવડિયા; સ્થિતિની અપેક્ષાએ ચૌઠાણવડિયા અને વર્ણાદિ તથા આઠ સ્પર્શોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં સમુચ્ચય રૂપે જઘન્ય, ઉત્કૃષ્ટ અને મધ્યમપ્રદેશી સ્કંધના પર્યાયોનું કથન છે.

દ્વિપ્રદેશી સ્કંધ **જઘન્યપ્રદેશી સ્કંધ** છે. અનંતના અનંત ભેદ હોવાથી સર્વોત્કૃષ્ટ અનંતપ્રદેશી સ્કંધ **ઉત્કૃષ્ટપ્રદેશી સ્કંધ** છે અને ત્રિપ્રદેશીથી અનંતપ્રદેશી સુધીના સ્કંધો **મધ્યમપ્રદેશી સ્કંધ** છે. જઘન્યપ્રદેશી સ્કંધ દ્વિપ્રદેશી હોવાથી તેમાં ચાર સ્પર્શ હોય, ઉત્કૃષ્ટ પ્રદેશી સ્કંધ બાદર અનંત પ્રદેશી હોવાથી તેમાં આઠ સ્પર્શ હોય છે અને મધ્યમ પ્રદેશી સ્કંધમાં અનેક પ્રકારના સ્કંધો હોવાથી સમુચ્ચય રૂપે આઠ સ્પર્શ હોય છે. સંપૂર્ણ લોકવ્યાપી જે સ્કંધો હોય છે તે ઉત્કૃષ્ટ પ્રદેશી હોતા નથી, મધ્યમ પ્રદેશી હોય છે. તેથી ઉત્કૃષ્ટ પ્રદેશીમાં અવગાહના તથા સ્થિતિ ચૌઠાણવડિયા કહી છે અને મધ્યમ પ્રદેશીમાં અનંતાનંત પ્રકારના સ્કંધો હોવાથી ત્યાં પણ સ્થિતિ અને અવગાહના ચૌઠાણવડિયા જ થાય છે.

**જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ અવગાહનાની અપેક્ષાએ પર્યાયો :–**

**૮૨ जहण्णोगाहणगाणं भंते ! पोग्गलाणं केवइया पज्जवा पण्णत्ता ? गोयमा ! अणंता। से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ?**

**गोयमा ! जहण्णोगाहणगाए पोग्गले जहण्णोगाहणगस्स पोग्गलस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए छट्ठाणवडिए, ओगाहणट्ठयाए तुल्ले, ठिईए चउट्ठाणवडिए, वण्णादि उवरिल्लफासेहि य छट्ठाणवडिए । उक्कोसोगाहणगाए वि एवं चेव । णवरं ठिईए तुल्ले।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જઘન્ય અવગાહનાવાળા પુદ્‌ગલોના કેટલા પર્યાયો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંતપર્યાયો છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે જઘન્ય અવગાહનાવાળા પુદ્‌ગલ સ્કંધોના અનંત પર્યાયો છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય અવગાહનાવાળો એક પુદ્‌ગલ સ્કંધ જઘન્ય અવગાહનાવાળા બીજા પુદ્‌ગલ સ્કંધથી દ્રવ્યની અપેક્ષાએ તુલ્ય; પ્રદેશોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા; અવગાહનાની અપેક્ષાએ તુલ્ય; સ્થિતિની અપેક્ષાએ ચૌઠાણવડિયા અને વર્ણાદિ તથા શીત-ઉષ્ણાદિ ચાર સ્પર્શોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે.

ઉત્કૃષ્ટ અવગાહનાવાળા સ્કંધોના પર્યાયોના વિષયમાં આ જ રીતે કહેવું જોઈએ. વિશેષતા એ છે કે સ્થિતિની અપેક્ષાએ તુલ્ય છે.

**૮૩ अजहण्णमणुक्कोसोगाहणगाणं भंते ! पोग्गलाणं केवइया पज्जवा पण्णत्ता ? गोयमा अणंता । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ?**

**अजहण्णमणुक्कोसोगाहणगाए पोग्गले अजहण्णमणुक्कोसोगाहणस्स पोग्गलस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए छट्ठाणवडिए, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए चउट्ठाणवडिए, वण्णादि-अट्ठफासपज्जवेहिं छट्ठाणवडिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! મધ્યમ અવગાહનાવાળા સ્કંધોના કેટલા પર્યાયો છે ? **ઉત્તર–** હે ગૌતમ! અનંત પર્યાયો છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે મધ્યમ અવગાહનાવાળા સ્કંધોના અનંત પર્યાયો છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! મધ્યમ અવગાહનાવાળો એક પુદ્‌ગલ સ્કંધ, મધ્યમ અવગાહનાવાળા અન્ય પુદ્‌ગલ સ્કંધથી દ્રવ્યની અપેક્ષાએ તુલ્ય; પ્રદેશોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા; અવગાહનાની અપેક્ષાએ ચૌઠાણવડિયા; સ્થિતિની અપેક્ષાએ ચૌઠાણવડિયા અને વર્ણાદિ તથા આઠ સ્પર્શોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં જઘન્યાદિ ત્રણ પ્રકારની અવગાહનાની અપેક્ષાએ સ્કંધોના પર્યાયોનું નિરૂપણ છે.

એક આકાશપ્રદેશ પર સ્થિત સ્કંધ **જઘન્ય અવગાહનાવાળા** છે. દ્વિપ્રદેશીથી અનંતપ્રદેશી સુધીના સ્કંધો એક આકાશપ્રદેશ પર સ્થિત થઈ શકે છે. તેથી જઘન્ય અવગાહનાવાળા સ્કંધોમાં પ્રદેશોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા ન્યૂનાધિકતા હોય છે. તે સ્કંધોની સ્થિતિ એક સમયથી લઈને અસંખ્યાત સમયની હોવાથી સ્થિતિની અપેક્ષાએ તેમાં ચૌઠાણવડિયા ન્યૂનાધિકતા હોય છે. જઘન્ય અવગાહનાવાળા એટલે એક આકાશ પ્રદેશ પર સ્થિત હોવાથી તે સૂક્ષ્મ સ્કંધ છે, તેથી તેમાં ચાર સ્પર્શ હોય છે. વર્ણાદિ અને ચાર સ્પર્શની અપેક્ષાએ તે છટ્ઠાણવડિયા હોય છે. સંપૂર્ણ લોકમાં સ્થિત હોય તે સ્કંધ **ઉત્કૃષ્ટ અવગાહનાવાળા**

છે. તે પણ સૂક્ષ્મ હોવાથી તેમાં ચાર સ્પર્શ હોય છે. તેનું સર્વ કથન જઘન્ય અવગાહનાની જેમ છે પરંતુ તેમાં વિશેષતા એ છે કે તે સ્થિતિની અપેક્ષાએ તુલ્ય હોય છે કારણ કે દરેક લોકવ્યાપી સ્કંધની સ્થિતિ એક સમયની હોય છે.

વિસ્રસા પરિણામથી કેટલાય સ્કંધો લોકવ્યાપી થાય છે અને કેવળી સમુદ્‌ઘાતમાં પણ આત્મપ્રદેશો સાથે કર્મસ્કંધ લોકવ્યાપી બને છે. તેની લોકવ્યાપક થવાની પ્રક્રિયામાં પ્રથમ સમયે દંડ, બીજા સમયે કપાટ, ત્રીજા સમયે મંથાન અને ચોથા સમયે તે સંપૂર્ણ લોકમાં વ્યાપ્ત થાય છે. આ રીતે તેની સર્વોત્કૃષ્ટ લોકવ્યાપી અવગાહના એક સમયની હોય છે.

બે આકાશપ્રદેશથી અસંખ્યાત આકાશ પ્રદેશ પર સ્થિત સ્કંધો **મધ્યમ અવગાહનાવાળા** છે. તેમાં દ્વિપ્રદેશીથી લઈને અનંતપ્રદેશી સૂક્ષ્મ અને સ્થૂલ સ્કંધનો સમાવેશ થાય છે. તેથી તેમાં સમુચ્ચય(સર્વ સ્કંધોની) અપેક્ષાએ આઠ સ્પર્શ અને વર્ણાદિ ૨૦ બોલ હોય છે.

**જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ સ્થિતિની અપેક્ષાએ પર્યાયો :–**

**૮૪ जहण्णट्ठिईयाणं भंते ! पोग्गलाणं केवइया पज्जवा पण्णत्ता ? गोयमा ! अणंता । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ?**

**गोयमा ! जहण्णठिईए पोग्गले जहण्णठिईयस्स पोग्गलस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए छट्ठाणवडिए, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए तुल्ले, वण्णादि-अट्ठफास-पज्जवेहिं य छट्ठाणवडिए । एवं उक्कोसठिईए वि । अजहण्णमणुक्कोसठिईए एवं चेव; णवरं ठिईए वि चउट्ठाणवडिए ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જઘન્ય સ્થિતિવાળા પુદ્‌ગલ સ્કંધોના કેટલા પર્યાયો છે ? **ઉત્તર–** હે ગૌતમ ! અનંતપર્યાયો છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે જઘન્ય સ્થિતિવાળા પુદ્‌ગલોના અનંતપર્યાયો છે ?

**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્ય સ્થિતિનો એક પુદ્‌ગલ જઘન્ય સ્થિતિના અન્ય પુદ્‌ગલથી દ્રવ્યની અપેક્ષાએ તુલ્ય; પ્રદેશોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા; અવગાહનાની અપેક્ષાએ ચૌઠાણવડિયા છે, સ્થિતિની અપેક્ષાએ તુલ્ય; અને વર્ણાદિ તથા આઠ સ્પર્શોના પર્યાયોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે.

આ રીતે ઉત્કૃષ્ટ સ્થિતિના પુદ્‌ગલોના પર્યાયોના વિષયમાં પણ કહેવું જોઈએ. મધ્યમ સ્થિતિના પુદ્‌ગલોના પર્યાયોનું કથન પણ પૂર્વવત્ જાણવું જોઈએ. વિશેષતા એ છે કે સ્થિતિની અપેક્ષાએ તે ચૌઠાણવડિયા છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં ત્રણ પ્રકારની સ્થિતિવાળા પુદ્‌ગલોના પર્યાયોનું પ્રતિપાદન છે.

એક સમયની સ્થિતિવાળા સ્કંધને **જઘન્ય સ્થિતિવાળા સ્કંધ** કહે છે. બે સમયથી અસંખ્યાત સમયની સ્થિતિવાળા સ્કંધને **મધ્યમ સ્થિતિવાળા સ્કંધ** અને ઉત્કૃષ્ટ અસંખ્યાત સમયની સ્થિતિવાળા સ્કંધને **ઉત્કૃષ્ટ સ્થિતિવાળા સ્કંધ** કહે છે. ત્રણે પ્રકારની સ્થિતિવાળા સ્કંધમાં દ્વિપ્રદેશીથી અનંતપ્રદેશી

સૂક્ષ્મ અને સ્થૂલ બંને પ્રકારના સ્કંધોનો સમાવેશ થાય છે. તેથી આઠ સ્પર્શ સહિત વર્ણાદિ ૨૦ બોલ ત્રણે પ્રકારની સ્થિતિમાં કહ્યા છે.

**જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ ગુણ વર્ણાદિ યુક્ત સ્કંધોના પર્યાયો :–**

**૮૫** **जहण्णगुणकालगाणं भंते ! पोग्गलाणं केवइया पज्जवा पण्णता ? गोयमा ! अंणता । से केणट्ठेणं भंते ! एवं वुच्चइ ?**

**गोयमा ! जहण्णगुणकालए पोग्गले जहण्णगुणकालगस्स पोग्गलस्स दव्वट्ठयाए तुल्ले, पएसट्ठयाए छट्ठाणवडिए, ओगाहणट्ठयाए चउट्ठाणवडिए, ठिईए चउट्ठाणवडिए, कालवण्णपज्जवेहिं तुल्ले, अवसेसेहिं वण्ण-गंध-रस-फासपज्जवेहिं य छट्ठाणवडिए, से एएणट्ठेणं गोयमा ! एवं वुच्चइ जहण्णगुणकालगाणं पोग्गलाणं अणंता पज्जवा पण्णत्ता ।**

**एवं उक्कोसगुणकालए वि । अजहण्णमणुक्कोसगुणकालए वि एवं चेव, णवरं सट्ठाणे छट्ठाणवडिए ।**

**एवं जहा कालवण्णपज्जवाणं वत्तव्वया भणिया तहा सेसाण वि वण्ण-गंध-रस-फासपज्जवाणं वत्तव्वया भाणियव्वा** *जाव* **अजहण्णमणुक्कोसगुणलुक्खे सट्ठाणे छट्ठाणवडिए। से तं रूविअजीवपज्जवा । से तं अजीवपज्जवा ।**

**ભાવાર્થ :– પ્રશ્ન–** હે ભગવન્ ! જઘન્યગુણ કાળા પુદ્ગલ સ્કંધોના કેટલા પર્યાયો છે ? **ઉત્તર–** હે ગૌતમ! અનંતપર્યાયો છે. **પ્રશ્ન–** હે ભગવન્ ! તેનું શું કારણ છે કે જઘન્ય ગુણકાળા પુદ્ગલના અનંત પર્યાયો છે?

**ઉત્તર–** હે ગૌતમ ! જઘન્યગુણ કાળો એક પુદ્ગલ સ્કંધ, જઘન્યગુણ કાળા બીજા પુદ્ગલ સ્કંધથી દ્રવ્યની અપેક્ષાએ તુલ્ય; પ્રદેશોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા; અવગાહનાની અપેક્ષાએ ચૌઠાણવડિયા; સ્થિતિની અપેક્ષાએ ચૌઠાણવડિયા છે, કાળા વર્ણપર્યાયોની અપેક્ષાએ તુલ્ય; શેષ વર્ણ, ગંધ, રસ અને સ્પર્શના પર્યાયોની અપેક્ષાએ છટ્ઠાણવડિયા છે. તેથી હે ગૌતમ ! એ પ્રમાણે કહ્યું છે કે જઘન્યગુણ કાળા પુદ્ગલ સ્કંધોના અનંત પર્યાયો છે.

તે જ રીતે ઉત્કૃષ્ટ ગુણ કાળા પુદ્ગલોના પર્યાયોનું કથન છે.મધ્યમગુણ કાળા પુદ્ગલ સ્કંધોના પર્યાયોનું કથન પણ આ જ રીતે છે. તેમાં વિશેષતા એ છે કે સ્વસ્થાનમાં છટ્ઠાણવડિયા હીનાધિકતા હોય છે.

જે રીતે કાળાવર્ણ પર્યાયોની વક્તવ્યતા કહી છે. તે જ રીતે શેષ વર્ણ, ગંધ, રસ અને સ્પર્શના પર્યાયોની વકતવ્યતા, "અજઘન્ય-અનુત્કૃષ્ટ(મધ્યમ)ગુણ રૂક્ષ સ્પર્શ સ્વસ્થાનમાં છટ્ઠાણવડિયા છે," અહીં સુધી કહેવી જોઈએ. આ રૂપી અજીવ પર્યાયોની પ્રરૂપણા છે અને આ રીતે અજીવ પર્યાય સંબંધી નિરૂપણ પણ પૂર્ણ થાય છે.

**વિવેચન :–**

પ્રસ્તુત સૂત્રોમાં જઘન્ય-મધ્યમ-ઉત્કૃષ્ટ વર્ણ, ગંધ, રસ અને સ્પર્શના પર્યાયોનું પૂર્વવત્ નિરૂપણ કરવામાં આવ્યું છે.

એક ગુણ કાળા વર્ણવાળા સ્કંધ જઘન્ય ગુણ કાળા વર્ણવાળા સ્કંધ કહેવાય છે. ઉત્કૃષ્ટ અનંતગુણ કાળા પુદ્ગલ ઉત્કૃષ્ટ ગુણ કાળા વર્ણવાળા પુદ્ગલ કહેવાય છે. બેથી લઈને અનંતગુણ સુધીના કાળા વર્ણવાળા પુદ્ગલ મધ્યમગુણ કાળા વર્ણવાળા પુદ્ગલ કહેવાય છે.

આ ત્રણે પ્રકારમાં દ્વિપ્રદેશીથી લઈને અનંતપ્રદેશી સુધીના સૂક્ષ્મ અને સ્થૂલ બંને પ્રકારના સ્કંધોનો સમાવેશ થાય છે.

**સમુચ્ચય પ્રદેશ, અવગાહના, સ્થિતિ, ભાવની અપેક્ષાએ સ્કંધોના પર્યાયો :–**

| પુદ્ગલ પ્રકાર | પ્રદેશથી | અવગાહનાથી | સ્થિતિથી | વર્ણાદિથી (૨૦ બોલ) |
|---|---|---|---|---|
| **પ્રદેશ** | | | | |
| જઘન્ય પ્રદેશી સ્કંધ | તુલ્ય | એક પ્રદેશ હીનાધિક | ચૌઠાણવડિયા | વર્ણાદિ ૧૬ બોલ છટ્ઠાણ૰ |
| ઉત્કૃષ્ટ પ્રદેશી સ્કંધ | તુલ્ય | ચૌઠાણવડિયા | ચૌઠાણવડિયા | વર્ણાદિ ૨૦ બોલ છટ્ઠાણ૰ |
| મધ્યમ પ્રદેશી સ્કંધ | છટ્ઠાણવડિયા | ચૌઠાણવડિયા | ચૌઠાણવડિયા | વર્ણાદિ ૨૦ બોલમાં છટ્ઠાણ૰ |
| **અવગાહના** | | | | |
| જઘન્ય અવગાહનાવાળા સ્કંધ | છટ્ઠાણવડિયા | તુલ્ય | ચૌઠાણવડિયા | વર્ણાદિ ૧૬ બોલમાં છટ્ઠાણ૰ |
| ઉત્કૃષ્ટ અવગાહનાવાળા સ્કંધ | છટ્ઠાણવડિયા | તુલ્ય | તુલ્ય | વર્ણાદિ ૧૬ બોલમાં છટ્ઠાણ૰ |
| મધ્યમ અવગાહનાવાળા સ્કંધ | છટ્ઠાણવડિયા | ચૌઠાણવડિયા | ચૌઠાણવડિયા | વર્ણાદિ ૨૦ બોલમાં છટ્ઠાણ૰ |
| **સ્થિતિ** | | | | |
| જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિવાળા સ્કંધ | છટ્ઠાણવડિયા | ચૌઠાણવડિયા | તુલ્ય | વર્ણાદિ ૨૦ બોલમાં છટ્ઠાણવડિયા |
| મધ્યમ સ્થિતિવાળા સ્કંધ | છટ્ઠાણવડિયા | ચૌઠાણવડિયા | ચૌઠાણવડિયા | વર્ણાદિ ૨૦ બોલમાં છટ્ઠાણ૰ |
| **ભાવ** | | | | |
| જઘન્ય અને ઉત્કૃષ્ટ કાળાવર્ણયુક્ત સ્કંધ | છટ્ઠાણવડિયા | ચૌઠાણવડિયા | ચૌઠાણવડિયા | સ્વસ્થાનમાં તુલ્ય, શેષ વર્ણાદિ ૧૯ બોલમાં છટ્ઠાણ૰ |
| મધ્યમ કાળાવર્ણયુક્ત સ્કંધ | છટ્ઠાણવડિયા | ચૌઠાણવડિયા | ચૌઠાણવડિયા | વર્ણાદિ ૨૦ બોલમાં છટ્ઠાણ૰ |
| **નોંધ :** કાળા વર્ણની જેમ શેષ વર્ણાદિ ૧૯ બોલ માટે પણ સમજી લેવું. | | | | |

॥ પાંચમું પદ સંપૂર્ણ ॥

**॥ પન્નવણા સૂત્ર ભાગ–૧ સંપૂર્ણ ॥**

પરિશિષ્ટ–૧ :

# વિવેચિત વિષયોની અકારાદિ અનુક્રમણિકા


| | વિષય | પદ | પૃષ્ટ | | વિષય | પદ | પૃષ્ટ |
|---|---|---|---|---|---|---|---|
| અ | **अओज्झा** | ૨ | ૧૫૩ | | કલ્પોપપન્નક દેવો | ૧ | ૧૦૮ |
| | અકર્મભૂમિજ મનુષ્ય | ૧ | ૮૪ | | કિન્નર | ૧ | ૧૦૮ |
| | **अट्टालक** | ૨ | ૧૫૩ | | કિંપુરુષ | ૧ | ૧૦૮ |
| | **अडयालकोट्ठगरइया** | ૨ | ૧૫૩ | | **कुमारा** | ૧ | ૧૦૭ |
| | **अणाणत्ता** | ૨ | ૧૧૫ | | કુલાર્ય | ૧ | ૧૦૦ |
| | **अणित्थंथं संठाण** | ૨ | ૧૯૫ | | કુહણ | ૧ | ૫૨ |
| | અધર્માસ્તિકાય | ૧ | ૮ | ખ | **खायफलिहा** | ૨ | ૧૫૩ |
| | અદ્ધાસમય | ૧ | ૮ | | **खंधा** | ૧ | ૧૧ |
| | અનુત્તરોપપાતિક | ૧ | ૧૦૮ | | **खंधदेसा** | ૧ | ૧૧ |
| | અનંતર અસંસાર સમાપન્નક જીવ | ૧ | ૨૯ | | **खंध पएसा** | ૧ | ૧૧ |
| | અમૂઢ દષ્ટિ | ૧ | ૧૦૨ | ગ | ગર્ભજ | ૧ | ૮૪ |
| | અરૂપી અજીવ | ૧ | ૭ | | ગુચ્છ | ૧ | ૫૧ |
| | **अविसेसा** | ૨ | ૧૧૫ | | ગુલ્મ | ૧ | ૫૧ |
| | **असंपत्ता** | ૧ | ૩૮ | | ગ્રૈવેયક | ૧ | ૧૦૮ |
| | અસ્તિકાય | ૧ | ૭ | | ગંડીપદ | ૧ | ૭૯ |
| | અંતરદ્વીપજ મનુષ્ય | ૧ | ૮૪ | | ગંધર્વ | ૧ | ૧૦૮ |
| આ | આકાશાસ્તિકાય | ૧ | ૮ | ચ | ચરમ–અચરમ | ૩ | ૨૬૮ |
| | આર્ય | ૧ | ૧૦૦ | | ચર્મપક્ષી | ૧ | ૮૦ |
| | **आसालिया**–આસાલિક | ૧ | ૭૯ | જ | જલરુહા | ૧ | ૫૨ |
| ઉ | ઉપપાત | ૨ | ૧૧૪ | | **जलयरा** | ૧ | ૭૯ |
| | ઉપબૃંહણ | ૧ | ૧૦૨ | | **जाइ कुलकोडि जोणि** | ૧ | ૬૬ |
| એ | એકઠાણવડિયા આદિ હીનાધિકતા | ૫ | ૩૭૯ | | જાતિ આર્ય | ૧ | ૧૦૦ |
| | એકાસ્થિક વૃક્ષ | ૧ | ૫૧ | | **जिणवरिंदं** | ૧ | ૫ |
| ઔ | ઔષધિ | ૧ | ૫૨ | | જ્યોતિષી દેવો | ૧ | ૧૦૮ |
| ક | કઠોળ ધાન્ય | ૧ | ૫૨ | ઠ | **ठाणा** | ૨ | ૧૧૪ |
| | કરણ પર્યાપ્ત–અપર્યાપ્ત | ૧ | ૩૭ | ત | તિર્યંચ | ૧ | ૭૯ |
| | કરણ પર્યાપ્ત–અપર્યાપ્ત | ૪ | ૩૨૭ | દ | દેવ | ૧ | ૧૦૭ |
| | કર્મભૂમિજ મનુષ્ય | ૧ | ૮૪ | | **दोसु उड्ढ कवाडेसु तिरियलोय तट्टे य** | ૨ | ૧૧૮ |
| | કલ્પાતીત દેવો | ૧ | ૧૦૮ | ધ | ધર્માસ્તિકાય | ૧ | ૭ |

| | વિષય | પદ | પૃષ્ટ | | વિષય | પદ | પૃષ્ટ |
|---|---|---|---|---|---|---|---|
| ન | નિર્વિચિકિત્સા | ૧ | ૧૦૨ | | **महावीरं** | ૧ | ૫ |
| | નિસર્ગાદિ દશ રુચિ | ૧ | ૧૦૧ | | **महासोक्खा** | ૨ | ૧૫૪ |
| | નિશંકિત | ૧ | ૧૦૨ | | **महोरग** | ૧ | ૮૦ |
| | નિષ્કાંક્ષિત | ૧ | ૧૦૨ | | મહોરગ દેવ | ૧ | ૧૦૮ |
| પ | **पज्जत्तग निस्साए** | ૧ | ૩૯ | ય | યક્ષ | ૧ | ૧૦૭ |
| | **पज्जवा** | ૫ | ૩૭૫ | | યોનિ અવસ્થા | ૧ | ૬૧ |
| | **पज्जवा** | ૫ | ૪૨૭ | ર | રાક્ષસ | ૧ | ૧૦૮ |
| | **पणगमट्टिया** | ૧ | ૩૮ | | રૂપી અજીવ | ૧ | ૧૧ |
| | **पत्तेय सरीर** | ૧ | ૫૧ | | રૂપી–અરૂપી | ૫ | ૪૨૭ |
| | પરમાણુ | ૧ | ૧૧ | | રોમ પક્ષી | ૧ | ૮૦ |
| | પરમાણુ પુદ્‌ગલમાં વર્ણાદિ | ૧ | ૧૪ | લ | લતા | ૧ | ૫૧ |
| | પર્યાપ્તિ | ૧ | ૩૬ | | લબ્ધિ પર્યાપ્ત–અપર્યાપ્ત | ૧ | ૩૭ |
| | પર્વક | ૧ | ૫૧ | | લબ્ધિ પર્યાપ્ત–અપર્યાપ્ત | ૪ | ૩૨૭ |
| | પરંપર અસંસાર સમાપન્નક જીવ | ૧ | ૨૯ | વ | વલય | ૧ | ૫૧ |
| | પરિત્ત–અપરિત્ત | ૩ | ૨૫૮ | | વલ્લી–વેલા | ૧ | ૫૧ |
| | **परिवडिय सम्मत्त** | ૩ | ૩૧૮ | | વ્યંતર દેવો | ૧ | ૧૦૭ |
| | **पायालेसु** | ૨ | ૧૧૭ | | **ववगय जरामरणभए** | ૧ | ૪ |
| | પિશાચ | ૧ | ૧૦૭ | | વાત્સલ્યતા | ૧ | ૧૦૨ |
| | **पंडुमट्टिया** | ૧ | ૩૮ | | વિતતપક્ષી | ૧ | ૮૦ |
| | પ્રભાવના | ૧ | ૧૦૨ | | વૃંત બંધ | ૧ | ૬૦ |
| બ | બહુ બીજક વૃક્ષ | ૧ | ૫૧ | | વૈમાનિક દેવો | ૧ | ૧૦૮ |
| | બાદર | ૧ | ૩૬ | સ | **सणखपदा** | ૧ | ૭૯ |
| | **बिलेसु** | ૨ | ૧૧૭ | | સમુદ્‌ગ પક્ષી | ૧ | ૮૦ |
| ભ | **भगवया** | ૧ | ૫ | | સમુદ્‌ઘાત | ૨ | ૧૧૪ |
| | ભવનપતિ દેવો | ૧ | ૧૦૭ | | **सयग्घि** | ૨ | ૧૫૪ |
| | ભાષાર્ય | ૧ | ૧૦૧ | | **साहारण सरीर** | ૧ | ૫૩ |
| | ભુજપરિસર્પ | ૧ | ૮૦ | | સ્વસ્થાન | ૨ | ૧૧૪ |
| | ભૂત | ૧ | ૧૦૭ | | સ્થિરિકરણ | ૧ | ૧૦૨ |
| મ | **महज्जुइया** | ૨ | ૧૫૪ | | સૂક્ષ્મ | ૧ | ૩૬ |
| | **महड्डिया** | ૨ | ૧૫૪ | | **संखेज्जाइ जोणिप्पमुह सयसहस्साइं** | ૧ | ૩૯ |
| | **महब्बला** | ૨ | ૧૫૪ | | સંમૂર્ચ્છિમ મનુષ્ય | ૧ | ૮૩ |
| | **महाणुभागा** | ૨ | ૧૫૪ | | | | |
| | **महायसा** | ૨ | ૧૫૪ | | | | |


❖❖❖

# ગુરુ પ્રાણ આગમ બત્રીસીના
# શ્રુત સહયોગી દાતાઓ

**: પ્રથમ આગમ વિમોચક :**

**માતુશ્રી ચંપાબેન શાંતીલાલ પરષોત્તમદાસ સંઘવી તથા**
**માતુશ્રી મૃદુલાબેન નવનીતરાય શાંતીલાલ સંઘવી ના સ્મરણ સાથે**
**સૌ. કુંદનબેન જયંતીલાલ શાંતીલાલ સંઘવી**
**શ્રી નવનીતરાય શાંતીલાલ સંઘવી**
**શ્રી રાજીવ જયંતીલાલ, શ્રી શૈલેશ નવનીતરાય, શ્રી હિરેન નવનીતરાય સંઘવી**

## શ્રુતાધાર

| | |
|---|---|
| • માતુશ્રી કુસુમબેન શાંતિલાલ શાહ | |
| હસ્તે – સુપુત્ર શ્રી ઈપ્સિત – ડો. નીતા શાહ, શ્રી ભાષિત – દર્શિતા શાહ | મુંબઈ |
| • માતુશ્રી સવિતાબેન ડો. નાનાલાલ શાહ (હેમાણી) | |
| સુપુત્ર શ્રી સતીષ – રશ્મિ શાહ, સુપુત્રી શ્રીમતી ડો. ભારતી – ડો. રશ્મિકાંત શાહ | U.S.A. |
| • સાધ્વી સુબોધિકા (ભદ્રા) જૈન ટ્રસ્ટ, માતુશ્રી લલિતાબેન પોપટલાલ શાહ (હેમાણી) | |
| બહેન–શ્રીમતી લતા શરદ શાહ, શ્રીમતી હર્ષા ભૂપેન્દ્ર મોદી | આકોલા |
| • શ્રીમતી દત્તા ગિરીશ શાહ (પૂ. સુબોધિકાબાઈ મ. ના ભાઈ–ભાભી) સુપુત્ર | |
| શ્રી મુંજાલ – વિજ્યા , શ્રી ભાવિન – તેજલ, સુપુત્રી નિવિશા મનીષ મહેતા | U.S.A. |
| • પૂ. આરતીબાઈ મ. ના બહેનો – શ્રીમતી સરોજબેન જશવંતરાય દોમડિયા | |
| શ્રીમતી હર્ષાબેન વસંતરાય લાઠીયા હસ્તે – શ્રી અલકેશ, શ્રી પ્રિયેશ, શ્રી હેમલ | મુંબઈ |
| • માતુશ્રી જયાબેન શાંતીલાલ કામદાર, માતુશ્રી રમાબેન છોટાલાલ દફતરી | |
| હસ્તે શ્રીમતી પ્રેમિલાબેન કિરીટભાઈ દફતરી | U.S.A. |
| • ડો. ભરતભાઈ ચીમનલાલ મહેતા | |
| સુપુત્ર–ચી. મલય, સુપુત્રી શ્રીમતી વિરલ આશિષ મહેતા | રાજકોટ |
| • માતુશ્રી વિજ્યાલક્ષ્મીબહેન માણેકચંદ શેઠ | |
| સુપુત્ર શ્રી દિલસુખભાઈ શેઠ, શ્રી ચંદ્રકાંતભાઈ શેઠ (શેઠ બિલ્ડર્સ) | રાજકોટ |
| • શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી | રાજકોટ |
| • શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી | રાજકોટ |
| • શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી | રાજકોટ |
| • શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી | રાજકોટ |
| • માતુશ્રી હીરાગૌરી હરિલાલ દોશી, શ્રીમતી પૂર્ણિમાબેન નરેન્દ્ર દોશી | |
| હસ્તે – નરેન્દ્ર – મીના દોશી, કુ. મેઘના, કુ. દેશના | રાજકોટ |

- માતુશ્રી કાશ્મીરાબેન કાંતિભાઈ શેઠ
  હસ્તે – શ્રીમતી હેતલ સંજય શેઠ, કુ. ઉપાસના, કુ. કીંજલ — રાજકોટ
- માતુશ્રી જશવંતીબેન શાંતીલાલ તુરખીયા, શ્રીમતી ભાવના દિલીપ તુરખીયા
  હસ્તે – દિલીપ એસ. તુરખીયા, સુપુત્ર – શ્રી પારસ – રિદ્ધિ તુરખીયા — મુંબઈ
- માતુશ્રી કિરણબેન પ્રવીણચંદ્ર દોશી
  હસ્તે સુપુત્ર શ્રી નીરવ – તેજલ દોશી, કુ. પ્રિયાંશી, કુ. ઝીલ — મુંબઈ
- માતુશ્રી મંજુલાબેન છબીલદાસ ચૂડગર
  હસ્તે – સુપુત્ર શ્રી કેતન – આરતી ચૂડગર, કુ. ધ્રુવી — મુંબઈ
- શ્રી લક્ષ્મીચંદભાઈ જસાણી પરિવાર — રાજકોટ
- શ્રી પ્રવિણભાઈ ગંભીરદાસ પારેખ — મુંબઈ
- કુ. વિધિ ગિરીશ જોશી, કુમાર કુશાન ગિરીશ જોશી
  હસ્તે – શ્રીમતી નીલાબેન ગિરીશભાઈ જોશી — મુંબઈ
- શ્રી પરેશભાઈ સુમતીભાઈ શાહ — મુંબઈ
- શ્રી કિશોરભાઈ શાહ — મુંબઈ
- શ્રી રમેશભાઈ ગટુલાલ કામદાર — ચેમ્બુર
- માતુશ્રી લીલાવતીબેન નીમચંદ નથુભાઈ દોશી, સ્વ. કિશોરકુમાર નીમચંદ દોશી,
  સ્વ. મૃદુલા કુંદનકુમાર મહેતા. હસ્તે – હર્ષદ અને કુમકુમ દોશી — કલકત્તા
- માતુશ્રી તારાબેન મોદી — કલકત્તા
- માતુશ્રી મધુકાંતાબેન નંદલાલ ભીમાણી
  હસ્તે – શ્રી રાજેશભાઈ ભીમાણી — કલકત્તા
- માતુશ્રી કીકીબેન દેસાઈ, હસ્તે – શ્રી શૈલેશભાઈ–મીનાબેન દેસાઈ — મુંબઈ
- શ્રી અંજલભાઈ ઢાંકી — મુંબઈ
- ગુરુભક્ત — રાજકોટ
- શ્રી હેમેન્દ્રભાઈ પૂંજાણી
- માતુશ્રી ચંપકબેન શશીકાંતભાઈ મહેતા, હસ્તે – સુપુત્રી શ્રી કિરીટ–અરૂણા,
  શ્રી અજય – નીતા, શ્રી કમલેશ – દિવ્યા, સુપુત્રી – નિરૂપમા – નિરંજન દોશી — મુંબઈ
- માતુશ્રી નર્મદાબેન રૂગનાથ દોશી, હસ્તે – શ્રી કાંતીભાઈ રૂગનાથ દોશી — કલકત્તા
- શ્રી હેમલતાબેન નટવરલાલ મણીયાર — વડોદરા
- માતુશ્રી અમૃતબેન ભગવાનજી અવલાણી પરિવાર
  હસ્તે – શ્રી રમણીકભાઈ ભગવાનજી અવલાણી — કલકત્તા
- શ્રી કેશવજીભાઈ શાહ પરિવાર — કલકત્તા

## શ્રુત અનુમોદક

| | |
|---|---|
| • શ્રીમતી ડો. ભારતીબેન – ડો. રશ્મિકાંત કાંતીલાલ શાહ | U.S.A. |
| • શ્રીમતી લતાબેન – શ્રી શરદભાઈ કાંતીલાલ શાહ | U.S.A. |
| • શ્રીમતી હર્ષા ભૂપેન્દ્ર મોદી, શ્રીમતી જીમિતા હિરેન મોદી, શ્રીમતી ડો. શ્રુતિ મહેશ વર્મા, શ્રીમતી ભવિતા જયંત ઈંગળે | આકોલા |
| • શ્રી સૌરાષ્ટ્ર દશાશ્રીમાળી પ્રાણ મહિલા મંડળ, હસ્તે – અધ્યક્ષા સૌ. હર્ષાબેન મોદી | આકોલા |
| • માતુશ્રી નિર્મળાબેન લાલચંદ ભરવાડા | કોલ્હાપુર |
| • શ્રી પરેશભાઈ રમેશચંદ્ર સુતરીયા | મુંબઈ |
| • માતુશ્રી સુશીલાબેન કાંતીલાલ પંચમીયા | મુંબઈ |
| • શ્રી મીનાબેન હરીશભાઈ દેસાઈ | કલકત્તા |

## શ્રુત સદસ્ય

| | |
|---|---|
| • શ્રી પારિતોષ આર. શાહ | મુંબઈ |
| • શ્રીમતી રાજુલ રજનીકાંત શાહ | મુંબઈ |
| • જૈન જાગૃતિ સેન્ટર | વાશી (મુંબઈ) |
| • શ્રી મુકુન્દ આર. શેઠ | મુંબઈ |
| • શ્રી કેતનભાઈ શાહ | મુંબઈ |
| • શ્રીમતી ગુણવંતીબેન પ્રફુલ્લચંદ્ર દોમડીયા | મુંબઈ |
| • શ્રી સુધીરભાઈ પી. શાહ | મુંબઈ |
| • શ્રી રાજેશ કલ્યાણભાઈ ગાલા | મુંબઈ |
| • શ્રીમતી મૃદુલાબેન નવનીતરાય સંઘવી હસ્તે – સૌ. હીના શૈલેશ સંઘવી, સૌ. સોનલ હિરેન સંઘવી | કલકત્તા |


આગમ શાસ્ત્ર
આગમ શાસ્ત્ર


આગમ શાસ્ત્ર
આગમ શાસ્ત્ર

PARASDHAM

Vallabh Baug Lane, Tilak Road,
Ghatkopar (E), Mumbai - 400 077.
Tel : 32043232.

www.parasdham.org
www.jainaagam.org